

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૩





આવરણ કથા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી. આ વિશ્વવંદનીય સંતવિભૂતિની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનું આ તૃતીય પુષ્પ છે. સન ૧૯૭૫ થી સન ૧૯૭૮ સુધીનાં તેમનાં જીવનવર્ષોનું ચરિત્રલેખન આ તૃતીય ભાગમાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

સન ૧૯૭૧માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા બાદ બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજેલા સ્વામીશ્રી થોડા જ સમયમાં નિઃસ્વાર્થ સ્નેહવર્ષા અને પ્રચંડ પુરુષાર્થથી લાખો ભક્તોના જીવનપ્રાણ બની ગયા. જ્યાં રસ્તા પણ નહોતા પહોંચ્યા એવાં ધૂળિયાં ગામડાંઓમાં પોતાના શરીરની પરવા કર્યા સિવાય અહોરાત્ર ઘૂમીને સ્વામીશ્રીએ સૌનું ભલું કરવાનો જાણે વિરાટ યજ્ઞ આદર્યો હતો. સંસ્કૃતિનાં અધ્યાત્મ-મૂલ્યોના પ્રસારણ માટે સન ૧૯૭૭માં તેમણે કરેલો વિદેશ સત્સંગ-પ્રવાસ પણ અહોરાત્ર વિચરણ અને કઠિન પુરુષાર્થની અજોડ ગાથા બની રહ્યો હતો.

પૂર્વ આફ્રિકામાં નૈરોબી ખાતે દિવસભરના કઠિન વિચરણ અને પુરુષાર્થ બાદ, કલરમા સ્ટુડિયોના માલિક શ્રી મોહનભાઈ પટેલના પ્રેમભાવથી સ્વામીશ્રી ત્યાં મોડી રાત્રે પધરામણીએ પધાર્યા ત્યારે, ત્યાં લેવાયેલી આ છબિમાં દિવસભરના થાક પછી પણ સ્વામીશ્રીની આંખોમાં નૈસર્ગિક પ્રફુલ્લિતતા, કરુણા અને સ્નિગ્ધ સ્નેહની ગંગાધારા વહેતી અનુભવાય છે.



બ્રહ્મસ્વરૂપ

શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૭૫ થી ૧૯૭૮)

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૭૫ થી ૧૯૭૮)

ભાગ : 3



લેખક

સાધુ આદર્શજીવનદાસ

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 3

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
99th Birth Anniversary of HH Pramukh Swami Maharaj,
4 December 2019

Copies: 20,000

ISBN: 978-81-7526-928-6

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : પ્રમુખસ્વામી મહારાજ ૯૯મો જન્મજયંતી મહોત્સવ,
માગશર સુદ ૮, સં. ૨૦૭૬, તા. ૪ ડિસેમ્બર, ૨૦૧૯.

પ્રત : ૨૦,૦૦૦

કિંમત : રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

આશીર્વાદ[1]

સ્વામીબાપાનું જીવન જાહેર જ હતું અને એટલા નિખાલસ પુરુષ, એટલા શુદ્ધ પુરુષ હતા કે ગમે એને સ્પર્શી જાય. કોઈ પ્રાઈવેટ લાઈફ(અંગત જીવન) કે કોઈ ખાનગી વસ્તુ જ નહીં. આ બહુ મોટી વાત છે. તેઓએ કોઈ કાર્ય બાકી રાખ્યું નથી, એવું કર્યું છે. એનો આપણને બધાને અનુભવ થયો જ હશે. સ્વામીબાપાની એક ઝલક, એક સેકન્ડનાં દર્શન પણ આપણને તૃપ્તિ પમાડે એવું એમનું જીવન હતું. પળે પળે પરોપકાર. પોતાનું કોઈ જીવન જ નહીં. પત્ર તો કેટલા બધા લખ્યા છે! એ કોઈ લખી શકે નહીં. ભવિષ્યમાંય લખી શકશે નહીં. જે વાત ઉપાડે એને પૂરી કર્યે પાર કરે. અધૂરું કોઈ કાર્ય રાખે નહીં. નાનામાં નાનો હોય એને પણ ફુલ એટેન્શન(સંપૂર્ણ ધ્યાન) આપ્યું છે. એવા પુરુષ હતા કે સૂક્ષ્મ દૃષ્ટિ પહોંચાડવી પડે, નહીં તો (એમના ગુણો) દેખાય નહીં.

આ જીવનચરિત્રમાં આપણે જોઈએ છીએ. આ જીવનચરિત્ર બધા વાંચજો. એમાંથી ઘણું બધું મળશે. જે તમને ખબરેય ના હોય એવી બધી વસ્તુઓ મળશે. મળશે એટલું નહીં, આનંદ થશે. અહોભાવ થશે કે, 'સ્વામી આવા પુરુષ થઈ ગયા!' એમના આશીર્વાદ આપણે લીધા છે, પણ એમનું જીવન સમગ્રપણે જોઈએ તો ઘણું બધું મળશે. એમનાં દર્શનેય દુર્લભ, એમની અંગત પ્રાપ્તિ, અંગત સંબંધ થવો, મુલાકાત થવી, વાત કરવી એ બધું કેટલું દુર્લભ છે! એવા પુરુષ આપણને મળ્યા - આ જેવી તેવી વાત નથી. આપણે ધન્ય ભાગ્ય માનવાં અને અંતરમાં કૃતાર્થ થવું.

(તા. ૨૪/૯/૨૦૧૯, નૈરોબી)

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમજ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમજ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

અનુક્રમણિકા

વિષય **પૃષ્ઠ**

અમૃતધારા-૮ :
પરમારથ કારણ જગ વિચરત

- **સન ૧૯૭૫**

અમૃતધારા-૯ :

આવા બ્રહ્મ સૃષ્ટિમાં ન ભાળ્યા

- **સન ૧૯૭૬**


અમૃતધારા-૧૦ :

પૂર્વમાં પ્રગટ્યા ને પશ્ચિમ પ્રકાશ્યા

- **સન ૧૯૭૭**

અમૃતધારા-૧૧ :
આવા સંત લાગે મુને પ્યારા રે...

- **સન ૧૯૭૮**



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.



પરમારથ કારણ જગ વિચરત

સન ૧૯૭૫

સૌને રાજી કરવા છે

સૂર્ય માત્ર બાર કલાક પછી પુનઃ દેખાય છે, તોય એનો ઉદય જોઈ આનંદ થઈ જાય છે. પૂર્ણ ચંદ્ર એક મહિના બાદ ફરી નજરે ચઢે છે, તોય તેનો નજારો મન ભરી દે છે. ત્યારે વિદેશયાત્રાના ૨૮૧ દિવસ પછી દર્શનદાન દઈ રહેલા સ્વામીશ્રીને નીરખતાં અંતરમાં વ્યાપેલા આહ્લાદને કોઈ કેવી રીતે વર્ણવી શકે? તેથી જ તા. ૪/૧ની સવારે ભારત પરત પધારેલા સ્વામીશ્રીનાં દર્શન કરતાં ભક્તો વધામણીનાં વાજાં વગાડતાં વગાડતાં લાભની અમૃત-ધારાઓને સીધેસીધી ગટગટાવવા જ માંડ્યા. સ્વામીશ્રી પણ એકસાથે હજારો પાન કરે તોય ખૂટે નહીં એમ વરસવા લાગ્યા. તેઓની આ અમૃતધારાથી તા. ૬/૧ના રોજ ષણ્મુખાનંદ સભાગૃહમાં યોજાયેલી સ્વાગત-સભા તરબતર થઈ રહી.[1] આ મહેરનો મેઘ તા. ૯/૧ના દિવસે તો છેક અટલાદરા સુધી સૌને

---

૧. અનેક મંત્રી-મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સ્વાગતસભાને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

આર્દ્ર કરી આવ્યો.

અહીં રહેતા અક્ષરસ્વરૂપદાસ સ્વામી શાસ્ત્રીજી મહારાજના સાબદા સૈનિક જેવા; પરંતુ હવે અવસ્થાને કારણે તેઓનું શરીર રોગોથી ઘેરાઈ ગયેલું. તેઓને મળવા માટે તા. ૯/૧ની બપોરે એક વાગ્યે મુંબઈથી અટલાદરા જવા નીકળેલા સ્વામીશ્રી, સતત સાત કલાકની મુસાફરી કરીને સીધા જઈ બેઠા એ બીમાર સંતના ખાટલે! તેઓને સારું થઈ જાય તે માટે શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં ધૂન કર્યા બાદ, સ્વામીશ્રીએ પ્યાલામાં થોડું દૂધ લઈને જાતે જ પિવડાવ્યું. સ્વામીશ્રીએ પોતાના માટે કરેલો આ પરિશ્રમ જોઈ એ વયોવૃદ્ધ સંત તો ભાવ-વિભોર બની ગયા.

તેઓને શાતા પમાડી, બીજે દિવસે રાત્રે અગિયાર વાગ્યે સ્વામીશ્રી પુનઃ મુંબઈ આવી પહોંચ્યા ત્યારે એક માંદા સંતની ખબર પૂછવા માટે આવવા-જવાના સોળ કલાકની ખેપ દોઢ દિવસમાં પૂરી કરનારા આ સંતો-ભક્તોના બેલી પર સૌ ઓવારી ગયા. દેશમાં પધારતાંવેંત તા. ૪/૧ના રોજ યોજાયેલી સભામાં સ્વામીશ્રી બોલેલા કે 'શરીર સારું રહે ત્યાં સુધી સૌને રાજી કરવા છે,' તે આ પ્રસંગે તેઓએ સાકાર કરી બતાવ્યું!

વાણી-વર્તનની એકતા

સૌને રાજી કરવાના ભાવથી વિચરતા સ્વામીશ્રી તા. ૧૮/૧ના રોજ બોરીવલી-દહીંસરમાં પધરામણીઓ કરવા નીકળ્યા, પણ તેમાં કો'ક અજાણી વ્યક્તિએ તેઓના ખોળા આગળ એક બાળકીને ધરી દેતાં સ્વામીશ્રીએ બાકીનો આખો દિવસ ઉપવાસ ખેંચી કાઢ્યો. જેઓના ઘેર ભોજન લેવાનું હતું તે હરિભક્ત ગોરધનભાઈએ તો બ્રાહ્મણ બોલાવીને રસોઈ બનાવેલી; પરંતુ સ્વામીશ્રી તેઓને પણ સુચારુ રીતે સમજાવીને નિયમમાં અભંગ રહ્યા.

પ્રેમ કે પરિભ્રમણ – બેમાંથી કોઈ તેઓના ધર્મપાલનમાં જીવનપર્યંત શિથિલતા લાવી શક્યું નહોતું. તેથી જ આ દિવસે બોરીવલીની જી. એચ. હાઈસ્કૂલમાં યોજાયેલી સત્કાર-સભામાં મહંત સ્વામી બોલ્યા: 'પ્રમુખસ્વામીના જીવનમાં વાણી-વર્તનની એકતા છે. તેથી સૌને તેઓનાં દર્શનથી શાંતિ થાય છે.'

આમ, પોતાનાં વર્તનથી અનેકને શાંતિ પમાડતાં સ્વામીશ્રી, તા. ૨૪/૧ની બપોરે બે વાગ્યે મુંબઈથી વિદાય લઈ, વાપી, સેલવાસ, બલીઠા, વલસાડ, કોસંબા-ભાગડાને પાવન કરતાં તા. ૨૬/૧ની સાંજે ડુંગરી પહોંચ્યા.

અહીંના હરિભક્તોએ ગામની વચ્ચોવચ જ જાહેરસભા યોજી સૌને તેઓનો લાભ અપાવ્યો. આ સભા બાદ સૌ સૂતા, પરંતુ મછરાં આખી રાત સંતોની ખબર-અંતર પૂછવા આવતાં રહ્યાં. સ્વામીશ્રીનેય આ તકલીફે પરેશાન તો કર્યા જ; છતાં તે સંબંધી કોઈ ટોણા-ટકોર વિના બીજે દિવસે એ જ પ્રેમ-પ્રસન્નતાથી કાર્યક્રમમાં જોડાઈ ગયેલા તેઓ, તા. ૨૭/૧ની સવારે છેક ધરાસણા, છરવાડા અને ખાંડસરીમાં પણ પગલાં પાડી આવ્યા. ત્યાંથી બપોરે પોણા વાગ્યે ડુંગરીમાં ગુલાબભાઈની વાડીએ ભોજન માટે પધાર્યા.

અહીં ભોજન પહેલાં તેઓએ કૂવા કાંઠે આવેલી ખુલ્લી કુંડીમાં પાટલા પર બિરાજી સ્નાન કર્યું. હવે ઠાકોરજી જમાડવા માટે જ બેસવાનું હતું, પણ વાડીમાં મંડપ નીચે બેસીને ભોજન આરોગી રહેલા ભક્તોને જોતાં સ્વામીશ્રી પોતાનું જમવાનું જતું કરીને પંગતમાં પીરસવા પહોંચી ગયા. ભક્તોને લાડ લડાવવાના પોતાના પ્રાગટ્યના પ્રયોજનને પ્રત્યેક પળે પરિપૂર્ણ કરતાં તેઓ વિચરતા.

ભગવાન ધાર્યા છે તો થઈ શકે છે

આ અરસામાં દક્ષિણ ગુજરાતનો સત્સંગ ઊગતો હોવાથી સંખ્યાની સાથે સુવિધાઓ પણ ઓછી-આછી રહેતી. તેમાં વળી સ્વામીશ્રી દિવસનાં ચાર-પાંચ ગામની સરેરાશથી કાર્યક્રમ ગોઠવતા. તેથી રહી-સહી સગવડોનોય ખુરદો બોલી જતો !

આવો ભીડો જોઈને જ તેઓ સાથે વિચરણમાં જોડાયેલા મહંત સ્વામી તા. ૨૭/૧ના રોજ દોણજાની સભામાં બોલી ઊઠ્યા: 'સ્વામીશ્રીને પરદેશ જતાં પહેલાં વિદાય સમારંભો સતત ચાલ્યા. પછી પરદેશનું વિચરણ ધમધોકાર ચાલ્યું. હવે સ્વાગત-સમારંભોનો ભીડો. તેઓએ ભગવાન ધાર્યા છે તો આ થઈ શકે છે. થાક કામ-ક્રોધાદિકનો લાગે છે. પ્રેમમાં થાક ન જણાય. સ્વામીશ્રી દરેકને પ્રેમથી મળે છે ને વાતો કરે છે તે જ ચમત્કાર છે.'

સ્વામીશ્રીનું દોણજામાં આગમન 'પ્રેમમાં થાક ન જણાય' એ વાતને જ સાર્થક કરતી બિના હતી, કારણ કે તેઓએ ફરી વાર સુરતના રોકાણ વખતે અત્રે આવવાનો કાર્યક્રમ ગોઠવેલો; પણ અહીંના ભક્તોના પ્રેમાગ્રહથી, આજે બપોરના આરામને ઠોકરે ચડાવતાં તેઓ, ડુંગરીથી વાઘલધરા થઈને અત્રે આવી ગયેલા. છતાં જાણે તેઓના મનમાં રંજ રહી ગયો હોય એમ સભામાં

બોલ્યા: 'ફરી સુરત આવવાનું થાય ત્યારે પ્રોગ્રામ ઘડવો'તો એટલે આ વખતે નહીં રાખેલો; તો માફ કરશો.'

કૃપા પણ વરસાવવાની અને માફી પણ માંગવાની – ખરી અલૌકિક રીત હતી સ્વામીશ્રીની! ખરેખર, 'ભગવાન ધાર્યા હોય તો જ આ થઈ શકે!'

આ જ વાતનો પુરાવો બની રહી – સભા પછી તેઓએ કરેલી પધરામણીઓ! આ આયોજનમાં પાંચેક પધરામણીઓ બાદ સ્વામીશ્રીને અચાનક શૌચ-સ્નાન માટે જવાનું થયું. તેથી તે માટે જરૂરી વસ્ત્રો તરત જ મંગાવી લેવાયાં અને તેઓએ દેહક્રિયા આટોપી. ત્યારબાદ બાકીની પધરામણીઓ કરીને નવસારી જવા નીકળેલા સ્વામીશ્રીએ પોતાની શારીરિક ક્રિયાઓના લયને ખોરવીને પણ ભક્તોનાં મનનો લય જાળવી જાણ્યો.

મોટો પરચો

નવસારીના રામજી મંદિરમાં ઠાકોરજી જમાડીને ટાઉન હૉલમાં પધારેલા સ્વામીશ્રી અહીં શહેરના શ્રેષ્ઠીજનોનો સત્કાર સ્વીકારી, તા. ૨૮/૧ની સવારે ભારતીય સંસ્કૃતિ ભવનમાં આવેલી મૂક-બધિર વિદ્યાર્થીઓની શાળામાં જઈ પહોંચ્યા. અહીં તો હૃદયની ભાષાથી જ વાત કરવાની હોવાથી સ્વામીશ્રીને પણ સારું ગોઠી ગયું. તેઓએ બાળકોને સ્વહસ્તે પેંડાની પ્રસાદી આપી, માથે હાથ મૂકી આશિષ પાઠવ્યા અને બાળકો વાંચી શકે તે માટે આશીર્વાદ પણ લખી આપ્યા. સ્વામીશ્રીનો આ લાભ પામી ખુશખુશાલ થઈ જનારા એ બાળકોની રસના મૂંગી હતી, પણ હૃદય બોલી રહ્યું: '*મુજ પર અઢળક રે હો ઢળિયા, કરુણા કરી ઘેર બેઠાં મળિયા...*'

આવી કરુણા વરસાવવા સ્વામીશ્રી નવસારીથી કરચેલિયા પધાર્યા. આ ગામ તેઓના પરચાથી પરિચિત. અહીં પધરાવેલી તેઓની મૂર્તિમાંથી ઝરતું પાણી જોઈ નાસ્તિક-આસ્તિક સૌ મોંમાં આંગળી ઘાલી ગયેલા. પણ આવા પરચા-પ્રસિદ્ધ ગામમાં યોજાયેલી સ્વાગત-સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'આપણે તો ભગવાન ભજવા ને ભજાવવા તે કરવાનું છે. કોઈ પરચો આપે તો દોડીએ છીએ પણ મોક્ષ બગડ્યો ને કરોડ કામ સુધર્યાં તો શું કામનું? ઊંટનાં બેસણાં જેવો વ્યવહાર છે, તે હેલાં આવવાનાં. માટે ભગવાન જેમ રાખે તેમ રહેવું. તે હજારોનું પોષણ કરે છે તો આપણને ભૂલી જાય? માટે શુદ્ધભાવે ભગવાનની ભક્તિ કરવી. જીવના કલ્યાણ માટે કરવી.'

સ્વામીશ્રી દ્વારા થયેલા પરચાઓનું પુસ્તક નહીં, પણ પુરાણ થાય તેવું છે. છતાં તેઓએ કદી એ બાબત પર લક્ષ્ય આપ્યું નહોતું અને કોઈને આપવા દીધું નહોતું. હકીકતે આ જ મોટો પરચો હતો !

તેથી આજે પણ સભા બાદ જ્યારે સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે પેલી ચમત્કારી મૂર્તિ બતાવી સૌએ કહ્યું : 'બાપા ! આ મૂર્તિમાંથી પાણી નીકળતું હતું !'

તે વખતે – 'એ તો યોગીજી મહારાજનો પ્રતાપ' કહી સ્વામીશ્રી તે મૂર્તિ સામે નજર સુધ્ધાં નાંખ્યા સિવાય, હરિમંદિરના નિર્માણ અંગેની મીટિંગમાં રાત્રે બાર વાગ્યા સુધી પરોવાયેલા રહ્યા.

સમાજ-નવરચનાનો સૂર્યોદય

તા. ૨૯/૧ની સવારે કરચેલિયામાં નૂતન મંદિરનો ખાતવિધિ કર્યા બાદ, સ્વામીશ્રી મહુવા, બારડોલી, સામપુરા, વિહાણ, સાંકરી, પલસોદ, અકોટી, ખોજપારડી, વરાડ વગેરે ગામો વિચરતાં તા. ૧/૨ની સાંજે રાયમ પધાર્યા.

અહીં તેઓની સભાનું સ્થળ હતું – હળપતિવાસ !

અત્રે મૂકેલું આ ઉદ્‌ગારચિહ્ન બિલકુલ નિરર્થક નથી, કારણ કે દાયકાઓ પૂર્વેના એ જમાનામાં આવા ઉપેક્ષિત વર્ગ વચ્ચે આસન માંડીને બેસવા માટે, સવર્ણો-શિક્ષિતોનાં ખોફ-ખફગી વહોરવાની અને તે વર્ગ-વર્ણમાં પોતાનાં માન-મોભાને ગુમાવવાની હિંમત રાખવી પડતી. તેથી ઘણી વાર સાધુ-સંન્યાસી પણ આવા હળપતિઓનાં ખોરડે-ઓરડે જઈને બેસવાનું સાહસ ખેડતાં ખચકાતા; પરંતુ તેમાં સમૂળી ક્રાંતિ કરતાં સ્વામીશ્રી પોતે ત્યાં જઈને બેસતા અને સત્સંગનાં તેજરશ્મિઓ વેરી આ કોમનાં અંધારાં એવાં ઉલેચતાં કે ઉચ્ચ વર્ણવાળા પણ તેઓનો સામેથી સ્વીકાર કરે. આ રાયમમાં જ તળ ગામના માણસો આ દૂબળા લોકોને ભજન કરવા ગામમાં બોલાવવા લાગેલા !

સ્વામીશ્રીએ બહિષ્કૃત વર્ણને સ્વીકૃત બનાવવા માટે નારાબાજી, આંદોલનો કે અથડામણોનો માર્ગ ન અપનાવતાં પરિવર્તનનો રસ્તો લીધેલો. તેઓએ તરછોડાયેલાનાં જીવન જ એવાં સુધાર્યાં કે કોઈ કાયદા-કલમો વિના આ ઉપેક્ષિતો આવકારનું નિમિત્ત બનવા માંડ્યા.

સ્વામીશ્રીએ સર્જેલી આ ધરખમ ક્રાંતિ આજે રાયમમાં દેખા દઈ રહેલી. તેથી અહીં વસતા હળપતિઓએ પોતપોતાનાં ઘર લીંપીને તૈયાર કરેલાં. તે દરેક ઘરમાં શુદ્ધ ઉપાસનનાં દર્શન થાય તેવાં મંદિરો શોભી રહેલાં. વસાહતના

ફળિયામાં સભા માટે નાનકડો પણ રૂપકડો સભામંડપ બાંધેલો. તેમાં બાંકડા પર પોતાના તારણહાર સ્વામીશ્રીનું આસન સજાવેલું. તે પર બિરાજી સ્વામીશ્રીએ શબ્દો ઉચ્ચાર્યા કે 'શેઠિયાના બંગલામાં કે તમારા ઝૂંપડામાં, સંતને બધું સરખું ! સત્સંગમાં પૈસા આપવા પડે તેવું માનશો નહીં. સરકારના ટૅક્સ જેવું નથી. ભગવાનને ત્યાં તોટો નથી. જીવનું સારું થાય તે માટે સત્સંગ છે.'

સ્વામીશ્રીના આ શબ્દોનો સીધો અનુભવ સામે બેઠેલો એકેએક હળપતિ કરી રહેલો. તેથી આ આશીર્વાદ બાદ સૌને માથે હાથ મૂકી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એ સમી સાંજના ૬:૪૫ વાગ્યે પણ સૌ સમાજ-નવરચનાનો સૂર્યોદય નિહાળી રહ્યા.

પરમારથ કારણ જગ વિચરત

રાયમથી સાંકરી થઈને સ્વામીશ્રી તા. ૨/૨ની રાત્રે મઢી પહોંચ્યા પણ વાયા વિદ્યાનગર !

હા, અહીં છ ગામના એક પાટીદાર હરિભક્ત ઇચ્છા ધરીને બેઠેલા: 'મારા જમાઈ લગ્નના ફેરા ફરે તે પહેલાં આપ આશીર્વાદ આપવા પધારો.' આ મનોકામના પૂરી કરવા સ્વામીશ્રી સાંકરીથી મઢી સુધીનું ૧૫ કિ.મી.નું અંતર કાપતાં પહેલાં, સાંકરીથી વિદ્યાનગર અને વિદ્યાનગરથી મઢી સુધીનો કુલ ૪૩૧ કિ.મી.નો ફેરો કરી આવ્યા !!

અહીં તા. ૩/૨નો દિવસ પણ આમ જ વીત્યો. આજની સવારે મઢીની લાયન્સ ક્લબ અને નિકટવર્તી ગામ સ્યાદલાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા 'નેત્રદંત યજ્ઞ'ના ઉદ્‌ઘાટન બાદ, સ્વામીશ્રીએ બાજુમાં જ આવેલી બાલવાડીમાં તૈયાર થયેલી પાણીની ટાંકીનું પણ ઉદ્‌ઘાટન કર્યું ! ત્યારબાદ મઢીની સુગર ફેક્ટરી, સ્યાદલાના હનુમાનજી મંદિર અને અન્ય ૪૦ ઘરોમાં પધરામણીઓ કરતાં તેઓ લોટરવા પધાર્યા. અહીં રેલવેના ફ્લેગ સ્ટેશન પર તેઓના હસ્તે ટિકિટ-ઘરનું ઉદ્‌ઘાટન થયું !

આ વિધિ બાદ સ્વામીશ્રી, તા. ૪/૨ની સવારે લોટરવામાં વીસેક પધરામણીઓ કરી, સુગર ફેક્ટરીની જીપ દ્વારા ધામદલા ગામનાં દૂર દૂરનાં ખેતરોમાં પહોંચ્યા. અહીં સીમમાં રહેતા હરિભક્તોએ તેઓને નોંતરેલા.

આ ખેતરોમાં પાંચ પધરામણીઓ કરીને સ્વામીશ્રી ઘાટા જવા નીકળ્યા. પણ આ ગામ સુધી પહોંચવાનો રસ્તો ખરેખર ઘાટા(નુકસાની)માં ઉતારી દે

તેવો જ રહ્યો! કાચો-ધૂળિયો એ માર્ગ એટલો ઊબડ-ખાબડ હતો કે ખડતલ પણ ખખડી જાય. પરંતુ *'પરમારથ કારણ જગ વિચરત'* સ્વામીશ્રીને તો સમ-વિષમ બધું એકસમાન હતું. તેથી આવી વાટ ખેડીને તેઓ ઘાટા પહોંચ્યા. અત્રે ચાર પધરામણીઓ કરીને પુનઃ એ જ રસ્તે લોટરવા પધારી ગયા.

મહત્તાનો માપદંડ

લોટરવાથી સાંજે પાંચ વાગ્યે વિદાય થતાં પહેલાં સ્વામીશ્રીએ ગામના કૂવામાં પુષ્પો પધરાવીને પાણી અખૂટ રહે તે માટે આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ તેઓ વ્યારા જવા જ્યાં ફાર્ગો ગાડીમાં બિરાજ્યા ત્યાં જ વ્યારાનું સત્સંગ મંડળ એક લક્ઝરી બસ લઈ આવી પહોંચ્યું. ગામના એક હરિભક્તે લીધેલી આ નવી બસનું પૂજન કરીને સ્વામીશ્રી તે બસમાં બેસીને જ વ્યારા પધારે – તેવી સૌની ઇચ્છા હતી. ભક્તોનો આ ભાવ પૂરો કરવા સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરીને બસમાં બિરાજ્યા!

આ રીતે વ્યારા પહોંચેલા તેઓની સ્વાગત-સભામાં વિવિધ વક્તાઓ દ્વારા પરદેશ-પ્રવાસને અનુલક્ષી મહિમાની વાતો જોરશોરથી ગાજી. પણ સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું કે 'પરદેશ જઈ આવ્યા તે મહત્તા નથી. યોગીજી મહારાજ જેવા સંત મળ્યા તે મહત્તા છે.'

તેઓને મન મહત્તાના માપદંડ કંઈક અનોખા જ હતા. તેથી જ તો તા. ૫/૨ના રોજ એક અનેરી ઘટનાએ આકાર પકડ્યો.

આ દિવસે વ્યારામાં ૪૨ પધરામણીઓ કરીને બપોરે એક વાગ્યે સ્વામીશ્રી મનકામેશ્વર મહાદેવની જગ્યામાં પધાર્યા. અહીં ઠાકોરજી જમાડતાં પૂર્વે તેઓને શૌચ-સ્નાન માટે જવાનું થયું ત્યારે પૂરતી વ્યવસ્થાના અભાવે, મંદિરની ચોપાસ બાંધેલી તારની કાંટાળી વાડમાંથી નીચા વળીને પસાર થઈ, ખેતરમાં શૌચ માટે જવું પડ્યું. ત્યાં જ એક વાવ પાસે પથ્થર પર બિરાજી સ્વામીશ્રીએ સ્નાનવિધિ કરી. જો મનમાં લૌકિક મહત્તાના વિચારો ઘૂમરાતા હોય તો આવી રીતે વિચરવું કેવી રીતે શક્ય બને ?!

સ્નાન બાદ મહાદેવજીના સ્થાનમાં ભોજન અંગીકાર કરી સાંજે સ્થાનિક રોટરી ક્લબ દ્વારા આયોજિત સભામાં પધારેલા સ્વામીશ્રીએ જણાવ્યું :

'લોકોને પૈસા વધારે આપો પણ સમજણ નહીં આપો તો સુખી નહીં થાય. જરૂરિયાત પૂરી પાડીએ તેટલી જ સમજણ આપવાની જરૂર છે. જીવનમાં

ધર્મ આવે તો ભગવાનની બીક રહે કે 'ખોટું કરીશું તો ભગવાન નારાજ થશે.' સામાજિક કાર્યો સાથે આની અત્યંત આવશ્યકતા છે. આપ સરસ કાર્ય કરી રહ્યા છો પણ આમાં લક્ષ આપશો તો સુખ-શાંતિ થશે.'

સમાજસેવાની ખૂટતી કડીનો આમ નિર્દેશ કરી, સ્વામીશ્રી ગામના અંબાજી મંદિરે પધાર્યા. આ મંદિરના સ્થાપકે તેઓનાં ચરણ પખાળવા માટે શુદ્ધોદક તૈયાર રાખેલું, પરંતુ સ્વામીશ્રીએ પોતાના પગ ન જ ધોવા દીધા ત્યારે વ્યારાને આ સંત કંઈક ન્યારા જ લાગ્યા.

અવળી સવળી કરનારા

વ્યારાથી કપૂરા પધારેલા સ્વામીશ્રી અહીંના રોકાણ દરમ્યાન તા. ૬/૨ના રોજ પધરામણીઓ કરવા નીકળી પડ્યા. અહીં ઘર ઘણાં લાંબાં અને મોટાં; તેમાં સૌ સ્વામીશ્રી પાસે પુષ્પો છંટાવતાં. વળી, ઘરની પાછળ આવેલા કૂવામાં પણ ફૂલ નંખાવે. હસતા મુખે સ્વામીશ્રી ત્યાં પણ જાય. કો'કને વ્યસન હોય તો તે છોડાવે. ક્રોધનો સ્વભાવ હોય તો ભજન કરી શાંતિ રાખવાની શીખ દે. વૃદ્ધ ઉદા મળે તો 'ભગવાન મળ્યા છે. માટે ભજન કરી લેવું' એમ 'वार्धक्ये मुनिवृत्तीनाम्...'નો ઉપદેશ આપે. આમ, વેળા-વેળાનાં વાજાં વગાડી તેઓએ સૌનાં ઘર ભક્તિથી ગુંજતાં કરી દીધાં.

નિર્જળા ઉપવાસને માથે લઈ તેઓએ આમ એકધારી બાવન પધરામણીઓ કરી આખા ગામને રંગી દીધું ત્યારે આ પરિશ્રમ જોનારા ગામના એક આગેવાનની આંખોમાં તો પાણી આવી ગયાં. તેમાંય સ્વામીશ્રીએ ગામના બાલમંદિરમાં જઈ દરેક બાળકને ચાંદલા કરી આશીર્વાદ આપ્યા અને હરિભક્તના ઘેર કામ કરનારા દૂબળાઓને પણ વર્તમાન ધરાવ્યાં ત્યારે તો સૌ તેઓના પ્રેમમાં પલળી જ ગયા.

આ રીતે વય-વર્ગના કોઈ ભેદભાવ જોયા વિના અને આકરાં તપ-વ્રતમાં પણ લોકકલ્યાણ માટે વિચરનારા સ્વામીશ્રી, કપૂરાથી બપોરે બે વાગ્યે વિદાય લઈ, વ્યારામાં તેર પધરામણીઓ કરતાં, પોણા ચાર વાગ્યે ઉકાઈ આવી પહોંચ્યા. અત્રે ઔપચારિક સ્વાગત-સભા બાદ પધરામણીએ નીકળેલા તેઓ રાત્રે પોણા નવ વાગ્યે જાહેરસભામાં આવીને બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ જોબનપગીના હૃદય-પરિવર્તનનો સંવાદ ભજવાયો.

તેની પ્રસ્તુતિ બાદ સંવાદમાં સામેલ સૌ પાત્રોએ એક પછી એક

સ્વામીશ્રી પાસે આવી, પોતે કરેલા અભિનયમાંથી એક ચોટદાર વાક્ય બોલીને આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ કલાકારોનો એ કાફલો સ્વામીશ્રીની આસપાસ ફોટો પડાવવા ગોઠવાઈ ગયો. તેમાં જોબનપગીનું પાત્ર ભજવનારો બંગાળી યુવક પણ હાથમાં માળા ફેરવતો ઊભો હતો, પરંતુ તેના હાથમાં માળા અવળી ફરી રહેલી. તે વિગત આટલી ગિરદીમાં પણ સ્વામીશ્રીની ચકોર નજરે પકડી લીધી અને માળાને સવળી ફેરવવાનું શિખવાડતાં બોલ્યા : 'અવળું ફેરવતા, પણ હવે સવળું ફેરવવા શીખવવું પડે ને !' આમ, હળવો વિનોદ કરીને સૌ કલાકારો સાથે તેઓએ એવું હેત કર્યું કે એ બંગાળી યુવાન અને તેના છ ભાઈઓએ સ્વામીશ્રીના હસ્તે કંઠી ધારણ કરી. સંવાદમાં વણિક શેઠનું પાત્ર અદા કરનારો મુસ્લિમ યુવાન પણ સ્વામીશ્રીના પ્રેમમાં તણાયો. તેણેય સ્વેચ્છાથી કંઠી પહેરી.

સ્વામીશ્રીએ કેવળ માળા નહીં, પરંતુ આખો મનખો સવળો કરી દીધો ! તે જોઈ ઉપસ્થિત હજારેક હૈયાં ગાઈ ઊઠ્યાં : *'અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...'*

પાયાના પથ્થરને પ્રણામ

તા. ૭/૨ની સવારે ઉકાઈથી નીકળી સ્વામીશ્રીને ૧૧:૦૦ વાગ્યા સુધીમાં સુરત પહોંચવાનું હતું. તે માટે તેઓ પૂજા-પારણાંથી સમયસર પરવારીને તૈયાર થઈ ગયા; પરંતુ મોટર હજી આવી ન હોવાથી સ્વામીશ્રીએ આ પ્રતીક્ષા-સમયનો ઉપયોગ ઉતારાના હિંડોળા પર બેસી પત્રલેખનમાં કર્યો. જો સોયના નાકામાંથી હાથી પસાર થાય તો સ્વામીશ્રી પાસેથી એક સેકન્ડ પણ વ્યર્થ પસાર થઈ શકે.

અંતે ગાડી આવતાં પ્રવાસ શરૂ થયો; પરંતુ રસ્તામાં સોનગઢ મુકામે બેની જગ્યાએ પાંચ પધરામણીઓ ઊભી થઈ. વળી, વ્યારા પાસે પડેલું પંક્ચર ત્રીસેક મિનિટ ખાઈ ગયું. તેથી સ્વામીશ્રી ૧૨:૧૦ વાગ્યે સુરત પધારી શક્યા.

અહીં પહોંચવામાં થયેલા લગભગ સવા કલાકના વિલંબમાં સ્વામીશ્રીનો તો કોઈ કસૂર નહોતો, છતાં તેઓ બોલ્યા : 'આપ બધાની માફી માંગવાની કે ટાઈમ પ્રમાણે આવી શક્યા નહીં. મોડું થયું છે તો બધા રાજી રહેશો.'

વચન-પાલન અને સમય-પાલનની ખટક સ્વામીશ્રીના જીવનમાં ખૂબ હતી. છતાં જેમાં તેઓનો બિલકુલ દોષ ન હોય તેવા કો'ક કારણસર કંઈક ચૂક

પડે તોય તેઓ વ્યથિત થઈ જતા. તે વખતે બીજાની ભૂલ પણ પોતાને માથે લઈ તેઓ માફી ન માંગે ત્યાં સુધી તેઓને જંપ વળતો નહીં.

આવી જીવનશૈલીથી લાખોના વિશ્વસનીય બની રહેલા સ્વામીશ્રી આજે સાંજે વિશ્રામમાંથી જાગ્યા ત્યારે રણકેલી ટેલિફોનની ઘંટડી સમાચાર લાવી: 'અટલાદરામાં કોઠારી અક્ષરસ્વરૂપદાસનો અક્ષરવાસ થયો છે.'

આ વિગત સાંભળી સ્વામીશ્રીએ તેઓની અંતિમવિધિ માટે અટલાદરા જવાની તૈયારી કરવા આદેશ આપ્યો. મોટરની વ્યવસ્થા થાય ત્યાં સુધી તેઓ સંસ્થાના આ પાયાના પથ્થર સમા સંતની સ્મૃતિમાં સરી પડ્યા. પણ '...એમણે એકધારી સેવા કરી. નિર્માનીપણે દરેક સેવા કરી...' એટલું બોલતાં તો સ્વામીશ્રીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એ પાણીએ તેઓની વાણીને ખાળી દીધી. વાહન-વ્યવસ્થા થઈ ત્યાં સુધી સ્વામીશ્રી નિઃશબ્દ જ બેસી રહ્યા. ગાડી આવી એટલે અટલાદરાનો માર્ગ લીધો.

અજવાળું રહ્યું ત્યાં સુધી તેઓએ ગાડીમાં પત્રવાંચન કર્યું. અંધારું થતાં ગોડી, આરતીનાં આહ્નિક કર્યાં. વળી, અક્ષરવાસી સંતની યાદમાં ડૂબી જતાં કહેવા લાગ્યા: 'ગોંડલમાં હું નાનો. એટલે ટેબલ ઉપર ચડી ઘનશ્યામ મહારાજને વાઘા પહેરાવતો ત્યારે અક્ષરસ્વરૂપ મને બધું શીખવતા...' એમ એક પછી એક સ્મૃતિપૃષ્ઠો તેઓ ઉઘાડતા રહ્યા. એ જ સ્મૃતિ-સડક પર સરકતાં-સરકતાં નવ વાગ્યે અટલાદરા પહોંચ્યા.

અહીં અંતિમ સંસ્કારની નિશ્ચિત્ત જગ્યાએ કાષ્ઠશૈયા પર સ્વામીશ્રીએ સ્વહસ્તે અક્ષરસ્વરૂપ સ્વામીના પાર્થિવ શરીરને પધરાવ્યું. તે પર ચંદન-કાષ્ઠ મૂક્યું. મુખમાં અને આસપાસ ઘી નાંખીને અગ્નિદાહ કર્યો. અગ્નિ પ્રજ્વલિત થતાં સૌ દૂર જઈ બેઠા પણ સ્વામીશ્રી તો ચિતાની નજીક જ બેસી રહ્યા. અંતે આ અક્ષરવાસી સંતને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેઓ સવસ્ત્ર સ્નાન કરીને સુરત જવા તૈયાર થયા. તે વખતે સંતોએ જમીને જવાની વિનંતી કરી, પણ શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંતની ચિરવિદાયથી સ્વામીશ્રી આજે જમી ન શક્યા. સૌના આગ્રહથી ફક્ત ઉકાળો ગ્રહણ કરી તેઓ રાત્રે બાર વાગ્યે અટલાદરાથી નીકળી ત્રણ વાગ્યે સુરત પધારીને સૂતા.

...તમે મળી ગયા જીવન-પ્રવાસમાં

સુરતમાં તા. ૮/૨ની રાત્રિસભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી

બોલ્યા: 'ચાર વાગ્યાના (પધરામણીમાં) આંટા ખાતા હતા, તે અત્યારે (સભામાં આવવાનો) પત્તો ખાધો! હાઈજેકનો જમાનો છે. (બળદને) ગાડેથી છૂટે તે હળે જોડે, એમ કથા પછી પધરામણી ને પધરામણી પછી સભા... ભક્તોને કેટલો ભાવ છે!...'

આ ત્રણ વાક્યોમાં સ્વામીશ્રીએ સુરતનો પોતાનો કાર્યક્રમ કહી દીધો.

અહીં રોજ સવારે તેઓ કથા બાદ પધરામણીઓનો અધ્યાય ખોલતા. તેમાં તા. ૮/૨ના રોજ તો જેલના કેદીઓને પણ આશીર્વાદ આપી આવ્યા. પરંતુ વિશેષ નોંધનીય વાત બની – તા. ૯/૨ની સવારે. આ સમયે સ્વામીશ્રીએ પટેલનગર વસાહતના ૧૫૦ બંગલાઓમાં પધરામણી કરી. દરેક બંગલામાં પૂજન, આરતી અને હારતોરા થયાં. આ રીતે એકધારી પધરામણી કરતાં કરતાં તેઓને લગભગ આઠ કિ.મી. જેટલું ચાલવાનું થયું! તેથી પધરામણીમાં સાથે જોડાયેલા સૌના પગ તો ગરબા રમવા લાગ્યા, પણ સ્વામીશ્રી સંપૂર્ણ સ્વસ્થતાથી પધરામણીઓ કરતા રહ્યા.

આવા પરગજુ સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ દિવસની રાત્રે ગુજરાતના જાણીતા કવિઓએ ઉપસ્થિત રહી પોતાની ચુનંદી સાહિત્ય-કૃતિઓ રજૂ કરી. શહેરના સનાતન હૉલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગની દહીંવાલાએ સ્વામીશ્રીને ઉદ્દેશી કહ્યું:

'હસી રહી'તી મંઝિલો, તજી ગયો'તો કાફલો,
થઈ રહ્યો'તો રાત-દિન, દિશાઓનો મુકાબલો;
ઊઠી ઊઠીને આંધીઓ, તિમિર હતી પ્રસારતી,
રહી રહીને જિંદગી, કો'કને હાક મારતી;
મને થતું હતું હું, ઢળી પડીશ અમુક શ્વાસમાં,
ભલું થયું સંત તમે, મળી ગયા જીવન-પ્રવાસમાં.'

કવિના આ કાવ્ય દ્વારા શ્રોતાઓના અનુભવને જ વાચા મળેલી. તેથી સૌએ હર્ષોલ્લાસથી આ અનુભૂતિને વધાવી લીધી.

ન જડે એની જોડ

કથા, પધરામણી તથા સભાની ત્રિવેણીમાં સુરતને ત્રણ દિવસ સુધી ઝબકોળી સ્વામીશ્રી તા. ૧૦/૨ની સવારે કીમના લોક વિદ્યાલયમાં જઈ પહોંચ્યા. અહીં છાત્રોને પરા-અપરા વિદ્યાના પાઠ ભણાવી તેઓએ શાળાની સામે જ

આવેલા એક સુથાર ભક્તના ઘરમાં વિશ્રામ કર્યો. ત્યાં સાંજે જાગ્યા ત્યારે સૌને હતું કે 'હવે ભરૂચ ભણી ગતિ કરવાની છે.' પણ સ્વામીશ્રીના મનમાં અહીંનો એક કાર્યક્રમ હજી બાકી હતો.

આમ જુઓ તો તેનાં બીજ ત્રણેક વર્ષ પહેલાં વવાઈ ગયેલાં. તે વખતે ખાંભામાં રહેતા શ્રમજીવી રવજીભાઈ નારીગરા અને તેઓનાં પત્નીને એકસાથે ટી.બી.ના દર્દે સાણસામાં લીધેલાં. આ દોઝખમાંથી છુટકારો મેળવવા તેઓએ 'દોહ્યલી વેળાના દામ' જેવા સ્વામીશ્રીને પત્ર લખેલો. તેના ઉત્તરમાં સ્વામીશ્રીએ આ દંપતીને આણંદમાં આવી આ રોગની સારવાર કરવા સૂચવેલું. પરંતુ ગામની ભાગોળ વળોટવા જેટલાંય દોકડા ક્યાં હતા આ દુર્બળ સુદામા પાસે? રહી-સહી બચત પણ ટી.બી. ચાવી ગયેલો! તેઓએ કરમની આ કઠણાઈ સ્વામીશ્રીને જણાવી ત્યારે સ્વામીશ્રીએ ભાડાખર્ચી અને દવાખર્ચી બેયની વ્યવસ્થા કરવાનું પોતાની કોટમાં લઈ, આ હરિભક્તને ઉપચાર માટે ગામડું છોડી શહેરમાં આવી જવા જણાવ્યું.

તે જ વખતે આ હરિભક્તના સુરતવાસી પિતરાઈએ પણ તેઓને પોતાની પાસે આવી જવા કહ્યું. તેથી રવજીભાઈ ત્યાં ગયા, પરંતુ આ કુટુંબીના ઘેર રહેવા જતાં જ, 'સો રાઈ = એક પિતરાઈ' કહેવત ધીરે ધીરે સાર્થક થતી ગઈ. તેથી જે છાપરાંની છાયા હેઠે જઈને આ હરિભક્ત બેઠેલા તે એક ઝાટકે હટી જતાં સંસારનો તીખો તાપ ફરી અનુભવાવા લાગ્યો. તે ઝાળ બુઝાવવા આ દંપતી કીમ આવી પહોંચ્યું. અહીં પાંત્રીસ રૂપિયા ઉછીના લઈને રમકડાંનો વેપાર શરૂ કર્યો, પણ દુકાનનો મેળ તો પડે એમ ન હોવાથી ફૂટપાથ પર જ ખમચો પાથર્યો. ધંધામાં થોડી-ઘણી બરકત આવતાં એક લારી લીધી. તેને ત્રણ બાજુ અને ઉપરથી છાપરું છાંદી વેપલો ચાલુ રાખ્યો.

આ દીન-દુર્બળનું દાળીદર ટાળવાનો વિચાર આજે સ્વામીશ્રીએ કરેલો. તે માટે તેઓ *'અણતેડ્યા આવે મારો વહાલો'*ની જેમ જઈ પહોંચ્યા.

સ્વામીશ્રીની મોટર જ્યારે પાંચ વાગ્યે રમકડાંની એ લારી પાસે ઊભી રહી ત્યારે સાંજની ગિરદીથી ઊભરાઈ રહેલી બજારમાં સૌ વિચારી રહ્યા કે 'આર્થિક રીતે નબળા લોકો સસ્તું ખરીદવા આંટા લગાવતા હોય તેવી આ બજારમાં મોટર લઈને કયો શેઠિયો ખરીદી કરવા આવી ચડ્યો હશે?!' સ્વામીશ્રી સાથેના સહપ્રવાસીઓ પણ વિચારી રહ્યા કે 'નથી અહીં કોઈ દુકાન કે નથી કોઈ મકાન, સ્વામીશ્રીએ અહીં શા સારુ ગાડી ઊભી રાખી હશે?!'

જે લારી આગળ ગાડી ઊભી રહેલી તે હરિભક્ત પણ વિચારતા હતા કે 'આજે પોતાના આંગણે આ મોટર શા કારણથી ઊભી રહી ગઈ?!'

એટલામાં તો બારણું ઉઘાડી સ્વામીશ્રી ઊતર્યા. આ દર્શનથી હરિભક્ત તો ઘેલા ઘેલા થઈ ગયા. તેઓ તરત આવી પગે પડ્યા. તે વખતે સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ છે તમારી લારી?'

'હા, બાપા!'

'ચાલો, પધરામણી કરીએ.' એમ કહેતાં સ્વામીશ્રી લારી પાસે પહોંચ્યા. ઠાકોરજી પધરાવ્યા. ધૂન કરી. આશીર્વાદ આપ્યા. બસ! આટલું પૂરતું હતું. પણ વિશ્વના ઇતિહાસમાં સરળતા, અહંશૂન્યતા, ભક્તવત્સલતા અને કરુણાનો અજોડ ચંદરવો રચતા હોય તેમ સ્વામીશ્રી, એ લારીના એક ખૂણે બિછાવેલા માંડ માંડ પલાંઠી વળે એવા ટૂંકા, મેલા-ઘેલા, ફાટલા-તૂટલા ગાભાના આસન પર લારીમાં ચઢીને બેઠા! આ જોઈ સૌની આંખો કપાળે પહોંચી ગઈ. ભક્તોનાં કૂબે-કૂવે, સીમ-શેઢે કે દુકાને-મકાને જઈને બેઠેલા ગુરુ તો કદાચ મળે, પણ ફૂટપાથની લારીમાં જઈને ગોઠવાયેલા આ ગુરુ સૌને *'ન જડે એની જોડ'* જેવા જણાયા. લારીના ચાલકની તો વાચા જ હરાઈ ગઈ.

લારીમાં બેઠાં બેઠાં જ સ્વામીશ્રીએ રવજીભાઈને પૂછ્યું: 'આ લારીમાં તમારું ગુજરાન ચાલે છે?'

ઉત્તરમાં હરિભક્તની આંખમાંથી બે આંસુ ખર્યાં. તે જોઈ સ્વામીશ્રી સઘળું સમજી ગયા. તેઓએ પાસે ઊભેલા સુરતના સત્સંગી દ્વારા આર્થિક મૂડીની વ્યવસ્થા કરી આપીને, દુકાન નાંખી વેપાર ચલાવવાની ગોઠવણ આ હરિભક્તને કરી દીધી. આ ધંધો સ્વામીશ્રીની કૃપાથી એવો ધમધોકાર ચાલ્યો કે માત્ર એક જ દસકામાં રવજીભાઈ તેઓના વ્યવસાયમાં શહેર આખાના 'નંબર વન' બની ગયા! તેઓનું સ્વાસ્થ્ય પણ એવું સુધર્યું કે આ ઘટના બન્યાના સાડા ચાર દાયકા પછીયે તેઓના શરીરને ઊની આંચ આવી નહોતી.

કરુણા અને આત્મીયતા માટેની તમામ ઉપમાઓ વહાવી દઈએ છતાં જેનું વર્ણન અધૂરું જ લાગે એવું આ ચરિત્ર કરીને સ્વામીશ્રી, અણીતા, ઈલાવને પાવન કરતાં ભરૂચ આવી પહોંચ્યા.

આપણું સર્વસ્વ પ્રમુખસ્વામી જ છે

ભરૂચમાં તા. ૧૧/૨ના રોજ કે. જે. પોલિટેકનિક હૉસ્ટેલમાં સભા તથા

૫૦ પધરામણીઓ કરીને બોચાસણ પહોંચેલા સ્વામીશ્રી, અહીં તા. ૧૨/૨ની સાંજે વલ્લભ વિદ્યાલય મુકામે શ્રી રવિશંકર મહારાજને મળ્યા. અત્રે અડધો કલાક ગાળી ચુવા, રૂંદેલ થઈને વડોદરા પધારેલા તેઓએ તા. ૧૩/૨ના દિવસે ન્યાય-મંદિરમાં જાહેરસભા સંબોધી.

તે પછી તા. ૧૪/૨ના રોજ કિશોર પેઢીને દીવો ધરવા જઈ પહોંચ્યા – વડોદરાની ન્યૂ ઈરા હાઈસ્કૂલમાં. આ શાળાના પ્રાંગણમાં ૭૦૦ વિદ્યાર્થીઓ આતુર નયને તેઓને વધાવવા થનગનતા હતા. સ્વામીશ્રીએ તે સૌને જીવન-ઘડતરના પાઠ ભણાવી આશીર્વાદ આપ્યા.

અહીંથી તેઓ સરદાર નગરના નિર્માણાધીન મંદિર-સંકુલની સભામાં પધાર્યા. રાત્રે સવા આઠ વાગ્યે આ સભા પૂર્ણ થઈ ત્યારે વાળુ-વેળા થઈ ગયેલી, પણ તેને હડસેલી સ્વામીશ્રીએ પોણા અગિયાર વાગ્યા સુધીમાં ૪૦ પધરામણીઓ કરી અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડ્યા.

આ ભોજન આટોપી તેઓ ગોત્રી રોડના હરિનગરમાં એક હરિભક્તને ઘેર બિરાજેલા. ત્યાં જ કોઈ સદ્‌ગૃહસ્થ સાઈકલ લઈને આવી ચડ્યા અને વિનંતી કરી: 'બાપજી! બાજુના સેવાશ્રમમાં પગલાં કરો.'

આ સાંભળી 'ચાલો...' કહેતાં સ્વામીશ્રી તો માથે પાઘ મૂકી તૈયાર થઈ ગયા, પણ તે વખતે મોડું ઘણું થઈ ગયું હોવાથી સૌએ બીજે દિવસે પધરામણીએ જવા વિનંતી કરી. પરંતુ સેવા-ભક્તિમાં કદી ઉધારી ન ચલાવનારા સ્વામીશ્રી રાત્રે પોણા બાર વાગ્યે જ પધરામણી કરવા નીકળ્યા! પધરામણીની એ સંખ્યા એકને બદલે સાત સુધી પહોંચતાં તેઓ રાત્રે પોણા એક વાગ્યે પોઢવા પામ્યા.

ભીડાભક્તિની આ ભરમાર બીજા દિવસે પણ ચાલુ રહી. ફક્ત સમય રાત્રિને બદલે બપોરનો થયો. આ દિવસની સવારે શ્રેયસ હાઈસ્કૂલમાં ૬૦૦ વિદ્યાર્થીઓને લાભ આપી પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીને ૩૫ પધરામણીઓ પૂરી કરતાં બપોરના ત્રણ વાગી ગયા. જમવા બિરાજ્યા ત્યારે તો સાડા ત્રણ! તે પછી સાંજે અન્ય સોળ પધરામણીઓ કરીને અટલાદરા મંદિરે પધાર્યા. અહીં યોજાયેલી સભા રાત્રે ૧૨:૨૦ વાગ્યે વિરમી અને સ્વામીશ્રી સૂતા ત્યારે તો રાત્રિના એક વાગ્યાનો ડંકો પડ્યો!

વર્ષમાં એક દિવસ પણ એવો નથી આવતો કે જે દિવસે સૂર્ય ઊગ્યો ન હોય. તેમ સ્વામીશ્રીના જીવનમાં એક પણ દિવસ એવો નહોતો આવતો કે જે દિવસે તેઓએ હદ બહારનો ભીડો વેઠ્યો ન હોય. લેશ મોં મચકોડ્યા સિવાય

તેઓ એ રીતે તકલીફો ખમતા કે ઘણાને તો તેમાં કંઈક રાહત આપવાનો વિચાર જ ઊગતો નહીં. પરંતુ સ્વામીશ્રી સાથે ફરતા સંતો-ભક્તોને લાગતું કે 'ભીડાનો ભાર-માર સહન કરતાં સ્વામીશ્રી માટે હવે કંઈક કરવું જોઈએ.'

તેથી તા. ૧૬/૨ના રોજ વસંત પંચમીના સમૈયે મહંત સ્વામીએ સત્સંગ-સમાજને અપીલ કરતાં જણાવ્યું કે 'આપણું સર્વસ્વ પ્રમુખસ્વામી જ છે. લોકમાં મિલકત હોય છે પણ સાચવનાર નથી હોતા. જ્યારે યોગીજી મહારાજ તેઓના દીકરા તરીકે પ્રમુખસ્વામીને મૂકી ગયા છે. તેઓએ તો બધું કુરબાન કરી દીધું છે. માટે પ્રમુખસ્વામીની સગવડનો વિચાર કરવો.'

મહંત સ્વામીની આ ખેવનાએ સૌને વિચારતા કરી દીધા.

આવી રીતે હું સમજું છું

આ જ અરસામાં, મહંત સ્વામીએ 'પ્રકાશ' સામયિકમાં લખેલા એક પત્રે પણ ઘણાની આંખોનો મોતિયો ઉતારી દીધો. રાજકોટથી પ્રકાશિત થતા એક વૃત્તપત્રે છાપેલી સંસ્થાના સિદ્ધાંતમાં ગેરસમજ ઊભી કરતી વિગતોનો પ્રત્યુત્તર આપતાં મહંત સ્વામીએ લખ્યું કે –

'શ્રીજીમહારાજ મોક્ષ માટે તો સંત દ્વારા જ પ્રગટ છે. પણ જ્યાં સત્પુરુષ કે સંતની વાત આવે તે આપણે તો પ્રમુખસ્વામી મહારાજને જ સમજવા. શ્રીજીમહારાજના ધામમાં ગયા પછી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને આજે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી દ્વારા જ પ્રગટ છે. આવી રીતે હું સમજું છું.

પ્રમુખસ્વામી મારા ગુરુ છે, જેનાં રૂંવાડાં બરાબર કોઈ હોય એવો મને અનુભવ નથી. જેમ શાસ્ત્રીજી મહારાજ એક જ હતા, યોગીબાપા એક જ હતા, તેમ આજે પ્રમુખસ્વામી મહારાજ એક જ. મોક્ષનું દ્વાર બે હોય તે મારા અનુભવમાં નથી. મારા અનુભવ પ્રમાણે તો પ્રમુખસ્વામી સિવાય એક દોકડું પણ બીજામાં (શ્રીજીમહારાજનું) પ્રગટપણું નથી. આપણા ગુણાતીત બાગમાં બીજો કોઈ મોક્ષપદ આપવા માટે ગુરુ છે જ નહીં અને થશે તો ગધેડો લેખાશે. આપણા એક જ ગુરુ, મોક્ષદાતા પ્રગટ ગુરુહરિ શ્રીપ્રમુખસ્વામી જ છે એમ સમજે, વર્તે, પ્રવર્તાવી સેવા કરે તો મહારાજ-સ્વામી અને યોગીબાપા આપણા ઉપર અનંતગણા

રાજી થશે. એક જ ઉપાસના, એક જ ગુરુ, એક જ સમજણ.'

એવા સંત હરિને પ્યારા રે

તા. ૧૬/૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાનારી વસંત પંચમીનો લાભ લેવા ઘણા હરિભક્તો ઊમટી પડતાં ઉત્સવના આગલા દિવસથી જ ઉતારા ચિક્કાર ભરાઈ ગયેલા. તે હરિભક્તો પૈકીના એક શ્રી હર્ષદભાઈ દવેનો ઉતારો મંદિરના કૂવાની નજીકમાં જ હતો. તેઓના આ ઉતારાની પાસે આવેલા બાથરૂમમાં જ સ્વામીશ્રી માટે સ્નાનની વ્યવસ્થા સેવકે ગોઠવેલી. સ્વામીશ્રી શૌચવિધિ કરવા ગયા તે દરમ્યાન આ બાથરૂમને સાવરણો ફેરવીને સેવકે સ્વચ્છ પણ કરી રાખેલું; પરંતુ આ પૂર્વતૈયારીથી અજાણ હર્ષદભાઈ એ જ બાથરૂમમાં સ્નાન કરવા પ્રવેશ્યા. ત્યાં જ સેવક આવી ગયા અને બોલ્યા: 'ઝટ બહાર નીકળો. સ્વામીશ્રી નહાવા આવે છે.'

આ સાંભળતાં જ હર્ષદભાઈ તરત બહાર આવી ગયા, પણ આ દૃશ્ય જોઈ સ્વામીશ્રી તત્ક્ષણ પાછા વળી ગયા અને મંદિરના ભંડકિયા પાસે આવેલી ખુલ્લી ચોકડીમાં નળ નીચે સ્નાન કરવા બેઠા. એક યુવક દ્વારા શરીર લૂછવાનું વસ્ત્ર અહીં લઈ આવવાનો સંદેશો પણ સેવકને પહોંચાડી દીધો.

જ્યારે સેવક કટકો લઈને પાસે આવ્યા ત્યારે તેઓને ઠપકો આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તારો પ્રમુખ તે વળી કોણ મોટો થઈ ગયો છે? ભાન પડે છે કે કેવી રીતે બોલાવવા? કોણ હરિભક્ત છે તેનો તો વિચાર કરો...'

સૌ સ્વામીશ્રીની સુવિધા સચવાય તે માટે ચિંતિત રહેતા, પણ સ્વામીશ્રીને તો ભક્તોની સગવડ સાચવવાનું જ તાન રહેતું. '*નાના મોટા ભજે જે હરિને, તેને પોતાના કરતાં જાણે સારા રે... એવા સંત હરિને પ્યારા રે...*' સમા ગુરુ હતા તેઓ!

લોક દેખીને વિસ્મિત થાય

વસંત પંચમીના દિવસે શાસ્ત્રીજી મહારાજની સાથે બ્રહ્માનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીનો પણ જન્મદિન હોવાથી તેઓનાં કીર્તન-કૃતિ ગાયક સંતો-યુવકો દ્વારા પ્રાતઃપૂજા દરમ્યાન ગવાઈ રહેલાં. તે ક્રમમાં જિતેન્દ્ર સોનીએ 'ભક્તચિંતામણિ'માંથી સંતલક્ષણ વર્ણવતા બીજા પ્રકરણનો મુખપાઠ શરૂ કર્યો, પણ તેમાં *'કામ, દ્રવ્ય ને માન છે જેહ...'* પંક્તિએ તેઓની જીભ

ઝલાઈ ગઈ. આગળની કડી હોઠે ફૂટે જ નહીં. તેથી આ એકની એક પંક્તિ તેઓએ બે-ત્રણ વાર ગાઈ.

તે સાંભળી પરિસ્થિતિ પામી ગયેલા સ્વામીશ્રીએ મરક મરક હસતાં લલકાર્યું: *'...તેહ સારુ નથી ધર્યો દેહ; જ્ઞાન વૈરાગ્ય ઉરે અશેષ, એવા સંતને નામું હું શીશ.'*

તેઓની આ સદ્ય પાદપૂર્તિથી સૌનાં શીશ સ્વામીચરણે નમી પડ્યાં.

અઢી દાયકા પહેલાં શાસ્ત્રીજી મહારાજ સમક્ષ સ્વામીશ્રી 'ભક્ત-ચિંતામણિ'ની કથા કરતા ત્યારે આ કડીઓ તેઓના વાંચવામાં આવી હશે! પણ તે આજે પચીસ વર્ષેય તેઓના મનમાંથી ભૂંસાઈ નહોતી. અત્યંત જટિલ વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં રસબસ થયા પછી અને પુનરાવર્તનના કોઈ મહાવરા વિના પણ આમ યાદ રાખવું એ અતિ તીવ્ર સ્મરણશક્તિ વિના સંભવે નહીં.

'લોક દેખીને વિસ્મિત થાય રે' એવી આ શક્તિના ચમકારાથી અંજાયેલો પેલો ગાયક યુવાન તો સમયાંતરે સ્વામીશ્રીને સમર્પિત જ થઈ ગયો.[૨]

આમ, પોતાની શક્તિ-ભક્તિથી સૌને ચકિત કરતાં સ્વામીશ્રી અટલાદરાથી મહેળાવ, ધર્મજ, પાડગોલ, સંજાયા, મહેળાવ, ઉત્તરસંડા, ભૂમેલને લાભ આપતાં તા. ૧૭/૨ની સાંજે કરમસદ આવી પહોંચ્યા.

અત્રે ચોકમાં રહેલી સરદાર પટેલની પ્રતિમાને હાર પહેરાવી તેઓએ સંતરામ મંદિરમાં ઉતારો કર્યો. અહીંથી તા. ૧૮/૨ના રોજ સ્વામીશ્રી સરદાર પટેલના નિવાસસ્થાને તથા મૃત્યુંજય મહાદેવની જગ્યામાં ચાલીને પધાર્યા. ત્યારબાદ સરદારની શતાબ્દી નિમિત્તે યોજાયેલી ખાસ સભા અને ગામમાં આવેલી સરદાર પટેલ હાઈસ્કૂલની વિદ્યાર્થીસભામાં લાભ આપતાં તેઓ સાંજે છ વાગ્યે આણંદ આવી ગયા.

જેનો અંત ન પામે અનંત

આણંદના સ્ટેશને સ્વામીશ્રીના સત્કાર માટે માનવ-મહેરામણ હિલોળતો હતો. તેથી તેઓનું આગમન થતાં ઊઠેલા જયનાદોના પ્રચંડ ઘોષથી આકાશ ચિરાઈ ગયું! શણગારેલી ખુલ્લી જીપમાં ઊંચા આસન પર સ્વામીશ્રી બિરાજમાન થયા તે સાથે જ ઘીની મશાલો પ્રજ્વલિત થઈ ઊઠી. અલંકૃત છત્ર સ્વામીશ્રી પર શોભવા લાગ્યું. પુષ્પો વરસી રહ્યાં. સતત અઢી કલાક સુધી ઊડતો

---

૨. તેઓનું દીક્ષિત નામ સાધુ શ્રીરંગદાસ પાડવામાં આવ્યું.

ગુલાલ આકાશને અને આનંદ અંતરને ભરી રહ્યો. આખું શહેર સ્વામીશ્રીને નીરખવા ઓટલા-અટારી અને છત-છાપરે આવીને ઊભું રહી ગયું.

આ ભવ્ય નગરયાત્રાનાં ઘેન હજી તો ઊતર્યાં નહોતાં ત્યાં જ તા. ૧૯/૨ની સવારે આણંદવાસીઓ સૂધબૂધ ખોઈ બેસે એવું દૃશ્ય તેઓની નજરે ચઢ્યું. ગઈકાલે છત્ર-ચામરની શોભા ધરીને સૌનાં સન્માન ઝીલી રહેલા સ્વામીશ્રી આજે ભર તાપમાં પગપાળા ચાલીને તુવેર દાળની સેવા ઉઘરાવવા આણંદની દુકાનો, પેઢીઓ, ઑફિસો ઘૂમી રહેલા! 'હાથીના હોદ્દે બેસવું અને પગપાળા ચાલવું એ બેય અમારે સમ વર્તે છે'[૩] એમ જે શ્રીજીમહારાજે કહ્યું છે તે આજે સ્વામીશ્રીમાં સૌ મૂર્તિમાન જોઈ રહ્યા.

બપોરે બે વાગ્યા સુધી આમ અવિરત પધરામણીઓ કરી સ્વામીશ્રી ડાહ્યાભાઈ ગજ્જરના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે જ આવી ચડેલા એક હરિભક્ત કહેવા લાગ્યા: 'બાપા! મારું ઘર પધરામણીમાં બાકી રહી ગયું. તો આપ પગલાં કરવા પધારો.'

'ના, મનુભાઈ! તમારા ઘેર સ્વામીશ્રી પધારી ગયા છે. બધે ફૂલો પણ છાંટ્યાં છે.' સંતોએ જણાવ્યું.

'એ બરાબર. પણ બાપા પધાર્યા ત્યારે હું ઘેર નહોતો ને! માટે ફરી વાર આવો.' હરિભક્તે આગ્રહ જારી રાખ્યો.

સમય, સંજોગ અને કારણ – ત્રણેય રીતે આ માંગણી બેહૂદી હતી. છતાં સ્વામીશ્રી મોંમાં કોળિયો મૂકી ન શક્યા. ભર્યું ભાણું ઠેલી તેઓ ઊભા થયા. *'રખે કોઈ મુજ થકી, તનધારીને ઊપજે ત્રાસ...'*ની રીતે રહેતા સ્વામીશ્રીનું હૃદય એટલું ઋજુ હતું કે કોઈનું પણ દિલ ઘવાય તે તેઓને પરવડતું નહીં. તેથી ભરબપોરે અઢી વાગ્યે તે હરિભક્તના ઘેર બીજી વાર જઈ તેઓને રાજી કર્યા. ત્યારબાદ જ ભોજન કરવા બિરાજ્યા! અન્યની સંવેદનાઓનો આવો પ્રતિભાવ ભાગ્યે જ કોઈએ આપ્યો હશે!

'જેનો અંત ન પામે અનંત' જેવું આ ચરિત્ર કરી સ્વામીશ્રી તો ભોજન બાદ પુનઃ દાળની સેવા ઉઘરાવવા નીકળી પડ્યા. તેઓએ એ એક જ દિવસમાં ૨૮૦ પધરામણીઓ કરી, જે એક દિવસમાં તેઓ દ્વારા થયેલી સૌથી વધુ પધરામણીઓનો વિક્રમ બની રહ્યો. તે જોઈ સ્વામીશ્રીની જોડમાં રહેલા કોઠારી સ્વામીએ રોજનીશીમાં લખ્યું: *'આપણે મંદિરોમાં બેઠાં દાળ ખાઈએ છીએ*

---

૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩.

પણ તે માટે પ્રમુખસ્વામી કેવો દાખડો કરે છે તે આજે અનુભવ્યું.'

દિવસભરના આટલા સખત પરિશ્રમ પછી પણ સ્વામીશ્રી રાત્રે મંદિરમાં યોજાયેલી સભામાં પહોંચ્યા. તેઓને આશીર્વાદ આપવાનો સમય થયો ત્યારે ઘડિયાળ ૧૧:૦૫ વાગ્યાનો સમય બતાવી રહેલી. છતાં વીસ મિનિટ સુધી સૌને અમૃતધારામાં ભીંજવી, વ્યક્તિગત મળી, રાત્રે સવા બાર વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

હિતકારી સારી સૃષ્ટિના

તા. ૨૦/૨ના રોજ આણંદમાં ૭૦થી વધુ પધરામણીઓ અને તા. ૨૨/૨ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના કૅમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ તથા કૉમર્સ કૉલેજમાં સભાઓ કરી સ્વામીશ્રી રાત્રે પોણા દસ વાગ્યે બામણગામ પધાર્યા.

આટલી મોડી રાત્રે પણ અત્રે નગરયાત્રા યોજાઈ. ત્યારબાદ રાખેલી સભામાં સ્વામીશ્રીના આશીર્વાદ પૂરા થયા ત્યારે રાત્રિના બાર વાગ્યાના ટકોરા પડ્યા! આજે એકાદશીના નિર્જળા ઉપવાસમાં પણ તેઓએ દિવસનો પૂરેપૂરો કસ કાઢી દીધો.

છતાં તા. ૨૩/૨ની સવારે પારણાં કર્યાં બાદ સ્વામીશ્રી શાંતિભાઈના ઘેર પહેલા માળે આવેલા પોતાના ઉતારેથી દાદરો ચઢીને, બીજા માળે સંતોને 'જય સ્વામિનારાયણ' પાઠવવા પધાર્યા. તેઓનું આ વિનીત વર્તન જોઈ સંકોચાઈ ગયેલા સંતોએ કહ્યું: 'બાપા! આપ ગુરુ છો. આપે અમારાં દર્શન સારુ આવવાનું ન હોય.'

પણ *'સમજે મારા સ્વામી, રહ્યા છે સહુમાંયજી'*ની રીતથી સ્વામીશ્રી જીવતા. તેથી શિષ્યોનોય આવો મહિમા સમજનારા તેઓએ આજે અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક કૂવા પાસે તૈયાર થયેલા ઓટા પર ચરણારવિંદ પધરાવ્યાં.

આ ધાર્મિક કાર્ય પછી સામાજિક સેવાને હાથ પર ધરતાં સ્વામીશ્રીએ સાંજે ગામના આગેવાનોને ભેગા કરી વાત માંડી કે 'આ વર્ષે દુષ્કાળ છે. સૌરાષ્ટ્રમાં પાણી નથી. ચાર રસોડાં ખોલવાનાં નક્કી કર્યાં છે. સ્વામિનારાયણના જ નહીં પણ કોઈ પણ આવે તેને જમાડવાના છે. ન આવી શકે તે માટે પણ વ્યવસ્થા થશે. (એટલે કે શરમ-સંકોચને કારણે કદાચ ઉચ્ચ વર્ણના લોકો રાહત-રસોડામાં જમવા ન આવે તો તેને ઘેર ટીફીન પહોંચાડવાની પણ

વ્યવસ્થા થશે.) માટે આપણા ગામમાંથી પણ કંઈક કરવું. ફરજિયાત નથી પણ કાર્ય સારું છે. આજે જ શરૂ કરી દઈએ.'

અપૂરતા વરસાદને કારણે આ વર્ષના માથે દુષ્કાળનું દુઃખ ચોંટેલું. આ ખપ્પરમાંથી સૌને ઉગારવા સક્રિય થયેલા સ્વામીશ્રી આ અરસામાં જ્યાં જતા ત્યાં સેવાની આવી ટહેલ નાંખતા.

*'હિતકારી સારી સૃષ્ટિના...'*ની રીત રાખી વિચરતા તેઓ બામણગામથી કોસીન્દ્રા, આંકલાવ, બોરસદ, સંદેસર, બોચાસણ, ધર્મજ થઈને પંડોળી પહોંચ્યા. અહીં પણ દુષ્કાળ રાહત નિમિત્તે અનાજનો ખરડો કરી, નારને લાભ આપતાં તા. ૨૫/૨ની સાંજે પીપલગ પધાર્યા.

અત્રે તેઓએ કરેલી દુષ્કાળ રાહતની અપીલને પ્રતિસાદ આપતાં ગ્રામજનોએ ૨૭૫ મણ ઘઉં તત્કાળ નોંધાવી દીધા.

પીપલગથી સાંજે સાડા સાત વાગ્યે ડભાણ આવેલા સ્વામીશ્રીએ અહીં પણ દુષ્કાળ-રાહત અંગે અનાજ નોંધાવવા હાકલ કરી. તેઓની વિનંતી સાથે જ ૪૦૧ મણ ઘઉં રાહતકાર્ય માટે લખાઈ ગયા.

ગમ્મતના ગુલાલમાં ગુસ્સો ગાયબ

ડભાણની સભા પૂર્ણ થઈ ત્યારે રાત્રિના સાડા દસ વાગ્યાનો સમય થઈ ગયેલો. આજના આખા દિવસમાં સ્વામીશ્રી ત્રણ ગામોમાં વિચરણ અને ૬૦ ઉપરાંત પધરામણીઓ કરી ચૂકેલા. હવે આરામ સિવાય કંઈ જ કરવાનું ન હોય. પણ તે વખતે પીપલગથી આવી પહોંચેલા એક હરિભક્તે સ્વામીશ્રી સમક્ષ ધા નાંખી કે 'મારા નવા મકાનમાં પધરામણી બાકી રહી ગઈ છે, તો આપ અત્યારે જ પધારો.'

આ સાંભળતાં જ આસપાસ ઊભેલા સૌ અકળાઈ ગયા. પણ સ્વામીશ્રીએ પ્રેમથી પુનઃ પીપલગ પધારી તે હરિભક્તને રાજી કર્યા. જો કે તેઓ સાથે ડભાણથી આવેલા ભક્તો તો સ્વામીશ્રીને ભીડો આપવા બાબતે હજીયે પેલા હરિભક્ત વિષે મનમાં ધૂંધવાતા જ હતા. તે વખતે જ્યારે શીરાનો પ્રસાદ ધરાવવા કો'ક થાળી લાવ્યું ત્યારે તે પકડતાં જ હળવા ગુસ્સા સાથે સ્વામીશ્રી બોલ્યા: 'આટલો બધો ગરમ શીરો લવાતો હશે ? ઠંડો કરવો જોઈએ.'

આ સાંભળી યજમાન હરિભક્તે અપરાધભાવ સાથે કહ્યું: 'લાવો, બાપા ! ઠંડો કરી લાવું.' એમ કહી તેઓએ જ્યાં થાળી પકડી ત્યાં ખબર પડી

કે 'શીરો તો માપસરનો જ ગરમ હતો!'

સ્વામીશ્રીની આ ગમ્મતથી પેલા અકળાતા-અમળાતા હરિભક્તો સહિત સૌ હસી પડ્યા. એ હાસ્યના હડસેલાથી તેઓના મનમાં ઘુમરાતો ગુસ્સો પણ ગાયબ થઈ ગયો. સ્વામીશ્રીને આ જ કરાવવું હતું.

હંમેશા પરસ્પર સુમેળભર્યું વાતાવરણ રહે તેમ જ વર્તતા તેઓ પીપલગથી નડિયાદ પધાર્યા. અહીં તા. ૨૬/૨ના રોજ ૪૦ પધરામણીઓ અને સંતરામ મંદિરના હૉલમાં જાહેરસભાનો લાભ આપી, માતર આવેલા સ્વામીશ્રી તા. ૨૭/૨ની સવારે પધરામણીએ નીકળ્યા.

તે ક્રમમાં તેઓ જ્યારે સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા ગયા ત્યારે અત્રે ઠાકોરજીની સેવા કરતા સંતે ઉમળકાથી સ્વામીશ્રીને હાર પહેરાવ્યો, પણ તે હાર સાથે ઠાકોરજીની ચલ મૂર્તિ પણ ઊંચકાઈને આવી ગઈ! *'એવા સંતને હૃદિયે રઈ, કરું જીવનાં કલ્યાણ કંઈ...'*ની મનષા સેવતા ઠાકોરજી હાર સાથે સ્વામીશ્રીના વક્ષઃસ્થળ પર આવી વસી ગયા!

આ દુર્લભ દર્શન બાદ માતરમાં વીસેક પધરામણીઓ કરીને સોખડા પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ દુષ્કાળ રાહત અંગે અનાજના ખરડાની હાકલ કરી.

આ જ ક્રમમાં તેઓ ઉઢેલા પધાર્યા. આ ગામમાં પહેલી જ વાર સ્વામીશ્રીનાં પગલાં પડી રહેલાં. છતાં ત્રીસ ઉપરાંત પધરામણીઓ થઈ. સવા સો મણ ઘઉંનો ધર્માદો દુષ્કાળ રાહત નિમિત્તે નોંધાયો.

ભૂખ્યા જનોની આંતરડી ઠારવા આ રીતે અપાર પરિશ્રમ વેઠી રહેલા સ્વામીશ્રીએ તા. ૨૮/૨ના રોજ અલીન્દ્રા(વસો)માં પણ ૬૦ પધરામણીઓ તથા પટેલ ધર્મશાળા અને હાઈસ્કૂલમાં સભાઓ કરી, દોઢસો મણ ઘઉંની સેવા દુષ્કાળ રાહત નિમિત્તે ઉઘરાવી.

અહીંથી તેઓ ખેડા થઈને રઢુ આવી પહોંચ્યા. અત્રે ગામના ચોકમાં જ યોજાયેલી જાહેરસભામાં સૌ ૨૦૦ મણ ઘઉં દુષ્કાળ રાહતના કાર્યમાં અર્પણ કરવા કટિબદ્ધ થયા.

આ જ હેતુસર તા. ૧/૩ના રોજ પુરુષોત્તમપુરા, ઈશ્વરપુરા, નાયકા, નવાગામ, બારેજા, જેતલપુર, અસલાલી થઈને અમદાવાદ પધારેલા સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે શયનાધીન થયા.

आप पृथ्वी के अलंकार है

અમદાવાદના ટાઉન હૉલમાં યોજાયેલા સ્વામીશ્રીના સત્કાર સમારંભની હવાને કારણે તા. ૨/૩ના રોજ આ નગર અનેરી ઊર્જા અને ઉત્કંઠા સાથે ધબકી રહેલું. શહેરનાં અગ્રિમ અખબારોએ સ્વામીશ્રીની તસવીરો સાથે આ સમારોહની જાહેરાતો છાપીને નગરવાસીઓના ઉત્સાહમાં પવન ફૂંકી દેતાં સવારના આઠ વાગ્યાથી જ સભાગૃહ હકડેઠઠ ભરાઈ ગયેલું. બેઠકો ઉપરાંત પગથિયાં પર પણ સૌ ગોઠવાઈ ગયેલા. અમદાવાદના પૂર્વ નગરપતિઓ તથા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીઓ સહિત અનેક નામી સંતો-સજ્જનોની નક્ષત્રમાળા મંચ પર શોભી રહેલી. સ્વામીશ્રી આંબલીવાળી પોળમાં દર્શન કરીને આ સભામાં પધાર્યા ત્યારે આ પ્રતિષ્ઠિતોએ તેઓનું અભિવાદન કર્યું. તે પછી સૌએ ભાવવાહી વક્તવ્યો દ્વારા સ્વામીશ્રીને બિરદાવ્યા.

તેમાં સર્વેશ્વર મહાદેવના શ્રીવાસુદેવજી મહારાજે જણાવ્યું કે 'योगीजी महाराज सचमुच जीवनमुक्त थे। गीतामंदिर में योगीजी महाराज की निर्वाणतिथि मनाई तब आशा का संचार ईस महापुरुष (स्वामीश्री) को देखके हुआ। आप पृथ्वी के अलंकार है। आप देश का गौरव है। आप के कार्य अजर-अमर हैं।'

ભારત સાધુ સમાજ વતી શ્રી નારણદાસજી મહારાજે પણ કહ્યું: 'પ્રમુખસ્વામી યુગપુરુષ છે. સાધુ સમાજના મસ્તક સમાન છે. તેઓએ કોઈનું ખંડન કર્યા સિવાય ભારતનો ધર્મ સમજાવ્યો છે.'

આમ, સતત સવા બે કલાક સુધી સ્વામીશ્રીનું પ્રશસ્તિગાન હૉલમાં ગુંજતું રહ્યું. તેની વચ્ચે લોકસેવક શ્રી રવિશંકર મહારાજે જ્યારે સ્વામીશ્રીને સન્માનપત્ર અર્પણ કર્યું ત્યારે તો આખો હૉલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. પણ તેથી સંપૂર્ણ અજાણ સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આજે શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના સંકલ્પે કાર્ય થાય છે. આપણે કરી આવ્યા તેવું નથી. આપ બધા સંતો બિરાજ્યા છો તેના આશીર્વાદથી કાર્ય થાય છે. આ સ્વાગત શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું છે. આપ સૌ આશીર્વાદ આપજો કે આવી સેવા થઈ શકે.'

સ્વામીશ્રીનાં આશીર્વચન તેઓની મહાનતાને વધુ ઘૂંટે તેવા રહ્યા. તેઓ પર સન્માનોની વર્ષા થતી, પણ જેમ મીણને પાણી ચોંટે નહીં તેમ

સ્વામીશ્રી લેશ પલળતા નહીં.

બાળકોના બેલી

શ્રીજીમહારાજ પ્રબોધિત શુદ્ધ ઉપાસનાનાં મંદિરો ગામોગામ થાય તેવો સંકલ્પ સ્વામીશ્રીનો કાયમનો. તેને સાકાર કરતાં તેઓએ તા. ૪/૩ના રોજ હિંમતનગરના બગીચા વિસ્તારમાં આવેલી ભૂમિ પર મંદિરનો શિલારોપણવિધિ કર્યો. તે પછી ગાંભોઈ, મોડાસા, ધનસુરા અને હરસોલમાં લાભ આપી તેઓ રાત્રે એક વાગ્યે અમદાવાદ પરત ફર્યા.

અહીંથી તા. ૫/૩ની સાંજે નીકળેલા સ્વામીશ્રી, તા. ૬/૩ની સવારે લીંબડીના ગાંધી સ્મૃતિમંદિરમાં યોજાયેલી સ્વાગત-સભામાં લાભ આપી જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા પધાર્યા.

અત્રે સિંહાસનની ડાબી બાજુએ ઊભેલો થાંભલો બતાવતાં તેઓએ કહ્યું : "શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અહીં બેસી કથા-વાર્તા કરતા. મૂળીવાળાની સભા જમણી બાજુના ભાગમાં ને વઢવાણવાળાની સભા ઉપર મેડે થાય. ત્રણેય જણનાં રસોડાં જુદાં. તેથી શાસ્ત્રીજી મહારાજ રમૂજમાં કહેતા : 'સભા જુદી, ચોકો જુદો, માત્ર કૂવો એક જ હતો !'"

આ ગુરુસ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રી ભલગામડા પધાર્યા. અહીં ગામને પાદરે ઊભેલા શ્રીજીમહારાજના પ્રાસાદિક ઓટાને તેઓએ ધૂળમાં જ દંડવત કર્યા !

આ ભક્તિભાવ સાથે મેમકા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે, તા. ૭/૩ની સવારે મંદિરમાં હનુમાનજી-ગણપતિજીની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ.

આ નિમિત્તે યોજાયેલી પ્રતિષ્ઠા-સભા બાદ, ભોજન કરવાનું ઠેલી સ્વામીશ્રી એક બાળકને દર્શન આપવા પધાર્યા. આ બાળક કૂવામાં પડી જતાં તેના હાથ-પગનાં હાડકાં તૂટી ગયેલાં; પણ આવા દુઃખમાંય તે સ્વામીશ્રીનું જ રટણ કરતો હતો. હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા તેને સ્વામીશ્રીએ દિવ્ય દેહે દર્શન આપીને કહેલું કે 'અહીં શું બેસી રહ્યો છે ? મેમકાની પ્રતિષ્ઠામાં ચાલ.' તેથી ઘેર આવી ગયેલો તે સ્વામીશ્રીનાં દર્શનની ઝંખના સેવી રહેલો. તે પૂર્ણ કરવા પધારેલા સ્વામીશ્રીએ ઘાયલ બાળકના શરીરે હાથ ફેરવતાં ફેરવતાં ધૂન-પ્રાર્થના કર્યાં. ભાલમાં ચાંદલો કરી આશીર્વાદ પાઠવ્યા.

આમ, એક બાળકનો મનોરથ પૂરો કર્યા બાદ જ બપોરે પોણા બે વાગ્યે

ભોજન કરવા બિરાજેલા તેઓ અહીંથી વઢવાણ, સુરેન્દ્રનગર થઈને જોરાવરનગર પધાર્યા. અહીં તા. ૮/૩ની સવારે ૫૦ પધરામણીઓ કરતાં સ્વામીશ્રી મૂળી પહોંચ્યા. અત્રે મંદિરમાં દર્શન અને ગામમાં સભાનો લાભ આપીને ગારીઆ પધારેલા તેઓએ ગામના નદીકિનારે તૈયાર થયેલા સુંદર મંદિરમાં મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો.

પ્રેમ અને પરોપકારના પંથે

ગારીઆથી રાજકોટ પધારેલા સ્વામીશ્રી અહીં વિરાણી હાઈસ્કૂલના હૉલમાં શહેરની જનતાનું અભિવાદન ઝીલીને મંદિરે આવ્યા ત્યારે રાત્રિના બાર વાગી ચૂકેલા. છતાં તેઓ પોઢ્યા નહીં. આજે એકાદશીના નિર્જળા ઉપવાસમાં પાંચ ગામનું વિચરણ, ત્રણ સભાઓ અને પચાસ ઉપરાંત પધરામણીઓ કરી હોવા છતાં, સ્વામીશ્રી મધરાતે બાર વાગ્યે દુષ્કાળપીડિતો માટેનાં અન્નક્ષેત્રો ખોલવાની કાર્યવાહી અંગે મીટિંગ યોજીને બેઠા!

સ્વામીશ્રીએ કરેલા પરોપકાર તો દુનિયાએ જાણ્યા છે પણ એ માટે તેઓએ કરેલા આવા પરિશ્રમનાં પ્રકરણો પ્રચ્છન્ન રહી જવાં પામ્યાં છે. એ પુરુષાર્થની પિછવાઈ સાથે તેઓના પરોપકારને નિહાળતાં, સેવાક્ષેત્રના શિરતાજ સમા સ્વામીશ્રીની છબી અધિક ઉજ્જ્વળ દેખાય છે.

આવા જગત-ઉદ્ધારકને વધાવવા વધુ એક સ્વાગત-સભા તા. ૯/૩ની સાંજે રાજકોટની વીરબાઈમા મહિલા કૉલેજના હૉલમાં યોજાઈ. તેમાં જિલ્લા કલેક્ટર સહિત અનેક નામાંકિત વ્યક્તિઓએ શબ્દસુમન દ્વારા સ્વામીશ્રીને સત્કાર્યા.

આ સન્માન સ્વીકારી સ્વામીશ્રી તા. ૧૦/૩ની સવારે ભાદરા જવા નીકળ્યા, પણ રસ્તામાં પડધરીની એક દુકાનના મેડે થતી બાળસભામાં પધારી બાળકોને આશીર્વાદ આપવાનું ચૂક્યા નહીં!

એક પછી એક ખડકાતી જતી સ્વાગત-સન્માનોની હારમાળામાં પણ આવી નાની-નાની પાંખડીઓ તેઓની નજર બહાર રહેતી નહીં. તેનું વધુ એક દર્શન આ જ મુસાફરીમાં જોવા મળ્યું.

પડધરીનું પાદર વળોટી સ્વામીશ્રી થોડા આગળ વધ્યા ત્યાં રામદેવ પીરનું એક દેરું આવ્યું. અહીં કેટલાક ભક્તો રાહ જોતાં ઊભા હતા. સ્વામીશ્રીએ તેઓને જોઈ ગાડી થોભાવી. આ ભક્તોએ સ્વામીશ્રીને બેસવા

સારુ પેલા દેરામાં ચાદર પાથરીને આસન સજાવી રાખેલું. તે પર સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે સૌએ ઘેરથી બનાવી લાવેલો આઈસક્રીમ સ્વામીશ્રીને ધર્યો. પણ સ્વામીશ્રીએ તે ઠાકોરજીને ધર્યો. ત્યારબાદ સૌને વહેંચ્યો. ત્યાં જ આસપાસનાં ખેતરમાં કામ કરતા મજૂરો એકત્રિત થઈ ગયા. તે વખતે, વાનગીને ચાવવા કરતાં વહેંચાવવામાં વધુ સ્વાદ માણનારા સ્વામીશ્રીએ તે દરેક શ્રમિકને પણ આ શીત-પ્રસાદી અપાવી. ત્યારે જિંદગીમાં પહેલી વાર આવો સ્વાદ ચખાડનારા સ્વામીશ્રીને એ મજૂરોની ભોળી આંખો તાકી જ રહી.

આમ, રાજકોટથી ડાંગરાના રસ્તે પ્રેમ અને પરોપકાર વરસાવતાં સ્વામીશ્રી યાગરાજ તીર્થમાં દર્શન બાદ સભા, ભોજન અને આરામ કરી જાયવા પહોંચ્યા. અત્રે સૌનું સ્વાગત સ્વીકારી રાત્રે પોણા દસ વાગ્યે ભાદરા પધાર્યા. અહીં ગાડામાં સોફો મૂકી તેઓની નગરયાત્રા કાઢવામાં આવી. આ સ્વાગત બાદ સભા ભરી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે નિદ્રાધીન થયા.

સ્મૃતિ-સલિલનાં તીરે તીરે

તા. ૧૧/૩ની સવારે 'દર્શન-જાત્રા કરવા જઈએ' કહેતાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને નીકળેલા સ્વામીશ્રી, બધે ફરતાં ફરતાં ઊંડ નદીના કિનારે વટવૃક્ષ નીચે, નદી તરફ ગાદી રખાવીને બિરાજ્યા. અહીં તેઓએ આ ગામની સ્મૃતિઓનાં સળ ખોલતાં વાત કરી કે –

''અમે સૌ પ્રથમ ભાદરાની જાત્રા કરવાનું નક્કી કરીને નીકળ્યા. હરિજીવનદાસ, ભક્તિજીવનદાસ અને નારણભાઈ ગાંધી ભેગા હતા. પણ પછી વિચાર કર્યો કે 'દ્વારકા દર્શન કરવાં.' એટલે સીધા જામનગર ગયા. ત્યાં રામજી લક્ષ્મણને ત્યાં રાત રોકાઈને પછી સવારે રેલ-રસ્તે દ્વારકા ગયા.

ગાડીમાંથી સીધા મંદિરે ગયા અને દ્વારકાધીશનાં દર્શન કર્યાં. પછી ગોમતી-સ્નાન કર્યું. ત્યાંથી ફરી વાર દર્શન કરવા ઉપર ગયા અને રાત રોકાવા ઈચ્છા કરી. પણ હરજીવનદાસને ફાવ્યું નહીં તે રાત્રે જ પાછા ફરવા તૈયાર થયા. પછી સમજાવ્યા કે 'આવ્યા છીએ તો દર્શન કરીને જ જઈએ.'

ધર્મશાળામાં ત્યાગીને અનુકૂળ નહીં હોવાથી સ્વામિનારાયણ મંદિરે ગયા. પણ ત્યાં ઉતારો ન થયો એટલે રાત્રે નાસ્તો હતો તે કરીને, સ્ટેશને જઈને ગાડીમાં રાતના બે વાગ્યે ઓખા પહોંચ્યા. ત્યાં સ્ટેશન સામે ધર્મશાળામાં ઉતારો કર્યો. સવારે પૂજા-પાઠ કરી બેટમાં દર્શન કરવા વહાણમાં બેસી ગયા.

ત્યાં દર્શન કર્યાં અને પાછા આવ્યા. પછી રાતની ગાડી જતી હતી તેમાં બેસી જામનગર થઈ હડમતિયા સ્ટેશને ઊતર્યા અને સામે જોડિયા બંદર જતી ગાડીમાં બેઠા અને ભાદરા સ્ટેશને ઊતર્યા.

ત્યાંથી ગામ બે માઇલ દૂર હતું અને દોઢ-બે કલાકમાં ટ્રેન પાછી આવે. પછી ફરી કોઈ સાધન રાજકોટ જવાનું મળે નહીં. તેથી સ્ટેશન માસ્તરે કહ્યું કે 'તુરત દર્શન કરીને આવો તો ગાડી મળે, પણ મુશ્કેલ છે.' અમારે રાત રોકાવું ન હતું અને દર્શન કરવાં તે વાત નક્કી હતી. એટલે ગાડીમાંથી ઊતર્યા ને સાથેના ભક્તને દમ હતો એટલે તેમને સ્ટેશને જ બેસવા કહ્યું.

અમે દોડતાં દોડતાં સ્વામીના જન્મસ્થાને નાનું મંદિર છે ત્યાં આવ્યા. પણ તાળું માર્યું હતું એટલે ચાવી શોધી લાવવા એક છોકરાને વાત કરી. ત્યાં સુધી દોડતાં અહીં ઘાટે આવ્યા ને પહેરેલે કપડે નહાવા પડ્યા. ગાતરિયું કોરું રાખેલું. તે પહેરી, ભીનાં લૂગડાં લઈ, દોડતાં પાછા નીકળ્યા અને ગામમાં આવી જન્મસ્થાનનાં દર્શન કર્યાં. થોડી વાર બેઠા અને શાંતિ થઈ. ગામના ભાઈએ સ્વામીના મહિમાની વાતો કરી અને દ્વારકાની જાત્રાનું જાણે ફળ મળ્યું હોય તેવો આનંદ થયો અને થાક પણ ઊતરી ગયો.

પછી પાછા દોડતાં સ્ટેશને પહોંચ્યા ત્યાં તરત ગાડી આવી ગઈ. તેમાં બેસી હડમતિયાથી ગાડી બદલી રાજકોટ ગયા. ત્યાં કડિયા શેરીમાં નાના હરિમંદિરે વિજ્ઞાન સ્વામી, પુરુષોત્તમ ભગત વગેરે રહેતા. ત્રણ દિવસ સુકાયેલી પૂરીઓ ખાઈને જ વિતાવેલા અને આજે આખા દિવસના ભૂખ્યા હતા એટલે ખીચડી-કઢી બનાવીને ઠાકોરજી જમાડ્યા અને રાતની ગાડીમાં નીકળી ગોંડલ પહોંચ્યા. આ રીતે સ્વામીના જન્મસ્થાનનાં પહેલી વાર દર્શન થયેલાં.''

ત્રીસેક વર્ષ પહેલાંની આ સ્મૃતિમાં સૌ ગરકાવ થઈ ગયા. ત્યાં જ અન્ય એક સ્મૃતિપૃષ્ઠ ઉઘાડતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ભાદરામાં ઉત્તરાયણની ઝોળી માંગવા કહ્યું તો ગામના લોકો કહે, 'ઝોળી શું?' એટલે સમજાવ્યું કે, 'તમે અમારી સાથે આવો. અમે 'સચ્ચિદાનંદ હરે...' બોલીશું ને તમારે ઘરમાં જઈ માંગવાનું ને જે આપે તે લઈ લેવાનું.' તે પાંચ મણ ઝોળી થઈ હતી.''

આમ, નદીના સુરમ્ય તટ, વૃક્ષની શીતળ છાયા અને ગામડાના શાંત વાતાવરણની ત્રિવેણીએ સ્વામીશ્રીનાં સ્મૃતિ-સલિલ ખળકવાં માંડ્યાં. તેની પવિત્રતા પ્રયાગની પવિત્રતાથી લેશેય ઓછી નહોતી.

આ સ્મૃતિપ્રદેશની સહેલગાહમાં જ સ્વામીશ્રીએ સૌને રેવડી, ખારી

સીંગ, શેરડીનાં માદળિયાં વગેરેની પ્રસાદી આપીને પુરાતન સાથે પ્રત્યક્ષ સ્મૃતિઓનું ભાથું પણ બંધાવી દીધું. સૌ તે મમળાવી રહેલા ત્યાં જ ઊભા થતાં થતાં વધુ એક સ્મૃતિ પીરસતાં કહ્યું : 'આ ઘાટ ઉપર અમે પૂજા કરવા બેઠેલા. મારી પૂજામાં ભગતજી મહારાજની મૂર્તિ હતી તે શાસ્ત્રીજી મહારાજે મને એમની છાતીએ - માથે અડાડીને પૂજા માટે આપેલી. તે મૂર્તિ મેં નારાયણ ભગતને અહીં આપી હતી. મારી પાસે યોગીજી મહારાજે આપેલી પૂજાની ભગતજી મહારાજની મૂર્તિ હતી.'

આમ, અલૌકિક સ્મૃતિ-સત્ર ઊજવી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

હરિ મૂર્તિ વિના, અવર જાણે અંગાર

તા. ૧૧/૩ની સાંજે જોડિયાના 'સાગર-મહલ' બંગલે ગોઠવાયેલી સ્વામીશ્રીની સ્વાગત-સભા સાથે નગરયાત્રાનું આયોજન પણ હોવાથી, સૌ હાથમાં હારતોરા લઈને ચાતક નજરે રાહ જોતાં ઊભા હતા. થોડી વારમાં જ તેઓની આતુરતાનો અંત આવ્યો.

સ્વામીશ્રીની ગાડી ગામના ગોંદરે આવીને ઊભી રહી. ઢોલ ઢબૂકી ઊઠ્યાં. પુષ્પો વરસવા લાગ્યાં. કંકુ-ચોખાના માંગલિક ઉપચારો ભરેલી થાળીઓ હાથમાં ઊંચકાઈ, પણ સ્વામીશ્રી ગાડીમાંથી ઊતર્યા નહીં. તેઓને આ સન્માન જાણે અત્યારે ખપતું ન હોય તેમ તેઓ અંદર જ બેસી રહ્યા. તે જોઈ સ્વાગતમાં ઊભેલા સૌ અવઢવમાં અટવાયા કે 'સ્વામીબાપા શાથી ચરણ નીચે નથી મૂકતાં?'

આગેવાનો ગાડીના દરવાજે આવી સ્વામીશ્રીને ઊતરવાની વિનંતી કરવા લાગ્યા. તેમ છતાં તેઓએ દરવાજો ખોલ્યો નહીં અને પગ નીચે મૂક્યા નહીં. કોઈને તેઓનું આ ચરિત્ર કળ્યામાં આવતું નહોતું.

પણ આ અગમ-અકળ લીલાનો ભેદ થોડી વારમાં જ ખૂલ્યો. સ્વામીશ્રીની ગાડીની પાછળ જ બીજી એક ગાડી આવીને ઊભી રહી. તેમાંથી ઝટપટ ઊતરેલા એક સંત હાથમાં હરિકૃષ્ણ મહારાજને લઈ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તે જોતાં જ સ્વામીશ્રી ગાડીનું બારણું ખોલી નીચે ઊતર્યા. ઠાકોરજી લઈને આવનારા એ સંત સરતચૂકથી પાછળની ગાડીમાં બેસી ગયેલા. તેથી હરિકૃષ્ણ મહારાજની રાહ જોતાં સ્વામીશ્રી પોતાની ગાડીમાં બેસી રહેલા!

'*...હરિમૂર્તિ વિના, અવર જાણે અંગાર...*'ની જેમ જીવતા તેઓએ

ઠાકોરજી વિના પુષ્પની એક પાંખડી પણ પોતા પર પડવા દીધી નહોતી! દુનિયા આખીની નજર સ્વામીશ્રી તરફ હોય ત્યારે પણ તેઓની નજર તો ભગવાન તરફ જ રહેતી. સકળ સૃષ્ટિ તેઓની રાહ જોઈ રહી હોય ત્યારે પણ સ્વામીશ્રી તો ઠાકોરજીની જ પ્રતીક્ષામાં રહેતા. તેઓની આ પરાભક્તિએ આજે ભક્તોના ભાવમાં ભરતી ચઢાવી દેતાં ઢોલનો નાદ વધુ તીવ્ર થયો. પુષ્પો વધુ વેગથી ઊછળ્યાં. જયઘોષની બુલંદીએ તો આકાશને તાળી દઈ દીધી.

ઝાઝે હેતે જનને જમાડે રે

છેલ્લા કેટલાય સમયથી ગુજરાતને પીંખી રહેલા દુષ્કાળના દુઃખને ફેડવા માટે સ્વામીશ્રી મથી રહેલા. તેમાં એક વધુ કદમ ઉપાડતાં તેઓએ તા. ૧૨/૩ની બપોરથી ભાદરામાં અન્નક્ષેત્રનો આરંભ કરી દીધો. તેના પ્રથમ દિવસે લાડુ, દાળ, ભાત, શાક અને ગાંઠિયાનું જમણ સ્વામીશ્રીએ સ્વહસ્તે અસરગ્રસ્તોને પીરસ્યું ત્યારે રૂઠેલી કુદરત પણ આર્દ્ર બની ગઈ. વાદળ ન વરસ્યાં પણ સ્વામીશ્રીની કરુણા વરસવા માંડતાં સૌને ઘણી હાશ થઈ.

સદાવ્રતની સાથે સાથે તેઓએ આ સમયે બે સંતના એક એવાં દસ મંડળો તૈયાર કર્યાં અને દરેક સંતમંડળને ૧,૫૦૦ મણ અનાજ તથા ઘાસના પૂળા એકત્રિત કરવાનું લક્ષ્ય આપ્યું. આ રીતે કાર્યરત થયેલાં સંતમંડળોનો તેઓ નિયમિત 'રીપોર્ટ' લેતા. તેમાં કો'ક 'લક્ષ્યાંકને પહોંચી નહીં વળાય' એવી નાદારી નોંધાવે તો તરત કહેતા: 'કેમ પૂરું ન થાય? ઝોળી માંગો. અનાજ ભેગું કરીશું તો સદાવ્રત ચાલશે. માટે ભગવાનને સંભારીને મંડી પડો.'

ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં યુરોપિયન લેખક સ્ટીફન ફ્યૂક્સે નોંધ્યું છે કે 'He engaged his sadhus in manual work - another of his revolutionary innovations. He opened kitchens and fed the hungry in times of famine.'[૪] – ભગવાન સ્વામિનારાયણે બીજું ક્રાંતિકારી પગલું ભર્યું : સાધુઓને શારીરિક શ્રમમાં જોડવાનું. તેઓએ દુષ્કાળના સમયે રસોડાં ખોલીને ભૂખ્યાને જમાડ્યા.

સંપ્રદાયનો આ ભવ્ય વારસો સ્વામીશ્રીએ પણ ખૂબીપૂર્વક જાળવેલો.

સાધુ હર પળ સમાજની સાથે જોઈએ. તેની હર પળ સમાજના માટે જોઈએ. સાધુ-સંતે આત્મ-કલ્યાણ સાધવાનું છે, પણ એ કલ્યાણનો સ્વાર્થ

---

૪. *The Rebellious prophets.*

પરમાર્થ છૂટી જાય તેવો સંકુચિત ન હોવો જોઈએ, તે સક્કો આવાં સદાવ્રતો દ્વારા સ્વામીશ્રીએ બેસાડી દીધો.

આ રીતે અન્નક્ષેત્ર ચાલતું કરીને જામનગર પધારેલા તેઓએ અહીં સાંજે ટાઉન હૉલમાં યોજાયેલી સ્વાગત-સભા તથા રાત્રે શંકર ટેકરી વિસ્તારમાં બંધાયેલા મંદિરે આયોજિત સત્સંગ-સભામાં લાભ આપ્યો. આ મંદિરમાં જ સ્વામીશ્રીએ તા. ૧૩/૩ની સવારે વેદોક્તવિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી.

આનંદની વાતો ઘણી છે

જામનગરથી બાણુગાર, મોવિયા થઈને સ્વામીશ્રી રાત્રે પોણા અગિયાર વાગ્યે ગોંડલ પધાર્યા. અહીં અક્ષર દેરીમાં સ્થિર થઈને તેઓ ક્યાંય સુધી દર્શન કરી રહ્યા. ત્યારબાદ સભામાં આવી કલાત્મક મયૂરાસન પર બિરાજેલા તેઓએ જણાવ્યું કે –

"ગોંડલનાં દર્શન અલૌકિક થયાં. તેની સ્મૃતિ મટે તેવી જ નથી. સ્થાન રમણીય છે તે ભુલાય તેમ નથી. આ તો ઘેર જ આવ્યા. તેમાં વિશેષ (સ્વાગત) શું કરવાનું હોય? યોગીજી મહારાજનો આદેશ હતો તો જ્યાં ગયા ત્યાં આગળ કામ કર્યું છે. તેમનું કાર્ય તેમણે જ કર્યું છે. પ્રસંગો બને ત્યારે લાગે કે યોગીજી મહારાજ છે જ. પરદેશ ગયા પણ કર્તા તો મહારાજ છે. આપણે કાંઈ વિશેષ કરી નથી આવ્યા. દેશ-પરદેશ જઈ આવ્યા પણ મહારાજ અને સંત, બે જોવા જેવા છે. તે આપણી પાસે છે. આનંદની વાતો ઘણી છે.

મહારાજ વખતે બે દુષ્કાળ, શાસ્ત્રીજી મહારાજ વખતે એક દુષ્કાળ પડ્યા છે. કાળ કાળનું કામ કરે છે. આપણે આપણું કામ કરવું છે. 'ભગવાને આમ કેમ કર્યું?' તેમ ન માનવું. બુદ્ધિવાદમાં એવું થઈ જાય. પણ ભગવાન કરતા હશે તે સારું કરે છે તેમ આપણે માનવું. દેવકીનાં આંસુ છેક સુધી સુકાયાં નહીં. દુઃખ હોય પણ નિષ્ઠા, ધીરજ રાખી સુખિયા રહેવું."

આમ, એકધારો અમૃતમેઘ વરસાવી સ્વામીશ્રી ઉતારામાં પધાર્યા ત્યારે અહીં તેઓ માટે નવો નિવાસકક્ષ બનાવેલો. પણ 'ઠાકોરજીનો પ્રસાદીનો કરીને પછી સૂવાય' કહેતાં સ્વામીશ્રીએ પ્રથમ દિવસે તેમાં ઠાકોરજીને પોઢાડ્યા અને પોતે તો સંતોના ઓરડામાં જ સૂતા.

*'શય્યા લાગે શૂળી સરખી, જો ભાળે નહિ ભગવાન'*ની રીત મુજબ

સ્વામીશ્રી જીવતા. તેથી ખાટ-પાટથી લઈને ખાન-પાન સુધીનું સઘળું પહેલાં ઠાકોરજીને નિવેદિત કરતા; પછી જ પોતે ઉપયોગમાં લેતા.

ફોટો સેશનનું 'લેશન'

તા. ૧૪/૩ની સવારે સ્થાનિક યુવક મંડળ, ગુરુકુળ અને હાઈસ્કૂલના બાળકો-યુવકો દ્વારા સ્વામીશ્રીનો સન્માન સમારંભ યોજાયેલો. પરંતુ વિવિધ પ્રકારના કુલ ૧૮ કાર્યક્રમોથી ભરચક આ સભાનો પૂર્વાર્ધ પૂર્ણ થતાં પણ બપોરના બાર વાગી ગયા. તેથી છેલ્લે ગોઠવેલા 'ફોટો સેશન' માટે સ્વામીશ્રીને તડકામાં બિરાજમાન થવું પડ્યું. તેમાં વળી કેમેરાની ચાંપ દબાવતી વખતે જ છબીકારને 'રોલ' ખાલી થઈ ગયાનું ભાન થયું. તેથી નવો 'રોલ' લેવા માટે ગુરુકુળના પ્રાંગણથી મંદિર સુધી એક યુવકને દોડાવવામાં આવ્યો. તેને કારણે વધુ દસેક મિનિટ સુધી સ્વામીશ્રીને તીખો તડકો વેઠતાં બેસી રહેવું પડ્યું. પણ બાળકો-યુવકોના લાભાર્થે આ તપશ્ચર્યા તેઓએ પ્રેમથી કરી. આયોજનની ઊણપ અંગે કોઈ ટીકા-ટકોર કર્યાં નહીં.

થોડી વારમાં બધું બરાબર ગોઠવાઈ જતાં કેમેરાની ચાંપો ખટાખટ દબાવા માંડી. સ્વામીશ્રીની સ્મૃતિ કચકડે મઢાઈ ગઈ.

પણ આ 'ફોટો સેશન'ના આધારે 'લેશન' આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'ફોટાનો કેવો મહિમા! તેને માટે તડકો સહન થાય - તપ થાય છે; તેમ ભગવાનના ભજનમાં પણ તપ કરવું પડે.'

સૌને આ બોધ આપી સ્વામીશ્રી મંદિર તરફ જવા નીકળ્યા ત્યારે આયોજક વિવેક દાખવતાં બોલ્યા: 'બાપા! આપને ખૂબ ભીડો આપ્યો છે...'

'તો હવે કાકડી આપો,' એમ આનંદ કરાવતાં સ્વામીશ્રી વિદાય થયા ત્યારે તેઓની આ ગમ્મતથી ઊડેલો હાસ્યનો ફુવારો સૌને ભીંજવી ગયો.

ત્રિકાળનું જતન

ગોંડલના રોકાણ દરમ્યાન તા. ૧૬/૩ની સાંજે ટાઉન હૉલમાં નગરજનોનો સત્કાર ઝીલી, સ્વામીશ્રીએ તા. ૧૭/૩ની રાત્રે એક અદ્‌ભુત આયોજનને આકાર આપવાની ગતિવિધિ આરંભી દીધી.

છ વર્ષ પછી આવી રહેલી ભગવાન સ્વામિનારાયણની દ્વિશતાબ્દીના વર્ષે ઇષ્ટદેવને અભૂતપૂર્વ અંજલિ આપવાની નેમ તેઓના મનમાં હતી. તેથી

આજે તેઓએ સવા અગિયારથી સાડા બાર વાગ્યા સુધી આ મહોત્સવ સંબંધી વિચારણા વડીલ સંતો સાથે કરી. કાર્યને સમયસર આરંભી દેવામાં તો આમેય તેઓ એક્કા હતા.

સાથે સાથે કાર્યને કાયમી કરવાની પણ તેઓ પાસે અનેરી અને સોનેરી સૂઝ. તેથી તા. ૧૮/૩ની સવારે મંદિરનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ મંદિર-નિર્માણ વખતે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જે ઓરડાઓમાં ઊતરતા, તેને એ જ અવસ્થામાં રહે તેમ મરામત કરવાની સૂચના આપી તથા આ ઓરડા પાસે ઊભેલા તત્કાલીન વડના ઓટાને પણ સારો બનાવવાની આજ્ઞા કરી.

ઐતિહાસિક સ્થાનો-ચીજો અસ્મિતાનાં જનક હોય છે. જેમ દેશના દુર્ગની જર્જરિત દીવાલો પણ સદીઓ સુધી દેશવાસીઓમાં દેશભક્તિની જ્વાળા ભડકતી રાખે છે; પુરાતન શાસ્ત્રની જીર્ણ-શીર્ણ હસ્તપ્રતનો સ્પર્શ પણ પૌરાણિક કાળ સુધી ઢસડી જઈને અનેરા રોમાંચનો અનુભવ કરાવે છે; યમુના કે સરયૂનાં જળ કૃષ્ણયુગ કે રામયુગ લગી તાણી જાય છે; તેમ સંપ્રદાયનાં સ્થાનો સંપ્રદાયની અસ્મિતા જગાવે છે. તેથી આવાં સ્થાનો તેના અસલ સ્વરૂપમાં જળવાય તેનો ખટકો સ્વામીશ્રીને ખૂબ રહેતો.

પુરાતનની આવી સાચવણીની સાથે નૂતનને અવતારવામાં પણ તેઓ પાછા પડતા નહીં. તેથી વધતા સત્સંગ અને સરકતા સમય સાથે સ્વામીશ્રી મંદિરોની સુવિધાઓ વિસ્તારતા રહેતા. તે હેતુસર જ તા. ૧૯/૩ની સવારે તેઓએ યાત્રિકો માટેની નવી ભોજનશાળાનો શિલાન્યાસ કર્યો.

આમ, ભૂતકાળ અને ભવિષ્યકાળનું વિચારતા સ્વામીશ્રી વર્તમાનને તો શીદ વીસરે? તેથી આ જ દિવસની સાંજે તેઓ નગરના વહેરી તળાવની જગ્યાએ પધાર્યા. અહીં સરકારની પરવાનગીથી દસ એકર જગ્યામાં ઢોરચારા તરીકે જારની વાવણી મંદિર તરફથી કરવામાં આવેલી. દુષ્કાળની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને લેવાયેલા આ પગલાંથી સ્વામીશ્રીને સંતોષ થયો.

આ રીતે તેઓની સહજ દૈનિક ક્રિયાઓ દ્વારા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણેય કાળનું એકસાથે જતન-સંવર્ધન થતું રહેતું.

તાળી વગાડતાં અક્ષરધામમાં જઈશું

વહેરી તળાવેથી રાત્રે આઠ વાગ્યે મંદિરે પધારેલા સ્વામીશ્રી અક્ષર

દેરીની પ્રદક્ષિણા ફરી સભામાં બિરાજ્યા. અહીં વંચાતા 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથ પર વચ્ચેથી જ વાત ઉપાડતાં તેઓએ જણાવ્યું કે –

'સત્પુરુષ આપણો આત્મા છે તે મનાવું જઈએ. એને ને ભગવાનને સંબંધ છે. તેથી એના પ્રસંગે આપણને ભગવાનનાં દર્શન થાય છે. આપણે અહં-મમત્વમાં રહી જઈએ છીએ. પણ ભગવાન ભજવા સિવાય બીજું મમત્વ ન હોવું જોઈએ. 'આ કામ કરો' એમ કહે તો તે કરવું. 'ના, આ જ કરીશ' એમ નહીં. ભગવાનને રાજી કરવાનું મમત્વ રાખવું. બાકી તો ભગવાનની ઈચ્છા પર રાખવું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા સત્પુરુષ મળ્યા છે તો કાંઈ ખામી રહેવા દેશે નહીં. તાળી વગાડતાં અક્ષરધામમાં જઈશું, છાના નહીં.'

પ્રાપ્તિની આ ખુમારી ચડાવી સ્વામીશ્રીએ સૌને આરામમાં મોકલ્યા.

પણ પ્રાપ્તિના આ કેફને વશ થઈ એક હરિભક્ત બીજા દિવસની સવારે સ્વામીશ્રીની મોટી રંગીન મૂર્તિ લઈને પૂજારી સંત પાસે જઈ પહોંચ્યા અને તેને પ્રાસાદિક કરી આપવા ઘનશ્યામ મહારાજના ખંડમાં મુકાવી. નિયત ક્રમાનુસાર જ્યારે સ્વામીશ્રી અહીં દર્શનાર્થે પધાર્યા ત્યારે આ છબી જોઈ તેઓનો સ્વર તેજ-તીખો થયો અને પોતાની તે મૂર્તિ ઉપડાવ્યે રહ્યા. પૂજારીને પણ સખત નિષેધ ફરમાવતાં કહ્યું : 'અહીં સિંહાસનમાં પધરાવેલી મૂર્તિ સાથે બીજા કોઈ(એટલે કે પોતાના) ફોટા મૂકવા નહીં.'

આમ, પ્રસિદ્ધિની ભૂખથી સદા મુક્ત રહીને વિચરતા સ્વામીશ્રીના આજના દિવસનો ઉત્તરાર્ધ ગુરુકુળ માટે આરક્ષિત હતો. આજે સાંજે અહીં ખંડ-સજાવટની તેમ જ શાસ્ત્રોનાં શ્લોકો-સુવાક્યોના મુખપાઠની સ્પર્ધા યોજાયેલી. તેથી દરેક વિદ્યાર્થીએ પોતાના નિવાસકક્ષને સુંદર રીતે સજાવ્યા હતા. સ્વામીશ્રી એ એકેએક ઓરડામાં પધાર્યા અને છાત્રોની સુશોભન કળાને નિહાળી. મંદિર તરફ વિદાય થતાં પૂર્વે છાત્રોની ભોજનશાળામાં પણ જઈ પહોંચ્યા અને સર્વે વિદ્યાર્થીઓને સ્વહસ્તે પૂરીઓ પીરસીને પૂર્ણાનંદ પમાડ્યો.

અમે પણ જંગલમાં છીએ

તા. ૨૧/૩નો દિવસ ગોંડલના મુકામનો છેલ્લો દિવસ હોવાથી પ્રાતઃપૂજા બાદ વિદાયનું ભાથું બંધાવતાં સ્વામીશ્રીએ કથામૃત પીરસ્યું કે –

'ભગવાને નિર્માણ કર્યું હોય તેમ થાય છે. જેને યશ મળવાનો હોય તેને મળે.

માટે પૂરમાં તણાવું નહીં. શાંતિ રાખવી. ભૂખ ટાળવા ભોજન જોઈએ, તેમ આત્મા માટે કથા જોઈએ.'

સૌના આત્માની આટલી માવજત લઈ સ્વામીશ્રી મંદિરના ખેતરમાં આવેલા કૂવા પાસેના મકાન આગળ પધાર્યા. તેઓ અહીં આજથી દુષ્કાળ-પીડિતો માટે બીજું અન્નક્ષેત્ર શરૂ કરી રહેલા. તેના પ્રાસંગિક સમારંભ બાદ સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં અસરગ્રસ્તોને કંસાર પીરસી સ્વામીશ્રીએ કૈંકની ભૂખ ભાંગી.

આમ, આત્માની સાથે દેહની પણ યથાયોગ્ય સંભાવના કરી જાણનારા તેઓ ગોંડલથી વીરપુર, જેતપુર, સુખપુર થઈને જૂનાગઢના જંગલમાં આવેલા હસનાપુર બંધની જગ્યામાં જઈ પહોંચ્યા. અહીં રાજ્ય અનામત સુરક્ષા-દળ(SRP)ની છાવણી નંખાયેલી. તેમાં આવેલા ૧૧૦ કૅડેટના સત્સંગી સૂત્રધાર ધોકલસિંહે જ સૌને આશીર્વાદ મળે તે હેતુથી સ્વામીશ્રીને બોલાવેલા.

સ્વામીશ્રી પધારતાં જ સૌએ સલામી આપી. ત્યારબાદ તેઓને એક તંબૂમાં પાટ પર પધરાવ્યા. સામે સુરક્ષાકર્મીઓ ગોઠવાઈ ગયા.

આ સમયે સત્સંગી સંચાલકે સ્વાગતની ઔપચારિકતા દર્શાવતાં કહ્યું : 'બાપા ! આપને તકલીફ આપી છે. ધૂળ ઊડી છે. પણ અમે જંગલમાં છીએ...'

'અમે પણ જંગલમાં છીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સેનાની અને સ્વામીશ્રીના આ શબ્દો એકસમાન હતા; પણ સેનાની વનની સ્થિતિના સંદર્ભમાં બોલેલા, જ્યારે સ્વામીશ્રી મનની સ્થિતિના પરિપ્રેક્ષ્યમાં બોલ્યા !

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ તો પણ અમારે જેવું વનમાં રહીએ ને નિર્બંધ રહેવાય તેવું જ રહેવાય છે.'[૫] તેમ સ્વામીશ્રી પણ સત્સંગ અને સમાજની અનેક પ્રવૃત્તિઓમાં રસબસ રહેવા છતાં મનથી તદ્દન નિર્લેપ રહેતા.

આ અનાસક્તભાવથી હારતોરાનું સ્વાગત સ્વીકાર્યા બાદ તેઓએ સૈનિકોને આશીર્વાદ આપ્યા કે – ''हिन्दी में बोल नहीं सकते है लेकिन तूटी-फूटी में बात करेंगे। आपको ऑर्डर मिलता है तो विचार नहीं करना पडता; खाना न मिले तो भी, रात को सोने का भी न मिले तो भी काम करते

---

૫. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧.

हो। उसी तरह भगवान का हमको ऑर्डर है, 'जहाँ मुमुक्षु है वहाँ पहुँच जाना।' हमको तकलीफ है ही नहीं। जहाँ भक्ति नहीं होती तो तकलीफ है।''

સ્વામીશ્રીની આ ભાષા કરતાંય વિશેષ તો તેઓના ભાવથી સૌ સૈનિકો ભીંજાયા. તેથી તેઓએ ક્રમશઃ સ્વામીશ્રી પાસે આવીને કંઠી ધારણ કરી. એટલું જ નહીં, સ્વામીશ્રીએ તોળેલા દુષ્કાળ-રાહતના ગોવર્ધનમાં પોતાનો ટેકો અડાડતાં સૌ સૈનિકોએ ભેગા મળીને આર્થિક સેવા પણ નોંધાવી.

ક્યારે પૂછી પંથ પ્રવીણ થાય

હસનાપુર બંધથી જૂનાગઢ પધારેલા સ્વામીશ્રી, તા. ૨૨/૩ની સવારે ગુણાતીતાનંદ સ્વામીના પ્રાસાદિક મંદિરે દર્શન માટે ગયા, ત્યારે ત્યાં શ્રીકૃષ્ણ-વલ્લભાચાર્ય સાથે તેઓનો મેળાપ થયો. આ પ્રકાંડ પંડિત સાથે સંપ્રદાયની વાતો વાગોળી ૨૫ પધરામણીઓ કરતાં સ્વામીશ્રીએ લોહાણા મહાજન વાડીમાં ઠાકોરજી જમાડ્યા. અહીંથી સાંજે મંદિરમાં યોજાયેલી સ્વાગત-સભામાં સૌનું સન્માન સ્વીકારી તેઓ રાત્રે સવા બે વાગ્યે ધારી પધાર્યા.

આ સમયે પણ દર્શનાતુર ભક્તો શ્રદ્ધાથી બેઠેલા. તેઓને પ્રાસંગિક કથા-વાર્તાનો લાભ આપી સ્વામીશ્રીએ આનંદ કરાવ્યો અને રાત્રે અઢી વાગ્યે પોઢ્યા, છતાં બીજે દિવસે સમયસર પરવારી તેઓએ ધારીમાં ૨૬ પધરામણીઓ કરી.

ત્યારબાદ ચલાલાના કન્યા વિદ્યાલયના મેદાનમાં યોજાયેલી સભામાં આશીર્વાદ આપી, અમરેલી અને મોટા લીલિયા થઈને લાઠી જવા નીકળ્યા.

આ વખતે અંધારું ઘણું થઈ ગયેલું. તેથી ચાલક રસ્તો ચૂક્યો અને સૌ કૃષ્ણગઢ ગામે પહોંચી ગયા. અહીં સ્વામીશ્રીએ એક વૃદ્ધને રસ્તો પૂછ્યો ત્યારે તે તો 'ઓહોહો! ભગવાન આવ્યા, રહી જાઓ' કહેતાં આ જ ગામમાં રાતવાસો રહેવા સ્વામીશ્રીને આગ્રહ કરવા લાગ્યા. તેઓને માંડ માંડ સમજાવ્યા ત્યારે એ લાઠીના રસ્તા સુધી મૂકવા આવ્યા. અહીંથી આગળ વધતાં સ્વામીશ્રીએ એ વૃદ્ધ વ્યક્તિને – 'રસ્તે ચડાવ્યા તે મોટી સેવા કરી છે' કહી પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપ્યા.

આમ, *'કોઈ સમે અદ્‌ભુતતા જણાવે, કોઈ સમે માનવભાવ લાવે;*
*સર્વજ્ઞતા કોઈ સમે જણાય, ક્યારે પૂછી પંથ પ્રવીણ થાય...'*ની

રીત દર્શાવતાં સ્વામીશ્રી લાઠી પહોંચ્યા. અહીં એક ગુણભાવીએ કૃષ્ણાર્પણ

કરેલી મંદિરની ભૂમિ પર પુષ્પો પધરાવી, રાત્રે સાડા અગિયાર વાગ્યે દામનગર પહોંચી તેઓએ ઠાકોરજી જમાડ્યા.

અમારે એકાદશી કાયમ સુફળ થાય છે

દામનગરમાં દિવસ ઊગ્યો તે એકાદશીનો હોવાથી સ્વામીશ્રીને તો *'આજ એકાદશી હરખ અતિ'*ની અનુભૂતિ થઈ રહી હોય તેમ, સવારે મંદિરમાં અને ત્યારબાદ ગુજરાતી શાળાના પ્રાંગણમાં સભાઓનો લાભ આપી ગામમાં ૪૩ પધરામણીઓ કરી દીધી. મનુષ્યના કલ્યાણ માટે આટલો પરિશ્રમ લેનારા તેઓએ ઢોર-ઢાંખરની સુખાકારી માટે પણ ગામની દુષ્કાળ રાહત સમિતિને આર્થિક અનુદાન આપી વિદાય લીધી.

*'પર દુઃખ દેખી નવ શકે, એવા છે જો દીનદયાળ'*ની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રી, સ્વયં ભીંસમાં હોય તોય બીજાનું ભલું કરી જાણતા. તેઓએ આ અરસામાં સંસ્થા સંચાલિત અન્નક્ષેત્રોના નિભાવ માટે સંતોને ગામડે-ગામડે ઝોળી ઉઘરાવવા મોકલેલા. સ્વયં પણ તે માટે વિચરેલા. છતાં આજે બીજાને સહાય આપવામાં તેઓનો હાથ પાછો પડ્યો નહીં.

આ રીતે દામનગરથી સ્વામીશ્રી નાની વાવડી પહોંચ્યા ત્યારે બપોરના અઢી વાગ્યાનો સૂર્ય તપી રહેલો. આ સમયે ગામવાસીઓએ તેઓને સુશોભિત ટ્રેલરમાં વિરાજિત કરી નગરયાત્રાનો પ્રારંભ કર્યો. આ યાત્રા આખા ગામમાં ઘૂમી રાણીવાસમાં લીધેલી મંદિરની જગ્યાએ વિરમી અને ભરબપોરે ત્રણ વાગ્યે સભાનો પ્રારંભ થયો! લગભગ સવા ચાર વાગ્યે આ સભા સમાપ્ત થતાં જ 'વાવડી'માં પધરામણીની ધારા ફૂટી નીકળી. તેમાં વહેતા સ્વામીશ્રીએ ૨૯ પધરામણીઓ કરીને વિદાય લીધી. રસ્તામાં ગારિયાધારના ભક્તોને દર્શન આપતાં તેઓ ટીંબીના પાદરે આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રીએ ધનેશ્વર મહાદેવના સ્થાનમાં ભાવપૂર્વક દર્શન કરી, બાજુમાં આવેલી ડંકીએ હાથ-પગ ધોયા. તેનું શીતળ જળ જોઈ તેઓ સાહજિક બોલ્યા: 'નહાવા જેવું ઠંડું પાણી છે.' તેઓની આ રુચિ જોઈ સંતોએ વસ્ત્રની વ્યવસ્થા કરી દેતાં ડંકી પાસે બિરાજી સ્વામીશ્રીએ સ્નાન કર્યું. ત્યારબાદ સભામાં પધાર્યા.

તેમાં તેઓએ વ્યસન છોડવાની વાત વહેતી મૂકી; પણ પાણીનો પાશ પથરાને ન લાગે તેમ સ્વામીશ્રીની વાણીના આ પ્રવાહથી કોરાધાકોર રહેલા

એક જણે તે વખતે જ બીડી સળગાવી! આ જોતાં ગમે તેવા ઠરેલ વક્તાનો પણ મિજાજ વણસ્યા વિના ન રહે. પણ સ્વામીશ્રીએ હળવાશથી 'અમે વ્યસન મૂકવાની વાતો કરીએ છીએ ત્યાં જ જો પેલાએ સળગાવી. અરે, ભ'ઈ! રાખો. સંયમ રાખવો ભગવાનના સ્થાનમાં. જો કે, કાયમ ત્યાગ કરવાનો છે...' એમ કહેતાં કથાપ્રવાહ ચાલુ જ રાખ્યો!

સભા બાદ રતનસિંહ બાપુના ઘેર પધરામણી વખતે પણ સ્વામીશ્રી એ યજમાનના હાથમાં જળ આપી બીડીનું વ્યસન છોડવા તેઓને પ્રતિજ્ઞાબદ્ધ કરવા લાગ્યા. પરંતુ, 'પાણી લઉં ને ન પળાય તો મારું સત્યાનાશ જાય. આ તો સાક્ષાત્ ભગવાન કહેવાય.' એમ કહેતાં આ મુરબ્બી પાણીમાં બેસી જતા'તા. છેવટે તેઓની મંદ શ્રદ્ધા જોઈ સ્વામીશ્રી ધીરે ધીરે વ્યસન છોડી દેવાની આજ્ઞા કરી વિદાય લેવા ઊભા થયા, ત્યાં જ બાપુએ વિનંતી કરી: 'બાપા! આપ નાળિયેરનું પાણી પીતાં જાઓ.'

પણ આ વાત તો આજે નિર્જળા ઉપવાસ હોવાથી બને એમ નહોતી. તોય આ બાપુએ જીભ કચરતાં કહ્યું: 'જો આપ નાળિયેરનું પાણી નહીં પીઓ તો હું પાણી નહીં પીઉં.'

જ્ઞાતિગત વિશેષતાથી તેઓએ આજે સ્વામીશ્રીને બાંધવા પ્રયત્ન કર્યો. તેઓની સાથે અન્ય સૌ પણ જળપાનના આગ્રહ સાથે મંડ્યા. ત્યારે સ્વામીશ્રીએ નાળિયેરનું પાણી તો ન જ લીધું, પણ સાદા પાણીનો એક ઘૂંટડો પીતાં બોલ્યા: 'બાપુ! આપે અમારું વચન રાખ્યું તો અમારે તમારું વચન રાખવું પડે.'

સ્વામીશ્રીની આ સુજનતાએ બીજા દિવસે રતનસિંહ બાપુના અંતરને વલોવી નાંખ્યું. તેઓને ખૂબ લાગી આવ્યું કે 'સ્વામીશ્રીએ મને રાજી કરવા સાદું જળ લીધું અને મેં વ્યસન ન છોડ્યું?' તેઓએ તે જ ઘડીએ બીડીનો કાયમ માટે ઘા કરી દીધો. તે જોઈ તેઓના એક મિત્રે દારૂ અને બીજા સાગરીતે માંસાહાર છોડ્યો.

આમ, પોતાના પગલે પગલે કૈંકની કાયાપલટ કરતાં સ્વામીશ્રી ટીંબીથી ઢસા પધાર્યા.

અહીં શ્રદ્ધાળુ ભક્તો પોણા ત્રણ કલાકથી રાહ જોતાં બેસી રહેલા. જો કે તેઓની શ્રદ્ધા મણિતુલ્ય હતી, તો સ્વામીશ્રીની શ્રદ્ધા આજે મેરુતુલ્ય બનેલી! એકાદશીના આ ઉપવાસમાં તેઓ બે નગરયાત્રાઓ, ત્રણ ગામો,

ચાર સભાઓ અને ૭૫ પધરામણીઓ કરી રાત્રે પોણા દસ વાગ્યે ઢસા પધારી રહેલા અને અહીં સભા તથા પધરામણીઓ કરી હજી તેઓને ગઢડા પહોંચવાનું હતું! જે દિવસે કાર્યક્રમ હળવો હોવો જોઈએ તે દિવસે સ્વામીશ્રીનો કાર્યક્રમ વધુ ભરચક રહેતો. તેથી આજે ઢસાની સભામાં તેઓ બોલ્યા: 'જ્યારે એકાદશી આવે ત્યારે અમારે તે કાયમ સુફળ થાય છે. મહારાજની દયા ને ભક્તોનો પ્રેમ જાગે, એટલે સ્વાદ લઈ લઈએ...'

નિર્જળા ઉપવાસમાં ભીડાનો ભરપૂર સ્વાદ માણતા સ્વામીશ્રીએ ઢસામાં કેટલીક પધરામણીઓ કરીને રાત્રે અગિયાર વાગ્યે દુર્ગપુરમાં પ્રવેશ કર્યો ત્યારે અહીં પણ ઘણા ભક્તો એકત્રિત થઈ ગયેલા. તે સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે શયનાધીન થયા ત્યારે આજની એકાદશીને કમ્મરતોડ માર પડી ચૂકેલો.

મને આમાં શ્રીજીમહારાજનાં દર્શન થયેલાં

તા. ૨૫/૩ની સવારે બારશનાં પારણાં કરી ગઢપુરનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરવા નીકળેલા સ્વામીશ્રીએ અક્ષર ઓરડીનો એક ખૂણો ચીંધતાં કહ્યું: 'ત્યાં નેવાં નીચે ગુણાતીતાનંદ સ્વામી રાત્રે બાર વાગ્યે દર્શન માટે ઊભા રહેલા.' જાણે પોતે તે વખતે હાજર હોય તેમ સ્વામીશ્રી બોલી ગયા! સાથે મર્મ પણ સમજાવ્યો કે 'તેઓ(ગુણાતીતાનંદ સ્વામી) અખંડ મૂર્તિ દેખતા છતાં દર્શન માટે કેવી લગની! આપણે તો દર્શન થતાં હોય તોય લાંબા થઈ સૂઈ જઈએ.' આટલું કહી ગંગાજળિયા કૂવાનાં દર્શને પધાર્યા. અહીં બોલ્યા: 'મને આમાં શ્રીજીમહારાજનાં દર્શન થયેલાં.'

જેઓને ભગવાનનું અખંડ દર્શન હતું એવા સ્વામીશ્રીનું આ વિધાન સૌ માટે સ્મૃતિદાયક બની રહ્યું.

તેઓનો સત્કાર કરવા આજની સાંજે મંદિરના સભામંડપમાં જ સ્વાગત-સભા યોજાયેલી. પરંતુ ગઈકાલે ઉપવાસ અને ભરતાપમાં વેઠેલા પરિશ્રમને કારણે સ્વામીશ્રીના શરીરમાં તાવ આવેલો. છતાં તેઓ સવા ચાર વાગ્યે સમયસર સભામાં આવી પહોંચ્યા. લગભગ ત્રણ કલાક સુધી ચાલેલા આ સમારોહમાં અંતે આશીર્વાદ પાઠવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ગઢડાને તો ભગવાન સ્વામિનારાયણે ઘર માનેલું છે. અમારે પણ ઘર જ છે.'

આટલું કહી તેઓએ સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને વાત કરી કે

'દુષ્કાળની પરિસ્થિતિ વિકટ છે. દુઃખ, ત્રાસ થાય એવું છે. જેની જેવી શક્તિ હોય તેનાથી ફરજ બજાવવી.'

દુકાળના ભરડામાં પીસાતાં પશુ અને પ્રજાને જોઈ પારાવાર દુઃખ અનુભવતા સ્વામીશ્રીએ સન્માન-સભામાં પણ યથાશક્તિ રાહતકાર્ય કરવાની હાકલ મારી દીધી. તેઓને સન્માનમાં નહીં, સેવામાં રસ હતો. તેથી જ તેઓએ અહીં ગઢડામાં પણ ત્રીજા અન્નક્ષેત્રનો આરંભ કરી દીધો.

તજી જેણે તનડાની આશ જી

સ્વાગત-સભા બાદ મંદિરમાં આરતી ઉતારીને નીચે પધારેલા સ્વામીશ્રી મંદિરના ભંડકિયાના દરવાજે ઓટા પર બિરાજ્યા. અહીં એક હરિભક્ત પોતાને ચડેલો તાવ ઊતરી જાય તેવા આશીર્વાદ લેવા આવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'મારો તાવ તમને આવ્યો કે શું?' પછી ઘટસ્ફોટ કરતાં કહ્યું: 'સવારથી મને તાવ જેવું લાગતું હતું. બપોરે સાડા ત્રણ વાગ્યે જાગી ગયો, પણ શરીર ગરમ લાગતું હતું. તેથી પાછો સૂઈ ગયો. પણ સભા થવાની હતી એટલે ઊઠી ગયો.' તેઓ આમ બોલ્યા ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે બીમારી સવારથી જ સ્વામીશ્રીને રગડી રહેલી છે, છતાં તેઓ તેને તાબે થયા વિના કાર્ય કરી રહેલા.

'દુઃખી દેખી આ દેહને, રહે રાજી તે મનજી;
*અનરથનું આગાર છે, એમ જાણી ન કરે જતનજી...'*ની શૈલી સ્વામીશ્રીને સહજ હતી. તેઓ અત્યારે બીમારીનું બયાન કરી રહેલા તે સમયે પણ તેઓના શરીરનું તાપમાન તો ઠર્યું જ નહોતું.

તેથી તેઓ અહીંથી ઉતારામાં પધાર્યા ત્યારે સૌને હતું કે 'સ્વામીશ્રી હવે ભોજન લઈને આરામ કરશે.' પરંતુ તેઓ તો ઠાકોરજી જમાડ્યા બાદ વલ્લભીપુર અને નાના ઝીંઝુડાના યુવક મંડળની સભામાં રાત્રે સાડા દસ વાગ્યા સુધી બિરાજ્યા!

આ સભા પૂર્ણ થયા પછી કોઈ કાર્યક્રમ ન હોવાથી હવે તો દરેકને ખાતરી જ હતી કે 'સ્વામીશ્રી પોઢી જશે, કારણ કે સવારથી તેઓ તાવમાં કણસી રહ્યા છે.' પરંતુ સૌની આ ગણતરી ઊંધી વળી ગઈ અને સ્વામીશ્રી તો રાત્રે છેક સવા વાગ્યા સુધી કાર્યરત રહ્યા! તે વખતે સૌનાં હૈયાં પોકારી ઊઠ્યાં: *'ધન્ય ધન્ય એ ત્યાગ-વૈરાગ્યને, તજી જેણે તનડાની આશ જી...'*

લાખ રૂપિયાની સેવા કરી

તા. ૨૬/૩ની સવારે મંદિરમાં આરતી ઉતારી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં બે નવયુવાનોને પાર્ષદી દીક્ષા આપી. તે સમયે પાસે બેઠેલા આ યુવાનોના પિતાને તેઓએ કહ્યું: 'તમે લાખ રૂપિયાની સેવા કરી ગણાય.'

આ રાજીપો વરસાવી સ્વામીશ્રી અલ્પાહાર કરીને સભામંડપમાં પારાયણ માટે પધાર્યા. આજનું પારાયણ તેઓ સ્વયં વાંચવાના હોવાથી યજમાનોએ વિધિસર સ્વામીશ્રીનું પૂજન કર્યું. ત્યારબાદ કોઠારી સ્વામી પાસે રહેતી વચનામૃતની નાના કદની આવૃત્તિમાંથી ગઢડા મધ્ય પ્રકરણના ૩૫મા વચનામૃતના આધારે સ્વામીશ્રીએ કથા શરૂ કરી અને શરીરમાં કસર હોવા છતાં સવા કલાક સુધી કથામૃત પીરસતા રહ્યા.

પારાયણ પૂરું થયું એટલે સ્વામીશ્રી પાસે વચનામૃત લેવા ગયેલા કોઠારી સ્વામીએ કહ્યું: 'બાપા ! આમાં આશીર્વાદ લખી આપશો ?'

તેઓનો આ મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ કલમ ઉપાડી હસ્તાક્ષર લખવાના શરૂ કર્યા ત્યારે કોઠારી સ્વામીએ પ્રાર્થના કરી કે 'બાપા ! બધાં વચનામૃત સિદ્ધ થાય તેવી કૃપા કરજો.'

તે વખતે – 'તમારે તો સિદ્ધ જ છે' કહેતાં સ્વામીશ્રી ઊભા થઈને ઓરડામાં પધારી ગયા.

અત્રે લગભગ દોઢેક કલાક પત્રલેખન કર્યા બાદ તેઓ ભોજન કરી પુનઃ સભામંડપમાં બપોરની કથા માટે પધાર્યા ત્યારે કથાકારે વચનામૃત વાંચ્યું. તેની ઈતિશ્રી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'સવારે પારાયણની પૂર્ણાહુતિની આરતી કરી નહોતી. માટે પૂજન-આરતી કરો.' એમ કહી તેઓએ પારાયણના યજમાનો પાસે સર્વ વિધિ કરાવ્યો.

કોઈ પણ કાર્ય પદ્ધતિસર જ થવું જોઈએ – તેવું વલણ સ્વામીશ્રીનું હતું. તેથી આવી ઝીણી બાબતોનો પણ તેઓ ખૂબ ખ્યાલ રાખતા.

તદનુસાર આજે સાંજે ગઢપુરથી નીકળેલા સ્વામીશ્રી ઘેલા કાંઠે નીલકંઠ મહાદેવનાં દર્શને પધાર્યા. અહીં સંગ્રહાયેલી શ્રીજીમહારાજની ઘણી પ્રાસાદિક વસ્તુઓમાંથી એક નાની તુંબડી પૂજારીએ સ્વામીશ્રીને ભેટ ધરી. તે સ્વીકારી તેઓ ગામના ખાદી ગ્રામોદ્યોગ મંડળમાં પધરામણી કરીને રાજપુરા પહોંચ્યા.

આ ગામની સીમમાં એક હરિભક્તના ખેતરમાં વાળુ-પાણી કરીને ત્યાં જ ગાદલાં પર બિરાજી સ્વામીશ્રીએ સૌને કથાવાર્તાનો લાભ આપ્યો. રાત્રિનો શાંત-શીતળ પ્રહર, ટમટમતા તારલિયાની છાયા અને ખેતરનાં ધૂળ-ધાનમાંથી ઊઠતી વિશિષ્ટ સોડમની ત્રિવેણીમાં સ્વામીશ્રીના સૌમ્ય મુખારવિંદમાંથી ફૂટતી ધીર-ગંભીર અમૃતધારા અનેરા આહ્‌લાદનો અનુભવ કરાવી ગઈ.

સીમના શેઢે અસીમ આનંદમાં સૌને તરબોળ કરતાં સ્વામીશ્રી સારંગપુર આવવા નીકળ્યા.

તે ઊપર્યે પ્રસન્ન અતિ

સારંગપુર તરફ જઈ રહેલા સ્વામીશ્રીનું મન સારંગપુરની હદ આવતાં પહેલાં જ જાણે સારંગપુર પહોંચી ગયું હોય તેમ તેઓ અહીં રહેતા નવા પાર્ષદોને સંભારતાં બોલ્યા: 'પરદેશથી આવ્યા બાદ લગભગ બે મહિના થયા ને બધાં મંદિરના સંતો વારાફરતી આવીને દર્શન કરી ગયા. પણ સારંગપુરના નવા પાર્ષદો નજીક હોવા છતાં આજ્ઞા વિના દર્શન કરવા ન આવ્યા. આ રીતે તેમણે બધાએ વચનામૃત (કારિયાણી પ્રકરણનું ૧૧મું) સિદ્ધ કર્યું.'

'વચન પ્રમાણે જે વરતે, તે ઊપર્યે પ્રસન્ન અતિ...' મુજબ, સ્વામીશ્રીની પ્રસન્નતા આજ્ઞાપાલક પાર્ષદો પર વરસી ગઈ. એ પ્રસન્નતાનો પુરસ્કાર આપતા હોય તેમ તેઓ સારંગપુર આવી દરેક સંતો-પાર્ષદોને ભેટ્યા.

સૌનો વિરહાગ્નિ પોતાના આ દિવ્ય સ્પર્શથી શમાવી સ્વામીશ્રી સભામંડપમાં તૈયાર કરેલા સિંહાસન પર બિરાજતાં જ ચારેકોર અંધારું છવાઈ ગયું. તેથી સૌ 'આ શું થયું?' તેમ વિચારે તે પહેલાં તો સભામંડપની સામે આવેલી ભોજનશાળામાંથી છૂટેલું ઝબકારા વેરતી બત્તીઓવાળું વિમાન, દોરીના સહારે સરકતું-સરકતું સ્વામીશ્રીના સિંહાસન પર આવીને ઊભું રહ્યું. બરાબર તે જ વખતે ફુગ્ગો ફૂટતાં તેમાં ભરેલી પુષ્પપાંખડીઓ સ્વામીશ્રી પર વરસી રહી. પરદેશથી આવેલા સ્વામીશ્રીનું આમ વિશિષ્ટ સ્વાગત સૌએ કર્યું.

આ ભાવપ્રચુર સ્વાગતના બીજા જ દિવસે તા. ૨૭/૩ના રોજ પ્રાગજી ભક્ત જયંતી અને ફૂલદોલના ઉત્સવોનો બેવડો લાભ હતો. આ દિવસની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે તેઓએ મધ્યખંડમાં સ્વહસ્તે ઠાકોરજીને નવા સુવર્ણમુકુટ પહેરાવી આરતી ઉતારી.

ત્યારબાદ રંગમંડપમાં પધાર્યા. અહીં ફૂલની પાછળ પતંગિયાંની જેમ

નવા પાર્ષદો પણ સાથે ને સાથે આવી ગયા. તે વખતે શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમાનાં દર્શન કર્યાં બાદ ઊલટમાં આવી જતાં સ્વામીશ્રી પાર્ષદોને ઉદ્દેશી બોલ્યા: 'તમને સૌને પીએચ.ડી. કરવા છે. ભગતજી મહારાજ જેવા સુખિયા કરવા છે.'

તેઓના આ ભાવવાહી શબ્દો સાંભળી સૌ ગદ્ગદ્ થઈ ગયા.

સૌને સિદ્ધસ્થિતિ પમાડવાના આવા તાન સાથે ઉત્સવ-સભામાં પધારેલા સ્વામીશ્રી હિંડોળા આકારના કલાત્મક આસન પર બિરાજતાં જ કીર્તન શરૂ થયું: *'હિંડોરનામે હો રે હો રે ઝુલો મહારાજ...'* આ કીર્તનના પ્રારંભ સાથે જ સ્વામીશ્રી જેની પર બિરાજેલા તે આસન હલ્યું. સંતોએ કળા એવી કરેલી કે હિંડોળાની ખાટ જેવા આ આસનની નીચે ટેકા મૂકેલા. તેથી તે મંચના આધારે સ્થિર જણાતું હતું. પણ જેવું કીર્તન શરૂ થયું તે સાથે જ સંતોએ નીચે મૂકેલા ટેકા હળવેથી કાઢી લીધા અને સ્વામીશ્રી હિંડોળામાં ઝૂલવા લાગ્યા. આવી અલૌકિક શોભા જોઈ સમગ્ર સભા તાળી પાડી ઊઠી.

પણ સ્વામીશ્રી મૂંઝાયા. ઠાકોરજી વિના તો તેઓને *'ગાન લાગે સિંહ સર્પ સમ, તાન લાગે તાડન તન...'* જેવું. તેથી જ જ્યારે સૌ કીર્તનમાં મસ્ત હતા ત્યારે તેઓ ઠાકોરજીની મૂર્તિ મંગાવવામાં વ્યસ્ત બન્યા. ઠાકોરજી આવ્યા એટલે તેઓને પોતાના ખોળામાં ધારણ કરી સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે તેઓને સુવાણ થઈ. તેઓની આ ભક્તિનો રંગ સમગ્ર સભામાં ઊડી રહેતાં ઉત્સવ-સભા ભવ્યતાથી સંપન્ન થઈ.

એવા દુર્લભ સુલભ થયા આજ

ઉત્સવ-સભામાં લાભ આપીને સ્વામીશ્રી ઉપર મંદિરમાં પધાર્યા. અહીં કાષ્ઠનિર્મિત ઘનશ્યામ મહારાજના હાથમાં પિચકારી આપવામાં આવેલી. પંપ દ્વારા તેમાંથી રંગનો ધૂધવો વછૂટ્યો. સ્વામીશ્રી તે પિચકારીને હાથમાં લઈ સૌ પર રંગવર્ષા કરવા લાગ્યા. રંગની આ ઝડી વરસાવ્યા બાદ તેઓએ ધર્મકુળના સિંહાસન સામે આવેલા ઉંબરે અંદરની બાજુએ બેસી સંતોને ફગવાની પ્રસાદી આપી. તે પછી નીચે ઊતરીને હરિભક્તોને પણ ધાણી-ખજૂરનો પ્રસાદ વહેંચ્યો.

સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી ઘણી વાર મંદિરની પાછળ આવેલા પૂજારીના દરવાજા પાસેના રમણા પર બેસી પ્રસાદ વહેંચતા અને વાતો કરતા.

તે ક્રમ મુજબ એક વાર તેઓ સૌને લાભ આપીને નીચે ઊતર્યા ત્યાં જ ૮-૧૦ વર્ષની ઉંમરનો એક બાળક એકમેકમાં ભેરવેલા તેના બેય હાથ પાછળ રાખી સ્વામીશ્રી સમક્ષ આવી અદાપૂર્વક ઊભો રહી ગયો. તેની આ મુદ્રા જોઈ સ્વામીશ્રીને લાગ્યું કે 'તેને કંઈક કહેવું છે.'

તેથી તેઓ સહેજ ઝૂક્યા અને 'શું કહેવું છે?' એમ જ્યાં પૂછવા ગયા ત્યાં તો તે બાળકે પાછળ ભેરવી રાખેલા પોતાના બે હાથ ખોલીને, તે હાથ પર ચોપડેલો ગુલાલ સ્વામીશ્રીના બેય ગાલ પર ભૂંસી દીધો! તેની આ નટખટ પણ નિર્દોષ હરકત જોઈ સ્વામીશ્રી સહિત સૌ હસી પડ્યા.

'મહામુક્ત પૂજે જેની પાદુકા, એવા દુર્લભ સુલભ થયા આજ; કાંઈ કહ્યામાં ના'વે વાત...' – જેવો એ નજારો બની રહ્યો.

ગળપણ કીડીને ખેંચી લાવશે

ધોળા, ફલ્ગુ અને ઉતાવળી નદીઓના બેટમાં વસેલા સુરમ્ય સારંગપુરમાં જ્યારે જ્યારે સ્વામીશ્રી પધારે ત્યારે સવારે, સાંજે અને રાત્રે કથાવાર્તાનો રીતસર અખાડો જમાવતા.

આ ક્રમમાં તા. ૨૮/૩ની સાંજે સવા પાંચ વાગ્યે તેઓ સભામંડપમાં પધાર્યા, પણ ત્યારે હજી કથા શરૂ થઈ નહોતી. ગઈકાલના ઉત્સવ બાદ ઘણા ખરા ભક્તો વિદાય થઈ જવાથી શ્રોતાવર્ગમાં પણ પાંખી સંખ્યા હતી. છતાં સ્વામીશ્રી ઉતારામાં પાછા ન વળ્યા. 'ગળપણ કીડીને ખેંચી લાવશે. આપણે રહીએ એટલે બીજા બધા આવશે.' એમ કહેતાં તેઓ પારાયણની પૂર્વવ્યવસ્થા કરવા મંડી પડ્યા.

પ્રથમ તો મંચ પર થોડું-ઘણું અસ્તવ્યસ્ત પડેલું, તેને તેઓએ ઠીકઠાક કર્યું. પછી પારાયણના પૂજન માટે જાતે જ ચંદન પલાળ્યું. તેમાં પણ ઠાકોરજીને ચાંદલા કરવા માટે અને હરિભક્તો માટે અલગ-અલગ ચંદનપાત્ર રાખ્યાં. સેવામાં શુદ્ધિ અને ઠાકોરજીની મર્યાદા તો સ્વામીશ્રીની નાની-શી ક્રિયાઓમાંથી પણ નીતરતી રહેતી. તે મુજબ આરતીની વાટ પણ તેઓએ જાતે જ પૂરી અને પારાયણનો પૂજનવિધિ પણ પોતે જ કરાવ્યો.

અતિ મહાન હોવા છતાં સ્વામીશ્રીને મન કોઈ ક્રિયા નાની નહોતી. આ રીતે આજે તેઓએ કથા ચાલતી કરી દીધી. થોડી વારમાં ૩૦૦-૪૦૦ શ્રોતાઓનો સમુદાય કથાશ્રવણ માટે એકત્ર થઈ ગયો. સ્વામીશ્રી પણ તેમાંના

જ એક બનીને રસપૂર્વક પારાયણ સાંભળી રહ્યા.

તેઓ કથાશ્રવણ કરવા બેસે ત્યારની તેઓની મુદ્રા કાયમ આકર્ષક રહેતી. પગમાં 'વા'ની તકલીફ થઈ તે પહેલાં તો પલાંઠી વાળીને જ બેસતા. પછીથી સોફા પર બિરાજતા. પણ કથા સાંભળતી વખતે આંખ આંખનું કામ કરે, કાન કાનનું કામ કરે અને હાથ હાથનું કામ કરે. હાથ ક્યારેક માળા ફેરવતા હોય તો ક્યારેક પત્ર લખતા હોય. તેઓના નરવા-સરવા કાન કથાના શબ્દો પીતા જતા હોય. ક્યારેક પત્રવ્યવહાર સંબંધી કે અન્ય વ્યવસ્થા સંબંધી વિમર્શ માટે વાત કરવા આવેલાને કાન આપ્યો હોય તોય શતાવધાની એવા હતા કે અન્ય સાથે વાત કરતી વખતે પણ કથાનો મર્મ સરી-સરકી ન જાય. તે તો ત્યારે જ ખબર પડે કે જ્યારે પોતે આશીર્વાદ આપે ત્યારે પૂર્વે થઈ ગયેલાં પ્રવચન-પારાયણોના સંદર્ભો મીનનું મેખ થયા વિના દેતા જાય. આંખથી પણ આવ્યા-ગયાનું ધ્યાન રાખે; જેથી સૌની યથાયોગ્ય સંભાવના કરી શકાય.

કથાશ્રવણ વખતે સ્વામીશ્રી એવા સતર્ક અને પ્રતિભાવપૂર્ણ રહેતા કે કથા કરનારનો ઉત્સાહ પ્રતિક્ષણે બેવડાતો જાય. તેઓના પ્રતિસાદ એવા સુયોગ્ય અને સમયસરના રહેતા કે કથાનો ઉઠાવ જ કંઈક જુદો બની રહેતો. સ્વામીશ્રીની કથા સાંભળવી એટલું જ નહીં, પણ તેઓને કથા સાંભળતાં નીરખવા એ પણ એક લહાવો હતો.

આજે આવી જ રસલહાણ કરાવીને તેઓ સભામાંથી ઊભા થયા ત્યારે ન કેવળ આજની કથાનો પણ શાસ્ત્રમાત્રનો સાર સંભળાવતાં બોલ્યા: 'સત્પુરુષ નિર્દોષ છે, દેહ મિથ્યા છે અને પંચવિષય ઝેર છે. આ ત્રણના પારને પામી જવું.'

વાક્યમાં વેદને ભરતાં સ્વામીશ્રી આટલું કહી વિદાય થયા.

જે સમે જેવું ગમ્યું હરિને

આ વખતે સારંગપુરમાં કથાની સાથે સેવાનો પણ સમાંતર અધ્યાય સ્વામીશ્રીએ ખોલેલો. શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરનું બાંધકામ પૂર વેગમાં ઊપડેલું. આ કામ ઝાઝું હતું અને ભારે પણ. તેથી સ્વામીશ્રીએ ૫૦-૬૦ સશક્ત ભક્તોને આ સેવામાં જોડ્યા અને કહ્યું: 'આ સેવા તે જ તમારી કથા.' હરિભક્તો પણ *'જે સમે જેવું ગમ્યું હરિને, તેવું કરવું કર જોડીને...'* અનુસાર સેવામાં મંડી પડ્યા. સમયની સાનુકૂળતાએ સ્વામીશ્રીએ

પણ તા. ૩૧/૩ના રોજ પથરા ઉપાડવાની સેવા કરી યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના આ સેવાયજ્ઞમાં પોતાની આહુતિ આપી.

આ સેવાની સાથે સાથે દુષ્કાળ-પીડિતોની સંભાવના કરવામાં પણ સ્વામીશ્રી સાબદા હતા. તેથી અન્નક્ષેત્રો ધમધોકાર ચાલે તે માટે તેઓએ ખેડા જિલ્લામાંથી અનાજ તથા ઘાસચારાનો ધર્માદો ઉઘરાવવા સંતમંડળોને રવાના કરી દીધાં.

આમ, સમયની માંગ અનુસાર સ્વામીશ્રી કથા અને સેવાના યજ્ઞ પ્રજ્વલિત રાખતા. બંનેમાં તેઓની આજ્ઞાની માત્રા ભળતાં તે 'कल्पन्ते कल्पिताः परे'[૬] અનુસાર કલ્યાણનાં સાધન બની રહેતા.

સંત વા'લા મને બહુ રે

આ અરસામાં સારંગપુરના બે સંતો અસ્વસ્થ તબિયતના કારણે આરામ કરતા હતા. સ્વામીશ્રીને આ જાણ થતાં તેઓ ખબર-અંતર પૂછવા જવા તૈયાર થયા; પરંતુ તે જ સમયે બે-ત્રણ આવશ્યક કાર્યો આવી જતાં માંદાની મુલાકાતે જવામાં વિલંબ થયો. તે જોઈ સેવકોએ કહ્યું: 'અનુકૂળ હોય તો સાક્ષાત્ દર્શન દેવા જજો. નહીં તો સ્વપ્નમાં દેજો.'

આમ કહેનારનો ઈશારો – 'મોડું થયું છે તો જવાનું માંડી વાળો' એ તરફ હતો. પરંતુ તેઓની વાત સાંભળી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'સ્વપ્નમાં દર્શન દઈને બંનેની ઊંઘ શા માટે બગાડવી ? રૂબરૂ જ જઈ આવીએ.' આમ કહેતાં તેઓ બીમારના બિછાને જઈ પહોંચ્યા. ત્યારબાદ રાત્રે સવા બાર વાગ્યે આરામમાં પધાર્યા.

પણ નિદ્રાધીન થયાને માત્ર પંદર મિનિટ વીતી હશે ત્યાં જ અમદાવાદની વી.એસ. હૉસ્પિટલમાંથી લાઇટનિંગ કૉલ આવ્યો. તેથી સ્વામીશ્રી જાગ્યા અને સમાચાર જાણ્યા કે 'ફારગો ગાડીમાં જઈ રહેલા મહંત સ્વામી વગેરે સંતો, જવારજ પાસે ગાડી પલટી ખાઈ જતાં ઈજાગ્રસ્ત થયા છે અને હૉસ્પિટલમાં લઈ જઈ સારવાર આપી છે.'

પરદેશયાત્રા બાદ વિચરણમાં નીકળેલા સ્વામીશ્રીની સાથે મુંબઈથી જ જોડાઈ ગયેલા મહંત સ્વામી હવે સારંગપુરથી ધર્માદો એકત્રિત કરવા માટે ખેડા જિલ્લા તરફ જઈ રહેલા. તે સમયે જ બનેલી આ દુર્ઘટનાની વિગત

---

૬. श्रीमद्भागवतपुराणम् : ૧/૫/૩૪.

જાણી, સ્વામીશ્રી તા. ૨૯/૩ની રાત્રે પોણા વાગ્યે અમદાવાદ ભણી રવાના થઈ ગયા.

રસ્તામાં અકસ્માતનું સ્થળ આવ્યું. ત્યાં થોડું રોકાણ કરીને સીધા જ હૉસ્પિટલમાં પહોંચ્યા. પણ સંતોને પ્રાથમિક સારવાર આપી મંદિરે મોકલી દેવાયેલા. તેથી સ્વામીશ્રી વહેલી સવારે ચાર વાગ્યે મંદિરે પધાર્યા.

દોડાદોડીમાં તેઓની આખી રાત વેરણ થઈ ગઈ હોવા છતાં તેઓ મંદિરે પહોંચીને તરત જ મહંત સ્વામીનું સ્વાસ્થ્ય જોવા ગયા. પણ તેઓ આરામમાં હોવાથી અન્ય ઘાયલ સંતોને મળ્યા અને આશીર્વાદ આપતાં બોલ્યા : 'સ્વામી-શ્રીજીએ આપ સૌની રક્ષા કરી છે.'

બીજા દિવસની સવારે સ્વામીશ્રીએ નિષ્ણાત તબીબોને બોલાવી ઈજાગ્રસ્તોની તપાસ અને સારવાર કરાવી. સ્વયં પણ તા. ૩૦/૩ના રોજ અમદાવાદમાં રોકાઈ ગયા. પરિસ્થિતિ કાબૂમાં આવ્યાની ખાતરી થયા પછી જ તેઓ તા. ૩૧/૩ની સવારે પુનઃ સારંગપુર પધાર્યા.

જૂજ ઉદાહરણ

આ વખતે સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ યજ્ઞપુરુષ સ્મૃતિ-મંદિરનું નિર્માણ અને દુષ્કાળ-રાહત પ્રવૃત્તિ પર વિશેષ ઝોક આપ્યો હતો. તે ક્રમમાં તા. ૫/૪ની સવારે તેઓ પાટી પધાર્યા. અહીં સંસ્થા તરફથી દુષ્કાળ-રાહત માટે સસ્તા અને મફત અનાજની દુકાનનું ઉદ્‌ઘાટન કરી તેઓએ સ્વયં ઘઉં જોખી આપ્યા.

આમ, અન્ન-પુરવઠો વહેવડાવીને સ્વામીશ્રીએ ગામના માથે ઝળૂંબતા અન્નની અછતનું સંકટ હળવું કર્યું, તો પાટીમાં તેઓનાં પુણ્યપ્રતાપી પગલાં પડતાં જ નિર્જળ કૂવામાં પાણી પણ થયું !!

ગામને અન્ન-જળની આ બેવડી રાહત આપી, સ્વામીશ્રી તાજપુરમાં સભાલાભ આપી સારંગપુર પધાર્યા.

અત્રે તા. ૮/૪ના રોજ તેઓએ પ્રાથમિક શાળામાં પધારી વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી માર્ગદર્શન આપ્યું. જેમ સુથારને કાષ્ઠ નહીં પણ કાષ્ઠમાં રહેલી કલાકૃતિ દેખાય છે, અને સલાટને શિલા નહીં પણ શિલામાં છુપાયેલું શિલ્પ દેખાય છે, તેમ સ્વામીશ્રીને પણ દેહ નહીં પરંતુ દેહમાં રહેલો તેજસ્વી આત્મા દેખાતો. તેથી ગામડાંના સાવ સાધારણ જણાતાં બાળકો વચ્ચે પણ તેઓ

પ્રેમથી પલાંઠી વાળતા અને તેઓનું ઘડતર-ચણતર કરતા. અન્યથા આવા મોટા ગજાના ધર્મધુરંધરે ધૂળી નિશાળોમાં જઈને સંબોધનો કર્યાનાં ઉદાહરણો આપણી પાસે કેટલાં છે?

ધન્ય ભુવન એ જનનાં

વિદેશ-ધર્મયાત્રા બાદ ચાલેલા સ્વાગતના સિલસિલામાં સ્વામીશ્રીએ તા. ૯/૪ના રોજ બોટાદના નગરજનોનો સત્કાર ઝીલી, તા. ૧૦/૪ની સવારે સારંગપુરની ગ્રામપંચાયત કચેરીમાં પગલાં પાડ્યા. અહીં પણ ગામવાસીઓનો આદરભાવ સ્વીકારનારા તેઓએ, આ અરસામાં રોહીશાળાના મંદિરમાં હનુમાનજી-ગણપતિજીની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે ત્રણેક દિવસનું ગ્રામ્ય વિચરણ ગોઠવી દીધું. જેમ વાદળ વરસ્યા વિના રહે નહીં તેમ તેઓ વિચર્યા વિના રહેતા નહીં.

તે અનુસાર સ્વામીશ્રી તા. ૧૧/૪ની સાંજે લાઠીદડના સરકારી દવાખાનામાં પ્રાસંગિક લાભ આપી, કારિયાણી, ઝમરાળાને પાવન કરતાં રોહીશાળા આવી પહોંચ્યા.

અહીં વલ્લભભાઈના મેડે તેઓનો ઉતારો હતો. આ ઘર સામાન્ય હતું. તેમાં બિછાવેલી સ્વામીશ્રીની ભોંયપથારી પણ એવી જ સાધારણ હતી. છતાં તા. ૧૨/૪ની સવારે જાગ્રત થયા બાદ પથારી પર બિરાજેલા નિજાનંદમાં મસ્ત સ્વામીશ્રીની મુખમુદ્રા ખૂબ જ પ્રભાવક જણાતી હતી.

તે વખતે સાથે વિચરણ કરતા એક પરદેશી યુવાને ગત વર્ષના વિદેશ-પ્રવાસને સંભારતાં-સરખાવતાં કહ્યું: 'બાપા! ક્યાં એલેક્ઝાન્ડ્રા પૅલેસ અને ક્યાં આ રોહીશાળા!'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'સુભાષ! સો એલેક્ઝાન્ડ્રા પૅલેસ આની(આ હરિભક્તોના ઘરની) આગળ આંટા મારે. હરિભક્તોનો ભાવ તો જુઓ!'

તેઓના શબ્દોમાં પૅલેસની વિડંબના નહોતી, પણ ભક્તોના ભાવ અને ભવનનો મહિમા હતો. *'ધન્ય ભુવન એ જનનાં, જ્યાં પ્રભુનાં પગલાં થયાં; સત્ય વૈકુંઠ સરખાં, વળી કેમ કરી જાય કહ્યાં...'*ની દૃષ્ટિથી સ્વામીશ્રી ભક્તોનાં ઘરને નિહાળતા. તેથી જ તો તેઓ ગાર-માટીનાં ખોરડાંઓમાં પણ પ્રેમથી વિચરી શકેલા ને!

આ મહિમાદૃષ્ટિથી તા. ૧૨/૪ની સવારે રોહીશાળામાં પ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી જલાલપુર, શિયાનગર, કેરિયા, નિંગાળા, ઉગામેડી થઈ, તા. ૧૩/૪ની સવારે દરેડ પધાર્યા.

અહીંના દરબારગઢમાં ઊભેલા લીંબડાનો ઈતિહાસ કહેતાં તેઓએ જણાવ્યું કે "આ લીમડો સાવ સુકાઈ ગયેલો, ખવાઈ ગયેલો. તે બતાવી મહીપતસિંહ બાપુએ શાસ્ત્રીજી મહારાજને કહેલું કે 'દાદાખાચરના દરબારમાં લીમડો અમર કર્યો તેમ આ લીમડો કરો.' તે વખતે શાસ્ત્રીજી મહારાજ ઢીંચણિયે ચાલીને ઝાડ ઉપર ચડી ગયા ને હાથ ફેરવેલો. તે પછી તેને કોંટા ફૂટેલા ને આ બે લીલી ડાળો ફૂટેલી."

આટલું કહી આ પ્રાસાદિક લીંબડાને સ્વામીશ્રી ભેટ્યા. ત્યારબાદ સ્વસ્મૃતિ કરતાં કહ્યું : "અહીં શાસ્ત્રીજી મહારાજ અને દરેડ બાપુએ મને 'શાસ્ત્રી' બનવા કહેલ. તે વખતે શાસ્ત્રીજી મહારાજે મને 'શાસ્ત્રી' થવા (હાથમાં) પાણી આપેલું."

વૃક્ષ અને વિદ્યાભ્યાસની આ વિરલ સ્મૃતિ કરાવતાં સ્વામીશ્રી, દરેડથી કાળા તળાવ, પાટી, તાજપુર થઈને સારંગપુર પધાર્યા ત્યારે તેઓ બે દિવસમાં જ તેર ગામો ઘૂમી વળેલા ! તેઓના વિચરણનું ચક્ર એક વાર શરૂ થઈને વિરમે ત્યારે પાંચ-પંદર ગામોમાં તો આસાનીથી એ ચક્રના ચીલા અંકાઈ જતા.

સ્પષ્ટ નીતિ, સાફ નિયત

સારંગપુરમાં સ્વામીશ્રીની સમાજસેવાના ચંદરવા તળે તા. ૧૫/૪ તો સાવ ઢંકાઈ જ ગઈ. આજ રોજ રાજ્યના મુખ્ય સચિવશ્રી દલાલને સાથે રાખીને સ્વામીશ્રીએ વસ્ત્ર-વિતરણ કેન્દ્ર, પશુ-નીરણ કેન્દ્ર, અન્નક્ષેત્ર અને છાશ-વિતરણ કેન્દ્રોનાં શ્રીગણેશ કરી દીધાં. દુષ્કાળને લક્ષમાં રાખીને તેઓએ પરદેશમાં લગાવેલી સેવાની હાકલથી ૧૧ ટન ઉપરાંત વસ્ત્રો આવી ગયેલાં. તેના વિતરણની શરૂઆત સ્વામીશ્રીએ એક જરૂરિયાતમંદ યુવકને ખમીસ પહેરાવીને કરી.

ત્યારબાદ પશુ-નીરણ કેન્દ્રમાં પધારીને તેઓએ પશુધનને ગોળ-ઘાસ નીર્યાં. શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિસ્થાનની સામેના ખેતરમાં તૈયાર થયેલા નવા ટ્યૂબવેલનું ઉદ્‌ઘાટન પણ ચાંપ દબાવીને કરવામાં આવ્યું. અહીંથી સ્વામીશ્રી જ્યાં અન્નક્ષેત્રનાં આંધણ મુકાયેલાં ત્યાં આવ્યા. અત્રે બેઠેલી

પીડિતોની પંગતમાં તેઓએ સૌને પીરસ્યું અને છાશ કેન્દ્રમાં પધારીને છાશ પણ પિવડાવી.

સ્વામીશ્રીએ હાથ ધરેલી આવી વ્યાપક લોકસેવાને જોઈ મુખ્ય સચિવ તો બોલી ઊઠ્યા કે 'સ્વામીબાપાના આશીર્વાદથી પરમેશ્વર મને સહસ્રબાહુથી મદદ કરતા હોય તેવા અનુભવો થયા છે.'

આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગવાન દયાળુ છે. શ્રીજીમહારાજે પણ આવાં કાર્યો કર્યાં છે, પણ સામાજિક કાર્યોની સાથે આધ્યાત્મિક જ્ઞાન આપ્યું, કારણ કે માણસને વસ્તુઓ ગમે એટલી આપીએ પણ જ્ઞાન ન હોય તો દુઃખિયો રહે. સમજ આપીએ તો કાયમ શાંતિ રહે.'

સમાજસેવાનો અનર્ગળ પ્રવાહ વહેવડાવ્યા પછી પણ સ્વામીશ્રી અધ્યાત્મના લક્ષ્યમાંથી લેશ ચલિત થયા નહોતા. હંમેશા તેઓની નીતિ સ્પષ્ટ અને નિયત સાફ રહેતાં.[૭]

તપ તીવ્ર કરો છો જી તમે

સારંગપુરને સેવાક્ષેત્ર બનાવી વિચરણમાં નીકળેલા સ્વામીશ્રી તા. ૧૫/૪ની સાંજે કુંડળ અને વલ્લભીપુરને લાભ આપતાં ભાવનગર આવી પહોંચ્યા. અહીં પધારવાનું પ્રયોજન જણાવતાં તેઓએ તા. ૧૬/૪ની પ્રાતઃકથામાં કહ્યું: "યોગીબાપા અહીં મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે બોલેલા કે 'મંદિર સર્વોપરી થશે. પછી ૭ દિવસનું 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ ઠપકારવું.' તે પ્રમાણે આપણે આજથી પારાયણ શરૂ થાય છે."

આમ, ગુરુ-સંકલ્પની પરિપૂર્તિ કરવા માટે પધારેલા સ્વામીશ્રીએ સાત દિવસ સુધી અલૌકિક પારાયણનો લાભ ભાવનગરને આપ્યો. હંમેશા સવાયું કરવાની રીત મુજબ ચાલતા તેઓએ, પારાયણ ઉપરાંત આ એક અઠવાડિયામાં અઢીસો પધરામણીઓ કરીને ભક્તોનાં દુકાન-મકાન, કચેરી-કારખાનાંઓને પણ પાવન કર્યાં.

તા. ૧૯/૪ની સંધ્યાએ યોજાયેલા કવિ સંમેલનમાં તો બાવીસથી વધુ

---

૭. કારમા દુષ્કાળના આ પ્રસંગે સ્વામીશ્રીએ વહાવેલી સમાજ-સેવાની સરિતામાં સ્નાન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

કવિવરોએ સાહિત્યની સરવાણી વહાવી સ્વામીશ્રીનાં ચરણ પખાળ્યાં. સ્વામીશ્રીએ પણ તેઓને કલા દ્વારા કલ્યાણનો માર્ગ ચીંધતાં કહ્યું: 'કલા ભગવાન અને સંતને અર્થે રજૂ કરવી તે કલાકારનું જીવન-સાફલ્ય છે.'

તા. ૨૦/૪નો દિવસ ભગવાન સ્વામિનારાયણનો પ્રાગટ્યદિન હતો. તેની સવારે ભવ્ય મહાપૂજાવિધિ સંપન્ન કરી સ્વામીશ્રી ઘોઘા સર્કલ, કાળા નાળા, અનંતવાડી વગેરે વિસ્તારોમાં પધરામણીઓ કરવા નીકળ્યા.

તે વખતે ચૈત્રનો તીખો તડકો વરસી રહેલો. તેમાંય આજના નિર્જળા ઉપવાસને લીધે સ્વામીશ્રીને વિશેષ શ્રમ પડતાં બપોરે અઢી વાગ્યે તેઓ ઉતારે પધાર્યા ત્યારે ઘણા જ શિથિલ જણાતા હતા. શરીર પણ તપતું હતું. આંખો લાલઘૂમ થઈ ગયેલી. ઉતારે આવીને તેઓ સાંકડા બાથરૂમમાં સ્નાન કરવા બિરાજ્યા. ઠંડું પાણી શરીર પર પડતાં કંઈક શાતા વળી, પણ અશક્તિ એવી આવી ગયેલી કે માંડ માંડ ધોતિયું ધારણ કર્યું.

હજી સાંજે જાહેર સન્માન સમારંભ અને રાત્રે જન્મોત્સવની સભાના કાર્યક્રમો બાકી હતા. તેથી સૌએ સ્વામીશ્રીને ફરાળ અંગીકાર કરવા વિનંતી કરી. પણ હરિભક્તોને આજે ફરાળ જમવાની છૂટ આપનારા સ્વામીશ્રીએ પોતા સારુ લેશ મચક આપી નહીં. તેઓએ આખો દિવસ નિર્જળા ઉપવાસ ખેંચી કાઢ્યો. તોયે સાંજે સરદાર સ્મૃતિ હૉલમાં યોજાયેલા સન્માન સમારંભમાં તેઓના ચહેરા પર છલકતી કાંતિ અને શાંતિ જોઈ કોઈ કળી ન શક્યું કે ભવ્ય મંચ પર બિરાજી સૌનાં સન્માન ઝીલી રહેલા સ્વામીશ્રી તો આજે પાણીનું એક ટીપું પણ મોંમાં મૂક્યા સિવાય અત્રે પધાર્યા છે!

વચન પાળવા માટે તો આવ્યા છીએ

ભાવનગરમાં તા. ૨૩/૪ની સાયંસભા દરમ્યાન યોજાયેલા રસપ્રદ ચર્ચાસત્રમાં પાંચ યુવાનો અને પાંચ પાર્ષદો 'ધર્મમાં બાહ્યાચારની જરૂર છે કે નહીં?' તે વિષયનું વલોણું કરતા હતા. તેને રસપૂર્વક નિહાળનારા સ્વામીશ્રીએ અંતે નવનીત તારવી આપતાં જણાવ્યું કે –

'આચારના આડંબરવાળાનું દૃષ્ટાંત આપણે લેવાનું નથી. યોગીજી મહારાજમાં કોઈ આડંબર નહોતો છતાં બાહ્ય રીતે બધો આચાર પાળતા. તેઓ બ્રહ્મરૂપ હતા તોય ધર્મપાલનમાં દૃઢ રહેતા. તે આપણને શીખવવા કે 'ધર્માચાર બાહ્ય રીતે હોય તો અંતરમાં દૃઢ થાય.' માટે આપણે નિયમની જરૂર

છે જ. શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે 'નિયમ ને સાધુ અમે અક્ષરધામમાંથી લાવ્યા છીએ.' તે નિયમ-ધર્મને બાહ્ય આડંબર કેમ કહી શકાય ? (બાહ્યાચારનો) વિરોધ કરનારા લોકો પણ મા-બેનની મર્યાદા વગેરે પાળે જ છે, કારણ કે બાહ્યાચારને હૃદયમાં તો માનતા જ હોય છે.'

આ સચોટ સમાધાનથી સૌને નિઃસંશય કરી તા. ૨૪/૪ની સવારે નીકળેલા સ્વામીશ્રી પાટણા, પાલિતાણા, તળાજા, ભાદરોડ, મહુવા, ભાદરા, રાજુલા, આંબરડી, બાઢડા, સાવરકુંડલા, પાળિયાદ, રાણપુર, સેજકપર, મોજીદડ, પાંદરી, લીંબડીને લાભ આપતાં તા. ૩૦/૪ની રાત્રે પોણા બાર વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં આટલી મોડી રાત્રે પણ હરિભક્તો દર્શન માટે ઊભા હતા. તેઓના હારતોરા સ્વીકારી મધરાતે બાર વાગ્યે આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું કે "ભાવનગરમાં ત્રણ દિવસ રોકાવા વિચારેલું. પણ તેઓ કહે: 'યોગીબાપા સાત દિવસના પારાયણનું બોલ્યા છે તે પાળવાનું છે.' ત્યારે અમે કહ્યું: 'બહુ સારું ! વચન પાળવા માટે તો આવ્યા છીએ."

સ્વામીશ્રીએ આખી જિંદગી ગુરુ અને ભક્તોનાં વચન પાળવામાં જ વિતાવી હતી. તેઓને પોતાના તો કોઈ સંકલ્પ જ નહોતા.

અગવડોના અગનપથ પર

અમદાવાદમાં એક દિવસનો લાભ આપી તા. ૧/૫ની રાત્રે વસઈ ગામે પહોંચેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં 'શિક્ષાપત્રી'નું પારાયણ ધામધૂમથી યોજાયું. ત્યારબાદ ગામમાં જ ૩૩ પધરામણીઓ કરી તેઓ મહીજડા, ધરોડા, ચિત્રાસર, શ્રીજીપુરા, નાયકા, નડિયાદ અને સોખડાને ઘૂમી વળતાં તા. ૫/૫ની સવારે ખેડા પહોંચ્યા.

અહીં સૌ ગામવાસીઓનાં સેવા-સમર્પણથી સુંદર મંદિર તૈયાર થયેલું. તેમાં સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

ત્યારબાદ ડભાણ, મહોળેલ, કંજોડા, નડિયાદ, સલૂણ, મહેળાવ, બોચાસણ, ડભાસી, અટલાદરા, વસાઈ(ડભોઈ)ને પાવન કરતાં તેઓ તા. ૮/૫ની સાંજે અડાસ પધાર્યા.

અહીં ત્રિદિવસીય પારાયણ યોજાયેલું, પરંતુ ગોરિયાદમાં જીર્ણોદ્ધાર પામેલા ઓટા પર ચરણારવિંદનાં પૂજનનું મુહૂર્ત પારાયણના દ્વિતીય દિન તા.

૧૦/૫ના રોજ નીકળ્યું હોવાથી, સ્વામીશ્રી અડાસમાં પારાયણનો પ્રારંભ કરી ગોરિયાદ જવા નીકળ્યા.

આ રસ્તે થોડે આગળ જતાં ગાડી ખોટકાઈ. તેની તાત્કાલિક મરામત થાય તેવી કોઈ શક્યતા નહોતી દેખાતી અને સામે છેડે સમયસર પહોંચવું જરૂરી હતું. તેથી ગાડીને એક ટ્રક સાથે બાંધી એ રીતે મુસાફરી કરતાં કરતાં સ્વામીશ્રી ગોરિયાદ પહોંચ્યા! અહીં જીર્ણોદ્ધાર નિમિત્તેનો વિધિ આટોપી પુનઃ અડાસ આવીને તેઓએ પારાયણની પણ પૂર્ણાહુતિ કરી.

આમ, વ્યાસપીઠના મુખ્ય વક્તા અને સમારંભોના મુખ્ય અતિથિ હોવા છતાં સ્વામીશ્રી અહીંથી તહીંની દોડધામ ખખડધજ ગાડીઓમાં કરતા. જ્યાં અગવડના એક અધ્યાયની ઈતિશ્રી થાય ત્યાં તો એવા જ કે એને પણ ચઢે એવા બીજા અધ્યાયનું મંગલાચરણ થઈ જતું. અડાસના પારાયણ પછી પણ એમ જ બન્યું.

અહીંથી ચીખોદરા, બેડવા થઈને તા. ૧૨/૫ના રોજ સારસા તથા ખંભોળજમાં વિચરેલા સ્વામીશ્રીએ અત્રે એક જ દા'ડામાં ૭૦ ઉપરાંત પધરામણીઓ કરી. પધરામણીઓનો આ વેલો તા. ૧૩/૫ના રોજ ઓડ અને થામણાના ૧૦૯ ઘરોમાં ફેલાયો. વૈશાખની બળબળતી ગરમીના આ દિવસોમાં ઘરોઘર ઘૂમવાને કારણે ફૂટેલા પરસેવાના રેલાઓથી નીતરતી સ્વામીશ્રીની મૂર્તિ જોઈ ભક્તોની આંખોમાંથી પણ રેલા નીકળી જતા. અગવડોના અગનપથ પર ચાલીને સૌને રાજી કરતા સ્વામીશ્રીને સૌ જોઈ જ રહેતા, કારણ કે તેઓની પદચાપ દબાવતાં ચાલવાનું ગજું તો કોનું હોય?

મંદિર છે તો મીઠાશ છે

તા. ૧૩/૫ના રોજ ૧૦૯ પધરામણીઓ કર્યા પછી પણ સ્વામીશ્રીનો દિવસ પૂરો નહોતો થયો. થામણાથી તેઓ સાંજે છ વાગ્યે ઉમરેઠ પહોંચ્યા ત્યારે અહીં ૧,૨૦૦થી વધુનો માનવ-સમુદાય તેઓની નગરયાત્રા કાઢવા માટે થનગની રહેલો. સ્વામીશ્રીના આગમન સાથે જ બૅન્ડ-વાજાં ધણધણી ઊઠ્યાં. ભજનોની રમઝટ મચી રહી. રાસમંડળીઓ ઘૂમવા લાગી. નગરયાત્રાનો નયનરમ્ય નજારો ગામવાસીઓની નજર આગળથી ધીરે ધીરે સરકવા લાગ્યો.

શોભાયાત્રા બાદ અમરેશ્વર મહાદેવના ચોગાનમાં યોજાયેલી ભવ્ય સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'મંદિર છે તો જીવનની

મીઠાશ છે. સમાજમાં કારખાનાં, દવાખાનાં, ખેતી, સ્કૂલ, મકાનો બધું જરૂરનું છે, તેમ સંતો, મંદિરથી પણ સમાજ સુધરે છે. થોડા સુધરે તોપણ ઘણું છે. સ્કૂલમાં ભણનારા બધા કૉલેજની ડિગ્રી મેળવતા નથી. તેથી કાંઈ સ્કૂલ-કૉલેજો તોડી નાંખતાં નથી.'

સ્વામીશ્રીએ વેધકતાથી વાત મૂકી સૌને મંદિર-મહિમા સમજાવ્યો. સભા બાદ વ્યક્તિગત દર્શન પામીને સૌ વીખરાયા.

હવે સ્વામીશ્રીને પણ ઉતારે જવાનું હતું, પરંતુ ત્યાં જવા માટે ફાળવેલી જીપ હજી આવી નહોતી. સૌના કહેવાથી સ્વામીશ્રીએ થોડી વાર રાહ જોઈ પણ પછી ચાલતાં જ ઉતારે જવા નીકળી પડ્યા. ચાર કલાક પહેલાં જ જે સુશોભિત વાહનમાં બિરાજી હજારોનું સન્માન ઝીલતા હતા અને આવતીકાલે જેઓના હાથે પ્રતિષ્ઠા થવાની હતી, તે સ્વામીશ્રી બે-ચાર યુવકોની સાથે પગપાળા ઉતારે પહોંચ્યા ત્યારે સભામાં તેઓએ કરેલી વાતોની જેમ જ તેઓનું આ વિનમ્ર વર્તન પણ સૌનાં હૈયાં સોંસરું ઊતરી ગયું.

તા. ૧૪/૫ની સવારે પણ સ્નાનવિધિથી પરવારીને સ્વામીશ્રી ઉઘાડા પગે જ ચાલતાં ચાલતાં તુલજા માતાના મંદિરે પ્રાત-પૂજા માટે પધાર્યા. ત્યારબાદ તેઓએ દેવજીની પોળના મકાનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની વેદવિધિપુરઃસર પ્રતિષ્ઠા કરી.

આ પ્રતિષ્ઠાવિધિ બાદ યોજાયેલી સભામાં હૃષીકેશના સ્વામી સમર્પણાનંદ ઉપસ્થિત હતા. તેઓના કંઠમાં પોતાની જપમાળા પહેરાવીને સ્વામીશ્રીએ જ્યારે તેઓનું અભિવાદન કર્યું ત્યારે એ સંતે અત્યંત ગળગળા થઈ જતાં સભાને જણાવ્યું કે 'પરમ પૂજ્ય સ્વામીબાપાએ અંતર્યામીપણે મારો માળા મેળવવાનો સંકલ્પ પૂરો કર્યો છે. હું પ્રથમ વાર જ પરમ પૂજ્ય સ્વામીશ્રીના પ્રસંગમાં આવ્યો છું. છતાં મારા ઉપર આટલી કૃપા કરી તો આપ બધા તો એમના જ છો. તેઓ તમને શું નહીં આપે ? આપ સૌ ભાગ્યશાળી છો.'

આ સંતવાણી સાંભળી સૌનાં અંતરમાં *'મારે ખામી ન રહી કોઈ રીત રે, સ્વામી મળવાથી...'*નો ભાવ છાઈ રહ્યો.

આ ભાવને અનુભવતા ગામના સુશિક્ષિત યુવાન શ્રી પ્રકાશભાઈ દવેએ તો સ્વામીશ્રીનાં ચરણોમાં જીવન સમર્પિત કરીને વિશેષ પ્રસન્નતા લૂંટી લીધી.[૮]

---

૮. સમયાંતરે દીક્ષા લેનાર તેઓનું નામ સાધુ આત્મસ્વરૂપદાસ રાખવામાં આવ્યું.

નિજ મન ક્રોધ કદી નથી ભરાતા

ઉમરેઠથી પણસોરા, નડિયાદને લાભ આપતાં વસો પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૧૫/૫ની બપોરે ઠાકોરજી જમાડીને આરામ માટે આશાભાઈના ઘેર પહોંચ્યા. અહીં સૂવા માટે લોખંડનો ફોલ્ડિંગ પલંગ ભીંતને અઢેલીને મૂકેલો. તે પર સ્વામીશ્રી પોઢ્યા ત્યારે વીજળી વેરણ થઈ ગયેલી. તેથી સેવકોએ સાથે ફરતા વસંત અને દિનેશ નામના યુવાનોને હાથપંખા દ્વારા પવન નાંખવા બેસાડ્યા. પરંતુ પલંગ દીવાલને અડોઅડ હોવાથી બેય બાજુ એક-એક યુવક બેસીને પવન નાંખે તેવું નહોતું. તે જોઈ સ્વામીશ્રીએ જ કહ્યું : 'ખાટલો થોડો ખસેડી લો એટલે બેસાય.'

તે માટે સ્વામીશ્રી ખાટલા પરથી ઊતરવા માટે જ્યાં બેઠા થવા ગયા કે ત્યાં જ યુવકો બોલ્યા : 'બાપા ! આપ સૂતા રહો. અમે ખસેડી દઈશું.'

યુવકો તરવરિયા અને વળી લાભ લેવાનો લોભ; તેથી તેઓ સ્વામીશ્રીને ખાટલા પર સૂતેલી અવસ્થામાં રાખીને જ જ્યાં પલંગ ખસેડવા ગયા ત્યાં મસ્તક તરફનો ભાગ વહેલો ઊંચકાયો. તેના ભારને કારણે સ્વામીશ્રીનાં ચરણ તરફથી પલંગ વળી ગયો અને 'ધડામ' અવાજ સાથે તે પછડાયો. સાથે સ્વામીશ્રી પણ !!

આ જોઈ યુવકો તો ડઘાઈ જ ગયા. ખખડાટ ખાસ્સો મોટો થયેલો. તેથી સંતો-ભક્તો પણ દોડી આવ્યા. સ્વામીશ્રી હજી પડ્યા-પછડાયાની મુદ્રામાં જ હતા. ફર્ક કેવળ તેઓના ચહેરા પર પડેલો. પછડાયા પહેલાં તેઓનું મુખારવિંદ શાંત હતું. અત્યારે તે મંદ મંદ સ્મિત વેરી રહેલું. એ જ સ્મિત સાથે મુખમાંથી શબ્દો ફૂટ્યા : 'કાંઈ વાંધો નહીં. હવે બધું હતું તેમ ગોઠવી દો.'

અપરાધ બદલ યુવકો પર કોઈ અણગમો નહીં, કોઈ અકળામણ નહીં !

થોડી વારમાં પરિસ્થિતિ થાળે પડી. સ્વામીશ્રી પોઢ્યા. બારી-બારણાં બંધ થયાં. હવે પલંગની બંને બાજુ બેસીને યુવકો વીંઝણો વીંઝવા લાગ્યા. પણ બપોરનું ભોજન, ઓરડાનું અંધારું અને વિચરણનો થાક તેનો ભાવ ભજવવાં માંડ્યાં. યુવકોને ઘેન ચડવાની શરૂઆત થઈ. તેથી વારે વારે પંખાની પકડ ઢીલી થઈ જાય અને પંખો પડે સ્વામીશ્રી પર. તેથી તેઓની ઊંઘમાં ખલેલ પહોંચે. તેમ છતાં તેઓએ આ બાબતે યુવકોને ત્યારે કે ક્યારેય કોઈ ટકોર-ટુંકારા કર્યાં નહીં.

'નિજ મન ક્રોધ કદી નથી ભરાતા' એવા સ્વામીશ્રીની આ સ્થિરતા, સમતા અને સરળતાની ત્રિવેણીમાં એ યુવાનો ડૂબી જ ગયા. તેમાંના એક દિનેશે તો પોતાનું આયખું જ સ્વામીશ્રીને અર્પણ કરી દીધું.[૯]

ધણી છતાં ઋણી

વસોથી સ્વામીશ્રી પીજ, હાડેવા, સાયલા, લીંબાસી, માતર, ખેડા થઈને તા. ૧૬/૫ની રાત્રે સવા અગિયાર વાગ્યે અમદાવાદ પધાર્યા.

અત્રે પાટોત્સવ ઊજવીને તા. ૧૭/૫ની સાંજે ગાંધીનગરના સેક્ટર-૨૨માં આવેલા પંચદેવ મંદિરે પહોંચ્યા. અહીં શહેર સત્કાર સમિતિ વતી તેઓનું ભવ્ય સન્માન થયું. અનેક રાજકીય અધિકારીઓ, શિક્ષણવિદો, ગુણીજનોની ઉપસ્થિતિમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે સ્વામીશ્રીને સન્માનપત્ર અર્પણ કરી આનંદ અનુભવ્યો. બીજે દિવસે પણ સેન્ટ ઝેવિયર્સ શાળામાં રાજ્યના મુખ્ય સચિવશ્રી, મુખ્ય નગર આયોજકશ્રી, મુખ્ય ઈજનેરશ્રી વગેરે સંભાવિત શ્રેષ્ઠીઓની હાજરીમાં સત્કાર-સભા યોજાઈ.

ત્યારબાદ વાવોલ, સાંખેજ થઈને સ્વામીશ્રી તા. ૧૮/૫ની રાત્રે પોણા બાર વાગ્યે અમદાવાદ પરત ફર્યા.

અહીં તા. ૨૧/૫ના રોજ તેઓની પ્રમુખ-વરણીનો રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઊજવાયો. છેલ્લાં ૨૫ વર્ષથી સફળતાપૂર્વક સંસ્થાનું સુકાન સંભાળી રહેલા સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા આ અવસરે હજારો હરિભક્તો એકત્રિત થઈ ગયેલા. તેઓને સંબોધતાં ડૉક્ટર સ્વામીએ જણાવ્યું કે 'કોઈને સર્ટિફિકેટ ન આપે તેવા શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીની નિમણૂક કરીને તેઓને ધર્મધુરા સોંપી છે. આપણને કોઈ બે દિવસ માટે ગાદી સોંપે તો મૂંઝવણ થાય, કારણ કે કાયદાથી નહીં પણ સાધુતાથી અને દાસાનુદાસ-ભાવથી સૌને નિયમમાં વર્તાવવાના છે.'

મહંત સ્વામીએ પણ ગુણગાન ગાતાં કહ્યું કે 'પ્રમુખસ્વામીને ચકાસણી કરીને સ્થાપનાર શાસ્ત્રીજી મહારાજથી મોટા આપણે કોણ ચકાસણી કરનાર? જેના આશીર્વાદથી હરિભક્તોની પેઢીઓ સધ્ધર ચાલે છે, તેમણે પોતાની પેઢી સધ્ધર ન કરી હોય?'

આ વક્તવ્યો બાદ જ્યારે શાસ્ત્રીજી મહારાજનો નિમણૂકપત્ર અને

---

૯. તેઓનું દીક્ષિત નામ સાધુ ધર્મપ્રકાશદાસ રાખવામાં આવ્યું.

સ્વામીશ્રીની પ્રતિજ્ઞાનું પઠન થયું ત્યારે સૌ સ્થળ-કાળની રીતે પચીસ વર્ષ પાછળ સરકી ગયાનો અનુભવ કરી રહ્યા. જેમ જેમ તે સમયમાંથી સાંપ્રતકાળ તરફ પાછા આવતા ગયા તેમ તેમ વાસણ ઊટકવાથી શરૂ થયેલી સ્વામીશ્રીની કારકિર્દીએ, પચીસ વર્ષમાં સ્થાપી દીધેલા કીર્તિમાન સૌની નજર સમક્ષ તરવરવા લાગ્યા. તેથી સ્વામીશ્રીની પ્રતિભા વિરાટ જણાવા લાગી.

પણ ત્યાં જ સ્વામીશ્રીની *'સ્વર ગંભીર મેઘ સમાન'* વાણી રેલાઈ: 'આ ભગીરથ કાર્ય શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું છે ને તેમનાથી થાય છે. તેમણે લાકડાં અને પથ્થર પાસે કામ લીધાં છે. તેથી તેમને આપણી જરૂર નહોતી. આ તો કેવળ કૃપા કરીને જ્ઞાન પ્રવર્તાવવાની સેવા આપી છે. તમારો બધાનો આવો ભાવ છે તેથી હું ઋણી છું...'

ઋણભારથી દબાયેલા સ્વામીશ્રીના આ સ્વર-સૂરમાં પચીસ વર્ષની સિદ્ધિ-પ્રસિદ્ધિના કોઈ દર્પ-ગર્વ નહોતા. ધણી હોવા છતાં ઋણી રહેવામાં જ તેઓએ ધન્યતા માનેલી.

બારી બંધ કરો

પ્રમુખ-વરણીના દિવસે જ મંદિરમાં 'સ્વામિનારાયણ ડિસ્પેન્સરી'નું ઉદ્‌ઘાટન કરી જનસેવાનું નવતર કદમ માંડતા સ્વામીશ્રી, તા. ૨૨/૫થી ઉત્તર ગુજરાતના વિચરણમાં નીકળ્યા. આ પ્રવાસમાં મોખાસણ, કડી, કુંડાળ, શોભાસણ, ધીણોજને પાવન કરતાં તેઓ વડુ આવી પહોંચ્યા.

અહીં નાનું પણ નાજુક મંદિર તૈયાર થયેલું. તેમાં તા. ૨૫/૫ની સવારે સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા. વડુમાં આ વડું કાર્ય કરી તેઓ કરજીસણ, ભાવપુરા, ડાંગરવા થઈને ખેરાળુ પધાર્યા.

અત્રે તા. ૨૭/૫ની સાંજે વીરચંદભાઈ મોદીના ઘેર એક નાની ઓરડીમાં બેસીને સ્વામીશ્રી ભોજન આરોગી રહેલા. સામે સૌ ખીચોખીચ બેસીને દર્શન કરતા હતા. તે વખતે સ્વામીશ્રીને અણસાર આવ્યો કે 'નજીકની નાનકડી બારીમાંથી બાઈઓ પણ દર્શન કરી રહ્યાં છે.' તેથી તેઓએ તરત જ યજમાનને કહ્યું: 'બારી બંધ કરો.' તેમ થયું ત્યારે જ સ્વામીશ્રીએ શાંતિથી મોંમાં કોળિયો મૂક્યો.

જેમ શ્રીજીમહારાજે લોજમાં છિદ્ર છંદાવેલું તેમ સ્વામીશ્રીએ અહીં બારી બંધ કરાવી. *'હોય ધર્મમાં છિદ્ર જણાતું, તે તો દેખી સહન નથી*

થાતું...'ની બંનેની પ્રકૃતિ એકસમાન. શ્રીજીમહારાજ અને સ્વામીશ્રી – બંનેની મહત્તા અનર્થ-રહિત પરમાર્થ કરવામાં છે, ધર્મ-સહિત ભક્તિ કરવામાં છે.

ધાબળો સાર્થક થયો

ખેરાળુમાં પારાયણના બીજા દિવસે સ્વામીશ્રી વીસનગર, જાસ્કા અને વડનગરને લાભ આપી રાત્રે બાર વાગ્યે પુનઃ ખેરાળુ આવી ગયા.

અત્રે તા. ૨૮/૫ના રોજ પારાયણની પૂર્ણાહુતિ સભામાં તેઓએ આર્ષવાણી ઉચ્ચારતાં કહ્યું કે 'વીરચંદભાઈનો ભાવ નરસિંહ મહેતાના જેવો હોવાથી ભગવાને બધું કામ કર્યું. તેમના શુદ્ધ આશય મુજબ ગામમાં સત્સંગ થશે ને હરિમંદિર પણ થશે.'[૧૦]

આમ, ગામના વર્તમાનની સાથે ભવિષ્યને પણ ઊજળું કરતા સ્વામીશ્રી તા. ૨૯/૫ની સાંજે પાંચ વાગ્યે દાસજ આવી ગયા.

અહીં ગામમાં મંદિર માટે કૃષ્ણાર્પણ થયેલી ભૂમિ પર સભા સંપન્ન કરી, તેઓ પ્રાથમિક કુમારશાળામાં રાત્રિ-રોકાણ માટે પધાર્યા. અત્રે ઓસરીમાં સ્વામીશ્રીની પથારી કરવામાં આવેલી. સાથે ફરતા સંતો-યુવકો પણ આસપાસ પાથરેલા મોદિયા પર જ સૂતા. તેમાં સ્વામીશ્રીની બાજુમાં સૂતેલો કિશોર બિપીન રાત્રિના ઠારમાં ઠૂંઠવાયો. તેથી બચવા તેણે સ્વામીશ્રીએ જ ઓઢેલું બ્લૅન્કેટ ખેંચ્યું. ઊંઘના ઘેનમાં તે પોતાની આ ક્રિયાથી અજાણ હતો. પણ બ્લૅન્કેટ ખેંચાતાં સ્વામીશ્રી જાગી ગયા. તેઓએ જોયું કે એક કિશોર તે તાણીને સોડ વાળી ગયો છે. તેથી તેઓએ નિરાંત અનુભવતાં આંખો મીંચી દીધી. એ ઠારમાં સ્વામીશ્રી કેવળ ગાતરિયાભર સૂઈને ઠંડી સહેતા રહ્યા અને પેલો કિશોર હૂંફ માણતો રહ્યો. અલબત્ત, બ્લૅન્કેટની નહીં, પણ 'બાપા'ની !

સવારે તે કિશોર સ્વામીશ્રીને સ્નાન કરાવવા ગયો ત્યારે તેની સામું જોઈ હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'મહાત્મા કે સાથ મહાત્મા હો ગયા !'

આ વાક્યનો મર્મ તે કિશોરને ન સમજાતાં સેવકે રાત્રે તેણે ખેંચી લીધેલા સ્વામીશ્રીના બ્લેન્કેટની વાત કરી. આ વિગત જાણતાં જ એ કિશોરને ભારે દુઃખ થયું. તેણે ગળગળા સાદે ક્ષમા માંગી, ત્યારે સ્વામીશ્રીએ 'તમે ઓઢ્યો એટલે ધાબળો સાર્થક થયો' કહેતાં રમૂજની છોળ્ય ઉડાડી.

'અવગુણ ઉર જીવના ન આણે' એવા સ્વામીશ્રી પાસે ભૂલનો બદલો

---

૧૦. આ ભવિષ્ય-કથન અનુસાર સન ૨૦૦૫માં ખેરાળુના મંદિરની પ્રતિષ્ઠા થઈ.

પણ ભલો જ મળતો.

નાનામાં નાના થઈ કાર્ય કરવાનું છે

સૌનું ભલું કરવાની ભાવનાથી વિચરતા સ્વામીશ્રીએ ગામ આખાનું ભલું કરવા તા. ૩૦/૫ની સવારે દાસજમાં મંદિરનો ખાતવિધિ કર્યો. ત્યારબાદ બિલિયામાં સભાનો લાભ આપી, રાત્રે સાડા બાર વાગ્યે સુજાણપુર પધાર્યા. અહીં કથા કરીને તેઓ રાત્રે બે વાગ્યે પોઢ્યા !

બીજે દિવસે સવારે પણ કથામૃતનું પાન કરાવી, સ્વામીશ્રી રાજપુર, સિદ્ધપુર, ઊંઝા થઈને પાટણ પધાર્યા. અહીં પણ રાત્રે દોઢ વાગ્યા સુધી સભા-સંગોષ્ઠીનો લાભ આપી તેઓ સૂતા.

આમ, પોતાના કથાના કાંટાથી ઘડિયાળના કાંટાને હંફાવતા સ્વામીશ્રી, તા. ૧/૬ના રોજ પાટણમાં પ્રાસાદિક-ઐતિહાસિક સ્થળોનાં દર્શન કરીને મહેસાણા, કલોલ, અમદાવાદને પાવન કરતાં તા. ૩/૬ની સવારે મુંબઈ આવી પહોંચ્યા.

અત્રે મંદિરની સામે આવેલી ઈંગ્લિશ સ્કૂલના સંકુલમાં તા. ૩/૬ અને ૪/૬ની રાત્રે પ્રમુખ-વરણીના રજત જયંતી મહોત્સવની શાનદાર ઉજવણી થઈ. પરંતુ સ્વામીશ્રીએ તો દાસભાવનો સદાનો સૂર છેડતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજની કૃપાદૃષ્ટિથી કાર્ય થાય છે. તેઓ સાથે છે તે દરેક પ્રસંગે જણાય છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આપણા માટે દાખડો કરી ગયા. એમનો દાખડો નકામો ન જાય તે કરવાનું છે. નાનામાં નાના થઈ કાર્ય કરવાનું છે.'

કલકત્તામાં કલ્યાણના ડંકા

મુંબઈથી કલકત્તા પધારેલા સ્વામીશ્રીની ભવ્ય શોભાયાત્રા તા. ૬/૬ના રોજ આવેલી યોગી જયંતીની સવારે કાઢવામાં આવી. આખી દુનિયામાં ઉપાસનાનો અજેય અશ્વ ફેરવીને આવેલા સ્વામીશ્રીને આજે કલકત્તાવાસીઓએ કલાત્મક અશ્વરથમાં બિરાજમાન કર્યા. સાથે મહંત સ્વામી પણ બેઠા. સ્વામીશ્રી સાથે આવેલા ત્રીસ સંતોમાંથી, કીર્તનની રમઝટ બોલાવતા સંતો ગજરથમાં આરૂઢ થયા, અન્ય સૌ ભક્તો સાથે પગપાળા યાત્રામાં જોડાયા. આ રીતે એક કલાક સુધી ભવાનીપુરનાં માર્ગ-મકાનો ભજનના તાલે ઝૂમતાં રહ્યાં.

આ નગરયાત્રાના વિરામ બાદ મંદિરમાં તૈયાર થયેલા ટાવર ઘડિયાળનું

ઉદ્‌ઘાટન કરવા સ્વામીશ્રી પધાર્યા. અહીં તેઓએ દોરી ખેંચતાં જ ઘડિયાળને આવૃત્ત કરી રહેલો પડદો ખૂલ્યો અને અગિયાર વાગ્યાના ડંકા ગુંજવા લાગ્યા. ટકોરાબંધ કામ કરવા ટેવાયેલા સ્વામીશ્રીના હસ્તે વધુ એક કામ એ રીતે જ સંપન્ન થયું. આ પ્રસંગે તેઓનો મધુર સ્વર પણ આમ રણકી ઊઠ્યો: 'ભક્તોનો ભાવ સારો છે તો ડંકાનો રણકાર સારો આવે છે. જેવો ભાવ તેવો રણકાર આવે. આ ડંકા જે જે સાંભળશે તે કહેશે કે 'સ્વામિનારાયણ મંદિરના ડંકા વાગ્યા.' તો તેઓને પણ સંસ્કાર પડશે. યોગીબાપા ધામમાં બેઠાં બેઠાં સાંભળશે. અત્રે (મૂર્તિમાં) બિરાજે છે તે પણ સાંભળીને રાજી થશે.'

આ અરસામાં, દરેક સત્સંગકેન્દ્ર પોતાની શક્તિ-ભક્તિ અને બુદ્ધિ-સમૃદ્ધિ અનુસાર સ્વામીશ્રીની પ્રમુખ-વરણીના રજત જયંતી ઉત્સવની શાનદાર ઉજવણી કરી રહેલું. તે અનુસાર અહીં કલકત્તામાં પણ તા. ૧૩/૬, જેઠ સુદ ચોથના રોજ શિક્ષાયતન હૉલમાં ઉત્સવ-સભા યોજાઈ. આ અવસરે મહંત સ્વામીએ ખૂબ જ પ્રેમ અને પરિશ્રમપૂર્વક બનાવેલા પુષ્પ તથા પવિત્રાના પચીસ સેર્યના હાર વડીલ ભક્તોએ સ્વામીશ્રીના કંઠમાં આરોપ્યા. સૌની વિનંતી થતાં સ્વામીશ્રી તે હાર પહેરીને ઊભા થયા અને અલૌકિક દર્શનનું સુખ આપ્યું. તે વખતે મહંત સ્વામીએ અંજલિ આપતાં જણાવ્યું કે 'પચીસ વર્ષના તપનું ફળ કલકત્તાને ફાળે જાય છે. ભવિષ્યમાં ગ્રંથ રચાશે ત્યારે કિંમત થશે. પ્રમુખસ્વામીની તપશ્ચર્યા બીજાને માટે છે. આ તો ઘસાવાની વાત છે. રજ થઈ જવું.'

આ અવસરે સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપ્યા કે 'ભગવાનનું કાર્ય ભગવાન કરે છે. જેટલી નિષ્ઠા થઈ તેટલી સેવા થઈ એમ માનવું. પછી આપણે જેટલી સેવા કરીશું તેટલી શાંતિ થશે. શાસ્ત્રીજી મહારાજની દયા ન હોય તો આ સેવા ન મળે.'

'यह गुन साधन तें नहिं होई, तुम्हारी कृपा से पावही कोई...' આ જ સરવૈયું કાઢ્યું સ્વામીશ્રીએ પોતાની પચીસ વર્ષની કારકિર્દીનું !

ખુરશી હોય તો ચિંતા હોય ને !

કલકત્તાના રોકાણ દરમ્યાન તા. ૨૩/૬ની સવારે હાવરા તરફ જઈ રહેલા સ્વામીશ્રીની ગાડીમાં અચાનક પંક્ચર પડતાં ડ્રાઇવર મરામત કરવા બેઠો. તે સમયે નજીકમાં આવેલા 'હુગલી ડૉકિંગ ઍન્ડ એન્જિનિયરિંગ લિ.'ના

મોટા લીલા રંગના દરવાજા પાસે મૂકેલા બાંકડા ઉપર બિરાજેલા સ્વામીશ્રીએ પોતાનો ડાબો પગ નીચે જમીન પર રાખી જમણો પગ ગોઠણેથી વાળીને બાંકડાની બેઠક પર ગોઠવેલો. તે જમણા પગના ઢીંચણ પર જમણો હાથ ટેકવી માળા ફેરવી રહેલા તેઓએ ડાબો હાથ મસ્તક પર ટેકવેલો. આમ, અદલ પ્રતીક્ષામુદ્રામાં તેઓ બેઠેલા ત્યાં જ સંતોની મોટર પસાર થઈ. સ્વામીશ્રીને જોતાં સૌ ગાડી ઊભી રાખી નીચે ઊતરવા ગયા. પણ ત્યાં જ 'તમે જાઓ, અમે પાછળ આવીએ છીએ,' કહેતાં સ્વામીશ્રીએ તેઓની મુસાફરી ચાલુ રખાવી. પ્રમુખપદે પચીસ વર્ષ પસાર કર્યાં પછી પણ કેવી સૌજન્યસભર શૈલી !

સ્વયં અગવડ વેઠીને બીજાને સગવડ આપવાના ધ્યેયથી જીવતા સ્વામીશ્રી પણ અડધો કલાકમાં તો જ્યાં પહોંચવાનું હતું ત્યાં પધારી ગયા.

અહીં તેઓનું આગમન થતાં સંતોએ પૂજનવિધિ કરાવ્યો. ત્યારબાદ ચાલી રહેલી હળવી વાતોમાં ઘનશ્યામચરણદાસ સ્વામીએ રસ્તામાં બનેલા પ્રસંગના આધારે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપે પ્રમુખ તરીકેનો 'પાવર' વાપરી અમને ગાડીમાંથી હેઠે ન ઉતારી દીધા. શું આપને ખુરશી રહે કે જાય તેની ચિંતા નથી ?'

'ખુરશી હોય તો ચિંતા હોય ને !' સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા.

તેઓને મન તો પ્રમુખપદ સેવાનું સાધન હતું, સત્તાનું નહીં.

આ વાર્તાલાપમાં અમદાવાદના વિનાયકરાવ ત્રિવેદીનો પ્રસંગ નીકળતાં સ્વામીશ્રીએ કહ્યું : "તેઓને ઊંઘ ન આવે. તેથી શાસ્ત્રીજી મહારાજ પાસે આવેલા. ત્યારે તેમણે ઓશીકું ઊંચુ કરી કહ્યું : 'ઊંઘ તો અમારા ઓશીકા નીચે ઘણી છે.' પછી આશીર્વાદ આપ્યા તે એ જ દિવસથી ઊંઘ સારી આવવા લાગી."

આ સાંભળી સંતો વિનોદ કરતાં બોલ્યા : 'સ્વામી ! સારંગપુરથી પત્ર આવ્યો છે. વરસાદ નથી. તો ઓશીકા નીચેથી વરસાદ કાઢો. પરચો આપો. તો બધાને સમાસ થાય.'

'પરચાવાળો બધે વળગે. તેનું કામ નહીં. નિષ્ઠાવાળાનું કલ્યાણ થાય.' સ્વામીશ્રીએ યથાતથ કહી આપ્યું.

તેટલામાં જ આવી પહોંચેલા અમદાવાદના ખુશાલકાકાએ ગુજરાતમાં વરસાદ થયાના સમાચાર આપ્યા. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'જુઓ, ઘનશ્યામ ! તમને ધીરજ નહોતી પણ વરસાદના સમાચાર આવ્યા ને !' એમ કહેતાં રમૂજ કરી.

આ રમૂજનો રસ પીતાં પીતાં જ સૌ જમ્યા. ત્યારબાદ અલ્પ આરામ કરીને સાંજે ચાર વાગ્યે સ્વામીશ્રીએ સંતો પાસે 'સ્વામીની વાતો'માંથી પ્રથમ પ્રકરણની પહેલી ત્રણ વાતો વંચાવી. તે સાંભળી પુરાણી સ્મૃતિ કરતાં તેઓ બોલ્યા: 'અમારી સાથે ભણવામાં પુરુષોત્તમ બ્રહ્મચારી હતો. તે બહુ ચંચળ. એટલે શાસ્ત્રીજી મહારાજ મને કહે, 'તારે થોડું ચંચળ થવું અને આ પુરુષોત્તમને શાંત થવું.''

આવી કૈંક પ્રાસાદિક વાતોનો આસ્વાદ માણવામાં સાંજના છ વાગી જતાં સૌ બાસકુંજ જવા માટે ઊઠ્યા.

અહીં એક હરિભક્તના ઘેર અલ્પાહાર કરીને, ક્રાઉન એલ્યુમિનિયમ લિ.ના કારખાનામાં ગોઠવાયેલી રાત્રિસભામાં નગરયાત્રાના સ્વરૂપે પહોંચવાનું હતું. પણ આજની આ શોભાયાત્રામાં સ્વામીશ્રી સહિત સૌએ પગપાળા જ જોડાવાનું હતું! રસ્તા ઉપરથી પસાર થતી બસ અને મોટરોના હૉર્ન બૅન્ડ-વાજાંની ફરજ નિભાવવાના હતા. છતાં સ્વામીશ્રી તો પ્રેમથી પગલાં પાડવા લાગ્યા. ક્યાં પરદેશની વૈભવી ગાડીઓમાં નીકળેલી શોભાયાત્રાઓ અને ક્યાં આ પગપાળા યાત્રા! પરંતુ આ વિષમતામાંય સ્વામીશ્રીની સમતા જોઈ સૌનાં હૈયાં ગાઈ રહ્યાં: '...तस्य प्रज्ञा प्रतिष्ठिता।' – આ સ્થિતપ્રજ્ઞ પુરુષ છે.

હરિ ભજતાં સુખ હોય

તા. ૨૪/૬ની રાત્રિસભા પણ ક્રાઉન એલ્યુમિનિયમના કારખાનામાં જ યોજાયેલી, પણ આજે તો પરિસ્થિતિ વધુ વિકટ હતી. ગઈકાલની જેમ આજેય સ્વામીશ્રી પગપાળા જ સભાસ્થળે પધાર્યા ત્યારે અહીં વીજળી ગુલ થઈ ગયેલી. તેથી પેટ્રોમેક્સના અજવાળે સભા યોજાઈ! છતાં લેશ અકળામણ વિના સ્વામીશ્રી બિરાજ્યા.

આ પ્રસંગે સાહજિક વાર્તાલાપ દરમ્યાન કંપનીના મેનેજરે તેઓને પૂછ્યું કે 'સ્વામીજી! દુનિયામાં બધા ઝંઝાવાતો છે તેનો ઉપાય થશે કે નહીં?'

'ભગવાન ભજવાથી આપણને તો જરૂર શાંતિ થાય. બાકી બીજું તો ચાલવાનું, કારણ કે કોઈ કેમ ચાલે તેનું નક્કી નહીં!'

જગતને શાંત કરવા કરતાં જાતને શાંત કરવાનો ઉપાય સ્વામીશ્રીએ ચીંધી દીધો.

આ વ્યવહારુ ઉત્તરથી અધિકારીને હાશ પમાડતાં તેઓ રાત્રિસભા બાદ

અમૃતલાલ વાઢેરના ઘેર ઉતારે પધાર્યા. અહીં સ્વામીશ્રી મકાનના પહેલા માળની બહાર આવેલી ગૅલેરીમાં આવ્યા, ત્યારે ત્યાં એક પાર્ષદ હાવરાની હવા ખાઈ રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું કરો છો ભગત?'

'ખાલી સ્વામીબાપા ! નીચે જોઉં છું.'

'નીચે ના જોવું ભગત ! ચક્કર આવે તો પડી જવાય. જગત નજરમાં આવે તો મનમાં ચક્કર આવે. પછી ઘેર જવાનું મન થાય.' સંયમની પાળ સમારી આપતાં સ્વામીશ્રીએ કહ્યું.

આમ, સૌને જાણપણું આપતાં તેઓ તા. ૨૬/૬ની બપોરે હાબરા ગામે પધાર્યા. આ ગામથી બાંગ્લાદેશની સરહદ ૨૫ કિ.મી.ના અંતરે જ. આવા છેવાડાના ગામમાં તેઓ એક હરિભક્તની ઇચ્છા પૂરી કરવા પહોંચેલા.

ત્યાંથી પાછા વળતાં સ્વામીશ્રી બરાસાતમાં જશભાઈના ઘેર પધરામણી માટે રોકાયા. હાબરા જતાં પણ તેઓ અહીં આવેલા. તે વખતે આ ઘરની બાજુમાં રહેતા બંગાળી બાબુ સુધીરકુમાર કો'ક કારણસર દર્શન ચૂકી જતાં રડવા લાગેલા. ત્યારે હરિભક્તે સાંત્વન આપેલું કે 'હાબરાથી પાછા વળતાં તમારા ઘેર પગલાં કરાવીશું.'

તે અનુસાર સ્વામીશ્રી વળતી મુસાફરીમાં આ બંગબંધુને ઘેર પધાર્યા. તેઓએ યથોચિત પૂજન બાદ પોતાને પીડતા શિરદર્દથી છુટકારો મેળવવાના આશીર્વાદ માંગ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ તેઓના મસ્તકે હાથ મૂક્યો, પણ તેથી આ બાબુ મોશાયને સંતોષ ન થતાં તેઓએ તો સ્વામીશ્રીની મોજડી કાઢીને તેઓનાં ચરણ જ પોતાના મસ્તક પર સ્થાપી દીધાં ! બલિના માથે વિષ્ણુનાં ચરણની પુરાણકથા જેવી ઘટના એકાએક જીવંત થઈ ગઈ !

મિત્રની મીઠી મજાક

બરાસાતથી કલકત્તા આવી ગયેલા સ્વામીશ્રીએ તા. ૨૭/૬ની બપોરે ત્રણ વાગ્યે, C.A.G. હાઈસ્કૂલમાં પધારી વિદ્યાર્થી આલમને બ્રહ્મવિદ્યાના પાઠ ભણાવ્યા. ત્યારબાદ પૂર્વ ભારતના વિવિધ વિસ્તારોમાં વિચરણ કરવા નીકળેલા તેઓ તા. ૨૯/૬ની સાંજે છ વાગ્યે ખડગપુર આવી પહોંચ્યા.

અત્રે ગણ્યા-ગાંઠ્યા ગુણાનુરાગી ભાવિકો. પણ સૌએ શોભાયાત્રા કાઢી સ્વામીશ્રીને નગરમાં પધરાવ્યા. આ યાત્રા જ્યાં પૂરી થઈ તે ગુજરાતી મિત્ર-મંડળની શાળામાં જ રાત્રિસભા યોજાઈ.

તેમાં લાભ આપી બીજે દિવસે સ્વામીશ્રી એક શીખ ભક્તના આગ્રહથી ગુરુદ્વારામાં અને શિવાલયમાં પધાર્યા. શિવજીના આ મંદિરમાં ફળાહાર દ્વારા જીવનયાપન કરતા એક ટાટિયા મહારાજે તેઓને કેરી ભેટ ધરી. પરંતુ માત્ર ફળ પર જ નિર્વાહ કરતા તેઓને સ્વામીશ્રી કેરી પાછી આપવા લાગ્યા. ત્યારે તે મહાત્માએ 'ના' પાડતાં કહ્યું: 'आपकी दर्शन-प्रसादी मिली है, कृपा है तो बहुत हो गया।'

પ્રથમ દર્શને જ સ્વામીશ્રી વિષે *'ગુરુ સિદ્ધ છે આ સાક્ષાત્'*નો સદ્ભાવ અનેકને થઈ જતો.

તે ઝીલતાં આજે પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીને અચાનક જ શૌચ-સ્નાન કરવા જવું પડે એમ થતાં ગાડી ઉતારા તરફ વાળવાની થઈ. આ વખતે પધરામણીમાં સાથે રહેલા ઘનશ્યામચરણદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! હું આગળ જઉં અને ગરમ પાણીની સગવડ કરું.'

'સારું' કહેતાં સ્વામીશ્રીએ સંમતિ આપી. તેથી પેલા સંત નીકળ્યા.

સ્વામીશ્રી પણ પાછા વળતાં એક-બે પધરામણીઓ કરી થોડી વારમાં ઉતારે આવી ગયા.

અત્રે તેઓ શૌચ બાદ સ્નાન કરવા બેઠા ત્યારે અગાઉથી આવી ગયેલા સેવકે પાણીની ચાર બાલદી ભરી રાખેલી. તે જળ વડે સ્વામીશ્રી લોટો લઈ સ્નાન કરવા લાગ્યા.

તેટલામાં જ એ સંત પણ ત્યાં આવ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'ઘનશ્યામ! થોડું ઠંડું પાણી લાવો. આ પાણી બહુ ગરમ છે.'

આ સાંભળતાં જ તે સંતે 'પાણી કેવું ગરમ છે?' તે જોવા બાલદીમાં હાથ નાંખ્યો, પણ ત્યારે તેઓને ખબર પડી કે 'પાણી તો હિમ જેવું ઠંડું છે!'

તે વખતે સ્વામીશ્રી ખૂબ જ હસવા લાગ્યા અને બોલ્યા: 'આ તો તમે ઉતાવળ કરીને આવ્યા હતા ને કે પાણી ગરમ કરવું છે. તે ઘણું જ ગરમ પાણી છે.'

ગરમ પાણી કરવા અગાઉથી આવેલા એ સંત અહીં આવીને કંઈક કામમાં પરોવાઈ જતાં ગરમ પાણી કરવાની વાત જ વીસરી ગયેલા; પણ સ્વામીશ્રીએ તે બદલ કોઈ ધોખો ન કરતાં મિત્રભાવે મીઠી મજાક કરી લીધી!

મુશ્કેલીને પણ મજાકનો વિષય બનાવી, હસતા રહેતા તેઓની પ્રફુલ્લિતતાને કોઈ હરી-હણી શકે એમ નહોતું!

લોચા લોચા

ખડગપુરથી તા. ૧/૭ની બપોરે જમશેદપુર પધારેલા સ્વામીશ્રીને અહીં એક વાર પધરામણીએથી ઉતારે પરત ફરતાં મોડું થયું. ભોજનથી પરવારીને હજી તેઓને સભામાં પહોંચવાનું હતું. તે વખતે તેઓ અચાનક જ સંતોને 'લોચા... લોચા...' કહેવા લાગ્યા. સંતોને આ સંભળાયું ખરું પણ સમજાયું નહીં, તેથી સૌ વિચારે ચડી ગયા કે 'શું લોચા ?! અને શાના લોચા ?!'

એટલામાં સ્વામીશ્રી ફરી બોલ્યા : 'શું ઊભા છો ? લોચા... લોચા...'

હવે તો સંતો ખરેખરા મૂંઝાયા. તે વખતે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'ચાલો... ચાલો... મોડું થયું છે પણ ઝટપટ સભામાં પહોંચી જઈએ.'

તેઓએ આમ ફોડ પાડતાં સૌ ખડખડાટ હસી પડ્યા.

સ્વામીશ્રી 'ચાલો... ચાલો...'ને અવળું બોલી 'લોચા... લોચા...' કહી રહેલા. ઝપાટાબંધ વિચરણમાં પણ તેઓની હળવાશ આવી અકબંધ રહેતી. તેથી સૌને તેઓ પાસે ખૂબ આનંદ આવતો. આનંદની એ ઊછળતી છોળ્યોને કારણે ક્યારેક તો ગુરુ-શિષ્ય વચ્ચે રહેલી મર્યાદાની પાળ પણ તૂટી જતી.

સ્વામીશ્રીના વક્તવ્યમાં 'ત્યારે કહેવાનું શું કે...', 'ફરીથી પણ...' વગેરે શબ્દો તકિયા કલામની જેમ આવ્યા કરે. તેમાંય ખાસિયત એવી કે પ્રવચન પૂરું થવાની અણી પર હોય ત્યાંથી વળી વાત ઊપડે અને બીજી પાંચ-દસ મિનિટ ખેંચાઈ જાય.

અહીં પણ એક વાર આમ બનતાં સભા બાદ રાત્રે ઉતારે ભેગા થયેલા સંતો વચ્ચે આ વિશેષતાની વાતો ચાલી રહેલી. તે વખતે સ્વામીશ્રી પધારતાં સંતોએ તેઓને પણ કહ્યું કે 'તમે તો આજે 'ત્યારે કહેવાનું શું... ત્યારે કહેવાનું શું...' કહીને પ્રવચન ઘણું લંબાવી દીધું.'

આ સાંભળીને સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'ત્યારે એ તો કહેવાનું શું કે મહાત્મા કહેવાય પણ આવડે કાંઈ નહીં.'

એ જ શબ્દ દોહરાવીને તેઓએ ગમ્મત-ગોટો વધુ ગાઢ કરી આપ્યો. તેમાં ખોવાઈ ગયેલા સૌ ભૂલી ગયા કે *'જેના તન એક રોમના તેજમાં, કોટિ સૂર્ય શશી લીન થાય; ન જરીયે જણાય, તે પ્રભુજી પધારીઆ...'*

પોતાની મોટ્યપ દાબીને સૌ સાથે હળી-મળી જવાની સ્વામીશ્રીની કળા અકળ હતી.

કરે ખ્યાલ અલૌકિક ઘડી રે ઘડી

જમશેદપુરના નિવાસ દરમ્યાન જ્યુબિલી બાગ, રોઝ ગાર્ડન અને દીમ્ના સરોવરને દૃષ્ટિપૂત કરી, સ્વામીશ્રી તા. ૩/૭ની સવારે રાંચી તરફ પ્રયાણ કરવાના હતા. આ પ્રવાસ માટે બે મોટરોની જ વ્યવસ્થા થતાં તેમાં સમાય એટલા સંતો આગળ લાભ લઈ શકે તેમ હતું. લાભમાં મુકાનારો આ કાપ બાકી રહી જનારા સંતો-ભક્તો માટે ઘણો વસમો સાબિત થયો. અમૃતની કટોરી પીતાં પીતાં જ કો'ક આંચકી લે તે કોને ગમે?

પણ સંતો-ભક્તોની આ વ્યથા સ્વામીશ્રીથી અજાણી ન રહી. સંતાનની પીડા 'મા'થી અછતી કેવી રીતે રહે?! તેથી સ્વામીશ્રીએ યજમાન નગીનભાઈ દ્વારા એક મોટી બસનું આયોજન ગોઠવાવ્યું અને સૌ સંતો-યુવકોને આગળની યાત્રામાં પણ સાથે જ લીધા. ત્યારે તે બધાનાં હૈયાં ગાવાં લાગ્યાં: *'કરે ખ્યાલ અલૌકિક ઘડી રે ઘડી...'*

આ રીતે જમશેદપુરથી નીકળેલો સંઘ બપોરે સવા વાગ્યે રાંચી પહોંચ્યો. અહીં સ્વામીશ્રીએ સાત પધરામણીઓ બાદ સાંજે છ વાગ્યે ગુજરાતી વિદ્યાલયમાં સભાનો લાભ આપ્યો. તે પછી તા. ૪/૭ની બપોરે એક વાગ્યે બોકારોને પાવન કરી, રાત્રે ચાસના જૈન સભાગૃહમાં સભા યોજી.

અહીંથી પુનઃ બોકારો આવેલા સ્વામીશ્રીએ તા. ૫/૭ની પ્રાતઃપૂજા બાદ કથામૃત પીરસતાં કહ્યું કે 'આજે નિરાંત... જમવાનું નહીં એટલે ઉપાધિ નહીં...' આજની એકાદશીના સંદર્ભમાં તેઓ આમ કહી રહેલા. પછી આનંદ કરાવતાં બોલ્યા: ''પહેલાના વખતમાં એવું કહેતા કે *'એકાદશીનો દા'ડો, દરશન કરવાને સૌ ચાલો, મારા બંધુ! અક્ષરધામ લેવું સ્હેલ છે...''* એમ કહી સ્વામીશ્રીએ બોકારોથી વિદાય લીધી અને અગિયાર વાગ્યે ધનબાદ આવી પહોંચ્યા.

અહીં સંદીપ ફર્નિચર માર્ટ નામની દુકાનમાં તેઓનો ઉતારો હતો! ભોજનમાં તો હડતાલ હોવાથી બપોરે ત્રણ વાગ્યા સુધી સ્વામીશ્રીએ પત્રકચેરી ચલાવી. ત્યારબાદ આઠેક પધરામણીઓ કરીને ઝરિયા પધાર્યા.

આ આખો વિસ્તાર કોલસાની ખાણોથી સમૃદ્ધ. તેથી વ્યવસાય માટે વસેલા થોડા-ઘણા ગુજરાતીઓ ખરા. તે સૌના લાભાર્થે લોહાણા મહાજન વાડીમાં સભા કરીને સ્વામીશ્રીએ રાત્રે નવ વાગ્યે કુમારધુબીને પાવન કર્યું.

પરમાર્થ અર્થે આવિયા

કુમારધુબીમાં તા. ૬/૭ની સવારે પારણાં કરીને સ્વામીશ્રી ૬૦ કિ.મી. દૂર આર્દ્રા ગામે પહોંચ્યા. આ ગામ બંગાળની સરહદમાં વસેલું. અત્રે પધારવાનું પ્રયોજન એક હરિભક્તનો મનોરથ પૂરો કરવો એ જ હતું. અહીં રહીને રેલવે કોન્ટ્રાક્ટનો વ્યવસાય કરતા ધીરજલાલ સ્વામીશ્રીને જમાડવા અધીરા બનેલા. તેઓને ત્યાં ભોજન લઈ સ્વામીશ્રી બપોરે સાડા ત્રણ વાગ્યે યજમાને ગોઠવેલી રેલવે કર્મચારીઓની સભામાં પધાર્યા. આ સભા બાદ વરસતા વરસાદમાં જ ચાર પધરામણીઓ કરીને સાંજે છ વાગ્યે પુનઃ કુમારધુબી આવી ગયા. આમ, એક હરિભક્ત માટે તેઓએ જાણે સમગ્ર દિવસ ફાળવી દીધો હોય તેવું થઈ રહ્યું.

'પરમાર્થ અર્થે આવિયા, નિજ સ્વાર્થ નહિ લવલેશ' મુજબ સ્વામીશ્રીનું વિચરણ ચાલતું. તે સિવાય આવો દાખડો અને દરકાર કેવી રીતે થઈ શકે?

આ ભાવના સાથે સ્વામીશ્રી તા. ૭/૭ની સવારે બારાકર નદી પર બાંધેલા મૅથોન બંધની મુલાકાતે પધાર્યા. અહીં જળાશયમાં નૌકાવિહાર બાદ, કેટલીક પધરામણીઓ કરીને તેઓ ઉતારે પહોંચ્યા ત્યારે બપોરના ભોજન પછી ચાલતી કથામાં ગઢડા અંત્ય પ્રકરણનું સત્તરમું વચનામૃત વંચાતું હતું. તેમાં ભરતજીએ મૃગલા પર દયા કરી તે સંદર્ભમાં શ્રીજીમહારાજે વાપરેલા શબ્દો 'તે પાપે કરીને મૃગનો દેહ આવ્યો' તે વંચાયા. તે સાંભળી એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછ્યું: 'દયા કરવી તેમાં પાપ શા માટે?'

ત્યારે તેઓએ ઉત્તર કર્યો કે 'ભગવાન વિના બીજે બંધન થાય તેવું હેત કે દયા તે પાપ છે. દયા રાખવી તે માપમાં રાખવી. પણ તેનું જ ચિંતવન થાય અને મોક્ષના માર્ગમાંથી પાડે તેવી દયા કે હેત ન રાખવું. ભરતજીને જો ગુરુ ન મળ્યા તો બંધન થયું.'

દયાને દોષદૂષિત થતી બચાવવાનું સચોટ માર્ગદર્શન સ્વામીશ્રીએ આપી દીધું. સમાજસેવાનો ધર્મ અને મર્મ, બંનેને તેઓએ યથાર્થ ઝીલેલો.

તે અનુસાર કર્મ કરતાં, સ્વામીશ્રીએ તા. ૮/૭ની બપોરે ત્રણ વાગ્યે કલકત્તા જવા વિદાય લીધી. આ માર્ગે દુર્ગાપુરમાં પધરામણી કરીને તેઓની મોટર કલકત્તા તરફ ગતિ કરી રહેલી ત્યારે સાડા પાંચ વાગ્યાના સુમારે ભૂકંપના આંચકાથી ધરતી ધ્રૂજી ઊઠી. સાત સેકન્ડ સુધી આ કુદરતી કોપ

ચાલ્યો, પરંતુ સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે હેમખેમ કલકત્તા આવી ગયા. અત્રે તેઓની નિશ્રામાં તા. ૧૦/૭ની સવારે ઊજવાયેલા રથયાત્રા ઉત્સવ સાથે બંગાળ-બિહારના કાર્યક્રમ પર પૂર્ણવિરામ મુકાયું.

બાલપ્રભુની લીલાભૂમિમાં

કલકત્તાથી અયોધ્યા, છપૈયાનાં દર્શન માટે નીકળેલા સ્વામીશ્રી સાથે ૧૧૩ ભક્તોનો વિશાળ સંઘ તા. ૧૧/૭ની સાંજે પંજાબ મેલ દ્વારા વારાણસી જવા રવાના થયો. ૭:૫૫ વાગ્યે ઊપડેલી આ ટ્રેનમાં સાડા દસ વાગ્યા સુધી સ્વામીશ્રીએ પત્રવ્યવહાર ચલાવ્યો.

બીજે દિવસે સવારે લક્સર સ્ટેશન પર સ્નાન-પૂજાનો વિધિ કરીને મુગલસરાઈ સ્ટેશન આવતાં તેઓ ડબ્બે ડબ્બે સૌને 'જય સ્વામિનારાયણ' કહેવા પધાર્યા. સળંગ ડબ્બા હોવાથી એક પછી એક દરેકને આ લાભ મળી ગયો. દર્શનદાન બાદ સંતોના ડબ્બામાં બેસી સ્વામીશ્રીએ કીર્તનો ગાવા આજ્ઞા કરી, ત્યારે સૌએ *'નામ જપન ક્યૂં છોડ દિયા...', 'જબ જાનકીનાથ સહાય કરે...', 'મારા વા'લાજી શું વા'લપ...'* અને *'મારા હરજી શું હેત...'* કીર્તનો ગાયાં. સ્વામીશ્રી તેનો મર્મ સમજાવતા ગયા.

આમ, સેવા-ભક્તિના પાટે પંથ કાપતાં તેઓ સવારે સવા દસ વાગ્યે વારાણસી પહોંચ્યા.

અહીં એક દિવસનો મુકામ કરીને તા. ૧૩/૭ની સવારે સ્વામીશ્રીએ મેટાડોરમાં છપૈયા જવા પ્રયાણ કર્યું, પણ વચ્ચે ગાડી બગડતાં પોણા ત્રણ વાગ્યે છપૈયા પધાર્યા. અત્રે પ્રથમ નારાયણ સરોવરમાં સ્નાન બાદ તેઓ શ્રીજીમહારાજના જન્મસ્થાને પધાર્યા. અહીં દર્શન કરતા સ્વામીશ્રીની મુગ્ધતા અનેરી હતી. નીરખી-નીરખીને તેઓએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી અને વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન ગજાવી.

આ રીતે સર્વ સ્થળે દર્શન કરીને સભામંડપમાં પધારેલા સ્વામીશ્રી માટે સ્થાનિક મહંતશ્રીએ ગાદી-તકિયા બિછાવી દીધેલાં અને પોતે સ્વામીશ્રીની બાજુમાં સાવ નીચે જ બેસી ગયા. સભા બાદ સ્વામીશ્રીએ ગામનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરીને મંદિરમાં સંધ્યા-શયન આરતીનો લાભ લીધો. અંતે સભામંડપના ઉપલા માળે છેલ્લેથી બીજા ઓરડામાં તેઓ પોઢવા પધાર્યા.

અહીંથી તા. ૧૪/૭ની વહેલી સવારે પોણા પાંચ વાગ્યે જાગ્રત થઈને

સ્વામીશ્રી નારાયણ સરોવરમાં સ્નાન કરવા પહોંચ્યા. ત્યારબાદ સરોવરના તટ પર જ પ્રાતઃપૂજા કરી, સવા નવ વાગ્યે અયોધ્યા જવા પ્રસ્થાન કર્યું. રસ્તામાં મોટર કાદવના કળણમાં ફસાઈ, પણ સંતોએ આખી મોટર ઊંચકીને બાજુમાં મૂકી દઈ મુશ્કેલી દૂર કરી દીધી.

આ રીતે સવારે અગિયાર વાગ્યે સ્વામીશ્રી અયોધ્યા પહોંચ્યા ત્યારે સરયૂ બેય કાંઠે ઉફાણે આવીને પુરપાટ વહેતી હતી. છતાં તેઓએ ઠાકોરજીને સ્નાન કરાવી પોતે પણ સ્નાન કર્યું.

સરયૂસ્નાન બાદ હનુમાનગઢી, રામ જન્મભૂમિ, રામ રાજગાદી, કૈકેયી મહેલ, કનક ભુવન વગેરે સ્થળે જઈ સ્વામીશ્રી સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. અત્રે ભોજન અને અલ્પ વિશ્રામ લઈ ધર્મ-ભક્તિનાં સ્મૃતિસ્થાન, રામાનંદ સ્વામીનું જન્મસ્થાન, હલવાઈની દુકાન, આંબલી, મહાદેવનું દેરું વગેરે પ્રાસાદિક સ્થળે શીશ નમાવી, તેઓ શાહગંજ થઈ સાંજે પોણા સાત વાગ્યે જૌનુપર આવી પહોંચ્યા. અહીં પચીસેક ગુજરાતી કુટુંબો વસતાં હતાં. આ ભાવિકોને બે કલાકનો ધર્મલાભ આપી રાત્રે અગિયાર વાગ્યે કાશી પધારી ગયા.

જેમ પડે જનને પાંસરું

તા. ૧૫/૭ની સવારે કાશીનાં તીર્થસ્થાનોમાં દર્શન કરવા પધારેલા સ્વામીશ્રીએ પ્રથમ સ્વામિનારાયણ મંદિરે જઈ ગંગા-ઘાટે સ્નાન કર્યું. ત્યારબાદ વીસેક પધરામણીઓ કરી બાર વાગ્યે કાશી વિશ્વનાથ મંદિરે પહોંચ્યા.

અહીં પૂજારી-પંડિતે સ્વામીશ્રીના ભાલે ચંદનની આડ કરી. આ પૂજા સ્વીકારી સ્વામીશ્રીએ સીડી પર ચઢીને સુવર્ણમંડિત શિખરનાં દર્શન કર્યાં.

અહીંથી તેઓ બાકીની પધરામણીઓ કરવા નીકળ્યા, પણ જબરજસ્ત વરસાદ તૂટી પડ્યો. છતાં તેઓએ પધરામણીઓ તો ચાલુ જ રાખી. પરંતુ થોડી વારમાં તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં ગોઠણ સુધી પાણી ચડી આવ્યું. તેથી સ્વામીશ્રી મોટરમાંથી ઊતરીને રિક્ષામાં બેઠા. એ રિક્ષાને યુવકો ધક્કો મારે. પણ ખાડામાં રિક્ષા ભરાઈ જતાં અંતે સ્વામીશ્રી પાણી ડહોળતાં ડહોળતાં તથા દાદરા ચઢીને પધરામણીઓ કરવા લાગ્યા.

આ રીતે *'જેમ પડે જનને પાંસરું, તેમ કરે છે એ કૃપાનિધિ...'* મુજબ તેઓ નિર્ધારિત કાર્યક્રમ પૂર્ણ કરીને બપોરે છેક બે વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા.

ત્યારબાદ આજની રાત્રે નાગરી નાટક મંડળીના હૉલમાં યોજાયેલી સ્વામીશ્રીની સત્સંગ-સભામાં વારાણસીના પૂર્વ મેયર, કાશી હિંદુ વિશ્વ-વિદ્યાલયના પ્રાધ્યાપકો સહિત ૪૦૦ ઉપરાંત ગુણભાવીઓ એકત્રિત થયેલા.

તે સૌને ધર્મલાભ આપી, સ્વામીશ્રી તા. ૧૬/૭ની સવારે સાડા આઠ વાગ્યે 'વારાણસી એક્સપ્રેસ' દ્વારા મુંબઈ જવા વિદાય લેવાના હતા. આ મુસાફરી ૩૬ કલાકની હોવાથી વારાણસીના હરિભક્તોએ સુખડીનાં ભાથાં બાંધી આપીને કંઈક ઋણાભિવ્યક્તિ અનુભવી. છતાં સ્ટેશન પરથી સ્વામીશ્રીની વિદાયનું દૃશ્ય હૃદયદ્રાવક બની રહ્યું. વારાણસીમાં તો સ્વામીશ્રી ત્રણ જ દિવસ રોકાયેલા, તોય આ શહેરવાસી ભક્તોની આંખોના ખૂણા ભીના થઈ ગયા; તો ૪૨ દિવસથી સ્વામીશ્રીનો સહવાસ માણી રહેલા કલકત્તાવાસી ભક્તો ચોધાર આંસુ સારી રહ્યાં હોય તેમાં શી નવાઈ ?! પ્રસાદ, પધરામણી, પરાવાણી વગેરે દ્વારા સ્વામીશ્રીએ વરસાવેલો અનરાધાર પ્રેમ સૌની આંખો સમક્ષ તરવરવા લાગ્યો. *'સંયોગમાં એ નવ જણાયે, પણ વિયોગે વિલખે પ્રાણ...'*ની જેમ, વિદાયવેળાએ પ્રેમની અનુભૂતિ વધુ તીવ્રતાથી થઈ રહી.

અંતે અક્રૂરના રથ સમો અગ્નિરથ ઊપડ્યો. પેલો રથ ધૂળ ઉડાડતો ચાલેલો, આ ધુમાડા ઉડાડતો નીકળ્યો. પણ બંનેએ કામ એક જ કર્યું – વિયોગરોગને વધારવાનું.

ટ્રેનની આ યાત્રામાં અલાહાબાદ, સતના, કટની, જબલપુર, ઇટારસી વગેરે સ્ટેશનો પસાર થતાં તા. ૧૭/૭ની સવારે સાડા સાત વાગ્યે ખંડવા આવ્યું. અહીં સ્વામીશ્રીએ સ્નાન-પૂજા કર્યાં. ત્રીસેક સ્થાનિક હરિભક્તોને આ દર્શનનો લાભ આપી મુસાફરી આગળ વધી. તેમાં બુરાનપુર, ભુસાવળ, મનમાડ વટાવી ટ્રેન ઈગતપુરી આવી પહોંચી. અહીં ટ્રેનમાં જ શૌચ-સ્નાન કરી સ્વામીશ્રી રાત્રે આઠ વાગ્યે દાદર સ્ટેશને પધાર્યા.

મહિમા મોટો મનમાં ધરે

મુંબઈમાં રોકાણ દરમ્યાન તા. ૧૯/૭ના રોજ દેવપોઢી એકાદશી આવી ત્યારે સ્વામીશ્રીએ પણ એક મહિનાનાં ધારણાં-પારણાં કરવાનું વ્રત લીધું. તે જોઈ કોઠારી સ્વામી વગેરે સંતોએ વિનંતી કરી કે 'આપ આ વર્ષે ધારણાં-પારણાં ન કરો. આપના વતી આપ કહો તે મુજબ સંતો વિશેષ તપ કરશે.'

પરંતુ આ વિનંતી તો સૂર્યતાપથી ઝાકળ ઊડે તેમ ઊડી ગઈ અને

સ્વામીશ્રી પધરામણીઓ માટે નીકળી ગયા!

અહીંથી તેઓ તા. ૨૧/૭ની સવારે વિદાય લઈ રાત્રે સાડા અગિયાર વાગ્યે અટલાદરા આવી પહોંચ્યા. અત્રે તા. ૨૨/૭ની સવારે 'અખિલ ભારતીય યુવક મંડળ'ના મુખ્ય કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરીને તે જ દિવસની રાત્રે સાડા નવ વાગ્યે સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

અહીં આવતીકાલની ગુરુપૂનમ નિમિત્તે આવી ગયેલા સત્સંગીઓને આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: 'હજારો હરિભક્તોનાં દર્શન ક્યાંથી? આ તો સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા. સમૂહમાં અગવડ-સગવડ પડે પણ અહીં દર્શન તો થાય છે! અંતકાળે સમૈયો યાદ આવે તો શ્રીજીમહારાજ ને સંતો તેડવા આવે. માટે લાભ લઈ લેવો. અનંત જન્મ ધરીએ તો પણ આવો લાભ ક્યાંથી મળે?'

સમૈયા અને સત્સંગીઓ પ્રત્યે સ્વામીશ્રીની મહિમાદૃષ્ટિ અતિ અલૌકિક હતી.

આ જ ભાવથી બીજા દિવસે ગુરુપૂનમની સભા બાદ બાર હજારની મેદનીને વ્યક્તિગત દર્શનનો લાભ આપીને સ્વામીશ્રી અઢી વાગ્યે ભોજન માટે બિરાજ્યા. તે પછી શરૂ થયેલી સંસ્થાકીય મીટિંગની કાર્યવાહી ઘણી લાંબી ચાલતાં તેઓ રાત્રે બે વાગ્યે આરામમાં પધાર્યા.

માન-અપમાને સમ ચિત્ત રે

ગુરુપૂનમના સમૈયા બાદ પારાયણોના પ્રસંગ નિમિત્તે બોચાસણમાં જ રોકાયેલા સ્વામીશ્રી ગામમાં પધરામણીઓ પણ કરતા.

આ ક્રમમાં નીકળેલા તેઓ એક હરિભક્તના ઘરમાંથી બહાર નીકળ્યા ત્યારે પાડોશીના ઘરના બારણે એક વડીલ ઊભેલા. તેઓને જોઈ સ્વામીશ્રીએ પ્રેમથી 'જય સ્વામિનારાયણ' કહ્યા.

પણ આ સાંભળતાં જ એ આધેડ વયનો આદમી ઘૂરક્યો. તેણે અતિ તિરસ્કારથી સ્વામીશ્રીને કહ્યું: 'જાવ, જાવ હવે. હું કાંઈ આપવાનો નથી.'

'મારે કંઈ જોઈતું પણ નથી. હું તો 'જય સ્વામિનારાયણ' કહું છું.' સ્વામીશ્રી શાંતિથી બોલ્યા.

પણ પૂર્વગ્રહની પીડાથી કણસતા એ વડીલને સ્વામીશ્રીનાં શાંત વાણી-વદન પણ માફક આવ્યાં નહીં અને વળી ગુસ્સો ઓક્યો કે 'હા, હા. મને

ખબર છે. આમ કહીને માંગતાં સારું આવડે છે. પણ હું એમ આપીશ નહીં. તમતમારે સીધા ચાલ્યા જાવ.'

અકારણ આવેલા આ અપમાનથી લેશ વિચલિત થયા વિના સ્વામીશ્રી ચાલી નીકળ્યા. માથે પુષ્પ પડે કે પથ્થર, તેઓની મુખાકૃતિ સહેજ પણ તરડાતી-ખરડાતી નહીં.

આવા *'માન-અપમાને સમ ચિત્ત રે'* સ્વામીશ્રી બોચાસણથી ભાદરણ, કરમસદ અને વલાસણ થઈને રાત્રે વિદ્યાનગર આવી પહોંચ્યા.

આજે એકાદશી હોવાથી અહીં ૮૫ યુવાનોએ નિર્જળા ઉપવાસ કર્યા હતા. તે સૌ પર પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ખારાપાટમાં મીઠી વીરડી સમાન આ છાત્રાલય છે. અહીં જ શાંતિ છે.'

આ શાંતિના સરોવરને પોતાના સાંનિધ્યથી છલકાવતાં સ્વામીશ્રી વિદ્યાનગરથી નાપા થઈને બોરસદ પધાર્યા. અહીં પુનિત હૉલમાં શહેરના શ્રેષ્ઠીઓ દ્વારા આયોજિત સભામાં લાભ આપી તેઓ રાત્રે બોચાસણ પહોંચ્યા.

હજી તો અહીંથી વિદાય થયે તેઓને માંડ પાંચ જ દિવસ થયેલા. છતાં મોટી સંખ્યામાં દર્શન માટે દોડી આવેલા ભક્તોએ ઉષ્માસભર સ્વાગત કર્યું. આ જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ઘરમાં આયા ને હવે શેનાં વાજાં? આજે બોરસદમાં સમૈયો સારો થયો. પહેલાં કોઈ જ નહોતું. એક વકીલ હતા. જઈને ઊભા રહીએ તો પાણીનોય ભાવ ન પુછાય. પણ હવે જાગ્રત થયું. એક પાક્યા તો અનેક થયા. હવે તો બધેય આભ ફાટ્યું છે. બધેય બધા પ્રવચન કરતા થઈ ગયા. નાના-મોટા બધાયને સ્વામીની દૃષ્ટિ થઈ તો સત્સંગ થઈ ગયો. સર્વને શાંતિ થઈ ગઈ. લ્યો, ત્યારે, સહજાનંદ સ્વામીની જય. *આંબે આયો મો'ર ને વાત થઈ'તી પો'ર...'*

આમ, સ્મરણીય સમાપન કરી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે નિદ્રાધીન થયા.

बड़ो दान सन्मान

તા. ૫/૮ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે ઠાકોરજીને ગુલાબનાં ફૂલોથી ગરકાવ કર્યા હતા. તે જોઈ એકદમ રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'વાહ... વાહ... પૂજારી! પ્રેમલક્ષણા ભક્તિ દેખાય છે. આવું ને આવું અખંડ રાખજો.' કદરદાની એ સ્વામીશ્રીનો સાહજિક સ્વભાવ હતો.

તે સાથે મંદિરમાં દર્શન-આરતી કરીને તેઓ સભામાં પધાર્યા ત્યારે કથા કરી રહેલા ડૉક્ટર સ્વામીએ કહ્યું: 'આજે સ્વામી બોચાસણમાં હવા ખાવા જ આવ્યા છે. કશું જ લેવાના નથી.'

ધારણાં-પારણાંના વ્રતમાં આજે ઉપવાસનો દિવસ હોવાથી તેઓએ આમ મર્મ કર્યો. તે સાંભળી સ્વામીશ્રી સહિત સમગ્ર સભા હસી પડી.

આ હાસ્યરસ સાથે સભા સમાપ્ત કરીને દસ વાગ્યે કાર્યલક્ષી મીટિંગોમાં પરોવાયેલા સ્વામીશ્રી, બપોરે ચાર વાગ્યા સુધી એકધારી કાર્યવાહી કરી, સાંજે ધર્મજ આવી પહોંચ્યા. અત્રે પણ અઢાર પધરામણીઓ કરી સભામાં બિરાજેલા તેઓએ 'ભક્તચિંતામણિ'ના આધારે બે કલાક સુધી એવો કથારસ રેલાવ્યો કે જાણે આખા દિવસનો શ્રમસભર ઉપવાસ કર્યો જ નથી!

આ પ્રફુલ્લિતતા સાથે તેઓ મહેન્દ્રભાઈના ઘેર આરામ કરવા પધાર્યા ત્યારે સહજભાવે બોલ્યા: 'પર્વતભાઈ, દાદાખાચર જેવી ભક્તિ આ ભાઈઓની કેટલાંય વર્ષોથી દેખાય છે. સત્સંગ કર્યા જ કરે છે.'

સ્વામીશ્રીનો આજનો દિવસ શરૂ થયેલો પૂજારી સંતની પ્રશંસાથી અને દિવસ પૂરો થયો ભક્તની કદરથી! 'हेमदान गजदान तें, बड़ो दान सन्मान' મુજબ, તેઓ જ્યાં સારું-સાચું જણાય તેને બિરદાવી સૌમાં પ્રેરણાનો પવન ફૂંકતા રહેતા.

આમોદમાં મોદ વધાર્યો

તા. ૬/૮ની સવારે સ્વામીશ્રીએ પૂજા બાદ ૧૫૦ હરિભક્તોની સાથે બિરાજી અલ્પાહાર ગ્રહણ કર્યો. ભોજનમાં વાનગી વધે તેમ નહીં, પણ વ્યક્તિ વધે તેમ તેઓ રાજી થતા. ત્યારબાદ ગામમાં ત્રીસેક પધરામણીઓ કરીને તેઓ વીરસદ થઈ આમોદ જવા નીકળ્યા.

ચરોતરની મધ્યમાં વસેલું આ ગામ સ્વામીશ્રીની પદરજથી પ્રથમ વાર જ પાવન થતું હોવાથી, તેઓની પધરામણી થતાં જ ઢોલ ઢબૂક્યાં, ત્રાંસાં ખખડ્યાં અને બૅન્ડ-વાજાં ગગડી ઊઠ્યાં. આખા ગામમાં નગરયાત્રા ફરી. ગામની ભાગોળે સભા રાખવામાં આવેલી. લિંબતરુ નીચે ચોતરા પર સ્વામીશ્રીનું આસન સજાવેલું. તે પર બિરાજીને રાત્રિના પોણા બાર વાગ્યા સુધી સ્વામીશ્રીએ ધર્મલાભ આપ્યો. ગામવાસીઓ માટે આ પ્રથમ પ્રસંગ હતો, પણ સ્વામીશ્રીને તો આ રોજનો ક્રમ હતો.

તેઓની આ સભાના પડઘારૂપે બીજે દિવસે પ્રાતઃપૂજા બાદ કંઠી ધારણ કરાવવા માટે પણ ઘણો ધસારો થયો.

દર્શનાર્થીઓના આ ક્રમમાં શાસ્ત્રીજી મહારાજના સમયના સંત હરિદાસ[11] સ્વામીશ્રીને મળવા આવી ચડ્યા. તેઓને જોતાંવેંત સ્વામીશ્રી ઓળખી ગયા. આસપાસ ઊભેલા નવા સંતોને ઓળખાણ કરાવવા લાગ્યા કે 'આ અમારા હરિદા'. બહુ સેવા કરતા. પૂજારી, ભંડારી, કોઠારી, ખેતીવાડીમાં બધે કામ કરે. અટલાદરામાં પહેલાં આ હતા. પછી અક્ષર સ્વામી આવ્યા હતા. બોચાસણમાં કાયમ રહેતા.'

એમ તેઓની સેવાઓને સંભારી સ્વાસ્થ્યની કુશળતા પૂછી. શાસ્ત્રીજી મહારાજના સાધુ માટે તો પ્રાણ પાથરી દેવાની વાત પણ સ્વામીશ્રીને ઓછી લાગતી. તેથી કંઈપણ જરૂરિયાત હોય તો જણાવવા કહ્યું. ત્યારબાદ તેઓ પધરામણીએ નીકળ્યા.

ગામ નવું. તેથી ઉત્સાહ ખૂબ. એટલે ભજન-મંડળી અને બૅન્ડ-વાજાં સાથે પધરામણીઓ ઊપડી. વીસની સંખ્યામાં પધરામણી નોંધાયેલી પણ ૭૨ સુધી પહોંચી. પ્રથમ આગમનમાં જ ગામ સ્વામીશ્રી પાછળ ઘેલું બની ગયું.

પધરામણી બાદ પ્રાથમિક શાળામાં ૫૦૦ વિદ્યાર્થીઓને સ્વામીશ્રીએ સંબોધ્યા. ત્યાંથી 'ધ ઈંગ્લિશ ન્યૂ સ્કૂલ'માં પધાર્યા. અહીં દરેક વર્ગમાં પગલાં કરી ઉતારે આવ્યા ત્યારે પોણા બે વાગેલા.

આજે ઉપવાસ હોવાથી ભોજન-આરામની ચિંતા નહોતી. તેથી પોણા ચાર વાગ્યા સુધી સ્વામીશ્રીની પત્રકચેરી ખૂલેલી રહી. ત્યારબાદ તેઓ ગામના રામજી મંદિરમાં દર્શન કરીને પંડોળી, નાર થઈ તારાપુર આવી પહોંચ્યા.

અહીં મંદિર હકડેઠઠ ભરાઈ ગયેલું. પણ મંદિરનો જીર્ણોદ્ધાર ચાલી રહેલો; વળી, રસોડું પણ; તેથી મંદિરમાં ધુમાડો ઘણો ફેલાયેલો. તેની પરેશાની અનુભવતાં સૌ સભાસદો આંખો ચોળી રહેલા. તે જોઈ આશીર્વાદમાં સ્વામીશ્રી બોલ્યા: 'સૌની આંખોમાં ધુમાડો જાય છે. એકેયનું સુખ નથી આવતું; નહીં જોવાનું, નહીં સાંભળવાનું! જગતમાંય આવું જ છે; ન થાય ભગવાનનું કે ન થાય જગતનું! બેયમાંથી 'લબડાય નમઃ' એમ થાય.'

કથાના પટને વર્તમાન પ્રવાહમાં ઝબકોળીને સ્વામીશ્રી તેને એવી રીતે પાથરતા કે સૌને ચિત્ર એકદમ સ્પષ્ટ થઈ જતું!

---

૧૧. તેઓ આ સમયે ગૃહસ્થાશ્રમમાં હતા. તેઓનું નામ કાશીરામ હતું.

સર્વના સુખદેણ

તા. ૮/૮ની બપોરે બે વાગ્યે તારાપુરથી વિદાય લઈ સ્વામીશ્રી રસ્તામાં જવારજને પાવન કરતાં ધંધુકા પધાર્યા. અહીં ભઈલુભાની નવી ટ્રાન્સપોર્ટ કંપનીનું ઉદ્‌ઘાટન કરતાં બોલ્યા: 'દરબારોની વરસમાં ૨૫-૩૦ ખટારાની સેવા આવે છે.'

વિશ્વવ્યાપી સત્સંગ-સમુદાયમાં પણ સ્વામીશ્રીનું મગજ દરેકની ક્યાં, કેટલી, કેવી રીતે સેવા આવે છે, તે વિના કલમ-કાગળે નોંધતું જતું!

આ રીતે ધંધુકાથી વલ્લભીપુર જઈ ત્યાંના દરબારગઢમાં પધરામણી બાદ સૌ ભક્તો પર સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'આ ગામમાં અક્ષર-પુરુષોત્તમ દેવ વરસતા વરસાદમાં ૧૯૭૦માં બેઠેલા એ ઈદં યાદ આવે છે. આવા સત્પુરુષના દાખડા અને મહેનત સામું જોઈએ તો જીવ તો સાધનમાં કંઈ જ નથી કરતા.'

*'એના ગુણ અવગુણ આપણા'*નો આ સૂર રેલાવી, સ્વામીશ્રી રાત્રે ભાવનગર પધાર્યા. અહીં આરામમાં જતાં પૂર્વે મંદિરમાં યોજાયેલી સભામાં મંદિરની વ્યુત્પત્તિ સમજાવતાં કહ્યું: 'મંદિર એટલે મન-દિર. મનને સ્થિર કરવાનું સ્થાન મંદિર છે.'

આવા મંદિરમાં તા. ૯/૮ની સવારે 'બેંક ઑફ મહારાષ્ટ્ર'ની શાખાના ઉદ્‌ઘાટન નિમિત્તે સભા યોજાયેલી. જિંદગીભર જેઓના નામનું કોઈ ખાતું નહોતું અને જેઓએ કદી ચલણી નાણાંનો સ્પર્શ સુધ્ધાં કર્યો નહોતો એવા અકિંચન સાધુના હાથે નાણાકીય લેવડ-દેવડના કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવે, તે સ્વામીશ્રીએ કેળવેલા-મેળવેલા અપ્રતિમ લોકાદરની ગવાહી પૂરે છે. તેઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં સામેલ થવા બેંકના મુખ્ય અધિકારીઓ છેક પૂનાથી એક દિવસ માટે અહીં દોડી આવેલા!

આ સમારંભ બાદ સ્વામીશ્રી શહેર અને શિહોરમાં પધરામણીઓ કરતાં બોર તળાવની જગ્યાએ પધાર્યા. અહીં છેક નીચે તળાવમાં ઊતરી ઠાકોરજીને સ્નાન કરાવતાં પ્રાર્થના કરી કે 'મહારાજ! ના'વ... ના'વ... ના'વ... આખી દુનિયામાં ફરીને આવ્યા છો. તો દરેક જગ્યા જેવાં સરોવરો અહીં ભરાઈ જાય...'

'સ્થાવર-જંગમ જીવ જેહ, તેહ સર્વના સુખદેણ...' સ્વામીશ્રીનું મન

હરહંમેશ પરહિત ચિંતવતું રહેતું.

આ લખી લેજો

તા. ૧૦/૮ની સાંજે ભાવનગરથી રાજકોટ જવા નીકળેલા સ્વામીશ્રીની સાથે મેઘરાજા પણ હતા. રીમઝીમ રીમઝીમ વરસતા વરસાદથી લીલી થયેલી વાડીઓ જોઈ સ્વામીશ્રી હરખાઈ રહેલા. આ વર્ષે દુષ્કાળના દોઝખમાંથી પ્રજાને ઉગારવા તેઓએ પ્રચંડ પુરુષાર્થ કરેલો. પોતાના સન્માન સમારંભોમાં દુષ્કાળ-રાહતની ટહેલ નાંખવાથી માંડીને સંતોને ૧૫૦થી વધુ ગામોમાં ધર્માદો ઉઘરાવવા મોકલીને તથા હજારો અસરગ્રસ્તોને વસ્ત્ર વગેરે પૂરાં પાડીને, તો એથીયે વધુ પીડિતોને રોજ કોળિયા જમાડીને સ્વામીશ્રીએ દુકાળના કાળિય નાગને નાથેલો. ભાદરા, ગોંડલ, ગઢડા, સારંગપુર, બદલપુર અને સેલવાસમાં અન્નક્ષેત્રો ખોલીને તેઓએ આખા ગુજરાતના માથે શિરછત્ર ધરી દીધેલું. આજે આ મહેનતની સાથે શ્રીજીમહારાજની મહેર વરસી રહેલી. તેથી ભૂખી પ્રજાની આંતરડી અને સૂકી ધરતીનું હૈયું ઠરી રહેલું. તે જોઈ સ્વામીશ્રી રાજી થતાં મુસાફરી કરી રહેલા.

તેઓને સાવ નવા જ ગામ ખાખરિયા જવાનું હતું, પણ રસ્તો ભૂલ્યા. અંતે સાંજે લગભગ સવા છ વાગ્યાના સુમારે ખાખરિયાનું પાટિયું આવ્યું ત્યારે સ્વામીશ્રીની મોટર જોઈ સાતસોનો સમુદાય નાચવા-કૂદવા લાગ્યો. સૌ સ્વામીશ્રીને રામજી મંદિરના ચોરે રાખેલા સભાસ્થળે લઈ આવ્યા. ત્યાં પહેલી વાર આ ગામમાં સ્વામીશ્રીના શબ્દો ગુંજી રહ્યા.

સભા પૂરી થઈ ત્યાં જ એક વયોવૃદ્ધ હરિ ભાભા સ્વામીશ્રી પાસે આવી પૂગ્યા ને બોલ્યા : 'પરમુખ સ્વામી ! તમને ઈ ખબર છે કે આ ગામમાં શાસ્ત્રી યજ્ઞપુરુષ આયેલા ? બહુ ચપળ અને નાના અને રૂપાળા હતા. મંદિરની ઘોડી લેવા આવેલા.'

આ વાત સાંભળતાં જ સ્વામીશ્રી 'એમ ? ક્યારે આયેલા ?' પૂછતાં રસ દાખવવા લાગ્યા.

''તે દિ' હું નાનો હતો. અંઈ હનુમાનજીનું મંદિર છે ઈમાં ઉતરેલા. હું પગે લાગવા ગયો ત્યારે મને પૂછેલું કે 'છોકરા ! પૂજા કરે છે ?'

મેં કીધું : 'હા, સ્વામી !'

'કોની મૂર્તિ રાખે છે ?'

'સરસ્વતીની !'

'લે, શ્રીજીમહારાજની મૂર્તિયે પૂજજે.' એમ કહી મને મૂર્તિ આપેલી. તે જમાનામાં અઢીસો રૂપિયાની ઘોડી લઈ ગયેલા."

એ ભાભાની વાત સાંભળી સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'આ લખી લેજો.'

ગુરુનું એક-એક ચરિત્ર એટલે સ્વામીશ્રીને મન મૂલ્યવાન મોતી ! તે શાશ્વતીના ગળામાં ઝૂલતી પ્રસંગમાળામાં પરોવાઈ જ જવું જોઈએ. તેથી તેઓએ આ વિગત નોંધાવી દીધી.

ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ જે મંદિરમાં ઊતરેલા ત્યાં સ્વામીશ્રી જઈ પહોંચ્યા. અહીં આવતાં જ દંડવત કરતાં તેઓ બોલવા લાગ્યા : 'જય શાસ્ત્રીજી મહારાજ ! ક્યાં ક્યાં આવીને આપ વાસો વસ્યા છો ! આવું અમારાથી જીવનપર્યંત થાય એવી પ્રાર્થના કરીએ છીએ. દેહની પરવા આપે ૮૬ વરસ સુધી કરી જ નથી.'

આમ, શાસ્ત્રીજી મહારાજને અંજલિ આપી નીકળેલા સ્વામીશ્રીની ગાડી જ્યાં ગામ બહાર નીકળી ત્યાં જ દૂધનું બોઘરણું ભરી જતા એક મુમુક્ષુને તેઓનાં દર્શન થયાં. તેણે સ્વામીશ્રીને જોઈ કહ્યું : 'બાપા ! મારી વઢિયારી ભેંસનું દૂધ છે. થોડું લ્યો.' એટલું કહેતાં વાટકો ભરી દીધો. સ્વામીશ્રીએ તે લઈને સીધો ઠાકોરજીને ધરી દીધો. પછી તે આખો વાટકો બોઘરણામાં ઠાલવીને દૂધ બધું પ્રસાદીભૂત કરી આપ્યું. દૂધનો એક વાટકો ભરી ડ્રાઈવરને પીવા આપ્યો. સ્વામીશ્રીનું આ હેત જોઈ ચાલક ચોંકી ગયો ! તેને કલ્પના પણ નહોતી કે આ રીતે પ્રસાદી મળશે ! તે ઘૂંટડે ઘૂંટડે સ્વામીશ્રીનો સ્નેહ જ પી રહ્યો. સ્વામીશ્રીએ પણ અલ્પ દૂધ અંગીકાર કર્યું.

આમ, સૌના મનોરથ પૂર્ણ કરતાં તેઓ રાત્રે ૧૦:૧૦ વાગ્યે રાજકોટ આવી પહોંચ્યા.

અહીં મંદિરમાં યોજાયેલી સભામાં આગમનનું પ્રયોજન જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ તો બોચાસણ હતા. ત્યાંથી ભાવનગર આવવાનું હતું. તેમાં કૃષ્ણજી અદાની જયંતી આવતીકાલે છે. એ ઊજવવા જ ખાસ આવ્યા છીએ. બીજું પ્રયોજન નથી. અદાશ્રીનું જીવન એવું હતું ! યોગીબાપા જીવનભર યાદ કરતા.'

સંપ્રદાયના પાયાના પથ્થરોને પૂજવાનું સ્વામીશ્રી કદી ચૂકતા નહીં. જેનું જેવું સ્થાન-પ્રદાન તે અનુસાર તેઓને ચંદન-વંદનથી વધાવતા રહેતા.

આ રીતે તેઓએ તા. ૧૧/૮ના રોજ કૃષ્ણજી અદાની જયંતીનો ઉત્સવ ઊજવ્યો.

આ દિવસની સાંજે આરામમાંથી જાગ્રત થયા બાદ સ્વામીશ્રી શૌચવિધિ માટે ગયા. તે પછીના સ્નાન માટે સેવકોએ બાથરૂમમાં બાલદીઓ તૈયાર રાખેલી. પણ બહાર વરસાદ વરસતો હોવાથી મંદિરની અગાશીમાં પડતા ધૂધવા નીચે જ સ્વામીશ્રી સ્નાન માટે પહોંચ્યા. તેથી સૌને *'જેણે જોયા તેનાં ભાગ્ય ભારી રે...'* જેવી સ્મૃતિ મળી ગઈ.

જબ જાગે તબ ભાગે

રાજકોટને લટકાંનો લાભ આપી સ્વામીશ્રી તા. ૧૨/૮ની બપોરે અઢી વાગ્યે ભાદરા જવા નીકળ્યા. તેઓએ બદલેલા સમય-પત્રકને કારણે રસ્તામાં કોઈ જગ્યાએ ભાવપૂર્તિ માટે રોકાવાનું ન બન્યું અને સવા ચાર વાગ્યાના સુમારે તો તેઓ ભાદરા આવી પહોંચ્યા. અહીં તો સંતો હજી નગરયાત્રાની તૈયારી માટે વેલડું સજાવી રહેલા. ત્યાં જ સ્વામીશ્રીનાં દર્શન થયાં !

તેથી આશ્ચર્ય અનુભવતાં તેઓએ પૂછ્યું : 'આ શું ? સાત વાગ્યાને બદલે વહેલા કેમ ?'

'આ તો ખુદા કા કામ. જબ જાગે તબ ભાગે.' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

આ હળવાશ સાથે તેઓ ઠાકોરજીનાં દર્શન કરી સભામંડપમાં ચાલતી કથામાં આવી બિરાજ્યા. ત્યારબાદ મંદિરમાં જઈ સંધ્યા આરતી કરી, અષ્ટક બાદ સવા સો પ્રદક્ષિણા ફર્યા.

આ વર્ષે સ્વામીશ્રીએ બધાં મંદિરોમાં શ્રાવણ માસ દરમ્યાન એક મહિના સુધી સળંગ પારાયણ રાખવાનું આયોજન કરાવેલું. તે અનુસાર ભાદરામાં ગુણાતીતાનંદ સ્વામીનું જીવનચરિત્ર વંચાતું હતું. તા. ૧૩/૮ની સવારે તે વિષયને અનુલક્ષીને જ વાતો સંભળાવી, સ્વામીશ્રી સાંજે પ્રાસાદિક સ્થળોનાં દર્શન કરવા નીકળ્યા.

મુશળધાર વરસાદને કારણે ઊંડ નદીના રસ્તે કેડ સમાણાં પાણી ભરાઈ ગયેલાં. તેથી તેઓ ગાડામાં બિરાજી ઊંડના કિનારે પહોંચ્યા. અહીં પુરપાટ વહેતું પાણી જોઈ ઠાકોરજીને સ્નાન કરાવવાનું મન થઈ આવતાં સ્વામીશ્રીએ મંદિરે ગાડાં મોકલી ઠાકોરજી મંગાવ્યા. ઠાકોરજી પધાર્યા એટલે તેઓને પ્રેમથી નવરાવ્યા. ત્યારબાદ સૌ સંતો-ભક્તો સાથે સ્વયં પણ નાહ્યા.

સ્નાન કરીને કાંઠે આવેલા વડ નીચે જ સભા કરી સ્વામીશ્રીએ નદીનાં વહેતાં પાણીની સાથે વાણી પણ વહેતી કરી કે –

'આજે ત્રણ વરસે ના'યા. બાકી પહેલાં તો પાણી ખૂટતાં જ નહીં! અહીંથી ધૂબકા મારતા. કેટલું પાણી હોય ત્યારે મરાય? તે વખતે ભક્તોય એવા ને ભગવાન પણ તેવા થયેલા. આ સ્થાનમાં ધૂળમાં બ્રહ્મતેજની વાતો થયેલી! ક્યાં મૂળ અક્ષરમૂર્તિ અને ક્યાં આ ભૂમિ! કેટલાં ભાગ્ય હશે ત્યારે આ પૃથ્વી પર પગ પડ્યા હશે! તો પછી આપણી તો વાત જ શી!'

આમ, પ્રાપ્તિનો પ્રવાહ વહેવડાવી સ્વામીશ્રીએ સૌના અંગમાં મસ્તી ચડાવી દીધી.

શોભાડવું એ જ સેવા

ભાદરાથી સ્વામીશ્રી જોડિયા, જાયવા, રાજકોટ, સરધાર, આટકોટ, બાબરા, અમરેલી, ચલાલા થઈને તા. ૧૪/૮ની રાત્રે ધારી પધાર્યા. અહીં તા. ૧૫/૮ની સવારે ગર્લ્સ હાઇસ્કૂલમાં તૈયાર થયેલા 'યોગીજી મહારાજ સભાગૃહ'નું ઉદ્‌ઘાટન કરી તેઓ તે જ દિવસે ગોંડલ આવી પહોંચ્યા.

અહીંના રોકાણ દરમ્યાન તેઓએ ટૂંક સમયમાં આવી રહેલા 'યોગી સ્મારક ભવન'ના ઉદ્‌ઘાટનનું આયોજન આદરી દીધું. તે પ્રવૃત્તિમાં પણ રોજ તેઓ અક્ષર દેરીની સવા સો પ્રદક્ષિણા અવશ્ય કરતા. વળી, ધારણાં-પારણાંનું વ્રત પણ ચાલુ. આમ, કથા-સેવા, તપ-ભક્તિ વગેરે અનેક ધારાઓ એક સાથે વહાવતું તેઓનું જીવન, સૌ માટે પ્રેરણારૂપ બની રહેતું. આવા જીવનમાંથી ફૂટી નીકળતો ઉપદેશ તો ખૂબ વેધક બની જતો.

આવી જ પરાવાણી વહાવતાં તેઓએ તા. ૨૦/૮ની રાત્રે કહ્યું કે –

''આપણે અક્ષર-પુરુષોત્તમના, યોગીજી મહારાજના શિષ્યો છીએ, તો આપણી તો ભાવના, વર્તન, સ્વભાવ, શક્તિ એવાં હોવાં જોઈએ કે દરેકને પ્રિય થઈ જવાય. જીવનમાં સેવા અને સરળતા સિવાય બીજાં બેલાં પેસવાં ન દેવાં. ગમે તેને પણ કંઈક તો કરવું જ પડશે ને! તો શા માટે પ્રેમથી અને ખંતથી ન કરવું? આ કંઈ તમને સોંપ્યું, મને સોંપ્યું તે માથે નાંખ્યા જેવી વાત નથી. યોગીજી મહારાજના નામની અમર ગાથા ગવાય છે. તેમનું શોભાડવું એ જ આપણી સેવા છે. પરોપકાર, પરોપકાર... પણ પરોપકાર કેને સમજો છો? આ જ પરોપકાર અને પરમ ભક્તિ છે. દરેકને એકબીજા સાથે મેળ મેળવી

કાર્ય કરવું, કાર્ય ગમે તે હોય પણ ઠેબે ન ચઢવું જોઈએ એ આપણી ફરજ છે. દરેકમાં પ્રૅક્ટિકલ થતાં શીખવું પડશે. આમ થવાથી શોભશે. એકબીજાનો વાદ નથી લેવાનો. 'સૌ સૌની રીતે કરે જ છે' તેમ માની, યુધિષ્ઠિર જેવી દૃષ્ટિ રાખીશું તો સર્વત્ર સારું જ દેખાશે. 'દરેક સારા છે' તેમ થશે. જગતમાં આપણે સારા-સરસ થઈએ એટલે બધું થાય..."

રાત્રિના નીરવ પ્રહરમાં સ્વામીશ્રીનો વાક્પ્રવાહ ખળખળ કરતો વહી રહ્યો. જ્યારે તે વિરમ્યો ત્યારે રાત્રિના એક વાગ્યાનો ટકોરો પડ્યો.

આપણને આ શોભે જ નહીં

આ વર્ષે તા. ૨૧/૮ના રોજ રક્ષાબંધનના તહેવારનો લાભ ગોંડલને મળી રહેલો. વળી, આ જ દિવસે સ્વામીશ્રી ગઢપુર ભણી વિદાય થવાના હોવાથી ઘણા હરિભક્તો લાભ લેવા આવી પહોંચેલા. સ્વામીશ્રીનાં દર્શનની વિશેષ સ્મૃતિ રહે તે માટે સંતો-ભક્તોએ આજે સભામંડપમાં ફળફળાદિનો ઉપયોગ કરીને કલાત્મક હિંડોળો તૈયાર કરેલો. જ્યારે સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે આ હિંડોળાની સેવા કરનાર અને તેને બનાવનાર સૌએ તેઓને હિંડોળામાં બિરાજવા વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રીએ ઠાકોરજીને પધરાવવાની વાત જણાવી.

ત્યારે સૌએ વચલો માર્ગ સૂચવ્યો : 'આપ ઠાકોરજીને લઈને બિરાજો.'

તેનો પણ સ્પષ્ટ નિષેધ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણને આ શોભે જ નહીં. આપણો ધર્મ અને મર્યાદા બંનેનું આમાં ઉલ્લંઘન થાય છે. ઠાકોરજી સિવાય બીજાને અધિકાર જ નથી. આવો ઠઠારો કોને શોભે ? બોલો ભજન...' એમ કહી હિંડોળાનું પદ ગવરાવ્યું.

આ પદનું ગાન પૂરું થતાં વળી સૌએ હિંડોળામાં બિરાજવાનો આગ્રહ કર્યો. પણ સ્વામીશ્રીએ મચક ન આપતાં સંભળાવ્યું : 'સાધુને શોભે એવી વાત કરવી. હિંડોળા છે જ ઠાકોરજી માટે. આપણા બધા માટે તો હીંચકા જ છે. તમારો ભાવ છે એ વાત સાચી, પણ એ આવા ઊભરા માટે નથી.'

સ્વામીશ્રીની ધારદાર વાતો આગળ સૌની દલીલો બુઠ્ઠી થઈ ગઈ. સમગ્ર સભા દરમ્યાન ઠાકોરજી હિંડોળામાં ઝૂલતા રહ્યા અને સ્વામીશ્રી વ્યાસપીઠ પર શોભી રહ્યા. અલબત્ત, પોતાની અપ્રતિમ ભક્તિથી તેઓ સૌના હૃદય-હિંડોળે તો ઝૂલતા થઈ જ ગયા.

આ મૂર્તિ સાક્ષાત્ છે

રક્ષાબંધનનો ઉત્સવ ઊજવી ગોંડલથી નીકળેલા સ્વામીશ્રી મોટા દેવળિયા, બાબરા, ઢસા થઈને રાત્રે સવા નવ વાગ્યે ગઢડા આવી પહોંચ્યા.

અત્રે એકત્રિત થયેલા ભક્તોને લાભ આપી, તેઓ તા. ૨૨/૮ની સવારે ગુંદાળા પધાર્યા. અહીં પરમહંસોએ બંધાવેલું મંદિર ગામના દરબારોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંસ્થાને કૃષ્ણાર્પણ કર્યું. ત્યારબાદ ગામમાં ૧૭ પધરામણીઓ અને શ્રીજીમહારાજના પ્રાસાદિક લીંબડે દર્શન કરી સ્વામીશ્રી પડવદર પહોંચ્યા ત્યારે અત્રે ગામના ચોરામાં બપોરે બાર વાગ્યે સભા ભરાઈ. તેમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આ ગામમાં પ્રથમ આવવાનું થયું. તમારી તો પડોશમાં જ ગઢડામાં સાક્ષાત્ ભગવાન થઈ ગયા. મહારાજ ત્યાં રહી બધે જ ફર્યા પણ આવાં પાંચ-સાત ગામ રહી ગયેલાં. હવે આ વખતે મહારાજ પધાર્યા. આ મૂર્તિ સાક્ષાત્ છે. હવે જાગશે. બરાબર જગાવો.'

સ્વામીશ્રીએ ન કેવળ આદેશ આપ્યો કે 'જગાવો.' પણ સ્વયં એવો પરિશ્રમ ઉઠાવ્યો.

સભા બાદ અહીંના એક કોળી પટેલની વાડીમાં ઠાકોરજી જમાડી તેઓ ઉતારાના મકાનમાં આરામ માટે પધાર્યા. પરંતુ ત્યાં વીજળીનો અભાવ હતો. વળી, પૂરતાં હવા-ઉજાશવાળો ઓરડો પણ નહીં. છતાં તેઓ પ્રેમથી પોઢ્યા. સાંજે જાગ્યા પછી ૩૭ પધરામણીઓ કરી પડવદરમાં સત્સંગનું પડ છાંટ્યું. તેમાં મનુષ્ય ઉપરાંત પશુને પણ તેઓએ દૃષ્ટિમાં લીધાં. પધરામણી દરમ્યાન એક ઘરમાલિકનો બળદ કૂવામાં પડી ગયેલો. તેને કારણે તેનાં સાંધેસાંધા છૂટા થઈ ચૂકેલા. પીડાથી તે કણસતો હતો. સ્વામીશ્રીએ તેની પર જળ છાંટતાં દુઃખમુક્ત થઈ સત્સંગીના ઘેર જન્મ લેવા ધૂન કરાવી. છેલ્લી પધરામણી વખતે તો બહિર્ભૂમિ જવાનું થતાં તે દેહક્રિયા બાદ હેન્ડ-પંપના થાળામાં બેસી સ્વામીશ્રીએ સ્નાનવિધિ કરી. આમ, અનેકવિધ અગવડો વેઠીને તેઓએ ગામમાં સત્સંગ જગવી દીધો.

છેલ્લે વિદાય લેતી વખતે પણ ગામના આગેવાનોને ભેગા કરીને સદુપદેશ આપ્યો કે 'ગામમાં બધે ફર્યા. ધર્મભાવના બધાની સારી છે. ગરીબ, તવંગર, નાના-મોટા સૌના ભગવાન છે. માટે સંપ રાખી ઉચ્ચ ભાવના રાખશો તો તમારું ધાર્યું થશે.'

આમ કહી સ્વામીશ્રી ગઢપુર જવા ઊભા થયા ત્યારે મોટો માનવ-સમુદાય તેઓને વળાવવા ભાગોળે એકત્રિત થઈ ગયો. માત્ર સાત કલાકના રોકાણમાં તો આખા ગામમાં 'પ્રમુખસ્વામી... પ્રમુખસ્વામી...' થઈ રહેલું, કારણ કે નમ્ર વાણી, નિર્મળ વર્તન અને નિખાલસ વ્યવહારના ત્રિવેણી સંગમમાં સૌ પહેલી વાર ઝબકોળાયેલા. પ્રથમ પગલે જ પડવદરના પંડને પલટી સ્વામીશ્રી ગઢપુર પધારી ગયા.

प्रभु सेई सत्य करे...

તા. ૨૩/૮ની સવારે સ્વામીશ્રી ગઢપુરનાં પ્રાસાદિક સ્થાનોની યાત્રા કરી સાંજે ઘેલા-સ્નાન માટે પધાર્યા. અહીં ચાલીસ મિનિટ સુધી જળક્રીડાનો લાભ આપી તેઓ ઘેલા કાંઠે જ બિરાજ્યા. સાથે ઠાકોરજી રખાવ્યા. સૌએ પૂજન કર્યું. ત્યારબાદ ઘેલાના કિનારે આવેલાં ગંગાજી મંદિર અને શિક્ષાપત્રી છાત્રાલય તેમ જ ગઢપુર ગામના ઝાંપે ઊભેલા હનુમાનજી મંદિરે દર્શન કરી સારંગપુર આવી પહોંચ્યા.

અહીં તેઓએ તા. ૨૫/૮ની સવારે યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના ઘુમ્મટની શિલાનું વિધિપૂર્વક સ્થાપન કર્યું. ત્યારપછી તેઓ પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા, પણ તિલક-ચાંદલો કર્યો ત્યાં જ શણગાર આરતીનો ડંકો પડતાં આરતી કરવા પહોંચ્યા અને તે વિધિ પૂર્ણ કરીને પુનઃ પૂજામાં પધાર્યા. સામાન્ય રીતે સ્વામીશ્રી એક વાર પ્રાતઃપૂજા માટે બિરાજતા તે છેક એ પૂર્ણ ન થાય ત્યાં સુધી વચ્ચે ઊભા થતા નહીં. પરંતુ આ વખતે પ્રથમ વાર અને કદાચ છેલ્લી વાર આવો પ્રસંગ બન્યો!

આ જ દિવસની સાંજે તેઓ શ્રીજીમહારાજના પ્રાસાદિક શંખલી કુંડમાં સ્નાન કરવા પધાર્યા. વરસાદને કારણે કુંડમાં પાણીની આવક ઘણી થયેલી. તેથી લગભગ અડધો-પોણો કલાક સુધી સ્વામીશ્રીએ સૌને જળક્રીડાની અનેકવિધ સ્મૃતિઓથી ભીંજવ્યા. સૌના આગ્રહને વશ થઈ તેઓએ જળમાં ડૂબકીની સાથે 'સમરસૉલ્ટ' પણ લગાવ્યા.

તેઓની આ લલિત લીલા આઠેક વર્ષનો શશીન પણ આશ્ચર્યવત્ નીરખી રહેલો. તેથી હરખાયેલો તે કુંડમાંથી બહાર પધારેલા સ્વામીશ્રી જ્યારે કોરા વસ્ત્રથી શરીર લૂછી ધોતિયું ધારણ કરી રહેલા ત્યાં આવી ચડ્યો. અહીં તેણે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આપ કુંડમાં ફરી ગુલાંટ લગાવો ને!'

બાળકની આ માંગણી બિલકુલ બાલિશ હતી. પરંતુ સ્વામીશ્રી કોનું નામ! 'प्रभु सेई सत्य करे, जेई माँगे भृत्य; भक्तवाञ्छा पूर्ति बिनु, नाहिं अन्य कृत्य'ની રીતે વર્તતા તેઓએ એ બાળકની ઇચ્છા પૂરી કરવા માટે પહેરી લીધેલું કોરું ધોતિયું કાઢીને ભીનું ધોતિયું અંગીકાર કર્યું. તેનો કછોટો વાળી પુનઃ કુંડમાં કૂદકો લગાવ્યો. તે જોઈ શશીનનું મુખ ચંદ્રની જેમ ખીલી ઊઠ્યું અને તે તાળીઓ પાડવા લાગ્યો. તેનો આ કિલકિલાટ જોઈ સ્વામીશ્રી પણ રાજી થયા.

બાળમાનસને કેટલો આદર અને તેની કેવી દરકાર!

મહંત-મુસ્લિમના માણીગર

કુંડસ્નાન બાદ ગામનાં પ્રાસાદિક સ્થળોનાં દર્શન કરી સ્વામીશ્રી મંદિરની આંબલી વાડી(હાલ યજ્ઞપુરુષ વાડી)એ પધાર્યા. અહીં સઘન વનરાજી છાઈ રહેલી. સૌ તે જોવામાં મસ્ત બનેલા ત્યાં જ સ્વામીશ્રીના શબ્દો કાને પડ્યા: 'આ વાડી શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની છે. તેઓને ખૂબ પ્રેમ આ વાડી ઉપર. અહીં કાયમ આવતા. તે વખતે તો આથી જબરજસ્ત પાક થતો. સંતો જાતે મજૂરી અને ખેડ કરતા, ત્યારે આ વાડી રહી છે.'

સ્વામીશ્રીનું મન ગુરુ-સ્મૃતિઓનાં વનમાં વિહરી રહ્યું!

અત્રે પ્રાસાદિક પુરાણી વાતો સંભળાવીને તેઓએ લીલા ઘાસમાં બિરાજી સૌને મકાઈ, ચીભડાં, આંબલિયાનો પ્રસાદ વહેંચ્યો. ત્યારબાદ ધાબાવાળી વાડીના ખૂણે-ખૂણે પણ પગપાળા વિચર્યા.

આ રીતે સૌને આનંદ પમાડતા સ્વામીશ્રી તા. ૨૬/૮ની સવારે સારંગપુરથી વિદાય લઈ બોટાદના મુસ્લિમ બિરાદર બદરુ શેઠના ખબર-અંતર પૂછવા પધાર્યા. તેઓની તબિયત ઘણા સમયથી અસ્વસ્થ રહેતી હોવાથી માંદગીમાં આશીર્વાદ માટે તેઓ સ્વામીશ્રીને ઝંખી રહેલા. તેઓને શાતા પમાડી સ્વામીશ્રી સવા અગિયાર વાગ્યે પાળિયાદ પહોંચ્યા.

અહીંના મહંતશ્રી અમરા બાપુ પણ આ અરસામાં નાદુરસ્ત સ્વાસ્થ્યથી પીડાતા હતા. તે બાબતે તેઓએ આશીર્વાદની યાચના કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'દયાદૃષ્ટિ રાખજો. તમારા થકી તબિયત સારી થશે.'

આમ, હિંદુ ધર્મગુરુ હોય કે ખુદાનો બંદો હોય – સૌને સ્વામીશ્રીની દિવ્યતા અને સાધુતા પર ભરપૂર ભરોસો રહેતો.

આવા સ્વામીશ્રી પાળિયાદથી વિદાય લઈ રાણપુર થઈને ચરોતર તરફ જઈ રહેલા; પરંતુ રસ્તામાં ધંધુકા પાસે અડવાળના દરબારોને જોતાં તેઓએ ગાડી ઊભી રખાવી અને મોટરમાંથી નીચે ઊતરી સાવ રસ્તા પર જ ગોઠવેલી સાદી ફોલ્ડિંગ ખુરશી પર બિરાજી, દસેક મિનિટ સુધી આશીર્વાદ આપ્યા.

લાખોના સન્માન્ય થઈને પણ આવી સરળતાથી જીવનારા સ્વામીશ્રીએ ધંધુકાથી નીકળી રાત્રિરોકાણ જવારજમાં ભાઈલાલભાઈના ઘેર કર્યું. અહીં તેઓ તા. ૨૭/૮ની સવારે અગાશી પર પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે ઊગતા સૂર્યને પોતાના કરતાંય વધુ પ્રતાપી-પ્રભાવી ભગવી આભાનો સીધેસીધો પરિચય થતાં તે શરમિંદો થઈ ગયો. તેણે તરત જ શ્રાવણની વાદળી પાછળ પોતાનું મોઢું સંતાડી દીધું.

પૂજા બાદ જવારજમાં જ અલ્પાહાર આટોપી સ્વામીશ્રી અરણેજ થઈને ગણેશ ધોળકા પધાર્યા. શ્રીજીમહારાજના આ પ્રાસાદિક સ્થાને તેઓએ જણાવ્યું કે – 'અત્રે પહેલી વાર દર્શને આવ્યા છીએ. કાયમ ગાડી(ટ્રેન)માંથી દર્શન થાય પણ નિયત સ્થાન ન દેખાય ને! આ તો સાક્ષાત્ દર્શન થયાં. ૩૬ વર્ષે આ દર્શન થયાં.'[૧૨] સ્વામીશ્રીના મુખ પર દર્શનનો આનંદ સ્પષ્ટ તરવરી રહ્યો.

એ આનંદમાં રમમાણ તેઓ અહીંથી તારાપુર, મહેળાવ, પીપલાતાને લાભ આપતાં ચકલાસી પધાર્યા. અત્રે તા. ૨૯/૮ની સવારે તેઓએ ત્રણ કલાક સુધી 'શિક્ષાપત્રી'ના પારાયણનો લાભ આપ્યો. ત્યારબાદ ૭૦ પધરામણીઓ કરી, રાત્રે નવ વાગ્યે અટલાદરા આવી પહોંચ્યા.

રાખે છે ખબર બહુવિધિ

અટલાદરામાં જન્માષ્ટમીના ઉત્સવ બાદ સ્વામીશ્રી તા. ૨/૯ના રોજ ઉત્તરસંડા, નરસંડા, વરતાલ થઈને સાંજે ડભાણ પહોંચ્યા. અહીં એક હરિભક્તના મકાનનું ઉદ્‌ઘાટન કરી, તા. ૩/૯ની સાંજે પુનઃ વડોદરામાં એક ભક્તના મકાનનો વાસ્તુવિધિ કરવા આવી ગયા! વળી, તા. ૪/૯ની સાંજે અટલાદરાથી આણંદ પહોંચ્યા. નિમિત્ત હતું – એક હરિભક્તની ટ્રાવેલ્સ કંપનીનું ઉદ્‌ઘાટન. પણ આ મુસાફરીમાં વાહન રહ્યું – મેટાડોર. કારણ કે એક ભક્તે તે નવી ખરીદેલી અને તેમની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી આ મેટાડોરમાં બેસીને મુસાફરી

---

૧૨. સ્વામીશ્રીએ સન ૧૯૩૯માં ત્યાગાશ્રમ સ્વીકાર્યો. ત્યારથી ગણતરી કરી તેઓએ આમ ઉચ્ચાર્યું.

કરે.' સ્વામીશ્રી જાણે નિજી જાગીર હોય તેમ સૌ તેઓનો કસ કાઢતા રહેતા.

વડીલ સંતો દ્વારા સમૈયા-ઉત્સવોની સભાઓમાં સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સાચવવા બાબતે સમજ આપવામાં આવતી. જન્માષ્ટમીના પ્રસંગે જ મહંત સ્વામીએ જણાવેલું કે "અત્યારે બધાએ વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજ કેવા હશે?' પણ અત્યારે એવા જ પુરુષ છે. આ પ્રતીતિ થવી જોઈએ. આજે પ્રતિજ્ઞા કરો કે આપણે એક જ વાત – સ્વામીશ્રીને તકલીફ ન પડે. આપને ત્યાં એક વાર પધાર્યા પછી ૧૦-૧૦ વાર થાય તે ન થવું જોઈએ. આપણે તો પગે લાગી છૂટા પડીશું પણ એમને કેટલી તકલીફ? પહેલાં સામેથી પધારતા પણ એવી ને એવી ટેવ ન રાખવી. સમય જોવો પડે. આપણે સમજીને આમાં સહકાર આપીએ એ મોટી સેવા છે."

આમ, સ્વામીશ્રીના જતન વિષે જાગ્રત થવા હાકલ થતી રહેતી, પણ પ્રેમના પ્રવાહમાં આવાં જ્ઞાનબંધ તો ક્યાંય તૂટી-ફૂટી જતાં અને સ્વામીશ્રીને કાયમ તણાતા-ઢસડાતા રહેવાનું થતું. છતાં *'સુખ દુઃખ ને વળી સમ વિષમે, રાખે છે ખબર બહુવિધિ...'* મુજબ તેઓ દરેકના પ્રસંગો સાચવી-શોભાવી જાણતા.

ભગવાન ભજવામાં રાજીપો

આણંદથી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીની એક ખાસ સભા તા. ૬/૯ની સાંજે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના હૉલમાં ગોઠવાઈ. તેમાં લાભ આપી અમદાવાદ આવેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૭/૯ની રાત્રિસભામાં યુવકોએ 'સહજ-આનંદ' કાર્યક્રમ યોજેલો. તેમાં રજૂ થઈ રહેલી એક પ્રસ્તુતિમાં – 'જેના હાથમાં ચિઠ્ઠી આવે તેણે ચિઠ્ઠીમાં લખેલા પ્રશ્નનો જવાબ એક વાક્યમાં આપવો', તેવી ગોઠવણ થયેલી. સ્વામીશ્રી પણ આ રજૂઆતના ભાગરૂપ હતા અને તેઓના જ હાથમાં ચિઠ્ઠી ચોંટી. તેમાં પુછાયેલું કે 'તમારો રાજીપો વર્તમાનકાળે શેમાં છે?'

'ભગવાન દરેકે ભજવા અને ખાસ તો યુવકોએ રજોગુણ ન રાખવો તેમાં.' કાર્યક્રમની શરત મુજબ એક જ વાક્યમાં સ્વામીશ્રીએ જણાવ્યું.

ત્યારબાદ આશીર્વાદમાં આ જ વાક્યનો વિસ્તાર કરતાં તેઓએ કહ્યું કે 'જગતને રાજી કરવા માટે દરેક જગ્યાએ ટીપટોપમાં જવું પડે. તો આ તો ભગવાનને રાજી કરવા છે. નિયમ-ધર્મ અણિશુદ્ધ રાખવા એ જ સંત-ભગવાનને

રાજી કરવાની શિસ્તતા છે. યોગીજી મહારાજે એ રીત બતાવી છે. જરાય શરમાયા સિવાય યુવકોએ તો રજોગુણ કાઢી નાંખવો. લાંબા વાળથી શોભા વધતી નથી. લાંબા વાળથી વધુ ભણાશે નંઈ. આપણે આપણું જાળવી રાખવું. સાદાઈ, સરળતા, સમાગમમાં જ સત્પુરુષ રાજી થાય. ભગવાનને ન ગમે તેવું રખાય કેમ? તેમાંય અક્ષર-પુરુષોત્તમના, યોગીજી મહારાજના યુવકોને આ શોભે જ કેમ? પૂર્વ અને પશ્ચિમ ભેગું જ ક્યાં થાય તે તમારે કરવું છે!'

'विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः।' 'વસૂકી ગયેલી ગાય પર ઘંટડીઓ લટકાવી શોભા કરવાથી તે વેચાતી નથી. તેમ બાહ્ય શોભા આંતરિક સત્ત્વનો વિકલ્પ ન થઈ શકે.' આ સમજ સ્વામીશ્રી વારંવાર યુવાનોને આપતા રહેતા.

શરીરનાં સુખ સર્વે ત્યાગી

અમદાવાદથી સ્વામીશ્રી દહેગામ, સોજિત્રા થઈને તા. ૧૦/૯ની રાત્રે દસ વાગ્યે ગાડા પધાર્યા. અહીં ચાર કલાકથી ભક્તો રાહ જોઈને બેઠેલા! *'હાં રે જેની વાટું, જુએ છે લાખું...'*નો આવો ઘાટ સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં સર્જાતો. તેઓનાં દર્શનની તાણમાં લોકો પોતાના આહાર-વ્યવહારને પણ વીસરી જતા. આવા ભક્તોને સ્વામીશ્રીએ બાર વાગ્યા સુધી કથાનો લાભ આપ્યો. બીજે દિવસે પણ ત્રીસ પધરામણીઓ તથા ગામની હાઈસ્કૂલમાં સભા કરીને તેઓ મિની બસ દ્વારા સાંજે સોજિત્રા આવી પહોંચ્યા.

અહીંથી તા. ૧૨/૯ની બપોરે આ મિની બસ દ્વારા જ કાઠિયાવાડ જઈ રહેલા સ્વામીશ્રી વચ્ચે દેવાતજ પધાર્યા. અહીંના જે હરિભક્ત પોતાના ઘેર પધારવાનું આમંત્રણ આપી ગયેલા તેઓના ઘેર સ્વામીશ્રી બપોરે અઢી વાગ્યે પહોંચ્યા ત્યારે એ યજમાન તો ઘસઘસાટ સૂતા હતા! સ્વામીશ્રીએ તેઓને જગાડ્યા. તેઓને જોતાં જ હરિભક્ત હાંફળા-ફાંફળા થઈ ગયા. તે જોઈ સ્વામીશ્રી કહે: 'શાંતિથી તૈયારી કરો. અમે બેઠા છીએ.'

તેઓની પ્રત્યેક પધરામણી એક નવો અનુભવ લઈને આવતી. મોટે ભાગે કઠણાઈનો જ! તેમ છતાં સ્વામીશ્રી ઋજુ, નમ્ર, સરળ રહી શક્યા એ વિગત તેઓની પરિસ્થિતિથી અભડાયા વિનાની શુદ્ધ બ્રાહ્મી સ્થિતિનો પરિચય કરાવતી રહેતી.

દેવાતજથી શિયાનગર સુધીનો પ્રવાસ પણ આ જ વિગતના સાક્ષી

સમો બની રહ્યો. તેમાં મૂળધરાઈ સુધીની મુસાફરી તો ડામરની સડક પર હોવાથી વાંધો ન આવ્યો, પણ અહીંથી આઠ માઇલનો કાચો રસ્તો કાપવાનો હતો. તેય વરસાદને કારણે કાદવ-કીચડવાળો થઈ ગયેલો. વળી, અંધારું પણ સ્વાગતમાં આવી પહોંચેલું. અધૂરામાં પૂરું, બસના ડ્રાઇવરને આંખ અને કાનના દેવતા અડધા ઊઠી ગયેલા. આ બધી મુશ્કેલીઓએ ભેગા થઈને બસના પાછલાં પૈડાં કીચડમાં ખૂંપવી દીધાં. તેમાં એક ટ્રેક્ટરની મદદ મળતાં માંડ માંડ બસ બહાર નીકળી.

મુસાફરી આગળ વધતાં રોહીશાળા આવ્યું. અહીં ૪૦૦ હરિભક્તો દર્શન માટે ભેગા થઈ ગયેલા. તે સૌનો મનસૂબો સ્વામીશ્રીને ગામના મંદિરમાં લઈ જવાનો હતો. પણ સમય ઘણો વીતી ગયેલો અને આગળનો પંથ કાપવાનો બાકી હોવાથી તે વિચાર તો પડતો મૂક્યો, છતાં બધા હરિભક્તો ઊભી હરોળે સ્વામીશ્રીનાં દર્શને આવે તેવું આયોજન તો ગોઠવાયું જ !

સૌને એ રીતે સંતોષ આપી સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે શિયાનગર આવી ગયા. અત્રે તેઓએ મનજીભાઈના ઘેર ચોક વચ્ચે ડંકી દ્વારા સ્નાન કરી ભોજન લીધું અને સભા કરી પોણા બાર વાગ્યે નિદ્રાધીન થયા.

આમ, *‘શરીરનાં સુખ સર્વે ત્યાગી’*ની રીતે સ્વામીશ્રીનું વિચરણ ચાલતું રહેતું.

નવાગામમાં નવું થયું

શિયાનગરમાં તા. ૧૩/૯નો દિવસ પ્રતિષ્ઠાનો હતો. આ નિમિત્તે સવારે સુશોભિત ગાડાંમાં નગરયાત્રા નીકળી. તેમાં બળદોને ઓઢા નાંખી સુંદર શણગાર્યા હતા. આસપાસનાં ગામની ભજનમંડળીઓ તથા બૅન્ડ-વાજાં ગામના ઉત્સવિયા માહોલને આસમાને ચડાવતા હતા. ગામની વસ્તી કરતાં નગરયાત્રામાં સંખ્યા વધુ રહી ! એવી આ શોભાયાત્રા પૂર્ણ થયા બાદ, ૧૧:૪૭ વાગ્યે ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ ત્યારે તો જયનાદો અને બંદૂકોના અવાજથી ધરા ગુંજી રહી. તેનો પ્રતિઘોષ પાડતા હોય તેમ આકાશમાં મેઘરાજાએ પણ ગડગડાટ કરી મૂક્યો. પ્રતિષ્ઠાનાં આરતી-પૂજન બાદ સ્વામીશ્રીએ યજ્ઞમાં પૂર્ણાહુતિનું નાળિયેર હોમ્યું ત્યારે તો એ મેઘરાજા વરસાદની ધારાએ સડસડાટ નીચે ઊતરી આવ્યા. પ્રતિષ્ઠા અને પૂર્ણાહુતિ ટાણે થયેલી આ માંગલિક વૃષ્ટિથી સૌના આનંદે માઝા મૂકી.

પ્રતિષ્ઠા બાદ ભોજન-આરામ કરીને સાંજે ગામમાં ૩૭ પધરામણીઓ કરી સ્વામીશ્રીએ સૌનાં ઘરો પણ મંદિરતુલ્ય કર્યાં.

અહીંથી હવે નવાગામ(લોલિયાણા) જવાનું હતું. આ વાટ પણ ગઈકાલની મુસાફરીને યાદ કરાવી દે તેવી રહી. સ્વામીશ્રી જે બસમાં બેઠેલા તેણે પ્રથમ ડચકું ખાધું – નીકળ્યાના એક માઇલમાં જ! માર્ગમાં આવતી નદીની રેતીમાં તેણે પાછલાં પૈડાં ઘુસાડી દીધાં. તેને તારવાં-તાણવાંના ઉપાયરૂપે કો'ક બોલ્યું: 'ટ્રેક્ટર લાવો.'

પણ સ્વામીશ્રી આપસૂઝ અને અનુભવથી બોલ્યા: 'અરે, શું ટ્રેક્ટર લાવો! ફર્સ્ટમાં નાંખીને મારો ધક્કા. નીકળી જશે.' આમ કરતાં જ બસ કળણમાંથી બહાર આવી ગઈ.

આગળ જતાં રતનવાવ આવ્યું. અહીં ત્રણ-ચાર પધરામણીઓ કરી એક ભોમિયાને નવાગામનો રસ્તો બતાવવા સાથે લીધો. અંતર માત્ર પાંચેક માઇલનું જ કાપવાનું હતું. પણ પહેલાં ત્રણ માઇલમાં બસ ત્રણ વાર ખોટકાઈ. માંડ સમું-સૂતરું થયું ત્યાં ભોમિયો ભૂલ્યો. અવળે રસ્તે બસ વધુ બે-ચાર વાર ઘોંચમાં પડી અને દસ વાગ્યે નવાગામ આવ્યું.

અહીં પેટ્રોમેક્ષનાં અજવાળાં, તડતડિયાં વાજાં, ઢોલ-નગારાં, હારતોરા અને શણગારેલી ઘોડાગાડી નગરયાત્રાની નિશાનીરૂપે દેખાયાં. આખા દિવસ દરમ્યાન પ્રતિષ્ઠા, પધરામણી અને પ્રવાસના ભીડે ભીંસાયેલા સ્વામીશ્રીને ચોથો ધક્કો આ મધરાતની નગરયાત્રાએ લગાવ્યો.

શોભાયાત્રા બાદ સભા આવી, પરંતુ આટલી અથડામણો અનુભવ્યા પછી પણ સ્વામીશ્રી લેશ અકળામણ વિના વાણી રેલાવવા લાગ્યા: 'નવાગામમાં નવું થયું. કેવો રસ્તો છે તે ખબર પડી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આવેલા એવું પ્રસાદીનું ગામ છે. પવિત્ર કુટુંબને લઈને આખું ગામ રંગાઈ ગયું.'

સ્વામીશ્રીની વાતોમાંથી ક્યારેય દુઃખ-દર્દ નીંગળતાં જ નહીં, ભલે અપાર વેઠ્યાં હોય છતાં!!

તા. ૧૪/૯ની સવારે અનુપમચંદ શેઠના ઘરમાં ડંકી નીચે કરેણના છોડવાઓની વચ્ચે સ્નાન કરીને નિત્યવિધિથી પરવાર્યા બાદ સ્વામીશ્રીએ ૩૭ પધરામણીઓ કરી. વરસાદને કારણે ગામડાંના ધૂળિયા-ઉબડખાબડ રસ્તાઓમાં કાદવ અને ખાબોચિયાં ઘણાં હતાં, પરંતુ તે સઘળાં વિઘ્નોને

આમ-તેમ પગ મૂકતાં અતિ ચપળતાથી સ્વામીશ્રી વટાવતાં જતા. બીજો જ્યાં ઊભો થઈ રહે ત્યાં માર્ગ કાઢી આગળ વધી જવાનું તેઓને આબાદ ફાવતું.

આ રીતે પધરામણીઓ કર્યા બાદ સ્વામીશ્રી બપોરે જમવા બેઠા ત્યારે બોલ્યા: 'શેઠના ઘેર આ ત્રીજી વખત આ'યા. શાસ્ત્રીજી મહારાજના વખતમાં સાવ નાનો હતો. યોગીજી મહારાજ સાથે બાર વરસ પહેલાં આયેલો અને આ ત્રીજી વખત.'

ગુરુ-સ્મૃતિ કરતાં કરતાં તેઓ ગળા નીચે કોળિયા ઉતારતા ગયા.

આ તો દાખલો લેવા જેવું છે

આજે બપોરથી વરસાદ ધીમી ધારે વરસવાનો શરૂ થયેલો. તેથી સ્વામીશ્રીએ સૌને સાંજે સમયસર તૈયાર રહેવા તાકીદ કરી દીધેલી. તે મુજબ જ બસમાં બેસી સૌ ચાર વાગ્યે તો કાળા તળાવ જવા નીકળી ગયા. આમ તો નવાગામથી કાળા તળાવ જતાં માત્ર પચીસ મિનિટ જેટલું જ થાય. છતાં 'સ્વામીશ્રીએ સૌને આટલા વહેલા શા સારુ ઉપાડ્યા હશે?' એમ સૌ વિચારી રહેલા. પરંતુ તેઓના આ પ્રશ્નનો જવાબ મુસાફરીની એક-એક પળ આપવા લાગી.

ખાડા-ખડિયા ને ખાબોચિયાં તારવતાં-તારવતાં પ્રવાસ આગળ ધપી રહેલો. તેમાં રસ્તામાં આવેલી ઘેલા નદી પાર કરવાની થઈ. તે ૯૦% ઊતરી ગયા હશે ત્યાં જ તેના ખાંચામાં બસ સલવાણી. તેમાંથી માંડ કાઢી ત્યાં દસ જ ફૂટ છેટે આવેલા બીજા ખાડામાં બસ ખાબકી. ત્યાંથી બધાએ ધકાટીને કાઢી ત્યાં ટેકરો ચઢતાં બસનું ઠાઠું ઊંચું થઈ ગયું અને ડખ... ડખ... કરતી તે બીજા એક ખાડામાં કૂદકો મારીને રહી. સૌએ પૈડાં નીચે રાડાં-રોડાં નાંખીને બહાર આણવા પ્રયાસ કર્યો પણ 'પડ્યો ગજ અજાડિયે' એવો આ ઘાટ થઈ રહેલો.

તે વખતે સાથે લીધેલું ટ્રેક્ટર વહારે આવ્યું. તેની સાથે તાણિયો બાંધી બસને ખેંચવાનો પ્રયત્ન થયો. પણ જમીન ચીકણી અને ઢાળવાળી, તેથી ટ્રેક્ટર લસરી પડે. એટલે થોડે દૂર તેને ઊભું રાખી, લાંબી જાડી સાંકળથી ખેંચવાનું અને પાછળથી બસને ધક્કો મારવાનું આયોજન વિચારી સૌ મંડ્યા. બમણા જોરે કામ થયું તેથી બસ ખાડામાંથી બહાર ઊછળી આવી. સૌને હાશ થઈ.

સ્વામીશ્રીએ હવે ડ્રાઈવરને સૂચના આપી કે 'આગળ ટ્રેક્ટર જાય છે તેના ચીલે-ચીલે ચાલજે. ચીલો છોડીશ નહીં.' પણ તોય આંખના કાચા ચાલકે

ગોથું ખાધું અને ડાબી બાજુ પોચી ભોંમાં બસ ઉતારી પાડી. રસ્તાની નીચે ઊંડા ખાડામાં પછડાતાં, તે અંદર બેઠેલા સ્વામીશ્રીને લીધે જ બચી ગઈ છે – તેમ જોનારા સૌને લાગ્યું! ટ્રેક્ટરથી ન ખેંચાય કે ન ધક્કો મરાય – એવી સ્થિતિમાં તે જાણે લટકી રહેલી. પણ અંદર બિરાજેલા સ્વામીશ્રીના પેટનું પાણી નહોતું હલતું. તેઓએ ટાઢકથી કહ્યું: 'જરા રીવર્સ લેવાનો ટ્રાય કરો.'

આ ઉપાયમાં કોઈને શ્રદ્ધા નહોતી પણ તે જ કારગત નીવડ્યો! સૌનાં આશ્ચર્ય વચ્ચે બસ પુનઃ રસ્તે આવી ગઈ!

હવે તો સ્વામીશ્રી જ ડ્રાઇવરની બાજુની બેઠકમાં ગોઠવાઈ ગયા અને માર્ગ ચીંધવા લાગ્યા. રસ્તે આવતાં ખાડે-ખાડે તે ચાલકને સૂચના આપતા જાય.

પરંતુ આવા મુશ્કેલમાર્ગે અદ્ધરથી મુશ્કેલીનાં પોટલાં છૂટવાનાં શરૂ થયાં. જોરદાર પવન સાથે વરસાદ વરસવા લાગ્યો. જો બસ ખોટકાય તો ધક્કા મારવા નીચે ઊતરવામાં પણ બે ઘડી વિચાર થઈ આવે એવી એ ઝડીઓ હતી. તેથી સૌ આવું નસીબ ન આવે એવું ચિંતવન જ કરી રહેલા ત્યાં જ તે આડું આવીને ઊભું રહ્યું! રસ્તે એવો ખાડો આવ્યો કે સ્વામીશ્રી બોલ્યા: 'એને પૂરી દો. નહીં તો બસ એમાં જરૂર ફસાશે.'

આદેશ થતાં સૌએ આસપાસથી કૂડું-કચરું ભેગું કરી ખાડો સમથળ કરી દીધો. તેની ઉપરથી આગળનાં પૈડાં તો સડસડાટ દોડી ગયાં પણ પાછલા પૈડાંને ખાડાએ ઝાલ્યા. પરંતુ સૌ જોરમાં હતા, તેથી બસને ઠેલીને બહાર લાવી દીધી.

ત્યાં જ આગળ બીજો ખાડો આવ્યો. તેમાં હવે શું પૂરવું? પણ જરૂરિયાત બધું સુઝાડે. તેથી ઝાંખરા-કાંકરા, થોરિયાં-પથરા જે હાથમાં આવ્યું તે બૂર્યું, અને પૂરણ કેવું ખમતીધર છે તે ચકાસવા એક જણાએ પગ મૂક્યો ત્યાં તો તે ઘૂંટણ લગી અંદર ઊતરી ગયો! તે જોઈ સૌના મોતિયા મરી ગયા. સૌએ નક્કી કર્યું કે 'ખાડો પૂરવાની મહેનત છોડી પૈડું ખાડામાં ન જાય તેમ બસ કાઢી લો.' તે પ્રમાણે એક જણ આગળ ઊભો રહી ચાલકને દિશા આપવા લાગ્યો, પણ આંખની જેમ કાનનાય અડધા કાચા એ ડ્રાઇવરે પૈડાંને ખાડામાં સમાધિ લેવડાવ્યે પાર કર્યાં.

સાથે હતું એ ટ્રેક્ટર પણ આગળ જતાં ટ્રોલી સાથે ફસાયેલું. ટ્રેક્ટરનો ડ્રાઇવર જીવતરના ઓવારે આવેલો આધેડ હતો. તેને તો વરસાદ અને પવનમાં ટાઢ ચડી ગયેલી. એટલે તે તો દૂધાધાર ગામના પાદરમાં આવેલા

કો'ક મકાનની ઓરડીમાં કોથળો ઓઢી, તાપણું કરી સૂઈ જ ગયેલો. 'હવે શું કરવું?' એ પ્રશ્ન વરસાદી વાયરાની જેમ ઘુમરાવા લાગ્યો. પણ આગળ ફસાયેલા ટ્રેક્ટરમાં બેઠેલા કો'કે કાળા તળાવમાં આ ખોટકામણના વાવડ પહોંચાડ્યા હશે, તેથી ત્યાંથી હરિભક્તો ગાડાં લઈને આવ્યા.

સ્વામીશ્રી બસમાંથી ગાડામાં ગોઠવાયા. વરસાદ બંધ થઈ ગયેલો પણ કાદવ ક્યાંથી સુકાય? તેથી એવા જ રસ્તે મુસાફરી આગળ વધી. બળદોને જાણે સ્વામીશ્રીને ચામર ઢોળવાનો ઉત્સાહ હોય તેમ પૂંછડાંનાં વીંઝણાં વીંઝતાં જતા'તા અને તેનાં 'ચંદન' છાંટણાં સ્વામીશ્રી પર ઉડાડતાં જતા'તા. આ રીતે કાળા તળાવ આવતાં તો સ્વામીશ્રી ગારામાં ગરકાવ થઈ ગયા! કાળા તળાવ આવ્યું ત્યારે તેઓના ગાતરિયા પર ઠેર ઠેર ગારાના ચાંદલા થઈ ગયેલા અને ઘડિયાળ પોણા નવ વાગ્યાનો સમય બતાવી રહેલી. પચીસ મિનિટનું અંતર પોણા પાંચ કલાકે કપાયેલું!

પરંતુ હાડમારીના હિમાલયને વળોટી પધારેલા સ્વામીશ્રી એ દિવસની રાત્રિસભામાં બોલ્યા: 'ગામના યુવકોનો ખૂબ પ્રેમ છે. અથાગ મહેનતથી મંદિર તૈયાર થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજે આ રીતે જ મંદિરો કર્યાં છે. આવા નાના ગામમાં પુરાણી સ્વામી શ્વેતવૈકુંઠદાસ જેવા રત્ન પાક્યા. યોગીબાપાના કૃપાપાત્ર સાધુ થઈ ગયા. કાલે મહારાજ-સ્વામી બેસશે. આ તો દાખલો લેવા જેવું છે.'

હા, ખરેખર! આજે એક દાખલો જ બેસી ગયેલો – સ્વામીશ્રીની ભીડાભક્તિનો, સ્વામીશ્રીની ભક્તવત્સલતાનો, સ્વામીશ્રીની સ્થિરતા-ધીરતાનો! કોઈનું પણ મન મુશ્કેલીથી થાકે-કંટાળે ત્યારે ધ્રુવ તારા સમો આ દાખલો તેને દિશા ચીંધતો રહે તેવો ચિરંજીવી છે.

જો કે, સ્વામીશ્રીએ રાત્રે સાડા બાર વાગ્યે બાજરીનાં ડૂંડાં વચ્ચે પથારી કરી ત્યારે તેઓના મુખારવિંદ પરથી કોઈ કળી શકે એમ નહોતું કે આજે આ સંત મુશ્કેલીના મહાનદને પાર કરીને આવ્યા છે! રોજની એ જ હળવાશને માથે ઓઢીને તેઓ સૂતા!

હાંડી ફાનસે રૂપાળે, દગે દીઠા છે

તા. ૧૫/૯ની સવારથી કાળા તળાવમાં પ્રતિષ્ઠાનું મંગલમય વાતાવરણ સર્જાયેલું. પણ જેઓના હસ્તે આ વિધિ સંપન્ન થવાનો હતો તે સ્વામીશ્રી તો

આ દિવસે પણ ડંકી નીચે ન્હાયા.

સ્નાન બાદ નિત્યકર્મથી પરવારીને સાડા આઠ વાગ્યે તેઓ નગરયાત્રામાં બિરાજ્યા. એક ગાડામાં તેઓને અને બીજા ગાડામાં મૂર્તિઓ પધરાવીને સૌ આખા ગામમાં ઘૂમ્યા. તે પછી પ્રતિષ્ઠાના નગારાં ગડગડ્યાં. ભક્તોની સેવાથી ગામના આંગણે નમણું-નાજુક મંદિર રમતું થઈ ગયું.

આ પ્રતિષ્ઠાથી પરવારીને ગામના સો ઉપરાંત ભાવિકો બળદગાડાં સાથે ગઈકાલે ખાડામાં ખૂંતેલા 'હાથી'ને કાઢવા નીકળ્યા. મહામહેનતે તેઓ બપોરે સાડા ત્રણ વાગ્યે સ્વામીશ્રીની બસને લઈ ગામના પાદરે આવી પહોંચ્યા. તે સમાચાર સાંભળતાં સ્વામીશ્રી બોલ્યા : 'ઓહોહો ! પરચો થયો.'

'પરચો કાલે કરવો જોઈતો'તો ને ! કાલે પરચો ક્યાં ગયેલો ?' સેવકોએ આમ કહેતાં રમૂજ કરી, ત્યારે 'એ તો એમ છે' કહી સ્વામીશ્રી હસી પડ્યા. તેઓના એ હાસ્યમાં સત્પુરુષના મનુષ્યભાવ-દિવ્યભાવની લીલાનો મર્મ સમાયેલો હતો.

બસ આવી ગયેલી પણ સ્વામીશ્રી બળદગાડામાં બેસીને જ દરેડ પધાર્યા.

અહીં મહીપતસિંહના દરબારગઢમાં જ સભા ભરાઈ. પણ મંગલાચરણ થયું ત્યાં જ મેઘ મંડાયો. તેથી 'ઊઠો, ઉપર જઈએ' કહેતાં સ્વામીશ્રી સહિત સૌ ઓસરી-ઓરડામાં આવી બિરાજ્યા.

અત્રે કથા-વાર્તામાં સ્વામીશ્રીએ 'ગામમાં મંદિર થાય' તે વાત વહેતી મૂકી. તેઓની વાણીમાં રહેલી ભક્તિ-ભાવના, નિઃસ્વાર્થ-ભાવના અને કલ્યાણ-ભાવનાએ દરબારના હૃદયને વીંધી દીધું. તેઓએ ત્યાં જ પોતાના મકાનના ઓરડા મંદિર માટે અર્પણ કર્યા. આ પહેલથી શ્રોતાઓમાં પણ સેવાનો જુવાળ ઊપડ્યો અને તે જ ઘડીએ માતબર રકમનો ખરડો નોંધાઈ ગયો. બે-પાંચ મિનિટમાં તો એક મંદિરના શ્રીગણેશ થઈ ગયા. આવો રહેતો સ્વામીશ્રીની સરળ વાણી અને શુદ્ધ વર્તનનો પ્રભાવ !

ટોચના એક કાર્યને આમ વેગ આપી સ્વામીશ્રી તળિયાનું કામ – પધરામણીઓ કરવા નીકળ્યા. વરસાદના સંગે ગામમાંથી વીજળી તો પલાયન થઈ ગયેલી. તેથી ફાનસના અજવાળે સ્વામીશ્રીએ સાંજે સાત વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધીમાં ૨૦ પધરામણીઓ કરી. સૌને *'હાંડી ફાનસે રૂપાળે, દગે દીઠાં છે...'*ની હરિસ્મૃતિ તાજી કરાવતાં તેઓ અહીંથી નીકળી અલમપર સ્ટેશને પધાર્યા. ત્યાંથી ટ્રેન દ્વારા બોટાદ ઊતરી રાત્રે સવા અગિયાર વાગ્યે

સારંગપુર આવી પહોંચ્યા.

મહાત્માની મૂઠી ઊંચેરી મમતા

સારંગપુરમાં તા. ૧૬/૯ થી ૨૪/૯ સુધીના રોકાણ દરમ્યાન પ્રથમ દિવસે જળઝીલણી એકાદશી અને છેલ્લા દિવસે શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ ધામધૂમપૂર્વક ઊજવાયું. આ બંને ઉત્સવો વચ્ચેનું વાતાવરણ પણ ઉત્સવમય જ રહ્યું. તેમાં તા. ૧૯/૯ની સાંજે તો સ્વામીશ્રીએ નારાયણ કુંડે પધારી સંતો-પાર્ષદોને સ્નાનલીલામાં પણ ઝબકોળ્યા. તા. ૨૦/૯ના રોજ ટ્રેક્ટર દ્વારા પાટણા, ઝમરાળા, કારિયાણી અને લાઠીદડ તથા તા. ૨૩/૯ના દિવસે તાજપુરના વિચરણની વાટ પણ ખૂલી ગઈ.

આ દિવસો દરમ્યાન એક વાર સ્વામીશ્રી પોતાના ઓરડામાં બેસી પત્રવાંચન-લેખન કરી રહેલા. તે વખતે જ શશીન નામનો બાળક તેઓ સમક્ષ આવીને ઊભો રહી ગયો. તેને જોતાં જ સ્વામીશ્રીએ પત્રલેખન અટકાવ્યું, કારણ કે તેઓને મન કાર્ય કરતાં વ્યક્તિની કિંમત વધુ. તેમાં નાના-મોટા, ગરીબ-તવંગર વગેરેના કોઈ ભેદ રાખતા નહીં.

તેથી આઠેક વર્ષના બાળકને તેઓએ પૂછ્યું : 'બોલો, શું કામ છે ?'

'પાન જોઈએ છે.'

સંતો રોજ ઠાકોરજીને પાનબીડાં ધરાવે તેની માંગણી બાળકે કરી.

આ પ્રસાદી તો પૂજારી પાસે મળે. તેથી સ્વામીશ્રીએ એક સંતને પાનબીડું લેવા મંદિરમાં મોકલી બાળકને કહ્યું : 'અહીં બેસો. હમણાં પાન આવશે.'

બાળક આશાના તાંતણે બંધાઈને બેઠો અને સ્વામીશ્રી પુનઃ પત્રોમાં પરોવાયા.

થોડી વારમાં પાનબીડું આવતાં સ્વામીશ્રીએ સ્વહસ્તે તે બાળકને આપ્યું. પણ ત્યાં જ તેણે ધડાકો કર્યો : 'ચાર જોઈએ.'

તે બાળક પોતાની સાથે પોતાના કુટુંબીનો પણ વિચાર કરી રહેલો. પણ તેમાં તેને એ વિચાર ન રહ્યો કે 'આ પાનબીડાં કાયમ તૈયાર ન હોય કે માંગીએ તેટલા મળી જાય.'

પરંતુ સ્વામીશ્રી પાસે દરેકની માંગણીને આદર મળે. તેથી તેઓએ પેલા સંતને કહ્યું : 'જાઓ, બીજાં ત્રણ પાન લઈ આવો. ન હોય તો તૈયાર કરીને લાવો.'

પત્ર-વ્યવહારમાં દખલરૂપ બની રહેલા આ બાળકની પણ સ્વામીશ્રીએ સંપૂર્ણ કાળજી લીધી. તેને ચાર પાન અપાવ્યાં.

પાન મળતાં બાળક તો 'આભાર' કહેવાની વાત દૂર રહી, પણ સ્વામીશ્રી સામું જોવાનીય દરકાર વિના બાળસહજ અલ્લડતાથી ચાલી નીકળ્યો. પણ જતાં-જતાંય દાન ઉપર દક્ષિણાની જેમ તેની પીઠ પર સ્વામીશ્રીના આશીર્વાદનો હળવો ધબ્બો પડી ચૂક્યો ! સૌને મહાત્માની મમતાનું મૂઠી ઊંચેરું દર્શન લાધી ગયું.

જાહેરમાં અંતર્યામીપણાનો પહેલો પ્રસંગ !

તા. ૨૪/૯ના રોજ સારંગપુરમાં ઊજવાયેલા શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે સેંકડો લોકો શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં અને દૂધપાકમાં રસબસ થયા.

આ ઉત્સવ બાદ સ્વામીશ્રી સાંજે સારંગપુરથી વિદાય લઈ રહેલા. માથે પાઘ ધારણ કરેલી એ મૂર્તિ મંદિરના સભામંડપમાંથી બહાર પધારી. તે વખતે સભામંડપમાંથી નીકળતાં ડાબી બાજુ વળીએ એટલે હિસાબ-કિતાબનું કાર્યાલય આવતું. બહારગામથી આવતી ટપાલો પણ ત્યાં જ ખડકાતી. તેથી સ્વામીશ્રી પોતાના નામનું કોઈ પરબીડિયું આવ્યું છે કે નહીં તે જોવા એ કાર્યાલયમાં ગયા.

ત્યાં મેજ પર એક કોરો કાગળ પડેલો. તે જોઈ સ્વામીશ્રી ખુરશી પર બેસી ગયા અને કલમ હાથમાં લઈ અટલાદરા મંદિરના કોઠારી ત્યાગ-વલ્લભદાસ સ્વામીને ઉદ્દેશી એક ટપાલ લખી નાંખી.

કાગળ પૂરો કરીને તેઓ જ્યાં ઊભા થયા ત્યાં જ ટપાલી આવ્યો. તેણે મંદિરના પત્રોની થોકડી મૂકી. મહેતાજીએ તે ફંફોસી તો તેમાંથી સ્વામીશ્રીને સંબોધીને લખાયેલો એક પત્ર નીકળ્યો. તે મોકલનાર હતા – ત્યાગવલ્લભ-દાસ સ્વામી. આ કાગળ જ્યાં પત્ર-પરિચારકે સ્વામીશ્રીને આપ્યો ત્યાં જ તેઓ બોલ્યા: 'હમણાં કાગળ લખ્યો એ ત્યાગવલ્લભ સ્વામીને મોકલી આપો. એમાં આ ટપાલનો જવાબ આવી ગયો છે.'

આ સાંભળનાર સૌને આશ્ચર્ય થયું કે 'ટપાલ તો હજી હમણાં આવી છે. તે ફોડ્યા પહેલાં સ્વામીશ્રીએ જવાબ કેવી રીતે લખી દીધો હશે ?!'

સૌએ 'હકીકત શું છે ?' તે જાણવા માટે આવેલો પત્ર અને સ્વામીશ્રીએ

લખેલો પત્ર જોયો તો ત્યાગવલ્લભદાસ સ્વામીએ જે કંઈ પણ પૂછેલું તે તમામના ઉત્તર સ્વામીશ્રીએ લખેલા પત્રમાં આવી ગયેલા માલૂમ પડ્યા! તે જોઈ સૌનાં કુતૂહલનો પાર ન રહ્યો!! બધાએ પુનઃ આ બાબતનો ખુલાસો સ્વામીશ્રી પાસે માંગ્યો ત્યારે તેઓ 'જાહેરમાં અંતર્યામીપણાનો આ પહેલો પ્રસંગ બન્યો' કહી, હસતાં હસતાં હળવદ જવા નીકળી ગયા.

જીવ તો પ્રમુખસ્વામી સાથે જ જોડવો

હળવદ જઈ રહેલા સ્વામીશ્રીએ ધંધુકામાં એક બીમાર ભક્તની સંભાવના કરી. લીંબડીમાં રસ્તે આવીને ઊભેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. વઢવાણના કુલેશ્વર મહાદેવમાં સભા સંબોધી. આ સિવાયના સમયમાં મોટરમાં પત્રલેખન કર્યું અને રાત્રે ધ્રાંગધ્રા જઈ પહોંચ્યા.

અત્રે આવતાં જ પ્રાસંગિક વાત કરતાં કહ્યું: 'પહેલાં શાસ્ત્રીજી મહારાજ પથ્થર લેવા અહીં આવતા. તે વખતે રામશંકર સોમપુરાને ત્યાં ઊતરતા.'

જેમ ખાવા-પીવાનો રસિયો હાલતાં-ચાલતાંય ફાકડા મારતો જાય ને ઘૂંટડા ભરતો જાય, તેમ સ્વામીશ્રી પણ હરહંમેશ સ્મૃતિઓનો રસથાળ આરોગતા રહેતા. સમય-સમયની, સ્થળ-સ્થળની, સંગ-પ્રસંગની સેંકડો સ્મૃતિઓનો તેઓ ભંડાર હતા. સમય આવ્યે એ ખજાનામાંથી કંઈક સ્મૃતિરત્ન કાઢે ત્યારે તેઓની આ વિશેષતા પરખાતી.

હળવદમાં તા. ૧૯/૯થી મહંત સ્વામી પારાયણ કરી રહેલા. તે સ્વામીશ્રી પધારતાં પૂર્ણ થયું. ત્યારબાદ ચરાડવા થઈને સ્વામીશ્રી તા. ૨૬/૯ની સાંજે મોરબી પહોંચ્યા. અહીં નગરયાત્રા અને લોહાણા વાડીમાં સભાનો લાભ આપી, તેઓ તા. ૨૭/૯ની સવારે સાત દિવસના 'જ્ઞાનયજ્ઞ'નો પ્રારંભ કરવા માટે રાજકોટ પધારી ગયા.

આ પારાયણ દરમ્યાન તા. ૨/૧૦ના રોજ મહંત સ્વામીએ ગઢડા મધ્ય પ્રકરણના ૬૩મા વચનામૃતનું નિરૂપણ કરતાં જણાવ્યું કે 'સંબંધવાળા સર્વ સાથે હેત-પ્રીત રાખવાં, પણ જીવ તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી સાથે જ જોડવો. તે આપણું હૃદય છે, પ્રાણ છે, જીવન છે.'

ભવ સાથે ભવનની ચિંતા

રાજકોટના રોકાણ દરમ્યાન એક વાર શંભુસિંહે સ્વામીશ્રીને કહેલું કે

'બાપા ! મેં મકાન લેવા એક ઘર જોઈ રાખ્યું છે. પણ તે યોગ્ય છે કે નહીં તે આપ જોઈ ઘો. કારણ, હું નોકરિયાત માણસ ને વખતે જો મકાન બોદું નીકળે તો ફરી લેવાની મારી ત્રેવડ નહીં.'

સ્વામીશ્રીનો સત્સંગીઓ સાથેનો નાતો ગુરુ-શિષ્ય કરતાંય સગાં-સ્વજનનો વિશેષ હતો. તેથી કુટુંબીને ચીંધવા યોગ્ય કામ પણ સૌ તેઓને સોંપતા.

શંભુસિંહની આવી વાત સાંભળી સ્વામીશ્રીએ પણ જણાવેલું: 'વાંધો નહીં. આપણે જોઈ લઈશું.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવથી સંતોષ પામતાં એ હરિભક્ત બેંકની તાલીમ માટે ભાવનગર પહોંચી ગયા. તે દરમ્યાન રાજકોટમાં એક વાર પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી સાથે શંભુસિંહનો દીકરો હિતેન્દ્ર પણ હતો. તેને સ્વામીશ્રીએ પૂછ્યું: 'બાપુજીએ ખરીદવા માટે મકાન જોઈ રાખ્યું છે, તે ક્યાં છે તને ખબર છે?'

'હા, એ વાણિયાવાડીમાં છે.'

'ચાલો, ત્યાં લઈ જાઓ.' એમ કહેતાં સ્વામીશ્રી તે મકાનના આંગણે આવી પહોંચ્યા અને એ છોકરાને કહ્યું: 'જાઓ, અંદર કોઈ બહેનો હોય તો વ્યવસ્થા કરો.'

પળ - બે પળમાં મર્યાદા મુજબ બધું ગોઠવાઈ ગયું એટલે સ્વામીશ્રી એ ઘરમાં ફર્યા. દીવાલ પર ટકોરા મારી મજબૂતાઈ ચકાસી. આંગણામાં પાણીની ડંકી હતી. તે પણ જાતે ચલાવી જોઈ. તેમાં એક જ વાર હલાવતાં પાણી આવ્યું. તે વડે પોતે હાથ ધોયા અને બોલ્યા: 'પાણી પણ સારું છે.'

આમ, મકાનની તપાસ પૂરી કરી સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા ત્યારે તે સોસાયટીના સૌ રહીશોને તેઓ જુદા જ ગુરુ લાગ્યા. પોતાના આશ્રિતોની આવી દરકાર રાખનારા કોઈ મહાત્મા આજ દિન સુધી તેઓની નજરે ચડ્યા નહોતા.

પધરામણી બાદ સ્વામીશ્રી સીધા પારાયણમાં પધાર્યા અને પહેલું કામ કર્યું – ભાવનગર ગયેલા શંભુસિંહને પત્ર લખવાનું. તેમાં જણાવ્યું: 'તમારે જે ઘર લેવું છે તે આજે અમે જોઈ આવ્યા છીએ. સારું છે, તો લઈ લેશો. આશીર્વાદ છે.'

આ પત્ર જ્યારે તે હરિભક્તના હાથમાં આવ્યો ત્યારે તેઓનું હૈયું ભરાઈ આવ્યું. ભક્તોના ભવ અને ભવન – બંનેની ચિંતા કરનારા સ્વામીશ્રી

સાચે જ અજોડ ગુરુ હતા.

ઘનિષ્ઠ ઘરોબો

રાજકોટમાં તા. ૩/૧૦ના રોજ પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી સુરેન્દ્રનગર, વઢવાણ, ખારવા, લીંબડી થઈને અચારડા પધાર્યા.

અહીં તા. ૫/૧૦ની સવારે નારાયણ ધરે ભાદરવી અમાસનો સમૈયો કર્યો. તેમાં પ્રાસંગિક વાત કરતાં તેઓએ કહ્યું: ''આ મહાપ્રસાદીનું સ્થાન. અહીં મહારાજ ન્હાયેલા. આ ખેતરો ભગવત્‌સિંહ બાપુ તથા સાહેબસિંહ બાપુનાં છે. તેમાં ઘઉંનો પાક જોઈ મહારાજે કહેલું: 'આમાં જે ઘઉં થાય તેને કોઠીમાં નાંખી સાણેથી કાઢશો તો ખૂટશે નહીં.' તે હજુ તે ઘઉં પ્રસાદીના રાખે છે. થોડા વધે ત્યાં તેમાં બીજા ભરી દે છે.''

હરિભક્તોનાં દાણા-નાણાંના વ્યવહારની આવી ઝીણી ઝીણી બાબતો પણ સ્વામીશ્રીના લક્ષ્યમાં રહેતી. તે ભક્તો સાથેના તેઓના ઘનિષ્ઠ ઘરોબાને સૂચવતી.

તેઓની આવી આત્મીયતાના સૂત્રથી બંધાયેલા સાતસોથી વધુ હરિભક્તો આજના સમૈયામાં એકત્રિત થયેલા. તે સૌ સાથે સ્વામીશ્રીએ વાસળ-ગંગામાં સ્નાન કર્યું. ત્યારબાદ મોજીદડ પધાર્યા.

અહીંની પણ એક પુરાણી સ્મૃતિ વાગોળતાં તેઓએ કહ્યું: 'વઢવાણ પહેલાં અહીં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજેલા. અમે ચૂડા સ્ટેશનથી એકામાં અને કોઈ વખત માથે પોટલાં ઉપાડીને અહીં ચાલતાં આવતા.'

મોજીદડથી નવાગામ, ખાંડિયા, કંથારિયા, ચચાણા, ભલગામડા, ચોકી, ઊંટડી વગેરે ગામો વિચરતાં સ્વામીશ્રી પુનઃ તા. ૧૧/૧૦ની સવારે લીંબડી પહોંચ્યા. અહીંના છાલિયા તળાવમાં સ્નાન કરી પાંદરી, કારોલ, ચૂડા, ભોયકામાં લાભ આપી તા. ૧૩/૧૦ની સવારે બોચાસણ જવા નીકળ્યા. આ મુસાફરી દરમ્યાન તેઓએ સત્સંગ પરીક્ષામાં સામેલ 'અક્ષર-પુરુષોત્તમ ઉપાસના'નું પુસ્તક તથા 'શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્ર'નો પાઠ કર્યો.

અનંત પ્રવૃત્તિમાં પણ સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન એ સ્વામીશ્રીની મનપસંદ પ્રવૃત્તિ રહેલી. સામાન્યતયા જે રસ્તે અવર-જવર વિશેષ હોય ત્યાં ઘાસ ઊગે નહીં. તેમ અતિ વ્યવહારમાં વાંચનકળા ઘસાઈ જાય. પણ સ્વામીશ્રીએ વ્યવહાર અને વાંચનનાં બેય પલ્લાં સમતોલ રાખી જાણેલાં.

આ જ રીતે વિચરણ કરતાં કરતાં તેઓ બોચાસણથી મકરપુરા, જાંબુવા, ભરૂચ, સુરત, બારડોલી, અટલાદરા, ઘોઘાવદર વગેરે સ્થળોને લાભ આપી તા. ૧૬/૧૦ની બપોરે ગોંડલ આવી પહોંચ્યા.

અક્ષરના આંગણે ઉત્સવોનો ઉલ્લાસ

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારે અક્ષર મંદિર અને અક્ષર દેરી ઉત્સવોના ઉલ્લાસથી થનગની રહેલાં. 'યોગી સ્મારક ભવન'ના ઉદ્‌ઘાટન અને અક્ષર જન્મોત્સવની વાંસળી સાંભળીને, દેશ-પરદેશથી હજારો હરિભક્તો અહીં લાભ લેવા દોડી આવેલા.

ઉત્સવોના આ ઉલ્લાસમાં, તા. ૧૮/૧૦ની સવારે યજ્ઞની મંગલતા ભળી. આ યજ્ઞમાં હિરણ્યદાનનો સમય આવ્યો ત્યારે ઘનશ્યામ મહારાજને સોનાના સિંહાસનમાં બેસાડવાનો યોગીજી મહારાજનો સંકલ્પ જણાવી સ્વામીશ્રીએ સૌને સુવર્ણદાનની હાકલ લગાવી. તે સાથે જ તેઓની ગુરુભક્તિ, યોગીજી મહારાજની સંકલ્પશક્તિ અને ભક્તોના સમર્પણની ત્રિવેણી રચાઈ ગઈ. યજમાન અને દર્શનાર્થી બાઈ-ભાઈઓએ *'કંચન વરસે મેહ'*ની ઝાંખી કરાવતાં પહેરેલાં ઘરેણાં કાઢી-કાઢી પાત્રો છલકાવી દીધાં. સ્વામીશ્રીનો આ પ્રભાવ જોઈ આજના હરિયાગમાં મૂકવામાં આવેલી ખાંભા, કુતિયાણા, જૂનાગઢ અને ગોરાણામાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ પણ મલકી ઊઠી.

યજ્ઞશાળામાંથી સ્વામીશ્રી સીધા જ 'યોગી સ્મારક ભવન'ના ઉદ્‌ઘાટન માટે પધાર્યા. યોગીજી મહારાજના પ્રેરક પ્રસંગોની ચિત્રમાળા તથા યોગીજી મહારાજના સંબંધથી દિવ્ય બનેલી પ્રાસાદિક વસ્તુઓની કલાત્મક ગોઠવણીથી આકર્ષક આ ભવનનું ઉદ્‌ઘાટન કરી તેઓએ સમગ્ર સંકુલ શાંતિપૂર્વક નિહાળ્યું.

આ ઉત્સવની દિવ્યતાનાં ઘેન હજી તો ઊતર્યાં નહોતાં ત્યાં જ તા. ૧૯/૧૦ની સવારથી ગુણાતીત જન્મોત્સવનાં કામણ સૌ પર પથરાવાં લાગ્યાં. આ દિવસના બ્રાહ્મમુહૂર્તમાં મહાપૂજાવિધિ પૂર્ણ કરી સ્વામીશ્રી યોગીજી મહારાજના વધુ એક કાર્યને વેગવંતું બનાવવા યજ્ઞશાળામાં પધાર્યા. અહીં તેઓએ ૧૮ યુવાનોને પાર્ષદી દીક્ષા અને ૨૯ પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી ત્યારે પ્રચંડ હર્ષોલ્લાસથી અવની-આકાશ ભરાઈ ગયાં.

'એક-એકથી અધિક' અવસરોની આ હારમાળામાં દીક્ષાવિધિ બાદ, સ્વામીશ્રી 'યોગી સ્મૃતિમંદિર'ના પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરી, યોગી સ્મૃતિસ્થાન

પર ચરણારવિંદ પધરાવવા આવી પહોંચ્યા. આ અવસરે ઉપસ્થિત રહેવા ગોંડલના મહારાજા જ્યોતિબાપુ આવ્યા ત્યારે યજમાનો એકમેકને ગોઠણે-ગોઠણ અડાડીને બેઠેલા. ક્યાંય રાઈ જેટલી જગ્યા બચી નહોતી. તેથી 'બાપુને ક્યાં બેસાડવા?' તે વિમાસણ થઈ રહી. પણ તે જ વખતે સ્વામીશ્રી બોલ્યા: 'આવો બાપુ! બેસો અહીં.'

આ સાંભળી સૌ જોઈ રહ્યા કે 'બેસવા માટે બિલકુલ જગ્યા બચી નથી ત્યાં સ્વામીશ્રી બાપુને ક્યાં બેસાડવા જઈ રહ્યા છે?'

પણ સૌના ચહેરા પર આશ્ચર્યચિહ્ન આંકતાં સ્વામીશ્રી પોતાની બેઠક પરથી ખસ્યા અને બાપુને પોતાની સાથે જ બેસાડી દીધા! અંતરમાં માન-મોટપનો અંકુર સરખો ફૂટ્યો ન હોય તો જ આવું સૂઝી આવે! બાકી કોઈ ધર્મધુરંધરના આસન પર કોઈ સદ્‌ગૃહસ્થને બેઠેલા તમે કદી ભાળ્યા છે?!

આવા ધર્મગુરુની નિશ્રામાં આજની સાંજે અક્ષર જન્મોત્સવને વધાવવા મુખ્યમંત્રીશ્રી સહિત અનેક શ્રેષ્ઠીઓ હાજર હતા. તેમાં મહંત સ્વામીએ સ્વામીશ્રીનો મહિમા રેલાવતાં ગાયું કે 'એક પ્રમુખસ્વામી દ્વારા જ મહારાજ પ્રગટ છે તે વાત મુદ્દાની છે અને તેને ભારપૂર્વક કહેનારા હઠાગ્રહી કે દુરાગ્રહી નથી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના શિષ્યો માટે તો પ્રમુખસ્વામી એક જ છે અને તેમ સમજાશે તો જ ભક્તિમાં બરકત આવશે, એકતા રહેશે અને સુહૃદભાવ પણ રહેશે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી તો મોટા દિલના છે. બધી સમજણવાળાઓને સત્સંગમાં નભાવે છે, પરંતુ તેમને આપણા તરફથી કોઈ તકલીફ ન થાય તે કરવું તે ભક્તિ છે.'[13]

પ્રભુ વિના બીજે પ્રીતિ નહીં

યોગીજી મહારાજની કર્મભૂમિ બાદ હવે સ્વામીશ્રીનું લક્ષ્ય હતું – યોગીજી મહારાજની જન્મભૂમિ. ગોંડલમાં યોગી-સ્મૃતિને ચિરંજીવ કરતું સ્મારક તૈયાર કરનારા તેઓએ ધારીમાં યોગી-સ્તુતિના પ્રતીક સમું સુંદર મંદિર તૈયાર કરેલું. તેના પ્રતિષ્ઠા મહોત્સવ માટે તા. ૨૦/૧૦ની સવારે ગોંડલથી

---

૧૩. અક્ષર દેરીના આંગણે ઊજવાયેલી આ ઉત્સવ-ત્રિવેણીમાં અવગાહન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

વિદાય થયેલા સ્વામીશ્રી દેવળિયા, અમરેલી થઈને રાત્રે પોણા નવ વાગ્યે ખાંભા પધાર્યા. અહીં જે. એન. મહેતા હાઈસ્કૂલમાં સત્સંગ-સભાનો લાભ આપી તેઓએ તા. ૨૧/૧૦ની સવારે નૂતન મંદિરમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. તે દ્વારા ગામના થોડા અને સામાન્ય ભક્તોની ભક્તિને સાર્થક ઠેરવતાં સ્વામીશ્રી પ્રતિષ્ઠા બાદ પંચાવન ઘેર પગલાં પાડી સાંજે ચલાલા પધાર્યા. અહીં દાન બાપુની જગ્યામાં મહંતશ્રી વલ્કુ બાપુને મળી રાત્રે અગિયાર વાગ્યે ધારી આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૨/૧૦ના રોજ પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ અને નગરયાત્રાનાં આયોજનો ગોઠવાયેલાં. આ ઉત્સવની સ્મૃતિ પોતાની દુકાન સાથે સાંકળી લેવાના ઇરાદાથી અજિતભાઈ નામના એક મુમુક્ષુએ પોતાની નવી દુકાનનું ઉદ્‌ઘાટન પણ આ જ દિવસે ગોઠવેલું. તે માટે સ્વામીશ્રી સ્વયં પધાર્યા. યજ્ઞ, નગરયાત્રા અને પ્રતિષ્ઠાની ત્રિવેણીના ઘુઘવાટમાં તેઓ ખૂણે-ખાંચરે વહેતી થયેલી આ પાતળી ધારાને પણ ભૂલ્યા નહીં.

સ્વામીશ્રીની પધરામણીથી દુકાનદારની ખુશીનો કોઈ પાર નહોતો. એ વેગમાં તેણે સ્વામીશ્રીનાં ચરણારવિંદ પાડવાં પલાળેલા કંકુની થાળી તૈયાર રાખી હતી. પરંતુ સ્વપ્નમાંય ભગવાનની ભક્તિ ન ચૂકનારા સ્વામીશ્રી જાગ્રતમાં તો ઝોકું કેવી રીતે ખાય? તેઓએ પોતાનાં ચરણારવિંદની છાપ પાડવા બાબતે ઘસીને 'ના' પાડતાં કહ્યું: 'આ ઠાકોરજીનાં ચરણારવિંદની પૂજા કરો. તેમાં બધું આવી ગયું.'

સ્વામીશ્રી પોતાનાં ચરણને વિચરણના જ હકદાર સમજતા, નહીં કે વંદન-પૂજનના. તેથી જ જીવનમાં જાણે-અજાણે અનેક વાર તેઓનાં ચરણને પૂજવાં-પખાળવાં લોકોએ યત્ન કરેલા, પરંતુ સ્વામીશ્રીએ પોતાનાં ચરણ પર કંકુ-ચંદનનો એક છાંટો કે જળનું એક ટીપું સુધ્ધાં પડવા દીધું નહોતું!! આવાં 'પવિત્ર' ચરણની રજ ભગવાન પણ ઇચ્છે તેમાં શું નવાઈ?

ધારીની શાન વધારી

દુકાનની પધરામણીએથી સ્વામીશ્રી યજ્ઞમંડપમાં પધાર્યા. અહીં પાંચ યજ્ઞકુંડની આસપાસ ૧૫૦ યજમાનો ઋત્વિજોના વિધિને અનુસરતાં હોમ કરી રહેલા. પરંતુ ધીરે ધીરે પ્રકૃતિએ તેનો પ્રભાવ પાથરવાનું શરૂ કર્યું. પ્રથમ મંદ ગતિએ અને પછી તેજ ગતિએ ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. તેના જોરથી

મંડપનો અમુક ભાગ તૂટવા માંડ્યો. પવનના ચાળે ચડેલાં વાદળાં પણ રીડિયારમણ કરતાં વરસવા લાગ્યાં. ચારેકોર પાણી-પાણી થવા માંડ્યું. પ્રકૃતિ આજે ખરેખર ભાન ભૂલેલી. તેના તાંડવને પોતાના સંકલ્પમાત્રથી શમાવી દેનાર અક્ષરબ્રહ્મના આયોજનને ઉથલાવવા તે ચાલી નીકળેલી. પરંતુ 'न पादपोन्मूलनशक्तिरंहः शिलोच्चये मूर्च्छति मारुतस्य।'[૧૪] વૃક્ષોને ઉખાડનારી પવનની શક્તિ પર્વતના વિષયમાં વ્યર્થ સાબિત થાય છે. તે રીતે આજે પ્રકૃતિએ ધોબીપછાડ ખાધી. યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થયો.

પણ 'હાર્યો જુગારી બમણું રમે' એ ન્યાયે સાંજની નગરયાત્રામાં વળી તે વા, વાદળ ને વરસાદના હથિયાર સજીને આવી પહોંચી; પરંતુ સૌએ તેની બહબહાટી સામે કીર્તનની કડકડાટી બોલાવતાં ભવ્ય નગરયાત્રા કાઢી. 'પ્રકૃતિ'ના ભાવોને પરાસ્ત કરવા તો સ્વામીશ્રી મંદિરો બાંધતા હતા. તે હેતુ પ્રતિષ્ઠા પહેલાં જ સિદ્ધ થઈ રહ્યો.

તા. ૨૩/૧૦ની સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્વામીશ્રીએ મૂર્તિમાં પ્રાણ પૂર્યા, યોગીજી મહારાજના જન્મસ્થાનના ઓટા પર શ્રીજીમહારાજનાં ચરણારવિંદ સ્થાપ્યાં અને મંદિરને જનકલ્યાણ માટે ખુલ્લું મૂક્યું.[૧૫] અંતે આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું કે 'આ ઉત્સવમાં ડૉક્ટર સ્વામી, ઈશ્વર સ્વામીનો મુખ્ય ફાળો છે. 'યોગીજી મહારાજ માટે શું ન કરીએ ?' તેવું દરેકને રહ્યા કરે છે. કાલે ઝંઝાવાત ખૂબ થયો. પણ બધી વિધિ શાંતિથી થઈ ગઈ. યોગીબાપાને ઠંડી ને પવન ગમતાં નહોતાં. તેથી તે બંનેને થયું કે 'મારી સેવા લીધી નથી તે આ પ્રતિષ્ઠા વખતે લાભ લઈ લઉં.' તેથી કાલે એમના દિવ્ય દેહની સેવા કરવા બરાબર ઝપટ મારી.'

આટલું કહી ગમ્મત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમારે ચીમનલાલ શાસ્ત્રી પણ યજ્ઞમાં અગ્નિદેવની જગ્યાએ વરુણદેવનું આવાહન કરવાના મંત્રો બોલી ગયા. એટલે વરસાદ ત્રાટક્યો...'

તેઓની આ રમૂજથી સભામાં હાસ્યની હેલી વરસી ગઈ.

---

૧૪. रघुवंशम्ः २/३४

૧૫. યોગીજી મહારાજના જન્મસ્થાન પર રચાયેલા આ મંદિરનો પ્રતિષ્ઠા-ઉત્સવ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

આમ, યોગીજી મહારાજની જેમ જ સૌને બ્રહ્માનંદમાં ગરકાવ કરતાં સ્વામીશ્રી ધારીની શાન વધારતું એક અનુપમ નજરાણું આપીને એ જ દિવસે ગામમાં પધરામણીઓ કરવા નીકળ્યા. તે દરમ્યાન એક જૈન શ્રાવકના ઘેર તેઓના વૃદ્ધ પિતાએ પ્રાર્થના કરી કે 'સ્વામી ! તમારા સ્વરૂપમાં જોડી દેજો.'

'આપણે બધાએ શ્રીજીમહારાજમાં જોડાવાનું છે.' સ્વામીશ્રી તરત બોલ્યા. પધરામણીની તડામારીમાં પણ તેઓ સિદ્ધાંત ચૂક્યા નહીં.

અપાર શ્રદ્ધા, અખૂટ ધીરજ

ધારીમાં પધરામણીના કાર્યક્રમ દરમ્યાન ભાસ્કર નામનો યુવક સ્વામીશ્રી સાથે ફરતો હતો. સત્સંગ પ્રત્યે સહજ-સામાન્ય અનુરાગ ધરાવતા તેને આયોજકે ટાંપાં-ટૈયાં ખાવા ખપમાં આવે તે હેતુથી ભેગો લીધેલો. પણ એક વાર તેને જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે શું કામ કરો છો ?'

'પંચાયતમાં નોકરી છે.'

'આવો, તમને વર્તમાન ધરાવીએ.' સ્વામીશ્રીએ કહ્યું.

પધરામણીમાં ભેગા ફરવાને કારણે વર્તમાન-વિધિથી તો આ યુવાન અજાણ્યો નહોતો રહ્યો, પણ કંઠી પહેર્યા પછી પાળવાનાં વિધિ-નિષેધથીયે તે પૂરેપૂરો વાકેફ થઈ ચૂકેલો. તેથી તેણે સ્વામીશ્રીને કહ્યું: 'આપ કંઠી પહેરાવશો તો પહેરીશ. પણ હું તો સોળે સોપારા ભણેલો છું. બધી વાતે પૂરો છું.' એમ કહી તેણે વર્તમાન ધાર્યાં પછી દૃઢ કરી રાખવાના નિયમ-પાલન બાબતે નાદારી નોંધાવી દીધી.

આ સાંભળી સ્વામીશ્રી લેશ નિરાશ ન થયા. તેઓએ કહ્યું: 'રોજની બે માળા તો થશે ને !'

આ બાબતમાં કાંઈ લેવા-મૂકવાનું ન હોવાથી એ યુવાનને આ વાત સદી. તેણે 'હા' કહી કંઠી ધારણ કરી. સ્વામીશ્રીએ તેને પૂજવા માટેની મૂર્તિ આપી. તેઓના કહ્યા મુજબ, બે માળાથી સત્સંગની બારાક્ષરી ઘૂંટવાની શરૂઆત કરનારો એ યુવાન, સમય જતાં સંપૂર્ણ નિર્વ્યસની થઈ સત્સંગના ધર્મ-નિયમ પાળતો થઈ ગયો.

કોઈનું પણ ગેરવર્તન જોઈ સ્વામીશ્રી તેમાંથી શ્રદ્ધા ગુમાવતા નહીં. *'મલયત્તન પાપઈ, કડિય તન પુણ્ય'* – મલય પર્વત જેટલાં પાપમાં તરણાં જેટલું પુણ્ય હોય છે – એ કહેવતનો મર્મ તેઓ યથાર્થ સમજેલા. તેથી

વ્યક્તિમાત્રમાં પડેલાં પુણ્યની અલ્પ ચિનગારીને પોતાના હેતની હવા ફૂંકી સ્વામીશ્રી એવા મહાનલમાં ફેરવી દેતા કે તેમાં પાપના પર્વત બળીને ખાખ થઈ જાય અને સમાજને ઝળહળતું માનવરત્ન સાંપડે. તેઓની આ કળાએ વસુંધરાના કંઠમાં નરરત્નોની જે માળા ધરી છે તેના મણકા ગણાય તેમ નથી.

અનેક વિઘનથી લિયે ઉગારી

ધારીની પ્રતિષ્ઠા બાદ નાઘેર અને બાબરિયાવાડ વિસ્તારમાં વિચરણ માટે નીકળેલા સ્વામીશ્રી પ્રથમ ડેડાણ થઈ ચોતરા પહોંચ્યા. અત્રે આઠ બળદોના સુશોભિત રથમાં બેસાડીને તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. ઢોલ-ત્રાંસાં અને શરણાઈઓના ધ્વનિ સાથે નગરયાત્રાનો પ્રારંભ થયો. *'વાગે છે, વાગે છે, અક્ષરનો ડંકો વાગે છે; એનો નાદ ગગનમાં ગાજે છે...'*નો ઘોષ સર્વત્ર છવાઈ ગયો. તે ૫૦ ઉપરાંત પધરામણીઓ દ્વારા ઘર-ઘરમાં પણ ગુંજ્યો.

રાત્રે બાર વાગ્યે આ ગામમાંથી વિદાય લઈ સ્વામીશ્રી એક વાગ્યે રાજુલા પહોંચ્યા.

અહીંથી તા. ૨૪/૧૦ની સવારે ડુંગર પધાર્યા. અત્રે સરવૈયા વાડીમાં સભાલાભ આપી છાપરીને પાવન કર્યું. અહીં શણગારેલા ગાડે નગરયાત્રામાં ફરી, જેસર આવી પહોંચ્યા.

આ ગામમાં સ્વામીશ્રીની પ્રથમ વારની પધરામણીને આવકારતાં મુસ્લિમ બિરાદરોએ સુંદર કમાનો બનાવી હતી. નગરયાત્રામાં આખું ગામ અક્ષત-પુષ્પોથી તેઓને વધાવી રહ્યું. અંતે આ શોભાયાત્રા સભાના રૂપમાં ફેરવાઈ ગઈ ત્યારે સૌ સ્વામીશ્રીના આશીર્વાદ સાંભળી પાવન થયા. આ પરાવાણી અને પધરામણીથી ઝંકૃત થઈ ગયેલા એક ભાવિકે તો મંદિર માટે ભૂમિ આપવાનું પણ નક્કી કરી દીધું. તે જગ્યા પર પુષ્પો પધરાવી સ્વામીશ્રી પુનઃ રાજુલા આવી પહોંચ્યા.

અહીં તા. ૨૫/૧૦ની સવારે તેઓ વલ્લભભાઈની વાડીએ પધાર્યા. જો કે દિવ્ય દેહે તો તેઓ અગાઉ અહીં આવી ચૂકેલા અને એ પધરામણી જ આજના આગમનનું નિમિત્ત બનેલી.

આ યજમાનને ધારીના પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વતૈયારી માટે અગાઉના દિવસોમાં સેવા કરવા જવાની આજ્ઞા સ્વામીશ્રીએ કરી હતી. પરંતુ તે વખતે ખેતરમાં મગફળીનો ફાલ કલકલ કરતો લહેરાતો હતો. તેની માવજત મૂકીને

સેવા માટે જવામાં વલ્લભભાઈ ખચકાતા હતા, કારણ કે ક્યારડાઓમાં પાણી વાળવું, દવા છાંટવી, નિંદામણ કરવું વગેરેમાં કંઈક સરતચૂક કે વિલંબ થાય તો ફાલ 'ફેઈલ' જવાની વકી સો ટકાની હતી. તેથી તેઓ ધારીમાં મુખ્ય પ્રસંગે હાજર રહેવાનું નક્કી રાખી, ખેતરના ખાટલે બેઠાં બેઠાં વ્યવહારની ચાલ ગોઠવવા માંડેલા.

તે જ દિવસે તેઓનાં ઘરવાળાં પણ ખેતરમાં મદદે આવેલાં, પરંતુ ત્યાં કામકાજ કરતાં તેઓને સવારના દસ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી ખેતરની ક્યારીએ-કેડીએ, છોડે-છેડે સ્વામીશ્રીનાં દર્શન થતાં રહ્યાં. આ હકીકત તેઓએ પતિને સંભળાવી ત્યારે તે ચમકી ઊઠ્યા ! તેઓ ખેતર હજાર હાથવાળાને હવાલે કરી એ જ દિવસે સેવા માટે ધારી પહોંચી ગયા. સેવા કરીને પરત ફર્યા ત્યારે પાકમાં કોઈ નુકસાની નજરે ચઢેલી નહીં.

*'અનેક વિઘનથી લિયે ઉગારી, કરી પળે પળે પ્રતિપાળ...'*નો આ જાત-અનુભવ તેઓને થયો તે દિવસથી વાડીને લીલીછમ રાખનાર સ્વામીશ્રીનાં પગલાં વાડીમાં કરવાનો મનસૂબો તેઓ સેવી રહેલા. આજે તે સાકાર થતો જોઈ તેઓનાં રોમ રોમ વાડીમાં ફરફરી રહેલા છોડવાઓની જેમ ફરકી રહ્યાં. એ જ રોમાંચિત અવસ્થામાં તેઓએ પૂજન કર્યું, પણ વાડીનો વાયરો આરતીની જ્યોત પ્રગટવા દેતો નહોતો. ત્યારે સ્વામીશ્રીએ સમાધાન આપ્યું: 'બેટરીથી આરતી કરો.' તે ભગતે એ રીતે ઠાકોરજીની આરતી ઉતારી. ત્યારબાદ સ્વામીશ્રી ઓળો અંગીકાર કરી, ભટવદરને પાવન કરતાં બારપટોળી આવી પહોંચ્યા.

પ્રૌઢ પ્રેમના પૂજારી

બારપટોળીમાં અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મહારાજ સર્વ કર્તા છે. સર્વ દેવના દેવ છે. આપણને ક્ષુદ્ર દેવો નડે નહીં. માટે શ્રીજી-મહારાજની જ ઉપાસના-આજ્ઞા દૃઢ રાખવી. નહીંતર, 'ઝાઝા ઘરનો પરોણો ભૂખે મરે' તેવું થાય.'

નિષ્ઠાનો આ એકડો ઘૂંટાવીને સ્વામીશ્રી આદિવારાહ પધાર્યા. અત્રે પ્રાચીન વારાહ ઈશ્વરનાથનાં દર્શન કરીને નાગેશ્રી આવ્યા.

અહીં દસેક પધરામણીઓ કરીને તેઓ 'માધવ ઉપનિષદ' મંદિરમાં પધાર્યા. અત્રે તેઓએ પ્રતિષ્ઠિત થયેલા દેવો, અવતારો, આચાર્યોની

પ્રતિમાઓનાં ભાવપૂર્વક દર્શન કર્યાં.

એકનિષ્ઠાના માધુર્યની સાથે સમાદરનું સૌંદર્ય ધરાવતા સ્વામીશ્રીમાં, ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અચલ નિષ્ઠા હોવા છતાં સૌ દેવો વિશે અટલ આદર પણ હતો. સાગરના જળમાં માનનાર વાદળના જળ વિષે અશ્રદ્ધાળુ કેવી રીતે બની શકે ? કારણ કે, વાદળનું જળ સમુદ્રનું જ તો બનેલું છે.

નાગેશ્રીથી ટીંબીને લાભ આપી ઊંટવાડા પહોંચેલા સ્વામીશ્રીનો તા. ૨૬/૧૦નો દિવસ શરૂ થયો – અક્ષર-પુરુષોત્તમ મંદિરનાં દર્શનથી. ત્યારબાદ તેઓ ગાંગડા, સનખડા, ઉના, ગુપ્તપ્રયાગ થઈને તા. ૨૭/૧૦ની સવારે સાડા નવ વાગ્યે તુલસીશ્યામ પધાર્યા.

અત્રે ભરેલા ગરમ કુંડનું જળ તેઓએ મસ્તકે ચઢાવ્યું. 'અહીં રુક્મિણી રિસાઈને પર્વત પર બેઠેલાં છે' – તેવી આ સ્થાન સાથે સંકળાયેલી પૌરાણિક કથાના આધારે સ્વામીશ્રી બોલ્યા: 'રુક્મિણીની પેઠે ભગવાન સાથે રીસ ન રાખવી. પણ તે રાજી થાય તેમ કરવું.'

તેઓ પ્રૌઢ પ્રેમના પૂજારી હતા. તેઓના જીવનકાવ્યની ધ્રુવપંક્તિ હતી: *'જેમ રાજી રહો તેમ કરું હરિ, ના જોઉં ન્યાય-અન્યાય...'*

આ સૂર ગુંજાવતા સ્વામીશ્રી તુલસીશ્યામથી ધોકડવા, કોડીનાર, પ્રભાસ-પાટણ વગેરેને પાવન કરતાં સમી સાંજે સાડા સાત વાગ્યે વેરાવળ પધાર્યા.

અહીં લોહાણા મહાજન વાડીમાં યોજાયેલી જાહેર-સભામાં તેઓને સન્માનપત્ર આપીને નવાજવામાં આવ્યા. નગરના ઘણા પ્રતિષ્ઠિતોથી ગૌરવશાળી બનેલી આ સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'દુનિયામાત્રનું આપણે માપ કાઢીએ છીએ, પણ આપણે આપણું જોતા નથી તે મોટામાં મોટું અજ્ઞાન છે. આપણું સ્વરૂપ સત્પુરુષ છે. તે ન ઓળખાય તો સાધના જૂઠી.'

કેન્દ્ર વિના કુંડાળાં વળે, વર્તુળ ન બને. તેમ જાતને જાણ્યા વિના સાધના શૂન્ય થઈ રહે, સફળ નહીં.

આ ભાન કરાવી સ્વામીશ્રી ગડોદર, કાલવાણી, અગતરાઈ, વંથળીને પાવન કરતાં તા. ૨૮/૧૦ની સવારે સાડા દસ વાગ્યે જૂનાગઢ આવી પહોંચ્યા.

તેઓના આગમન સમયે અહીં તૈયાર થયેલા મંદિર નિમિત્તેના યજ્ઞમાં ૧૩૦ યજમાનો બેસી ગયેલા. પાંચ યજ્ઞકુંડો પાસે ઋત્વિજો પણ ગોઠવાઈ ગયેલા. સ્વામીશ્રીના વરદહસ્તે યજ્ઞનો પ્રારંભ થયો. સાંજે તળાવ દરવાજેથી શરૂ થયેલી નગરયાત્રા આઝાદ ચોક, વણઝારી ચોક, રાણીવાવ ચોક, કાળવા

ચોક થઈને નૂતન મંદિરે વિરમી.

તા. ૨૯/૧૦ની સવારે સ્વામીશ્રીએ વેદોક્તવિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિમાં પ્રાણ પૂર્યા ત્યારે ઉપાસનાના જ્યોતિર્ધર સમા જૂનાગઢી સદ્‌ગુરુઓને યથોચિત અંજલિ અપાઈ ગઈ.

સૌના ભલામાં આપણું ભલું

તળ જૂનાગઢમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પધરાવી સ્વામીશ્રી માણાવદર તથા કુતિયાણામાં લાભ આપતાં ગોરાણા પધાર્યા.

અહીં પણ તેઓના વરદહસ્તે તા. ૩૦/૧૦ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા. ત્યારબાદ પ્રતિષ્ઠાની પ્રાસંગિક સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'તમે બધા શૂરવીર તો છો પણ હવે ભગવાન ભજવામાં તે અંગ ફેરવવું. મહારાજ-સ્વામીએ પાપીઓને પળમાં પીર-પવિત્ર કરી દીધાં છે. સૌનું ભલું ઇચ્છવું. સૌના ભલામાં આપણું ભલું છે.'

આ જીવનશૈલીથી જીવતા સ્વામીશ્રી ગોરાણાથી વિદાય લઈને જામરાવલના ચત્રભુજ મંદિરમાં સભા કરી પોરબંદર પહોંચ્યા. અહીં રાત્રિ-રોકાણ કરીને તા. ૩૧/૧૦ની બપોરે કુતિયાણા આવી ગયા.

આ ગામમાં હરિભક્તોના પ્રયત્નથી સુંદર મંદિર તૈયાર થઈ ગયેલું. આવતીકાલે તેમાં મૂર્તિપ્રતિષ્ઠા થવાની હતી. તેના ભાગરૂપે આજે નગરયાત્રા અને સભાનાં આયોજનો ગોઠવાયેલાં. પ્રસંગની આ મંગલતાને આગળ ધરીને સૌએ સ્વામીશ્રીને આજની એકાદશીએ ફરાળ અંગીકાર કરવા માટે વિનંતી કરી, પરંતુ તે ફળવતી ન બની. સ્વામીશ્રીએ નિર્જળા ઉપવાસની એ આખી બપોર પત્રલેખનમાં ગાળી. સાંજે પચીસ પધરામણીઓ કરી. સાડા પાંચથી સાડા આઠ વાગ્યા સુધી નગરયાત્રામાં બિરાજ્યા અને રાત્રે જાહેર-સભામાં સાડા અગિયાર વાગ્યા સુધી હાજર રહ્યા. પ્રસંગની મંગલતામાં સ્વામીશ્રીના તપનું તેજ પુરાતાં તે વધુ દીપી ઊઠ્યો!

તા. ૧/૧૧ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ બિરાજી ગયા. આજની ધનતેરસે નટવરરૂપી નાણું આપી સ્વામીશ્રી વિદાય થયા અને વરજાંગ જાળિયા, કોલકી, ઉપલેટા, ધોરાજીને લાભ આપતાં રાત્રે સાડા આઠ વાગ્યે ગોંડલ પધાર્યા.

આ વખતે વીજળી વેરણ થયેલી. છતાં મંદિરના ચોકમાં શિસ્તબદ્ધ

બેઠેલા ભક્તોને સ્વામીશ્રીએ છેલ્લા ૧૩ દિવસમાં થયેલાં ૩૯ ગામોના વિચરણનો સંક્ષિપ્ત અહેવાલ સ્વમુખે સંભળાવી આનંદ કરાવી દીધો.

...પણ જ્યારે જ્યારે સ્વામીશ્રી પોતાનું વિચરણ વર્ણવતા ત્યારે તે વર્ણનમાં 'સ્વ'ની સદંતર ગેરહાજરી એક માણવા-મમળાવવા જેવી વિશેષતા બની રહેતી.

તેઓના બયાનમાં વર્ણન આવતું – ભક્તોની સેવાનું, નિષ્ઠાનું, ભક્તિનું; જે તે ગામની એકતાનું, સ્વચ્છતાનું, પવિત્રતાનું; પ્રસંગોની દિવ્યતાનું, ભવ્યતાનું, રમણીયતાનું.

તે અહેવાલ-કથનમાં પ્રતિષ્ઠાની વાત આવતી, પણ 'મેં કરી' એવું નહીં! તેમાં ઐશ્વર્ય-સામર્થ્યથી સંકટ ટળ્યાની વિગત આવતી, પણ તે બધું થતું 'શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજના પ્રતાપે જ', નહીં કે, 'મેં આશીર્વાદ આપ્યા એટલે... મેં પ્રાર્થના કરી એટલે...' તેમાં ભીડાની વાત આવતી પણ હરિભક્તોએ સહન કર્યો હોય તે ભીડો, પોતે વેઠ્યો હોય તે નહીં!

તેઓનું સ્વવૃત્તાંત સદા 'સ્વ'શૂન્ય રહેતું!!

લાડિલે લાડ લડાવિયા

ગોંડલમાં તા. ૪/૧૧ની સવારે, નૂતન વર્ષના પ્રથમ પરોઢે[૧૬] સ્વામીશ્રી સાડા ચાર વાગ્યે જાગી પાંચ વાગ્યે તો મહાપૂજા માટે બિરાજી ગયા. તેમાં સૌની સુખાકારીની પ્રાર્થના સાથે તેઓએ શણગાર આરતી ઉતારી. ત્યારબાદ પધરામણીએ નીકળી પડ્યા. નવા વર્ષના પહેલા દિવસે અન્નકૂટની આરતી ન ઊતરે ત્યાં સુધી સ્વામીશ્રી મોંમાં પાણીનું ટીપું પણ મૂકતા નહીં. છતાં આ દિવસે તેઓ શણગાર આરતી બાદ અન્નકૂટ ગોઠવાય ત્યાં સુધીના સમયગાળામાં મોટેરા હરિભક્તો-મહાનુભાવોને ઘેર પધરામણીઓ કરતા. આમ, નવા વર્ષના પ્રથમ કલાકોમાં જ તેઓની ભીડાભક્તિનું ખાતું ખૂલી જતું.

તે મુજબ આજે પણ ઘરોઘર પગલાં પાડી રહેલા સ્વામીશ્રી ગોવિંદસિંહ ચુડાસમાના ઘેર પધરામણી કરીને મોટરમાં બેસી બીજા ઘર તરફ જવા નીકળ્યા ત્યારે ત્યાં હરિભક્ત બળદેવભાઈ પટેલ તેઓના દીકરાને તેડી રસ્તા પર ઊભેલા. તેઓએ સોસાયટીના વળાંકે સ્વામીશ્રીની ગાડી ધીરી પડી ત્યાં જ વિનંતી ધરી કે 'બાપા! મારું ઘર બાજુમાં જ છે.'

---

૧૬. વિ.સં. ૨૦૩૨નો પ્રારંભ થયો.

આ વાક્યમાં જેનો નિર્દેશ નહોતો તે વાત સ્વામીશ્રી સમજી ગયા. પરંતુ સાથે બેઠેલા આયોજકે સમયના અભાવે, 'આ પધરામણી શક્ય નહીં બને' તેમ જણાવી દેતાં ગાડી આગળ વધી ગઈ. પણ સ્વામીશ્રીએ જ થોડા આગળ જઈને ગાડી પાછી લેવડાવી અને બારીમાંથી પોતાનું મસ્તક બહાર કાઢી, પાછા વળી રહેલા પેલા હરિભક્તને બૂમ પાડી કહ્યું: 'એ ભાઈ! અમે પધરામણીએ આવીએ છીએ.' આમ કહેતાં સ્વામીશ્રી તેઓના ઘેર પહોંચ્યા.

'લાગી સો દાગી'ની જેમ આ પધરામણી ગોઠવાયેલી. તેથી કોઈ વિશેષ તૈયારી થઈ શકી નહોતી, જેની સ્વામીશ્રીને અપેક્ષા પણ નહોતી. તેઓ તો આવ્યા હતા ભક્તનો ભાવ પૂરો કરવા. તેઓએ પ્રેમથી તે હરિભક્તને આશીર્વાદ આપ્યા ત્યારે તે તો આભારના બે શબ્દો પણ ન કહી શકે એવા ભાવવિભોર થઈ ગયેલા. રસ્તે ઊભાં ઊભાં કહેલા માત્ર એક વાક્યથી, નવા વર્ષના પ્રથમ દા'ડે ઘરમાં પગલાં પાડવા આવી પહોંચનાર ગુરુની કરુણામાં જ તેઓ ખોવાયેલા રહ્યા અને સ્વામીશ્રીએ વિદાય લઈ લીધી ત્યારે વાતાવરણમાં પંક્તિઓ ગુંજી રહી: *'સખી લાડિલે લાડ લડાવિયા, પધાર્યા રે, પિયુ પૂરણકામ...'*

મોક્ષની મોસમ

ગોંડલમાં અન્નકૂટોત્સવ ઊજવી સ્વામીશ્રીએ ચાર દિવસ દરમ્યાન ૨૩ ગામોમાં અન્નકૂટના પ્રસાદ-વિતરણનો કાર્યક્રમ ગોઠવી દીધો. આ સમાચારથી ગામોગામ આનંદની લહેર ફરી વળી.

આ વખતે વરસાદની મહેર હતી. તેથી આ પંથકમાં માંડવી(મગફળી)ની મોસમ પૂરબહારમાં ખીલેલી. તેના સામે પલ્લે સ્વામીશ્રીએ મોક્ષની મોસમ પણ ખોલી દીધી. તે અનુસાર તા. ૬/૧૧ની સવારે ગોંડલથી વિદાય લઈ તેઓ ઘોઘાવદર પધાર્યા.

અહીં અન્નકૂટ સાથે પરાવાણીનો પ્રસાદ વહેંચતાં સ્વામીશ્રીએ કહ્યું: 'નવરા થઈને પ્રભુ ભજવા એવું બને જ નહીં. હમણાં મગફળી વાવી. પછી ઘઉં કરવા. પછી ચાસટિયાં કરશું. એમ કરતાં કરતાં ચોમાસું આવી જાય ને પ્રભુ ભજાય નહીં. ગુજરાતમાં દાળ બગડી તો વરો બગડ્યો. સબડકા વગર ધબડકો. તેમ બધું કર્યું પણ મોક્ષનું કામ રહી ગયું તો બધું નકામું. વ્યવહારનું કામ તો બીજો કરનાર મળશે. પણ મોક્ષનું કામ તો આપણે જાતે કરવું પડે. ખેતીમાં વરાપ હોય ત્યારે કામ કરી લેવું. તેમ આ મનુષ્યદેહ એ ભગવાન

ભજવાનો સમો છે. દુનિયાની વાતોમાં આપણું રહી ન જાય તે જોવું. પહેલું આત્માનું, પછી નાતનું-જાતનું કરવું.'

આમ, ખેડુ વર્ગને તેની પરિપાટીમાં મોક્ષની ખેતીની વાત સમજાવી સ્વામીશ્રી વાછરા પધાર્યા. અહીં ઊભેલા વાછરા દેવની જગ્યામાં દર્શન કરી સ્વામીશ્રી ગામમાં પધરામણીએ નીકળ્યા.

પણ સૌને પ્રસાદ આપવા નીકળેલા તેઓને એક ઘેર પ્રસાદ આપનારો મળી ગયો ! આ મુરબ્બીએ સ્વામીશ્રીને અડાળી ધરતાં કહ્યું : 'ચા પીતા જાઓ.'

'સંતો આ ન લે.' સાથે ફરતા હરિભક્તે સ્પષ્ટતા કરી. તોય તેઓ 'ના, બાપુ ! તમારે ચા પીવી જ પડશે.' એમ આગ્રહ કરવા લાગ્યા. છેવટે કહે : 'લ્યો, ત્યારે. આ દૂધની વાટકીમાં આંગળી બોળી દ્યો.'

આમ, અવનવા અનુભવોની ગલીઓમાંથી સ્વામીશ્રીની પધરામણી પસાર થતી રહેતી.

બહુ જન્મનાં પુણ્યે આ ભેટો થયો છે !

વાછરાથી મોટા માંડવા જતાં વચ્ચે ખાંડાધાર ગામનો ગઢ દેખાયો. તે જોઈ ઇતિહાસનું પાનું ઉઘાડતાં સ્વામીશ્રીએ કહ્યું : 'શ્રીજીમહારાજ વનવિચરણ વખતે અત્રે પધારેલા. અહીંનો રાજા ગઢ બંધાવતો. તે દરેકની પાસે પાંચ પાણા ઉપડાવતો. મહારાજ પાસે પણ પાંચ પાણા ઉપડાવેલા. પછી જમવાનું આપેલું.'

અતીતમાં આમ ડોકિયું કરાવી સ્વામીશ્રી બપોરે સાડા બાર વાગ્યે મોટા માંડવા પધાર્યા ત્યારે અહીં હરિભક્તો સ્વાગતનો માંડવો ખોડીને જ બેઠેલા. સૌએ સ્વામીશ્રીને ગાડામાં બેસાડી આખા ગામમાં ફેરવ્યા.

સાંજે ચાર વાગ્યે રોંઢા ટાણે શેરડી ને માંડવીનો લીલો મેવો પણ લઈ આવ્યા. તે આરોગતાં સ્વામીશ્રીએ કહ્યું : 'માથે ભાર હોય તો તે થાકીએ ત્યારે ખભે મૂકીએ. ખભો થાકે ત્યારે વળી માથે મૂકીએ. પણ ભાર તો છે જ. તેમ સંસારનું પણ આવું છે. વધારે પથારો કરીએ એટલી વધુ ચિંતા.' એમ હળવાશથી હળવા રહેવાનો કીમિયો શિખવાડતાં તેઓ ગામમાં જ આવેલા પીતાંબર પ્રભુના મંદિરે પધાર્યા.

શ્રીજીમહારાજની આ પ્રાસાદિક જગ્યાનાં દર્શન કરી, રામોદ, કમરકોટડા, માંડલકુંડલા, દેવચડી, હરમડિયા, જામકંડોરણા, બોરિયાને લાભ આપતાં સ્વામીશ્રી પ્રેમગઢ પધાર્યા.

અહીં તેઓ પહેલી વાર જ આવી રહેલા. તેય લાભ પાંચમના દિવસથી લાભનું ખાતું મંડાતું હોવાથી ભક્તોએ તેઓને પ્રેમથી પધરાવ્યા. ભાવથી સેવા કરી. સ્વામીશ્રીએ પણ અન્નકૂટ-પ્રસાદ સાથે કૃપાપ્રસાદ વહેંચતાં કહ્યું: 'શ્રદ્ધા છોડવી નહીં. બે વર્ષે વરસાદ થયો તોય આપણે શ્રદ્ધા રાખી. શબરી રામની પ્રતીક્ષામાં આંધળી થઈ ગઈ ત્યારે રામે દર્શન દીધાં. બહુ જન્મનાં પુણ્યે આ ભેટો થયો છે!'

સ્વામીશ્રીના આ વિદ્યુતવેગી વિચરણમાં આરામ તો હરામ જ થઈ ગયેલો. નિશ્ચિત્ત કાર્યક્રમ પૂરો થાય એટલે તરત જ તેઓ પોટલાં લઈને ચાલવા લાગતા. તેમાં ભરબપોર કે મોડી રાત જેવું કશું જોતા નહીં. તેથી પ્રેમગઢથી સ્વામીશ્રી બપોરે સવા બે વાગ્યે મેવાસા પધાર્યા.

અહીં ભક્તોએ ગામના પાદરેથી જ નગરયાત્રા કાઢી સત્કાર કર્યો. ત્યારબાદ મન મૂકીને માંડવીની સેવા પણ લખાવી. તેથી રાજી થઈને સ્વામીશ્રી બોલ્યા: 'સમયે સેવા કરી દઈએ તે સર્વસ્વ આપ્યું કહેવાય.'

'काले दत्तं वरं ह्यल्पं अकाले बहुनापि किम्?' – 'સમયે આપેલું અલ્પ પણ શ્રેષ્ઠ છે અને કસમયે ઘણું આપ્યું તો પણ શું?' – આ મર્મ સમજાવતાં સ્વામીશ્રી શ્રીજીમહારાજની પ્રાસાદિક છાપરવડી નદીએ સ્નાન કરવા પધાર્યા.

ત્યારબાદ હરિપુર, ચરખડી થઈને વેકરી પહોંચ્યા. અહીં ઠાકોરજી જમાડ્યા બાદ ગામમાં યોજાયેલી જાહેર-સભામાં લાભ પાંચમનો કથાલાભ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાન નોટિસો આપે છે, તે વાળ સફેદ થાય, દાંત પડી જાય. પછી ચેતે નહીં તો પકડ-વોરંટ આવે. સીઝન ચાલતી હોય તોય કાળ પાછો ન જાય. પગથી જોડાની એડીઓ દબાવતો ચાલતો હોય તેને પણ કાળ ન છોડે. જો ભગવાન ન ભજીએ તો કુંભાર ગધેડા ઉપર લગડું મૂકે છે તેમ લગડાં માથે મૂકવાં જેવું થાય. ગમે તેવા અવતાર આવે ને અપમાન ને દુઃખ સહન કરવાં પડે. માટે વિષય, વ્યસન ને વહેમ મૂકવા.'

સ્વામીશ્રીની આ વાણીથી ઘણાનાં કાળજાં વીંધાયાં. સભા બાદ કેટલાયે તેઓ પાસે આવીને વ્યસન-ત્યાગની પ્રતિજ્ઞાઓ લીધી.

નકી ભક્ત એ નિષ્પાપ

તા. ૯/૧૧ની સવારે વેકરીથી નીકળેલા સ્વામીશ્રી પાટીદડને પાવન કરતાં ગોંડલ પધાર્યા.

અહીં મંદિરમાં બે-એક કલાકના રોકાણ બાદ આગળના વિચરણ માટે નીકળવાનું હતું. તે દરમ્યાન કંઈક કામ પ્રસંગે સ્વામીશ્રીને રસોડા આગળથી પસાર થવાનું બન્યું ત્યારે તેઓની નજર રોટલી વણી રહેલા સંતો પર પડી, અને જેમ રમતિયાળ યુવાન કો'કને રમતાં જોઈ ત્યાં દોડી જાય તેમ સ્વામીશ્રીનાં ચરણ તરત જ સેવા કરતા સંતો તરફ વળ્યાં. તેઓ સાથે પોતે પણ રોટલી વણવા બેસી ગયા અને સરસ મજાની ગોળ પાંચ રોટલીઓ વણી કાઢી !

સૌ આ જોઈને આશ્ચર્યચકિત હતા ત્યાં એ આશ્ચર્યને બેવડાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ ઠાકોરજીની સેવા કરી, જેથી આખું વરસ સેવા મળે.'

કેવો શુદ્ધભાવ !

સ્વામીશ્રી તેઓની ક્રિયાઓથી તો મહાન હતા જ, પરંતુ એ ક્રિયા પાછળની ભાવનાઓ તેઓને મહાનતમ બનાવનારી હતી.

કો'ક ચિંતકે કહ્યું છે : 'આપણાં ઉત્તમમાં ઉત્તમ કાર્યો પાછળના મૂળ હેતુઓની જગતને જાણ થતી હોત તો આપણે તેને માટે શરમાઈ મરતા હોત.'

દાનવીરોનાં દાન પાછળની દાનતનો કાર્ડિયોગ્રામ કાઢવામાં આવે તો ?

સેવાધારીઓની સોનોગ્રાફી કરવામાં આવે તો ?

સત્તાધારીઓના મનનો M.R.I. નીકળે તો ?

સ્વામીશ્રી છાશ પર માખણ તરી આવે તેમ અહીં જ જુદા તરી આવતા. તેઓની ક્રિયાઓ(action) સાથે ઇરાદાઓ(intention) પણ એવાં જ શુદ્ધ રહેતાં.

ભગવાન અને ભક્તો માટે રોટલીઓ વણીને સ્વામીશ્રી તો જમ્યા વિના જ ગોંડલથી રીબ, ગુંદાસરાને પાવન કરતાં રીબડા આવ્યા. અહીં પ્રહ્‌લાદસિંહના પેટ્રોલ પંપ પર જાતે જ ફારગો ગાડીમાં પેટ્રોલ પૂરી સૌને અલૌકિક સ્મૃતિ આપી, નાની વેરાવળ પહોંચ્યા.

આમ, ચાર જ દિવસમાં ૨૩ ગામોમાં ફરી તેઓએ નવી વિક્રમ સંવતના પ્રારંભે નવો વિક્રમ નોંધાવી દીધો !

દિલગીર ન થાય કોઈ દન

નાની વેરાવળથી પારડી, રાજકોટ, ડાંગરા, ભાદરા થઈને સ્વામીશ્રી તા. ૧૧/૧૧ની સાંજે ભેંસદડ પધાર્યા ત્યારે છેલ્લા દિવસોમાં તેઓએ વેઠેલા અતિશય શ્રમ અને ગઈકાલે ઊંડ નદીના ઠંડા પાણીમાં કરેલા સ્નાનને કારણે

શરીરમાં તાવ ચઢ્યો. ગોળી કારગત ન નીવડે તે હદે તાપમાનનો પારો ઊંચે ચઢતાં તેને કાબૂમાં રાખવા ઇન્જેક્શન પણ આપવામાં આવ્યું. સાથે ડૉક્ટર સ્વામીએ ભલામણ પણ કરી કે 'આજે રાત્રે આપે સભામાં આવવાની જરૂર નથી. અમે સભા કરી આવશું.'

પણ શરીરનો તાવ સ્વામીશ્રીના ભીતરમાં ધરબાયેલા હીર-હિરણ્યને ઓગાળી શક્યો નહોતો. તેથી તેઓએ જણાવ્યું: 'બધા હરિભક્તો આવ્યા હોય ને મહાત્મા સૂતા રહે એવું ન હોય...'

'પણ બાપા! હજુ કાલે સવારે મહિલાઓના મંદિરમાં પ્રતિષ્ઠાનો ભીડો તો પડવાનો જ છે. અને કાલે સૌને લાભ મળવાનો જ છે. માટે આજે આપ આરામ કરી લો.' સંતોએ વિનંતી કરી.

તે સાંભળી સ્વામીશ્રી નિઃશબ્દ રહ્યા, પણ તે મૌન તેઓના સભામાં આવવાના નિર્ધારની જ ઘોષણા કરી રહેલું.

બન્યું પણ એમ જ. સભાના પ્રારંભથી સ્વામીશ્રી પધારી ગયા.

આ સભાનો દરજ્જો કોઈ રીતે સ્વામીશ્રી જેવા સંતને શોભે તેવો નહોતો. ખુલ્લા પ્રાંગણમાં યોજાયેલી એ સભામાં ઓટલા પર સ્વામીશ્રીનું આસન હતું. તેઓ અને શ્રોતાઓ વચ્ચેથી રસ્તો પસાર થતો હોવાથી ચાલુ સભાએ વાહનોની અવરજવર તો ઠીક, ઢોર-ઢાંખરની સવારી પણ આવી પહોંચતી. સામે બેઠેલા શ્રોતાઓ પણ આકાશમાં વવાયેલા તારાઓની જેમ અસ્તવ્યસ્ત બેઠા હતા. તેમાંના મોટા ભાગનાને સભામાં ચાલી રહેલી વાતો સાથે કોઈ નાતો ન હોય તેમ પ્રતિભાવ-શૂન્ય હતા. નાનાં છોકરાંઓ તો બાપના ખોળામાં માથાં ઢાળી રીતસર આડા પડીને સૂતાં હતાં. આવી આ સભામાં તાવ તૂટતા શરીરે પણ આવીને બેસનારા સ્વામીશ્રીની ફરજ-પરસ્તી એકડા પછી સાત મીંડાં ચઢાવો તોય ઓછાં પડે એટલા ટકાની કહી શકાય!

આ સભાસ્થળે ઊડતી ધૂળ અને વરસતી ઠંડી – બંને સ્વામીશ્રીની માંદગીને વકરાવે તેમ હતું. તેથી નારાયણ ભગત અને ડૉક્ટર સ્વામીએ પોતાનાં પ્રવચનો ટૂંકાવ્યાં. ડૉક્ટર સ્વામીએ તો સ્વામીશ્રીને કહેવડાવ્યું પણ ખરું કે 'આપ ટૂંકમાં બોલજો, જેથી આરામ માટે પહોંચી જવાય.'

...પણ સ્વામીશ્રીના પ્રવચનનો 'ગીઅર' તો પડ્યો તે પડ્યો. સતત સિત્તેર મિનિટ સુધી તેઓ વરસ્યા! હદ તો ત્યારે આવી કે જ્યારે તેઓ વ્યસનો છોડવાની વાતો પુરજોશમાં કરી રહેલા ત્યાં જ સામે બેઠેલામાંથી એકે

બીડી ચેતાવી ! છતાં સ્વામીશ્રીના સ્વરભારમાં કોઈ ફર્ક પડ્યો નહીં !!

તેઓની દેહાતીત-ગુણાતીત સ્થિતિના સંગમે આ સભા સંપન્ન થઈ ત્યારે સાંભળનારામાંથી કોઈનેય સ્વામીશ્રીના શરીરને કાંતી રહેલું કળતર કળાયું નહોતું. પરંતુ જેઓ તેઓની આ પરિસ્થિતિ જાણતા હતા તેઓ ગાઈ રહ્યા :

'કળિયાત ન થાય કોઈ દિન, રહે મનમાંય તે મગન;
દુઃખ પડતાં આ દેહને, દિલગીર ન થાય કોઈ દન.'

આપણો રૂપિયો સાચો છે

તા. ૧૨/૧૧ની સવારે તાવતૂટ્યા શરીરે જ સ્વામીશ્રીએ ભેંસદડના મહિલા-મંદિરમાં પ્રતિષ્ઠા સંપન્ન કરી આશીર્વાદમાં ઉચ્ચાર્યું કે 'આપણો રૂપિયો સાચો છે. આ જ્ઞાન સાચું છે. ગમે તેવા જીવમાં નાંખશો તો ઊગી જશે. આપણામાં ઢચુંપચું હોય તો બીજાને શું કહી શકીએ ? આપણને મળ્યા છે તે ગુરુ સાચા છે. કહેવામાં કસર ન રાખવી. આ કલ્પિત વસ્તુ નથી.'

ટકોરાબંધ જ્ઞાન-ગુરુનો આ મહિમા સમજાવી સ્વામીશ્રી ભાંગતી તબિયતે પણ દસ પધરામણીઓ કરી ઠાકોરજી જમાડવા બિરાજ્યા.

ત્યારબાદ રાજકોટ, ગઢડા, નિંગાળાને લાભ આપતાં કેરિયા પધારેલા તેઓએ તા. ૧૩/૧૧ની સવારે અહીં મંદિરનું વિધિસર ખાતમુહૂર્ત કર્યું. તે પછી ઊભાં ઊભાં જ આશીર્વાદ આપતાં કહ્યું : 'ચૂરમું તૈયાર થઈ જાય પછી લાડુ વાળવા ઘી જોઈએ. તેમ અહીં મંદિર માટે બધાએ જગ્યા આપી તેથી ખાતમુહૂર્ત થઈ ગયું. હવે એ મંદિર બાંધવા માટે સેવા નોંધાવવી.'

સ્વામીશ્રીએ એવી સુચારુ રીતે વાત મૂકી કે સૌના ગળે તે લચપચતા લાડુની જેમ જ ઊતરી ગઈ ! સૌએ મન મૂકીને સેવા નોંધાવી દીધી.

સત્પુરુષ એક જ હોય

કેરિયામાં મંદિરની ગતિવિધિને વેગ આપીને સારંગપુર તરફ જઈ રહેલા સ્વામીશ્રી પત્રવાંચનમાં મશગૂલ હતા. આ મુસાફરીમાં તેઓની સાથે તાજેતરમાં જ દીક્ષા લેનારા સંજય ભગત અને પ્રીતમ ભગત પણ બેઠા હતા. તેઓએ કો'ક ભક્તે આપેલાં તાજાં જામફળની પાંચેક ચીરીઓ સ્વામીશ્રીને જમવા માટે આપી. કટાણે ચાવવાની સ્વામીશ્રીની પ્રકૃતિ નહીં, પણ પાર્ષદોને રાજી રાખવા તેઓએ તે અંગીકાર કરી.

તે વખતે આ નવદીક્ષિતોએ સ્વામીમુખે સમાધાન મેળવવા પૂછ્યું: 'સત્પુરુષ એક હોય કે અનેક? અને વર્તમાનકાળે કોણ?'

ત્યારે સ્પષ્ટ સમજણ ચીંધતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'સત્પુરુષ એક જ હોય. વર્તમાનકાળે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે ને!'

'આપ નહીં?'

'આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે અને વર્તમાનકાળે પણ એ જ બેઠા છે. એમાં શંકા ન કરવી. એક દૃઢતા રાખવી. એમાં આત્મબુદ્ધિ કરી લેવી. એ જ મોક્ષનું દ્વાર છે. વર્તમાનકાળે એ જ સ્વરૂપ આપણને મળ્યું છે તે સુખ આપે છે. માટે બીજે ફાંફાં ન મારવાં.'

નવા પાર્ષદોની ગળથૂથીમાં સમજણની આ સુધા સીંચતાં સ્વામીશ્રી બપોરે એક વાગ્યે સારંગપુર પધારી ગયા.

નિષ્ઠા ન હોય તે નપુંસક જેવો

સારંગપુરમાં સંતોને સંગીતનું પ્રશિક્ષણ આપવા માટે તૈયાર થયેલા 'નારાયણ સંગીત વિદ્યાલય'નું ઉદ્ઘાટન તા. ૧૩/૧૧ની સાંજે ચાર વાગ્યે કરી, સ્વામીશ્રી પાળિયાદ, બાવળા થઈને રાત્રે સાડા બાર વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા. અત્રે તા. ૧૪/૧૧ના રોજ દેવપ્રબોધિની એકાદશી ઊજવી તેઓ અસલાલી, જેતલપુર, ખેડાને લાભ આપતાં વસો પધાર્યા. અહીં બે દિવસમાં ૧૦૦ પધરામણીઓ કરી, રામોલ, રઘવાણજ, ઝારોદ, પીપલગ, નડિયાદને ધન્ય કરતાં, સ્વામીશ્રી તા. ૧૭/૧૧ની રાત્રે સવા આઠ વાગ્યે બોચાસણ આવી પહોંચ્યા.

અત્રે બીજા દિવસની સવારે દેવદિવાળી બાદ, રાત્રે બે વાગ્યાથી પરોઢિયે છ વાગ્યા સુધી ગ્રહણની સભા યોજાઈ.

આ સમયે ચંદ્રનું અમૃત ગ્રસી લેવા રાહુ આવી જતાં તે વરસતું બંધ થઈ ગયું હતું, પણ સ્વામીશ્રીના કંઠમાંથી વહેતાં અમૃતનો તો કોઈ રીતે ક્ષય થાય તેમ નહોતો. તેથી તેઓએ સભાના પ્રારંભમાં જ અમૃતધારા વહાવતાં જણાવ્યું કે –

''જેની સાથે હેત હોય તેની વાત તરત મનાઈ જાય. મોટાપુરુષને વિષે હેત ન હોય તો તેઓની વાત પણ ન મનાય. ભગવાનની ભક્તિ, ગુણગાન કરતાં હોય ત્યાં ભાલા વાગતા હોય તોય જવું. શૂરવીર લડાઈમાં વિચાર કરે

કે 'શું થશે ?' ઉપાધિ આવી પડે તોય તેને સંગે રાજી રહેવું. જ્યારે શાસ્ત્રીજી મહારાજ નીકળ્યા તે દહાડે ગામોગામ ઉપાધિ જ હતી ને ! રોટલા, મરચું ને છાશ જમતા. મહેનત પાછી ખરેખરી. 'સાત ભાઈ વચ્ચે એક સૂંથણું' – એટલે વહેલા જમે તે જમે ને બીજા તો દાળિયા ફાકી રહેતા. પણ એક જ ધ્યેય હતો તો ઉપાધિનો વિચાર આવ્યો નહીં. અટલાદરામાં પહેલેથી જ જાતમહેનત. તે સ્વામી કહેતા, 'આપણે બાહુબળે કરીશું.' તે વખતે પૈસા ભરવાના હોય તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'એક કથા કરી આવું. પછી પૈસા આપું.' આવી પરિસ્થિતિ હતી.

દેહસુખ જેને વહાલું હોય તે આ કાર્ય ન કરી શકે. સોમો ભગત વગેરે દાળિયા, મમરા જે મળે તેનાથી ચલાવી લેતા. ખાવા-પીવાની આસક્તિ હોય તો તેમ થાય ? દરેકને ભીડો હતો પણ રાજી કરવાની વાત હતી. *'ભાલા તણા મેહ વરસે'* એવું જ હતું ને ! અત્યારે આટલું બધું સુખ છે તોય આઘાપાછા થઈએ છીએ. ભગવાનનો વિશ્વાસ નથી તેને નપુંસક જેવો જાણવો. નિષ્ઠા ન હોય તે નપુંસક જેવો છે. ભગવાનને પોતાના જેવા જાણીએ, સરખા જાણીએ તો હેત ન થાય, ભક્તિ ન થાય.''

અધરાતે આ અધરામૃત વરસાવી સ્વામીશ્રીએ સૌનાં અંતર ઠારી દીધાં.

કરોડો વર્ષ સુધી અબાધિત સિદ્ધાંત

ચંદ્રગ્રહણની સભામાં સ્વામીશ્રીના આશીર્વાદ બાદ સંતોએ ઉપાડેલી કીર્તન-ભક્તિમાં મુક્તાનંદ સ્વામી રચિત કીર્તન *'છાંડી કે શ્રીકૃષ્ણ દેવ, ઓર કી જો કરું સેવ...'*નું ગાન થયું. તેના આધારે પુનઃ બ્રહ્મરસ વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''એક જ ધણીની સેવા થાય. તેના જાણીને, એનો મહિમા સમજીને બીજાની થાય. પણ જે પતિવ્રતાની ટેક રાખવાની છે તે એક ઠેકાણે, બીજે ન થાય. 'બીજુંયે સારું છે ને આયે બરાબર છે' એવો વિચાર જીવમાં ન આવવો જોઈએ. આપણે કલ્યાણ બધેથી મનાય નહીં. બધેથી માને તો બગડે. તેમાં કાંઈ સુખ ન આવે, શાંતિ ન થાય. શાસ્ત્રીજી મહારાજ મળ્યા એ જ, બીજી વાત નહીં. એ સ્વરૂપ એક જ ચાલ્યું આવે છે, એમાં બીજું કંઈ છે નહીં. બધા સરખા, 'સબ સબળિયા' જેવું થઈ જાય એ રીત નથી.

પ્રાગટ્યપણું જે ગુણાતીત સ્વરૂપ દ્વારા ચાલ્યું એ પ્રમાણે સમજી,

આપણે એ રીતે જ કલ્યાણના ભાવથી એમાં જોડાઈએ. પણ બધી વસ્તુ સરખી સમજીને, બધેથી આપણું કલ્યાણ થાય તો પછી એક ગુણાતીતની વિશેષતા શું સમજ્યા? પાંચસો સંતો હતા મહારાજને. પાંચસો સંતો દ્વારા કાર્ય નથી કર્યું? એમના દ્વારા સત્સંગ થયો છે પણ છતાંય ગુણાતીત દ્વારા મહારાજનું પ્રગટપણું. ગુણાતીત દ્વારા જે મહારાજનો મહિમા એ બીજા દ્વારા નહીં. શાસ્ત્રીજી મહારાજના બધાય શિષ્યો પણ યોગીજી મહારાજ દ્વારા જે કાર્ય થયું એ વસ્તુની આપણે વિશેષતા છે.

ભગતજી મહારાજના બધા શિષ્યો, બધા જ ચઢિયાતા જ હતા કે ન હતા? વિજ્ઞાનદાસ સ્વામી, પુરુષોત્તમ સ્વામી, સ્વામી(શાસ્ત્રીજી મહારાજ) ને મહાપુરુષદાસ સ્વામી – કેટલા જબરજસ્ત! ભગતજી પુરુષોત્તમ સ્વામીને બ્રહ્મર્ષિ કહેતા ને અંતર્યામીપણું પણ તેઓ બતાવતા. તેમાં કોઈ જોડાયા? શાસ્ત્રીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજ! બધાયને એ વિશેષતા કે શાસ્ત્રીજી મહારાજ દ્વારા જ મહારાજ છે. એ પ્રમાણે સૌ જોડાયા.

કૃષ્ણ બિન અન્ય જેહી, ઈષ્ટ જાણી નમું તેહી; ફોર ડારો શિર મેરા, મુશલ પ્રહાર સે... તમારા સિવાય જો મારું માથું બીજે નમી જાય તો ફોડી નાંખજો. શેનાથી? મુશલ-સાંબેલું લઈને રમકાવી દેજો, બરાબર... એકના ચાર થઈ જાય પણ મારું માથું બીજે ન નમે. બીજે નહીં એટલે (મોક્ષદાતા છે) એ ભાવથી. બાકી બધાને નમસ્કાર કરવા એ વાંધો નથી, પણ આ એક ભાવ તો ન બદલાવો જોઈએ. સૌને 'જય સ્વામિનારાયણ' કહેવા પડશે. એમાં કંઈ આપણું જતું નથી. મહિમા જેનો જેટલો છે તે સમજવાનો છે. પણ કલ્યાણ એક જ ઠેકાણેથી આપણે ઇચ્છવાનું છે. પામવાની વસ્તુ એક જ છે.

તમારા સિવાય બીજે સહેજ પ્રતીતિ આવી જાય કે 'આય બરાબર છે, અહીંયાં પણ આપણું કલ્યાણ થઈ જાય એવું છે,' તોય પતી ગયું. એટલી પ્રતીતિ તમારા સિવાય આવે તો મને કેવો જાણજો? શ્વપચ, લબાડ, નીચથી અધિક નીચ જાણજો. સહેજ બીજે પ્રતીતિ આવી તો લબાડ થયો કે ન થયો? પછી એની વાત શું સાંભળવી? એને શું કાન ધરવા? લબાડ જોડે આપણે શું બેસવાનું? બીજે પ્રતીતિ હોય અથવા કરાવતો હોય તો પછી લબાડ જ જાણવો.

આપણા જે ભગવાન, ઇષ્ટદેવ એને વિષે જ આપણને સહેજ કાંઈ દૃષ્ટિફેર કરાવતો હોય તો એ લબાડ છે. એથી આનંદ પામવા જેવું, સુખ પામવા જેવું કાંઈ નથી. શાસ્ત્રીજી મહારાજનો જે સિદ્ધાંત હોય તે ભંગ થતો

હોય તેને વિષે સહેજ પણ પ્રતીતિ શેની આવે? આ તો સિદ્ધાંત તોડવાની વાત છે ને! શાસ્ત્રીજી મહારાજે દાખડો કર્યો છે, એની અંદર આપણે ગમે એવી સમજણો ઊભી કરાવી દઈએ અને ગમે તેમ કરીને આખો સત્સંગ ચૂંથવો અને સત્સંગમાં વિક્ષેપ કરવો એનો અર્થ શું? આવો સરસ-દિવ્ય સત્સંગ ચાલી રહ્યો હોય ત્યારે આપણે મનધારી બધી વાતો ઊભી કરીને, ગમે તેમ કરવું એનો અર્થ શું? એવા માણસથી આપણે ચેતવું.

મુક્તાનંદ સ્વામીનું ચાર લીટીનું કીર્તન છે. ચાર લીટીમાં કેટલું બધું કહે છે! મારાથી જો બીજે માથું નમે તો માથું ફોડી નાંખવું, હાથ સેવા કરે તો હાથ કાપી નાંખવા, મારાથી બીજું ધ્યાન થાય તો છાતી ચીરી નાંખજો અને બીજે પ્રતીતિ આવી જાય તો શ્વપચ ને લબાડથી પણ અધિક નીચ મને જાણજો, એમ મુક્તાનંદ સ્વામી કહે છે. એટલે મહિમાનો અતિરેક ન થવો જોઈએ. મહિમા જેટલો છે તે રીતે આપણે સમજવો. પણ મહિમાના અતિરેકમાં પછી કેટલુંય વધારે પડતું થઈ જાય છે. સ્વામી કહે,

'સમજણ વિનાના સાંગલા, પિંજણ પબેડા થાય;
રસ જાય કૂંડીમાં, ને ચિચોડો ચહ ચહ થાય.'

પછી એમાં સુખ ન આવે. છાશ-બાખડા જેવું લાગે. 'આ છે કે તે છે, પેલા છે કે આ છે?' એમાંથી ઊંચા ન આવીએ. ભાઈ! આ જ છે. પછી બીજું શું જોવું, શું માનવું?

આ તો શાસ્ત્રીજી મહારાજે આપણને ચોખ્ખી સમજણ આપી છે, પણ પછી મનસ્વી રીતે ગોઠવીએ તો ક્યાં પહોંચશો? એક ગુણાતીત દ્વારા મહારાજનું પ્રગટપણું છે. મહારાજનું પ્રગટપણું છે, છે ને છે – ગુણાતીત સંત દ્વારા. સીધી ને સટ વસ્તુ છે. પછી વાંકીચૂંકી કરવાની જરૂર શી? તે માથાકૂટ શું? શાસ્ત્રીજી મહારાજ પછી કોણ? જોગી મહારાજ પ્રગટ થઈ ગયા એની મેતે. સૌએ જોયા ને સૌએ અનુભવ્યા. એમાં પહેલેથી પંચાત શી? જે વખતે સ્વામી હતા તે વખતે સ્વામીને સેવી લીધા, પતી ગયું. સર્વ પ્રકારે, સર્વ ભાવે કરીને એ સ્વરૂપમાં – ઉત્સવ, સમૈયા, કીર્તન, ભક્તિ, સેવા દ્વારા રાજીપો લઈ લેવાનો. એ વસ્તુ પતી ગઈ. પછી 'એના પછી કોણ?' એ માથાકૂટ કરવાની જરૂર શી? જે છે તેને અત્યારે પૂજી લો. પછી જે થશે તે થશે. તેની તમારે શી પંચાત? પાછળના એની મેળે પાછળથી કૂટી લેશે, એને નથી ગોતતા આવડતું? એને કંઈ આપણે ગોતી આપવાનું છે? તે ગોતી લેશે.

મહિમાનો અતિરેક પણ ન થવો જોઈએ. મહિમા જેટલો છે તેટલો કહીએ તો સમાસ થાય. 'આ તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે' એવા શબ્દોય પણ સ્વામી માટે ન કહેવા જોઈએ. મહારાજના સાક્ષાત્ અખંડ ધારક ગુણાતીત એ રીતની જ વાત થાય. એ દ્વારા મહારાજનું પ્રગટપણું છે, એમાં અણુએ અણુમાં મહારાજ છે. 'સંત તે સ્વયં હરિ' એમ ન કહ્યું ?

કેટલાય યુવકો (નગરયાત્રામાં) 'ઉપર-નીચે, આજુ-બાજુ (પ્રમુખ-સ્વામી... પ્રમુખસ્વામી)...' એમ ગાય છે. આ પણ એક જાતની અજ્ઞાનતા, મૂર્ખાઈ છે. સમજ્યા વગરની વાત છે. એનાથી ફાયદો શું? એનાથી સમાસ શું? એનાં કરતાં મહારાજનાં કીર્તન *'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...'* ગાતા હોય તો કેવું સારું લાગે ?! ઉપર-નીચે બધે જ મહારાજ છે. મહારાજની જ ધૂન ગાવ, ભજન ગાવ. આ તો ગાંડાની જેમ કૂદાકૂદ કરે. આ રીત નથી, આ પ્રથા નથી. મહારાજની પ્રથા છે તે પ્રથા પ્રમાણે ચાલો તો સમાસ થશે.

પ્રગટનો મહિમા સમજવાનો છે પણ કૂદાકૂદ કરવાની નથી. એ જ સાક્ષાત્ શ્રીજીમહારાજ, પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા એ શબ્દો આપણે વાપરવાની રીત નથી. એ જ પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજને અખંડ ધારી રહ્યા છે, એ સર્વ પ્રકારે એની અંદર રૂંવાડે રૂંવાડે છે, એના થકી અખંડ ભગવાનનું સુખ આવે છે, એ બરાબર. પણ આ જ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે તો થઈ રહ્યું. પછી ધોકંધોકા. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે 'હું ચિરંજીવી છું.' એમ ગુણાતીત દ્વારા આપણને મહારાજનું સાક્ષાત્ સુખ આવે છે. એ સમજ્યા એમાં બધું આવી ગયું. પતિવ્રતાનો ભાવ પણ આપણે એ રીતે રાખવાનો છે. એમાં ફેર નથી કરવાનો. શાસ્ત્રીજી મહારાજે એવો સિદ્ધાંત સમજાવ્યો છે કે પૂર્વાપર કાંઈ બાધ ન આવે. આજે શું, કરોડો વર્ષ થાય તોય બાધ ન આવે."

એક અબાધિત સિદ્ધાંતગંગા સ્વામીશ્રીએ આજે વહાવી દીધી.

તે પછી તેઓ ઉતારે જવા ઊભા થયા ત્યારે ગ્રહણને કારણે થયેલા આખી રાતના ઉજાગરાના સંદર્ભમાં કો'ક બોલ્યું કે 'ગ્રહણ થાય ઉપર ને આપણને આફત આવી.'

'આફત નહીં, પણ ભજનનું સુખ થયું.' સ્વામીશ્રીએ તરત ચોખવટ કરી આપી. પછી બોલ્યા : 'ગ્રહણ ન હોત તો અત્યારે ઘસઘસાટ સૂતા હોત. આપણને તો મહામોટો લાભ થઈ ગયો.'

ભજન થાય એવું કોઈ પણ નિમિત્ત સ્વામીશ્રીની પ્રસન્નતાનું પાત્ર બનતું.

સાત દિવસ સત્સંગના

બોચાસણથી સ્વામીશ્રી મહેળાવમાં દર્શન કરીને ગુતાલ પધાર્યા. અહીં ૩૭ પધરામણીઓ કર્યા બાદ વરતાલ, વિદ્યાનગરને લાભ આપતાં તેઓ સાંજે છ વાગ્યે કરમસદ પહોંચ્યા.

અત્રે સાત દિવસના ભવ્ય પારાયણની આલબેલ પોકારતી શાનદાર શોભાયાત્રા સ્વામીશ્રીની પધરામણી થતાં જ શરૂ થઈ. ગલીઓ ગુલાલથી અને આકાશ આતશબાજીથી રંગાઈ ગયાં. મકાને-મહોલ્લે સ્વામીશ્રીનાં દર્શન માટે પ્રચંડ લોકટોળાં ઊમટ્યાં. સૌની આંખો તેઓની મૂર્તિને પી રહેલી. પણ તેઓ તો હતા પ્રભુદર્શનના પ્યાસી. તેથી નગરયાત્રાના માર્ગમાં આવતાં બાઈ-ભાઈનાં સ્વામિનારાયણ મંદિરો, બાપેશ્વર મહાદેવ, વૈષ્ણવોની હવેલી એમ દરેક ધર્મસ્થાનમાં દર્શને પધાર્યા.

આ શોભાયાત્રાનું સમાપન થતાં જ સ્વાગત-સભા શરૂ થઈ. તેમાં હજારોની મેદની વચ્ચે મહાનુભાવોએ સ્વામીશ્રીને હારતોરાથી સત્કાર્યા. તે પછી શરૂ થયેલા પારાયણમાં રોજ સવારે સ્વામીશ્રી સ્વયં 'સત્સંગિજીવન' ગ્રંથના આધારે કથામૃત રેલાવતા અને સાંજે વિવિધ સંતોના મુખે જ્ઞાનવાણી વહેતી. રાત્રે કીર્તન આરાધના, સંવાદ, નૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાતા.

આ ધર્મસભાઓની સાથે પારાયણના પ્રથમ દિવસ, તા. ૨૦/૧૧ના રોજ સ્વામીશ્રીએ બાકરોલ ગામની સીમમાં નિર્માણાધીન નૂતન મૅડિકલ કૉલેજના સ્થળે પગલાં પાડી પુષ્પો પધરાવ્યાં. પારાયણના પાંચમા દિવસની સવારે તેઓએ નડિયાદમાં નગરપાલિકાના ભવનનું ઉદ્‌ઘાટન કરી શાસકીય પ્રણાલીઓને પુષ્ટિ આપી. ત્યાંથી સોખડા(માતર)ના મંદિરનું ખાતમુહૂર્ત કરી સમાજના આધ્યાત્મિક વિકાસને પણ વેગવંતો કરી દીધો.

આ જ દિવસની રાત્રે તેઓ સંદેસર પધાર્યા. અહીં કેટલીક પધરામણીઓ કરી તેઓ સીધા જ પહોંચ્યા દેવીપૂજકોના વાસમાં. નિમિત્ત હતું – એક ફળિયાનું ખાતમુહૂર્ત. અહીંના રહેવાસીઓ સ્વામીશ્રીને પોતાનાં ફળિયાં પાવન કરવા પધારવાનું આમંત્રણ આપવા પહોંચી ગયા તે બીના જ સમજાવે છે કે સ્વામીશ્રી કેવા ખુલ્લા દિલ-દરવાજાના સંત હતા!

પોતાની એક આંખમાં સમતા અને બીજી આંખમાં મમતાની કીકી રાખીને વિચરતા તેઓ ઉબડ-ખાબડ લીંપણવાળા, સળી-સાંઠીકડાંની

ભીંતોવાળા, ઘાસ-પૂળાનાં છાપરાંવાળા આ વાસના કૂબામાં પાથરેલી ગાભાની ગોદડીઓ પર નિરાંતે પલાંઠી વાળીને બેઠા. અહીં યોજાયેલી સભામાં સંબોધન કરતી વખતે 'સ્વામિનારાયણ ભગવાને નાત-જાતના ભેદ રાખ્યા સિવાય સૌને અપનાવ્યા છે' એમ જે તેઓ બોલ્યા તેને નજર સામે જ સૌ અનુભવી રહ્યા. સભા બાદ ફળિયાનું ખાતમુહૂર્ત કરી સ્વામીશ્રીએ તેનું 'યોગી ફળિયું' નામાભિધાન કર્યું.

આમ, કરમસદના પારાયણના સાત દિવસ દરમ્યાન શૈક્ષણિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક, સામાજિક, નૈતિક, ધાર્મિક રીતે સમાજનું ઉત્થાન કરી સ્વામીશ્રી તા. ૨૭/૧૧ની સવારે વરતાલ અને સુરકૂવા થઈને બપોરે સવા બાર વાગ્યે આશી પધાર્યા.

આવા સંત છે સગાં સહુના

સ્વામીશ્રીનું આગમન ગામમાં ગમે તે સમયે થાય પણ નગરયાત્રા તો તેઓને પોંખવા હાજર રહેતી જ. તે મુજબ આશીમાં ભરબપોરે સામૈયું નીકળ્યું. તે સત્કાર સ્વીકારી તેઓ સભા બાદ ઠાકોરજી જમાડી બપોરે બે વાગ્યે પધરામણી કરવા નીકળ્યા. પચીસ પધરામણીઓએ બપોરના વિશ્રામને તો ક્યાંય વાટી નાંખ્યો.

આ કાર્યક્રમ પૂર્ણ કરીને સ્વામીશ્રી પહોંચ્યા – આશીના હરિજનવાસમાં.

હા, અજ્ઞાન અને અણસમજણને કારણે સમાજના શિરે ચોંટેલું અસ્પૃશ્યતાનું કલંક ધોવા સ્વામીશ્રી કોર્ટના દરવાજે નહીં પણ હરિજનોના દરવાજે જઈને ઊભા રહેલા. આ દૂષણ નિવારવા તેઓએ આસ્ફાલ્ટની સ્વચ્છ-સમથળ સડકો પર સરઘસો કાઢ્યાં નહીં, પણ હરિજનવાસની ગલીઓમાં જઈને સીધી પધરામણીઓ કરી. આ પાપ ધોવાં તેઓએ બે બાજુથી ઠંડી હવા ફૂંકતાં વાતાનુકૂલિત મશીનો વચ્ચે બેસીને સભાઓ સંબોધી નહીં, પણ હરિજનવાસમાં પહોંચીને તેઓની વચ્ચે જ આસન જમાવી દીધું! સમાજ વિસ્ફારિત નેત્રે સ્વામીશ્રીની આ ક્રાંતિને નિહાળી રહ્યો. તેઓએ આશીના હરિજનબંધુઓને સદુપદેશ આપ્યો કે 'ભગવાનનો આશરો રાખજો ને ભજન કરજો. સત્સંગ સૌએ રાખવો. ધર્મ-પરાયણ જીવન જીવવું.'

સ્વામીશ્રીનો આ ઉપદેશ પણ સૌને નવીન લાગ્યો, કારણ કે તેમાં પ્રેમના પાલવ પાછળ જીવન-પરિવર્તનની વાત હતી, ધર્મપરિવર્તનની નહીં.

સ્વામીશ્રીની મદદમાં મહાનતા રહેતી, ભોળા-અબુધ-તરછોડાયેલાઓનો ગેરલાભ ઉઠાવવાની મલિનતા નહીં.

તેથી જ આશીના હરિજનોમાં આશાનો સંચાર કરીને તેઓએ જ્યારે વિદાય લીધી ત્યારે પ્રત્યેક હૈયું-હોઠ બોલી રહ્યાં : *'આવા સંત છે સગાં સહુનાં, સુખદાયક જન બહુના...'*

ગુરુ મળ્યા ગુણવાળા

આશીથી નીકળેલા સ્વામીશ્રી થામણા પધાર્યા ત્યારે સંધ્યા ઢળી ચૂકેલી, પણ નગરયાત્રા અડીખમ ઊભેલી. ગામના આગેવાન હરિભક્તોએ તેઓનું ઉષ્માસભર સ્વાગત કર્યા બાદ, અહીં તા. ૨૮/૧૧થી ત્રિદિવસીય પારાયણનો પ્રારંભ થયો. તે સાથે જ વિવિધ ગ્રંથો પર વિવિધ સંતોની વાણી સાંભળી ગ્રામજનો મંત્રમુગ્ધ થતા ચાલ્યા. પારાયણની પોથી પર દનૈયાંની દક્ષિણા પણ ઇચ્છ્યા વિના, અસ્ખલિત કથાપ્રવાહ વહેવડાવનારા આવા સુશિક્ષિત યુવાન સંતો સૌની નજરે પહેલી વાર જ ચઢી રહેલા! સ્વામીશ્રીનું કાર્ય ધીરે ધીરે રંગ જમાવી રહેલું. પરંતુ તેઓને તો પોતાની આ સિદ્ધિની જાણે તમા જ ન હોય તેમ પારાયણના પ્રથમ દિવસે બોલ્યા : 'જગતમાં સિદ્ધિઓવાળા ઘણા છે. તેથી આપણી માયા જતી નથી. આત્માનું કલ્યાણ થતું નથી. જેનામાંથી માયા નીકળી હોય તે આપણામાંથી કાઢી શકે. જેવું ભજનમાં સુખ છે તેવું જગતમાં નથી.'

આમ, વર્તનશુદ્ધિ પર જ મદાર રાખીને જીવાતું સ્વામીશ્રીનું જીવન અહીંના એક સિદ્ધને સ્પર્શી ગયું. તા. ૨૯/૧૧ની એ બપોરે ઉમરેઠમાં ૩૦ પધરામણીઓ કરી, સાંજે થામણામાં પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રીને રણછોડભાઈ નામના એક મુમુક્ષુ પોતાને ઘેર લઈ ગયા. આ ભક્ત છેલ્લાં ૩૫ વર્ષથી માતાજીના ઉપાસક રહેલા. ભક્તિની શુદ્ધિને કારણે તેઓએ વચનસિદ્ધિ પણ મેળવેલી, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનથી તેઓના અંતરની આંખ ખૂલી ગઈ. સ્વામીશ્રી જેવા તેઓના ઘરમાં પધાર્યા કે તેઓ સાષ્ટાંગ દંડવત કરતાં કરતાં સ્વામીશ્રીને કહેવા લાગ્યા : ''મારી વિષયની વાસના હજુ ટળી નથી. પણ મને વિશ્વાસ હતો કે 'જરૂર માતાજી મને એવા ગુરુ મેળવી આપશે કે જે મારો ભવરોગ ટાળશે.' તે સાચા ગુરુ આપ મળી ગયા.''

*'ગુરુ મળ્યા ગુણવાળા...'*નું ગાણું ગાતા એ ભક્તે સ્વામીશ્રીના હસ્તે

વર્તમાન ધારણ કરીને સત્સંગ સ્વીકાર્યો. સ્વામીશ્રીનું વર્તન લોહચુંબકતુલ્ય રહેતું. શુદ્ધ મુમુક્ષુ આપમેળે તેઓમાં ખેંચાઈ આવતા.

કર્યાં કલ્યાણના ઉપાય

થામણાથી સ્વામીશ્રી સલૂણ, ઉત્તરસંડાને પાવન કરતાં, તા. ૧/૧૨ની સવારે ભૂમેલ પધાર્યા. અહીં મંદિરની ખાતવિધિ કર્યા બાદ, તેઓ નડિયાદ થઈને ચાંગા આવી પહોંચ્યા. અત્રે તેઓએ શ્રીજીમહારાજની પ્રાસાદિક કોઠીનાં દર્શન બાદ તા. ૨/૧૨ની સવારે ૬૬ પધરામણીઓ કરી આખા ગામમાં સ્વામિનારાયણનો ઉદ્ઘોષ કરી દીધો.

ત્યારબાદ મહેળાવ થઈને પોરડા પધારેલા તેઓની નગરયાત્રા ઊંટગાડીમાં નીકળી. તે યાત્રાના અંતે સ્વામીશ્રીએ અહીં નિર્માણાધીન મંદિરનું ભૂમિપૂજન કર્યું.

આમ, બે દિવસમાં બે મંદિરનાં મંડાણ કરીને સ્વામીશ્રી ત્રીજા મંદિરની પ્રતિષ્ઠા માટે વલાસણ આવી પહોંચ્યા.

અત્રે તા. ૩/૧૨ની સવારે ૧૦૧ યજમાનોના હોમથી ગામનું આકાશ ધુમાચ્છાદિત થઈ ગયું. આ દરેક યજમાનના ભાલે સ્વયં સ્વામીશ્રીએ ચાંદલા કરી સૌને અનેરી સ્મૃતિ આપી. ભક્તોનાં પૂજનનો લહાવો તેઓ કદી એળે જવા ન દે. સામે હરિભક્તો પણ સ્વામીશ્રીને વધાવવાની જરા સરખી તક ચૂકતા નહીં.

તેથી તા. ૪/૧૨ની સવારે વલાસણમાં સ્વામીશ્રીની ભવ્ય ગજસવારી નીકળી. ત્રણ હજારથી વધુ હરિભક્તોનો અપૂર્વ ઉત્સાહ આ નગરયાત્રાને દોરી રહ્યો. નાનકડા ગામમાં એવી ભીડ મચી રહી કે બે કલાકે શોભાયાત્રા મંદિરે પહોંચી. અહીં સવારે અગિયાર વાગ્યે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા મૂર્તિપ્રતિષ્ઠા થઈ. તે વખતે નેત્રાનાવરણ-વિધિ દરમ્યાન મૂર્તિઓ સમક્ષ ધરેલો કાચ તડ્... તડ્... કરતો તૂટ્યો. ભગવાન પધાર્યાની આ ક્ષણને સૌએ ગગનભેદી જયનાદોથી વધાવી લીધી.

આ અનુપમ દૃશ્ય જોઈને ચરોતરના આગેવાન શ્રી ચીમનભાઈ દેસાઈ બોલી ઊઠ્યા કે ‘સહજાનંદ સ્વામી તો છે. પણ તેને નીચે પૃથ્વી પર ઉતારનારો કોણ છે ? તે આ પ્રમુખસ્વામી છે. સ્વામિનારાયણને ભજવા અને આવા સંતને સેવવા, આ જ કરવાનું છે.’

આમ, *'મંદિર મૂર્તિ સંબંધે, કર્યાં કલ્યાણના ઉપાય'*ની રીત મુજબ, સ્વામીશ્રીએ ગામોગામ મંદિરો સર્જીને કલ્યાણને રોકડું અને ઢૂંકડું કરી મૂકેલું.

રજ-સૂરજની ગોઠડી

વલાસણથી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં વિદ્યાનગર મુકામે એક હરિભક્તના ઘરનું વાસ્તુ અને ત્રીસ પધરામણીઓ કરવા રોકાયા. તેમાં બે પધરામણીઓ વિશિષ્ટ બની રહી.

આ પધરામણીઓ દરમ્યાન સ્વામીશ્રી અહીં સૌરાષ્ટ્ર કૉલોની અને ગોમતીવાસમાં ચાલતાં બાળમંડળોની સભામાં જઈ પહોંચ્યા. તેઓના આગમનથી બાળકોને તો જાણે પાંખો ફૂટી ગઈ હોય તેમ સૌ કિલ્લોલ કરવા લાગ્યા. તેઓએ પોતાના મુઠ્ઠી વાળેલા જમણા હાથને જમણા ખભે અડાડીને શક્ય એટલા વધુ વેગથી, શક્ય એટલો વધુ ઊંચો કરીને જયનાદો ગજાવ્યા. જોડેલા બે હાથને છાતી સરસા ચાંપીને શક્ય એટલા ઊંચા અવાજે પ્રાર્થના ગાઈ. બંને સભામાં બાળકોએ શક્ય એટલા વધુ પ્રેમથી ૫૫-૫૫ દીવાની આરતીઓ ઉતારી પોતાના વહાલા 'બાપા'ને વધાવ્યા. આ બંને બાળસભામાં બાળકો દ્વારા જે કંઈ થયું તે શક્ય એટલું વધુ થયું, તો સ્વામીશ્રી દ્વારા પણ એમ જ થયેલું ને! બાકી ક્યાં આજે સવારે જ ગજરાજ પર બિરાજેલા સ્વામીશ્રી અને અહીં ક્યાં પાંચ-પંદર બાળકોની સભામાં બિરાજેલા સ્વામીશ્રી! રજકણ તો સૂરજ થવાનું શમણું સેવે, કારણ કે તેમાં તેની ઊર્ધ્વગતિ છે; પણ સૂરજ રજકણ બની રહે તે કેવી કૃપા! આજે રજ-સૂરજની આવી ગોઠડી જોનારા સૌ ચકિત હતા.

આપણે આપણી મોટપ માનવી નહીં

વિદ્યાનગરથી સ્વામીશ્રી ઓડ, સારસા, ધર્મજ, નાર, અટલાદરા થઈને વાલવોડ આવી પહોંચ્યા.

અહીં તા. ૭/૧૨ની સવારે તેઓનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ બિરાજી ગયા. આ પ્રતિષ્ઠા બાદ ગામની પ્રાથમિક શાળાના સંકુલમાં પાણીની ટાંકીનું ઉદ્‌ઘાટન અને ૭૦ પધરામણીઓ પણ તેઓએ કરી.

આમ, એક અઠવાડિયામાં બે મૂર્તિપ્રતિષ્ઠા, બે મંદિરોની ખાતવિધિ અને એક મંદિરના ભૂમિપૂજન દ્વારા કુલ પાંચ મંદિરોને ગતિશીલ કરતાં

સ્વામીશ્રી ભાદરણ પધાર્યા.

અહીં યોજાયેલી રવિસભામાં ગઢડા મધ્ય પ્રકરણના ૬૭મા વચનામૃત પર નિરૂપણ કરતાં તેઓએ જણાવ્યું કે –

'ભગવાનની દૃષ્ટિમાં આ લોકની કોઈ ગણતરી નથી. વિક્ટોરિયા સરોવરમાંથી નાઈલ નદી નીકળે છે. છતાં પાણી ખૂટતું જ નથી, પરંતુ વધે છે. તેમ ભગવાનનું ભજન કરતાં જીવને સ્વામી-સેવકભાવ વધતો જાય છે. ભગવાનનો તે અપાર ને અપાર મહિમા સમજે છે. આત્મા કોઈ દિવસ પરમાત્મા થતો નથી. પરંતુ અક્ષરરૂપ થઈને ભગવાનનો સેવક થાય છે. સ્વામી-સેવકભાવ ન રહે તો ભજન કોનું કરવું? અક્ષર ને મુક્તો બધાય સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે. આપણે ત્યાં ભગવાન થવાનું જ્ઞાન જ નથી. આપણે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવી છે તો આપણે એકલું ગુણાતીત... ગુણાતીત... એમ ભજન કરતા નથી. પણ સ્વામિનારાયણનું જ ભજન કરીએ છીએ.

આપણે જે કંઈ કરીએ છીએ તે ભગવાનની શક્તિથી કરીએ છીએ. ભગવાન તેમની શક્તિ આપણામાંથી ખેંચી લે તો આપણું નામ બદલાઈ જાય. મડદું થઈ જઈએ. ફેંકી દેવું પડે.

એક બીબડીને ઘેર કૂકડો હતો. તે દરરોજ સવારે ચાર વાગ્યે બોલે. તેથી બીબડીના મનમાં એમ કે 'મારો કૂકડો બોલે છે, તેથી વહાણું વાય છે. માટે હું તેને લઈને બીજે ગામ જાઉં.' તે કૂકડો લઈને ચાલી ગઈ પણ વહાણું તો વાયું! તેમ આપણે આપણી મોટપ માનવી નહીં. અક્ષરરૂપ થઈ જઈએ તોય સ્વામી-સેવકભાવ તો હંમેશા રહે જ છે.'

'તુમ હી સ્વામી, હમ ચેરે...' – આ સૂર સ્વામીશ્રીની વાણીમાંથી નહીં, પણ તેઓના રોમરોમમાંથી ફૂટતો રહેલો.

સુરતમાં શાનદાર શોભાયાત્રા

તા. ૮/૧૨ના રોજ સ્વામીશ્રી ભાદરણથી વિદાય લઈને બોરસદ, આણંદ, સોખડા, ઘોઘંબા, પાલ્લી, રણજિતનગર, હાલોલ, અંકલેશ્વરને લાભ આપતાં સુરત પધાર્યા.

અહીં આ સમયે સ્થાનિક સત્સંગ મંડળ તેના ઇતિહાસનું એક સુવર્ણ-પૃષ્ઠ આલેખવા થનગની રહેલું. તેથી તા. ૧૦, ૧૧ ડિસેમ્બરના રોજ સુરતની

શેરીએ-શેરીએ 'સ્વામિનારાયણ' મહામંત્ર અને 'પ્રમુખસ્વામી' નામ ગુંજી રહ્યાં. આ ૪૮ કલાક દરમ્યાન કો'ક ખૂણે પ્રતિષ્ઠાની તૈયારીને કારણે તો કો'ક ખૂણે મહાયાગના મિષે; કો'ક ખૂણે નગરયાત્રાના નિમિત્તે તો કો'ક ખૂણે જન્મજયંતીને કારણે ઉત્સવનો રંગ ઊડતો રહ્યો અને સુરત રંગાતું રહ્યું. સ્ટેશન પાસે સરદાર નગરમાં ઊભા કરાયેલા વિરાટ 'યોગી નગર'માં શોભતાં 'ગુણાતીત મંડપ', 'નારાયણ અન્નક્ષેત્ર' અને યજ્ઞશાળા જાણે વૈદિક યુગને તાદૃશ કરાવી રહેલાં, તો નગરયાત્રાના માર્ગ પર ઝૂલી રહેલાં તોરણો સૂર્યનગરીને વિશેષ રંગીન-નવીન બનાવી રહેલાં. હરિભક્તોનાં અંતરમાં તો જબરજસ્ત ભાવ-ભરતી ચઢી હતી.

આ ભીતરના ભાવથી જ તા. ૧૦/૧૨ના રોજ વેદવિધિને અનુસરતાં, ૧૫૦ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ આપી. પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા આ યજ્ઞની સોડમ સમસ્ત સુરતમાં પ્રસરી રહી.

આ યજ્ઞના ઘોષ શમ્યા ત્યાં જ નગરયાત્રાનાં નગારાં ધણધણી ઊઠ્યાં. બપોરે ત્રણ વાગ્યે યોજાયેલી મૂર્તિઓ તથા સ્વામીશ્રીની ભવ્ય નગરયાત્રા સુરતનું નજરાણું બનીને રહી ગઈ. સુશોભિત યાનમાં સોળ ફૂટની ઊંચાઈએ બિરાજેલા સ્વામીશ્રી સૌની વૃત્તિ-પ્રવૃત્તિનું કેન્દ્ર બની રહ્યા. ઠેર ઠેર આરતી અને આતશબાજીનો ઉજાશ ફેલાતો રહ્યો. અધ્ધર આકાશમાંથી હેલિકૉપ્ટર દ્વારા પણ પુષ્પો વરસ્યાં. બૅન્ડ-વાજાં અને ભજન-મંડળીઓના ઘોષ, હજારો બાઈ-ભાઈ ભક્તોની શિસ્તબદ્ધ હરોળ, દેવતાઈ પરિવેશમાં નર્તનરત બાળકો, રાસરમણે ચડેલા યુવાનો વગેરેની શોભાએ ચાર કલાક સુધી સમગ્ર શહેરને સ્થિર કરી દીધું. સાંજે સાત વાગ્યે કાપડિયા પ્રેસ કમ્પાઉન્ડમાં આ વિશાળ મહેરામણ સભાના સ્વરૂપમાં ફેરવાઈ ગયો.

મહોત્સવના પ્રથમ દિવસના આ અનેરા રંગ-ઉમંગ જોઈ સૌ દ્વિતીય દિનની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા.

ઘણું જીવો હો જીવન આધાર

તા. ૧૧/૧૨ની સવારે યોજાયેલી સ્વામીશ્રીની પ્રાત:પૂજામાં સર્વત્ર પંચાવનમી જન્મજયંતીનો માહોલ વર્તાતો હતો. ચારેબાજુ થયેલી શુભેચ્છા-પત્રોની કલાત્મક ગોઠવણી એક જ સૂર વહેતો મૂકી રહેલી: *'ઘણું જીવો હો જીવન આધાર...'* આ જ ભાવને ઘૂંટતાં કીર્તનો પૂજામાં રેલાયાં.

ત્યારબાદ સ્વામીશ્રીના વરદહસ્તે નાણાવટમાં નિર્માણ પામેલા મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ થયો. જે સ્થાનમાં અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાની વાતો ગુરુમુખે સૌ પ્રથમ વાર સાંભળીને શાસ્ત્રીજી મહારાજ આ ઉપાસનાના પ્રસાર માટે કટિબદ્ધ થયેલા, તે સુરતમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા. તેઓનો દાખડો વધુ એક વાર સુફળ થયો.

પ્રતિષ્ઠાને અનુસરતાં જન્મજયંતી મહોત્સવનો મુખ્ય સમારંભ 'અક્ષર વાટિકા'માં પ્રારંભ પામ્યો. તેમાં રાજ્યના ગૃહમંત્રીશ્રી સહિત અનેક નામાંકિત મહાનુભાવોએ સ્વામીશ્રીને ભાવપુષ્પો ચડાવ્યાં. મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલે તો ભાવોર્મિ વહાવી દીધી –

''આજે હું અહીં આવ્યો છું ત્યારે કેટલાક સત્સંગી મિત્રોએ મને ચેતવણી આપી કે મારે નહીં જવું જોઈએ, કારણ કે આ લોકો બંડિયા છે.'

એ મિત્રને મેં જણાવ્યું કે 'હું જઈશ અને હું એટલા માટે જઈશ કે જે વાતો આ સંતો કરે છે તે કોઈ જગ્યાએ એમ કહે છે ખરા કે કૃષ્ણનો આદર નહીં કરવો? શ્રીજીમહારાજ નહીં ભજવા? એવું કહેતા નથી, તો પછી શું વાંધો આવ્યો? વાંધો એ આવ્યો કે તેઓ કહે છે: *'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર.'* એટલા માટે એવું સાબિત થાય છે ખરું કે શ્રીજીમહારાજના ધર્મનાં મૂળ તત્ત્વોથી એ દૂર ગયા? એમણે શ્રીજીમહારાજના સિદ્ધાંતનો અસ્વીકાર કર્યો? ઝોળીઓ લઈને ન ચાલ્યા? બધું ભેગું કરીને ખાધું નથી? સંપત્તિ અને સ્ત્રીનો ત્યાગ નથી કર્યો? સત્સંગની પરંપરા વિકસે એવું નથી કર્યું? પાઠશાળાઓ નથી સ્થાપી? શ્રીજીમહારાજની ઇચ્છા મુજબ માત્ર પેટનું પૂજન નહીં પણ સમાજની સેવા કરવાનું કામ નથી કર્યું? કઈ વસ્તુ નથી કરી? જો એમાંનાં તત્ત્વો બધાંય સ્વીકાર્યાં હોય તો પછી આપણે અસહિષ્ણુ શું કામ થઈએ છીએ?''

જ્યારે સૌ સ્વામીશ્રીને આમ બિરદાવી રહેલા ત્યારે તેઓના કાન તો પ્રશંસા નહીં, પણ અતિવૃષ્ટિથી પીડિતના પોકાર સાંભળી રહ્યા હશે! તેથી આ પ્રસંગે તેઓએ સંસ્થા વતી રેલરાહત માટે માતબર રકમનું દાન મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરાવ્યું. સન્માનના અવસરે તેઓની આ સેવાભાવના જોઈ સૌનાં હૈયાં પોકારી ઊઠ્યાં: *'ઘણું જીવો હો જીવન આધાર...'*

આ અભિવાદનને નતમસ્તકે ઝીલનારા સ્વામીશ્રી હજારો ભક્તોને સુખ-સંતોષ આપી જમવા માટે બિરાજ્યા ત્યારે સમય થયેલો બપોરના સાડા

ત્રણ વાગ્યાનો ! આ વખતે સામે બેસીને દર્શન કરી રહેલા સંતોએ *'જમો જમો રે મારા જીવન જુગતે...'* એમ થાળગાન શરૂ કર્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'સંતો ! મને આશીર્વાદ આપો કે જેથી હું વધુ સેવા કરી શકું...'

જેમ વધુ સન્માન મળે તેમ તેઓમાં વધુ ને વધુ નમ્રતા જોવા મળતી. આ અલૌકિક દર્શન પામી સૌની અંતરવીણાએ આજે વધુ એક વાર સૂર રેલાવી દીધાં : *'ઘણું જીવો હો જીવન આધાર, નારાયણસ્વરૂપ તમે...'*[૧૭]

ભરૂચની ભૂખ ભાંગી

સુરતથી સ્વામીશ્રી તા. ૧૨/૧૨ની સવારે ભરૂચ પધાર્યા ત્યારે અહીં સરદાર પટેલ સોસાયટીમાં વૈદિક વાતાવરણ ખડું થઈ ગયેલું. પૌરાણિક કાળમાં આ ભૃગુકચ્છની ભૂમિ પર બલિ રાજાએ શતક્રતુ થઈને ઇન્દ્રાસન પર બેસવા માટે યજ્ઞ આદરેલો, પરંતુ આજના યજ્ઞમાં આવી કોઈ લૌકિક ઇચ્છાઓ નહોતી. અહીં મહાયાગ થઈ રહેલો ભગવાનને વધાવવા-પધરાવવા માટે. ભક્તોની આ નિષ્કામ ભક્તિથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી સમયસર યજ્ઞશાળામાં આવી પહોંચ્યા અને સૌને આશીર્વાદ પાઠવી કૃતાર્થ કર્યા.

બપોરે ચાર વાગ્યે લલ્લુભાઈ ચકલાથી નીકળેલી નગરયાત્રાએ તો આખા શહેરને ઘેલું લગાડી દીધું. શરણાઈઓના સૂર, નગારાંના નિનાદ, નયનાભિરામ મૂર્તિઓ, ભજનની રમઝટ, ફૂટતા ફટાકડા અને કલાત્મક રથમાં ૧૨ ફૂટ ઊંચે શોભતા સ્વામીશ્રી સહિતની શોભાએ બે ઘડી તો નર્મદાનાં નીરને પણ થંભાવી દીધાં ! અનેક તીર્થોની માળાને પોતાના કંઠમાં પહેરીને યુગોથી વહેતી રેવાના કાંઠે આજે માળાના મેર સમાન તીર્થ સર્જાયું હતું. તેમાં તા. ૧૩/૧૨ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થઈ ગયા.[૧૮]

---

૧૭. સુરતમાં થયેલી મૂર્તિપ્રતિષ્ઠા અને સ્વામીશ્રીની ૫૫મી જન્મજયંતીના આ અવસરને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

૧૮. ભરૂચ મુકામે સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાયેલા આ પ્રતિષ્ઠા-ઉત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

આ પ્રતિષ્ઠા-ઉત્સવ બાદ અઢી વાગ્યે ઠાકોરજી જમાડી સ્વામીશ્રી દહેજ થઈને કરજણ પધાર્યા.

અત્રે બીજે દિવસે એકાદશી હોવાથી ભોજનમાં રજા હતી, પણ પધરામણીમાં નહીં. આ દિવસે સવારે સ્વામીશ્રીએ ૫૦ પધરામણીઓ કરીને બપોરે પોણા બે વાગ્યે કંડારી હાઈસ્કૂલમાં સભા કરી. ત્યારબાદ વડોદરા, નાર, તારાપુર થઈને લીંબાસી પહોંચ્યા ત્યારે એકાદશીના નિર્જળા ઉપવાસમાં તેઓ ૭ ગામોમાં વિચરણ કરી ચૂકેલા!

ભાવે નહીં હરિભક્તિ વિના

તા. ૧૫/૧૨ની સવારે પારણાં બાદ લીંબાસીમાં ૫૦ પધરામણીઓ કરતાં સ્વામીશ્રી સાયલા થઈને હાડેવા પધાર્યા. અહીં તા. ૧૬/૧૨ની સવારે ૨૫ પધરામણીઓ દ્વારા સૌને લાભ આપી, રાયના પરાંને પાવન કરતાં ત્રાજ પહોંચ્યા. અત્રે ત્રીસ પધરામણીઓ કરી માતર આવ્યા. અત્રે ૬૫ પધરામણીઓ કરી સોખડા, ખેડા, હરિયાળા થઈને તા. ૧૮/૧૨ની બપોરે ડુંગરીટીંબા લાટમાં પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજની રમણ રેતી સમાન આ ગામમાં ગુરુનાં ગુણગાન ગાતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે "શાસ્ત્રીજી મહારાજને સત્સંગીની સાથે આત્મીયતા. તેમના વ્યવહારની ખબર રાખે. બીજા તો જ્ઞાન કરીને હાલ્યા જાય. અત્રે એક બાવળિયો હતો. તેની શૂળ શાસ્ત્રીજી મહારાજને વાગી તે જોડો વીંધીને પગમાં વાગી ને લોહી ખૂબ નીકળ્યું. શાસ્ત્રીજી મહારાજ કહે, 'આ ભૂમિ પર સત્પુરુષનું લોહી પડ્યું છે. માટે આ જમીન સોનાની થઈ જશે.' એક વાર ગામના દરબારો સાથે ઝઘડાને લઈને આ જમીન કાઢી નાખવાનો પ્રસંગ આવ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે 'ના' પાડી ને આજે આ જમીનમાં સોનું પાકે છે."

સૌને આવી ગુરુસ્મૃતિમાં ગુલતાન કરતાં સ્વામીશ્રી સભા બાદ ગોવિંદભાઈને ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. તે વખતે સામે રસોડામાં એક સંત કેળાં સુધારી રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું કરો છો?'

'આપના માટે કેળાં સુધારી રહ્યો છું.'

'હવે આપના માટે રહેવા દો. ઠાકોરજી પોઢી ગયા છે. હવે આ ન જમાય.' આમ કહેતાં સ્વામીશ્રીએ ગતિવિધિ પર રોક લગાવી દીધી.

ઠાકોરજીને ધરાવ્યા વિનાનું પંચામૃત પણ તેઓને પંક સમાન.

આ રીતે વિચરતાં તેઓ ડુંગરીટીંબા લાટથી ઈશ્વરપરા, કોઠિયાપરા, ડામરી લાટ, શાંતિપરા, ચાંદણા થઈને રઢુ પધાર્યા. અહીં નડિયાદના એક કાર્યકર સત્સંગ પરીક્ષાનાં પ્રમાણપત્રો પ્રસાદીભૂત કરાવવાં માટે લઈ આવ્યા. આ વિગત સ્વામીશ્રીને જણાવતાં તેઓએ તે પ્રમાણપત્રો ધર્યાં. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'ઠાકોરજીને ધરાવો.' એમ કહી તે સર્ટિફિકેટ પહેલાં ઠાકોરજી આગળ મુકાવ્યાં. પછી જ તે પર પોતે હાથ મૂક્યો.

અવિરત ભક્તિરત રહેતા સ્વામીશ્રીની ભક્તિ નવા ભક્તિયોગને જન્મ આપે તેવી છે.

આ શબ્દો બદલવા

રઢુથી સ્વામીશ્રી ધોળકા, પુરુષોત્તમપુરા, નાયકા, શ્રીજીપુરા, ચિત્રાસર, મહીજડા, વસઈ, પીરાણા, નાજ, નવાગામ, સમાદરા, ભાલિયાપરા, સાંખેજ થઈને તા. ૨૫/૧૨ની સવારે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં 'અક્ષર-પુરુષોત્તમ સંસ્કૃત પાઠશાળા' અને 'અક્ષર-પુરુષોત્તમ સ્કૂલ ઑફ ફિલોસૉફી'નું વિધિવત્ ઉદ્ઘાટન કરી સ્વામીશ્રી નેનપુર પધાર્યા ત્યારે બપોરના સવા વાગ્યાનો સમય થઈ ચૂકેલો. છતાં નગરયાત્રા માટેનો સૌનો ઉત્સાહ સવાયો હતો. સ્વામીશ્રીએ તે તૂટવા ન દીધો.

સામૈયા બાદ ગામના ચોરે સભા યોજાઈ. તેમાં દેવેન્દ્ર નામનો એક યુવાન કીર્તનો લલકારવા લાગ્યો. પોતે જ રચેલા તેના ભજનમાં સ્વામીશ્રીની પ્રશસ્તિ હતી, પરંતુ તેમાં અજાણતાં અતિરેક થઈ જતાં 'ધામના ધામી' એવો શબ્દ સ્વામીશ્રી માટે ગવાયો. આ સાંભળતાં જ સ્વામીશ્રી એ ભજન તરત અટકાવી તે યુવાનને કહેવા લાગ્યા: 'આ આપણો સિદ્ધાંત નથી. ધામના ધામી તો એક સહજાનંદ સ્વામી જ છે. બીજો કોઈ ન કહેવાય. તેમાં તેમનો અપરાધ થાય. માટે આ શબ્દો બદલવા.'

એક જ ફૂલમાંથી બે પ્રકારની ફોરમ પ્રસરે એવું હજી બન્યું નથી; પણ સ્વામીશ્રીના આ શબ્દ-સુમનમાંથી સિદ્ધાંતની સુગંધ અને દાસત્વભક્તિની મહેક એક સાથે પ્રસરી રહ્યાં.

તેથી સુરભિત વાતાવરણમાં જ આશીર્વાદનું અમૃત રેલાવ્યા બાદ સ્વામીશ્રીએ રોચેસ્ટર(અમેરિકા)થી આવેલા શામળ સુથારને ઊભા કરી સૌને કહ્યું: 'આ છોકરો અમેરિકા રહે છે. છતાં ધર્મ-નિયમ ચુસ્તપણે પાળે છે. અમે

ગયા ત્યારે જાતે ચોખ્ખા લાડવા ને રોટલીઓ કરીને જમાડેલા. તેને ત્યાં સ્વિમિંગ પૂલમાં નાહેલા.'

ગત વર્ષે નવ મહિનાના ભરચક વિદેશ-વિચરણ દરમ્યાન સ્વામીશ્રી આ યુવાનના ઘેર માંડ પાંચેક કલાક રોકાયેલા. તેનેય સવા વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયેલો. છતાં એ યુવાનની વિશેષતાઓ સ્વામીશ્રીએ કહી દેખાડી! તેઓનાં આ કદર-આદર અને સ્મૃતિ-સ્નેહ યુવાન કેવી રીતે ભૂલી શકે?!

આવું રોજ થાય છે?

નેનપુરમાં સાંજના ત્રણેક કલાકમાં જ સ્વામીશ્રીએ પચાસેક પધરામણીઓ કરી. આ કાર્યક્રમમાં અમદાવાદથી આવેલા એક વડીલ સંત પણ સાથે જોડાયેલા. પરંતુ ગરુડની ગતિએ માખી કેવી રીતે તાલ મિલાવી શકે? તેથી તેઓ તો પધરામણીઓ પૂરી થઈ ત્યાં સુધીમાં થાકીને લોથ થઈ ગયા. જ્યારે ઉતારે આવ્યા ત્યારે બોલી ઊઠ્યા: 'આવું રોજ થાય છે?!'

એ સંતના આ ઉદ્‌ગારમાંથી સ્વામીશ્રીનો પરિચય રોકડો થતો હતો. વર્ષો સુધી રોજબરોજ તેઓએ વેઠેલો ભીડો વર્ષો સુધી અજોડ રહે તેવો છે.

તેનું એક દર્શન કરાવતાં સ્વામીશ્રી તા. ૨૬/૧૨ની સવારે નેનપુરથી મહેળાવ થઈને નડિયાદ જવા નીકળ્યા. આજે શરદીને કારણે તેઓનું ગળું બેસી ગયેલું. છતાં આ બીમારીનો બોજ અનુભવ્યા વિના રસ્તામાં તેઓએ વાત કરી: 'પહેલાં અમને શિખવાડતા કે નડિયાદ ગામની નવ ભાગોળ ને નવ તળાવ. એક એક ભાગોળે નવ નવ વડ. એક એક વડને નવ નવ ડાળી. એક એક ડાળે નવ નવ શીકાં. એક એક શીકે નવ નવ શેર ઘી. બોલો જોઈએ, કેટલું ઘી થયું?'

તેઓના આ ઉખાણાથી મોટરમાં આનંદ પ્રસરી ગયો. સ્વામીશ્રી સાથેની મુસાફરી કદીયે ગંભીર-ગમગીન ન રહેતી. તેઓ સાથે હોય ત્યારે હાસ્ય અને હળવાશના ચીલે-ચીલે જ પંથ કપાતો.

માહિતી અને મમતા

નડિયાદમાં એક બીમાર ભક્તને આશીર્વાદ અને સત્સંગ મંડળને દર્શન આપી સ્વામીશ્રી સાંજે સવા સાત વાગ્યે ડેમોલ પધાર્યા. અહીં તા. ૨૭/૧૨ની સવારમાં જ ગામવાસીઓએ ૧૦૧ પધરામણીઓનો ચાંદલો તેઓના ભાલે

ચોડી દીધો.

સ્વામીશ્રીએ ફટકારેલી પધરામણીની આ સદીમાં રમણભાઈનું ઘર આવ્યું. આ યજમાન ઠાકોરજીનું પૂજન કરીને સામે બેઠા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: '૧૯૬૦માં અમે અરૂશા તમારે ત્યાં આવ્યા હતા.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી એ યજમાન તો ઊભા જ થઈ ગયા. તેઓને થયું કે 'પંદર વર્ષના અંતરાલમાં સ્વામીશ્રી કેટલાં ગામ-ઘર ઘૂમી વળ્યા હશે! તેમાં હજારો લોકો તેઓને મળ્યા હશે! છતાં પંદર વર્ષ પહેલાંની ઊડતી મુલાકાતને સ્થળ-સમય સાથે સચોટ રીતે કહી દેનાર આ સ્વામી મગજ ધરાવે છે કે કૉમ્પ્યુટર ?!'

સ્વામીશ્રીની યાદશક્તિ જોઈને ઘણાને આવા વિચાર આવી જતા. જો કે, તેઓના મગજ અને કૉમ્પ્યુટરમાં ફર્ક એટલો રહેતો કે કૉમ્પ્યુટર માહિતી આપે, મમતા નહીં. સ્વામીશ્રી પાસેથી બંને મળતું.

મોટાનાં તળિયાં નો' મલ્યા હો જી

ડેમોલથી પેટલી થઈને મલાતજ પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૮/૧૨ની સવારે એકધારી ૧૧૪ પધરામણીઓ કરી – એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવા છતાં!

પરંતુ આ તો નિર્જળા ઉપવાસના પૂર્વાર્ધની જ વાત થઈ. આ દિવસે તેઓએ ખેડેલાં ગામ હવે ગણતાં જ જાઓ...

મલાતજથી તેઓ ડભોઉ પધાર્યા. અહીં બાઈ-ભાઈનાં મંદિરોમાં દર્શન કરી, સત્સંગ મંડળને આશીર્વાદ આપી આગળ વધ્યા. બીજું ગામ પૂરું થયું.

ડભોઉથી બપોરે એક વાગ્યે સ્વામીશ્રી સોજિત્રા પહોંચ્યા. અહીં એક જ પધરામણી હતી. પરંતુ ત્યાં આખું ગામ ભેગું થયેલું! તેથી સૌને આશીર્વાદ પાઠવી વિદાય થયા ત્યારે ત્રીજા ગામની ઇતિશ્રી થઈ.

સોજિત્રાથી સ્વામીશ્રી પેટલાદ પહોંચ્યા.

અહીં પેટની પીડાથી પીલાતા મુંબઈનિવાસી એક હરિભક્તને ડૉક્ટરે કહી દીધેલું: 'તમારું સ્વાદુપિંડ બગડી ગયું છે.' આ અંગ ઠપ થતાં જ જીવન પણ અટકી જવાનું હતું. આ સમાચાર તેઓનાં સ્નેહી-સ્વજનોએ રડતાં રડતાં સ્વામીશ્રીને સંભળાવેલા. તેથી જ તેઓ પેટલાદ દોડી આવેલા.

બીમાર ભક્તને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જાઓ, સારું

થઈ જશે ને મુંબઈ તમારી રસોઈ જમીશું !'

આમ, એક ભક્તના જીવતરની દોરી લંબાવી સ્વામીશ્રીએ વિચરણનો દોર આગળ ચલાવ્યો. આજનું આ ચોથું ગામ ચોપડે ચઢ્યું.

પેટલાદથી તેઓ બોચાસણ આવી પહોંચ્યા. અહીં *'અણચિંતવે આવી ગયા, અતિ અચાનક અલબેલ'* જેવો ઘાટ ઘડાયેલો. ગામમાં કોઈને ખ્યાલ નહોતો કે 'સ્વામીશ્રી પધારવાના છે.' પરંતુ આગમનની જાણ કરતી 'રેકર્ડ' વગાડવામાં આવતાં ગામવાસીઓ ભેળા થઈ ગયા. તે સૌને મળ્યા પછી અહીં બપોરે ઠાકોરજીનાં ઉત્થાપન-દર્શન કરી સ્વામીશ્રીએ વિદાય લીધી. આજનું આ પાંચમું ગામ પૂર્ણ થયું.

બોચાસણથી તેઓ વડોદરા પધાર્યા ત્યારે છઠ્ઠા ગામની છડી પોકારાઈ ગઈ. અહીં રસ્તાને અડીને આવેલા એક હરિભક્તના ઘેર યુવક મંડળ એકત્રિત થયેલું. તેઓને દર્શન-આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રી આગળ વધ્યા.

વડોદરાથી નીકળેલા તેઓ સાંજે પોણા છ વાગ્યે ભરૂચ પહોંચ્યા. અહીં સૌ સવા ચાર કલાકથી રાહ જોતાં ઊભા હતા! તે સંદર્ભમાં મંદિરે દર્શન કરી સભામાં બેસતાં સ્વામીશ્રી બોલ્યા: 'આજે ખરેખરી એકાદશી થઈ.' જો કે આ વિધાન હરિભક્તો કરતાંય સ્વામીશ્રીને જ વધારે લાગુ પડતું હતું, કારણ કે સૌને આશીર્વાદ આપી તેઓએ વિદાય લીધી ત્યારે આજનું આ સાતમું ગામ સમાપ્ત થયું.

ભરૂચથી સ્વામીશ્રી અંકલેશ્વર પધાર્યા. અહીં સૌ તેઓ આવવાના હતા તે સડક પર આંખો ઢાળીને છેલ્લા ત્રણ કલાકથી ઊભેલા. સ્વામીશ્રી આવતાં જ સૌએ સ્વાગત કરી પારેખ ફળિયામાં આવેલા દાદુપંથી મંદિરમાં સભા ભરી. ત્યારબાદ સ્વામીશ્રી રામકુંડ પધાર્યા. અહીં એકત્રિત થયેલા મુમુક્ષુઓને પણ સદ્‌બોધ આપી આગળ પ્રસ્થાન કર્યું. આ સાથે આઠમું ગામ પૂરું થયું.

અંકલેશ્વરથી તેઓ કીમ આવી પહોંચ્યા. અહીં સૌને કથાવાર્તાનો લાભ આપી સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે આજના નિર્જળા ઉપવાસમાં તેઓ પાંચ સત્સંગ-સભાઓ, નવ ગામ અને ૧૨૦ પધરામણીઓ કરી ચૂકેલા! તેઓની ક્ષમતાનું તળિયું તપાસવાનું ગજું કોઈ પાસેથી નહીં મળે!

આપ પ્રતાપે પાર ઉતાર્યા

તા. ૨૯/૧૨થી સ્વામીશ્રીએ દક્ષિણ ગુજરાતનાં ગામોમાં વિચરણનો

કાર્યક્રમ ગોઠવેલો. તે મુજબ તેઓ કીમથી વિચરણની વાટ પકડી પ્રથમ કિમાવલી પધાર્યા. અહીં રણછોડજીના મંદિરમાં સભાલાભ આપી પુનઃ કીમ આવી ગયા. અત્રે સ્વામીશ્રીએ અત્યાર સુધી ખેડેલા નવ દેશોના નામથી અંકિત ચક્રો પર રથનું કલામંડિત આસન તૈયાર કરવામાં આવેલું. તેને કાષ્ઠ-નિર્મિત આકર્ષક અશ્વો પણ જોડવામાં આવેલા. તે રથમાં આરૂઢ થઈને સ્વામીશ્રીએ સત્સંગનો રથ દશોદિશમાં ફેરવવાની વાત કરતાં કહ્યું:

"ભગવાન ભજવામાં કોઈ ખોટ છે જ નહીં. આપણે જેટલો સત્સંગ કરાવીશું તેટલો આપણને લાભ મળશે જ. કોઈ ન હોય તો થાંભલાને વાત કરવી, જે જીવ-જંતુ સાંભળશે તેનુંયે કલ્યાણ થશે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે એવો આગ્રહ રાખ્યો તો સત્સંગ પ્રવર્ત્યો. વ્યવહાર-માર્ગ કાંઈ કઠણ નથી. નાના છોકરાંને પૂછીએ: 'સાધુ થવું છે?' તો 'ના' કહેશે. પણ પૂછીએ: 'પરણવું છે?' તો 'હા.' આ કોણે શિખવાડ્યું? આ સંસ્કારો અનાદિથી પડેલા છે. દરેકને બોલાવીને રવિવારની સભામાં લાવવા."

સત્સંગ-પ્રચારની આ હાકલ મારી સ્વયં એ માર્ગે ચાલી નીકળેલા સ્વામીશ્રી કીમથી પાનસરા થઈને નાની નરોલી પધાર્યા. આ ગામમાં મંદિર માટે લીધેલી ભૂમિ પર જ સભા કરી તડકેશ્વર પહોંચ્યા. આ ગામનું એક ફળિયું આખેઆખું દારૂમાં ડૂબેલું હતું. સ્વામીશ્રીએ ખૂબ ઉપદેશ આપી તે સૌને વર્તમાન ધરાવી કંઠીઓ પહેરાવી.

ત્યારબાદ ઈલાવ, વડોલી, ઉમરાછી, પારોદ, કઠોર, ખોલવડ, કામરેજ, શામપુરા, દીગસ, ઓરણા, સેવણી, સેગવા થઈને તા. ૩૧/૧૨ની રાત્રે આઠ વાગ્યે વિહાણ આવી પહોંચ્યા.

અહીં વાળુ-ચળું કરી સ્વામીશ્રી ૫૦-૧૦૦ની સંખ્યામાં એકત્રિત થયેલા મુમુક્ષુઓને કથા-વાર્તા કરવા બિરાજ્યા. જે રાત્રે મોટા ભાગની દુનિયા ભાતભાતની રીતે નવા વર્ષના પ્રારંભની ઉજવણીમાં ડૂબેલી, ત્યારે સ્વામીશ્રી 'ડૂબેલાં'ને બહાર કાઢવાનું કાર્ય કરવામાં પરોવાયા. દુનિયાને નવા વર્ષમાં રસ હતો, સ્વામીશ્રીને નવા ઉત્કર્ષમાં રસ હતો. દુનિયાનું કામ એક દિવસ પૂરતું હતું, સ્વામીશ્રીનું કામ કાયમી હતું.

તેઓનું આવું કામ છેલ્લા ૩૬૫ દિવસથી સતત જોતી આવેલી સન ૧૯૭૫ આજે વિદાયવેળાએ સ્વામીશ્રીનાં ચરણે ઢળતાં ગાઈ ઊઠી:

'એમ અનેકને જો ઉદ્ધાર્યા, આપ પ્રતાપે પાર ઉતાર્યા...'

અમૃતધારા ૯



આવા બ્રહ્મ સૃષ્ટિમાં ન ભાળ્યા

સન ૧૯૭૬

સર્વ પ્રથમ કામ ! સર્વ પ્રથમ નામ !

સ્વામીશ્રી માટે સન ૧૯૭૬ના નવા વર્ષનું વહાણું વાયું – વિહાણમાં. તા. ૧/૧/'૭૬ની સવારે દુનિયા હજી સૂતી હતી ત્યારે અહીં જાગી ગયેલા તેઓ લોકોને 'જગાડવા' નીકળી પડ્યા. આ ક્રમમાં ખરવાસા, બારડોલી, ઉમરાખ, મોતા અને વરાડને પાવન કરતાં સ્વામીશ્રી સાંજે સવા પાંચ વાગ્યે ખોજ ગામે આવી પહોંચ્યા.

અહીં રહેતા એક હરિભક્ત ઢોર બાંધવા માટે નવી ગમાણ બનાવવાના હતા. તેનું ખાતમુહૂર્ત કરવા તેઓએ સ્વામીશ્રીને બોલાવેલા ! ગામડાંમાં રહેતી નાની વ્યક્તિના આવા નાના કામથી નવા વર્ષની શરૂઆત કરનારા સ્વામીશ્રી કેટલા મહાન હતા ! તેઓ જ્યાં ઝાકઝમાળ હોય ત્યાં નહીં, પણ જ્યાં જરૂર હોય ત્યાં પહોંચતા.

સ્વામીશ્રીએ ખૂબ પ્રેમથી આ ગમાણનું ખાતમુહૂર્ત કર્યું ત્યારે તે પશુવાસના પાયામાં સિક્કા-સોપારી કે નાળિયેર-નાગરવેલનાં પાન નહીં, પણ સ્વામીશ્રીની આત્મીયતા અને નિર્માનિતા ધરબાયા. દુનિયામાં કોઈ પણ ધર્મ-ધુરંધર દ્વારા ગમાણના ખાતમુહૂર્તનો કદાચ આ સર્વ પ્રથમ દાખલો હશે ! સર્વ

પ્રથમ કામ કરનારા સ્વામીશ્રીનું નામ પણ સર્વ પ્રથમ રહે તેમાં શું નવાઈ!!

જેમાં અશુભ ગુણ નહીં એક

ખોજમાં મોજ આપી સ્વામીશ્રી રાયમ પધાર્યા. અહીં એક હરિભક્ત પોતે ખરીદેલા નવા બળદને ગાલ્લે જોડી લઈ આવેલા. સ્વામીશ્રીએ આ બળદનું પૂજન તો કરવાનું જ હતું, પણ આ 'નવા વાહન'માં બેસીને જ પધરામણી માટે પણ જવાનું હતું!

સ્વામીશ્રીનો 'લાભ' લેવો તો 'પૂરેપૂરો' – એવી નેમ સૌની રહેતી. તેથી ટ્રક, ટેમ્પો, ટ્રેક્ટર જેવાં વાહનોનાં પૂજન કરાવીને નહીં, પણ તેમાં બેસાડીને સૌ સ્વામીશ્રીને મુસાફરી કરાવતા ત્યારે જ તેઓને સંતોષ થતો. આ હરોળમાં આજે બળદો પણ ઉમેરાયા.

બળદને ચાંદલા કરી સ્વામીશ્રી ગામના છેડે વસેલા નહીં, પરંતુ સમાજના છેડે વસેલા હળપતિવાસમાં પધરામણીઓ કરવા પહોંચ્યા. સમાજની પંગતના આ છેલ્લા માણસોને તેઓ વર્ષના પહેલા દિવસે મળ્યા! તેઓની પધરામણીથી સૌ હળપતિઓનાં મુખ ખીલી ઊઠ્યાં! તેઓએ આખો વાસ તોરણોથી શણગાર્યો હતો.

સૌનો આ ભાવ સ્વીકારી સ્વામીશ્રી સભામાં બિરાજ્યા. તે વખતે તેઓએ એક આગેવાન હળપતિને પોતાની પાસે બોલાવી કહ્યું : 'ધનજીભાઈ! અમારે આવતાં મોડું થઈ ગયું છે તો તમે માફ કરશો.'

આ સાંભળી એ હળપતિ તો સ્તબ્ધ જ થઈ ગયો!! તેની ઓછી સમજ પણ એટલું તો જરૂર નક્કી કરી શકી કે વગર વાંકે, ભર સભામાં, મારા જેવા ગરીબ વ્યક્તિની માફી માંગનાર સ્વામીશ્રીનું વ્યક્તિત્વ *'એ સંત શાણા શુભગુણે, જેમાં અશુભ ગુણ નહીં એક...'* જેવું છે.

અક્ષર-પુરુષોત્તમના બળદિયા

હળપતિઓની સભામાં બિરાજેલા સ્વામીશ્રીને જ્ઞાતિના વડીલો વારાફરતી આવીને હારતોરા પહેરાવવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમારે એક-બે હાર લાવવા. ઝાઝો ખરચો હારમાં કરવો નહીં.'

તેઓને પોતાની વાહ... વાહ...ની નહીં, પણ હળપતિઓના વ્યવહારની દરકાર હતી.

આ ખેવના સાથે તે સૌને વસ્ત્ર-વિતરણ કરી સ્વામીશ્રી રાયમથી રાત્રે આઠ વાગ્યે અકોટી પહોંચ્યા ત્યારે આજના વિચરણમાં તેઓ દ્વારા ખેડાયેલું આ નવમું ગામ હતું. અચ્છો ખેલાડી મેદાનમાં આવતાંવેંત જંગી જુમલા ભણી અગ્રેસર થઈ જાય, તેમ વર્ષના પહેલા દિવસથી સ્વામીશ્રીએ આ વર્ષના તેઓના ઇરાદા સ્પષ્ટ કરી દીધા.

અકોટીમાં ઠાકોરજી જમાડીને તેઓ પરવાર્યા ત્યાં જ ભક્તોનું કે'ણ આવ્યું: 'બાપા! ફળિયામાં પધરામણીઓ ગોઠવી છે.'

તે સાંભળી તરત ઊભા થઈ ઘરોઘર ઘૂમવા નીકળી પડેલા સ્વામીશ્રી સાહજિકભાવે બોલ્યા: 'જેમ બળદને ડમણિયેથી હળે જૂતે અને હળેથી ડમણિયે જૂતે તેવું થયું!'

ધર્મની ધુરાને પોતાના મજબૂત ખભા પર ધરનારા સ્વામીશ્રી અક્ષર-પુરુષોત્તમના બળદિયા બનીને વિચરતા રહેલા. આ નવા વર્ષે તેઓના એ કાર્ય-ક્રમમાં કોઈ ફેરફાર નોંધાયો નહીં!

ભવિષ્યને ભેદનારી ભાષા

તા. ૨/૧ની સવારે અકોટીથી પલસોદ થઈને સાંકરી પધારેલા સ્વામીશ્રીએ અહીં યોજાયેલી રાત્રિસભામાં આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'આગ્રહ વગર કોઈ વાત બનતી નથી. પરમહંસો આગ્રહી હતા તો સત્સંગ કરાવ્યો. સંત સાચા છે, ભગવાન સાચા છે, જ્ઞાન સાચું છે. માટે કહ્યામાં કસર ન રાખવી. આગળના ભક્તોએ ઉપાધિમાં ભગવાન ભજ્યા છે. આપણે તો મંદિરમાં ગયા હોઈએ ને ગોદડું ન મળે કે ચાનો પ્યાલો ન મળે એટલામાં સત્સંગ મૂકી દઈએ. આ સાંકરી મોટું ધામ થઈ જશે. મોટાં સત્સંગ-મંડળો થશે ને ધામધૂમ થશે.'

સ્વામીશ્રીના મુખે ઉચ્ચારાયેલાં છેલ્લાં વાક્યો ભવિષ્યના ધુમ્મસને ભેદીને ફૂટ્યાં હતાં. આજે ૧૯૬x૧૩૬x૬૫ ફૂટનું પરિમાણ ધરાવતું સાંકરીનું મંદિર તથા ૨,૨૭,૬૪૦ ચોરસ ફૂટનું મંદિર-પરિસર અને આ મંદિર પર ફરફરતી ધર્મધજાની છત્રછાયામાં વિસ્તરેલાં ૫૦ હરિમંદિરો, ૫૬૦ સત્સંગ-મંડળો, ૩૧૫ બાળ-યુવા મંડળો[૧૯] સ્વામીશ્રી ઓછામાં ઓછા ચાર દસકા પહેલાં જોઈ શકતા હતા. તેઓ ભવિષ્યના ખોલનારા હતા અને

---

૧૯. આ આંકડા સન ૨૦૧૮ સુધીના છે.

ઘડનારા પણ.

સાંકરીના વિકાસની આ ભવ્ય આગાહી કરીને સ્વામીશ્રી ભામૈયા, હરિપુરા, ઓરગામ, ભટલાવને લાભ આપતાં તા. ૩/૧ની સાંજે કડોદ પધાર્યા.

અહીં હરિભક્તોએ બજારમાં જ જાહેર-સભા ગોઠવેલી. તેમાં સ્વામીશ્રીને બિરાજમાન થવા માટે ચારેક પાટો ગોઠવીને કલાત્મક આસન તૈયાર કરેલું. પણ નિયત સમયે સભામાં આવી પહોંચેલા સ્વામીશ્રી પોતાના આ આસન બાબતે સાશંક બન્યા. તેઓની બેઠક જે મંચ પર હતી તે ચારે તરફથી ખુલ્લો હતો. આ વ્યવસ્થામાં કોઈ પણ બાજુથી મહિલા મંચ સુધી આવી જાય અને ધર્મભંગ થાય તેવી શક્યતા તેઓને દેખાઈ. તેથી સ્વામીશ્રીએ બાજુમાં આવેલા એક ઘરના ઓટલે પોતાનું આસન ફેરવાવ્યું. આ વ્યવસ્થા તાત્કાલિક કરવાની થઈ હોવાથી સ્વામીશ્રીના આસનની આસપાસ કોઈ સજાવટ થઈ શકી નહીં. કેવળ ઓછાડ બિછાવેલા એક ગાદલા પર સ્વામીશ્રી બિરાજ્યા અને જાહેર-સભા શરૂ થઈ.

આ ધર્માસન પર બેસીને તેઓએ વાત કરી કે 'કેવળ ખાવું, પીવું ને મોજ કરવી એ પશુજીવન છે. આપણે ક્યાં રાજ મૂકવાનું છે? પણ થોડો સમય ભજન-ભક્તિમાં કાઢીએ તો રાજ મૂકવા જેવું જ છે.'

સ્વામીશ્રીના ઉપદેશોમાં ધર્મનો મર્મ ખૂબ વ્યવહારુ રીતે પ્રગટ થતો. તેથી તેના પાલન બાબતે ગામડિયાનેય ગૂંચવાડો રહેતો નહીં.

આવા સંત પહેલી જ વાર પધારે છે

કડોદથી નીકળેલા સ્વામીશ્રી સીંગોદ, બામણી અને મઢી થઈને તા. ૪/૧ના રોજ વેડછીના સ્વરાજ આશ્રમને પાવન કરતાં, દેગામાના રાનીપરજ વિસ્તાર કોંકણવાડમાં પધાર્યા.

અહીં તેઓની હાજરીએ સૌમાં ઘણો સદ્ભાવ જગાવ્યો. તે જોઈ આ વિસ્તારના એક પંકાયેલા સમાજસેવકે તો ખુલ્લેઆમ કહી દીધું: 'આ વિસ્તારમાં ત્રણ જણાની અવરજવર. વાણિયા આવે તે વેપાર કરવા. પારસી આવે તે દારૂનો વેપાર કરવા અને અમલદાર આવે તે મરઘાં ખાવાં ને દબડાવવા. પણ આવા સંત તો અહીં પહેલી જ વાર પધારે છે!'

આમ, જંગલમાં મંગલ કરી સ્વામીશ્રી બપોરે બે વાગ્યે જઈ પહોંચ્યા – સ્યાદલામાં. અહીં તો લોકો ખાવા-પીવાનું વિસારી પાંચ કલાકથી તેઓનાં

દર્શન માટે તપશ્ચર્યા કરી રહેલા. તેઓ પર આશીર્વાદનું અમૃત છાંટી સ્વામીશ્રી માણેકપોર, બાલદા, સાદડી, ભરસાડા, ઘાટા થઈને ધામોદલા પધાર્યા.

અત્રે આદિવાસી ફળિયામાં એક ભાવિકે તેઓની બોરડીએ બાઝેલાં બોર સ્વામીશ્રીને જમવા સારુ રાખ્યાં હતાં. આ ભાવ તેઓના ખોરડે જઈ સ્વામીશ્રીએ સ્વીકાર્યો ત્યારે પોતાના આંગણે આવેલા આ 'રામ'ને જોઈ એ ભક્તની આંખો ભીની થઈ ગઈ. તેને પણ પેલા સમાજસેવક જેવી જ અનુભૂતિ થઈ રહી કે 'આવા સંત પહેલી જ વાર પધારે છે.'

*'સબ સે ઊંચી પ્રેમ-સગાઈ'*ને સાર્થક કરતાં સ્વામીશ્રી અહીંથી લોટરવા થઈને વ્યારા પધાર્યા. અત્રે રંગે-ઉમંગે ભવ્ય નગરયાત્રા નીકળી. 'ગા ભેગી વાછડી'ની જેમ નગરયાત્રા પછી સભા પણ શાનદાર થઈ.

દુર્લભ દર્શન સંતનાં

વ્યારાથી સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે કપૂરા પધાર્યા ત્યારે અહીં ગામના ચોકમાં યોજાયેલી જાહેર-સભામાં સૌ ભક્તો તડકામાં બેઠેલા. તેને નિમિત્ત બનાવી પ્રાપ્તિનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અનંત જન્મ આપણે તાપમાં તપ્યા છીએ ત્યારે આ જોગ થયો છે.'

'દુર્લભ દર્શન સંતનાં'નો આ મર્મ સમજાવી તેઓ સોનગઢ થઈ ઉકાઈ પધાર્યા. અહીં નજીકના ભવિષ્યમાં જ થર્મલ પાવર-સ્ટેશન શરૂ થવાનું હોવાથી તેના વડા ઇજનેરે તા. ૭/૧ની સવારે સ્વામીશ્રીની પધરામણી નિર્માણાધીન સ્થાન પર કરાવી. સ્વામીશ્રીએ ત્યાં શ્રીફળ વધેરીને સફળતાના શ્રીગણેશ કરી આપ્યા.

સમાજ-ઉત્કર્ષના એક કાર્યને વેગ આપીને તેઓ સોનગઢ, વલવાડા, ખારા બુટવાડા, ગુણસવેલ, કરચેલિયા, બામણિયા થઈને ઝેરવાવરા પધાર્યા.

અત્રે એક હરિભક્તે કૂવા પર કરાવેલા બોરમાં વર્ષ પહેલાંથી પાણીનો ધૂધવો છૂટી ચૂકેલો. છતાં 'સ્વામીશ્રી પોતાના કૂવે પધારે પછી જ તે પાણી પીવું' એવી વણલખી પ્રતિજ્ઞા સાથે તેઓએ તે જળ ઉપયોગમાં લીધું નહોતું. આ હરિભક્તનું 'પણ' રાખવા સ્વામીશ્રી તેઓના કૂવે પહોંચ્યા અને જળને ઠાકોરજી દ્વારા પ્રસાદીભૂત કર્યું.

આમ, કૂવાથી પાવર સ્ટેશન સુધીના પ્રારંભમાં સૌ સ્વામીશ્રીનાં પગલાં પડે એમ ઇચ્છતા. તેઓનાં ચરણ, વિચરણ અને આચરણને જોઈને સૌનાં હૈયે

વિશ્વાસ જાગી ગયેલો કે *'આવા સંત સંસારમાં, પછી જોતાં પણ જડશે નહીં...'*

ઝેરવાવરામાં અમૃતધારા વહેતી કરી સ્વામીશ્રીએ સુપા કુરેલમાં પગલાં પાડ્યાં. તેઓનું અહીં આ પ્રથમ વારનું જ આગમન હોવાથી સૌને પોતાના ઘેર પધરામણી કરાવવાનો ઉમંગ હતો. તેથી તા. ૮/૧ની સવારે આ ગામમાં પણ 'સંતસરિતા' ઘરોઘર વહેવા લાગી. તેમાં કેટલાયનાં વ્યસનો તણાયાં. કેટલાંય ઘરોમાં સત્સંગનો કાંપ પથરાયો. કેટલાયનાં તાપ-તરસ શમ્યાં.

એક છાલકમાં તો આખા ગામને હરિયાળું કરી, સ્વામીશ્રી વચ્છરવાડ, દંડેશ્વર, મોટી ચોવીસી, આરક, વેશ્માને પાવન કરતાં રાત્રે નવ વાગ્યે નવસારી પધાર્યા. અહીં ઘાંચીની વાડીમાં નિવાસ કર્યો.

Very nice ! (ખૂબ સરસ)

નવસારીમાં એક દિવસ રોકાઈને સ્વામીશ્રી અમલસાડ, દેવધાવાડીને પાવન કરતાં ડુંગરી પધાર્યા.

અહીં તા. ૧૧/૧ની સવારે નૂતન મંદિરનું ભૂમિપૂજન કરી, ધરાસણા, લીલાપોર અને વલસાડને લાભ આપતાં સાંજે કોસંબા ભાગડા આવી પહોંચ્યા. અત્રે તા. ૧૨/૧ની સવારે ૬૫ પધરામણીઓ બાદ ગુંદલાવ, બોદલાઈ, ધરમપુર, વાંકલ, ખજુરડી, પાલણ અને બિલિમોરા થઈ દોણજા પધાર્યા.

આ ગામમાં તા. ૧૪/૧ની સવારે સભામાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે આ મંદિરનો પુનરુદ્ધાર કરવો છે. માટે ખરડો કરો.' અહીં શાસ્ત્રીજી મહારાજના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીએ બંધાવેલા મંદિરના જીર્ણોદ્ધાર માટે તેઓએ આમ ટહેલ નાંખી મંદિરને જીવતદાન આપી દીધું.

મંદિરમાં પ્રાણ ફૂંક્યા બાદ સ્વામીશ્રી એક હળપતિના કૂવાનું ખાતમુહૂર્ત કરીને કુકેરી, વાંદરવેલાને નિજસાંનિધ્યનું સુખ આપતાં સારવણી પધાર્યા.

અહીં ૫,૫૫૫ ગલગોટાના હારથી તેઓનું સ્વાગત થયું. ત્યારબાદ ગામમાં શરૂ થયેલા સાર્વજનિક યુવક મંડળના પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન કરી, તેઓ સાંજે જરી ગામે આવી પહોંચ્યા. અત્રે માધ્યમિક શાળામાં વિદ્યાર્થીસભા સંબોધી સ્વામીશ્રી તા. ૧૫/૧ની સાંજે સાત વાગ્યે વઘઈ પધાર્યા.

આ ગામમાં વિશાળ સુશોભિત મંડપ તળે જાહેર-સભા ગોઠવેલી. તેમાં સ્વામીશ્રીને બેસવાનું આસન નાનું હતું અને તે ઉપર ગોઠવેલો તકિયો પણ નાનો હતો. તે જોતાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'Very nice.'(ખૂબ સરસ.)

જેટલાં સન્માન ઓછાં અને સુવિધાઓ સાદી, તેટલા તેઓ વધુ હરખાતા.

ભગવાન સ્વામિનારાયણ કહે છે: '...સારી પથારી હોય અથવા કોઈક માન દે ઈત્યાદિક જે જે સારા પદાર્થનો યોગ થાય ત્યારે તેમાં તેનું મન મૂંઝાય પણ તેમાં કોઈ રીતે આનંદ પામે જ નહીં; ત્યારે તેને એમ જાણીએ જે, એને વિષયને વિષે અભાવ છે.'[૨૦] સ્વામીશ્રીની આ very nice સ્થિતિ હતી, very nice સિદ્ધિ હતી.

સેવા-માર્ગના પ્રવાસી

વઘઈમાં જંગલ ખાતાના વિશ્રામગૃહમાં રાત્રિરોકાણ કરીને સ્વામીશ્રી સ્યાદલા, વાંકાનેર, દસ્તાન, કોસમાડા, વિહાણ અને બારડોલીને લાભ આપતાં તા. ૧૭/૧ની બપોરે અઢી વાગ્યે ખાનદેશ તરફ જવા નીકળ્યા. અહીં આવવાની ઈચ્છા તેઓએ સ્વયં કરેલી એ આ પ્રદેશ અને તેમાં વસતા સત્સંગીઓનાં સદ્ભાગ્ય!

સ્વામીશ્રી સહિત ૧૪ સંતો-પાર્ષદો અને ૬ હરિભક્તોએ એક મીની બસ તથા એક મોટરમાં આ પ્રયાણ આદર્યું. માર્ગમાં વ્યારા અને સોનગઢના ભક્તોને લાભ આપી સ્વામીશ્રી નંદુરબાર ભણી ગતિ કરી રહેલા. તેમાં વચ્ચે એક જગ્યાએ વિશ્રામ માટે વાહનો ઊભા રહ્યાં. તે વખતે સૌ સંતો-ભક્તો પોતપોતાની ક્રિયામાં વ્યસ્ત હતા ત્યારે મોટર પર ઊડેલો કાદવ સ્વામીશ્રીની નજરે ચડ્યો. તે જોઈ કોઈનેય ચીંધ્યા વગર તેઓ સ્વયં કાગળ લઈને તે કાદવને સાફ કરવા મંડી પડ્યા!

સ્વામીશ્રી પદથી પ્રમુખ હતા, પણ મનથી સેવક હતા. તેથી જ તેઓના જીવનમાં *'પામી ઊંચો અધિકાર આમ, કેમ થાય કદી નીચું કામ'*નું વલણ ક્યારેય જોવા ન મળતું.

સદા સેવા-માર્ગના પ્રવાસી રહેલા તેઓ સાંજે ૬:૫૫ વાગ્યે ખાનદેશના પ્રથમ મુકામ નંદુરબાર પધાર્યા.

ગુરુપદે બિરાજ્યા બાદ તેઓની ખાનદેશમાં આ પ્રથમ પધરામણી હોવાથી સ્થાનિક હરિભક્તોએ ભાવભીનું સ્વાગત કર્યું. રાત્રે લોકમાન્ય તિલક હાઉસિંગ સોસાયટીના હૉલમાં સભા પણ યોજી.

તા. ૧૮/૧ની સવારે નગરમાં જ વીસેક પધરામણીઓ કરી સ્વામીશ્રી

---

૨૦. વચનામૃત લોયા પ્રકરણ ૧૭.

કોળદાને લાભ આપતાં સાંજે સવા સાત વાગ્યે શહાદા પહોંચ્યા. અત્રે રાત્રે મરાઠી શાળાના વિશાળ પટાંગણમાં ધર્મલાભ આપી તેઓ તા. ૧૯/૧ના દિવસે શહાદાથી પશ્ચિમ નિમાડના ખેતિયા ગામમાં પધાર્યા. અહીંથી પુનઃ શહાદા આવેલા સ્વામીશ્રી દોંડાઈચેં જવા નીકળવાની તૈયારીમાં હતા ત્યારે સ્થાનિક સત્સંગી શ્રી અંબાલાલભાઈ તેઓને મકાનની અગાશી પર લઈ ગયા. ત્યાંથી તેઓએ નગરને પાણી પૂરું પાડતી ટાંકી બતાવી કહ્યું: 'સ્વામી! આ ટાંકી પર દૃષ્ટિ કરો કે તેનું પાણી જે પીવે તે સત્સંગી થાય.'

સ્વામીશ્રીએ તેઓના કહેવાથી ટાંકીને દૃષ્ટિ-પ્રસાદીભૂત કરી વિદાય લીધી. તેઓએ કરેલી એ દૃષ્ટિના પ્રતાપે સમયાંતરે શહાદામાં સત્સંગનો ઘણો વિકાસ થયો અને મંદિર પણ નિર્માણ પામ્યું. ભક્તની નિષ્ઠા અને સંતનું સામર્થ્ય કેવો અલૌકિક રંગ લાવે છે!

વટવૃક્ષના બીજનું વાવેતર

દોંડાઈચેંથી સ્વામીશ્રી સોનગીર પધાર્યા ત્યારથી ખાનદેશના વિચરણનું ખરું પોત ખૂલતું હતું. અહીં સૌ સ્વામીશ્રીને વધાવવા માટે નાના-અણિયાળાં શિંગડાં ધરાવતા મહારાષ્ટ્રિયન બળદોથી વહન થતાં સુશોભિત ગાડાંઓ, મોટી ભૂંગળો, બૅન્ડ-વાજાં, હારતોરા વગેરે સાથે સજ્જ હતા. આ ભક્તન કી ભીડે સ્વામીશ્રીને પ્રેમપૂર્વક ગામમાં પધરાવ્યા. રાધા-કૃષ્ણના મંદિર આગળ નગર-યાત્રા વિરમી. બીજા દિવસે સ્વામીશ્રીએ આ મંદિરમાં જ પ્રાતઃપૂજા કરી વીસેક પધરામણીઓ દ્વારા નવી પેઢીમાં સત્સંગની દૃઢતા સીંચી.

આ પધરામણીઓ દરમ્યાન એક ઘેરથી બીજે ઘેર જતાં તેઓ પુરાણી સ્મૃતિઓનો પ્રસાદ પણ વહેંચતા રહેતા. તેમાં એક વાર જણાવ્યું કે 'અહીં અમે ૧૯૫૨-૫૩માં આવેલા. વિઠ્ઠલ લકડૂને ઘેર ઊતરેલા. રાત્રે એક ઝીણો દીવો બળે ને બે-ચાર જણ બેઠા હોય. પહેલાં પ્રેમવતીદાસ વરસોવરસ આવતા. તેઓએ ધર્માદાનું સાત-આઠ વરસનું ગામવાર ને નામવાર લિસ્ટ કરેલું. તે પ્રમાણે અમે સવારથી ઘર ગોતીએ. અહીં સુખલાલની વાડી છે ત્યાં ન્હાવા જતા.'

આમ, સોનગીરને લાભ આપી સ્વામીશ્રીએ ધનુરને ધન્ય કરતાં તા. ૨૦/૧ની સાંજે સાડા છ વાગ્યે ધુલિયાની ધરતી પાવન કરી.

અહીં ત્રણ દિવસ સુધી અગ્રસેન નગરમાં ખરેખરો બ્રહ્મયજ્ઞ થઈ રહ્યો. તેમાં એક વાર મર્મની વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'આપણે એમ ન

સમજવું કે ક્યાં આ સંત આવી પડ્યા ને દોડાદોડ કરવી પડે છે. આપણાં મોટાં ભાગ્ય કે સંત મળ્યા! સંતની સેવા કરવી. સેવા શું? જેવા છે તેવા ઓળખવા અને બીજાને ઓળખાવવા. સાગરને તરવા નાવ, નાવિક અને યોગ્ય પવન જોઈએ. ભવસાગર તરવાનું પણ આવું જ છે. આપણને નાવરૂપી શ્રેષ્ઠ મનુષ્યનો જન્મ મળ્યો છે. ભગવાને બધું સાનુકૂળ કર્યું છે, માટે વાયુ અનુકૂળ છે. નાવિકરૂપે સત્પુરુષ મળ્યા છે. તે જ્ઞાન આપે છે, તેથી શાંતિ થાય છે.'

આ રીતે અનેકની જીવનનૈયા પાર ઉતારનાર સદ્‌ગુરુ શુભ કર્ણધાર સ્વામીશ્રી તા. ૨૨/૧ની સવારે ધુલિયાથી વરખેડા પધાર્યા.

પાંજરા નદીના કિનારે વસેલા આ ગામમાં સ્વામીશ્રીની પધરામણી થતાં સૌના ઉત્સાહે માઝા મૂકી. ઘરોઘર સુંદર રંગોળીઓની શોભા, શેરીએ-શેરીએ ફરફરતા ધજા-પતાકા, ફટાફટ ફૂટતા ફટાકડા, કેળના સ્તંભ બાંધી શોભાયમાન કરેલું ગાડું, શણગારેલા બળદનાં શિંગડાં પર લીંબુ ખોસીને તેની ઉપર ઝગતી અગરબત્તીઓ વગેરે દ્વારા સ્વામીશ્રીનું વિશિષ્ટ સામૈયું થયું.

નગરયાત્રા દરમ્યાન ઘેર-ઘેરથી હરિભક્તો ચંદન, કંકુ, ચોખા, શ્રીફળ, દક્ષિણા, આરતી વગેરેથી પૂજન કરવાં આવતા. તેઓ શ્રીફળ ગાડાં ઉપર જ ફોડતાં જાય. નાનાં છોકરાંઓને સીધા સ્વામીશ્રીના ખોળામાં જ બેસાડે. સ્વામીશ્રી પણ સૌને પ્રેમથી મળે. આવી શોભાયાત્રા બાદ ગામમાં જાહેર-સભા અને ત્રીસેક પધરામણીઓ થઈ.

તા. ૨૩/૧ની સવારે પણ કેટલીક પધરામણીઓ બાદ ઉતારે બિરાજેલા સ્વામીશ્રીએ ધુલિયાથી આવેલા મહીપતભાઈ દવે વગેરેને વાત કરી કે 'ધુલિયામાં એક મંદિર અને હૉસ્ટેલ સાથે કરવાં, જેથી સત્સંગીઓનાં છોકરાં ભણે ને સત્સંગ સાચવે.'

સ્વામીશ્રીના આ શબ્દો દ્વારા ખાનદેશમાં ખીલનારા સત્સંગના વટવૃક્ષનું બીજ વવાઈ ગયું. પાતળી ધારા જેવા તત્કાલીન સત્સંગને તેઓ વિશાળ મહાનદના સ્વરૂપમાં જમાના કરતાં ઘણો વહેલો જોઈ શકેલા. સ્વામીશ્રીની વિશેષતા જ આ હતી કે માનવીને જે દાયકાઓ-સૈકાઓ પછી સૂઝે તે તેઓને ઝટ સૂઝી આવતું.

આવો, અમે તમારો ફોટો પાડીએ

વરખેડાને ખેડીને સ્વામીશ્રી તા. ૨૪/૧ની સવારે સાડા દસ વાગ્યે

જાપી પધાર્યા.

આ ગામ પણ સત્સંગના રંગથી રસબસ. તેથી ઢોલ-નગારાં વગાડતાં સૌ સ્વામીશ્રીને વિવિધ કાર્યકારિણી સોસાયટીના પાકા મકાનમાં રાખેલા ઉતારે લઈ આવ્યા. પણ સ્વામીશ્રી આ ધાબાબંધ મકાનમાં રોકાયા બહુ ઓછું. ઘરોઘર પધરામણી અને કથા-પ્રસંગોમાં જ તેઓનો ઝાઝો સમય વીત્યો. વળી, પાદરેથી વહેતી પાંજરા નદીમાં સ્નાનલીલાની સ્મૃતિ પણ સૌને આપી.

તા. ૨૪/૧ની સાંજે આ સરિતાને કાંઠે તેઓએ સ્મૃતિબિંદુઓ ઉડાડતાં કહ્યું કે "નાના અક્ષર સ્વામી અહીં શિયાળાની સવારે ન્હાવા આવ્યા હતા. તે તપસ્વી. લોટે લોટે ન્હાય ને બોલતા જાય: 'મહારાજ ન્હાઓ... સ્વામી ન્હાઓ...' એમ પરમહંસોનાં નામ બોલતા ગયા. તેમાં ઠંડી ચડી ગઈ! બધા ઉપાડીને મંદિરે લાવ્યા ને પછી ખૂબ તપાડ્યા ત્યારે માંડ માંડ સારા થયા. અહીં મંદિરમાં ભાયલીવાળા નીલકંઠ સ્વામી ધામમાં ગયા હતા ને આ નદી કિનારે તેમનો અગ્નિસંસ્કાર કર્યો હતો."

સરિત્સ્નાનની સાથે સૌને પોતાની પ્રેમસરવાણી સમી વાણીમાં તરબોળ કરતાં સ્વામીશ્રીએ રાત્રિસભામાં જણાવ્યું કે "કિંમતી દેહ ભગવાને આપ્યો તેને વ્યસનમાં કાઢી નાંખીએ તો કોઈ ફાયદો ન થાય. ઘણા કહે છે કે 'દારૂ, માંસ વગેરે ભગવાને બનાવ્યું છે, તો તે ખાવા-પીવામાં શું વાંધો?' તો ભગવાને ઝેર પણ બનાવ્યું છે તે કેમ ખાતા નથી? વિષ્ટા કેમ ખાતા નથી? તે પણ ભગવાને જ બનાવ્યું છે ને! સિંહ, સાપ પણ ભગવાને બનાવ્યા છે, છતાં તેની પાસે જઈને બેસતા નથી. તેમ વિષય, વ્યસન આપણને નષ્ટ કરવાવાળી વસ્તુ છે, તેનો ત્યાગ કરવો."

સ્વામીશ્રીના શબ્દોમાં તર્ક અને અર્ક, બંને રહેતા. તેથી તે આસ્તિક-નાસ્તિક સૌને ઢંઢોળતા. અહીં પણ તે સાંભળીને આશરે પચીસેક વ્યક્તિઓએ વ્યસનને 'રામ રામ' કહી દીધા. દોઢ દિવસથીયે ઓછા રોકાણમાં સ્વામીશ્રીએ સૌને એવી શુદ્ધિ-વૃદ્ધિ પમાડી દીધી કે જાપી તેઓના જ જાપ જપવા માંડ્યું!

જાપીથી તા. ૨૫/૧ની સાંજે સ્વામીશ્રી મોહાડી પધાર્યા.

સત્સંગના આકાશમાં સપ્તર્ષિની જેમ શોભતાં ખાનદેશનાં સાત ગામોમાં મોહાડી પણ મહત્ત્વનું. શાસ્ત્રીજી મહારાજની જયંતીઓની ધારાના ઉદ્‌ગમબિંદુ તરીકે સ્થાન પામનારા આ ગામમાં સત્સંગ જૂનો, પણ જીર્ણ નહીં. તેની પ્રતીતિ સૌને ત્યારે થઈ કે જ્યારે સ્વામીશ્રીના આગમનમાં નીકળેલી

નગરયાત્રામાં ગામનાં ૭૦-૭૫ વર્ષનાં વયસ્ક પુરુષ-મહિલાઓએ સતત બે કલાક સુધી, પરમહંસો રચિત મૂર્તિ-ઉપદેશનાં પદો, શાસ્ત્રીજી મહારાજનાં કીર્તનો ચોપડી-ચોપડા ખોલ્યાં વિના લલકાર્યાં !

અહીં તા. ૨૬/૧ની સવારે ભૂષણ મહાજનના ઘેર પધારેલા સ્વામીશ્રીના ફોટા જીવણલાલ નામના એક ભાવિક પાડી રહેલા. તેઓએ થોડી તસવીરો ખેંચી હશે ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આવો, હવે અમે તમારો ફોટો પાડીએ.' એમ કહી તેઓએ તે મુરબ્બીને વાતો કરી નિર્વ્યસની અને સત્સંગી બનાવી દીધા.

જીવને સત્સંગ-અભિમુખ કરવાની સ્વામીશ્રીની પદ્ધતિ તરેહ-તરેહની રહેતી. તેમાં હેત અને હેતુ શુદ્ધ હોવાથી તેની ધારી અસર થતી.

તેઓની આવી અનેક રીતોમાં એક હતી – સીમમાં પધરામણી. ભક્તોનાં ખોરડાં ઉપરાંત તેઓનાં ખેતરોમાં પણ સ્વામીશ્રી જતા. ત્યાં કૂવા-ધોરિયે સ્નાન કરતા. ચણા, મગફળી, શેરડી, મકાઈ વગેરે જે ઉપલબ્ધ હોય તેનો ઉત્સવ કરતા. તેમાં વાનગીની સાથે વહાલ પણ એવું ઉમેરતા કે તેઓએ જમાડેલાં એ કાચાં ધાનનો સ્વાદ બત્રીસ પાક ને છત્રીસ શાકને ભુલાવી દેતો. આ પ્રસંગે આવનારની દાઢમાં સત્સંગ વળગી જ જતો.

આ રીત અનુસાર મોહાડીમાં પણ તા. ૨૬/૧ની સાંજે તેઓ ધનરાજભાઈના ખેતરમાં જઈ પહોંચ્યા અને ધોરિયા ઉપર મૂકેલાં પાટિયાં પર બેસી સ્નાન કર્યું. ચણાનો ઓળો પણ સૌને જમાડ્યો. સમી સાંજના ઠંડા પહોરે, આથમતા સૂર્યની લાલિમાથી રંગાયેલા આકાશ તળે, ચોતરફ પથરાયેલી હરિયાળી વચ્ચે, ગામડાની નીરવ શાંતિમાં, ખળખળ કરતાં જળમાં ન્હાતા સ્વામીશ્રીની એ મૂર્તિ સૌનાં હૃદયમાં ચોંટી ગઈ. *'જે સુખ અગમ અજ ઈશને...'* તે આ ભોળા ભક્તો ભરપેટ માણી રહ્યાં.

અમલનેરને ચઢ્યો સ્વામીનો અમલ

મોહાડીથી તા. ૨૭/૧ની સવારે વિદાય લઈને સ્વામીશ્રી ગલવાડે પહોંચ્યા. આ ગામ પૂર્વ ખાનદેશનું અને તેના ગલવાડે ખુર્દ(નાનું) તથા બુદ્રુ(મોટું) એમ બે વિભાગ. આ બેય ભાગમાં સ્વામીશ્રીની નગરયાત્રા વિચરી.

બીજે દિવસે બપોરે બે વાગ્યે અહીંથી સૌની વિદાય લઈ અમલનેર જવા નીકળેલા સ્વામીશ્રીની મોટર વચ્ચે ફસાતાં તેઓએ જાતે જોરથી ધક્કો મારી તેને બહાર કાઢી નાંખી! ફસાયેલાને કાઢવા માટે તેઓનો એક ધબ્બો-

ધક્કો પૂરતો થઈ રહેતો.

આ રીતે અમલનેર પહોંચેલા સ્વામીશ્રી અત્રે રેલવેના પાટા પાસે બાંધેલા સભામંડપમાં જાહેર-સભા સંબોધી, નગરયાત્રાના સ્વરૂપે ગઢડાના નારણભાઈ સોનીના ઘેર જવા નીકળ્યા.

આ બિનસત્સંગી મહાજને ગોઠવેલા ભાગવત પારાયણમાં ગઢડાના વિદ્વાન શાસ્ત્રી લાભ આપતા હતા. તેથી પારાયણના મંડપમાં પધારેલા સ્વામીશ્રી આશીર્વાદ આપતાં બોલ્યા: 'પારાયણના યજમાન ગઢડાના, પારાયણ વાંચનારા પણ ગઢડાના અને અમે પણ ગઢડાના.'

તેઓની આ આત્મીયતા ગુણભાવી યજમાનના હૃદયને ભીનું કરી ગઈ. પુરાણીને તો આ શબ્દોમાં એવો પ્રેમ-પદારથ અનુભવાયો કે તેઓ સ્વામીશ્રીને ભેટી જ પડ્યા!

આશીર્વાદના અંતમાં સ્વામીશ્રી બોલ્યા: 'ચંદુભાઈ! બધાને કો' કે જમીને જાય.'

...પણ આ જાહેરાત કરતાં યજમાનના એ દીકરાની જીભ ઊપડી નહીં, કારણ કે તેઓએ તો પોતાનાં કુટુંબીઓ પૂરતી સો વ્યક્તિની રસોઈ તૈયાર કરેલી, જ્યારે પારાયણમાં તો ચારસો મનુષ્યો ઊમટેલા! તેઓએ આ મૂંઝવણ જણાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમે સૂચના આપી દો.'

આમ કહી તેઓએ સ્વયં રસોડામાં જઈ ઠાકોરજીની મૂર્તિ પધરાવી દીવો કરી આપ્યો અને પીરસવાની આજ્ઞા કરી. આ આશીર્વાદના પ્રતાપે ૫૦૦ વ્યક્તિઓ જમ્યા તોય દૂધપાકના તપેલાનું તળિયું દેખાયું નહીં! રસોઈયો તો આ દૃશ્ય ફાટી આંખે જોઈને બોલી ઊઠ્યો: 'हे तर साक्षात स्वामिनारायण भगवान आहेत। त्यांनी स्वतः समोरुन तुम्हास दर्शन दिले।' – 'આ તો સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન છે. તેમણે સામે ચાલીને તમને દર્શન દીધાં.'

આ દર્શનથી ઘણા ભાવિકોએ વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો.

આમ, માત્ર ચાર જ કલાકના રોકાણમાં સૌને ભગવાનનો અમલ ચડાવી સ્વામીશ્રી કુસુંબે જવા પ્રયાણ કરી ગયા. તેઓની એક પધરામણી પણ અતિ અસરકારક બની રહેતી.

અહીં આવ્યા ને ઓળખાણ તાજી થઈ

અમલનેરથી સાંજે સાત વાગ્યે કુસુંબે જતાં સ્વામીશ્રી સ્મૃતિપોથીનું એક

પાનું ઉઘાડતાં બોલ્યા: 'અમે ગલવાડેથી ગાડામાં બેસીને કુસુંબે આવ્યા હતા. વહેલી સવારે ગાડું જોડ્યું હતું. વચ્ચે તાપી નદી આવે. તેમાં તરાપામાં ગાડું બળદ સાથે પાર ઉતારેલું ને ઠેઠ સાંજે પહોંચ્યા હતા.'

આ સ્મૃતિ-સહેલ માણતાં સ્વામીશ્રી રાત્રે સવા આઠ વાગ્યે કુસુંબે પહોંચ્યા ત્યારે ગામના પાદરે ભક્તોએ ભાવભરપૂર સ્વાગત કર્યું. અનેર નદીના કિનારે વસેલા આ ગામની ભૂમિ કોતરાળી હોવાથી રસ્તા ઊંચા-નીચા. પણ તેમાંય સ્વામીશ્રી દોઢ કલાક સુધી શાંતિથી ગાડે બેઠા અને સૌનો ભક્તિભાવ સ્વીકાર્યો.

ત્યારબાદ રાત્રે પોણા દસ વાગ્યે તેઓ નગરયાત્રાના વિરામસ્થળ સમા અક્ષર-પુરુષોત્તમ મંદિરે આરતી ઉતારીને ગામના ચોકમાં યોજાયેલી જાહેર-સભામાં પધાર્યા ત્યારે ત્યાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. એ મોજાં પર સવાર થઈને જ સૌ પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'હરિને ભજતાં હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે... ભગવાનની ભક્તિ કરીએ તો ભગવાન વ્યવહાર સંભાળી લે છે.

એક મુસલમાન રાજાના અનાજ ખાતાના કારભારી દામાજીરાવ હતા. રાજ્યમાં દુકાળ પડ્યો એટલે દામાજીએ ધાન્યના કોઠાર ગરીબોને વહેંચી દીધા. શાહને ખબર પડી. તેથી તેમને જેલમાં પૂર્યા. દામાજી ભગવાનના ભક્ત હતા. પંઢરીનાથ એક મ્હારનું રૂપ લઈ શાહ પાસે આવ્યા અને તેની પાસે સોનામહોરોનો ઢગલો કરી દીધો ને દામાજીને છોડાવ્યા. મુસલમાન રાજાને પણ ભગવાનનું આ સ્વરૂપ ઓળખાઈ ગયું ને તે પણ ભક્ત બની ગયો.''

સ્વામીશ્રીના ઉપદેશોમાં ભગવત્‌શ્રદ્ધાનો સૂર સદા છેડાયેલો રહેતો. આ સૂર તેઓએ તા. ૨૯/૧ની સવારે ચાલીસ પધરામણીઓ દ્વારા ઘરોઘર ગુંજાવ્યો.

અહીંની પધરામણીઓમાં હરિભક્તો જુવારનો ધર્માદો પણ લખાવતા. તેની એક રમૂજભરી સ્મૃતિ કરતાં સ્વામીશ્રી કહેતા: ''અહીં બધા કહે કે 'દાદર લખાવો.' તે હું સમજ્યો કે 'દાદર મંદિર માટે કહે છે.' પણ પછી ખબર પડી કે દાદર એટલે જુવાર.''

આમ, હાસ્યના હલેસે પધરામણીઓ કરતાં તેઓ મણીભાઈના ઘેર પધાર્યા. પૂર્વ વિચરણમાં સ્વામીશ્રી અહીં આવેલા ત્યારે આ હરિભક્તને તેઓએ સ્વહસ્તે મુખપાઠ કરવા યોગ્ય કીર્તનોની યાદી એક ડાયરીમાં લખી આપેલી. તેઓને જોતાં જ આ પુરાણી સ્મૃતિ સ્વામીશ્રીએ સૌને કરાવી.

જો કે, આવું તો અહીં ગામોગામ બનતું. ત્રેવીસ વર્ષ પૂર્વે તેઓએ આ ખાનદેશમાં કરેલું વિચરણ સૌને તાજું જ હતું. તેથી આજે સાયંસભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજની કૃપાથી સત્સંગ ખૂબ વધ્યો છે. દિવસનાં ત્રણ-ચાર ગામ ફરીએ તોય ઓછું પડે છે. અહીં આવ્યા ને ઓળખાણ તાજી થઈ. બધાને મળાયું.'

'નારાયણો'ની મીટિંગ !

કુસુંબેથી ઘોડગાંવને પાવન કરતાં સાકોરે પધારેલા સ્વામીશ્રી તા. ૩૦/૧ની સવારે ત્રીસેક પધરામણીઓ કરીને શાલિગ્રામ પાટીલના ઘેર પહેલા માળે ઉતારામાં બિરાજમાન હતા. તે વખતે ત્રણ ભાવિકો દર્શને આવ્યા. તેઓ નવા-સવા જ હતા. તેથી સ્વામીશ્રીએ એ ત્રણેયને નામ પૂછ્યાં. ત્યારે એકે કહ્યું : 'નારાયણ પાટીલ.' બીજા બોલ્યા : 'નારાયણ વિઠ્ઠલ પાટીલ.' ત્રીજાએ જણાવ્યું : 'નારાયણ ભાઉ પાટીલ.'

આ સાંભળી મુક્ત હાસ્ય વેરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ ત્રણેય નારાયણ. અમારી સાથે આ છે તે નારાયણ ભગત. પેલા બીજા બેઠા એ નારાયણપ્રસાદ અને હું નારાયણસ્વરૂપ. આજે તો બધા નારાયણો ભેગા થયા છે તે મીટિંગ ભરશે ને પોતપોતાના બ્રહ્માંડની વાતો કરશે.'

આ નિર્દોષ રમૂજમાંથી ઝરતું સ્વામીશ્રીનું નિખાલસ વ્યક્તિત્વ પેલા ત્રણ મુમુક્ષુઓનાં દિલમાં વસી ગયું. પ્રથમ પરિચયમાં જ સ્વામીશ્રી તેઓને સ્વજનતુલ્ય જણાયા. તેઓએ તે જ ક્ષણે કંઠી ધારણ કરી સત્સંગ સ્વીકારી લીધો.

આમ, પોતાની પ્રત્યેક ક્રિયાથી જીવના કલ્યાણનો હેતુ સિદ્ધ કરતાં સ્વામીશ્રી તા. ૩૦/૧ની સાંજે જ ધરણગાંવ થઈને જલગાંવ આવી પહોંચ્યા.

અહીં રાત્રિ-રોકાણ કરીને તેઓ તા. ૩૧/૧ના રોજ પાચોરા થઈને માલેગાંવ પધાર્યા. આ ગામના સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી સાંજે પોણા પાંચ વાગ્યે મનમાડ પહોંચ્યા. અત્રે સ્વાગતમાં તૈયાર ઊભેલા હરિભક્તોની ભાવપૂર્તિ કરવામાં સવા કલાક વીતી ગયો. ત્યારબાદ પુનઃ યાત્રા આગળ ધપાવતાં સ્વામીશ્રી રાત્રે પોણા બાર વાગ્યે મુંબઈ આવી પહોંચ્યા.

આવે શામળિયો સામેથી દોડી

મુંબઈમાં તા. ૨/૨ના રોજ 'અક્ષર-પુરુષોત્તમ સ્કૂલ ઑફ ફિલોસોફી'નો

પ્રારંભ કરાવી સ્વામીશ્રી ડિલક્સ ટ્રેન દ્વારા તા. ૩/૨ની સાંજે વડોદરા ઊતર્યા. અહીં સરદાર નગરમાં પધરામણી કરીને તેઓ વડોદ તરફ જઈ રહેલા. તે વખતે પૂરપાટ ગતિએ દોડતી મોટરમાં બેઠાં બેઠાં પણ તેઓ રસ્તા પરથી પસાર થઈ રહેલા મ્વાન્ઝાના એક યુવાનને ઓળખી ગયા. તેને જોઈ સ્વામીશ્રીએ મોટર થંભાવી અને 'એય નરેન્દ્ર!' એમ સાદ કરતાં એ યુવાનને બોલાવ્યો.

સરેઆમ રસ્તા પર પોતાના નામની બૂમ સાંભળી એ યુવાને અવાજની દિશામાં મોં ફેરવ્યું તો સ્વામીશ્રીનાં દર્શન થયાં. તેથી ચોંકી જતાં તે સીધો ધસી ગયો સ્વામીશ્રી પાસે. તે નજીક આવતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'ક્યારનો આયો છે?'

'બે મહિનાથી.'

'તો હજી સુધી કેમ મળ્યો નહીં?'

સ્વામીશ્રીની આ હેતાળ પૂછપરછથી એ યુવાન દ્રવિત થઈ ઊઠતાં બોલ્યો: 'બાપા ! ભૂલ થઈ ગઈ.'

જીવનના રસ્તે પોતાની મસ્તીમાં ચાલ્યા જતા આવા તો કૈંક યુવાનો પાસે સ્વામીશ્રી સામે ચાલીને પહોંચ્યા હતા. તેઓને ભલામણ કરવી પડે એમ જ નહોતી કે *'બિસર ન જાજો મેરે મીત...'* તેઓની રીત તો હતી – *'આવે શામળિયો સામેથી દોડી...'*ની.

બીજું મંદિર માની કામ કરજો

તા. ૫/૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અટલાદરા મુકામે વસંત પંચમીનો સમૈયો ધામધૂમથી ઊજવાયો. આ અવસરે 'શિક્ષાપત્રી'ના સાર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે 'શિક્ષાપત્રી જ્ઞાનયજ્ઞ પારાયણ' પણ યોજાયું. તેમાં ઉપસ્થિત ૧૫૦ યજમાનોને સ્વામીશ્રીએ નાડાછડી બાંધી ! આ દરેક યજમાનને 'શિક્ષાપત્રી' આપવામાં આવી હતી. મુખ્ય પુરાણી ગ્રંથનો ઉચ્ચ સ્વરે પાઠ કરે ત્યારે અન્ય સૌ યજમાનો સાથે સાથે જ માનસિક પાઠ કરતા જતા.

એક કલાકમાં આ વિશિષ્ટ પારાયણની પૂર્ણાહુતિ થતાં ઉત્સવ-સભાનો પ્રારંભ થયો. સભાની સમાપ્તિ બાદ વ્યક્તિગત દર્શન-પૂજનના કાર્યક્રમથી સ્વામીશ્રી પરવાર્યા ત્યારે બપોરના બે વાગી ચૂકેલા. તે પછી ભોજન લઈ તેઓ બપોરે અઢી વાગ્યે એક હરિભક્તના નવા મકાનનું ખાતમુહૂર્ત કરવા પહોંચ્યા.

અહીં મકાનના નિર્માણમાં પોતાની શક્તિ-સૂઝ વાપરનારા કારીગરો-

કાર્યવાહકો પણ હાજર હતા. તેમાં જે મિસ્ત્રી હતા તેઓએ આપણા મંદિરનાં કામકાજમાં પોતાની સેવાઓ આપેલી. તેથી સ્વામીશ્રીને તેમનો પરિચય. તે નાતે તેઓએ એ મિસ્ત્રીને આશીર્વાદ આપતાં ભલામણ કરી કે 'જેમ મંદિરનું કામ કર્યું તેમ આ બીજું મંદિર માની કામ કરજો.'

હરિભક્તના મકાનને પણ મંદિરનો દરજ્જો આપનારા સ્વામીશ્રીને મન ભક્ત પણ ભગવાનની મૂર્તિ સમાન જ હશે ને !

તેઓની આ મહિમાદૃષ્ટિને સૌ વિચારી રહ્યા અને સ્વામીશ્રીએ જંબુસર જવા વિદાય લઈ લીધી.

આ પંથમાં સંકુચિતતા નથી

જંબુસરના ઢોળાવ ફળિયામાં સત્સંગીઓના સહકારથી તૈયાર થયેલા મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી નગરયાત્રાના મયૂરાકાર રથમાં સ્વામીશ્રી બિરાજ્યા તે સાથે જ સૌનાં મનમયૂર ગહેંકી રહ્યાં. પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ પણ અન્ય રથમાં શોભી રહેલી. મહિલાઓએ મસ્તક પર ધારેલા કળશોને સંધ્યા સમયનાં સૂર્યકિરણોએ વધુ તામ્રવર્ણા બનાવી મૂક્યા. ભાવ અને ભક્તિનાં ચક્રો પર ચાલતો નગરયાત્રાનો આ રથ કાળા ભાગોળે સભાના સ્વરૂપમાં ફેરવાઈ ગયો.

આ સભામાં પાલેજના નામાંકિત વેપારી હાજી અહમદ વલીભાઈ શેઠે સ્વામીશ્રીની મુક્તકંઠે પ્રશંસા કરતાં કહ્યું કે 'મેં પ્રમુખસ્વામીને ગાદી ઉપર આવ્યા પહેલાં પણ જોયા છે. હોદ્દા પર આવ્યા પછી પણ જોયા. તેમાં મને યોગીજી મહારાજની શિકલ દેખાય છે. જેમ કૂવા પર પાણી ભરવા ગયેલી ઔરત પાણી ખેંચવામાં પણ ધ્યાન રાખે છે અને પોતે પડી ન જાય તેનોય ખ્યાલ રાખે છે. તેમ પ્રમુખસ્વામી મહારાજની સૂરત સદા ખુદામાં રહે છે. આ મહાન ઓલિયાની મહેફિલમાં બેસવા જેવો બીજો કોઈ લાભ નથી. તેમને કોઈ ભેદભાવ નથી. આ પંથમાં સંકુચિતતા નથી. નહીંતર હું અહીં ઊભો ન હોત ! તેમણે સાબિત કરી દીધું છે કે આ માનવતાનો ધર્મ છે. તો હું પણ મારા પાલેજ ગામમાં મારી જમીનના બે પ્લૉટ અક્ષર-પુરુષોત્તમનું મંદિર કરવા ભેટ આપું છું. તે સિવાય બીજી જમીન જોઈએ તે પણ આપીશ.'

સ્વામીશ્રીના ખુદાઈ નૂરમાં હાજી સાહેબ ખરેખરા ખેંચાઈ ગયા.

આવા અનેક ગુણીજનોની ઉપસ્થિતિમાં તા. ૬/૨ની સવારે સ્વામીશ્રીનાં

કરકમળો દ્વારા જંબુસરના મંદિરમાં ધામધૂમપૂર્વક અક્ષર-પુરુષોત્તમની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. ત્યારબાદ યોજાયેલી સભામાં, સ્વામીશ્રી પહેલાં બોલનારા વક્તાઓનાં પ્રવચનો એવાં લંબાયાં કે સ્વામીશ્રીનું પ્રવચન જ રદ કરવાની નોબત વાગી ગઈ! જો કે, સ્વામીશ્રીને તો આ બાબતે કોઈ ધોખો જ નહોતો. બીજી ધાતુ જ્યાં કટાઈ જાય ત્યાં પોતાની કાંતિ અકબંધ જાળવી રાખવી એ જેમ સોનાની ખાસિયત છે, તેમ બીજો જ્યાં છંછેડાઈ જાય ત્યાં સ્થિર-ધીર રહેવું એ સ્વામીશ્રીની ખાસિયત હતી.

સંશય ભરમ સમૂળો કાપ્યો

જંબુસરમાં મંદિરની પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી વડુ, પાદરા, અટલાદરા, અમદાવાદ, બારેજા, પીપલાતા થઈને આણંદ પધાર્યા.

અહીં તા. ૮/૨ની સવારે તેઓ પ્રાતઃપૂજા કરી રહેલા ત્યાં જ જૂના સત્સંગી આર. કે. પટેલ આવી પહોંચ્યા. તેઓને મોકલનારા હતા – સ્વયં શાસ્ત્રીજી મહારાજ! ગઈ રાત્રે જ તેઓએ આ હરિભક્તને સ્વપ્નમાં દર્શન દઈ ઢંઢોળેલા કે 'મારા વખતમાં તો તું મને જમાડતો હતો. હવે હું કે યોગીજી મહારાજ નથી એટલે કોઈ નથી? તારે આંગણે મારા સાધુ આવશે તેને જમાડજે.' વળી, શાસ્ત્રીજી મહારાજ બોલેલા: 'તું વીસ કિલો તુવેર દાળ જ ધર્માદામાં કેમ આપે છે?'

આ દર્શનથી આર. કે. પટેલ સફાળા જાગી ગયેલા – બહારથી અને ભીતરથી પણ! તેથી સવારે સ્નાનાદિકથી પરવારી તેઓ પહોંચી ગયા સ્વામીશ્રી પાસે અને આજે સવારે તથા બપોરે પોતાને ઘેર ઠાકોરજી જમાડવાની અરજ ગુજારી. એમાં ગુમાવેલા લાભનો રંજ હતો અને ગુમાવેલી સેવાનું સાટું વાળી લેવાનો નિર્ધાર હતો.

સ્વામીશ્રીથી તો કશું અજાણ્યું નહોતું. તેઓ સંતમંડળ સાથે આ હરિભક્તના ઘેર પધાર્યા ત્યારે આ મુમુક્ષુએ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરતા હોય તેમ, ૨૦ કિલોને બદલે ૫૦૦ કિલો તુવેરદાળ સેવામાં નોંધાવી. તેઓનું રોમ રોમ ગાઈ રહ્યું: *'મહારસ મુજને રે હો આપ્યો, સંશય ભરમ સમૂળો કાપ્યો...'*

નવ પાડે વચનમાં ફેર

તા. ૮, ૯ ફેબ્રુઆરી દરમ્યાન તુવેર દાળના ખરડા માટે આણંદમાં જ

ઘરોઘર અને દુકાને-દુકાને વિચરી સ્વામીશ્રી અહીંથી અટલાદરા, બોચાસણને લાભ આપતાં તા. ૧૦/૨ની સાંજે રૂંદેલ પધાર્યા. અત્રે ચાર દિવસથી ચાલતા 'શ્રીમદ્ભાગવત રહસ્ય'ના પારાયણની પૂર્ણાહુતિ તા. ૧૧/૨ની સવારે થઈ ત્યારે ગજરાજ પર સ્વામીશ્રીની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી. તેઓની સાથે ઠાકોરજી લઈને મહંત સ્વામી પણ બેઠા. ત્યારબાદ ચૂવા, બોચાસણ, પોરડા, પંડોળી થઈને સ્વામીશ્રી પુનઃ આણંદ પધાર્યા.

અહીં બાઈઓના મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે તા. ૧૨/૨ના રોજ યજ્ઞ અને નગરયાત્રા યોજાયાં. તેમાં પણ સુશોભિત ગજરાજ પર બિરાજેલા સ્વામીશ્રી અને મૂર્તિઓને વિમાનની પુષ્પવૃષ્ટિ વધાવતી રહી.

બીજા દિવસે પ્રતિષ્ઠા પહેલાં સ્વામીશ્રીનો અલ્પાહાર એક હરિભક્તના સંબંધીને ઘેર ગોઠવવામાં આવેલો. આ યજમાને ગાંઠિયા, ચેવડો, મઠિયાં વગેરે વાનગીઓ તૈયાર રાખેલી. પણ તે જોઈ સ્વામીશ્રીને શંકા થઈ કે 'આ બજારનાં તો નહીં હોય ને?' પૂછપરછ કરતાં સ્વામીશ્રીનું અનુમાન સાચું નીકળ્યું. આ નવા ગુણભાવી યજમાનને સાંપ્રદાયિક રીતિ-નીતિનો પૂરેપૂરો ખ્યાલ ન હોવાને કારણે ગફલત થઈ ગયેલી, પરંતુ 'નવ પાડે વચનમાં ફેર' અનુસાર વર્તનારા સ્વામીશ્રીએ ગોથું ખાધું નહીં.

આવા અણિશુદ્ધ સંતના વરદહસ્તે તા. ૧૩/૨ની સવારે આણંદના મહિલા-મંદિરમાં તથા સાંજે નિર્ગુણદાસ સ્વામીના સ્મૃતિસ્થાનમાં મૂર્તિપ્રતિષ્ઠાઓ સંપન્ન થઈ.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી

તા. ૧૩/૨ના રોજ આણંદમાં પ્રતિષ્ઠાવિધિઓ પૂર્ણ કરીને સ્વામીશ્રી પહોંચ્યા સંદેસરમાં આવેલા દેવીપૂજકોના વાસમાં.

અહીં તેઓના સ્વાગતમાં સુંદર મંડપ સજાવેલો. પોતાનાં ઘરમંદિરોમાં પણ દેવીપૂજક ભાઈઓએ શોભા કરેલી. સ્વામીશ્રી દસેક ખોરડાંઓમાં પધરામણીઓ કરીને સભામાં પધાર્યા. અત્રે તેઓને સૌએ હારતોરાથી સન્માન્યા. તે પછી સ્વામીશ્રીએ અમૃત વહાવ્યું કે "જુઓ, તમે ભક્ત થયા તો અમે સીધા તમારે ઘેર જ આવ્યા. આપણે વ્યસનો છોડવાં. હારનો ખર્ચો ન કરવો. મંડપ ન બાંધવો. 'આ મોટાપુરુષ છે ને તેમને મંડપ વિના નહીં ચાલે' એવું ન માનવું. અમે તો નીચે ધૂળમાં બેસીને પણ કથા કરીએ. તમે વ્યસનો

છોડો એ જ કરાવવાનું છે. ખેતરમાં બાવળિયા વાવીએ તો આંબા મળે? તેમ ખોટાં કામ કરીએ તો સુખ મળે? થોડું જ પણ સારું કર્યું હોય તો શાંતિ રહે.''

સ્વામીશ્રીના આ શબ્દો દેવીપૂજકો સાંભળી જ રહ્યા, કારણ કે તેમાંથી નરી લાગણી નીતરતી હતી, કોઈ માંગણી નહીં. સભાના અંતે સૌ પર આશીર્વાદનો અભયહસ્ત સ્થાપી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એ વાસનું વાતાવરણ 'સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી' સ્વામીશ્રી પર ઓવારી ગયું.

અહીંથી સ્વામીશ્રી એક વૈભવશાળી મુરબ્બીના આંગણે લખલૂટ ખર્ચે યોજાયેલા લગ્નપ્રસંગમાં આશીર્વાદ આપવા પધાર્યા. અત્રે દરેક સજાવટ અતિ આધુનિક અને આંજનારી હતી. છતાં સ્વામીશ્રીની મુખરેખા લેશ વંકાઈ નહીં. તેથી દેવીપૂજકોની વસાહતમાં સ્વામીશ્રીને વધાવતાં ગુંજેલા શબ્દો અહીં વૈભવી મહેલાતમાં પણ પડઘાઈ રહ્યા: *'સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી...'*

આવા સ્વામીશ્રીને યજમાન હરિભક્ત તેઓના સંબંધીઓનો પરિચય આપવા લાગ્યા. તે ક્રમમાં જોષીકૂવાના ગોકળભાઈની ઓળખાણ અપાઈ, ત્યાં જ સ્વામીશ્રીએ એ આગંતુકને પૂછ્યું: 'કમરના દુઃખાવામાં હવે કેમ છે?'

આ સાંભળતાં એ મુરબ્બી સ્વામીશ્રીની આત્મીયતામાં ઓગળી જ ગયા. પાંચ વર્ષ પહેલાં સ્વામીશ્રી જોષીકૂવા પધારેલા ત્યારે આ હરિભક્તની દુઃખતી કમરની વાત તેઓની જાણમાં આવેલી. તેના અનુસંધાનમાં આજે તેઓ ખબર-અંતર પૂછી રહેલા. એક-એક મહિને હજારોની સંખ્યામાં વ્યક્તિઓને મળતાં સ્વામીશ્રી કોઈ નોંધ ટપકાવ્યા વિના પણ આવી ઝીણી વિગતો કેવી રીતે યાદ રાખી શકે છે તેનો તાગ કોઈ કાઢી શક્યું નહોતું.

આરામને જ આરામ

સંદેસરથી નીકળેલા સ્વામીશ્રી નડિયાદ, અંજેસર, અટલાદરા, સલાડ, પલાસવાડા, મોભા રોડ, મોણગામ થઈને તા. ૧૬/૨ની રાત્રે પોણા આઠ વાગ્યે ગજેરા આવી પહોંચ્યા.

અહીં તેઓની વધામણી-પધરામણી નિમિત્તે બેન્ડ-વાજાંના ઉદ્‌ઘોષ અને ભજન-મંડળીઓની રમઝટ સાથે ભવ્ય શોભાયાત્રા શરૂ થઈ. નગરયાત્રા બાદ સભા પણ હકડેઠઠ રહી. રાત્રિના નવ વાગ્યાથી એક વાગ્યા સુધી એ જાહેર-સભા ચાલી, પણ કોઈ ટસનું મસ થયું નહીં.

પોતાની આ ભીડાભક્તિમાં બીજા દિવસની સવારે સ્વામીશ્રીએ વધુ

એક છોગું ઉમેરતાં ૧૫૮ પધરામણીઓ કરીને વિક્રમ સર્જી દીધો. પધરામણીઓના આ કાર્યક્રમમાં જ તેઓ ગામના નૂતન વિદ્યાલયમાં એક કલાક સુધી સભા કરી આવ્યા તથા નિર્માણાધીન હૉસ્પિટલની જગ્યામાં પગલાં પણ પાડી આવ્યા.

આમ, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સત્સંગને એકસાથે ઉત્તેજન આપતાં સ્વામીશ્રી બપોરે અઢી વાગ્યે ભોજન લઈ વાવલી, અણખી થઈને કરમાડ પધાર્યા.

અહીં તા. ૧૮/૨ની સવારે તેઓ પધરામણીઓ કરવા નીકળ્યા તે વખતે ગામનો દેવીપૂજક સોમો તેના બે દીકરાઓને પરણાવવા જાન જોડીને જઈ રહેલો. સ્વામીશ્રીને જોતાં જ તેના હૃદિયામાં *'અંતર આજ ઉમંગે ગાવે, પ્રમુખસ્વામીને વધાવે...'*નો ભાવ જાગ્રત થઈ ગયો. તેણે લગ્ન માટે લાવેલાં વાજાં પધરામણીઓમાં જોડી દેતાં થોડા સમય સુધી પધરામણીઓની સાથે સાથે વાજાં ગાજતાં રહ્યાં. સ્વામીશ્રીએ પણ એ ભાવિકના બે બાળ-વરરાજાઓને હાર પહેરાવી સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા !

જેમ સમુદ્રને જોતાં જ અવનવા તરંગો માનવીના રોમરોમમાં વ્યાપી જાય છે, તેમ સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી અનેરો આનંદ સૌ અનુભવવા લાગતા. તે વખતે પોતાની પાસે જે કંઈ પણ હોય તે તેઓનાં ચરણે ધરી દેવાનું મન થઈ આવતું.

આ રીતે ૬૦ પધરામણીઓ દ્વારા કરમાડનાં ભાગ્ય-કમાડ ઉઘાડીને વિદાય થયેલા સ્વામીશ્રી જંબુસર થઈને નોંધણા પધાર્યા. અહીં તેઓએ તા. ૧૯/૨ની સવારે એકધારી ૯૫ પધરામણીઓ કરીને આડો આંક વાળી દીધો. આટલી પધરામણીઓ બાદ શરીરને કાં તો આરામ જોઈએ કાં તો આહાર જોઈએ; પણ તે વખતે સ્વામીશ્રી સામે આવી – ગામની બી. બી. પટેલ હાઈસ્કૂલમાં યોજાયેલી જાહેર-સભા. સ્વામીશ્રીએ આરામને જ આરામ આપી દીધેલો. તેથી તે કદી તેઓના માર્ગમાં આડો ફરકી શકતો નહીં.

પોતાની આ કાયમી કર્મઠતા સાથે સ્વામીશ્રી અમનપુર અને ટુંડજને સુખ આપતાં સારોદ પધાર્યા. મહી અને સાગરના સંગમ પર વસેલા આ ગામની આહ્‌લાદક આબોહવા સ્વામીશ્રીની પધરામણી થતાં આધ્યાત્મિક પણ બની રહી. તેમાં સત્સંગની સરોદ ગુંજાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'વ્યવહારનું કામ વિચારીને કરવું પણ મોક્ષનું કામ તત્કાળ કરવું. જેમ આર્દ્રા(નક્ષત્ર)ની વાવણી વખતે બ્રાહ્મણને મૂરત પૂછવા જવાનું ન હોય. તે તો ભાદરવા સુદ

એકાદશીનું કાઢી આપે! તે વખતે તો અનાજ ઘેર લાવવાનું હોય! માટે આ વખતે વાવણી કરી જ દેવી જોઈએ. તેમ સત્સંગ તો તત્કાળ કરી જ લેવો. મૂરત ન જોવું.'

*'કરી લે કામ, રટ રામ ઉતાવળો'*ની આ હાકલ મારી સ્વામીશ્રી સારોદથી નહાર, સામોજ, ઉબેર, વડોદરા, ચોરંદા, કંથારિયા, સીમરી થઈને રણાપુર આવ્યા. અહીં તા. ૨૨/૨ની સવારે નર્મદા-સ્નાન બાદ તેઓએ ભીનાં વસ્ત્રે જ નૌકાવિહાર કર્યો. પણ સાથેના સંતો-ભક્તો વધી જતાં ડોલી ગયેલી હોડી એક બાજુ નમી ગઈ. તેમાં પાણી ભરાવા લાગ્યું. તેથી તેને કાંઠે લાવીને બધા ઊતરી પડ્યા.

હું નીચે બેસું છું

નર્મદા-સ્નાન બાદ સ્વામીશ્રી સીમરી, મેથી, કુરાલી, ધાવટ, નિણમ, ધમણાદ, અણોર, આમોદ, નાહિયેર, સમની, વાગરા, સાચણ, સલાદરા, ભેરસમ, જુનેદ, કેલોદ, ત્રાલસા, બોરી થઈને તા. ૨૫/૨ના રોજ વડદલા પધાર્યા.

અહીં પધરામણી દરમ્યાન તેઓ શાંતિભાઈના ઘેર પહોંચ્યા ત્યારે આ યજમાને સ્વામીશ્રીને બેસવા માટે એક ખુરશી લાવી રાખેલી. તે પર સ્વામીશ્રી બિરાજ્યા. પરંતુ આ વખતે જેઓના હાથમાં ઠાકોરજી હતા તે ત્યાગવલ્લભદાસ સ્વામીને સ્વામીશ્રીએ નીચે પાથરણાં પર બેઠેલા જોતાં જ તેઓએ સ્વયં ઊભા થઈ જતાં કહ્યું: 'ઠાકોરજીને ખુરશી પર બેસાડો. હું નીચે બેસું છું.'

તેઓની આ ભક્તિ જોઈ સૌ ઊભા થઈ ગયા. કો'ક શોધખોળ કરીને એક ટેબલ લઈ આવ્યું. તે પર ઠાકોરજીને પધરાવાયા બાદ જ સ્વામીશ્રી ખુરશી પર પુનઃ બિરાજ્યા.

ભક્તિના આસન પર સદા આસીન સ્વામીશ્રી અહીંથી હલદર આવી પહોંચ્યા. અત્રે ગામના પાદરેથી શરૂ થયેલી નગરયાત્રા દ્વારા તેઓ અંબાલાલભાઈના ઘેર પધાર્યા ત્યારે ત્યાં લંડનથી આવેલા કેટલાક યુવાનો દર્શને ઊભા હતા. તેઓ સાથે ઔપચારિક વાર્તાલાપ બાદ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આજે એકાદશી કરી છે?'

'ના, સ્વામી!'

યુવકોનો આ ઉત્તર સાંભળી સ્વામીશ્રીનો સૂર ઊંચો ગયો. તેઓ

બોલ્યા : ''આવી પોલ ન ચલાવવી. 'ચાલશે' એમ નહીં, પણ 'એકાદશીનો ઉપવાસ કર્યા વગર ચાલે જ નહીં' એમ રાખવું જોઈએ. 'ચાલશે... ચાલશે...'માં તો બીજું પણ પેસી જાય. માટે ખબરદાર રહેવું.'' આમ, ઉપવાસ કરવા વિષે સ્વામીશ્રીએ આગ્રહપૂર્વક વચનો કહ્યાં.

તેઓએ યુવાનોને 'નકામા છે' કહી ધુત્કાર્યા નહોતા, તો 'કામના છે' સમજી પંપાળ્યા પણ નહોતા.

લાલચ મેલી આ લોકસુખની

તા. ૨૬/૨ના રોજ પારણાં કરીને વિચરણમાં નીકળેલા સ્વામીશ્રી હલદર, કુવાદર, સીમલિયા, પાલેજ થઈને કવીઠા આવી પહોંચ્યા.

અહીં તા. ૨૭/૨ની સવારમાં બાવન પધરામણીઓ કરીને તેઓ ડભાલી જવા તૈયાર થયા. આ વખતે ગાડીની બ્રેક બગડી હોવાથી તે તો મરામત કરાવવા મોકલી આપેલી. તેથી ટ્રેક્ટર દ્વારા જવાનું આયોજન ગોઠવેલું. પણ નીકળવાના સમયે ખબર પડી કે 'તેમાં ડીઝલ નથી.' એટલે સ્વામીશ્રી ગાડાં દ્વારા ડભાલી જવા નીકળ્યા !

વર્ષે-દહાડે હજારો કિલોમીટરોનો પ્રવાસ ખેડનારા તેઓએ વાહનોની સુવિધા-અસુવિધા વિષે જીવનપર્યંત હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહોતો. તેઓએ કશુંય માંગ્યા વિના વધુમાં વધુ આપવાનો માર્ગ જ અપનાવેલો. *'લાલચ મેલી આ લોકસુખની, લીધી અલૌકિક વાટ...'* જેવા આ રસ્તે પડેલાં સ્વામીશ્રીનાં પગલાં કોઈ દબાવી શકે એમ નથી.

આ રીતે ડભાલીથી ભરથાણા, શાહપુરા થઈને સારીંગ પધારેલા સ્વામીશ્રી તા. ૨૮/૨ના રોજ મહાશિવરાત્રિ નિમિત્તે નીલકંઠેશ્વર મહાદેવના પૂજન માટે નીકળ્યા. તે વખતે સાથે ફરતી ભજન-મંડળીએ સીધી જ 'પ્રમુખસ્વામી મહારાજની જય' બોલાવી. આ સાંભળતાં જ સ્વામીશ્રીનું ત્રીજું નેત્ર ખૂલી ગયું. તેઓએ ઊંચા સ્વરે કહ્યું : 'પ્રથમ શ્રીજીમહારાજની જય બોલાવવી. ત્યારબાદ ગુરુપરંપરાની ક્રમાનુસાર બોલાવવી.'

ભક્તિના જળ ઉન્માદમાં આવી પ્રણાલીઓની પાળ તોડે તે સ્વામીશ્રીને લેશ પસંદ નહીં. તેથી આવો ઉછાળો આવે ત્યાં જ તેઓ તેને શમાવી દેતા.

આ ભક્તિભાવથી મહાદેવજીનું પૂજન કરીને સ્વામીશ્રીએ ગામમાં ૫૦ પધરામણીઓ કરી. ત્યારબાદ પાછિયાપુરાને પાવન કરતાં ઓઝ આવી

પહોંચ્યા. નર્મદાના કોતરોમાં વસેલા આ ગામમાં તેઓએ તા. ૨૯/૨ની સવારે રામેશ્વર મહાદેવનાં દર્શન બાદ ૩૫ પધરામણીઓ દ્વારા સત્સંગનાં બીજ વેર્યાં.

ત્યારબાદ અરજણપુરા થઈને નારેશ્વર પધાર્યા. અત્રે નર્મદાસ્નાનનો લાભ લઈ નદીની રેતી પર ઠાકોરજી પધરાવીને ત્યાં જ દંડવત કર્યા. તે પછી રંગ અવધૂતજીના આશ્રમ અને નારેશ્વર મહાદેવમાં દર્શન કરી, ફતેહપુરા થઈ રારોદને પાવન કર્યું.

યોગીજીનું સર્વસ્વ

રારોદમાં તા. ૧/૩ની સવારે ૬૦ પધરામણીઓ કરીને સ્વામીશ્રીએ પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળામાં સભાઓ પણ સંબોધી. ત્યારબાદ તેઓ આલમપુરા થઈને મોટી કોરલના પુનિત આશ્રમે પધાર્યા.

સંતશ્રી પુનિત મહારાજને યોગીજી મહારાજ વિષે ખૂબ આદર હોવાથી આ આશ્રમના સભામંડપમાં આપણી પરંપરાની મૂર્તિઓ પધરાવેલી અને શ્રીજીમહારાજથી સ્વામીશ્રી સુધીની 'જય' પણ રોજ બોલવાની પ્રણાલિકા સ્થાપેલી.

આવા ગુણાનુરાગી અહીંના કાર્યકરોએ સ્વામીશ્રીને આવકાર્યા અને તેઓમાંના એક શ્રી સલાડકરે સભામાં જણાવ્યું કે 'યોગીજી મહારાજનાં દર્શન મેં કરેલાં છે. તેમના જેવી આત્મીયતા હજી સુધી જોઈ નથી. તેઓ જે પ્રેમથી ધબ્બો મારતા તે ભુલાય તેમ નથી.' આટલું કહેતાં તો તેઓની આંખો ઊભરાઈ ગઈ. થોડી વારે સ્વસ્થતા પ્રાપ્ત કરતાં કહ્યું: "રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદ સ્વામી પર હાથ મૂકી કહેલું, 'મેં મારું સર્વસ્વ તને આપી દીધું છે. હવે મારી પાસે કાંઈ નથી.' તેવી રીતે યોગીરાજે પ્રમુખસ્વામીને પોતાનું સર્વસ્વ આપી દીધું છે. આજે યોગીજી મહારાજ અહીં સ્વયં આવ્યા છે."

સ્વામીશ્રીનું જીવન સંપ્રદાયેતર સજ્જનોને પણ યોગીજી મહારાજની ખોટ સાલવા દેતું નહોતું. તો સત્સંગીઓને તો ક્યાંથી કોઈ ઓટ અનુભવાય?

સૌને આ સુખદ અનુભૂતિ કરાવતાં સ્વામીશ્રી મોટી કોરલથી રોપા પધાર્યા ત્યારે અહીં સ્વાગતની સુંદર તૈયારીઓમાં, વિદ્યાનગરના છાત્રાલયમાં ભણતા યુવાનોનો ઉત્સાહ ઉમેરાતાં દસ બળદોની સુશોભિત ગાડીમાં વાજતે-ગાજતે નગરયાત્રા નીકળી. આ શોભાયાત્રા બાદ ઉત્સાહનાં મોજાં પર સવાર થયેલી સભા સમાપ્ત થતાં પણ ઘણું મોડું થયું. આવું લગભગ રોજ જ બનતું.

તેથી એક વાર અકળાયેલા સેવકે ઉતારે પહોંચી મીઠી અકળામણ વ્યક્ત કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'તમે રોજ રોજ મોડું કરો છો.' આ વાક્યમાં વેદના અને ખેવના, બંને હતા.

તે સાંભળી હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'કાઠાવાળું ઊંટ ભાર સાથે શાંતિથી ચાલે ને કાઠા વગરનું ગાંગર્યા કરે છે.'[૨૧] એમ ખૂબ રમૂજ કરી.

દિવસભરના દળી નાંખે એવા શારીરિક-માનસિક શ્રમ પછી પણ સ્વામીશ્રી જે હળવાશ અનુભવતા તે 'ગીતા'ના કર્મયોગને પ્રત્યક્ષ કરી આપતી.

આપણે ભૂલીએ પણ એ ન ભૂલે

તા. ૨/૩ના રોજ રોપાથી વિદાય લઈ સ્વામીશ્રી વડોદરા, અમદાવાદમાં લાભ આપતાં ઉનાવા પહોંચ્યા. અત્રે એક હરિભક્તે આઠ વર્ષથી કૂવો કરી ઓરતો સેવેલો કે 'યોગીજી મહારાજને પધરાવી આ કૂવાનું જળ પીવું.' પોતાની આ ટેક તેઓએ આજે સ્વામીશ્રી પધારતાં પૂરી કરી.

ગામોગામ સ્વામીશ્રીનાં દર્શન, પ્રસાદી, પગલાં વગેરે માટે લોકો આવી ટેક ધારીને વર્ષો લગી તેઓની પ્રતીક્ષા કરતા રહેતા. રામાવતારમાં આવી એક શબરી થયેલી. સ્વામીશ્રીના યુગમાં એવા ભક્તો સેંકડોની સંખ્યામાં હતા.

તેઓને રાજી કરવા ઉનાવાથી તા. ૩/૩ના રોજ નીકળેલા સ્વામીશ્રીના રાત્રિભોજનનો સમય મુસાફરી ખાઈ જવાની હોવાથી, રસ્તામાં આવતા બરવાળાના સરકારી વિશ્રામગૃહમાં સારંગપુરના સંતો-પાર્ષદોએ અલ્પાહારની વ્યવસ્થા ગોઠવેલી. તે અંગીકાર કરી પાણવી પધારેલા સ્વામીશ્રીએ અહીં શ્રીજીમહારાજની માળાના મણકા સમા પૂંજા ડોડિયાના નવા ઘરમાં તૈયાર થયેલા ઓટા પર ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી અને રાત્રે દસ વાગ્યે વલ્લભીપુર જઈ પહોંચ્યા.

અહીંથી સ્વામીશ્રીને તા. ૪/૩ના રોજ અમરેલી પહોંચવાનું હતું. પણ પધરામણી આગમનવેરો(entry tax) ઉઘરાવ્યા વિના તેઓને જવા દે એમ નહોતી. તેથી વિદાય પૂર્વે ગામમાં ગોઠવાયેલી પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીએ એક હરિભક્તના નવા મકાનનો ખાતવિધિ કર્યો અને બે-ત્રણ

---

૨૧. આ વિધાનનો ભાવાર્થ એ કે જેને ભાર વેઠવો પડે તેને કોઈ વ્યથા નહીં અને ભાર વિનાનો બુમરાણ મચાવે તે કેવું ?

લેલાં માલ નાંખી ઈંટો પણ ગોઠવી! આવા આત્મીય અને અહંશૂન્ય મહાત્માને દુનિયા કદાચ પહેલી જ વાર જોઈ રહેલી, જે હાથમાં શાસ્ત્રનાં પાનાં તો ઝાલે, પણ કડિયાનાં લેલાંય પકડે!

આ વિરલ દર્શનના કેફને બમણો કરે એવું વધુ એક દૃશ્ય સ્વામીશ્રી અમરેલી પહોંચ્યા ત્યારે લાધ્યું.

રાજકોટના યુવાન ઘનશ્યામ પરીખ આજે અહીં જાન જોડીને આવેલા. પિતાનું છત્ર ગુમાવી બેઠેલા આ યુવાનના પિતાની ગરજ સારતાં હોય તેમ તેને આશીર્વાદ આપવા આવી ગયેલા સ્વામીશ્રીએ અહીં રતિભાઈને ઘેર ઠાકોરજી જમાડ્યા બાદ, ગઢડા અંત્ય પ્રકરણના સાતમા વચનામૃત પર પ્રાસંગિક કથામૃત રેલાવતાં કહ્યું: 'ઘનશ્યામભાઈની જાનમાં હતા તો તેમણે રાજકોટથી અહીં પહોંચાડી દીધા. તેમ મહારાજ મળ્યા ને યોગીજી મહારાજ જેવા સંત મળ્યા તે આપણને અક્ષરધામમાં લઈ જશે. બોલાવીને લઈ જશે. આપણે ભૂલીએ પણ એ ન ભૂલે.'

આ વખતે સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા એક સંત વચનામૃતનું લખાણ આગળ વાંચતાં બોલ્યા: '...અને દેહના સંબંધી સાથે હેત ન રાખવું.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું: 'આ ક્યાં વાત કરો છો? આપણે તો પરણાવવા આવ્યા છીએ.' એમ કહી દાદાખાચરનાં લગ્નની વાત કરી.[૨૨]

આમ, પ્રસંગાનુસાર વાત કરવામાં વિશારદ સ્વામીશ્રીએ આજે સાંજે પાંચ વાગ્યે લગ્નસ્થળે પધારી ઘનશ્યામભાઈને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા ત્યારે એ વરરાજાની આંખો તરલ બની ગઈ. સ્વામીશ્રીના યોગમાં તેઓ પિતાના વિયોગને ભૂલી જ ગયા.

એક યુવાનને પિતાનું છત્ર આપી, સ્વામીશ્રી તા. ૫/૩ના રોજ જેસીંગપુરા, માંગવાપાળ, મોટી કુંકાવાવ થઈને દાડમા આવી પહોંચ્યા.

---

૨૨. દાદાખાચરની અનિચ્છા છતાં શ્રીજીમહારાજ તેઓની જાન જોડી ભટવદર તરફ જઈ રહેલા. તે વખતે તેઓની 'કીર્તન ગાઓ' એમ આજ્ઞા થતાં, હરિભક્ત નાગાજણે *'નારી પિશાચા વાકી મત કરો આશા, બડે બડે કો બિગોયા વે...'* ગાવવું શરૂ કર્યું. ત્યારે શ્રીજીમહારાજ કહે: 'આ કીર્તન બંધ કરો. દાદાને માંડ માંડ પરણાવવા લઈ જઈએ છીએ ને આ ક્યાં કાઢ્યું?' પછી ગુણાતીતાનંદ સ્વામીએ મૂર્તિનાં કીર્તનો ગાવવાં શરૂ કર્યાં, જે સાંભળી શ્રીજીમહારાજ રાજી થયા.

તમે બધા હવે એક થઈ જાઓ

દાડમાના રામજી મંદિરમાં કથાલાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આપણે ગમે તેટલું સારું કર્યું હોય પણ એક થોડી ભૂલ થઈ હોય તો જગતના માણસો સારું કરેલું ભૂલી જાય છે. પણ ભગવાન જીવના ગુના સામું જોતા નથી. કાને ઘંટડીઓ ન બાંધવી. સાચી વાત સમજવી ને લાભ લેવો.'

આ ઉપદેશામૃત વહાવી સ્વામીશ્રી તા. ૬/૩ની સવારે ગામમાં પચીસ પધરામણીઓ કરી ચલાલા, ખાંભા થઈને ભટવદર જવાનું આયોજન ગોઠવી રહેલા. જો કે, સ્વામીશ્રી ત્યાં પધારે તે અંગે સેવકો નારાજ હતા, કારણ કે આ પ્રાસાદિક સ્થાનમાં દર્શન માટેનો ફેરો સ્વામીશ્રીના બપોરના ભોજનને ખાસ્સો ઠેલ મારે તેમ હતો. પણ જેવું ભટવદરનું પાટિયું આવ્યું કે સ્વામીશ્રીએ ડ્રાઇવરને ગાડી ગામ ભણી વાળવા સૂચના આપી. તે સાંભળી સેવકે કચવાટ વ્યક્ત કર્યો ત્યારે સ્વામીશ્રીએ તેઓને કહી દીધું: 'તમે અહીં ઊતરી જાઓ. અમે દર્શન કરીને પાછા આવીશું ત્યારે તમને લેતાં જઈશું.'

તેઓની આ ટકોરમાં પ્રાસાદિક સ્થાનનાં દર્શનની તાલાવેલી હતી. કોઈ કશું જ બોલી શક્યું નહીં અને સ્વામીશ્રી ભટવદર પધાર્યા.

અહીં પ્રાસાદિક કૂવાનાં દર્શન કરતાં તેઓનું હૈયું દ્રવી ઊઠ્યું. આ વર્ષે પણ દુષ્કાળના ઓળાની ભીતિ સેવાઈ રહેલી. તેની પોક મૂકતા આ કૂવાનું પાણી અત્યારથી જ ખેંચાઈ ગયેલું; પરંતુ સ્વામીશ્રીએ કૂવાને ગળાવવાની વ્યવસ્થા કરાવી દીધી.

આમ, સમાજસેવાની બાબતમાં કદી મોળું કે મોડું ન કરનારા તેઓ ભટવદરથી રાજુલા પધાર્યા ત્યારે બપોરના દોઢ વાગ્યાનો સમય થઈ ચૂકેલો. અડધા દિવસમાં જ પાંચ ગામ અને ત્રીસ પધરામણીઓનું વિચરણ ચોપડે ચઢી ગયેલું. આટલો શ્રમ વેઠ્યા પછીયે સ્વામીશ્રીને હજી કોળિયો ગળા નીચે ઉતારવાનું મન થતું નહોતું. જમવાના આસન પર બેસી ગયેલા તેઓના મનમાં એક વાત રમી રહેલી.

તેથી પળ – બે પળમાં જ તેઓ બાજુમાં પડેલો જળ ભરેલો લોટો લઈ સામે બેઠેલા ચાર ભાઈઓ પાસે ગયા. તે ભાઈઓમાં પરસ્પર વૈમનસ્ય વકરેલું. તેની વિગત સ્વામીશ્રીને જ્યારથી મળેલી ત્યારથી તેઓ વ્યથિત હતા. તેથી અહીં તે બધા ભાઈઓના હાથમાં જળ આપી બોલ્યા: 'તમે બધા હવે

એક થઈ જાઓ.'

આટલું કહી આ વાક્ય-વિચારને જ કેન્દ્રમાં રાખી તેઓએ ખૂબ બળપૂર્વક વાતો કરી એ ચારેય ભાઈઓને રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્નની જેમ રહેતા કરી દીધા. એક કુટુંબમાં રામરાજ્ય સ્થાપ્યા પછી જ તેઓએ મોંમાં કોળિયો મૂક્યો.

પારિવારિક એકતા એ સ્વામીશ્રીની મનપસંદ વાત હતી. તેમાં થતી તડ-ફડ તેઓના હૈયાને ભીંસતી. એ તિરાડને પૂરવા તેઓ શક્ય એટલું કરી છૂટે ત્યારે જ તેઓને જંપ વળતો. હજારો પરિવારો પોતાનાં મોંમાં શાંતિથી કોળિયા મૂકી શકે તે માટે સ્વામીશ્રી સ્વયં પોતાના કોળિયા ઠેલી દેતા.

સુદામાની 'છાપરી'એ સંતસમ્રાટ !

રાજુલાથી સ્વામીશ્રી ડુંગરના ભક્તોને લાભ આપી છાપરી જવા નીકળ્યા. આ ગામના કુરજીભાઈએ સન ૧૯૬૮માં સારંગપુર મુકામે યોગીજી મહારાજને પોતાને ગામ પધારવા વિનંતી કરેલી. પણ તે વખતે 'જાવ, પ્રમુખસ્વામી આવશે' કહી યોગીજી મહારાજે સ્વામીશ્રીને હવાલો સોંપી દીધેલો. તે અનુસાર આજે સ્વામીશ્રી આ માર્ગે પ્રયાણ કરી રહેલા.

પરંતુ આ રસ્તો કસોટી કરે એવો નીકળ્યો. પ્રથમ તો ડુંગર ગામની સાંકડી બજારમાં જ ગાડી ફસાઈ. તેને નીકળતાં અડધો કલાક વીતી ગયો. ગામ વટાવ્યા બાદ આવેલો રસ્તો જોઈને તો ડ્રાઈવરે કહી દીધું: 'આમાં ગાડીને નુકસાન થાય એમ લાગે છે.'

'જે થવાનું હોય તે થાય. તું ગાડી ચલાવ. છાપરીમાં સુદામો રાહ જુએ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેથી ઊબડ-ખાબડ રસ્તે હડસેલાં ખાતાં સૌ સાંજે સાડા છ વાગ્યે છાપરી પહોંચ્યા. અહીં હજી તો ઝોલાપરી નદી વટાવ્યા પછી ગામની હદ શરૂ થવાની હતી. પણ બાળકો નદી પાર કરીને સામે કાંઠે આવી સ્વાગતમાં ઊભા રહી ગયેલા ! સ્વામીશ્રીની મોટર દેખાતાં જ તે સૌ દંડવત કરવા મંડી પડ્યા. છત્રપતિને ત્યાં જોવા ન મળે એવો ભાવ 'છાપરી'માં જોઈ સહપ્રવાસીઓ ગદ્‌ગદ થઈ ગયા !

મોટર ગામના પાદરે આવી ત્યારે તો સૌ ગામવાસીઓ પોતાની 'છાપરી'એ પધારેલા આ સંતસમ્રાટને જોઈ ભાવવિભોર થઈ ગયા. નગર-

યાત્રામાં ગવાતાં કીર્તન *'મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે; મારું મંદિરિયું મહારાજ, અક્ષર કીધું રે...'*નો અદલ મેળ આજે અહીં મળી જતાં આ 'છાપરી' પણ મહેલની પંગતમાં આવી ગઈ!

મૂકી ન શકે ભગતિને

છાપરીથી બાઢડા થઈને સ્વામીશ્રી સાવરકુંડલા પહોંચ્યા ત્યારે રાત્રિના બાર વાગેલા. આખા દિવસમાં પાંચ ગામ અને ૪૦ પધરામણીનું વિચરણ થઈ ચૂકેલું. છતાં તેઓ વિશ્રામ ન સ્વીકારતાં જ્યાં પ્રતિષ્ઠા થવાની હતી તે નવનિર્મિત મંદિરે જઈ પહોંચ્યા. સ્વામીશ્રીની નજર હંમેશા સેવા જ જોતી, સમય નહીં. કામ જ જોતી, આરામ નહીં.

સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે નાવલી નદીના કાંઠે બનેલા આ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વતૈયારીઓ હરિભક્તો કરી રહેલા. તે સૌને આશીર્વાદ અને માર્ગદર્શન આપી સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા ત્યારે રાત્રિના પોણા એક વાગી ચૂકેલા. આ સમયે યજમાન મહાદેવપ્રસાદભાઈ તેઓનાં ચરણ પખાળવા ગયા. પરંતુ મધરાતેય સ્વામીશ્રીની ભક્તિ જાગતી હોવાથી તેઓએ એમ ન જ કરવા દીધું. *'મૂકી ન શકે ભગતિને, અતિ સમજી સુખનું ધામ...'* એ સ્વામીશ્રીની કાયમી રીત હતી.

તે અનુસાર તેઓ તા. ૭/૩ની સવારે પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞમાં લાભ આપી ઉતારે પધાર્યા. અત્રે પત્રવ્યવહારમાં રત સ્વામીશ્રી સમક્ષ આવીને એક હરિભક્તે મહુવા, ભાદરા પધારવાનું આમંત્રણ મૂક્યું. તેમાં ભાવનાત્મક દબાણનો મસાલો મસળતાં કહ્યું : 'બાપા! તમે મહુવા નહીં આવો તો ભગતજી મહારાજ ઠપકો આપશે ને કુરાજી થશે.'

તેઓની આ વાતનો સ્વામીશ્રી કંઈક પ્રતિભાવ આપે તે પહેલાં તો ત્યાં જ બેઠેલી એક વ્યક્તિએ ગોંડલનું ગાણું ગાતાં કહ્યું : 'બાપા! જો આપ ગોંડલ નહીં આવો તો ગુણાતીત સ્વામી કુરાજી થશે.'

જીદે ચઢેલા છોકરાઓની વચ્ચે બાપ ભીંસાય તેવી પરિસ્થિતિ સ્વામીશ્રીની થઈ ગઈ. પણ પ્રશ્નના પેચને પળમાં ઉકેલવાની તો તેઓને હથોટી. તેથી તેઓ હસતાં હસતાં બોલ્યા: 'દીકરાને રાજી કરીએ તો બાપ રાજી થઈ જાય. અમે અમેરિકા ગયા ને દીકરાઓને મળ્યા તો અહીં તેમના બાપ રાજી થઈ ગયા.'

આમ કહી તંતનો અંત લાવતાં તેઓ ઠાકોરજી જમાડવા ઊભા થયા ત્યારે વાતાવરણ એકદમ હળવું થઈ ગયેલું. બંને પક્ષને રાજી રાખીને સમાધાન લાવવામાં સ્વામીશ્રીને કોઈ ન પહોંચે.

સમો જોઈ કરે તેવી સેવ

તા. ૮/૩ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા સાવરકુંડલાના નવનિર્મિત મંદિરમાં ધામધૂમથી પ્રતિષ્ઠાવિધિ થયો. તેની સાથે જ મંદિરમાં ભોંયતળિયે તૈયાર કરાયેલા બાઈઓના મંદિરમાં પણ પટપ્રતિમાની પ્રતિષ્ઠા થઈ. અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનો ઉદ્‌ઘોષ કરવાના 'ગુના' સબબ વિમુખ કરાયેલા ભગતજી મહારાજને ભાથામાં અપાયેલા ઝેરમિશ્રિત લાડુ તેઓએ અહીં નાવલી નદીના કાંઠે દાટેલા. તે નદી કાંઠે જ આજે અક્ષર-પુરુષોત્તમની ધજાઓ ફરકતી થઈ ગઈ. ભગતજી મહારાજની ફનાગીરીને સ્વામીશ્રીએ ઉચિત અંજલિ આપી દીધી.

આવા દિવ્ય પ્રતિષ્ઠા-ઉત્સવની સાંજે જ તેઓ સાવરકુંડલાથી નાના ઝીંઝુડા, ભાદરાને લાભ આપતાં મહુવા પહોંચ્યા.

અત્રે તા. ૯/૩ની સવારે તમામ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરીને ડુંડાસ તથા મોટી વડાળને પાવન કરી મોટા લીલિયા જતાં રસ્તામાં સીમરણ ગામની સીમ પાસે ગાડીમાં પંક્ચર પડ્યું. તેની મરામત થાય ત્યાં સુધી સ્વામીશ્રી રસ્તાની કોરે પાથરી આપેલા ગાદલા પર બિરાજ્યા.

મોટરની મરમ્મત થતાં આગળ વધેલી મુસાફરીમાં સ્વામીશ્રી રાત્રે સવા વાગ્યે ગોંડલ પધાર્યા. આ સમયે તેઓના આગમનની જાણ સૌને થાય તે હેતુથી ગાડીચાલક હૉર્ન મારવા ગયો. પરંતુ રાત્રે સવા વાગ્યે પણ સતર્ક સ્વામીશ્રીએ તેઓને તેમ કરતાં રોક્યા અને કહ્યું: 'હૉર્ન ન મારો. અત્યારે ઠાકોરજી પોઢી ગયા છે. તેમને ઊંઘમાં વિક્ષેપ થાય.'

સ્વામીશ્રીને મન ઠાકોરજી એ પંચધાતુની પ્રતિમા નહોતી. તેઓ તેને ભગવાન સ્વામિનારાયણનું સાક્ષાત્ સ્વરૂપ સમજતા. તેથી જ *'સમો જોઈ કરે તેવી સેવ...'* મુજબ સમય-સમયની સેવામાં તત્પર રહેતા.

આપણું આ રીતે જ વધ્યું છે

ગઈકાલે રાત્રે સૂવામાં મોડું થયું હોવા છતાં તા. ૧૦/૩ની સવારે

સમયસર શરૂ થઈ ગયેલા નિત્યક્રમમાં સ્વામીશ્રીએ સતત સવા બે કલાક સુધી ગઢડા મધ્ય પ્રકરણના ૨૭મા વચનામૃત પર કથારસ રેલાવતાં કહ્યું:

''ચંદનને વળગે પણ મોઢું બહાર રાખ્યું તો શું સુખ થાય? ગુણાતીત સત્પુરુષ કહે તેમ કરવું. આ તો 'મહાજન મારાં મા-બાપ, પણ મારી ખીલી ન ખસે.' મનધાર્યું છોડે નહીં તો મહિમા સમજ્યા શું કામનો? મોટાપુરુષને ન ગમતું હોય તે ન જ કરવું. લોકમાં મિત્રને, બૈરાંને ન ગમતું હોય તો નથી કરતા, તો ભગવાન જેવા સંતને કેમ રાજી ન કરી શકીએ? મનનો ગમે તેવો દઢાવ કર્યો હોય તોય મૂકી દેવો; તો ગાડું સીધું ચાલે. ઍડવર્ડ રાજાએ બૈરાં માટે રાજ છોડી દીધું તો આપણે ભગવાન ને સંત માટે સ્વભાવ છોડી દેવા. 'મેં બહુ સેવા કરી. હવે બીજાને લાભ આપો.' એમ ન કહેવું. આપણા સ્વભાવ કો'ક દા'ડો સત્સંગમાંથી પાડે. કરેલી સેવા ઉપર પાણી ફરી વળે. આપણા ધાર્યા પ્રમાણે મોટાપુરુષ ન કરે તો તેમનો પણ અભાવ આવે.''

આ અમૃતધારા વહાવી તા. ૧૩/૩ની સવારે ગોંડલથી વિદાય લઈ સ્વામીશ્રી પીપળિયા, પારડી, રાજકોટને પાવન કરતાં ગઢપુર પધાર્યા.

અહીંના રોકાણ દરમ્યાન તેઓએ તા. ૧૪/૩ના રોજ પીપળ અને ખોપાળાને ધર્મલાભ આપી, તા. ૧૫/૩ની સવારે ગઢડામાં પ્રાગજી ભક્તનો પ્રાગટ્યોત્સવ ઊજવ્યો. તેમાં પ્રાસંગિક સદ્બોધ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ગુણાતીત રીત જ જુદી. ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજ પાસે હવેલીની સેવા કરાવી. મોટાપુરુષ સેવા કરાવીને દોષ કાઢી નાંખે. માટે આપણે મનધાર્યું મૂકી દેવું.'

આ ઉપદેશામૃત પીરસી સ્વામીશ્રી સાંજે સારંગપુર પધાર્યા.

અહીં તા. ૧૬/૩ના રોજ ફૂલદોલોત્સવની શાનદાર ઉજવણી થઈ. આ વખતે સ્વામીશ્રીની જ સૂચનાથી મંદિરના પાર્શ્વભાગમાં શાસ્ત્રીજી મહારાજે ઉછેરેલા લીંબડાની નૈસર્ગિક છાયા તળે સભાસ્થળ ગોઠવાયેલું. રૂપચોકીની નીચે ગર્ભગૃહમાં જવાનાં પગથિયે તૈયાર કરાયેલા આસન પર સ્વામીશ્રી બિરાજ્યા.

આ ફૂલદોલોત્સવ બાદ તા. ૧૭/૩ની બપોરે સમજણની સુરેખ લીટી દોરી આપતાં તેઓએ કહ્યું: ''આપણે કોઈનો વિરોધ ન કરવો. આપણી લીટી મોટી કરવી. 'સ્વામિનારાયણ પ્રકાશ' શરૂ થયું ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહેલું કે 'આપણે આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ, પક્ષના લેખો લખવા. કોઈનું ખંડન ન

લખવું.' આપણું આ રીતે જ વધ્યું છે. આપણો માલ સાચો છે તે હજારોને સમજાશે. આપણે અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન ને મળ્યા તે સત્પુરુષ સાચા છે. કો'ક કો'ક વિરોધી હોય, જેમ મગ ભેગું ગોંગડું આવે તેવા હોય. પણ તેની ગણતરી નહીં.''

વિરોધીનો પણ વિરોધ નહીં – આ રહેલી સ્વામીશ્રીની શૈલી. જીવનમાં સમજણનું સિંહાસન એવરેસ્ટને અડે એટલું ઊંચું હોય તો જ આમ વર્તી શકાય.

પ્રેમ મગન ગુન ગાત

સ્વામીશ્રીના ઉપદેશોમાં આધુનિક સંદર્ભો નહિવત્ રહેતા. સંસ્કૃત શાસ્ત્રના સંદર્ભો પણ ગણ્યા-ગાંઠ્યા દેખા દેતા. મોટે ભાગે તો તેઓ શ્રીજી-મહારાજ અને ગુરુપરંપરાના જીવન-પ્રસંગો, પરમહંસો તથા સંતો-ભક્તોનાં આખ્યાનોમાંથી જ કથા-રસાયણ નિપજાવતા. તેમાં પૌરાણિક કથા-કહેવતો, લોકપ્રચલિત રૂઢિપ્રયોગો, પ્રસંગોચિત દૃષ્ટાંતકથાઓ વગેરેનું મિશ્રણ મેળવી એવું પુષ્ટિવર્ધક કથામૃત તૈયાર કરતા કે તેનું પાન કરનાર માયકાંગલો પણ મજબૂત બની જાય!

તા. ૧૭/૩ની સાંજે આવા જ કથામૃતનો એક ઘૂંટડો પિવરાવતાં તેઓએ જણાવ્યું કે ''મોટાપુરુષને વિષે નિર્દોષભાવ બરાબર થાય તો જ દેહે કરીને સેવા થાય ને ગુણગાન પણ ગવાય. નિર્દોષભાવ એ મોટામાં મોટી સેવા છે. પૂર્વેના મોટા સંતોએ ખૂબ સેવા કરેલી છે. આપણે તો 'પોચામાં પાટુ' જેવું છે. પહેલાં ખૂબ ભીડો. ક્યાં ઊતરવું? તે જ પ્રશ્ન. ખાવાનાં ઠેકાણાં નહીં. ભંડારીને ભાગે તો દાળ જ પીવાની હોય. છાશ, રોટલો ને મરચું ખાઈ આ મંદિરો કર્યાં છે. માટે તાલમેલ મૂકીને સેવા કરી લેવી. સેવામાં તરી(છટકી) ન જવું. મંડી પડવું. સેવાથી કેફ રહ્યા કરે. મોટાપુરુષ જે કહે તે સેવા કરવી. કર્મે કરીને જગતમાં ન આવડતું હોય તે કરવું પડે છે. બળદિયા સાથે રાત-દિ' મહેનત કરતા હતા તે પટેલિયા હીરા પારખતાં શીખી ગયા. 'હે મહારાજ! હું તમારો છું' એમ કહીએ તો શ્રીજીમહારાજ બધી જ રક્ષા કરે. જેમ લગ્નની ચોરીમાં સ્ત્રી પતિને કહે છે, 'હે નાથ! આજથી હું તમારી છું.' તો પેલો તેને માટે આખી જિંદગી ઢસરડા કરે છે.''

કથામૃતની આ રેલમછેલ બાદ સ્વામીશ્રી તેઓના નિવાસકક્ષની બહાર લીંબડા તળે બાંધેલા હીંચકા પર બેઠા. ફૂલ છોડવે હોય ત્યાં સુધી તેની પર

ભમરાઓ મંડરાતા રહે તેમ સ્વામીશ્રી જાગતા હોય ત્યાં સુધી તેઓ ભક્તોથી ઘેરાયેલા જ રહેતા. તે મુજબ અત્યારે પણ તેઓની આસપાસ સંતો-ભક્તો વીંટળાઈ વળ્યા. તેમાં શ્રીજીમહારાજના પ્રાસાદિક લોયા, નાગડકા ગામનાં દર્શન કરીને આવેલા ડૉક્ટર સ્વામી અને કોઠારી સ્વામીએ તેઓની યાત્રાનો અહેવાલ આપ્યો. તે જાણી સ્વામીશ્રી બોલ્યા: 'આ સ્થાનોમાં હું હજી કોઈ દિવસ ગયો નથી. ત્યાં જવાનો મેળ પડ્યો નથી.'

ત્યારે નારાયણ ભગતે કહ્યું: 'આ કોઠારી જઈ આવ્યા. તેમનો ચરણસ્પર્શ કરી લઈએ.'

તેઓ હજી તો જ્યાં આમ બોલ્યા ત્યાં તો સ્વામીશ્રી હીંચકા પરથી ઊભા થઈને કોઠારી સ્વામીને પગે લાગવા પહોંચી ગયા!

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય તેને દેવતુલ્ય જાણે તેમાં શું કહેવું?'[૨૩]

સ્વામીશ્રી પ્રત્યેક સંત-ભક્તનો આવો મહિમા સમજતા!

આવી જ મહિમાદૃષ્ટિથી શાસ્ત્રીજી મહારાજના સંતોની ગુણગંગા વહાવતાં તેઓએ તા. ૧૮/૩ની પ્રાતઃકથામાં જણાવ્યું કે –

'કરમસદના પુરુષોત્તમ સ્વામી હતા. બહુ સેવાભાવી. બોચાસણમાં બળદો ખેતરમાંથી આવે ત્યારે સીધા કોઠારે આવે. પુરુષોત્તમ સ્વામી તેમને ગોળ ખવરાવે. તે પછી જ બળદો ગમાણે જાય. પુરુષોત્તમ સ્વામી કામમાં હોય તો બળદો અડધો કલાક ઊભા રહે પણ તેમના હાથનો ગોળ જમીને જ જાય! એક વાર બોચાસણમાં કલાઈ કરવા વાસણો કાઢ્યાં હતાં. પુરુષોત્તમ સ્વામીએ તે બધાં ઊટક્યાં. પછી પાટે બેઠા. પૂજારી હરિપ્રસાદ તેમને બોલાવવા ગયા ત્યાં તો ધામમાં વહ્યા ગયા હતા!

બોચાસણના કોઠારમાં ગોવિંદ સ્વામી હતા. પહેલાં તેમને 'ના' પાડી દેવાની ટેવ. પણ પછી સંત-હરિભક્ત વહ્યો ગયો હોય તેને ગોતી, બોલાવીને વસ્તુ આપે. પોતાને તાવ આવ્યો હોય તો માથે ખેસિયું બાંધીને પણ રસોડામાં સેવા કરે. સૂએ નહીં. દવા લે નહીં. 'મહારાજને દેહ રાખવો હોય તો ભલે.'

---

૨૩. વચનામૃત કારિયાણી પ્રકરણ ૯.

દેશી દવા કરે. ઢોરની પણ સેવા કરે. જોડો પહેરે નહીં. તળિયાં એવાં કઠણ કે કાંઈ થાય નહીં. ઠાકોરજી માટે લાડવા વગેરે બનાવે પણ પોતે મિષ્ટાન્ન ન જમે. કેરીનો રસ પોતે કાઢે પણ જમે નહીં. એવા નિઃસ્પૃહી ને નિઃસ્વાદી! આવા સંતોનાં તપ તે મંદિરો મોટાં થયાં. સંતો દરરોજ ઝોળી માંગી જાર-બાજરાનો લોટ મળે તેના રોટલા કરે. જાત-મહેનત બહુ કરે. એન્જિનિયર નહીં રાખેલા.'

શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંતોની વાતો કરતી વખતે સ્વામીશ્રીના મુખ પર કોઈ અપૂર્વ ખુમારી ચઢી આવતી. *'પ્રેમ મગન ગુન ગાત'*ની પેઠે પોતાના આ ગુરુભાઈઓનું સ્મરણ કરતાં તેઓનું અંતર અપાર આનંદ અનુભવતું. શ્રોતાઓની ભીતર પણ *'પૂર્વજ નામ સ્મર્યા થકી, વધે શરીરમાં જોમ; શૌર્ય પરાક્રમ એમનાં, ધ્રુજાવી ખીલવે રોમ...'*ની જેમ સંસ્થા માટે યાહોમ થઈ જવાનો થનગનાટ વ્યાપી જતો.

લોકજીવન સાથે ઓતપ્રોત

તા. ૧૮/૩ની સાંજે સંતો-ભક્તોની સાથમાં શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક આંબલી વાડીએ પધારેલા સ્વામીશ્રીએ અહીં ઘઉંના પોંક અને દાડમના ચેવડાનો ઉત્સવ કર્યો. પોતે જમતા જાય અને સૌને દાડમના દાણાની સાથે સત્સંગની વાતો પણ વહેંચતા જાય. આ વાડીની રજેરજ અને પાંદડે-પાંદડે શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ સંઘરાયેલી. તેથી તેની જ વાત ઉમળકાભેર કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ અહીં બહુ આવતા. તેમને ખેતીનું સંપૂર્ણ જ્ઞાન. બળદિયાને પણ પારખે. અલૌકિક પુરુષ. કોઈ વાતમાં અવિદ્વાન નહીં. શાસ્ત્રીજી મહારાજ હનુમાનજીના મંદિરે હતા ત્યારે પણ બળદ સારા રાખતા. બોટાદ જવું હોય તો રમરમ કરતા જાય.'

પોતે પણ આ જ રીતે તા. ૧૯/૩ના રોજ લાખિયાણી થઈને રોહીશાળા પધાર્યા. અહીં ગ્રામજનો અને સત્સંગીઓ ખભેખભા મિલાવીને માધ્યમિક શાળા બાંધી રહેલા. તેનો ખાતવિધિ સ્વામીશ્રીના વરદહસ્તે થયો. સૌની સંમતિથી સ્વામીશ્રીએ શાળાનું નામ 'શ્રી અક્ષર-પુરુષોત્તમ વિદ્યામંદિર' પાડ્યું.

યોગાનુયોગ આજે રોહીશાળાના મંદિરનો પાટોત્સવ હોવાથી મંદિરમાં આરતી કરીને શિયાન..., મેલાણાને લાભ આપતાં સ્વામીશ્રી દરેડ આવી પહોંચ્યા. અહીંનો દરબારગઢ શાસ્ત્રીજી મહારાજનો પ્રસાદીભૂત. તેથી

સ્વામીશ્રી *'ઐસે હરિ ફિરી અવની, કિની ચરન અંકિત...'* અનુસાર ઓરડે-ઓરડે ચરિત્રો સંભળાવતા ગયા :

'શાસ્ત્રીજી મહારાજ વર્ષો પહેલાં ભેંસ લઈને અહીંથી નીકળેલા ને અહીં સત્સંગ થાય તેવો સંકલ્પ કરેલો. (સન) ૧૯૪૨માં પહેલી વખત દરબારગઢમાં પધાર્યા. અહીં બધે રહ્યા છે. અહીં તેઓ પોઢતા... અહીં દરબારને દીકરાના આશીર્વાદ દીધેલા... દરેડ ને મેલાણા બે ગામ. હાલના જે બાપુઓ છે તેમનાં બા એ ગણોદના અભેસિંહજી બાપુના દીકરા ભગવત્-સિંહજીનાં દીકરી. તેથી ગણોદનો અહીં સત્સંગ...'

ગામોગામની ઐતિહાસિક, ભૌગોલિક વિશેષતાઓની સાથે જે તે ગામની વ્યાવહારિક સાંઠ-ગાંઠનો વહીવંચો પણ સ્વામીશ્રી પાસેથી મળી આવતો. પરસ્પર ગૂંથાયેલી કુળકથાઓનો કડીબદ્ધ ઇતિહાસ તેઓના મુખેથી નીકળતો ત્યારે પરખાતું કે તેઓ લોકજીવન સાથે કેટલા ઓતપ્રોત થયેલા સંતપુરુષ છે !

આજ્ઞા પ્રમાણે વર્તાય તે અંતર્દૃષ્ટિ

તા. ૨૦/૩ની સવાર ગઈકાલ જેવી જ ઊગી હતી. ગઈકાલે સ્વામીશ્રી પાંચ ગામોમાં વિચરણ કરીને સારંગપુર પરત ફરેલા તેમ આજેય પાંચ ગામોનું વિચરણ ગોઠવાયેલું. તે ક્રમમાં પ્રથમ તેઓએ જાળીલાના મંદિરમાં પટપ્રતિમાઓ પધરાવી. પ્રતિષ્ઠાની આ તડામારીમાં જ તેઓએ ગામમાં વીસ પધરામણીઓ કરી. ત્યારબાદ સુંદરિયાણા અને ચંદરવા થઈને રાણપરી પહોંચ્યા.

અત્રે સ્વામીશ્રીને શૌચવિધિ માટે જવાનું થતાં રાત્રિના અંધકારમાં તેઓએ ખેતરમાં જઈ દેહક્રિયા આટોપી. ત્યારબાદ મંદિર પાસે આવેલા કૂવાના થાળામાં સ્નાન કરી તેઓ રાત્રે બાર વાગ્યે રોજીદ પધાર્યા. આટલી મોડી રાત્રે પણ કથાવાર્તા દ્વારા રોજીદને રાજી કરતાં સ્વામીશ્રી સારંગપુર આવી એક વાગ્યે પોઢ્યા.

અહીં તા. ૨૧/૩ના રોજ તેઓએ ગઢડા પ્રથમ પ્રકરણના ૪૯મા વચનામૃતના આધારે વ્યવહારુ વાત કરતાં જણાવ્યું કે 'આજ્ઞા પ્રમાણે વર્તાય તે મહારાજની મૂર્તિ સામું ૨૪ કલાક જોઈ રહેવા બરાબર છે. તેનું નામ જ અંતર્દૃષ્ટિ. મોટાપુરુષ કારખાનાં કરાવી, ખડ ખોદાવીને પણ ભગવાનની મૂર્તિ આપી દે.'

સ્વામીશ્રી શાસ્ત્રજ્ઞની સાથે મર્મજ્ઞ પણ ખરા. તેથી ગહન મનન-ચિંતન પછીયે હાથમાં ન આવે તેવા મર્મ તેઓ સરળતાથી સમજાવી દેતા.

કથા-વાર્તાની આવી રસલહાણ તેઓએ આજની સાંજે રામપરા અને સમઢિયાળામાં પણ કરાવી. તે પછી ૪૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રી સારંગપુર તરફ આવી રહેલા ત્યારે દિશમોડ થઈ જતાં રસ્તો ભૂલ્યા. આ સંદર્ભમાં એક પુરાણી સ્મૃતિ કરતાં તેઓ બોલ્યા: ''રસ્તા યાદ રાખવા જોઈએ. આ નારાયણ કુંડનો ખારો એવો છે કે ભૂલા જ પડી જવાય. અમે અહીં કારખાનાનું કામ કરતા ત્યારે લાઠીદડથી ખટારામાં પથરા લઈને આવીએ ત્યારે અહીં ભૂલા પડી જઈએ. એક વાર દિશ ચડી જાય (દિગ્-ભ્રમ થઈ જાય) પછી સાચો રસ્તો ન જડે. એક વખત હું અને હરજીવનદાસ અમદાવાદ ગયા હતા. લાલ દરવાજે વીજળી ઘર આગળ ઊતર્યા. અમે યાદ રાખેલું કે 'વીજળી ઘર ને લાલ દરવાજે ઊતરવું.' પણ અહીં અમને દિશ ચડી ગઈ. અમે બધાને પૂછીએ: 'વીજળી ઘર ક્યાં?' બધા કહે: 'આ દેખાય તે જ.' પણ અમને મનાય જ નહીં. મનમાં એમ થાય કે 'દેખાય છે તો તેવું પણ આ નહીં.' એમ અડધો-પોણો કલાક અટવાયા ને પછી ઘેડ બેઠી કે 'આપણે ઊભા છીએ તે જ વીજળી ઘર ને લાલ દરવાજા છે.' માટે આવું થઈ જાય.''

આમ, 'જનહિત નરનાટકધારી' સ્વામીશ્રી વિસ્મૃતિની સ્મૃતિ આપતાં સારંગપુર પધાર્યા.

તેઓ અહીં પહોંચ્યા ત્યારે તેઓના સહાધ્યાયી રહેલા પુરુષોત્તમભાઈ વાટ જોઈ રહેલા. ઉતારાની બહાર બાંધેલા હીંચકા પર બેસી સ્વામીશ્રી તેઓ સાથે વાતે વળગ્યા. આ વાતોમાં ગમ્મતનો ગોળ ઉમેરી તેને વિશેષ મજેદાર બનાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ''અમે સુરતમાં હતા. તે વખતે શાસ્ત્રીજી મહારાજે આ બ્રાહ્મણને શિખવાડેલું કે 'નિર્ગુણ સ્વામીને તારે કઢી પીરસતી વખતે કહેવું કે *'નિર્ગુણદાસને ભાવે છે કઢી, તેનો પગ છે એક ને અઢી.'* પછી તો તેઓ જ્યાં આમ બોલ્યા ત્યાં નિર્ગુણ સ્વામી ઊકળ્યા. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે: 'તે તો છોકરું છે. ગુસ્સે શું કામ થાઓ છો?' એમ આનંદ કરાવેલો.''

આ રીતે *'...સમરતાં સુખ થાય; અહોનિશ ઉરમાં ધારતાં, કરવું રહે ન કાંય'*ની જેમ લીલા-ચરિત્રોને સંભારતાં સ્વામીશ્રી વિચરતા.

આપણે પડી જઈએ તેનું શું?

સારંગપુરમાં સ્મૃતિઓનાં ભાથાંની સાથે સ્વામીશ્રી જ્ઞાનની વાની પણ પીરસતા રહેતા. તે અનુસાર તા. ૨૨/૩ની રાત્રે તેઓએ કહ્યું કે–

'ખમવું એ મોટી વાત છે. શાસ્ત્રીજી મહારાજે સહન કર્યું તો વધ્યું. ક્રોધ કરવા ગયા હોત તો કેટલી તકરાર વધત? લોકો તેમને માટે ગમે તેમ બોલ્યા પણ સહન કર્યું, તો શાસ્ત્રીજી મહારાજની સાધુતાની છાપ પડી. દુનિયાને કહેવું પડ્યું કે 'શાસ્ત્રી તે શાસ્ત્રી. એના જેવું આપણાથી થાય નહીં.' મહારાજનું સર્વોપરીપણું પ્રવર્તાવવું તે એક નિશાન. આપણા મનમાં આંટી પડવા ન દેવી. પાણીમાં લીટો. કોઈની ખણખોતર ને બગદોઈ કરવી જ નહીં. તે રસ્તો જ બંધ. મારનારનો હાથ ઝલાય પણ બોલનારનું મોઢું ન ઝલાય. માટે શબ્દ આકાશનો ભાગ સમજવો.'

આ અમૃતધારા રેલાવી સ્વામીશ્રી તા. ૨૩/૩ના રોજ તરઘરા પહોંચ્યા.

અહીં તેઓ બપોરે ઠાકોરજી જમાડી આરામમાં પધાર્યા ત્યારે સહ-પ્રવાસીઓએ પણ વિશ્રામ કરવા પડખું ઢાળ્યું. તે વખતે સમય જોવા માટે એક પાર્ષદ કો'ક હરિભક્ત પાસેથી કાંડા ઘડિયાળ લઈ આવ્યા. પરંતુ તે પડી ન જાય કે આઘું-પાછું ન થાય તેની તકેદારી માટે એ ઘડિયાળને કાંડે જ બાંધી દીધું. સાંજે સ્વામીશ્રી જાગ્યા ત્યારે આ પાર્ષદ પણ પગચંપીની સેવા કરવા આવી પહોંચ્યા. તેઓને અનુસંધાન રહ્યું નહીં કે કાંડે ઘડિયાળ બંધાયેલું છે, પરંતુ સ્વામીશ્રીની નજર પડતાં તેઓએ પૂછ્યું: 'આ શું?'

આ પ્રશ્નનો મર્મ સમજી જતાં પાર્ષદે કાંડા ઘડિયાળ તરત જ કાઢી નાંખ્યું અને ખુલાસો કર્યો કે 'સમય જોવા રાખ્યું હતું. પડી ન જાય તેથી બાંધેલું.'

'પણ આપણે પડી જઈએ તેનું શું? માટે તેને તો બંધાય જ નહીં.' સ્વામીશ્રીએ જાણપણું આપ્યું.

તેઓ સાધુ-શીલના સાવધ સંરક્ષક હતા. તેથી ધર્મ-નિયમમાં લેશ ગોબો-ગાબડું પડવા દેતા નહીં. એ જ રીતે ભક્તિને પણ અભંગ રાખતા.

અહીં તેઓ આરામમાંથી જાગ્રત થયા ત્યારે એક સંત જલપાન કરાવવા માટે ઠંડું જળ લઈ આવ્યા. પણ તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'હાથ ધોવા પડશે.'

આ સાંભળતાં જ તે સંત જે જળ પિવડાવવા લાવેલા તે વડે જ હાથ

ધોવરાવવા તત્પર થયા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'ઠાકોરજીને ધરાવેલા જળથી હાથ ન ધોવાય. બીજું લાવો.'

તેઓની ભક્તિનો આ સૂક્ષ્મ વિવેક સૌને ભીંજવી ગયો.

વા'લો વરસ્યા અમૃત મેહ

તા. ૨૪/૩ની સાંજે સારંગપુરના મંદિરની ગૌશાળા, ખેતીવાડી વગેરે વિભાગોનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ પરિસરમાં પ્રદર્શન તથા રોઝા ઘોડા પર બિરાજેલા ભગવાન સ્વામિનારાયણનું શિલ્પ વગેરે ક્યાં કરવું તે વિષે સોમપુરાઓ સાથે વિશદ વિમર્શ કર્યો.

આ વિચારણા બાદ તેઓ વાળુ-પાણી કરી રાત્રિસભામાં પધાર્યા ત્યારે વિવિધ વિષયોના આધારે સંતોએ પ્રવચનો રજૂ કર્યાં. તેના અંતમાં સ્વામીશ્રીને પણ સંતોએ કહ્યું: 'બાપા! આપ 'સાધુતા' વિષે બોલો.'

આ વિનંતી સ્વીકારી તેઓએ સાધુતાનો 'સા' ઘૂંટાવતાં જણાવ્યું:

'યોગીજી મહારાજ ટૂંકમાં કહેતા કે 'ખમવું એ સાધુતા.' શ્રીજીના વચને સંતોએ સાધુતા રાખી. દસ-દસને ઉથલાવી નાંખે તેવા હતા છતાં ખમ્યા. અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત કેવળ સાધુતાથી જ પ્રવર્ત્યો છે. સાધુતા રાખીએ તો ભગવાન ગમે તેમાં પ્રવેશ કરીને પણ રક્ષા કરે. ધોબીએ ધોબી ન થવું. 'સાધુતા આવશે નહીં' એવું સમજવું નહીં. નિશાળમાં બેઠા છીએ તો પાકું થઈ જવાશે. ઝોળિયાં પારેવાં જેવું થઈ જવું. આઘાપાછા તરી ન જવું. અકીકના પથ્થરને માટલામાં ભરી હલાવવાથી તે સુંવાળા બને છે. આપણને એવા પુરુષ મળ્યા છે તો જીવમાંથી સ્વભાવ નીકળી જશે. 'તે જે કહે છે તે બરાબર છે' તેવો વિશ્વાસ રાખવો. તાલમેલ છોડી દેવા. *'તન કી ઉપાધિ તજે સોહિ સાધુ...' 'મનગમતું સર્વે મેલીને, એક તમને રિઝાવા રે...'* તેવું રાખવું.'

સાધુતાની આ સૂરાવલિ સંભળાવ્યા બાદ ચેષ્ટાગાન પછીયે આજે પુનઃ પારિવારિક ગોઠડી મંડાઈ ગઈ. તેમાં સ્વામીશ્રીએ શૈશવની સ્મૃતિ કરાવતાં કહ્યું: 'પહેલાં અમે ઘેર હતા ત્યારે ગામમાં મંજીરાવાળી મંડળીઓ, કરતાલવાળી ભજન-મંડળીઓ આવતી. કરતાલવાળી ભજન-મંડળીમાં ઊભાં ઊભાં કીર્તન કરતાલ સાથે ગાતા. હું હંમેશા તેમાં જતો ને કરતાલ લઈને ખૂબ ભજન કરતો.'

આ સાંભળી હર્ષ પામેલા સંતો બોલ્યા: 'તો આજે એવું ભજન કરી બતાવો.'

સ્વામીશ્રીના હૈયામાં પણ *'સુખી કરવા છે સુખ દઈ'*ની ભાવના. તેથી તેઓ બે હાથમાં કરતાલો લઈ આસન પરથી ઊભા થયા અને કરતાલિયાની ઢબથી મુજરા કરી દેખાડ્યા. તેઓની આ ચેષ્ટા ઘનશ્યામચરણદાસ સ્વામી માટે ઈજનરૂપ બની રહી. તેઓ પણ ગાતરિયા વડે કમર બાંધીને ઊભા થયા અને હાથમાં કરતાલ લેતાં સ્વામીશ્રીને કહ્યું: 'તમે મુજરા કરો તેમ હું કરું.'

આ પ્રસ્તાવની સાથે જ તબલાં-ઢોલક પણ આવી ગયાં અને ચલતીમાં કીર્તન ઊપડ્યું: *'વા'લા રુમઝુમ કરતાં કા'ન મારે ઘેર આવો રે...'* તેથી વહેતી થયેલી ગાયન, વાદન અને નર્તનની ત્રિવેણીમાં સૌ શક્તિ અનુસાર ઝંપલાવવા લાગ્યા.

આ દિવ્ય વાતાવરણ સભામંડપમાંથી ઘૂમતું-ઘૂમતું સ્વામીશ્રીના નિવાસ પાસે આવેલા હિંડોળે પહોંચ્યું. તે પર સ્વામીશ્રી બિરાજ્યા પણ લય-તાલ તો શૈશવનાં સંસ્મરણોનો જ જળવાઈ રહ્યો. અત્રે થોડી વાર સુધી સૌને પોતાનાં બાળચરિત્રોમાં રમતાં મૂકી સ્વામીશ્રી હિંડોળા પરથી ઊભા થઈ ઓરડામાં પધાર્યા. અહીં તેઓ પલંગ પર શયનાધીન થયા ત્યારે પણ ખાટલાને ખૂણે-ખૂણે સંતો દર્શન કરતાં ઊભા રહી ગયા. તેથી ત્યાં પણ પ્રાસંગિક વાત કરતાં સ્વામીશ્રી પોઢ્યા ત્યારે સતત બે કલાક સુધી થયેલા *'વા'લો વરસ્યા અમૃત મેહ'*ના અનુભવથી સંતો-ભક્તો તરબતર થઈ રહ્યા.

સર્વોપરી ખુરશી

તા. ૨૫/૩ની સવારે ખાંભડા જઈ રહેલા સ્વામીશ્રી બપોરનું ભોજન આ ગામમાં જ ગ્રહણ કરવાના હોવાથી સેવકોએ રસોઈ માટે સારી ગુણવત્તાનાં ચોખા, દાળ, લીલાં મરચાં, ધાણા વગેરે સામગ્રી ભેગી કરી લીધી. પરંતુ સ્વામીશ્રીની નજરમાં આ વિગત આવતાં તેઓ તરત બોલ્યા: 'આપણે આપણી સાથે આ ન લેવું. તેની પાસે જે હોય તેથી ચલાવી લેવું.'

સ્વામીશ્રી સૌથી અલગ અને અધિક નહીં, પણ સૌ સાથે ઓતપ્રોત થવાનો વિચાર રાખીને વિચરતા. હરિભક્ત જેવા ઘરમાં રહેતા તેવા જ ઘરમાં તેઓ નિવાસ કરતા. સત્સંગી જેવું ધાન જમતા તેવું જ ધાન તેઓ જમતા. હરિભક્ત જે ટ્રક-ટ્રેક્ટર કે ગાડા-ગાડીમાં ઘૂમતા તેમાં જ સ્વામીશ્રી ફરતા. તેથી તેઓ અને હરિભક્તો વચ્ચે કોઈ અંતર ન રહેતાં સ્વામીશ્રી જે બોલતા તે સૌ ઝીલતા.

નેતાની આ નીતિ અને નિયતને શિખવાડતાં સ્વામીશ્રી ખાંભડા પધાર્યા ત્યારે સૌએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાનનાં દર્શન કરીને સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ સૌને વિવેકદૃષ્ટિની ભેટ આપતાં જણાવ્યું કે 'સોનું હોય તે ગમે તે દેશમાં ચાલે. (ચલણી)નોટનાં કાગળિયાં ન ચાલે. તેમ સાચા સંત ગમે ત્યાં જાય પણ સમાસ કરે. સાચા સંતની ગમે તેવી કસોટી થાય પણ પંચ વર્તમાનમાં દૃઢ રહે. ધન અને સ્ત્રીનો જેને પ્રસંગ હોય તે સ્વામિનારાયણનો સાધુ જ નથી. સાધુને કોઈ વૉટ કે ખુરશી લેવી નથી. ભગવાનને રાખવા તે ખુરશી સર્વોપરી. તેમાં કાયમ સુખ, સુખ ને સુખ. દે તે દેવ ને લે તે દાનવ. 'આપણા વગર ઘરમાં ચાલશે નહીં' તેવું માનવું નહીં. કુસંપમાં કોઈનું સારું થયું નથી ને થવાનું નથી. માટે ખોટા મમતે ન ચડવું.'

સ્વામીશ્રીની વાણી વકીલની નહીં, પણ ન્યાયાધીશની રહેતી. તેઓ દલીલો નહીં, પણ સીધા ચુકાદા જ સંભળાવતા. આજે આવી જ છાંટ-છટાનો સદુપદેશ આપી તેઓ વીસથી વધુ પધરામણીઓ કરી સાયંકાળે સારંગપુર પધારી ગયા.

ભાવ ભીતરમાં ભરપૂર

સારંગપુરમાં તા. ૨૬/૩ની પ્રાતઃકથામાં સ્વામીશ્રીએ 'હરિલીલા-કલ્પતરુ'ના આધારે, શ્રીજીમહારાજે આખા-પીપલાણા ગામમાં બે સ્વરૂપે દર્શન આપ્યાં તે પ્રસંગ વાંચી સંભળાવ્યો. તેના આધારે ભક્તોએ મજાકનો મમરો મૂકતાં કહ્યું: 'સ્વામી! શ્રીજીમહારાજની જેમ તમેય બે સ્વરૂપ ધારો ને!'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન તો ચહાય તે કરવા સમર્થ છે. આપણે તો તેમના દાસ છીએ. ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી! આપણે તો તેમની આજ્ઞામાં રહીને તેમને પ્રસન્ન કરવા.'

સામર્થ્યના શિખરે બેઠેલા સ્વામીશ્રીને શ્રીજીમહારાજ વિષે તો સદા *'એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવિયે...'*નો જ ભાવ રહેલો.

આ રીતે સારંગપુરમાં બે અઠવાડિયાં જેટલું રોકાણ કરી વિચરણમાં નીકળેલા સ્વામીશ્રી તા. ૨૮/૩ની સાંજે કુંડળ અને બરવાળાને લાભ આપતાં નાવડા પહોંચ્યા.

અત્રે બે દિવસના પારાયણ દરમ્યાન એક વાર અલ્પાહાર વખતે એક વ્યક્તિએ નાસ્તાના ડબ્બાને પગથી ખસેડ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા:

'જમવાની કોઈ પણ વસ્તુને આમ ઠેલાય નહીં.'

પ્રકૃતિ-પુરુષ સુધીના વ્યવહારને રાખનાં પડીકાં તુલ્ય સમજતા સ્વામીશ્રી આવી સૂક્ષ્મ તકેદારી લેવાનું પણ ચૂકતા નહીં! તેઓના સાંનિધ્યમાં માનવી સર્વાંગ સંપૂર્ણ બની રહેતો.

તે માટે વિચરતા સ્વામીશ્રી ભાલપ્રદેશના સોઢી, સાંઢીડા, ધોલેરા, ધંધુકા, વાગડ, મોરસિયા, ખસતા, રાયકા, અડવાળને પાવન કરતાં તા. ૩/૪ની સાંજે બાજરડા પહોંચ્યા. અહીં તેઓએ ૬૧ પધરામણીઓ કરી ગામને સત્સંગના રંગે રંગી દીધું. ત્યારબાદ રાત્રિકથામાં તેઓ બોલ્યા: 'નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિસ્નેહ અને નિર્માન – આ પંચ વર્તમાનમાં ખબડદાર વર્તતા હોય તેવા સંત તે નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય.'

આવા જ સંતનાં પગલાં આજે પોતાનાં ઘર-ગલીમાં પડેલાં, તેથી સૌ શ્રોતાઓ ઘેર બેઠાં તીર્થયાત્રાનું ફળ પામ્યાની અનુભૂતિ કરી રહ્યા.

આ અનુભવ મોટા ત્રાડિયાને પણ કરાવતાં સ્વામીશ્રી તા. ૫/૪ની સવારે અણંદપુર પહોંચ્યા. અહીં પધરામણીઓ કરી રહેલા તેઓને એક ફકીર રૂપિયો ભેટમાં આપવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'તમે ફકીર ને અમે પણ ફકીર. તમારા પૈસા ન લેવાય. આપણે તો ફક્ત પગે લાગવું.'

આ નિઃસ્પૃહભાવથી ગામના પચીસથી વધુ ઘરોમાં પગલાં કરીને સ્વામીશ્રી હડાળાને પાવન કરતાં રાત્રે આઠ વાગ્યે પચ્છમ પધાર્યા.

અહીં વાજતે-ગાજતે શોભાયાત્રા બાદ યોજાયેલી સભામાં એક સંત ઠાકોરજીને જલપાન કરાવવા આવ્યા. પણ તેઓએ ભગવાનના હોઠ આગળ પ્યાલો ધર્યો કે તરત જ લઈ લીધો અને ચાલવા લાગ્યા. આ જોઈ સ્વામીશ્રીએ તેઓને અટકાવતાં કહ્યું: 'જલદી ન લઈ લેવું. આપણે પીએ ને જેટલી વાર થાય તેટલી વાર ધરવું.'

ભક્તિનો ભાવ અને ભાવ સહિતની ભક્તિ – બંને સ્વામીશ્રી પાસેથી શીખવા મળતા.

વિચરી રહ્યા છે સમદષ્ટિએ

તા. ૬/૪ની બપોરે પચ્છમથી ગાંફ પધારેલા સ્વામીશ્રીએ અહીં સૌનો સ્નેહસભર સત્કાર ઝીલ્યા બાદ ઉપાસના સંબંધી સ્પષ્ટતા કરતાં કહ્યું: 'મંદિરમાં સંતોની મૂર્તિ પૂજ્યભાવે મૂકીએ છીએ, પણ ઉપાસના માટે નહીં. ગુણાતીતાનંદ

સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને મહારાજ સાથે પધરાવ્યા તેથી મહારાજની મોટપ ઘટી જતી નથી.'

ઉપાસનાનો આ સંદેશો સભા બાદ પચીસ પધરામણીઓ કરીને સ્વામીશ્રીએ વિશેષ પ્રસરાવ્યો.

તે પછી પીપળી અને નાની બોરુને લાભ આપી, તેઓ તા. ૭/૪ની સવારે સુણાવ તરફ જઈ રહેલા. તે વખતે રસ્તામાં પંક્ચર પડતાં મોટરને એક બાજુએ લઈ જઈ તેની મરામત શરૂ થઈ.

તે દરમ્યાન સ્વામીશ્રીને ઝાડના છાંયડે આસન પાથરીને બેસાડવામાં આવ્યા. પણ અહીં તેઓએ જેવી પલાંઠી વાળી કે ત્યાં જ સારંગપુરનો ભવાન ભરવાડ નીકળ્યો. સ્વામીશ્રી તેને ઓળખે. તેથી એને જોતાં જ સાદ પાડ્યો. ભવાન તો સ્વામીશ્રીનો સ્વર સાંભળી આશ્ચર્ય જ પામ્યો કે આ તો, *'મહા રે મુનિના ધ્યાનમાં ના'વે, તે રે શામળિયોજી મુજને બોલાવે...!'* તેના અંતરમાં આનંદની હેલી વરસી રહી. તે દોડતો દોડતો સ્વામીશ્રી પાસે આવી ઊભો. સ્વામીશ્રી તેને પોતાની પાસે બેસાડી પ્રેમથી વાતે વળગ્યા. એ વાતચીતમાં જ તેઓએ ભવાનને સદાચારી જીવનના પાઠ શિખવાડ્યા.

એક બાજુ ગાડીની મરામત થઈ રહી તો બીજી બાજુ ભવાનની પણ માવજત થતી રહી. થોડી વારે મોટર ઠીકઠાક થઈને રસ્તે સરકવા તૈયાર થઈ ગઈ તો અહીં એક માનવી પણ ઠીકઠાક થઈને જીવનના માર્ગે દોડવા સજ્જ બની ગયો. મોટરને હૃદય નહોતું. તેથી તેને હરખ નહોતો. પરંતુ ભવાનનું હૈયું તો આજે ભગવાન ભેટ્યાના અનુભવથી હિલોળા લેવા માંડ્યું. આ નજારો જોનારાનાં હૈયાંમાંથી પણ સ્વામીશ્રીને વધાવતા ઉદ્‌ગારો સરી પડ્યા :

'વિચરી રહ્યા છે સમદૃષ્ટિએ, મહેલો ને વન-વનમાં;
ઊંચ-નીચને ઉગારવાને, આવ્યા લોકજીવનમાં...'

અચાનક આવી પડેલા ફાજલ સમયનો પણ સાર્થક ઉપયોગ કરીને સ્વામીશ્રી પોતાના માર્ગે આગળ વધ્યા. આ મુસાફરીમાં તેઓએ નેઈલ કટર માંગ્યું. તેઓ મોટે ભાગે નખ કાપવાનું કામ ચાલુ ગાડીમાં જ કરી લેતા. તેનું એક કારણ સમયનો દુર્વ્યય બચાવવાનું તો ખરું જ, પણ મુખ્ય કારણ તો એ કે ચાલુ મોટરે કાપેલા નખ પોતાની પાસે રહે અને ઊતરીને તેને એ રીતે ફેંકી દેવાય, કે જેથી કોઈ પ્રસાદીભૂત જાણી લઈ ન શકે! પોતાની મહાનતાની વિડંબના કરતી આવી તકેદારી કદાચ કોઈ મહાપુરુષે નહીં રાખી હોય!

આ તો અમારો મુખ્ય નિયમ છે

તા. ૭/૪ની સાંજે પાંચ વાગ્યે સુણાવ પધારેલા સ્વામીશ્રીને તત્કાલીન ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝના મોટાં માથાં સાથે ઘરોબો ધરાવતા સફળ દિગ્દર્શક વિનુભાઈએ આમંત્રણ આપીને બોલાવેલા. આ પ્રસંગે મુંબઈથી યજમાનનું મિત્રમંડળ, કેટલાક ફિલ્મ અભિનેતાઓ તથા અન્ય મહિલાઓ પણ આવેલાં. એક શ્વેતાંબરી સાધુ પણ મંચ પર બેઠેલા.

પરંતુ સભાસ્થળે આવેલા સ્વામીશ્રીએ મંચ પર ચઢવા માટે પગલું ભર્યું ત્યાં જ તેઓની નજરમાં નોંધાઈ ગયું કે 'મંચ પર પાથરેલું પાથરણું અને શ્રોતાવર્ગમાં બાઈ-ભાઈ બેઠાં છે તે પાથરણું એક જ છે. વળી, મંચની સામે જ મહિલાઓની બેઠક-વ્યવસ્થા છે.' તેથી તેઓ ઊભા રહી ગયા. તે જોઈ ઠાકોરજી લઈને સાથે ચાલી રહેલા એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'ચાલો, સ્વામી! સ્ટેજ પર...'

એ સંતની નજર હજી સળંગ પાથરણા સુધી પહોંચી નહોતી. તેથી સ્વામીશ્રીએ તે તરફ નિર્દેશ કરી જણાવ્યું: 'એક આસન છે! સભામાં બૈરાં બેઠાં હોય તે એક આસન ન ચાલે.'

મર્યાદાભંગની આ વાતથી અજાણ એવા ડભાણના અંબાલાલભાઈએ પણ ઊભા રહી ગયેલા સ્વામીશ્રીને દોર્યા કે 'ચાલો, બાપા! સ્ટેજ પર...'

'બૈરાં બેઠાં હોય તે આસન પર ન જવાય. આસન અલગ કરો.' સ્વામીશ્રી દૃઢતાથી બોલ્યા.

આ ગતિવિધિથી બેખબર મેળાવડો અને મહાનુભાવો થંભી ગયેલા સ્વામીશ્રી તરફ તાકી રહેલા. આયોજક વિનુભાઈ તો સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. તેઓને સંતોએ વિગત જણાવી ત્યારે આ યજમાને મંચ પરથી બધાંને ઉઠાડી પાથરણું અલગ કર્યું અને યોગ્ય વ્યવસ્થા થતાં સ્વામીશ્રીને પધરાવ્યા.

આ પ્રક્રિયા પેલા શ્વેતાંબરી સંતને ઠીક ન લાગતાં તેઓ બોલ્યા: 'બહાર આવા ફંક્શનમાં નીકળ્યા હોઈએ ત્યારે ચલાવી લેવું.'

'શું ચલાવી લેવાનું? હમણાં નવ મહિના પરદેશ ફરીને આવ્યા. ત્યાં નથી ચલાવ્યું તો દેશમાં ચલાવવાનું હોય? આ તો અમારો મુખ્ય નિયમ છે. જ્યાં તે પ્રમાણે વ્યવસ્થા થાય ત્યાં જ અમે જઈએ છીએ.' વિવેકપૂર્વકની કડકાઈ સાથે સ્વામીશ્રીએ કહી દીધું.

*'સાબિત કરી શિર સાટે, રહ્યા વચનમાં કરી વાસ...'*ની જીવનશૈલી હતી તેઓની. મઢૂલીથી મહાસદનો સુધી સ્વામીશ્રી આ રીતે જ વિચરેલા.

પ્રાણ થકી છો પ્રિય મને

સુણાવથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ તા. ૮/૪ની રાત્રિસભામાં જણાવ્યું કે 'અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા કોઈ જીવને કરાવવી તે મોટામાં મોટી સેવા છે.'

આ વિધાનનો અમલ પ્રથમ પોતે જ કરતા હોય તેમ તેઓએ આ વાક્ય બોલાયાના નવ કલાકમાં તો ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવનાં પડઘમ ગજવીને સત્સંગ-પ્રચારની સેવા આદરી દીધી.

તા. ૯/૪ની સવારે, ભગવાન સ્વામિનારાયણના ૧૯૫મા પ્રાકટ્યદિને સવારના સાડા પાંચ વાગ્યાથી અમદાવાદના મંદિરનું પ્રાંગણ પ્રભાતફેરીમાં ભાગ લેવા આવી પહોંચેલા ભક્તોની ભીડથી ઊભરાવા લાગેલું. સન ૧૯૮૧માં આવી રહેલા ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે પંચવર્ષીય યોગયજ્ઞનો આરંભ આજથી થવાનો હતો. એ આરંભની આલબેલ પોકારનારી આ પ્રભાતફેરીમાં સ્વયં સ્વામીશ્રી પણ સામેલ થવાના હતા.

થોડી વારમાં તેઓ તિલક-ચાંદલાથી શોભતા ભાલપ્રદેશ સાથે નિવાસકક્ષની બહાર પધાર્યા ત્યારે સૌ સંતો-ભક્તો હરોળબંધ ગોઠવાઈ ગયેલા. સંગીતના સાજ સહિત ગવાતી ધૂન ધ્વનિવર્ધક યંત્રો દ્વારા સમગ્ર વાતાવરણમાં મંગલતા પ્રસરાવી રહેલી. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ બુલંદ સ્વરે જયનાદો ગુંજી ઊઠ્યા. સ્વામીશ્રીએ પ્રભાતફેરીની આગેવાની લેતાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. ઠાકોરજી પણ *'સંત ચાલે ત્યાં હું આગળ ચાલુ'*નો ભાવ રાખી આવી ગયેલા. એક સંત તેઓને હાથમાં ધારણ કરીને ઊભા હતા. તેઓને પ્રભાત-ફેરીના પ્રસ્થાન પૂર્વે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઠાકોરજીને જળ પાયું ?'

પગપાળા મુસાફરી શરૂ કરતાં પહેલાં માનવી પાણીના બે ઘૂંટડા ભરી લેવાની તકેદારી ચૂકતો નથી. મનુષ્યને પોતાના પંડ-પ્રાણ માટે જે વિચારો સ્ફુરે તે સ્વામીશ્રીને ઠાકોરજી માટે આવતા, કારણ કે ઠાકોરજી વિષે તો તેઓને *'પ્રાણ થકી છો પ્રિય...'*નો ભાવ. સ્વામીશ્રી સ્વયં આજે આખો દિવસ નિર્જળા ઉપવાસ ખેંચવાના હતા, પણ આવા ઉગ્ર તપમાં તેઓની ભક્તિ સુકાઈ નહોતી. તેથી ઠાકોરજીએ જલપાન કરી લીધા બાદ જ પ્રભાતફેરીનો પ્રારંભ થયો.

અમે રીઢા થઈ ગયા છીએ

શાહીબાગ મંદિરેથી નીકળેલી પ્રભાતફેરી દિલ્હી દરવાજા થઈને આંબલીવાળી પોળે આવી. અહીંના મંદિરમાં સ્વામીશ્રીએ ઉત્સવની શાનદાર ઉજવણી માટે પ્રાર્થના કરી.

ત્યારબાદ રંગીલાપોળના રસ્તેથી મંદિરે આવવા નીકળેલા તેઓએ એ માર્ગે પહેલું પગલું મૂક્યું ત્યાં જ બોલ્યા: 'આ રસ્તે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બહુ ચાલ્યા છે.' આટલું બોલતાં તો હાથમાં મીઠા મંજીરા વગાડતા સ્વામીશ્રીના મુખ પર ભક્તિનાં પૂર ફરી વળ્યાં. એ પ્રવાહમાં જ વહેતા તેઓ 'સ્વામિનારાયણ' નામથી શહેરની શેરીઓને ગુંજાવી સાડા સાત વાગ્યે મંદિરે પરત ફર્યા.

અહીં પ્રાતઃપૂજા પૂર્ણ કરી, શહેરમાં આવેલાં વિવિધ શાખાનાં સ્વામિનારાયણ મંદિરોમાં દર્શને નીકળેલા સ્વામીશ્રી એક મંદિરે ભગવાનનાં દર્શનમાં તલ્લીન બનેલા. તે જ વખતે એ મંદિરમાં ઠાકોરજીની સેવા-પૂજા કરનારા બ્રહ્મચારીના બોલ બેફામ બન્યા. તેઓ અનેક દર્શનાર્થીઓની વચ્ચે જ સ્વામીશ્રીને નિશાન બનાવી આગ ઓકવા લાગ્યા કે 'તમે શું કરવા અહીં દર્શન કરવા આવો છો? તમે શિક્ષાપત્રી બદલી છે... ને ભગવાન થયા છો...'

તેઓના આ આક્રોશમાં સત્ય અને તથ્ય લેશ નહીં, પણ પીડા અને પૂર્વગ્રહ પૂરેપૂરાં હતાં.

સૌ આ દૃશ્ય જોઈ સમસમી ગયા. જો સ્વામીશ્રીએ તેઓને આંખની સાને શાંત રહેવાનો ઇશારો ન કર્યો હોત તો તેમાંથી કોઈ પણ પેલા છકેલા બ્રહ્મચારીના આક્ષેપોનો સચોટ ખુલાસો કરી શકે તેમ હતા. પરંતુ વિપત્તિની વેળાએ સ્વયં શાંત રહીને બીજાને પણ શાંત રાખવા એ સ્વામીશ્રીની સિદ્ધિ હતી. અપમાન સામે લક્ષ્ય આપ્યા વિના તેઓ શાંતિથી દર્શન કરતા રહ્યા.

દર્શન બાદ ગિરદી હોવા છતાં ઠાકોરજીને દંડવતનું અર્ઘ્ય આપી સ્વામીશ્રી જ્યારે મંદિરમાં આવેલા અન્ય પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરી રહેલા ત્યારે મુખ્ય બ્રહ્મચારી તેઓને પોતાના ઓરડે પ્રેમાગ્રહપૂર્વક લઈ ગયા. તેઓ પોતાના શિષ્યે દાખવેલા અવિવેકથી અજાણ હતા. પરંતુ વાતચીત દરમ્યાન આ ઘટનાનો ઘટસ્ફોટ થતાં આ મુખ્ય બ્રહ્મચારી માફી માંગતાં બોલ્યા: 'સ્વામી! એના વતી મને માફ કરશો. એણે અપમાન કર્યું...'

'એનું અમારા મનમાં કાંઈ નથી. એવાં તો નર્યાં (અપમાનનાં) ઢોલાં અમારે માથે વાગ્યાં છે. અમે રીઢા થઈ ગયા છીએ.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના મુખે આ ઉદ્‌ગાર નીકળ્યા ત્યારે *'માયાયે ઘણી અડચણ કીધી, પણ મન પર લેશ ન લીધી...'*ની સ્થિતિ ધરાવતા સ્વામીશ્રીની સાધુતા એ મંદિરમાં ચોતરફ પ્રસરી રહી. હળાહળને હસતાં-હસતાં પી-પચાવીને તેઓએ વિદાય લીધી.

દ્વિશતાબ્દીની ઉજવણીનો આરંભ

ભગવાન સ્વામિનારાયણના ૧૯૫મા જન્મદિને મંદિરમાં યોજાયેલી ઉત્સવ-સભામાં ઈશ્વરચરણદાસ સ્વામીએ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાનારા પંચવર્ષીય યોગયજ્ઞની માહિતી આપી. નામસ્મરણ, અધ્યયન-પારાયણ, મુખપાઠ, વ્રત વગેરે સંબંધી વિભિન્ન ૧૭ પ્રકારના કાર્યક્રમોની સવિસ્તર વિગતો સાંભળી સૌ સભાસદો આ યજ્ઞમાં હોમાવા થનગની રહ્યા. ત્યારબાદ આવી – સમયના પટ પર અમીટ છાપ પાડતી ક્ષણ.

સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવના પંચવર્ષીય યોગયજ્ઞનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે તાળીઓ અને જયનાદોના પ્રચંડ ઘોષથી અમદાવાદનું આકાશ ઊભરાઈ ગયું. ભગવાન સ્વામિનારાયણને પણ પોતાને અખંડ ધારણ કરનારા ગુણાતીત સંતના હાથે જ પોતાના દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીનો આરંભ કરવો ઉચિત લાગ્યો હશે. તેથી અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી મહોત્સવની પહેલ સ્વામીશ્રીના વરદહસ્તે થઈ ગઈ.

આ અવસરે તેઓએ આશીર્વાદ વરસાવતાં જણાવ્યું કે ''આ યોગયજ્ઞમાં ભળવું. જેમ ડ્રાઈવિંગ શીખવું પહેલાં કઠણ પડે પણ શીખી ગયા પછી સહજ થઈ જાય. તેમ સ્વામિનારાયણ મંત્ર લખવાનું, જપવાનું, વાંચવાનું કઠણ લાગે પણ શરૂ કરો એટલે સહજ થઈ જશે. ઘણા કહે, 'મને આ બંધન ન ફાવે.' અરે ! બધા બંધનમાં જ છે. જેટલું આ થશે એટલું માયાનું બંધન છૂટશે. આ કરશું તો પાંચ વર્ષમાં ભગવાન કાયમ બંધનમાં આવી જશે. પાંચ વર્ષ આ રીતે કરીશું તો દુનિયામાં શ્રીજીમહારાજનો જયજયકાર થઈ જશે.''

આ આશીર્વાદની સમાપ્તિ સાથે જ જન્મોત્સવની આરતી થઈ. ભગવાનના દિવ્ય પ્રાગટ્યને અનુભવતાં સૌ ભક્તો ભાવવિભોર બની ગયા.

એના જેવા જોયા નહીં અન્ય

દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે તા. ૧૧/૪ના રોજ અમદાવાદના મંદિરે યોજાયેલા નિઃશુલ્ક દંતયજ્ઞનું ઉદ્‌ઘાટન કરનારા સ્વામીશ્રીની ઉપસ્થિતિથી, તા. ૧૨/૪ની સવારે કોતરપુરની હદમાં આવેલું ભદ્રેશ્વર મહાદેવનું પ્રાંગણ પાવન બન્યું. સાબરમતીના સુરમ્ય તટે અહીં નીંબવૃક્ષોની સઘન છાયામાં પાથેય પર્વનું આયોજન કરવામાં આવેલું. તેમાં સૌના ડાબરામાં જ્ઞાનનો મેવો મૂકતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'લોકોને જગતનાં સુખ ભોગવવા ને હવા ખાવી તે સુખ. આપણે ભગવાનની હવા ખાવી. આ હવા અક્ષરધામને પમાડે એવી છે.'

સત્પુરુષનો સ્પર્શ પામીને વહેતા વાયરાનો પણ કેટલો મહિમા !

ડાબરા ઉત્સવમાં સૌને આ ભરપૂર પાથેય પૂરું પાડી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રી, અહીં સાયંસભા બાદ રાત્રે દસ વાગ્યે બે ભક્તોની એક વ્યાવહારિક ગૂંચ ઉકેલવા બિરાજ્યા. તેઓ વચ્ચે જમીનની વહેંચણી અંગે વાંધા-વચકા વકરેલા. બંને પોતાનો મત મજબૂત કરવા પક્ષકારો લઈને આવેલા. દસ વાગ્યે આરંભાયેલી આમને-સામનેની એ દલીલોનું પોટલું રાત્રિનો એક વાગી ગયો તોય ખાલી થયું નહીં. છતાં સ્વામીશ્રી ટટ્ટાર અને તટસ્થ રહીને જેને જેમ ઘટે તેમ સમજાવતા ગયા. બે ભક્તો નિરાંતે સૂઈ શકે તે માટે આજે તેઓએ પોતાની ઊંઘ વેરણ કરી દીધી; પણ બંને વચ્ચે સંમતિ અને સહમતી સધાવ્યે પાર કર્યું !

ભક્તો માટે સ્વામીશ્રીનો આવો પ્રેમ-પરિશ્રમ જોઈ એ રાત્રે ટમટમતા સિતારાઓ પણ ગાઈ ઊઠ્યા : *'એના જેવા જોયા નહીં અન્ય...'*

આમ, અદ્વિતીય બનીને વિચરતા સ્વામીશ્રી, તા. ૧૩/૪ના રોજ અમદાવાદથી વિદાય લઈ બપોરે બાર વાગ્યે માતર પહોંચ્યા ત્યારે અહીં નગરયાત્રા માટે ટ્રેક્ટર તૈયાર હતું. ગઈકાલે ભક્તો માટે મધરાત માથે લેનારા સ્વામીશ્રીએ આજે ચૈત્રનો ભરતાપ માથે લીધો ! તેથી સિતારાઓની જેમ સૂર્ય પણ પોકારી ઊઠ્યો : *'એના જેવા જોયા નહીં અન્ય...'*

માનવી મુખ્ય

માતરથી સ્વામીશ્રી ડભાણને પાવન કરતાં વિદ્યાનગર પધાર્યા. તે

સમયે અહીં છાત્રાલયના હિસાબ-કિતાબની વ્યવસ્થા બળદેવસિંહ રાણા સંભાળતા. પણ જ્યારે વાર્ષિક સરવૈયું નીકળે ત્યારે તેઓનો જીવ કપાઈ મરતો, કારણ કે છાત્રાલયના સંચાલનમાં દર વર્ષે લગભગ આઠથી દસ હજાર રૂપિયાની ખોટ આવતી. અલબત્ત, જરૂરી ચોખા, દાળ વગેરે સ્વામીશ્રી મોકલતા હોવાથી ખર્ચો સરભર થઈ જતો. છતાં પેલી ખોટનો વસવસો આ કાર્યકરને પજવતો રહેતો. તેથી આ વખતની ઊડતી મુલાકાતમાં પણ તેઓએ સ્વામીશ્રીને આ વિગતથી વાકેફ કર્યા.

પરંતુ ખોટની વાત સાંભળી સ્વામીશ્રી શાંતિથી બોલ્યા: 'આપણે આવું વિચારવાની જરૂર નહીં. અહીંથી તમારા જેવા એકાદ-બે યુવકો તૈયાર થશે તો પણ પૈસા લેખે લાગશે.'

સ્વામીશ્રીની આ ઉદાર ભાવના જોઈ વાત કરનાર યુવક તો છક થઈ ગયા. તે જમાનો સંસ્થા માટે નાણાંભીડનો હોવા છતાં સ્વામીશ્રીની નજરમાં નાણાંનું કોઈ મહત્ત્વ નહોતું. તેઓનો મદાર તો હતો – ચારિત્ર્યવાન યુવાનોના નિર્માણ પર. કોઈ પણ કાર્યમાં સ્વામીશ્રી Profit(નફા) પર નહીં, People(વ્યક્તિ) પર જ કેન્દ્રિત રહેતા.

આના તો પાતાળે પાયા છે

વિદ્યાનગરથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૪/૪ના રોજ ચૈત્રી પૂનમના સમૈયામાં દ્વિશતાબ્દી મહોત્સવની હાકલ લગાવતાં જણાવ્યું કે 'આપણાં સગાં, સંબંધી, મિત્ર જે કહો તે સ્વામિનારાયણ ભગવાન છે. તેમનો દ્વિશતાબ્દી ઉત્સવ ઊજવવા જે યોગયજ્ઞની યોજના કરી છે તેમાં ભાગ લેવો. પાંચ વર્ષમાં ગામોગામ આ વાત પ્રકાશિત કરવી. સગાં-સ્નેહીને રાજી ઘણાં કર્યાં છે. ભગવાનને રાજી કરવાનો આ અવસર આવ્યો છે.'

ભગવાન સ્વામિનારાયણને જગ-છતરાયા કરવાનો ઉમંગ સ્વામીશ્રીના રોમેરોમમાંથી છલકાતો હતો. તેથી ચૈત્રી પૂર્ણિમાના બીજા જ દિવસે વિચરણમાં નીકળી પડેલા તેઓ બોરસદ, કરમસદને લાભ આપતાં સુણાવ આવી પહોંચ્યા. અહીં યુવક મંડળની સ્થાપના કરીને તા. ૧૬/૪ની સાંજે પીપળાવ પધાર્યા. અત્રે બત્તીઓથી પ્રકાશિત અને સુશોભિત બગીમાં સ્વામીશ્રીની ભવ્ય નગરયાત્રા નીકળી. સભા પણ શાનદાર રીતે સંપન્ન થઈ.

આ સભા બાદ ચરોતરના એક પ્રસિદ્ધ ધર્મસ્થાનમાં મહેતાજી તરીકે

ફરજ બજાવતાં મુમુક્ષુ સ્વામીશ્રીને મળવા ઉતારે આવી પહોંચ્યા. તેઓએ પોતે જે સંસ્થામાં નોકરી કરતા હતા તેનો ઉલ્લેખ કરીને કહ્યું: 'સ્વામીજી! આ સંસ્થાના સૂત્રધાર આપના વિરુદ્ધ પત્રિકાઓ છાપ્યે રાખે છે અને દિવાલો પણ ચિતરે છે. તેઓ આપનો આટલો બધો વિરોધ કરે છે પણ આપ કેમ કંઈ કહેતા નથી?'

'એમાં કહેવાનું શું હોય? એમનાથી કંઈ થવાનું નથી. આના (બી.એ.પી.એસ. સંસ્થાના) તો પાતાળે પાયા છે તે શું થવાનું છે?'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ તે ભાવિકને અનપેક્ષિત અને આશ્ચર્યકારી લાગ્યો. પોતાના વિરોધની વિગતો સાંભળી સ્વામીશ્રીના મુખ પર ન તો ચિંતાની લકીરો ખેંચાઈ કે ન તો આક્રોશની. સુકાઈ જવાનો ભય સરોવરને હોય, સાગરને નહીં.

મહામતિ તે સંત ખરા

પીપળાવમાં તા. ૧૭/૪ની સવારે ૮૧ પધરામણીઓ કરીને સ્વામીશ્રી ઈસણાવ પધાર્યા. અહીં પણ વીસ પધરામણીઓ બાદ કાવિઠા પહોંચ્યા.

અત્રે તા. ૧૮/૪ની સવારે સ્વામીશ્રીએ ૬૦ ઘર પાવન કર્યાં. જો કે, સવાર તો માત્ર નામ પૂરતી જ હતી, કારણ કે ચૈત્રનો તાપ પ્રભાતથી જ પ્રખર અનુભવાતો હતો. તેથી સ્વામીશ્રી માટે કો'ક હરિભક્ત છત્ર લઈ આવ્યા અને સીધું ધરી દીધું એમની ઉપર.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજીને ધરો.'

હરિભક્તને તેમ કર્યા વિના છૂટકો ન રહ્યો. બીજા છત્રની વ્યવસ્થા તાત્કાલિક થઈ શકે એમ ન હોવાથી, સ્વામીશ્રી તીખા તડકામાં જ ઘરોઘર ઘૂમતા રહ્યા. આખા ગામને તેઓના પગલે-પગલે *'મહામતિ તે સંત ખરા, મૂકે નહીં મહારાજની મૂરતિ...'*નો પરિચય થતો રહ્યો.

અહીંથી સ્વામીશ્રી વહેરામાં બાવન અને ઢૂંઢાકૂવામાં ૭૧ પધરામણીઓ કરતાં આશી થઈ પેટલાદ પધાર્યા. અત્રે તા. ૨૦/૪ની સવારે રૂવાની પોળમાં હરિમંદિરનું ખાતમુહૂર્ત કરી તેઓ સોજિત્રા જવા નીકળ્યા, પરંતુ ત્યાં જતાં રસ્તામાં અબ્બાસ અલીની દુકાને પહોંચ્યા.

આ બિરાદર સ્વામીશ્રીનાં દર્શન અને સેવા, બંને માટે બેતાબ હતા. પોતાની ચશ્માંની દુકાન હોવાને નાતે સ્વામીશ્રીનાં ચશ્માં બનાવવાની સેવા

તેઓએ સામેથી માંગી હતી. સૂર્યને તો કો'ક ભજે, કો'ક ન ભજે. ચાંદ-સિતારાને પણ કો'ક પૂજે, કો'ક ન પૂજે. પરંતુ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ સૂર્ય-ચંદ્રથીયે વધુ સાર્વજનિક હતું. આખી આલમ તેઓ માટે તલસતી.

તોય સ્વામીશ્રી તરસતા શ્રીજીમહારાજની ભક્તિ માટે. તેનું દર્શન તેઓ પેટલાદથી સોજિત્રા થઈને ડભોઉ પધાર્યા ત્યારે થયું.

અહીં ભક્તોના ઉત્સાહથી અદ્‌ભુત શોભાયાત્રા નીકળી. સાંજે જાહેર-સભા પણ ભરચક રહી. તે પછી સ્વામીશ્રી મંદિરમાં આવ્યા. ત્યાં આરતી બાદ અષ્ટકગાન વખતે ગામનો યુવાન ઇન્દ્રવદન હાથમાં વીંઝણો લઈ સ્વામીશ્રી પાસે પંખો નાંખવા બેઠો. હવાની શીત લહેરખી આવતાં જ સ્વામીશ્રી ચમક્યા. તેઓની સ્થિતિ હતી *'હરિ સેવા વિના હરિજનને, અન્ય સુખ થઈ ગયા આગ...'*ની. તેથી એ ઠંડા પવનથી પોતે દાઝ્યા હોય તેમ પેલા યુવકને કહ્યું: 'પંખો સિંહાસનમાં ઠાકોરજીને નાંખો, અહીં નહીં.'

સ્વામીશ્રીની આ ભક્તિ ઠાકોરજી સહિત સૌને શીતળતાનો અનુભવ કરાવતી રહી.

આવા ગુણિયલ સંતની પધરામણી માટે બીજે દિવસે તો રીતસર પડાપડી થતાં, તા. ૨૧/૪ના રોજ ગામમાં ૯૦ ઉપરાંત પધરામણીઓ થઈ. હાઈસ્કૂલમાં સભા અને 'શિક્ષાપત્રી'નું પારાયણ પણ યોજાયું.

મારે આ આરામ જ છે

ડભોઉથી તા. ૨૧/૪ની સાંજે સ્વામીશ્રી દંતાલી પધાર્યા ત્યારે આ ગામમાં તેઓની પ્રથમ વારની જ પધરામણી હોવાથી અગ્રણી સત્સંગીઓ તેઓની સગવડ સાચવવા અંગે મૂંઝવણ અનુભવી રહેલા. પણ આ જાણી સ્વામીશ્રીએ કહ્યું: 'તમારે ગભરાવું નહીં. સાધુને તો ગમે તેવું હોય તોયે ચાલે. વેવાઈ આવ્યા હોય તો મૂંઝાવું પડે, કારણ કે તેને વાતવાતમાં વાંકું પડે.'

તેઓનાં આ વચનોથી હરિભક્તોને હાશ થઈ ગઈ.

શણિયાં પર સૂનારો કે કોદરીથી પેટ ભરનારો સામાન્ય જન પણ સ્વામીશ્રીને પોતાના ઝૂંપડે બોલાવી શકતો, કારણ કે તેઓને સૂવા માટે કોથળો કે ખાવા માટે કોદરીની પણ અપેક્ષા નહોતી.

*'હાંજી ભલા ફિરના, ફક્કડ ફકીર...'*ની જેમ વિચરતા સ્વામીશ્રી દંતાલીથી મહેળાવ, પાડગોલ, કેરિયાવી, વીરસદ થઈને તા. ૨૨/૪ની સાંજે

જલસણ પધાર્યા. અહીં ગ્રામવાસીઓનો ભક્તિભાવ એવો હતો કે પડોશમાં વસેલા ફીણાવ ગામથી નગરયાત્રાનો આરંભ કર્યો. રાત્રે ગામના ચોકમાં જાહેર-સભા પણ ભીડભરી રહી. બીજે દિવસે પધરામણીઓનો કાર્યક્રમ પણ ભરચક ગોઠવાઈ ગયો.

તા. ૨૩/૪ના એ દિવસે સ્વામીશ્રીને ત્રણ ગામ ખેડવાના હતા. પણ તે પૂર્વે જલસણમાં જ ૯૩ પધરામણીઓ કરવાની હોવાથી તેઓ વેળાસર પરવારીને ઘરોઘર પગલાં પાડવા લાગ્યા.

તેમાં એક ઘેર તેઓ પહોંચ્યા ત્યારે ત્યાં ચૌદ વર્ષનો બાળક રીલેશ બારોટ ઊભો હતો. પોતાને ઘેર સ્વામીશ્રી આવવાના છે તે વાત જાણી ત્યારથી તેના મનમાં વેગ ઊપડેલો કે 'સ્વામીબાપાને ઘરની પાછળના વંડામાં બાંધેલી ભેંસ પર ફૂલો પધરાવવા લઈ જવા !' તેમ કરાવવાનું કારણ એટલું જ કે 'જો સ્વામીબાપા ભેંસ પર ફૂલ મૂકે તો ભેંસ દૂધ વધારે આપે !'

સ્વામીશ્રી હતા સૌના. તેથી સૌ પોતપોતાની રીતે તેઓનો લાભ લૂંટતા, તે મુજબ આ બાળકે પણ યોજના વિચારી રાખેલી !

પરંતુ મનુષ્યોના માથે હાથ મૂકતાંય પાર ન આવે એટલી પધરામણીઓમાં ભેંસની પીઠ પસવારવાનો સમય ક્યાંથી મળે? તેથી વ્યવસ્થાપકે પેલા બાળકને કહી દીધું: 'છોકરા ! બાપાને ગમાણમાં ન લઈ જવાય. લે, આ પ્રસાદીનાં પુષ્પો. તું જઈને ભેંસો પર મૂકી દેજે.'

આ વચલો માર્ગ બાળકને ગમ્યો નહીં. પરંતુ સ્વામીશ્રીએ તો ઘરમાં રહેલી અનાજની કોઠીઓ પર પુષ્પો વેરતાં-વેરતાં ઘરની પાછળના ભાગમાં આવેલી ઝાંપલી ખોલી ભેંસો પાસે પહોંચી તેની પર ફૂલો વેરી પણ દીધાં ! વાડામાં જવા - ન જવા વિષે થતી રકઝક સ્વામીશ્રીના સરવા કાન સાંભળી ગયેલા અને તેઓએ જે કરવાનું હતું તે કરી દીધું !

આ જોઈ પેલો બાળક તો ખુશ ખુશ થઈ ગયો. તેને એટલું તો સમજાઈ ગયું કે 'આ સ્વામીબાપા મને સમજે છે.'

એક બાળકને કિલકિલાટ કરતો મૂકી સ્વામીશ્રી આગળ વધ્યા.

પણ રીલેશને હવે તેઓનો નેડો લાગી ગયેલો. તેથી તે બપોરે દોઢ વાગ્યે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે સામે ઊભો રહી ટગર ટગર દર્શન કરવા લાગ્યો. હંસ મોતી ચરે તેમ જમતા સ્વામીશ્રીને તે નીરખી જ રહ્યો.

ભોજન પૂરું થયા પછી સ્વામીશ્રીએ તેને પોતાની સમીપે બોલાવ્યો.

સૌને લાગ્યું કે 'બાપા તેને પ્રસાદ આપશે.' પણ તેઓએ તો પૂછ્યું: 'પૂજા કરતાં આવડે છે?'

'ના.'

'વાંધો નહીં. ચાલ, હું શિખવાડું.' એમ કહી સ્વામીશ્રીએ નિત્યપૂજા મંગાવી અને તિલક-ચાંદલો કરવાથી માંડીને શિક્ષાપત્રી વાંચવા સુધીનું પૂજાનું એક-એક પગથિયું સમજાવવા લાગ્યા. તે વખતે પૂજામાં ચંદન ઘસવાનો ઓરસિયો નહોતો. તેથી સ્વામીશ્રીએ પોતાની હથેળીમાં ચંદન ઘસીને તૈયાર કર્યું અને તે બાળકના કપાળમાં તિલક કરી આપ્યું!

બપોરનો આરામ ઠેલીને સ્વામીશ્રી આ એક બાળક માટે જે પરિશ્રમ વેઠી રહેલા તે જોઈ નારાયણ ભગતે કહ્યું: 'સ્વામી! આપ આરામ કરો. હું શિખવાડી દઈશ.'

'મારે આ આરામ જ છે.' સ્વામીશ્રી બોલ્યા.

માનવીના ઉત્કર્ષ માટે વેઠવો પડતો શ્રમ તેઓને મન વિશ્રામ જ હતો.

પૂજાનું પ્રશિક્ષણ આપી સ્વામીશ્રીએ તે બાળકને ગામમાં ચાલતી સભાનું સંચાલન સંભાળવાની વાત કરી. પણ તે તો વિણદાંતે બળદને પલોટવા જેવી વાત હતી, કારણ કે આ બાળકને તો ધૂન, પ્રાર્થના, આરતી વગેરે કશું જ આવડતું નહોતું!

તેણે પોતાની આ અણઆવડત સ્વામીશ્રીને જણાવી. તે સાંભળી તેઓ નિરાશ ન થયા. તેઓએ તો *'સ્વામી અને નારાયણ... સ્વામી તે ગુણાતીત સ્વામી, નારાયણ સહજાનંદ સ્વામી...'* એ ધૂનનું ગાન પેલા બાળકને શીખવવું શરૂ કર્યું. સ્વામીશ્રી બોલે અને પેલો બાળક ઝીલે. ધૂન બાદ પ્રાર્થના અને પ્રાર્થના પછી આરતી – એમ વારાફરતી સભાનું પણ એક-એક પગથિયું તેને ચડાવ્યું અને એક મંડળ સંચાલક તૈયાર કરી દીધો!

આ સઘળી પ્રક્રિયામાં ઘડિયાળનો સેકન્ડ કાંટો ૬૦ વાર ગોળ ફરી ગયો. સ્વામીશ્રીના સૂવાનો સમય એક સૂતેલા સિંહસંતાનને જગાડવામાં વીતી ગયો, પરંતુ તેઓની આ કાળજી અને કેળવણી એ બાળકને એવો ઢંઢોળી ગઈ કે તે એ ઘડીથી આ લખાય છે ત્યાં સુધી સંસ્થાનો કર્મઠ કાર્યકર બની ગામડે-ગામડે સત્સંગ-પ્રસારની સેવા કરી રહ્યો છે. આ મશાલ હજી આગળ કેટલો ઉજાશ ફેલાવશે તે તો સ્વામીશ્રી જાણે!

સ્વામીશ્રીએ તૈયાર કરેલા કાર્યકરો એ તેઓનો કોઈ જાદુ નહીં, પણ

તેઓની તપશ્ચર્યાનું પરિણામ હતા. જનજાગરણના યજ્ઞમાં જાતને હોમી દઈ સ્વામીશ્રીએ પ્રગટાવેલી જાગૃતિની જ્વાળાઓનાં અજવાળાંથી આજે સમગ્ર દેશ-દુનિયા ચકાચૌંધ છે.

કોઈથી કાંકરી ખસે તેમ નથી

જલસણથી કલમસર અને રાવપુરાને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૨૩/૪ની સાંજે બદલપુર પધાર્યા.

અહીં નગરયાત્રાના વિરામસ્થળે શાસ્ત્રીજી મહારાજના સમયના હરિભક્ત રણછોડભાઈ પર તેઓની દૃષ્ટિ ગઈ. તેઓ આવ્યા હતા સ્વામીશ્રીનાં દર્શન કરવાં. પણ તેઓને જોતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આ જૂનું નાણું. તમારાં મને દર્શન થયાં.' આમ કહી શાસ્ત્રીજી મહારાજને મળતા હોય એવા ભાવથી સ્વામીશ્રી આ જૂના હરિભક્તને મળ્યા.

ગુરુપદે હોવા છતાં ભક્તના ભક્ત બનીને રહેવાની તેઓની જીવન-શૈલી.

આ ભાવથી સૌને મળતાં સ્વામીશ્રીએ રાત્રિસભામાં અમૃતવર્ષા વરસાવી કે 'શ્રીજીમહારાજનો દ્વિશતાબ્દી મહોત્સવ આવે છે, તો યોગ-યજ્ઞમાં બધાએ ભળવું. ઘણા શ્રીજીમહારાજને સમાજસુધારક જ કહે છે. 'સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે' તેવું તો હજી ઘણા લોકો જાણતા નથી. આપણાં વર્તન અને વાતોથી એમનો મહિમા બધાને સમજાશે. અત્યારે તો પાતાળે પાયા થઈ ગયા છે. કોઈથી કાંકરી ખસે તેમ નથી. શેષનાગને માથે ખીલી વાગી છે. કોઈ મીનમેખ કરી શકે તેમ નથી.'

જે હકીકત છે તે સ્વામીશ્રીએ કહી દીધી. તે સાંભળનારા સૌ એક અવિચળ આશરાની ઓથ્યે આવી ગયાની નિરાંત સાથે સૂતા.

આ પ્રસાદ-પાણીનો સત્સંગ નથી

તા. ૨૪/૪નો દિવસ હતો તો ભર ઉનાળાનો, પણ એ એક જ દિવસમાં સ્વામીશ્રીએ બાર ગામમાં અગિયાર સત્સંગ-સભાઓ કરી અનરાધાર અમૃતહેલી વરસાવી દીધી અને સૌનાં હૈયે ટાઢું-ટાઢું કરી મૂક્યું.

તેમાં પ્રથમ તેઓ બદલપુરથી ચાંપલ થઈને નરસિંહપુરા પધાર્યા. અહીં શ્રીજીમહારાજ જ્યાં પધારેલા તે સ્થળે જ યોજાયેલી સભામાં અમૃતવાણી

વહાવતાં કહ્યું: 'વ્યવહારને લઈને સત્સંગમાં ઘસારો આવી જાય છે. પણ રવિવારની સભા કરવી જ. ઘણા પ્રસાદ વખતે આવે. પણ આ પ્રસાદ-પાણીનો સત્સંગ નથી, આત્માના કલ્યાણનો છે.'

સત્સંગનો આ હેતુ સમજાવી સ્વામીશ્રી જૂના બદલપુર ગામે પધાર્યા. અત્રે કથામૃત પીરસતાં જણાવ્યું કે –

''આપણને ગોતતાં-ગોતતાં શાસ્ત્રીજી મહારાજ આ કોતરોમાં આવ્યા. તેમના દાખડા સામું જોવું. નિયમ પાકા રાખવા. બે કડિયા એક જણનું ઘર ચણવા ગયા. તેમાં એક સત્સંગી હતો. બપોરે ઘરધણીએ બંનેને ખાવાનું આપ્યું. પણ તેમાં ડુંગળી-લસણ હતાં. તેથી આ સત્સંગી કડિયે તો ખાવા 'ના' પાડી. ત્યારે બીજો કહે, 'મેલ ને હવે ! ખાઈ લે ને !' પણ આણે ન ખાધું ને બેઠો રહ્યો. ઘરધણીનાં બૈરાંએ આને બેઠેલો જોઈને કારણ પૂછ્યું. આણે કહ્યું: 'આમાં ડુંગળી-લસણ છે. હું સ્વામિનારાયણનો સત્સંગી છું. તેથી હું તે ખાતો નથી.'

પેલી બાઈને દયા આવી ને થયું કે 'ખાધા વગર રહે તે ઠીક નહીં.' પછી તો ગોળ, રોટલો ને ઘી લાવીને દીધું. નિયમ પાળ્યા તો સારું ખાવાનું મળ્યું.

લંડનમાં આપણા એક સત્સંગીને રાણી એલિઝાબેથે જમવા આમંત્રણ આપ્યું. તેમણે તો રાણીને કહેવડાવ્યું કે 'હું સંપૂર્ણ શાકાહારી છું. આટલું આટલું જમીશ. બીજો કોઈ આગ્રહ કરશો નહીં.' રાણી પણ સમજી ગયાં ને કહ્યું: 'તમને અનુકૂળ હશે તે જ આપીશ.' માટે દેશકાળ નથી ફર્યા પણ નિયમો લોપનારનું માથું ફર્યું છે.''

ધર્મપાલનની આ શૂરવીરતા સીંચી, સ્વામીશ્રી યોગીપુરા(ટેકરા) આવી પહોંચ્યા. અહીં છાપરાંમાં રહેતા ભોળા મનુષ્યોને પણ સમજાય તેવો સદ્‌બોધ આપ્યો કે 'આત્માનું છાપરું કરવા આ દેહ આપ્યો છે. અહીં બેઠાં બેઠાં અક્ષરધામની તૈયારી – ભક્તિ, સત્સંગ, કથા, કીર્તન કરવાં.'

આજના પવનવેગી વિચરણમાં પાંચમું ગામ પાવન થયું તે કાળુ. અત્રે મંડપ નીચે સૌને સમૂહપૂજનનો લાભ આપી સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન ને સંત જેને ન મળ્યા તેને કાળું જ છે. અંતરમાં કામ, ક્રોધ, લોભ વગેરે કાળું છે. સંત કથાવાર્તાથી કાળાશ ધૂએ છે. વહેમો મૂકી દેવા. ગુજરાતના મુખ્યપ્રધાનને પોલીસવાળા વગેરે બધા અનુકૂળ થઈ જાય છે. તેમ આપણને પુરુષોત્તમ નારાયણ મળ્યા, તેથી બીજા દેવ સાનુકૂળ જ થઈ જાય.'

આ જ્ઞાનપુંજ દ્વારા કાળુને ઊજળું કરી સ્વામીશ્રી પહોંચ્યા ચંદનપુરા.

અહીં પણ ગામના નામને નિમિત્ત બનાવતાં કહ્યું: 'ચંદનપુરા નામ છે તો ધર્મ-નિયમ, કથા-વાર્તારૂપી ચંદનની સુવાસ પ્રસરાવવી. ભલે સીમમાં છીએ પણ નિષ્ઠા છે તો બધું જ છે. અત્રે મંદિર પણ થશે.'

આજે સ્વામીશ્રી એક-એક ગામમાં સાકરના કરા વરસાવતા ગયા. નિષ્ઠા-નિયમની નક્કર વાતો દ્વારા સવારથી જ આજના દિવસને ગુંજાવવા માંડેલા તેઓએ, આગળના ક્રમમાં ખડોધી, ધુવારણને લાભ આપી બપોરે સવા બે વાગ્યે બદલપુરમાં ઠાકોરજી જમાડ્યા. ત્યારબાદ રાસ, મહોળેલને પણ પાવન કર્યાં.

રહે નિરંતર રામ મેં

તા. ૨૫/૪ના રોજ એકાદશીનો નિર્જળા ઉપવાસ હતો અને ભર ઉનાળાનો દિવસ હતો. છતાં સ્વામીશ્રીના કાર્યક્રમમાં કોઈ ફર્ક નહોતો. સવારે પ્રાતઃપૂજા બાદ તેઓએ મહોળેલમાં એકધારી ૬૦ પધરામણીઓ કરી આજની એકાદશીને મીઠો આવકાર આપી દીધો! ત્યારબાદ તળાવ કાંઠે વડ નીચે સભા ભરી. તે વખતે સાચે જ 'चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा...' શ્લોક સાકાર થઈ રહ્યો, કારણ કે ઉપવાસની એ બપોરે સ્વામીશ્રી યુવાનની જેમ તરવરતા હતા અને શિષ્યો સૌ ઘેંસ જેવા ઢીલા દેખાઈ રહેલા.

સભા બાદ ઉતારે આવવા નીકળેલા સ્વામીશ્રી વચમાં ઠાકોરજીના થાળ માટેની તૈયારી જોવા રસોડે પધાર્યા. પોતાને ઉપવાસ હોય ત્યારે પણ ભગવાનના રાજભોગમાં તેઓ લેશ મોળપ લાવતા નહીં. તે દિવસે તેઓના આરતી-કથા-ચેષ્ટાના આહ્નિકમાં પણ કોઈ ઓટ આવતી નહીં. સેવાનો સિલસિલો પણ એવો જ અવિરત વહેતો રહેતો. ઉપવાસના દિવસે તેઓના જીવનમાં કેવળ ઉપવાસ જ પધરામણીઓનો માર ખાઈ ખાઈને ઢીલો-ખોખલો થઈ જતો. બાકી બધું તાજું ને તાજું રહેતું.

તે ક્રમાનુસાર આજે પણ સ્વામીશ્રી ઠાકોરજીના થાળનું નિરીક્ષણ કરવા રસોડે પધાર્યા, પણ ત્યાં ખબર મળી કે 'સંતો અનુભાઈના ઘેર ગયા છે.' તેથી સ્વામીશ્રી તે ઘેર જઈ પહોંચ્યા. અહીં સંતોએ તૈયાર કરેલો થાળ જોતાં શાંતિ અનુભવી.

આમ, *'જગવે ભોગ તજ કે, રહે નિરંતર રામ મેં...'*ની જેમ રામમાં રમમાણ સ્વામીશ્રી મહોળેલથી નડિયાદ, અલીન્દ્રા થઈને ખાંધલી પધાર્યા.

આ ગામમાં સ્વામીશ્રીનું પ્રથમ વાર જ આગમન થતું હોવાથી ભક્તોએ ભવ્ય નગરયાત્રાનું આયોજન કરેલું. સ્વામીશ્રી ખોળામાં ઠાકોરજી રાખીને સમગ્ર ગામમાં ઘૂમ્યા. વળતે દિવસે અહીં પચીસેક પધરામણીઓ કરીને ખેડા, ડભાણ, નડિયાદ, મંજીપુરા, કમળાને પાવન કરતાં પુનઃ ડભાણ પધાર્યા. અહીં તા. ૨૮/૪ના રોજ ૧૨૫ પધરામણીઓ કરીને સોખડા થઈ ખાત્રજ આવી પહોંચ્યા.

આ ગામને તા. ૨૯/૪ના રોજ સૂર્યગ્રહણના સમૈયાનો લાભ મળ્યો. વેધને કારણે આજે આખા દિવસના નિર્જળા ઉપવાસ જેવી જ પરિસ્થિતિ હતી. છતાં સ્વામીશ્રીએ ૭૦ પધરામણીઓ કરી. સાંજે ગ્રહણની સભા કરીને ટ્રેક્ટરમાં બેસી નદીએ સ્નાન કરવા પધાર્યા. સ્નાન બાદ પૂજા-પારણાં કરી રાત્રે વાંઠવાળી પહોંચ્યા. આ ગામમાં શ્રીજીમહારાજ પધારેલા ત્યારે તેઓએ પીંપરના વૃક્ષ નીચે બેસીને કેરીના ત્રણ ટોપલામાંથી આખા ગામને કેરીઓ વહેંચેલી. તા. ૩૦/૪ની સવારે આ પ્રાસાદિક સ્થાનનાં દર્શન બાદ સ્વામીશ્રીએ ૫૦ પધરામણીઓ કરી.

ત્યારબાદ વડોદરા, તાંદળજા, અટલાદરા, મગનપુરા, વાઘોડિયા થઈને વડોદરાથી ઊપડતી દહેરાદૂન એક્સપ્રેસ દ્વારા તા. ૧/૫ની સવારે મુંબઈ આવી પહોંચ્યા.

આ સામે બેઠા તે જ આત્મા

મુંબઈમાં સ્વામીશ્રી નૂતન શિખરબદ્ધ મંદિરની ખાતવિધિ માટે પધાર્યા હતા. તા. ૨/૫ની સવારે વેદમંત્રોના ધ્વનિ સાથે આ કાર્ય સંપન્ન થયું ત્યારે આ માંગલિક પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ''માથે ભાર લઈને ફરવું નહીં. અનેક ચિંતાઓ હોય પણ તે ભગવાન પર છોડી દેવી. મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ મળ્યું. માટે તેનાં દર્શને મહારાજનાં દર્શન થયાં તેમ સમજવું. સત્પુરુષ આપણો આત્મા. કોઈ પૂછે તો કહેવું કે 'અમે આત્માનું દર્શન કર્યું છે.' યોગીબાપાને જોયા તે આત્મદર્શન.''

આ જ સૂરને બીજા દિવસની પ્રાતઃકથામાં રેલાવતાં તેઓએ કહ્યું: 'અંદરનો આત્મા ક્યાં દેખાય છે ? આ દેખાય, સામે બેઠા તે જ આત્મા છે.'

સ્વામિનારાયણીય સાધનામાં આત્મનિષ્ઠા સબીજ છે, નિર્બીજ નહીં. એ બીજ એટલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ.

આવી જ એક માર્મિક વાત સ્વામીશ્રીએ તા. ૪/૫ની સવારે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪મા વચનામૃત પર નિરૂપણ કરતાં સમજાવી કે 'જે આજ્ઞા કરે તેમાં સંકલ્પ વિના વર્તાય તે અખંડ વૃત્તિ.'

પ્રાતઃકથાના આ સત્રમાં એક સત્સંગી તેઓના ઓળખીતા ખ્રિસ્તી પાદરીને લઈ આવેલા. એ પાદરીએ સ્વામીશ્રીને પૂછ્યું: 'અત્યારે મનુષ્યોને ભગવાનમાંથી શ્રદ્ધા ડગતી જાય છે તેનું કેમ કરવું?'

'આપણું સત્-ચારિત્ર્ય રાખવું. તેનાથી લોકોને ગુણ આવશે. કેવળ પ્રવચનોથી ફાયદો નથી.' સ્વામીશ્રી બોલ્યા. તેનો વધુ એક અનુભવ તા. ૪/૫ની સાંજને થયો.

આ સમયે સ્વામીશ્રી જુહુમાં રહેતા ભાનુભાઈ પટેલના ઘેર પધારેલા. વૈષ્ણવ કુટુંબના આ યજમાન બુદ્ધિશાળી અને સાધનસંપન્ન. પણ પૂર્વના સંસ્કારથી સ્વામીશ્રીને વિષે દૃઢ પ્રીતિ થઈ જતાં અદના સત્સંગી બની સ્વામીશ્રી જે કહે તે સેવા કરતા.

આજે તેઓએ સ્વામીશ્રી સારુ વિવિધ વ્યંજન ચાંદીના થાળમાં ગોઠવેલાં. સેવક તે થાળ સ્વામીશ્રીના પત્તરની બાજુમાં મૂકી તેમાંથી વાનગીઓ લઈ સ્વામીશ્રીને પીરસવા ગયા. પણ હળવે હાથે થાળને હડસેલો મારતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આમાં મારી કે તારી શોભા વધવાની છે? આ થાળી કરતાં પતરાળું પાનનું બનેલું એટલે પવિત્ર કહેવાય.' એમ બે-ત્રણ મિનિટ 'હિતોપદેશ' આપી તેઓ શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર જ જમ્યા.

નહીં ઇચ્છું નવીનજી

ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે મુંબઈમાં તા. ૮/૫ની સવારે યોજાયેલી પ્રભાતફેરીમાં સ્વામીશ્રી પણ સામેલ થતાં એક કલાક સુધી દાદર અને માટુંગાના માર્ગો સ્વામિનારાયણ મહામંત્રનાં ગુંજન તથા સ્વામીશ્રીનાં દર્શનથી પવિત્ર થતા રહ્યા.[૨૪]

---

૨૪. આ પ્રભાતફેરી તથા મુંબઈમાં સ્વામીશ્રીએ આરંભેલી શિખરબદ્ધ મંદિરની ગતિવિધિમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

આ પ્રભાતફેરી બાદ પુનઃ સ્નાનવિધિ માટે જઈ રહેલા સ્વામીશ્રી સેવકને પોતાનું ફાટેલું ગાતરિયું સંધાવીને તૈયાર રાખવાની તાકીદ કરતા ગયા. પરંતુ તેઓએ સ્નાન બાદ ધોતિયું ધારણ કર્યું અને જ્યાં ગાતરિયું માંગ્યું ત્યારે સેવકે નવું વસ્ત્ર ધર્યું. તે ન લેતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'સાંધવા આપેલું ક્યાં છે?'

'અત્યારે આ પહેરી લો. પેલું દિવસ દરમ્યાન સંધાવી રાખીશ. કાલે તે પહેરજો.' સેવકે જણાવ્યું.

પણ શબ્દ સાથે તેના આશયને પણ તે જ ઘડીએ પામી જનારા સ્વામીશ્રી સંતોનો પોતાને નવું ગાતરિયું પહેરાવવાનો 'પ્લૉટ' સમજી ગયા. તેથી તેઓએ કહ્યું : 'અત્યારે જ સંધાવીને લઈ આવો. મારે તે જ ગાતરિયું ઓઢવું છે.'

'પણ અત્યારે કોની પાસે સંધાવવું?'

'પેલા શામજી ભગત સાંધવાવાળા છે ને!' સ્વામીશ્રીએ તરત ઉપાય સૂચવ્યો. તેઓ આગળ કોઈ ઠાગા-ઠૈયા ન નભે. કંઈક કામ અંગે તેઓ પૂછતા એ તો એમની ઉદારતા હતી. બાકી તેઓ પાસે ઉપાય, ઉપચાર અને ઉપકરણ બધું તૈયાર રહેતું.

પરંતુ સંતોને તીવ્ર ઇચ્છા કે 'સ્વામીશ્રી સાંધેલું પહેરે તે કરતાં નવું જ લે તો સારું.' તેથી તેઓએ કહ્યું: 'અત્યારે એ ભગતને ક્યાં શોધવા?'

'મંદિર છોડી થોડા જતા રહ્યા છે? ગમે ત્યાંથી શોધી કાઢો.' સ્વામીશ્રીએ મક્કમતાપૂર્વક કહ્યું.

છેવટે દરજીકામ જાણનારા એ પાર્ષદ આવ્યા અને તેઓ પાસે ગાતરિયું સંધાવવામાં આવ્યું ત્યાં સુધીની લગભગ ૧૫-૨૦ મિનિટ સ્વામીશ્રી રાહ જોઈ રહ્યા. ગાતરિયું સંધાઈને આવ્યા પછી પણ તેઓએ તેને આખું તપાસીને પાકું કરી લીધું કે 'બદલીને નવું તો નથી આપ્યું ને!'

અંતે, કરોડોની સંસ્થાના ધણી થઈને જ્યારે તેઓએ સાંધેલું ગાતરિયું શરીર પર લપેટ્યું ત્યારે વાતાવરણમાં પંક્તિઓ ગુંજી રહી: *'જૂનાં પાનાં પટ પે'રશું, નહીં ઇચ્છું નવીનજી... અમે રે જડભરત જોગિયા...'*

સમાજમાં છૂટે હાથે દાનનો ધોધ વહેવડાવનારા સ્વામીશ્રીનું આવું સાદગીસભર જીવન હર એક સમાજસેવક માટે ઉદાહરણરૂપ છે. પાર વિનાના પ્રશંસકો અને પ્રાણ પાથરે તેવા શિષ્યો વચ્ચે રહીને પણ તેઓ સદા સાદા જ રહેલા.

દેખે ગરદ સમ દેહ

ભગવાન સ્વામિનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ શાનદાર રીતે ઊજવવાના સ્વામીશ્રીના સંકલ્પની ચિનગારી ધીમે ધીમે સૌમાં ચેતના પ્રગટાવી રહેલી. તેથી એક પછી એક અભૂતપૂર્વ આયોજનો આકાર લઈ રહેલાં. તે અનુસાર તા. ૮/૫ની રાત્રે સંતો દ્વારા કીર્તન આરાધના યોજાઈ હતી. આગામી પાંચ વર્ષમાં આવી ૨૦૦ સંગીત-સભાઓ કરવાની યોજનાનો આ કાર્યક્રમ સાથે આરંભ થયો.

વિવિધ કાર્યક્રમોની આ શૃંખલામાં આંતરરાષ્ટ્રીય બાળ-યુવા અધિવેશન હવે હાથવેંતમાં જ હતું. તે માટે વિદ્યાનગર જતાં પૂર્વે સ્વામીશ્રી તા. ૧૦/૫ના રોજ લોનાવાલાને પાવન કરી આવ્યા. ત્યાં જતાં માર્ગમાં ખપોલી મુકામે પરશુરામ ભગવાનના મંદિરમાં દર્શન કરીને બાજુમાં વહેતા જળમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું. આ પ્રવાસમાં જ તા. ૧૧/૫ના રોજ વલવન અને કાર્લા ગામોને પણ લાભ આપ્યો.

ત્યારબાદ તા. ૧૩/૫ના રોજ મુંબઈથી વિદાય લઈ સ્વામીશ્રી વસઈ, ગુંદલાવ, વલસાડ, ડુંગરીને પાવન કરતાં સુરત આવી પહોંચ્યા.

અહીં રાત્રે ૧૨:૪૬ થી ૨:૦૩ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો કર્યો.

સમૈયા બાદ બારડોલી, શામપુરા, વિહાણ, સાંકરી, ભરૂચ, વડોદરા, દશરથ, સીસવા, ઉમલાવ, ભાદરણ, બોરિયાવી થઈને તા. ૧૭/૫ની રાત્રે વિદ્યાનગર પધાર્યા.

છેલ્લા દિવસો દરમ્યાન સ્વામીશ્રીને ઝાડાની તકલીફ થઈ ગયેલી. છતાં તેઓ વિચરણ અટકાવ્યા વિના ચાર દિવસમાં ૧૬ ગામો ઘૂમી વળ્યા. *'દેખે ગરદ સમ દેહ'* સમજીને વિચરતા સ્વામીશ્રી સ્વયં તો દેહની દરકાર કરતા જ નહીં, પણ બીજાનેય પોતાની સંભાવના કરવાનો અવકાશ ખાસ આપતા નહીં. તેથી તેઓ આ ઝાડાની મુશ્કેલી કોઈને જણાવ્યા વિના આહાર વગેરેમાં મર્યાદા મૂકી સ્વાસ્થ્યને થાળે પાડતા રહ્યા.

તૃતીય આંતરરાષ્ટ્રીય બાળ-યુવા અધિવેશન

સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા ત્યારે જ્યાં જુઓ ત્યાં બાળ-યુવા અધિવેશનની પતાકાઓ ફરફરી રહેલી. ૧૩૫ મંડળોના ૨,૫૦૦ સ્પર્ધાર્થીઓ

તથા મહોત્સવને નિહાળવા આવેલા અન્ય ૨,૦૦૦ યુવકોના ઉતારા આસપાસની હૉસ્ટેલોમાં રખાયેલા. સવા સો સંતો માટે પણ આ જ નિવાસી વ્યવસ્થા હતી. તદુપરાંત સ્પર્ધાઓ માટે ભવ્ય મંડપો બાંધવામાં આવેલા.

તા. ૧૮/૫ની સવારે દીપપ્રાગટ્ય દ્વારા આ અધિવેશનનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ કર્યું. આ નિમિત્તે ગત અધિવેશનના સ્થળ ગોંડલથી આવેલી 'અક્ષરજ્યોત'નું સ્વાગત કરવા તેઓ છેક મંડપના દ્વાર પાસે પધાર્યા, કારણ કે તેઓને મન આ જ્યોત એ અગ્નિનો ભડકો નહોતો, પણ તેઓએ જણાવ્યું કે – 'યોગીજી મહારાજ આ જ્યોત દ્વારા આ અધિવેશનમાં પધાર્યા છે. તે પ્રકાશ મૂર્તિમાન આપણને અહીં મળ્યો છે. તેથી આવનાર હરિભક્તો, સંતો, કાર્યકરોને પ્રકાશ મળશે. અક્ષરજ્યોતથી ગોંડલના યોગીબાપાનાં દર્શન થઈ ગયાં.'

આમ, સાક્ષાત્ ગુરુના ભાવથી જ્યોતને આવકારી સ્વામીશ્રીએ તેને ખાસ તૈયાર કરેલા સ્ટેન્ડ પર એ રીતે ગોઠવી કે જાણે કલાત્મક આસન પર ગુરુને ન પધરાવતા હોય!

આ ઉદ્‌ઘાટન પ્રસંગ બાદ સ્પર્ધાઓનો પ્રારંભ થતાં જ, ક્યાંક થનગનતા યૌવનના કંઠેથી સૂરીલાં કીર્તનો રેલાવાં લાગ્યાં તો ક્યાંક તરવરતું બાળપણ વક્તૃત્વની કળા પાથરવા લાગ્યું. મધ્યાહ્ન-સત્રમાં મુખપાઠની કડકડાટી તો રાત્રિસત્રમાં રાસ, સંવાદ વગેરેની ધમધમાટીથી મંચ-માંડવા ગાજવા લાગ્યા. હસ્તકલાની સ્પર્ધામાં યુવાનોની કૌવત ભરેલી આંગળીઓએ સર્જેલા આકર્ષક નમૂના જોઈ નિર્ણાયકો દંગ રહી ગયા, તો શીઘ્ર પ્રશ્નોત્તરીની સ્પર્ધામાં ધાણી ફૂટે તેમ જવાબો આપતા બાળકોને જોઈ સૌ પીઢ ઋષિઓની ઝાંખી કરી રહ્યા. ઊગતી પેઢીની ઊર્જાનો આ જબરજસ્ત વિસ્ફોટ નગરજનો સાથે પ્રબુદ્ધ પ્રોફેસરોના પણ વિસ્મયનો વિષય બની રહ્યો. યુવાનીનો સ્વભાવ નહીં, પણ પ્રભાવ જોઈ વિદ્યાનગર છક થઈ ગયું.

બુદ્ધિની સાથે શુદ્ધિ, શક્તિની સાથે શીલ અને કૌવતની સાથે દૈવતનો મેળ ખાધેલી આ યુવાની જોઈ રાત્રિસત્રમાં આવતા મહાનુભાવોય મંત્રમુગ્ધ બની ગયા. તેમાંના એક શ્રીરાવજીભાઈ પટેલે તો તા. ૨૧/૫ની સભામાં કહી દીધું: 'રાણનું કઠણ લાકડું તોડવા લક્કડફાડને કેવી તકલીફ પડે છે તે તો તે જ જાણે. તેમ યુવાનોનાં હૃદયમાં ભક્તિભાવ ઉત્પન્ન કરવો તે તો આ સંત જ કરી શકે. સ્વામીશ્રી તેમનું જે પરિવર્તન કરી રહ્યા છે તે આખો સમાજ જોઈ

રહ્યો છે.'

ચાલો, આમાં શું જોવું ?

સ્વામીશ્રીની નિશ્રામાં એકેય ઉત્સવ એવો ઊજવાતો નહોતો કે જે સમાજની સુખાકારી માટે કંઈક જમા કરતો ન જાય. આ રીત અનુસાર અહીં પણ રેડક્રોસ સોસાયટીના સહયોગથી સંસ્થાએ રક્તદાન યજ્ઞનું આયોજન કરેલું. આ સેવામાં સામેલ થવાનો અનુરોધ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'યોગીજી મહારાજે તો બીજાને માટે ચંદનનાં લાકડાંની જેમ આખો દેહ ઘસી નાંખ્યો છે. તો લોહી આપવું એમાં શી મોટી વાત ! સેવા માટે આપણે જન્મ્યા છીએ.'

સ્વામીશ્રીનાં આ વચનોથી અને વિશેષ તો સ્વામીશ્રીએ સ્વયં પણ રક્તદાન કરવાની તૈયારી બતાવતાં, સૌમાં આ સેવાયજ્ઞમાં યાહોમ થવાનો એવો જુવાળ જાગ્યો કે રેડક્રોસ પાસે વ્યવસ્થા હતી તેના કરતાં બમણી સંખ્યામાં રક્તદાતાઓએ કતાર લગાવી દીધી. તે વખતે સૌને સમજાયું કે યુવાનોના લોહીમાં સ્વામીશ્રી કેવા વસી ગયા છે ! તત્કાલીન ગુજરાતનો આ સૌથી મોટો રક્તદાન યજ્ઞ બની રહ્યો.

આમ, સર્વ ક્ષેત્રે સ્મરણીય બની રહેલા આ અધિવેશનમાં, છબીકલા, ચિત્રકલા, હસ્તકલા, હસ્તલિખિત અંક વગેરે સ્પર્ધાઓનું આયોજન પણ થયેલું. આ સ્પર્ધાઓના શ્રેષ્ઠ નમૂનાઓની પ્રસ્તુતિ એક પ્રદર્શન દ્વારા બી. જે. કોમર્સ કૉલેજના હૉલમાં કરવામાં આવેલી, જેથી સૌ તેને નિહાળી શકે.

આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન તા. ૨૨/૫ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે થયું. ત્યારબાદ સૌની વિનંતીથી સ્વામીશ્રી તે પ્રદર્શન જોવા માટે હૉલમાં પ્રવેશ્યા. પરંતુ અહીં તો ચિત્ર હોય કે છબી, હસ્તકલા હોય કે હસ્તલિખિત અંક – દરેકમાં સ્વામીશ્રી જ મુખ્ય વિષયવસ્તુ તરીકે રહેલા. આ જોઈ તેઓ બોલ્યા : 'આમાં યોગીજી મહારાજના ફોટાઓ તો નથી. માટે ચાલો, આમાં શું જોવું ?' એમ કહી ઉતાવળે વિહંગાવલોકન કરીને તેઓ નીકળી ગયા.

પોતાની તસવીરો કે તૈલચિત્રોના મોહથી મુક્ત થવું એ ગુરુત્વાકર્ષણ બળથી છૂટવા કરતાંય અઘરું કામ છે. મોબાઇલ ફોનના ધારકનો ભાગ્યે જ કો'ક દિવસ એવો જતો હશે કે જ્યારે તેણે 'સેલ્ફી' ન લીધી હોય. ઘણી વાર તો છબીકારોને સામેથી આમંત્રણ આપીને છબીઓ લેવડાવાય છે અને તેને

પ્રસિદ્ધ કરાય છે. છાપાં-સામયિકોમાં પોતાની તસવીરો નિયમિતપણે આવતી રહે તેની તકેદારી ઘણાં રાખે છે. આવી સ્વ-રૂપઘેલી જમાતમાં, પોતાની છબીઓ જોઈ ઉબકો અનુભવનારા સ્વામીશ્રી છીપલાંઓ વચ્ચે ચમકતા મોતી સમાન હતા.

આજ મારે ઓરડે રે

અધિવેશનમાં ઉપસ્થિત રહેલા ૪,૫૦૦ બાળ-યુવકો વિદ્યાનગરની જુદી જુદી હૉસ્ટેલોમાં ઊતર્યા હતા. સ્વામીશ્રીએ પણ તેમાંની એક સ્ક્વેર હૉસ્ટેલની ભોજનશાળામાં અધિવેશનના પ્રથમ દિવસે અલ્પાહાર ગ્રહણ કર્યો. પરંતુ તા. ૨૨/૫ના રોજ આ હૉસ્ટેલોમાં સ્વામીશ્રીની પધરામણીનું નિમિત્ત કંઈક અનોખું રહ્યું.

સ્પર્ધાર્થીઓએ જ્યાં નિવાસ કરેલો એ ઓરડાઓની સ્વચ્છતા સંબંધી પણ એક સ્પર્ધા આ અધિવેશનમાં યોજાયેલી. તે નિમિત્તે એકેએક ઓરડાને બાળ-યુવકોએ નમૂનેદાર સ્વચ્છતાથી શણગારેલો. તેઓની એ ૩૫૦ રૂમોમાં સ્વામીશ્રી ઠાકોરજી સહિત પધાર્યા! આ લાભ પામી રોમાંચિત થઈ ગયેલા બધા જ બાળકો-યુવકોનાં હૈયાં ગાઈ ઊઠ્યાં: *'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...'*

સ્વામીશ્રીએ સામે ચાલીને આપેલા આ આશીર્વાદથી પૂર્ણ પરિતોષ પામેલા સૌને હવે પારિતોષિકનીયે કોઈ સ્પૃહા રહી નહીં. સ્વામીશ્રી સાથે એકધારું ૩૫૦ ઓરડાઓમાં ફરવાનું થતાં તેઓની ભેગા ચાલનારાઓના પગ તો રાસડા લેવા માંડ્યા. તેઓને સ્વામીશ્રીના પધરામણી-પરિશ્રમની આજે કંઈક ઝાંખી થઈ ગઈ.

પરંતુ આ પરિશ્રમનો રેલો-વેલો અહીં પૂરો થતો નહોતો. તે છેક સભાસ્થળ સુધી લંબાયો. ૩૫૦ ઓરડાઓમાં પગલાં કરી સ્વામીશ્રી સભામંડપમાં પહોંચ્યા. અહીં તેઓ સમક્ષ દોઢ કલાક સુધી બૅન્ડ સ્પર્ધા ચાલી. તે નિહાળતાં સ્વામીશ્રી અપૂર્વ ધીરજ રાખી બેઠા અને સૌને પ્રોત્સાહિત કરતા રહ્યા. જો કે, આ અધિવેશનના બધા દિવસો દરમ્યાન તેઓ સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૬ અને રાત્રે ૮ થી ૧૨ વાગ્યા સુધી સભામાં બેસી બાળકો-યુવકોની પ્રસ્તુતિ માણતા રહેલા. બાળ-યુવા પેઢીના જતન માટે સ્વામીશ્રીએ ઉઠાવેલા પરિશ્રમની કોઈ સીમા રહી નહોતી.

હિંદુસ્તાનનું ભવિષ્ય ઉજ્જ્વળ છે

તા. ૨૩/૫ના રોજ અધિવેશનની પૂર્ણાહુતિના દિવસે ઇનામ વિતરણ સમારંભ યોજાયેલો. તેમાં ઊગતી પેઢીને વધાવવા સૌ પ્રજાજનો આતુર હતા. આ પ્રતીક્ષાનો અંત આવે તે પૂર્વે, સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિએ સ્વાનુભવ રજૂ કર્યો કે "છેલ્લા સાત દિવસથી યુવકોની પ્રવૃત્તિ જોઉં છું. મનથી નાસીપાસ થયેલો માણસ આનાથી ઉત્સાહિત બને છે. યુવાનોની શિસ્ત અને નિયમિતતા જોઈ તેમની આગળ શીશ નમાવવાનું મન થાય છે. આચરણની રીતે અવળચંડા વિદ્યાર્થીઓ જોઈ એમ થતું કે 'હિંદુસ્તાનનું શું થશે?' પણ અહીં યુવાનોનું વર્તન જોઈ લાગ્યું કે 'હિંદુસ્તાનનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.' સ્વામીશ્રીએ અમારા પર ઉપકાર કર્યો. કાલે હૉસ્ટેલના ઓરડે-ઓરડે તેઓએ પધરામણી કરી. જે વિદ્યાર્થીઓ તેમાં રહેશે તેની વિચારસરણી જુદી થઈ જવાની! એક્સ-રે કરતાં પણ બળવાળાં કિરણો તેમનાં છે. હું તો અહીં શીખવા માટે આવ્યો છું."

સ્વામીશ્રીનું કાર્ય સૌમાં અમર આશા અને ચિરંતન ચેતના પ્રગટાવી દેતું.

આમંત્રિત અતિથિઓની આ અનુભૂતિઓ બાદ સ્વામીશ્રીના વરદહસ્તે વિજેતાઓ ઇનામો ગ્રહણ કરવા આવવા લાગ્યા. સ્વામીશ્રી તે દરેક પર અમીદૃષ્ટિ વરસાવી રહ્યા.

અંતે સૌને આશીર્વર્ષાથી કૃતાર્થ કરતાં તેઓએ જણાવ્યું :

"ઇનામો કોઈ લઈ ગયાં ને કોઈ રહી ગયા એમ ન માનવું. તેમની આજ્ઞાથી ભાગ લીધો છે તે મોટી વાત છે. નિરાશ થવાનું નથી. સાહેબ વિદ્યાર્થીઓને ઊઠ-બેસ કરાવે પણ આજે તેમને વિદ્યાર્થીઓએ ઊઠ-બેસ કરાવી.[૨૫] જો આપણે બરાબર ભક્તિ કરીશું તો ભગવાન ઊઠ-બેસ કરશે. આજે વિદ્યાર્થીઓમાં સદ્‌બુદ્ધિ આવવી જોઈએ. હડતાલોનું સૂત્ર ગાંધીજીએ શીખવ્યું. પણ તે પરદેશીઓ સામે હતું. પણ આપણે આપણા ઘરમાં વાપર્યું.

એક બાપે તેના છોકરાને સૂત્ર આપ્યું કે 'શૂરવીર થવું.' એક વાર તેના બાપ સાથે બોલાચાલી થઈ ને છોકરે બાપને વળગાડી દીધી. બાપે કહ્યું : 'મને માર્યો?' ત્યારે છોકરાએ કહ્યું : 'કેમ? તમે જ શીખવ્યું હતું ને શૂરવીર થવું!'

દેશની બધી મિલકતો આપણી છે. આપણે આપણી મિલકતો ન ભાંગવી.

---

૨૫. ઉપકુલપતિશ્રીએ સૌને ઊભા થઈને પ્રમાણપત્રો આપ્યા હતા તે સંદર્ભમાં.

યુવક અધિવેશન સંપૂર્ણ બન્યું છે તે કેવળ યોગીબાપાની દૃષ્ટિ ને સંકલ્પ.''

યુવા-ઘડતરના મહાયજ્ઞની આ અંતિમ આહુતિ આપી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સત્-યુગના સત્રનું સમાપન થયું હોય તેવું ભાવાવરણ સર્જાઈ રહ્યું.[૨૬]

નિરમાની નિત રહે

વિદ્યાનગરથી ડભાણ, રઢુ, લીંબડી, મોરવાડ, સાયલા, રાજકોટ થઈને ગોંડલ પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૫/૫ના રોજ યોગી જયંતીનો ઉત્સવ ધામધૂમથી ઊજવ્યો. ગોંડલના નિવાસ દરમ્યાન જ જેતપુર તથા પારડીને પણ લાભ આપી તેઓ તા. ૩૦/૫ના રોજ રાજકોટ આવી પહોંચ્યા.

અહીં તા. ૨/૬ના રોજ સ્વામીશ્રીનો 'પ્રમુખવરણી દિન' ઊજવવાનું સદ્ભાગ્ય મળ્યું હોવાથી સૌમાં ઉમંગ વ્યાપી ગયેલો.

આ ઉત્સવ-સભામાં મહંત સ્વામીએ સ્વામીશ્રીનું ગુણદર્શન કરાવતાં કહ્યું કે 'પ્રમુખસ્વામી ધણી થઈને સત્સંગનું કાર્ય કરે છે. બીજાની ભૂલો પોતાના માથે લઈ લીધી છે. શિયાળામાં સગડી પાસે બેસીએ ને હૂંફ રહે તેવી તેમના સાંનિધ્યમાં મને હૂંફ મળે છે. હું પહેલવહેલો જબલપુરથી આવ્યો ત્યારે હું હિંદી બોલું ને તેઓ ગુજરાતી બોલે. (આણંદ)મંદિરેથી નિર્ગુણ સ્વામીની દેરીએ જતાં રસ્તામાં હિંદી-ગુજરાતીમાં વાતો થઈ. ખૂબ જ આનંદ આવ્યો. તેમની સાથે હેત થયું. સાધુ થવાની ઇચ્છા થઈ. તેમણે પછી જોગીબાપામાં જોડ્યા. મધ્ય (પ્રકરણના) પચીસમા વચનામૃતમાં કહ્યા મુજબ તેમનું જીવન છે. ભગવાન જેવા ઐશ્વર્ય છે છતાં નિર્માનીપણે વર્તે છે. શાસ્ત્રીજી મહારાજે 'વીટો'(અબાધિત અધિકાર) આપેલો છે પણ તેનો અમલ કર્યો જ નથી.'

સ્વામીશ્રીની નમ્રતાને આ જે અંજલિ અપાઈ તેની વિશેષ પ્રતીતિ માટે સૌને ઝાઝી રાહ જોવી ન પડી. આ પ્રવચન બાદ સ્વામીશ્રીને સન્માનવાનો કાર્યક્રમ હતો. તેમાં યુવક મંડળે ફૂલગૂંથણી કરીને બનાવેલી કલાત્મક ચાદર સ્વામીશ્રીને ઓઢાડવા સૌ આવ્યા પણ સ્વામીશ્રીએ તે અંગીકાર ન કરતાં

---

૨૬. સ્વામીશ્રીની નિશ્રામાં વિદ્યાનગર મુકામે યોજાયેલા આ અધિવેશનની ઝલક મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

મૂર્તિનાં ચરણોમાં મુકાવી દીધી. પોતા માટે થતું કંઈ પણ વિશેષ તેઓને વિષ સમાન જ લાગતું.

*'નિરમાની નિત રહે, જતન સહિત મરજાદ...'*ની જ રહેણી-કહેણી હતી તેઓની.

આ જ શૈલીથી અમૃતધારા વહાવતાં તેઓએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ બધું કાર્ય કર્યે જાય છે. મારે તો કંઈ કહેવા-કરવાનું નથી. આપણે કરતા નથી. તેઓ જ કરે છે. આપણી વિશેષતા કે મહત્તા નથી. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજે દાખડા કર્યા તે અત્યારે થઈ શકે તેમ નથી. શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાના પાયા નાંખ્યા છે ને યોગીજી મહારાજે તેના પર પ્લાસ્ટર કર્યું છે. તેને કોઈ વિરોધ અડી શકે તેમ નથી. કોઈ લખે-બોલે તેની શી અસર થવાની છે ? ઘણા સંપ્રદાયમાંથી નીકળ્યા છે, પણ તેમનું પડી ભાંગ્યું છે. આપણું વધતું જાય છે.'

ભાવે હરિની એક ભગતિ

સ્વામીશ્રીના સાંનિધ્યમાં રાજકોટવાસી રોજ સવાર-સાંજ કથાના મીઠા મેવા માણી રહેલા. તેનો આસ્વાદ ચાખવાનો અભરખો દેવાધિદેવ ઈન્દ્રને પણ ઊપડ્યો હોય તેમ તેય અવાર-નવાર કથામંડપની મુલાકાતે આવી જતો. જો કે, શુદ્ધ ઉપાસનાની માયા પરની વાતો તેને ક્યાંથી સદે ? તેથી તે ઝાઝું ટકતો નહીં. આમ, વરસાદની આવન-જાવન વચ્ચે કથામૃતની હેલી સ્વામીશ્રી વરસાવ્યે જતા. વરસાદને કારણે મંડપમાંથી પાણી ટપકતું હોય તો તેઓ સૂચના આપતા : 'જ્યાં કોરું દેખાય ત્યાં બેસી જાઓ.' પણ કથાપ્રવાહ અટકાવતા નહીં.

આ કથાધારા તા. ૪/૬ની સાંજે વહેતી-વહેતી એક હરિભક્તના પ્લૉટ સુધી જઈ પહોંચી. અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં વન મહોત્સવ યોજવામાં આવેલો. વનપર્વને અનુરૂપ વૃક્ષની ડાળે દોરડું બાંધીને હિંડોળો પણ તૈયાર કરેલો. સ્વામીશ્રી પધાર્યા એટલે તેઓને તે હિંડોળે બિરાજવા સૌએ વિનંતી કરી.

પણ 'ઠાકોરજીને બેસાડો' એમ કહી સ્વામીશ્રી બાજુમાં રાખેલી ખુરશી પર બેસી ગયા. તેઓનું વાક્ય ટૂંકું હતું, પણ તેમાં અરુચિ અને અણગમો એવાં ભારોભાર ભરેલાં કે કોઈ તેઓને ઊભા કરીને હિંડોળામાં ન બેસાડી શક્યા. ઠાકોરજી હિંડોળે ઝૂલવા લાગ્યા અને સ્વામીશ્રી ખુરશી પર જ બેસી રહ્યા.

થોડી વારે ધૂન-ભજન શરૂ થયાં. તે સાથે જ વરસાદ પણ. આ વખતે તેનું જોર જરા વધુ હતું. તેથી તાબડતોબ કોઈક છત્રી લઈ આવ્યું અને સીધી ધરી દીધી સ્વામીશ્રી પર. હજી તો તે ધરનારો ટાણાની સેવા કર્યાના આનંદનો ઘૂંટડો ગળા હેઠે ઉતારે તે પહેલાં તો સ્વામીશ્રીની નજર ફરી અને બોલ્યા: 'ઠાકોરજી પર ધરો.'

*'ભાવે હરિની એક ભગતિ, અતિ અવર લાગે અંગાર...'*ની રીત રાખી વિચરતા સ્વામીશ્રીના જીવનની ધરી ઠાકોરજી જ હતા. આજે સૌ વરસાદની સાથે તેઓની ભક્તિથી પણ ભીંજાયા.

અસલ હોય તે બોલો

તા. ૫/૬નો દિવસ રાજકોટના રોકાણનો અંતિમ દિવસ હોવાથી પ્રાતઃપૂજામાં ભક્તોની ભીડ ઘણી થયેલી. સૌની આંખો ભમરો બનીને ગુરુના મુખકમળની આસપાસ મંડરાઈ રહેલી. પૂજાની સમાંતરે ચાલતી કીર્તન-ભક્તિ મધુકરના આ રસપાનને વધુ મધુર બનાવતી હતી. તેમાંય *'શાસ્ત્રીજી મહારાજનો સંગ, ભાઈ મને ભાગ્યે મળ્યો છે...'* કીર્તન ઊપડ્યું ત્યારે તો વાતાવરણ રસમયતાની પરાકાષ્ઠાએ પહોંચી ગયું. આ કીર્તનની એક પછી એક ગવાતી કડીઓમાં છેલ્લે ગવાયું: *'યજ્ઞપુરુષનાં દર્શન કરતાં, ચડે છે ચોગણો રંગ...'*

સૌએ આ પંક્તિઓ ઝીલી ત્યાં તો ગાયકે શબ્દફેર સાથે એ કડી દોહરાવી કે *'નારાયણસ્વરૂપનાં દર્શન કરતાં...'* હજી તો આ પંક્તિ સૌ ઝીલે તે પહેલાં સ્વામીશ્રીએ ગાયકને કહ્યું: 'અસલ હોય તે બોલો.'

પોતાના ગુણોને પણ ગુરુનું ઘરેણું માનતા સ્વામીશ્રી ગુરુના ગુણોની માળા તો પોતાના કંઠમાં કેવી રીતે પહેરી શકે! સદા અસલ રીત પ્રમાણે ચાલનારા તેઓએ અસલ ગીત જ ગવડાવ્યું.

રૂઠા સબ જગસેં રહે

તા. ૫/૬ની રાત્રે આઠ વાગ્યે સ્વામીશ્રી રાજકોટથી ભાદરા પધાર્યા.

અહીં વરસાદની મોસમને કારણે ઊંડ નદી બે કાંઠે વહેતી હતી. તેથી તા. ૬/૬ની સાંજે સ્વામીશ્રી ઠાકોરજી અને સંતો-ભક્તો સાથે સરિત્સાન કરવા નીકળ્યા. મંદિરેથી ઊંડ નદી સુધી જવા માટે મોટર તૈયાર હતી પણ 'જે

તીર્થજાત્રા પગ ચાલી જાવું' વિચારી તેઓ પગપાળા જ નદી કિનારે પહોંચ્યા.

અહીં પ્રથમ ઠાકોરજીને ખૂબ નવરાવ્યા. નદીનાં જળમાં કમ્મરપૂર ઊભા રહીને ક્યારેક બે હથેળીઓમાં ઠાકોરજી રાખી તેઓને ડૂબકી ખવડાવતા તો ક્યારેક ડાબા હાથે ઠાકોરજી પકડી જમણા હાથે તેઓ પર જળની અંજલિઓ પધરાવતા સ્વામીશ્રીનો ભક્તિપ્રવાહ નદીના પ્રવાહની જેમ જ વહી રહ્યો.

ભગવાન પછી સ્વામીશ્રીને વિચાર રહેતો ભક્તોનો. અને આપવું તો ખોબલે-ખોબલે એ તેઓની પ્રકૃતિ. એટલે નદીનાં જળમાં ઉતાવળે હાથ ડુબાડી, ખોબે-ખોબે દરેકના મસ્તકે જલધારાઓ કરી. સૌ આ સ્મૃતિપ્રવાહમાં ખેંચાઈ ગયા.

તીર્થસ્થાન બાદ ભાદરાના રોકાણ દરમ્યાન બાલંભાને નગરયાત્રા, સભા અને પધરામણીઓની ત્રિવેણીમાં ઝબકોળી, સ્વામીશ્રી તા. ૯/૬ના રોજ રાજકોટ આવી પહોંચ્યા.

અત્રે પધરામણીઓ બાદ શિવલાલ મકવાણાના ઘેર ઠાકોરજી જમાડવાના હતા. આ દુર્લભ લાભ મળવાથી યજમાનના ઘરમાં સૌ રાજી હતા. તેઓએ રસોઈ તો ખંતપૂર્વક બનાવી પણ ભોજન સાથે ભોજનનું સ્થાન પણ સુંદર રીતે સજાવ્યું. સ્વામીશ્રી માટે આસન પાથરી દીધાં. તેની આગળ પાટલા ગોઠવાઈ ગયા. તે પાટલા પર જરી ભરેલા મુલાયમ રેશમી વસ્ત્ર પણ બિછાવ્યાં.

આ પૂર્વતૈયારીઓ પૂર્ણ થઈ ત્યાં જ સ્વામીશ્રી પધાર્યા. પધરામણીની ઔપચારિક વિધિ આટોપીને જ્યાં તેઓ ભોજનના આસન પાસે આવ્યા ત્યાં તેઓની નજર પાટલા પર પાથરેલા જરીભરિત વસ્ત્ર પર ગઈ. તે જોઈ તેઓએ તરત જ કહ્યું: 'આ કાઢી નાંખો.'

રંચમાત્ર રજોગુણ સ્વામીશ્રીને પરવડતો નહીં. *'રૂઠા સબ જગસેં રહે, હાંજી વૈરાગી સોઈ રે સુજાન...'*ની કક્ષા તેઓની હતી.

આ કક્ષામાં રહીને સર્વત્ર ઘૂમતાં સ્વામીશ્રી રાજકોટથી એ જ દિવસે રસ્તામાં આવતા ડાંગરાની ઘેલ નદીમાં સ્નાન કરી ભાદરા આવી ગયા.

અહીં તા. ૧૦/૬ના રોજ કથામૃત પીરસતાં તેઓએ પ્રેરક વાત કરી કે 'કોઈ પૈસાદારને જોઈએ તો પૈસાદાર થવાનું મન થાય પણ ભિખારીને જોઈને ભિખારી થવાનું મન થતું નથી. માટે દાદાખાચર વગેરે ભક્તો થઈ ગયા, તેમનો વાદ લેવો. ઊતરતાનો વાદ ન લેવો.'

પાંચાળમાં પગલાં

તા. ૧૧/૬ની બપોરે બે વાગ્યે ભાદરાથી નીકળેલા સ્વામીશ્રી થાનગઢ આવી પહોંચ્યા. અત્રે મકાન ખરીદીને ભક્તોએ તૈયાર કરેલા મંદિરમાં તેઓના વરદહસ્તે તા. ૧૨/૬ના રોજ અક્ષર-પુરુષોત્તમ બિરાજ્યા.

આ પ્રતિષ્ઠા બાદ સાંજે ચાર વાગ્યે વીસેક પધરામણીઓ કરી સ્વામીશ્રી કણ્વ ઋષિએ બાંધેલા પુરાતન સૂરજદેવળે પધાર્યા. અહીં મહંતજી સહિત સૌ તેઓની ઉત્કંઠ થઈને રાહ જોઈ રહેલા. તેનું કારણ હતું – આ મંદિરમાં રાખેલાં નગારાંની કણકણ. અહીં મૂકવામાં આવેલું નગારું મંદિરમાં કોઈ મહાપુરુષ આવવાના હોય ત્યારે આપમેળે રણઝણે. આજે સવારે નવ વાગ્યે આમ બનેલું. તેથી સૌને પ્રતીતિ હતી કે 'આજે કોઈ મહાન વિભૂતિનાં પગલાં અહીં પડશે.' અને સાંજે જ સ્વામીશ્રી પધારતાં વ્યવસ્થાપકોએ હારતોરા અને સાકર-શ્રીફળથી તેઓને સન્માન્યા.

તે સ્વીકારી સ્વામીશ્રી સોનગઢ પહોંચ્યા. અત્રેના આગેવાનોએ પણ તેઓને પ્રેમપૂર્વક આવકાર્યા. ચાદર ઓઢાડી સ્વાગત કર્યું, પરંતુ સ્વામીશ્રીએ તે ચાદર સવિનય તેઓને જ પાછી ઓઢાડી દીધી. તદુપરાંત લાખા બાપુના ગોખમાં પણ દક્ષિણા મુકાવી સૌજન્ય દાખવ્યું.

સોનગઢથી સ્વામીશ્રી નવા સૂરજદેવળની જગ્યામાં થઈ ચોટીલાને પાવન કરતાં તા. ૧૩/૬ના રોજ સણોસરા આવ્યા.

આ ગામમાં સૌ પ્રથમ વાર સ્વામિનારાયણીય સંતોની પધરામણી થતી હતી. છતાં સ્વામીશ્રીના સ્નેહ-સાધુતાથી આકર્ષાયેલા કેંક કાઠી દરબારોએ વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો. શ્રીજીમહારાજ 'કાઠિયા ભગવાન' કહેવાતા, પણ ચોટીલા પંથકમાં તેઓ બહુ વિચર્યા નહોતા. એ ખોટ તેઓએ આજે સ્વામીશ્રી દ્વારા પૂરી કરી. તો સામે કાઠી દરબારોએ પણ,

'રઘુવરપદ વાનરે જ સેવ્યા, વ્રજપતિ સેવક ગોપ-ગોપી જેવાં;
*વૃષસુતપદ પૂર્ણ હેત કીધું, અતિ સુખ કાઠીજનોએ આજ લીધું...'*ની જેમ સ્વામીશ્રીનો પૂરેપૂરો લાભ લીધો.

કૃપાળુ ને પર-ઉપકારી

સણોસરાથી સ્વામીશ્રી ફૂલગ્રામ, મૂળી, જોરાવરનગર, લીંબડીને લાભ

આપતાં તા. ૧૩/૬ની રાત્રે નવાગામ(સેજકપુર) આવી ગયા.

અત્રે ત્રણ દિવસના પારાયણ બાદ, તા. ૧૬/૬ની સાંજે તેઓને મોજીદડ જવાનું હતું. આ મુસાફરી માટે નવી લીધેલી જીપની વ્યવસ્થા કરવામાં આવેલી. સ્વામીશ્રી અને સંતોએ તેમાં બેસીને પ્રયાણ કર્યું. પણ રસ્તામાં વરસાદનાં જોરદાર ઝાપટાં શરૂ થયાં. તેથી મોજીદડનો માર્ગ મૂકી સ્વામીશ્રીએ સીધી ગઢડાની વાટ પકડી. તે રસ્તે બોરણા સુધી પહોંચ્યા ત્યાં જીપનાં પૈડાં થંભાવી દેવાં પડ્યાં, કારણ કે આગળ પાણીનો પાળો આડો આવીને પડેલો. કેડ સમાણાં પાણીમાં નવી જીપ પણ સોંસરી ઊતરે તેમ ન હોવાથી ગાડીને પાછી વાળી સ્વામીશ્રી 'લીંબડી'ની છાયામાં આવી ગયા.

પરંતુ આશરે ત્રણેક કલાકની આ મુસાફરી દરમ્યાન વરસાદની ઝાપટે તેઓને સારી રીતે લપેટમાં લીધા, કારણ કે નવી લીધેલી જીપમાં આગળની બેઠક પર બેઠેલા સ્વામીશ્રીની બાજુની બારીને કાચ જ નહોતો! તેથી પવન અને પર્જન્યનું 'સુખ' તેઓ ઝીલતા રહેલા, છતાં તેઓના હોઠ પર કોઈ ફરિયાદી સૂર ફૂટ્યો નહીં કે કોઈ માંગણી જન્મી નહીં. જન-જનના ઉત્કર્ષ માટે મુશ્કેલીઓના મેઘ ખમતા સ્વામીશ્રીની આ કરુણા સૌને વરસાદથી પણ વધુ પલાળી ગઈ.

પરંતુ આ કૃપા-કરુણાથી ભીંજાયેલા એ ભક્તોએ તા. ૧૭/૬ના રોજ સ્વામીશ્રીએ ખેડેલા પ્રવાસની વિગત સાંભળી હોત તો તેઓ કરુણાના પ્રવાહમાં તણાઈ જ ગયા હોત!

આ દિવસે લીંબડીથી નીકળેલા સ્વામીશ્રી અચારડા પાસે આવેલા નારાયણ ધરે પધાર્યા. અહીં વહેતી વાસળ નદી છલોછલ હોવાથી ટ્રેક્ટરોની મદદ દ્વારા જીપગાડી નદીપાર ઉતારવામાં આવી. ત્યારબાદ સ્વામીશ્રી ચચાણા થઈને ધંધુકા પહોંચ્યા. અહીંથી જીપને સારંગપુર મોકલી આપવાની હોવાથી તેઓએ ધંધુકાથી ગઢડા સુધીની મુસાફરી બસમાં બેસીને કરી!

સંત સુખ સહુને કરે

ગઢડા પહોંચેલા સ્વામીશ્રી તા. ૧૯/૬ની સવારે ગુંદાળામાં નવનિર્મિત મંદિરનો ખરડો કરીને ઘોઘાસમડી પધાર્યા. અહીં તેઓના વરદહસ્તે બાઈ-ભાઈનાં મંદિરોનું ખાતમુહૂર્ત થતાં ગ્રામોદ્ધારનાં દ્વાર ખૂલી ગયાં.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'વૃંદાવનની ફરતે

ચોવીસ માઈલની ભૂમિ પવિત્ર ગણાય છે. તેમ આ ગઢડાની જ ભૂમિ કહેવાય. ત્યાં મંદિર થાય છે તો બધાએ તન-મન-ધનથી સેવા કરવી ને લાભ લેવો.'

ખાતવિધિ બાદ સ્વામીશ્રીને પડવદર જવાનું હતું, પરંતુ સખત વરસાદે એ કાર્યક્રમને ભોંયભેગો કરી દેતાં, 'હવે શું કરવું?' એ પ્રશ્ન સૌને થયો. પણ સ્વામીશ્રીને નહીં. તેઓ તો ઘોઘાસમડી ગામમાં પધરામણી કરવા નીકળી પડ્યા. વરસાદને કારણે શેરીઓ કાદવ-કીચડથી ભરપૂર હોવા છતાં સ્વામીશ્રીએ પચીસેક ઘરો પાવન કર્યાં. તે દરમ્યાન તેઓ એક ઘરમાં પ્રવેશ્યા ત્યારે અહીં પચીસ વર્ષનો યુવાન ઠાકોરજીનું પૂજન કરવા આગળ આવ્યો. તેના પિતાનો સ્વર્ગવાસ થઈ ચૂકેલો અને આ આખા કુટુંબનો તે એકમાત્ર કમાઉ સભ્ય હતો.

પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ તેને પૂછ્યું: 'કોઈ વ્યસન છે?'

કોઈ પણ ઘર-ગામમાં સ્વામીશ્રી પહેલું કામ સૌને મનુષ્યના નોરમાં લાવવાનું કરતા. પછી ભક્તનું પગથિયું ચડાવતા. પહેલાં શુદ્ધિ, પછી વૃદ્ધિ. આ રીત મુજબ સ્વામીશ્રીએ પેલા યુવાનને પૂછેલું: 'કોઈ વ્યસન છે?'

'હા, બીડી પીઉં છું.' યુવાન તરફથી કબૂલાત થઈ.

'મૂકી દો.' સ્વામીશ્રી તરફથી ભલામણ થઈ.

'આ મૂકી. આજથી બીડી પીએ તે હરામ.' એ યુવાન માટી[૨૭] નીકળ્યો. તેણે એક જ ઝાટકે દાનવનું ડોકું વાઢી નાંખ્યું.

તેની આ શૂરવીરતાથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ સામેથી પૂછ્યું: 'દીકરો છે?'

'ના, એક દીકરી છે.'

'જાઓ, મહારાજ દીકરો આપશે. સત્સંગ રાખજો. સભામાં જજો.'

સ્વામીશ્રીના મુખેથી વણમાંગ્યા આશીર્વાદની વાદળી વરસી ગઈ. તેથી તે યુવાન ભીંજાઈ ગયો. વ્યસનનો વળગાડ લઈ જઈને પુત્રનાં પારણાં બાંધી આપનારા સ્વામીશ્રી તે યુવાનને પરમ પિતા સમાન લાગ્યા. આસપાસ ઊભેલા સૌને પણ સ્વામીશ્રી વિષે *'સંત સુખ સહુને કરે, હરે તન મન ત્રાસ'*નો અનુભવ થઈ રહ્યો. બહાર આકાશ વરસી રહેલું; અંદર સૌનાં અંતર.

લાડકા બાપાના અમે બાળ રે

સ્વામીશ્રીને હવે ઘોઘાસમડીથી ગઢડા પરત ફરવાનું હતું, પરંતુ

---

૨૭. શૂરવીર.

વરસાદને કારણે ગામડાંના રસ્તાઓ નાળાં જેવા બની ગયેલા. તેમાં મોટર નાંખવી મુનાસિબ ન લાગતાં ટ્રેક્ટર સાથે તેને બાંધવામાં આવી. તે રીતે સ્વામીશ્રી માલપરા થઈને ગઢપુર આવી પહોંચ્યા.

અહીંથી તા. ૨૧/૬ના રોજ તેઓ સારંગપુર પધારવાના હતા. તે દિવસની સવારે સ્વામીશ્રી મંદિરમાં શણગાર આરતી ઉતાર્યા બાદ કોળી મંડપમાં દંડવત કરવા ઝૂક્યા. તે વખતે સૌ હરિભક્તો તેઓનો ચરણસ્પર્શ કરવા લાગ્યા. *'જેહિ પદરજ બ્રહ્માદિક સુર મુનિ, નિત પ્રતિ શિર પર ધારે હો...'* તે આટલી સુલભ બને ત્યારે તેને હાથે-માથે ઘસવાનો લાભ કોણ છોડે ?

પણ આ ક્રિયા-પ્રક્રિયા સ્વામીશ્રીને શૂળની જેમ ખૂંચતી. તેઓ ઘણી વાર કહેતા : 'ઠાકોરજીની મર્યાદા જાળવવી. સંત ઠાકોરજીનાં દર્શન કે દંડવત કરતા હોય ત્યારે હરિભક્તો તેમને દંડવત કરવા માંડે ને પગે અડવા માંડે તે ઠાકોરજીની મર્યાદા રાખી ન કહેવાય.' તેથી તેઓએ આજે પણ હરિભક્તોને અટકાવ્યા.

નેમ(નિયમ) સહિતનો પ્રેમ શીખવી સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યે સારંગપુર જવા તૈયાર થયા. સૌ પોતપોતાનાં વાહનોમાં ગોઠવાવા માંડ્યા. તે વખતે સુણાવથી આવેલો નવેક વર્ષીય રાજુ સ્વામીશ્રીની મોટરની આસપાસ આંટા મારી રહેલો. એ બાળકે આજે સવારથી જ વેન લીધેલું કે 'મારે સ્વામીશ્રી સાથે જ મોટરમાં બેસીને સારંગપુર જવું છે.'

આવો દુરાગ્રહ ન કરવા વિષે તેને સંબંધીઓએ ઘણો સમજાવેલો પણ બાળહઠ કોનું નામ ? સૌ નનૈયો ભણતા'તા એટલે તેણે તો આ મુદ્દો રજૂ કરી દીધો સ્વામીશ્રી પાસે જ. સ્વામીશ્રીએ તેને ખાતરી આપી કે 'હું તને મારી સાથે મોટરમાં બેસાડીને સારંગપુર લઈ જઈશ.'

આ બાંયધરી મળતાં જ રાજુ અત્યારે સમય કરતાં વહેલો આવીને મોટર આગળ હાજર થઈ ગયેલો. અહીં તેની બે નાની આંખો સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલી. થોડી વારમાં જ સ્વામીશ્રી નિજનિવાસમાંથી બહાર પધાર્યા. મંદિર પર જઈ ઠાકોરજીની વિદાય લીધી. નીચે આવી સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા અને ગાડીમાં બિરાજ્યા.

જેવા તેઓ મોટરમાં બેઠા કે તરત જ માની સોડમાં છોકરું ગોઠવાઈ જાય તેમ રાજુ તેઓની સાથે બેસી ગયો. તેના અંતરમાં ઈન્દ્રાસન મળી ગયાનો રોમાંચ વ્યાપી વળ્યો. પંચાવન વર્ષના પીઢ ધર્મગુરુના ગોઠણેગોઠણ

અડાડીને આ નવ વર્ષનો ઉછાંછળો બાળક મુસાફરી કરવા લાગ્યો ત્યારે સ્વામીશ્રીને નીરખતાં સૌ ગાઈ રહ્યા: *'કહા કહું હરિ કરુણા તેરી...'*

આરામ પછી

સારંગપુરમાં સ્વામીશ્રીના એક અઠવાડિયાના રોકાણ દરમ્યાન તા. ૨૬/૬ની સવારે બોટાદમાં બાઈઓના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા તેઓનાં કરકમળો દ્વારા થઈ. તે પછી તા. ૨૭/૬ના રોજ નાવડા થઈને સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં તેઓએ તા. ૨૮/૬ની સવારે કથાનો મીઠો મેવો વહેંચતાં વાત કરી કે ''મોટાપુરુષ આગળ નિષ્કપટપણે વર્તવું. કોઈને પૂછીએ, 'વ્યવહાર કેમ છે?' તો કહેશે, 'ઠીક ઠીક.' પણ 'સારો છે' તેમ ન કહે. 'કદાચ લઈ લેશે તો?' એવી બીક રાખે. પણ આપણો વ્યવહાર સાચવવો તેમના હાથમાં છે. કામ, ક્રોધ, તૃષ્ણા વગેરેનું પોટલું સાથે રાખીને ફરીએ તો મોટાપુરુષ શું રાજી થાય? બળદને વેચે ત્યારે બળદથી 'ના' ન પડાય કે 'મને ડમણિયે કે હળે નહીં ફાવે.' તેમ સંતના ગુલામ થવું.''

આશીર્વાદનું આ અમૃત પીરસ્યા બાદ સ્વામીશ્રી જુદી જુદી હૉસ્પિટલોમાં અને જુદાં જુદાં ગામોમાં બીમાર ભક્તોના ખબર-અંતર પૂછતાં-પૂછતાં કોચરબ, અસલાલી, ડભાણ થઈને વડોદરા પધાર્યા. અહીંથી 'બરોડા એક્સપ્રેસ' દ્વારા તા. ૨૯/૬ની સવારે મુંબઈ જઈ પહોંચ્યા.

અત્રે ભાટિયા હૉસ્પિટલ અને કે.ઈ.એમ. હૉસ્પિટલમાં માંદગીથી મૂંઝાતા એક-એક ભક્તને હામ પૂરી તેઓ તે જ રાત્રે ટ્રેન દ્વારા પુનઃ વડોદરા થઈને અટલાદરા આવી ગયા! બે ભક્તો માટે તેઓએ દેહ અને દિવસને વાટી નાંખ્યો!

અટલાદરામાં તા. ૩૦/૬ની સવારે સ્વામીશ્રી મંદિરના પાટોત્સવનો વિધિ કરવા બિરાજ્યા. સો યજમાનો આ દિવ્ય લાભ જીવતરના ચોપડે જમા કરી રહેલા. મંદિરનો ઘુમ્મટ વેદમંત્રોના ઘોષથી ગુંજી રહેલો. પાટોત્સવની પ્રાથમિક વિધિ બાદ હવે મૂર્તિઓના પંચામૃત-અભિષેકનો વિધિ શરૂ થવાની તૈયારીમાં હતો. ત્યાં જ સ્વામીશ્રીને ઊલટીની સંવેદના જાગી. તેથી તેઓ નીચે ઊતરી, ઊલટી કરી, મુખપ્રક્ષાલન બાદ પુનઃ ઠાકોરજી પાસે પધાર્યા. પરિસ્થિતિ આમ થાળે પડી અને સ્વામીશ્રીએ પાટોત્સવ-વિધિ આગળ ચલાવ્યો ત્યાં થોડી

વારે બીજી ઊલટીનો ઉપદ્રવ ઊભો થયો. વળી, સ્વામીશ્રી નીચે ઊતર્યા. બીમાર ભક્તોની તબિયત જોવા તેઓએ સમયનો લય ખોરવીને કરેલી હડિયાદોટીથી તેઓની તબિયતનો લય ખોરવાઈ ગયેલો. ઊલટી તેના જ પરિણામરૂપે હતી. તેથી સૌએ કહ્યું : 'બાપા ! આરામ કરો.'

'આરામ પછી.' સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો નહીં, તેઓની શૈલી ઊછળી આવી.

ઉપરાછાપરી થતી ઊલટીઓની વચ્ચે તેઓ કાર્ય કરતા ગયા અને પાટોત્સવની આરતી સાથે વિધિ પૂરો થયો. આરતી બાદ ઉત્સવ-સભા શરૂ થવાને થોડી વાર હતી. તેથી સ્વામીશ્રીને મંદિરની નીચે રહેતા પૂજારીના બેઠક-કક્ષમાં આરામ માટે સુવડાવવામાં આવ્યા. પણ ત્યાં ત્રીજી વાર ઊલટી થઈ. તકેદારીનાં પગલાંરૂપે ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. તેઓએ સ્વામીશ્રીને તપાસીને દવા આપી. પણ સ્વામીશ્રીએ હાલ તે લેવાની 'ના' પાડી. કઈ ગણતરીથી તે તો તેઓ જ જાણે !

થોડો આરામ કરીને સ્વામીશ્રી પાટોત્સવની સભામાં જવા તૈયાર થયા. તેઓની નાજુક તબિયત જોતાં સૌએ ન જવા વીનવ્યા. પરંતુ ગજરાજ તાંતણે બંધાય ? એક વાગ્યે સ્વામીશ્રી સભામાં પધાર્યા. ઊલટીઓના મારથી સ્વાસ્થ્ય શિથિલ હતું. છતાં ઉત્સાહભેર આશીર્વાદ આપ્યા કે 'પ્રાણપ્રતિષ્ઠા ને પાટોત્સવનું સરખું માહાત્મ્ય છે.' આમ કહી ૩૧ વર્ષ પૂર્વે થયેલા પ્રતિષ્ઠા-મહોત્સવનું એવું આબેહૂબ વર્ણન કર્યું કે સૌની નજર સમક્ષ પ્રતિષ્ઠા કરતા શાસ્ત્રીજી મહારાજ તાદૃશ થઈ ગયા !

પરંતુ ભક્તોનાં અલ્પ દુઃખને ભાંગવા પૂર્વ-પશ્ચિમ એક કરી મૂકતા સ્વામીશ્રીને પોતાના સ્વાસ્થ્યની જાળવણી અંગે ઉદાસ જોઈ આજની સભામાં સૌ ગદ્ગદ હતા. આ જ ભાવસમાધિમાં સભા પૂર્ણ થઈ.

પરહરી આશા પિંડ કી

ગઈકાલની અસ્વસ્થ તબિયતને થાળે પાડવામાં એક દિવસ પૂરતો પડે એમ નહોતો. તેથી તા. ૧/૭ની સવારે સ્વામીશ્રી જાગ્યા ત્યારે પણ તેઓનું શરીર કણસતું જ હતું. વળી, ઘા ભેગો ઘસરકો મારવા શરદી પણ હાજર થઈ ગયેલી. છતાં સ્વામીશ્રીએ અગાઉથી ગોઠવાયેલા પંચમહાલના કાર્યક્રમમાં કશું રદ કે મુલત્વી કર્યું નહીં અને *'પરહરી આશા પિંડ કી... હાંજી મતવાલા સોઈ*

મગરૂર'ની રીતે, તા. ૧/૭ના રોજ ૭ ગામોમાં વિચરી ચૂક્યા.

સવારે અટલાદરાથી નીકળેલા તેઓ ચંદ્રપુરા, હાલોલ, રણજિતનગર, ઘોઘંબા, કણબીપાલ્લીને પાવન કરતાં રાત્રે નવ વાગ્યે ગોધરા પહોંચી ગયા. અહીં આવીને પણ ઉતારે ન જતાં પ્રથમ કૃષ્ણભુવનમાં જાહેર-સભાનો લાભ આપ્યો.

વિચરણના આ દોરમાં સ્વામીશ્રી તા. ૨/૭ની સાંજે લુણાવાડા આવી ગયા. અત્રે હવેલી ચોક અને હાટકેશ્વરમાં સભાઓ થઈ. અહીં સ્વામિનારાયણ નગરમાં આવેલા અક્ષર-પુરુષોત્તમ મંદિરની બાજુમાં જ ૨,૦૦૦ ચોરસ વારની ભૂમિ નવું મંદિર કરવા સંસ્થાને સમર્પિત થઈ હતી. ત્યાં તા. ૩/૭ની સવારે પુષ્પો પધરાવી સ્વામીશ્રી 'લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ'માં ધર્મલાભ આપતાં સાંજે કડાણા ડાબા કાંઠા નહેર કૉલોનીમાં પધાર્યા. અત્રે જાહેર-સભા સંબોધીને તેઓ રાત્રે પોણા આઠ વાગ્યે દીવડા કૉલોની આવી પહોંચ્યા.

અહીં ભક્તોએ કરેલા શોભાસ્પદ સત્કારનું સવાયું સાટુ વાળી આપતાં સ્વામીશ્રીએ તા. ૪/૭ની સવારે ચાલતાં-ચાલતાં જ ૪૦ પધરામણીઓ કરી. આજનો દિવસ વિશ્વવ્યાપી સત્સંગ શિક્ષણ પરીક્ષાનો હોવાથી ગામની માધ્યમિક શાળામાં પધારીને દીપપ્રાગટ્ય દ્વારા પરીક્ષાનું ઉદ્‌ઘાટન પણ કર્યું અને ઉપસ્થિત ૨૮ વિદ્યાર્થીઓને સ્વયં પ્રશ્નપત્રોનું વિતરણ કર્યું.

દીવડા કૉલોનીથી કડાણા, કડાણા બંધ, સંતરામપુર, પીપલોદને લાભ આપતાં તેઓ તા. ૫/૭ની સવારે સવા અગિયાર વાગ્યે દેવગઢ બારિયા પધાર્યા.

પાર ન લાધ્યો પ્રેમ કેરો

આ અરસામાં લંડનથી આવેલો યુવાન જીતેશ સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલો. પણ અહીં તેને મેલેરિયાના રોગે ભરડામાં લીધો. થોડી વારમાં તો તાવનો પારો ઘણો ઊંચો ચઢી જતાં તે ગોરધનભાઈ પટેલના ઘેર રખાયેલા સ્વામીશ્રીના ઉતારે એક ઓરડામાં રજાઈ ઓઢીને સૂઈ જ ગયો.

આ સમાચાર રાત્રિસભા કરીને પરત ફરેલા સ્વામીશ્રીને મળતાં તેઓ આ બીમાર યુવાનના ખબર-અંતર પૂછવા પહોંચી ગયા. સ્વામીશ્રી સ્વયં નાદુરસ્ત હતા. વળી, આખા દિવસના શ્રમથી થાકેલા હતા. છતાં તેઓ તે યુવાનની પથારી પાસે સાવ નીચે જ બેસી ગયા. વાતચીત કરતાં તેઓ ધીરે ધીરે એ તાવગ્રસ્ત યુવાનનું માથું દાબવા લાગ્યા. તે દરમ્યાન આ યુવાનને

માંદગીમાં રુચે તેવું ભોજન તથા તેના આરામ માટેની સૂચના બે-ત્રણ સંતોને આપી દીધી. જેમ જેમ વાદળું વરસતું જાય તેમ તેમ ઊની ધરતી ટાઢી પડતી જાય એ રીતે સ્વામીશ્રીની આ કરુણા અને કાળજીએ જીતેશના શરીરનું તાપમાન જાણે નીચે લાવી દીધું હોય તેમ તે સ્વસ્થતા અનુભવવા લાગ્યો.

પરંતુ આ યુવાનને આશ્ચર્ય તો ત્યારે ઊપજ્યું કે જ્યારે સ્વામીશ્રીએ પત્રલેખન માટેનું પૅડ તથા કલમ-કાગળ પણ ત્યાં મંગાવ્યાં અને એ યુવકની બાજુમાં બેસીને જ પત્રલેખન કરવા લાગ્યા. બીમાર સંતાનથી છેટે જતાં માતાનો જીવ ન ચાલે તેમ સ્વામીશ્રી પણ આ યુવાનની પાસે બેસી રહ્યા.

તેઓનાં આ સ્નેહ-સેવા જોઈ તે યુવાનને પણ સ્વામીશ્રીથી છેટે જવાનું મન ન થયું. તેણે સ્વામીશ્રીનાં ચરણે જ જીવન ઝુકાવી દીધું.[૨૮]

વહાલ, વૃત્તિ અને વલણ

યુવાનો વિષેના સ્નેહને વશ થઈને જ સ્વામીશ્રી તા. ૬/૭ની સવારે વાય. એસ. આર્ટ્સ ઍન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, એસ. આર. હાઈસ્કૂલ વગેરેમાં સભાઓ સંબોધવા પધાર્યા. ઊગતી પેઢી વચ્ચે સ્વામીશ્રી બોલતા ત્યારે કોઈને વયભેદ જણાતો નહીં, કોઈને ધર્મભેદ અનુભવાતો નહીં. તેથી દરેક ગામ-નગરની શાળા-કૉલેજો તેઓને સાંભળવા ઝંખતી.

પરંતુ સમયની કટોકટી બધાં પાસાં પોબારા પડવા દેતી નહીં. છતાંય લોકો અવનવી તરકીબો શોધીને સ્વામીશ્રીનો લાભ લેવાનું છોડતા નહીં. આજે સ્વામીશ્રી છેલ્લે એમ. સી. મોદી હાઇસ્કૂલમાં પધાર્યા ત્યારે સમય ઓછો હોવાથી તેઓને આચાર્યની ઑફિસમાં બેસાડવામાં આવ્યા. અહીંથી ઈન્ટરકૉમ દ્વારા ગોઠવવામાં આવેલી સભા વડે દરેક વિદ્યાર્થીઓએ પોતપોતાના વર્ગોમાં બેઠાં-બેઠાં સ્વામીશ્રીની અમૃતધારાના ઘૂંટડા પીધા.

દેવગઢ બારિયાથી પીપલોદ, દાહોદ, લીમડી થઈને સ્વામીશ્રી તા. ૭/૭ની બપોરે ઝાલોદ પધાર્યા.

અહીં પણ સ્કૂલસભાઓનો સિલસિલો સારો ચાલ્યો. મણીબહેન હાઈસ્કૂલ, બી. એમ. હાઈસ્કૂલ, એમ. વાય. હાઈસ્કૂલ અને આર. એલ. પંડ્યા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીસભાઓ યોજાઈ. છેલ્લી સભા તો બપોરે સવા ચાર વાગ્યે શરૂ થઈ. તેનું આયોજન ખુલ્લા પ્રાંગણમાં થયું હોવાથી સૌ વિદ્યાર્થીઓ તડકામાં

---

૨૮. તેઓનું દીક્ષિત નામ સાધુ વિશ્વસ્વરૂપદાસ રાખવામાં આવ્યું.

બેઠા હતા, પરંતુ સ્વામીશ્રીના આકર્ષણથી બંધાયેલા તે સૌએ શાંતિપૂર્વક સ્થાન જાળવી રાખેલું. શિક્ષકોને મન આ જ મોટો પરચો હતો.

જો કે, સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે પોતાના વક્તવ્યમાં તેઓ બોલ્યા: 'તમે બધા તડકામાં બેસીને વાતો સાંભળો છો. તેથી અમને દુઃખ થાય છે. તો માફ કરશો.'

ઠેસ પગમાં વાગે છે અને ચીસ મોં પાડે છે. તીખાશ જીભ અનુભવે છે અને પાણી આંખમાંથી દદડે છે. તેમ યુવાનો સાથે સ્વામીશ્રીએ એવો તાદાત્મ્યભાવ સાધેલો કે વિદ્યાર્થીઓને પડતું કષ્ટ તેઓ અનુભવી રહ્યા! જેને કેળવવા છે તેની સાથે આવી એકતા અને આત્મીયતામાં જ કેળવણીની કળા છુપાયેલી છે. સ્વામીશ્રીના આદેશે યુવાની નાચવા માંડતી તેના મૂળમાં સ્વામીશ્રીની આવી વહાલભરી વૃત્તિ અને વલણ રહેલાં. કેળવણીના આ ઓજારોથી કોઈ પણ પેઢી કેળવી શકાય છે, કોઈ પણ પ્રદેશ ખેડી શકાય છે.

અંતર પરમ દયાલા

કેળવણીનાં અસરદાર ઓજાર લઈને ઘૂમતા સ્વામીશ્રી ઝાલોદથી પરેલ થઈને દાહોદ આવી પહોંચ્યા.

અહીં તા. ૮/૭ની સવારે દેવપોઢી એકાદશી નિમિત્તે તેઓએ ચાતુર્માસના વિશેષ નિયમરૂપે પંદર દિવસનાં ધારણાં-પારણાં કરવાનું વ્રત લીધું. તપના યજ્ઞની પ્રજ્વલિત થયેલી આ વેદીમાં સ્વામીશ્રીએ સવારના પહોરમાં જ ૩૬ પધરામણીઓની આહુતિ આપી તપની જ્વાળાઓને વધુ ઊંચે ચઢાવી, પરંતુ તેઓના તપનું તેજ શ્રદ્ધાને સૂકવી શકતું નહીં. તેથી આ પધરામણીઓ દરમ્યાન તેઓએ માર્ગમાં આવતાં રાધા-કૃષ્ણ દેવ તથા અંબાજી મંદિરોમાં જઈને દર્શન કર્યાં.

આમ, તપ અને ભક્તિની વાટે વહેતા સ્વામીશ્રી દાહોદથી સાંજે સવા પાંચ વાગ્યે મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં આવેલા મેઘનગર ગામે જવા નીકળ્યા. તે રસ્તે આવેલા કતવારા ગામને લાભ આપી તેઓ વિદાય લેવાની તૈયારીમાં હતા ત્યાં જ એક વોરાજી તેઓ પાસે આવી ચડ્યા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનથી ઘાયલ થયેલા તેઓએ અરજ ગુજારી કે 'બાપજી! અમારા ગામમાં પગલાં કરીને જાવ; જેથી અમારા ગામનું સારું થાય.' તેઓના કહેવાનો ભાવાર્થ હતો કે 'સ્વામીશ્રી મોટરમાં બેસીને નહીં, પણ ચાલતાં-ચાલતાં

ગામ સોંસરા નીકળે કે જેથી ગામ તેઓની પદરજથી પાવન બને.'

અપરિચિતનો આ આર્તનાદ સ્વામીશ્રીએ સુપરિચિતનો સાદ હોય તેમ સ્વીકાર્યો. પરધર્મીનો મલાજો તેઓએ સ્વધર્મીની જેમ જાળવ્યો. કસમયની માંગણી તેઓએ વેળાસરની ગણી, કારણ કે તેઓને મન કોઈ અપરિચિત નહોતો, કોઈ પરધર્મી નહોતો અને કશું કસમયનું નહોતું.

'એમ ભક્ત ભગવાનને, ભાળે સહુમાં ભરપૂર;
તેથી દુઃખાયે કોણ દિલમાં, જેને એવું વરતે છે ઉર.'

સર્વમાં અને સર્વત્ર ભગવાનને જોનારા સ્વામીશ્રીથી કોણ કચવાય? તેઓ એ વોરાજીની વિનંતી સ્વીકારી મોટરમાંથી નીચે ઊતર્યા અને ગામની એક ભાગોળેથી બીજી ભાગોળ સુધી ચાલતાં-ચાલતાં આખું ગામ પાવન કર્યું!

તેઓ મોટરમાં બિરાજ્યા ત્યારે ગામની હદ તો આવી ગઈ, પણ ગામવાસીઓ સ્વામીશ્રીની નમ્રતા અને સરળતાની હદ ન પામી શક્યા. મોટરથી ઊડતી ધૂળનેય ગુલાલ માની તેઓ ત્યાં જ ઊભા રહી સ્વામીશ્રીને નીરખી રહ્યા.

મૂલ્યવાન મમતાના મેહ

મેઘનગરમાં મહેરનો મેઘ વરસાવી સ્વામીશ્રી કલીપુરા, લીમખેડા, પીપલોદ, ઠાસરા થઈને તા. ૧૦/૭ના રોજ ડાકોર પધાર્યા. અહીં રણછોડજીનાં દર્શન અને ગોમતીજીમાં ઠાકોરજીને સ્નાન કરાવી થામણા, ઉમરેઠને પાવન કરતાં રાત્રે નવ વાગ્યે બોચાસણ આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૧/૭ની સવારે ઊજવાતા ગુરુપૂનમના સમૈયામાં ભક્તોનું જોમ અને વરસાદનું જોર, બંને અસાધારણ હતાં. ગુરુને પૂજવા ઊમટેલા ભક્તોની સંખ્યા સામે સભામંડપ ટૂંકો-ટાંચો પડતાં મંદિરના ચોકમાં હજારો હરિભક્તો છત્રીઓ લઈને કે પલળતાં-પલળતાં સમૈયાની સભાનો લાભ લઈ રહેલા! તેઓની શ્રદ્ધામાંથી *'જે દુઃખ થાય તે થાજો રે, રૂડા સ્વામીને ભજતાં...'*નો ધ્વનિ સંભળાતો હતો.

તે સૌ પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અહીં બેસવાના સ્થાનની તકલીફ છે. પણ તે તો હવે ટળી જશે. સભામંડપ મોટો થશે. પરંતુ જન્મ-મરણની મૂળ મોટી તકલીફ છે. માયા વળગી છે તે મુકાવવા શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે. *'ગઢ તો ચિતોડગઢ, ઔર સબ ગઢૈયા.'* તેમ ગુરુ તો એક શાસ્ત્રીજી મહારાજ. વરસાદ સારો પડે છે તે મોતીના મેહ વરસે છે.'

આમ, અમૃતધારા વરસાવી સ્વામીશ્રી વ્યક્તિગત દર્શનનો લાભ આપવા મંચની ધારે આવીને બિરાજ્યા. દર્શનાર્થીઓની આ હરોળમાં ગુરુપૂજન કરી આશીર્વાદ લેવા પહેલો હરિભક્ત તેઓ પાસે આવ્યો ત્યારે સમય થયેલો સવારના અગિયાર વાગ્યાનો અને છેલ્લા હરિભક્તના શિરે તેઓનો અભયહસ્ત મુકાયો ત્યારે સમય થયેલો બપોરના બે વાગ્યાનો! આજથી જ સ્વામીશ્રીએ ધારણાં-પારણાંનું વ્રત શરૂ કરેલું. તેથી નિર્જળા ઉપવાસમાં તેઓએ એક પલાંઠીએ આ લાભ વહેંચ્યો. તેને ચાખનાર સૌને મોતી કરતાંય મૂલ્યવાન મમતાનો મેહ વરસી રહ્યાનો અનુભવ થઈ રહ્યો.

સ્વામીશ્રી સૌને આ દર્શન આપી રહેલા તે વખતે વસોના બે હરિભક્તો આવી પહોંચેલા. તેઓ આગેવાન સત્સંગી. તેથી સૌના પરિચિત. એટલે સંતોએ તેઓને કહ્યું: ‘સ્વામીશ્રીને સભામાંથી ઊઠતાં સમય લાગશે. ત્યાં સુધી આપ બંને જમી લો. ચાલો, અમે થાળી પીરસી દઈએ.’

પરંતુ તે બંનેએ ‘હમણાં નહીં, સ્વામી સાથે,’ કહી સ્વામીશ્રી ભેળા જમવાનો આગ્રહ સેવ્યો.

‘...પણ સ્વામીશ્રીને તો આજે ઉપવાસ છે.’ સંતોએ સ્પષ્ટતા કરી.

તોય ‘વાંધો નહીં’ કહેતાં તે બંને ભક્તો સ્વામીશ્રીના ઓરડા આગળ ઊભા રહ્યા.

બે વાગ્યે સભામાંથી પરવારીને સ્વામીશ્રી પોતાના નિવાસકક્ષ પાસે પધાર્યા તે વખતે તેઓએ પેલા બે ભક્તોને જોયા. જણ-જણની આકૃતિ અને પ્રકૃતિને પળમાં પારખતાં સ્વામીશ્રીએ તેઓને જોતાંવેંત પૂછ્યું: ‘જમ્યા? ચાલો, જમાડી દઈએ.’ એમ કહેતાં તેઓએ સ્વયં ભૂખ્યા પેટે રહી પેલા બંને ભક્તોને થાળી પીરસી જમાડ્યા! મમતાની વધુ એક જોરદાર ઝડી વરસી ગઈ. તેથી સૌ તરબતર થઈ રહ્યા.

મહિમામાં અતિરેક થાય તે ખોટું

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે ‘જેવો સત્સંગ છે તેવો તો જણાય જ નહીં ને કોઈક જાણે તો સત્સંગ કરે નહીં ને કોઈક કરે તો જેવો સત્સંગ છે તેવો થાય નહીં ને જો થાય તો જાળવવો બહુ કઠણ છે તે કાં તો બહેકી જાય ને કાં તો ગાંડો થઈ જાય...’[૨૯] આ મુજબ મહિમાના અતિરેકથી બહેકી ગયેલી

૨૯. સ્વામીની વાતો: ૩/૨૬.

કેટલીક વ્યક્તિઓ આ અરસામાં જે ગેરસમજ ફેલાવતી હતી તેના ખુલાસા તા. ૧૩/૭ની પ્રાતઃકથા દરમ્યાન ડૉક્ટર સ્વામી કરી રહેલા. એ કથાપ્રવાહમાં તેઓ બોલ્યા : '...કોઈક એમ કહે છે કે પ્રમુખસ્વામીને જો સાક્ષાત્ ભગવાન ન કહીએ તો નિષ્ઠા જ નથી...'

આ વાત સાંભળી બાજુમાં બેસી પત્ર લખતાં સ્વામીશ્રી તરત બોલ્યા : ''ભલે 'નિષ્ઠા નથી' એમ કહે. તેને કહેવું કે 'સાત વાર નિષ્ઠા નથી.' આપણે સાચી વાત તડાક-ફડાક કરી દેવી. પોતાની સારપ રાખવા બોલ્યા વગર રહેવું નહીં. મહિમામાં અતિરેક થાય તે ખોટું.'' આમ કહી તેઓએ અણસમજ-ગેરસમજને સ્પષ્ટ રદિયો આપી દીધો.

સામાન્ય રીતે વ્યક્તિમાત્રને જે પોતા વિષે અસાધારણ પૂજ્યભાવ ધરાવતા હોય તે પ્રત્યે કૂણી લાગણી રહે છે. તેના અયોગ્ય વાણી-વર્તણૂક સામે આંખ આડા કાન થાય છે. તે કારણે ઘણી વાર સૈદ્ધાંતિક વાત ઉપર પણ ઢાંકપિછોડો થઈ જાય છે, પરંતુ સ્વામીશ્રી આવી ક્ષતિનો શિકાર નહોતા બન્યા. લોકાભિપ્રાયોની પરવા તજીને તેઓ નિધડકપણે જે કહેવું ઘટે તે જણાવી દેતા.

કહની જેસી કહત હૈ, રહાવે તેસી રીત

તા. ૧૪/૭થી બોચાસણમાં શરૂ થયેલા છ દિવસના પારાયણમાં પહેલા જ દિવસે સ્વામીશ્રીએ ગઢડા અંત્ય પ્રકરણના ૨૪મા વચનામૃત પર સવા ત્રણ કલાક સુધી નિરૂપણ કરી સૌને રસતરબોળ કરી મૂક્યા.

તા. ૧૫/૭ના રોજ પણ ભગવાનનો મહિમા સમજાવતાં તેઓએ કહ્યું : 'આ લાઈટ (બત્તી) અહીંથી બટન દાબીએ તો થાય પણ તે ધુવારણ(પાવર હાઉસ)ની કહેવાય, કારણ કે ત્યાંથી આવે છે. તેમ ભગવાનના સંબંધે મોટપ છે.'

તાર્કિક અને માર્મિક રીતે સ્વામીશ્રીએ ભગવાનની મોટપ રજૂ કરી દીધી.

પણ તેઓ *'કહની જેસી કહત હૈ, રહાવે તેસી રીત...'* મુજબ જીવનારા. તેથી આજે ઉચ્ચર્યા તે બીજે જ દિવસે આચરી પણ બતાવ્યું.

તા. ૧૬/૭ના એ દિવસે તેઓ વીરસદની વસનદાસ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીસભા સંબોધવા પધાર્યા હતા. આ કાર્યક્રમ બાદ ગામમાં જ પાંચેક પધરામણીઓ કરવાની હતી. તે માટે મોટર આવવાની પ્રતીક્ષામાં સૌ ઊભેલા. સ્વામીશ્રીએ થોડી વાર રાહ જોતાં વિતાવી પણ તોય મોટર ન આવતાં તેઓ

ચાલતાં જ પધરામણીઓ કરવા માટે નીકળી પડ્યા – વરસતા વરસાદમાં! મોસમના મિજાજને તેઓ કદી ગણકારતા નહીં. સાધન-સુવિધાનાં ઓશિંજાળાંમાં તેઓ કદી ફસાતા નહીં.

પરંતુ પલળતાં ચાલી નીકળેલા સ્વામીશ્રીને જોઈને હાઈસ્કૂલના આચાર્યશ્રી રતિભાઈ તરત જ છત્રી લઈ આવ્યા અને સ્વામીશ્રી પર ધરી દીધી. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'છત્રી ઠાકોરજી પર ધરો.' અને પોતે પલળતાં જ ચાલતા રહ્યા. થોડી વારે બીજી છત્રી અને મોટર આવી ત્યાં સુધી તો સ્વામીશ્રી ખાસ્સું પલળી ગયેલા અને ઘણું ચાલી નીકળેલા.

આવું કહેવું જ નહીં

વીરસદથી બોચાસણ આવી ગયેલા સ્વામીશ્રીએ તા. ૧૭/૭ની રાત્રે દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાયેલી કીર્તન આરાધનામાં *'રૂડા લાગો છો રાજેન્દ્ર...'* કીર્તન ગાઈ સૌને કિલ્લોલ કરાવ્યો. આ કીર્તન-ભક્તિના અંતે તેઓ બોલ્યા કે 'ક્યાં અક્ષરધામના અધિપતિ ને તે બોચાસણવાસી થયા! બોચાસણવાળાએ તેનો કેફ રાખવો.'

આ પ્રાપ્તિની ખુમારી તેઓએ તા. ૧૯/૭ની સાંજે ગામના અક્ષર-પુરુષોત્તમ વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં પણ ચઢાવી.

આ કેફ સાથે સંતો-ભક્તોએ હિંડોળા-ઉત્સવમાં તા. ૨૦/૭ના રોજ પુષ્પહિંડોળો બનાવેલો. તેમાં ઠાકોરજી પધરાવીને સૌએ હિંડોળાનાં ભક્તિપદો ગાઈ ઉત્સવ મનાવ્યો. સ્વામીશ્રી પણ સમય થતાં ઠાકોરજીને ઝુલાવવા પધાર્યા. તેથી વ્યાપેલા આનંદના ઉછાળામાં કોઈએ વિનંતી કરી કે 'બાપા! આપ હિંડોળામાં બિરાજો.'

'આ હિંડોળા મહારાજ માટે થાય છે, સાધુ માટે નહીં. માટે આવું કહેવું જ નહીં.' એમ સ્પષ્ટ અભિપ્રાય આપતાં સ્વામીશ્રી હિંડોળાની બાજુમાં બિછાવેલા આસન પર બેઠા.

*'ભૂલ્યે પણ હરિભક્તિ વિના, ઠામ ન દેખે ઠરવા...'*નું વધુ એક દર્શન તેઓના જીવનમાં થયું.

દેહ ગેહ વિસરાવે

તા. ૨૧/૭ની સવારે સ્વામીશ્રીએ પારાયણમાં સમજણના સૂરો

રેલાવતાં વાત કરી કે –

"સમજણ વગર પાશેર દૂધ સારુ પણ તકરાર થાય. પણ તે ન મળે તો રોટલો ને છાશ ખાઈ લઈએ. ગુણાતીતાનંદ સ્વામીએ જિંદગીપર્યંત તે ખાધું છે. એમ કરતાં દેહ પડી જાય તો ચિંતા નહીં; મહારાજ ધામમાં લઈ જશે.

નિર્ગુણ સ્વામી લાખો રૂપિયાની સેવા લાવતા પણ શાસ્ત્રીજી મહારાજને પૂછતા કે 'આ સેવા ક્યાં આપવી?' તેમ લાખો રૂપિયાની સેવા લાવવી પણ કોઠારીને સોંપી દેવું. નિર્ગુણ સ્વામી વગેરે સંતો તથા આશાભાઈ, મોતીભાઈ વગેરે હરિભક્તોનો પણ આ જ ધ્યેય. મમત્વ નહીં. જેને રાજી કરવા આવ્યા છીએ તેનો જ મમત્વ. સેવા કરવી છે તેને આ શું ને તે શું? 'હું કોઠારી ને મારો હોદ્દો ઊતરી જાય!' તેવું ન રાખવું. 'તમે કહો છો તે બરાબર છે ને હું કરું છું તે બરાબર છે,' તેવું ન રાખવું."

કથામાં પીરસેલી સમજણની આ સુધા સ્વામીશ્રી ઘરોઘર વહેંચવા પણ નીકળ્યા. સભા બાદ તેઓએ આજના નિર્જળા ઉપવાસને ખભે નાંખીને ગામમાં પચાસ પધરામણીઓ કરી. આ ઉપવાસની સાંજે ખંભાતથી આવેલા હોમિયોપેથીના એક ડૉક્ટરે ઉપચાર પદ્ધતિ અનુસાર સ્વામીશ્રીને પૂછ્યું: 'તમારાં માતા-પિતાને કે મોસાળમાં કોઈકને કંઈ રોગ હતો?'

'બહુ નાનપણમાં અહીં આવી ગયેલા. તેથી તે બધું તો કંઈ ખ્યાલમાં નથી.' સ્વામીશ્રીએ આમ ઉત્તર આપી પૂર્વાશ્રમની વાતનો વીંટો વાળી દીધો.

તેઓ તો ૧૮ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા. તેથી આવી વિગતોથી અજાણ તો ન જ હોય! પરંતુ જે વાતમાં પૂર્વાશ્રમના સંબંધીઓના ઉલ્લેખ આવતા હોય તેને તેઓ ચતુરાઈપૂર્વક ટાળી દેતા ત્યારે વાતાવરણમાં તેઓની સાધુતાના પડઘા પડતા કે *'સોઈ સંત કહાવે, ચતુર વિવેકી... દેહ ગેહ વિસરાવે.'*

મહાવૈરાગી ને ભક્તિવંત

બોચાસણના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી તા. ૨૨/૭ના રોજ બોરિયા અને તા. ૨૩/૭ના રોજ પેટલાદમાં પદાર્પણ કરી તા. ૨૪/૭ની સવારે બોરસદમાં ભાઈલાલભાઈના ઘેર પધાર્યા.

અહીં માત્ર દશેક મિનિટનું જ રોકાણ હોવા છતાં આ ભક્તે આખું ઘર વીજળી-દીવાઓથી ઝળહળતું કરી દીધેલું. સ્વામીશ્રીના સ્વાગતમાં ૧૦૧

દીવાની આરતી પણ તૈયાર રાખેલી. તેને પ્રગટાવીને જેવા તેઓ આરતી કરવા ગયા કે ત્યાં જ સ્વામીશ્રીએ ઊભા થઈને એ આરતી પોતે લઈ લીધી અને સ્વયં ઠાકોરજીની આરતી ઉતારવા લાગ્યા! તેઓની આ ભક્તિ-કળા જોઈ સૌનાં અંતર સ્વામીશ્રીની આરતી ઉતારવા લાગ્યા. તેની પ્રથમ પંક્તિ આવી રહી:

'અનન્ય ભક્ત ભગવાનના, પ્રભુ વિના બીજે પ્રીતિ નંઈ;
મન કર્મ વચને કરી, શ્રીહરિના રહ્યા થઈ.'

પરંતુ અહોભાવની આ આરતીની બીજી કડીમાં સ્વામીશ્રીના ત્યાગ-વૈરાગ્યને ગૂંથવા પડે તેવી લીલા થઈ રહી ભાદરણ ગામે.

બોરસદથી કિંખલોડ થઈને સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે રાત્રિના પોણા બાર વાગી ચૂકેલા. તેઓને અત્યારે ચાલી રહેલાં ધારણાં-પારણાંના વ્રતમાં આવતીકાલે ઉપવાસનો દિવસ આવવાનો હતો. તેમાં ટેકો રહે તે માટે સંતોએ સ્વામીશ્રીને ભોજન ગ્રહણ કરી લેવા કહ્યું ત્યારે તેઓએ જણાવ્યું: 'આજે ધારણાં-પારણાં પૂરાં થઈ ગયાં છે, એટલે જમવું નથી.'

આ સાંભળી સૌ રાજી થયા કે 'આવતીકાલે સ્વામીશ્રી ભોજન અંગીકાર કરશે.' તેથી કોઈએ અત્યારે જમવા સંબંધી વિશેષ આગ્રહ ન કર્યો.

બીજે દિવસે સ્વામીશ્રી પૂજા વગેરે નિત્યકર્મથી પરવાર્યા એટલે સંતોએ અલ્પાહારની વાનગીઓ સામે લાવીને મૂકી. પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આ બધું કેમ લઈ આવ્યા? આજે તો ઉપવાસ છે.'

આ વિધાન સાંભળી થડકી ઊઠેલા સૌએ ભેગા મળીને કહ્યું: 'કાલે તો આપે 'ના' પાડી હતી. વળી, ગઈકાલે સાંજે ચાર વાગ્યા પછી આપે પાણી પણ પીધું નથી. તો...'

'આજે પંદર દિવસના વ્રતનો છેલ્લો ઉપવાસ છે. તે કરી જ લેવો છે. પછીથી થાય નહીં. માટે આ (નાસ્તો) ઉપાડો.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ આમ યુક્તિપૂર્વક સવાયું તપ કરી લીધું. સૌ *'મહાવૈરાગી ને ભક્તિવંત'* સ્વામીશ્રીને વંદી રહ્યા.

ગુણાગુણ ન જોયા લગાર

તા. ૨૫/૭થી ભાદરણના ભદ્રકાળી મંદિરમાં ત્રણ દિવસના પારાયણનો પ્રારંભ સ્વામીશ્રીએ કર્યો. તેઓ સાથે મહંત સ્વામી વગેરે સંતો સવાર-સાંજ કથાલાભ આપતા. તા. ૨૭/૭ના રોજ પૂર્ણાહુતિના દિવસે સ્વામીશ્રીએ આર્ટ્સ

અને સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓની સંયુક્ત સભા પણ કૉલેજ હૉલમાં સંબોધી. ત્યારબાદ કરમસદ પધારેલા તેઓ ટાઉનહૉલમાં સભા કરી ચુનીભાઈને ઘેર જઈ પહોંચ્યા.

આ હરિભક્ત આંખની નબળાઈને લીધે આ વખતે ગુરુપૂનમના સમૈયે આવી શક્યા નહોતા. તેઓની આ ગેરહાજરીની નોંધ સ્વામીશ્રીની સૂક્ષ્મ અને સ્નેહભરી નજરે લઈ લીધેલી. તેથી તેઓને દર્શનદાન દેવાં આજે સામે ચાલીને આવી ગયા !

હજારોની ભીડમાં એક-એકની હાજરી-ગેરહાજરીની નોંધ લેતી તેઓની આંખો અને લાખોના સમુદાયમાં એક-એકની સંભાળ લેતું તેઓનું હૃદય દુનિયાને દુર્લભ હતાં, છે અને રહેશે.

આ આંખો અને હૃદય સાથે કરમસદથી નીકળેલા સ્વામીશ્રી વિદ્યાનગરની વી. પી. સાયન્સ કૉલેજના હૉલમાં આયોજિત કીર્તન આરાધનામાં પધાર્યા. અહીં તેઓએ *'મારા વા'લાજી શું વા'લપ દીસે રે...'* કીર્તન ગાઈ નાદબ્રહ્મનો અનુભવ કરાવી દીધો. આ બ્રહ્મસુખનો આસ્વાદ સૌ પામે તે માટે તેઓએ તા. ૨૮/૭ની સવારે છાત્રાલયમાં 'બ્રહ્મવિલાસ સંગીત વિદ્યાલય'નું દીપપ્રાગટ્ય દ્વારા ઉદ્ઘાટન કર્યું.

ત્યારબાદ તા. ૨૯/૭ની સવારે જગપ્રસિદ્ધ 'અમૂલ'ના સંકુલમાં પગલાં પાડી સ્વામીશ્રી ચિખોદરાની આંખની હૉસ્પિટલમાં જઈ પહોંચ્યા. અહીં તેઓએ 'બાળઅંધાપા નિવારણ કેન્દ્ર'નું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ અંધાપો આવવાની અણીએ પહોંચી ગયેલા ચાર બાળકોને ચાંદલા કરી વિટામિનસભર આહાર આપ્યો. તે વખતે તેઓના કરુણાસભર હૃદયના ભાવ હોઠ દ્વારા સરી પડ્યા : 'ભગવાનને પ્રાર્થના કરીએ કે કોઈને અંધાપો આવે જ નહીં.' આ જ ક્ષણે સ્વામીશ્રીએ સંસ્થા વતી મોટી રકમની સખાવત પણ આ અંધાપા નિવારણ કેન્દ્ર માટે ફાળવી દીધી.

આમ, સૌનું હિત કરતી આ સંત-સરિતા ચિખોદરાથી વળી આણંદ તરફ. અહીંની હૉસ્પિટલમાં એક મુરબ્બી હૃદયરોગના હુમલાની સારવાર લઈ રહેલા. આ જ વ્યક્તિએ દસેક વર્ષ પહેલાં અમદાવાદના મંદિરે આવીને સ્વામીશ્રીનું બેહદ અપમાન કરેલું. તે સમયના બેફામ બફાટમાં તેઓએ ઘણા જ અશોભનીય અપશબ્દોનો ટોપલો સ્વામીશ્રીના શિરે ઠાલવેલો. પણ તેઓની બીમારીના સમાચાર સાંભળીને સ્વામીશ્રી આજે તેઓને આશીર્વાદ આપવા

આવી ગયા! 'न हि संहरते ज्योत्स्नां चंद्रश्चाण्डालवेश्मनि।'[૩૦] જો ચંદ્ર ચાંડાળના ઘર પર ચાંદની ઢોળવાનું ચૂકે તો સ્વામીશ્રી દ્વેષી-દોષી પર આશીર્વાદનું અમૃત વરસાવવાનું છાંડે!

સ્વામીશ્રીએ બીમારના નિરામય સ્વાસ્થ્ય માટે તેઓના ખાટલે જઈ ધૂન-પ્રાર્થના કર્યાં, ઠાકોરજીનાં પ્રાસાદિક પુષ્પો તેઓ પર વેર્યાં, શરીરે-છાતીએ હાથ ફેરવી આશીર્વાદ આપ્યા. તેથી અવાક્ દર્દી અશ્રુભરી આંખે સ્વામીશ્રીને નીરખતા જ રહ્યા.

સંતોને અમારા દંડવત છે

આણંદથી છાણી થઈને વડોદરા પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૩૦/૭થી પ્રેમાનંદ સાહિત્ય ભવનમાં 'હરિલીલાકલ્પતરુ'ના તૃતીય સ્કંધના પારાયણનો પ્રારંભ કર્યો. આ જ દિવસની સાંજે શહેરના 'ગાંધી નગરગૃહ'માં કીર્તન આરાધના યોજાઈ. તેમાં સંતોના સૂરીલા કંઠેથી રેલાયેલી કીર્તનગંગામાં કલાનગરીના ભાવિકો ડૂબી ગયા. ધંધાદારી ગાયકો પર પણ સરસાઈ ભોગવે તેવી સંતોની ગાયન-વાદન કલા જોઈ સૌ સ્વામીશ્રીનો મહિમા વિચારી રહ્યા. સ્વામીશ્રીએ પણ *'ક્યા તન માંજતા રે...'* કીર્તનનો આસ્વાદ ચખાડી સૌને મંત્રમુગ્ધ કરી દીધા.

ત્યારબાદ તેઓ કીર્તનો સાંભળતાં સાંભળતાં પત્રોનું વાંચન કરવા લાગ્યા. તેમાં એક કાગળ મુંબઈમાં રહેતા સંતોનો નીકળ્યો. ચાતુર્માસ નિમિત્તે તેઓએ લીધેલાં વિવિધ વ્રત-તપ સંબંધી નિયમોની માહિતી આપતો તે પત્ર વાંચી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ પ્રત્યુત્તરમાં લખ્યું:

> *'તપ, ત્યાગ ને નાનાં પ્રકારનાં ચાંદ્રાયણ કરતા સંતોને અમારા દંડવત છે. ધન્ય છે કે આવાં કઠણ વ્રત યોગીબાપાને રાજી કરવા કરે છે. તમે મંડ્યા છો તે અમારા માથાના મુગટ જેવા છો, જેથી અમને રાહત અને શાંતિ છે.'*

સ્વામીશ્રીના આ શબ્દો સૂર્ય દીવાને બિરદાવે તે કક્ષાના છે. જીવનના પંચાવનમા વર્ષે પણ કડેધડે વ્રત-ઉપવાસ કરનારા સ્વામીશ્રીને જોઈને જ યુવાન સંતોને તપ-વ્રતની પ્રેરણા મળતી. છતાં તેઓ સંતો પ્રત્યે દંડવત કરવા સુધીનો આદર પ્રગટ કરી જાણતા! તેમાં સ્વામીશ્રીનાં નમ્ર નેતૃત્વની પરાકાષ્ઠા,

---

૩૦. हितोपदेशः – १/६१

સંતમહિમાની ચરમ સીમા અને વ્રત-તપની લગનીનું પરમ દર્શન છે.

તાપી તટે પ્રયાગની પવિત્રતા

વડોદરાનું પારાયણ પૂર્ણ કરીને સ્વામીશ્રી સમા થઈ તા. ૧/૮ની રાત્રે નવ વાગ્યે સાવલી પધાર્યા. અત્રે દશા ખડાયતા પંચની વાડીના લલાટે પારાયણનું ભાગ્ય લખાયેલું. આ પારાયણ સાથે પધરામણીનાં પૈડાં પર સવાર સ્વામીશ્રીએ ગામમાં ત્રીસેક પધરામણીઓ કરી સત્સંગ-ગંગાનાં વહેણ ઘરોઘર પહોંચાડ્યાં. ગામમાં આવેલા ભીમનાથ મહાદેવ અને સાવલી હાઈસ્કૂલને પણ સભા-સાંનિધ્યથી પાવન કર્યાં.

આમ, સાવલીમાં ત્રણ દિવસ સુધી અમૃતધારા વરસાવી સ્વામીશ્રી વડોદરા, ભરૂચ, અંકલેશ્વરને પાવન કરતાં તા. ૬/૮ની સાંજે પોણા સાત વાગ્યે સુરત આવી પહોંચ્યા.

અહીં મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે 'ભક્તચિંતામણિ'ની કથા ચાલી રહેલી. દર્શન બાદ સ્વામીશ્રીએ એ જ કથાપ્રવાહમાં ઝંપલાવ્યું. જુદું તાણવામાં નહીં, પણ ભળી જવામાં માનનારા તેઓએ કથામાં વંચાતા ૧૭મા પ્રકરણનું જ મધુર કંઠે ગાન કરી સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

આગમનના બીજા દિવસ, તા. ૭/૮થી વિઠ્ઠલવાડીમાં પારાયણ-પર્વનું આયોજન શરૂ થયું. આ પર્વમાં ગંગા, યમુના, સરસ્વતીની જેમ સવારે 'વચનામૃત', સાંજે 'હરિલીલાકલ્પતરુ' અને રાત્રે 'ભક્તચિંતામણિ'ની ધારાઓ વહેતી રહી. તેથી તાપી તટે જ સૌને પ્રયાગની પવિત્રતાનો અનુભવ થઈ ગયો. પારાયણના સાત દિવસમાં સ્વામીશ્રીએ કથામૃતનો લાભ આપવાની સાથે ૪૨૫ પધરામણીઓ કરી ઘર-ઘરને તીર્થ કરી મૂક્યાં. સનાતન ધર્મ હૉલ તથા મોતી બાગને પણ જાહેર-સભાઓ દ્વારા પાવન કર્યાં.

અમરોલીમાં અમરવેલી ખીલી

સુરતના રોકાણ દરમ્યાન એક હરિભક્ત ગોવિંદભાઈએ વિનંતી કરેલી કે 'બાપા! મેં માટીનું કાચું મકાન બનાવ્યું છે. એમાં આપ પગલાં કરવાં પધારો.'

'ક્યાં રહો છો?'

'અમરોલીમાં.'

'સારું, આવીશું.'

પણ વ્યવસ્થાપકોએ કહ્યું: 'બાપા! આ ગામ દૂર પડશે. તેથી અહીંના ગોઠવેલા કાર્યક્રમમાં મેળ નહીં ખાય.'

પરંતુ જટિલને સરળ કરવામાં સ્વામીશ્રી કુશળ. તેથી તેઓએ સ્થાનિક આયોજનને આંચ ન આવે એમ અમરોલીને પધરામણીના ચોપડે ચડાવી દીધું.

નિશ્ચિત્ત દિવસે અમરોલી જતાં રસ્તે આવેલા વરિયાવ ગામે સ્વામીશ્રીની મોટર ખાડામાં ફસાઈ. પણ આજુબાજુનાં ખેતરમાં કામ કરતા માણસોની મદદ મળતાં ગાડી રસ્તે આવી ગઈ અને પહોંચી અમરોલી!

પોતાનો મનોરથ પૂરો થયેલો જોઈ ગોવિંદજી ઘેલા થઈ ગયા. પૂજન-વિધિ બાદ ઘરમાં ફૂલો પધરાવવા નીકળેલા સ્વામીશ્રીની નજર મકાનની પાછળ આવેલી ખુલ્લી જમીન પર પડી. તેઓએ પૂછ્યું: 'આ જગ્યા કોની?'

'અમારી.'

'જાવ, મોટું મકાન થઈ જશે.' તે તરફ પુષ્પો પધરાવતાં સ્વામીશ્રી બોલ્યા.

આવી અણધારી કૃપાથી ગદ્‌ગદ એ હરિભક્તે પૂછ્યું: 'બાપા! શું સેવા કરું?'

'સ્વામી! મોટી સેવા કરાવજો. આ ભગત બહુ દૂરથી આપને અહીં લાવ્યા છે.' ભેગા આવેલા એક કાર્યકર બોલ્યા.

પણ પરિસ્થિતિની અસરથી મુક્ત રહીને નિર્ણયો લેવા ટેવાયેલા સ્વામીશ્રીએ કહ્યું: 'એકવીસ રૂપિયાની સેવા કરજો.'

આ આંકડો સાંભળી તે હરિભક્ત પોરસાઈ ઊઠ્યા, કારણ કે તેઓ આટલી જ ત્રેવડ ધરાવતા હતા.

તેઓની આમ આર્થિક દરકાર કરનારા સ્વામીશ્રીએ શારીરિક સંભાવના કરતાં પણ કહ્યું: 'ભગત! તમારી હવે ઉંમર થઈ છે તો સભા માટે સુરત ન આવવું. તેમાં તકલીફ પડે. અહીં જ તમે ભેગા થઈ સભા કરજો.'

'ભલે બાપા!' કહેતાં હરિભક્ત ફરી ગળગળા થઈ ગયા. તેઓને થયું: 'આ ગુરુ આપણી કઈ ચિંતા કરવાનું બાકી રાખશે?!'

જો કે, સ્વામીશ્રીના એ વિધાનમાં એક વ્યક્તિની નહીં, આખા ગામની ખેવના હતી તેનો ખ્યાલ તો, બે-ત્રણ ભક્તોથી શરૂ થયેલી એ સભામાંથી સમય જતાં આ ગામમાં મંદિર થઈ ગયું ત્યારે જ સૌને આવ્યો! *'ઉપર થકી જણાય કામ એક, અકળિત કૃત્ય બીજાં કરે અનેક...'* એવા સ્વામીશ્રીના પ્રત્યેક પગલાને નિશ્ચિત્ત દિશા અને નક્કર કારણ રહેતાં.

સીધેસીધો જ કરંટ છે

તા. ૧૨/૮ની પ્રાતઃકથામાં ગઢડા મધ્ય પ્રકરણના ૫૭મા વચનામૃત પર નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સારામાં સારી વસ્તુ માની હોય ને તેમાં મમત્વ ગમે તેટલું હોય પણ સત્પુરુષ આજ્ઞા કરે ને તત્કાળ મૂકી દે તો ત્યાગી.'

વધુ એક વ્યવહારુ વ્યાખ્યા તેઓના હોઠેથી સરી પડી.

સાધનામાર્ગને સ્પષ્ટ અને સરળ બનાવતી તેઓની આવી અમૃતધારામાં સરતું પારાયણ તા. ૧૩/૮ની સવારે પૂર્ણાહુતિના આરે આવી પહોંચ્યું. આ પ્રસંગે ઉપસ્થિત થયેલા મોટા પ્રણામી મંદિરના મહંતશ્રી ઠાકોરદાસજી મહારાજને વ્યાસપીઠ પર બેસીને કથારસ રેલાવી રહેલા સ્વામીશ્રીએ પોતાના આસન પર જ પોતાની સાથે બેસાડી દીધા. બાજુમાં અલગ આસન હોવા છતાં સ્વામીશ્રીએ દાખવેલા આ સૌજન્યથી આવનારા મહાત્મા અભિભૂત થઈ ગયા.

આ રીતે પારાયણની સમાપ્તિ બાદ સ્વામીશ્રી પુણા, બારડોલી થઈને સાંકરી પધાર્યા. અહીં તા. ૧૫/૮ના રોજ ગામની પ્રાથમિક શાળામાં રાષ્ટ્રધ્વજ લહેરાવી તેઓએ દેશહિત માટે આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ તા. ૧૬/૮ના દિવસે રાયમ, ખોજને લાભ આપી નવસારી, અંકલેશ્વર, વડોદરાને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૧૮/૮ની સવારે અટલાદરા આવી પહોંચ્યા.

આજે જન્માષ્ટમીનો સમૈયો હોવાથી ઘણા હરિભક્તો ઊમટેલા. તે સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'શ્રીજીમહારાજને મળેલા વિજ્ઞાનાનંદ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને સર્વોપરીપણાની વાત કરી હતી. તેમણે આપણને વાત કરી. સીધેસીધો જ કરંટ છે. વાયા(via) વાત જ નથી.'

બી.એ.પી.એસ.નાં આ બડભાગ્ય !

ખબર-બેખબર

જન્માષ્ટમીના દિવસે સવારની સભા બાદ સ્વામીશ્રીએ અટલાદરામાં જ આવેલા મનુભાઈના કારખાનામાં પધરામણી કરી. તેની સામે જ આફ્રિકા-નિવાસી હરિભક્ત શ્રી ભટ્ટેસાના કારખાનાનું નિર્માણકાર્ય પણ ચાલુ હતું. ત્યાં જવાનું આમંત્રણ કે આયોજન નહોતું. જેની એ જમીન હતી તે તો આફ્રિકામાં હતા. પરંતુ અગાશીમાં કોઈ હોય કે ન હોય, ચંદ્ર તો ચાંદની રેલાવી જ દે. તેમ ભક્તોને રાજી કરવાની એક પણ તક ન છોડતા સ્વામીશ્રી એ કારખાનામાં

પણ પુષ્પો પધરાવવાં પહોંચી ગયા.

કારખાનામાં ફૂલો વેરી રહેલા સ્વામીશ્રીએ જોયું કે 'કમ્પાઉન્ડમાં ઘણું ખાસ ઊગી ગયેલું છે.' તેથી તેઓએ સાથે ચાલતા કાર્યકરને કહ્યું : 'આ નકામું ઘાસ ઘણું ઊગ્યું છે. તે વાઢીને મંદિરની ગાયો માટે મોકલી દેવું.'

આજે ગોપાલના જન્મદિને ગાયોની ખબર લેતાં સ્વામીશ્રી ખરા અર્થમાં 'ગોપાલ' બની રહ્યા.

ત્યારબાદ તેઓ મોટરમાં બિરાજી મંદિર તરફ જઈ રહેલા ત્યારે મંદિર બાજુથી મણિલાલ ભટ્ટ તેઓને મળવા આવી રહેલા. તેઓને જોતાં સ્વામીશ્રી મોટરમાંથી ઊતરી ગયા અને એક બાજુ જઈ તેઓ સાથે ઊભાં ઊભાં વાતચીત કરવા લાગ્યા. પરંતુ તે વાત લંબાતી ગઈ એટલે મનુભાઈ કારખાનેથી ખુરશી લઈ આવ્યા. તે પર બેસીને સ્વામીશ્રી વાત કરવા લાગ્યા. ત્યારે થોડી વારમાં વરસાદના છાંટા શરૂ થયા. તેથી છત્રી લાવવામાં આવી. પરંતુ ખુરશી કે છત્રી, બેમાંથી કશું સ્વામીશ્રીએ સામેથી માંગ્યું નહીં.

ગાયના ઘાસ અને ભક્તની ભૂમિની ખબર રાખનારા તેઓ પોતાની જરૂરિયાતો વિષે તો તદ્દન બેખબર જ રહેતા ! બીજા જતન કરે ત્યારે તેઓના દેહને સુવાણ વળતી. બાકી આપમેળે સ્વામીશ્રીએ કદી દેહની દરકાર રાખી જ નહોતી.

પ્રીત લગી પરબ્રહ્મ સે

તા. ૧૮/૮ની રાત્રે બાર વાગ્યા સુધી જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવી તા. ૨૦/૮ની સવારે વડોદરાથી નીકળેલા સ્વામીશ્રી છાણી, બાજવા, અડાસ, આણંદ, પોરડા, મહેળાવ, નડિયાદને પાવન કરતાં ડભાણ આવી પહોંચ્યા. અહીં મોતીભાઈની તબિયત સાવ લથડી ગયેલી. તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સ્વહસ્તે ચમચી ભરી ઠાકોરજીનું પ્રાસાદિક પાણી પાયું. મોંમાં અન્નપ્રાશનનો પહેલો કોળિયો મૂકવાથી માંડી છેલ્લી અંજલિ પિવડાવવા સુધી તેઓનો સંગાથ સાંપડતો એ પૃથ્વીના મનુષ્યોનું સદ્ભાગ્ય હતું !

આ રીતે ડભાણથી નીકળેલા સ્વામીશ્રી ખેડા થઈને અમદાવાદના પરા વિસ્તાર મણિનગરમાં ઠાકોરજી જમાડી, રાત્રે સવા અગિયાર વાગ્યે શાહીબાગના મંદિરે આવી પહોંચ્યા ત્યારે તેઓ આજના એક દિવસમાં નવ નગરો પાવન કરી ચૂકેલા !

પરંતુ અહીં તેઓએ જોયું તો મંદિરમાં ઠાકોરજીનાં દ્વાર ખુલ્લાં હતાં. સ્વામીશ્રીને આ ન રુચ્યું. તેઓ ખિન્ન સ્વરે બોલ્યા: 'ઠાકોરજીને શા સારુ જાગતા રાખ્યા હશે? આમાં ઠાકોરજીને કષ્ટ પડે.'

સ્વામીશ્રીની વધામણીમાં ચારેકોર થઈ રહેલા જયનાદોથી આખું મંદિર ગાજી રહેલું. પરંતુ તે તરફ સ્વામીશ્રીનું મુદ્દલ ધ્યાન નહોતું. તેઓ તો *'પ્રીત લગી પરબ્રહ્મ સે, તાહી ન ઓર સુહાત...'*ની પેઠે ઠાકોરજીને થયેલા ઉજાગરાની પીડા અનુભવી રહ્યા.

સુણી કદી સંશય નવ રહે

અમદાવાદમાં સ્વામીશ્રીના આગમન સાથે જ તા. ૨૧/૮થી નવ દિવસના પારાયણનો પ્રારંભ થયો. આ જ્ઞાનગંગાના ઉદ્‌ગમમાં જ પ્રાપ્તિનું અમૃત ઢોળતાં સ્વામીશ્રીએ કહ્યું: "ઘણા એમ કહેતા હોય છે કે 'અમારે ક્યાંથી ભાગ્ય કે ભગવાનનાં દર્શન થાય?' પણ એવું નથી. આપણે ભાગ્યશાળી જ છીએ. 'સત્પુરુષ એ જ આપણો આત્મા ને એ જ પુરુષોત્તમ નારાયણનું સાક્ષાત્ સ્વરૂપ,' એમ માનીએ તો પૂર્ણકામપણું થયું. અક્ષરધામમાં છે તે દેખાવાનું નથી અને આ છે તે મનાતું નથી. તો શું થાય? માટે ભગવાન અને સંત મળ્યા છે તે કૃતાર્થ માનવું."

પ્રાપ્તિનો આ પરિમલ પ્રસરાવી સ્વામીશ્રી આજની સાંજે ચાર વાગ્યે યુવક-મંડળની વિશેષ સભામાં પધાર્યા. તેમાં યુવાનો પોતાની કેટલીક સમસ્યાઓ લઈને હાજર હતા. તે એક પછી એક રજૂ થતી રહી અને સ્વામીશ્રી સૌને નિઃસંશય કરતા ગયા. જેમ કે –

- યુવાનોમાં રજોગુણ ઓછો કેમ થાય?
  'જેમ બે મિત્રો કે બાપ-દીકરા એકબીજાને રાજી કરવા પ્રયત્ન કરે છે, તેવું હેત સત્પુરુષમાં હોય તો તેને ન ગમતું હોય તે ન થાય ને રજોગુણ નીકળી જાય.'
- એક જ દિવસના ઉત્સવ માટે લાખો રૂપિયાના ઉતારાની વ્યવસ્થા શા માટે હોય છે?
  'એક દિવસમાં આત્માની શાંતિ પ્રાપ્ત થાય છે. એક દિવસમાં આખી જિંદગીનું કામ થઈ જાય છે. આધ્યાત્મિક લાભ થાય છે તે દૃષ્ટિ ઘણી મહત્ત્વની છે. (સમૈયામાં) સારી સગવડો મળે તેથી ગુણ

આવે (સદ્‌ભાવ થાય) ને તે જીવનું સારું થાય. જીવોને ભગવાનના માર્ગે ચલાવવા છે.'

- ખોટા માર્ગે મેળવેલી લક્ષ્મીનો દશાંશ ભાગનો ધર્માદો કરીએ તો તે શુદ્ધ થાય કે નહીં?

  'આવી વૃત્તિ કરવી જ નહીં. ભૂલથી થઈ ગયું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત છે. પરંતુ ભૂલ કરીને ધર્માદો કરવો તે આપણો રસ્તો નથી.'

- પુરુષોત્તમ નારાયણ સર્વોપરી હોવા છતાં જીવને શા માટે વ્રત-તપ આદિ સાધનો કરાવે છે?

  'ગંદવાડ હોય તેવા મકાનમાં ન ગમે, તેમ જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ ન હોય ત્યાં સુધી સુખ ન આવે. માટે જીવનમાં ભગવાન સિવાય કશું ન રહે તે શુદ્ધીકરણ માટે મહારાજ વ્રત-તપ કરાવે છે. પરદેશ જવું હોય તો પાસપોર્ટ બરાબર જોઈએ, તેમ અંતઃકરણ શુદ્ધ થાય તો ભગવાન ધામમાં બેસાડે.'

- ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને નવ દિવસ ધ્યાનમાં રાખી બ્રહ્મસ્થિતિ કરાવી. ત્યારપછીની પરંપરામાં કેમ નથી જણાતું?

  'આપણી માન્યતા પ્રમાણે સત્પુરુષ કરે તેમ નથી. શાસ્ત્રીજી મહારાજે કારખાના કરાવી સ્થિતિ કરાવી. પ્રગટ સત્પુરુષ સિવાય બીજા કોઈની મહત્તા ન રહે તે સ્થિતિ.'

- જે કોઈ પંચ વર્તમાનનો ભંગ કરતા હોય ત્યારે તેમનો અભાવ-અવગુણ ન આવે તે માટે શું કરવું? તે સંબંધમાં સત્સંગીઓની કોઈ ફરજ ખરી?

  'પંચ વર્તમાનમાં ખામી હોય તેને ફજેત ન કરવો. હેત હોય તો તેને ટકોર કરવી, નહીં તો એનો સમાગમ ન કરવો. વાત ચગડોળે ન ચડાવવી. ભગવાન તેને દંડ દેનાર જ છે. આપણે તેના ધણી નથી. બધા જ ભૂલને પાત્ર છે. સંપૂર્ણ થવા માટે આપણે અહીં આવ્યા છીએ. આ વસ્તુ જાણી રાખે તો વાંધો ન આવે.'

- 'કીડિયારાનો રોગ થયો હોય તે અંગ કાપી નાંખવું' તેમ વચનામૃતમાં કહ્યું છે, તે શું સમજવું?

  'એ કામ મોટાપુરુષને સોંપી દેવું. ડૉક્ટરનું કામ ડૉક્ટર કરે. એ ઑપરેશન કરે કે દવા આપી સાજો કરે તે કામ સત્પુરુષનું છે,

આપણું નહીં. આપણી સત્તા બહારનું કામ ન કરવું. મોટાપુરુષનું સારું દેખાય તેમ કરવાની હરિભક્તોની ફરજ છે.'

- શ્રીજીમહારાજના પ્રાગટ્ય પૂર્વે આત્યંતિક કલ્યાણની વ્યવસ્થા હતી ખરી?

  'આ બ્રહ્માંડમાં ન હતી, બીજા બ્રહ્માંડમાં હતી.'

- પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ સાથે આપનો સૌથી વધુ આનંદનો પ્રસંગ કયો હતો?

  'ભગવાન ને સંતના દરેક પ્રસંગ આનંદદાયક છે. (પછી હસતાં હસતાં કહ્યું કે) સાધુ બનાવ્યા તે જ અતિશય આનંદનો પ્રસંગ.'

આમ, યુવાનોની જિજ્ઞાસાના સ્વામીશ્રીએ *'સુણી કદી સંશય નવ રહે...'*ની રીતે સંતોષકારક ખુલાસા કરી આપ્યા.

નથી વાત જેવડી આ વાત

તા. ૨૨/૮ના રોજ અમદાવાદના મંદિરમાં બિરાજમાન ધામ, ધામી અને મુક્તનાં સ્વરૂપો માટે સુવર્ણ-સિંહાસન પ્રતિષ્ઠિત થઈ જતાં આ દિવસ સૌ માટે સોનાનો બની રહ્યો.

આ નિમિત્તે યોજાયેલી સભામાં ઊમટેલી ચિક્કાર મેદનીમાં એક હતા – કિશનભાઈ હાંડા. ગુલઝારીલાલ નંદાના આ ભાણા ભક્તહૃદય, છતાં ભોળા નહીં. ઘરમાં લાલજીની મૂર્તિ રાખી સેવા-પૂજા કરનારા તેઓ આજે હાથમાં એક પડીકું વાળીને બેઠા હતા. એ પડીકું ખોલવાની તેઓને તીવ્ર ઇચ્છા હતી. પણ બેઠાં બેઠાં નહીં, ઊભા થઈને. તેય મંચ પર જઈને. સૌ સમક્ષ તેઓ એ પડીકાનો ઉદ્‌ઘોષ કરવા માંગતા હતા અને તેઓને લાગ મળી ગયો. માઇક પર આવી તેઓએ બોલવાની શરૂઆત કરી કે –

"ગઈકાલે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મારા ઘેર પધારેલા. અમારે ઘેર લાલજીની મૂર્તિ છે તેની આરતી સ્વામીશ્રીએ ઉતારી. પછી થોડી વાતચીત થઈ. હું મારી મોટરમાં જ સ્વામીશ્રીને અહીં મંદિરે મૂકી સાંજે છ વાગ્યે ઘેર પહોંચ્યો. હાથ-પગ ધોઈને લાલજીનાં દર્શન કરવા ગયો. પણ ત્યાં જતાં જ હું ચકિત થઈ ગયો. મેં જોયું કે લાલજી પાસે કંકુની મોટી ઢગલી થયેલી અને આખા ઘરમાં સુગંધ-સુગંધ ફોરી રહેલી. મેં પેલી ઢગલીનું કંકુ લઈ મારા ઘરનાં કંકુ સાથે સરખાવી જોયું. ત્યારે ખ્યાલ આવ્યો કે 'આ ઢગલીવાળું કંકુ

બજારનાં કંકુ કરતાં જુદું જ છે!' મને અતિ આશ્ચર્ય થયું. આખી રાત મારી આનંદમાં વીતી કે 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મારા ઘરમાં પધાર્યા અને તેઓનાં પગલે-પગલે કંકુ વેરી ગયા!' આજે એ ઢગલીમાંથી થોડું કંકુ આ પડીકામાં ભરી લેતો આવ્યો છું, જેથી સૌને ખાતરી થાય...' એમ કહેતાં તેઓએ હાથમાં રાખેલું પડીકું ખોલી બતાવ્યું.

શિક્ષિત વ્યક્તિ દ્વારા તર્કના ત્રાજવે તોળાયેલા આ જાતઅનુભવને સૌએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધો. એ ગડગડાટમાંથી શબ્દો સ્ફુટ થતા હતા કે –

'નથી વાત જેવડી આ વાત, થાય અલૌકિક વસ્તુ સાક્ષાત્;
એવી રીત્ય ન દીઠી ન સાંભળી, સહુ જન વિચારજ્યો વળી.'

સ્વામીશ્રીનાં પગલે-પગલે શ્રીજીમહારાજ જ કુમકુમવર્ણી પગલીઓ પાડતાં ઘરોઘર અને વસુંધરા પર વિચરી ગયા છે.

હમેશ રહે હરખ હૈયે

આ અરસામાં સમગ્ર સત્સંગનું વાતાવરણ ઉત્સવમય બની રહેલું. ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે કો'ક ઘરમાં મંત્રજાપ થતા હતા તો ક્યાંક પુરશ્ચરણ; ક્યાંક મંત્રપોથીમાં 'સ્વામિનારાયણ' મહામંત્રનું લેખન તો ક્યાંક વચનામૃત-શિક્ષાપત્રીનાં પૂજન; ક્યાંક પ્રભાતફેરી તો ક્યાંક કીર્તન આરાધના – એમ ઉત્સવનો ઉદ્‌ઘોષ ઊપડેલો. આ સંસ્થાકીય આયોજનોની સાથે સાથે લોકહૈયાંમાં ઊછળતી ભાવની ભરતી કંઈક અવનવું કરવાના તરંગો પણ ફેલાવતી રહેતી.

આવું જ એક મોજું નેનપુરના રામજી રબારીના હૃદયે ઊઠેલું. તેઓએ શણગારેલી હાથલારીમાં અક્ષર-પુરુષોત્તમની ચિત્રપ્રતિમા પધરાવી ગુજરાતનાં ગામડે-ગામડે ઘૂમી સ્વામિનારાયણનો સંદેશો ફેલાવવાનું નક્કી કરેલું. તે અનુસાર આ ભક્તે સાડીઓ અને તોરણો લટકાવી લારીને સુશોભિત કરી દીધેલી. ઠાકોરજીને છાંયો રહે તે માટે છત્ર જેવું પણ બનાવ્યું હતું. હવે લારીમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પધરાવવાના હતા. તે માટે એ રબારી ભક્ત આવી પહોંચ્યા સ્વામીશ્રી પાસે, અને જે હાથ દ્વારા સવારે શિખરબદ્ધ મંદિરમાં સુવર્ણ-સિંહાસન પ્રતિષ્ઠિત થયાં એ જ હાથ વડે બપોરે હાથલારીમાં ચિત્રપ્રતિમા પધરાવાઈ! આ બેય પ્રસંગે સ્વામીશ્રીનાં મન અને મુખ

એકસરખાં જ ભક્તિભાવથી છલકાતાં હતાં. મુખની વાત તો જોઈ શકાતી હતી. મનની વાત થોડીક જ ક્ષણોમાં જણાઈ આવી.

લારીમાં સ્વામીશ્રી દ્વારા મૂર્તિઓ વિરાજિત થઈ ગયા બાદ રામજીભાઈએ મનોરથ ઉચ્ચાર્યો કે 'બાપા ! આપ લારીમાં બિરાજો.'

એ ભક્તની આ ઇચ્છા સ્વામીશ્રીના મોભાની દૃષ્ટિએ અવિચારી, બપોરના દોઢ-બે વાગ્યાની દૃષ્ટિએ વિચિત્ર અને લારી જેવા વાહનની દૃષ્ટિએ અયોગ્ય લાગે તેવી જ હતી. પરંતુ સ્વામીશ્રીનું મન મોભા-મરતબામાં નહીં, ભક્તિમાં રાચનારું. તેથી તેઓ પ્રેમપૂર્વક એ હાથલારીમાં બિરાજ્યા ! પેલા ભક્તે એ લારીને ઠેલતાં ઠેલતાં સ્વામીશ્રીને મંદિરની પ્રદક્ષિણા કરાવી.

ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી મહોત્સવ માટે સ્વામીશ્રીને *'હમેશ રહે હરખ હૈયે, ભલી ભાતે ભક્તિ કરવા...'* જેવું રહેતું. તેથી નાનામાં નાના આયોજનમાં તેઓ ભાવપૂર્વક ભળતા.

આપણી મોટપ જબરજસ્ત છે

તા. ૨૫/૮ની સવારે સ્વામીશ્રીએ કથાની કમાન સંભાળતાં વાત કરી કે –

"આ દુનિયામાં ગમે તેનાથી લાભ થાય પણ ત્યાં ચોંટવાનું નથી. ભગવાને કર્તા-હર્તા સમજવાથી કોઈનો અભાવ-અવગુણ ન આવે, રાગ-દ્વેષ ન થાય. આ પ્રત્યક્ષ જ કર્તા-હર્તા છે એમ સમજાય તો મુદ્દો હાથ આવ્યો. લોકો કહે: 'અમે એકલા ભગવાનને માનીએ છીએ.' પણ મહારાજે વચનામૃતના પાને પાને ભગવાન ને સંત બતાવ્યા છે. વળી, કહ્યું: 'સમજે જ છૂટકો છે.' તો આ જન્મે શા માટે ન સમજવું ?

એક લોભી વાણિયો રાજાના વાંકમાં આવ્યો. રાજાએ તેને સો રૂપિયાનો દંડ કર્યો. તેણે કહ્યું: 'આ મારાથી નહીં બને.' ચમડી તૂટે પણ દમડી ન છૂટે. ત્યારે રાજાએ કહ્યું: 'તો સો ખાસડાંનો માર સહન કરો.' તેમાં વાણિયાએ 'હા' કહી. પછી ખાસડાં મારવાનાં શરૂ થતાં તેણે પાંચ ખાધાં પણ સહન ન થતાં પ્રાર્થના કરી. તો કહે: 'ડુંગળીના સો દડા ખાવ.' પછી તે ખાવાનાં શરૂ કરતાં પાંચ ખાધા ત્યાં તો આંખમાંથી ને નાકમાંથી પાણી નીકળ્યાં. એટલે કહે: 'આ સહન નહીં થાય.' એટલે ફરી કહ્યું: 'તો સો રૂપિયા દંડ ભરી દો.' તે પછી એ રૂપિયા ભરી દીધા. તેમ ખાસડા ખાધા, દડા ખાધા ને દંડ તો ભરવો જ પડ્યો ! માટે આપણે સમજી લેવું. બીજાને ખાસડા ખાવા હોય તો ભલે

ખાય, પણ આપણે તો ખાવા નથી.

શ્રીજીમહારાજે સ્થૂળ દૃષ્ટાંતો આપીને ગહન આધ્યાત્મિક વાતો સમજાવી છે. બીજાં શાસ્ત્રોમાં આવાં દૃષ્ટાંતો નથી. ખ્રુશ્ચોવ[૩૧](ખ્રુશ્ચેવ) ભારત આવ્યા હતા ત્યારે સાંતાક્રુઝ ઍરપોર્ટથી ઠેઠ મુંબઈ સુધી માણસોની લાઇન થઈ ગયેલી. પણ પોસ્ટ (હોદ્દા) ઉપરથી ઊતર્યા ત્યારે બસની લાઇનમાં ઊભા રહેવું પડ્યું! પણ આપણી મોટપ જબરજસ્ત છે, અવિનાશી છે અને અવિચળ છે. આપણને ગમે તેટલું દુઃખ આવે પણ ભક્તિમાંથી પાછા ન પડવું.''

સ્વામીશ્રીની વાણીએ આજે કથારસની અદ્‌ભુત જમાવટ કરી દીધી. જો કે, આ રોજિંદો ક્રમ થઈ પડેલો. તેથી ઓળઘોળ થયેલા જૂના હરિભક્ત અંબાલાલકાકાએ એક વાર કહ્યું: 'સ્વામી! આપના વચનામૃતના નિરૂપણમાં ખૂબ મજા આવે છે.'

'મહારાજની વાણી છે ને યોગીબાપાના આશીર્વાદ છે.' મજાનું આ મૂળ બતાવતાં સ્વામીશ્રી તો પ્રશંસાથી સાવ કોરા જ રહ્યા.

સત્પુરુષ કહે તેમ કરવું

તા. ૨૭/૮ની સવારે સ્વામીશ્રી નરોડામાં આવેલા રાજ્ય અનામત સુરક્ષાદળ(SRP)ના કેમ્પમાં પધાર્યા ત્યારે ૫૦૦ જેટલા સુરક્ષાકર્મીઓએ બૅન્ડ-બ્યૂગલ બજાવી તેઓનું સ્વાગત કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ કેમ્પમાં આવેલા મહાદેવના મંદિરમાં જઈને આરતી ઉતારી.

તે પછી આજની રાત્રે તેઓ યૌવનના ઉપવનમાં જઈને બેઠા. અહીં અમદાવાદના યુવક મંડળ દ્વારા 'સેવા-ભક્તિ શ્રેષ્ઠ કે શ્રવણ-ભક્તિ શ્રેષ્ઠ?' વિષયક ચર્ચાસત્ર યોજાયું. તેમાં બંને પક્ષે વહેંચાયેલા ચાર-ચાર યુવકો દ્વારા સચોટ દલીલોના સહારે રસાકસીયુક્ત પણ ખેલદિલીપૂર્ણ રજૂઆતો થતી રહી. તેથી બંને પક્ષે વારાફરતી ઝૂલતાં રહેલાં હાર-જીતનાં પલ્લાંને છેલ્લે સમતોલ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સેવા અને કથા – બંનેની આવશ્યકતા છે. સત્પુરુષ કહે તેમ કરવું. તેમાં બધું આવી જાય.'

આ અરસામાં યુવક મંડળનું અન્ય એક પ્રેરક આયોજન હતું – સ્વામીશ્રીની દિનચર્યાની નોંધણી. સ્વામીશ્રી સવારે જાગે ત્યારથી રાત્રે પોઢે ત્યાં સુધી એક યુવક તેઓની સાથે ને સાથે જ રહેતો. તે સ્વામીશ્રીની દરેક

૩૧. એક સમયના રશિયન પ્રમુખ.

ક્રિયાની રજેરજ નોંધ લેતો જતો. બીજા દિવસે બીજો યુવક આવી જતો. આ રીતે થયેલી નોંધોમાંથી અંતે એક સંકલિત સંપૂર્ણ દિનચર્યાનું આલેખન કરવાની નેમ આ યુવાનોની હતી. દિવસની તમામ ક્રિયાઓને યુવાનોની ઝીણી નજર હેઠળથી પસાર થવા દેનારા સ્વામીશ્રીનું જીવન કેવું જાહેર અને અણિશુદ્ધ હશે! તેથી જ તો યુવાની તેઓમાં ખેંચાઈ-ખોવાઈ હશે ને!

સર્વે રીતે સંતમાં રહું છું રે

તા. ૨૮/૮નો દિવસ સામશ્રવણીનો હોવાથી સ્વામીશ્રીએ વેદવિધિને અનુસરતાં યજ્ઞોપવીત પરિવર્તન કર્યું. દુંદાળા દેવ ગણેશજીનું પણ પૂજન કરી મોદકનો થાળ ધરાવ્યો. ત્યારબાદ રાબેતા મુજબ પધરામણી કરવા નીકળેલા તેઓ આજે શ્રીપુરના સત્સંગ-ઇતિહાસનાં કેટલાંક પાનાં ઉઘાડતાં ગયા.

શાહપુરની દાણાપીઠ આગળથી પસાર થતાં એક ડહેલો બતાવી તેઓએ કહ્યું: 'અહીં સૌ પ્રથમ શાસ્ત્રીજી મહારાજ ઉતરતા. નાની મૂર્તિઓ અક્ષર-પુરુષોત્તમની પધરાવેલી. અત્રે મંદિરની માલિકીની બે દુકાનો પણ છે.'

અહીંથી શાહપુરના બહાઈ સેન્ટરની બાળસભામાં લાભ આપી આગળ વધતાં કાશીવિશ્વનાથનું મંદિર આવ્યું. ત્યાં નદી ઉપર જમણે હાથે એક મકાન બતાવી સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ મંદિર માટે અહીં જમીન જોતા હતા. અહીં નદીના ઘાટને 'અક્ષરઘાટ' નામ આપવા પણ વિચાર કરેલો.'

આમ, સ્થળ-સ્થળની સ્મૃતિ કરાવતાં તેઓએ હવે દિશા પકડી એક ગુણભાવી મુમુક્ષુના ઘર તરફની. તે ઘરમાં રહેનાર નાનુભાઈને ગઢડાના ગોપીનાથ દેવ ઢંઢોળી ગયેલા. ગઈકાલે તેઓ સ્નાન કરતા હતા ત્યારે જ ગોપીનાથજીએ તેઓને દર્શન દઈને કહેલું: 'અહીં મંદિરે નારાયણસ્વરૂપદાસ આવ્યા છે ને કેમ દર્શને જતો નથી?'

ત્યારે નાનુભાઈએ જણાવેલું કે 'યોગીબાપામાં મને જેવું હેત હતું તેવું હેત થતું નથી; એટલે નથી ગયો.'

તેઓ જ્યાં આમ બોલ્યા ત્યાં જ ગોપીનાથજીની સાથે સ્વામીશ્રીનાં દર્શન આ મુમુક્ષુને થયાં. તે સમયે ગોપીનાથ દેવ બોલ્યા: 'મારું મોઢું જો ને આમનું મોઢું જો. શું ફેર દેખાય છે? એક જ છીએ. યોગીજી મહારાજનું સ્વરૂપ આ નારાયણસ્વરૂપ છે. તે બંને સરખા જ છે.'

આ દર્શનથી નાનુભાઈ આનંદ અને અપરાધનો ભાવ એકસાથે

અનુભવી રહ્યા. અપરાધ એ કે 'અત્યાર સુધી સ્વામીશ્રીને ન ઓળખી શક્યા.' અને આનંદ 'સ્વામીશ્રીની ઓળખાણ ભગવાનના મુખે જ થઈ ગયાનો!'

આ મિશ્ર લાગણીઓ સાથે તેઓએ સ્નાન કરીને પહેલું કામ કરેલું – સ્વામીશ્રીને પોતાના આંગણે આમંત્રણ પાઠવવાનું. સ્વામીશ્રીને કહેણ મોકલીને તેઓ ગઈકાલથી જ તેઓની પ્રતીક્ષામાં હતા.

આજે સ્વામીશ્રી પધાર્યા ત્યારે ભાવવિભોર થઈને સત્કાર કરતાં તેઓ બોલ્યા: 'આજે મારી ભ્રાંતિ ટળી ગઈ ને આનંદ આનંદ થઈ ગયો.' પધરામણી દરમ્યાન આ જ વાત વારંવાર દોહરાવતા તેઓએ સ્વામીશ્રીને ધોતિયાં ઓઢાડ્યાં.

આ ઘટનાના સાક્ષી બનનાર સૌ સંતો-ભક્તો પણ શ્રીજીમહારાજના વચન વારંવાર મનમાં ઘૂંટી રહ્યા: *'સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે...'* જે સ્વામીશ્રીનો મહિમા પ્રસરાવવાની સ્વયં ભગવાનને હોંશ હોય તે મહિમાને ફેલાતો કઈ દીવાલ અટકાવી શકે?

મનના થયા સંકલ્પ સિદ્ધ

અમદાવાદના રોકાણ દરમ્યાન તા. ૩૦/૮ના રોજ સ્વામીશ્રી કડી, કરણપરા, બુડાસણ, અડાલજ થઈને રાત્રે નવ વાગ્યે પુનઃ અમદાવાદની દીવાન બલ્લુભાઈ શાળાના હૉલમાં જાહેર-સભા માટે પધારી ગયા. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે આ જ રીતે દરેક પરાઓમાં આવી સભાઓ યોજાવાની હતી. તેનો પ્રારંભ આજથી થઈ ગયો.

તે ક્રમમાં તા. ૩૧/૮ની સાંજે સ્વામીશ્રીએ બાપુનગરના કૉમ્યુનિટી હૉલમાં ધર્મલાભ આપી તા. ૧/૯ની સવારે દરિયાખાનના ગુંબજને પાવન કર્યો. ત્યારબાદ તેઓ આજે ગોઠવાયેલી પચીસ પધરામણીઓની હારમાળામાં પરોવાયા. તેમાંની પહેલી પાંચ-સાત પધરામણીઓ બાદ સાથે ફરતા કાર્યકરે કહ્યું : 'સ્વામી! આ બાજુની પધરામણીઓ પૂરી થઈ. હવે બીજી તરફ જવાનું છે.'

'ના, આ રોડ ઉપર હજી ચાર-પાંચ ઘર છે. તેઓ ક્યારનાય રાહ જુએ છે. તેમને અમે આવવાનું કહ્યું છે. માટે તે બાજુ લ્યો.' સ્વામીશ્રીએ અણધાર્યો કાર્યક્રમ રજૂ કરતાં જણાવ્યું.

તેઓ એટલા સોંઘા અને સરળ હતા કે ઘણી વાર હરિભક્તો

વ્યવસ્થાપકને મળ્યા વિના સીધા જ સ્વામીશ્રી પાસે પહોંચીને તેઓને પોતાના ઘેર આવવાનું જણાવી દેતા. કોઈને નારાજ કરવાનું નહીં શીખેલા સ્વામીશ્રી તે ભક્તોને પધારવાનું વચન આપી દેતા. બારોબાર ગોઠવાયેલો આ કાર્યક્રમ ફોક ન થઈ જાય તે માટે સ્વામીશ્રી તેની વિગત કોઈને જણાવતા નહીં. તે હરિભક્તને પણ કહેતા : 'તમે આ વાત કોઈને કરતા નહીં. રસ્તે ઊભા રહેજો. હું તમારા ઘેર આવી જઈશ.' આ પ્રમાણે થયેલી ગોઠવણ અનુસાર સ્વામીશ્રી આખરી ક્ષણે આયોજન જાહેર કરતા. તેથી વ્યવસ્થાપકોને કાર્યક્રમ રદ કરવાનો કોઈ અવકાશ રહેતો નહીં અને હરિભક્તનું ટાણું સચવાઈ જતું. તે પોતે પણ સચવાઈ જતા, કારણ કે સૌને એમ જ લાગતું કે 'આ કાર્યક્રમ સ્વામીશ્રીએ ગોઠવ્યો છે.' તેથી હરિભક્ત પર દોષનો કોઈ ટોપલો ઠલવાતો નહીં. આમ, સૌનું સઘળું સચવાઈ જતું. જે કંઈ વેઠવાનું આવતું તે સ્વામીશ્રીના ભાગે રહેતું !

સૌને રાજી રાખવાની તેઓની આ કલ્યાણકારી કળા પ્રમાણે આજે પણ તેઓ પચીસ ઉપરાંત બીજી જે પાંચ પધરામણીઓ ગોઠવેલી તે માટે નીકળ્યા. ગામ-શહેરના ભૌગોલિક જ્ઞાન અને ભક્તો સાથે આત્મીયતાનો નાતો તેઓને એવો કે કોણ કયા રસ્તે વસે છે તે પણ જાણે ! તેથી જ્યાં પહોંચવાનું હોય ત્યાં જઈને જ વાહનનું પૈડું થંભે. એ રીતે આજે તેઓ આ પાંચ ઘર પાસે જઈને ઊભા રહ્યા ત્યારે એ એક-એક ઘરનું આંગણું હરખથી ઊભરાઈ રહ્યું. એ ઘરમાં રહેનારાં સૌ ગાઈ ઊઠ્યાં : *'મનના થયા સંકલ્પ સિદ્ધ, નથી બાકી રહ્યા કોઈ વિધ...'*

અનેકને આ અનુભવ કરાવનારા સ્વામીશ્રી પધરામણીઓ કરી આજની સાંજે નવાવાડજમાં યોજાયેલી નગરયાત્રામાં બિરાજ્યા. નગરયાત્રા બાદ સાંકળચંદ બાપુજી ટ્રસ્ટની વાડીમાં દ્વિશતાબ્દી ઉપક્રમે રાખેલી સભા પણ અમદાવાદ ગજવે તેવી રીતે સંપન્ન થઈ. તેમાં મેયર સહિત અનેક નામાંકિત મહાનુભાવોથી મંચ-માંડવો તારાખચિત આકાશની જેમ શોભી રહ્યા.

કરુણાનો રેલો કારાવાસમાં

જ્યાં જવું કોઈને ગમે નહીં અને જ્યાં ગયેલાને મળવું કોઈને ગમે નહીં, ત્યાં જવા અને તે લોકોને મળવા સ્વામીશ્રી તા. ૨/૯ની સાંજે ચાર વાગ્યે પહોંચી ગયા. એ સ્થળ હતું – સાબરમતી જેલ. જ્યાં માણસ નામથી

નહીં પણ નંબરથી ઓળખાય તે આ સ્થળ. એક સમયે તે હતું સત્યાગ્રહીઓનું સ્વર્ગ. પણ આજે બની ગયેલું ઉન્માદીઓનો ઉકરડો. એ ઉકરડામાં સ્વામીશ્રીનાં ચરણ પડતાં ઉદ્યાનની ખુશ્બૂ પ્રસરી રહી.

અહીં જેલના અધિકારીઓ તેઓને સત્કારી પ્રથમ ગાંધીયાર્ડમાં લઈ ગયા. સન ૧૯૨૨માં ગાંધીજીએ અહીં પ્રથમ જેલવાસ ભોગવેલો. તે ઓરડામાં પગલાં કરી સ્વામીશ્રી સભામાં પધાર્યા. અત્રે આવેગ અને આક્રોશની આગમાં જિંદગી ભડથું કરી નાંખનારા ૩૦૦ કેદીઓ બેઠા હતા. ઘણા સમય પછી આવો કરુણાળો ચહેરો તેઓની નજરે ચઢ્યો. અહીંના નિવાસ દરમ્યાન તો પહેલી જ વાર! તેથી સૌ એકીટશે સ્વામીશ્રી સામે જ જોઈ રહ્યા. યુધિષ્ઠિરની ઉપસ્થિતિમાત્રથી નરકના જીવોને જેવી રાહત અનુભવાયેલી તેવા જ અનુભવમાંથી લાલ-પીળી ટોપીઓ પહેરીને બેઠેલા આ સૌ પસાર થઈ રહ્યા. સ્વામીશ્રીની અમીદૃષ્ટિ તેઓ પર વરસી રહી. થોડી વારમાં તેઓએ આશીર્વાદનું અમૃત પિવડાવવાનું પણ શરૂ કર્યું. તેમાં જણાવ્યું કે –

'થઈ ગયું તે થઈ ગયું. તમારે બે વાતનું ધ્યાન રાખવું; ફરી ભૂલ કરવી નહીં અને જે થઈ ગઈ તેનો ડાઘ ધોઈ નાંખવો. ધારો કે તમને અહીં ન્યાય ન મળે તોપણ નિરાશ ન થવું. ઉપર મોટી કોર્ટ છે તેમાં ભગવાન ન્યાય કરશે. એનાથી છૂપું કંઈ નથી. એમની કોર્ટમાં વકીલ કે સાક્ષી કશું ન જોઈએ. ત્યાં સૌનો સાચો ન્યાય થવાનો છે – એવો ભરોસો રાખવો. તમે તમારી બધી ચિંતા એને સોંપી દેશો તો એ તમારું સારું જ કરશે. તમે કોઈનું જેટલું ભૂંડું કરશો તેથી સવાયું ભૂંડું તમારું થશે. વાલ્મીકિ પારધી હતા પણ નારદ મુનિનો ઉપદેશ માન્યો તો મોટા ભક્ત બની ગયા. એમ જીવન-પલટો કરી લેવો.'

ગંગાજળથી ગંદવાડ ધોવાય તેમ સ્વામીશ્રીની આ વાણીથી ક્રૂર કેદીઓ કૂણા થયા. કેટલાયનાં મનમાં 'બળતાંને બચાવી લેવાનું' શાણપણ ફૂટી નીકળ્યું. તેઓએ સ્વામીશ્રીને સૂતરની આંટી પહેરાવી આભાર વ્યક્ત કર્યો. સૌનો આ પ્રેમભાવ સ્વીકારી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે આ કેદખાનાની આબોહવા બદલાઈ ગયેલી.

સાબરગંગાના નીરે-તીરે

તા. ૨/૯ની સાંજે આંબાવાડી મંડળ દ્વારા સી. એન. વિદ્યાલયના પ્રાર્થનાહૉલમાં દ્વિશતાબ્દી મહોત્સવની ઉદ્‌ઘોષ સભા યોજાયા બાદ તા.

૩/૯ની સાંજે ટાઉનહૉલમાં ભવ્ય કીર્તન આરાધના સંપન્ન થઈ. તે પછી તા. ૪/૯ના રોજ સ્વામીશ્રીને જળઝીલણી એકાદશી નિમિત્તે સારંગપુર જવાનું હતું, પરંતુ વરસાદનું વિઘ્ન આડું ઊતરતાં રસ્તાઓ બંધ થઈ ગયા અને કર્ણાવતીને સૂતાં સૂતાં સાકરનો કાંકરો મોંમાં આવી ગયો !

ઉત્સવના દિવસે સવારે સાડા અગિયાર વાગ્યે પાલખીમાં ઠાકોરજી અને બગીમાં સ્વામીશ્રીને પધરાવી ત્રણેક હજાર હરિભક્તોનો સમૂહ ધૂન-ભજન ગાતો નગરયાત્રાના સ્વરૂપે નારાયણ ઘાટે આવી પહોંચ્યો. અહીં ઘાટનાં પગથિયાં સુધી હિલોળા લઈ રહેલા પાણીમાં, મોટા ત્રાસ પર ઠાકોરજી પધરાવી સૌએ તેઓને જળમાં ઝુલાવ્યા. નદીમાં કાકડીનાં પતાકાં ઉછાળી સ્વામીશ્રીએ જળચર જીવોને પણ તૃપ્ત કર્યા.

ત્યારબાદ તેઓએ અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાને નિર્મિત આરસની છત્રી અને મંદિરમાં દર્શન કર્યાં. મંદિરના પ્રાંગણમાં જ લીંબડા નીચે સભા થઈ. તેમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનના ઘાટ થાય તે માટે આ સમૈયા છે. હરિજયંતીએ અહીં સ્નાન કરવા વિચાર હતો, પણ રહી ગયેલું, તે સંકલ્પ આજે પૂરો થયો.'

વિચક્ષણ અને વિલક્ષણ

તા. ૬/૯ના રોજ સારંગપુર તરફ જવાનો માર્ગ મોકળો થતાં અમદાવાદથી વિદાય લઈ સ્વામીશ્રી બાવળા અને લીંબડીને પાવન કરતાં આગળ વધી રહેલા. તે વખતે પોતાના વિચરણની ક્રમબદ્ધ તવારીખ આપતી 'સત્સંગ પત્રિકા'નું વાંચન કરતાં, તેઓની નજર તા. ૨૦/૮ના લખાણ પર પડી. તે સંબંધમાં તેઓએ સહપ્રવાસી નારાયણ ભગતને કહ્યું : 'આ વિચરણમાં આપણે ડભાણથી ખેડા ગયા હતા તે લખવું રહી ગયું છે.'

પત્રિકામાં છાપવા માટે સ્વામીશ્રીનું વિચરણ નારાયણ ભગત લખી મોકલતા. તેઓની સૂઝ અને ચોકસાઈ પણ નમૂનેદાર. છતાં તેઓ દ્વારા આ ગામનો ઉલ્લેખ કરવો ચુકાઈ ગયેલો, જે સ્વામીશ્રીએ ઊડતી નજરમાં પકડી પાડ્યું ! આ પ્રસંગે સૌને તેઓ વિચક્ષણ અને વિલક્ષણ એટલે લાગ્યા કે તા. ૨૦/૮ના રોજ સ્વામીશ્રી દસ ગામ ઘૂમી વળેલા અને તે ઘટનાને સત્તર દિવસ વીતી ગયેલા, છતાં હજી તેઓના મનમાં ગામનાં નામ તો ઠીક, પણ કયા ગામથી કયા ગામ ગયા તે ગામનો ક્રમ સુધ્ધાં અકબંધ સચવાઈને

પડેલો !! તીક્ષ્ણ બુદ્ધિની અતિ અતિ અસાધારણ કક્ષા સાથે તેઓ અવતરેલા.

આમાં તો મૌન એ જ શોભા

ઘરમાં પેસતાં બાળક પહેલો માની પાસે પહોંચે તેમ સ્વામીશ્રી પણ સારંગપુરમાં આવતાં જ સીધા ગુરુને મળવા દોડી ગયા – યજ્ઞપુરુષ સ્મૃતિ-મંદિરે. અહીં તથા મંદિરમાં દર્શન બાદ તેઓ અલ્પાહાર ગ્રહણ કરી સંતો દ્વારા યોજાયેલી સભામાં પધાર્યા. તેમાં 'યજ્ઞપુરુષ સંસ્કૃત પાઠશાળા'ના વિદ્યાર્થી સંતોએ સ્તોત્રગાન, પ્રવચન, સંચાલન વગેરે દરેક રજૂઆત સંસ્કૃત ભાષામાં કરી. સંતોના આ પ્રયત્નથી સ્વામીશ્રી પ્રસન્ન થતાં હળવા વિનોદમાં બોલ્યા : 'બધા સંસ્કૃત બોલતા થઈ ગયા ને અમે પ્રાકૃતમાં બોલીએ તે શોભે ? છતાં બોલીએ છીએ તે ભગવાનની કૃપા. આમાં તો મૌન એ જ શોભા. સંસ્કૃતમાં બધા પ્રવીણ ને પ્રખર બની જાય તે આશીર્વાદ.'

આ વચનો સાથે રાત્રે સાડા અગિયાર વાગ્યે સભા પૂરી થઈ. ત્યારબાદ સભામંડપમાંથી ઉતારા તરફ જતાં રસ્તામાં હીંચકો આવ્યો. તે પર સ્વામીશ્રી બેઠા કે આસપાસ સંતો-પાર્ષદો ટોળે વળી ગયા અને ગોષ્ઠી મંડાઈ ગઈ. તેમાં *'વદન નીરખી રહ્યાં, પ્રેમે આતુર થયાં...'*ની જેમ સૌ સમયનું ભાન ભૂલ્યા અને રાત્રે દોઢ વાગી ગયો !

સિતારાને સૂર્યની શ્રદ્ધાંજલિ

થોડા સમય પહેલાં મુંબઈના બાળક હિતેશ પારેખનો અક્ષરવાસ થયેલો. વિશ્વના રંગમંચ પર પોતાનાં હીર-નૂર ઢોળે તે પહેલાં તો કેવળ ચૌદ જ વર્ષની ઉંમરે આ સિતારો અલોપ થઈ ગયેલો. જીવનવન અતિ વેગે વટાવી તે અક્ષરધામના આંગણે રમવા લાગતાં સ્વામીશ્રી પણ ગળગળા થઈ ગયેલા. તેઓએ ભાવ નીતરતા શબ્દોમાં અંજલિ આપતાં કહેલું : 'તે યોગભ્રષ્ટ આત્મા હતો. જો રહ્યો હોત તો મોટો સદ્‌ગુરુ થાત અને સત્સંગમાં બહુ જ સમાસ કરત. મહારાજને ગમ્યું તે ખરું.'

કોઈ વિશ્વમાન્ય ધર્મગુરુ દ્વારા માત્ર ચૌદ વર્ષના બાળકને આટલા આદરમાન સાથે અપાયેલી વિશ્વની આ કદાચ પ્રથમ શ્રદ્ધાંજલિ હશે !

પણ વાત અહીં અટકતી નથી. તા. ૭/૯ના રોજ અસ્થિ-વિસર્જનના વિધિ માટે અક્ષરવાસી બાળકના પિતા સારંગપુર આવ્યા ત્યારે સ્વામીશ્રી સ્વયં

તે વિધિમાં સામેલ થવા નારાયણ કુંડે ગયા. અહીં તેઓએ વિધિપૂર્વક તે પિતા પાસે અસ્થિ પધરાવડાવ્યાં. થોડાંક અસ્થિ ઉતાવળી નદીમાં પણ નંખાવ્યાં. ત્યારબાદ તેઓએ નારાયણ કુંડ અને નદીમાં સ્નાન કર્યું. નાના બાળકની આમરણાંત સંભાળ રાખનારા સ્વામીશ્રીએ તેની મરણોપરાંત પણ સંભાવના કરી જાણી.

આપણે બે સાથે નિસ્બત

તા. ૭/૯ની રાત્રે સારંગપુર સ્થિત 'નારાયણ સંગીત વિદ્યાલય'ના સંતો દ્વારા યોજાયેલી સંગીત આરાધનામાં વાયોલિન, દિલરુબા, તબલાં, હાર્મોનિયમ વગેરે વાજિંત્રો દ્વારા કાફી, દેશ, પીલુ, ત્રિતાલ, સોહિની ઈત્યાદિ વિવિધ રાગો વહેતા કરવામાં આવ્યા. જેમાં કંઠની કરામત વિના કેવળ વાદ્ય-સંગીત જ વહેતું રહ્યું તેવા આ કાર્યક્રમ બાદ સ્વામીશ્રી ગમ્મતનો સૂર રેલાવતાં બોલ્યા: 'અહીં તો બોલ્યા વગર બધું વાગ્યું, તો આશીર્વાદ પણ બોલ્યા વગર જ આપવા જોઈએ.'

તેઓની આ પ્રાસંગિક રમૂજથી સૌ ખુશ થઈ ગયા. આ ખુશીને કાયમ ટકાવવાનું માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"આપણે આપણું કરવા આવ્યા છીએ. આપણે ભગવાન અને સંત બે સાથે નિસ્બત. પ્રકૃતિ-સ્વભાવ તો મોટાપુરુષના સમાગમથી જાય. પણ ધ્યેય ને નિશાન એક જોઈએ. તે સામે દૃષ્ટિ રાખીને કાર્ય કર્યે જવું ને નિરંતર પોતા સામે દૃષ્ટિ રાખવી. સ્વભાવ-પ્રકૃતિ ટળે ને ભગવાનમાં વૃત્તિ રહે તે માટે આ બધું છે. આગ્રહ વગર કોઈ વસ્તુ થઈ શકતી નથી. 'ભગતજી મહારાજ જેવું આપણાથી થાય?' એમ માની પડ્યું મૂકવું નહીં. તેઓએ તો લાઇન-દોરી આપી કે 'આવી રીતે રાજી કરો.'"

આજે જામેલો સંગીતનો આ માહોલ બીજે દિવસે પણ બરકરાર રહ્યો. બલ્કે, વિશેષ ચગ્યો. આ દિવસની રાત્રિએ સારંગપુર મંદિરના ભવ્ય પ્રવેશ-દ્વારના ગુંબજવાળા હૉલમાં કીર્તન આરાધના યોજાયેલી. અગિયાર વર્ષ બાદ આ સ્થાન સત્પુરુષના સાંનિધ્યથી પુનઃ પાવન થઈ રહેલું.[૩૨] તેથી સંતોએ સભાગૃહને સુંદર રીતે સજાવેલું. રાત્રે નવ વાગ્યે કીર્તન આરાધના શરૂ થઈ.

૩૨. સન ૧૯૬૫માં આફ્રિકાના હરિભક્તો આવ્યા ત્યારે આ હૉલમાં યોગીજી મહારાજે સભા કરેલી.

સ્વામીશ્રીએ પણ આ કીર્તનમાળામાં એક પુષ્પ ગૂંથતાં *'તારા મુખની લાવણતા મીઠી રે...'* કીર્તન લલકાર્યું. ત્યારબાદ વાતરૂપ કીર્તનનો લાભ આપતાં સારંગપુરના પ્રવેશદ્વારનો ઇતિહાસ સંભળાવ્યો.

કથા-કીર્તનનો આ લાભ આપીને તેઓએ સંતોના પ્રેમાગ્રહથી વાદન-કળાનો જાદુ પ્રસરાવતાં ચલતી અને હીંચમાં તબલાંવાદન પણ કર્યું. તે વખતે સંતો *'વ્હાલા રૂમઝુમ કરતાં કાન...'* કીર્તન ગાવા માંડ્યા. પરંતુ ગાયન, વાદન સાથે નર્તનની ત્રિવેણી ભળે તો જ સંગીત સંપૂર્ણ કહેવાય. તેથી સંતો દ્વારા ગવાતાં *'ઓરા આવો મારા લે'રખડા...'* કીર્તનના તાલે સ્વામીશ્રીએ કરમાં કરતાલાં લઈ મુજરા પણ કર્યા. સ્વામીશ્રીની આ અલૌકિક રસલહાણમાં રાત્રિના બાર વાગી ગયા.

હાથીના દાંત જેવું ન રાખવું

સારંગપુરના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી તા. ૧૦/૯ અને ૧૧/૯ના રોજ તાજપુર, પાટી તથા લાઠીદડમાં વિચરણ કરી આવ્યા. તા. ૧૨/૯ના દિવસે શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ ઊજવ્યું. બીજા દિવસે પણ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિનો એ દોર સાધેલો રાખતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની સાધુતામાં બધા ઘા રમી ગયા. વિરોધી લખનારા વહ્યા ગયા અને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય રહી ગયું.

મહુધાના મૂળજીભાઈ વડતાલના ટ્રસ્ટી. આપણા ખૂબ વિરોધી. તેમને નડિયાદના વિઠ્ઠલભાઈ બારોટે સારંગપુર (પ્રકરણનું) નવમું વચનામૃત વંચાવી શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવ્યો. તેમને પસ્તાવો થયો. ૯૦ વર્ષની ઉંમર થઈ હતી. તેઓ સારંગપુર આવ્યા. કોઈ દિવસ આ મંદિર સામું જોતા નહોતા. શાસ્ત્રીજી મહારાજને તેમના ઓરડામાં મળ્યા. ઘણી જૂની જૂની વાત એકબીજાએ કરી. પછી મૂળજીભાઈએ બધા સંતોને ભંડારી, પૂજારી વગેરેને બોલાવ્યા. હું પણ કંઈક કામમાં હતો તે મને પણ બોલાવ્યો. પછી તેમણે વાત કરી: 'શાસ્ત્રીજી મહારાજને રાજી કરીએ તો શ્રીજીમહારાજને રાજી કર્યા બરાબર છે. તેમને ઓશિયાળા ન કરવા.' મેં જાતે આ વાત સાંભળેલી. સાધુને તો અંદર તેવા બહાર વર્તવું. હાથીના દાંત જેવું ન રાખવું.''

ગુરુચરિત્રના મિષે સ્વામીશ્રીએ ઉપયોગી ઉપદેશ આપી દીધો.

સંત સબન કો હિત કરે

વરસાદને કારણે સ્વામીશ્રીને સારંગપુર પધારવામાં વિલંબ થયેલો, પણ આગળના કાર્યક્રમો ગોઠવાઈ ગયા હોવાથી, નીકળવા માટેની તા. ૧૫/૯ તો નિશ્ચિત્ત જ હતી. આ વિદાયના પૂર્વ દિને સંતોએ સ્વામીશ્રી સમક્ષ ખેદ વ્યક્ત કર્યો કે 'કાલે તો તમે જવાના. અમારા લાભમાં કાપ મુકાયો.'

'અમારે તો ખાસ રોકાવું'તું પણ વરસાદ પડ્યો તેથી ન આવી શકાયું.'

તે વખતે નજીકમાં બેઠેલા વિષ્ણુ ભગતે કહ્યું: 'બાપા! ફરીથી એવો વરસાદ પાડો ને કે સારંગપુરથી બહાર જ ન જવાય.'

'આવો સંકલ્પ પણ ન કરવો.' આમ કહી સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણને આનંદ થાય તે માટે વરસાદ પડે પણ લોકોને કેટલું નુકસાન થાય તે વિચાર્યું? હમણાં આ વરસાદ પડ્યો તેમાં હજારો લોકોના પાક બગડ્યા. વાહન-વ્યવહાર ખોરવાયા. ઘરો ડૂબી ગયાં. માટે આપણે તો બીજાનું હિત થાય તેવો જ વિચાર કરવો. પેલો વરસાદ તો મહારાજની ઇચ્છાથી પડ્યો હતો. આપણે તો મહારાજ રાજી રહે તેમ રહેવું.'

સ્વામીશ્રીના ઉદ્‌ગારોમાં *'સંત સબનકો હિત કરે...'*ની ભાવના સાકાર થઈ રહી. જેને બીજાના સુખમાં પોતાનું સુખ મનાયું હોય તે બીજાના દુ:ખનો સંકલ્પ પણ કેવી રીતે સાંખી શકે?

એ તો વાત છે અચરજ જેવી

લોકહિતની ભાવના સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૧૫/૯ના રોજ સારંગપુરથી ધંધુકા થઈને લીંબડી આવી પહોંચ્યા. અહીં તેઓના દર્શન માટે આવેલા આફ્રિકા-નિવાસી રસિકભાઈ થોડા દિવસો બાદ કોંગો પરત ફરવાના હતા. ત્યાં રહેતા પોતાના ભાઈને પણ સત્સંગી કરવાની તેઓની ઇચ્છા. તેથી તેઓએ કહ્યું: 'બાપા! આફ્રિકામાં રહેતા ભાઈ માટે એક કંઠી જોઈએ છે.'

સ્વામીશ્રીએ તેઓને તરત જ કંઠી હાથોહાથ આપી. પરંતુ પ્રથમ વાર કંઠી ધારણ કરવાની હોય ત્યારે હાથમાં જળ લઈ વર્તમાન ધરાવ્યાં બાદ જ તે પહેરવાની પ્રણાલિકા છે. તેથી સ્વામીશ્રીએ સામે ઊભેલા હરિભક્તના હાથમાં જળ આપતાં વર્તમાન-ધારણ વિધિનો મંત્ર ઉચ્ચારી કહ્યું: 'આ વર્તમાન તમને અહીં ધરાવ્યાં તે તમારા ભાઈને પહોંચી ગયા. તેમને કંઠી પહેરાવી દેજો.'

એક જીવને વિશિષ્ટ રીતે ભગવાનને આશરે મૂકી, સ્વામીશ્રી પંદરેક પધરામણીઓ બાદ તા. ૧૮/૯ની સાંજે પાંદરી થઈને મોજીદડ આવી પહોંચ્યા.

અત્રે તેઓના સ્વાગતમાં ગાડું શણગાર્યું હતું. તેમાં બેસતાંવેંત સ્વામીશ્રી બોલ્યા: 'ગયે વર્ષે જીંહલા પર હાથી બનાવ્યો હતો. તેના ઉપર બેસાડ્યા હતા. હિતેશને મહાવતની જગ્યાએ બેસાડ્યો હતો.'

જેણે આ સાંભળ્યું તે સૌ દંગ રહી ગયા. જે વખતે રોજેરોજ નીકળતાં સામૈયાંમાં ભાતભાતની રચના હોય, કેટલીય વ્યક્તિઓ બાજુમાં બેસી ગઈ હોય, તે સંજોગોમાં એક વર્ષ પહેલાં કોણ કયા હેતુથી સાથે બેઠેલું અને કેવી વાહન-વ્યવસ્થા હતી, તે પગ મૂકતાંવેંત ઘડીના છઠ્ઠા ભાગમાં કહી દેવું, એ વિગત *'એ તો વાત છે અચરજ જેવી'* ગણી શકાય.

સૌને આવાં અચરજ પમાડતા સ્વામીશ્રીએ તા. ૧૯/૯ના રોજ નવાગામ(સેજકપર)માં બાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. અહીં ગઈકાલે સાંજે જ પ્રતિષ્ઠા માટે આવવાનું હતું, પરંતુ સંજોગોવશાત્ તે શક્ય ન બનતાં આજે સવારે વિધિ થયો. તેથી સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજને સાંજે નહોતું બેસવું. તે ઊતરતો દિવસ કહેવાય. આજ સવારે બેસવું હતું. તેથી અત્યારે આવ્યા. તે હવે ચઢતો રંગ રહેશે.'

જે પરિસ્થિતિ સર્જાય તેમાં હંમેશા સવળું જોઈને સ્વામીશ્રી સદાય પ્રસન્ન રહેતા.

મોઢામાં વિષ્ટા ઘાલવા બરાબર

નવાગામથી નીકળેલા સ્વામીશ્રી તા. ૨૦/૯ની સાંજે ચુડામાં સત્સંગ-લાભ આપી કંથારિયાને પાવન કરતાં તા. ૨૨/૯ની સવારે છલાળા પધાર્યા.

આ ગામ પહેલી વાર જ સ્વામીશ્રીની પદરજથી પાવન થતું હોવાથી ભક્તોએ ભાવસભર સ્વાગત કર્યું. અહીં ચોવીસ પધરામણીઓ અને ભવનાથ મહાદેવનાં દર્શન કરી સ્વામીશ્રી અચારડા આવ્યા. અત્રે તેઓના સ્વાગતરૂપે ટ્રેક્ટરમાં હેલિકોપ્ટરની સંરચના કરવામાં આવી હતી. તેથી રમૂજ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'હેલિકોપ્ટરમાં તો અમે પહેલી જ વાર બેઠા.'

આ હળવાશ સાથે તેઓ તા. ૨૩/૯ના રોજ નારાયણ ધરે સમૈયો કરી ચચાણા આવી પહોંચ્યા. અહીં સભામાં માનવીય સંબંધોને સુમેળભર્યા રાખવાની ચાવી બતાવતાં જણાવ્યું કે –

"મહારાજે ગઢડામાં એક વાર કહ્યું :

'અમે કહ્યું કંઈક વાર ને તમે સાંભળ્યું સો વાર;
પણ કામ પડ્યે એકે વાતનો, નથી રહેતો ઉર વિચાર.'

રજોગુણ-તમોગુણ આવે ત્યારે બધું ભૂલી જવાય છે. પણ વેગ આવે ત્યારે શાંત થઈ જવું. 'શું લઈને આવ્યા છીએ ને શું લઈને જવાના છીએ?' આટલો વિચાર કરવો. વેગ ગયા પછી પસ્તાવો થાય છે, પણ ગોળી છૂટી જાય પછી શું? વેગ આવે ત્યારે આપણે શાંતિ રાખીએ તો પછી આપણો ને સામાનો વેગ ઊતરી જાય."

આ ગામમાં એક નિષ્ઠાવાન સત્સંગીના દીકરા બીડીની લતે ચઢી ગયેલા. આ જાણી પુત્ર-મરણની વેદના અનુભવતા હોય તેમ સ્વામીશ્રીએ તેને સમજાવ્યો કે 'રોજ ન્હાવું. પૂજા કરવી. બીડી મોઢામાં ઘાલવી તે વિષ્ટા મોઢામાં ઘાલવા બરાબર સમજવું. તમે કોના દીકરા છો તે ખ્યાલ રાખવો. તમારા બાપુજીએ આખા ઝાલાવાડમાં સત્સંગ કરાવ્યો છે. કોઈ આપણું ખેતર ભેળવવા આવે તો ભેળાવા દઈએ? તેમ સત્સંગ એ ખેતર છે. તેને ભેળાવા ન દેવું.'

જેમ ખેડૂત એક-એક છોડવાની દેખરેખ રાખે તેમ સ્વામીશ્રી એક-એક સત્સંગીની માવજત કરતા.

કાર્યક્રમનું કેન્દ્રબિંદુ

ચચાણાથી સ્વામીશ્રીને ૬૩ કિ.મી. દૂર આવેલા મેમકા ગામે જ જવાનું હતું, પણ તેઓ ત્યાં પહોંચ્યા વાયા(via) ઉગામેડી થઈને! આ ગામમાં એક હરિભક્તના મકાનનો ખાતવિધિ કરવા માટે તેઓએ આશરે ૨૦૦ કિ.મી.નો ચકરાવો માર્યો! ભક્તોની ભાવપૂર્તિને જ કાર્યક્રમના કેન્દ્રબિંદુ તરીકે રાખી વિચરતા સ્વામીશ્રીને મન પોતાને પડતા ભીડાનો કોઈ હિસાબ નહોતો.

તે અનુસાર તા. ૨૫/૯ની સવારે ઉગામેડીમાં ખાતમુહૂર્ત કરીને તેઓ મેમકા તરફ જઈ રહેલા. વચ્ચે આવતા ધંધુકામાં એક હરિભક્ત આજે જ નવો ખટારો ખરીદી લાવવાના હતા. તેઓની પણ ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી ધંધુકામાં જ તે ખટારાનું પૂજન કરી દે.'

આ કામ માટે સ્વામીશ્રી તો પહોંચી ગયા, પણ સવારે અમદાવાદથી નીકળેલા પેલા હરિભક્ત હજી આવ્યા નહોતા. તેથી સ્વામીશ્રી તેઓની રાહ જોતાં ત્યાં બેઠા. પણ સમય ઘણો વીત્યો છતાં ખટારો ન આવતાં, સહ-

પ્રવાસીઓએ મેમકા ભણી નીકળી જવાની ઉતાવળ કરાવી એટલે સ્વામીશ્રી નીકળ્યા. પરંતુ ભક્તને રાજી કરવાનો તેઓનો ભાવ પ્રબળ હશે, તેથી ધંધુકાથી નીકળતાં જ રેલવેનું ફાટક આડું પડ્યું! ત્યાં જ સામે ખટારો પણ આવી ગયો. તેનું પૂજન કરવા સ્વામીશ્રી મોટરમાંથી ઊતરી પડ્યા અને સાવ રસ્તા પર ઊભા રહી તે વાહનને ચાંદલા કરી હરિભક્તને આશીર્વાદ આપ્યા.

આ રીતે ખાત-ખટારાનાં કામ કરી તા. ૨૫/૯ની રાત્રે મેમકા પધારેલા સ્વામીશ્રી અહીંથી વઢવાણ પહોંચ્યા.

અત્રે ચંદુભાઈના ઘેર આ સ્થાનની પુરાણી સ્મૃતિ વાગોળતાં તેઓએ કહ્યું કે 'અહીં શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ હંમેશા ઊતરતા. હું શાસ્ત્રીજી મહારાજ સાથે આવેલો. સાધુ થયાને થોડો વખત થયો હશે! સવારે સ્વામી પૂજા કરી બેઠા હતા ત્યાં ગામના વિદ્વાન પંડિતો આવ્યા. તે વખતે સ્વામીએ *'અનુભવી આનંદમાં...'* એ ચાર પદ ઉપર અદ્‌ભુત નિરૂપણ એકધારું સવારે આઠથી બપોરે બાર વાગ્યા સુધી કર્યું. પંડિતો તો સ્તબ્ધ થઈ ગયા! ચાર કલાક ઊઠી જ શક્યા નહીં. તેમને ખૂબ આનંદ આવ્યો.'

આ ગુરુસ્મૃતિ વેરી સ્વામીશ્રી ખારવા, માળોદ, રામપુરા, લીમલી, ખોલડિયાદ થઈને સુરેન્દ્રનગર પધાર્યા. અત્રે દ્વિશતાબ્દી ઉપક્રમે તા. ૨૯/૯ની રાત્રે ટાઉનહૉલમાં યોજાયેલી ભવ્ય કીર્તન આરાધનામાં લાભ આપી, તેઓ તા. ૩૦/૯ના રોજ રતનપર, જોરાવરનગર, વઢવાણ, શેખપુર, મૂળી, નાના કાંધાસર, ચોટીલા અને રાજકોટ એમ આઠ ગામ ઘૂમી વળ્યા.

લલચાવે નહીં ક્યાંઈ મન

રાજકોટથી તા. ૧/૧૦ની બપોરે ડાંગરા પધારેલા સ્વામીશ્રી અહીં ઊજવાનારા જાગા સ્વામી સાર્ધ શતાબ્દી મહોત્સવના આયોજનને આકાર આપી, રાત્રે પુનઃ રાજકોટના રેલવે ઇન્સ્ટિટ્યૂટ હૉલમાં આવી પહોંચ્યા. અત્રે રાજકોટના પ્રતિષ્ઠિત નાગરિકોની ઉપસ્થિતિમાં દ્વિશતાબ્દી નિમિત્તે કીર્તન આરાધના યોજાઈ ગઈ.

બીજે દિવસે શહેરમાં નિર્માણાધીન 'મુરલીધર હાઉસિંગ કોર્પોરેશન'ના કાર્યકરો સ્વામીશ્રીને આ સંકુલનું ખાતમુહૂર્ત કરવા લઈ ગયા. આ ખાતવિધિ બાદ નાની સભા પણ ગોઠવાઈ. તેમાં મંડપ નીચે સ્વામીશ્રી માટે સુશોભિત સોનેરી ખુરશી મુકાયેલી. તે સિવાયની અન્ય ખુરશીઓ સાદી હતી. તે જોઈ

સ્વામીશ્રીએ ઠાકોરજીને સોનેરી ખુરશી પર પધરાવ્યા અને સ્વયં સાદી ખુરશી પર બિરાજ્યા.

*'ભક્તિ વિના બ્રહ્મલોક લગી, લલચાવે નહીં ક્યાંઈ મન...'*ની તેઓની આ રીત જોઈ સૌને તેઓ વિષેના સદ્ભાવમાં અનેકગણો વધારો થઈ ગયો.

સૌનો આ અહોભાવ ઝીલતાં સ્વામીશ્રી શરદ પૂનમ નિમિત્તે રાજકોટથી ગોંડલ પધાર્યા તે વખતે ગુરુકુળના છાત્રોને વેકેશન પડી રહેલું. છતાં ઘેર જવાનો મોહ જતો કરીને સ્વામીશ્રીને આવકારવા એક દિવસ માટે રોકાઈ ગયેલા છાત્રોએ, પીતાંબરના પરિધાનમાં હરોળબંધ ઊભા રહી સ્વામીશ્રીને વધાવ્યા. તેઓની આ ભક્તિથી રીઝેલા સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'તમે બધા ઘેર જાઓ છો તો ત્યાં પણ ધર્મ-નિયમ પાળવા. આપણું વર્તન જોઈ બીજાને ગુરુકુળમાં ભણવા આવવા પ્રેરણા થાય એ પણ સેવા છે. મા-બાપ ને વતન કોને ન સાંભરે ? છતાં મનને રમાડીને બધા રોકાયા એટલે ધન્ય છે ! આવો, ચાંદલા કરીએ.'

આમ કહી સ્વામીશ્રી સૌ છાત્રોનાં ભાગ્યપ્રદેશમાં સ્વસ્તિ-તિલક ચોડવા લાગ્યા. તે વખતે તેઓ સમક્ષ દૂધ-પૌંઆ ધરતાં કાર્યકરે કહ્યું : 'આપ આ પ્રસાદના પાત્રને સ્પર્શ કરી દો. આ પ્રસાદ ઘેર જઈ રહેલા બાળકોને આપવાનો છે.'

સ્વામીશ્રીએ તેમ કર્યું પણ સૂચના આપી કે 'પ્રસાદમાં એકલા દૂધ-પૌંઆ જ કેમ છે ? આજે દશેરા છે, તે ઠાકોરજીને જલેબી ધરાવી હશે. જલદી મંગાવો.'

ઘેર જતાં બાળકોનાં હૈયાં-હથેળીઓ છલકાઈ જાય એટલું સ્વામીશ્રીએ દઈ દીધું ! વેકેશનનો એક દિવસ કુરબાન કરનાર બાળકોની તેઓ દ્વારા થયેલી આ નવાજેશ જોઈ બાળકો સાથે બૂઢાં પણ ગદ્ગદ થઈ ગયા.

એમને ગમ્યું તે આપણને ગમ્યું

ગોંડલમાં તા. ૩/૧૦ના રોજ સ્મૃતિની સુવર્ણરજ વેરતાં સ્વામીશ્રીએ કહ્યું : ''અમે મોજીદડ હતા ત્યારે વઢવાણના પાર્ષદ ભગવાન ભગતે વાત કરેલી કે 'દુષ્કાળમાં ગાયકવાડ સરકારે રાજ્યના હાથીઓને પોતાનાં જુદાં જુદાં પરગણાંના માણસોને દુષ્કાળ ઉતારવા આપ્યા. તેમાં કાઠીઓને પણ હાથી આપેલો. કાઠીઓએ તો હાથી વેચી માર્યો. દુષ્કાળ પછી બધાના હાથી મંગાવ્યા. કાઠીઓ કૂતરા જેવું નાનું પ્રાણી લાવ્યા.

ગાયકવાડે કહ્યું: 'આ શું છે? હાથી ક્યાં?'

ત્યારે કાઠીઓએ કહ્યું: 'સરકાર! તમે હાથી આપેલો તે સાચું પણ અમારા ઘૈડિયાઓ(ઘરડાંઓ)એ હાથી કોઈ દિ' ભાળેલો નહીં. તે રોજ હાથી પર હાથ ઘસે. તે ઘહુંતાં-ઘહુંતાં (ઘસતાં-ઘસતાં) આટલો રહ્યો છે! તમે કહેતા હોય તો રાખીએ, નહીં તો પાછો લઈ જઈએ.'

તેમ ધર્મ-નિયમ મહારાજે આપેલા તે ઘસાતાં-ઘસાતાં આટલા જ રહ્યા છે. કહો તો આટલા છે તે પાળીએ, નહીંતર મૂકી દઈએ.''

આટલી વાત કરી તેનો સિદ્ધાંત સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'અત્યારે ઘણી જગ્યાએ આવી દશા છે. માટે આપણે ચેતવું. ઘસારો આવવા ન દેવો. નાનો નિયમ પણ લોપવો નહીં. સેવાની ઉપેક્ષા ન રાખવી.'

ધર્મ-નિયમના પાલનનો આ સૂર ગુંજાવતા તેઓએ તા. ૩/૧૦ની સાંજે ગોંડલીના નીરમાં નૌકાવિહાર કર્યો. ઠાકોરજીને સ્નાન કરાવી સ્વયં પણ સૌ સાથે ન્હાયા.[૩૩]

આ ક્રીડા સાથે કથાનો કાંટો મેળવતાં રાત્રે ગઢડા પ્રથમ પ્રકરણના ત્રેવીસમા વચનામૃત પર નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

'હેતનું લક્ષણ શું? સત્પુરુષ કહે તે તર્ક-વિતર્ક વગર માનવું. તેઓની વાતોથી, દર્શનથી આનંદ થાય તે પ્રકાશ. મહારાજનું આ સાક્ષાત્ સ્વરૂપ છે. તે સ્વરૂપને વિષે શ્રીજીમહારાજનો ભાવ થઈ જાય તે પ્રકાશને વિષે મૂર્તિ દેખાણી કહેવાય. તેમને વિષે નિર્દોષભાવ રાખવો. કહેવામાં નિર્દોષભાવની વાત કરે પણ બીજા આગળ દોષની વાત કરે તો ક્યાંથી નિર્દોષ થાય? ઘેડ બેઠી નથી, પાટો ગોઠ્યો નથી. તેથી ઘડભાંજ થાય છે. દેહની વાતો, સ્વભાવની વાતો, ભજિયાં તળવાની વાતો અહીં કરવાની છે? ઘેડ બેસે પછી વિચાર કે સંકલ્પ આવે નહીં. આપણને કોણ મળ્યા છે! તેનો અખંડ કેફ રાખવો. ઘડીકમાં માળા ફેરવે ને ઘડીકમાં તે જ માળાથી કોઈને મારે. માટે ઘડીક ઘડીકમાં સ્થિતિ ફેરવવી નહીં. ફેરવણી કરીએ તો સ્થિતિ ન બંધાય. એમને ગમ્યું તે આપણને ગમ્યું. તેમને અનુકૂળ તે આપણને અનુકૂળ.'

---

૩૩. તીર્થરાજ ગોંડલમાં સ્વામીશ્રીએ કરેલો આ નૌકાવિહાર તથા અન્ય ચરિત્રોનાં દર્શન માટે બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

રાત્રિની નીરવ શાંતિમાં સ્વામીશ્રીએ ખળખળતો કથાપ્રવાહ વહેવડાવી સૌને તરબતર કરી મૂક્યા.

એનું એ જ સ્વરૂપ છે

તા. ૫/૧૦ની સવારે સ્વામીશ્રીએ સભામંડપમાં આવેલા શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડે ચાંદીના સિંહાસનમાં શાસ્ત્રીજી મહારાજની પ્રતિમા પધરાવીને આરતી ઉતારી. ત્યારબાદ આયોજિત સભામાં સ્વરૂપ-નિષ્ઠાનો થાંભલો મજબૂત કરતાં તેઓએ કહ્યું કે 'મહારાજનું સુખ તે દા'ડે આવ્યું તે આજે ન આવે? આવે જ. એનું એ જ સ્વરૂપ છે. આપણે રસ લેવો નથી, તેથી ન આવે. આકાર જુદો છે. આપણી દૃષ્ટિનો આકાર છે. મહારાજ આનંદના રસનો કૂંપો મૂકી જ ગયા છે. અત્યારે આપણે એ ભાવનાથી જોડાઈએ તો અત્યારે પણ સુખ આવે.'

આ જ સૂર બીજા દિવસની પ્રાતઃકથામાં રેલાવતાં પણ સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનની આજ્ઞા વિરુદ્ધ જેટલું વર્તાય તે બધો કુસંગ છે. ઘણા કહે છે કે પ્રોગ્રેસ (પ્રગતિ) દેખાતો નથી. પણ કહ્યું છે તે પ્રમાણે વર્તીએ તો પ્રોગ્રેસ થાય જ.'

વળી, તા. ૮/૧૦ની સવારે વચનામૃત વરસાવતાં તેઓએ જણાવ્યું કે 'આપણો ગજ ૨૪ આંગળનો અને ભગવાનનો ગજ ૨૮ આંગળનો. આપણા ગજે ભગવાનને માપવા જઈએ તો ક્યાંથી મેળ ખાય? ભગવાન કહે છે કે 'અમારો દાખડો તો જુઓ.' ભગવાન અને ભગવાનને ભજતા વૈષ્ણવનો પક્ષ રાખવો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની આ સંસ્થા છે. તેમાં ગમે ત્યાં ગોદો મારશો તો તેમને વાગશે.'

સુહૃદભાવનો આ સંદેશ આપી સ્વામીશ્રી તા. ૧૦/૧૦ના રોજ જાગા સ્વામીના સાર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ડાંગરા પધાર્યા ત્યારે જાગા ભક્તનું સ્મૃતિ-સ્થાન રંગરોગાન અને ધજા-પતાકાઓથી શોભી રહેલું. નવીનીકરણની આ શોભા સ્વામીશ્રીને જ આભારી હતી. અહીં જાગા ભક્તના મહિમાનું ગાન કરી તેઓ સાંજે સાડા પાંચ વાગ્યે સૌ સાથે ઘેલ નદીમાં સ્નાન બાદ હડમતિયા પધાર્યા. આ ગામમાં તેઓ પ્રથમ જ વાર પદાર્પણ કરતા હોવાથી ગામના અગ્રણીઓએ વાજતે-ગાજતે સામૈયું કરીને પધરાવ્યા.

જેના મનને માન ન ભાવે

હડમતિયાથી ભાદરા પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં જાગા સ્વામીના સાર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે તા. ૧૧/૧૦થી બે દિવસનું પારાયણ યોજાયું હતું. તેમાં જાગા સ્વામીએ સંપાદિત કરેલા 'સ્વામીની વાતો'ના ત્રીજા પ્રકરણ પર મહંત સ્વામીએ કથાલાભ આપ્યો. સ્વામીશ્રીએ પણ ઉપદેશામૃત પીરસ્યું કે

''ભાદરાનું નામ યોગીબાપાએ 'ગુણાતીતનગર' કરી દીધું. તેમ આપણને પણ ગુણાતીત કરી દેશે. ખબરેય નહીં પડે. એક આળસુને શરીરે માંખો વળગી. તે કહે, 'હું એકલો ને આટલી બધી માંખો તે કેમ કરું?' પણ 'અલ્યા, હાથ હલાવ ને! ઊડી જશે.' તેમ ગમે તેટલા દોષો હોય પણ ભગવાનનો આશરો હોય તો ઊડી જાય.''

તા. ૧૨/૧૦ના રોજ પણ સ્વામીશ્રી આમ ગુણાતીત વાતો રેલાવી રહેલા. ત્યાં જ પ્રવેશેલા હકા બાપુ ચાલુ કથામાં એક પ્રસંગના સંદર્ભે બોલ્યા: 'બાપા! આજ તો તમારું રાજ ચાલે છે.'

'ભગવાનનું ચાલે છે. શાસ્ત્રીજી મહારાજનું રાજ ચાલે છે.' સ્વામીશ્રી તરત જ બોલ્યા. તેઓના આ ઉદ્‌ગાર સાથે પારાયણની પૂર્ણાહુતિ થઈ.

ત્યારબાદ તા. ૧૩/૧૦ના રોજ જોડિયાની સ્ત્રી હુન્નર શાળામાં પગલાં પાડતાં સ્વામીશ્રી ધ્રોળ થઈને જામનગર પધાર્યા. અહીં તા. ૧૪/૧૦ની સવારે કાશી વિશ્વનાથના મંદિરમાં ધર્મલાભ આપી અલિયાબાડાની ગંગાજળા વિદ્યાપીઠને પાવન કરતાં તેઓ મોડા આવી પહોંચ્યા. આ ગામના પાદરમાં વહેતી શ્રીજીની પ્રાસાદિક સોના-રૂપા નદીઓમાં ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રી જાયવા, પડધરી થઈને તા. ૧૫/૧૦ના રોજ રાજકોટ પધાર્યા. અત્રે કડિયા શેરીના મંદિરમાં મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા કરી ગોંડલ આવી પહોંચ્યા.

અહીં તા. ૨૨/૧૦ની સવારે છવાયેલા દિવાળીના માહોલમાં પ્રાતઃપૂજા વખતે ઉત્સવને અનુરૂપ કીર્તનો ગવાઈ રહેલાં. તે વખતે જ પીપલાણાના જોગી સ્વામી સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. તેઓને જોતાં સ્વામીશ્રીએ પૂજામાંથી ઊઠી તેઓને દંડવત કરી હાર પહેરાવ્યો અને પોતાના જ આસન પર બેસાડી આવકાર્યા!

નાના કે સમકક્ષ – સૌને નમી શકતા સ્વામીશ્રીને જોયા પછી *'એવો નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે'*ની શોધ પૂરી થઈ જતી.

આ નમ્રતા સાથે આજે દિવાળીની કથામાં તેઓએ સાકરનો ગાંગડો પીરસતાં કહ્યું: 'ગમે તેનાથી ફાયદો, લાભ કે નિષ્ઠા થાય, પણ આપણે પ્રગટનું જ કર્તાપણું રહેવું જોઈએ. બ્રાહ્મણ ફેરા ફેરવે તો ત્યાં વળગી ન પડે.'

આવી વાતોનું સુખ માણવા અને તા. ૨૩/૧૦ના રોજ નવા વર્ષનો આરંભ કરવા કેટલાય ભક્તો દૂરદૂરથી આવી ગયેલા.[૩૪] તે સૌને મંગળા આરતી, નૂતન વર્ષની પ્રથમ મહાપૂજા અને પ્રાતઃપૂજાનાં દર્શનની ત્રિવેણીમાં ઝબોળી પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીએ ૩૫ પધરામણીઓ બાદ મંદિરમાં અન્નકૂટની આરતી ઉતારી. તે પછી સૌ પર નૂતન વર્ષની પ્રથમ આશીર્વર્ષા વરસાવતાં કહ્યું: 'આ મહાન ઉત્સવ થઈ ગયો. તેની સ્મૃતિ રહી જાય તો બેડો પાર. સેવા મોટી વાત છે. તે ફાવશે કે કેમ? તેવું નહીં. ફાવશે જ. કુટુંબ સાથે કેવું ફાવ્યું છે? ઘસારો વેઠતાં-વેઠતાં ફાવી જાય. અક્ષર-પુરુષોત્તમ મહારાજ દરેક મંદિરમાં, દરેકના ઘરમાં ને દરેકના હૈયામાં બેસે તે કરવાનું છે. તે મોટામાં મોટી સેવા છે.'

મૂર્તિ તે પ્રગટ પ્રભુ સાક્ષાત્ ગણીને...

અન્નકૂટોત્સવ બાદ ગોંડલની આસપાસનાં ગામોમાં પ્રસાદ-વિતરણ માટે નીકળતાં પૂર્વે સ્વામીશ્રી વિદાયનાં દર્શન માટે મંદિર પર ગયા. અહીં દર્શન બાદ પૂજારીએ તેઓને જળપાન માટે પાણી આપ્યું. તે સ્વામીશ્રીએ છેક કોળી મંડપની બહાર જઈને પીધું! *'પ્રભુની મૂર્તિ તે પ્રગટ પ્રભુ સાક્ષાત્ ગણિને, ન મર્યાદા તૂટે પ્રભુસમિપ એવા જ બણિયે...'* અનુસાર વર્તનારા સ્વામીશ્રી ભગવાનની સંપૂર્ણ મર્યાદા હરદમ જાળવતા.

આ રીત મુજબ ગોંડલથી વિદાય થયેલા તેઓ વાછરાથી મોટા માંડવા પધાર્યા. અહીં યોજાયેલી સભામાં ગામના અતિ વૃદ્ધ જીવા આતા દૂર બેઠા હતા. તેઓને જોઈ સ્વામીશ્રી *'સ્વ-ઇચ્છા આવ્યા ચાલીને, આગુની ઓળખાણ...'* મુજબ સામેથી મળવા પહોંચી ગયા. મૂર્તિની સાથે ભક્તમાંય ભગવાનને ભાળતાં તેઓ તેના મોભા-મલાજા પણ એવા જ જાળવતા.

જેમ જનની જાળવે બાળ

મોટા માંડવાથી સ્વામીશ્રી રામોદ, ઘોઘાવદર, બંધિયા, માંડણકુંડલા,

---

૩૪. વિ.સં. ૨૦૩૩નો આરંભ થયો.

કમરકોટડા, શિવરાજગઢ, દેવચડી, ગુંદાળા, વેકરી થઈને તા. ૨૯/૧૦ના રોજ ચરખડીના પાદરે આવી પહોંચ્યા.

અહીં મેલાં-ઘેલાં ચોયણા, કેડિયું ને ફાળિયાના લિબાસમાં રાજાભાઈ તેઓની વાટ જોતાં ઊભા હતા. આ હરિભક્તનું નામ જ 'રાજા' હતું, બાકી તેઓનો વાસ-વેશ જોતાં ગરીબી પૂરેપૂરો આંટો દઈ ગયેલી. આવા આ રંક 'રાજા'એ સ્વામીશ્રીને ગોંડલ આવી વિનંતી કરેલી કે 'મારું ઘર પાવન કરવા પધારજો.' પરંતુ તે વખતે કાર્યક્રમ ગોઠવનારા વ્યવસ્થાપકે કહી દીધેલું: 'રાજાભાઈ! કાર્યક્રમ ભરચક છે. માટે આ વખતે મેળ નહીં પડે.'

આ વાત બિલકુલ ખોટી નહોતી. પણ ભક્તો સદ્‌નસીબ હતા કે તેઓને ભાગ્યે *'જેમ જનની જાળવે બાળ, એમ જતન કરે છે દયાળ'* જેવા સ્વામીશ્રી હતા. તેઓએ રાજાભાઈને કહી દીધેલું: 'તમે રોડ પર ઊભા રહેજો. અમે તમારા ઘેર આવી જઈશું.'

આ બાંયધરીના આધારે ભાગોળે ઊભેલા રાજાભાઈ અત્યારે સ્વામીશ્રીનાં દર્શન થતાં જ રાજી થઈ ગયા અને પોતાના ઘેર સ્વામીશ્રીને દોરી ગયા.

પણ ઘર સાંકડું. તેમાંય અંદર મગફળીના કોથળા ભરેલા. તેથી ફક્ત સ્વામીશ્રી જ બેસી શક્યા. બાકીના સૌ ખડે પગે. માંડવીના કોથળા પર જ એક કાર્યકરે પાથરી દીધેલા હાથરૂમાલ પર ઠાકોરજીને પધરાવ્યા. પૂજન-આરતી થયાં. પ્રસાદ ધરાવવા માટે નવા વર્ષના આ દિવસોમાં પણ તે ઘરમાંથી મગફળીનાં બિયાં જ આવ્યાં. સ્વામીશ્રીએ પ્રેમથી સૌને તે વહેંચાવ્યાં.

એક ગરીબના ખોરડે આવી બેસનારા સ્વામીશ્રીની આ તમામ ગતિ-વિધિ જામનગરસ્થિત ગીતા વિદ્યાલયના અધ્યક્ષ શ્રી મનહરલાલજી મહારાજ જોઈ રહેલા. તેઓ મૂળ મેવાસાના અને જાણીતા ભાગવત કથાકાર. પરંતુ ભાગવતના અઢાર હજાર શ્લોકોમાં ક્યાંય ન જણાયેલું આજે સ્વામીશ્રીમાં જોવા મળતાં આ કથાકાર અહોભાવપૂર્વક બોલી ઊઠ્યા: 'પૂજ્ય પ્રમુખસ્વામી મોટા-મોટા બંગલાઓમાં ઊતરે છે ને સાથે સાથે આવાં ગામડાઓમાં પણ નાનાં ખોરડાંમાં ઊતરે છે તે તેમની મહત્તા છે.'

કરે નહીં કરડાં નેણ

ચરખડીથી જેતપુર થઈને મેવાસા પધારેલા સ્વામીશ્રીને સૌએ અહીં શણગારેલાં ગાડાંમાં નગરયાત્રારૂપે સત્કાર્યા. આ વખતે તેઓની દૃષ્ટિ એક

આગંતુક પર પડી. તેઓને જોતાં જ પુરાણી વાત સંભારતાં સ્વામીશ્રી બોલ્યા :

"આના ભાઈ શંભુ ભગત. તે ગોંડલમાં રહેતા. હું સાધુ થયો ત્યારે એ શંભુ ભગત મને કહે : 'તું અહીં કેટલા દા'ડા રહેવાનો છું? અહીં તો બધા લાડવા ખાઈ-ખાઈને વહ્યા જાય છે. કોઈ સેવા કરતા નથી.' તે વખતે મેં કહ્યું : 'હું સેવા કરીશ.' ત્યારે એ કહે : 'હું જોઉં છું તું કેવી સેવા કરે છે?...' વળી, પાછો કહેવા આવે કે 'ખોટું નહીં લગાડતો, હોં..."

સ્મૃતિનો આ ગુલાલ ઉડાડતી નગરયાત્રા બાદ સ્વામીશ્રી શ્રીજીમહારાજની પ્રાસાદિક છાપરવડી નદીમાં સ્નાન કરી તા. ૩૦/૧૦ના રોજ પ્રેમગઢ થઈને હરિપર પધાર્યા.

અત્રે તેઓએ સૌને અન્નકૂટની પ્રસાદીનાં પડીકાં આપ્યાં. તે લઈને કથા સાંભળવા બેઠેલા ભક્તો પૈકીના એક હરિભક્તના ખોળામાં રહેલું પડીકું બિલાડીનું બચ્ચું આવીને ઉપાડી ગયું. તે જોઈ હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભલે, લે તુંય ખા. બીજો જન્મ મનુષ્યનો લેશે ને ભગવાન ભજશે.' તેઓની કલ્યાણભાવના ઉઠાવગીર પર પણ વરસી પડી!

'પશુ પંખી પ્રાણધારી પર, કરે નહીં કરડાં નેણ...' એવા સ્વામીશ્રીના દરબારમાં સૌના ભલાની જ બોલબાલા હતી.

નથી રાખતા ઉર અભિમાન

હરિપરથી સ્વામીશ્રી હડમડિયા, ખડવણથળી, વેજાગામ, ડયા, અનીડા, રીબડા, નાના વેરાવળ, પડવલાને પાવન કરતાં તા. ૩૧/૧૦ની સવારે ગુંદાસરા તરફ જઈ રહેલા. તે મુસાફરીમાં વચ્ચે ગાડી ખોટકાઈ. ત્યારે સ્વયં સ્વામીશ્રીએ ગાડીને ધક્કા મારી દોડતી કરી! પોતાનાં પદ-પ્રતિષ્ઠા કે સિદ્ધિ-સ્થિતિથી તદ્દન અભાન રહીને જીવતા તેઓને કોઈ શ્રમ કરવામાં નાનપ નહોતી.

આ રીતે ગુંદાસરાથી નીકળેલા સ્વામીશ્રી બપોરે અઢી વાગ્યે ગોંડલ પહોંચ્યા ત્યારે તેઓએ સાત દિવસમાં ૨૫ ગામોને અન્નકૂટના પ્રસાદની મીઠાશથી ભરી દીધેલાં.

જ્યારે સ્વામીશ્રી અક્ષર મંદિરે પહોંચ્યા ત્યારે મા આનંદમયી દ્વારા પ્રેરિત '૨૭મી સંયમ સપ્તાહ મહાવ્રત શિબિર'માં ઉપસ્થિત મહામંડલેશ્વરો – મુંબઈસ્થિત સંન્યસ્તાશ્રમના શ્રીબ્રહ્માનંદજી, હૃષીકેશસ્થિત કૈલાસાશ્રમના શ્રીવિદ્યાનંદગિરિજી, મસુરીમાં કાર્યરત રામતીર્થ મિશનના શ્રીગોવિંદપ્રકાશજી

વગેરે તેઓને મળવા મંદિરે આવવા લાગ્યા. અહીં સર્વ સ્થળે દર્શન કરીને તે સૌ સ્નેહમિલન માટે સ્વામીશ્રીના ઓરડાની બાજુમાં આવેલા હૉલમાં સ્થાન લેવા માંડ્યા.

અત્રે દરેક માટે સુંદર ઊંચાં આસન તૈયાર કરવામાં આવેલાં. તેની પર સૌ ગોઠવાઈ જતાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓ માટે જ કોઈ આસન બચ્યું નહોતું. છતાં તેથી લેશ ક્ષોભ અનુભવ્યા સિવાય સ્વામીશ્રી ત્યાં પડેલી એક સાવ પાતળી રજાઈ પર બેસી ગયા. તે જોઈ મંડલેશ્વરો સ્તબ્ધ થઈ ગયા કે 'પોતાને ગાદી-તકિયે બેસાડનારા સ્વામીશ્રી ભૂમિ પર !'

*'નથી રાખતા ઉર અભિમાન'*ની રીતે રહેનારા સ્વામીશ્રીની આ નમ્રતા-સરળતા સૌને ઘાયલ કરી ગઈ. એ જ અવસ્થામાં તે સૌએ સ્વામીશ્રીનો હાથ પકડીને તેઓને ઊભા કરી પોતાની વચ્ચે બેસાડી દીધા. ગાદીના વળગણથી મુક્ત ગુરુ હતા સ્વામીશ્રી.

અણુની ગતિ પણ અણુનો ખ્યાલ

મહામંડલેશ્વરોના સમારંભ બાદ ગઢપુર જવા નીકળેલા સ્વામીશ્રીને ગોંડલના ગોંદરે પહોંચતાં જ વિચાર સ્ફુર્યો કે 'ડૉ. સામાણી મંદિરે ઊતર્યા છે તો ત્યાંથી તેઓ શિબિરસ્થળે કેવી રીતે જતા હશે ?'

ગોંડલના રાજવી-બંગલે યોજાયેલી 'મહાવ્રત શિબિર' માટે આવેલા મુંબઈના આ નામાંકિત તબીબ આપણા મંદિરે રોકાયેલા. યોગીજી મહારાજની સેવામાં તેઓ અવારનવાર આવતા. તેઓ માટે સ્વામીશ્રીએ ગાડી ઊભી રખાવી બાજુમાં આવેલા એક હરિભક્તના ઘેર જઈ મંદિરે ટેલિફોન જોડ્યો. તેમાં સૂચના આપી: 'ડૉ. સામાણી માટે મોટર રાખજો.'

'તેઓની વ્યવસ્થા થયેલી જ છે.' વ્યવસ્થાપકે જણાવ્યું.

તે સાંભળી સ્વામીશ્રીને સંતોષ થયો, સૌને આશ્ચર્ય થયું, પણ ડૉ. સામાણીને તો અહોભાવ જ થયો કે 'અણુની ગતિએ દોડતા સ્વામીશ્રીની નજરમાંથી અણુ જેટલી વિગત પણ છટકતી નથી !'

એક ગુણભાવી સજ્જનની આમ બરદાસ્ત કરનારા સ્વામીશ્રીની ગાડી હવે ગઢપુર તરફ ગતિ કરવા લાગી. તે વખતે સ્વામીશ્રીનું મન પણ સંપ્રદાયને એક નવી ઊંચાઈએ લઈ જવા તરફ ગતિ કરી રહેલું. ગોંડલમાં એકત્રિત થયેલા મંડલેશ્વરો પૈકીના કેટલાકે તેઓને પૃચ્છા કરેલી કે 'आपका दार्शनिक

सिद्धांत क्या है ? प्रस्थानत्रयी पर आपके संप्रदाय का भाष्य है ?'

તે વખતે આ પ્રશ્નના નારાયણ ભગતે યથાયોગ્ય ખુલાસા તો કરેલા, પરંતુ એ સમયે તેઓને તથા સ્વામીશ્રીને થયેલું કે 'આપણે ત્યાં પ્રસ્થાનત્રયી પર અક્ષર-પુરુષોત્તમ ભાષ્ય જોઈએ.'

તેના અનુસંધાનમાં જ સ્વામીશ્રી ગોંડલથી ગઢડા સુધીના પ્રવાસ દરમ્યાન નારાયણ ભગત સાથે રસપૂર્વક વિચારણા કરતા રહ્યા. જ્યારે ગઢપુર પહોંચ્યા ત્યારે અક્ષર ઓરડી અને લક્ષ્મીવાડીએ ભાષ્યનિર્માણ અંગે ધૂન-પ્રાર્થના પણ કરાવ્યાં. આ રીતે તેઓએ સંપ્રદાયને ચિરસ્થાયી બનાવનાર ગ્રંથ-રચનાની દિશામાં પ્રથમ કદમ માંડી દીધું !

હું આવ્યો ત્યારનો આ જોઉં છું

ગઢપુરમાં એક જ રાત્રિનું રોકાણ કરીને સ્વામીશ્રી બોટાદ, સારંગપુર, ધંધુકાને પાવન કરતાં, તા. ૨/૧૧ના રોજ પ્રબોધિની એકાદશીના નિર્જળા ઉપવાસને સાથે લઈ સાંજે પાંચ વાગ્યે અમદાવાદના મણિનગર મુકામે પહોંચ્યા. અત્રે જશોદાનગરમાં ગ્રામ-પુનર્રચના શિબિર યોજાયેલી. અહીંના રહીશોએ મહાદેવનું એક મંદિર પણ કરેલું. એ મહાદેવનું નામાભિધાન સ્વામીશ્રી જ કરી દે – તેવી વિનંતી થતાં, સ્વામીશ્રીએ 'આ મહાદેવ માયામાંથી મુક્ત કરી અક્ષરધામમાં લઈ જાય' તેવી ભાવના રાખી 'મુક્તેશ્વર મહાદેવ' નામકરણ કર્યું.

સૌનો મુક્તિમાર્ગ આમ ખોલી આપી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં તાજાં-કૂણાં શાકભાજીની કલાત્મક હાટડી ઠાકોરજી સમક્ષ રચવામાં આવેલી. ત્યાં પ્રેમપૂર્વક આરતી ઉતારી ઉત્સવ-સભામાં પહોંચેલા સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ઑફિસમાં એનું એ જ ટેબલ ને એની એ સહીઓ કરવાની. દુકાનોમાં એનો એ માલ રોજ ફેરવવાનો. તોય કેવો કેફ ! તેમ એનાં એ દર્શન, એની એ વાતો પણ તેમાં રસ પડવો જોઈએ. રવિવારની સભાના બે કલાક બીજું કાંઈ દેખાવું ન જોઈએ.'

આ ઉપદેશામૃત વરસાવી સ્વામીશ્રી જેતલપુર, લીંબાસી, વસોને પાવન કરતાં તા. ૫/૧૧ની સવારે પલાણા પધાર્યા.

અહીં નીકળેલી તેઓની નગરયાત્રા સર્વધર્મસમભાવ-યાત્રા બની રહી. આ શોભાયાત્રામાં તેઓનું સૌ પ્રથમ સ્વાગત કર્યું ગામના મુસ્લિમ બિરાદરોએ.

સ્થળ રહ્યું ગામની મસ્જિદ. ત્યારબાદ રામજી મંદિર, જૂનું સ્વામિનારાયણ મંદિર, રણછોડજી મંદિર, રામનાથ મહાદેવ, બહુચરાજી મંદિરે સ્વામીશ્રી પધાર્યા. દરેક ઠેકાણે તેઓનાં શાનદાર સ્વાગત થયાં. ગામની એક ભાગોળેથી શરૂ થયેલી તેઓની આ નગરયાત્રા ગામની બીજી ભાગોળે જાહેર-સભાના રૂપમાં ફેરવાઈ ત્યારે સભામાં પણ બંધુ-બિરાદર સહિતના સૌ માથે પાઘડી-ટોપી પહેરીને હાજર થઈ ગયા. સભા બાદ સ્વામીશ્રી વિદાય થયા ત્યારે પણ હિંદુ-મુસ્લિમ સૌની આંખો તેઓને નીરખી રહી.

આમ, આખા ગામમાં ધાર્મિક સંવાદિતાની સુગંધીમાન લહેર પ્રસરાવી પલાણાથી નીકળેલા સ્વામીશ્રી ડભાણ, પીપલગ, નડિયાદ, ઉત્તરસંડા અને આણંદને લાભ આપતાં રાત્રે પોણા નવ વાગ્યે બોચાસણ આવી પહોંચ્યા.

અહીં દર્શન બાદ સૌને અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનની ખુમારી ચઢાવતાં તેઓએ વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે બુલડોઝરો નાંખી ખેડી દીધું છે. અત્યારે તો પોચું છે. તે વખતે સીધું શોધવું પડતું. અત્યારે સુગમ છે. તે વખતે તો આ સભામંડપ ભરાઈ જાય ત્યારે બહુ મોટો સમૈયો થયો તેમ કહેવાય. આ સભામંડપ તે વખતે પોણો હતો. અત્યારે આ મૂર્તિઓ છે ત્યાં શ્રીહરિ સ્વામીની[૩૫] ઓરડી હતી. હું આવ્યો ત્યારનો આ જોઉં છું. આ સભામંડપમાં બધા સદ્‌ગુરુઓ વાતો કરતા. અક્ષર સ્વામી છકમાં વાત કરે કે 'બલિહારી રે બલિહારી, સ્વામિનારાયણની બલિહારી...' કોઈને મોળી વાત નહીં. સાંભળનાર ને વાત કરનાર બંનેને ઉત્કંઠા. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડી તે જીવ સુખિયા થઈ ગયા.'

આ છક સાથે સ્વામીશ્રીએ તા. ૬/૧૧ના રોજ બોચાસણમાં કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઊજવ્યો. તેમાં હાજર રહેલા હજારોનાં હૈયે અંતર-દીપ પ્રગટાવનારા તેઓએ તા. ૭/૧૧ની સવારે જૂની ધર્મશાળા ઉખેળવાના કામનું મુહૂર્ત કરાવ્યું. તેમાં સ્વામીશ્રીએ સ્વયં છાપરે ચડી નળિયાં ઉખેળ્યાં !

કોઈ પણ કામના મુરત તેઓ કેવળ ફૂલ-ચોખા પધરાવીને નહીં, પણ તે કામમાં જાતને જોતરીને કરી આપતા. જો તેઓ તરફથી પ્રભાતફેરીનું આયોજન આવે તો તેમાં પ્રથમ પગલું તેઓનું પડતું. જો તેઓ વ્રત-ઉપવાસના નિયમ આપે તો ઉપવાસીની યાદીમાં પ્રથમ નામ તેઓનું નોંધાતું. જો તેઓના નેજા હેઠળ શ્રમશિબિર યોજાય તો ભૂમિ પર કોદાળીનો પ્રથમ ટચકો તેઓના

૩૫. ગાના ગામના આ સંત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે ૧૩ વર્ષ રહેલા.

હાથે પડતો કે ધૂળ ભરેલું તગારું પ્રથમ તેઓના શિરે મુકાતું. ઉપદેશની સાથે ઉદાહરણ પૂરું પાડતી તેઓની આ રીત માટે પણ સૌ બોલી શકે એમ હતા કે 'હું આવ્યો ત્યારનો આ જોઉં છું.'

સંત એ ભગવાનની મૂર્તિ

સેવાનું સુકાન અને કથાની કમાન – બંનેને પ્રવીણતાપૂર્વક સંભાળતાં સ્વામીશ્રીએ છાપરેથી નળિયાં ઉખેળવાની સેવા બાદ સભામંડપમાં આવી ગઢડા મધ્ય પ્રકરણના ૧૬મા વચનામૃતનું નિરૂપણ કરતાં કહ્યું :

'ભગવાન ન હોય તો ધર્મ ભગવાનની મૂર્તિના આધારે રહે છે. તે મૂર્તિ શું? ભગવાનના સંત એ ભગવાનની મૂર્તિ. મહારાજે કહ્યું છે : *'સંત માનજો મારી મૂરતિ રે...'* કૃષ્ણ ભગવાન ગયા પછી ઉદ્ધવ દ્વારા પ્રગટપણું રહ્યું. ગુણાતીત ભાવને પામેલા સંતમાં ભગવાન પ્રગટ હોય છે. ચાર પ્રકારના સંતની વાતો બધા ધર્મમાં છે. કુરાનમાં પણ તરીયતી, શરીયતી, હકીકતી અને મારફતી સંત કહ્યા છે. સંન્યાસીમાં પણ કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ હોય છે. વચનામૃતમાં દીવા જેવા, મશાલ જેવા, વીજળી જેવા અને વડવાનળ જેવા સંતની વાત કહી છે. તેમાં મારફતી, પરમહંસ ને વડવાનળ જેવા સંતમાં ભગવાન પ્રગટ રહે છે.'

સ્વામીશ્રીએ સચોટ રીતે સંતમહિમા રેલાવી દીધો.

ગુરુગુણ ગાવા હરખ્યું છે હૈયું

તા. ૮/૧૧ના રોજ બોચાસણથી વિદાય લઈ સ્વામીશ્રી સુંદરણા, તારાપુરને લાભ આપતાં લીંબાસી પધાર્યા. અત્રે તા. ૯/૧૧ની સવારે પચાસેક પધરામણી કરતાં તેઓએ એક પ્રાસાદિક વાત કરતાં કહ્યું :

"(સંવત)૨૦૦૦ની સાલ આસપાસ શાસ્ત્રીજી મહારાજ લીંબાસી આવેલા. અહીં એક બળદ હતો. શાસ્ત્રીજી મહારાજે તે જોયો ને તેમને પસંદ પડી ગયો. બળદવાળો ૨૦૦ રૂપિયા કહે. શાસ્ત્રીજી મહારાજ ને બીજા ઓછા કહે. છેવટે ૧૮૦ રૂપિયા કહ્યા. પણ તે ન માન્યો. પછી શાસ્ત્રીજી મહારાજ કહે : 'લે, ૨૦૧ રૂપિયા.' એમ ૨૦૧ રૂપિયા આપી બળદ લીધો. ગામમાં બધા તાજુબ થઈ ગયા કે 'એક બળદના આટલા બધા રૂપિયા આપ્યા! આટલામાંથી તો ચાર બળદ આવે!'

પણ શાસ્ત્રીજી મહારાજની બળદની પરખ જબરી હતી. આ બળદ રેવાલ(ચાલ)માં જ ચાલતો. બીજા બળદ ફાળ ભરે, પણ લાંબું ન ચાલી શકે. આ બળદને ગાડે જોડ્યો હોય તો બીજો બળદ સાથે ચાલી ન શકે. આ બળદને ખેંચી રાખવો પડે. નિર્ગુણ સ્વામી તો આ બળદને કહે: ' શું કામ આટલું તાણે છે ? ધીમો ચાલ ને !'

શાસ્ત્રીજી મહારાજ આ બળદની માવજત ખૂબ કરે. હાથ ફેરવે. લાંબા પંથથી આવ્યો હોય તો ગરમ પાણી કરી નવરાવે. બળદ પણ સુંવાળો. કોઈને શીંગડું મારે નહીં. હવે આ બળદની જોડ શોધવા શાસ્ત્રીજી મહારાજ ૫૦ થી ૬૦ ગામ ફર્યા હશે ! હું તે વખતે તેમની સાથે ઠેઠ ખાખરિયામાં નગાસર સુધી ગયેલો. જ્યાં બળદની ખબર મળે એટલે તરત આ બળદને સાથે લઈને ઊપડે, કારણ કે ગાડે આની સાથે બીજો જોડીને જોવાનો.

પછી લીંબાસી આવ્યા. અહીં પ્રભુદાસના બાપા નારણભાઈ ગઢવી હતા. તેણે શાસ્ત્રીજી મહારાજને કહ્યું: 'સ્વામી ! પુનાજમાં આની જોડનો જ કાંઈ બળદ છે !... કાંઈ બળદ છે !...' એમ ગઢવી ભાષામાં તેણે ખૂબ વખાણ કર્યાં. શાસ્ત્રીજી મહારાજ કહે: 'ચાલો, જોવા જઈએ.' આ બળદ તો બોચાસણથી ગાડે જોડીને લાવેલા તે થાકેલો હતો. છતાં તેને લઈને ઊપડ્યા, સાથે મોતી અમથા નામે ચાકર હતો. સોમા ભગત પણ ભેગા હતા.

શાસ્ત્રીજી મહારાજ પોતે બળદ જોડી ગાડા ઉપર બેસવા તૈયાર થયા, ત્યારે નારણભાઈ ગઢવી કહે: 'બાપા ! તમે નહીં.' પછી મોતી અમથાને બેસાર્યો. સ્વામી નીચે ઊભા રહીને જુએ. આપણો બળદ થાકેલો હતો, છતાં રેવાલમાં ઊપડ્યો ! આ બળદ ફાળ ભરતો ઊપડ્યો. રેવાલમાં બળદ ચાલે તે બે પગલાં વચ્ચે હાથ - દોઢ હાથનું અંતર રહે. આગળ જતાં ભાઠામાં તો આ બળદ બેસી જ ગયો. ત્યારે સોમા ભગત પેલા ગઢવીને કહે: 'બહુ સારો, બહુ સારો કહેતો'તો ! તે આ તારો બાપો બેસી ગયો.' તે પછી તે બળદ લીધો નહીં. તે ઠેઠ સુધી આ લીંબાસીના બળદની જોડ મળી નહીં.''

ગુરુની દરેક કળા-કુશળતાને માણતાં-વખાણતાં સ્વામીશ્રીને કદી સંતોષ થતો નહીં.

કહ્યું જાતું નથી તે તો મુખ

લીંબાસીથી સ્વામીશ્રી સાયલા થઈને હાડેવા પધાર્યા ત્યારે અહીં વીસેક

પધરામણીનો કાર્યક્રમ ગોઠવેલો, પરંતુ વીજળી વેરણ થઈ ગયેલી. સાંજ ઢળી ચૂકેલી. અંધકારના ઓળા ચારેકોર પથરાઈ રહેલા. આવી પરિસ્થિતિમાં ઘરોઘર ઘૂમવું કેમ ફાવે ? તેથી આયોજકોએ આયોજન મુલત્વી રાખવા કહ્યું. છતાં સ્વામીશ્રી ફાનસના અજવાળે પધરામણીઓ કરવા નીકળી પડ્યા. અંધારે અટવાતા કૈંકને પોતાના પ્રકાશથી અજવાળી તેઓ જ્યારે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સૌનાં હૈયાં ગાઈ રહ્યાં : *'જે જે આપ્યાં છે જનને સુખ, કહ્યું જાતું નથી તે તો મુખ...'*

આ જ અનુભૂતિ કરાવતાં સ્વામીશ્રી હાડેવાથી બોરસદ, બોચાસણ, ત્રાજ, માતર, સોખડા થઈને તા. ૧૧/૧૧ની સાંજે ખેડા પધાર્યા.

અહીં એક પંચાલ ભક્તે ૨૭ ચાવીવાળું અને 'બર્ગલર્સ બેલ' ધરાવતું ૬૫૦૦/- રૂપિયાની કિંમતનું કબાટ બનાવેલું. આ કબાટનો કેફ તેઓને અફીણના અમલની જેમ ચઢેલો. જેને-તેને કબાટની કુળકથા કહેતાં ફરતા તેઓએ આજે સ્વામીશ્રીને પણ ન છોડ્યા. પૂરા અડધા કલાક સુધી તેઓ આ કબાટની કળ-કળા સ્વામીશ્રીને બતાવતા રહ્યા. અને સ્વામીશ્રી પણ કોનું નામ ! તેઓ શાંતિથી સઘળું સાંભળતા રહ્યા. જેઓએ જિંદગીમાં કદી કોઈ કૂંચી-કબાટ રાખ્યાં નહોતાં તે સ્વામીશ્રીને કબાટમાં તો શું રસ હોય ? પરંતુ એક મુમુક્ષુને રાજી રાખવા તેઓ એની વાતમાં રસ લેતા રહ્યા. અત્યંત અનાસક્ત હોવા છતાં અતિ ઓતપ્રોત બની રહેનારા સ્વામીશ્રી સાચે જ વિરલ વિભૂતિ હતી !

આ વિભૂતિમત્ત્વ ખેડાથી કોઠિયાપરા, ઢઢાલ, શાંતિપરા, રઢુ થઈને તા. ૧૨/૧૧ના રોજ પુરુષોત્તમપુરા આવી પહોંચ્યું. અહીં સ્વામીશ્રીએ કહ્યું : 'માંખ મારે તે માણસ પણ મારે. માટે મહારાજનાં નાનાં-મોટાં કોઈ વચન લોપવા નહીં.'

આ સૂત્રાત્મક સદ્‌બોધ વહાવી તેઓ તા. ૧૪/૧૧ના રોજ નાયકા થઈને મહીજડા તરફ જઈ રહેલા. તે વખતે મોટરમાં સાથે બેઠેલા ઘનશ્યામભાઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'નાયકામાં ચોખાનો ધર્માદો કેટલો થયો ?'

'૨૮૫ મણ.' ધર્માદાની નોંધ રાખનાર તે હરિભક્તે કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રીએ ધર્માદો નોંધાવનાર હરિભક્તોનાં નામ બોલવાં જણાવ્યું. તેથી એ કાર્યકર નોંધપોથીમાં ટપકાવેલાં એક પછી એક નામ વાંચવા લાગ્યા. સમગ્ર નામાવલિ પૂરી થઈ રહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જુઓ,

આમાં ગોવિંદભાઈની ગૂણ નોંધવી રહી ગઈ.'

આ વાત સાંભળી તે હરિભક્તે કાનની બૂટ ઝાલી. તેઓથી આ નામ ચોપડે લખવાનું ચુકાઈ ગયેલું.

એક દિવસમાં સરેરાશ દોઢસો-બસો કે તેથી વધુ વ્યક્તિઓને મળતા સ્વામીશ્રી એક-એક વ્યક્તિમાં કેટલો ઊંડો રસ લેતા તે સૌને આવા પ્રસંગે સમજાતું. પ્રત્યેક હરિભક્ત દ્વારા થતી નાની-મોટી સેવાની નોંધ તેઓનું મગજ ચોકસાઈથી લેતું રહેતું.

આ રીતે મહીજડામાં ૪૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રી વસઈ, ગીરમથા, નાજ, જેતલપુર, બારેજા થઈને નવાગામ પધાર્યા.

મને ગુરુગુણ ગાવાની ટેવ પડી

નવાગામના 'કલમબંધી વિદ્યાલય'માં તા. ૧૭/૧૧ના રોજ વિદ્યાર્થી-સભા સંબોધી સ્વામીશ્રી સમાદરા, યોગીપરાને પાવન કરતાં સાંખેજ તરફ જઈ રહેલા. આ આખો પ્રદેશ શાસ્ત્રીજી મહારાજની ચરણધૂલિથી કૈંકવાર પાવન થયેલો હોવાથી સ્વામીશ્રીનું મન પણ ગુરુની સ્મૃતિમાં વિહરતું રહ્યું. એ સ્મૃતિપ્રવાહનાં અમૃતબિંદુઓ ઉડાડતાં તેઓએ કહ્યું :

'શ્રીજીપુરાની જમીન હતી તે વખતે શાસ્ત્રીજી મહારાજ ઘોડા પર બેસતા. એક વાર આશી કે બીજે ગામ પારાયણ હતી. શાસ્ત્રીજી મહારાજ ઘોડા પર બેસીને જતા હતા. તેઓ ઘોડું દોડાવતા નહીં. પણ આ વખતે અચાનક ઘોડું ભડક્યું ને શાસ્ત્રીજી મહારાજ પડી ગયા. તે દાંત તૂટી ગયો ને હોઠ ઉપર વાગ્યું તે મોઢું સૂઝી ગયું. તેથી કથા વંચાય તેવું રહ્યું નહીં, એટલે શ્રીજીસ્વરૂપદાસને તેડાવ્યા ને તેમની પાસે કથા કરાવી હતી.'

આ સ્મૃતિપ્રવાહમાં સરકતાં-સરકતાં સાંખેજ આવી ગયું. અહીં તા. ૧૮/૧૧ના રોજ પંદરેક પધરામણીઓ કરીને સ્વામીશ્રી બપોરે સવા બે વાગ્યે ટ્રેક્ટર દ્વારા ભવાનપુરા જવા નીકળ્યા. ઉપરથી તાપ વરસી રહેલો. નીચેથી ધૂળ ઊડી રહેલી. પણ તેમાંય શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં રમી રહેલું સ્વામીશ્રીનું મન હડદોલાં ખાતાં ખાતાં બોલવા લાગ્યું :

''શાસ્ત્રીજી મહારાજ બધી ક્રિયામાં પ્રવીણ. બાર ગામ - સત્તાવીસ ગામ, એમ દરેક ગોળના બધા વ્યવહાર જાણે. 'આ ખડકી સારી, આ કુટુંબ સારું' તે બધો તેમને ખ્યાલ. સુરત રહેલા તેથી રસોઈમાં પણ હોશિયાર.

તેમની બધી ક્રિયા ઉતાવળી. શાસ્ત્રીજી મહારાજ તો તરત જ માથે રૂમાલ બાંધી, હાથમાં લાકડી લઈને ગાડામાં બેસી જાય. આપણે ઉતાવળ કરવી પડે. જો તૈયાર ન હોઈએ તો કંઈક રહી જાય. કથાવાર્તામાં પણ શાસ્ત્રીજી મહારાજ તૈયાર. કોઈ ચોપડી લઈને કીર્તન બોલે તો બોલવા જ ન દે.''

ગુરુગુણ ગાવાની 'ટેવ' ધરાવતા સ્વામીશ્રીના હોઠેથી ગુરુમહિમા અવિરત વહ્યા જ કરતો. આજે તેમાં તણાતાં સૌ ભવાનપુરા, ડભાણ થઈને અડાસ આવી પહોંચ્યા.

ધર્મ-ભક્તિનાં આસન

અડાસમાં 'સર્વોદય કુમારશાળા'ના આંગણે તા. ૧૯/૧૧થી પ્રારંભ પામેલા ત્રિદિવસીય પારાયણના નિયત સમયે સ્વામીશ્રી પધાર્યા ત્યારે સૌએ જયનાદો દ્વારા તેઓનું સ્વાગત કર્યું. તેને ઝીલતાં તેઓ મંચ તરફ અગ્રેસર થયા.

અહીં તેઓના આસનની ડાબી બાજુએ પારાયણની પીઠિકા હતી. પારાયણ પૂરતું તેની પર બેસીને સ્વામીશ્રીને કથામૃત પીરસવાનું હતું. પરંતુ તેઓની ચકોર નજર પામી ગઈ કે 'વ્યાસપીઠથી થોડે દૂર મહિલા હરિભક્તોની બેઠક-વ્યવસ્થા ગોઠવાયેલી છે.' અલબત્ત, મર્યાદા સચવાય તેટલું અંતર તો હતું જ; છતાં ધર્મપાલનમાં સવાયી સાવચેતી રાખતા સ્વામીશ્રીને તેટલી દૂરી ઓછી લાગી. તેથી તેઓ ત્યાં ન બેઠા અને પોતાના આસન પર જ પારાયણનો પાટલો મંગાવી લઈ કથા કરવા લાગ્યા.

સ્વામીશ્રી હંમેશા 'ધર્મ'ના આસન પર બેસીને કથા કરનારા હતા. તેથી જ તેઓની કથાનો આસ્વાદ અનેરો રહેતો.

આ પારાયણની સમાંતર ગામમાં વહેતા રહેલા પધરામણીના પ્રવાહમાં સ્વામીશ્રીએ સૌથી વધુ પધરામણીઓ કરી જનજીવનને સંસ્કાર્યું. તેમાં પણ તા. ૨૧/૧૧ની સવારે તો વરસતા માવઠામાં તેઓ ઘરોઘર ઘૂમ્યા. વરસાદમાં પધરામણીઓ કરતા સ્વામીશ્રીને જોઈ એક હરિભક્ત છત્રી લઈ આવ્યા. પણ તેને તેઓએ ઠાકોરજી પર ધરવા માટે રાખી દીધી. બીજી છત્રીને આવતાં ઘણી વાર થઈ. ત્યાં સુધી સ્વામીશ્રી વરસાદથી અને ગામવાસીઓ તેઓની ભક્તિથી ભીંજાતા રહ્યા.

આમ, ત્રણ દિવસ સુધી પોતાનાં ધર્મ-ભક્તિમાં અડાસને તરબતર કરી સ્વામીશ્રી હળદરી, નાપાડ થઈને તા. ૨૧/૧૧ની રાત્રે પોણા નવ વાગ્યે

નડિયાદ આવી પહોંચ્યા.

અહીં જ ફસાય તેવું નથી

નડિયાદમાં સ્વામીશ્રીના આગમન નિમિત્તે દવે પોળમાં રહેતા હરિભક્તો તરફથી મોદી સાંથની વાડીમાં સૌ માટે અલ્પાહાર રાખેલો. ત્યારબાદ યોજાયેલી સભામાં પણ 'સ્વામીશ્રી પધારે' તેવી આ હરિભક્તોની ઇચ્છા પૂરી કરવા સ્વામીશ્રી જાહેર-સભામાં આવીને બિરાજ્યા. પરંતુ અડાસથી નડિયાદ આવેલા સ્વામીશ્રીની સાથે વરસાદ પણ સહપ્રવાસી બનીને આવી ગયેલો. તેથી સભા સમયે વરસાદની ફરફર વરસી રહી. છતાં દોઢ કલાક સુધી હજારો મુમુક્ષુઓ ખુલ્લામાં કથારસનું પાન કરતા રહ્યા. નાનાં-નાનાં બાળકો પણ સ્વામીશ્રીની મૂર્તિમાં ખોવાઈ ગયાં હોય તેમ ચંચળતા છોડી શાંતિથી બેસી રહ્યાં ! વડીલોમાંથી કોઈએ છત્રી પણ ઉઘાડી નહીં !!

આ સભા બાદ વરસાદમાં જ પાંચ પધરામણીઓ કરીને સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા. બીજા દિવસે તા. ૨૨/૧૧ની સવારે પણ વરસાદ વરસી જ રહેલો. તેમાં સ્વામીશ્રીએ દસેક ઘરોમાં પધરામણીઓ કરી. એક હરિભક્તના મકાનનું ખાતમુહૂર્ત પણ તેઓએ વરસતા વરસાદમાં પલળતાં પલળતાં કર્યું. એક તરફ વરસાદની હેલી તો બીજી તરફ સ્વામીશ્રીના હેતની હેલી મંડાયેલી રહી.

હવે અહીંથી નરસંડા જવાનું હતું. તે માટે ભરત નામનો યુવાન મોટર લઈને સેવામાં હાજર થઈ ગયેલો. વરસાદમાં પણ મંદિરના પ્રાંગણમાં ગાડી ન ફસાય તેવી વ્યવસ્થા જોઈ તે યુવક બોલ્યો : 'અહીં ગાડી ફસાય તેવું નથી.'

'અહીં જ ફસાય તેવું નથી. બાકી જગતમાં તો બધે ફસાય તેવું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ ઉદ્‌ગારમાં જીવને માયામાં ન ફસાવા દેવાનું તેઓનું સામર્થ્ય વ્યક્ત થઈ રહ્યું.

લાગી સુરતી લાલ સે

ગઈકાલે આખી રાત વરસાદ વરસ્યો હોવાથી નરસંડામાં ઠેર ઠેર ખાબોચિયાં ભરાયેલાં અને કાદવ-કીચડ થઈ ગયેલો. પરંતુ તે સંજોગોમાંય સ્વામીશ્રીએ સવા સો પધરામણી કરી દીધી !

ત્યારબાદ વરતાલ, પીપલગને લાભ આપતાં ડભાણ આવી પહોંચ્યા.

અહીં તેઓના વરદહસ્તે તળાવ કિનારે નિર્માણાધીન અક્ષર-પુરુષોત્તમ મંદિરનું ખાતમુહૂર્ત તા. ૨૪/૧૧ની સવારે સંપન્ન થયું. ખાતવિધિની સભામાં પણ ઝરમર વરસાદ વરસી રહેલો. છતાં સૌ શાંતિથી બેઠા હતા. તેથી પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'વરસતા વરસાદમાં મુશ્કેલીઓ વેઠી બધા બેઠા છો તે ધન્ય છે. સર્વેને મહારાજ અક્ષરધામમાં બેસાડશે. આપણે આપણું કાર્ય કર્યે જવાનું છે. કંઈ બોલ્યા વગર કાર્ય કરવું.'

આ કાર્યરીતિ શીખવી તેઓ નડિયાદની નગરપાલિકાના ભવનમાં પધાર્યા. અહીં 'બૉર્ડરૂમ'માં આયોજિત સભામાં આશીર્વાદ આપી સંજાયા પહોંચ્યા. અત્રે શણગારેલા ટ્રેક્ટરમાં નગરયાત્રા શરૂ થઈ ત્યારે આસપાસનાં ગામોમાંથી આવેલા હરિભક્તોને કારણે, ગામની શેરીઓમાં જાણે માનવપ્રવાહ વહી રહ્યો હોય તેવું દૃશ્ય સર્જાયું!

તે વખતે ટ્રેક્ટરમાં બેઠેલા એક હરિભક્ત સ્વામીશ્રીને પંખો નાંખવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રીએ 'આ હરિકૃષ્ણ મહારાજને પંખો નાંખો' કહી પ્રેમ અને પવનની દિશા બદલી આપી. નગરયાત્રામાં જ્યારે સૌ સ્વામીશ્રીની મૂર્તિમાં ખેંચાઈ ગયેલા હોય, તે વખતેય સ્વામીશ્રી તો *'લાગી સુરતી લાલ સે, મતિ જાગી મજબૂત...'*ની જેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં જ નિમગ્ન રહેતા.

પડવાનો માર્ગ

સંજાયામાં તા. ૨૫/૧૧ની સવારે ગઢડા મધ્ય પ્રકરણના ૨૮મા વચનામૃતના આધારે ઉપાસનાનો સાર સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'મૂર્તિપૂજક હોય તે કોઈ પણ મૂર્તિનો અનાદર કરે જ નહીં. શંકરજીના પોઠિયાને નમીએ છીએ, પંચદેવને નમીએ છીએ, તો સ્વામિનારાયણ ભગવાનના ભક્ત મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિને કઢાય જ કેમ? જે કાઢે તેને કેવો સમજવો? નામ જીવાભાઈ હોય પણ સાપના રાફડામાં હાથ નાંખે તે મરવાનો જ છે. તેમ સત્સંગી કે સાધુ કહેવાઈએ પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરીએ તો તે પડવાનો જ માર્ગ છે.' આમ, સતત બે કલાક સુધી કથા કરીને સ્વામીશ્રીએ જ્ઞાનમાર્ગ ચોખ્ખો કરી આપ્યો.

ત્યારબાદ વરતાલ થઈને આણંદ પધાર્યા. અહીં તેઓનાં દર્શન માટે એકત્રિત થયેલા બહોળા સમુદાયને આશીર્વાદ આપતાં કહ્યું:

'લાખો માણસો ભેગા થતા હોય તેથી મહત્તા નથી. પણ યુવકોએ વર્તન શુદ્ધ રાખવું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું વર્તન શુદ્ધ હતું તો જાહેરાત કરવી પડી નથી. ગામમાં કોઈ આપણી વિરુદ્ધ બોલે તો શું ગામ મૂકી દેવું ? તેમ સત્સંગમાં કોઈ કાંઈ કહે તો સત્સંગ મૂકી દેવો નહીં. સત્સંગનો ઊભરો આવે ને શમી જાય તેમ ન કરવું. સિનેમાનો રંગ ચડી જાય અથવા આશરો ડગી જાય તો તે રંગ ચડ્યો ન કહેવાય.'

સૌમાં સત્સંગની આ દૃઢતા સીંચતા સ્વામીશ્રીએ અહીંથી બોચાસણ પધારી તા. ૨૬/૧૧ની સવારે ભવ્ય સભામંડપ, રસોડા સહિત ભોજનશાળા તથા સંતનિવાસના સંકુલનું ખાતમુહૂર્ત કર્યું. ત્યારબાદ બોરસદ, દાવોલ, અટલાદરા, ભરૂચ, સાંકરી, મઢીને પાવન કરતાં તેઓ રાત્રે સાડા અગિયાર વાગ્યે વ્યારા આવી પહોંચ્યા.

જન્મ સુફળ કરે જંતનો

વ્યારામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે આ નગર નવનિર્મિત મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ અને સ્વામીશ્રીના ૫૬મા જન્મજયંતી મહોત્સવના સંગમે હિલોળા લઈ રહેલું. આ નિમિત્તે કન્યા વિદ્યાલયના વિશાળ મેદાનમાં ઊભા થયેલા 'ગુણાતીતનગર'માં ભવ્ય સભામંડપ અને યજ્ઞશાળા ધજા-પતાકાથી શોભી રહેલાં. તેમાં તા. ૨૭/૧૧ની સવારે ૧૨૫ યજમાનોએ વિધિસર યજ્ઞનારાયણને આહુતિ આપી. સાંજે ચાર વાગ્યે ચાર કલાત્મક રથમાં મૂર્તિઓને બિરાજમાન કરી નીકળેલી ભવ્ય નગરયાત્રામાં સ્વામીશ્રી પણ હંસાકાર 'અમૃતસેતુ' રથમાં બિરાજમાન થયા.

ઉત્સવ પ્રસંગે રાત્રે યોજાયેલી સત્સંગ-સભા પોણા નવ વાગ્યાથી સાડા બાર વાગ્યા સુધી ચાલી. તેમાં સેલવાસથી આવેલા એક સત્સંગીએ પોતાના જીવન-પરિવર્તનની ગાથા રજૂ કરતાં કહ્યું :

''અમારા બાપ-દાદાઓથી તાડી, દારૂ, મરઘી, માંસનું ચાલ્યું જ આવતું હતું. સાંજ પડે ને દારૂ જોઈએ. પરોણો આવે તો મરઘી તૈયાર. પછી અમે ભજન મંડળ ચાલુ કર્યું. તેમાં પણ વચ્ચે દારૂની બાટલીઓ જોઈએ જ.

એક વાર સેલવાસના સત્સંગી રતિભાઈ અમને તેમને ત્યાં ભજનમાં લઈ ગયા ને કહે, 'તમારે દારૂ-માંસ ન લેવાં.' અમારાં ઘરનાં કહે : 'તમારે સ્વામિનારાયણમાં ની જોડાવાનું. પછી અમારી બાટલીનું શું ?' પણ અમારા

આત્માને સત્સંગ સારો લાગ્યો. કંઠી પહેરી. અત્યારે અમારું આખું કુટુંબ સત્સંગી છે ને બધાં સુખી છે. અમને નિશ્ચય છે કે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી વિના મોક્ષ છે જ નહીં.''

આ અનુભૂતિને અનુસરતાં અન્ય એક આદિવાસી યુવકે પણ જણાવ્યું : 'હું આઠમા ધોરણમાં આદિવાસી છાત્રાલયમાં ભણતો ત્યારે સ્વામીબાપા પાસે ગયેલો. અમારા ગૃહપતિ કહે, 'તમે કંઠી પહેરશો તો સાધુ થઈ જશો.' મને થયું કે 'સત્પુરુષ કોઈ દિવસ ખોટે રસ્તે લઈ જતા નથી. માટે જવું જ.' અમારી હૉસ્ટેલમાં પહેલાં ઈંડાં આપતાં પણ બધા છોકરાઓ સત્સંગી થયા એટલે તે બંધ થઈ ગયું.'

*'જન્મ સુફળ કરે જંતનો'*ના આ નક્કર અનુભવોને સાંભળી અનેક મહાનુભાવો સંત-શક્તિનો પ્રભાવ અનુભવી રહ્યા.

આપણે અભિમાન લાવવાની જરૂર નથી

તા. ૨૮/૧૧નું પ્રભાત ફૂટ્યું તે પહેલાં તો વ્યારામાં અનેક મુખકમળો ખીલી ઊઠેલાં. 'યોગીનગર' સભામંડપ ભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયેલો. તેમાં પ્રાતઃપૂજા માટે સ્વામીશ્રી આસન પર બિરાજ્યા તે સાથે જ પ્રચંડ જયનાદોથી વ્યારા ગાજી ઊઠ્યું. પૂજામાં લીન સ્વામીશ્રીની આસપાસ અભિનંદન વરસાવતાં શુભેચ્છાપત્રોની અભિનવ સૃષ્ટિ ખડી થઈ ગયેલી. એ સૃષ્ટિનો પ્રત્યેક કણ એક જ ભાવના વહાવી રહેલો : 'शतं जीव शरदः ।'

મંગલમય વાતાવરણમાં પ્રાતઃપૂજા પૂર્ણ કરીને સ્વામીશ્રી મંદિરના વિશાળ હૉલમાં પધાર્યા. અહીં પોતાના જન્મદિને તેઓ પોતાને વહાલા ભગવાનની ભેટ સૌને આપવાના હતા. વિશાળ કલાત્મક સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ તથા ગુરુપરંપરા સ્વામીશ્રીના વરદહસ્તે વેદોક્તવિધિ સાથે બિરાજી ગઈ ત્યારે નગારાં ધણધણી ઊઠ્યાં અને ઝાલરો રણઝણી ઊઠી. પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતાર્યા બાદ સ્વામીશ્રીએ અગાશીમાં પધારી સુવર્ણકળશોની પૂજા કરી. ધ્વજદંડનું પણ પૂજન કરી તેને શિખર પર ચડાવ્યો ત્યારે અક્ષર-પુરુષોત્તમની કીર્તિ પ્રસરાવતી ધજાઓ ફરફરી રહી. પ્રતિષ્ઠા બાદ ૫૬મી જન્મજયંતીની મુખ્ય સભામાં અભિનંદનોની વર્ષા વચ્ચે ૫૬૫૬ ગુલાબોનો ભવ્ય હાર સ્વામીશ્રીને અર્પણ થયો ત્યારે વાતાવરણ હર્ષોલ્લાસથી ઊભરાઈ ગયું.

પરંતુ આ સઘળી સન્માનધારાઓથી નિર્લેપ સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: 'જે કાર્ય થાય છે તે બધાનું મૂળ કારણ મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે. આપણે અભિમાન લાવવાની જરૂર નથી. ન ધારેલાં કાર્યો સિદ્ધ થાય ત્યારે એમ થાય કે 'કેમ થયું હશે?' પણ મહારાજ કાર્ય કરે છે. જેટલો મહિમા શ્રીજીમહારાજનો સમજાશે તેટલી શાંતિ થશે. રોજ બે કલાક સત્સંગની પ્રવૃત્તિ સૌએ કરવી જ.'

આ આશીર્વાદ સાથે જન્મજયંતીની શાનદાર ઉજવણી સંપન્ન થઈ.

શરણાગત-વત્સલ તુમ સમરથ

વ્યારાથી સુરત પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૨૯/૧૧ની સવારે પ્રથમ પાટોત્સવ ઊજવ્યા બાદ અરદેશર કોટવાલની વાડીમાં સત્સંગલાભ આપી બારડોલી, કરચેલિયા, ગુણસવેલ, વાંસકૂઈ, ડુંગરી, વલવાડાને પાવન કરતાં તા. ૩૦/૧૧ના રોજ દોણજા આવી પહોંચ્યા.

અત્રે તા. ૧/૧૨ની સવારે સ્વામીશ્રી ગામમાં નવું મંદિર બાંધવાની જગ્યા જોવા માટે પધાર્યા. તેમાં એક જમીન પસંદ પડી જતાં તેઓએ તરત જ તેનું માપ લઈ ત્યાં વેદોક્તવિધિપૂર્વક ખાતમૂહૂર્ત પણ કરી દીધું!

આમ, પ્રથમ પગલે જ મંદિરનો પાયો નાંખતા સ્વામીશ્રી અહીંથી સારવણી, વાંદરવેલા અને વઘઈને લાભ આપી તા. ૨/૧૨ની સવારે સોનગઢના 'ગાંધી ખિદમત ઘર'માં જઈ પહોંચ્યા. અહીં આશ્રમવાસી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી સાડા બાર વાગ્યે ઉકાઈ પધાર્યા.

અત્રે મંદિરનો શિલાન્યાસ વિધિ કરી આગળ વધેલા તેઓએ રસ્તામાં નવાપુર આવતાં વાત કરી કે – 'બોચાસણ મંદિરનો દરવાજો થતો હતો ત્યારે તેનાં લાકડાં લેવા માટે અમે અહીં પ્રાણલાલભાઈની ઑફિસે આવેલા. બિલિમોરાથી તેમની જીપમાં ઉનાઈ આવેલા. ત્યાં તેમની ઑફિસમાં રાત રહીને સ્નાન કરી અહીં આવેલા.'

વાતવાતમાં પંથ કપાતો રહ્યો અને નંદુરબાર તથા દોંડાઈચેંને પાવન કરતાં સ્વામીશ્રી રાત્રે પોણા દસ વાગ્યે ધુલિયા આવી પહોંચ્યા.

અત્રે તા. ૩/૧૨ના રોજ પધરામણીઓ અને જાહેર-સભાનો લાભ આપી તેઓએ રાત્રે નવ વાગ્યે વરખેડાને પાવન કર્યું. રાત્રિ રોકાણ પણ અહીં જ ઠરાવ્યું. ધુલિયામાં સુવિધાજનક ઉતારે રોકાવા સ્વામીશ્રીને સૌએ ઘણો

આગ્રહ કરેલો, પણ ભક્તોના ભાવ પૂરા કરવા શહેરનાં સુખડાં છોડીને ગામડાંનાં ઘરમાં વસેલા તેઓને જોઈ સૌનાં અંતર પોકારી ઊઠ્યાં: *'શરણાગત-વત્સલ તુમ સમરથ, વેદ પુરાણ કવિજન ગાયે...'*

આવી વાત્સલ્યવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ તા. ૪/૧૨ની સવારે વરખેડામાં મુંડનવિધિનું નૈમિત્તિક કર્મ આટોપી બપોરના બાર વાગ્યે ઈલોરાની ગુફાઓને પાવન કરી. વિશ્વના આ બેનમૂન સ્થાપત્યના ભાગરૂપ કૈલાસમંદિરને નિહાળી તેઓ બપોરે પોણા બે વાગ્યે ઔરંગાબાદ પધાર્યા.

અત્રે સાંજે ગુજરાત વિદ્યામંદિરમાં યોજાયેલી સભામાં બહોળો ગુજરાતી સમુદાય તેઓનો લાભ લેવા માટે એકત્રિત થઈ ગયેલો. તે સૌને પોતાના મુલકમાંથી આવેલા આ મહાત્મામાં ઘણું આકર્ષણ થયું. સ્વામીશ્રીએ પણ પોતાનાં વચનોની અમીવર્ષામાં સૌને ઝબકોળ્યા.

ત્યારબાદ રાત્રે ચંદુભાઈના ઘેર ચાલી રહેલી હળવી ગોષ્ઠીમાં રમૂજનો તરંગ પ્રસરાવતાં તેઓએ વાત કરી કે '*બડા ખબેડા*[૩૬] *ખેત કા, વાયે ટકોરા લેત; પોતે તો ખાયે નહીં, ઔરન કો દુ:ખ દેત.* ચાડિયો પવનથી હલે. તે પોતે તો કંઈ અનાજ ન ખાય ને બીજાને પણ ખાવા ન દે. જૂનાગઢથી આવેલા નાપાડના બાલમુકુંદ સ્વામી આ સાખી ભક્તિવલ્લભ સ્વામી પર બોલતા કે 'તેઓ ખાય નહીં ને ખાવા પણ દે નહીં.''

આમ, હસતાં-હસાવતાં આજના દિવસનું સમાપન કરી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

સંતકું સમ સબેં

તા. ૫/૧૨ની સવારે ઔરંગાબાદમાં સાતેક પધરામણીઓ કર્યા બાદ સ્વામીશ્રી જાલના પધાર્યા. અહીં તેઓના સ્વાગતમાં ગુજરાતી વિદ્યાલયમાં સભા યોજેલી. બપોરે ત્રણ વાગ્યે ગોઠવાયેલી એ જાહેર-સભામાં આશીર્વાદ આપી સ્વામીશ્રી રાત્રે પોણા આઠ વાગ્યે અકોલા પહોંચ્યા.

અત્રે રાત્રે નવ વાગ્યે રાધાકિશન પ્લોટમાં યોજાયેલી જાહેર-સભામાં સૌએ વિશાળ સમુદાયમાં તેઓનો લાભ લીધો.

ત્યારબાદ તા. ૬/૧૨ની સવારે અહીં વીસેક પધરામણીઓ કરી સ્વામીશ્રીએ આકોટને પાવન કર્યું. અત્રે તા. ૭/૧૨ના રોજ થયેલી પંદરેક

---

૩૬. ખેતરમાં ઊભો કરાતો ચાડિયો.

પધરામણીઓ દરમ્યાન તેઓ સ્થાનિક ઉદ્યોગપતિ શ્રીગણગણેના ઘેર પધાર્યા. આ યજમાને ભક્તિભાવપૂર્વક સત્કાર કર્યા બાદ પોતાની મૂંઝવણ રજૂ કરતાં પૂછ્યું: 'અત્યારે આ સત્તા છે. પછી કદાચ બીજી આવે તો કેવી આવશે?'

'આ લોકની સત્તાઓ તો નાશવંત છે, કોઈ સ્થિર નથી. એક પરમાત્માની સત્તા અવિચળ છે. માટે તેમાં વિશ્વાસ રાખવો.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે એક ઉદ્યોગપતિને જગત્પતિમાં જોડી આકોટથી નીકળેલા સ્વામીશ્રી સવારે પોણા બાર વાગ્યે અચલપુરને ધન્ય કરી સાંજે પોણા છ વાગ્યે અમરાવતી પધાર્યા.

અહીં ભક્તોએ વીજદીપકોના ઝગઝગાટથી શોભતા હંસાકાર રથમાં શોભાયાત્રા કાઢી. તેમાં બિરાજેલા સ્વામીશ્રીની ભાવભરી મુખમુદ્રા સૌમાં ભાવની ભરતી ચઢાવતી રહી. તેથી વચ્ચે વચ્ચે કંઈ કેટલાયે ભાવિકોએ પુષ્પહાર અર્પણ કર્યા તો કેટલાયે પુષ્પવૃષ્ટિ કરી. બૅન્ડ-વાજાં ગગડાવતું શીખ બૅન્ડ તો એવું ગેલમાં આવી ગયું કે તેણે ભાંગડાની ભંગિમાઓથી ભૂમિ ધ્રુજાવી. એક વૈષ્ણવ પણ ચામર લઈને સ્વામીશ્રીની સેવામાં ઊભા રહી ગયા. જો કે સ્વામીશ્રીએ તેઓનો ઉત્સાહ ઠાકોરજીને ચામર ઢોળવા તરફ વાળી દીધો.

શોભાયાત્રાનું આ સન્માન ઝીલી તેઓ રાત્રે આઠ વાગ્યે રોટરી ક્લબ દ્વારા આયોજિત સભા માટે નિશ્ચિત્ત સ્થળે પહોંચ્યા, પણ અહીં તો પરિસ્થિતિ સાવ જ જુદી આવી. શોભાયાત્રામાં જયજયકાર હતો, જ્યારે અહીં સૂનકાર. નગરયાત્રામાં વાજાં વાગતાં હતાં, જ્યારે અહીં વાજું પણ નહોતું. પોણો કલાક પ્રતીક્ષા કરવા છતાં કોઈ રોટેરિયન ડોકાયા જ નહીં. સામે કેવળ ત્રણ વ્યક્તિઓ બેઠેલી. છતાં સ્વામીશ્રીએ તેઓને સંબોધન કર્યું, કોઈ ક્ષોભ-સંકોચ વિના!

જૂજ કે જંગી સંખ્યા હોય, પણ સ્વામીશ્રી તો *'સંતકું સમ સબેં'*ની સ્થિતિમાં જ હંમેશા રહેતા.

આ જ ભાવથી તેઓ રાત્રે સાડા નવ વાગ્યે રાજકમલ ચોકના જોષી હૉલમાં જાહેર-સભા કરી બડનેરા આવી પહોંચ્યા.

સહેજ પણ નહીં

બડનેરામાં તા. ૮/૧૨ની સવારે પ્રાતઃકથા બાદ સ્વામીશ્રી ઘરોઘર પગલાં કરી રહેલા. આ ક્રમમાં મારવાડી વૈષ્ણવ દેવીપ્રસાદને ઘેર તેઓનાં ચરણની વિશેષ સંભાવના માટે સઘળી તૈયારી થઈ ગયેલી.

આ મુમુક્ષુએ સ્વામીશ્રીને ચરણ મૂકવા માટે ચાંદીનો થાળ અને તેમાં ચરણ પખાળવાં માટે પંચામૃતનું પાત્ર ભરીને રાખેલું. જેવા સ્વામીશ્રી તેઓને ઘેર આવ્યા કે તેઓ આ નિર્ધારિત વિધિ કરવા તત્પર થયા, પણ સ્વામીશ્રીએ આ બાબતે ઘસીને 'ના' પાડી દીધી. સ્વામીશ્રી સાથે રહેનારા સૌ માટે આ સ્વાભાવિક હતું, પણ મારવાડી મહાનુભાવ માટે તો નવીન વાત બની. તેથી તેઓએ કહ્યું : 'એમાં શું ? થોડું ધોવા દો.'

'સહેજ પણ નહીં. સંતોને તે આજ્ઞા નથી. શ્રીજીમહારાજની આ મૂર્તિનાં ચરણ ધૂઓ.' આમ કહી સ્વામીશ્રીએ તેઓનો ભક્તિભાવ ભગવાન તરફ વાળી આપ્યો. પણ તેઓની આ ભક્તિ જોઈ દેવીપ્રસાદનું હૃદય તો સ્વામીશ્રી તરફ જ વળી-ઢળી ગયું.

હરિ વિના બીજો ઘાટ ન લાગે

બડનેરાથી પુનઃ અમરાવતી પધારેલા સ્વામીશ્રીએ અહીં બપોરે પોણા બે વાગ્યા સુધી કરેલી ત્રીસેક પધરામણીઓમાં કુષ્ઠ રોગીઓની સેવા કરતી 'તપોવન' સંસ્થાને પણ પાવન કરી. આ સંકુલની તમામ ગતિવિધિઓ જોઈ અત્રે યોજાયેલી સભામાં તેઓએ આશીર્વાદ આપ્યા કે "જેનો કોઈ આધાર નથી તેના આધાર પરમાત્મા છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે 'ફરી તમને આવો જન્મ ન મળે.' ભગવાનને ભૂલશો નહીં."

રોગપીડિતોને આમ દુઆ આપી તેઓ નાગપુર આવી પહોંચ્યા.

અહીં ભક્તોએ ઇતવારી વિસ્તારના અહિંસા ભવનમાં સભા યોજી સ્વામીશ્રીનો લાભ નગરવાસીઓને અપાવ્યો. ત્યારબાદ તા. ૯/૧૨ની સવારે શહેરમાં વીસેક પધરામણીઓ કરી, સ્વામીશ્રી કાર્ધા થઈને સાંજે સવા સાત વાગ્યે ગોંદિયા પધાર્યા.

અત્રે ગુજરાતી બાલમંદિરમાં યોજાયેલી સભામાં ધર્મપરાયણ જીવનની શીખ આપી તેઓ સી. જે. પટેલ કંપનીના ભવનમાં રાત્રિનિવાસ માટે પહોંચ્યા. અહીં રહેતા કર્મચારીઓને અલ્પ મુલાકાતમાં જ સ્વામીશ્રીનું નિરાળું-નિખાલસ વ્યક્તિત્વ અંતરમાં વસી જતાં કોડ જાગેલા કે 'સ્વામીશ્રીને જમાડવા.' પરંતુ અત્રે રોકાણ તો આવતીકાલ બપોર સુધીનું જ હતું અને બપોરે તો હરિભક્તના ઘેર ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ ગયેલી. તેથી સૌએ સંતો સમક્ષ 'અમારું શું ?' કહી તા. ૧૦/૧૨ની સવારે અલ્પાહારમાં જ

દૂધપાક, પૂરી વગેરેનું પાકું ભોજન તૈયાર કરી દીધું.

આ ભોજન બાદ પૂજન માટે સ્વામીશ્રીને બેસવા સારુ મુલાયમ મખમલની ગાદીવાળું, જરી ભરેલું, કલા-કારીગરીયુક્ત ગજાસન પણ પાથરવામાં આવ્યું. પરંતુ સ્વામીશ્રી તો સાદા સોફા પર જ બેઠા અને પેલા કલાત્મક આસન પર ઠાકોરજીને પધરાવી દીધા. તે જોઈ *'હરિ વિના બીજો ઘાટ ન લાગે...'* એવા સ્વામીશ્રી વિષે સૌનો પૂજ્યભાવ બેવડાઈ ગયો.

તેહ સહુના સુખદાય છે

ગોંદિયાથી ભંડારાની ભૂખ ભાંગી રાત્રે પુનઃ નાગપુર આવી ગયેલા સ્વામીશ્રી અહીં તા. ૧૧/૧૨ના રોજ સ્થાનિક ગીતા મંદિરે પધાર્યા. અત્રે તેઓના આગમનથી પૂજ્ય મહામંડલેશ્વર શ્રી સદાનંદજી મહારાજ તો એટલા રાજી થઈ ગયા કે તેઓએ સ્વામીશ્રીને ભાવપૂર્વક ભેટીને પોતાના આસન પર પોતાની સાથે જ બેસાડી દીધા!

આમ, સાધુથી સંસારી સુધી સૌના પ્રીતિપાત્ર બની રહેલા સ્વામીશ્રી સાંજે સાડા ચાર વાગ્યે નાગપુરથી દારવ્હા જવા નીકળ્યા.

આ પ્રવાસમાં વચ્ચે તેઓ એક જાણીતા લોકનેતાની કુશળતા પૂછવા તેઓના આશ્રમમાં પહોંચ્યા. સ્વામીશ્રી જ્યારે ત્યાં પધાર્યા ત્યારે આ નેતાની ચોપાસ મહિલાઓ બેઠેલી. તેથી સાધુની મર્યાદા જાળવવાના હેતુસર તે સ્ત્રીવૃંદને બીજા ઓરડામાં જવા કહેવડાવ્યું.

પણ આ વ્યવસ્થાની વાત સાંભળી પેલા લોકસેવક અકળાઈ ગયા. તેઓ સીધા જ બહાર ધસી આવ્યા અને કોઈ જ ઔપચારિક પરિચયનો વિવેક દાખવ્યા સિવાય જ્ઞાનના ગુમાનમાં બેફામ બકવાસ કરવા લાગ્યા.

સ્વામીશ્રી તો સમતા ધારી સઘળું સાંભળી રહ્યા. પછી શાંતિપૂર્વક જણાવ્યું: 'આ તો મર્યાદા માટે છે. અમને કોઈ સ્ત્રીનો તિરસ્કાર નથી.'

છતાં સ્વામીશ્રીની આ સુજનતા-સમજૂતીની તેઓ પર કોઈ અસર થઈ નહીં. તેઓ રોષમાં જ રહ્યા. 'ગીતા'ના સમત્વયોગ પર ભાષણો કરનારા એ પ્રવચનકાર આજે ખરેખર સમતુલા ચૂકી ગયા. તેઓ સ્વામીશ્રીને કોઈ આવકાર આપ્યા વિના અંદર ચાલ્યા ગયા. તેથી સ્વામીશ્રીએ પણ મોટરમાં બેસી આગળ પ્રયાણ આદર્યું. તે વખતે એક અંતેવાસીએ પૂછ્યું: 'બાપા! આનો મોક્ષ થશે કે કેમ?'

'એમણે ઠાકોરજીનાં દર્શન કર્યાં છે તો સંસ્કાર થશે. આપણે તો ભાવે-કુભાવે જે કોઈ દર્શન કરે તેનું પણ કલ્યાણ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના મુખમાંથી સર્વોદયની ભાવના સરી પડી! અને સૌના મુખમાંથી પંક્તિઓ સરી રહી:

'શુભ બુદ્ધિવાળા સંત જેહ, તેહ સહુના સુખદાય છે;
તેથી દુ:ખ ન ઊપજે, જે સુરતરુ સમ કે'વાય છે...'

મમતા તનકી મેલ

દારવ્હાથી કારંજા પધારેલા સ્વામીશ્રીની પધરામણીઓનાં વાહનોની યાદીમાં અહીં એક નવું નામ ઉમેરાયું – પગરિક્ષા.

હા, આ ગામમાં પગરિક્ષામાં બેસી પધરામણીઓ કરતાં સ્વામીશ્રી તા. ૧૨/૧૨ની સાંજે સાડા છ વાગ્યે હીંગોલી પધાર્યા. અત્રે સુશોભિત ટ્રેક્ટરમાં નગરયાત્રા બાદ અગ્રવાલ બાલાજી મંદિરમાં જાહેર-સભા થઈ.

આ સમગ્ર ઘટનાક્રમ સ્વામીશ્રીએ તૂટતી તબિયતે જ આટોપેલો. એક-એક દિવસમાં દોઢસો-બસો કિ.મી.ની સડક-મુસાફરી, રોજની સરેરાશ બે-ત્રણ સભાઓ સાથે પંદર-પચીસ પધરામણીઓ, આરામ-ભોજનના સમયની અનિયમિતતા, શિયાળાના વાયરા વગેરેને કારણે તેઓને આ અરસામાં હળવો તાવ અને સખત શરદી લાગુ પડેલાં.

આવી શારીરિક કસર સાથે જ તેઓ તા. ૧૩/૧૨ની સવારે પશાભાઈના ઘેર પ્રાત:પૂજા કરવા પધાર્યા, પરંતુ સંતોએ પાથરી રાખેલી નિત્યપૂજા મુજબ જો તેઓ બિરાજે તો ઘરમંદિર તરફ પીઠ આવે તેમ હોવાથી, સ્વામીશ્રીએ પૂજા કરવાની દિશા ફેરવાવી. તેઓ સાજા-માંદા થતાં, પણ તેઓની ભક્તિ તો સદા સાજી-તાજી જ રહેતી.

પ્રાત:પૂજા બાદ નાજુક સ્વાસ્થ્યમાં જ સ્વામીશ્રીએ સોળ ઘરોમાં પધરામણી કરી અને સાંજે સાડા સાત વાગ્યે નેવરી આવી પહોંચ્યા.

આ ગામમાં વીજપ્રવાહનો અભાવ હતો અને આખા ગામમાં એક જ પેટ્રોમેક્ષ હતું. છતાં ઉત્સાહના દીવડાને પ્રગટાવી ભક્તોએ ગાડાંમાં નગરયાત્રા યોજેલી. અંધારું, ટાઢ અને ધૂળના તરભેટે યોજાયેલી આ શોભાયાત્રા બાદ સ્વામીશ્રી ગામની શાળામાં પધાર્યા.

અહીં જાહેર-સભા હતી અને ઉતારો પણ! ગામડાંની એ ખખડધજ

નિશાળમાં બારી-બારણાં બંધ કરવા છતાં તે અધખૂલાં રહી જતાં હતાં. તેની તિરાડોમાંથી ધસી આવતો રાત્રિનો ઠંડો પવન તલવારની તીખી ધારની જેમ સ્વામીશ્રીના શરીરમાં ભોંકાતો રહ્યો. શાળામાં શૌચાલયના અભાવે બાજુમાં આવેલા કપાસના ખેતરમાં જ વહેલી સવારની ઠંડીમાં સ્વામીશ્રીને દેહક્રિયા કરવા જવાનું થયું, પરંતુ કોઈ જ વિશેષ સુવિધાની અપેક્ષા રાખ્યા વિના તેઓએ નેવરીને ન્યાય આપ્યો. બીજે દિવસે પધરામણીઓ પણ કરી અને બરડશેવાળને લાભ આપતાં તા. ૧૪/૧૨ના રોજ નાંદેડ આવી પહોંચ્યા.

'દેશ-પ્રદેશ મેં ડોલના, મમતા તન કી મેલ;
*એહી મત અવધૂત કા, શિર સાટે કા ખેલ...'*ની રીત પકડીને સ્વામીશ્રી ચાલતા. તેઓના ચીલે ચાલવું એ ખરેખર, શિર સાટાનો ખેલ!

ભરત ન ખાલી શ્વાસ

નાંદેડમાં સ્વામીશ્રીનું આગમન થતાં શોભાયાત્રાનો પ્રારંભ હનુમાન ટેકરીથી થવાનો હતો. તે પૂર્વે થોડો વિસામો લેવા એક પેટ્રોલપંપ પાસે મખમલી ખુરશી રાખવામાં આવેલી. સૌએ તે પર બિરાજમાન થવા સ્વામીશ્રીને વિનંતી કરી. પણ ભક્તિમાં જ અહોનિશ વિરામ પામતા સ્વામીશ્રીએ તે ખુરશી પર ઠાકોરજીને પધરાવ્યા. હરિકૃષ્ણ મહારાજ મખમલથીયે મુલાયમ સ્વામીશ્રીની ભક્તિના એ આસન પર નિરાંતે બેઠા!

થોડી વારમાં નગરયાત્રાનો પ્રારંભ થયો. તે માટે રસ્તાઓને ધજા-પતાકા અને સ્વાગત-સૂત્રોથી સજાવ્યા હતા. શણગારેલી જીપમાં બિરાજેલા સ્વામીશ્રી આગળ બૅન્ડ-વાજાં અને ભક્તોનાં ધૂન-કીર્તન ગાજતાં હતાં. શ્રીફળ સહિતના કળશને ધારી રહેલી ૫૬ મહિલાઓ શોભાયાત્રાને માંગલિક બનાવતી હતી. બપોરના બાર વાગ્યે પણ સૌનો ભક્તિભાવ અનેરો હતો. તે જ ભાવથી એક હરિભક્ત સ્વામીશ્રી પર ધરવા છત્ર લઈ આવ્યા. પણ *'અર્ધ નિમેષ હરિભજન તજી, ભરત ન ખાલી શ્વાસ'* સમા સ્વામીશ્રીએ તે છત્ર ઠાકોરજી પર રહે તે રીતે પકડાવી રાખ્યું. પ્રખર તાપમાં સ્વામીશ્રીની શીતળ ભક્તિના એ છાંયે ઠાકોરજી શહેરમાં વિહરી રહ્યા!

આ શોભાયાત્રા બાદ લાલબહાદુર શાસ્ત્રી હૉલમાં યોજાયેલી સ્વાગત-સભામાં લાભ આપી સ્વામીશ્રીએ સાંજે શહેરમાં બાર પધરામણીઓ કરી અને ગુરુ ગોવિંદસિંહની સમાધિએ જઈ તેઓને ભાવસભર અંજલિ આપી.

આગવો અને ઊંચો ચમત્કાર

તા. ૧૫/૧૨ની સવારે નાંદેડથી નિઝામાબાદ સુધીનો પંથ ત્રણ કલાક લેવાનો હોવાથી સૌ નીકળવાની ઉતાવળમાં હતા. સ્વામીશ્રી પણ આ વિગતને નજર સમક્ષ રાખી દૈનિક ક્રમથી પરવારી રહેલા. તેની સાથે અન્ય એક જટિલ સમસ્યા પર પણ તેઓની નજર મંડાયેલી હતી.

અહીં વસતા કેટલાક અગ્રણીઓ વચ્ચેનો કુટુંબ-ક્લેશ ન્યાયતંત્ર અને પોલીસતંત્રનાં બારણાં ખટખટાવવાં માંડેલો. આ ખખડાટથી વ્યથિત કંઈ કેટલાયે તે ગૂંચાયેલું કોકડું ઉકેલવાના પ્રયત્નો કરેલા, પરંતુ સરવાળે શૂન્ય જ આવતું હતું. અહીંનો ગુજરાતી સમાજ પણ આ કિસ્સાથી અકળામણ અનુભવતો હતો.

આમ, જે કિલ્લો કોઈથી તૂટતો નહોતો તે સર કરવાનો સ્વામીશ્રીએ આજે નિર્ધાર કરેલો. જ્યાં સૌ પાછા પડે ત્યાં આગળ વધવાની પોતાની ખાસિયત આજે વધુ એક વાર સિદ્ધ કરતાં તેઓએ પ્રથમ તો વિખૂટા પડેલા અગ્રણીઓના એક-એક તડને અલગ-અલગ બોલાવીને સાંભળ્યા. તે વાતોમાંથી તેઓએ કજિયાનું મૂળ સૂંઘી લીધું. ત્યારબાદ બંને ફાડિયાંને ભેગાં કરીને સંબંધોનું નવું સુંવાળું પોત એવું નિપજાવ્યું કે તે પર ઘસીને આંગળી ફેરવો તોય સાંધો શોધ્યો ન જડે!

સ્વામીશ્રીની આ કુનેહથી ઉપકૃત થયેલી બંને પક્ષની વ્યક્તિઓ તેઓને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરવા લાગી. આંખોથી આંસુ વહાવી તેઓએ સ્વામીશ્રીનો આભાર માન્યો. સમસ્ત સમાજ પણ આ સુખદ સમાધાન જોઈ સાનંદાશ્ચર્ય અનુભવી રહ્યો.

સાધુ-સંતોને તેઓએ કરેલા ચમત્કારોથી આંકવાનો સંસારનો શિરસ્તો રહ્યો છે, પરંતુ માનવીય મનની મલિનતાઓને ધોઈ-ધમારી માનવીને ન્યાલ કરી દેવાનો સ્વામીશ્રીનો ચમત્કાર, દુનિયાના ધૂળગજા ચમત્કારોથી ક્યાંય આગવો અને ઊંચો હતો. આજે આવો એક પરચો પૂરી, તેઓ નિઝામાબાદ તરફ ગતિ કરી ગયા ત્યારે એકથી વધુ કુટુંબો સહિત શહેર અને સમાજનાં મુખ પર સુખની સુરખી ફરી વળી.

સૌના રે પ્રાણ પ્રમુખસ્વામી મહારાજ

એક ખેડૂતનો પાર વિનાનો પરિશ્રમ છોડવાની ટોચે ઠૂંઠું થઈને ફૂટી

નીકળે છે, તેમ કુટુંબે-કુટુંબે સુખનાં ડૂંડાં બાઝે તે માટે સ્વામીશ્રીએ કરેલા પુરુષાર્થની જાણ સૌને ત્યારે થઈ કે જ્યારે તેઓ તા. ૧૫/૧૨ની બપોરે સાડા ત્રણ વાગ્યે ભોજન ભેગા થયા. નાંદેડનાં બે કુટુંબો વચ્ચે સંવાદિતા સાધવામાં રોકાયેલા સ્વામીશ્રી છેક પોણા બાર વાગ્યે ત્યાંથી નીકળી શકેલા. તેથી તેઓ નિઝામાબાદ પહોંચ્યા ત્યારે બપોરના ૨:૨૦ વાગ્યા હતા. પરંતુ પાસપોર્ટ વિના જેમ કોઈ દેશમાં પ્રવેશ ન હોય તેમ નગરયાત્રા વિના સ્વામીશ્રીનો કોઈ ગામમાં પ્રવેશ નહોતો થતો. તેથી નિઝામાબાદ પહોંચેલા સ્વામીશ્રીની નગરયાત્રા બપોરે અઢી વાગ્યે શરૂ થઈ.

આ શોભાયાત્રા બાદ શરૂ થયેલું ભોજન પૂર્ણ થયું ત્યાં જ પધરામણીઓની નોબત વાગવા લાગી. સ્વામીશ્રીનું જમણ તો ઠેલાયેલું, પણ આરામ તો કચરાઈ જ મૂઓ! સાડા ચાર વાગ્યે પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી વીસ ઘર ઘૂમીને પરવાર્યા ત્યાં તો સાંજની સાડા સાત વાગ્યાની સભાનો સૂર છેડાઈ ગયો. આમ, તેલની એક અખંડિત ધારની જેમ સ્વામીશ્રીના દિવસમાં એક પછી એક કાર્યક્રમો ચાલ્યા જ કરતા.

આ રીતે તા. ૧૬/૧૨ની સવારે નિઝામાબાદથી વિદાય લઈને તેઓ આરમૂર તથા ડીચપલ્લીને લાભ આપતાં બપોરે દોઢ વાગ્યે સિકંદરાબાદ આવી પહોંચ્યા. અહીં સૌનો સત્કાર સ્વીકારી તેઓ યેપ્રલમાં નટુભાઈના બંગલે ઉતારે પધાર્યા. આ મકાન ચાર મહિનાથી સ્વામીશ્રીની પ્રતીક્ષામાં હતું. સ્વામીશ્રી નિવાસ કરે તે પછી જ તેમાં વસવાટ કરવાનો નિર્ધાર મકાનમાલિકે કરેલો. *'સૌના રે પ્રાણ તમે પ્રમુખસ્વામી મહારાજ...'* પંક્તિ આવી ઘટનાઓ દ્વારા પણ ઉદ્‌ઘાટિત થતી રહેતી.

કો'ક ખેડૂતના કૂવે પાણી નીકળે તો તે પાણી સ્વામીશ્રી ઉપયોગમાં ન લે ત્યાં સુધી એ ખેડૂત પોતા માટે વાપરતો નહીં. કો'કના આંબે ઝૂલતી થયેલી કેરીઓ સ્વામીશ્રી ન ચાખે ત્યાં સુધી એ આંબાનો રખેવાળ તેને પોતાના મોંમાં મૂકતો નહીં. કો'ક પોતાની મોટરમાં સ્વામીશ્રી બેસે પછી જ તેને પોતાના ઉપયોગમાં લેતા.

આવી તો તરેહ-તરેહની રીતે ભક્તો સ્વામીશ્રીની સેવામાં તત્પર રહેતા. કોઈ અકલ્પ્ય ભક્તિભાવના તાંતણે સમગ્ર સત્સંગ સમાજ સ્વામીશ્રી સાથે જોડાયેલો હતો. અહીં ગુરુ એ વ્યાસપીઠ પર બેસીને પ્રવચન આપનારા કોઈ વક્તા નહોતા, પણ સૌનાં હૃદયની ધડકન હતા!

નમૂનેદાર જીવન

તા. ૧૭/૧૨ના રોજ ગોલકંડાના કિલ્લે અને જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી સ્વામીશ્રી જીરામાં આવેલા ગુજરાતી સેવા મંડળના હૉલમાં પધાર્યા. અહીં યોજાયેલી તેઓની સ્વાગત-સભામાં આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્ય-મંત્રીશ્રી પી. વી. નરસિંહરાવે[૩૭] જણાવ્યું કે 'ભગવાન સ્વામિનારાયણે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે. ભલે અદ્વૈતવાદી આ ન માને પણ તેમણે હકીકત રજૂ કરી છે. વલ્લભાચાર્યની આ ભૂમિમાંથી ભક્તિનો સ્રોત વહેતો રહ્યો છે. ત્યાં જ ભક્તિ સંપ્રદાયના આવા સંત પરમ પૂજ્ય સ્વામીશ્રી પધાર્યા તે ખરેખર ધન્ય પ્રસંગ છે.'

આ મહાનુભાવની જેમ તા. ૧૮/૧૨ના રોજ હાઈકોર્ટના જજ શ્રી રાણે પણ સ્વામીશ્રીની પ્રતિભાથી મુગ્ધ થઈ ગયા. સમશાબાદ, યેન્ડાવલ્લી અને હૈદરાબાદને પાવન કરી, સ્વામીશ્રી આજની સાંજે ગાંધી જ્ઞાનમંદિરમાં યોજાયેલી સભામાં પધાર્યા ત્યારે આ ન્યાયાધીશે જણાવ્યું કે 'કોઈ પ્રચાર કે દેખાવ માટે આવે તેમનામાં બુદ્ધિશાળી જનતા પ્રભાવિત ન થાય. પૂજ્ય પ્રમુખસ્વામી જ્યાં પધારે છે ત્યાં બુદ્ધિશાળી ને શ્રદ્ધાળુ જનસમુદાય એકત્રિત થઈ જાય છે.'

બુદ્ધિમંત ન્યાયાધીશનો આ ચિંતનીય ચુકાદો સાક્ષીભાવે સાંભળી સ્વામીશ્રીએ તા. ૧૯/૧૨ના રોજ ચિંતલકુંટા, કરમણગઢ, ઈન્જાપુર તથા તુર્કે યેમ્જલ વગેરે શાખાનગરોમાં આવેલા દ્રાક્ષના બગીચાઓ પાવન કર્યા. આ વિચરણમાં કુત્તોપેઠ મુકામે તેઓ વી. પાપારાજીના બગીચે પધરામણી માટે પહોંચ્યા.

આ યજમાનના ભાઈ ભારતના એક રાષ્ટ્રીય પક્ષના મહામંત્રી હોવાને નાતે આ મુરબ્બી પણ મોભાદાર ગણાતા. તેઓએ પોતાના બગીચે ષોડશોપચારથી સ્વામીશ્રીની પાદપૂજાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. તે માટે વેદપાઠી બ્રાહ્મણોને પણ બોલાવી રાખેલા. તેઓએ કરેલી તૈયારીઓ અને તેઓનાં માન-મરતબો જોતાં કોઈ પણ વ્યક્તિ આ આયોજનમાં ભળવાની 'ના' પાડતાં સંકોચ અનુભવે તેવો માહોલ હતો.

પરંતુ કોઈ વ્યક્તિ કે વાતાવરણના પ્રભાવ હેઠળ આવ્યા સિવાય

---

૩૭. તેઓ કાલાંતરે ભારતના વડાપ્રધાન પણ બનેલા.

નિર્ણય લેનારા સ્વામીશ્રીએ પોતાના ચરણપ્રક્ષાલન માટે સ્પષ્ટ 'ના' કહી દીધી. પ્રતિષ્ઠિત યજમાનનો ખૂબ આગ્રહ પણ સ્વામીશ્રીની 'ના'ને 'હા'માં તબદીલ ન કરી શક્યો. તેઓએ હરિકૃષ્ણ મહારાજની ષોડશોપચાર પૂજનવિધિ કરાવી સૌને સંતોષ પમાડ્યો. તે વખતે સ્વામીશ્રીની ભક્તિ, નમ્રતા અને સૈદ્ધાંતિક સ્પષ્ટતાની ત્રિવેણીમાં સૌ નાહી રહ્યા! જ્યાં સાધુના ધર્મ-નિયમથી કોઈ વાકેફ ન હોય અને એ મર્યાદાભંગને કોઈ વખોડનારું ન હોય; ત્યારે પણ મર્યાદાનું અભંગ પાલન, ભગવાનને માથે રાખીને જીવન જિવાતું હોય તો જ શક્ય બને!! સ્વામીશ્રી આવું નમૂનેદાર જીવન જીવતા હતા.

વચન ન લોપે વા'લા તણું

સિકંદરાબાદથી વિજયવાડા પહોંચેલા સ્વામીશ્રી તા. ૨૦/૧૨ની સવારે મંગળગિરિ પર વસેલા પન્ના નૃસિંહજીના મંદિરે પધાર્યા. નીલકંઠવર્ણી અત્રે રોકાયા હોવાથી સ્વામીશ્રીને આ સ્થાનનો મહિમા. અહીં તેઓએ પ્રચલિત પ્રણાલિકા અનુસાર એક ઘડો ગોળનું પાણી નરસિંહજીને ધરાવ્યું. આ પર્વતના એક નાના બાકામાં શંખ, ચક્ર આલેખિત થયેલાં છે. તેની ઉપર નરસિંહજીનું મહોરું લગાડેલું રાખવામાં આવે છે, પરંતુ સ્વામીશ્રીને તે મહોરું કાઢી દર્શન કરાવવામાં આવ્યાં. ત્યારબાદ ચૈતન્ય મહાપ્રભુ અને વલ્લભાચાર્યજીની બેઠકો તથા તળેટીમાં લક્ષ્મી-નૃસિંહ દેવસ્થાનનાં દર્શન કરીને સ્વામીશ્રીએ વિજયવાડામાં પંદરેક પધરામણીઓ કરી.

અહીંથી આ જ દિવસે તેઓ ગુન્ટુર પધાર્યા. અત્રે ભક્તોએ રાત્રે સત્સંગ-સભા યોજીને સારો લાભ લીધો. ત્યાંથી પાછા વળતાં સ્વામીશ્રીએ વિજયવાડાને વીંધીને વહેતી કૃષ્ણા નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવી સૌનાં મસ્તકે પ્રાસાદિક જળ ચડાવ્યું. ત્યારબાદ રાત્રે વરંગલમાં ભક્તોની ભાવપૂર્તિ કરી તા. ૨૨/૧૨ની બપોરે સિકંદરાબાદ આવી ગયા.

અત્રે સાંજે ગોઠવાયેલા પધરામણીના કાર્યક્રમમાં બિરલા-નિર્મિત વ્યંકટેશ્વર મંદિર તથા મિલિટરી વિસ્તારમાં આવેલા કૃષ્ણ મંદિરનાં દર્શન કરી સ્વામીશ્રી એક ઘેર પધરામણીએ પહોંચ્યા.

અહીં ચાલી રહેલા પૂજનવિધિ દરમ્યાન જ અજાણતામાં કો'ક બાળકી તેઓ બેઠેલા તે પાથરણાના દૂરના છેડે આવી ગઈ. અણધારી બનેલી આ ઘટનાથી સ્વામીશ્રીએ હૃદય પર ટાંચણી ભોંકાઈ હોય તેવી વેદના અનુભવી.

અલબત્ત, ભીતરમાં ગમગીની હોવા છતાં તેઓએ દિવસભરનો કાર્યક્રમ સૌ રાજી થાય તે રીતે પૂરો કર્યો, પણ મોંમાં પાણીનું ટીપું તો ન જ મૂક્યું! રાત્રે ઉતારે આવી સબોળ સ્નાન કરી તેઓ સૂતા ત્યારે વાતાવરણમાં નાદ ગુંજી રહ્યો :

'વચન ન લોપે વા'લા તણું, હોય પંડ્યમાં જ્યાં લાગી પ્રાણ;
નિષ્કુળાનંદ એવા સંતનાં, શ્રીહરિ કરે છે વખાણ.'

ભગવાન ભજવા જેવું છે

તા. ૨૩/૧૨ના દિવસે સિકંદરાબાદથી સોલાપુર જઈ રહેલા સ્વામીશ્રીની મોટર વચ્ચે એક સુંદર આંબાવાડિયા પાસે અલ્પ વિશ્રામ માટે ઊભી રહી. તે વખતે ચારેકોર પથરાયેલી સઘન આમ્રઘટાઓ જોઈ નારાયણ ભગતે કહ્યું : 'આંબલી-પીપળી રમાય તેવું છે.'

'ભગવાન ભજવા જેવું છે.' સ્વામીશ્રી બોલ્યા.

અનંત પ્રવૃત્તિમાં પરોવાયેલા હોવા છતાં તેઓની વૃત્તિમાં હંમેશા ભજનની જ મહત્તા રહેલી. 'असक्तः सततं कार्यं कर्म समाचर...'[૩૮] અનાસક્ત રહીને સતત કર્મ કરતા રહેવાનો ગીતાકથિત કર્મયોગ તેઓને સહજસિદ્ધ હતો.

આ સિદ્ધિ સાથે સ્વામીશ્રી તા. ૨૪/૧૨ની સવારે સોલાપુરની નરસિંગગિરિ કામગાર ચાલમાં આવેલા મારુતિ મંદિરે પધાર્યા.

અત્રે દર્શન અને પ્રાસંગિક સભા બાદ તેઓ પંદરેક પધરામણીઓ કરીને ઉતારે પરત ફર્યા. ઘણા દિવસો પછી આજે તેઓએ સમયસર બપોરનું ભોજન લીધું. તેથી ભોજન બાદ આજે આરામ પણ પૂરતો મળશે એવી સૌની ગણતરી હતી. પણ જમ્યા બાદ સ્વામીશ્રીએ હાથમાં કલમ-કાગળ લીધાં તે સાથે જ સૌની આ ગણતરી ઊંધી વળી ગઈ! આજે સાંજે એક હરિભક્ત અત્રેથી લંડન જવાના હતા તે વિગત જાણતાં સ્વામીશ્રીએ આખી બપોર જાગીને લંડન મોકલવાના પત્રો લખી નાંખ્યા. તેનાં બે કારણ – એક તો પત્રવાંછુને વેળાસર ઉત્તર મળી જાય; અને બીજું, હાથોહાથ પત્રો પહોંચે તો પોસ્ટેજ ખર્ચ બચી જતાં એટલા પ્રમાણમાં ઠાકોરજીનાં દ્રવ્યનો વ્યય થતો અટકે! આવું તો સ્વામીશ્રીના જીવનમાં વખતોવખત બનતું. ગંજાવર કારોબાર ચલાવવા છતાં તેઓ સોય જેટલી વિગતનું પણ ધ્યાન રાખતા.

---

૩૮. श्रीभगवद्गीता – ૩/૧૯.

અમે અહીં લહેર મારવા નથી આવ્યા

સોલાપુરમાં સ્વામીશ્રીની યજમાનગીરી કરનારા પેટલાદના ગુણભાવી સજ્જને એક વાર પેટછૂટી વાત કરતાં કહ્યું કે 'સ્વામીબાપા! આપની કૃપાથી દરેક રીતે સુખ-શાંતિ છે. પણ મારા દીકરામાં વાઇનનું દૂષણ પેઠું છે. હજારો રૂપિયાની ખુવારી કરી પણ છૂટતું નથી. માટે આપ દયા કરો.'

એક પૈસાદાર પિતાના આ આર્તનાદમાં એક સાર્વજનિક સમસ્યા ડોકાઈ રહી. પુત્રનું આડા માર્ગે ફંટાઈ જવું એ પ્રત્યેક બાપ માટે માથાના દુઃખાવા જેવો મામલો હોય છે. પરંતુ આજે એ મામલો સ્વામીશ્રીએ પોતાના હાથમાં લીધો.

તેઓએ એ દીકરાને બોલાવી કહ્યું કે 'તમે જન્મ્યા ત્યારે આ લઈને આવેલા? તમારા જેવા મોટા ખાનદાન કુટુંબના યુવાનને આ દૂષણ શોભે ખરું?'

'સ્વામી! આ તો મિત્રો પાસે અને ક્લબોમાં જઈએ ત્યારે થોડું પીવું પડે. વળી, ઠંડીમાં ગરમી માટે પણ લેવું પડે.'

વ્યસનથી ખોખલા થઈ રહેલા યુવાનની આ દલીલ પણ પૂરેપૂરી ખોખલી હતી. તેથી કેવળ એક ટપલીથી જ તેને તોડતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ ભારત ઠંડો પ્રદેશ છે? તમારા કરતાં વધારે ઠંડા પ્રદેશમાં અને મોટી મોટી ક્લબોમાં કામકાજ માટે જવાવાળા આપણા સત્સંગીઓ વિદેશમાં વસે છે. પણ તેઓ ન્હાયા વિના પાણી પણ પીતા નથી ને તમે ભારતમાં રહીને આવું લોલેલોલ ચલાવો છો! આ તો સોનાની થાળીમાં લોઢાની ખીલી. ચરોતરના પાટીદારને આ શોભે? સંસ્કારી કુટુંબમાં આવા ખોટા સંસ્કાર પડી જાય તે કેવું! અમારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી. અમે ગુજરાત છોડી આ તરફ કંઈ ફરવા, જોવા કે લહેર મારવા નથી આવ્યા. તમારા મેળાપ માટે આવ્યા છીએ. તો આજથી આપ આ પીવાનું બંધ કરવાની પ્રતિજ્ઞા લ્યો. પછી જ અમે નાસ્તો કરીશું.'

સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો નહીં, પણ સ્નેહ અને સમજણ વહી રહ્યા. તેથી પલળેલા એ યુવાને કહ્યું: 'સ્વામી! આપ આટલું બધું બોલો છો, મહેનત કરો છો ને આપની આજ્ઞા છે તો હવે નહીં પીવું. મારા આ ત્રીસ વર્ષના નિયમનું ઉલ્લંઘન થાય છે.'

'ખરો નિયમ જ હવેથી શરૂ થાય છે. જાઓ, મહારાજ ભળશે.' એમ

કહી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને તે સાથે જ વ્યસનની આડખીલી ખસી. એક વ્યક્તિને નવો અવતાર મળ્યો, એક પિતાને નવો પુત્ર મળ્યો અને સમાજને નવો માનવ મળ્યો. સ્વામીશ્રી વિચરતા હતા આવું આપવા માટે જ !

આઠ પો'ર એક તાર

સોલાપુરથી તા. ૨૪/૧૨ના રોજ બારસી પધારેલા સ્વામીશ્રીને અંબરીષ રાજાની આ રાજધાનીએ પુરાણપુરુષની જેમ જ સત્કાર્યા. જનસેવા વિદ્યાલયથી નગરયાત્રાનો પ્રારંભ થયો ત્યારે સેંકડો ભક્તો-ભાવિકો તેમાં જોડાયા. સ્વાગતની આ ઔપચારિકતા બાદ ગુજરાતી શાળામાં યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'કેવળ પૈસામાં આનંદ હોય તો તે પૈસા કદી દુઃખનું કારણ બને ? લક્ષ્મી ભગવાનની છે. આપણે માનીએ કે 'મારી છે', તેથી ક્લેશનું કારણ બને છે. ભગવાનની માનીએ તો દુઃખ ન રહે.'

સંપત્તિને સુખદાયી બનાવવાનો આ સદુપદેશ વહાવી સ્વામીશ્રી તા. ૨૫/૧૨ની સાંજે સાડા છ વાગ્યે કુર્દુવાડી પહોંચ્યા. અહીં સાવ સાંકડા ઘરમાં તેઓનો ઉતારો હતો. મકાનની ભીંસ અને ભક્તોની ભીડને પહોંચી વળવા મકાન પર મંડપ બાંધવામાં આવેલો. વળી, પાણીની તંગી ઘણી હતી. આવી અગવડો વચ્ચે પણ ઉત્સાહથી લાભ આપીને સ્વામીશ્રી તા. ૨૬/૧૨ની બપોરે સાડા ત્રણ વાગ્યે પંઢરપુર પધાર્યા.

અહીં ચંદ્રભાગામાં સ્નાન અને વિઠોબાના મંદિરે મૂર્તિઓના ચરણસ્પર્શ સહિત દર્શન કરીને રાત્રે કરાડ પહોંચ્યા. અત્રે તા. ૨૭/૧૨ની સવારે કૃષ્ણા અને કોયના નદીના સંગમમાં ઠાકોરજીને સ્નાન કરાવી ઇસ્લામપુર, સાંગલી, મીરજ, જયસિંગપુરને પાવન કરતાં તા. ૨૯/૧૨ની સાંજે કોલ્હાપુર આવેલા સ્વામીશ્રીને ભક્તોએ ભવ્ય શોભાયાત્રા કાઢી વધાવ્યા.

આ નગરયાત્રા બાદ સ્વામીશ્રી શાહુપુરીમાં આવેલા રાધાકૃષ્ણ મંદિરે પધાર્યા. અહીં જ તેઓનો ઉતારો હોવાથી મંદિરના પૂજારી આનંદિત હતા. તેઓએ સ્વામીશ્રીના સ્વાગતમાં મખમલથી આચ્છાદિત ખુરશી અને સ્વામીશ્રીનાં ચરણ ધોવા માટે ચાંદીનો પાટલો, પાત્ર વગેરે તૈયાર રાખેલું. પણ *'નવધા ભક્તિ હોત હૈ, આઠ પો'ર એક તાર...'*ની જેમ રહેનારા સ્વામીશ્રીએ તે બધી જ સામગ્રીઓનો વિનિયોગ ઠાકોરજીની સેવામાં કરાવી દીધો.

આ જ મંદિરમાં યોજાયેલી સભામાં તેઓએ જણાવ્યું કે 'ભગવાનની

આજ્ઞા પ્રમાણે જે કરીએ તે એકાગ્રવૃત્તિ કહેવાય.'

મૂર્તિમાં તેલધારાવત્ વૃત્તિની વ્યવહારુ સમજ સ્વામીશ્રીના મુખેથી સરી પડી!

આવા બ્રહ્મ સૃષ્ટિમાં ન ભાળ્યા

તા. ૩૧/૧૨ના રોજ સ્વામીશ્રી કોલ્હાપુરથી નિપાની થઈને રાત્રે આઠ વાગ્યે હુબલી આવી પહોંચ્યા. અહીં શિવકૃષ્ણ મંદિર પાસે ભક્તોએ તેઓને સત્કારી શહેર સોંસરી શોભાયાત્રા કાઢી. રસ્તા પર ઠેર ઠેર સ્વાગતના વાવટા ફરકતા હતા. સુશોભિત ટ્રેક્ટર બત્તીઓથી ઝગમગતું હતું. સૌ ઉમંગથી થનગનતા હતા. સ્વામીશ્રીના આગમનથી આવો રોમાંચ અનુભવનારું આ વર્ષનું એ ૭૨૮મું નગર હતું.

હા, સન ૧૯૭૬ના ૩૬૫ દિવસમાં રોજનાં બે ગામો-નગરોની સરેરાશથી સ્વામીશ્રી ઘૂમતા રહેલા. તેઓના જીવનમાં એક વર્ષ દરમ્યાન સૌથી વધુ ગામો-શહેરોના વિચરણની તવારીખ પોતાના અંકે કરી આજે આ વર્ષે વિદાય લીધી ત્યારે તે ઇતિહાસમાં અમર બની ગયું! જન-જનના ઉત્કર્ષ માટે આવો પરિશ્રમ આ અગાઉ કોઈએ ઉઠાવ્યો નહોતો અને આવનારા ભવિષ્યમાં પણ આ ઇતિહાસ પુનરાવર્તિત થવાની શક્યતાઓ ઘણી પાતળી-ધૂંધળી જણાઈ રહી છે. તેથી જ તો આજે અસ્તાચળે આથમેલી સન ૧૯૭૬ સહિત સ્વામીશ્રીને નીરખનારા સૌ ગાઈ ઊઠ્યા : *'આવા બ્રહ્મ સૃષ્ટિમાં ન ભાળ્યા, તે તો આજ નજરે નિહાળ્યા...'*



પૂર્વમાં પ્રગટ્યા ને પશ્ચિમ પ્રકાશ્યા

સન ૧૯૭૭

હંમેશા નવું વર્ષ જ

સન ૧૯૭૭ના વર્ષનું પ્રથમ પ્રભાત ફૂટ્યું ત્યારે હુબલીમાં સૌનાં કર્ણપટલ પર સ્વામીશ્રીના મંજુલ સ્વર સંભળાયા કે 'જેને ભગવાન ભજવા છે તેને તો હંમેશા નવું વર્ષ જ છે. ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ તે નવું વરસ. તેનાથી સુખ થાય છે તે અવિનાશી છે.'

આમ, નવું નવ દા'ડા નહીં, પણ કાયમી રહે તેવો સદ્બોધ વહાવી સ્વામીશ્રી પધરામણીએ નીકળી પડ્યા. આજે એકાદશીને કારણે આરામ-ભોજનને કોઈ જ અવકાશ ન હોવાથી તેઓએ બપોરના સાડા ત્રણ વાગ્યા સુધી એકધારી પધરામણીઓ ચલાવી.

આ કાર્યક્રમ દરમ્યાન જ સ્વામીશ્રીએ દવાખાને જઈ આંખની તપાસ પણ કરાવી. તેમાં થોડો નંબર વધ્યાનું માલૂમ પડતાં નારાયણભાઈની દુકાને જઈ નવાં ચશ્માં કઢાવવાની જરૂરી કાર્યવાહી કરી. તે વખતે ગુરુસ્મૃતિ કરતાં તેઓએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજને ૭૭-૭૮ વર્ષની ઉંમરે ડાબી આંખે દેખાતું બંધ થઈ ગયું હતું. તેથી એક જ આંખે વાંચતા હતા. પણ તેમણે ઠેઠ સુધી ચશ્માં વગર ચલાવેલું.'

આ ગુરુસ્મૃતિ વાગોળતા સ્વામીશ્રીએ તા. ૨/૧ના રોજ હુબલીથી ધારવારને પાવન કરી બપોરે ત્રણ વાગ્યે કોપા ભણી પ્રસ્થાન કર્યું.

આ પ્રવાસમાં તેઓની અસવારીની સેવા વિલિસ જીપને મળેલી. પરંતુ તેની ખાસિયત એ હતી કે તે જો ૮૦ કિ.મી.ની ગતિએ ચાલે તોપણ તેના એકેએક અંગ ધ્રૂજવા માંડે. જો તેથી વધુ ગતિ પકડાય તો તો ગિયર જ છટકવા માંડે! આવા સમયે આગલી બેઠક પર બિરાજેલા સ્વામીશ્રી પત્રો કે અન્ય સદ્વાંચન કરતાં કરતાં અને ક્યારેક સહપ્રવાસીઓ સાથે વાત-વિમર્શનો દોર ચલાવવા છતાં એક હાથે કલાકો સુધી ગિયરનો દંડો પકડી રાખતા! વિરાટ સંસ્થાના ધણી અને કૈંકના ગુરુ હોવા છતાં આ હતી તેઓની સરળતા!

તેનું દર્શન મુસાફરીમાં આવતા વચગાળાના વિશ્રામ વખતે પણ જોવા મળતું. માર્ગમાં જ્યાં નદીના આરા-ઓવારા આવે ત્યાં સૌ રોકાતા. તે વખતે વહેતા જળમાં સ્નાન કરી ઠાકોરજીને કોરો નાસ્તો ધરાવવામાં આવે. ત્યારબાદ સાથે ફરતા યુવકો માટે સ્વામીશ્રી જ કેળના મોટા પાંદડામાં પ્રસાદી પીરસે. એ એક પાનમાં આડી-ઊભી લીટી દોરી દરેકના ભાગ પાડી આપે. તે વખતે પોતાનાં સંતાનોને સરખે હિસ્સે વાનગી વહેંચતી માની છબી સૌ તેઓમાં નીરખી રહેતા. સ્વામીશ્રી પોતે પણ વૃક્ષના છાંયે સામાન્ય શેતરંજી પર બેસી કેળના પાંદડામાં પોતાને પીરસાયેલો નાસ્તો આરોગતા અને ગમ્મત કરતા-કરાવતા. તેઓની આવી સરળતાના કિનારે સરકતા પ્રવાસમાં સૌ હરિહર થઈને રાત્રે નવ વાગ્યે કોપા આવી પહોંચ્યા.

પાળે નિયમ સર્વે ભાવે કરી

કોપાથી શ્રૃંગેરીના શાંકરમઠ, હલેબીડના શિવમંદિર, વેલૂરના ચન્નાકેશવ મંદિર, કારકલના ગોમતેશ્વર અને મુડીબીદ્રીના ત્રિભુવનતિલક-ચૂડામણિનાં મંદિરે દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી તા. ૫/૧ની રાત્રે મેંગલોર પધાર્યા. અત્રે જલારામ મંદિર, મંજુનાથ મંદિર અને ગુજરાતી શાળામાં સભા તથા દર્શન માટે પગલાં કરી, તેઓ તા. ૮/૧ના રોજ હેજામડીને પાવન કરતાં કારવાર આવી પહોંચ્યા. અહીંથી 'ફેરી' દ્વારા દરિયાની ખાડી પાર કરીને રાત્રે બાર વાગ્યે ગોવા પધાર્યા.

અત્રે વાસ્કોના ચીકાલીમમાં હરિભક્તો સમી સાંજના તેઓની રાહ જોઈ રહેલા. રસોઈ બનાવવા માટે સુરતથી રસોઇયો બોલાવી વિવિધ

વાનગીઓ બનાવી રાખેલી; પરંતુ રાત્રિના બાર વાગી ગયા હોવાથી સ્વામીશ્રી જમ્યા નહીં અને ઔપચારિક વાર્તાલાપ બાદ રાત્રે સાડા બાર વાગ્યે આરામમાં પધાર્યા. *'પાળે નિયમ સર્વે ભાવે કરી'* અનુસાર રહેતા તેઓ રાત્રે બાર વાગ્યા પછી નહીં જમવાનો નિયમ હાડમારીભરી મુસાફરીમાં પણ અતૂટ રાખતા.

પૌરાણિક દૃષ્ટિએ ગોમાંતક તરીકે ઓળખાતા આ પ્રદેશમાં સ્વામીશ્રી ચીકાલીમથી કોર્તાલીમમાં આવેલા શાંતાદુર્ગા મંદિર, બાંદીવડે સ્થિત રામનાથ મંદિર, ગણેશ ગોપાળજી મંદિર અને દિવાળી(જૂના ગોવા)માં આવેલા ફ્રાન્સીસ ઝેવિયરના દેવળે પધાર્યા. અહીંનું પંજીમ રાજકીય ગતિવિધિનું કેન્દ્ર. ત્યાં વિધાનસભા, હાઈકોર્ટનાં સંકુલો પર દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ સદ્‌ગત મુખ્ય-મંત્રીશ્રી બાંદોડકરની સમાધિએ જઈ તેઓને અંજલિ આપી. સાંજે વાસ્કોના મહેતા હૉલમાં જાહેર-સભા કરીને ઉતારે પધાર્યા.

અત્રે આરતીનું ગાન કરી સ્વામીશ્રી સ્નાન કરવા માટે ગયા. તે વખતે સાથે ફરતાં યુવક જગદીશ[૩૯] પણ સ્નાન કરાવવાનો લાભ લેવા પહોંચી ગયા. પરંતુ તેઓને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'આરતીમાં ઊભા રહેવું.'

'આરતીમાં હું હતો.'

'બધાં અષ્ટક પૂરાં થાય ત્યાં સુધી ઊભા રહેવું. અત્યારથી એવું અંગ પાડવું જેથી પાછળથી વાંધો ન આવે. બેસી ન રહેવું. એકલી સ્વામીની સેવાથી પૂરું થતું નથી. આ તો સ્વામીને નવડાવ્યા એટલે પૂરું થઈ ગયું! પણ આપણે તો બધાની સેવા કરવાની. કથાવાર્તાનું અંગ પાડવું.'

પોતાની સાથે ફરતા યુવાનો સર્વાંગી બને તેવી મહેચ્છા સ્વામીશ્રીને રહેતી. તેથી સ્નાનના પાણીની સાથે આટલી શીખ વહાવી તેઓ રાત્રે મારવા ગોવા બંદરે પધાર્યા. અહીં વહેતી જુઆરી નદીમાંથી બૉટ દ્વારા તેઓએ અરબી સમુદ્રમાં પ્રવેશ કર્યો. તે વખતે વદ પક્ષની ચતુર્થીનો ચંદ્ર ઊગીને આકાશની અટારીએ રમવા લાગેલો. તેની ધવલ જ્યોત્સ્નાથી સમુદ્રનાં જળ પર રૂપું પથરાઈ ગયેલું. તેની પર સરકતી બોટમાં બેસી સ્વામીશ્રીએ દરિયાને પાવન કર્યો.

આ જ રીતે તા. ૧૦/૧ના રોજ કોલ્વા બીચ પર પધારીને તેઓએ ઠાકોરજીને સમુદ્રસ્નાન કરાવ્યું અને સ્વયં પણ તે પ્રાસાદિક જળમાં સ્નાન કર્યું. તે વખતે સ્વામીશ્રીને મધ્યમાં રાખી સૌ સંતોએ જળમાં જ ભજન-કીર્તન કરતાં કરતાં તેઓની પ્રદક્ષિણા ફરી લાભ લૂંટ્યો. અહીં સ્વામીશ્રીએ સંતો પાસે

---

૩૯. તેઓ સમયાંતરે સ્વામીશ્રીના હસ્તે દીક્ષા ગ્રહી સાધુ નારાયણચરણદાસ બન્યા.

જનમંગલ નામાવલિના પાંચ પાઠ કરાવી સૌનાં શુભ-સુખ માટે પ્રાર્થના વહાવી. ત્યારબાદ ભીને વસ્ત્રે જ સમુદ્રતટે સૌ સાથે નાળિયેરનું પાન કરી ઉતારે પધાર્યા.

આમ, દોઢ દિવસમાં દોઢો લાભ આપી સ્વામીશ્રી મડગાંવ, મ્હાપસા, બાંદાને પાવન કરતાં તા. ૧૦/૧ની રાત્રે સાડા ત્રણ વાગ્યે જામગે પધાર્યા.

વચનામૃતમાં બધું જ છે

જામગેના કદમ પરિવારને મુંબઈથી સત્સંગનો રંગ લાગેલો. તેને કારણે અહીં સ્વામિનારાયણનું નાનું મંદિર પણ તેઓએ કરાવેલું. સ્વામીશ્રીની પધરામણીથી આ ભક્તિની સાર્થકતા અનુભવતા આ પરિવારે મધરાતે સ્વામીશ્રીનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો. તે સ્વીકારી રાત્રે ચાર વાગ્યે સૂતેલા સ્વામીશ્રી તા. ૧૧/૧ની સવારે તો વેળાસર જાગી ગયા અને નિત્યક્રમથી પરવારી ગામમાં ત્રીસ પધરામણીઓ કરી વળ્યા. તે પછી બપોરે એક વાગ્યે નવભારત હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સદ્‌બોધ આપી, પડોશી ગામ સાતેરેમાં પણ લાભ વહેંચી આવ્યા. ત્યાંથી બપોરે બે વાગ્યે પુનઃ જામગે પધારીને ઠાકોરજી જમાડ્યા. ત્યારબાદ પાલવડ થઈને રાત્રે પૂના પધાર્યા.

અહીં બે દિવસ સુધી પ્રાતઃકથામાં મર્મની વાતો કરતાં તેઓએ જણાવ્યું: ‘કલ્યાણનો ખપ હોય તેને મનુષ્યભાવ આવે જ નહીં. વચનામૃતમાં બધું જ છે. તે વાંચ્યા વગર બીજું વાંચીએ તો અહોહો થઈ જાય, ભાર પડી જાય. પણ વચનામૃત વાંચીને બીજું વાંચ્યું હોય તો તેનો ભાર ન પડે. આપણાં સગાં-વહાલાં હોય તે જેમ આપણને પરાણે આગ્રહ કરી તેમને ઘેર લઈ જાય છે તેમ સંતને જો સગાં-વહાલાં માન્યા હોય તો તે અક્ષરધામમાં લઈ જાય.’

સ્વામીશ્રીની આવી અમૃતવાણીનો લાભ લેવા તા. ૧૨/૧ની રાત્રે પોપટલાલ શાહ સ્મારક ટ્રસ્ટ હૉલમાં યોજાયેલી જાહેર-સભા પણ પૂનાના પ્રબુદ્ધ વર્ગથી ખીચોખીચ બની રહી.

તેમાં સૌને સંતોષ પમાડી તા. ૧૩/૧ની સવારે પૂનાથી નીકળેલા સ્વામીશ્રી દેહૂ રોડ, તળેગાંવ, વડગાંવ અને લોનાવાલાને પાવન કરતાં રાત્રે પોણા આઠ વાગ્યે મુંબઈ આવી પહોંચ્યા.

અતિ પવિત્ર રહે અહોનિશ

તા. ૧૫/૧ની સાંજે બોરીવલીના વાયુ દેવતા મંદિરે યોજાયેલી વિશિષ્ટ

બાળસભામાં લાભ આપી સ્વામીશ્રી જી. એચ. હાઈસ્કૂલમાં આયોજિત જાહેર-સભામાં પધાર્યા. આ સભામાં સત્સંગને પડકારનારાં તત્ત્વોને જડબાતોડ જવાબ આપતો સંવાદ 'સાચી સમજણ' પ્રસ્તુત થયો; પરંતુ ખોટાનું ખંડન કરીને હકીકતો પર પ્રકાશ પાથરતાં આ સંવાદની પદ્ધતિ સ્વામીશ્રીને રુચિકર ન લાગી. તેથી રાત્રે સાડા અગિયાર વાગ્યે તેઓ જ્યારે મંદિરે પરત ફર્યા ત્યારે આ સંવાદના આયોજકોને બોલાવી જણાવ્યું : ''આજે તમે સૌએ સંવાદ રજૂ કર્યો પણ તેથી શું તે બધા આપણા થઈ જવાના ? મને એમ થતું'તું કે 'આ સંવાદ બંધ કરાવી દઉં કાં ઊઠી જઉં.' મારી હાજરીમાં આવા સંવાદ કોઈ દિવસ કરવા નહીં. શ્રીજીમહારાજની દ્વિશતાબ્દી ચાલે છે તો તેને લગતા સંવાદ કરવા.''

સાચી વાત રજૂ કરવા માટે પણ કોઈનું ખંડન કરવાનું કામ સ્વામીશ્રીને મુનાસિબ ન લાગતું. સંસ્થાનાં તમામ સ્રોત-શક્તિઓ હંમેશા રચનાત્મક માર્ગે જ વપરાય તેની તકેદારી તેઓ રાખતા.

આવા *'અતિ પવિત્ર રહે અહોનિશ'* સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૬/૧ના દિવસે યોગીજી મહારાજની છઠ્ઠી પુણ્યતિથિ આવી. વળી, આજે રવિવાર હોવાથી સવારથી જ મંદિર છલકાવા માંડેલું. તેમાં સ્વામીશ્રી બાળ, કિશોર અને યુવક મંડળની સંયુક્ત સભામાં પધાર્યા. અહીં આશીર્વાદ આપવાનો વખત આવ્યો ત્યારે તેઓએ યુવક મંડળ દ્વારા તૈયાર થયેલા હસ્તલિખિત અંક 'જ્ઞાનયજ્ઞ'માંથી 'શ્રીજીમહારાજ સર્વોપરી' એ વિષયક લેખનું વાંચન કરતાં કરતાં નિરૂપણનો પ્રારંભ કર્યો.

સામાન્ય રીતે કોઈ સદ્‌ગ્રંથના આધારે કથા-નિરૂપણ કરવાની પ્રણાલિકા પ્રચલિત છે, પરંતુ સ્વામીશ્રીએ આજે બાળ-યુવકોની કલમેથી નીકળેલા સત્સંગ-સાહિત્યને પણ શાસ્ત્રનો દરજ્જો આપી દીધો ! આ કદરથી બાળ-યુવા વર્ગ તો ઝૂમી જ ઊઠ્યો.

જે લેખના એક પછી એક વાક્યો વાંચી સ્વામીશ્રી સમજાવી રહેલા તેમાં છેલ્લે લખાણ આવ્યું કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર...' પણ જેવી એ લીટી આવી કે ત્યાં જ સ્વામીશ્રીએ વાંચી સંભળાવ્યું : 'પરમ પૂજ્ય યોગીજી મહારાજ મોક્ષનું દ્વાર...'

તેઓની આ ગુરુભક્તિ જોઈ શ્રોતાઓ વારી ગયા. હંમેશા ગુરુનું નામ જ આગળ ધરતાં-વધારતાં સ્વામીશ્રીએ આજે યોગીજી મહારાજની પુણ્યતિથિએ

ગુરુને એક અનુપમ અંજલિ આપી દીધી.

આ લાભ વહેંચવા તેઓ તા. ૧૭/૧ના રોજ દાદરથી મોરા, ઉરણને પાવન કરતાં પનવેલ પધાર્યા. અહીં પુરુષોત્તમભાઈ ઠક્કરના ઘેર રોકાયેલા તેઓએ સૌને અમૃતવચનો સંભળાવી તૃપ્ત કર્યા. આ સભા બાદ આરામમાં જતાં પહેલાં સ્વામીશ્રી પોતાની સાથે આવેલા હરિભક્તોને સૂવા માટે ગાદલાંની વ્યવસ્થા કરાવવા લાગ્યા. તે જોઈ સૌએ કહ્યું: 'બાપા! આપ આરામ કરો. અમે અમારું કરી લેશું.'

'ના, બધાનું કરીને સૂવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની જીવનશૈલી જ પરકેન્દ્રી. તેથી બીજાને સુખ-સગવડ ન મળે ત્યાં સુધી તેઓને ઊંઘ આવતી નહીં.

સંપથી વર્તો તેમાં હું રાજી

તા. ૧૮/૧ની સવારે સ્વામીશ્રી પેણ તથા કરનાળાને લાભ આપી પુનઃ પનવેલ તરફ આવી રહેલા. તે સમયે કરનાળાની રમણીયતા જોઈને એક સંતે તેઓ સમક્ષ ભાવના વ્યક્ત કરી કે 'અત્રે મંદિર કરો.'

'પહેલાં ચૈતન્ય-મંદિરો કરવાં, પછી મંદિરો. તો આ મંદિરો ટકશે.' સ્વામીશ્રી બોલ્યા.

આ વિચાર સાથે વિચરતા તેઓએ મુંબઈ-નિવાસ દરમ્યાન તા. ૨૧/૧ના રોજ વાલકેશ્વરમાં વાળુકેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં અને બાણગંગાનું જળ મસ્તકે ચડાવ્યું.

ત્યારબાદ જુહુ-પાર્લામાં પધરામણીઓ કરવા નીકળ્યા. તેમાં એક ઘેરથી બીજે ઘેર જવા માટે સ્વામીશ્રી મોટરમાં બેસવા પધાર્યા ત્યારે અગાઉથી જ આવીને આગલી બેઠક પર બેસી ગયેલા એક સંતની બાજુમાં તેઓ બિરાજ્યા.

તે જોઈ કોઈકે પેલા સંતને કહ્યું: 'તમે પાછળ આવી જાઓ. આગળ ગિરદી થશે.'

'આ કંઈ ગિરદી કે તકલીફ અમે માનતા જ નથી. તમે સૌ સરખી રીતે સંપથી વર્તો તેમાં હું રાજી. તેમાં બધું આવી જાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પોતાની આ રુચિ પ્રદર્શિત કરી તેઓ ભાઈદાસ સભાગૃહમાં આયોજિત કીર્તન આરાધનામાં પધાર્યા. અહીં તેઓએ *'દરદ મિટાયા મેરે દિલકા...'* ભજન ગાઈ સૌને સૂરસમાધિનો અનુભવ કરાવ્યો.

પીરસેલી થાળી આપી છે

તા. ૨૩/૧ના રોજ યોગીજી મહારાજના અંતર્ધાન દિન નિમિત્તે ભાટિયા હૉસ્પિટલમાં પધારેલા સ્વામીશ્રી યોગીજી મહારાજની છબીને હાર અર્પણ કરી, એ જ દિવસની રાત્રે 'વડોદરા એક્સપ્રેસ' દ્વારા અટલાદરા જવા નીકળ્યા. પરંતુ આ મુસાફરીમાં તેઓએ રાત્રે સવા વાગ્યા સુધી પત્રવ્યવહાર ચલાવ્યો. સૌ નિરાંતે સૂઈ શકે તે માટે તેઓ જાગતા રહેતા!

તા. ૨૪/૧ની સવારે વડોદરા સ્ટેશન પર સ્વામીશ્રીનું સ્વાગત કરવા સેંકડોનો સમુદાય ઊમટી પડેલો. સાઈકલ, સ્કૂટર અને મોટરોનો એ વિરાટ રસાલો સ્વામીશ્રીને અટલાદરા મંદિર સુધી દોરી લાવ્યો. અહીં પણ વસંત પંચમી નિમિત્તે હજારો હરિભક્તો હિલોળા લઈ રહેલા. તેમાં કેટલાંય મંડળો તો પદયાત્રા કે સાઈકલયાત્રા કરતાં આવેલાં. સારંગપુરથી પણ મહંત સ્વામીની આગેવાની હેઠળ ત્રીસેક સંતો અને સો હરિભક્તો ૧૦ દિવસમાં ૨૬૨ કિ.મી.નું અંતર કાપી અત્રે આવી પહોંચેલા. આ પદયાત્રા દરમ્યાન જુદાં જુદાં ૪૦ ગામોમાં રોકાણ કરીને સંતોએ કૈંકને વ્યસનમુક્ત કરેલા. દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ઊપડેલા 'વ્યસનમુક્તિ અને સદાચાર-વૃદ્ધિ'ના આ જબરજસ્ત જુવાળમાં પ્રાણવાયુ પૂરતાં ડૉક્ટર સ્વામીએ આજે ભરપટે ભરાયેલા સમૈયામાં નિશાન ખોડી આપ્યું કે 'દ્વિશતાબ્દી દરમ્યાન ઓછામાં ઓછા બે લાખ માણસોને વ્યસનમુક્ત કરવા.'

સ્વામીશ્રીએ પણ ગુરુના ગુણાનુવાદ ગાતાં કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ પ્રગટ હોય તેવાં દર્શન સમૈયામાં થાય છે. શાસ્ત્રીજી મહારાજે પીરસેલી થાળી આપી છે. હવે આ સેવા મળી છે તો લાભ લઈ લેવો.'

સોઈ જન સંત કહાવે

વસંત પંચમીનો સમૈયો વીખરાયા બાદ સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે બપોરના અઢી વાગ્યાનો સમય થયેલો! ભોજન બાદ આરામને હડસેલીને તેઓ સરદાર નગરના મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી નગરયાત્રામાં બિરાજ્યા. આ શોભાયાત્રા પછી યજ્ઞશાળામાં પધારી વેદોક્તવિધિપૂર્વક યજ્ઞનો આરંભ કરાવ્યો. તા. ૨૫/૧ની સવારે ધામધૂમથી પ્રતિષ્ઠા સંપન્ન કરીને સ્વામીશ્રી ડાંડિયાપરા, કરમાલિયાપરાને લાભ આપતાં

સાંજે સાત વાગ્યે અંટોલી આવી પહોંચ્યા.

અત્રે હરિભક્તોએ જાતમહેનત કરીને સુંદર મંદિર તૈયાર કરેલું. તે આજે વીજદીપકોથી ઝગમગી રહેલું. તેમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની સાથે જ સ્વામીશ્રીની પણ શોભાયાત્રા કાઢવામાં આવી. તે પછી સ્વાગત-સભામાં લાભ આપી સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે જમવા બેઠા. ભોજન પૂર્ણ કરીને પુનઃ સભામાં પધાર્યા અને રાત્રે એક વાગ્યે પોઢ્યા!

તા. ૨૬/૧ની સવારે અંટોલીમાં પ્રતિષ્ઠા હતી. પરંતુ તે પૂર્વે સ્વામીશ્રી ઢોલાર ગામે પધાર્યા, કારણ કે અહીં તેઓનો અલ્પાહાર ગોઠવાયેલો. સમય થોડો, ભક્તો ઝાઝા અને સ્વામીશ્રી એક. તેથી આમ દોડાદોડી થઈ પડે તેવા કાર્યક્રમો યોજાતા રહેતા. આવા એક કાર્યક્રમ અંતર્ગત પેટા-કાર્યક્રમો અનેક રહેતા. તે ક્રમ મુજબ ઢોલારની પધરામણીઓ દરમ્યાન સ્વામીશ્રી ગામના હરિજનવાસમાં પણ પહોંચ્યા. અહીં તેઓના ખોરડે બેસી કેટલાયને વ્યસન-મુક્ત કર્યા.

ત્યાંથી અંટોલી મુકામે વેદોક્તવિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ પધરાવી કરમાલિયાપરા, વાઘોડિયાને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૨૬/૧ની સાંજે આણંદ પધાર્યા.

અહીં બીજે દિવસે સાંજે સાડા છ વાગ્યે તેઓએ ડૉ. રજનીકાંતભાઈના દવાખાને જઈ મોંમાં ડાબી બાજુની નીચેની નાની દાઢ પડાવી. આ શસ્ત્રક્રિયા દરમ્યાન પાણીના કોગળા કરવાના થતા. તે વખતે સ્વામીશ્રીએ પ્યાલો ઉટકાવીને ગાળેલા પાણીથી કોગળા કરવાનો ખટકો રાખેલો. માંદગીમાં પણ નાના-મોટા નિયમો તેઓ જીવની જેમ જાળવતા.

આ રીતે શસ્ત્રક્રિયાથી પરવારી તેઓ એક હરિભક્તના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા, પરંતુ દાઢ પડાવી હોવાને લીધે કેવળ પ્રવાહી ખોરાક જ અંગીકાર કર્યો. ત્યારબાદ સ્વામીશ્રી આણંદ મંદિરે પધાર્યા ત્યારે અહીં રાત્રિ-સભા ચાલી રહેલી. તેથી તેઓ તે સભામાં જઈ પહોંચ્યા. એટલું જ નહીં, દાઢ પડાવ્યાનું કારણ જણાવી આહારમાં કાપ મૂકનારા તેઓએ અત્રે શસ્ત્રક્રિયાના દુઃખાવા સાથે જ અડધા કલાક ઉપરાંત કથાવાર્તા કરી સૌને આનંદ પમાડ્યો.

*'પિંડ બ્રહ્માંડ સે પર નિજ આત્મા, જાની કે મમ ગુન ગાવે; સોઈ જન સંત કહાવે...'*નાં સંતલક્ષણનો સમન્વય તેઓમાં યથાર્થ જોવા મળતો.

ધર્મમાં શૂરા, ભક્તિમાં પૂરા

આ અરસામાં બાકરોલ ગામના ચરામાં અદ્યતન હૉસ્પિટલ અને મૅડિકલ કૉલેજનું નિર્માણ કરવા માંગતા અગ્રણી નેતા શ્રી એચ. એમ. પટેલે ખાતમુહૂર્ત માટે સ્વામીશ્રીને વિનંતી કરતાં તા. ૨૯/૧ના રોજ આ વિધિ યોજાયેલો. તેની પૂર્વતૈયારી જોવા માટે છાત્રાલયના બળદેવસિંહ રાણા સહિત કેટલાક વિદ્યાર્થીઓ સ્વામીશ્રી પધારે તે પહેલાં સભાસ્થળે જઈ પહોંચ્યા.

અહીં તેઓએ જોયું તો બે-અઢી ફૂટ ઊંચા સ્ટેજ પર ભારતીય બેઠક રાખીને વ્યવસ્થા ગોઠવેલી. પરંતુ સ્ટેજ પર પાથરેલાં ગાદલાં નીચેથી એક જાજમ સ્ટેજથી ૧૫-૨૦ ફૂટ દૂર સુધી લંબાવેલી હતી. તેની પર જાણે-અજાણે કોઈ પણ મહિલા આવી જાય તો મર્યાદાભંગ થવાની પૂરેપૂરી શક્યતા હોવાથી, આ યુવકોએ ચારુતર વિદ્યામંડળના મંત્રી અને સંનિષ્ઠ હરિભક્ત મણિભાઈનું ધ્યાન દોર્યું કે 'સ્ટેજનાં ગાદલાં નીચેથી દૂર સુધી જતું પાથરણું સાંપ્રદાયિક રીત પ્રમાણે યોગ્ય નથી અને સ્વામીશ્રી તે ચલાવશે નહીં.'

પરંતુ વિદ્યાનગરની કૉલેજના લગભગ બધા જ આચાર્યો, મોટા ઉદ્યોગપતિઓ તથા અન્ય મહાનુભાવોની વચ્ચે આ ફેરફાર કરવામાં તેઓને સંકોચ થતો હતો. કદાચ ફેરફાર કરીએ, પણ કોઈને તે રુચે - ન રુચે તો ટીકા-ટિપ્પણ થતાં મામલો વધુ ખરડાય, તેવી દહેશત પણ મણિભાઈના મનમાં ઘૂમરાતી રહી. તેથી પરિસ્થિતિ 'જૈસે થે' રહી.

તે જ વખતે સ્વામીશ્રી આવી પહોંચ્યા. એકત્રિત આગેવાનોએ તેઓનું અભિવાદન કર્યું. સૌ તેઓને મંચ તરફ દોરી ગયા. પણ જેવા સ્વામીશ્રી મંચ પાસે આવ્યા કે તરત જ પરિસ્થિતિ પામી ગયા અને જાતે જ નીચા નમી ગાદલાં નીચેથી પાથરણું કાઢવા લાગ્યા. તે જોઈ સંતો-યુવકો પણ મંડી પડ્યા અને ગાદલાં ખસેડી નવેસરથી યોગ્ય વ્યવસ્થા કરી દીધી.

સૌ અગ્રણીઓ તો જોઈ જ રહ્યા કે 'આ શું ચાલી રહ્યું છે ?!'

કોઈને પણ સંકોચ થાય અને ચલાવી લેવાનું મન થાય તેવી એ પરિસ્થિતિ હતી. પરંતુ કોઈનીયે શેહ-શરમમાં દબાયા સિવાય સ્વામીશ્રીએ ધર્મ-નિયમની દૃઢતા અણનમ રાખી. આવા ધર્મિષ્ઠ મહાપુરુષના વરદહસ્તે શુભ કાર્યનો પાયો નંખાતા સૌ રાજી થયા.

આ વિધિ સંપન્ન કરી સ્વામીશ્રી પેટલાદમાં ટાઉન હૉલના ઉદ્‌ઘાટન

નિમિત્તે પધાર્યા. અહીં તેઓ માટે સુંદર આસન સજાવેલું. પરંતુ બાજુમાં મુકાયેલી અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ સ્વામીશ્રીના આસન કરતાં નીચે હતી. સ્વામીશ્રીને આ યોગ્ય ન લાગતાં તેઓએ તે મૂર્તિ ઉપડાવી પોતાની પાસે પધરાવી દીધી.

તેઓ જેમ ધર્મમાં શૂરા હતા તેમ ભક્તિમાં પૂરા હતા.

પ્રભુપદ કિની પ્રીત

પેટલાદથી ઈસણાવ, પીપળાવ, આણંદ, પીજ, કરમસદ, વિદ્યાનગર થઈને સ્વામીશ્રી 'વડોદરા એક્સપ્રેસ' દ્વારા તા. ૩૧/૧ની સવારે મુંબઈ આવી પહોંચ્યા.

અહીં સ્નાનવિધિ બાદ તેઓ શરીર લૂછી રહેલા ત્યારે સેવકે પોતાના જમણા હાથે સ્વામીશ્રીના કંઠમાંથી કંઠી કાઢી અને ડાબા હાથે નવી કંઠી ધારણ કરાવી. આ પ્રક્રિયામાં કંઠી કાઢવા-પહેરવા વચ્ચે માંડ એક-બે સેકન્ડ જ વીતી, પણ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'પહેલાં નવી કંઠી પહેરાવવી ને પછી જૂની કાઢવી; જેથી કંઠી વગર રહ્યા ન કહેવાય.'

શરણાગતિના આ અનુસંધાન સાથે તેઓએ આજની બપોરે પોણા એક વાગ્યે મુંબઈના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના પાયા ખોદવાનું વિધિવત્ મુહૂર્ત કરી આપ્યું.[40] ત્યારબાદ બૅંગ્લોર જવા માટે તેઓ સમયસર ઍરપોર્ટ પર પધારી ગયા. પરંતુ વિમાન એક કલાક મોડું ઊપડવાની જાણ અહીં આવ્યા પછી થઈ. તેથી ડોમેસ્ટિક ઍરલાઇન્સના દરવાજે પગથિયાં પર જ સ્વામીશ્રી બિરાજ્યા અને સભા શરૂ કરી દીધી.

તેઓને કોઈ પણ સમયે ભજનનું આયોજન તો તૈયાર જ રહેતું અને તે માટે તેઓ કોઈ વિશેષ સુવિધાની પણ અપેક્ષા ન રાખતા. પરંતુ ઍરપોર્ટ કર્મચારીની ફરજ બજાવતા એક હરિભક્ત પગથિયાં પર બેઠેલા સ્વામીશ્રીને જોતાં જ બેસવા સારુ ખુરશી લઈ આવ્યા. પણ *'જેના હૃદયમાં રુચિ ઘણી, ભક્તિ કરવા ભગવાનની'* એવા સ્વામીશ્રીએ તે ખુરશી પર ઠાકોરજીને

૪૦. મંદિર-નિર્માણમાં સ્વામીશ્રીએ કરેલા આ પાયાના પરિશ્રમની ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

પધરાવ્યા અને પોતે તો પગથિયાં પર જ બેસી રહ્યા. એક કલાક આમ કથા-કીર્તનમાં વિતાવી તેઓ પ્લેનમાં બિરાજ્યા અને સાંજે સવા સાત વાગ્યે બૅંગ્લોર આવી પહોંચ્યા.

અહીં અરુણભાઈ અજમેરાના 'અક્ષર' બંગલામાં સ્વામીશ્રીનો નિવાસ હતો. આ બંગલાના પ્રવેશદ્વારથી ઘરના દરવાજા સુધી રંગબેરંગી પુષ્પોનો કલાત્મક ગાલીચો જ પાથરી દીધો હોય તેવી શોભા રચાયેલી. તેની બંને બાજુ ઊભેલી મીણબત્તીઓ પ્રકાશના પુંજ પાથરી રહેલી. આવા પુષ્પ-પથ પર પગલાં પાડતાં પાડતાં સ્વામીશ્રીને ઘરમાં પ્રવેશવાની વિનંતી યજમાન હરિભક્તે કરી. પણ *'પ્રભુ વિના જેના પંડમાં, પ્રાણ પીડા પામે બહુ પેર'* એવા સ્વામીશ્રી ઠાકોરજી વિના તો તસુ પણ કેવી રીતે ખસી શકે? તેથી તેઓએ ઠાકોરજીને લઈ ચાલી રહેલા સંત પાસેથી ઠાકોરજી પોતાના હાથમાં લઈ લીધા અને તે રીતે પુષ્પની બિછાત પર આગળ વધ્યા.

છબી જાદુગારી

તા. ૧/૨ની સાંજે બૅંગ્લોર સાઉથ જેસીઝના ઉપક્રમે 'ભારત સ્કાઉટ્સ હેડ ક્વાર્ટર્સ'માં સ્વામીશ્રીની સભા યોજાયેલી. આ સમારોહમાં ખેંચાઈ આવેલા એક સુરતી મુમુક્ષુ કુંભમેળામાં પુણ્ય કમાવા નીકળેલા. ત્યાંથી તેઓ ફરતાં ફરતાં અત્રે ચીકપેટ વિસ્તારમાં સ્વેટર ખરીદવા ગયા ત્યારે એક દુકાનમાં સ્વામીશ્રીની છબી જોઈ. તે નીરખતાં જ *'દેખત દીવાની ભઈ'*ની જેમ અજબ આકર્ષણ અનુભવતા આ મુમુક્ષુએ સ્વામીશ્રી વિષે પૂછપરછ કરી. તેઓના સદ્‌ભાગ્યે સ્વામીશ્રી બૅંગ્લોરમાં જ હોવાથી સરનામું મેળવીને તેઓ આજે સભામાં આવી ગયેલા. અહીં પોતાના સ્થાને બેઠાં બેઠાં એકીટશે સ્વામીશ્રીની મૂર્તિને પી રહેલા એ ભાવિકને પોતાની કુંભયાત્રા પૂરી થયેલી જણાઈ. સભા બાદ સ્વામીશ્રી પાસે સામેથી આવીને તેઓએ કંઠી ધારણ કરી સત્સંગ સ્વીકાર્યો!

જાકા હરિ સે જોગ

તા. ૨/૨ના રોજ વેણુગોપાલ કૃષ્ણસ્વામીના મંદિરે દર્શન કરી સ્વામીશ્રી પોતાના નિવાસસ્થાને બિરાજમાન હતા. તે વખતે ભારતની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'ના ચાર પ્રાધ્યાપકો તેઓનાં દર્શન-સત્સંગ માટે આવી ચડ્યા. તર્કબદ્ધ અભિગમથી જીવવા ટેવાયેલા આ

શિક્ષકોએ સ્વાભાવિક વાર્તાલાપ બાદ સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો પૂછી માર્ગદર્શન મેળવ્યું. તેમાં તેઓએ છેલ્લે પૂછ્યું કે 'તમારી કુંડલિની જાગ્રત થઈ છે?'

'ભક્તિથી ભગવાનમાં જ વૃત્તિ રહે તે કુંડલિની જાગ્રત થઈ જ કહેવાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના ઉત્તરમાં ભક્તિયોગનો સાર હતો. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનને વિષે જોડાય છે તો તે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો.'[૪૧] સ્વામીશ્રીના યોગની આ કક્ષા હતી.

આ સ્થિતિમાં સદા લીન તેઓની પ્રાતઃપૂજાથી તા. ૩/૨ની સવારે 'અક્ષર' બંગલામાં અક્ષરધામતુલ્ય વાતાવરણ જામેલું. તેમાં કીર્તન ઊપડ્યું: *'અક્ષરધામથી મહા એકાંતિક અવની ઉપર આવ્યા...'* શાસ્ત્રીજી મહારાજના આ પદથી સ્વામીશ્રીના મુખ પર પણ લાલિમા છવાઈ ગઈ. કીર્તનના શબ્દે શબ્દે તેઓ ગુરુને સ્મરી રહ્યા.

...પણ કીર્તનની છેલ્લી પંક્તિએ તેઓની આ સમાધિ તૂટી. મુખ પર છવાયેલી સુરખીએ પણ રતાશ પકડી લીધી, કારણ કે કીર્તન ગાનાર યુવકે *'એવા શાસ્ત્રીજી મહારાજને અમારાં લાખો વંદન હો...'*ની જગ્યાએ *'એવા પ્રમુખસ્વામી મહારાજને અમારાં લાખો વંદન હો...'* ગાયું.

આ ગવાયું ત્યારે સ્વામીશ્રી પૂજાવિધિમાં દંડવત કરી રહેલા. પરંતુ પોતાની પ્રશસ્તિ સાંભળી તેઓએ ઊભા થઈ કહ્યું: 'જેમ લખ્યું છે તેમ બોલ.'

ગુરુની છાયામાં જ પોતાની કાયાને છુપાવી રાખનારા સ્વામીશ્રીની આ ગુરુભક્તિ જોઈ સૌની સવાર સોનેરી બની ગઈ.

નવ પાડે વચનમાં ફેર

તા. ૪/૨ની સાંજે બૅંગ્લોરમાં સ્વામીશ્રીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. તે માટે તેઓ ફ્રેઝર ટાઉનમાં આવેલા માધવ મુદલિયાર રોડ પર પધાર્યા ત્યારે તો આ રસ્તો ભક્તસમૂહથી ઊભરાતો હતો. પરંપરાગત કર્ણાટકી શૈલીનું પૂંગીવાદન, જનરેટરથી પ્રકાશિત ટ્યૂબલાઇટો લઈને ચાલતા માણસો, ધૂન-ભજનની રમઝટ બોલાવતાં બાઈ-ભાઈ હરિભક્તોમાં સ્વામીશ્રીના

---

૪૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫.

આગમનથી જોમ-જોશ પુરાઈ ગયાં. તેઓ રંગબેરંગી દીવાઓથી પ્રકાશિત રથાકાર બગીમાં બિરાજ્યા ત્યારે તો ચોમેર જયજયકાર ફરી વળ્યો. સૌના અતિ ઉત્સાહના ચક્રે આ શોભાયાત્રા અગ્રેસર થઈ રહી. અંતે આ નગરયાત્રા હરિભક્ત શ્રી ઘનશ્યામભાઈના ઘર-આંગણે સભાના રૂપમાં ફેરવાઈ ગઈ.

અહીં ઍંગ્લો-ઇન્ડિયન જનસમૂહ વધુ માત્રામાં હતો. તેના કેટલાક પ્રતિનિધિરૂપ મુરબ્બીઓએ આ સમયે સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરીનો લાભ લીધો. તેઓની જિજ્ઞાસાને સ્વામીશ્રીએ પોતાના અનુભવજ્ઞાનથી સંતોષી. જેમ કે –

- હિંદુ ધર્મના સ્થાપક કોણ?
  'ભગવાન. આ સનાતન ધર્મ છે. તેનો આદિ અને અંત નથી.'
- બીજા ધર્મોનો પ્રચાર વધારે છે, તેમ હિંદુ ધર્મનો કેમ નથી?
  'હિંદુ ધર્મમાં સંયમ છે. સૈદ્ધાંતિક રીતે તેની અસર વધારે છે.'
- કર્મ અને ધર્મમાં શું ફેર છે? તેમાંથી કયું રાખવું?
  'ધર્મ રાખીએ તો કર્મ સારાં જ થાય. ધર્મમય કર્મો ભગવાન તરફ લઈ જાય.'
- હાલના તબક્કે સ્ત્રી-સાધુ મર્યાદામાં ફેરફાર ન થઈ શકે?
  'સૈદ્ધાંતિક નિયમો તો રાખવા જ પડે. તેમાં ફેરફાર થાય તો ત્યાગાશ્રમનો કોઈ અર્થ જ નથી.'

સ્વામીશ્રીના સ્પષ્ટ, સચોટ અને સંક્ષિપ્ત ઉત્તરોથી ભાવિકો ખૂબ રાજી થયા. સૌને પ્રતીતિ આવી કે સ્વામીશ્રી 'શાશ્વતધર્મગોપ્તા' છે.

આ અનુભૂતિ તા. ૫/૨ના દિવસે વધુ ગાઢ બની.

આ સમયે સ્વામીશ્રી ચિક્કબાણાવરમાં એક મુસ્લિમ ગુણાનુરાગીની વાડીમાં પધરામણી કરી બૅંગ્લોરમાં વિઠ્ઠલભાઈના ઘેર ઠાકોરજી જમાડવા પહોંચ્યા. પરંતુ ત્યાં ગયા ત્યારે સેવકોને ખ્યાલ આવ્યો કે 'સ્વામીશ્રીનું પત્તર તો ઉતારે જ ભુલાઈ ગયું છે!'

આ આકસ્મિક આફતથી તેઓ મૂંઝાયા, છતાં હિંમત કરી સ્વામીશ્રીને કહ્યું: 'સ્વામી! પત્તર ઉતારે રહી ગયું છે. માટે આજનો દિવસ(પત્તર વિના) જમી લો. આપને ક્યાં બાધ આવવાનો છે? વળી, અહીં બધા ઘરના જ છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'પત્તર વિના જમવાની મહારાજની આજ્ઞા નથી. તમે લોકો રોજ આ જ સેવા કરો છો તો ખ્યાલ નથી રહેતો? ભુલાય કેમ? પત્તર મંગાવી લો.' એમ કહી સ્વામીશ્રી પત્તરની પ્રતીક્ષા કરતાં

બેસી રહ્યા. તે આવતાં અડધો કલાક વીત્યો તે દરમ્યાન તેઓએ કથાકિલ્લોલ કર્યો, પણ જમ્યા તો પત્તર આવ્યું ત્યારે જ!

*'એહ મત શાણા સંતનો, નવ પાડે વચનમાં ફેર'*ની રીતે વર્તતા સ્વામીશ્રી કેવળ ધર્મના ઉપદેશક જ નહોતા, પણ ધર્મના ધરતલ હતા. તેઓની આવી ધર્મનિષ્ઠ પ્રતિભાથી ખેંચાઈને જ આજની રાત્રે લક્ષ્મીનારાયણ મંદિરમાં વિપુલ મેદની લાભ લેવા ઊમટી પડી.

તમે વાત પર પાણી ફેરવ્યું

તા. ૬/૨ના રોજ સ્થાનિક સત્સંગ મંડળે બૅંગ્લોરથી ૫૯ કિ.મી. દૂર પાંચ હજાર ફૂટની ઊંચાઈએ આવેલ નંદી હિલ્સ પર પાથેય પર્વનો કાર્યક્રમ ગોઠવેલો. ત્યાં પહોંચવા સો સંતો-ભક્તોના સંઘ સાથે સ્વામીશ્રીએ સવારે પોણા દસ વાગ્યે પ્રસ્થાન કર્યું. જુદા જુદા ૪૩ વળાંકો વટાવતાં પોણા અગિયાર વાગ્યે સૌ નિશ્ચિત્ત ટેકરે પહોંચી ગયા. અહીં કબન હાઉસમાં સ્વામીશ્રીનો ઉતારો રાખેલો, પણ તેઓએ કહ્યું: 'આપણે પર્યટનમાં આવ્યા છીએ તો વૃક્ષો નીચે જ ઊતરવું.' એમ કહી એક ઉમરાના વૃક્ષ નીચે સ્વામીશ્રી ઠાકોરજી સહિત બિરાજ્યા. સામે વૃક્ષોના મંડપ હેઠે સંતો-ભક્તો ગોઠવાયા અને સત્સંગ-સભા શરૂ થઈ.

તેમાં યુવક મંડળ દ્વારા સવાદ્ય કીર્તનભક્તિ અને દાંડિયા-રાસની રમઝટ બાદ સ્વામીશ્રીએ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૦મા વચનામૃત પર સતત દોઢ કલાક સુધી વાસના ટાળવાની અસ્ખલિત અને અદ્‌ભુત વાતો કરી ખરેખરું પ્રેરણા-પાથેય ભરી દીધું; પણ 'અક્કર્મીનો પડિયો કાણો' મુજબ આ કથા બાદ એક આધેડ વયના મુરબ્બી સ્વામીશ્રી પાસે આવી બોલ્યા: 'સ્વામી! મારે બેડે(લગ્ન) કરવું છે.'

તે સાંભળી સ્વામીશ્રીએ મર્મવચન કહ્યું: 'દોઢ કલાક વાસના છોડવાની વાત કરી. તમે તે વાત પર પાણી ફેરવ્યું.'

કમળની ચોપાસ ફરતો દેડકો કીચડમાં જ કલબલ કરતો ફરે છે, પણ કમળની સુવાસ માણી શકતો નથી. જીવ-જીવનની કેવી પામરતા!

મારા મનની પૂરી હામ

પાથેય પર્વ બાદ બૅંગ્લોર પરત ફરેલા સ્વામીશ્રીની અહીંના ભારતીય

વિદ્યાભવનમાં શાનદાર સભા થઈ. ત્યારબાદ તા. ૭/૨ની સવારે તેઓ બૅંગ્લોરથી દસેક કિ.મી.ના અંતરે આવેલા પિન્ગા ગામની ઔદ્યોગિક વસાહતમાં પધરામણી કરવા પહોંચ્યા.

અહીંથી બૅંગ્લોર પરત આવ્યા ત્યારે ત્યાં સુરેશભાઈ ઊભા હતા. પિન્ગાની જે ઔદ્યોગિક વસાહતમાં સ્વામીશ્રી પગલાં પાડી આવ્યા ત્યાં જ આ મુરબ્બીની ફેક્ટરીનું નવું મકાન તૈયાર થઈ રહેલું. પણ સ્વામીશ્રીના કાર્યક્રમથી અજાણ તેઓ પોતાના સંકુલમાં પધરામણી નહોતા કરાવી શક્યા. તેથી ઘર-આંગણે ગંગા આવી ગઈ તેમ છતાં કોરા રહી જવાનો રંજ તેઓના કાળજાને કોરી રહેલો. હવે ફરી પધરામણી માટે સ્વામીશ્રીને કુલ વીસ કિ.મી.નો ધક્કો ખવડાવવો તે વાત તો બિલકુલ બેહૂદી હતી. તેથી ‘મનની વાતો મનમાં રહી ગઈ’નો ભાવ અનુભવતા આ મુમુક્ષુ સૂનમૂન ઊભા હતા. સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓ માત્ર એટલું જ કહી શક્યા કે ‘બાપા ! મારી ફેક્ટરીનું મકાન આપ જ્યાં જઈ આવ્યા ત્યાં જ બને છે.’

‘તો ચાલો, ત્યાં જઈ આવીએ.’ તે હરિભક્તનું મન વાંચતાં સ્વામીશ્રી બોલ્યા.

ફરી વાર થનારો આ ધક્કો સ્વામીશ્રીનાં ભોજન, આરામના સમયને ઠેલ મારે તેમ હતો. છતાં તેઓએ પધરામણી કરીને આવ્યા હોવાથી માથે ધારણ કરેલી પાઘ એમ જ રહેવા દીધી અને પાછા એ જ સ્થળે પધરામણી માટે નીકળી ગયા. હા, આ વખતે એ પાઘ પર છોગાંની જેમ તેઓની ભક્ત-વત્સલતા ફરફરી રહેલી. જ્યારે તેઓ પુનઃ પિન્ગા પધાર્યા ત્યારે પેલા ભક્તનું મન પૂંગી વગાડતાં ગાઈ રહ્યું : *‘મારા મનની પૂરી હામ, કૃતારથ કીધી...’*

તેરી પ્રીત અનોખીવેં

તા. ૭/૨ની સાંજે રાજાજીનગરના શ્રી વિદ્યા-ગણપતિ મંદિરમાં ગુજરાતી સમાજ તરફથી યોજાયેલી જાહેર-સભામાં લાભ આપી, સ્વામીશ્રી હવે ટીપતુર જવા વિદાય લેવાના હતા. તેથી હરિભક્તો અમૃતધારાનો છેલ્લો ઘૂંટડો ભરવા આતુર હતા.

ભક્તોની આ ભીડમાં મુસ્લિમ યુવાન જાવીદ પણ સામેલ હતો. બે દિવસ પહેલાં સ્વામીશ્રી જે મુસ્લિમ બિરાદરના ફાર્મ હાઉસમાં પધારેલા તેમનો તે નબીરો. પોતાની વાડીમાં વિહરતા સ્વામીશ્રીની મૂરતમાં આ યુવાનનું મન

એ હદે ખોવાઈ ગયેલું કે તેણે એ દા'ડે જ સ્વામીશ્રીના વચને માંસાહાર તજી દીધેલો! પણ એટલાથી તેના મનને તસલ્લી થઈ નહોતી. તેથી તે આજે સ્વામીશ્રીના હસ્તે કંઠી ધારણ કરવા દોડી આવેલો. સ્વામીશ્રીની સહજસિદ્ધ સાધુતાની ફોરમ દરેકને શ્વાસમાં ઘૂંટવાનું મન થાય તેવી હતી.

પેલા મુસ્લિમ યુવકને આશીર્વાદ આપ્યા બાદ સૌ હરિભક્તો વારાફરતી હારતોરા કરવા સ્વામીશ્રી પાસે આવવા લાગ્યા. પરંતુ 'માલિકો-માલેતુજારોથી માંડીને મધ્યમવર્ગીય માણસોની આ હરોળમાં પોતે કોઈ રીતે બંધ બેસે તેમ નથી' – એ વિચારથી બે વ્યક્તિઓ છેટે ઊભી રહેલી. એક હતો નોકર અને બીજો હતો ડ્રાઈવર. સ્વામીશ્રી જેઓના બંગલે રોકાયેલા તે યજમાનના આ બંને ચાકર. પરંતુ તેઓની ચાકરી સ્વામીશ્રીની નજર બહાર ન રહી. સ્વામીશ્રીએ સામેથી જ એ બેયને પોતાની પાસે બોલાવી આશીર્વાદ આપ્યા. આ મમતામેઘથી બંને નોકર ગદ્ગદ થઈ ગયા અને સ્વામીશ્રીની વિદાય વધુ ભાવભીની બની રહી. તેથી રાત્રે દસ વાગ્યે તેઓ નીકળ્યા ત્યારે સૌનાં વરસી રહેલાં આંખ-અંતર ગાઈ રહ્યાં: *'સાંવરા ગુમાની તેરી પ્રીત અનોખીવેં, પ્રીત કરત વાકું પલક ન છોરત...'*

જનનાં લાડ પાળે છે જેહ

બૅંગ્લોરથી નીકળેલા સ્વામીશ્રી તા. ૭/૨ની રાત્રે પોણા એક વાગ્યે ટીપતુર પહોંચ્યા. અહીં એક દિવસનો લાભ આપી તેઓ તા. ૯/૨ની સવારે શ્રવણબેલગોલા પધાર્યા. અત્રે વિંધ્યગિરિ પર બાહુબલિની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. ૫૦૦ પગથિયાં ચડીને ત્યાં જવાય. તે ચઢવા સૌ સંતો-ભક્તો તૈયાર થયા, અને સ્વામીશ્રી એક સંતને જોડમાં રાખી તળેટીમાં જ રોકાયા.

સૌ દર્શન કરીને આવ્યા એટલે આગળના પ્રવાસમાં મેલુકોટેને પાવન કરતાં બપોરે સવા ત્રણ વાગ્યે સ્વામીશ્રી શ્રીરંગપટ્ટનમ્ આવી પહોંચ્યા. અહીં શ્રીરંગનાથજીનાં દર્શન કરી, ઉત્તર કાવેરી અને દક્ષિણ કાવેરીના સંગમ સ્થળે ઠાકોરજીને સ્નાન કરાવી સ્વયં પણ સ્નાન કર્યું. ત્યારબાદ વૃંદાવન ગાર્ડન તથા મૈસુરને લાભ આપી સ્વામીશ્રી તા. ૧૦/૨ની સવારે ઉટી જવા નીકળ્યા.

૬,૮૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું Queen of all hill stations – સર્વ ફરવાલાયક સ્થળોમાં શિરમોર આ ગિરિમથક સહેલાણીઓના સ્વર્ગ સમું. પરંતુ *'ઈન્દ્ર લોક જેહિ અનલ સમ, વિઘનતુલ્ય અજ લોક'* સમજતા

સ્વામીશ્રીને ઉટીની તો ઊલટી થઈ ગઈ હોય તે સ્વાભાવિક છે. છતાં તેઓ અહીં આવી પહોંચ્યા એક હરિભક્તના પત્રને કારણે.

મોમ્બાસામાં રહેતા ચંદ્રકાંતભાઈએ સ્વામીશ્રીને ભલામણ કરેલી કે 'મારો દીકરો રાજેશ ઉટીની 'ધ બ્લૂ માઉન્ટન' સ્કૂલમાં ભણે છે. આપ તે બાજુ વિચરણમાં નીકળો તો તેને આશીર્વાદ આપવા જજો.'

દિવસો પહેલાં મળેલા આ કાગળની વાત સ્વામીશ્રીએ મનમાં ધારી રાખેલી. તેથી આજે મૈસુરથી કુનુર જતાં તેઓએ વચ્ચે ઉટીનો માર્ગ આ કામ માટે જ લેવડાવેલો.

પોણા બાર વાગ્યે ઉટી પહોંચેલા તેઓએ પ્રથમ તો બાળકની સ્કૂલ શોધવા પરિશ્રમ ઉઠાવ્યો. અંતે શાળાના ઝાંપે આવી ઊભા રહ્યા ત્યારે નવી તકલીફ શરૂ થઈ.

શાળાના કાર્યવાહકો સ્વામીશ્રીથી અપરિચિત હોવાને કારણે વિદ્યાર્થીને બહાર મળવા આવવા દેવાની પરવાનગી બાબતે આનાકાની કરવા લાગ્યા. આ મુશ્કેલીનો ઉકેલ લાવવામાં એક કલાક પસાર થઈ ગયો. ત્યાં સુધી સ્વામીશ્રી તડકે તપતા રહ્યા. છેવટે રાજેશને મળવા માટે તેઓ પાસે લાવવામાં આવ્યો ત્યારે નવ વર્ષનો એ બાળક સ્વામીશ્રી સામે આશ્ચર્યભરી નજરે જોઈ રહ્યો. સ્વામીશ્રીએ તેને માથે વહાલથી હાથ મૂકી આશીર્વાદ આપ્યા. શિક્ષણ-સંસ્કાર બાબતે સાધારણ વાતચીત કરી પ્રસાદ પણ આપ્યો. છોડવાંની સાર-સંભાળ લેવા ઝૂકેલા વડલા જેવું આ દૃશ્ય જોઈ સહપ્રવાસીઓ તો ભાવવિભોર થઈ ગાઈ ઊઠ્યા: *'જનનાં લાડ પાળે છે જેહ, નથી આવતાં કહ્યાંમાં તેહ...'*

હિલ સ્ટેશનમાં આજે સ્વામીશ્રીના હેતની હવા ભળતાં તેની આબોહવા વધુ ખુશનુમા બની ગઈ. સ્વામીશ્રીની ગાડી ઊપડી ત્યારે ગાડીએ નહીં, પણ માડીએ વિદાય લીધી હોય તેવો ખાલીપો પેલો બાળક અનુભવી રહ્યો! દીકરાને મળી આવ્યાનો પત્ર સ્વામીશ્રીએ મોમ્બાસા રહેતા હરિભક્તને પણ લખી મોકલ્યો. એ પત્ર વાંચતાં જ પુત્રની જેમ એ પિતા પણ સ્વામીશ્રીના પ્રેમપ્રવાહમાં તણાઈ ગયા.

લિપિ પાછળ લાગણી

ઉટીથી સ્વામીશ્રી કુનુર, કોટાગિરિ, અરાવેનુ થઈને રાત્રે પોણા દસ

વાગ્યે કોઈમ્બતુર પધાર્યા. તેઓના આગમનથી સ્થાનિક ભક્તો *'આજની ઘડી રે ધન્ય આજની ઘડી...'*નો અનુભવ કરી રહ્યા. તે સૌનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રી વિષ્ણુભાઈ ભટ્ટના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા તે વખતે મુંબઈથી આવેલા રશ્મિભાઈ શેઠ તેઓની નજરે ચડ્યા.

તે ભક્તે વાતચીત દરમ્યાન સ્વામીશ્રીને કહ્યું: 'આપના માટેની ટપાલો હું લેતો આવ્યો છું. તે ઉતારે મૂકી છે. કાલે સવારે પૂજાદર્શન માટે આવીશ ત્યારે લેતો આવીશ.'

પણ તે સાંભળતાં જ સ્વામીશ્રીએ જણાવ્યું: 'હાલ જ તે લઈ આવો. હું જમીને ક્યાં સીધો સૂઈ જવાનો છું?' એમ કહી તેઓએ તાત્કાલિક પત્રો મંગાવી લીધા અને ભોજન બાદ તેના જવાબ આપવા બેસી ગયા!

આજે આખા દિવસમાં સ્વામીશ્રીએ તેર કલાકની મુસાફરી કરેલી. છતાં રાત્રે સાડા દસ વાગ્યે પણ તેઓ હજી વધુ કાર્યભાર ઉઠાવવા તત્પર બન્યા. હરિભક્તોને બને એટલું વહેલું સમાધાન મળી જાય અને તેઓ નચિંત બની રહે તેનું તાન સ્વામીશ્રીને સદાય રહેતું. લોકોને પહોંચેલા તેઓના પત્રોમાં તેઓની લિપિ વાંચી શકાય છે, પણ એ લિપિ પાછળ છુપાયેલી આવી લાગણીઓ તો અણઊકલી જ રહી ગઈ હશે કે?!

નાદાન બન્યા નિષ્ઠાવાન

કોઈમ્બતુરથી સ્વામીશ્રી તા. ૧૨/૨ની રાત્રે સવા નવ વાગ્યે કાલિકટ પધાર્યા. અહીંથી ગુરુવાયુરમાં દર્શન કરીને તા. ૧૪/૨ની બપોરે સાડા ત્રણ વાગ્યે કોચીન આવી પહોંચ્યા. અત્રે સ્થાનિક ભક્તો તા. ૧૫/૨ની સવારે સ્વામીશ્રીને દરિયાલાલ અને સામુદ્રી માતાનાં મંદિરે લઈ ગયા.

ત્યારબાદ કોચીનથી સાંજે પીરમેડ તરફ ગતિ કરી રહેલા સ્વામીશ્રીની ગાડી ચલાવવાની સેવા બૅંગ્લોરના ડ્રાઇવર નાદનને મળેલી. બૅંગ્લોરથી નીકળતી વખતે સેંકડો ભક્તોની ગિરદીમાં સ્વામીશ્રીએ તેને સામેથી બોલાવીને આશીર્વાદ આપેલા. તે કૃપાથી આ ચાલક હજીયે ગદ્‌ગદિત જ હતો. વળી, તે સમયે સ્વામીશ્રીએ આપેલાં ઠાકોરજીનાં પ્રાસાદિક જળથી આ ડ્રાઇવરની પત્ની અને માતાની અસાધ્ય બીમારીઓ સદંતર નાબૂદ થઈ ગયેલી! સ્વામીશ્રીની આ દયાથી તેને થયેલું કે 'આપણા ધર્મમાં કશું ખૂટતું નથી.' તેને સ્વધર્મ છોડીને થઈ રહેલું પરધર્મનું આચરણ જિંદગીમાં પહેલી વાર ખૂંચવા માંડેલું. આ વ્યથા

તેણે સ્વામીશ્રીને સંભળાવી. સ્વામીશ્રીએ તેની ભૂલો માફ કરી ત્યારે પોતાના અસલ વતન પરત ફર્યાનો આનંદ એ ડ્રાઈવરની આંખોમાં ઊભરી આવ્યો.

સ્વામીશ્રીનાં વહાલ અને વર્તાવથી આ નાદન જેવા કૈંક નાદાનને સ્વધર્મમાં શ્રદ્ધા જાગ્રત થતી અને તેઓ સ્વધર્મનિષ્ઠ બની રહેતા.

અણિશુદ્ધ વર્તનવાળા થવું

પીરમેડથી વિદાય લઈને સ્વામીશ્રી તા. ૧૬/૨ની રાત્રે આઠ વાગ્યે અલ્લપી પધાર્યા. અહીં બાલકૃષ્ણલાલજીના મંદિરમાં જાહેર-સભા બાદ રાત્રે સાડા અગિયાર વાગ્યે તેઓ દરિયાકિનારે આવેલા નીલકંઠેશ્વર મહાદેવના સ્થાનમાં ગયા અને આજની મહાશિવરાત્રિ નિમિત્તે શિવલિંગ પર જલાભિષેક તથા બિલિપત્ર ચઢાવીને શિવાર્ચન કર્યું.

આ દરિયાકાંઠો તા. ૧૭/૨ની સવારે સ્વામીશ્રીની પદરેણુથી પુનઃ પાવન થયો. ગઈકાલે રાત્રે તેઓ અહીં આવેલા ત્યારે હરિકૃષ્ણ મહારાજ પોઢી ગયેલા. તેથી આજે તેઓને લઈ સ્વામીશ્રી પધાર્યા અને ઠાકોરજીને સમુદ્રસ્નાન કરાવ્યું. પણ આજે દરિયાનો વિચાર કંઈક જુદો જ હતો. તેને તો સ્વામીશ્રીનું *'સુંદર વદન સોહામણું...'* જોઈ પ્રેમ ઊભરાઈ આવતાં તે અચાનક ઊછળ્યો અને સ્વામીશ્રીને અડધા ભીના કરતો ગયો.

તેનો આ ઉમળકો સ્વીકારી, સ્વામીશ્રી અલ્લપીથી સાંજે ચાર વાગ્યે વિદાય લઈ ક્વીલોન થઈને વરકલામાં આવેલા જનાર્દન ભગવાનનાં દર્શને પધાર્યા. ત્યાંથી રાત્રે નવ વાગ્યે ત્રિવેન્દ્રમ્ આવી પહોંચ્યા.

અહીં તા. ૧૮/૨ની સવારે તેઓ પ્રખ્યાત પદ્મનાભ મંદિરમાં દર્શન કરવા ગયા. સાંજે સુપ્રસિદ્ધ કોવાળમ દરિયાકિનારે ઠાકોરજીને સ્નાન કરાવી અહીંની મખમલી રેતી પર બેસી સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. ત્યારબાદ ગૌડીય સંપ્રદાયના અભેદાનંદ આશ્રમમાં જાહેર-સભા કરી ઉતારે પધાર્યા.

અત્રે અલ્પાહાર પછી કથામૃત રેલાવતાં તેઓએ કહ્યું : 'કુશળકુંવર-બાઈએ મહારાજને અણિશુદ્ધ ચોખા મોકલેલા. માટે તેવા અણિશુદ્ધ વર્તનવાળા થવું. મહારાજ પુરુષોત્તમ નારાયણ હતા, છતાં ૫૦૦ પરમહંસોને કેવા તાવ્યા ! તેલ કાઢી નાંખ્યું !! કેવળ *'રામજી... રામજી...'* કર્યે ન ચાલે. વર્તમાન પાળવાનો પુરુષાર્થ તો કરવો જ પડે. વેપારમાં કેવા સાવધાન થઈને કાર્ય કરીએ છીએ ? તેમ આમાં પણ મંડવું.'

ધર્મ-નિયમના પાલનમાં નાદારપણું-નમાલાપણું સ્વામીશ્રીને ગમતું નહીં.

શરણાગત કી બાંહ ન છોડો

તા. ૧૯/૨ની સવારે ત્રિવેન્દ્રમ્‌થી વિદાય લઈ સ્વામીશ્રી તિરુવત્તરમાં આદિકેશવનાં દર્શન કરીને બપોરે બાર વાગ્યે શુચીન્દ્રમ્ પહોંચ્યા. સતી અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ, શિવને બાળક બનાવી દીધેલાં તે આ સ્થળમાં સ્વામીશ્રી આવ્યા ત્યારે મંદિર-દર્શન તો બંધ થઈ ગયેલાં. પણ શ્રીજીમહારાજનું આ પ્રાસાદિક સ્થળ, એટલે સ્વામીશ્રીએ પ્રદક્ષિણામાં પધરાવેલા દેવોનાં દર્શન કરીને સંતોષ માન્યો.

અહીંથી તેઓ કન્યાકુમારી અને વિવેકાનંદ રૉક મેમોરિયલમાં પધાર્યા. ત્યાં સાગરના ત્રિવેણી સંગમમાં ઠાકોરજીને સ્નાન કરાવી સ્વયં પણ સંતો-ભક્તો સાથે ન્હાયા.

આ દર્શન કરી દક્ષિણ આફ્રિકાના ન્યૂ કેસલમાં રહેતા ગોકુલદાસ તો ઘેલા-ઘેલા બની ગયા. પોતાના દીકરા સુનીલને લઈ તેઓ સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. તે વખતે સ્વામીશ્રીએ આ પુત્રને પૂછ્યું: 'કંઠી છે ?' જવાબમાં તેણે તરત જ ગળામાં રહેલી કંઠી બતાવી. સ્વામીશ્રીએ આ કંઠી તેને સન ૧૯૭૫માં પહેરાવેલી. ત્યારપછી વચ્ચેનાં બે વર્ષના સમયગાળામાં તેઓએ હજારોને કંઠી ધારણ કરાવી હતી. છતાં તેઓને આ કિશોરને કંઠી પહેરાવ્યાની વિગત યાદ હતી! તે જોઈ સૌને થયું: 'જેને સ્વામીશ્રી પોતાના ખોળે લે છે તેને તેઓ કદી વીસરતા નથી !'

*'શરણાગત કી બાંહ ન છોડો, એહી અચળ હરિ ટેક તુમારી...'*ની રીત ધારી વિચરતા સ્વામીશ્રી તા. ૨૦/૨ની સવારે કન્યાકુમારીથી વિદાય લેવાના હતા. પણ તે પૂર્વે તેઓએ ત્રિવેન્દ્રમ્‌ના ગોપાળજી અને ગોવિંદજીને પોતાની પાસે બોલાવી વાત કરી કે "તમને મુંબઈ મંદિરની સેવાનું કહ્યું છે તેમાંથી બને એટલું કરશો. પણ 'સ્વામીએ આટલું કહ્યું ને થયું નહીં' તેવું મનમાં ન લાવશો."

હરિભક્તોનું હૈયું સહેજેય કચવાય-કચરાય નહીં તેનો સ્વામીશ્રી ખૂબ ખ્યાલ રાખતા.

રહેવું વચન માંહે વળગી

કન્યાકુમારીથી સ્વામીશ્રી પન્નગુડીમાં છોટે નારાયણ, તિરુક્કલકુંડીમાં

લંબે નારાયણ તથા નાંગનેરીમાં તોતાદ્રી મઠનાં દર્શન કરીને તિરૂપલનીમાં આવેલા દર્ભશયનમ્ મંદિરે જવા નીકળ્યા.

આ પ્રવાસ લાંબો હોવાથી રસ્તામાં જ યોગ્ય ઠેકાણે સંઘને થંભાવી ભોજન લેવાનું હતું. તે માટે તૂતકુડી ગામે હાઈવેને અડીને જ લીંબડાના વૃક્ષોની સઘન છાયા સ્વામીશ્રીની નજરે ચઢી. તેથી તેઓએ આ નૈસર્ગિક વૃક્ષમંડપ નીચે બેસી જમી લેવાની દરખાસ્ત મૂકી. પણ સૌએ કહ્યું: 'આગળ કંઈ સારું મળી રહેશે.' તે સાંભળી સ્વામીશ્રીએ પોતાનો પ્રસ્તાવ પડતો મૂક્યો.

સર્વેસર્વા અને સર્વજ્ઞ હોવા છતાં આગ્રહના શોર-જોર વિના સૂચન મૂકવાની તેઓની રીત નિરાળી હતી.

મુસાફરી આગળ વધી, પરંતુ ભોજન માટે ઠરીઠામ થવાય તેવું કોઈ ઠેકાણું આવ્યું નહીં! હવે સૌનો જઠરાગ્નિ પણ પ્રદીપ્ત થઈ ચૂકેલો. તેને બને એટલું વહેલું અન્નનું હવિ આપી ઠારવો પડે તેમ હતો. તેથી સ્વામીશ્રીએ સૂચવેલા પેલા લીંબડાના છાંયા નીચે જ સૌને આવવું પડ્યું અને ત્યાં જ ટીમણ કરવું પડ્યું. અહીં સૌ કોળિયાની સાથે આ કંડિકા પણ ગળા હેઠે ઉતારતા ગયા કે –

'મર્મ એમ જન જાણીને, રહેવું વચન માંહે વળગી;
વચન લોપી જાણે સુખ લેશું, એવી અવિદ્યા કરવી અળગી.'

સત્પુરુષનાં સામાન્ય સૂચન પણ ઘણાં અર્થસભર હોય છે – તે બોધ આરોગી સૌ આગળ વધ્યા.

પ્રેરક નમ્રતા, વેધક સરળતા

તૂતકુડીથી નીકળેલો સંઘ સાંજે પાંચ વાગ્યે દર્ભશયનમ્ પહોંચ્યો. શ્રીજીમહારાજના આ પ્રાસાદિક સ્થાનમાં દર્શન બાદ સ્વામીશ્રી રામનાથપુરના સ્ટેશને સંધ્યા આરતી કરી રાત્રે આઠ વાગ્યે મંડપમ્ મુકામે પધાર્યા. અહીંથી રાત્રે જ ટ્રેન દ્વારા રામેશ્વર પહોંચવાનું આયોજન ગોઠવાયેલું; પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે રાત અહીં રોકાઈએ ને સવારની ગાડીમાં રામેશ્વર જઈશું.'

તેઓના આ નિર્ણયમાં કોઈએ ડહાપણ ડહોળ્યું નહીં, કારણ કે બપોરનો અનુભવ તાજો જ હતો. તેથી સૌ મંડપમ્‌માં આવેલા સરકારી અતિથિગૃહમાં ઉતારાની વ્યવસ્થા જોવા માટે ગયા. પરંતુ અહીં ઓરડાઓ અગાઉથી જ ભરાઈ ગયેલા. તેથી રસોડું, ભોજનશાળા, સ્ટોર રૂમ વગેરેમાં

જ્યાં અવકાશ મળ્યો ત્યાં સૌનો સમાવેશ કરવામાં આવ્યો. સ્વામીશ્રી પણ આ જ વ્યવસ્થામાં અનુકૂળ થઈને રહ્યા ! તેઓની આ નમ્રતા-સરળતા સૌ માટે પ્રેરક અને વેધક બની રહી !

અહીંથી તા. ૨૧/૨ની સવારે સવા ચાર વાગ્યે જાગ્રત થઈ સ્વામીશ્રી ટ્રેન દ્વારા નવ વાગ્યે રામેશ્વરમ્ આવી પહોંચ્યા. અત્રે ઠાકોરજી સહિત સમુદ્ર-સ્નાન કરીને મંદિરે દર્શન માટે પધાર્યા ત્યારે મંદિરના નાદસ્વરમ્ અને મૃદંગ-વાદકોએ તેઓનું વાજતે-ગાજતે સ્વાગત કર્યું. મંદિરની વિશાળ પ્રદક્ષિણામાં શોભાયાત્રાના સ્વરૂપે સ્વામીશ્રીને ફેરવ્યા.

ત્યારબાદ દર્શન કરીને ટ્રેન દ્વારા પુનઃ મંડપમ્ આવી પહોંચેલા સ્વામીશ્રી અહીંથી દેવીપટ્ટનમ્ પધાર્યા.

અત્રે ચક્રકુંડમાં ઠાકોરજીને સ્નાન કરાવી તેઓ દરિયાકાંઠે જ્યાં રામચંદ્ર ભગવાને નવગ્રહનું સ્થાપન કરેલું ત્યાં આવ્યા. પાણીમાં ગરક થઈ ગયેલા આ સ્થળના અવશેષરૂપે પથ્થરો દેખાતા હતા. સ્વામીશ્રીએ નવગ્રહના એ પથ્થર પર ઠાકોરજીને પધરાવી સંકલ્પ કર્યો કે 'ગ્રહ કોઈને નડે નહીં.' ત્યારબાદ નૌકામાં બેસીને તે સ્થળની પ્રદક્ષિણા પણ કરી. અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક આદિ જગન્નાથ અને તિલકેશ્વર મહાદેવનાં દર્શન કરી સ્વામીશ્રી રાત્રે સવા આઠ વાગ્યે મદુરાઈ આવી પહોંચ્યા.

અત્રે 'શોલે મુરગન કલ્યાણ મહલ'માં નિવાસ ઠરાવી તેઓ તા. ૨૨/૨ના રોજ મીનાક્ષી મંદિરમાં પધાર્યા ત્યારે મુખ્ય મેનેજરે સ્થાપત્યની ખૂબીઓ, મંદિરનો ઇતિહાસ તથા દર્શનીય સ્થળોની સુંદર અને સંપૂર્ણ માહિતી આપી સારી સેવા બજાવી. 'મારા જીવનનો આ સુવર્ણ દિવસ છે' કહેતાં તેઓએ અઢી કલાક સુધી સ્વામીશ્રીને બધું જ સમજાવ્યું !

ત્યારબાદ સાંજે અલગરકોઈલમાં આવેલા સુંદરરાજનાં દર્શન કરવા સ્વામીશ્રી પધાર્યા. ત્યાં મંદિર પાછળ આવેલા શ્રીજીમહારાજના પ્રાસાદિક કુંડમાં ઠાકોરજીને સ્નાન પણ કરાવ્યું.

તાકે હો તુમ નાથ સહાયે

સુંદરરાજથી મદુરાઈ પરત ફરેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૩/૨ના રોજ યજમાન શ્રી ચીમનભાઈએ પોતાના ઘેર મહાપૂજા અને 'શિક્ષાપત્રી'નું પારાયણ યોજ્યું હતું. આ બંને કાર્યક્રમોમાં પોતાના દીકરાઓનો ઉત્સાહ જોઈ

યજમાન ઘણું આશ્ચર્ય અનુભવી રહેલા. અતિ ભાવિક પ્રકૃતિના હોવાને નાતે આ ભક્તના ઘેર અવારનવાર વિવિધ સંતો-મહંતોના પડાવ રહેતા. તેમાં કેટલાક વરણાગીઓના વરવા અનુભવોને કારણે આ મુમુક્ષુના દીકરાઓ ધર્મ પ્રત્યેથી સાવ જ ઉન્મુખ થઈ ગયેલા. તેનું યજમાનને ભારે દુઃખ હતું. પરંતુ બે દિવસના સ્વામીશ્રીના સહવાસથી પુત્રોની માન્યતામાં પરિવર્તન આવેલું. તેઓને સત્સંગ પ્રત્યે પુનઃ અભિરુચિ જાગેલી. ભારતની સાધુ-પરંપરામાં ભાવ-ભરોસો બેઠેલો. તેથી પિતાના અંતરમાં આનંદ સમાતો નહોતો.

સ્વામીશ્રીની આ સિદ્ધિ નોંધપાત્ર ગણી શકાય. તેઓએ સ્વચ્છ-સુઘડ અને પવિત્ર-પ્રેરણાદાયી મંદિરો બાંધી ધર્મસ્થાનોમાં શ્રદ્ધા જગાવેલી. શિક્ષિત-શીલવંત સાધુઓ બનાવી સંતો પ્રત્યે અનુરાગ જન્માવેલો. પ્રામાણિક અને પદ્ધતિસરનાં કાર્યો દ્વારા સેવામાં વિશ્વાસ પ્રગટાવેલો. તેને કારણે વિદેશી વાયરા અને અસભ્ય-અણઘડ ભેખધારીઓ વચ્ચે પણ શિક્ષિત સમૂહનો ધર્મ તથા સંસ્કૃતિ પ્રત્યે વિશ્વાસ વધતો ચાલેલો.

આમ, પોતાના વર્તન દ્વારા યુવાધનને ધર્માભિમુખ કરતા સ્વામીશ્રી મદુરાઈથી વિદાય લઈ ડીંડીગલને પાવન કરતાં તા. ૨૪/૨ની સવારે તિરુચિરાપલ્લી પધાર્યા. અત્રેથી સાંજે પાંચ વાગ્યે શ્રીરંગક્ષેત્રમાં જઈ ભવ્ય મંદિરનાં દર્શન કર્યાં. ત્યારબાદ રાત્રે તિરુચિરાપલ્લીમાં કથાવાર્તા કરી સ્વામીશ્રી અને સંતો ગુજરાતી સમાજની વાડીમાં આરામ માટે સૂતા.

પરંતુ અહીં રાત્રે અઢી વાગ્યે અચાનક બુમરાણ મચી ગઈ. 'ચોર... ચોર...'નો દેકારો મચાવતું ત્રણસો માણસોનું ટોળું લાકડીઓ પછાડતું વાડીની આસપાસ ઘૂમરાવા લાગ્યું. 'કો'ક ચોર ભાગતો-નાસતો આ વાડીમાં ભરાયો છે', તેવી મજબૂત શંકાના કારણે આ સૌ તસ્કરની પાછળ ભુરાયા થયેલા. કોલાહલને કારણે સ્વામીશ્રી પણ જાગી ગયા અને તેઓ હાથમાં ટૉર્ચ લઈ કેવળ ધોતિયાભેર ઉપરના માળે આવેલા ચોક તરફ ચાલવા લાગ્યા. અંધારું અને અજાણ્યું સ્થાન હોવા છતાં આવા ભયભીત માહોલમાં એકલપંડે જતાં તેઓને કોઈ ડર નહોતો.

તેઓ મકાનના ધાબા પર આવેલી ટાંકી પાસે આવીને ઊભા રહી ગયા. ચોર તે ઢાંકણા વગરની ટાંકીમાં જ પડી ગયો હતો! થોડી વારમાં સંતો પણ આવી પહોંચ્યા. તેથી સ્વામીશ્રીએ કહ્યું: 'તેને બહાર કાઢો.' ચોરને બહાર કાઢ્યો ત્યારે તે ભયનો માર્યો ધ્રૂજી રહેલો. પણ સ્વામીશ્રીએ કહ્યું:

'આને પાણી પાવ.'

આ શબ્દો તે ચોર ભાષાભેદને કારણે સમજી ન શક્યો, પણ સ્વામીશ્રીની શાંત, કરુણાસભર મુખાકૃતિ જોતાં તેને સલામતી જરૂર અનુભવાઈ.

સ્વામીશ્રીએ આગળ સૂચના આપી કે 'તેને બહાર પણ નહીં જવા દેતા. લોકો લાકડીઓ લઈને ઊભા છે. બિચારાને ટીપી નાંખશે.'

ચોરનું સદ્‌ભાગ્ય એ રહ્યું કે ખોટું કામ કરવા નીકળેલો તે સાચા ઠેકાણે આવી ચડેલો! તેનું રહ્યું-સહ્યું પુણ્ય તેને *'જાકો કોઈ નહીં આ જગમેં, તાકે હો તુમ નાથ સહાયે...'* સમા સ્વામીશ્રીના શરણે ઢસડી લાવેલું. થોડી વારમાં પોલીસ આવીને તે ચોરને લઈ ગઈ. સ્વામીશ્રીને કારણે તે અસહ્ય મારપીટથી બચી ગયો. રાત્રે સાડા ત્રણ વાગ્યે મામલો થાળે પડ્યો પણ સૂવા ગયેલા સંતો તો ક્યાંય સુધી સ્વામીશ્રીની નિર્ભયતા અને કરુણાને જ વાગોળતા રહ્યા.

મર્યાદા અને મદદનો મેળ

તિરુચિરાપલ્લીથી સ્વામીશ્રી તા. ૨૫/૨ની સવારે વિદાય લઈ કુંભકોણમ્‌ના ચક્રપાણિ મંદિર, રામસ્વામી મંદિર, કુંભેશ્વર મહાદેવ, સારંગપાણિ મંદિર, મહામાઘકુલમ્ સરોવર વગેરેનાં દર્શન કરી મન્નારગુડી પધાર્યા. અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક રાજગોપાલના વિશાળ મંદિરમાં શીશ નમાવી તંજાવુરના બૃહદીશ્વર સ્વામી મંદિરમાં દર્શન કર્યાં અને રાત્રે પુનઃ તિરુચિરાપલ્લી આવી પહોંચ્યા.

અહીંથી તા. ૨૬/૨ના રોજ વિલ્લુપુરમ્‌ને પાવન કરી રાત્રે દસ વાગ્યે ચેન્નાઈ પધાર્યા.

અત્રે મીન્ટ સ્ટ્રીટના ઓમનિકેતનમાં રોકાયેલા સ્વામીશ્રીએ બે દિવસ સુધી સભાઓ તથા પધરામણીઓનો લાભ આપી સૌને રાજી કર્યા. તા. ૨૮/૨ની બપોરે તો શહેરની વૈષ્ણવ હાઈસ્કૂલ અને એ. બી. પારેખ હાઈસ્કૂલમાં જઈ વિદ્યાર્થી આલમને પણ માર્ગદર્શન પૂરું પાડ્યું. અંતે તા. ૧/૩ની સવારે નિર્જળા ઉપવાસને સાથે લઈ સ્વામીશ્રી ચેન્નાઈથી બૅંગ્લોર જવા નીકળ્યા.

આ મુસાફરીમાં લગભગ અગિયાર વાગ્યાના સુમારે તેઓની ગાડી ચિત્તુર આગળથી પસાર થઈ રહેલી. તે વખતે રસ્તાની એક કોરે અટકેલી મોટર પાસે ઊભા રહી બે મહિલાઓ અને એક પુરુષે મદદ માટે હાથ હલાવ્યો. તે જોઈ ગાડીચાલક અરુણભાઈએ ગાડી થંભાવી. નીચે ઊતરી તપાસ કરતાં

ખબર પડી કે પોતાનાં માતુશ્રી અને પટાવાળાને લઈ નીકળેલાં ચિત્તુરનાં મહિલા કલેક્ટર પંક્ચર પડતાં અટકી પડ્યાં છે. પૈડું કાઢતાં એ ત્રણમાંથી કોઈને ફાવતું નહોતું. તેથી હરિભક્તે તે કામ માટે પ્રયત્ન કર્યો, પણ તેઓ તેમાં ન ફાવ્યા.

આ સમયે સ્વામીશ્રીએ સંતોને મદદરૂપ થવા આજ્ઞા કરી. તેઓમાં ધર્મ-નિયમની દૃઢતા ખરી, પણ જડતા નહીં. તેથી મર્યાદા અને મદદનો મેળ તેઓ ખૂબીથી બેસાડી શકતા.

સ્વામીશ્રીનો આદેશ ઝીલતાં સંતોએ મહિલાઓને દૂર કરાવી ફસડાઈ પડેલું પૈડું કાઢી સ્પેરવ્હીલ જોડી આપ્યું. સમયસરની આ મદદથી તે કલેક્ટર ખૂબ રાજી થઈ ગયાં અને ચિત્તુરમાં પોતાના ઘેર પરોણાગત સ્વીકારીને જવા પ્રેમાગ્રહ કર્યો. પરંતુ સ્વામીશ્રીને તો સેવામાં જ રસ, સન્માનમાં નહીં. તેથી તેઓ સવિનય 'ના' કહેવડાવી આગળ વધી ગયા અને બપોરે દોઢ વાગ્યે બૅંગ્લોર આવી પહોંચ્યા. અહીં શહેરના રેલવે સ્ટેશનના ચોકમાં જેસીઝ ક્લબના સહયોગથી સંસ્થાના યુવકો દ્વારા તૈયાર થયેલી ટ્રાફિક પોલીસની છત્રીનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીના વરદહસ્તે થયું ![૪૨]

ભક્તિ વિના પળ એક ન વીતે

તા. ૨/૩ના રોજ હવાઈમાર્ગે બૅંગ્લોરથી મુંબઈ આવી ગયેલા સ્વામીશ્રીએ અહીં યોજાયેલી પ્રતીક ફૂલદોલોત્સવની સભામાં અમૃતધારા ચલાવતાં જણાવ્યું કે "ગમે તેટલો સત્સંગ કરાવીએ પણ 'હે મહારાજ ! તમારા રાજીપા માટે છે. અમારા કલ્યાણ માટે કર્યું છે.' એવો ભાવ રાખી અભિમાન ન કરવું. દૂધ આખરીએ ને પછી વારેવારે આંગળી ઘાલ્યા કરીએ તો દહીં ન થાય. પણ ઢાંકી રાખ્યું હોય તો સવારે મજાનું દહીં જામી જાય. માટે જે નિષ્ઠા થઈ તેને સ્થિર રાખવી."

આ આશીર્વર્ષા બાદ સૌ પર પુષ્પવર્ષા કરીને સ્વામીશ્રીએ ફૂલદોલનો લાભ આપ્યો. ત્યારબાદ 'વેસ્ટર્ન એક્સપ્રેસ' દ્વારા તા. ૩/૩ની સાંજે વડોદરા

---

૪૨. સ્વામીશ્રીએ દક્ષિણ ભારતમાં પ્રસરાવેલી દિવ્યતાની આ લહેર માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

પધાર્યા. અહીં સ્ટેશનેથી સીધા જ પધરામણીએ નીકળી પડેલા તેઓએ ગાંધી નગરગૃહમાં દ્વિશતાબ્દી ઉપક્રમે યોજાયેલા યુવક મંડળના વિશિષ્ટ કાર્યક્રમમાં હાજરી આપી, રાત્રે દોઢ વાગ્યે અટલાદરા મંદિરે જઈ વિશ્રામ કર્યો.

અટલાદરાથી બોચાસણ થઈને સ્વામીશ્રી તા. ૪/૩ની રાત્રે પોણા એક વાગ્યે સારંગપુર પધાર્યા. અહીં તેઓની નિશ્રામાં તા. ૫/૩ના રોજ ભગતજી મહારાજનો જન્મોત્સવ અને તા. ૬/૩ના રોજ ફૂલદોલોત્સવ ધામધૂમથી ઊજવાયા. આ ઉત્સવ-સભાથી પરવારી સ્વામીશ્રીએ બપોરે પોણા ત્રણ વાગ્યે ભોજન કર્યું. ત્યારબાદ રાત્રે આઠ વાગ્યા સુધી એક જ આસને બિરાજી સૌને માર્ગદર્શન આપતા રહ્યા! તેઓ જ્યારે કોઈ પણ કાર્ય હાથમાં લેતા ત્યારે શરીર, સમય, સ્થળ, સંજોગ વગેરે સઘળું ભૂલી જતા.

...પણ તેઓ કદી ન ભૂલતા શ્રીજીમહારાજ અને ગુરુવર્યોને.

તા. ૭/૩ની સવારે સાડા અગિયાર વાગ્યે સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લઈ રહેલા. તેથી મંદિરમાં દર્શન કરી નીચે ઊતરી તેઓ ગાડીમાં બિરાજ્યા. હવે રાજકોટ જવાનું હોવાથી દરવાજાની બહાર નીકળી ડ્રાઈવરે ગાડી ડાબી તરફ વાળી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: ‘ગાડી પાછી વાળો. સ્મૃતિ-મંદિરે દર્શન કરવાં છે.’

‘સ્મરણથી કરી લ્યો ને!’ એક સહપ્રવાસી સંતે કહ્યું.

ત્યારે ‘ના’ કહેતાં સ્વામીશ્રીએ ગાડી સ્મૃતિમંદિરે લેવડાવી અને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન-પ્રદક્ષિણા કરીને જ નીકળ્યા.

સ્વામીશ્રીની આ ક્રિયામાં વિદાય લેતી વખતે ઠાકોરજીનાં દર્શન ન ચૂકવાની સાંપ્રદાયિક પ્રણાલિકાનું જતનમાત્ર નહોતું, પણ તેઓના રોમરોમમાં ખૂંપેલી-ખીલેલી ગુરુભક્તિનું દર્શન પણ હતું.

ઊઘડ્યાં મારા અંતરનાં દ્વાર

સારંગપુરથી બોટાદ પધારેલા સ્વામીશ્રી અહીંથી રાત્રે પોણા બાર વાગ્યે રાજકોટ પહોંચ્યા અને તે સમયે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. આમ તો તેઓ બોટાદથી સીધા જ રાજકોટ પહોંચી શકે તેમ હતા, પરંતુ લીંબડીમાં એક હરિભક્તની દુકાનનું ઉદ્‌ઘાટન કરવા માટે સ્વામીશ્રીએ માર્ગ બદલેલો. તેને કારણે વિલંબ થતાં, તેઓનું રાત્રિભોજન છેક પોણા બાર વાગ્યા સુધી ઠેલાઈ ગયું! ભક્તો માટે ભરેલાં ભાણાં હડસેલતા સ્વામીશ્રીની આ ભક્તવત્સલતાના

સામે પલ્લે કોણ બેસી શકશે ?!

તેઓની આકાશ જેવી આ અસીમ આત્મીયતામાં, તા. ૮/૩ની સાંજે સાડા ચાર વાગ્યે તો રાજકોટનો કેન્દ્રીય કારાવાસ પણ સમાઈ ગયો. અમદાવાદની જેલમાં સ્વામીશ્રીની પધરામણીએ સર્જેલાં શુભ પરિણામોમાંથી પ્રેરણા લઈને રાજકોટમાં પણ આવો પ્રસંગ યોજવામાં આવેલો. અહીં સ્વામીશ્રીના સ્વાગતમાં ઊભા રહેલા જેલના કાર્યવાહકો તેઓને સભાસ્થળ સુધી દોરી ગયા. અત્રે બંદીવાનોના પ્રતિનિધિરૂપે એક કેદી સ્વામીશ્રીને સૂતરની આંટી પહેરાવવા આવ્યો, પણ સ્વામીશ્રીએ પ્રથમ તે ઠાકોરજીને ધરી, ત્યારબાદ જ પોતે ગ્રહણ કરી. જેલ હોય કે મહેલ, સ્વાગત-સામગ્રીમાં સૂતર હોય કે સોનું – સ્વામીશ્રીની ભક્તિની રીતિ એકસરખી જ રહેતી.

સ્વાગતના ક્રમમાં અન્ય બે કેદીબંધુઓએ સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવ્યા. તે હાર સ્વામીશ્રીએ તેઓને જ પાછા પહેરાવ્યા ત્યારે સ્વામીશ્રીનો પ્રેમ પામી તેઓ ગદ્‌ગદ બની ગયા. ધુત્કારથી ટેવાયેલા તેઓને પહેલી વાર સત્કારનો સ્વાદ ચાખવા મળ્યો. હારતોરાવિધિ બાદ જેલર શ્રી રાષ્ટ્રપાલે સ્વાગતોર્મિઓ વહાવી. તે પછી કેદી ભાઈઓએ સિતાર, દિલરુબા, તબલાં વગેરે વાદ્યો સાથે *'જય જનની જય જીવનધાત્રી...'* પદ શાસ્ત્રીય રાગમાં છેડ્યું. આ ભજનના સૂરો શમતાં જ સ્વામીશ્રીની વાણીવીણા ગુંજવા લાગી :

''માનવમાત્ર ભૂલને પાત્ર છે. ભગવાન ભૂલ ન કરે. બાકી બધા ભૂલ કરે છે. છતાં ભૂલને ઓળખી તેને સુધારવી અને પાછા વળવું એ મનુષ્યનું કર્તવ્ય છે. ભગવાન અને સંત અધમોદ્ધારક છે. 'વિષય, વ્યસન ને વહેમ, પ્રભુ ભજવા દે કેમ ?' એ લોકોક્તિ સત્ય છે. અમારી જોયેલી આ વાત છે. એક ભાઈને અફીણનું બંધાણ થયેલું. તેની ૪૦૦-૫૦૦ વીઘા જમીન હતી. પણ વ્યસનમાં તે બધી વેચાઈ ગઈ. પછી ચોરી ને જુગાર શરૂ કર્યો. તે મંદિરમાં આવે ત્યારે અમને દયા આવે એટલે તેને થોડા પૈસા અનાજ લેવા આપીએ. પરંતુ તે તેનું અફીણ જ ખરીદે ! પછી તો લોટ આપવા માંડ્યા તો તે લોટ વેચીને અફીણ ખાય. છેવટે તે પગ ઘસીને બૂરી હાલતે મરી ગયો. માટે વિચાર કરીને પગલું ભરવું.

વેરથી વેર શમતું નથી, પણ વધે છે. કૂતરું ભસ્યું તો તેને બટકું ભરવા જતા નથી. કોઈએ ખોટું કાર્ય કર્યું તો આપણે તેમ ન કરવું. આ કોર્ટમાં ગુનેગાર કદાચ નિર્દોષ છૂટી જાય, પણ ભગવાનની કોર્ટમાં નહીં છૂટે. 'બધા જ

ભગવાનના બાળકો છે' તેમ માનવું. કોઈ દુશ્મન નથી. સત્તા, પૈસા અને લોકમાં મોટા થવા માટે જીવનું ખોટું ન કરવું. પૈસાવાળા ન થઈએ તેનો વાંધો નહીં. ભલે રોટલો ને ભાજી ખાઈશું પણ પવિત્ર રહેશું – એવો નિર્ધાર કરવો.''

સ્વામીશ્રીએ પ્રગટાવેલી આ જ્ઞાનજ્યોતથી સામે બેઠેલા ૨૦૦ કેદીઓનાં અંતરમાં અજવાળું થઈ ગયું. તેના પુરાવારૂપે એક કેદીએ આગળ આવી વાત કરી: 'અમે ભૂલો કરીને બહારથી અંદર જેલમાં આવ્યા. હવે અમે ખાતરી આપીએ છીએ કે બહાર જઈને દિવ્ય જીવન જીવીશું.'

એક કેદીને તો એવો પ્રેમ આવી ગયો કે તેણે કહ્યું: 'હું યોગીબાપાનું એક કીર્તન ગાઉં?' અને અનુમતિ મળતાં તેણે લલકાર્યું: 'યોગી તું તો સંત કે'વાણો...' ત્યારબાદ સર્વે બંદીજનોએ સુસ્પષ્ટ ઉચ્ચારે 'ગીતા'માં વર્ણવેલા સ્થિતપ્રજ્ઞ પુરુષના શ્લોકોનું સમૂહગાન કર્યું. તેઓ જે ગાતા હતા તે જ સ્વામીશ્રીમાં જોતા હતા. તેથી તેઓના સ્વરમાં બુલંદી ભળી. સ્વામીશ્રીના આગમને ચારેબાજુ એવી પવિત્રતા લીંપી દીધી કે કારાવાસના અધિકારીઓ બોલી ઊઠ્યા: 'આ તો અહીં નાનો કુંભમેળો થઈ ગયો! કેદીઓનાં અને અમારાં મોટાં ભાગ્ય કે ઘેર બેઠાં ગંગા આવી!'

પણ હવે આ ગંગાને જેલમાંથી વિદાય લેવાની વેળા આવી પહોંચી. તેથી સંકુલના શિષ્ટાચાર મુજબ ત્રણ વાર 'જય હિંદ'નો ઘોષ ઊઠ્યો. તે શમતાં જેલ સુપરિન્ટેન્ડન્ટ શ્રી ઢીંગરાએ કેદીઓને સૂચના આપી: 'તમે અહીં બેસી ભજન ગાઓ. પૂજ્ય સ્વામીશ્રી વિદાય લેશે.'

પણ મેઘને જોઈને મયૂર હુલસે તેમ સ્વામીશ્રીની કૃપાવર્ષાથી સૌના મનમયૂર નાચી ઊઠેલા. તેથી કેદીઓએ તો કમરે તબલાં બાંધ્યાં અને ઝાંઝ-પખવાજ લઈ ઊભા થઈ ગયા. સ્વામીશ્રીને છેક મુખ્ય દરવાજા સુધી વળાવવા જવાના તેઓને ઓરતા જાગી ગયા. તેઓનો ઉમંગ જોઈ જેલના અધિકારીઓને નમતું જોખવું પડ્યું. સ્વામીશ્રીની આગળ રાસ લેતાં કેદીઓએ કીર્તન ઉપાડ્યું: *'આશા ભરેલાં અમે આવ્યા ને મારે વ્હાલે રમાડ્યા રાસ...'* આ કીર્તન પૂરું થયું ત્યાં જ બીજા કીર્તનની તાન છેડાઈ ગઈ: *'શેરી વળાવી સજ્જ કરું, ઘેર આવો રે...'*

આમ, સૌ ગાતા જાય અને ઠેક ભરતા જાય. લયબદ્ધ કીર્તન, સૂરબદ્ધ ગાયન અને તાલબદ્ધ વાદનની જબરી ત્રિવેણી જામી ગઈ. સૌને લાગ્યું: 'કાયાને કેદ કરી શકાય પણ કળા અને કંઠને કોઈ કેદી બનાવી શકે એમ નથી.'

જેલના સુરક્ષાસંત્રીઓ પણ કેદીઓના તાલે તાલ મેળવતાં ચાલતા હતા.

અંતે તોતિંગ લોખંડી દરવાજો આવી ગયો, પણ કેદીઓનાં હૈયે ચડેલી ભાવની ભરતીને તે ખાળી ન શક્યો. ત્યાં ચોકમાં કેદીભાઈઓએ કૃતાર્થભાવે છેલ્લું ભજન લલકાર્યું: *'આવ્યા છે ગોકુળ તારવા છબીલો લાલ, આવ્યા છે ગોકુળ તારવા...'* પોતાને તારવા આવેલા સ્વામીશ્રીનાં ચરણોમાં આ છેલ્લી અંજલિ બંદીવાનોએ અર્પણ કરી. દુનિયાને જોવા જેવું દૃશ્ય કેદખાનાની ચાર દીવાલો વચ્ચે સર્જાઈ રહ્યું ! સ્વામીશ્રીએ સૌની ભાવભીની વિદાય લેતાં કહ્યું: 'તમારા બધાનાં વર્તન સારાં છે. અમે મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે તમને વહેલા છોડી દે.'

આ આશીર્વાદ આપીને સ્વામીશ્રી નીકળ્યા અને જેલનો લોખંડી દરવાજો ભિડાયો. પણ સૌ કેદીઓ મુક્તકંઠે ગાઈ રહેલા: *'ઊઘડ્યાં મારા અંતરનાં દ્વાર, હું થયો ભવજળથી પાર; જીવન જડાણું રે વા'લાની વાતમાં...'*

અહીંથી સ્વામીશ્રીને અધિકારીઓએ પોતાની કચેરીમાં પધરાવ્યા. ત્યાંથી કેદીઓની હુન્નરશાળામાં પગલાં કરાવવામાં આવ્યા. અત્રે કેદીઓએ બનાવેલાં રમકડાં વગેરે વિવિધ ચીજો મૂકવામાં આવેલી. ત્યાં ઊભેલા એક કેદીને કંઠી ધારણ કરવાની ઇચ્છા થતાં સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવી ભવબંધનની જેલમાંથી મુક્ત કર્યો.

આમ, કારાવાસને પણ કલ્યાણકેન્દ્ર બનાવી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે તેઓની કરુણાનું વધુ એક પ્રકરણ ઇતિહાસના કાળજે કોતરાઈ ગયું.

વચન વા'લાનાં વા'લાં કરી

રાજકોટથી સ્વામીશ્રી તા. ૮/૩ની સાંજે જાયવા પધાર્યા. અહીં ભક્તોના ઉત્સાહથી યોજાયેલા પંચદિવસીય પારાયણ દરમ્યાન તેઓની પધરામણીની ગંગા પણ ગામની શેરીએ-શેરીએ ફરી વળી. તેણે ધ્રોળ, ભાદરા અને ડાંગરાને પણ પાવન કર્યાં.

આ કાર્યક્રમના દોરમાં તા. ૯/૩ના રોજ સ્વામીશ્રી જાયવાના મંદિરમાં ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તેઓની સામે બેસીને સૌ ભક્તો દર્શનનું અમૃત ગટગટાવી રહેલાં. પણ તે ભક્તોની પાછળ ઓરડાની બહારના ભાગમાં મહિલાઓ પણ આ લહાવો લૂંટવા બેઠાં છે તે વિગત સ્વામીશ્રીની જાણમાં આવતાં તેઓએ ઓરડાનું બારણું બંધ કરવાની સૂચના આપી. તેથી બાઈઓને

દર્શન બંધ થયાં પણ *'વચન વા'લાનાં વા'લાં કરી, પ્રસન્ન મને રાખ્યાં પ્રીત શું...'*ની રીતે રહેનારા સ્વામીશ્રીની મૂર્તિ તેઓનાં અંતરમાં અંકાઈ ગઈ.

અહીં તા. ૧૧/૩ના રોજ કથાલાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાન પોતે નિર્માનવલ્લભ છે. આપણું અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન સો ટચનું છે.'

આજે ભગવાનનું એક નવું નામ તેઓના મુખેથી સરી પડ્યું !

આ ગામની ભાગોળે શ્રીજીમહારાજ જે ખીજડા નીચે કલાક રોકાયેલા ત્યાં ઓટો કરવાના નિર્માણ-કાર્યનો પ્રારંભ પણ સ્વામીશ્રીએ વિધિવત્ કરી આપ્યો. કોદાળી હાથમાં લઈ ભૂમિખનનનો પ્રથમ ટચકો તેઓએ માર્યો ત્યારે જયનાદોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. શ્રીજીમહારાજનાં વચનોને પોતાના જીવન દ્વારા અમર રાખનારા સ્વામીશ્રીએ શ્રીજીનાં ચરિત્રોને પણ આવાં સ્મૃતિસ્થાનો બનાવી હરહંમેશ ધબકતાં રાખ્યાં છે.

ઑપરેટરમાંથી ડૉક્ટર

જાયવામાં તા. ૧૨/૩ના રોજ પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી ગોંડલને લાભ આપતાં તા. ૧૪/૩ની સવારે નિંગાળા આવી પહોંચ્યા. અત્રે ગામની હાઈસ્કૂલના નવા મકાનનો ખાતવિધિ કર્યા બાદ પાટી, સુરકા, ઉગામેડી, ગઢડા, અમરેલી થઈને ચલાલા પધાર્યા. અહીં કસ્તૂરબા-પરામાં નિર્માણ પામેલા હરિમંદિરમાં તા. ૧૫/૩ના રોજ તેઓનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

આમ, વિદ્યામંદિર અને મંદિર – બંનેને ઉત્તેજન આપતાં સ્વામીશ્રી ચલાલાથી ધારી, સાવરકુંડલા, બાઢડા થઈને મોટી વડાળ પધાર્યા. અહીં પણ તા. ૧૬/૩ની સવારે ગામના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રાણ-પ્રતિષ્ઠા તેઓએ કરી. પ્રતિષ્ઠા બાદ સરેરા, મહુવા, તળાજાને પાવન કરતાં પાલિતાણા આવી પહોંચ્યા. અત્રે તા. ૧૭/૩ની સવારે મંદિરનું ખાતમુહૂર્ત કરી તેઓએ કલ્યાણના વધુ એક કેન્દ્રનાં શ્રીગણેશ કરી આપ્યાં. ત્યારબાદ પીપળિયાને ૪૦ પધરામણીઓથી ધન્ય કરતાં સ્વામીશ્રી વરતેજને લાભ આપી તા. ૧૮/૩ની સાંજે ભાવનગર આવી પહોંચ્યા.

છેલ્લા પાંચ દિવસમાં તેઓએ ખેડેલાં અઢાર ગામોના આ વિદ્યુતવેગી વિચરણમાં અમરેલીની કામાણી સાયન્સ કૉલેજમાં ભણતો વિદ્યાર્થી હર્ષદ જોષી તેઓની નજરે ચડેલો. આ વર્ષે પ્રિ-સાયન્સની પરીક્ષા આપનારા આ

યુવાનને મુખ્ય પરીક્ષા પૂર્વે લેવાયેલી પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં માત્ર ૩૫ ગુણાંક જ આવતાં તેનું મન પરીક્ષામાંથી ઊઠી ગયેલું. બરાબર એ જ વખતે તેના ઓલ્ડ એસ.એસ.સી.ના પરિણામના આધારે તેને માસિક ૨,૨૦૦ રૂપિયાના પગારવાળી ટેલિફોન ઑપરેટરની નોકરીનો નિમણૂકપત્ર સરકાર તરફથી મળેલો. અભ્યાસના ડૂબતા વહાણ વખતે જ આવેલો આ પત્ર તેને 'લાઈફ જેકેટ' જેવો લાગેલો. તેને ઑફર થયેલી પગારની રકમ તેના પિતાને મળતાં પગાર કરતાં લગભગ ત્રણ ગણી વધારે હતી. તેથી આ યુવાને પ્રિ-સાયન્સની પરીક્ષાનું માંડવાળ કરી ટેલિફોન ઑપરેટરની નોકરી પર મહોર મારી દીધેલી. હવે પરીક્ષાની કોઈ ચિંતા ન રહેતાં તે સ્વામીશ્રીનો લાભ લેવા સાથે ફરી રહેલો.

પણ તેને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તારે તો પરીક્ષા આવતી હતી ને ?'

સ્વામીશ્રીની આ જિજ્ઞાસાનો જવાબ વાળતાં તેણે ઉપર વર્ણવેલો ઘટનાક્રમ કહી સંભળાવ્યો. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અંગ્રેજી સિવાયના વિષયોમાં કેવું પરિણામ આવ્યું છે ?'

'તેમાં તો સારા માર્ક્સ મળ્યા છે.'

'તો તું અંગ્રેજીમાં વધુ મહેનત કર. આપણે તો ડૉક્ટર બનવાનું છે.'

સ્વામીશ્રીના આ શબ્દોથી તે યુવાન આશ્ચર્ય અને આઘાત એકસાથે અનુભવી રહ્યો. જે વાત તેને પહોંચ બહારની જણાતી હતી તે સ્વામીશ્રી સાકાર કરવાનું જણાવી રહેલા એ વાતનું આશ્ચર્ય અને જે અભ્યાસ બાબતે પોતે મનમાં મોટું મીંડું વાળી દીધું છે તેને ફરી ઉખેળવો પડશે – એ વિચારથી આઘાતની મિશ્ર લાગણીમાં તણાતો એ યુવાન તાત્કાલિક કોઈ પ્રતિભાવ ન આપી શક્યો. પણ સ્વામીશ્રીએ પ્રોત્સાહનનો પવન ફૂંકી તેને પરીક્ષા આપવા બાબતે સાબદો કરી દીધો. પોતાનો લાભ લેવાનું છોડાવીને અભ્યાસમાં જોતરી દીધો.

પરીક્ષાને માંડ મહિનો જ બચ્યો હતો, પણ પોતાની કારકિર્દીમાં સ્વામીશ્રીએ લીધેલો રસ અને તેઓના આશીર્વાદનાં હલેસાંથી એ યુવાન કસોટીની વૈતરણીને સફળતાપૂર્વક પાર કરી ગયો. પ્રિ-સાયન્સની પરીક્ષાના પરિણામમાં તે સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીજા નંબરે ઉત્તીર્ણ થયો ! તેને મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળી ગયો અને સમય જતાં તે ડૉક્ટર (ઑર્થોપીડિક સર્જન) પણ બની રહ્યો !!

પ્રેરણાત્મક પ્રવચનોના પ્રવક્તાઓ(motivational speakers) તગડી ફી વસૂલીને પણ જે પરિણામ કદાચ ન નિપજાવી શકે, તે સ્વામીશ્રી સાધારણ વાર્તાલાપથી લાવી દેતા. મનુષ્ય-નિર્માણની કળા(An art of man-making)ના કુશળ કસબી હતા તેઓ !

તે સંબોધન બીજાને ન કરાય

ભાવનગરમાં તા. ૧૯/૩થી સાત દિવસના પારાયણ-સત્રનો પ્રારંભ કરનારા સ્વામીશ્રીએ પારાયણના આ પ્રવાહની સાથે સાથે શહેરમાં તથા ઓદરકા, કોબડી, શિહોર, ચિત્રા ગામોમાં પધરામણીઓ કરી કેટલાયને સત્સંગમાં અભિરુચિ જગાડી. કવિ સંમેલન અને કીર્તન આરાધનાના ભવ્ય કાર્યક્રમો પણ યોજાયા. તેમાં *'મારા વ્હાલાજી શું વા'લપ દીસે રે...'* કીર્તન ગાઈને સ્વામીશ્રીએ સૌને નાદબ્રહ્મનો અનુભવ કરાવી દીધો.

આ ક્રમમાં તા. ૨૪/૩ના રોજ સ્વામીશ્રી રાત્રિસભામાં બિરાજેલા ત્યારે જાણીતા કવિ શ્રી ત્રાપજકરે એક સ્વરચિત કીર્તન ગાવવું શરૂ કર્યું. તેમાં તેઓએ *'સત્સંગી સૌ અક્ષર સમ છે, પ્રમુખસ્વામીજી પુરુષોત્તમ છે...'* કડીને ધ્રુવપંક્તિ રાખી હતી. પરંતુ એ પ્રથમ વાર જ ગવાઈ ત્યાં તો સ્વામીશ્રીએ તે ગાવા પર રોક લગાવી દેવાની સૂચના આપી. છતાં 'निरङ्कुशाः कवयः'ની ઉક્તિ સાર્થક ઠેરવતાં એ કવિ પોતાની તાનમાં ગાતા જ રહ્યા. તેથી તેઓને બોલાવી વિવેકપૂર્ણ રીતે સિદ્ધાંતની સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પુરુષોત્તમ એક ભગવાન શ્રીજીમહારાજ જ છે. તે સંબોધન બીજાને ન કરાય. મહારાજ સંત દ્વારા કાર્ય કરે છે, પરંતુ પુરુષોત્તમ નારાયણ તો અગાધ ને અગાધ છે. તેમના ગમે તેટલા ગુણો આપણે પ્રાપ્ત કરીએ તોય તેઓ પરના પર છે.'

આ જ વાત તેઓએ સભાના આશીર્વાદમાં પણ દોહરાવી.

અનંત કલ્યાણકારી ગુણોના ધારક હોવા છતાં સ્વામીશ્રી *'શ્રીહરિકો જાચક અહં, શ્યામ નામ સમરથ'*ની રીત મુજબ સદા દાસ જ રહેલા.

કાર્યકરો કાળજાના કટકા

તા. ૨૫/૩ના રોજ ભાવનગરમાં પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી ટાણા, વલ્લભીપુર, રાજસ્થળી, પાટણા, પાણવી, રામપુરાને લાભ આપતાં તા. ૨૬/૩ની રાત્રે અમદાવાદ પધાર્યા. અહીં આજે પ્રેમાભાઈ હૉલમાં દ્વિશતાબ્દી

મહોત્સવ ઉપક્રમે યોજાયેલી કીર્તન આરાધનામાં તેઓએ *'તારો ચટક રંગીલો છેડલો...'* પદ ગાઈ સૌને રસતરબોળ કરી મૂક્યા.

બીજે દિવસે પણ આ જ હૉલમાં સાંજે ૪:૦૦ થી ૭:૦૦ અને રાત્રે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી બાળ-યુવક મંડળ દ્વારા વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા. સ્વામીશ્રીએ વારાફરતી બંને કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી લાભ આપ્યો.

આ જ ઉત્સાહથી તેઓ તા. ૨૮/૩ની રાત્રે અમદાવાદના મંદિરમાં આયોજિત સર્વધર્મ-સંમેલનમાં પધાર્યા. આ સંમેલનના મંચ પર હિંદુ, પારસી, મુસ્લિમ, શીખ ધર્મગુરુઓનાં દર્શન-પ્રવચનથી સમગ્ર વાતાવરણમાં ધાર્મિક એખલાસની ખુશ્બૂ પ્રસરી રહી.

તા. ૨૯/૩ના રોજ શ્રીજીમહારાજનો પ્રાગટ્યોત્સવ પણ ધામધૂમથી ઊજવાયો. આ પ્રસંગે સો સંતો અને અઢી હજાર હરિભક્તોની ભવ્ય પ્રભાત-ફેરીમાં સ્વામીશ્રી આંબલીવાળી પોળથી જૂના સ્વામિનારાયણ મંદિરે થઈ શાહીબાગ પધાર્યા. અહીં તેઓના વરદહસ્તે હરિકૃષ્ણ મહારાજના ખંડમાં સુવર્ણ સિંહાસન પ્રતિષ્ઠિત થયું.

અમદાવાદના આ રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ એક વાર સંસ્થાની યુવાપાંખના કાર્યકર શ્રી નિર્મળસિંહ રાણાને પોતાના ઓરડામાં મળવા બોલાવ્યા. ગામડે-ગામડે ઘૂમીને સત્સંગ-પ્રચારની સેવા કરતા આ કાર્યકર માટે તેઓએ મોટરસાઈકલની વ્યવસ્થા કરી આપેલી. સ્વામીશ્રી સ્વયં અગવડની સડકે જ સેવાની ગાડી દોડાવતા રહેલા. પરંતુ તેઓની ખાસિયત એ હતી કે કોઈ પણ સંત-ભક્તને તેઓ કંઈપણ સેવા સોંપે તો તેની આનુષંગિક સવલતો પૂરી પાડવાનો ખૂબ ખ્યાલ રાખતા. વળી, તે સંબંધી માહિતી પણ સમયે-સમયે મેળવતા રહે. તે મુજબ જ્યારે આ કાર્યકર ભેગા થાય ત્યારે સ્વામીશ્રી તેઓને પૂછતા રહેતા કે 'વાહન કેટલી ગતિએ ચલાવો છો? રોજ કેટલાં ગામ ફરો છો? બળતણની એવરેજ કેટલી આવે છે?' વગેરે.

આજે સ્વામીશ્રીએ મળવા બોલાવ્યા છે તે જાણી નિર્મળસિંહના મનમાં આ જ વિચારો ઘોળાતા હતા કે 'સ્વામીશ્રી કંઈક કાર્યલક્ષી પૂછપરછ કરશે.' આ અનુમાન સાથે તેઓ ઓરડામાં પ્રવેશ્યા ત્યારે ત્યાં અન્ય એક યુવાન હર્ષદ ચાવડા પણ બેઠેલા. સ્વામીશ્રીએ તેઓને ઇશારો કરી કંઈક લાવવા જણાવ્યું, એટલે તે યુવાન ઊભા થયા અને પળ - બે પળમાં એક ખોખું લઈ હાજર થયા.

ધીરે ધીરે એ બોક્સનાં વળ ખૂલતાં ગયાં અને અંદરથી નીકળ્યું

હેલ્મેટ! તે બતાવી સ્વામીશ્રીએ નિર્મળસિંહને કહ્યું: 'તમે ગામડાં ફરો છો તો અમને ચિંતા રહેતી. તેથી રસ્તામાં સલામતી માટે આ હેલ્મેટ લાવ્યા છીએ. સાચવીને ચલાવજો.'

સ્વામીશ્રીના શબ્દો સાદા હતા. વાક્યો ટૂંકા હતાં. પણ તેમાં ઘૂઘવતી મમતા પ્રચંડ હતી. તે જમાનો એવો હતો કે જ્યારે પોલીસકર્મી સિવાય કોઈ હેલ્મેટ પહેરતું નહીં. તેઓ પણ તોફાનોમાં લાઠીચાર્જ વખતે પહેરતા. આવા સમયે સ્વામીશ્રીના મનમાં ફૂટેલો આ વિચાર કાર્યકરોને કાળજાના કટકા માન્યા હોય તો જ સંભવી શકે!

નિર્મળસિંહ તો આ માવજતથી મંત્રમુગ્ધ બની ગયા!

ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'હેલ્મેટ જરા પહેરી બતાવો તો!' અને જ્યારે એ હેલ્મેટ યુવાનના શિર પર ગોઠવાયું ત્યારે યુવરાજના શિરે મુકાયેલો મુગટ જોઈ રાજા રાજી થાય, એટલો હરખ સ્વામીશ્રીના મુખ પર છવાઈ ગયો.

સંવાદિતાના સર્જનહાર

તા. ૧/૪ની સાંજે ઓઢવના નિત્યાનંદ સેવાશ્રમમાં પગલાં પાડી કણભા પધારેલા સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત કરતાં સૌએ ખૂબ ગુલાલ ઉડાડ્યો. રાત્રે જાહેર-સભા અને બીજા દિવસે ગામમાં ત્રીસેક પધરામણીઓ પણ ઉમંગભેર થઈ. આ ક્રમમાં સ્વામીશ્રી વચ્ચે કેશવલાલના ખેતરમાં ટ્યૂબવેલનું ઉદ્‌ઘાટન કરવા ગાડામાં બેસીને ગયા અને પાછા વળતાં ટ્રેક્ટરમાં બેસીને આવ્યા. અહીં આવેલી શ્રીજીમહારાજની પ્રાસાદિક છત્રીનાં દર્શન પણ તેઓએ કર્યાં.

આમ, એક દિવસમાં ભરપૂર લાભ આપી સ્વામીશ્રી તા. ૨/૪ની સાંજે છીપડી થઈને અરેરા આવી પહોંચ્યા. અહીં પ્રથમ વાર જ પધારી રહેલા તેઓ તા. ૩/૪ના રોજ ૪૦ પધરામણીઓ દ્વારા ગામને ખેડી, નડિયાદ, ડભાણ, પીપલગ, ધર્મજને પાવન કરતાં બોચાસણ પધાર્યા.

અત્રે તા. ૪/૪ના રોજ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ચૈત્રી પૂનમનો સમૈયો ધામધૂમથી ઊજવાયો. તેમાં જ્ઞાનવાર્તા કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''મોટાપુરુષનાં વચન ઝીલવાં તે મોટી વાત છે. ભગવાન ભજવાનું કહીએ તો કહે, 'અમારે ઘણાં કામ છે.' પણ શું કામ છે? ઢેફું ભાંગીને ધૂળ કરવાનું કામ છે. કોઈ આપણા સામું આંગળી કરે તેવું વર્તન ન કરવું.''

જીવનને કલંકથી મુક્ત રાખવાનો આગ્રહ સ્વામીશ્રીના ઉપદેશ અને

જીવનમાં કાયમ જોવા મળતો; તેમ તેને કજિયાથી મુક્ત રાખવાની નેમ પણ તેઓની સદાની રહેલી. તા. ૫/૪ના રોજ તેઓ બોચાસણથી બોરસદ, વાસણા થઈને ભારેલ પધાર્યા ત્યારે તેનું એક દર્શન લાધ્યું.

આ ગામમાં સ્વામીશ્રી એક હરિભક્તના પ્રાંગણમાં આવતાં જ ચોકમાં બેસી ગયા. તેઓને જાણ થયેલી કે 'અહીં રહેતા બે ભાઈઓ વચ્ચે નજીવી બાબતમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.' તેથી તે બંનેને બોલાવીને સમજાવવા લાગ્યા.

જન્મજાત આપસૂઝ, વર્ષોનો અનુભવ અને શુદ્ધ આશયમાંથી ફૂટી નીકળતા સ્વામીશ્રીના શબ્દપ્રવાહમાં પૂર્વગ્રહોને પીગળતાં વાર ન લાગતી. અહીં પણ તેમ જ બન્યું. દૂર ને દૂર રહેવા મથતા બે બંધુઓ વચ્ચેની મડાગાંઠ સ્નેહગાંઠમાં ફેરવાઈ ગઈ. સજ્જડતા રહી, પણ જડતા ખરી પડી. આ કાર્ય પૂર્ણ કરીને જ સ્વામીશ્રીએ ઘરમાં ચરણ મૂક્યાં! જાણે સમજાવવા ન માંગતા હોય કે સંવાદિતાસભર પરિવારમાં જ તેઓને પગલાં મૂકવાનું ગમે છે!

અહીં ઘરમાં આરતીનો વિધિ કરવા માટે સાથે ફરતા યુવક પ્રવીણભાઈ થાળીમાં મૂકેલી પાંચ દિવેટ પ્રગટાવવા ગયા. પણ એક દિવાસળીથી તે કામ થયું નહીં. તેથી તેઓએ બીજી દિવાસળી સળગાવી ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને રોક્યા અને એક જ દિવાસળીથી પાંચેય દિવેટો એકસાથે કેવી રીતે પ્રગટાવી શકાય તે સમજાવ્યું. સ્વામીશ્રીની આ શીખ એવી તો સ્નેહસભર અને સચોટ રહી કે આ પ્રસંગ બાદ તે યુવાનના જીવનમાં આરતી પ્રગટાવવાના ઘણા અવસર આવ્યા, પણ તે દરેક વખતે તેઓને કદીયે એકથી વધુ દિવાસળી સળગાવવાની જરૂર પડી નહીં![૪૩]

કરોડોનો કારોબાર ચલાવવા છતાં સ્વામીશ્રી કરકસરના પાઠ ખૂબીથી શિખવાડી જાણતા.

કર સંતનું પારખું

ભારેલથી સ્વામીશ્રી વટાદરા, બોચાસણ, કરમસદને પાવન કરતાં તા. ૬/૪ની બપોરે સાડા ત્રણ વાગ્યે વિદ્યાનગરના 'ભાઈકાકા ગ્રંથાલય'માં એક ચિત્રપ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરી રાત્રે પોણા આઠ વાગ્યે તલોદ આવી પહોંચ્યા.

---

૪૩. સ્વામીશ્રીની આ કુશળતાથી પ્રભાવિત એ યુવાન સમય જતાં દીક્ષા લઈ સાધુ ભગવત્ચરણદાસ બન્યા.

આ આગમન સાથે જ સાબરકાંઠાના વધુ એક ઐતિહાસિક વિચરણનો પ્રારંભ થઈ ગયો.

તેના પ્રથમ ચરણમાં તા. ૭/૪ના રોજ વિલિયમપુરા અને મહિયલને લાભ આપતાં સ્વામીશ્રી તલોદની ગુજરાતી કન્યાશાળાના પ્રાંગણમાં પધાર્યા. અહીં રાત્રિના શાંત-શીતળ પ્રહરમાં ભરચક મેદની તેઓને સાંભળવા એકત્ર થઈ ચૂકેલી. તેઓને સંત-અસંતનો વિવેક શિખવાડતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''સાચા સંત સ્વભાવ મુકાવે છે. એક ભાઈ સંસારથી કંટાળી સાધુ થઈ ગયેલા. તેઓ એક ગામમાં ગયા ત્યારે ભાવિકોએ કહ્યું: 'મહારાજ! કથા કરો.' આમને કશું આવડે નહીં. તેથી તેમણે યુક્તિ કરી. સભાજનોને પૂછ્યું: 'કથા મેં કુછ સમજતે હો?' બધાએ કહ્યું: 'ના, બાપજી! સમજવા આવ્યા છીએ.' ત્યારે આ સાધુ કહે: 'જો કુછ સમજતા નહીં ઉસકે સાથ ક્યા બાત કરના! સબ ચલે જાવ.' પછી બીજે દિવસે બધાએ નક્કી કર્યું કે 'આપણે એવું કહેવું કે કથામાં સમજીએ છીએ.'

બીજે દિવસે બધા આવ્યા. મહાત્માએ પૂછ્યું: 'આજ ફિર ક્યોં આયે? કથા મેં તો કોઈ સમજતા નહીં હૈ!' ત્યારે બધાએ કહ્યું: 'મહારાજ! અમે સમજીએ છીએ.' તે વખતે મહાત્મા બોલ્યા: 'તો ફિર સમજતા હૈ ઉસકો ક્યા સમજાના! ચલે જાવ.'

પછી તો બધાએ મળી વિચાર કર્યો કે 'મહાત્માની કથા તો સાંભળવી પણ હવે અડધાએ એમ કહેવું કે 'સમજીએ છીએ.' અને અડધાએ 'સમજતા નથી' એમ કહેવું.'

ત્રીજે દિવસે બધા આવ્યા ને મહાત્મા ગુસ્સે થઈ બોલ્યા: 'ફિર ક્યૂં આયે?' ત્યારે અડધાએ કહ્યું: 'બાપજી! અમે સમજીએ છીએ.' ને અડધાએ કહ્યું: 'અમે નથી સમજતા.' ત્યારે મહાત્મા કહે: 'ફિર ઐસા કરો કિ જો આધે નહીં સમજતે હૈ ઉનકો જો સમજતે હૈ વો સમજા દે.' એમ ગોટા વાળ્યા.

આવા સાધુ શું સ્વભાવ ટાળે? માટે સાચા સંત સેવવા.''

હળવી શૈલી અને સરળ શબ્દોમાં સ્વામીશ્રી એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે તેમાં સ્નાન કરવાનો અભરખો કદી મટતો જ નહીં.

અપને તનકો સુખ નહીં ચાહત

તા. ૮/૪ના રોજ વિચરણના ચક્રને પૂરપાટ દોડાવતાં સ્વામીશ્રીએ

હરસોલ, માધવગઢ, બિલ્વેશ્વર, રોજડકંપા, વડાગામ, કુંજરીકંપા, ધનસુરા અને શાંતિપુરાકંપાને પાવન કર્યાં. તા. ૯/૪નો દિવસ ગઈકાલ કરતાંય સવાયો સાબિત થયો. આજે તો સ્વામીશ્રીએ કેનપુરાકંપા, કમાલિયાકંપા, ધામણિયાકંપા, બાયડ, રડોદરા, ધનુસરા, શીકા, રોહીઓલકંપા, ટીંટોઈ અને મોડાસા મળીને કુલ દસ ગામો ખેડી નાંખ્યાં.

તા. ૧૦/૪ના રોજ મોડાસામાં જ ૫૦ પધરામણીઓ કરતાં સ્વામીશ્રી બાકીના અડધા દિવસમાં ડુગરવાડા, કોલીખડકંપા, પહાડપુરને લાભ આપી રાત્રે પુનઃ મોડાસા આવી પહોંચ્યા.

અહીંથી તા. ૧૧/૪ની સવારે લીંભોઈની કુમારશાળાના ચોગાનમાં જાહેર-સભા સંબોધી પધરામણીઓ માટે નીકળેલા તેઓના રસ્તે દરજીનો વ્યવસાય કરતા ચંદુભાઈનું ઘર આવ્યું. ત્યાં પધરામણીનો ઔપચારિક વિધિ આટોપી તેઓએ પોતાના ગાતરિયાનો ફાટેલો છેડો સંધાવ્યો ! તે વખતે વિશ્વ-વ્યાપી સંસ્થાના 'પ્રમુખ'નું નવતર રૂપ સૌને જોવા મળ્યું.

લીંભોઈથી મોઢાસણ, બોલુન્દ્રા, દધાલિયા, સાયરાને પાવન કરી સ્વામીશ્રી પુનઃ મોડાસા આવી પહોંચ્યા.

તા. ૧૨/૪ના રોજ પણ મોડાસાથી જ શીણાવાડ, કુંભેરા, મેઘરજ, ખલીકપુરકંપા, સાકરિયા, માલપુરને લાભ આપ્યો અને તા. ૧૩/૪ના દિવસે ખેરંચા, શામળાજી, ટોરડા, ભીલોડા, બડોલી, કુકડિયા તથા ચોરાસણકંપાને પાવન કર્યાં.

તા. ૧૪/૪ના રોજ તો એકાદશીનો નિર્જળા ઉપવાસ હતો. વળી, આ દિવસોમાં ગરમીનો પારો પણ ૪૦ ડિગ્રી ઉપર પહોંચતો હતો. છતાં સ્વામીશ્રીનો કાર્યક્રમ યથાવત્ જ રહ્યો. ભર તાપના આ સખત ઉપવાસમાં તેઓ ચોરાસણકંપા, ચોરાસણ, ચોરીવાડ, વીરેશ્વર મહાદેવ, કડિયાદરા, જેતપુરકંપા, શ્યામનગર અને ખેડબ્રહ્મા મળીને આઠ ગામો ફરી વળ્યા.

ઉપવાસના દિવસે બપોરે નહીં સૂવાની શ્રીજી-આજ્ઞાનું કડીતોડ પાલન કરનારા સ્વામીશ્રીએ બપોરના બે વાગ્યા સુધી કથાવાર્તા ચલાવી. ત્યારબાદ ચાર વાગ્યા સુધી શ્યામનગરના હરિભક્તો સાથે ગોષ્ઠી કરી.

આ સંગોષ્ઠી સમાપ્ત થઈ ત્યારે ભક્તોએ ઇચ્છા વ્યક્ત કરી કે 'સ્વામીશ્રી અમારાં નવાં ઘરોમાં પગલાં કરે.' આ પ્રસ્તાવ મૂકતી વખતે એ ભોળા ભક્તોને કદાચ ખ્યાલ નહીં રહ્યો હોય કે સ્વામીશ્રીએ આજે પાણીનું

ટીપું પણ મોંમાં મૂક્યું નથી. પરંતુ આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ સાંજે ચાર વાગ્યા પછી ૬૦ ઘરોમાં પધરામણી કરી. દરેક મકાનની બારસાખ પર કંકુના પાંચ ચાંદલા અને ઘરમાં અક્ષત-પુષ્પોની વર્ષા વરસાવી સૌને રાજી કર્યા.

અહીંથી જ્યારે તેઓ ખેડબ્રહ્મા પહોંચ્યા ત્યારે નગરયાત્રા અને જાહેર-સભા તેઓને વધાવવા આતુર જ હતી. ત્યારબાદ રાત્રે નવ વાગ્યે બ્રહ્માજી ચોકમાં જાહેર-સભા યોજાઈ. તેથી પરવારી ચેષ્ટાગાનનું આહ્નિક પૂર્ણ કરી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે નિદ્રાધીન થયા તે વખતે સૌનો અનુભવ સ્વામીશ્રીની આરતી ઉતારતાં ગાઈ રહ્યો:

'અપને તનકો સુખ નહીં ચાહત, ડોલત પરહિત ભારી હૈ;
દેખા સમજ વિચાર જક્ત મેં, સંત પરમ હિતકારી હૈ...'

આરામનો પ્રલય

તા. ૧૫/૪ના રોજ પારણાં કર્યાં બાદ સ્વામીશ્રીએ ખેડબ્રહ્મામાં ત્રીસેક ઘેર પધરામણી કરીને શ્રીજીનો સંદેશો ફેલાવ્યો. સાથે માતાજીના કંપા, રોધરા, ડેરોલ ગામોને પણ પાવન કર્યાં.

તા. ૧૬/૪ની સવારે ભેમરાકંપાને લાભ આપી, તેઓ નવા ચાંપલપુર પધાર્યા. આ ગામ પણ નવું જ વસેલું. તેથી અહીં વાસ્તુપૂજન નિમિત્તે પચીસેક ઘરોમાં પધરામણીઓ થઈ. ત્યારબાદ યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ પ્રાસંગિક હિતોપદેશ આપ્યો કે 'જૂનું ચાંપલપુર (ધરોઈ) ડેમમાં ગયું. અહીં નવું થયું. હવે આપણે જૂનું ગામ ભૂલી ગયા. તેમ જગત ભૂલવાનું છે.'

સૌએ જે અનુભવ્યું હતું તેના આધારે જ સ્વામીશ્રીએ સાંખ્યનું શિક્ષણ સરળતાથી આપી દીધું.

સભા બાદ તેઓ ચાંપલપુરથી બપોરે ત્રણ વાગ્યે ખેડબ્રહ્મા પરત ફર્યા.

અહીં તાલુકા સરપંચના બંગલે વિશ્રામ માટે સૂતા. તેની થોડી વારમાં જ એક હરિભક્ત સ્વામીશ્રી અને સંતો માટે પાણી ભરેલું માટલું લઈ આવ્યા. સ્વામીશ્રી જે ઓરડામાં પોઢેલા ત્યાં જ તેઓ ધીરે રહીને માટલું મૂકવા ગયા. પણ તેઓએ માટલું જેવું જમીન પર મૂક્યું કે તરત તે ફસકી પડતાં ચારેકોર પાણી પાણી થઈ રહ્યું. સ્વામીશ્રીની પથારી પણ ભીંજાઈ ગઈ. આ આકસ્મિક ઉપાધિ થાળે પાડવામાં જ ચાર વાગી ગયા.

આરામ માટે માંડ મળેલા એક કલાકનો પણ આ જળ હોનારતમાં

પ્રલય થઈ જતાં સ્વામીશ્રી વડાલી ગામે જવા નીકળી ગયા. અહીં સત્સંગ-સભા અને પચીસેક પધરામણીઓ કરી સૌના મનોરથ પૂર્ણ કર્યા.

આમને પણ ધન્ય છે!

તા. ૧૭/૪ના રોજ પચીસેક પધરામણીઓ દ્વારા ખેડબ્રહ્માને વધુ ખેડી, સ્વામીશ્રીએ ગુંદેલ ગામને કૃતાર્થ કરતાં અહીં જ રાત્રિ રોકાણ કર્યું.

તા. ૧૮/૪ના રોજ સૂર્યને ગ્રહણ લાગવાનું હતું, પરંતુ સ્વામીશ્રીના વિચરણને નહીં. આ દિવસે સૂર્યોદયથી વેધ લાગી જવાનો હોવાથી સ્વામીશ્રીએ આખો દિવસ ઉપવાસ કરવાનો ઇરાદો સેવી, વેધ પહેલાં જમી લેવાની કોઈ તજવીજ ન કરી. તેમ છતાં પ્રાતઃપૂજાથી પરવારીને તેઓ ગુંદેલમાં ત્રીસ પધરામણીઓ અને ગઢડા શામળાજી તથા ઊંચી ધનાલમાં વીસેક પધરામણીઓ કરી બપોરે નવા મેત્રાલ આવી પહોંચ્યા.

આ સમયે ૪૫ ડિગ્રીએ પહોંચી ગયેલી સૂર્યના તાપમાનની તીવ્રતાએ ધરતીને ભઠ્ઠી બનાવી મૂકેલી. ચારેકોરથી લૂ વરસી રહેલી અને ધૂળ ઊડી રહેલી. તેમાં નિર્જળા ઉપવાસ સાથે સ્વામીશ્રી ૫૦ ઉપરાંત પધરામણીઓ કરી ચૂકેલા. હજી આગળ ત્રણ ગામ ઘૂમવાનાં બાકી હતાં. સૂર્યગ્રહણના સમૈયાની સભા પણ સાંજે કરવાની હતી. આવી ભીડાભરી પરિસ્થિતિમાં નવા મેત્રાલ ગામ ભરબપોરે દોઢ વાગ્યે નગરયાત્રાનાં વાજાં વગાડવાં માંડ્યું. તે જોઈ ડૉક્ટર સ્વામી વ્યથિત થઈ ઊઠ્યા. તેઓ હરિભક્તોને સમજાવવા લાગ્યા કે 'આજે સ્વામીશ્રીને ઉપવાસ છે. વળી, અત્યારે ગરમી ભયંકર છે. સ્વામી ખૂબ ભીડો વેઠીને આવે છે. માટે આ નગરયાત્રાનું આયોજન બંધ રાખો તો સારું.'

પરંતુ ડૉક્ટર સ્વામીની આ સમજાવટના શબ્દો અતિ ઘોંઘાટમાંય સ્વામીશ્રીના સરવા કાને સાંભળી લીધા. તે સાંભળી તેઓ કશું જ બોલ્યા નહીં, પણ ડૉક્ટર સ્વામીનો હાથ પકડીને કાલિદાસભાઈના માથા પર મૂકી દેતાં કહ્યું : 'તડકે ઊભા રહી આ ભક્તોનાં માથાં કેવાં તપી ગયાં છે! તો આપણે નગરયાત્રામાં બેસવામાં શું વાંધો છે?'

સ્વામીશ્રીની દલીલ અકાટ્ય હતી અને ભાવના અકલ્પનીય. તેથી દોઢ વાગ્યે નગરયાત્રાનાં વાજાં ગગડી ઊઠ્યાં. સૌના ઉમંગનો પાર ન રહ્યો. સ્વામીશ્રીના સંગે પ્રખર તાપ જાણે શીતળ ચાંદની બની ગયો હોય એમ આબાલવૃદ્ધ સૌ કોઈ નાચવા-કૂદવા લાગ્યા. પરિસ્થિતિનું ભાન એ હદે વીસરાઈ

ગયું કે આવી પ્રચંડ ગરમીમાં પણ કેટલાક બાળકો-યુવકો તો ઉઘાડા પગે રાસ રમવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'આમને પણ ધન્ય છે!'

જે શબ્દો સ્વયં પોતાને ઘટે અને શોભે તેમ હતા તે સ્વામીશ્રીએ બાળકો-યુવકો માટે પ્રયોજી દીધા! પોતે કરેલું મેરુ જેટલું ભૂલી જઈને ભક્તોએ કરેલું મરી જેટલું તેઓ બિરદાવી રહ્યા! તે જોઈ સૌનાં હૈયાં બોલી ઊઠ્યાં: 'આમને પણ ધન્ય છે ને!'

આ અહોભાવે બાકીના અડધા દિવસની સ્વામીશ્રીની ગતિવિધિ જોઈ વધુ બુલંદી પકડી. સૂર્યની 'ચાંદની'માં નગરયાત્રા પૂર્ણ કરીને સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે શરીર પરસેવે રેબઝેબ હતું. ઉપવાસને કારણે કંઠશોષ પણ કષ્ટદાયક બની રહેલો. આ સંજોગોમાં રાહત માટે સ્વામીશ્રીને શીતળ જળ ધરવામાં આવ્યું, પણ સ્વામીશ્રીએ તે પીવાનો ઇન્કાર કરી દીધો! ગ્રહણના વેધના સમયમાં પાણી પીવાનો કોઈ નિષેધ ફરમાવવામાં નથી આવ્યો. છતાં અધિક તપ કરવાના હેતુથી સ્વામીશ્રીએ આજે નિર્જળા ઉપવાસ કરવાનું ધારી રાખેલું. પણ તે માટે કોઈનું હૈયું કબૂલ થતું નહોતું. તેથી સૌએ અતિ આગ્રહ કર્યો ત્યારે તેઓએ માંડ માંડ બે ઘૂંટડા ગળા હેઠે ઉતાર્યા અને સાંજે પાંચ વાગ્યે ગ્રહણની સભામાં પધાર્યા. અહીં ઘાસના પૂળા પર કંતાન પાથરી આસન તૈયાર કરવામાં આવેલું. તે પર પ્રેમપૂર્વક બિરાજી સતત પોણા બે કલાક સુધી સ્વામીશ્રીએ એવાં સુખ-સ્મૃતિ આપ્યાં કે ગ્રહણમુક્તિની સાથે સૌ જીવનમુક્તિનો અહેસાસ પણ અનુભવી રહ્યા.

ગ્રહણ બાદ સ્નાન-પૂજા કરીને સ્વામીશ્રીએ પારણાં કરવાને બદલે પધરામણી પર પસંદગી ઉતારી. તેઓ ભોજન લેવાનું પડતું મૂકીને પાદરડી, રુદ્રમાળ અને રાઘીવાડકંપા એમ ત્રણ ગામો ઘૂમીને રાત્રે પોણા દસ વાગ્યે નવા મેત્રાલ પરત ફર્યા. અહીં તેઓએ ઠાકોરજી જમાડી આખા દિવસના ઉપવાસને વળાવ્યો. ત્યારબાદ રાત્રિસભામાં પધારી સાડા અગિયાર વાગ્યા સુધી સૌને કથાકિલ્લોલ કરાવ્યો.

આજના દિવસનો તેઓનો આ ઉત્તરાર્ધ જોઈને પણ સૌનાં હૈયેથી પુનઃ શબ્દો ઊછળી આવ્યા: 'સ્વામીશ્રીને પણ ધન્ય છે!'

વચન પ્રમાણે વરતના

તા. ૧૯/૪ની સવારે નવા મેત્રાલના બધા જ હરિભક્તો પોતાના

નૂતન ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂજાપો લઈને આવ્યા હતા. તે દ્વારા સમૂહ-પૂજન બાદ સ્વામીશ્રીએ ૭૦થી વધુ મકાનોમાં પધરામણી કરી. આ વિધિ આટોપી તેઓ કૂબાધરોલ થઈને ડોભાડા આવી પહોંચ્યા. અહીં સ્વાગતયાત્રા બાદ ત્રીસેક પધરામણીઓ કરી બાબસર પધાર્યા. અત્રે પણ સમૂહપૂજન અને દસેક ઘરોમાં પધરામણી કરીને ધરોઈ ડેમના ડુંગરા વચ્ચે વસેલા મહોર ગામમાં પગલાં પાડ્યાં. ત્યારબાદ માલપુર અને હાથરવાને લાભ આપતાં રાત્રે પોણા નવ વાગ્યે ઈડરને પાવન કર્યું ત્યારે સ્વામીશ્રી આજે આઠ ગામો અને ૧૩૫ પધરામણીઓ કરી ચૂકેલા!

ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલના પ્રાંગણમાં યોજાયેલી સભામાં તેઓ બોલ્યા કે 'અગરબત્તી પોતે બળીને બીજાને સુગંધ આપે છે. તેમ આપણે કષ્ટ ભોગવીને પણ બીજાનું કેમ સારું થાય તેમ કરવું.' આ વચન પ્રમાણે જ તેઓ આ વિચરણમાં વર્તી રહેલા.

તેઓ કોરા ઉપદેશક નહોતા, પરંતુ 'વચન પ્રમાણે વરતના' અનુસાર જીવનારા હતા.

પ્રેમનો ધરો, પ્રેરણાનો ઝરો

તા. ૨૦/૪ની સવારે ઈડરમાં પંદરેક પધરામણીઓ કરીને સ્વામીશ્રી નાના કોટડા, જાદર, શાંતિપુરાકેમ્પ, હિંગળાજને લાભ આપતાં સાંજે પોણા સાત વાગ્યે હિંમતનગર પધાર્યા. અહીંથી તેઓ તા. ૨૧/૪ના રોજ કાંકણોલ, બેરણા, અડપોદરા, ગાંભોઈને પાવન કરી આવ્યા. તા. ૨૨/૪ના રોજ હિંમતનગરમાં ૬૫ પધરામણીઓ દ્વારા સૌમાં હિંમત પ્રેરી સ્વામીશ્રી વિજાપુર, ઈલોલને લાભની લહાણ કરાવતાં તા. ૨૪/૪ની સવારે કાનડા પધાર્યા.

અહીં રામદેવ પીરની જગ્યામાં યોજાયેલી જાહેર-સભામાં વ્યસન-મુક્તિની ધારદાર વાત કરતાં તેઓએ જણાવ્યું: 'આપણે ભજન-કીર્તન કરતા હોઈએ પણ જીવનમાં કશું ઊતર્યું ન હોય. *'વારી જાઉં મારા વીરા રે, સંગ ન કરીએ નીચનો રે...'* એમ ભજન ગાતો હોય, પણ નીચ તો તેની સાથે જ બેઠો હોય. માટે 'આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો' તેમાં કાંઈ પાકે નહીં. ઝેરને ઝેર સમજ્યા છીએ તો તે ખાવાનું મન થતું નથી. તેમ વ્યસનને ઝેર જેવું સમજ્યા નથી. વ્યસનો ગમે એટલાં કરીએ પણ ખાવા-પીવા અનાજ-પાણી તો જોઈએ જ છે. માટે જરૂર વગરની વસ્તુનો ત્યાગ કરવો.

'પીપા પાપ ન કિજિયે, તો પુણ્ય કિયા સો વાર.' આપણે શુદ્ધ વર્તીએ તો પુણ્ય કર્યાં બરાબર જ છે.'

પ્રેમના ધરા અને પ્રેરણાના ઝરાની જેમ સ્વામીશ્રીની આ વાત વહી રહી. તેથી પ્રભાવિત થઈ ઘણા ભાવિકોએ વ્યસનો છોડ્યાં. કૈંકનાં જીવનને આમ પલટી સ્વામીશ્રી રંગપુર, જીવાપુર થઈને પ્રેમપુર પધાર્યા.

છે અંતરજામી અવિનાશ

પ્રેમપુરમાં સ્વામીશ્રી પધારતાં સાચે જ પ્રેમ-પૂર ઊમટી પડ્યાં. ગામના રામજી મંદિરમાં સૌનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રીએ ૨૫થી વધુ પધરામણીઓ કરી સભા ભરી. ત્યારબાદ ઠાકોરજી જમાડી બપોરે બે વાગ્યે ઉતારે પધાર્યા.

તેઓનો આ નિવાસ એટલે ગામનું નાનું અને પતરાંનાં છાપરાંવાળું મંદિર. અહીં સૂર્યની ગરમી પતરાં દ્વારા આગ થઈને ઓરડામાં વરસી રહેલી. સૂતેલો શેકાઈ જાય એવા એ ઓરડામાં સ્વામીશ્રી ભોંયપથારી કરીને પોઢ્યા. તેઓ સાથે ફરતા આ વિસ્તારના બે કાર્યકરો ડૉ. એ. બી. પટેલ અને મણિલાલ ચૌહાણ બહાર પરસાળમાં સૂતા. આ વિચરણમાં પહેલેથી જ જોડાયેલા તેઓની આંખોએ સ્વામીશ્રીએ વેઠેલી હદ પારની અગવડો જોયેલી. પણ આજની પરિસ્થિતિએ તો તે બંનેને હલબલાવી નાંખ્યા. ગરમીને કારણે ઊંઘ ન આવવાથી વાતે વળગેલા તેઓ વારે વારે એ જ વાગોળી રહેલા કે 'આવી ગરમીમાં સ્વામીશ્રી પતરાંની ઓરડીમાં કેવી રીતે પોઢ્યા હશે ?!'

અંતે સાડા ત્રણ-ચાર વાગ્યાનો સમય થતાં આ બંને કાર્યકરો ઊભા થયા. બાજુના ઘરમાંથી ડોલ-દોરડું લઈ આવ્યાં અને મંદિરના કૂવાનું ઠંડું પાણી સીંચી ધરાઈને ન્હાયા ત્યારે કંઈક શાતા વળી. તે વખતે ડૉ. એ. બી. પટેલને વિચાર આવ્યો કે 'ગરમીથી પરેશાન સ્વામીશ્રીને આવાં ઠંડાં પાણીથી સ્નાન કરાવવાનો લાભ મળે તો કેવું સારું !'

તેઓના મનમાં જ્યાં આમ વિચાર ઝબક્યો ત્યાં જ સ્વામીશ્રી ઓરડીમાંથી બહાર પધાર્યા અને બંને કાર્યકરોને કહ્યું: 'મારે શૌચવિધિ માટે જવું છે.'

આ સાંભળી બંને મૂંઝાયા, કારણ કે ગામમાં એક શૌચાલય મળે નહીં ! તેથી સ્વામીશ્રીને ગામ બહાર દિશાએ લઈ જવા પડ્યા.

દેહક્રિયા પૂર્ણ કરી પરત ફરેલા સ્વામીશ્રી મંદિરના કૂવે સ્નાન કરવા

બિરાજ્યા. તે વખતે બંને કાર્યકરોએ શીતળ જળ ઢોળતાં સ્વામીશ્રીને નવરાવવાની શરૂઆત કરી. પણ જ્યાં પહેલો લોટો ઢોળ્યો ત્યાં જ સ્વામીશ્રી ડૉ. એ. બી. પટેલ સામે જોઈ બોલ્યા : 'તારો સંકલ્પ પૂરો થયો ?'

આ સાંભળતાં જ એ ડૉક્ટરનું હૃદય ધબકાર ચૂકી ગયું. પ્રખર ગરમીમાંય સ્વામીશ્રીએ એક સંકલ્પબીજને મહોરાવી દીધેલું. તેથી એ ડૉક્ટર *'છે અંતરજામી અવિનાશ'* સમા સ્વામીશ્રીને નવરાવી કૃતકૃત્ય થઈ ગયા.

સ્નેહભીનો સાબરકાંઠો

પ્રેમપુરથી સાંજે વિદાય લઈ સ્વામીશ્રી સાચોદરને લાભ આપતાં પ્રાંતીજ પધાર્યા. અહીં રાત્રે દશા શ્રીમાળી વણિક વાડીમાં કીર્તન આરાધના અને જાહેર-સભા ગામ ગાજે એ રીતે સંપન્ન થયા. તેના પડઘા વચ્ચે જ સ્વામીશ્રીએ તા. ૨૫/૪ની સવારે વીસેક પધરામણીઓ કરી. તે સાથે જ સાબરકાંઠાના આ વિચરણ પર પૂર્ણવિરામ મુકાયું ત્યારે સ્વામીશ્રી સત્સંગના વિકાસ અને ભક્તોને રાજી કરવા માટે ૨૦ દિવસમાં ૮૭ ગામો ઘૂમી વળેલા !

પણ હા, અહીં એક ગામ એટલે એક નગરયાત્રા; અને એક નગરયાત્રા એટલે ? ઊછળ-કૂદ કરતી ટ્રેક્ટરની ટ્રોલી કે કિચૂડ-કિચૂડ કરતાં ગાડાંના હડદા, ભર તાપ, ઊડતી ધૂળ, વેરાતો ગુલાલ, અસહ્ય ઘોંઘાટ, ઉત્સાહને કારણે વેરવિખેર વ્યવસ્થા, હાર પહેરાવવાની પડાપડી, સમયના સઘળા ધારાધોરણને અભરાઈએ ચડાવતો પ્રેમ વગેરેનો સરવાળો એટલે એક નગરયાત્રા !

અહીં રોજનાં ૪-૫ ગામ એટલે સરેરાશ ૮૦-૯૦ પધરામણીઓ; અને ૯૦ પધરામણીઓ એટલે ? ૧૮૦ વાર ઊઠવું-બેસવું, ૧૮૦ વાર પગરખાં કાઢવાં-પહેરવાં, ઓછામાં ઓછું ૧૮૦ વાર ચાંદલા કરવા હાથ લંબાવવો, ૯૦ વાર આરતી કરવી, ૯૦ વાર પ્રસાદ વહેંચવો, ૯૦ વાર પૂજન માટે મસ્તક ધરવું, ૯૦ વાર તાળી વજાડી ધૂન કરવી, ૯૦ વાર પૂજા-પાઠ, કથા-કીર્તન વગેરે કરવાની પ્રેરણા આપવી, ઓછામાં ઓછા ૨૦-૨૫ ઢોર પર હાથ મૂકવા, એટલી જ સંખ્યામાં બાળકોની લટ લેવી, વડીલોને વ્યસન છોડવા સમજાવવું અને મુમુક્ષુઓને કંઠી પહેરાવવી. આ સઘળાનો સરવાળો એટલે ૯૦ પધરામણીઓ !

અહીં એક દિવસ એટલે રોજ ત્રણ વાર ૨૦-૨૫ હરિભક્તોના ભોજનની વ્યવસ્થા કરવાની. તેને થાળી-વાટકા કે પતરાળાં-પડિયાં પીરસાયાં

કે નહીં ત્યાંથી લઈને પીવાનું પાણી આવ્યું કે નહીં, ત્યાં સુધીનું ધ્યાન રાખવાનું !

અહીં એક દિવસ એટલે સરેરાશ ત્રણ-ચાર કલાકની સત્સંગ-સભા કરવાની; તેમાં કલાક-બે કલાક બીજાની કથા સાંભળવાની, એક-બે કલાક પોતે કથા કરવાની. કોઈ જાગે-ઊંઘે, સાંભળે - ન સાંભળે, સમજે - ન સમજે તે જોયા વિના, મંચ-માઈક-માંડવો વગેરે સંબંધી કોઈ જ માંગણી કર્યા વિના !

ટૂંકમાં, અહીં એક ગામ એટલે અપૂરતી વ્યવસ્થા, અતિશય હાડમારી અને અણઘડ આયોજનને નજરઅંદાજ કરીને બસ ! વિચરતા જ રહેવાનું – કોઈ અપેક્ષા વિના, કોઈની ઉપેક્ષા વિના.

સ્વામીશ્રીના આવા લોકોપકારી વિચરણથી આ વખતે આખો સાબરકાંઠો સ્નેહભીનો બની ગયો.

આવા વિચરણને અવરોધવા માટે કેટલાક દ્વેષીઓએ વિરોધની આંધી ફૂંકેલી; અપપ્રચાર કરતી પત્રિકાઓ ગામોગામ વહેંચાયેલી; ભાડૂતી મેગાફોન લઈને ગેરસમજ ઊભી કરતી વાતો પણ આગળ-આગળ વહેતી કરાયેલી. પરંતુ સ્વામીશ્રીની સ્ફટિક સમી સાધુતા સામે આ વિરોધ વાંઝિયો પુરવાર થયો. નક્કર સામે નમાલું કેવી રીતે ઝીંક ઝીલી શકે ?! સાંબેલા સામે સળીનું શું ઊપજે ?

ભક્તિભાવ ભરાને હૈ

પ્રાંતીજથી સાંજે પાંચ વાગ્યે નીકળેલા સ્વામીશ્રી દહેગામમાં પંદર પધરામણીઓ તથા જાહેર-સભા કરીને રાત્રે પોણા બાર વાગ્યે વહેલાલ પધાર્યા. આટલી મોડી રાત્રે પણ તેઓનું આગમન થતાં જ ઢોલ ઢબૂકી ઊઠ્યાં અને નગરયાત્રા યોજાઈ રહી.

આ સત્કાર બાદ તા. ૨૬/જની સવારે વહેલાલ ગામમાં પચાસથી વધુ પધરામણીઓ તથા સત્સંગ-સભાનો લાભ આપી સ્વામીશ્રી કડી, પાટણ, દીગડીને પાવન કરતાં રાત્રે પોણા બાર વાગ્યે સરવા આવી પહોંચ્યા.

અહીં પણ મધરાતે પરોઢ જેવી તાજગી સૌનાં મોં પર તરવરતી હતી, કારણ કે રાત્રે બાર વાગ્યે સ્વામીશ્રીરૂપી સૂર્ય ઊગી નીકળેલો. સુશોભિત બળદગાડામાં સ્વામીશ્રીને પધરાવી રાત્રિસામૈયું થયું.

તેને અનુસરતાં તા. ૨૭/જથી સ્વામીશ્રીના સુમધુર કંઠે 'સત્સંગિજીવન' ગ્રંથના દ્વિતીય પ્રકરણનું પારાયણ વહેવા લાગ્યું. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'કાગડો અને કોયલ દેખાવમાં સરખાં, પણ કોયલનો અવાજ દરેકને ગમે છે. હંસ અને બગલો દેખાવે સરખા પણ બંનેના આહાર જુદા છે. તેમ સાધુ બધા દેખાવે સરખા લાગે પણ વર્તન પરથી સાચા-ખોટાની ખબર પડે.'

સંત-અસંતનો આ વિવેક સમજાવી આજની કથામાં એક રમૂજની વાત છેડતાં તેઓએ કહ્યું: 'કથામાં છોકરું ને લડાઈમાં વછેરું ન લઈ જવું. કથામાં છોકરું તોફાન કરે તો સાંભળનારની વૃત્તિ તેમાં જાય. લડાઈમાં ઘોડા ભેગું વછેરું લઈ જાય તો ઘોડાની વૃત્તિ તેમાં રહે ને લડાઈમાં જીત ન થાય.'

આ પારાયણની સાથે તેની સહોદરા સમી પધરામણી પણ પોતાનો ભાગ લેવા સ્વામીશ્રી પાસે આવી ગયેલી. તેથી આજની સાંજે સ્વામીશ્રીએ તેને પણ ત્રીસની સંખ્યામાં નૈવેદ્ય ધરાવ્યું! આ વખતે ઉનાળુ વાયરાએ માઝા મૂકી હતી. છતાં આંખો ભરતી ધૂળ વચ્ચે પણ સ્વામીશ્રીએ પધરામણીઓ બેરોકટોક ચલાવી. ત્યારબાદ વાળુ-ચળું કરી રાત્રે ગુજરાતી નિશાળની ઓસરીના ઉતારે યોજાયેલી સાહજિક ગોષ્ઠીમાં તેઓએ વાત કરી કે 'નિષ્કુળાનંદ સ્વામીએ ચરોતરના પટેલોનાં નામો 'ભક્તચિંતામણિ'માં લખ્યાં હતાં. તેમાં બધાને કણબી તરીકે જ લખ્યા હતા. પછીની આવૃત્તિમાં સુધારીને ચરોતરના પટેલોને પાટીદાર લખ્યું છે.'

ઇતિહાસની આ વિગતનું વિમોચન કર્યા બાદ આજે વીંઝાતા વાયરાના સંદર્ભમાં સ્વામીશ્રીએ કહ્યું: 'કચ્છના રણમાંથી કરાચી સુધી રેલવે જતી. તે વંટોળિયા ઊડે ત્યારે રાત્રે રેલ-વેના પાટા પર ઢગલા થઈ જતા. તેથી રણમાં ઘણા માણસો રાખે. તેઓ પાટાઓ ઉપરથી ધૂળ કાઢતા જાય ને ગાડી ચાલે.'

આમ, સામાજિક-સાંપ્રદાયિક ઘટનાઓ પરથી પડદો ઊંચકતા સ્વામીશ્રી સરવાના પારાયણ દરમ્યાન જ તા. ૨૯/૪ની સવારે રણુંજને પણ લાભ આપી આવ્યા. ત્યારબાદ ઊંઝા, દાસજને પાવન કરતાં સાંજે સાડા સાત વાગ્યે હારીજ પધાર્યા. અત્રે બીજે દિવસે ગામમાં દસેક પધરામણીઓ કરી તેઓ આશાભાઈ પટેલના ઘેર આવી બિરાજ્યા.

આજે એકાદશી હોવાથી ભોજન તો લેવાનું નહોતું. તેથી ઠાકોરજીને થાળ થાય તે સમયગાળામાં સ્વામીશ્રીએ પત્રલેખન શરૂ કર્યું. પણ તેઓએ જોયું કે 'ઠાકોરજીને જે ટેબલ પર પધરાવી થાળ ધરાવવામાં આવી રહ્યો છે તે ટેબલ પોતાના પલંગ કરતાં નીચું છે.' તેથી તેઓ પલંગ પરથી ઊતરી સાવ ભોંય પર બેસીને પત્રો લખવા માંડ્યા. તે સમયે *'...ભક્તિભાવ ભરાને હૈ;*

ઐસે સંતનકું હમ માને હૈ...'નું દર્શન સ્વામીશ્રીમાં કરી સૌની એકાદશી સુફળ બની રહી.

શું સરળતા !

ઠાકોરજીને થાળ ધરાવાઈ ગયા બાદ હારીજથી ખેરાળુ પધારેલા સ્વામીશ્રી માટે અહીં વીરચંદભાઈએ સુંદર આસન બિછાવેલું. બપોરનો સમય થયો હોવાથી આ ભક્તે કહ્યું: 'બાપા ! બે મિનિટ પોઢો.' અને આ ભોળા ભક્તનો ભાવ જોઈ સ્વામીશ્રી તે આસન પર બે મિનિટ પોઢ્યા ! શું સરળતા !

આ સરળતાની સડકે જ સરકતાં તેઓ ખેરાળુથી વડનગર, વિસનગર થઈને રાત્રે આઠ વાગ્યે ધીણોજ પધાર્યા.

અહીં તા. ૧/૫ના રોજ ત્રીસેક પધરામણીઓ કરી મોટપ ગામે જવા નીકળ્યા. ત્યાં જતાં વચ્ચે નદીનો પહોળો રેતાળ પટ આવ્યો. સ્વામીશ્રીની ગાડી તો આ રેતીને વળોટી પાર ઊતરી ગઈ, પણ સાથેની બીજી ગાડીનું પૈડું રેતીમાં ખૂંપી ગયું. આ જોઈ સ્વામીશ્રીએ પોતાની ગાડી ઊભી રખાવી અને ફસાયેલી ગાડીને ધક્કો મારતા સંતો પાસે ચાલતાં ચાલતાં પહોંચ્યા. અહીં ડૉક્ટર સ્વામી સહિત સૌ ધક્કો મારવા લાગ્યા પરંતુ ગાડી તસુભાર ન ખસતાં ધરતીમાં ઊંડો ને ઊંડો ચીલો પાડતી ગઈ. તે જોઈ સ્વામીશ્રી કછોટો વાળી 'મેદાન'માં આવવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે સૌએ કહ્યું: 'બાપા ! આપ રહેવા દો.'

તે સાંભળી ડૉક્ટર સ્વામી હસતાં હસતાં બોલ્યા: 'મારવા જ દો ! એમના બળે જ નીકળે એવું લાગે છે.'

ત્યારે સ્વામીશ્રીએ પણ મંદ મંદ સ્મિત વેરતાં જણાવ્યું: 'જુઓ, હું સહજાનંદ સ્વામી મહારાજની જય... જય... જય... એમ ત્રણ વાર બોલું, પછી ગાડી સહેજ ઊંચકજો ને એકસાથે ધક્કો મારજો.'

આમ સૂચના આપી તેઓએ કેફમાં 'જય' બોલાવી. સૌએ એકસાથે બળ કર્યું. તે સાથે જ ગાડી દોડવા માંડી. ફસાયેલાને બહાર કાઢવાનું સ્વામીશ્રી પાસે સચોટ આયોજન રહેતું; તે ભલે ને જડ હોય કે જીવ.

હરિ તમારા હેતનો હું...

મોટપથી પુનઃ ધીણોજ જઈ સ્વામીશ્રી સાંજે મોઢેરામાં આવેલા ઐતિહાસિક સૂર્યમંદિરે દર્શન કરવા પધાર્યા. ભગવાન સ્વામિનારાયણે

ગઢપુરમાં સૂર્યનારાયણની મૂર્તિ પધરાવી આ દેવનો મહિમા વધાર્યો છે. તેઓના આ સ્થાનનો મહિમા વિસ્તારવાનું આયોજન સ્વામીશ્રીના મનમાં પણ હતું જ; પરંતુ એ પળ હજી પાકી નહોતી. તેથી અત્યારે તો માત્ર દર્શન કરીને તેઓ કાંકરાવાડી જવા નીકળી ગયા.

વઢિયાર પ્રદેશના સીમાવર્તી આ ગામનો તરુણ ગણેશ સિંધવ વિદ્યાનગરના છાત્રાલયનો રહેવાસી. તેણે સ્વામીશ્રી છાત્રાલયમાં પધાર્યા ત્યારે સાહજિકપણે કહેલું : 'બાપા ! મારે ગામ પધારજો.'

'સારું. એ બાજુ નીકળીશ ત્યારે આવીશ.' સ્વામીશ્રીએ તે કિશોરને વચન આપેલું.

તેઓની વિશેષતા એ હતી કે સહજ વાર્તાલાપો પણ તેઓના મનમાં શિલાલેખની જેમ કોતરાઈ જતા. તેથી આજે તેઓ એક નાનકડા કિશોરને આપેલા વચનની પરિપૂર્તિ કરવા જઈ રહેલા.

જો કે, સ્વામીશ્રીએ જ્યારથી કાંકરાવાડી આવવાનો કાર્યક્રમ ગોઠવ્યો ત્યારથી ગણેશની મૂંઝવણ વધી ગયેલી, કારણ કે તેનું ગામ પોતાના નામને સાર્થક કરે તેવું જ હતું. આ ગામમાં કાંકરા અને વાડી(વગડા) સિવાય બીજું હતું શું? અહીં વીજળી ન હોવાથી પંખા-બત્તીનાં નામનું તો નાહી જ નાંખવાનું હતું. ગામ આખામાં શૌચાલય કે બાથરૂમની સુવિધા ન હોવાને કારણે શૌચ માટે હતાં ખુલ્લાં ખેતર અને સ્નાન માટે ખુલ્લી ચોકડી ! ગામમાં હતાં હરોળબંધ કાચાં મકાનો, જેના ઓરડા પણ હવા-ઉજાશ વિનાના.

આવા ગામમાં બે-ચાર કલાકનું રોકાણ પણ કઠે, જ્યારે સ્વામીશ્રીએ તો અહીં રાત્રિરોકાણ સહિત આખો દિવસ ફાળવેલો ! તેથી ગણેશ તો મૂંઝાતો જ હતો, પણ તેના ખાસ આગ્રહને કારણે વિદ્યાનગરથી આવેલા બે યુવાનો પણ વિમાસણમાં હતા કે 'આવી અગવડમાં સ્વામીશ્રીને ફાવશે કે કેમ ?'

પરંતુ બન્યું સૌની ધારણાઓથી સાવ વિપરીત જ. સ્વામીશ્રી પધાર્યા ત્યારે ખાડા-ટેકરાવાળા ધૂળિયા રસ્તાને કારણે ધૂળના ગોટા વચ્ચેથી પ્રગટ થયા હોય તેવું લાગ્યું; પણ તે વખતેય તેઓ તો ખુશમિજાજમાં જ હતા ! તેઓનો સામાન ગાર-માટીની દીવાલોવાળા ઘરમાં ગોઠવાયો; છતાં સ્વામીશ્રીના ચહેરા પર એ જ પ્રસન્નતા રહી ! રાત્રે નાના ફળિયામાં પાંખી સંખ્યા વચ્ચે પેટ્રોમેક્ષના અજવાળે તેઓને સભા કરવાની થઈ; તોય તેઓના શબ્દોમાંથી આનંદનાં સૂર-પૂર જ ઊમટતાં રહ્યાં ! રાત્રે સૂવા માટે ગામના એકમાત્ર પાકા મકાનના

ધાબા પર સ્વામીશ્રી માટે ભોંયપથારી પાથરવામાં આવી; પણ ત્યાંય તેઓ અલમસ્તાઈથી પોઢ્યા! બીજે દિવસે સવારે ગામમાં કરેલી પધરામણીઓમાં તો તેઓ પરસેવે નાહી રહ્યા; છતાં તેઓની મુખમુદ્રા પર મજાનો જ મિજાજ રહ્યો! બપોરનો તાપ તો તોબા પોકારાવે એવો હતો, તેમાં પંખાની સુવિધા વિના સ્વામીશ્રી સૂતા; પણ શાંતિની પછેડી ઓઢીને! એક આખો દિવસ અગવડ-અડચણ વેઠીને સ્વામીશ્રી તા. ૨/૫ની સાંજે વિદાય લેવા તૈયાર થયા ત્યારે પણ તેઓના મુખ પર તાજગી જ તરવરતી હતી.

બાલભક્ત પ્રહ્‌લાદ માટે નૃસિંહ ભગવાને જે દિવસે પૃથ્વી પર પધારીને પોતાની ભક્તવત્સલતાનો પુરાવો પૂરેલો, એ આજની જ નૃસિંહ ચતુર્દશીની સંધ્યા હતી. એ જ દિવસે એક યુવાન માટે સ્વામીશ્રીએ આ ગામમાં પધારીને પોતાના સ્નેહનો સાથિયો પૂર્યો. ફર્ક એટલો રહ્યો કે નૃસિંહજી પાસે એક પ્રહ્‌લાદ સિવાય કોઈ જઈ શક્યું નહોતું, કારણ કે તે સ્વરૂપ ભયંકર હતું; જ્યારે આજે સ્વામીશ્રી પાસે આખું ગામ ભેગું થઈ ગયેલું, કારણ કે ભગવાનનું આ સ્વરૂપ શુભંકર હતું. તેની આરતી ઉતારતાં સૌનાં અંતર ગાઈ રહ્યાં: '*હરિ તમારાં હેતનો હું, પાર કઈ પેરે લહું...*'

ભગવાનનું ઘરેણું

કાંકરાવાડીથી સ્વામીશ્રી વણીને પાવન કરતાં વીરમગામ પધાર્યા. અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક મુનસર તળાવનું જળ મસ્તકે ચડાવી નગાસર પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજની આ રમણભૂમિ. તેથી ગુરુસ્મૃતિમાં જ રમી રહેલા સ્વામીશ્રીના મનમાં શાસ્ત્રીજી મહારાજના અનેક પ્રસંગો સ્ફુરવા માંડ્યા. તેની રસલહાણ કરાવતાં તેઓએ તા. ૩/૫ની સવારે કહ્યું: 'એક વાર શાસ્ત્રીજી મહારાજ સોરઠની પંચતીર્થી કરવા નીકળેલા. તેમાં લોજ પહોંચ્યા ત્યારે સૌ ભૂખ્યા થયેલા. પણ ખાવાનું ભેગું કાંઈ લીધું નહોતું. છેવટે રામચંદ્રકાકા પાસે ઘસિયો હતો તે શાસ્ત્રીજી મહારાજે સૌને મૂઠી-મૂઠી આપેલો. પછી સૌ માંગરોળ ગયેલા. ગાડાંમાં મુસાફરી કરીને બધા થાક્યા હતા. વળી, ભૂખ્યા પણ થયેલા. તે આવતાંવેંત સૌ સૂઈ ગયા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંનેએ રસોઈ કરી દીધી. પછી બધાને ઉઠાડીને જમાડ્યા હતા.'

સૌને સ્મૃતિનો આ સ્વાદ ચખાડી સ્વામીશ્રી ગામમાં પધરામણીઓ

કરવા નીકળ્યા. પંચાવન વર્ષે પણ તેઓની ચાલ ચપળ અને ચોક્કસ હતી. તેથી ભેગા ફરનારા એક હરિભક્ત બે-પાંચ પધરામણીમાં જ હાંફીને બોલ્યા : 'સ્વામી બહુ ઉતાવળા.'

તે સાંભળી સ્વામીશ્રીએ પણ ગમ્મત કરી કે 'પહેલાં ચાલીને, ગાડાંમાં આવતા. હવે મોટરમાં આવ્યા છીએ તે ઉતાવળ(ગતિ) હોય જ ને !'

આમ, આનંદ-કિલ્લોલ કરાવતાં તેઓએ જોતજોતાંમાં ત્રીસેક ઘરોમાં કુમકુમ પગલીઓ પાડી દીધી.

પધરામણીઓના આ ક્રમમાં તેઓ શંકરભાઈની પૌત્રીઓના બે જમાઈને આશીર્વાદ આપવા તેઓના ઘેર પહોંચ્યા. અહીં તે બંનેને કંઠી પહેરાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમને તમારા સસરાએ સોનાની કંઠીઓ પહેરાવી છે. અમે તમને આ ભગવાનનું ઘરેણું – કંઠી પહેરાવીએ છીએ.'

સ્વામીશ્રીને મન કંઠીની કિંમત કાષ્ઠ-કંચનથી ક્યાંય અધિક હતી. કંઠીને તેઓએ ભગવાનનું ઘરેણું માનીને લાખોના કંઠમાં આરોપી હતી.

ઘોડામાંથી ગુણગ્રહણ

નગાસરથી સ્વામીશ્રી મણિપુર, અમદાવાદ, ખેડાને લાભ આપતાં નાર આવી પહોંચ્યા. અહીં તા. ૫/૫ની સવારે તેઓના વરદહસ્તે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા થઈ. ત્યારબાદ સાંજે પંદરેક પધરામણીઓ કરીને સુણાવ, કાણીસા, નડિયાદને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૬/૫ની સાંજે સવા છ વાગ્યે પેટલાદ પધાર્યા.

અહીં પણ તૈયાર થયેલા નૂતન મંદિર નિમિત્તે નગરયાત્રાનાં નગારાં ગાજી રહેલાં. સ્વામીશ્રી શ્વેત અશ્વોથી વહન થતી બગીમાં બિરાજ્યા તે સાથે જ શોભાયાત્રાના રસાલાને લીલી ઝંડી મળી ગઈ. ત્રાંસાં વધુ જોરથી ટિપાયાં. જયઘોષ વધુ બુલંદીથી ગાજ્યો. સૌનાં હૈયાં વધુ ભક્તિભાવથી હુલસ્યાં.

પણ આ શું ? સ્વામીશ્રીની બગીના ઘોડા અડી કરીને ઊભા રહી ગયા. માલિક તેની લગામ ડોંચે પણ ઘોડા ન હલે કે ન હાલે ! માલિક નીચે ઊતર્યો. ઘોડાને ચોકડેથી ઝાલી આગળ જવા ખેંચે. પાછો આવી બુચકારે, પંપાળે. ફરી ચોકડું પકડી આગળ ઢસડે. પણ બધું બેકાર બની રહ્યું. ઘોડાની આ ગુસ્તાખી માલિકને મન પોતાની પ્રતિષ્ઠા પરના ઘા જેવી લાગી.

આમજનતા વચ્ચે થયેલો આ ફિયાસ્કો સાચે જ શરમજનક લાગે તેવો

હતો. પરંતુ અર્જુનના રથમાં બેઠેલા કૃષ્ણ યુદ્ધના રીડિયારમણ વચ્ચે જેવા સ્થિતપ્રજ્ઞ રહેલા એવી જ સ્થિતપ્રજ્ઞતા ધારી સ્વામીશ્રી બગીમાં બેઠેલા. નિમિલિત નયને બિરાજેલા તેઓના હાથમાં રહેલી માળા ઉતાવળે લહેરકે ફરી રહેલી.

એટલામાં તો બગીવાળો ચાબુકને દોરડીવાળે છેડેથી પકડી, ડટ્ટાદાર માથાવાળી પાતળી નેતર ઘોડાનાં પગ-પડખાં ને પીઠ-પાંસળાં પર સબોડવા લાગ્યો. તે જોઈ સ્વામીશ્રી દ્રવી ગયા અને માલિકને વાર કરતો અટકાવી કહ્યું : 'ભ'ઈ! ઘોડા ન ચાલે તો વાંધો નહીં. પણ એને મારશો નહીં. આપણે ચાલવા માંડીએ. એમાં શું ?'

પશુના પંડ પર પડતા પ્રહાર જાણે સ્વામીશ્રીના શરીર પર સોળ ઉપસાવતા હોય તેવી કરુણા તેઓની આ ભલામણમાં છલકાઈ રહી.

પણ તેઓએ નીચે ઊતરીને ચાલવાની વાત કરી તે આગેવાન હરિભક્ત મોહનભાઈને જચી નહીં. તેઓએ કહ્યું: 'બાપા ! આપ ચાલો તે સારું ન લાગે.'

'તો આ (ઘોડાને મારે છે તે) સારું લાગે છે ?' સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા.

'પણ બાપા ! શું કરીએ ?' હરિભક્તે અસહાય સૂર કાઢ્યો.

તે વખતે યુવકોએ ઘોડા હટાવી જાતે બગી ખેંચવાની શરૂઆત કરી. પણ આ બાબતેય સ્વામીશ્રીને અકળાવનારી. જેનું સ્થાન પોતાનો ખોળો હોય તે યુવાનોના ખભે પોતાનો ભાર સ્વામીશ્રી શેં વેંઢારવા દે ! તેઓએ યુવકોને આમ બગી ખેંચતાં વાર્યા અને દૂર ઊભેલા એક સાદી ઘોડાગાડીના ઘોડા બતાવી કહ્યું : 'બગીને આ સાદા ઘોડા ન ચાલે ?'

સ્વામીશ્રીની આ વાત હરિભક્તોને મોરને માથે કલગીને બદલે કાગડાનું પીછું ખોસવા જેવી લાગી. તેથી એકે કહ્યું : 'બાપા ! તેય સારું ન લાગે.'

આ સાંભળી સ્વામીશ્રી આછું સ્મિત વેરી રહ્યા. પણ અંતે નિર્ણય એ જ લેવાયો. બગીને શોભે તેવા જાજરમાન શ્વેત અશ્વોને સ્થાને ટારડાં જેવા સાદા ઘોડા જોતરવામાં આવ્યા અને નગરયાત્રાએ ગતિ પકડી.

આ જોઈ કો'ક બોલ્યું : 'પેલા ચાલ્યા નહીં તો આ બીજા.'

ત્યારે 'એમ નહીં' કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'પેલા સફેદ ઘોડાએ આ સાદા ઘોડાને લાભ અપાવ્યો એમ કહેવું !'

પોતાને ક્ષોભજનક સ્થિતિમાં મૂકનારા અડિયલ ઘોડાનો પણ ગુણ લઈ શકનાર સ્વામીશ્રીની પ્રજ્ઞા કેટલી સ્થિર અને શુદ્ધ હતી !

ધન્ય મુહૂરત ધન્ય વાર

તા. ૭/૫ની સવારે વેદોક્તવિધિપૂર્વક પેટલાદના નૂતન મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી બોચાસણ થઈને મંડાળા આવી પહોંચ્યા.

અહીં રહેતા વિનુભાઈના પરિવારે નવું મકાન તૈયાર કરેલું. તેથી આ હરિભક્તની ઇચ્છા કે 'સ્વામીબાપા ઘરમાં પગલાં કરે પછી જ તેમાં રહેવા જવું.' પણ પરિવારમાં તે દા'ડે સત્સંગ ઓછો-આછો; તેથી સંબંધીઓએ કહેલું કે 'આપણે ત્યાં તારા ભાઈનો લગ્નપ્રસંગ છે. તે નિમિત્તે સ્વામીને આવવું હોય તો આવી જાય. જો ત્યારે નહીં આવે તો પછી અમે ઘરમાં રહેવા જતા રહીશું.' સૌ નવા મકાનમાં રહેવા બાબતે અધીરા બનેલા. તા. ૭/૫થી વધુ એક પણ દિવસની રાહ જોવા કોઈની તૈયારી નહોતી.

આ તોડ નીકળ્યો ત્યારે તો સ્વામીશ્રી સાબરકાંઠો ખૂંદતા હોવાથી વિનુભાઈને સ્વામીશ્રી પધારવાની શક્યતા શૂન્ય જ લાગી. છતાં તેઓએ *'થોડે લખ્યે ઘણું જાણજ્યો, દયા કરજો દયાળુ...'*ના ભાવથી સ્વામીશ્રીને પત્રમાં વિગત લખી જણાવી. તેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીનું પોસ્ટકાર્ડ આવ્યું. તેમાં લખેલું : 'અમે આવી જઈશું.'

જ્યાં એક મિનિટ ફાજલ કે ફુરસદની ન મળે એવા અડોઅડ કાર્યક્રમોમાં પણ સ્વામીશ્રીએ એક ભક્તનું ટાણું સાચવવાનો નિર્ધાર કરી લીધો.

...અને પોતે આપેલા વચન અનુસાર આજે તેઓ પધારી ગયા. દિવસ હતો સંબંધીઓએ આપેલી આખરી મુદતનો; તા. ૭/૫નો જ !

ગામના પાદરે ભવ્ય સામૈયું થયું. શણગારેલી બગીમાં સ્વામીશ્રી બિરાજ્યા. બૅન્ડ-વાજાંના ઘોષ વચ્ચે શોભાયાત્રા સરકવા લાગી. તે વખતે સ્વામીશ્રીએ વરરાજા બનેલા યજમાનના ભાઈના હાથમાં ઠાકોરજી આપી તેને પણ પોતાની સાથે બેસાડ્યો. જાણે વરઘોડામાં સ્વામીશ્રી જોડાઈ ગયા હોય તેવું દૃશ્ય સર્જાઈ રહ્યું !

શોભાયાત્રા બાદ ગામના ચોકમાં સભા કરી સ્વામીશ્રી પધરામણીઓ કરવા નીકળ્યા. ભક્તોના કલ્યાણની જ નેમ હોવા છતાં તેના વ્યાવહારિક પ્રસંગોને પણ શોભાડી જાણનારા સ્વામીશ્રી જેવા ગુરુ માટે, આજે સૌનાં હૈયે આદર અને આકર્ષણ જન્મી ચૂકેલાં. તેથી ૭૦-૮૦ પધરામણીઓની પ્રલંબ હારમાળા ખડકાઈ ગઈ. સ્વામીશ્રી ફાનસના અજવાળે રાત્રે બાર વાગ્યા સુધી

ઘરોઘર ઘૂમતા રહ્યા અને સૌનાં અંતર-ઓરડામાં પ્રકાશ પાથરતા રહ્યા. લોકકલ્યાણ માટે આવો શ્રમ ઉઠાવનાર કોઈ મહાત્મા પહેલી વાર જ ગામવાસીઓની નજરે ચઢી રહેલા. તેથી એક-એક પધરામણીએ સ્વામીશ્રી પ્રત્યેનો સૌનો આદર પૂજ્યભાવમાં અને આકર્ષણ ભક્તિમાં ફેરવાઈ ગયાં.

પધરામણીઓ બાદ જ્યારે તેઓ વિનુભાઈના નવા ઘેર ઉતારો કરવા પ્રવેશ્યા ત્યારે તેઓના સંબંધીઓ વિસ્મિત હતા. તેઓના સત્સંગનો આછો રંગ હવે વધુ ઘેરો બની ગયેલો. ઘરઆંગણે ગુંજતાં માંડવાનાં ગીતોને દાબીને તે સૌનાં અંતર ગાઈ રહ્યાં: *'ધન્ય સખી દિન આજનો, વળી ધન્ય મુહૂરત ધન્ય વાર; કરુણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર.'*

સંત સાચા તે સંસારમાં

તા. ૮/૫ની સવારે સ્વામીશ્રી મંડાળાથી વિદાય લઈ કારવણમાં લકુલીશજીનાં દર્શન કરી પોરને પાવન કરતાં કુરાઈ પધાર્યા.

અહીં પણ એક યુવાનના લગ્નનું ટાણું જ સાચવવાનું હતું. આ પ્રસંગે યોજાયેલી સભામાં આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું: 'વ્યાવહારિક કાર્યોમાં ભગવાનનો સંબંધ હોય તો તે વ્યવહાર નડે નહીં. ઘી ખાવાથી રોગ થયો હોય પણ તેમાં ઔષધિની માત્રા ભળે તો તેનું તે ઘી રોગ મટાડે છે. લગ્નમાં, મકાનના વાસ્તુમાં બધાંમાં ભગવાનનો સંબંધ. આપણે સુધરેલા થયા તે કહીએ કે 'વિધિઓની જરૂર નથી.' પણ તેનો લોપ થવાથી સંસ્કાર લોપ થાય છે. મોટાપુરુષો આપણા સુખ માટે આ બધું કરતા ગયા છે.'

વૈદિક વિધિ-વિધાનોના સંપૂર્ણ સમર્થક સ્વામીશ્રી સભા બાદ ગામમાં વીસ પધરામણીઓ કરીને કંડારી પહોંચ્યા. અહીં પણ ૨૮ પધરામણીઓ કરી અંજેસર પધાર્યા. અત્રે મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે સૌનો ઉત્સાહ આભને આંબતો હતો. એ ઉત્સાહની અટારીએ ફૂટેલા તા. ૯/૫ના મંગલ પ્રભાતે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ મંદિરમાં બિરાજી ગઈ.

આ પ્રતિષ્ઠા બાદ ગામમાં વીસેક પધરામણીઓ કરીને સ્વામીશ્રી ટુંડાવ, આસોજ, અટલાદરાને પાવન કરતાં ભોજ પધાર્યા. અહીં તા. ૧૦/૫ની સવારે ૪૫ પધરામણીઓ કરી લુણા, તાજપુરા થઈને ડભાસા આવી પહોંચ્યા. અત્રે તા. ૧૧/૫ની સવારે ૫૦ પધરામણીઓ બાદ પાદરા, દરાપરા, ગોરિયાદ, આમળા, અટલાદરા, હાલોલ, સારસા, વડોદ, આણંદ થઈને બોચાસણ આવ્યા.

અહીં તા. ૧૩/૫ના રોજ એકાદશી હતી. તેથી સવારે કથા દ્વારા જ્ઞાનયજ્ઞની જ્યોત પ્રગટાવી, સ્વામીશ્રી નવ વાગ્યાથી હરિભક્તોને તેઓના વ્યાવહારિક પ્રશ્નોમાં માર્ગદર્શન આપવા માટે બિરાજ્યા. આ મુલાકાતનો સમયગાળો સતત સાડા સાત કલાકનો રહ્યો! ભક્તો માટે કેટલી કરુણા હોય ત્યારે એક આસને આમ બેસી શકાય!

આ કરુણા સાથે બોચાસણથી લીંબડી થઈને સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અહીં તા. ૧૪/૫ના રોજ યોગી જયંતી ઊજવી રાજકોટ, ધ્રોળ, ભાદરા, ડાંગરા, જેતપુર, ચોકી, વડાળને લાભ આપતાં જૂનાગઢ આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૯/૫ની સવારે જૂની પ્રાસાદિક વાત કરતાં તેઓએ કહ્યું કે ''શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની સાથે અમે અહીં આવેલા. ગોંડલવાળા પુરુષોત્તમ ભગત સાથે હતા. અમે કલ્યાણજીભાઈને ઘેર ઊતરેલા. પુરુષોત્તમે ગિરનારનો મહિમા કહ્યો અને ઉપર ચડવા ઉત્સાહ બતાવ્યો. શાસ્ત્રીજી મહારાજને વાત કરી. તેમણે કહ્યું: 'જમીને જજો.' પછી બપોરે ત્રણ વાગ્યે નીકળ્યા. તે જાણે કે 'તળેટી દૂર છે.' તેથી તેણે યોગીજી મહારાજને કહ્યું: 'ઘોડાગાડી કરી દ્યો.' પણ યોગીજી મહારાજ કહે: 'ગિરનાર તો આ રહ્યો! ક્યાં દૂર છે?' તેણે બે વખત કહ્યું પણ યોગીજી મહારાજ માન્યા નહીં. શાસ્ત્રીજી મહારાજને તો કહેવાય જ નહીં. પછી ચાલતા ગયા તે થાકી ગયા. હું થાક્યો નહોતો, તેથી જલદીથી ઉપર ચડું. પણ પુરુષોત્તમ થાકી જાય. હું રાહ જોતો વળી આગળ બેસું. તેમ કરતાં જૈનનાં દેરાં સુધી પહોંચ્યા ને સાંજ પડી ગઈ. તેથી ત્યાંથી પાછા આવ્યા.''

ગિરનાર-આરોહણની આ વાત સંભળાવી સ્વામીશ્રી જૂનાગઢથી દડવા થઈને તા. ૧૯/૫ના રોજ સારંગપુર(અમરેલી) પધાર્યા.

અહીં તેઓના આસનની સામે જ થોડે દૂર આવેલી પાળી પર બેસીને મહિલાઓ દર્શન કરી રહેલાં; પરંતુ તેઓ જે રીતે બેઠેલાં તેમાં મર્યાદાની પાળી તૂટે તેમ હોવાથી સ્વામીશ્રીએ એક હરિભક્ત દ્વારા તે સૌને યોગ્ય ઠેકાણે બેસવા કહેવડાવ્યું. શ્રીજીમહારાજની આજ્ઞાનો નેજો કદી નમવા ન દેનારા સ્વામીશ્રી *'સંત સાચા તે સંસારમાં, રહે હરિવચને હમેશ રે...'* મુજબ જ જીવ્યા હતા.

અંધારાનો આગવો 'લાભ'

આ અરસામાં દુષ્કાળના ઓળાએ તેના ડોળા વધુ એક વાર બહાર

કાઢેલા. ઠેર ઠેર પાણીની અછત અને અનાજની તંગી વર્તાવા માંડેલી. પશુ-પંખી પણ ચણ-ચારા વિના ટળવળી રહેલાં. આ દારુણતામાં સૌને સહાયરૂપ થવા માટે સ્વામીશ્રીએ વિવિધ સંતમંડળોને ગામોગામ વિચરણ માટે મોકલવાનું આયોજન વિચારેલું અને ગોઠવણીની જવાબદારી ડૉક્ટર સ્વામી તથા નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીને સોંપેલી. સ્વામીશ્રીના આદેશ મુજબ આ બંને સંતોએ યાદી તૈયાર કરેલી. હવે તેને આખરી રૂપ આપવાનું હોવાથી સ્વામીશ્રી જ્યારે સારંગપુરથી અમરેલી, લાઠીને લાભ આપતાં તા. ૨૦/૫ની સાંજે ગઢપુર પધાર્યા ત્યારે તે બંને સંતો પણ અહીં આવી ગયા.

તેઓ સ્વામીશ્રીને મળવા ઓરડામાં પ્રવેશ્યા ત્યારે સ્વામીશ્રી એક સાદી-પાતળી રજાઈ પર બેસી પત્રલેખન કરી રહેલા. સંતોને આવેલા જોઈ તેઓ 'આવો, બેસો' એમ મીઠો આવકાર આપી આજુબાજુ જોવા લાગ્યા. ડૉક્ટર સ્વામી માટે રજાઈની ગોઠવણ કરવી એ તેઓની આ તપાસનો હેતુ હતો. પણ તે જ વખતે વીજળી ગુલ થઈ જતાં ઓરડામાં અંધારું છવાઈ ગયું.

તે જોઈ સંતોએ કહ્યું: 'બાપા! મળવાનું પછી રાખીએ.'

પણ મુશ્કેલીને કોઠું આપે તેવા સ્વામીશ્રી નહોતા. તેથી તેઓએ 'ના, બેસો. સંભળાશે. વાંધો નહીં આવે.' કહી વાર્તાલાપ આગળ ચલાવવા કહ્યું.

તેઓની આ મરજી જોઈ બંને સંતો સ્વામીશ્રી સમક્ષ ગોઠવાયા અને સંતમંડળોની ફાળવણી અંગે વાત કરવા લાગ્યા.

તે દરમ્યાન થોડી વારમાં જ વિદ્યુતસંચાર થતાં ઓરડામાં અજવાળું થયું. પણ એ આવેલો વીજપ્રવાહ જાણે પેલા બંને સંતોનાં શરીરમાં પ્રવેશ્યો હોય તેમ તેઓ આંચકો ખાઈ ગયા. અજવાળાંમાં તેઓએ જોયું તો તે બંને સ્વામીશ્રીની રજાઈ પર હતા અને સ્વામીશ્રી સાવ ભોંય પર! અંધારાનો આગવો 'લાભ' ઉઠાવતાં સ્વામીશ્રીએ પોતાનું આસન વીજળીની ગતિથી સંતો માટે પાથરી દીધું હતું!! તેઓની નમ્રતાના આ ઉજાશમાં સંતો અંજાઈ જ ગયા.

શાંતિના સોદાગર

ગઢપુરથી સ્વામીશ્રી તાજપુર, સારંગપુર, અમદાવાદ થઈને તા. ૨૨/૫, જેઠ સુદ ચોથની સવારે પુનઃ સારંગપુર પધાર્યા. અહીં તેઓના પ્રમુખવરણી દિનની સભામાં પીઢ સદ્‌ગુરુ સંતવલ્લભદાસ સ્વામીએ જણાવ્યું:

"ભાવનગરવાળા કુબેરભાઈ વાત કરતા કે 'શાસ્ત્રીજી મહારાજનો

મહિમા ગાવો નહીં પડે. તેમનું કાર્ય બોલશે.' તેમ આજે પ્રમુખસ્વામીનું કાર્ય બોલે છે. ૨૮ વર્ષથી એકમના થઈને પ્રમુખસ્વામીએ આ કાર્ય ચલાવ્યું તે ભગવાનથી જ ચાલી શકે. મનુષ્યથી ચાલી શકે નહીં.''

આમ, એક પછી એક સંતો-ભક્તો દ્વારા સ્વામીશ્રીને પરિપૂર્ણતાનાં પ્રમાણપત્રો અપાઈ રહેલાં ત્યારે તેઓએ દીન સૂરો વહાવતાં કહ્યું :

'એકલે હાથે તાળી પડતી નથી. દરેકને મારા ઉપર કૃપા અને લાગણી છે. તેથી આ કાર્ય શોભે છે. એકમના એ મોટી વસ્તુ છે. માથામાં પાઘડી ને પાઘડીમાં માથું. સિંહને લઈને વન અને વનને લઈને સિંહ. તેમ જ પીંછાંથી મોર રળિયામણો છે. આપણે જાણીએ કે આપણે કરીએ છીએ પણ આપણાથી કંઈ થાય તેમ નથી. બધા આશીર્વાદ આપો કે બધું કાર્ય સારી રીતે થાય.'

આજે અમદાવાદમાં પણ પ્રમુખવરણી દિનની વિશેષ સભા રાખવામાં આવેલી. તેથી સ્વામીશ્રી તા. ૨૨/૫ની સાંજે સારંગપુરથી અમદાવાદ આવી પહોંચ્યા. અહીં તેઓના સ્વાગતમાં આખું મંદિર-પરિસર ભક્તોના મહેરામણથી ઊભરાઈ રહેલું. મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી સભામાં બિરાજ્યા ત્યારે આજના સભાપતિ તરીકે ઉપસ્થિત મેયર શ્રીકૃષ્ણવદન જોષીએ સ્વાનુભવ વર્ણવ્યો કે 'મંદિરના દરવાજામાં દાખલ થતાં પહેલાં હું ચિંતામાં હતો. પણ મંદિરમાં આવતાં શાંતિ થઈ ગઈ તે ચમત્કાર છે. વિદ્વત્તાની વાત અને તેને અમલમાં મૂકવાની વાત જુદી છે. સ્વામીજીએ વિદ્વત્તાને અમલમાં મૂકી છે, એટલે મેં તેમને મસ્તક નમાવ્યું છે.'

શહેરના પ્રથમ નાગરિકનો આ અનુભવ આજની સભામાં બેઠેલા છેલ્લા નાગરિકનો પણ હતો. તેથી સૌએ તાળીઓના ગડગડાટથી શાંતિના સોદાગર સમા સ્વામીશ્રીને વધાવી લીધા.

૧,૦૦૦ વર્ષ કરતાં ૧ સેકન્ડ અધિક

તા. ૨૪/૫ના રોજ અમદાવાદથી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં હરિમંદિરનો શિલારોપણવિધિ થયો. શહેરના સેક્ટર-૨૦માં 'જ' રોડ પર ગાંધીનગરનું ગૌરવ બની રહેનારા આ નિર્માણાધીન સંકુલને સૌએ વાક્પુષ્પોથી વધાવ્યું.

રાજ્યની રાજધાની માટે એક અમૂલ્ય ઉપહાર બની રહેનારા કાર્યનો પ્રારંભ કરી, સ્વામીશ્રી ચરોતરનાં કૈંક ગામડાં ખૂંદતાં અટલાદરા પધાર્યા.

અહીં તા. ૨૭/૫ના રોજ ગોઠવાયેલા વિભાગીય બાળ-અધિવેશનના પ્રસંગે ઉપસ્થિત પાલેજના ઉદ્યોગપતિ હાજી અહમદવલી શેઠે જણાવ્યું કે 'એક હજાર વર્ષ સુધી સાચા દિલથી ઇબાદત કરો કે પૂજા કરો, પણ તે કરતાં એક સેકન્ડ ઓલિયાનો સમાગમ અધિક છે. તેવા ઓલિયા પુરુષ આ પ્રમુખસ્વામી મહારાજ છે.'

સૂફી સાહિત્યમાં લખ્યું છે કે *'યક ઝમાને દર હઝૂરે અવલિયા, બેહતર અઝ સદ સાલા તાઅત બે-રિયા.'*

'ઓલિયા સાથે વિતાવેલી એક પળ સો વરસની બંદગીથી બેહતર' – આ ઉદ્‌ગારનો જ તરજુમો કરતા હોય તેમ આજે હાજી શેઠ બોલી ગયા. સ્વામીશ્રીનું જીવન જ એવું હતું કે દરેક ધર્મગ્રંથોના શબ્દોની શાખ તેમાંથી મળે.

વિપત્ય પડે નહીં વેગળા

અટલાદરાથી સ્વામીશ્રી ભાયલી, જાંબુઆ, કરજણ, ભરૂચ થઈને બારડોલી જવા નીકળ્યા. પણ રસ્તામાં નર્મદા નદી આવતાં જ તેઓની સમાજહિતની ખેવના નદીનાં નીરની જેમ ઊછળી આવી. તેઓએ ગાડી ઊભી રખાવીને નર્મદામાં પ્રસાદીભૂત પુષ્પો પધરાવ્યાં અને નર્મદા બંધ વહેલી તકે પૂર્ણ થાય તેવી ધૂન કરી. આ વખતે નર્મદા નદી પર તૈયાર થઈ ગયેલા સરદાર સેતુના નામાંકિત બોર્ડ પર ચાંદલા કરી સ્વામીશ્રી આગળ વધ્યા અને રાયમ આવી પહોંચ્યા.

અહીં દક્ષિણ ગુજરાત અને મુંબઈનાં બાળ-યુવક અધિવેશન તથા તા. ૨૮/૫ના રોજ સાંકરી મંદિરના પાટોત્સવને ધન્ય કરતાં તેઓ ટીંબરવા, વ્યારા, મગદલ્લા, સુરત, ડાભોલી, નવસારી, પારડી, સેલવાસ, વાપી, વસઈ થઈને તા. ૩૧/૫ની રાત્રે મુંબઈ પધાર્યા.

અત્રે દ્વિશતાબ્દી નિમિત્તે ચર્ની રોડ સ્ટેશન સામે આવેલા 'મરાઠી સાહિત્ય સંઘ મંદિર'માં આયોજિત વિશેષ કાર્યક્રમમાં હાજરી આપી, સ્વામીશ્રી દાદર મંદિરે આવ્યા ત્યારે તેઓ પર નૈરોબીના હરિભક્તોનો ફોન આવ્યો. તેમાં એક પછી એક હરિભક્તો સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહી પોતાના પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા લાગ્યા.

તે ક્રમમાં છેલ્લા બે-ત્રણ મહિનાથી બેકારી ભોગવી રહેલા નટુભાઈ ચોકસી પોતાનો વારો આવે તે માટે તલપાપડ હતા. 'ટ્વિગા પેઇન્ટ્સ'

કંપનીમાં બદલાયેલા મૅનેજમૅન્ટે તેઓની નોકરીનો બલિ લેતાં, પરદેશમાં વિના આવકે દિવસો પસાર કરવામાં આ હરિભક્તની આંખે અંધારાં આવી ગયેલાં. તેથી તેઓ નવી નોકરી અંગે આશીર્વાદ લેવા ઉતાવળા થયા હતા.

તેઓના હાથમાં ફોનનું રિસીવર આવતાં જ તેઓ 'જય સ્વામિનારાયણ' કહી પોતાની મૂંઝવણ રજૂ કરવા ગયા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા : 'નોકરી મળી જશે. ચિંતા ન કરતા.'

આ શબ્દો સાંભળી નટુભાઈ અવાક્ બની ગયા. પાંચ હજાર કિ.મી. દૂર રહેલા સ્વામીશ્રી તેઓના મનની વાત જાણીને સાંત્વન આપી રહેલા. જો કે, દુન્યવી જીવો માટે ચમત્કાર ગણાય તેવી આ બાબત સર્વત્ર વ્યાપક અક્ષરબ્રહ્મ સમા સ્વામીશ્રી માટે તો સહજ હતી ! અલબત્ત, 'ચમત્કાર' શબ્દ પણ ટૂંકો પડે તેવો અનુભવ તો એ હરિભક્તને બીજે દિવસે થયો કે જ્યારે તેઓને એ જ દિવસથી ઊંચા પગારની નવી નોકરી મળી ગઈ !

'વિપત્ય પડે નહીં વેગળા, રહે ભક્ત ભેળા ભગવાન;
તેને મગન મનમાં, હંમેશે રહે હરિજન...'

આ હતી સ્વામીશ્રીના સમયમાં સત્સંગની તાસીર ! એક-એક હરિભક્ત આ અનુભવથી તરબતર થઈ રહેલો.

દુઃખ ભોગવ્યાં વગર સુખ નથી

સ્વામીશ્રીની ચતુર્થ વિદેશયાત્રાને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી, શહેરનાં પરાંઓમાંથી તેમ જ ગુજરાતમાંથી ઘણા હરિભક્તો ભમલી ભરવા માટે ઊમટતા હતા. વિદેશ જઈ રહેલા સ્વામીશ્રીનો લાભ લૂંટી લેવાની આ મોહિનીમાંથી મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનશ્રી વસંતરાવ પાટીલ પણ મુક્ત ન રહી શક્યા અને તેઓએ તા. ૨/૬ની સવારે પોતાના સત્તાવાર રહેઠાણમાં સ્વામીશ્રીને પધરાવ્યા. મુખ્યમંત્રીની મનોકામના પૂરી કરી સ્વામીશ્રી પ્રેમપુરી આશ્રમમાં ધર્મલાભ આપી, ચોપાટી બૅન્ડ સ્ટેન્ડની પાછળ આવેલી શ્રેયસ એજ્યુકેશન સોસાયટીના હૉલમાં પહોંચ્યા. ત્યાં દક્ષિણ મુંબઈના હરિભક્તોનું વિદાયમાન ઝીલી સત્સંગીબંધુ નરેશભાઈના નિવાસ-સ્થાને ઠાકોરજી જમાડવા બિરાજ્યા.

અત્રે હજી તો સ્વામીશ્રી પહોંચ્યા કે ત્યાં જ શેરી સાયરનોથી ગાજી ઊઠી. કોણ મહાનુભાવ ગલીમાં આવી ચડ્યા છે, તે જોવા કેટલાકે કુતૂહલવશ

ડોકિયું કર્યું ત્યાં તો મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન સ્વયં ગલીમાં નહીં, પણ આ ઘરમાં જ પ્રવેશી રહેલા દીઠા! સ્વામીશ્રી સાથે તેઓની મુલાકાતને બાર કલાક પણ પૂરા થયા નહોતા ત્યાં તેઓ ફરી વાર દર્શન-આશીર્વાદનો લાભ લેવા આ ઘર શોધતાં દોડી આવ્યા! સ્વામીશ્રીની સાધુતાપ્રચુર જીવનશૈલી પહેલી મુલાકાતમાં જ દિગ્ગજ રાજનેતાઓને રંગી નાંખતી. સત્સંગના રંગમાં સૌને રસબસ કરતાં સ્વામીશ્રી આજે મંદિરની નિત્યકથામાં પણ મન મૂકીને વરસ્યા.

વિદેશ જતાં પૂર્વે ભક્તોને અખૂટ ભાથું બંધાવી દેવાનું જાણે તાન હોય તેમ તેઓએ કહ્યું: 'દુઃખ ભોગવ્યાં વગર સુખ નથી. કસણી વધુ તેમ આગળ સુખ પણ અધિક. શાસ્ત્રીજી મહારાજ કસણી ખૂબ ખમ્યા તો આજે આપણને સુખ છે. સત્પુરુષ થકી પુરુષોત્તમ નારાયણની નિષ્ઠા થઈ એ મોટાં ભાગ્ય! આવકનો દશમો-વીશમો ભાગ ધર્માદાનો શ્રીજીમહારાજે કહ્યો છે, તે આપો તો જગતના પદાર્થોમાં નાશવંતપણાનું અનુસંધાન રહ્યું એમ જાણવું...'

છેલ્લો સંદેશો

તા. ૪/૬ની રાત્રે નવ વાગ્યે માટુંગાની પોદાર કૉલેજનું વાતાવરણ ગદ્ગદ અને ગમગીન બની ગયેલું. ત્યાં ઉપસ્થિત એકેએક સંત-ભક્ત *'ચિત્તડાંમાં ચિંતા ને, અંગ ઉતાપ ઘણો; હૈડાંમાં મોટો રે, તાપ વિયોગ તણો...'* અનુભવી રહેલા. હવે ગણતરીના કલાકોમાં જ જીવન રહેવાનું હતું, પણ પ્રાણ ચાલ્યો જવાનો હતો. છતાં આ વિદાય-સભામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે સૌએ ગગનભેદી જયનાદોથી તેઓને વધાવ્યા. પુષ્પહારો પહેરાવી સત્કાર્યા. સ્વામીશ્રી સાથે આ પ્રવાસમાં સામેલ થનાર મહંત સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરેને પણ વિદાયમાન અપાયું.

તે સ્વીકારી હજારોના મહેરામણને વ્યક્તિગત મળી સ્વામીશ્રી રાત્રે સાડા અગિયાર વાગ્યે ઍરપોર્ટ પધાર્યા, ત્યારે અહીં પણ વિશાળ સત્સંગ-સાગર હિલોળા લઈ રહેલો. સ્વામીશ્રી પધારતાં જ તેમાં ભાવની ભરતી ચઢી અને તેના ઘુઘવાટથી ઍરપોર્ટ ગાજી ઊઠ્યું. સૌને દર્શન આપી સ્વામીશ્રી મહારાજા લાઉન્જમાં આવી બિરાજ્યા. તેઓ 'ઍર ઇન્ડિયા'ના જે 'એમ્પરર અશોક' વિમાનમાં ઊડવાના હતા તે હજી ઑસ્ટ્રેલિયાથી આવી રહ્યું હોવાથી સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'હરે! કીર્તન ગાઓ.' તે સાથે જ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટની સંભાવિત મહાનુભાવોની લાઉન્જ પરમહંસોનાં પદોથી ગુંજવા

લાગી. કૃષ્ણ જ્યાં જાય ત્યાં મધુવન ખડું થઈ જતું; તેમ સ્વામીશ્રી પણ જ્યાં બેસે ત્યાં કીર્તનકુંજ ખડી થઈ જતી.

સંતોનું કીર્તનગાન શરૂ થતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'લાવો, ટપાલો. ઇન્ડિયાનું કામ ઇન્ડિયામાં જ પૂરું કરીએ.' આમ કહી તેઓ ટપાલોમાં હસ્તાક્ષર પાડવા લાગ્યા. તે વખતે સમયનો સદુપયોગ, ભક્તોની કાળજી અને દેવદ્રવ્યની કરકસરની ત્રિવેણી જ તેઓની કલમમાંથી જાણે વહી રહી ! વિદાયવેળાના સ્વાભાવિક ઉચાટ અને ઉત્સુકતાથી તેઓ સદા અલિપ્ત રહેતા.

સ્વામીશ્રી એકતાર થઈને પત્રલેખન કરી રહેલા ત્યાં જ કો'કે વચમાં કહ્યું: 'સ્વામી ! છેલ્લો સંદેશો આપો.'

'ભગવાન ભજવા એ જ સંદેશો છે.' સ્વામીશ્રીએ તરત જવાબ આપ્યો.

બસ ! આ રહેલો તેઓનો સર્વકાલીન અને સાર્વજનિક સંદેશ ! તે ફેલાવવા માટે જ તેઓ તા. ૪/૬ની રાત્રે સાડા બાર વાગ્યે લાઉન્જમાંથી ઊભા થયા અને વિમાનમાં બિરાજ્યા. રાત્રે ૧:૪૫ વાગ્યે જ્યારે હવાઈ જહાજ સ્વામીશ્રીની સેવા મળ્યાના હર્ષથી કિકિયારીઓ પાડતું ગગનગામી થયું ત્યારે સૌ ભક્તોનાં હૈયાં વેદનાની ચિચિયારી પાડી ઊઠ્યાં. ઍરપોર્ટના ગમનપથ પર વિમાને પાડેલા લિસોટા ભક્તોનાં હૃદય પર ઘસરકા બનીને ઊપસી આવ્યા. સૌ દર્શક-દીર્ઘામાંથી એ ગરુડને ગગનમાં ગાયબ થતો જોઈ રહ્યા – ઊર્ધ્વમુખે, નીતરતાં નયને અને ભગ્ન હૃદયે !

હરિભજન લેલીન નિરંતર

ઍરોપ્લેન અધ્ધર આકાશમાં સ્થિર થયું તે સાથે જ રાત્રે પોણા બે વાગ્યે સ્વામીશ્રીની પત્રકચેરી ત્યાં પણ ખૂલી ગઈ ! સદા સેવામાં રત રહેનારા તેઓને અવની-આકાશ બધું એકાકાર હતું. કેટલોક સમય પત્રલેખનમાં વિતાવી સ્વામીશ્રીએ ચેષ્ટાગાનનું આહ્નિક આરંભ્યું. તેના અંતે પોઢેલા ઠાકોરજીનાં પણ ભાવપૂર્વક દર્શન કરી તેઓ નિદ્રાધીન થયા. તે વખતે ભારતીય ઘડિયાળ રાત્રિના ત્રણ વાગ્યાનો સમય બતાવી રહેલી.

તા. ૫/૬ની સવારે છ વાગ્યે વિમાને ઇટાલીના રોમમાં ઉતરાણ કર્યું ત્યારે પ્લેનમાંથી શહેર અને વેટિકન સિટી પર ઠાકોરજીની દૃષ્ટિ કરાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ ઍરપોર્ટ પર જે પણ ઊતરે તે બધાંનું કલ્યાણ થાય અને સંસ્કાર પડે.' સૌનું કલ્યાણ કરવાનું પોતાનું 'મિશન' તેઓએ વિદેશના

આ પ્રથમ મુકામથી જ આરંભી દીધું.

અહીં પ્લેનમાં જ ઠાકોરજીને શુદ્ધ ગરમ જળથી સ્નાન કરાવવામાં આવ્યું. હરિકૃષ્ણ મહારાજની આ ખેવના સ્વામીશ્રીની ભક્તિના ફળરૂપે હતી. તેઓએ જ વિદેશપ્રવાસની શરૂઆત થવાના બે દિવસ પૂર્વે સંતોને સૂચના આપી હતી કે 'આપણે લંડનમાં સવારે મોડા ઊતરવાના છીએ, તો એક થર્મોસમાં ગરમ પાણી ઠાકોરજીના સ્નાન માટે લઈ લેજો. ઠાકોરજીને સ્નાન વગર ન રખાય.' સ્વામીશ્રીની આ ભક્તિની હૂંફ માણતાં માણતાં હરિકૃષ્ણ મહારાજ આજે પ્લેનમાં ન્હાયા.

સ્વામીશ્રીએ બીજું સૂચન કરેલું: 'પ્લેનમાં 'વચનામૃત' અને કીર્તનાવલિ બહાર રાખજો.' પરદેશ-પ્રવાસ પૂર્વે તેઓએ રખાવેલી આ તકેદારી તેઓની વિદેશયાત્રાના ઇરાદાને સ્પષ્ટ કરી ગઈ. જગતમાં વિચરવા છતાં સ્વામીશ્રી *'હરિભજન લેલીન નિરંતર, જગ બકવાદ વિસારી હૈ...'* સમા સંત હતા.

કર્યો જગમાંહી જયજયકાર

સ્નાનાદિકથી ઠાકોરજી પરવાર્યા એટલે સ્વામીશ્રીએ ભાવપૂર્વક દર્શન કર્યાં અને તરત જ પત્રવ્યવહારનું કાર્ય આરંભી દીધું! પત્રોમાં એકધારા અક્ષરો ટપકાવતા જતા સ્વામીશ્રીને જોઈ સંતોએ પૂછ્યું: 'બાપા! આટલી બધી ટપાલોમાં હસ્તાક્ષર કરતાં હાથ નથી દુ:ખતા?'

'ટેવ પડી ગઈ.' સ્વામીશ્રી બોલ્યા. પછી જણાવ્યું: 'આપણામાં કંઈ બુદ્ધિ નહીં, પણ યોગીબાપાના બળે ચાલે છે, ને તમારા જેવા ભણેલા સંતોનો સાથ છે. પરદેશમાં તમારાથી સમાસ થાય.' નમ્રતા નિચોવતાં સ્વામીશ્રીએ કહ્યું. પણ લંડનના ઍરપોર્ટ પર વિમાન ઊતર્યું ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રીનું માત્ર સાંનિધ્ય પણ કેવો સમાસ કરે છે!

સ્વામીશ્રીના આગમન ટાણે જ ઈંગ્લેન્ડની રાણીના રાજ્યાભિષેકનો રજતજયંતી ઉત્સવ હોવાથી સમગ્ર લંડનમાં ઉલ્લાસમય વાતાવરણ હતું. અન્ય દેશોમાંથી અનેક શુભેચ્છકો આ પ્રસંગે હાજરી આપવા અહીં ઊતરી રહેલા. તેઓનાં ઇન્ટરવ્યૂ લેવાં ખબરપત્રીઓ પણ અહીંતહીં દોડાદોડ કરતા હતા. સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓએ વિમાનમાં જ સ્વામીશ્રીની મુલાકાત લીધી. તસવીરો ખેંચી. પણ જ્યારે જાણ્યું કે સ્વામીશ્રી તો કોઈક આગવા કાર્ય માટે અહીં આવી રહ્યા છે, ત્યારે વિશ્વવિખ્યાત સમાચાર સંસ્થા બી.બી.સી.એ તા.

૭/૬ની રાત્રે સાડા દસ વાગ્યાના તેના વિશ્વવ્યાપી 'બુલેટીન'માં જણાવ્યું કે ''પેરેડાઇઝ નામના ટાપુને આજે સ્વતંત્રતા મળી. તે ટાપુની એક વ્યક્તિએ કહ્યું: 'મને રાષ્ટ્રપ્રમુખ બનાવો.' પરંતુ તે સ્ત્રીઓ પાછળ અને સ્ત્રીઓ તેની પાછળ ઘેલી હતી. આની તદ્દન વિરુદ્ધમાં પ્રમુખસ્વામી નામના એક પવિત્ર સંત ભારતથી હીથ્રો ઍરપોર્ટ ઉપર પધાર્યા અને હીથ્રો ઍરપોર્ટ ઉપર માર્ગમાં આવતી તમામ સ્ત્રીઓ દૂર રહી હતી, કારણ કે છેલ્લાં ૪૦ વર્ષથી તેમણે કોઈ સ્ત્રી સામું જોયું નથી. તેમના મંદિર તરફ જતાં તેઓ કારમાં બિરાજ્યા હતા ત્યારે તેમની આંખો ઢળેલી હતી.''[૪૪]

આમ, સ્વામીશ્રીએ પરદેશમાં પ્રથમ પગલું મૂક્તાંવેંત પોતાના વર્તનથી સંપ્રદાયનો જયજયકાર કરી દીધો.

ધર્મને અનુસરે તે ધર્મકુળ

સ્વામીશ્રીની પધરામણી થતાં લંડનના દરેક સત્સંગીનું હૈયું *'પિયુ મારો પધારિયા પ્રસિદ્ધ...'*ની લાગણીથી છલકાઈ રહ્યું. ઍરપોર્ટ પરના જયનાદ, વિમાનઘરથી મંદિર સુધી શોભાયાત્રા જેવો માહોલ અને મંદિરે યોજાયેલી સ્વાગત-સભામાં આ જ સૂરના પડઘા પડી રહ્યા. ધજાપતાકા અને તોરણોથી સુશોભિત મંદિર પણ આ ભાવનાની સાક્ષી પૂરતું રહ્યું.

સ્વામીશ્રીએ મંદિરમાં પધારી ગદ્‌ગદભાવે ઠાકોરજીનાં દર્શન-દંડવત કર્યાં. ત્યારબાદ બે હાથ જોડી સૌને 'જય સ્વામિનારાયણ' કહેતાં સભામાં બિરાજ્યા. હારતોરાની ઔપચારિકતા બાદ પોતાની ચતુર્થ વિદેશયાત્રાની પ્રથમ આશીર્વર્ષા વરસાવી તેઓ ઈલિંગમાં આવેલા શ્રી પારેખના ૪, વેસ્ટ રોપ મકાનમાં ઉતારે પધાર્યા.

ત્યાંથી સાંજે ચાર વાગ્યે વૅમ્બલીના બ્રેન્ટ ટાઉનહૉલમાં યોજાયેલી ભવ્ય સ્વાગત-સભામાં આવી પહોંચ્યા. ઈંગ્લેન્ડના જુદા જુદા વિસ્તારોમાંથી આવેલા

---

૪૪. As Island named paradise got independence today. A man from the island said: 'I should be made the president of the island.' But he was after women and women were after him. On contrast to them, a holy saint named Pramukh Swami, came from India to England at the Heathrow Airport, and the Heathrow Airport was cleared off all the women because he had not seen a single woman since last forty years. On the way to the temple he sat in his car with his eyes cast down.

આશરે ચારેક હજાર ભાવિકોથી આખો હૉલ હકડેઠઠ ભરાઈ ગયેલો. કેટલાકને બહાર ઊભા રહી લાભ લેવો પડ્યો. તે સૌ સાથે ઉપસ્થિત સ્થાનિક અંગ્રેજ અગ્રણીઓનો સત્કાર ઝીલી સ્વામીશ્રી ઉતારે આવી પહોંચ્યા.

અહીં તા. ૬/૬ની સવારે તેઓએ ૪૦ કલાકના નિર્જળા ઉપવાસ પછી જલપાન કર્યું! ત્યારબાદ મંદિરે પધારી 'વચનામૃત'(ગ.પ્ર.૧)નું રસપાન કરાવતાં કહ્યું: 'સંતો સાવરણી છે. તે આપણાં હૈયાં સાફ કરે. મહારાજની આજ્ઞા મુજબ વર્તીએ એ જ અખંડ વૃત્તિ. સત્પુરુષને વિષે હેત કરી દેવું એ મોટામાં મોટું આત્મદર્શન. આ સભામાં બેઠા એ મોટી પ્રાપ્તિ. ધર્મકુળ શું? ધર્મને અનુસરે તે તેનું કુળ. આપણે તે માર્ગને અનુસર્યા તે ધર્મકુળ.'

વચનામૃતના શબ્દોની સ્પષ્ટ સમજૂતી સ્વામીશ્રીના નિરૂપણમાંથી મળતી રહેતી. ખરેખર, *'ગુરુ બિન કુન સત્ય બાત કું સુનાવ હિ...'*

પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી

સ્વામીશ્રીના લંડનમાં રોકાણ દરમ્યાન આબાલબૃદ્ધ બાઈ-ભાઈની પરિસ્થિતિ *'અર્ધક્ષણ રહી ન શકે, વણદીઠે વદન મહારાજનું'* જેવી થઈ ગયેલી. તેથી બાળકો-યુવકો તો વહેલી સવારના પાંચ વાગ્યાથી સ્વામીશ્રીની સેવા માટે દોડી આવતા. તેઓને પ્રાતઃકાળનાં પ્રથમ દર્શન અને સ્નાનસેવાના લાભનો લોભ રહેતો. તેમાંય તા. ૭/૬ના રોજ તો રજાનો દિવસ હોવાથી નાનકડા શિશુઓ પણ પિતાની આંગળી ઝાલીને આવી ગયેલા. તેમાંનો એક પાંચેક વર્ષનો યજ્ઞેશ તો સ્વામીશ્રી દાતણ કરતા હતા ત્યાં જ જઈને નિઃસંકોચપણે ઊભો રહી ગયો. સ્વામીશ્રી પણ તેને જોઈ મલક્યા. પછી કહ્યું: 'સ્વામીની વાતો બોલ.'

ત્યારે તે બાળક કાલું-વ્હાલું બોલ્યો: 'આપણે માયાના નથી, પણ બાપાના છીએ.'

તે સાંભળી સ્વામીશ્રી પણ બાળક સાથે બાળક બન્યા અને પૂછ્યું: 'બાપા કોણ?'

'પ્રમુખસ્વામી!' બાળકે સચોટ નિશાન તાક્યું.

પણ સ્વામીશ્રીએ 'એ વળી કોણ?' પૂછી તેને ગૂંચવ્યો.

ત્યારે તે બાળકે સ્વામીશ્રી સામે પોતાની નાનકડી આંગળી ચીંધી દીધી! તે જોઈ આસપાસ ઊભેલા સૌ હર્ષિત થઈ ઊઠ્યા, પરંતુ સ્વામીશ્રીએ

બાળકને શિખવાડ્યું : 'આપણે માયાના નથી, પણ મહારાજના છીએ.'

વાત નાની હતી, પણ બોધ મોટો હતો. સ્વામીશ્રીએ અબુધ બાળકને પણ શ્રીજીમહારાજની નિષ્ઠા દૃઢ થાય તેની કાળજી લીધી. *'દાતા રામહું કે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી...'* સમા સંત હતા તેઓ !

આ સ્વરૂપ મળ્યું છે એ જ સાચું છે

સ્વામીશ્રીના નિવાસસ્થાનથી મંદિર પચીસેક કિ.મી. દૂર હોવાથી સ્વામીશ્રી સવારે પાંચ વાગ્યે જાગીને સમયસર પ્રાતઃપૂજા માટે મંદિરે પધારતા. પૂજા બાદ કથાની રસલહાણ કરાવતા. તે ક્રમમાં આજે ગઢડા પ્રથમ પ્રકરણના ૭૧મા વચનામૃત પર વાત કરતાં કહ્યું કે –

''શ્રીજીમહારાજે રમૂજ કરતાં કરતાં સૌના જીવમાંથી જગત કાઢી નાંખ્યું. હેતે કરીને વાત સમજાય, કાયદા કે દબાણથી ન થાય. આ સ્વરૂપને વિષે દિવ્યભાવ હોવો જોઈએ. અહીં મનુષ્યસ્વરૂપે છે તો પણ એ જ અક્ષરધામનું સ્વરૂપ છે ને અક્ષરધામમાં છે એ જ અહીં છે. એમાં જુદો ભાવ સમજવાનો નથી. જુદું સમજાય એટલી આપણને કસર રહે. આ સ્વરૂપ મળ્યું છે તે જ સાચું છે. એમાં જ બધું સમજાય એટલે પરિપૂર્ણ નિશ્ચય થઈ ગયો. આ સ્વરૂપને વિષે સર્વપ્રકારે જોડાઈ જવું એ સમાધિ. એમાં બ્રહ્મપુરધામ આવી ગયું. આ સ્થાન અક્ષરધામ બની ગયું...'

સ્વામીશ્રીની આજની વાતો સૌનાં અંતર અજવાળી રહેલી, પણ તેનો છેડો તેઓ અનેરી રીતે લાવ્યા.

અહીં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન સવારે સાડા ત્રણ વાગ્યાથી થઈ જતું સૂર્યનું અજવાળું રાત્રિના દસ વાગ્યા સુધી રહેતું. તેથી ગઈકાલે સાંજે મંદિરની સભા માટે નીકળવાના સમયમાં થાપ ખવાઈ જતાં સ્વામીશ્રી લગભગ એક કલાક મોડા પહોંચેલા. તેના અનુસંધાનમાં તેઓ આજે બોલ્યા : 'કોઈ તો અંધારામાં ભૂલા પડે પણ અમે તો અજવાળામાં ભૂલા પડ્યા ! પણ હવે સમયમાં આવી જઈશું. આપ સર્વેને બેસી રહેવું પડ્યું તે બદલ ક્ષમા કરશો. અહીં તો કલાક જ મોડું થયું છે પણ દેશમાં તો ચાર-ચાર કલાક મોડું થાય છે. છતાં પણ સમયસર આવી જઈશું.'

સ્વામીશ્રીની આ માફી સૌનાં અંતર કકળાવી ગઈ. સૌ આ સરળ સૂત્રધાર પર ઓવારી ગયા.

ઘન સમ સંત સુધીર

લંડનમાં કથાની સાથે પધરામણીઓનો પ્રવાહ પણ અવિરામ વહેતો. રોજ સવારે ત્રણથી ચાર કલાક અને સાંજે બેથી ત્રણ કલાક ચાલતા આ કાર્યક્રમ દરમ્યાન, સરેરાશ ૨૦૦ કિ.મી.ની મુસાફરી રોજ થતી અને ૧૫-૨૦ ઘરોમાં સ્વામીશ્રીનાં પગલાં પડતાં. તે વખતે *'ચાર મિલે ચોસઠ ખીલે'*[૪૫]નું દૃશ્ય કાયમ જોવા મળતું. હરિભક્તોએ ઠાકોરજીને ધરાવવા વિવિધ પ્રસાદ તૈયાર રાખ્યો હોય. ફૂલહાર અને પૂજાપાની થાળી પણ સુંદર સજાવી હોય. સ્વામીશ્રી તેઓની આ ભક્તિને સાર્થક કરે.

પૂજનવિધિ બાદ મળે ત્યારે ઔપચારિકપણે નહીં, પણ દરેક હરિભક્તની દેશની ઓળખાણ કાઢે. સગાં-વહાલાંને સંભારે. સંબંધ તાજો કરે અને હેત કરી ભગવાનમાં જોડે. આ રીતે દરેકને અંગત સંબંધનો લાભ આપે.

નવા ભક્તો હોય તો વર્તમાનવિધિ ચાલે. સૌ હોંશે હોંશે સ્વામીશ્રી સાથે ફોટાઓ પડાવે. સ્વામીશ્રી કુટુંબમાં દરેક સભ્યના ધર્મ-નિયમ કેવા દૃઢ છે તે પણ પૂછી લે. જો કોઈને વર્તમાનમાં ફેર પડ્યો હોય તો વાતો કરી સમજાવે. આશીર્વાદ આપી હાથમાં જળ મુકાવી પ્રતિજ્ઞાબદ્ધ કરે. તેઓનાં સ્નેહ અને સમજાવટથી ભલભલા યુવાનો પણ પળમાં વ્યસન છોડી દે.

નાનાં-નાનાં બાળકોને પણ સ્વામીશ્રી વાંસામાં હાથ ફેરવતાં કે ગળામાં કંઠી પહેરાવતાં પૂછી લે: 'નિશાળમાં શું ખાઓ છો?' જો કોઈ બાળક કહે કે 'મીટ(માંસાહાર) ખાઉં છું.' તો તેને પણ વહાલથી સમજાવે ને તે ન ખાવાનું વ્રત લેવરાવે. કેટલીક જગ્યાએ તો મુમુક્ષુ સ્વામીશ્રી પાસે નિષ્કપટ થાય અને પશ્ચાત્તાપનું ઝરણું તેની આંખોમાંથી વહી છૂટે. આમ, તેઓ જે ઘરમાંથી પધરામણી કરીને નીકળે ત્યાં – *'દોષ હરન શીતલ કરન, ઘન સમ સંત સુધીર; મુક્ત જ્ઞાનજળ વર્ષકે, હરત સબકી પીર...'*નો અનુભવ સૌ કરી રહેતા. સવારના પાંચ વાગ્યાથી રાત્રિના બાર-એક વાગ્યા સુધી સ્વામીશ્રી આ રીતે કાર્યરત રહેતા. બપોરે એકાદ કલાક આરામ મળે તો મળે!

દેહ અધ્યાસ મિટાય દિયો હૈ

તા. ૯/૬ની સવારે ભારતીય હાઈકમિશ્નરના નિવાસસ્થાને સ્વામીશ્રીની

---

૪૫. સ્વામીશ્રી અને ભક્તની ચાર આંખો મળે અને બંને મલકાઈ ઊઠે તે ભાવ.

મુલાકાત ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ સાથે યોજાઈ.

ત્યારબાદ તેઓ સ્ટેમ્પહેડ હિલ વિસ્તારમાં નવા મંદિર માટેની વિશાળ જગ્યા જોઈ એક ઘેર પધાર્યા ત્યારે ત્યાં નાનકડો બાળક હાથમાં રમકડાંની બંદૂક લઈને પૂજન કરવા આવ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અલ્યા, તું બ્રાહ્મણ થઈને હાથમાં બંદૂક રાખે છે? આપણે તો હાથમાં માળા શોભે.' આમ કહી તે બાળકના હાથમાં માળા આપી.

સમાજમાં એક કાંટાને ફૂટતો અટકાવી જાણે કુસુમ ખીલવી દીધું!

આ કાર્ય માટે જ તા. ૧૧/૬ના રોજ પધરામણીઓ કરી સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે ઉતારે પધાર્યા ત્યારે ત્યાં કેટલાક ખપવાળા યુવકો હજીયે લાભ લેવાના ઈરાદાથી રોકાયેલા. તેઓએ વાતચીત દરમ્યાન ધીરે રહીને વિનંતીનો સૂર વહેતો કર્યો કે 'બાપા! કાલે એકાદશી છે. પણ આપ નિર્જળા ઉપવાસ ન કરશો.'

'એ તો ઉંમર થઈ હોય તેને બાધ નહીં. આપણે તો હજુ વાંધો આવે એમ નથી.' આમ કહેતાં સ્વામીશ્રીએ વિનંતીને મચક ન આપી. યુવકોએ ઉપવાસ પર રોક લગાવવા પોતાથી બનતો બધો પ્રયત્ન કર્યો, પણ વાયુ વાદળાંને વિખેરી નાંખે તેમ સ્વામીશ્રીએ તેઓની સઘળી દલીલો ઉડાડી દીધી અને જીવનના ૫૬મા વર્ષે નિર્જળા ઉપવાસ કરવા સાબદા થઈ ગયા.

તેઓ જ્યારે ઉપવાસ કરતા ત્યારે આહારની સાથે બપોરના આરામનો પણ ત્યાગ કરતા. તેથી તા. ૧૨/૬ના રોજ ઉપવાસના દિવસે તેઓએ વૅમ્બલી વિસ્તારમાં સવારના દસ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી સતત પધરામણીઓ ચલાવી! પધરામણીઓ બાદ મંદિરે પધારી રવિસભામાં અવિરત દોઢ કલાક સુધી કથારસ પીરસ્યો. તે વખતે આખા દિવસના પરિશ્રમ અને ઉપવાસની અસરથી મુક્ત રહી, વહી રહેલો એમની જોશીલી વાણીનો એકધારો પ્રવાહ જોઈ સૌનાં હૈયાં પોકારી ઊઠ્યાં: *'દેહ અધ્યાસ મિટાય દિયો હૈ, વિષય વિકાર વિસારે હૈ; ઐસે સંત પ્રભુ કું પ્યારે હૈ...'*

આડઅસરથી અસ્પૃશ્ય

જે હવાના હિંડોળે ડાળીઓ ઝૂલતી હોય છે તે હવાનો વેગ વધે ત્યારે ડાળીઓ તૂટીને ભોંયભેગી થાય છે. સવારનો જે સુકોમળ તડકો ફૂલોને ખીલવે છે તે તાપ પ્રખર બને ત્યારે ખીલેલાં ફૂલ કરમાઈ જાય છે. જે વરસાદ મૂળિયાંને

પોષે છે તેની ધારા પ્રચંડ બને ત્યારે તે જ મૂળિયાં ઉખાડી દે છે. જ્યારે પ્રકૃતિનો વેગ તીવ્રતા પકડે ત્યારે ટકવું મુશ્કેલ બની રહે છે. તેમ પ્રવૃત્તિનો વેગ વધે ત્યારે પણ ધર્મ-નિયમ ટકાવી રાખવા અને અંતરની કુમાશ અકબંધ રાખવી તે અઘરું પડે તેવું છે, પરંતુ આવી આડઅસરોથી સર્વદા મુક્ત રહેવામાં જ સ્વામીશ્રીની ખાસિયત હતી. તા. ૧૩/૬નો દિવસ તેનો સાક્ષી બની રહ્યો.

આ દિવસે સ્વામીશ્રી એક ઘેર પધરામણી માટે પધાર્યા ત્યારે તે બંગલાની આજુબાજુ કેટલાંક મહિલા ભક્તો દર્શન માટે ઊભાં હતાં. સ્વામીશ્રીના ગમનપથ અને તે બાઈઓ વચ્ચેનું અંતર મર્યાદા મુજબનું હતું. પરંતુ જ્યારે સ્વામીશ્રી પગલાં માંડતાં ઘર તરફ જવા લાગ્યા તે વખતે દૂર ઊભેલાં મહિલા ભક્તોનો પ્રેમ પુષ્પવર્ષા દ્વારા ઊછળી આવ્યો. તેઓ પોતાના સ્થાને ઊભાં ઊભાં સ્વામીશ્રી પર પુષ્પો વેરવાં લાગ્યાં. સ્વામીશ્રીને આ ન ગમ્યું. તેથી એકદમ અકળાઈને બોલ્યા: 'નિયમ-ધર્મમાં કોઈ સમજતા નથી.'

વિચરણના વેગમાં મર્યાદાની પાળ સ્વામીશ્રીએ કદી તૂટવા દીધી નહોતી.

આ રીતે આજના દિવસે તેઓ અન્ય એક ઘેર પધરામણીમાં ગયા ત્યારે ત્યાં એક નાનકડું શિશુ સૂતેલું. પૃથ્વી પર ડગ માંડવાનું પણ ન શીખેલું તે બાળક, પડ્યું-પડ્યું તેના નાનકડા હાથ-પગ હવામાં વીંઝતું દંતવિહીન મુખથી કિલકારીઓ કરી રહેલું. તેના મોંમાં મૂકવામાં આવેલી ચૂસણી બાજુમાં પડી ગઈ હતી. તેને પાછી કોઈ પોતાના મોંમાં મૂકી આપે તે તેના કલબલાટનો મર્મ હતો. પધરામણીના ઝપાટામાં પણ સ્વામીશ્રી શિશુની આ સંવેદના સમજી ગયા અને સ્વયં નીચા નમી બાજુમાં પડેલી ચૂસણી તેના મોંમાં મૂકી દીધી! આભને અડે એવી પ્રતિભા હોવા છતાં ભોંય પર રવડતા અબુધ શિશુની સંભાળ માટે ઝૂકી શકતા સ્વામીશ્રીની કેટલી ઋજુતા!

સ્વભાવથી આવા સુકોમળ તેઓ આજે રાત્રે પધરામણીઓથી પરવારીને ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે રાત્રિના અગિયાર વાગી ચૂકેલા. સૂવાના સમયે તેઓ જમવા બિરાજેલા છતાં બોલ્યા: 'અત્રેના હરિભક્તોનો પ્રેમ તથા ભાવ ખૂબ જ છે તથા મંદિર માટે પણ સારી સેવા નોંધાવે છે. તો આપણે થોડો ભીડો ખમી લેવો.'

રાત્રે અગિયાર વાગ્યે જમવું અને રાત્રે એક વાગ્યે પોઢવું એ સ્વામીશ્રીને મન 'થોડો' જ ભીડો હતો!

અત્યારે બેઠા છીએ તે અક્ષરધામ જ

તા. ૧૪/૬ની સાંજે યુવક મંડળે સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિશેષ સભા યોજેલી. તેમાં રજૂ થયેલા વિવિધ કાર્યક્રમોમાં પ્રશ્નોત્તરી શિરમોર સાબિત થઈ રહી. વાંકડા પ્રશ્નો અને વેધક જવાબોનો એ સિલસિલો કંઈક આવો ચાલ્યો.

- આ રજોગુણી દેશમાં ભગવાનને પ્રસન્ન કરવાનું સાધન શું?
  'આજ્ઞા પાળ્યે મોટાની પ્રસન્નતા થાય.'
- 'શિક્ષાપત્રી'માં લખ્યું છે કે 'જીવ હૃદયમાં રહ્યો છે.' તો હૃદયનું પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટેશન) કરે ત્યારે જીવ બદલાય છે?
  'જીવ સનાતન વસ્તુ છે. તે કપાતો નથી. નાશ પામતો નથી. જીવમાં ફેરફાર થતો નથી.'
- દરેક કાર્યમાં શ્રીજીમહારાજની ઇચ્છા કહેવાય છે. તો સારામાં તો કહેવાય પણ ખોટામાં કહેવાશે?
  'ઝેર ખાવાની ઇચ્છા થતી નથી. સાપ-વીંછી પાસે બેસી સમાગમની ઇચ્છા થાય છે? નથી થતી. માટે ભગવાને બુદ્ધિ આપી છે તો સાર-અસાર વિચારવું. આપણને આસક્તિ છે માટે ખોટું કરીએ છીએ. બાકી ખોટી ક્રિયામાં ભગવાનની ઇચ્છા નથી. ખોટું કાર્ય કરતાં પહેલાં અંદરથી અવાજ આવશે કે 'બરાબર કરતો નથી.' 'હા' પાડે છે તે મન છે ને 'ના' પાડે છે તે જીવ છે.'
- ભગવાન ભજવામાં સરળ માર્ગ કયો? ગૃહસ્થનો કે ત્યાગીનો?
  'આજ્ઞામાં રહીને ભગવાન ભજવા તે સરળ માર્ગ. બહાર વર્તે તો દુઃખ.'
- લખચોરાશી તથા અક્ષરધામ ક્યાં છે?
  'શાસ્ત્રમાં વિશ્વાસ રાખવો. ચંદ્રલોકમાં ગયા તેને જોયા નથી, તો પણ વૈજ્ઞાનિક સાચો છે તેવું મનાયું તો તે હકીકત મનાઈ. તેમ આપણા ગ્રંથો ગીતા, ભાગવત, વચનામૃત સાચા છે. ગપ્પાં માર્યાં નથી. અક્ષરધામનું વર્ણન જોનારા પુરુષોએ કર્યું છે. તેમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખીશું તો આપણને પણ તેવો અનુભવ થશે.'
- છતી દેહે અક્ષરધામ એટલે શું?
  'અત્યારે બેઠા છીએ તે અક્ષરધામ જ છે. યોગીબાપા એવા પુરુષ

હતા કે તેની હાજરીમાં જગતમાત્ર ભુલાય. તે અક્ષરધામનું સુખ.'

આમ, સ્વામીશ્રીએ જે રીતે સચોટ સમાધાન કરી આપ્યું તેથી સૌ છતી દેહે જ અક્ષરધામનું સુખ અનુભવી રહ્યા. એ સુખનો સ્વાદ માણી યુવકો એવા તે ઘેલા બની ગયા કે સુખના સ્રોત સમા સ્વામીશ્રીને જ સૌએ પોતાના ખભે ઊંચકી લીધા! 'અક્ષર'નું સુખ તેની ચરમ સીમાએ પહોંચી ગયું!

જેમ રહે તેમ મુખથી રે ભાખે

લંડનના રોકાણ દરમ્યાન રોજ સવારે પ્રાતઃપૂજા માટે ઉતારેથી મંદિરે જતાં સ્વામીશ્રી મોટરમાં બિરાજે ત્યારથી જ માળા ફેરવવાનું શરૂ કરી દેતા. સાથે જે મોટરચાલક હોય તેના પણ ખબર-અંતર પૂછી તેને સત્સંગ દૃઢ કરાવતા જાય. મંદિરે પધારે ત્યારે પૂજારી આરતી તૈયાર કરીને આપે. તે વડે સ્વામીશ્રી અતિ ભાવવિભોર થઈ ઝળહળતું અર્ઘ્ય ઠાકોરજીને અર્પણ કરે. ત્યારબાદ પ્રાતઃપૂજા આરંભાય. તે પછી કથામૃત રેલાય.

તા. ૧૫/૬ની સવારે આ દિવ્ય ક્રમ મુજબ જ તેઓએ ગઢડા પ્રથમ પ્રકરણના ચૌદમા વચનામૃતનું નિરૂપણ કર્યું. તેમાં છેલ્લા મુદ્દાનું વિવરણ કરતાં સ્વામીશ્રી 'દાસનું લક્ષણ શું? કહે તેમ કરે' કહી વિદાય લેવા માટે તરત ઊભા થયા. પણ ત્યાં જ જાહેરાત કરવા માઇક પર આવેલા ગિરધરભાઈ પટેલ બોલ્યા કે 'સૌ પોતાનું સ્થાન જાળવી રાખશો.'

તે સાંભળી ઊભા થયેલા સ્વામીશ્રી પણ તરત જ નીચે બેસી ગયા અને પાસે બેઠેલા એક સંત સામે મર્માળું સ્મિત વેરતાં બોલ્યા: 'દાસનું લક્ષણ છે. ઊભા થઈને બેસવું પડે.'

આજની સાંજ પણ એવી જ સદ્નસીબ રહી. આ સમયે કાંતિભાઈના ઘેર પધરામણીએ ગયેલા સ્વામીશ્રી સારુ આ યજમાને લવીંગનો કલાત્મક હાર તૈયાર કરેલો. પૂજન બાદ જેવા તેઓ તે હાર પહેરાવવા ગયા કે સ્વામીશ્રીએ તેને લઈ લેતાં કહ્યું: 'આવતીકાલે સવારે પૂજામાં હરિકૃષ્ણ મહારાજને આ હાર પહેરાવીશું. તમારો સંકલ્પ પૂરો થશે.'

આજે જ વચનામૃત(ગ.પ્ર.૧૪)ની કથામાં તેઓ દાસનાં લક્ષણ સમજાવતાં બોલેલા કે 'પોતાના ઇષ્ટદેવને ભોગવવા યોગ્ય પદાર્થ પોતે ભોગવે નહીં તે દાસ.' આ વાત તેઓએ અત્યારે સાકાર કરી બતાવી. ખરેખર, સ્વામીશ્રી *'જેમ રહે તેમ મુખથી રે ભાખે...'*નું ગોત્ર ધરાવતા ગુરુ હતા.

શોખ એક ભગવાન ભજવાનો

તા. ૧૬/૬ની રાત્રે પધરામણીઓ કરીને ઉતારે આવતાં સ્વામીશ્રીને સુરેશ નામનો યુવક પોતાની નવી જ સ્પોર્ટ્સ કાર રીનોલ્ટમાં હંકારી રહેલો. તે વખતે સ્વામીશ્રીએ તેને સાહજિક જ પૂછ્યું : 'પૂજા કરો છો કે કેમ ?'

'સવારે નાહીને નામ લઉં છું.' યુવાને કહ્યું.

ત્યારે 'એમ ન ચાલે' કહી સ્વામીશ્રીએ જણાવ્યું : 'હવેથી રોજ પૂજા કરવી. પછી દુકાને જવું.' આમ કહેતાં ધર્મ-નિયમની દૃઢતા રાખવા ખૂબ વાતો કરી. સ્વામીશ્રીની આ રુચિ શિરોધાર્ય કરવાની તે યુવાને ખાતરી આપી.

પછી તે પોતાના મોટરના શોખની વાત કરવા લાગ્યો. સ્વામીશ્રીએ તે શાંતિથી સાંભળી. પણ જેવી તે વાતો વિરમી ત્યાં જ તેઓ બોલ્યા : 'આપણે શોખ એક ભગવાન ભજવાનો રાખવો.'

બાળ-યુવા પેઢીને સ્વામીશ્રી ભજનનો ચસકો લગાડવાનું શીખવતા. અલબત્ત, તેની ભાષામાં અને તેની કક્ષા મુજબ.

તેથી જ તા. ૧૭/૬ના રોજ જ્યારે તેઓ સાઉથ લંડનમાં પધરામણી કરી રહેલા ત્યારે ગેરટ નામના બાળકને હાથમાં માળા આપી 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ જપતાં શિખવાડ્યું. આ અંગ્રેજ બાળક ગુજરાતી ભાષાથી અજાણ; પણ સ્વામીશ્રીએ તેને ઈશારાઓથી નામજપન શીખવી દીધું અને ગેરટ મંત્ર જપતો માળા ફેરવવા લાગ્યો ! જીવને ભગવત્સન્મુખ કરવાનું કેવું તાન !

જેમ જનની નિત્ય જાળવે બાળ

તા. ૧૯/૬ના રોજ વૅમ્બલી કૉન્ફરન્સ હૉલમાં યોજાયેલી રવિસભા બાદ સ્વામીશ્રી ઈશ્વરભાઈ માસ્તરના ઘેર ઠાકોરજી જમાડવા પહોંચ્યા ત્યારે અતિથિઓના સ્વાગત માટે આ યજમાને વિશિષ્ટ શૈલી અપનાવી. તેઓએ સંતરાંનું શરબત ભરેલી એક તપેલી અને એક ચમચી સ્વામીશ્રીને આપ્યા. સ્વામીશ્રીએ પંચામૃતની પ્રસાદીની જેમ એક-એક ચમચી દરેક ભક્તને આપી મોં મીઠું કરાવતાં જવાનું હતું ! યજમાને વિચારેલી આ સ્વાગત-પદ્ધતિમાં સ્વામીશ્રી હોંશપૂર્વક ભળ્યા અને ઊભા થઈ દરેક અતિથિનું શરબતનો સ્વાદ ચખાડી સ્વાગત કર્યું !

પણ સૌની દાઢે વળગી જાય એવી વિગત તો તે પછી બની. આસવનું

આચમન કર્યા બાદ હરિભક્તો મકાનના પ્રાંગણમાં આવેલી લૉનમાં જમવા માટે ગયા અને સ્વામીશ્રી રસોડામાં ભોજન ગ્રહણ કરવા પધાર્યા. એ રસોડાની એક બાજુ કાચની મોટી બારીઓ જડવામાં આવેલી. તેથી રસોડામાં ઠાકોરજી જમાડવા પ્રવેશેલા સ્વામીશ્રીને બહાર ઊભેલા ત્રણ-ચાર યુવકોએ બારીના પારદર્શક કાચમાંથી જોતાં જ બૂમ પાડી: 'બાપા ! પ્રસાદી !'

યુવકોની વાત સાંભળવા માટે સ્વામીશ્રીના કાન સદા સરવા જ રહેતા. તેથી આ સાદ તેઓ સુધી પહોંચી ગયો, બારી બંધ હોવા છતાં ! તે સાંભળી સ્વામીશ્રીએ ભક્તિકિશોરદાસ સ્વામી તરફ દૃષ્ટિ કરી. એ આંખોમાં પૂછપરછ હતી કે 'યુવકોને પ્રસાદી આપવા માટે કંઈ વાનગી છે ?'

તેઓની મરજી જાણીને તરત જ પિસ્તાપાકની થાળી હાજર થઈ. પરંતુ બારીઓ એવી સજ્જડ રીતે બંધ થઈ ગયેલી કે બળપૂર્વક પ્રયત્ન કરવા છતાં ખૂલી નહીં. છતાં જેમ પાણી અને પ્રેમ પોતાને વહેવાના રસ્તા શોધી જ લે છે તેમ સ્વામીશ્રીની ચકોર નજર બારીના ઉપરના ભાગમાં આવેલા વૅન્ટિલેશન પર પડી. તે ખુલ્લું હતું. તેથી તેઓ પગના પંજા પર ઊંચા થઈ, પિસ્તાપાકનાં ચકતાં વૅન્ટિલેશનમાંથી હાથ બહાર કાઢી એક પછી એક યુવકોને આપવા લાગ્યા ! પણ ગળપણ જેમ કીડીઓને ખેંચે તેમ સ્વામીશ્રીની આ ચેષ્ટાએ યુવકો-હરિભક્તોનું આખું ટોળું બારી બહાર જમા કરી દીધું. સૌ વારાફરતી પ્રસાદી લેવા આવવા માંડ્યા.

કેવળ પંજા પર ઊભેલા અને જમણો હાથ ઊંચો કરી કરીને પ્રસાદ આપી રહેલા સ્વામીશ્રીની પીડા આ લીલાનો સ્વાદ માણી રહેલા કોઈની નજરે ઝટ ચડી નહીં. પરંતુ મોડે મોડે કો'કને ઝબકારો થતાં તે બે પાટલા લઈ આવ્યા. તે પર ઊભા રહીને સ્વામીશ્રીએ પ્રસાદ વહેંચવાનું ચાલુ રાખ્યું. પિસ્તાપાકના બે થાળ ખાલી થઈ ગયા છતાં હજી કેટલાક પ્રસાદથી વંચિત રહી ગયેલા. તેઓને સંતોષ આપવા સ્વામીશ્રીએ પોતાની બાજુમાં પડેલી રોટલી ભરેલી થાળી ઉપાડી અને તેમાંથી ચોથિયાં કરી કરી દરેકને તે આપવા માંડી !

ભક્તોની ભૂખ ભાંગવા આજે તેઓ પોતાનાં ભીડા અને ભોજન, બંનેને ભૂલી ગયાં ! લગભગ દસથી બાર મિનિટ સુધી સ્વામીશ્રીએ ઊભાં ઊભાં પ્રસાદ વહેંચ્યો. તેઓનો આ પ્રેમ-પ્રસાદ પામી ભક્તો પણ ભાન ભૂલી ગાવા લાગ્યા: *'જેમ જનની નિત્ય જાળવે બાળ, એમ અતિ કૃપા રાખે છે કૃપાળ.'*

કબહુ ક્રોધ ન ઊપજે

સૌ ભક્તોને પ્રસાદ પીરસી જમવા બિરાજેલા સ્વામીશ્રીની જમણી બાજુ મહંત સ્વામી અને ડાબી બાજુ ઈશ્વરચરણદાસ સ્વામી બેઠા હતા. અન્ય સંતો પણ રસોડામાં જ્યાં જગ્યા મળી ત્યાં ગોઠવાઈ ગયેલા. વાનગીઓ ઘણી હોવાથી હવે રસોડામાં હાલવા-ચાલવા માટે કોઈ જગ્યા બચી નહોતી. આ વખતે સર્વેને પાણી ભરેલા પ્યાલા આપવા માટે યજ્ઞેશ્વરદાસ સ્વામીએ પુરુષાર્થ આદર્યો. તેમાં એક-બે પ્યાલાનું વિતરણ થયું હશે ત્યાં સાવધાની હટી અને દુર્ઘટના ઘટી. એક પ્યાલો સીધો પડ્યો સ્વામીશ્રીની પીઠ પર. પડતાંવેંત તે ઢોળાયો અને સ્વામીશ્રીનું ઉત્તરીય વસ્ત્ર ભીનું થઈ ગયું.

સભા દરમ્યાન તો સ્વામીશ્રી હૉલમાં ઠરી જ ગયેલા, કારણ કે છતમાં જડેલાં ઍરકન્ડિશન મશીનો દ્વારા ફેંકાતી ઠંડી હવા તેઓના વાંસા પર સતત સાડા ચાર કલાક સુધી વરસેલી. હૉલની બહાર નીકળ્યા ત્યારે પણ ઠંડા વાયરાના સુસવાટા ગાત્રો ધ્રૂજવે તેવા હતા. તેમાં ઘા પર ઘસરકાની જેમ આ પાણી ઢળ્યું! છતાં તેઓની મુખાકૃતિ લેશ ફરી નહીં!! તેઓએ તો હસતાં હસતાં આ અભિષેકને વધાવી લીધો. તે વખતે ઈશ્વરચરણદાસ સ્વામીએ સમયસૂચકતા વાપરીને સ્વામીશ્રીનું ભીનું ગાતરિયું લઈ પોતાનું કોરું ગાતરિયું તેઓને ઓઢાડી દીધું.

સ્વામીશ્રીએ ભોજન કરી લીધું તે દરમ્યાન ભીનાં વસ્ત્રને નિચોવી તે પર ઈસ્ત્રી ફેરવી તેને કોરું કરી દેવામાં આવ્યું. ભોજન બાદ સ્વામીશ્રી હરિભક્તોને મળી રહેલા તે વખતે હળવેકથી તે વસ્ત્ર સ્વામીશ્રીને ઓઢાડવામાં આવ્યું. તે વખતે પણ 'કશું જ બન્યું નથી' એવા ભાવથી સ્વામીશ્રીએ તે ધારણ કરી લીધું.

તેઓએ જિંદગીમાં કદીયે પોતા સારુ ક્રોધ કર્યો નહોતો. પોતાને પડેલી તકલીફો તેઓ હંમેશા હસતા મોંએ જ વેઠતા.

રટન રહત ઘનશ્યામ ચરનકા

તા. ૨૧/૬ની સવારે બોચાસણમાં રહેતા ઘનશ્યામ સ્વામીના અક્ષરવાસની ખબર મળતાં સ્વામીશ્રીએ તેઓને અંજલિ આપી કે 'નંદ પંક્તિના સંત સમાન હતા.' આ સંતની સાથે સ્વામીશ્રીએ પોતાની કિશોર-વયમાં વિચરણ કરેલું. તેઓએ રાખેલી પોતાની સંભાળ સંભારતાં સ્વામીશ્રી

અલ્પાહાર વખતે પણ બોલ્યા: 'હું નિશાળમાં જતો ત્યારે ઘનશ્યામ સ્વામી મારા માટે લાડુ રાખી મૂકતા.'

આમ કહી તેઓએ સામે બેઠેલા બાળક હિતેષને કેરીની પ્રસાદી આપતાં કહ્યું: 'લે કેરી. આવી રીતે પ્રસાદી ખાઈશ તો સાધુ થઈ જવું પડશે.'[૪૬]

પરદેશમાં વસતા બાળકો-યુવકોને હેત-પ્રીત કરીને ભગવાનને માર્ગે વાળવાની સ્વામીશ્રી પાસે અલૌકિક કળા હતી.

એ કળા ધરી તા. ૨૨/૬ના રોજ પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રી ચિત્તરંજનભાઈના પ્રાસાદિક ઘેર આવી પહોંચ્યા. તેઓની વધામણીમાં આ યજમાને એલચી-લવીંગનો હાર તૈયાર કરી રાખેલો. સાથે ઠાકોરજી માટે પણ અલગ હાર બનાવેલો. છતાં સ્વામીશ્રી પોતાના માટે ગૂંથેલો હાર ધારણ ન કરતાં બોલ્યા: 'આ હાર દેશમાં મંદિરે મોકલજો. ઠાકોરજીને ધરાવે.'

સ્વામીશ્રીનું જીવન *'રટન રહત ઘનશ્યામ ચરન કા, મગન ગગન મતવાલા હૈ...'* જેવું હતું. તેઓને ભક્તિ વિના કશું જ ભાવતું નહીં.

હેરત પમાડતી મેધા

તા. ૨૧/૬ની રાત્રે સભા-પધરામણીઓના કાર્યક્રમથી પરવારી ઉતારે પધારી રહેલા સ્વામીશ્રીની ગાડી રાજુ નામનો યુવાન હંકારી રહેલો. પરંતુ તે ઠર્યો રસ્તાથી અપરિચિત. 'પોતાનું આ અજ્ઞાન ખુલ્લું પડી જશે તો?' આ વિચારથી તે ગભરાયો. જો ગાડી જવા જ દે તો ખોટે રસ્તે ક્યાંય પહોંચી જાય. જો ઊભી રાખે તો સહપ્રવાસીઓ ઠપકો દે. તેથી 'શું કરવું - શું ન કરવું?'ની વિમાસણ તે અનુભવી રહ્યો.

પરંતુ બાજુમાં બેઠેલા સ્વામીશ્રી તેની આ મૂંઝવણ કળી ગયા. તેથી તેઓ તે યુવાનને અન્ય કંઈ પણ કહ્યા વગર માર્ગદર્શન આપવા લાગ્યા: 'હવે રાઈટ ટર્ન લે... હવે સરક્યુલર રોડ પર લઈ લે...' એમ દિશા ચીંધતાં ચીંધતાં છેક ઈંલીગના ઉતારા સુધી ગાડી લઈ આવ્યા. તેઓની આ તીવ્ર મેધા જોઈ સૌ ચકિત જ થઈ ગયા.

લંડનમાં તો ટેક્સી ડ્રાઈવરો પણ A to Z ગાઈડ વિના ગાડીઓ ન

---

૪૬. સ્વામીશ્રીના આ શબ્દો સમય જતાં સાકાર થયા. આ બાળકે સ્વામીશ્રીના હસ્તે ત્યાગાશ્રમ સ્વીકારી સાધુ દિવ્યમૂર્તિદાસ નામ ધારણ કર્યું. સ્વામીશ્રીની પ્રસાદીનો કેવો ચમત્કાર! તેઓના સહજ શબ્દોમાં કેટલી તાકાત!

ચલાવે, કારણ કે આ શહેરના રસ્તા એકસરખી બાંધણીવાળા અને થાપ ખવડાવી દે તેવા! આવા રસ્તે એકાદ વાર પસાર થતાં જ તે સ્વામીશ્રીને કેવી રીતે યાદ રહી ગયા હશે – તે વાત ચર્ચાનો વિષય બની રહી. જો કે, રસ્તાઓ, દિશાઓ અને જમીનોનું તેઓનું જ્ઞાન હરહંમેશ હેરત પમાડનારું રહેલું. એક વાર જે જમીન પર તેઓનો પગ પડી જાય કે એક વાર જે રસ્તો તેઓની નજર તળે આવી જાય, પછી તેની વિગતો સ્વામીશ્રીના મનમાં છપાઈ જતી. સમય આવ્યે તેઓ બોલે ત્યારે તેનો ખ્યાલ આવતો.

આકાર ભલે જુદો દેખાય...

તા. ૨૪/૬ની સવારે રાબેતાની રૂએ મંદિરમાં ચાલતા સવારની કથાના સત્રમાં ગઢડા અંત્ય પ્રકરણના ૩૧મા વચનામૃતનો મુદ્દો સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા કે 'અક્ષરધામના સ્વરૂપમાં ને આ સ્વરૂપમાં રોમમાત્રનો ફેર નથી.'

તે વખતે કો'ક મુમુક્ષુએ પૂછ્યું: 'આ તો મહારાજે જે વખતે વાત કરી હતી ત્યારની વાત છે. પણ ત્યારપછી ગુણાતીત સંત દ્વારા મહારાજ પ્રગટ રહ્યા તેમાં તો જુદા જુદા આકાર દેખાય છે, તેનું કેમ સમજવું?'

'આકાર ભલે જુદા દેખાય પણ આંખમાં જોવાવાળું કોણ છે? પગમાં ચાલનારા કોણ છે? બોલનારા કોણ છે? અંગોઅંગમાં કોણ છે? ભલે ને આકાર જુદા જુદા દેખાય પણ તેમાં મહારાજ સિવાય બીજું કશું નથી. એટલા માટે જ મહારાજ કહે છે કે 'રોમમાત્રનો ફેર નથી.' ભલે આકૃતિ જુદી દેખાય પણ તત્ત્વ એક જ છે.' સ્વામીશ્રીએ સચોટ સ્પષ્ટતા કરી આપી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'મોટા વિના મહારાજનો સિદ્ધાંત કોણ કહેશે? ને બીજા તો પોતાની સમજણ પ્રમાણે સમજાવશે, પણ જેમ છે તેમ સમજાવતાં આવડશે નહીં.'[૪૭]

આ મુજબ આજે 'વચનામૃત'નું યથાતથ અર્થઘટન કરી આપતા સ્વામીશ્રી સભા બાદ પધરામણીઓ કરતાં કરતાં એક હરિભક્તના ઘેર જઈ પહોંચ્યા. તેઓના પુત્રને સાધુ બનવાની તીવ્ર ઇચ્છા હતી. પરંતુ પિતા જે મુદ્દે અટકતા હતા તે વાત આજે તેઓએ સ્વામીશ્રીને જ કરતાં કહ્યું: 'બાપા! દીકરાને ભણાવ્યા પછી સાધુ થવા મોકલશું એમ મનમાં રહે છે.'

'અમે તેને અભણ રાખવાના નથી. આવા યુવકોને ભણાવવાની

૪૭. સ્વામીની વાતો : ૩/૫૭.

તમારા કરતાં અમારે વધુ જરૂર છે. કારણ, તેમના દ્વારા મોટું કાર્ય કરવું છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ ભાવના સાંભળી તે પિતાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેઓએ ત્યાં જ પુત્રાર્પણનો સંકલ્પ કરી નાંખ્યો.

યુવાનોને સાધુ બનાવી સ્વામીશ્રી પોતાનો શિષ્યસમુદાય વધારવા નહોતા માંગતા, પણ આવા સંતો પાસેથી તેઓને સંસ્કૃતિ અને સંપ્રદાયના વિકાસનું મોટું કાર્ય કરાવવું હતું; જે આજે આખું વિશ્વ વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યું છે.

એક યુવાનને પોતાની ભગવી ઝોળીમાં લઈ તેઓ અન્ય એક ઘેર પધરામણીએ પહોંચ્યા. આ યજમાનની દુકાન નીચે હતી અને ઉપલા માળે વસવાટ. અહીં પૂજનવિધિ બાદ તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'મંદિરે રોજ જાઓ છો?'

'ના બાપા! કોઈ કોઈ વખત જઉં છું. મંદિર મારા ઘરની બાજુમાં જ છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમારી દુકાન તો નીચે જ છે ને! પણ અહીં બેસી રહેશો તો પાઉન્ડ કમાશો? માટે નિયમિત મંદિરે જાઓ તો જ લાભ મળે.'

સ્વામીશ્રીના આ તર્કનું તીર પેલા હરિભક્તને વીંધી ગયું અને તેઓ મંદિરે નિયમિત જવા કબૂલ થયા.

ભાવની ભાષાના પ્રખર વક્તા

તા. ૨૫/૬ના રોજ પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીની સવારી સાથે મેઘરાજાની સવારી પણ જોડાઈ ગયેલી. વરસતા વરસાદમાં બપોર સુધીનો કાર્યક્રમ આટોપી સ્વામીશ્રી ગિરીશભાઈના ઘેર ભોજન માટે પધાર્યા.

અહીં પૂજનવિધિ ચાલી રહેલો ત્યારે યજમાનના અંગ્રેજ પાડોશી શ્રી સ્ટીવન પણ લાભ લેવા આવ્યા. તેઓની સ્થિતિ સ્વામીશ્રીનાં દર્શનથી *'થયા પરવશ મારા પ્રાણ'* જેવી બની ગયેલી. આ પ્રથમ દર્શનની અનુભૂતિ વર્ણવતાં તેઓ બોલવા લાગ્યા: 'અત્યારે મારા શરીરમાં આનંદની જે ઊર્મિઓ ઊછળે છે તેને હું શબ્દો દ્વારા વ્યક્ત કરી શકતો નથી.'

સ્વામીશ્રી તેઓની વાતો સાંભળી ગુજરાતીમાં જ પ્રતિભાવ આપતા હતા. પરંતુ તેઓના હાવભાવ હૃદયવેધક હતા. તેથી સ્ટીવન બોલ્યા: 'હું શબ્દની ભાષા કરતાં ભાવનાની ભાષાથી વધારે સમજી શકું છું. ઘણા વિદ્વાન

ગુરુઓને મેં જોયા છે, પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કોઈ અગમ્ય શાંતિનો - આનંદનો અનુભવ થાય છે! હું તેમને ખૂબ જ ચાહું છું અને હું માનું છું કે તેઓ પણ મને ચાહશે.' આટલું કહેતાં તે ભાવવિભોર બની ગયા.

લૌકિક ભાષાઓનું મર્યાદિત જ્ઞાન ધરાવતા સ્વામીશ્રી ભાવની ભાષા ભરપૂર જાણતા. તેથી તેઓ સૌને સંતોષ પમાડી શકતા. તે રીતે જ આજે તેઓએ વિમ્બલ્ડનના મર્ટન સિવિક હૉલમાં લાભ આપ્યો.

ખોટા સુધારા કરવા નહીં

તા. ૨૭/૬ના દિવસે દેવશયની એકાદશીનો નિર્જળા ઉપવાસ કરવાની વાત સ્વામીશ્રીએ કેટલાય બાળકો-યુવકોને કરી હતી. સૌએ તે સહર્ષ ઝીલી લેતાં આજે પરદેશની વિલાસી ભૂમિમાં તપોવન જેવું વાતાવરણ ખડું થઈ ગયું. સ્વામીશ્રીનો અસલ ચમત્કાર તો આ હતો.

આ પરચો પૂરી તેઓ ઊપડ્યા પધરામણીએ. તેમાં સવારના દસ વાગ્યાથી બપોરના ચાર વાગ્યા સુધી તેઓ સેન્ટ્રલ લંડન અને વૅમ્બલીમાં ઘરોઘર ઘૂમતા રહ્યા. આજના ઉપવાસને ઝરમર વરસાદ અને સુસવાટાભેર ફૂંકાતા ઠંડા પવનનો સાથ મળી ગયેલો. છતાં તે ત્રિભેટે અટવાયા વિના સ્વામીશ્રીએ અવિરત પધરામણીઓ ચલાવી.

ત્યારબાદ સાંજે બાળમંડળની વિશિષ્ટ સભા માટે તેઓ મંદિરે આવી પહોંચ્યા. અહીં એકત્રિત થયેલા દોઢસો ગણવેશધારી બાળકોએ જયનાદો કરી સ્વામીશ્રીને વધાવ્યા. તે સાથે જ શરૂ થયેલી વિવિધ રસપ્રદ કાર્યક્રમોની શૃંખલામાં કાર્યકરો દ્વારા 'સ્વામીની વાતો'નો મુખપાઠ રજૂ થવા માંડ્યો. તેમાં એક યુવક પહેલા પ્રકરણની ચોથી વાતમાં આવતા શબ્દો 'ભગવાનના કર્યા વિનાનું પાનડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી...'ને બદલે 'પ્રમુખસ્વામીના કર્યા વિનાનું પાનડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી...' એમ બોલ્યા.

આ સાંભળતાં જ પત્ર લખતાં સ્વામીશ્રીની કલમ થંભી ગઈ. તેઓએ ઊંચે જોયું અને તે કાર્યકરના નિમિત્તે સમગ્ર સભાને જણાવ્યું કે 'વાતમાં જેમ છે તેમ બોલો. ખોટું બદલવું નહીં. બધાએ ખાસ ધ્યાન રાખવું. ભજનમાં પણ જેમ હોય તેમ જ બોલવું પણ ખોટા સુધારા કરવા નહીં. તો સમાસ થશે.'

શાસ્ત્રના મૂળ શબ્દોમાં કોઈ ચેડાં કરે તેની સ્વામીશ્રીને ખૂબ ચીડ હતી. શાસ્ત્રોના શબ્દો એ સંપ્રદાયનો શ્વાસ છે. તેમાં જેટલી ફેરબદલી થાય તેટલો

પેલો શ્વાસ રૂંધાય અને અંતે સંપ્રદાય નિષ્પ્રાણ બની જાય. તેથી થોડા દિવસ અગાઉ સ્વામીશ્રીએ સંતોને પણ ટકોર કરેલી કે 'આપણે શ્રીજીમહારાજના કે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં કીર્તનો છે તેમાં શબ્દો ફેરવી નાંખીને બોલવા નહીં, કારણ કે એના એ શાસ્ત્રીજી મહારાજ કે યોગીજી મહારાજ છે. માટે એવું ન બોલવાથી કાંઈ ન્યૂનતા રહી જતી નથી.'

સ્વામીશ્રીની આ શીખમાં તેઓની નમ્રતા સાથે સાંપ્રદાયિક સાહિત્યને તેના અસલ સ્વરૂપમાં જ રાખવા-રજૂ કરવાની ખેવના પણ છે.

શોખ અને રસના વિષય

બાળસભા બાદ પોતાના નિવાસસ્થાને પધારેલા સ્વામીશ્રીની સાથે ઘણા બાળકો-યુવકો પણ પ્રકાશની પાછળ ઊડતાં આવતાં પતંગિયાંની જેમ અહીં આવી ગયા. આ સમયે ઘડિયાળનો કાંટો રાત્રિના પોણા અગિયારનો સમય બતાવી રહેલો. સમગ્ર દિવસની ભરચક પ્રવૃત્તિથી કંતાયેલા સ્વામીશ્રીને આરામ સિવાય બીજું કંઈ જ અપાય નહીં તેવી આ પરિસ્થિતિમાં, એક કાર્યકરે બાળમંડળની ફાઇલ જોવા માટે આપી. તેમાં ખાસ તૈયાર કરાયેલા ફોર્મમાં બાળકો સંબંધી વિવિધ માહિતી ભરવામાં આવેલી. સ્વામીશ્રી તે ફાઇલને ધીરે ધીરે ઉથલાવવા લાગ્યા. તે વખતે કેટલાક યુવકોએ વિનંતી કરી: 'બાપા! આપ પણ ફોર્મ ભરો.'

યુવકોનો આ મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ હાથમાં ફોર્મ અને કલમ લીધાં. માંગ્યા મુજબ એક પછી એક વિગતો ખાલી ખાનાંમાં પૂરવા લાગ્યા.

આ ફોર્મના એક ખાનામાં Best subjects(શ્રેષ્ઠ વિષયો)ની વિગત ભરવાની આવી. તેમાં લખાણ કરતાં પૂર્વે સ્વામીશ્રી બોલ્યા: 'મારા બધા વિષય સારા હતા. પાંચ ધોરણ સુધી હું ને મારો મિત્ર પહેલો-બીજો જ આવતા.' આટલી વાત કર્યા બાદ સ્વામીશ્રીએ તે શ્રેષ્ઠ વિષયોના ખાનામાં ગુજરાતી, ઇતિહાસ, ભૂગોળ, ગણિત લખ્યું.

ફોર્મમાં આગળ hobbies(શોખ)ની વિગત લખવાની આવી. તેમાં સ્વામીશ્રી કંઈક લખે તે પહેલાં યુવકો બોલવા લાગ્યા: 'ક્રિકેટ... ક્રિકેટ...'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપણે બીજી કઈ હૉબી હોય? ભજન કરવું ને કરાવવું. નાનપણથી ભજનનો શોખ હતો. દરરોજ મંદિરમાં દર્શને જવાનું જ.'

સત્પુરુષ કોઈ લૌકિક ક્રિયામાં રસ-રુચિ દાખવે તે તો આપણાં સુખ-સ્મૃતિ માટે હોય છે. બાકી તેઓ તો નિર્લેપ અને નિર્વિકારી જ છે. તે રહસ્ય સ્વામીશ્રીએ આ ખાનું ભરીને સમજાવી દીધું. અંતે ફોર્મમાં Interests(રસ)ની વિગત ટપકાવવાની આવી. તેમાં પણ સ્વામીશ્રીએ 'ભજન, સેવા અને દર્શન' લખીને ફોર્મ ભરવાનો વિધિ પૂર્ણ કર્યો. તે સાથે જ વિશ્વનાં ગ્રંથાલયોમાં તેઓની સ્વઓળખનો એક દસ્તાવેજ દાખલ થઈ ગયો. જુઓ, તે આ રહ્યો.

SHREE AKSHAR PURUSHOTTAM (SWAMINARAYAN) BAL MANDAL

77 ELMORE STREET, LONDON N1 3AQ. UK.
Telephone No. 01.226.3084
PLEASE WRITE IN BLOCK CAPITAL.

SURNAME	[illegible]	
OTHER NAMES	[illegible]	AFFIX PHOTO.
FATHER'S OR GUARDIAN'S NAME (DELETE AS APPROP)	[illegible]	
ADDRESS TELEPHONE NO.	[illegible] [illegible]	
DATE OF BIRTH	DAY ૯ / MONTH ૧૨ / YEAR ૨૧ ૪૮	
SCHOOL STANDARD (WRITE PRIMARY OR SECONDARY)	[illegible]	
BEST SUBJECTS AT SCHOOL	[illegible]	
HOBBIES (e.g. Stamp Collecting, etc.)	[illegible]	
INTERESTS (e.g. music, singing, etc.)	[illegible]	

Date. [illegible] Signature. [illegible]

PLEASE DO NOT WRITE ANYTHING BELOW THIS LINE.

Date inf. recd. Sanchalak. President/Secretary.

---

૪૮. હકીકતે સ્વામીશ્રીનો જન્મદિન તા. ૭/૧૨/૧૯૨૧ છે. પરંતુ અહીં તેઓએ કરેલી તા. ૯/૧૨/૧૯૨૧ની નોંધ યથાવત્ રાખી છે.

<u>શ્રી અક્ષર પુરુષોત્તમ (સ્વામિનારાયણ) બાળ મંડળ</u>

૭૭, એલમોર સ્ટ્રીટ, લંડન

અટક	સાધુ
નામ	શા. નારાયણસ્વરૂપદાસ
વાલીનું નામ	ગુરુ યજ્ઞપુરુષદાસજી
સરનામું	સારંગપુર
ફોન નંબર	૨૯૫
જન્મતારીખ	૭/૧૨/૨૧
અભ્યાસ	પાંચ ધોરણ તથા સંસ્કૃત
અભ્યાસના શ્રેષ્ઠ વિષય	ગુજરાતી, ભૂગોળ, ઈતિહાસ, ગણિત
રસ-રુચિ	ભજન, દર્શન, સેવા
તારીખ : ૨૭/૬/૭૭	
ટાઈમ રાતના ૧૦:૪૫	શા. નારાયણસ્વરૂપદાસ ગુરુ યજ્ઞપુરુષદાસ

એ એનું કરે, આપણે આપણું

તા. ૨૮/૬નું વિચરણ ઈલિંગ વિસ્તારમાં જ ગોઠવાયેલું. પણ ઘર-આંગણાની આ પધરામણી વખતે જ વરસાદ ત્રાટક્યો. તેના રવાડે ચડેલો ઠંડો પવન પણ ફૂંફાડા મારતો હતો. છતાં સ્વામીશ્રી તો નિઃશંકપણે, ચપળતાથી એક પછી એક પધરામણી કરવા જ લાગ્યા. તે વખતે કો'કે ઠંડીની વાત કાઢી ત્યારે તેઓ બોલ્યા : 'આપણે એનો શું વિચાર કરવો? એ એનું કાર્ય કરે. આપણે આપણું કરવું. બહુ વિચારો ન કરવા.'

સ્વામીશ્રીની રીતિ હંમેશા *'મનમાં ધડક નવ ધરે...'*ની રહેલી. તેઓ દ્વારા સંપન્ન થયેલાં કાર્યો, વિઘ્નો વચ્ચે વિજયને વરેલાં ખમીરની કથા જ સંભળાવી રહેલાં જણાશે.

આજની પધરામણીઓ પણ સ્વામીશ્રી એ જ ખુમારીથી કરી રહેલા. તેમાં ઘનશ્યામભાઈનું ઘર આવ્યું. તેઓ પાદરાવાળા રામભાઈ અમીનના

દીકરા. તેથી અહીં પુરાણી સ્મૃતિ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમારા પિતાશ્રી રામભાઈનું લાકડાંનું પીઠું બહુ પ્રસાદીનું. શાસ્ત્રીજી મહારાજ ત્યાં ઘણી વખત પધારતા. ડમણિયું છોડીને સીધા પીઠામાં જ પહેલાં આવતા અને ત્યાં બેસતા.'

સ્વામીશ્રીએ આમ જ્યાં પોતાના ગુરુનું સંસ્મરણ સંભાર્યું ત્યાં જ મહંત સ્વામીએ તે સ્મૃતિની શૃંખલા લંબાવતાં કહ્યું: 'આ પ્રમુખસ્વામી નાના હતા ત્યારે પાદરામાં નિશાળ હતી ત્યાં ભણવા જતા અને રામભાઈના પીઠામાં પોતાની સાઇકલ મૂકવા આવતા. પાણી પીવું હોય તો પીઠામાં આવીને જ પાણી પીતા.'

આવી સ્મૃતિઓના દોર પર સ્વામીશ્રીની પધરામણી સરકતી રહી.

મહારાજ એ મહારાજ

આજની પધરામણીઓમાં સ્વામીશ્રી ખ્રિસ્તી મહિલા કુ. બ્લાન્ચને ઘેર પધાર્યા. પોતાના ઘરમાં ઈસુની સાથે અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુ-પરંપરાની મૂર્તિઓને પધરાવી રોજ તેની પૂજા કરતાં તેઓની ભક્તિ આજે સફળ થઈ રહી. ત્યારબાદ મંદિરે પધારેલા સ્વામીશ્રી 'ભક્તચિંતામણિ'ની પારાયણના અનુસંધાનમાં વાત કરવા લાગ્યા ત્યારે એક હરિભક્ત અધવચાળે જ બોલ્યા: 'બાપા! સોરઠના ભક્તોનો એવો પ્રેમ હતો તો મહારાજે દર્શન દીધાં; તેમ લંડનના હરિભક્તોનો ભાવ હતો તો એના એ જ મહારાજ સાક્ષાત્ દર્શન દેવા આવ્યા છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'મહારાજ એ મહારાજ. એમની વાત જુદી ને આપણી વાત જુદી. ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી! શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એવા પુરુષો હતા. આપણે તો લુખમલુખા છીએ.'

'ભગવાન તો ભક્તના દાસ છે ને! એટલે તમારા દાસ કહેવાય ને!'

'એમ ન કહેવાય.' સ્વામીશ્રીએ વાતને સ્પષ્ટ રદિયો આપી દીધો. પછી વિસ્તારથી સમજાવતાં કહ્યું: 'એ તો મહારાજે સત્પુરુષનો મહિમા કહ્યો છે પણ ભગવાન દાસ થતા જ નથી, સેવક થતા જ નથી. સત્પુરુષ દ્વારા કલ્યાણ થાય એ વાત સાચી પણ ભગવાન તેના દાસ થઈ જતા નથી. મહારાજ એકડાની જગ્યાએ છે. તેને લઈને આપણી વિશેષતા છે. આપણે લઈને એમની વિશેષતા નથી. સ્વામી-સેવકપણું અખંડ રહેવું જોઈએ. મહારાજ એ મહારાજ!'

સ્વામીશ્રીની વાતોમાં દાસત્વનો દરિયો ઊમટી પડ્યો. જીવન અતિ

અપાર સામર્થ્યથી છલકાતું હોવા છતાં શ્રીજીમહારાજ વિષેનો સેવકભાવ રતિભાર ઓછો ન થવો એ સ્વામીશ્રીની સર્વોચ્ચ સિદ્ધિ હતી.

સંસ્કૃતિ અને સત્સંગના પ્રચારક

તા. ૨૯/૬ની પધરામણીઓના ક્રમમાં સ્વામીશ્રીનો ભેટો એક સત્સંગી યુવક સાથે થઈ ગયો. વાતચીતમાં ખબર પડી કે આ યુવાન 'પ્યાલી'ના રવાડે ચઢી ગયો છે, તેથી ખૂબ ખેદ અનુભવતાં સ્વામીશ્રીએ તેને પ્રેમપૂર્વક સમજાવી શરાબના સકંજામાંથી છોડાવ્યો. પણ ત્યાં તેઓને જાણ થઈ કે 'આ મહાશય તો માંસાહારના છંદે પણ ચઢી ગયા છે!' તેથી તો ઘણા વ્યગ્ર થઈ ગયેલા સ્વામીશ્રી, તે યુવાનનો એક હાથ પોતાના હાથમાં રાખી, સોફા પર જરા ઊભા થઈ તેને સમજાવવા લાગ્યા કે 'આ દેશમાં રહ્યા એટલે લેવું જ પડે એવું કાંઈ લખી આપ્યું છે? જુઓ, આ બધા હરિભક્તો! ખાધા-પીધા વગર(માંસાહાર-મદ્યપાન વગર) રહે જ છે ને!'

સ્વામીશ્રીએ ધરેલા આ પ્રત્યક્ષ પુરાવાઓની સામે તે યુવાને ખિસ્સામાંથી ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન કાઢી બચાવ-નામારૂપે રજૂ કર્યું. પરંતુ સ્વામીશ્રી સંસ્કૃતિના ફૂલને મુરઝાવા દેવા નહોતા માંગતા. તેથી તેઓએ કહ્યું: 'ડૉક્ટર તો કહેશે. મિત્રો પણ કહેશે. પણ લોકો કંઈ લેતાં નથી તો પણ જીવે છે. આપણા ઋષિમુનિઓ ઉઘાડે શરીરે જ હિમાલયમાં પડી રહેતા. તો પણ હજારો વર્ષ જીવ્યા છે. લોકોને આપણી સંસ્કૃતિ ભુલાવી દેવી છે. પોતાના અજ્ઞાને કરીને આવી સલાહ આપે છે.'

સંસ્કૃતિના વિધ્વંસકોનો બદઈરાદો સ્વામીશ્રી ઘણો વહેલો પારખી ગયેલા. તેથી કહ્યું: 'દારૂ-માંસને બદલે સારાં દૂધ-ઘી ખાવ, તો પણ શરીર પુષ્ટ થાય. તારું શરીર કોઈ કાપે તો કેટલું દુઃખ થાય? તો એ પ્રાણીઓને દુઃખ નહીં થતું હોય કે તું એનું માંસ ખાય છે? યુરોપિયનો દોઢસો વર્ષ ભારતમાં રહ્યા, પણ આપણું કાંઈ અપનાવ્યું છે?'

આમ, ગાડીમાં બેઠા ત્યાં સુધી હિતોપદેશ આપતા રહી સ્વામીશ્રીએ એ યુવાનનો કાટ ખંખેર્યે છૂટકો કર્યો.

અહીંથી તેઓ એક હરિભક્તની પોસ્ટ ઑફિસે પધાર્યા. ત્યાં યજમાનના નિમંત્રણથી ખ્રિસ્તી ધર્મના બે યુવાન પ્રચારકો સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રી સાથેની આ પહેલી જ મુલાકાતમાં અભિભૂત થઈ ગયેલા તેઓએ

સ્વેચ્છાપૂર્વક વર્તમાન ધરાવી કંઠીઓ પહેરી અને સ્વામીશ્રીની ચિરસ્મૃતિ માટે સાથે બેસી તસવીરો પણ ખેંચાવી! સ્વામીશ્રીની સાધુતાનું મૂંગુ બળ સંસ્કૃતિ અને સત્સંગની સુગંધ પ્રસરાવતું રહેતું.

રસપ્રચુર આમ્ર-વિનોદ

તા. ૨૯/૬ની સાંજે પધરામણીઓથી પરવારી સ્વામીશ્રી પારાયણ નિમિત્તે મંદિરે પધાર્યા ત્યારે અહીં તેઓને પૂજારીએ જલપાન માટે પ્યાલો ધર્યો. પણ આખા દિવસના પરિશ્રમ પછી સ્વામીશ્રીનો કંઠ જરૂર સુકાયેલો, ભક્તિ નહીં. તેથી પૂજારીના હાથને હળવેથી ઠેલતાં તેઓ બોલ્યા: 'ઠાકોરજી આગળ ન પીવાય.' એમ કહી સિંહાસનથી દૂર થઈને જળ અંગીકાર કર્યું.

આ ભક્તિભાવ સાથે મંદિરમાં કથારસ રેલાવ્યા બાદ સ્વામીશ્રી મુકુંદભાઈના ઘેર જમવા બિરાજ્યા. પરંતુ પોતાના મોંમાં કોળિયો મૂકતાં પહેલાં તેઓએ સામે બેસી દર્શન કરી રહેલા ત્રણ બાળકોને મિષ્ટાન્નની પ્રસાદી અપાવી. સાથે એક-એક કેરી પણ. જમતાં પહેલાં જમાડવાની તેઓની સાહજિક પ્રકૃતિ.

પરંતુ તે કેરી બાળકોના હાથમાં આવતાં જ ખેલ શરૂ થયો. કેરી ચૂસવાનો મહાવરો ન હોવાથી પ્રથમ તો આ ત્રણેય બાળકો એકબીજાની સામે જોવા લાગ્યા. તેઓની છયે આંખોમાંથી એક જ પ્રશ્ન ડોકાઈ રહ્યો: 'આને કેવી રીતે ખાવી?'

બાળકોની આ મીઠી મૂંઝવણ જોઈ સ્વામીશ્રી મંદ મંદ મરકવા લાગ્યા. તેઓની આ મંદ મુસ્કાન ધીરે ધીરે ત્યાં બેઠેલા સૌના હોઠ પર ફૂટવા લાગી. તેથી બાકાત હતા પેલા બાળકો. તેઓ કેરીને ખાવાની શરૂઆત કેમ કરવી તેની પેરવીમાં પડેલા. છેવટે તેઓએ સફરજનની જેમ કેરીને બટકું ભર્યું! તે ચેષ્ટાથી ચારેકોર ગમ્મતનો રસ રેલાઈ રહ્યો. સ્વામીશ્રી પણ હવે મંદ મંદમાંથી ઉદર ઊછળે તેમ હાસ્ય વેરી રહ્યા. બાળકો એક બાજુથી મોઢામાં કેરી નાંખે તો બીજી બાજુથી રસ તેઓના ખમીસ પર પડે. તેને તેઓ એઠા હાથે જ સાફ કરવા જાય. તેથી ખોળો ને ખમીસ વધુ ખરડાય. તેનો ઉચાટ મોંના હાવભાવ દ્વારા વ્યક્ત કરતાં રહે. આ જોઈ સ્વામીશ્રી હસતા જાય અને કહેતા જાય: 'કપડાં ભલે બગડે પણ કેરી ચૂસતાં તો શીખશે ને!'

પછી તેઓએ ઇશારો કરતાં એક સંતે કેરીને ચૂસવાની રીત તે બાળકોને

શીખવાડી. તે મુજબ તેઓ ગોટલા સુધી તો પહોંચી ગયા પણ તેથી આગળ કેવી રીતે વધવું ત્યાં પાછા ખચકાયા. તે જોઈ સ્વામીશ્રી પુનઃ હસી પડ્યા અને કહ્યું: 'તમારે દર વર્ષે કેરીની સીઝનમાં એક મહિનો દેશમાં આવવું.'

આમ, લગભગ પંદર મિનિટ સુધી સ્વામીશ્રીએ બાળકો સાથે આમ્ર-વિનોદ ચલાવ્યો. તેઓની આ રસપ્રચુર ગમ્મતલીલા સૌનાં હૈયે વસી ગઈ.સૌ વિચારતા રહ્યા કે 'સ્વામીશ્રી કેટલા ગંભીર છતાં કેટલા ગમતીલા !'

ભગવાને ભગવાનને ભૂલા પાડ્યા !

તા. ૩૦/૬ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ બે સંતો ઠાકોરજીને લઈ જ્યાં સ્વામીશ્રીનો અલ્પાહાર ગોઠવાયેલો તે હરિભક્ત શ્રી ડી. સી. પટેલના ઘેર જવા રવાના થઈ ગયા અને સ્વામીશ્રીએ મંદિરમાં કથા શરૂ કરી. સ્વામીશ્રી કથાલાભ આપી અલ્પાહાર માટે પધારે તે પૂર્વે ઠાકોરજીને થાળ અને પૂર્વતૈયારી કરવાની નેમ વહેલા નીકળી ગયેલા સંતોએ રાખેલી. પણ વિપરીતતા એવી થઈ કે સ્વામીશ્રી કથાની ઇતિશ્રી કરી હરિભક્તના ઘેર પહોંચ્યા તે પછી ઠાકોરજી અને સંતો પધાર્યા. તેઓને જોતાં જ અનેક મુખે એક જ પ્રશ્ન પુછાયો: 'કેમ મોડું થયું ?'

જવાબમાં કારણ જાણવા મળ્યું કે 'ગાડીચાલક ભગવાનભાઈ રસ્તો ભૂલતાં આ વિલંબ થયો.'

આ સાંભળી સ્વામીશ્રીએ વિનોદ કર્યો કે 'લ્યો, આ તો ભગવાન ભૂલા પડ્યા ! બે ભગવાન ભેગા થયા તે ભગવાને ભગવાનને ભૂલા પાડ્યા.'

તેઓની આ પ્રાસંગિક રમૂજથી ચારેકોર હાસ્યનું મોજું ફરી વળ્યું.

પોતાના વાર્તા-વિનોદથી વાતાવરણને પલટી દેવાની અનેરી ખાસિયત સ્વામીશ્રી પાસે હતી.

તે દર્શાવતાં તેઓ હવે વ્યક્તિને પલટવા પધરામણીઓ કરવા નીકળી પડ્યા. તેમાં એક ઠેકાણે ગુલાબનાં રંગબેરંગી ખૂબ મોટાં ફૂલ જોઈ એકને હાથમાં લેતાં તેઓ બોલ્યા: 'વિલાયતી ફૂલ ! દેખાવમાં સારાં, પણ સુગંધ જ નહીં. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે આ વિલાયતી ફૂલ છે.'

આમ, પ્રસંગે પ્રસંગે ગુરુને સંભારવાની સ્વામીશ્રીની સાહજિક ટેવ. તેઓ કોઈ વાત રેલાવે તો સમજવું કે એ રેલો શાસ્ત્રીજી મહારાજ કે યોગીજી મહારાજ પાસે આવીને અટકશે.

પધરામણીના આ ક્રમમાં સ્વામીશ્રી એક ક્ષત્રિય ભક્તના ઘેર પધાર્યા. તેઓના પાંચેય પુત્રોમાં સત્સંગનાં વળતાં પાણી હતાં. આ જોઈ સ્વામીશ્રીને ઘણી દિલગીરી થઈ આવી. તેઓએ આ ઘેર રીતસર આસન માંડ્યું અને તે પાંચેય યુવાનોને પૂજાવિધિ કરતાં શિખવાડ્યો. ત્યારબાદ આરતીનો વિધિ પણ સમજાવ્યો અને શીખવ્યો. છેવટે તે પાંચેય પાસે જ સામૂહિક આરતી કરાવી. સત્સંગને લીલોપલ્લવ રાખવા માટે સ્વામીશ્રીએ ઘરોઘર કરેલો આ દાખડો જોઈ પેલા પિતા સહિત સૌ પીગળી ગયા.

મરજી ન લોપે મહારાજની

'આજે ગુરુપૂર્ણિમાનો દિવસ. દેશમાં સમૈયો પૂરો થયો હશે. સૌ જમતા હશે. ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, નારાયણ ભગત વગેરે આવ્યા હશે. બોચાસણ મંદિરના નાના સભામંડપમાં બેસી શાસ્ત્રીજી મહારાજે સત્સંગ શરૂ કર્યો. આજે મહારાજનો પ્રતાપ છે તેથી સત્સંગ વધે છે.'

તા. ૧/૭ની સવારે આ આશીર્વાદ દ્વારા સ્વામીશ્રીએ આજના ગુરુ-પૂર્ણિમાના પર્વની આલબેલ પોકારી દીધી અને નીકળી પડ્યા પધરામણીઓ કરવા. આજે પધરામણીઓ ખાસ્સી દૂર દૂર હોવાથી તેઓ બપોરે ત્રણ વાગ્યે ભોજન ભેગા થયા. ત્યારબાદ સાંજે ઉત્સવ-સભા માટે મંદિરે પધાર્યા.

આજે શુક્રવાર હોવાથી કામકાજનો દિવસ કહેવાય. છતાં લંડન ઉપરાંત આસપાસનાં સત્સંગ-કેન્દ્રોમાંથી બે હજાર ઉપરાંત હરિભક્તો ગુરુપૂજન માટે ઊમટી પડેલા. મંદિરનો હૉલ પુરુષો અને નીચેનો હૉલ મહિલાઓથી ઊભરાતો હતો. નીચલા માળે ટી.વી. દ્વારા ઉત્સવ-લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવાયેલી. આ ઉપરાંત કેટલાય હરિભક્તો બહાર ઝરમર વરસતા વરસાદમાં ઊભાં ઊભાં આ લહાવો લૂંટી રહેલા. ખરેખર, આ દૂર દેશમાંયે સ્વામીશ્રીના આકર્ષણે માઝા મૂકી હતી.

આજના શુભ દિવસે સૌને આશીર્વાદ પાઠવી વ્યક્તિગત દર્શનનું સુખ આપવા બિરાજેલા સ્વામીશ્રી, દરેક પુરુષ ભક્તને પ્રસાદીનું એક-એક ફળ આપતા. સૌ આ કૃપાફળ પામી ધન્ય થતાં ચાલ્યા. પરંતુ આ પવિત્ર પર્વે મહિલાઓની બેઠક-વ્યવસ્થા ભોંયરાના હૉલમાં હોવાથી તેઓને સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો નહોતો. ગુરુપૂનમના દિવસે સ્વામીશ્રી લંડનમાં બિરાજતા હોય ત્યારે આ ખોટ કેમ સહી જાય? તેથી તે સૌ વિદાય લેતાં

પહેલાં સ્વામીશ્રી દર્શન આપે તેની રાહ જોતાં મંદિર બહાર ઊભાં રહેલાં. એક બાજુ ભાડૂતી બસના ડ્રાઇવરો ઉતાવળ કરતા હતા, પણ સ્વામીશ્રીનાં દર્શનની અધીરાઈ નિવારી ન શકાય તેવી પ્રબળ હતી. તેથી સ્વામીશ્રી પાસે એકદમ વિનંતી આવી કે 'બહાર હરિભક્તો રાહ જુએ છે. માટે દર્શન દેવાં પધારો.'

સ્વામીશ્રી સમક્ષ આ વાત મૂકનારે 'કયા હરિભક્તો રાહ જુએ છે' તેની સ્પષ્ટતા કરવાનું સહેતુક ટાળેલું. પરંતુ શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ભગવાનને વિષે દૃઢ પ્રીતિ તેણે યુક્ત એવો જે એ ભક્ત તેનાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેની રક્ષાને તો એ ભગવાન પોતે જ કરે છે.'[૪૯] તેથી સ્વામીશ્રી જેવા દર્શન આપવાં નીકળ્યા ત્યાં જ કો'ક બોલ્યું: 'બાપા! બહેનોને દર્શન દેવાં પધારો.'

...અને સ્વામીશ્રીનો ઊપડેલો પગ તરત જ પાછો વળ્યો. કંઈપણ સાંભળ્યા વગર તેઓ સીધા રસોડામાં પહોંચી ઠાકોરજી જમાડવા બિરાજી ગયા. આ પ્રસંગે તેઓનાં મૌન અને મુખાકૃતિ એટલાં મુખર હતાં કે કોઈ કંઈ બોલી શક્યું નહીં.

આજે ગુરુપૂનમના આશીર્વાદ પાઠવતાં સ્વામીશ્રી બોલેલા: 'મહારાજની નાની-મોટી આજ્ઞામાં ખટકો રાખવો. નાનું વચન પણ દૃઢ રાખવું તો મોટા વર્તમાનમાં દૃઢ રહેવાય.' આ બોલ્યાના બે કલાકમાં જ તેનું દર્શન સ્વામીશ્રીના જીવનમાં સૌ કરી રહ્યાં.

નિર્માની થઈ ભજે તે રામ

સુગંધીદાર ફૂલનો સહવાસ છોડવો કોઈને ન ગમે, તેમ ગુણિયલ ગુરુનું સાંનિધ્ય કોણ છોડી શકે? તેથી જ સ્વામીશ્રી ગુરુપૂનમની રાત્રે બાર વાગ્યા પછી આરામમાં જતા હતા ત્યારે પણ યુવકોથી વીંટળાયેલા હતા. તેમાંના એક પ્રવીણે વાત કરી કે 'બાપા! આપને બહુ ભીડો પડે છે.'

યુવકની આ લાગણીમાં છેલ્લા પચીસ દિવસનું સરવૈયું હતું. સ્વામીશ્રી લંડનમાં પધાર્યા ત્યારથી તેઓ ઠરીને બેઠા નહોતા. રોજેરોજ તેઓ આગળ થોકડીબંધ પત્રો ઠલવાતા. ફોનની ઘંટડીઓ સતત રણઝણતી રહેતી. મીટિંગો-મુલાકાતોના દોર અવિરામ ચાલેલા. પધરામણીઓનો તો તોટો રહ્યો નહોતો. ઉપરાછાપરી સભાઓનાં આયોજનો થતાં રહેલાં. આરામ-ભોજનના સમયનું

૪૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૩.

કોઈ નિશ્ચિત્ત ધારાધોરણ રહ્યું નહોતું. ગાદીપતિની સુંવાળી જીવનશૈલી જોવા ટેવાયેલા સૌના મનમાંથી સ્વામીશ્રીને જોઈને આ ઉદ્‌ગારો નીકળી જાય એમ હતા જે આજે પેલા યુવાનના મોંમાંથી નીકળ્યા કે 'બાપા! આપને બહુ ભીડો પડે છે.'

પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'મોટરમાં આવવાનું ને મોટરમાં જવાનું; તેમાં શું થાક લાગે?' પોતાની સાહજિક ટેવ મુજબ સ્વામીશ્રીએ સ્વમહત્તાને દાટી દીધી.

'પણ બાપા! (ગાડીમાં અને મકાનમાં ચઢ-ઊતર કરવામાં) ઊઠ-બેસ તો થાય ને!' સ્વામીશ્રી સાથે ફરતી વખતે યુવકો જે અનુભવતા તે બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'આવી મોટરમાં બેસવા પણ ક્યાંથી મળે? ઢેફાં ભાંગતાં આવેલા એટલે અરધો થાક તો મોટરમાં બેસીએ ત્યાં ઊતરી જાય છે.'

તેઓના આ વિધાનથી સૌ હસી પડ્યા. પણ બીજી જ ક્ષણે સ્વામીશ્રીની અહંશૂન્યતા વિચારતાં સૌ અહોભાવમાં ડૂબી ગયા.

હું નાનો હતો ત્યારે...

શ્રીજીમહારાજની દ્વિશતાબ્દી નિમિત્તે અહીંના યુવકોએ ઈલિંગથી ઇઝલિંગ્ટન સુધીની ૨૫ કિ.મી.ની પદયાત્રા(વૉકેથોન) યોજેલી. શ્રીજીનો સંદેશ લંડનની શેરીઓમાં પહોંચે અને જે સેવા એકત્રિત થાય તે શ્રીજીચરણે ચડાવાય – તેવો ઉમદા હેતુ આ પ્રકલ્પની પાર્શ્વભૂમાં હતો.

આ આયોજનની વાત તા. ૨/૭ની બપોરે સ્વામીશ્રી ભોજન લઈ રહેલા ત્યારે નીકળી. તે વખતે તેઓએ શૈશવની સ્મૃતિઓ કરાવતાં કહ્યું:

'હું નાનો હતો ત્યારે શરીર પણ પાતળું. એટલે બહુ સારી રીતે દોડી શકતો. ગેડી-દડો રમતો ત્યારે દડો લઈને ઠેઠ સુધી ભાગી જઉં. કોઈ પકડી ન શકે. આમલી-પીપળી, હુતુતુતુ પણ સારી રીતે રમતો. ક્રિકેટ તો છેલ્લે છેલ્લે શરૂ કરેલું. પહેલેથી જ દૂધની રુચિ નહીં. ઘેર ભેંસ દો'વાતી હોય ત્યારે તાજું હૂંફાળું દૂધ પાવા માટે પ્રયત્ન કરે પણ હું નાસી જતો. યોગીજી મહારાજ સાથે સ્પેશિયલ ટ્રેનયાત્રામાં ગયા ત્યાં સુધી ખાવાની ખાસ રુચિ થતી નહોતી. પહેલાં બે જ શાક પર રુચિ – બટાટા અને ઘિલોડાં. અત્યારે બધુંય ભાવે. ટ્રેનયાત્રા પછી શરીર સુધર્યું. અત્યારે શરીર જરા ભારે. એટલે ઝડપથી

ચાલવાનું ફાવે નહીં.'

આ સાંભળી યુવકોએ કહ્યું: 'બાપા! અત્યારે પણ આપની સાથે કોઈ ચાલી શકે નહીં એટલી બધી આપની ઝડપ છે!'

આ અનુભવ સ્વામીશ્રી સાથે ચાલનારા સૌનો હતો.

એ સિદ્ધાંત છે જ નહીં

તા. ૩/૭ની સવારે પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી પી. સી. પટેલ નામના મુમુક્ષુને ઘેર પહોંચ્યા. અહીં સ્વામીશ્રીનાં દર્શનથી યજમાનનો ઇટાલિયન નોકર પણ આકર્ષાયો. તેણે સામેથી વર્તમાન ધરાવી કંઠી પહેરી!

સ્વામીશ્રીનું જીવન સમજાવતું કે ધર્મપ્રચાર ધાક-ધમકી, જોર-જુલમ કે લોભ-લાલચથી કરવાનો વિષય નથી. તે ધર્મગુરુના પવિત્ર વર્તનથી પ્રસરવો જોઈએ. તો જ ધર્મનો મર્મ સચવાય-સમજાય. બળજબરીથી થતા ધર્મપ્રચારમાં ધર્મનું મહોરું બચે છે, મોઢું છૂંદાઈ જાય છે. સ્વામીશ્રીનો તે સિદ્ધાંત નહોતો. નેતાથી નોકર સુધીના સૌને સમાનભાવે ચાહનારા સ્વામીશ્રીએ આ ઇટાલિયન નોકરને પણ પંચવર્તમાન પાળવા આજ્ઞા કરી કલ્યાણનું કમાડ ખોલી આપ્યું.

અહીંથી તેઓ પી. ટી. શાહ નામના એક સદ્‌ગૃહસ્થના ઘેર પધાર્યા. તેઓના દીકરાની તીવ્ર ઇચ્છા હતી કે 'સ્વામીશ્રીનાં ચરણ પખાળવાં.' તે માટે તેઓએ ગંગા-યમુનાનાં જળ ભરેલું તપેલું પણ તૈયાર રાખેલું, પરંતુ આ વિગત નજરમાં આવતાં સ્વામીશ્રી તરત જ સોફા પરથી નીચે આવી પોતાનાં ચરણ ઢંકાઈ જાય તેમ પલાંઠી વાળીને બેસી ગયા. ત્યારબાદ જાતે જ ઠાકોરજીનાં ચરણ પેલાં પવિત્ર જળથી પખાળવા લાગ્યા અને યજમાન મુમુક્ષુઓને પણ તે વિધિમાં જોડી દીધા.

*'દાસન કો મૈં દાસ હૂં...'*ના સિદ્ધાંતથી જીવનારા સ્વામીશ્રીએ કદી પોતાનાં પાદપ્રક્ષાલનની પેરવીને સફળ થવા દીધી નહોતી.

આ સિદ્ધાંત અનુસાર આજની અંતિમ પધરામણીના રૂપે તેઓ ડૉ. આર. બી. શાહના ઘેર પધાર્યા. અહીં આ હરિભક્ત પાસે સચવાયેલા એક જૂના પત્રના સંદર્ભમાં સ્વામીશ્રીએ ઉપાસનાનો સિદ્ધાંત સમજાવતાં કહ્યું કે ''શ્રીજીમહારાજ શાસ્ત્રીજી મહારાજ રૂપે સાક્ષાત્ આવ્યા છે – એ વાત છે જ નહીં. 'સંત સર્વ પ્રકારે ભગવાનનું સ્વરૂપ છે' એમ કહેવામાં શાસ્ત્રની રીતે પણ બાધ નથી. ગુણાતીત સંત દ્વારા મહારાજનું પ્રગટપણું છે. ધામ દ્વારા

મહારાજની પ્રાપ્તિ. સંત દ્વારા પ્રાપ્તિ. 'સંત એ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્' એ સિદ્ધાંત છે જ નહીં. શાસ્ત્રીજી મહારાજે એવો સિદ્ધાંત આપ્યો નથી. ગુણાતીત સંત એક જ હોય. તે દ્વારા મહારાજનું સુખ આવે.''

આજે સવારથી સાંજ સુધી સ્વામીશ્રીનાં વાણી-વર્તનમાંથી સિદ્ધાંતની સુગંધ જ ફોરમતી રહી.

પ્રોત્સાહનના પવનનું પ્રેરક પરિણામ

યુવક મંડળ દ્વારા તા. ૩/૭ના રોજ પદયાત્રા સફળતાપૂર્વક સંપન્ન થયેલી. સરેઆમ રસ્તે ચાલતા આ યુવાનોને, પધરામણીએ આવતાં-જતાં સ્વામીશ્રી સાથે બે-વાર મેળાપ થઈ જતાં સૌના આનંદ-ઉત્સાહની કોઈ સીમા રહી નહોતી. આ પદયાત્રીઓને આજની સાયંસભામાં બિરદાવતી વખતે સ્વામીશ્રીના શબ્દે શબ્દે પણ પ્રોત્સાહનનાં પૂર ઊમટતાં રહ્યાં.

પ્રથમ તો સર્વ પર આશીર્વર્ષા કરતાં કહ્યું : 'ભારતમાં પણ આવી શક્તિ છે તેની આજે ખબર પડી.' તેઓનો ઈશારો ભારતીય આહારમાં રહેલી તાકાત તરફ હતો. પરદેશમાં શારીરિક શક્તિના વિકાસનું ઓઠું લઈને લોકો માંસાહાર તરફ વળી જાય છે, પરંતુ શાકાહારી ખોરાક પણ શક્તિવર્ધક છે તે સ્વામીશ્રીએ સમજાવ્યું.

ત્યારબાદ પદયાત્રામાં વિજેતા બનેલા નવ યુવકોની જાહેરાત થઈ. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આ તો નવનિધિ થયા.' સ્વામીશ્રીના આ ટચૂકડા વાક્યે સૌમાં નવચેતનાનો સંચાર કરી દીધો. ચાલવાનું દુ:ખ જ વીસરાઈ ગયું !

આ યાત્રામાં ગિરીશ નામનો યુવાન દ્વિતીય ક્રમાંકે આવેલો. તેની જાહેરાત થતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'ગિરીશની પૉલ જમ્પની વાત કરો.'

આ યુવાન બે દિવસ પહેલાં જ સ્કોટલૅન્ડમાં યોજાયેલી પૉલ જમ્પની હરીફાઈમાં સમગ્ર બ્રિટનમાં ત્રીજો નંબર લઈ આવેલો. તેની જાહેરાત સ્વામીશ્રીએ સભામાં કરાવી તે યુવાનને હાર પહેરાવી સન્માન્યો.

*'ઇન્દ્રલોક અગ્નિ સમ જાનત, જાનત સિદ્ધિ ઠગારી હૈ...'*ની રીત અનુસાર રહેનારા સ્વામીશ્રીને અષ્ટસિદ્ધિ નિર્માલ્ય જણાતી ત્યાં લૌકિક સિદ્ધિઓની તો ગણતરી જ ક્યાંથી હોય ? છતાં તેઓ સંતો-ભક્તોની દુન્યવી સિદ્ધિને પણ બિરદાવતા. તેઓની આ કૃપા હતી, આ વિશેષતા હતી.

આ પદયાત્રા નિમિત્તે એકત્રિત થયેલી સેવા જ્યારે યુવક મંડળ વતી સંસ્થાને ભેટ ધરવામાં આવી ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે યુવકોને આપવું જોઈએ તેને બદલે યુવકો આપણને આપે છે.' એમ કહી તેઓએ દરેક પદયાત્રીને ફળની પ્રસાદી આપી.

આમ, પળે પળે પ્રોત્સાહન વરસાવી સ્વામીશ્રીએ આ પદયાત્રાને એવો ઠેલ મારી દીધો કે આ આયોજન પ્રતિવર્ષ યોજાવા લાગ્યું. ત્રીસેક યુવાનોથી શરૂ થયેલી આ યોજનામાં સમય જતાં સેંકડો લોકો જોડાતા થઈ ગયા. એટલું જ નહીં, આ આયોજન વિશ્વના વિવિધ દેશોમાં પથરાયેલાં ઘણાં સત્સંગ-કેન્દ્રોમાં પ્રસર્યું. નાના-શા પ્રયત્નમાં પ્રોત્સાહનનો પવન ફૂંકવામાં આવે તો તે કેવું વિરાટ રૂપ ધારણ કરી શકે છે, તેનું ઉદાહરણ છે આ વાર્ષિક ઘટના.

તુમ બિન કુન સગો હરિ મેરો

તા. ૬/૭થી લંડનની બહારનાં પરગણાંઓમાં પધરામણીનો કાર્યક્રમ શરૂ થતાં, મંદિરેથી ૪૦-૪૫ કિ.મી.ના અંતરે અલ્પાહારનું ઠેકાણું આવતું. તેથી પૂજા પછી કથા કરી ત્યાં પહોંચતાં લગભગ દસેક વાગી જતા. પછી એ વિસ્તારનાં દૂર-દૂરનાં ઘરોમાં પધરામણીઓ કરતાં ભોજનના સમયે બપોરના બે વાગી જાય. ત્યારબાદ સવારની બાકી રહેલી પધરામણી કરીને મંદિરે સભામાં આવવાનું રહેતું. સભા પછી પુનઃ રાત્રિના દસ વાગ્યા સુધી પધરામણીઓ લંબાતી. તે પછી રાત્રિભોજન થતું. આમ, યંત્રની જેમ સ્વામીશ્રીનો કાર્યક્રમ ચાલતો. તેમાંય તેઓનો ઉત્સાહ વધતો ને વધતો જ રહેતો.

આજે લંડનથી ૯૬ કિ.મી. દૂર ક્રોલી જવાનું હતું. છતાં પ્રાતઃકથામાં 'વચનામૃત' (ગ.પ્ર. ૬) પર નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સત્સંગને વિષે મોટપ શું? મોટી ગાદી પર બેસે તે નહીં. ભગવાનનો આનંદ અખંડ રહે તે. કરોડ કે બે કરોડ પાઉન્ડ મળે તો કેવું થાય? તેમ આ વસ્તુ છે.'

મોટપનો આ મર્મ સમજાવી સ્વામીશ્રી તા. ૭/૭ના રોજ લંડનથી ૫૦ કિ.મી.ના અંતરે આવેલા હર્ટ્સ પરગણામાં પધાર્યા. તે વખતે અહીં રહેલા ચંદુભાઈના ઘેર જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે ત્યાં આવીને બેઠેલા અંગ્રેજ સ્ટ્રીન્જરે તેઓને કહ્યું: 'મારા ઘેર પધરામણી કરો.'

આ વિનંતી બર આવતાં સ્વામીશ્રીનાં પાવન પગલાં જ્યારે પોતાના ભવનમાં પડ્યાં ત્યારે એ અંગ્રેજ આનંદવિભોર થઈ ગયા. અહીં તેઓ પોતાના

કબાટમાંથી એક હાર લઈ આવ્યા. એ હાર સૂકો અને કરમાયેલો હતો. તેને જોઈ સાથેના સંતો-ભક્તોને થયું: 'તાજા-લીલા હારને બદલે આ મહાશય આવો હાર પહેરાવવા લઈ આવ્યા ?'

પણ સૌના આ સંશયનો ભુક્કો કરતાં તે પરદેશી બોલ્યા: 'સ્વામીજી ! આ હાર આપે મને (સન)૧૯૭૪માં પહેરાવેલો. તે મેં હજી સાચવી રાખ્યો છે ! હું રોજ તેને જોઉં છું અને આપને યાદ કરું છું.'

ત્રણ વર્ષ પહેલાં સ્વામીશ્રી અહીં ચંદુભાઈના ઘેર આવેલા ત્યારે આ સ્ટ્રીન્જર એકલવાયા હતા. તેઓના પરિવારજનો તેઓને છોડીને ચાલ્યા ગયેલા. તે વખતે સ્વામીશ્રીએ આ અંગ્રેજને પરિવારજન માની તેની સંભાવના રાખવાની વાત ચંદુભાઈને કરેલી. તે ઘડી ને આજનો દા'ડો; સ્ટ્રીન્જરને ક્યારેય લાગ્યું નહોતું કે 'આ દુનિયામાં હું એકલો-અટૂલો છું.'

જીવનમાં સ્વજનનો સંગાથ શોધી આપનારા સ્વામીશ્રીનો આભાર તેઓએ આ રીતે વ્યક્ત કર્યો.

પણ આટલું કહેતાં તે ૬૨ વર્ષીય અંગ્રેજની આંખો ભીની થઈ ગઈ. તેઓની પાંપણો પર બાઝેલા તરલ ટીપાઓમાં *'તુમ બિન કુન સગો હરિ મેરો...'* સમા સ્વામીશ્રીની છબી સ્પષ્ટ જોઈ શકાતી હતી. સ્ટ્રીન્જરે સ્વામીશ્રીને કહ્યું: 'આપને ખૂબ પરિશ્રમ થતો હશે. પાંચ હજાર માઈલ દૂરથી આવ્યા છો.'

'ભગવાનનું કાર્ય છે એટલે કાંઈ વાંધો આવતો નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

બે વાક્યોનો આ ટૂંકો વાર્તાલાપ સૌનાં હૈયે ચોંટી ગયો. દેશ-વેશ, ધર્મ-કર્મ, ભાષા-ભૂષા, રંગ-ઢંગ, જાત-પ્રાંત વગેરે કોઈ ભેદભાવોને આડે લાવ્યા સિવાય સ્વામીશ્રી માનવીને માનવી તરીકે જોઈ શકે છે, ચાહી શકે છે, તેનું એક હૃદયંગમ દર્શન કરી સૌ ધન્ય થઈ ગયા !

સંસ્કાર જ લાખો પાઉન્ડ છે

હર્ટ્સ પરગણામાં વિચરતા સ્વામીશ્રી એલ્સટ્રી વિસ્તારમાં એક હરિભક્તના ઘેર પગલાં કરવા પધાર્યા ત્યારે વિજ્ઞાનશાખામાં ભણતો આ સત્સંગીનો દીકરો પંકજ પર્યાવરણલક્ષી સંશોધનોમાં પ્રદૂષણ ઘટાડવા અંગેના વિવિધ પ્રયોગો કરી રહેલો. તેણે સ્વામીશ્રીને પોતાની આ કાર્યવાહીની વાત કરી, ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછ્યું: 'ભજન થાય તેનું સંશોધન કરે છે કે નહીં ?

દેહને સારું રાખવાની બધી શોધખોળ કરે છે પણ તે તો નાશ પામી જવાનું છે.' એમ કહી સ્વામીશ્રીએ તેને વળગેલાં વ્યસનો મૂકવાની વાત આરંભી.

પણ આ યુવાન ભણેલા ભૂત જેવો હોવાથી સ્વામીશ્રીની સમજાવટ સામે કૈંક દલીલો કરતો રહે. સ્વામીશ્રી તેના ખુલાસા કરતા જાય. તેમ કરતાં કરતાં આખા ઘરમાં સ્વામીશ્રીએ પુષ્પો વેર્યાં, રસોડામાં પંચમૂર્તિ પધરાવી અને વિદાય માટે છેક નીચે ફૂટપાથ પર આવી ગયા, છતાં સ્વામીશ્રી અને તે યુવક વચ્ચે દલીલો ચાલતી રહી. છેવટે ફૂટપાથ પર ઊભાં ઊભાં સ્વામીશ્રીએ એવા ઘેરા ઘા કર્યા કે તે યુવાને માંસાહારને તિલાંજલિ આપી દીધી. 'પંકજ'ને લાગેલો કાદવ દૂર કરીને સ્વામીશ્રી નીકળ્યા ત્યારે એક માનવપુષ્પની મહેંકથી મહોલ્લો મઘમઘી રહ્યો.

આજે જ સ્વામીશ્રી કથામાં બોલેલા કે 'માતા-પિતાએ બાળકોને ઘરમાં બેસાડીને સાચું જ્ઞાન શિખવાડવું. સવારના ઊઠીને પાઉન્ડ તરફ દૃષ્ટિ ન રાખવી. છોકરાં શું કરે છે તેનું ધ્યાન રાખવું. પાઉન્ડ તો તેની મેળે કમાઈ લેશે. સંસ્કાર જ લાખો પાઉન્ડ છે.'

વાલીની આ ફરજ સ્વામીશ્રીએ હજારો બાળકો-યુવાનોનાં જીવનમાં નિભાવી હતી. સંસ્કારની સાથે સ્નેહજળ પણ એવાં જ પિવડાવ્યાં હતાં.

હર્ટ્સમાં જ આગળની પધરામણીમાં સ્વામીશ્રી એક મુરબ્બીના ઘેર પધાર્યા. અત્રે પૂજનવિધિ દરમ્યાન આ યજમાનનો બે-એક વર્ષનો બાળક નિકેશ સ્વામીશ્રીની નજીક જ આવતો નહોતો. *'આજ મારે ઓરડે રે...'* એ પધરામણીનું પદ બોલતી વખતે સ્વામીશ્રીએ તેને ચપટી વગાડીને નજીક બોલાવવાનો પ્રયત્ન કરી જોયો; પણ તે ફળ્યો નહીં. તેથી બાળમાનસને પરખનારા તેઓએ હાથમાં પ્રસાદનો ગાંઠિયો રાખી બાળકને આકર્ષવા પ્રયાસ કર્યો. આ ઉપાય કારગત નીવડ્યો. લીલું જોઈ ગાય ખેંચાય તેમ ખાવાનું જોઈ આ બાળક પણ ખેંચાયું.

સૌને એમ કે 'તે ઝાપટ મારીને સ્વામીશ્રીના હાથમાંથી ગાંઠિયો લઈ લેશે.' પણ તે ચબરાક નીકળ્યો. તેણે તો સીધો મોંમાં જ ગાંઠિયો લીધો! બ્રહ્મના સુખ-સ્વાદમાં વચ્ચે કોઈ મલિનતા પ્રવેશવા દીધી નહીં. સૌ તેની આ ચાલાકી જોઈ તાળી પાડી ઊઠ્યા. સ્વામીશ્રી પણ સ્મિત વેરી રહ્યા. જેવો પહેલો ગાંઠિયો મોંમાં ઓગળી ગયો કે તરત જ તે બાળક ફરી સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યો અને બીજી વાર પણ પૂર્વવત્ પ્રસાદ પ્રાપ્ત કર્યો. ચૌદ લોકમાં

જે અગમ તે આજ આ શિશુને સુગમ બની રહ્યું !!

ઊગતી પેઢીમાં સ્નેહ અને સંસ્કાર સીંચીને સ્વામીશ્રીએ કરેલી સંસ્કૃતિ-સેવા સાચે જ અનન્ય છે.

ફરી સત્સંગ સુકાળ વધારે

લંડનમાં ૩૩ દિવસના રોકાણ દરમ્યાન ૫૦૦ પધરામણીઓ અને ૪,૮૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડી, સૌને રાજી કરી, તા. ૯/૭થી મિડલેન્ડનો પ્રવાસ શરૂ કરતાં સ્વામીશ્રી હાર્ટફર્ડશાયરને લાભ આપી સ્ટીવનેજ આવી પહોંચ્યા. અહીં છેલ્લી પધરામણી બપોરે બે વાગ્યે પૂરી થઈ. હજી લુટન જઈને જમવાનું હતું. ત્યાં જ એક યુવકે વિનંતી કરી કે 'મારું ઘર બાજુમાં જ છે. તમે ન પધારો ?'

આ વખતે 'હા' પાડવામાં કોઈની હિંમત ચાલી નહીં. પણ સ્વામીશ્રીએ ઠંડે કલેજે કહ્યું : 'ચાલો, આવીએ. તમે તૈયારી કરો.'

સ્વામીશ્રીની વિશેષતા એ કે પધરામણીમાં જેમ મોડું થાય તેમ એમની ધીરજ વધતી જતી અને તે પધરામણીમાં સમય પણ વધુ આપે. સાથેના સંતો-ભક્તો ઉતાવળ કરતા હોય કે 'ક્યારે હવે જમવા ભેગા થઈએ !' ત્યારે સ્વામીશ્રી સૌને શાંતિથી મળે; ખબર-અંતર પૂછે; આશીર્વાદ આપે. ભક્તોને રાજી કરવાની અને સત્સંગ વધારવાની જ એક તમન્ના તેઓમાં દેખાતી.

તેથી પેલા અચાનક આવી ચડેલા યુવકના ઘેર જઈ સ્વામીશ્રી લુટનમાં જમવા બિરાજ્યા ત્યારે બપોરના સાડા ત્રણ વાગી ચૂકેલા ! ભોજન બાદ મિલ્ટનકીન્સ થઈને રાત્રે અગિયાર વાગ્યે લેસ્ટર પધાર્યા.

અહીં ઠંડીનો ચમકારો સવિશેષ હતો. છતાં દર્શનની પ્રતીક્ષામાં બેસી રહેલા ભક્તોને જોઈ સ્વામીશ્રી સ્વયં ગળગળા થઈ ગયા.

પ્રામાણિકતાના પૂજારી

લેસ્ટરમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન તેઓની નિત્યપૂજામાં મૂકવા માટે તાજાં ફૂલો લાવવાની સેવા બાળકોને સોંપાયેલી. તે માટે બાળકોએ બગીચાવાળાં ઘરોનો સંપર્ક કરીને ફૂલોનો ફાળો નોંધેલો. તે અનુસાર આ બાળકો સવારે સાડા પાંચ વાગ્યે ફૂલ નોંધાવનારા યજમાનને ઘેર પહોંચી જતા અને તેમણે લખાવેલી સંખ્યા મુજબ બગીચામાંથી ફૂલ ચૂંટી લાવતાં. પરંતુ

પુષ્પોની જરૂરિયાત વધતાં બાળકો નોંધાવેલી સંખ્યા કરતાં એક-બે ફૂલ વધુ ખણી લેતાં, કારણ કે વહેલી સવારે ઘરમાલિક તો સૂતો હોય. તેથી 'વધુ ફૂલ લીધાંની વાત સાંજે માલિકને જણાવી દઈશું' – એમ વિચારી બાળકો વધારે ફૂલો તોડી લાવતાં.

આ વિગત સ્વામીશ્રીના જાણમાં આવતાં તેઓએ એક દિવસ પોતાની પ્રાતઃપૂજામાં 'શિક્ષાપત્રી'ના વાંચન દરમ્યાન સુનીલ નામના બાળકને પાસે બોલાવ્યો. એ બાળક તો 'પ્રસાદ કે આશીર્વાદ – બેમાંથી એક મળશે' એમ વિચારી ખુશ થતો દોડી આવ્યો. પણ તેને સ્વામીશ્રીએ શિક્ષાપત્રીનો શ્લોક બતાવી કહ્યું : 'જો, મહારાજે લખ્યું છે કે ધણીને પૂછ્યા વગર એક પુષ્પ પણ ન તોડાય. તે ચોરી કહેવાય. મારી પૂજામાં પુષ્પ નહીં હોય તો ચાલશે! પણ આવાં પુષ્પો જોઈતાં નથી. સત્સંગીથી ચોરી થાય જ નહીં.'

બાળકો પાસે પુષ્પ તોડવાનો પરવાનો હતો. છતાં તેઓ માલિકે નોંધાવેલી સંખ્યા કરતાં વધુ ફૂલ તોડતાં તે સ્વામીશ્રીને મતે ચોરી જ હતી; ભલે ને બાળકો સાંજે માલિકને આ બાબતે માહિતગાર કરવાના હોય તો પણ! તેથી *'ધર્માર્થ ચોરી કરશો ન કોઈ'*ની ગળથૂથી સ્વામીશ્રીએ બાળકોને પિવડાવી. તેઓ પ્રથમથી જ પ્રામાણિકતાના પૂજારી રહેલા. આ જોઈ પેલો બાળક પણ સ્વામીશ્રીનો પૂજારી બની ગયો.[૫૦]

આવું તો ન કરી શકે કોઈ

લેસ્ટરમાં ત્રણ દિવસના રોકાણ દરમ્યાન ૯૦ પધરામણીઓ દ્વારા ઘરોઘરમાં સત્સંગની હરિયાળી ફેલાવી સ્વામીશ્રી તા. ૧૩/૭ના રોજ આસ્ટન પધાર્યા – કાઉહિલ લેનમાં તૈયાર થયેલા મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે.

આ મંદિરના નિર્માણમાં સૌ સત્સંગીઓ તન, મન, ધનથી યાહોમ થઈ ચૂકેલા. છતાં સૌના અંતરમાં એક કબૂલાત હતી કે 'આ ઉત્સવની ધરી તો છે સ્વામીશ્રી સ્વયં.' સ્વામીશ્રી પોતાના ગુરુ હોવાના નાતે આ સૌનો અહોભાવ નહોતો, પરંતુ અનુભવ હતો. તેની શરૂઆત થઈ ચૂકેલી – સન ૧૯૭૪થી.

તે વર્ષે સ્વામીશ્રી આસ્ટન પધાર્યા ત્યારે અંગ્રેજ બાળક માર્ક તેઓના યોગમાં આવેલો. સ્વામીશ્રીએ તેને કંઠી પહેરાવીને માળા પણ આપેલી. સાથે ગુલાબનું પુષ્પ. સ્વામીશ્રીએ સજી આપેલાં કંઠી, માળા અને ફૂલના આ સાજ

---

૫૦. તેઓ સ્વામીશ્રી પાસેથી દીક્ષા લઈ સાધુ બ્રહ્મવિહારીદાસ બન્યા.

સાથે તે બાળક જ્યારે ઘેર ગયો ત્યારે તેની માતા સિલવિયા કેમ્પ્સ્ટરને સ્વામીશ્રીની ચિનગારી લાગી ગઈ. પોતાના પુત્ર પર અકારણ કરુણા વરસાવનાર સ્વામીશ્રીને તેઓ એ ઘડીથી સંભારવા માંડ્યાં. ત્યારથી જ તેઓએ સ્વામીશ્રીની સેવા કર્યાનો સંતોષ મેળવવા સત્સંગી મહિલાઓને અંગ્રેજી ભણાવવાનો આદર કરી દીધેલો, મંદિરનાં સરકારી કાર્યોમાં પણ સહાયરૂપ બનવા માંડેલાં અને છેલ્લાં ત્રણ વર્ષથી સ્વામીશ્રીને વધાવવા તલસી રહેલાં.

સ્વામીશ્રીનો આસ્ટનનો કાર્યક્રમ નક્કી થતાં જ તેઓના ઉત્સાહને પાંખો ફૂટી ગઈ. સ્વામીશ્રીના શાનદાર સ્વાગતના ભાગરૂપે આજે તેઓએ નગરના ટાઉનહૉલમાં ભવ્ય જાહેર-સભા યોજી દીધેલી. આ સભાગૃહની અંદર-બહાર, મંચની ઉપર-આગળ કીમતી પુષ્પો અને વલ્લરીઓનાં સુશોભનમાં તેઓએ કોઈ મણા રાખી નહોતી. સ્વામીશ્રીનો યોગ શહેરની પ્રતિષ્ઠિત મહિલાઓ અને પુરુષોને થાય તે માટે તેઓએ જ સૌને ઘરોઘર જઈને આમંત્રણ પાઠવ્યાં હતાં. શહેરના મેયર, કાઉન્સિલના આગેવાન સભ્ય વિલ્કિન્સન, શહેરના મેજિસ્ટ્રેટ વગેરેને પણ તેઓએ જ સ્વામીશ્રીના યોગમાં આણી દીધેલા.

એટલું જ નહીં, મૂર્તિપ્રતિષ્ઠાના કાર્યની મોટા ભાગની જવાબદારીનો ગાંસડો પણ તેઓએ માથા પરના અંબોડાની જેમ પોતાના શિરે ઉઠાવી લીધેલો. નગરયાત્રાની જરૂરી પરવાનગીઓ તેઓ લઈ આવેલાં. મૂર્તિઓ માટે રથની રચના અને સજાવટ પણ તેઓએ કરાવેલાં. શ્રેષ્ઠ આસ્ટોનિયન બ્રાસ બૅન્ડ તથા સ્વામીશ્રીની બગી માટે ડ્યૂક ઑફ ઍડિનબરોનો માનીતો જેકબ નામનો ભરાવદાર અશ્વ પણ તેઓ સેવામાં લઈ આવેલા. આ દેશમાં બગીનું સન્માન વિશિષ્ટ વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય; પરંતુ આગેવાનોના સહકારથી તે આયોજન પણ આ મહિલાએ સંપન્ન કરેલું. શહેરનાં અગ્રિમ અખબારોના ખબરપત્રીઓને પણ તેઓએ ખડેપગે રાખેલા. સ્વામીશ્રી સાથેના કોઈ જ સીધા સંપર્ક વિના પણ તેઓના રાસડા લઈ રહેલી આ યુરોપિયન મહિલાની કાયાનો કણ-કણ તેના અભિરામને આવકારતાં આજે ગાઈ રહેલો: *'હું તો મોહી રંગીલા તારા રંગમાં જી રે; મારે આનંદ વધ્યો છે અંગમાં જી રે...'*

અષ્ટાંગ બ્રહ્મચર્યધારી સાધુના સ્વાગતમાં એક યુરોપિયન સન્નારીના હૈયે જાગેલો આ ઉમળકો સ્વામીશ્રીની સાધુતાના પોતની પવિત્રતાનો પણ પુરાવો બની રહ્યો. તેથી સર્વત્ર *'પામ્યા અચરજ સૌ જન જોઈ, આવું તો ન કરી શકે કોઈ...'*ની લાગણી ફરી વળી.

આસ્ટનમાં ઐશ્વર્યનાં ઓવારણાં

તા. ૧૬/૭ની વહેલી સવારથી આસ્ટનના આંગણે પ્રતિષ્ઠાનાં પડઘમ વાગવાનાં શરૂ થઈ ગયેલાં. પરંતુ યજ્ઞ, નગરયાત્રા અને પ્રતિષ્ઠાની ત્રિવેણીને ધૂળધાણી કરવા વાદળો રાતથી જ મન મૂકીને વરસી રહેલાં. તેથી આ મંગલ પર્વ પર પાણી ફરી વળવાની દહેશત સૌનાં મનમાં તોળાઈ રહેલી. પણ પ્રતિષ્ઠાના દિવસની સવારે સ્વામીશ્રી જાગતાં જ તેઓની આણ ફરકવા માંડી હોય તેમ વરસાદ બંધ થઈ ગયો અને પ્રતિષ્ઠિત થનારા પુરુષોત્તમ નારાયણની સેવામાં સૂર્યનારાયણ હાજર થઈ ગયા. આબોહવા અતિ આહ્લાદક બની ગઈ.

સ્વામીશ્રીના આ ઐશ્વર્યનો ઉલ્લેખ કરતાં કાઉન્સિલ સભ્ય વિલ્કિન્સને તા. ૨૧/૭ના રોજ લખેલા પત્રમાં જણાવ્યું કે –

'મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે નગરયાત્રા નીકળી. આગલે દિવસે ચિંતાતુર ભક્તોએ સ્વામીજી પાસે ચિંતા વ્યક્ત કરી કે 'વરસાદ પડે તો શું કરવું ?' હવામાન આગાહી દર્શાવતું હતું. સ્વામીજીએ કહ્યું : 'તમે કાલની ચિંતા કેમ કરો છો ? વાતાવરણ ચોખ્ખું રહેશે અને સૂર્ય તપશે.' મને આ ખબર ન હોવાથી રેઈનકોટ તથા ટોપી સાથે હું એકલો જ હતો...!'

આવાં અવનવાં ઐશ્વર્ય અનુભવતાં સૌ સ્વામીશ્રીને વધાવતા રહ્યા અને સ્વામીશ્રીએ ઇન્ડિયન એસોસિયેશનના હૉલમાં જઈ યજ્ઞનો પ્રારંભ કરાવી દીધો.

યજ્ઞ બાદ નગરયાત્રાનો માહોલ પણ અનુપમ જામી રહ્યો. સૌની અગુઆની કરતું આસ્ટોનિયન બ્રાસ બૅન્ડ, સફેદ ગણવેશધારી બાળકો-યુવકો, પુષ્પ-તોરણ અને વસ્ત્રોથી સજાવેલા લાંબા રથમાં મૂર્તિઓ, કાષાયરંગી ભરાવદાર જેકબ અશ્વને જોડેલી બગીમાં સ્વામીશ્રી, રાસ-રમણે ચડેલા યુવાનો, હરિભક્તો, કળશધારી મહિલાઓ સહિતની આ નગરયાત્રા આસ્ટનનું આકર્ષણ બની રહી. તેને નિહાળવા અંગ્રેજો સુધ્ધાં હિલોળે ચડ્યા. દુકાનદારોએ દુકાનનાં કામ છોડ્યાં તો ગૃહિણીઓએ ઘરકામ. સૌ વિસ્ફારિત નેત્રે આ શોભાયાત્રા નિહાળી રહ્યાં.

પરંતુ સ્વામીશ્રીની બગીના અંગ્રેજ ચાલકની આંખો તો આજે ચાર થઈ ગઈ! અશ્વપારખુ આ અંગ્રેજને સ્વામીશ્રીની બગીએ જોડેલા જેકબની

જાતનો અનુભવ હતો. આ અશ્વ રેસ(દોડ)ની સ્પર્ધામાં પારિતોષિક પ્રાપ્ત કરી ચૂકેલો. વળી, તે કદી બૅન્ડવાજાંથી ગાજતાં વાતાવરણમાં ફરેલો નહીં. તેથી આવા શોરબકોરવાળા માહોલમાં જો તે વીફરે તો તેને કાબૂમાં લેવો તે હાથ બહારની વાત હતી. આવા સંજોગોમાં સ્વામીશ્રીની શું પરિસ્થિતિ થાય? તે ચિંતા બગીચાલકને સતાવી રહેલી. પોતાની આ ભીતિ તેણે કાઉન્સિલ સભ્ય વિલ્કિન્સનને પણ આસ્તે રહીને જણાવેલી.

વિલ્કિન્સને તે વાત સત્સંગીબંધુ સી. ટી. પટેલના કાને પહોંચાડેલી. ત્યારે આ હરિભક્તે કહેલું: 'ઘોડાના નિયંતા સ્વામીશ્રી છે. તેઓ બગીમાં બિરાજશે એટલે કાંઈ નહીં થાય.'

વિલ્કિન્સનને આ ખુલાસો મૂર્ખતાસભર લાગતાં તેણે તો કહી દીધું કે 'તમે સ્વામીશ્રીની જિંદગી જોખમમાં મૂકી રહ્યા છો.'

પરંતુ સ્વામીશ્રી પધારતાં જ વાજાં ગગડ્યાં. ભજનની રમઝટ મચી રહી. જયનાદો ગુંજી ઊઠ્યા. છતાં આ બધા જ કોલાહલમાં જેકબ ગરીબ ગાયની જેમ દોરાતો રહ્યો. પેલા વિલ્કિન્સનની તો આખી નગરયાત્રા આ ઐશ્વર્યદર્શનમાં જ વીતી.

આ શોભાયાત્રાનો અહેવાલ છાપતાં 'આસ્ટન રિપોર્ટર' નામના સાપ્તાહિકે પણ તા. ૨૨/૭ની આવૃત્તિમાં લખ્યું કે –

'પોતાની ગમે તે ધાર્મિક માન્યતા હોય પણ એ તો કબૂલવું જ પડશે કે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તોની નગરયાત્રા આકર્ષક અને પ્રભાવક હતી. એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, આવી શિસ્તબદ્ધ યાત્રા તેણે પૂર્વે કદી જોઈ નથી. વ્યવસ્થાપકોને આ બદલ ધન્યવાદ આપવામાં આવે છે.'

આમ, સ્વામીશ્રીના ઐશ્વર્યનાં ઓવારણાં લેતો પ્રતિષ્ઠોત્સવ આસ્ટનના આંગણે સંપન્ન થયો.

ભારત ખૂબ સુંદર છે (India is very nice)

પ્રતિષ્ઠાદિનની સાંજે પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રી વિલ્કિન્સન અને શ્રીમતી સિલવિયાના ઘેર પણ પધાર્યા.

આ યુરોપિયન મહિલાએ પોતાના પુત્ર માર્કને પૂજનવિધિ માટે સજ્જ રાખેલો. તેણે ઠાકોરજીનું પૂજન કર્યા બાદ સ્વામીશ્રીએ તેના માથે પોતાનો

અભયહસ્ત મૂક્યો ત્યારે અંદરના ઓરડામાં બેઠેલી તેની માતાને એવી અનુભૂતિ થઈ કે 'સ્વામીશ્રી જાણે મારા મસ્તકે જ હસ્ત પ્રસારી રહ્યા છે.' પ્રેમરસાયણ સ્થળ અને કાળના અંતરને ઓગાળી નાંખે છે – તે વાત અહીં સાકાર બની રહી!

બીજે દિવસે તા. ૧૭/૭ના રોજ સ્વામીશ્રી આસ્ટનથી વિદાય લઈ રહેલા ત્યારે સૌ સત્સંગીઓની સાથે સિલવિયા અને માર્ક પણ ગમગીન બની ગયાં. તે વખતે સ્વામીશ્રીએ માર્કને પાસે બોલાવી ભારત આવવાનું આમંત્રણ પાઠવ્યું. ત્યારે એક યુવક કહેવા લાગ્યો: 'India is very hot.' (ભારત ખૂબ ગરમ પ્રદેશ છે.)

તે સાંભળી સ્વામીશ્રી તરત જ બોલ્યા: 'India is very nice.' (ભારત ખૂબ સુંદર છે.)

તેઓને મન ભારત એટલે ભગવાનની ભૂમિ. આ વિશેષતાની સાપેક્ષમાં સ્વામીશ્રીને ભારતની બધી ઓછપ-ઊણપ ગૌણ હતી.

હિંદુ ધર્મના સાચા નેતા

તા. ૧૭/૭ના રોજ ઝરમર ઝરમર વરસાદની વચ્ચે આસ્ટનથી વિદાય લઈ સ્વામીશ્રી મેકલ્સફિલ્ડ, સ્કેલમર્સડેલ અને વિગનને લાભ આપતાં પ્રેસ્ટન પહોંચ્યા.

અહીં 'હિંદુ કલ્ચરલ ઍન્ડ રિક્રીએશન સેન્ટર'માં યોજાયેલી સાંજની જાહેર-સભામાં તેઓને દોરી જવા મેયરશ્રી જે. હૂડની મોટર આવી પહોંચી. તેમાં બેસી સ્વામીશ્રી પ્રથમ નગરપતિની કચેરીમાં પધાર્યા. અત્રે મેયર તથા અન્ય અંગ્રેજ અધિકારીઓએ તેઓને આવકાર્યા. પ્રાસંગિક વાર્તાલાપમાં મેયરે અનુભૂતિ ઉચ્ચારી કે 'ખરેખર, સ્વામીશ્રી હિંદુ ધર્મ માટે વિશિષ્ટ કાર્ય કરી રહ્યા છે અને હિંદુ ધર્મના સાચા નેતા છે.'

આ અનુભૂતિથી અભિભૂત મેયર પણ સ્વામીશ્રીની સાથે જ જાહેર-સભામાં આવ્યા. અત્રે તેઓ તથા અંગ્રેજ સાંસદ સહિત અન્ય પાદરી-પ્રધાનોએ સ્વામીશ્રીને પુષ્પમાળાઓ પહેરાવી અભિનંદન આપતાં પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીએ પણ આજે અધિક માસના આરંભે આશીર્વાદ પાઠવી સૌને શાતા પમાડી. સભા બાદ નવા મુમુક્ષુઓએ વર્તમાન ધરાવવા સારો એવો ધસારો કર્યો.

આ રીતે સૌને ભગવાનના ખોળે મૂકવા જ સ્વામીશ્રીએ તા. ૧૮/૭ના

રોજ વરસાદી વાતાવરણ અને ઠંડા પવનના સુસવાટા વચ્ચે બાર પધરામણીઓ કરી દીધી. ત્યારબાદ સૌ ભક્તો સ્વામીશ્રીને બ્લેકપુલ લઈ ગયા, પરંતુ વરસાદને કારણે આ ભૂમિને સ્વામીશ્રીનો પાદસ્પર્શ સાંપડ્યો નહીં; કેવળ દૃષ્ટિ ઝીલી તે સનાથ થઈ રહી.

ત્યાંથી પરત ફરેલા સ્વામીશ્રીએ આજની સાયંસભામાં સુંદર સદ્‌બોધ આપતાં જણાવ્યું કે 'અહીં સૌ કૂતરાં-બિલાડાં ઉપર પ્રેમ કરે છે. પણ ભગવાનમાં પ્રેમ કરીએ તો બધાંમાં પ્રેમ રહેશે. ભગવાનમાં પ્રેમ નથી તો માણસમાં કે કોઈના ઉપર સાચો પ્રેમ થશે નહીં.'

પારસ્પરિક પ્રેમનું આ મૂળ બતાવી સ્વામીશ્રીએ સભા બાદ ઉતારે જતાં પહેલાં પધરામણીઓનો માર્ગ લીધો. તેમાં એક શુદ્ધ વર્તનવાળો યુવક મળતાં રાજી થઈ ગયા અને તેને નામ પૂછ્યું. તેણે કહ્યું: 'મૂકેશ.'

'વાહ, મૂકેશ એટલે વિષય મૂકવા ને ભગવાન ભજવા.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને મન દરેક શબ્દનું ગોત્ર ભજન અને ભગવાન પાસે આવીને ઊભું રહેતું.

...તો બાર વાગવાના જ હતા

તા. ૧૯/૭ના રોજ પ્રેસ્ટનથી વિદાય લઈ સ્વામીશ્રી બોલ્ટનને પાવન કરતાં સાંજે સાડા સાત વાગ્યે બર્મિંગહામ આવી પહોંચ્યા. અહીં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાળા તથા ગીતામંદિરમાં સભાઓ યોજાઈ. ત્યારબાદ તા. ૨૦/૭ની સવારે જાણીતા પર્યટન-સ્થળ અર્લ્સવુડ લેકને પોતાના પાદસ્પર્શથી ધન્ય કરતાં સ્વામીશ્રી તા. ૨૧/૭ના દિવસે ડાર્લસ્ટન, ડડલી, વુલ્વરહેમ્પ્ટન, બિલ્સ્ટન, વેડનસબરી વગેરેને લાભ આપી રાત્રે ૧૧:૫૫ વાગ્યે લેસ્ટર પધાર્યા.

અહીં તેઓ મંદિર પાછળ બંધાયેલા સભામંડપમાં પધારતાં કાર્યકરે જાહેરાત કરી કે 'બાર વાગી ગયા છે. એટલે બાપા બે મિનિટ આશીર્વાદ આપી ઉતારે પધારશે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સત્સંગ મળ્યો છે એટલે બાર વાગ્યા નથી. ભગવાન ને સંત ન મળ્યા હોત તો બાર વાગવાના જ હતા. યોગીજી મહારાજ જેવા સાચા પુરુષનો મેળાપ થયો તો સુખ આવે છે. ન મળ્યા હોત તો રખડી પડ્યા હોત! ક્યાંય ગોથાં ખાતાં હોત!'

*'ફેરો ફાવ્યો આ વાર'*નો મર્મ સમજાવતાં સ્વામીશ્રીનું લેસ્ટરમાં આગમન મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે હતું. પણ આ પ્રસંગ પૂર્વે કોર્બી, પીટરબરો, ડર્બી, નોટિંગહામ, મેન્સફિલ્ડને લાભ આપતાં તેઓ તા. ૨૩/૭ના રોજ લફબરોમાં જમવા બેઠા ત્યારે સાંજના ચાર વાગી ચૂકેલા !

જીવના કલ્યાણની આ ખેવના સાથે સ્વામીશ્રીએ તા. ૨૪/૭ના દિવસે લેસ્ટરમાં ધામધૂમથી અક્ષર-પુરુષોત્તમ પધરાવ્યા.

ત્યારબાદ તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે આસ્ટનથી આવેલો માર્ક પણ સાથે જમવા બેઠેલો. પરંતુ તેણે ડાબા હાથે જમવાનો પ્રારંભ કરતાં જ સ્વામીશ્રીએ તેને જમણા હાથે જમતાં શીખવ્યું. આવી નાની બાબતોમાં પણ તેઓનો ખટકો ખૂબ રહેતો. જો કોઈ પ્રસાદ લેવા ડાબો હાથ ધરે તોય ટકોર કરી જમણા હાથે જ પ્રસાદ લેવરાવે. આ માર્ક સભામાં સ્વામીશ્રી પાસે સ્મૃતિભેટ લેવા આવેલો તે વખતેય તેણે ડાબો હાથ જ લંબાવેલો, પણ સ્વામીશ્રીએ તેને જમણા હાથે સ્મૃતિભેટ લેવા સમજાવેલું. એટલું જ નહીં, સ્મૃતિભેટ સ્વીકારી સીધા સભામાં બેસવા જતાં તેને પાછો બોલાવી દરેક સંતને તથા સભાને નીચા નમી ભારતીય પ્રણાલી પ્રમાણે પ્રણામ કરવા કહેલું.

બ્રહ્મ-પરબ્રહ્મના સર્વોચ્ચ જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ હોવા છતાં સ્વામીશ્રી આવા ઝીણા આચાર-વ્યવહાર પણ શીખવી જાણતા. જે જ્ઞાનને પકડે છે તે કર્મને છોડે છે. જે કર્મને પકડે છે તે જ્ઞાનને છોડે છે. સ્વામીશ્રીની પકડ બંને પર હતી.

તેથી સાંજે બેલગ્રેવ નેબરહૂડ હૉલમાં યોજાયેલી પ્રતિષ્ઠા નિમિત્તેની જાહેર-સભામાં તેઓએ આવા જ આશીર્વાદ આપ્યા કે 'બ્રહ્મવિદ્યાના પ્રવર્તન માટે આ મંદિરો છે. ધર્મ-નિયમની બાબતમાં વ્યવહારુ થવાની કે બાંધછોડ કરવાની જરૂર નથી. મોક્ષની વાત શિર સાટાની છે. સંસ્કાર નથી તો લાખો પાઉન્ડ ધૂળ છે. મોટાપુરુષની આજ્ઞા પ્રમાણે જીવવું એ પવિત્રતા.'

પરાણે એણે પ્રીત કીધી

તા. ૨૫/૭ની સવારે લેસ્ટરથી રગ્બી પધારેલા સ્વામીશ્રી અહીં વરસતા વરસાદમાં પધરામણીઓ કરી રહેલા. તે વખતે નડિયાદના રામચંદ્રકાકાના પૌત્ર યોગેશ સાથે તેઓનો મેળાપ થયો. આ યુવાન આટલા દિવસ સુધી સત્સંગમાં આવ્યા નહોતા. તેથી સ્વામીશ્રીએ પૂછ્યું: 'અલ્યા, અત્યાર સુધી

કેમ દેખાયો નહીં? ક્યાં હતો?'

સત્સંગમાં વર્ષો જૂના કુટુંબના સભ્યો સંત-સમાગમથી વંચિત રહે તે તેઓને અસહ્ય થઈ પડતું. તેથી તેઓએ આ સત્સંગી યુવાનને ખાસ્સો ખંખેર્યો. તે વખતે એ યુવકે કહ્યું: 'હું ગઈકાલે લેસ્ટરની સભામાં આવેલો. પણ બહુ રશ(ગિરદી) જોયો એટલે પાછો જતો રહ્યો.'

'અલ્યા, શું રશ... રશ... કરે છે! દેશમાં તો દસ હજાર માણસ ભેગા થાય તોય બધા મળે છે. રામચંદ્રકાકાનો સત્સંગ જો, ને તું આમ કેમ?' સ્વામીશ્રીએ તેને સભાન કરતાં કહ્યું.

તેઓની વાતોથી એ યુવકને ખૂબ પસ્તાવો થયો. તેણે માફી માંગી અને સ્વામીશ્રી સાથે આવેલા એક હરિભક્તને કહ્યું: 'મારું ઘર નજીક છે. આવશો?'

તે સાંભળી હરિભક્ત જવાબ આપે તે પહેલાં સ્વામીશ્રી બોલ્યા: 'ભલે અડધો કલાક મોડું થાય પણ આપણે જઈ આવીએ. એને ટાઈમ નથી તો આપણે તો કાઢવો પડશે.' એમ કહેતાં તેઓ એ યુવકને ઘેર પધાર્યા ત્યારે આ કૃપાથી ભરાઈ આવેલું એ યુવાહૈયું ગાઈ ઊઠ્યું:

'પરાણે એણે પ્રીત કીધી, અલબેલે આપણે સાથ જી;
જાત ભાઈ ભવવારિ માંહી, તે તો હરિએ રાખ્યા ગ્રહી હાથજી...'

આ રીતે અનેકના હાથ સામેથી ઝાલી સ્વામીશ્રીએ તેઓને ભવ-સાગરમાં ગરક થતાં અટકાવેલા.

ઉરે અધર્મનો નહીં પ્રવેશ

રગ્બીથી સ્વામીશ્રી કોવેન્ટ્રી થઈને નનીટન પધાર્યા. અહીં ચુનીભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડી તેઓ સળી વડે દાંત ખોતરી રહેલા. થોડી વારમાં સૌ સંતો-ભક્તો જમી પરવાર્યા એટલે સ્વામીશ્રી તેઓને કથા કરવા ઊભા થયા. તે વખતે દાંત ખોતરવાની પેલી સળી નીચે પડી ગઈ. તે જોઈ સામે ઊભેલા અક્ષરપુરુષદાસ સ્વામીએ પોતાની ગૌમુખીમાંથી નવી સળી કાઢી સ્વામીશ્રી સમક્ષ ધરી. પણ તે ન લેતાં સ્વામીશ્રીએ જૂની સળી શોધાવી તેનો જ ઉપયોગ કર્યો.

સમૃદ્ધ દેશના ધનાઢ્ય શિષ્યો વચ્ચે પણ સ્વામીશ્રીનું અંગત જીવન કરકસરયુક્ત રહેતું. તેઓના હાથે દેવદ્રવ્યનો દોકડો પણ વેડફાતો નહોતો.

આવી અસરકારક કરકસર સાથે નનીટનથી લેસ્ટર પધારેલા સ્વામીશ્રી

અહીં તા. ૨૬/૭ની સવારે કેટલીક પધરામણીઓ બાદ ઉતારે આવી ભક્તોને મળવા બેઠા. પરદેશમાં પધરામણીની જેમ ભક્તો સાથેની તેઓની મુલાકાત પણ દર્શનીય બની રહેતી. તેઓના સાંનિધ્યમાં વિવિધ પ્રશ્નોનું સમાધાન સહેજ વારમાં થઈ જતાં કેટલાંય કુટુંબોનું ભાવિ સુધરી જતું. 'આ દેશમાં સ્થિર થવું કે બીજે જવું?', 'મકાન લેવું કે ભાડે રહેવું?', 'નોકરી કરવી કે ધંધો શરૂ કરવો?'થી માંડીને રોગાદિક પીડાઓ, દીકરા-દીકરીઓના સામાજિક સંબંધો જેવી કૈંક સમસ્યાઓના ઉકેલ સૌ એકમાત્ર સ્વામીશ્રી પાસેથી મેળવવાની આશાએ તકની રાહ જોઈને બેસી રહેતા. સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી કે અલ્પ સમયના અંગત ખુલાસામાત્રથી સૌનાં હૃદય હળવાં થઈ જતાં. હજારો મણનો માથા પર લાદેલો ભાર કોઈએ એકદમ લઈ લીધો હોય એવી રાહત અનુભવાતી. તેમાં પણ સ્વામીશ્રીના વરદહસ્તનો સ્પર્શ મસ્તકે મળતો ત્યારે તો અલૌકિક પ્રેરણા અને આત્મબળ સાથે અક્ષરધામના સુખનો અનુભવ થતો.

આવા મુલાકાત-સત્ર બાદ અન્ય દૈનિક ક્રમ આટોપી સ્વામીશ્રી ચુનીભાઈ પટેલના ઘેર પધાર્યા. અહીં આ દેશમાં સત્સંગની અભિવૃદ્ધિ સંબંધી વાત નીકળી ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આ દેશમાં સત્સંગની હંમેશની પુષ્ટિ માટે સંતો કાયમ રહે એ જરૂરનું છે. પણ તે માટે ઠંડીમાં એમણે ગરમ સ્વેટર કે મોજાં પહેરવાં જ પડે.'

'આપણે એવો સત્સંગ નથી સાચવવો. આપણો સત્સંગ સાચવી લેવો. આપણા નિયમ છોડાય નહીં. સત્સંગ રહેવો હોય તો રહે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓની આવી દૃઢતાપૂર્વકની વાત સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા. ધર્મના ભોગે ધર્મપ્રચાર કરવાની બાબત સ્વામીશ્રીને મન 'નાક કપાવીને નથણી પહેરવા' જેવી હતી. ધર્મને સાચવીને તેઓએ ધર્મને વિસ્તાર્યો એ જ એમની મહાનતા!

બારસ બમણી થઈ!

તા. ૨૭/૭ના રોજ લેસ્ટરથી વેલિંગબરો પધારેલા સ્વામીશ્રીનું અત્રે પધારવાનું પ્રયોજન પ્રાણપ્રતિષ્ઠાનો પ્રસંગ હતો. મિલ રોડ પર તૈયાર થઈ ગયેલા આ સુંદર મંદિરનું તેઓએ આવતાંવેંત બારીકાઈથી નિરીક્ષણ કર્યું. સાંજે વેલિંગબરો ટેક્નિકલ કૉલેજના અદ્યતન સભાગૃહમાં મેયરશ્રી સહિત

કેંક ધાર્મિક-સામાજિક આગેવાનોનું સ્વાગત સ્વીકારી, તેઓ ઉતારે પધારી ભક્તોને મળ્યા. આજે એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવા છતાં તેઓનો દિવસ રોજની જેમ રાત્રિના બારના ટકોરા પડ્યા પછી જ પૂરો થયો. બીજે દિવસે સવાર-સાંજ ૨૩-૨૩ પધરામણીઓ કરી સ્વામીશ્રીએ ઉપવાસનું ઉદ્યાપન કર્યું !

ઈંગ્લેન્ડના રોકાણ દરમ્યાન એક દિવસમાં સૌથી વધુ પધરામણીઓ આજે કરી તેઓએ બારસ બમણી કરી દેખાડી. દૂર-દૂર પથરાયેલાં ઘરો તેમ જ શહેરનો ટ્રાફિક જોતાં એક દિવસમાં પધરામણીના આ આંકડે પહોંચવું અશક્ય જ થઈ પડે. વળી, અજાણ્યા ઘર શોધવામાં ઘણો વિલંબ થાય ત્યારે બધાની ધીરજ ખૂટી જાય. સૌ પાછા જવાનું વિચારે. પણ સ્વામીશ્રી ઘર શોધાવી પધરામણીઓ કરે. કદાચ રહી ગયું હોય તો ફરી જાય.

નોર્ધમ્પ્ટનમાં એક હરિભક્તના ઠેઠ ઘર સુધી તેઓ ગયા, પણ પૂરાં સરનામાંના અભાવે તે સત્સંગી મળ્યા નહીં. વળી, આ દેશમાં આજુબાજુવાળાને કોઈ જાણે નહીં. તેથી પાછા આવવું પડ્યું. છતાં સાંજે ૩૨ કિ.મી.નું અંતર કાપી સ્વામીશ્રી એ હરિભક્તના ઘેર પધરામણી કર્યે રહ્યા.

ગમે તેવા પંચભૌતિક શરીરની પણ અમુક તો સાનુકૂળતા-પ્રતિકૂળતા હોય જ. પરંતુ સ્વામીશ્રીને ખાન-પાનમાં સ્વાસ્થ્યની અનુકૂળતા માટે, 'અમુક જ જોઈએ, આમ જ જોઈએ, આવું તો હોવું જ જોઈએ' જેવું કાંઈ નહીં. આરામ પણ ગમે ત્યારે, ગમે ત્યાં મળે, ગમે તેટલો અપૂરતો મળે તો પણ ચાલે. આ રીત એકાદ-બે અઠવાડિયાં, મહિનો કે વર્ષ સુધી નહીં, પણ જીવન-પર્યંત ટકાવી રાખનારા સ્વામીશ્રીની આ જ વિલક્ષણતા અને દિવ્યતા !

આ દિવ્યતા સાથે આજે વચનામૃત(ગ.પ્ર. ૨૮)ના આધારે કથારસની ઉત્તમ જમાવટ કરતાં તેઓએ કહ્યું કે –

'ભગવાન અને સંતનું કાર્ય અટકતું નથી. અભાવ-અવગુણ લઈને આપણે ખોટનું ગાડું આપણે ત્યાં લાવીએ છીએ. આત્મારૂપે થાય ત્યારે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના થાય. આપણે ભલે લાખો પાઉન્ડ સેવા કરી હોય પણ 'આપણે કાંઈ નથી' એમ માનવું. બીજાએ ભલે પાંચ પાઉન્ડ સેવા કરી હોય તો પણ એનું સારું જોવાય અને મહત્તા સમજાય. જેમ જેમ સત્સંગ કરે તેમ તેમ સમાસ થતો જાય. સમાસ શું ? નાના-મોટા દરેકનો વિશેષ ને વિશેષ મહિમા સમજાય. તો મોટપને પામે. મોટપ શું ? ભગવાન ને સંતનો રાજીપો મળે.'

ધીરે સબ કુછ હોય

તા. ૨૯/૭ના રોજ સ્વામીશ્રીનું ક્ષૌરકર્મ કરવા વાળંદબંધુ ત્રિભુવનભાઈ આવેલા. તેઓએ સ્વામીશ્રી સ્નાન બાદ વસ્ત્ર-પરિધાન કરી રહેલા ત્યારે પગમાં પડતું મૂકતાં ગદ્‌ગદભાવે માંગણી મૂકી કે 'મને મોક્ષ આપજો. મારે બીજી કાંઈ ઇચ્છા નથી.'

સદાય આવા જ આશીર્વાદ આપવા તત્પર સ્વામીશ્રીએ રાજી થઈને તેમને આશિષ અર્પ્યા, પણ મોક્ષવાંછુ આ વાળંદભાઈની ટ્રેજેડી(કરુણાંતિકા) એ હતી કે તેઓ રોજની વીસ સિગારેટ ફૂંકતા! સંતોએ આ વ્યસન મૂકવા તેઓને ઘણી પ્રેરણા આપેલી પણ તેઓ એ બાબતે નાદારી જ નોંધાવતા રહેલા. તેથી સિગારેટની સીડી પર ચઢતાં ચઢતાં મોક્ષની મંજિલે પહોંચવાની તેઓની વાતથી સૌ રમૂજ કરવા લાગ્યા.

પરંતુ સ્વામીશ્રીએ તેઓને ધીરજથી સમજાવતાં કહ્યું: 'જુઓ, તમે રોજની વીસ સિગારેટ પીવો છો તેનો વર્ષે-દા'ડે જે ખર્ચો થાય તેટલા પૈસામાં તો દેશમાં ઘર બની જાય. પણ તમે અમારી સેવા કરી તો યાદગીરી માટે એક કામ કરો. હાલ રોજ વીસ સિગારેટ પીઓ છો તો દસ પીવી. બે-ત્રણ મહિના પછી પાંચ કરવી. એમ કરતાં છૂટી જશે.'

સ્વામીશ્રીની આ વ્યવહારુ વાત એ વ્યસની વાળંદને વાજબી લાગી અને તેઓ તેમ કરવા સંમત થયા. સ્વામીશ્રી વ્યસનમુક્તિના આગ્રહી હતા, પણ તે બાબતે ઉતાવળા નહોતા. તેઓ સમજતા કે –

'ધીરે ધીરે રે મના, ધીરે સબ કુછ હોય;
માલી સીંચે સો ઘડા, ઋતુ આવે ફૂલ હોય.'

જેની જેવી શ્રદ્ધા તે મુજબ સ્વામીશ્રી સૌને આગળ વધારતા.

એવા ગુરુદેવ ગોવિંદ સમ જાણીએ

તા. ૨૯/૭ની પ્રાતઃપૂજા બાદ બેપ્ટિસ્ટ ચર્ચમાં વચનામૃત(ગ.પ્ર. ૨૭)ના આધારે સ્વામીશ્રીએ કહ્યું કે 'ગુણાતીત પુરુષ હોય તેને અપમાન અડે નહીં. માન મળે તો ઊભરો ચડે નહીં. સહન કરવું એ મોટી સામર્થી છે. બીજી સામ્રથી મોટાપુરુષ વાપરતા નથી. કદાચ હજારો લોકો વિરોધ કરે, પણ મોટું મન રાખી સહન કરે. વિરોધ કરનાર આંખ કાઢે તો પણ દયા રાખે છે. ઘડી-ઘડીમાં તપે

કે નરમ થાય તેમાં મોટપ નથી. અતિશય મોટા એટલે સાક્ષાત્ સ્વરૂપ. પાપીનો પણ ઉદ્ધાર કરવો છે, બધાનું સારું કરવું છે, એટલે સહન કરે છે.'

તેઓના જીવનમાં હરદમ જોવા મળતું ગુણાતીત સંતનું આ સ્વરૂપદર્શન કરાવી, સ્વામીશ્રીએ તા. ૩૦/૭ના દિવસે સૌના જયજયકાર વચ્ચે વેલિંગબરોમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા.

આ પ્રતિષ્ઠા સાથે જ તેઓના ત્રેવીસ દિવસના મિડલેન્ડના કાર્યક્રમ પર પૂર્ણવિરામ મુકાયું. આટલી ટૂંકી સમયાવધિમાંય તેઓએ ત્રણ મંદિરો, ૪૨૫થી વધુ પધરામણીઓ અને ૨,૭૦૦ કિ.મી.ની મુસાફરી કરી સત્સંગને તરોતાજા કરી દીધો.

આવા વિદ્યુતવેગી વિચરણમાં એક વાર તેઓ જે યુવકની મોટરમાં બેઠેલા તેમાં ઘણી બધી કેસેટો જોઈ તેઓએ પૂછેલું : 'આ કેસેટો ભજનોની છે ?'

સ્વામીશ્રીના આ પ્રશ્નથી તે યુવક શરમાઈ ગયેલો. તે વખતે સ્વામીશ્રીએ તેને આપણાં કીર્તનોની કેસેટો સાંભળવા ખાસ અનુરોધ કરેલો.

એક પધરામણી દરમ્યાન યુનિવર્સિટીમાં ભણતો વિદ્યાર્થી અભક્ષ્ય ખાતો-પીતો જણાયો. તેની દલીલ હતી કે 'અમને કેન્ટીનમાં શાકાહારી ખોરાક મળતો નથી. તો કેમ કરવું ?' ત્યારે સ્વામીશ્રીએ તેને સ્વયં રસોઈ કરવા સમજાવ્યું અથવા બ્રેડ-બટર, બટાટા, વટાણા, ફળ-ફળાદિ વગેરે લેવા જણાવ્યું પણ લેશ નમતું ન જોખવા દીધું.

આ રીતે વિચરણ દરમ્યાન દરેકને તેઓએ સત્સંગી તરીકેની ફરજથી સભાન કરેલા. એકની એક વાત વારંવાર કરવાનો સ્વામીશ્રીને લેશ કંટાળો જણાતો નહીં. ગમે તેવો હિતવાંછુ કે પરોપકારી પણ આટલી બધી શ્રદ્ધા રાખી ન શકે. કદાચ કોઈ પ્રયાસ કરે, પણ સફળતા ન દેખાય તો છોડી દે. કદાચ છોડી ન દે તો વાત કરવા ખાતર વાત કરે, પણ આગ્રહ ન રાખી શકે. કદાચ આગ્રહ રાખે તો પાંચ-પચાસને વ્યસન છોડાવે, પણ પછી કંટાળી જાય. પરંતુ સ્વામીશ્રી એકસરખી શ્રદ્ધાથી ધર્મ-નિયમની દૃઢતા સૌને કરાવતા ત્યારે અંતર સ્વીકારતું કે *'વર્તમાન પાંચ રે, પળાવે દૃઢ કરી રે; એવા ગુરુદેવ રે, ગોવિંદ સમ જાણીએ રે...'*

પરદેશી વાતાવરણમાં જ્યારે સરેરાશ ભારતીય અભક્ષ્ય ખાવા-પીવામાં કશો જ બાધ ન સમજતો હોય અને કેટલાક કથાકારો, કીર્તનકારો કે ઉપદેશકો પણ વ્યસનમુક્તિનો ઉપદેશ આપતાં ખચકાતા હોય ત્યારે સ્વામીશ્રીનું આ

કાર્ય તેઓને અદ્વિતીય સાબિત કરવા પૂરતું છે.

સંત સદા સબ જીવ સહાયક

તા. ૩૦/૭ની સાંજે વેલિંગબરોથી લંડન જતાં પૂર્વે સ્વામીશ્રી અહીંના રોકાણની છેલ્લી પધરામણીરૂપે એક મુસ્લિમ બિરાદરના ઘેર પધાર્યા. આ આદમી કેન્સરની અસાધ્ય બીમારીથી રિબાતા હતા. પરદેશનાં ઘરોમાં જોવાં મળતાં 'ફાયરપ્લેસ'(તાપણાની જગ્યા) પાસે તેની પથારી ઢાળેલી. આસપાસ તેના સંબંધીઓ ચિંતાતુર ચહેરે બેઠા હતા. દવાથી પત્તો ન પડતાં તેઓ દ્વારા સ્વામીશ્રી સમક્ષ દુઆની આરઝૂ ગુજારવામાં આવી.

સ્વામીશ્રીએ અત્યંત સહાનુભૂતિપૂર્વક એ મરીઝના શરીર પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યા, વર્તમાન ધરાવ્યાં અને કહ્યું: 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરજો. ભગવાન સુખિયા કરશે.'

આમ કહેતાં સ્વામીશ્રીની આંખોમાંથી વહેતી કરુણાની ગંગામાં એ બિરાદર નાહી રહ્યા. એ કરુણાના પ્રવાહથી હિંદુ-મુસ્લિમની ભેદરેખાઓ ભૂંસાઈ અને વાતાવરણમાં પંક્તિઓ ગુંજવા લાગી: *'સંત સદા સબ જીવ સહાયક, દિલ મેં હી પરમ દયાલા હૈ...'* સ્વામીશ્રીની આ દયાથી ભરાઈ આવેલું એ મુસ્લિમનું દિલ તેની આંખો દ્વારા વહેવા લાગ્યું.

શુદ્ધ માનવધર્મની સુગંધથી વેલિંગબરોને આમ તરબતર કરી સ્વામીશ્રીએ હવે અહીંથી નીકળવાની તૈયારી કરી, ત્યારે તેઓનો ઉતારો જે નટુભાઈના ઘેર હતો તેના આંગણે લંડન તરફ જનારી ગાડીઓનો રસાલો ખડકાઈ ગયો. સ્વામીશ્રી મોટરમાં બિરાજે તે સાથે જ એ બધી ગાડીનાં મીટર ચાલુ થઈ જવાનાં હતાં. પણ અલ્પાહાર કરીને ઘરની બહાર નીકળેલા સ્વામીશ્રીનાં ચરણ મોટર તરફ જવાને બદલે મંદિર તરફ વળ્યાં. તેઓ ચાલતાં ચાલતાં જ ત્યાં જઈ પહોંચ્યા. તે જોઈ કોઈકે પૂછ્યું: 'બાપા! આ બાજુ કેમ?'

'મંદિરેથી જ વિદાયગીરી હોય ને! મહારાજનાં દર્શન કરીને જ નીકળાય.' સ્વામીશ્રી બોલ્યા.

ભક્તિનો આ નવતર પાઠ શિખવાડી તેઓએ વિદાય લીધી.

યૌવનની ગાડીના ચાલક

મિડલેન્ડનું વિચરણ પૂરું કરીને લંડન આવી પહોંચેલા સ્વામીશ્રી

તા. ૩૧/૭ની સાંજે મંદિરેથી ૮૦ કિ.મી. દૂર સાઉથ ઍન્ડ-ઓન-સીના સિવિલ ડિફેન્સ હૉલમાં જાહેર-સભા કરવા પધાર્યા.

આ રીતે ઘૂમતા તેઓનું વિચરણ તા. ૧/૮ના રોજ સુરેન્દ્ર પટેલ નામના યુવકની નવી સ્પોર્ટ્સ કારમાં ગોઠવાયેલું. પોતાની મોટરમાં સ્વામીશ્રીને બેસાડી તેને પ્રસાદીભૂત કરાવવા માટે છેલ્લા બાર દિવસથી સાથે ફરતા આ યુવાનનો મનોરથ આજે પૂર્ણ થતાં તેને આનંદના ઓઘ વળેલા. તે ગાડી ચલાવતાં ચલાવતાં સ્વામીશ્રીને ગાડીની વિશેષતા જણાવવા લાગ્યો. તેમાં તેણે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! હું ગાડી ચલાવતો રહીશ. આપ 'ગીઅર' બદલો.'

યુવકની આ ઇચ્છા પૂરી કરવા સ્વામીશ્રી થોડી વાર સુધી યુવક કહેતો જાય એમ 'ગીઅર' બદલતા ગયા. તેથી યુવકની ખુશીનો પાર ન રહ્યો. સ્વામીશ્રીના સંગે યૌવનની ગાડી ટૉપ ગીઅરમાં પડી ગઈ !

ત્યારબાદ ગાડીચાલક યુવાને ટેપરેકોર્ડર ચાલુ કર્યું. તેમાંથી પંક્તિઓ રેલાવા લાગી : *'રે સગપણ હરિવરનું સાચું...'* તે સાંભળી સ્વામીશ્રી એક-એક કડીની સમજૂતી આપવા લાગ્યા. લંડનની કડક સડક પર દોડતી ગાડીની બંને બાજુ અપાર વૈભવ છલકાતો હતો. પણ ગાડીમાં ગુરુકુળનું વાતાવરણ ખડું થઈ ગયું ! કીર્તનના ક્રમમાં આગળ *'બિહારી થારી અખિયાં...'* અને *'દિવ્ય સભાપતિરાય...'* ભજન ગુંજ્યાં. સ્વામીશ્રીએ તેની પણ પંક્તિશઃ સવિસ્તર સમજ આપી. આમ કરતાં તેઓ ક્યારેક કીર્તનના તાલે તાલ દેતાં ગાડીના કાચ પર આંગળીઓ પણ ટપારતા જતા. તેઓના આ રસમધુર નિનાદ અને નિરૂપણથી ગાડીચાલક યુવાને રાજી થતાં કહ્યું : 'બાપા ! એકલું ફરવાનું હોય તો માથું દુઃખી જાય. પણ આપની સાથે આનંદ આવે છે. જુદી જ દુનિયા લાગે છે.'

હા, સ્વામીશ્રીએ પોતાના પ્રેમથી યુવાનોને જુદી જ દુનિયામાં મૂકી દીધેલા. એ પ્રેમમાં ગાડીચાલક એવો તરબોળ થઈ ગયો કે પાછા વળતાં તેણે કહ્યું : 'બાપા ! હવે તમે કાર ચલાવો. હું આરામ કરું.'

સ્વામીશ્રીના વહાલને વશ યુવાની આમ જ પોતાના જીવનરથની લગામ પણ સ્વામીશ્રીને સોંપી દેતી. યુવાનો ધર્મ-અધ્યાત્મને સમર્પિત થવા તૈયાર છે, જો સ્વામીશ્રી જેવા સારથિ હોય તો !

પણ યુવાને જ્યારે સ્વામીશ્રીને ગાડી ચલાવવાની વાત કરી ત્યારે તેઓ બોલ્યા : 'હું જ ચલાવું છું – એમ માનીને તું ચલાવ.'

અંતર્યામીના આદેશ અનુસાર જીવનની ગાડીને ચલાવવાનો સંદેશ સ્વામીશ્રીના આ વિધાનમાં હતો. આ અમૃતધારાથી ભીંજાયેલા એ યુવાનની આંખો સ્વામીશ્રી ગાડીમાંથી ઊતર્યા ત્યારે વધુ ભીની બની ગઈ.

નિત્ય દેહ દમે છે દાસ

તા. ૨/૮નો દિવસ સ્વામીશ્રી માટે ઘણો શ્રમસભર રહ્યો. આજે છેક સાઉધમ્પ્ટનના સેંટ મેથ્યુઝ ચર્ચ હૉલમાં ધર્મલાભ આપવા પહોંચેલા તેઓની આવવા-જવાની આ મુસાફરી ૩૬૦ કિ.મી.ની થઈ રહી!

આ અરસામાં છેલ્લા ઘણા સમયથી સ્વામીશ્રીને દાંતની તકલીફ પીડી રહેલી. તેને લીધે ભોજન કરવામાં મુશ્કેલી અનુભવાતી, પરંતુ તેની લેશ દરકાર સ્વામીશ્રી રાખતા નહીં. કોઈ સહજ પૂછપરછ કરે તોય તેને સાંભળે નહીં. જો કે, પરિસ્થિતિ વધુ વણસેલી જણાતાં તા. ૩/૮ની સવારે તેઓને ડૉ. બાબુભાઈ કારિયાના દવાખાને લઈ જવામાં આવ્યા.

અહીં જરૂરી સારવાર બાદ સ્વામીશ્રી કેન્ટમાં આવેલા તેઓના નિવાસસ્થાને જ ઠાકોરજી જમાડવા પધાર્યા. અત્રે ભોજન તૈયાર થઈ ગયેલું પણ સેવામાં ગળાડૂબ બનેલા સ્વામીશ્રીએ, ભોજન પૂર્વે મકાનની પાછળ આવેલા બગીચામાં હિંડોળા પર બેસી એક કલાક સુધી પત્રલેખન કર્યું.

ત્યારબાદ તેઓ ભોજન કરવા બિરાજ્યા ત્યારે યજમાને ધારણાં-પારણાંના ઉપવાસી સંતોને પણ આજે ભોજન લેવાની છૂટ આપવા વિનંતી કરી. પણ સ્વામીશ્રી આ અંગે ‘ના’ કહી પ્રેમથી સમજાવવા લાગ્યા કે ‘તમે આજે આગ્રહ કરો ને જમાડો એટલે કાલે બીજા કહેશે, એટલે પછી એમ ચાલે.’

‘નથી નરને નિધિ સુખની, તપ વિના ત્રિલોકને માંય...’ સમજનારા સ્વામીશ્રીને તપ-વ્રત અંગેની છૂટછાટ બિલકુલ પસંદ નહોતી.

તેથી આજે તેઓએ નમતું ન જોખતાં સી. એમ. પટેલ મેદાનમાં ઊતર્યા. પરંતુ આ જૂના, નિષ્ઠાવાન ભક્તને પણ સ્વામીશ્રીએ કહ્યું : ‘આજે તમે કહો એટલે છૂટ આપું, પણ તમે એમ ખાતરી આપો કે બીજે આગ્રહ નહીં કરો અને ઉપવાસ ચાલે છે તેમ ચાલવા દેશો.’

સ્વામીશ્રીએ એવો પાસો ફેંક્યો કે તેમાં જીતનારો હારે અને હારનારો જીતે! તેથી હરિભક્તો ચિત થઈ ગયા. દેહદમનની સ્વામીશ્રીની મનપસંદ વાત આજે ઝૂકીને પણ આગળ અણનમ રહી.

હું તો અભણ છું

કેન્ટથી ફોકસ્ટનને પાવન કરતાં એશફિલ્ડ જવા નીકળેલા સ્વામીશ્રી માટે ગાડીચાલકે દરિયાકિનારાનો રસ્તો લીધો. હરિભક્તોની વિનંતીથી સ્વામીશ્રી અહીં ઊતર્યા. કિનારે કિનારે ઉપરની સડક પર થોડું ચાલ્યા. આગળ જતાં દાદરો આવતાં તે દ્વારા નીચે ઊતરીને દરિયાકિનારે પહોંચ્યા. અહીં ઠાકોરજીને સ્નાન કરાવવા તત્પર બનેલા તેઓ થોડું આગળ ચાલ્યા ત્યાં જ દરિયાલાલ હરખાતાં-ગાતાં દોડી આવ્યા અને સ્વામીશ્રીનાં ચરણની આસપાસ વીંટળાઈ વળ્યા.

ઈંગ્લિશ ચેનલને આમ પાવન કરી, સ્વામીશ્રી તા. ૪/૮ની સવારે મંદિરે પધાર્યા ત્યારે પવિત્રાં અને રાખડીના સુંદર હિંડોળે ઠાકોરજી ઝૂલી રહેલા. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહંત સ્વામી અને યુવકોએ ખૂબ જહેમત લઈને અદ્‌ભુત હિંડોળો તૈયાર કરેલો. સ્વામીશ્રી પણ આ ભક્તિથી પ્રસન્ન થયા અને મહંત સ્વામીને સાથે રાખી આરતી ઉતારી. ત્યારબાદ પ્રાતઃપૂજા અને કથાથી પરવારી પધરામણીએ નીકળેલા તેઓ નિસડન તથા વેમ્બલી થઈને રેડિંગ પહોંચ્યા.

અહીં સગુણભાઈના ઘેર પધરામણી દરમ્યાન તેઓના દીકરા આહાર-વિહારની શુદ્ધિ અંગે સમાધાન મેળવવા ચર્ચા કરવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : 'જુઓ, આ મહંત સ્વામી તમને સમજાવશે. તેઓ ભણેલા છે. હું તો અભણ છું.'

સ્વામીશ્રીની આ અહંશૂન્યતાએ સાંભળનારાનાં કાળજાં કોરી નાંખ્યાં. આવા અતિ નિર્માની તેઓએ પેલા યુવાનની શંકાનાં વાદળોને પણ ધારદાર દલીલોના વાયુથી વેરવિખેર કરી નાંખ્યાં. રેડિંગથી તે યુવકની જ ગાડીમાં લંડન આવવાનું થતાં, સ્વામીશ્રી ચાલુ મુસાફરીએ પણ ધર્મ-નિયમનું એકધારું પ્રતિપાદન કરતા રહ્યા.

કાલ ચવીના સબ હિ જગ જાની

રેડિંગથી પાછા ફરી રહેલા સ્વામીશ્રીની ગાડી લંડનમાં પી. ડી. પટેલની અદ્યતન અને આલીશાન દુકાન આગળ આવીને ઊભી રહી. ક્રોકરીની આ દુકાનમાં તેઓએ પગલાં કર્યાં. તેઓની પધરામણીથી આ ભાવિક એટલા

ભાવવિભોર થઈ ગયા કે તેઓ આજના આખા દિવસની કમાણી ઠાકોરજીનાં ચરણે ધરી સ્વામીશ્રીને નાની-મોટી આકર્ષક-કીમતી વસ્તુઓની વિગત પણ સમજાવવા લાગ્યા. તે સાંભળી સૌનાં મોંમાંથી 'આહ...' અને 'વાહ...'ના ઉદ્‌ગારો સરવા લાગ્યા. એક જોતાં એક ભૂલો એવી વસ્તુઓનું સંગ્રહાલય જ હતી આ દુકાન. પરંતુ સઘળે દૃષ્ટિ કર્યા બાદ અને સઘળું સાંભળ્યા બાદ સ્વામીશ્રી બોલ્યા : 'બધું માટીનું છે અને માટીમાં મળવાનું છે.'

સાંખ્યની આંખ્યથી જ જગતને જોતા સ્વામીશ્રી *'કાલ ચવીના સબ હિ જગ, જાની તજી તેહિ આશ...'*ની જેમ દુનિયામાં વિચરતા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ

સ્નાનાદિક પ્રાતઃવિધિ સ્વામીશ્રી ખૂબ જ ઝડપથી કરતા. શૌચ જઈને માટીથી હાથ ધોવા, દંતધાવન(દાતણ) કરવું કે પછી સ્નાન કરવું – દરેક ક્રિયામાં ચપળતા. તેમાં દેહનું લાલન-પાલન લેશ ન દેખાય. લગભગ વીસેક મિનિટમાં આ બધી ક્રિયાઓ પૂરી થઈ જાય. ધોતિયું પહેરવામાં પણ એટલી જ ઝડપ અને ગાતરિયું તો ખભે નાંખ્યું - ન નાખ્યું કે પાઘ માથે મૂકીને હાલ્યા. એમની સાથે કોઈ તૈયાર થઈ શકે જ નહીં. ચાલવામાં ચપળ, પધરામણીમાં ચપળ, જમવામાં ત્વરા, દેહની દરેક ક્રિયામાં ઝડપ; ક્યાંય શિથિલતા જણાય નહીં. તે જોઈ એમ થાય કે તેઓ આટલી ઝડપ શા સારુ રાખતા હશે? કદાચ અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાના શ્રીજીપ્રેરિત દિવ્ય કાર્યમાં કાંઈ ઊણપ ન આવી જાય એ જ એકમાત્ર લક્ષ્ય હશે! યોગીજી મહારાજનું કાર્ય એક સદી કરતાંય ઓછા સમયમાં તેઓને પૂર્ણ કરવું હતું. તે માટેના તેઓના સખત દૈહિક પરિશ્રમ જોઈને થતું કે આવું બે-પાંચ દિવસ ટકે, પણ કાયમ જે નભવું એ તો અખંડ ભગવત્‌સંબંધ વગર બની જ ન શકે.

તા. ૫/૮ની સવારે પણ રોજની જેમ સ્વામીશ્રીના પરિશ્રમનો પિરિયડ ચાલુ થઈ ગયો. સ્નાનાદિક નિત્યકર્મ બાદ પ્રાતઃપૂજા પછી તેઓએ 'વચનામૃત'ની કથા શરૂ કરી. તેમાં એક નાનો બાળક આગલી હરોળમાં બેસીને જ જાણે ધૂણતો હોય તેમ તેનું માથું હલાવી રહેલો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'અલ્યા એય! ધૂણીશ નહીં. ભગવાન મળ્યા એટલે હવે ધૂણવાનું હોય નહીં. ઘણા જન્મ ધૂણ્યા છીએ.'

સ્વામીશ્રીની આ ટકોરથી તે બાળક શાંત થઈ ગયો અને હરિભક્તો

*‘ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિએ હાથ...’*ની પ્રતીતિથી રાજી થઈ ગયા.

કથા બાદ જનહિતાર્થે પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી બ્લેકહીથ, બેક્ષલી, સ્ટ્રૂડને પાવન કરતાં ચેટહામ આવ્યા.

અહીં એક પધરામણીમાં યજમાન હરિભક્તના જમાઈને સૌએ વર્તમાન ધરાવી કંઠી પહેરવા કહ્યું. તે વખતે કુટુંબના વૈષ્ણવ સંસ્કારોને લીધે એ મુરબ્બીએ જણાવ્યું : ‘મારે કંઠી નથી પહેરવી. હું વૈષ્ણવ છું.’

આ દૃઢતાને વધાવતાં સ્વામીશ્રીએ પરદેશની સાહજિક પૂછપરછ આરંભી કે ‘દારૂ-માંસ ખાઓ-પીઓ છો? ક્લબ-પાર્ટીઓમાં જાઓ છો?’

આ દરેક પ્રશ્નના જવાબમાં ‘હા’ આવતાં સ્વામીશ્રીએ તે ‘વૈષ્ણવ’ને કહ્યું : “તમે જ્યારે દારૂની પ્યાલી હોઠે અડાડી કે માંસનો લોચો મોંમાં મૂક્યો ત્યારે તમને યાદ ન આવ્યું કે ‘હું વૈષ્ણવ છું?’ જ્યારે તમે ક્લબ-પાર્ટીમાં કો’કની જોડે નાચવા-કૂદવા ગયા ત્યારે તમને ન સૂઝ્યું કે ‘હું વૈષ્ણવ છું?’ અને અમારા જેવા સંત તમને ભગવાનને આશરે મૂકવા ગયા ત્યારે તમે કહો છો કે ‘હું વૈષ્ણવ છું!’ ધર્મ બદલવાનું અમે કહેતા જ નથી, પણ સદાચાર મુખ્ય ધર્મ છે. અમે એનો આગ્રહ રાખીએ છીએ. એટલું કરો તો અમારે મન બધું જ છે.”

સ્વામીશ્રીના આ શબ્દોએ એ વૈષ્ણવનું હૈયું હચમચાવી નાંખ્યું. તે શબ્દોમાં કટાક્ષ નહોતો, પણ કરુણા હતી. આ શબ્દો દોષદર્શન કરાવનારા નહીં, પણ દિશાદર્શન કરાવનારા હતા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : “સ્વામીજી! હું પરદેશ આવ્યો ત્યારે મારી માએ વિદાયની શીખ આપતાં કહેલું, ‘બેટા! દૂર દેશ જાય છે તો ધરમ સાચવજે.’ પણ અહીં આવતાં હું બધું ભૂલી ગયેલો! આજે મને અહીં પરદેશમાં તમારા દ્વારા મારી મા મળી ગઈ હોય એમ લાગે છે અને તે કહી રહી છે, ‘દીકરા! ધરમ સાચવજે.”

આથી આગળ તે વૈષ્ણવ કશું જ ન બોલી શક્યા. તેઓનો કંઠ રૂંધાઈ ગયો. તેઓને લાગ્યું કે ‘સ્વામીશ્રીને કંઠી પહેરાવવામાં રસ નથી. તેઓને રસ છે – આપણા જીવનમાં, આપણા ધરમમાં.’ તેઓએ તમામ દૂષણોનો ત્યાગ કરી સત્સંગ કરવાનું વચન આપ્યું.

સ્વામીશ્રીનો સંપર્ક જીવનમાં કેવા રંગ પૂરતો, ધર્મ-સંસ્કૃતિને કેવાં દૃઢમૂલ કરતો તેનું આ તો એક જ ઉદાહરણ છે!

પરદેશી આબોહવામાં ઓગળી ગયેલા એક ભારતીયને ટટ્ટાર કરી, સ્વામીશ્રી થેમ્સમીડમાં મોતીભાઈ ચગના ઘેર પધાર્યા. અહીં ઘણા આમંત્રિત

ભક્તો એકત્રિત થઈ ગયેલા. તેઓની વિનંતીથી સ્વામીશ્રીએ પાંચ પૂરણપોળી વણી સૌને અલૌકિક સ્મૃતિ-સ્વાદ ચખાડ્યો.

આપણા નસીબમાં મોડું જ છે

તા. ૬/૮ના રોજ ટૂટિંગ બેક, હર્ષામ, ફુલામમાં પધરામણીઓ કરતાં સ્વામીશ્રીએ બપોરે પોણા ત્રણ વાગ્યે ભોજન લીધું. ત્યારબાદ સાંજે ઈઝલિંગ્ટન ટાઉન હૉલમાં ધર્મલાભ આપ્યો. તેમાં સ્થાનિક સાંસદ સહિત કૈંક યુરોપિયન મહાનુભાવોએ સ્વામીશ્રીનાં જીવન-કાર્યને બિરદાવ્યું. ધોધમાર વરસાદ વરસતો હોવા છતાં આખો સભાગૃહ હકડેઠઠ ભરાઈ ગયેલો. તેમાંના કેટલાક તો ૪૦૦ કિ.મી.ના અંતર કાપી અહીં ખેંચાઈ આવેલા.

આ જ રીતે તા. ૭/૮ની સવારે ઈસ્ટ ફિન્ચલીમાં આવેલી 'ધ ઈંગ્લિશ ટ્યૂટોરિયલ કૉલેજ'માં ૧૨૫ વિદ્યાર્થીઓ સત્સંગ પરીક્ષા આપવા એકત્રિત થયેલા. આજ્ઞામાં યાહોમ કરનારા આ સૌ મરજીવા પર કૃપાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પરીક્ષામાં સૌએ ઉત્સાહથી બેસવું. જરાય આળસ ન રાખવી. યુવકોએ ખાસ પરીક્ષા આપવી. પરીક્ષા સમજણને માટે - જ્ઞાનને માટે છે. ઉપાસનાના પુસ્તકનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. પરીક્ષા આપી અક્ષરધામની ડિગ્રી લેવાની છે. અક્ષરધામની પ્રાપ્તિ માટે પરીક્ષા આપવી.'

સૌને આ રૂડા આશીર્વાદ પાઠવી સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કર્યું અને જુદી જુદી પરીક્ષાના જુદા જુદા વર્ગખંડોમાં પધારી સ્વહસ્તે પરીક્ષાર્થીઓને પ્રશ્નપત્રો વહેંચ્યા. દરેક ખંડમાં પ્રશ્નપત્ર આપ્યા બાદ 'Wish you best of luck' કહી શુભેચ્છા પણ પાઠવી.

પરીક્ષાનો આમ વિધિસર પ્રારંભ કરાવી તેઓ ૩૬ કિ.મી. દૂર ગોલ્ડર્સગ્રીનમાં તથા ત્યાંથી આગળ ઓરપિન્ગટનમાં પધરામણીઓ કરી અરવિંદભાઈ પટેલના ઘેર બપોરે સવા બાર વાગ્યે પહોંચ્યા. અહીં આ સમયે તેઓએ પ્રાતઃકાળનો અલ્પાહાર લીધો! અડધા દિવસનો ઉપવાસ તો તેઓને આમ જ થઈ ગયો.

ત્યારબાદ કેન્ટમાં વિચરણ કરતાં સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે હંસલો પધાર્યા. અત્રે સ્નાનવિધિ બાદ તેઓએ સાંજે સાડા ચાર વાગ્યે બપોરનું ભોજન અંગીકાર કર્યું. આજે નિત્યક્રમના બધા જ રેકોર્ડ તૂટતા ગયા.

અહીં ઠાકોરજી જમાડી નીકળેલા સ્વામીશ્રીને હવે ક્રોઈડનમાં એક

હરિભક્તને લગ્નપ્રસંગે આશીર્વાદ આપવા જવાનું હતું, પણ યોગ્ય સરનામાના અભાવે ભૂલા પડતાં અટવાતાં-શોધતાં તેઓ સાંજે સાત વાગ્યે અવસરના આંગણે પહોંચ્યા. ત્યાંથી સ્ટ્રેટહામમાં પધરામણી કરી પુનઃ લંડન આવી ગયા.

આજે દૂરદૂરના વિસ્તારોમાં પધરામણીઓને કારણે સ્વામીશ્રીને સખત પરિશ્રમ પડેલો. બપોરે લેશ પણ આરામ મળ્યો નહોતો. તેથી વ્યથિત બનેલા આયોજક સી. એમ. પટેલ સ્વામીશ્રી જ્યારે રાત્રે બાર વાગ્યે આરામમાં જઈ રહેલા ત્યારે ઘડિયાળમાં જોવા લાગ્યા. તેની નોંધ લેતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'સી. એમ ! ઘડિયાળમાં શું જુઓ છો ?'

તેઓએ ગળગળા સાદે આજના ખોરવાયેલા દૈનિક ક્રમની વાત કરી. તેઓના શબ્દોમાંથી સ્વામીશ્રીએ આજે વેઠેલાં કષ્ટનું દર્દ ટપકી પડ્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપણે ક્યાં કંઈ લખી આપ્યું છે કે નક્કી ટાઈમે જમવું ! આપણા નસીબમાં મોડું જ છે.' આમ કહેતાં ખૂબ હસ્યા.

અસહ્ય ભીડાના દિવસને આ મુક્ત હાસ્ય સાથે પૂરો કરી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે તેઓની બ્રાહ્મીસ્થિતિની અલમસ્તાઈ ચરમ સીમાએ પહોંચી હતી.[૫૧]

પ્રમુખજીના સંબંધનો પ્રતાપ

તા. ૮/૮નો દિવસ ગઈકાલ કરતાં સહેજ સારો કહી શકાય એવો રહ્યો, કારણ કે આજ રોજ સ્વામીશ્રીને બપોરે ત્રણ વાગ્યે તો જમવાનો મેળ પડી ગયો ! અને બપોરે અડધો-એક કલાક આરામ પણ મળી રહ્યો !! આમ, આહાર-આરામનાં સમયપત્રકો ક્યાંય ખોરવાઈ-ખોવાઈ જાય એમ લોકકલ્યાણ માટે મંડેલા સ્વામીશ્રીના જીવનમાં આશ્ચર્ય એ જોવા મળતું કે જાત સાથે અત્યંત કઠોરતાથી કામ લેનારા તેઓ, સત્સંગીઓ પ્રત્યે અતિ સુકોમળભાવે વર્તતા. વાતાવરણની વિષમતા સહી સહીને બરછટ થયેલા પથ્થર આપણી હથેળી પણ છોલી નાંખે, પણ સ્વામીશ્રી અહીં જ જુદા સાબિત થતા. અગ્નિમાં ઓગળવા છતાં તેઓ શીતળ બનીને વહેતા-રહેતા.

---

૫૧. સ્વામીશ્રીએ લંડનમાં આપેલા ધર્મલાભની વિરલ સ્મૃતિઓનો આસ્વાદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

તેથી જ આજે સાંજે મંદિરે પહોંચેલા તેઓએ જમવાની પંગતમાં ખોબે-ખોબે જલેબીઓ પીરસી સૌને તૃપ્ત કર્યા ત્યારે સર્વત્ર આનંદના ઓડકાર સંભળાઈ રહ્યા. છેલ્લે પીરસનારા યુવકો જમવા બેઠા ત્યારે પુનઃ પંગતમાં પધારી સ્વામીશ્રીએ પીરસ્યું. યુવકોને પ્રોત્સાહિત કરવાની એક પણ તક તેઓ ચૂકતા નહીં.

આ રીતે સૌને જમાડી સ્વામીશ્રી ઉતારે આવ્યા ત્યારે રાત્રે અગિયાર વાગ્યે મુલાકાતી હરિભક્તો રાહ જોઈને બેઠેલા. અલબત્ત, આ તો રોજનો ક્રમ જ હતો. આખા દિવસના થાક્યા-પાક્યા સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યા બાદ હરિભક્તોને માર્ગદર્શન આપવા માટે બેસતા.

આ કરુણા સાથે તેઓ તા. ૯/૮ના રોજ પણ આખો દિવસ વિચરી સાંજે યુસ્ટનના 'ફ્રેન્ડ્સ હાઉસ'માં આયોજિત કીર્તન આરાધનામાં પધાર્યા. દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે યોજાયેલી આ ૫૦મી 'આરાધના'માં સંતો-યુવકોએ કીર્તનો ગાઈ મહારાજનો મહિમા રેલાવ્યો. તેમાં રસબસ થઈ ગયેલા 'ભારતીય વિદ્યાભવન'ના સંચાલક શ્રી માથુરે જણાવ્યું કે 'આજના કાર્યક્રમમાં બાળકો અને યુવાનોને ભાગ લેતાં જોઈને ભવિષ્ય ઘણું ઉજ્જવળ જણાય છે. ટી.વી.માં રાત-દિવસ અસભ્ય-અશ્લીલ કાર્યક્રમો જોવાને બદલે બાળકો અને યુવાનોને આ રીતે અહીં કીર્તન-ભક્તિમાં તલ્લીન જોઈએ છીએ, તે પ્રતાપ આ મહાપુરુષ પ્રમુખસ્વામી મહારાજના સંબંધનો છે.'

ફૂલોની સુગંધ કે સૂર્યના પ્રકાશને જાહેરાતની જરૂર પડતી નથી. તેમ સ્વામીશ્રીનું કાર્ય જ તેઓનો મહિમા વિસ્તારતું રહેતું.

અતિથિવિશેષના પ્રવચન બાદ સ્વામીશ્રીએ પણ આજની કીર્તનમાળામાં પોતાના ઊંચા મધુર અવાજે *'દરદ મિટાયા મેરે દિલ કા...'* કીર્તન ગાઈ સૌને મંત્રમુગ્ધ કરી દીધા. સાથે ભારતીય વિદ્યાભવનના નિર્માણાધીન સંકુલ માટે સંસ્થા તરફથી માતબર રકમનું યોગદાન પણ અપાવ્યું.

અકળ કળા એની ન કળાણી રે

તા. ૧૦/૮ની સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ સવારના નવ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી એકધારી ૨૭ પધરામણીઓ કરી. પરંતુ તે વખતના તેઓના ઉત્સાહ-ઉમંગને જોતાં કોઈને ખ્યાલ ન આવ્યો કે આજે સ્વામીશ્રી મોંમાં પાણીનું ટીપું મૂક્યા વિના ઘૂમી રહ્યા છે.

સતત નવ કલાકની પધરામણીઓ બાદ સ્વામીશ્રી સાંજે મંદિરે પધાર્યા. અહીં ઠાકોરજીનાં દર્શન કરતી વખતે તેઓના મુખારવિંદ પર ઊભરી આવેલો ભક્તિભાવ, આરતી ઉતારતી વખતની તેઓની તલ્લીનતા અને દંડવત કરતી વખતની તેઓની ત્વરા જોઈને પણ કોઈ કળી ન શક્યું કે સ્વામીશ્રી આજે સવારથી એક ખભે ભીડો અને બીજે ખભે ઉપવાસને લઈ ફરી રહ્યા છે.

દર્શન-દંડવત બાદ સભામાં બિરાજેલા સ્વામીશ્રી પત્રલેખનમાં પરોવાયા. તે સમયે પાણીના રેલાની જેમ કાગળ પર ફરતી તેઓની કલમ અને પત્રની વિગતો પરત્વે તેઓની એકાગ્રતા જોઈ કોઈ અનુમાન ન કરી શક્યું કે તાપ અને તપ સ્વામીશ્રીના શરીરને સવારથી રગડી રહ્યાં છે.

પત્રલેખન બાદ સ્વામીશ્રી કથારસ રેલાવવા લાગ્યા ત્યારે તેઓની અસ્ખલિત વાણી સાંભળનાર કોઈના મનમાં કલ્પના પણ ન ઊઠી કે સ્વામીશ્રી આજે નિર્જળા ઉપવાસના તીવ્ર કંઠશોષ સાથે આવી રસમધુર વાતો કરી રહ્યા છે.

સભા બાદ રાત્રે ઉતારે જતાં સ્વામીશ્રીએ વધુ બે પધરામણીઓ કરી. પણ તે વખતની તેઓની તાજગી અને ભક્તો સાથેની તન્મયતા જોઈ કોઈને વિચાર સુધ્ધાં સ્ફુર્યો નહીં કે આજે સ્વામીશ્રી ઉપવાસી છે, શ્રમિત છે.

પધરામણી બાદ તેઓ રાત્રે ઉતારે પહોંચ્યા ત્યારે રોજ કરતાં આજે મુલાકાતીઓ વધુ હતા. પણ તે એક-એકના પ્રશ્નમાં રસ લઈ તેને સચોટ સમાધાન આપતાં સ્વામીશ્રીની તીક્ષ્ણ મેધા અને મમતા જોઈ એકેય મુલાકાતીને ખબર ન પડી કે સ્વામીશ્રી નિર્જળા ઉપવાસમાં છેલ્લા સત્તર કલાકથી સતત કાર્યરત છે.

સૌને રાજી કરી સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે ઉપવાસને ઓઢીને પોઢ્યા ત્યારે આખા દિવસનો શ્રમ તેઓના મુખારવિંદ પર ઝળકી રહેલા આનંદમાં એક ઘસરકો પાડી શક્યો નહોતો.

બસ ! આ જ હતી તેઓની વિલક્ષણતા ! તેઓમાં બધું જ હતું, પણ તે સહજ હતું. ખળભળાટ વિનાનું હતું. તેથી સાથે રહેનારા તેઓને કળી ન શકતા તો બીજા તો તેઓને શું જાણી શકે ? *'અકળ કળા એની ન કળાણી રે, ડાહ્યા શ્યાણાને રહી અજાણી રે...'* જેવા હતા સ્વામીશ્રી !

આ બાજુથી ફોટા પાડ

તા. ૧૧/૮ની સવારે યોગીજી મહારાજની પ્રાસાદિક થેમ્સ નદીના

કિનારે પધારેલા સ્વામીશ્રીએ અહીં મસ્તક પર જળ ચઢાવી સૌના શિરે પણ તે છાંટ્યું. ત્યારબાદ હરિભક્તો તેઓને અન્ય એક રમણીય સ્થળ તરફ દોરી જવા લાગ્યા પણ સ્વામીશ્રીએ કહ્યું: 'યોગીબાપાની પ્રાસાદિક જગ્યાએ જ જવું છે.' એમ કહેતાં તેઓ પ્રાસાદિક વૃક્ષની ઘટા નીચે જઈ પહોંચ્યા અને ત્યાં *'ધન્ય ધન્ય એ ભાગ્ય ભૂમિ કે, જ્યાં વિચર્યા જગતાત...'*ના ભાવથી સાષ્ટાંગ દંડવત કરવા લાગ્યા.

આ તક ઝડપીને એક યુવક સ્વામીશ્રીનાં ચરણારવિંદનાં તળિયાંનો ફોટો પાડવા ગયો. પરંતુ વ્યક્તિઓની ચહલ-પહલને પારખવામાં ચતુર સ્વામીશ્રીથી આ તરકીબ અજાણી ન રહી. તેથી દંડવત કરવા ઝૂકેલા તેઓએ એકદમ ઊભા થઈ જઈ તે યુવકને કહ્યું: '(ફોટા) પાડવા હોય તો આ બાજુથી ફોટા પાડ.' એમ કહી તેને સામેની બાજુ લાવી દીધો.

'પ્રભુપદ સેવત પ્રેમ સેં' મુજબ રહેનારા સ્વામીશ્રી હંમેશા પોતાને શ્રીજીમહારાજના સેવક જ સમજતા. તેથી પોતાનો મહિમા વધે તે સંબંધી કોઈ પણ તજવીજને તેઓ સખ્તાઈથી દાબી દેતા.

નિયમ-ધર્મ રાખ્યા છે એ જ આભાર

હવે સ્વામીશ્રીની વિદાયની ઘડીઓ ગણાઈ રહી હોવાથી તા. ૧૧/૮ની સાયંસભામાં તો ભક્તો સમાતા નહોતા, પરંતુ એ દોઢ હજાર જેટલા સત્સંગીઓને સ્વામીશ્રીએ સ્વયં પંગતમાં ફરી પ્રેમપૂર્વક શીખંડ પીરસ્યો. આ મિષ્ટાન્નનો સ્વાદ મમળાવતાં સૌ તા. ૧૨/૮ની સાયંસભામાં પુનઃ એકત્રિત થઈ ગયા.

અલબત્ત, એ સમયે 'ફ્રેન્ડ્સ હાઉસ' બે હજારથી વધુ ભાવિકો દ્વારા ભરચક હોવા છતાં ત્યાં હૃદયના ધબકાર સંભળાય એવો સન્નાટો છવાયેલો, કારણ કે આજે સ્વામીશ્રીનો વિદાય સમારંભ હતો. સત્સંગ મંડળના મોવડીઓ સૌનાં હૃદયમાં ઘોળાતી વિરહ-ભાવનાને જેમ જેમ વાચા આપી રહ્યા, તેમ તેમ ગમગીની વધુ ઘૂંટાતી ગઈ.

વક્તવ્યો બાદ હારતોરા વિધિ શરૂ થયો. તે ક્રમમાં યુવક મંડળ વતી હાર પહેરાવતાં કાર્યકરશ્રી સુરેશભાઈએ ઉત્સાહવશ બની સ્વામીશ્રીની 'જય' બોલાવી. તે સાંભળતાં જ સ્વામીશ્રીએ તેઓનો હાથ પકડીને અટકાવ્યા અને હંમેશા પ્રથમ શ્રીજીમહારાજ તથા અક્ષર-પુરુષોત્તમની જય બોલાવવા શીખવ્યું.

ફરીથી મહારાજની 'જય' બોલાવરાવી. લાગણીના પૂરમાં તેઓએ સિદ્ધાંતોને કદી તણાવા દીધા નહોતા.

અંતે સૌ પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમારા દાખડા કરતાં આપ સર્વની સેવા જોઈને, તન-મન-ધનનો ભીડો જોઈને, દૂર-દૂરથી આવવું તે કેટલો બધો પ્રેમભાવ! તે જોઈને, ઉપકાર, આભાર અમારે આપનો માનવાનો છે. આ દેશમાં નિયમ-ધર્મ રાખ્યા છે એ જ આભાર. આપ સર્વને અક્ષરધામનું સુખ મળે એ આશીર્વાદ. ભીડો પડ્યો હોય તો માફ કરજો.'

પોતે કરેલા અતિને રતિ અને ભક્તોએ કરેલા રતિને અતિ માની સ્વામીશ્રી સભામાંથી રસોડે પધાર્યા. અહીં ભક્તો માટે બનાવેલી વાનગીઓ પર દૃષ્ટિ કરી. દાળને ડંકામાં ભરી ઉછાળી જોઈ. મેથીના ભજિયાં પણ હાથમાં લઈને જોયાં. ત્યારબાદ મંદિરે ઠાકોરજી જમાડી ઉતારે આવતાંવેંત પત્રલેખન આરંભી દીધું. કોઈએ આરામ કરવા કહ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'અહીંની ટપાલ અહીં જ પૂરી કરવાની, બાકી નહીં રાખવાની. અમેરિકા જઈને અમેરિકાની ટપાલ શરૂ કરવાની.'

આ ખટકા સાથે કાર્યરત સ્વામીશ્રી રાત્રે દોઢ વાગ્યે આરામમાં પધાર્યા.

આકાશના અતિથિ

તા. ૧૩/૮ની સવારે લંડનના રોકાણની છેલ્લી પૂજા બાદ સ્વામીશ્રી 'ફ્રેન્ડ્ઝ હૉલ'ની સભામાં જવા નીકળ્યા ત્યારે રસોડામાં જલેબી તૈયાર થતી હતી. સૌની વિનંતીથી સ્વામીશ્રી ત્યાં જલેબી પાડવા બેસી ગયા અને સિદ્ધ-હસ્ત અદાથી સુંદર જલેબીઓ પાડી તવાઈ ભરી દીધી. ચીપિયાથી જલેબીને પકડી ચપળતાથી આમતેમ ફેરવતાં સ્વામીશ્રીની એ મૂર્તિ સૌનાં મનમંદિરમાં બેસી ગઈ.

અહીંથી તેઓ સભામાં પધાર્યા ત્યારે યુવકોએ ભાવવાહી કંઠમાં વિદાયનું પદ ઉપાડતાં સૌની આંખો અશ્રુ ઉલેચવા લાગી. વિરહની વેદના અને ભક્તિની સંવેદનાથી સર્વત્ર મૌન પ્રસરી રહ્યું. કીર્તન બાદ સ્વામીશ્રીને મોટો હાર પહેરાવતાં બધા યુવકો એવા ભાવાવેશમાં આવી ગયા કે સ્વામીશ્રીને જ પોતાના ખભા પર ઊંચકી લીધા! વિદેશની ધરતી પર કદાચ કોઈ ધર્મગુરુની વિદાય આટલી ભાવભીની નહીં બની હોય.

જો કે, આમ બનવું સ્વાભાવિક જ હતું, કારણ કે ભક્તોની સુખાકારી

માટે કોણે ૬૯ દિવસમાં ૧,૧૦૦ પધરામણીઓ કરી હશે અને મોટરમાર્ગે ૧૦,૪૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડ્યો હશે ?! આટલા દિવસમાં કોણે ૪,૫૦૦થી વધુ મુમુક્ષુઓને કંઠી ધારણ કરાવી ભગવાનના ખોળે મૂક્યા હશે ?! જેમ વાદળ બંધાયાં વિના વરસાદ વરસતો નથી તેમ પ્રેમ આપ્યા વિના પ્રેમ મળતો પણ નથી.

આ પ્રેમ નીતરતા વાતાવરણ વચ્ચે જ સ્વામીશ્રી હીથ્રો ઍરપોર્ટ પર પધાર્યા. અહીં ગાડીમાંથી ઊતરી તેઓ 'એમ્પરર શાહજહાં' વિમાનમાં બિરાજ્યા ત્યારે રાત્રિના દોઢ વાગ્યે પોતાની પીઠ પર સ્વામીશ્રીને સવાર કરી આ ગરુડે પાંખો ફફડાવવી શરૂ કરી. આકાશના અતિથિ બનેલા સ્વામીશ્રી વિમાનમાં કેટલોક સમય પત્રલેખન કરી વિમાનચાલક શ્રી ચેટર્જીના આમંત્રણથી કૉકપીટમાં પધાર્યા. તે વખતે ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન ૯૬૦ કિ.મી.ની ઝડપે ગતિશીલ હતું. પાયલોટ સ્વામીશ્રીને હવાઈ જહાજની વિગતો સમજાવતા હતા તે વખતે જ ન્યૂયોર્કથી સંદેશો આવ્યો. તે સંભળાવવા માટે કેપ્ટને સ્વામીશ્રીને હેડફોન પહેરાવ્યું. છેલ્લે પાયલોટની ઑટોગ્રાફ બુકમાં હસ્તાક્ષર કરી આપી સ્વામીશ્રી પુનઃ પોતાની બેઠક પર આવી બિરાજ્યા. હવે અમેરિકાની ધરતી સ્વામીશ્રીને વધાવવા આતુર હતી.[૫૨]

પ્લેનની મુસાફરી કેન્સલ કરાવો

સ્થાનિક સમય અનુસાર તા. ૧૩/૮ની સાંજે સવા ચાર વાગ્યે ન્યૂયોર્ક પધારેલા સ્વામીશ્રીને ભક્તોએ ગગનભેદી જયનાદો અને ફૂલહાર અર્પણ કરી વધાવ્યા. અહીં ઍરપોર્ટ પર લગભગ અડધો કલાક સુધી સૌને દર્શનસુખ આપી સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે ત્યાં બાવીસ હજાર ચોરસ ફૂટની વિશાળ જગ્યામાં નવું બંધાયેલું વિશાળ મંદિર શોભી રહેલું. તેમાં આ યાત્રાની પ્રથમ આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણા સંસ્કારો રહ્યા છે તો લાખો-કરોડો રૂપિયા છે. આપણે સારી જમીનમાં વાવ્યું છે. આ સદાવ્રત છે. ભવિષ્યમાં લોકો લાભ લેશે. પહેલાં આવ્યા ત્યારે આ જગ્યાએ ઝાડ નીચે બેસી કથા

---

૫૨. વિલાયતમાં સ્વામીશ્રીએ કરેલા વિચરણ તથા પધરામણીઓની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

કરેલી. આજે જંગલમાં મંગલ થઈ ગયું. આ દેશમાં આવું કાર્ય થાય નહીં.'

આ અમૃતવાણી દ્વારા પશ્ચિમમાં પૂર્વનો પ્રકાશ પાથરી સ્વામીશ્રી મંદિરના નિકટવર્તી ચંદ્રકાંતભાઈ પટેલના મકાનમાં જઈ પોઢ્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ (body clock) રાત્રિના અઢી વાગ્યાનો સમય બતાવી રહેલી !

છતાં બીજે દિવસે સમયસર કાર્યરત થઈ ગયેલા તેઓ, તા. ૧૪/૮ની રાત્રે સ્થાનિક કાર્યકરોએ ઘડેલો અમેરિકાનો કાર્યક્રમ જોઈ રહેલા. તેમાં કેટલીક જગ્યાએ પ્રવાસ માટે પ્લેનની વ્યવસ્થા સ્વામીશ્રીના ધ્યાનમાં આવતાં તેઓએ કહ્યું: 'જ્યાં જ્યાં પ્લેનમાં ગોઠવ્યું છે ત્યાં ત્યાં પ્લેનની મુસાફરી કેન્સલ કરાવો. આપણે બધે મોટરમાં ફરીશું.'

સ્વામીશ્રી આ નિર્ણય હરિભક્તોના વ્યવહારની ચિંતા કરીને લઈ રહેલા. તે સમયે મહદંશે અમેરિકાના સત્સંગીઓની આર્થિક સ્થિતિ સાધારણ હતી. વળી, સ્વામીશ્રીના પોતાના વિસ્તારમાં આગમન વખતે થનારા પારાયણ, ઉત્સવ-સમૈયાના પ્રસંગે આ ભક્તોએ વિવિધ રીતે યોગદાન આપેલું જ હોય. આ સંજોગોમાં વિમાની મુસાફરીનો ખર્ચ સ્વામીશ્રીને ભક્તો પરના બોજારૂપ લાગતાં તેઓ મોટરમાર્ગે વિચરણની તરફદારી કરી રહ્યા.

પરંતુ ભારત કરતાં ત્રણ ગણો મોટો આ દેશ સીમિત સમયમાં મોટર-માર્ગે ખેડવામાં રાતોની રાતો ઉજાગરા કરી પ્રવાસ જારી રાખવો પડે. તેથી સૌએ સ્વામીશ્રીને સમજાવ્યા. પણ સદા સરળપણે વર્તનારા તેઓ આ બાબતે એકના બે ન થયા. પોતાના માટે વિમાની મુસાફરી પાછળ થનારા ખર્ચા પર તેઓ કાપ મુકાવ્યે જ રહ્યા !

એ પણ અમારી જ સેવા છે

અમેરિકાના પ્રવાસ અંગે વિચાર-વિનિમય બાદ સ્વામીશ્રી આરામમાં જવા માટે પલંગ પર બિરાજ્યા. તે સમયે રસોડા વિભાગમાં સેવા બજાવતા કેટલાક યુવકો દર્શન માટે સામે ઊભા હતા. સવાર-સાંજ લાભ લેવા આવતા ભાવિકો માટે અલ્પાહાર-ભોજનની વ્યવસ્થા મંડળ તરફથી કરવામાં આવતી. તેને લીધે આ યુવાનો મંદિરમાં જ હોવા છતાં સ્વામીશ્રીની પૂજા-સભામાં દર્શનનો લાભ મેળવી શકતા નહીં. તેથી આજે તેમાંના એકે રમૂજમાં સ્વામીશ્રીને કહ્યું: 'અહીં આખો દિવસ તમારો લાભ છે. પણ અમે રસોડાની દોડાદોડીમાં છીએ.'

'એ પણ અમારી જ સેવા છે ને! આજ્ઞાથી ભગવાનના ભક્તની સેવા કરે તે ભગવાનની સેવાતુલ્ય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું. તેઓનો આ ખુલાસો ઘણો માર્મિક હતો.

તે તો રાચ્યા ત્યાગમાં

તા. ૧૫/૮ની સવારે પ્રાતઃકથામાં વચનામૃત(ગ.પ્ર.૭૨) રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આજે ઘણા કહે છે કે તમે સ્ત્રીઓથી દૂર રહો છો તે તમારે મનનો વિશ્વાસ નથી. પણ મહારાજે કહ્યું કે 'શત્રુ જીત્યો હોય તો પણ વિશ્વાસ ન કરવો.' મર્યાદાનું પાલન કરવું એ શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે. કોઈ કહે, 'અમને યોગીજી મહારાજે (સ્ત્રીઓમાં) સત્સંગ કરાવવાની આજ્ઞા કરી છે.' એવી આજ્ઞા કરે તો પોતે શું સમર્થ નથી? માટે ત્યાગી-ગૃહીની જે મર્યાદા છે તે રાખવી જ પડે.''

સ્વામીશ્રીનો મત હતો: *'બની વાત જાય બગડી, જો લેશ લોપાય વચન.'* તેથી તેઓ આ બાબતે કોઈને તાબે થયા નહોતા.

આવા અણિશુદ્ધ સ્વામીશ્રીનાં ચશ્માંના નંબર આ અરસામાં બદલાતાં, યજમાન ચંદ્રકાંતભાઈ તેઓના જર્મન મિત્ર ડૉ. રોસન હાઈમેન પાસે સ્વામીશ્રીને લઈ ગયા. વૃદ્ધ છતાં પડછંદ આ તબીબે 'I'm honoured... I'm honoured...' 'હું ભાગ્યશાળી છું...' કહેતાં જરૂરી તપાસ કરી, સ્વામીશ્રીને દૂરનાં અને નજીકનાં એમ બે ચશ્માં લેવા આગ્રહ કર્યો. પણ સ્વામીશ્રીએ કહ્યું: 'એક જ રાખવાં છે. બેની જરૂર નથી.'

તેઓની આ રુચિ જોઈ એ ડૉક્ટરે નવી ફ્રેમમાં નવા નંબર મુજબનાં ચશ્માં બનાવી દેવાની તત્પરતા દાખવી. ત્યારે પણ સ્વામીશ્રી બોલ્યા: 'જૂની ફ્રેમમાં જ નવા કાચ ફિટ કરી આપો.'

તે વખતે હરિભક્તે વિનંતી કરી: 'બાપા! ફ્રેમ જૂની થઈ ગઈ છે. બદલી નાંખો ને!'

'મારે જોવાનું ફ્રેમમાંથી છે કે કાચમાંથી?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આ દલીલ ઘણી ધારદાર હતી. તેની સામે કોઈ બોલી શક્યું નહીં. નવા કાચ જૂની ફ્રેમમાં જ જડાયા અને વૈરાગ્યમૂર્તિ સ્વામીશ્રી સૌનાં હૃદયમાં જડાયા.

गुणातीतः स उच्यते

તા. ૧૬/૮ના રોજ હોબોકેનમાં મહેન્દ્રભાઈના ઘેર પધારેલા સ્વામીશ્રી, અહીં આજે મકાનના ભોંયરામાં તૈયાર કરેલા હરિમંદિરનાં દર્શન કરી રસોડે જમવા જઈ રહેલા. તે જ વખતે તેઓની નજીકમાંથી એક મહિલા પસાર થઈ ગઈ. જો કે, સ્પર્શનો તો સંભવ જ નહોતો. છતાં સ્વામીશ્રીને મનમાં મર્યાદા-લોપની ફડક પેસી ગઈ. તેથી સૌ સંતો સાથે તેઓ જમવા બેઠા, પણ પત્તરમાં કશું લીધું નહીં.

તેઓની રીત અલૌકિક હતી. પોતાનું આચરણ કદી કળાવા-જણાવા ન દે. વર્તન ભારોભાર, પણ તેનો લેશ હુંહાટો નહીં.

'તબિયત સારી નથી, પેટમાં જરા ગરબડ જેવું છે,' એમ કહી તેઓએ જમવાનું ટાળ્યું. સંતોએ થોડો ઉકાળો લેવાનો આગ્રહ કર્યો તો કહે : 'મારે એવું કંઈ નથી. હું તો બધાથી પહેલાં જમવા બેસી જાઉં એમ છું.' વગેરે શબ્દો કહી પાણી પણ પીધું નહીં અને ઉતારાની રૂમમાં આવી ગયા. અહીં સ્થાનિક હરિભક્તોને મળી, પત્રલેખન બાદ રાત્રે સાડા અગિયાર વાગ્યે આરામમાં જવા ઊભા થયા. તે વખતે પણ સંતોએ પાણી પીવાનો આગ્રહ કર્યો, પરંતુ સ્વામીશ્રીએ જરાય મચક આપી નહીં. 'જરૂર નથી... રાત્રે ક્યાં પાણી પીઉં છું !...' વગેરે શબ્દોથી આગ્રહ ઠેલ્યો અને કશું જ ખાધા-પીધા વગર તેઓ સૂતા ત્યારે બધા જ દુર્ગમ દુર્ગ તૂટી ચૂક્યા હતા.

પ્રથમ તો તેઓ જેવું વિચરણ બીજાથી અશક્ય. કદાચ કોઈ તેમ કરે તો આવા જડબેસલાખ ધર્મ-નિયમ પાળીને વિચરવું અસંભવ. કદાચ કોઈ મર્યાદામાં રહે પણ તેથી આમ છાના-છૂપા, કોઈ જાતનો ઊહાપોહ કર્યા વિના રહેવું અઘરું. આજે સ્વામીશ્રીના અત્યંત નમ્ર અને પ્રચ્છન્ન રહેવાના પ્રયત્નોમાં જ તેઓની ગુણાતીત સ્થિતિ બરાબર ઝળકી રહી.

અતિ તાન માનો છે અમારું રે

હોબોકેનમાં સવાર-સાંજ કથા ઉપરાંત દિવસ દરમ્યાન પધરામણીનો કાર્યક્રમ મુખ્ય રહેતો. તે પધરામણીઓ પણ સ્વામીશ્રી મુમુક્ષુના અનુકૂળ સમય પ્રમાણે કરતા. તેમાં ઘણી વાર કેવળ એક-બે પધરામણી માટે ઉતારાની બહાર નીકળવું પડે. વળી, પાછું ઉતારે આવવાનું. કલાકેક પછી પુનઃ પધરામણીએ

જવાનું. જે વિસ્તારમાં એક વાર જઈ આવ્યા હોય ત્યાં પાછું એ જ દા'ડે ફરી વાર પણ જવું પડે. છતાં જીવને અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા કરાવી તેનું આત્યંતિક કલ્યાણ કરવા સ્વામીશ્રી આવો ભીડો હોંશે હોંશે ઉઠાવતા. ઘણી વાર તો સામેથી પધરામણી ઊભી કરે.

એક વાર જર્સી સીટીમાં મહેશભાઈ દણાકના ઘેર પધરામણી દરમ્યાન સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'અહીં આજુબાજુમાં બીજું કોઈ ગુજરાતી હોય તો તેને ત્યાં પધરામણી કરીએ.'

'બાપા! બાજુમાં એક ગુજરાતી કુટુંબ છે. પણ મેં ગઈકાલે પુછાવેલું તો એ ભાઈએ પધરામણી માટે અનિચ્છા દર્શાવી છે.' હરિભક્તે જણાવ્યું.

છતાં સ્વામીશ્રી બોલ્યા: 'તપાસ કરો. કોઈ પુરુષ હાજર હોય તો જઈ આવીએ.'

સ્વામીશ્રીનો આદેશ થતાં હરિભક્ત ભાળ કાઢી લાવ્યા કે 'બાપા! ત્યાં છ મહિનાનો આનંદ નામનો બાળક છે. તેની માતાને પધરામણી અંગે કોઈ વાંધો નથી.'

'તો ચાલો, જઈએ.' એમ કહેતાં એ આનંદને બ્રહ્માનંદની ગળથૂથી પાવા સ્વામીશ્રી ઊપડ્યા.

તે માટે તેઓ આ હરિભક્તના ફ્લેટના ત્રણ માળ ઊતરી બાજુના ફ્લેટના ચાર માળ ચઢ્યા અને ઘોડિયામાં હીંચકતા એ છ મહિનાના શિશુ પાસે જઈ ઊભા રહ્યા. સસલાંના આંગણે જાણે ગજરાજ જઈ પહોંચ્યા! પરંતુ આ સસલું તો 'હાં હાં ગડથલ' પણ કરી શકે એમ નહોતું. તેથી સ્વામીશ્રીએ સૂતેલા એ શિશુ પાસે ઝૂકીને તેના જમણા હાથની બંધ વાળેલી નાની મુઠ્ઠી હળવેથી ખોલી. તેમાં જળનું એક ટીપું મૂકી તે બાળક વતી પોતે જ મંત્ર બોલી વર્તમાન ધરાવ્યાં. તે સમયે બાળકની આંખો મીંચાયેલી હતી, પણ તેનાં ભાગ્ય ઊઘડી ગયાં! એક જીવને ઉગારવા સ્વામીશ્રીએ કરેલો આ પુરુષાર્થ જોઈ સૌ ગદ્ગદ બની ગયા. *'સહુનાં કલ્યાણ કરવાં સારુ રે, અતિ તાન માનો છે અમારું રે...'* પંક્તિઓ સાર્થક થઈ રહી.

સંસ્કાર જળવાય તે જ મોટી સેવા

તા. ૧૯/૮ના રોજ મેનહટન વિસ્તારમાં વિચરતા સ્વામીશ્રી પંચાવનમી સ્ટ્રીટ પર આવેલા 'હરે ક્રિષ્ના સેન્ટર'માં પણ દર્શનાર્થે ગયા. અહીંની

પ્રવૃત્તિઓને રસપૂર્વક નિહાળી તેઓએ પ્રસન્નતા વ્યક્ત કરી. ત્યારબાદ નોર્થબર્ગન પધાર્યા.

અત્રે એક પિતાએ પોતાનો બાળક સ્વામીશ્રી સમક્ષ ધરતાં કહ્યું: 'બાપા! આને માળા ફેરવતાં શીખવો.'

'બાપા' હતા એટલે બાપ પોતાની ફરજ પ્રત્યે બેફિકર હતો. તેણે પોતાને કરવાનું કામ સ્વામીશ્રીને સોંપ્યું. તેથી સ્વામીશ્રીએ ગળામાંથી પોતાની માળા કાઢી તે બાળકને માળા ફેરવવાનું શિક્ષણ આપવા માંડ્યું. શરૂઆતમાં બાળકને આ ક્રિયા કરવી કઠણ લાગી, પણ સ્વામીશ્રી સ્વયં માળા ફેરવતાં-ફેરવતાં તે બાળકને માળા ફેરવવાની ફાવટ આવી ત્યાં સુધી દાખડો કરતા રહ્યા.

પોતાની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ હોવા છતાં સાવ અબુધ બાળકોમાં પણ તેઓ આવો રસ લઈ તેને ભગવાનના માર્ગે વાળતા. તે વખતે બાળક સમજે તેવી ભાષા અને સમજાવટ તેઓ ખૂબીથી વાપરી જાણતા.

એક વાર સુહૃદ સ્વામિનારાયણ નામના બાળકને માળા ફેરવવાનું શીખવી તેઓએ કહેલું: 'માળા ફેરવતી વખતે તારી 'સરનેમ'(અટક) તારે બોલવાની, હં.' કીડી-કુંજરની આવી મિત્રાચારી સ્વામીશ્રીના વિચરણમાં રોજ એકાદ વાર તો જોવા મળી જ જાય.

આજની આવી કલ્યાણયાત્રામાં તેઓ એક યુવકના ઘેર પધાર્યા. ઔપચારિક પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ તેને સત્સંગનો મહિમા સમજાવી વર્તમાન ધરાવ્યાં. તે વખતે સાથે ફરતા કાર્યકરે આ યુવાનને સ્થાનિક મંદિરની આર્થિક સેવા અંગે વાત કરી ત્યારે તેણે દોઢસો ડોલરની સેવા લખાવી.

પણ સ્વામીશ્રીને રસ હતો – તેના જીવનમાં, નહીં ધનમાં. તેથી તેઓએ પૂછ્યું: 'તમે દારૂ-માંસ તો લેતાં નથી ને?'

'સ્વામી! કોઈક વાર લઉં છું.' યુવકે ખુલાસો કર્યો.

આ સાંભળી સ્વામીશ્રીએ તેને તથા તેની બાજુમાં બેઠેલા તેના સાઢુને પ્રેમપૂર્વક સમજાવી આ ખાણી-પીણી બંધ કરવા પ્રતિજ્ઞાબદ્ધ કર્યા. હવે પોતાનું કાર્ય પૂરું થયું જાણી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે કાર્યકરે કહ્યું: 'સ્વામી! સેવા દોઢસો ડોલર જ લખાવી છે.'

તે સાંભળી યજમાન યુવક બોલ્યો: 'સ્વામીજી! મારી શક્તિ નથી એટલે આથી વધુ સેવા લખાવી શકાય એમ નથી.'

'ભલે, જેટલી સેવા નોંધાવી તે ચાલશે.' સ્વામીશ્રીએ જણાવ્યું. પણ

પછી બોલ્યા : 'અમારે તો તમે નિયમ લીધો અને આપણા સંસ્કાર જળવાય તેમ કર્યું, તેમાં લાખો ડોલર સેવા આવી ગઈ. સંસ્કાર જળવાય તે જ મોટી સેવા.'

સ્વામીશ્રીના વિચરણનો હેતુ અતિ શુદ્ધ અને નિઃસ્વાર્થ રહેતો.

રહે વે ધીર-ગંભીરી મેં

તા. ૨૦/૮ની સવારે સ્વામીશ્રી ફ્લશિંગના ગણેશ મંદિરે જઈ સાંજે વૉશિંગ્ટન સ્ટ્રીટમાં વસેલા માઉન્ટ ઑલિવ બેપ્ટિસ્ટ ચર્ચમાં પધાર્યા. અહીં મુખ્ય મંચ ઉપર ઈસુના ક્રોસ નીચે જ તેઓનું આસન ગોઠવાયેલું. તેથી વધસ્તંભ ઉપર જડાયેલા ઈસુનાં દયા અને પ્રેમનાં મૂલ્યોને સાથે રાખી, ભાગવત ધર્મનું સામ્રાજ્ય પૃથ્વી ઉપર સ્થાપિત કરવા સતત યત્નશીલ રહેતા સ્વામીશ્રીનું વિશિષ્ટ દર્શન થઈ રહ્યું. અત્રે સભામાં સૌને સદ્બોધ આપી તેઓ નુઅર્ક આવી પહોંચ્યા.

ન્યૂજર્સીના આ ઉપનગરમાં તા. ૨૧/૮ના રોજ ચાલી રહેલી રાબેતા મુજબની પધરામણીઓમાં સ્વામીશ્રીને નોર્થ કોર્ટના ચૌદમા માળે આવેલા એક હરિભક્તના ફ્લેટમાં જવાનું હતું. ત્યાં પહોંચવા તેઓ સહિત છ સંતો અને દસ હરિભક્તો લિફ્ટમાં ગોઠવાયા. તેમાં કો'ક ઉતાવળિયાએ ચૌદમા માળનું બટન દાબવાને બદલે ભોંયરાનું બટન દાબી દીધું અને લિફ્ટ જઈ પહોંચી ઠેઠ તળિયે. ત્યાં જતાં જ બારણું ચોંટી ગયું ! કોઈ રીતે ઊઘડે નહીં. તેથી મૂંઝાયેલા સૌએ ઇમર્જન્સીની ઘંટડી વગાડી. બહાર ઊભેલા હરિભક્તોએ પણ ખોલવાની મથામણ કરી. પરંતુ બધું વ્યર્થ. વળી, આ દિવસ રવિવારનો હોવાથી લિફ્ટનો ચાલક કે મરામત કરનાર પણ હાથ લાગ્યો નહીં. એટલે પરિસ્થિતિ પેચીદી સર્જાઈ રહી.

લિફ્ટમાં હવાની અવર-જવર ન હોવાથી ગૂંગળામણ થવા લાગી. તદુપરાંત હકડેઠઠ સંખ્યાને કારણે કોઈ હલન-ચલન પણ કરી શકે એમ નહોતું. આ વિકટ પરિસ્થિતિથી ધીરજ ગુમાવી બેઠેલા એક બાળકે તો ભેંકડો તાણ્યો. જો કે, ધીરજ તો એક સ્વામીશ્રી સિવાય સૌએ ગુમાવી દીધેલી. કોઈ રડતું નહોતું, પણ રડમસ તો સૌ હતા ! આવી ભયજનક પરિસ્થિતિમાં સ્વામીશ્રી સૌ જે પ્રયત્ન કરી રહેલા તે જોતાં સ્વસ્થતાથી ઊભા હતા. કોઈ આકળા-ઉતાવળાપણું નહીં. બેબાકળા બનેલા સૌએ લિફ્ટની ઉપરની બારી તોડવાનો પ્રયત્ન કરી જોયો, પણ તેમાંય સફળતા ન મળતાં સૌને અક્ષરધામ ઢૂંકડું

દેખાવા લાગ્યું.

એટલામાં બહારથી કો'કે હોંકારો દેતાં આશા બંધાઈ પણ તે ખોંખારો કરનારો ક્યારે ચાલી નીકળ્યો તે ખબર ન પડી. આ ગૂંગળામણમાં દસેક મિનિટનો સમય વીતવા છતાં મુક્તિના કોઈ સગડ ન દેખાતાં સૌ જીવનથી હતાશ બની ગયા. ત્યાં જ આશાનું કિરણ ફૂટ્યું! લિફ્ટની સંભાળ લેનારો આવી જતાં સૌ છુટકારોનો દમ લેતાં હસતાં-હસતાં બહાર નીકળ્યા. પછી તો દાદરા ચઢીને જ ઉપર ગયા પણ લિફ્ટમાં કોઈ પ્રવેશ્યું નહીં!

હરિભક્તના ઘેર જઈ સૌ શાંતિથી બેઠા. પાણી પીધું. તે વખતે આ સકંજામાં ફસાયેલા એકે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આજે તો અક્ષરધામના દરવાજે હાથ દઈ આવ્યા જેવું થયું.'

'આ તો સૌને દેવોને પણ દોયલી એવી સમાધિનો અનુભવ થયો.' હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા.

ખરેખર, તેઓ તો આ ઉપાધિમાં પણ સમાધિ જેવી જ શાંતિ અનુભવતાં ઊભા હતા. સૌને તેઓની *'રહે વે ધીર ગંભીરી મેં...'*ની સ્થિતિ આજે મૂર્તિમાન દેખાઈ.

તુમ જીય કે ઐસે હિતકારી

તા. ૨૨/૮ની સવારે કથામાં ભક્ત તરીકેની ફરજથી સૌને સભાન કરતાં સ્વામીશ્રીએ મનનીય વાત કરી કે –

"ભગવાનના ભક્તથી ગમે તેમ ન વર્તાય. જાણપણું રાખવું જોઈએ. એક માણસ રાજાને ત્યાં જતો હતો, તે વચમાં નીકોરી (લાંબી ગટર) આવી તે કૂદી ગયો. તે જોઈને રાજાએ તેને રાજા બનાવ્યો. પછી જ્યારે કોઈ દિવસ બહાર જવાનું થયું ત્યારે પેલી નીકોરી આગળથી પસાર થતી વખતે એક નોકરને બોલાવીને પાટિયું મુકાવ્યું અને ઓળંગી ગયો; પણ કૂદકો ન માર્યો. કારણ, તેને સમજાયું કે 'હવે રાજા થયો એટલે કૂદકો ન મરાય.' તેમ આપણે ભગવાનના છીએ તો ગમે તેમ ન વરતાય તેનું જાણપણું રાખવું."

સૌને આમ સતર્ક કરી પધરામણીએ નીકળી પડેલા સ્વામીશ્રીએ આજે હોવેલ, પ્લેન્સફિલ્ડ, લિંડન વગેરે નગરો પાવન કર્યાં. ત્યાંથી પાછા વળતાં ઘણું મોડું થતાં તેઓ સાંજે ચાર વાગ્યે બપોરનું ભોજન લેવા બિરાજ્યા! ભક્તો અર્થે જ જીવન કરી રાખનારા સ્વામીશ્રીની તા. ૨૩/૮ પણ આમ જ વીતી.

આ દિવસે તેઓ ઉતારેથી પચીસેક કિ.મી. દૂર મોન્ટવીલેમાં પધાર્યા. અહીં એક યજમાન હરિભક્તની નવી મોટર આવવાની હતી. તેના પૂજન માટે જ સ્વામીશ્રીને બોલાવવામાં આવેલા. પણ તે ગાડીને આવવામાં ઘણો વિલંબ થતાં લગભગ દોઢ કલાક સુધી સ્વામીશ્રી રાહ જોતાં બેસી રહ્યા. છતાં હજીયે ગાડી આવવાના સમય અંગે અનિશ્ચિતતા જ પ્રવર્તી રહી. તેથી આગળના કાર્યક્રમોમાં સમયસર પહોંચવા સ્વામીશ્રી અહીંથી વિદાય થયા. છતાં જતાં-જતાં પણ તેઓએ બીજા કોઈ દિવસે મોટર પ્રસાદીની કરવાનું વચન આપ્યું.

જ્યાં એક-એક મિનિટની ગણતરીથી કાર્યક્રમ ઘડાતો હોય ત્યાં હરિભક્તની ગાડીનું પૂજન કરવા માટે દોઢ કલાક સુધી રાહ જોનારા સ્વામીશ્રીને મન ભક્તોનો મહિમા કેવો હશે! આ હરિભક્તના ઘેર થયેલા વિલંબને કારણે આજે પણ તેઓને બપોરનું ભોજન ઠેલાતાં તેઓ છેક અઢી વાગ્યે જમવા બેઠા! ભક્તો પ્રત્યેની સ્વામીશ્રીની આ દયા-માયા નિહાળનારા સૌ ગાતાં ફરતા: *'તુમ જીય કે ઐસે હિતકારી, જૈસે કોટિ પિતા અરુ માતા...'*

મારે તો સત્સંગમાં ફરવું

તા. ૨૪/૮ના રોજ સ્વામીશ્રી સાઉથફિલ્ડમાં પધરામણીઓ કરતાં કરતાં ખેડાના જૂના હરિભક્ત છોટાભાઈના ઘેર આવી પહોંચ્યા.

અહીં ઠાકોરજીને ધરાવવાના પ્રસાદમાં 'હનીડ્યૂ' નામનું એક નવું ફળ હતું. તે ગ્રહણ કરવા યજમાન ભક્તે સ્વામીશ્રીને આગ્રહ કર્યો. સંતોએ પણ તેમાં સૂર પુરાવતાં કહ્યું: 'બાપા! આ તો મધનું ટીપું કહેવાય.'[૫૩]

સૌનો પ્રેમાગ્રહ થયો એટલે સ્વામીશ્રી ચીભડાં અને તરબૂચ વચ્ચેનું આ ફળ સહેજ જમ્યા. તે વખતે સંતોએ પૂછ્યું: 'બાપા! કેવું લાગ્યું?' ત્યારે 'ના કહીએ તો મૂરખમાં ઠરીએ' કહી સ્વામીશ્રીએ ગમ્મત કરી.

આ હળવાશ સાથે તેઓએ તા. ૨૫/૮ની સવારે નુઅર્કમાં પ્રાતઃપૂજા બાદ કથાનું મંગલાચરણ લલકાર્યું. પરંતુ જેવો કથાનો પ્રારંભ થયો કે સામે બેઠેલા ભક્તો ધીરે ધીરે ડાબે-જમણે ખસી ગયા અને સ્વામીશ્રી સામે વચ્ચેનો ભાગ ખાલી થઈ ગયો. પાછળ મહિલા વિભાગમાં બેઠેલાં ભક્તોને સારી રીતે દર્શનનો લાભ મળે તે હેતુસર આગળ બેઠેલા ભક્તોએ આ પગલું ભરેલું. પણ તેમ કરવામાં ભલે દૂર તોય મહિલાઓ સ્વામીશ્રીની સન્મુખ આવી જાય તેવું

---

૫૩. હની(honey) એટલે મધ અને ડ્યૂ(dew) એટલે ઝાકળનું ટીપું.

બન્યું. તેથી તેઓએ હરિભક્તોને કહ્યું: 'સારી રીતે બેસો. આઘાપાછા ન થાઓ.' આ ટકોરથી હરિભક્તો પૂર્વવત્ સન્મુખ ગોઠવાઈ ગયા. તે પછી જ સ્વામીશ્રીએ વચનામૃતનું નિરૂપણ શરૂ કર્યું.

તે વખતે એક હરિભક્તે પૂછ્યું: 'કોઈને રાજી કરવા ઘરમાં દારૂ રખાય કે નહીં ?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: ''ઝાંબિયાના મૂળશંકર વ્યાસ એ દેશના પ્રમુખ કોન્ડાના અંગત સલાહકાર છે. પણ એમણે અમને કહેલું, 'અમારે દેશના કે પરદેશના ગમે એવા રાજકીય માણસ આવે પણ અમે એનો ચા-પાણીથી સત્કાર કરીએ. એમને ગમે કે ન ગમે.' કોઈને રાજી કરવા કે ડૉલર કમાવા ધર્મ ન સાચવીએ તો પછી એ આપણને ઠોકર મારશે. ગાંધીજી ઈંગ્લેન્ડમાં પોતડી પહેરીને આવ્યા ને કહે, 'તમારે સ્વરાજ આપવું હોય તો આપો. પણ હું મારો વેશ નહીં બદલું.''

ખૂબ ભાવપૂર્વક અને ભારપૂર્વક વિવિધ દૃષ્ટાંતો આપી સ્વામીશ્રીએ ધર્મ-નિયમનું પ્રતિપાદન કર્યું.

આમ, *'મારે તો સત્સંગમાં ફરવું, ધર્મરક્ષણનું કામ કરવું...'*ના ઉમદા હેતુ સાથે તેઓ કથા બાદ બ્લૂમફિલ્ડ, કર્ણી, એલિઝાબેથમાં પધરામણીઓ કરી બપોરે સાડા બાર વાગ્યે ઉતારે પરત ફર્યા અને એકાદશી હોવાથી બપોરના આરામને હદપાર કરતાં સતત સાડા ત્રણ કલાક સુધી પત્રલેખન ચલાવ્યું. ચાર વાગ્યે ૬૪ કિ.મી. દૂર આવેલા રોક્સબરીમાં પધરામણી કરી. ત્યાંથી પાછા વળતાં પાર્સીપનીમાં લાભ આપી, નુઅર્ક ચર્ચની સભામાં પધાર્યા ત્યારે સ્વામીશ્રી અઢીસો કિ.મી.ની મુસાફરી કરી ચૂકેલા. આજે નિર્જળા ઉપવાસ હોવાથી તેઓનો કંઠ સુકાતો હતો, છતાં સભામાં એક કલાક સુધી જડભરત, નિષ્કુળાનંદ સ્વામી વગેરેનાં આખ્યાનો કહી સૌને સાંપ્રદાયિક મહત્તાનો ખ્યાલ આપ્યો. સભા બાદ દસ વાગ્યે ઉતારે પધારી તુરત જ પત્ર-લેખન આરંભી દીધું તે છેક સાડા અગિયાર વાગ્યા સુધી ચાલ્યું. આમ, વધુ એક એકાદશીને તેઓની ભીડા-ભક્તિનો પરચો મળી રહ્યો.

કુશળ અને કોમળ

'ગાર્ડન સ્ટેટ' તરીકે વિખ્યાત ન્યૂજર્સી રાજ્યમાં સત્સંગનો બગીચો ખીલવી સ્વામીશ્રી ન્યૂયોર્ક પધાર્યા. અહીં તા. ૨૭/૮ની સવારે અતિ મંગલમય

વાતાવરણમાં મંદિરના ભોંયરામાં આવેલા હૉલમાં યજ્ઞવિધિ સંપન્ન થયો. પુનઃ પ્રતિષ્ઠા નિમિત્તેના આ મહાયાગમાં ઉપસ્થિત ૮૦ યજમાનોના ભાલમાં સ્વસ્તિતિલક કરી સ્વામીશ્રીએ અલૌકિક સ્મૃતિ આપી.

તેને અનુસરતાં સાંજે પાંચ વાગ્યે મેઇન સ્ટ્રીટના ખૂણેથી નગરયાત્રાના દુંદુભિ ગગડી ઊઠ્યાં. ખુલ્લી જીપમાં ધર્મધજા, તેને અનુસરતા બેનરધારી યુવાનો, તે પાછળ હંસાકાર રથમાં વિરાજિત અક્ષરપુરુષોત્તમ મહારાજ, નોબતો તથા ડંકા-નિશાન વગાડતા યુવકો, ખુલ્લી કેડિલેક ગાડીમાં ઠાકોરજી સહિત સ્વામીશ્રી, અન્ય એક ખુલ્લી ગાડીમાં સંતો-ભક્તો, મહિલાઓ વગેરેથી અલંકૃત આ શોભાયાત્રાએ ન્યૂયોર્કની બજારનો વ્યવહાર સ્થગિત કરી દીધો. ચારેકોર અક્ષર-પુરુષોત્તમનો અને સ્વામીશ્રીનો જયજયકાર થઈ રહ્યો. સૌ અમેરિકનો આ સ્વરૂપોને ટગર-ટગર જોઈ રહ્યા.

પરંતુ તે વખતે સ્વામીશ્રીએ એક હરિભક્તને પોતાની નજીક બોલાવતાં કહ્યું: 'આજે રસોડે સેવા કરતા બે સંતોને ઈજા પહોંચી છે. તેથી તેની જગ્યાએ સેવામાં મેં નગરયાત્રામાં આવવા તૈયાર થયેલા બીજા બે સંતોને રોક્યા છે. તે સંતોને તમારી ગાડીમાં લઈ આવો અને નગરયાત્રા ક્યાંથી નીકળી, ક્યાં ક્યાં પસાર થઈને મંદિરે જશે તે બધું બતાવી દો.'

આ આદેશ ઝીલી તે હરિભક્ત મંદિરે આવ્યા અને સ્વામીશ્રીએ સૂચવેલા બે સંતોની પાસે જઈ આજ્ઞા સંભળાવી. તે જાણતાં જ સંતોનાં હૃદય ભરાઈ આવ્યાં. નગરયાત્રાનાં પડઘમ વચ્ચે દૂર ધબકતાં બે હૈયાંનાં સ્પંદનો ઝીલી શકે એ સ્વામીશ્રીના હૃદયની કેવી ઋજુતા! પ્રવૃત્તિના સખત-સતત મારા વચ્ચે પણ તેઓના હૃદયની આ કુમાશ, જન-મનને સાચવી લેવાની આ ત્રેવડ જ તેઓને અતિ અસરકારક નેતાની કક્ષામાં મૂકી દેતી.

એક જાણીતા મૅનેજમૅન્ટ લેખકે લખ્યું છે કે 'I have found, however, that the most effective leaders are alike in one crucial way; they all have a high degree of what has come to be known as emotional intelligence... '[૫૪] – 'મેં ભાળ મેળવી છે કે સૌથી અસરકારક નેતાઓ એક મહત્ત્વપૂર્ણ બાબતે એકસરખા પુરવાર થઈ રહે છે, તે દરેક પાસે આપણે જેને ભાવનાત્મક બુદ્ધિ કહી શકીએ તેની માત્રા અતિ

---

૫૪. Daniel Goleman, *What Makes a Leader;* Harvard Business Review, November 1998.

ઊંચા પ્રમાણમાં હોય છે.'

બુદ્ધિ અને લાગણીનો આ દુર્લભ સમન્વય કુશળ અને કોમળ સ્વામીશ્રીમાં હંમેશા જોવા મળતો.

ન્યૂયોર્કમાં પુનઃ પ્રતિષ્ઠા

ન્યૂયોર્કની શેરીઓ ગજવતી નગરયાત્રા લગભગ અઢી કલાક સુધી ચાલી. બે હજાર જેટલા હરિભક્તોની ભક્તિનાં પૂર શહેરની ગલી-ગલીએ ફરી વળ્યાં. નગરયાત્રા મંદિરના દરવાજે આવી ત્યારે આ પૂરમાં આનંદના લોઢ તો એવા ઊછળ્યા કે તેણે આખેઆખા સ્વામીશ્રીને જ ઊંચકી લીધા. સૌ યુવકો તેઓને પોતાના ખભા પર ઊંચકીને મંદિર સુધી લઈ આવ્યા !

અહીં તા. ૨૮/૮નો દિવસ બળેવ, નવા મંદિરની પ્રતિષ્ઠા અને યજ્ઞોપવીત-પરિવર્તનનો હતો. સવારના પવિત્ર વાતાવરણમાં સ્વામીશ્રીએ આ ત્રણેયનાં વિધિ-વિધાન આટોપ્યાં. તેમાં પ્રથમ તેઓએ બળેવ નિમિત્તે ભૂદેવ ભક્તોને યજ્ઞોપવીત-પરિવર્તનનો વિધિ કરાવ્યો. જનોઈવિધિ પછી ઉપસ્થિત દરેકને તેઓએ હાથે રાખડી બાંધી. લગભગ બે કલાક સુધી આ વિધિ ચાલ્યો.

અંતે અગિયાર વાગ્યે પ્રતિષ્ઠા આરંભાઈ. સૌના હર્ષોલ્લાસ વચ્ચે સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા. તે પછી મંદિરના વિશાળ હૉલમાં જ ભરાયેલી સભામાં ભારતીય ઉચ્ચાયોગના પ્રતિનિધિ, ડૅમોક્રેટિક પાર્ટીના સ્થાનિક અગ્રણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. ન્યૂયોર્ક ટાઇમ્સ, ન્યૂયોર્ક પોસ્ટ જેવાં પ્રતિષ્ઠિત અખબારો અને ટી.વી. વિભાગે પણ બે દિવસના આ સમારોહનું પ્રસારણ કરી ધન્યતા અનુભવી.

પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રીનો આખો દિવસ ભક્તોને મળવામાં જ વીત્યો. છેવટે રાત્રે તેઓ આરામમાં જવા ઊભા થયા ત્યારે એક યુવક હાથમાં રાખડી લઈ દોડતો-દોડતો તેઓ પાસે આવી પહોંચ્યો. દિવસ આખો સેવામાં પ્રવૃત્ત હોવાને કારણે તે સ્વામીશ્રીના હાથે રાખડી બંધાવવાના લાભથી વંચિત રહી ગયેલો. રાત્રે ૧૧:૫૫ વાગ્યે તેને રક્ષા બાંધી સ્વામીશ્રી બાર વાગ્યે આરામમાં પધાર્યા ત્યારે તેઓના સ્નેહબંધનમાં જકડાયા વિનાનું કોઈ બાકી રહ્યું નહોતું ! પ્રતિષ્ઠાની પ્રવૃત્તિમાં પણ આજે એક હજારથી વધુ ભક્તોના હાથે રાખડી બાંધીને પોઢેલા સ્વામીશ્રીનો પ્રેમ અને પરિશ્રમ કોઈનીયે કલ્પનાની પકડમાં ન આવ્યા.

ચારેય વેદનું મંત્રગાન

પ્રતિષ્ઠા બાદ બહારગામથી આવેલો ભક્તસમુદાય વેરાઈ જતાં સ્વામીશ્રીએ ન્યૂયોર્કની આસપાસના ક્વિન્સ, સ્ટેટન આઈલેન્ડ, લોંગ આઈલેન્ડ, બ્રુકલીન વગેરે વિસ્તારોમાં પધરામણીઓ શરૂ કરી દીધી. તે ક્રમમાં તા. ૨૯/૮ના રોજ મેનહટનના એક ઘેર પધારેલા તેઓ સમક્ષ કોઈ 'Life and history of the dog' નામનું કૂતરા વિષયક સચિત્ર અને સંશોધનાત્મક પુસ્તક લઈ આવ્યું. પણ તેની પર દૃષ્ટિ સુધ્ધાં ન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે ને! ભગવાન ભજવાના મૂકીને આવું કરે છે!'

ભગવાનના સંબંધ વગરની કોઈ પણ વસ્તુ કે વાત તેઓને મન નરી બાધાઈ હતી.

આ મર્મ સમજાવવા સ્વામીશ્રીએ તા. ૩૧/૮ની સવારે ભક્તોને 'વચનામૃત'(કા. ૬)નો ઘૂંટડો પિવડાવ્યો કે "ભગવાનની પ્રસન્નતાનું મુખ્ય કારણ અંતરનો ભાવ જોઈએ. આપણે ઉપરથી ભાવ દેખાડીએ તો ભગવાન પણ ઉપરનો રાજીપો બતાવે. ભગવાન સમજે છે કે 'આ મને છેતરવા આવ્યો છે.' ભગવાન છેતરાતા નથી, આપણે છેતરાઈએ છીએ. એક છોકરો જોડાંનું માપ આપવા ગયો. તેણે પગ વાળીને ભાવ ઓછો કરાવ્યો ને મનમાં રાજી થયો કે 'માપ નાનું આપી ભાવ ઓછો કરાવ્યો તે મોચીને છેતર્યો.' પણ ખરેખર તો તે છેતરાયો. કારણ જોડાં પહેરશે ત્યારે કઠશે. માટે જે કંઈ કરવું તે સાચા ભાવથી કરવું, કપટ ન રાખવું. તો ભગવાન ભજવાનું દિવ્ય સુખ આવે. કપટ હોય ત્યાં સુધી ઉદ્વેગ-અશાંતિ રહ્યાં કરે."

સ્વામીશ્રીએ ભરાવેલી આ ભંભલી સાથે સૌ પોતપોતાની નોકરીએ ઊપડ્યા અને સ્વામીશ્રી પણ પધરામણીની નોકરીએ નીકળ્યા. કર્મચારીને નોકરીમાં જેટલો ખટકો ન હોય તેટલો સ્વામીશ્રીને પધરામણીનો આલોચ રહેતો. આજે પણ દૂર-દૂરના વિસ્તારો તેઓ ઘૂમવા માંડ્યા. આ સમયે ભેગા ભમતા બાળક યજ્ઞેશને બ્રુકલીનના એક ઘેર સ્વામીશ્રીએ કહ્યું: 'તું બ્રાહ્મણ છે તો શ્લોક બોલ.'

પરંતુ એ બાળકે શ્લોકને બદલે *'જય અક્ષરપતિ પુરુષોત્તમ, જય જય સ્વામી સહજાનંદ...'* ધૂન લલકારી. તે સાંભળતાં જ સ્વામીશ્રી ઉમળકાભેર બોલ્યા: 'વાહ, ચારેય વેદના મંત્ર બોલી ગયો મારા ભ'ઈ!'

'શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મ...' પર સ્વામીશ્રીએ મહોર મારી આપી.

આપણે અક્ષરધામનો રસ્તો લેવો

અમેરિકાના વિચરણમાં સૌને પ્રાતઃપૂજા બાદ કથામૃત પિવરાવી સ્વામીશ્રી અલ્પાહાર ગ્રહણ કરતા. તે પછી તરત જ પધરામણી માટે તૈયાર થઈ જતા. કાર્યકર્તાઓ હજુ તો વ્યવસ્થામાં ગૂંચાતા હોય ત્યાં તો સ્વામીશ્રી બહાર આવી ઊભા રહે. એ સમય દરમ્યાન જ કોઈને મળવું, કોઈને પૂછવું, કોઈના મનનું સમાધાન કરી આપવું – એમ અનેક પ્રવૃત્તિઓ ચાલતી હોય. તેથી સ્વામીશ્રી સાથે એક સેવક તો અખંડ ઊભા જ રાખવા પડે. ગમે તે ક્ષણે કોઈને વર્તમાન ધરાવવાં હોય, કંઠી પહેરાવવી હોય, કોઈને મૂર્તિ આપવી હોય, કોઈને પ્રસાદીનાં પુષ્પ આપવાં હોય વગેરે વિધિ ચાલુ જ હોય. હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, સભામાં – દરેક ક્ષણે ભગવાન ભજવા અને ભજાવવાનું અખંડ તાન એમના રોમરોમમાં જણાતું. ક્ષણનો પણ વિરામ નહીં.

આવી અલૌકિક જીવનશૈલી સાથે તા. ૧/૯ના રોજ કનેક્ટીકટ જવા નીકળેલા સ્વામીશ્રી, જ્યોર્જ વોશિંગ્ટન બ્રિજ પછીનો એક નિકાસમાર્ગ(exit) ચૂકી જવાતાં ૩૨ કિ.મી. આગળ નીકળી ગયા. તેથી પાછા મૂળ સ્થાને આવતાં ૬૪ કિ.મી.નો ચકરાવો થયો. જ્યાં પધરામણીએ જવાનું હતું તે ડોબ્સફેરીના હરિભક્તોને આવવામાં પણ વિલંબ થતાં ટેક્સાકો પેટ્રોલપંપે લગભગ એક કલાક સુધી સ્વામીશ્રીને પ્રતીક્ષા કરતાં ઊભા રહેવું પડ્યું. તેથી સૌ સહપ્રવાસીઓ અકળાયા, પરંતુ સ્વામીશ્રી નિશ્ચલ હતા. તેઓ તો સમય મળતાં જ પત્રો લખવા બેસી ગયા.

તે વખતે એક હરિભક્તે કહ્યું : 'બાપા ! અહીંના રસ્તાઓ ભૂલા પડાય એવા. ભોમિયા વગર નકામું. હું અહીં રહું છું તોય ભૂલો પડી જાઉં છું.'

આ સાંભળી સ્વામીશ્રીએ સામે ઊભેલા તેઓના દીકરા તુષારને કહ્યું : 'સાંભળ્યું ? અમેરિકાના રસ્તાઓ તો ભૂલા પડાય એવા છે, પણ આપણે અક્ષરધામનો રસ્તો લેવો. એમાં ભૂલા પડાય એવું નથી.'

અક્ષરધામના ભોમિયા અક્ષરની વાટ વિના બીજું બતાવે પણ શું !

હરિભક્તો આવી પહોંચતાં સ્વામીશ્રી નીકળ્યા અને પહેલી પધરામણીના સ્થળે પધાર્યા ત્યારે બપોરનો એક વાગી ચૂકેલો. અહીંથી ઓર્ડસ્લે અને

ઓસનિંગમાં એક-એક પધરામણી કરી ૬૪ કિ.મી. દૂર સ્ટ્રેટફર્ડ પહોંચ્યા. ત્યાંથી ન્યૂ હેવનમાં 'રિપ વાન વિંકલ' મોટેલમાં બપોરનું ભોજન લેવા સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે સમય થયેલો સાંજના પોણા પાંચ વાગ્યાનો! ભક્તો પ્રત્યેનાં તેઓનાં પ્રેમ અને કરુણાએ આજે ભીડા-ભક્તિનો નવો વિક્રમ નોંધાવી દીધો!

આટલી વાત સમજી રાખો

સાંજના પોણા પાંચ વાગ્યે બપોરનું ભોજન લઈ રહેલા સ્વામીશ્રીના દર્શન કરતાં સૌનાં હૈયાં દ્રવી રહેલાં. પરંતુ તે હૈયાં ધબકાર ચૂકી જાય એવી ઘટના તો બની ભોજન પછી.

સ્વામીશ્રી ઠાકોરજી જમાડીને પરવાર્યા ત્યારે સાંજના સવા પાંચ વાગ્યા હતા. આ સમયે તેઓ ૬૧ ક્રમાંકના પોતાના ઓરડામાં પધાર્યા અને અન્ય સંતો વિવિધ સેવાઓમાં પરોવાયા. જો કે, ઓરડામાં ગયેલા સ્વામીશ્રી આરામ ન ફરમાવતાં ટેબલ લેમ્પના આછા અજવાળે બેઠા. એટલામાં એક સંત કંઈક કામ માટે તેઓના ઓરડામાં પ્રવેશ્યા. તેઓએ સ્વામીશ્રીને બેઠેલા જોઈ પૂછ્યું: 'બાપા! આરામ નથી કરવો?'

'હજી બપોરની કથા બાકી છે.' કથામાં જ આરામ હોય તેમ સ્વામીશ્રી બોલ્યા.

તે વખતે ચાતુર્માસના વિશેષ વાંચનમાં તેઓ બપોરે વચનામૃતનો સળંગ પાઠ કરાવતા. તેથી તેઓએ પેલા સંત પાસે સાંજે સવા પાંચ વાગ્યે ભોજન પછીની નિયમની કથા વંચાવી. આહ્નિકની આ અવિચળ ટેક જોઈ સૌ સંતો સ્વામીશ્રીને નમી પડ્યા. ત્યારે તેઓએ કહ્યું: 'આટલી વાત સમજી રાખો. મોડું થાય પણ કથા ને ચેષ્ટા – બે ક્યારેય ગૌણ ન કરવા. સમય કાઢી કરી જ લેવું.'

કથા બાદ અડધા કલાકનો વિશ્રામ લઈ સ્વામીશ્રી ન્યૂયોર્ક પરત આવવા નીકળતા હતા, તે વખતે એક સંતે જલપાન માટે તેઓ સમક્ષ પ્યાલો ધર્યો. તેને જોતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'પ્યાલો ઠાકોરજીનો નથી ને?'

'ના. આ આપના માટે જ છે. અલગથી રાખ્યો છે.'

આ ખુલાસો થયા પછી જ સ્વામીશ્રીએ પાણીનો ઘૂંટડો ગળા હેઠે ઉતાર્યો.

આ રીતે પળે-પળે ભગવાનની મર્યાદા સાચવતા તેઓ ન્યૂ હેવનથી

એશાયર થઈને ન્યૂયોર્ક આવી ગયા ત્યારે એ એક દિવસમાં ૪૨૫ કિ.મી.ની મુસાફરી થઈ ચૂકેલી.

જેને ભાવ ઘણો પ્રભુમાંઈ

સ્વામીશ્રીનો જન્મોત્સવ અમેરિકાના ભર શિયાળામાં આવતો હોવાથી તે સમયે સ્વામીશ્રીની ઉપસ્થિતિ આ દેશમાં શક્ય બને એમ નહોતી. તેથી અહીંના સત્સંગીઓએ તા. ૪/૯ના રોજ ગુરુહરિ જયંતી ઊજવવાનો નિર્ધાર કરેલો. આ નિમિત્તે સવારના સત્રમાં ભવ્ય મહાપૂજા યોજવામાં આવી. તેમાં ૩૦૦ યજમાનો ઉમંગભેર જોડાયા. સ્વામીશ્રી પણ પ્રારંભથી જ મહાપૂજામાં બિરાજી ગયા. ભગવાનને ષોડશોપચાર પૂજનથી વધાવવાનો ઉત્સાહ તેઓને ખૂબ રહેતો.

આ સમયે સામાન્ય રીતે મહાપૂજામાં શ્રીજીમહારાજનાં ૧૦૮ નામની જનમંગલ નામાવલિનો પાઠ કરવામાં આવતો. પરંતુ અમેરિકાના ભક્તોની ભાવના જોઈ સ્વામીશ્રી પોરસાયા હોય તેમ તેઓએ આજે વિધિ કરાવનાર સંતોને આજ્ઞા કરી : 'સર્વમંગલ નામાવલિનો પાઠ કરો.' તેથી શ્રીજીમહારાજનાં એક હજાર નામનો મંગલકારી ઉદ્‌ઘોષ થઈ રહ્યો.

આ સ્તોત્રપાઠ પછી થાળગાન શરૂ થયું. ઠાકોરજી સમક્ષ સુંદર વાનગીઓની સાથે તજ, એલાયચી, લવિંગ, વરિયાળી વગેરે તાંબૂલદ્રવ્યો પણ મૂકવામાં આવ્યાં. તે જોઈ સ્વામીશ્રીએ એક સંતને સૂચના આપી કે 'થાળમાં એલાયચી છે તે ફોલીને મૂકો.'

મહાપૂજાવિધિમાં 'યથા દેહે તથા દેવે'નું ઉચ્ચારણ સૌએ કરેલું, પણ તે મુજબ આચરણ સ્વામીશ્રીએ કરી બતાવ્યું. ભગવાનને પ્રત્યક્ષભાવે ભજતા તેઓ સ્વશરીરથી વિશેષ સંભાવના ઠાકોરજીની રાખતા.

ગુરુજયંતી નિમિત્તે લગભગ સવા બે કલાક સુધી ચાલેલી આ મહાપૂજા દરમ્યાન સ્વામીશ્રી પલાંઠી વાળીને ટટ્ટાર બેસી રહેલા. તેથી વિધિ પૂરો થયો એટલે સંતોએ કહ્યું : 'બાપા ! આપ સભાના આસન પર ટેકો દઈને બેસો. કેડ દુઃખતી હશે ને !'

'એ તો ભમરો તોલમાં આવ્યો છે. હવે ચૂં કરે કે ચા કરે, ચાલે તેમ નથી.' હળવું હસતાં સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે એક સંતે પણ રમૂજ કરતાં જણાવ્યું : 'સ્વામી ! એ તો આપે આ

બધાયની જવાબદારી લીધી ત્યારે આ બધો ભીડો પડે છે ને ! ના લીધી હોત તો !'

'આપણે ક્યાં જવાબદારી લીધી છે! શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ સેવા આપી ગયા તે કરીએ છીએ. આપણે ક્યાં એકલા છીએ!' સ્વામીશ્રી તરત બોલ્યા. પછી કહ્યું: 'તમારા જેવા સંતો છે એટલે વાંધો નહીં આવે. કામ થયે જશે.'

પોતા પર એક પણ છાંટો ન ઊડે એ રીતે સ્વામીશ્રીએ ગુરુ અને શિષ્યો પર યશવર્ષા વરસાવી દીધી.

આ જોઈ આજના શુભ અવસરે ઉપસ્થિત વિખ્યાત ભાગવત રસજ્ઞ શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીએ કહ્યું કે 'યોગીજીની અભિવ્યક્તિ આજે પ્રમુખસ્વામી મહારાજ છે. ઠાકોરજીની અનંત અનુકંપાનું મૂર્તિમંત સ્વરૂપ સ્વામીશ્રી માટે એટલું જ માંગીએ કે અમારા દીકરાઓ સો સો વર્ષનાં થાય ત્યાં સુધી પ્રમુખસ્વામી એમને કંઠી પહેરાવે ને વર્તમાન ધરાવે...' શાસ્ત્રીજીની આ ભાવનાને સૌએ પ્રચંડ તાલીનાદથી વધાવી લીધી.

પરમ દયાળ કહાને હૈ

સ્વામીશ્રીની આજની જન્મજયંતી નિમિત્તે વિશિષ્ટ સેવા અર્પણ કરવા ભક્તોએ યથાશક્તિ સમર્પણ દ્વારા સુવર્ણ એકત્રિત કરેલું. તેની જાહેરાત કરતાં કે. સી. પટેલે કહ્યું: 'અમેરિકા મંડળ ૫૭ ઔંસ સુવર્ણ સ્વામીશ્રીને અર્પણ કરે છે.'

'ઠાકોરજીને અર્પણ કરીએ છીએ – એમ બોલો.' સ્વામીશ્રીએ અધવચ્ચે જ સુધરાવ્યું.

ઠાકોરજીની મર્યાદા અને સત્સંગની પ્રણાલી તેઓ પળે પળે સાચવતા.

આ રીતે ઊજવાતી આ ગુરુજયંતી નિમિત્તે અદ્‌ભુત અન્નકૂટ અને સમૂહ આરતીના અર્ઘ્ય બાદ સ્વામીશ્રી ભક્તોના ભોજનની વ્યવસ્થા જોવા રસોડામાં પધાર્યા. અહીં મિષ્ટાન્નરૂપે બનાવેલી ઘારી સૌને પીરસી આ ઉત્સવનું મીઠું સમાપન કરતાં તેઓ ઉતારે આવ્યા.

અહીં રાત્રે લગભગ સાડા દસ વાગ્યાના સુમારે એક હરિભક્તે આવી વિનંતી કરી: 'બાપા! આપે સૌને ઘારી પીરસી, પણ સ્વયંસેવકોને પ્રસાદ પીરસવાનો બાકી રહી ગયો છે. તો આપ મંદિરે પધારો.'

આ વિગત સાંભળતાં જ સ્વામીશ્રીએ તત્ક્ષણ કલમ-કાગળ એક કોરે

મૂકી દીધાં અને માથે પાઘ પહેરી મંદિરે જઈ પહોંચ્યા. અહીં સર્વે સ્વયંસેવકોને પંગતમાં ફરી-ફરી ઘારી પીરસી તૃપ્ત કર્યા. કેવી સરળતા ! કેટલી દયા !

કથા-સેવાનાં પારણાં

તા. ૫/૯ના રોજ જન્માષ્ટમીના દિવસે સવારની કથા બાદ સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરી દ્વારા અને ગઢડા પ્રથમ પ્રકરણનું બારમું વચનામૃત સમજાવી યુવાનોની જ્ઞાનતૃષા સંતોષી. નિર્જળા ઉપવાસ હોવા છતાં કેટલાયને અંગત મુલાકાતો આપી. સાંજના પાંચ વાગ્યા સુધી એકધારો આ કાર્યક્રમ ચાલ્યો. તે પછી એક પધરામણીએ ગયેલા સ્વામીશ્રીએ ચાર માળ ચઢી હરિભક્તને સંતોષ આપ્યો. ત્યારબાદ રાત્રે સાડા નવ વાગ્યાથી સાડા બાર વાગ્યા સુધી કીર્તન આરાધના અને કૃષ્ણ-જન્મોત્સવની સભામાં બિરાજ્યા. અંતે પાંચસો ભક્તોને વ્યક્તિગત મળી રાત્રે એક વાગ્યે તેઓ આરામમાં પધાર્યા.

છતાં બીજે દિવસે સવારે પ્રાતઃપૂજા બાદ એ જ આસન પર થોડું જળપાન કરી સ્વામીશ્રી કથારસ રેલાવવા લાગ્યા. તે સમયે તેઓ ખરેખર *'ઊર્મિ ભાગી અંતરે, લાગી સહજ સમાધિ'* જેવા દર્શાઈ રહ્યા. ગઈકાલના દિવસનો તેઓનો શ્રમ અને ઉપવાસ જોતાં, શરીર જરૂરથી બને એટલો વહેલો આહાર માંગે જ, પરંતુ ભૂખની ઊર્મિથી રહિત હોય તેમ તેઓ કથા કરવા મંડી પડ્યા.

કથા બાદ સ્વામીશ્રી રસોડામાં પધાર્યા ત્યારે ત્યાં બધું અસ્તવ્યસ્ત પડેલું. હરિભક્તોને પારણાં માટે બેસાડવાની કોઈ વ્યવસ્થા થઈ નહોતી. તે જોઈ સ્વામીશ્રી જાતે જ બધું ઊંચકીને ગોઠવવા લાગ્યા. થોડી વારમાં અન્ય સૌ આવી ગયા અને વ્યવસ્થા કરવા માંડ્યા, પણ ત્યાં સુધીમાં તો સ્વામીશ્રી ઘણી સેવા કરી ચૂકેલા. પારણાં માટે મોંમાં અન્નનો દાણો મૂક્યા પહેલાં તેઓ કથા-સેવાનાં પારણાં કરી કોઈ પરમ તૃપ્તિના ઓડકાર ખાઈ રહેલા.

સ્મૃતિ-સમાધિનાં સુખ

તા. ૬/૯ના રોજ ન્યૂયોર્કનો કાર્યક્રમ પૂર્ણ કરી સ્વામીશ્રી મેસેચ્યુસેટ્સ રાજ્યમાં આવી પહોંચ્યા. શિક્ષણ અને ઉદ્યોગોમાં મોખરે રહેલું આ રાજ્ય અમેરિકન ક્રાંતિનું છડીદાર ગણાય. ત્યાં આધ્યાત્મિક ક્રાંતિની હવા ફૂંકવા સ્વામીશ્રી પધાર્યા ત્યારે પ્રથમ મુકામ હોલી-ઓકમાં કર્યો.

અહીં કિરણભાઈ પટેલે ભોજનની સગવડ તૈયાર રાખેલી. સાથે-સાથે

એપાર્ટમેન્ટ્સના કોમ્યુનિટી સેન્ટરનો તરણહોજ પણ તેઓએ આજની બપોરે આરક્ષિત કરી રાખેલો. તેમાં સૌની વિનંતીથી સ્વામીશ્રીએ તરણલીલાનો લાભ આપ્યો. પાણી ઠંડું હોવા છતાં લગભગ પોણો કલાક સુધી ડૂબકી ખાઈને, પદ્માસન વાળીને, પાણીમાં ચત્તા સૂઈને – એમ વિધવિધ રીતે જળક્રીડા કરી સૌને સુખ આપ્યું. આ સમયે પોતાના બાલ્યકાળની સ્મૃતિઓમાં સૌને ઝબકોળતાં સ્વામીશ્રીએ કહ્યું કે –

"પહેલાં હું પાણીમાં ખૂબ ઊંડે સુધી જઈ શકતો. પાણી સારી રીતે કાપી શકતો. લોકોના તાંબાના ઘડા કૂવામાં પડી જાય તો ઠેઠ તળિયેથી કાઢી લાવતો. કોઈનો ઘડો પડી ગયો હોય તો મને બોલાવતા. ચોમાસામાં ગામના તળાવમાં પાણી ભરાય ત્યારે ગામજનો નાળિયેર ફેંકી વધામણી કરે. તે લેવા હરીફાઈ થતી. તેમાં હું લઈ આવતો. ભાદરણમાં ભણતો ત્યારે અંબારામ ભગત ભાગોળના તળાવે ન્હાવા લઈ જતા. તે વખતે અમે ડૂબકી મારીને ક્યાંય નીકળતા. તે પછી અંબારામ ભગત કહે: 'તમે બધા દૂર નીકળી જાઓ છો એટલે હવેથી તમને નહીં લઈ જાઉં.' હું તેર-ચૌદ વર્ષનો હતો ત્યારે દોસ્તારો ભેગો બે ભેંસો હતી તે ચરાવા જતો. ત્યાં ભાગોળ આગળથી નદી પસાર થતી હતી. તેમાં કેડ સમું પાણી રહેતું. તે ત્યાં તરતાં શીખ્યો."

શૈશવની સ્નાનલીલાનાં આ સ્મૃતિસલિલ ઉડાડી સ્વામીશ્રીએ સૌને ખૂબ આનંદ કરાવ્યો. સ્નાન બાદ ધોતિયું ધારણ કરતી વખતે પણ પુરાણી સ્મૃતિઓ ઉછાળી કે "સારંગપુરમાં દરવાજાનું કામ ચાલે ત્યારે પાલખ ઉપર આમ-તેમ, ઉપર-નીચે દોડીને બધી વસ્તુઓ પહોંચાડું. શરીરનું બેલેન્સ બહુ રહે. બીજાને થાય કે 'હમણાં પડશે.' તે બૂમો મારે પણ હું જરાય ગભરાઉં નહીં. હવે શરીર વધી ગયું એટલે તેમ થાય નહીં અને બહુ તરાય નહીં."

સ્વામીશ્રી એવી અદલ રીતે સ્મૃતિઓ કરાવતા ગયા કે સૌ હજારો માઈલ દૂર ચાણસદ અને સારંગપુરમાં પહોંચી ગયાનો અનુભવ કરી રહ્યા. સંતનાં ચરિત્રોની સ્મૃતિ સ્થળ-કાળ ભુલાવી દે છે, તે સૌએ પ્રત્યક્ષ અનુભવ્યું.

એક અને અદ્વિતીય ડંકો

હોલી-ઑકથી નીકળેલા સ્વામીશ્રી બોસ્ટન પહોંચ્યા ત્યારે સાંજના સાડા છ વાગી ચૂકેલા. ચાર્લ્સ નદીના કિનારે વસેલા આ નગરની ઝળહળતી બહુમાળી ઈમારતોના પ્રતિબિંબ ઝીલીને નદીનાં નીર નગરને વધુ ઝળહળતું

બનાવતા હતા. અહીંના હરિભક્તોએ વિશ્વની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના સભાગૃહમાં સ્વામીશ્રીની જાહેર-સભા યોજી હતી. આ સભામાં આશીર્વાદ આપી, સ્વામીશ્રી રાત્રે પોણા બાર વાગ્યે ઉતારે પધાર્યા.

આજે આખો દિવસ પ્રવાસમાં વીતેલો. ૪૦૦ કિ.મી.ની આ મુસાફરીમાં બપોરે આરામનો સમય પણ કચરાઈ ગયેલો. ત્રણ કલાક સુધી ચાલેલી રાત્રિસભા રાત્રિભોજનને ચાવી ગઈ હતી. તેથી જ તો સ્વામીશ્રીએ પોણા બાર વાગ્યે પ્રદીપભાઈના ઘેર ઉતારે પધારીને ફક્ત ઉકાળા-પાણી જ પીધાં. સાથેના સંતોની આંખો તો થાક-ભૂખને કારણે ક્યારનીયે ઘેરાવા માંડેલી. તે સૌ સ્વામીશ્રી પોઢે તેની જ પ્રતીક્ષામાં હતા. સ્વામીશ્રી પણ આરામમાં જવા માટે પલંગ પર તો બિરાજી ગયેલા. ખોળામાં લીધેલું બ્લેન્કેટ ઓઢીને સૂએ એટલી જ વાર હતી. પણ ત્યાં એક હરિભક્ત આવી ચડ્યા અને તેઓએ જે વાત કરી તે સાંભળતાં સૌની ઊંઘ ઊડી ગઈ. મધરાતે બાર વાગ્યે એ ભાવિક સ્વામીશ્રીને પોતાને ઘેર પધરામણીએ આવવાની વિનંતી કરી રહેલા !

તેઓની અરજી સાંભળતાં જ સંતોએ કહ્યું : 'આજે સ્વામીશ્રી ખૂબ થાક્યા છે. વળી, મોડું પણ ઘણું થઈ ગયું છે. માટે કાલે તમારે ત્યાં પધરામણીએ આવીએ.'

'પણ કાલે મારે એક ઑપરેશનની એપોઇન્ટમેન્ટ છે. તેથી ફાવે તેમ નથી.' એ ડૉક્ટરે જણાવ્યું.

તેઓની આ વિગત સાંભળતાં સ્વામીશ્રી પધરામણીએ જવા તૈયાર થઈ ગયા. ખોળામાં લીધેલો ધાબળો હડસેલી મસ્તકે પાઘ ધારણ કરી. એક સંતને પોતાની સાથે લઈ પધરામણીએ નીકળતાં તેઓ અન્ય સંતોને સૂઈ જવાની ભલામણ કરવાનું ચૂક્યા નહીં !

આર્લિંગ્ટનની એ પધરામણીથી પરત ફરી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે ઘડિયાળમાં રાત્રિના દોઢ વાગ્યાનો ડંકો પડ્યો. હકીકતે એ ડંકો વાગ્યો સ્વામીશ્રીની સરળતાનો, તેઓની ભક્તવત્સલતાનો, તેઓની ભીડાભક્તિનો !

દોઢ વાગ્યે બજેલો એ એક ડંકો અદ્વિતીય પણ બની રહ્યો છે.

નિદ્રાજિત વિભૂતિ

ગઈકાલે રાત્રે દોઢ વાગ્યે પોઢ્યા હોવા છતાં તા. ૭/૯ની સવારે

સમયસર જાગીને પરવારેલા સ્વામીશ્રી પધરામણીએ નીકળી પડ્યા. સવારના ચાર કલાકમાં વોલ્થામ, બર્લિંગ્ટન, લોવેલ અને ન્યૂહેમ્પશાયરમાં એક-એક પધરામણી કરીને તેઓ બપોરે ઉતારે પધાર્યા ત્યારે જ ૨૦૦ કિ.મી.નું વિચરણ થઈ ચૂકેલું.

છતાં બપોરે ભોજન બાદ તરત વિદાય લઈ તેઓએ ૪૮૦ કિ.મી.ની લાંબી મુસાફરી કરી સાંજે સાત વાગ્યે અમેરિકાના વધુ એક નગર યુટિકાને પાવન કર્યું.

સ્વામીશ્રીનું આ વિદેશ-વિચરણ એવું ભરચક રહેતું કે સહ-પ્રવાસીઓની ઊંઘ તો પૂરી થતી જ નહીં. તેથી તેઓ આવી લાંબી મુસાફરીમાં બાકી ઊંઘની વસૂલાત કરી લેતા. આજે તે સંબંધી વાતો નીકળતાં સ્વામીશ્રી બોલ્યા: 'મારે ગમે એટલો ઉજાગરો હોય, સમૈયા-ઉત્સવમાં રાતની રાત જાગ્યા હોઈએ, પણ દિવસે સભામાં એક ઝોલું ન આવે. મુસાફરીમાં મોટરમાં પણ કોઈ દિવસ ન આવે.'

ભગવદ્‌ગીતાનું 'ગુડાકેશ'[૫૫] વિશેષણ સ્વામીશ્રીને યથાર્થ રીતે બંધ-બેસતું હતું.

નાયગ્રા અને 'નારાયણ'નું મિલન

તા. ૮/૯ના રોજ યુટિકાથી રોચેસ્ટર પધારેલા સ્વામીશ્રીએ અહીં એ.બી.સી. ટી.વી. સંસ્થાને ઈન્ટરવ્યૂનો લાભ આપી સાંજે વેબ્સ્ટરના YMC સંકુલમાં સભા કરી. ત્યારબાદ તેઓ તા. ૯/૯ના રોજ બપોરે અઢી વાગ્યે અમેરિકાની હદમાં આવેલા નાયગ્રા ધોધ પાસે આવી પહોંચ્યા. અહીં સન ૧૯૭૪માં જે વૃક્ષ નીચે તેઓએ નદીના પ્રવાહમાં ઠાકોરજીને સ્નાન કરાવેલું તે જ સ્થળે આજે પણ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવી પ્રાસાદિક જળ મસ્તકે ચડાવ્યું.

આજે તેઓની જ કૃપાથી દિવસ ઉઘાડવાળો હોવાથી, એક વૃક્ષના છાંયે બેસી સભા ભરી. નિસર્ગની સુંદરતાને સ્વામીશ્રી અહીં-તહીં લટારો મારીને નહીં, પણ એક સ્થળે બેસી કથા કરીને માણતા. આ કથા બાદ તેઓએ નાની ટ્રોલીમાં બેસી ધોધને નિહાળ્યો. તેમાં અક્ષર દેરીનાં પ્રાસાદિક પુષ્પો વેરી વિશાળ જળરાશિને પાવન કર્યો. ત્યારબાદ કેનેડામાં પ્રવેશ કરી તે તરફથી પણ

---

૫૫. ગુડાકા એટલે નિદ્રા. તેથી ગુડાકેશ એટલે નિદ્રાજિત વિભૂતિ.

જળપ્રપાતમાં પુષ્પો પધરાવતાં કલ્યાણ-ભાવના વહેતી કરી કે – 'અમેરિકા અને કેનેડા બંનેનું ભલું થાઓ.'

અહીંથી સ્વામીશ્રી 'ઓન્ટારિયો હાઈડ્રો ફ્લોરલ ક્લૉક'ના સ્થળે આવી પહોંચ્યા. બરાબર તે જ વખતે આ ઘડિયાળમાં સાડા છ વાગ્યાનો ડંકો પડ્યો. સ્વામીશ્રીના ટકોરાબંધ કામકાજની જાણે તેણે સાક્ષી પૂરી! સમય તો બધું જ જાણતો હોય ને!

અત્રે બગીચામાં પુષ્પોની વચ્ચે સ્વામીશ્રીએ સભા ભરી. અહીં ઠંડીનો ચમકારો હતો. સંધ્યા ઢળી રહેલી. ડૂબતા સૂર્યનાં રક્ત કિરણો સ્વામીશ્રીના મુખારવિંદ પર વરસી રહેતાં તેઓનું ઘઉંવર્ણું મુખારવિંદ રતૂમડું બની ગયેલું. તેમાંય સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે વેઠેલાં કષ્ટો અને તત્કાલીન સંતો-ભક્તોની શૂરવીરતા સંભળાવી ગુરુગરિમાનો ગુલાલ ઉડાડી રહેલા. તેથી તેઓનું વદન વધુ ગુલાબી બની રહ્યું. સવા કલાક સુધી સ્વામીશ્રીએ એવો અદ્ભુત કથાપ્રવાહ વહેવડાવ્યો કે તેમાં ડૂબેલા સૌ નાયગ્રા ભૂલી ગયા!

અહીંથી 'વ્હર્લ પોઇન્ટ'ને પ્રસાદીભૂત કરતાં સ્વામીશ્રી ટૉરોન્ટોમાં ભગવાનજીભાઈના ઘેર આવી રાત્રે બાર વાગ્યે પોઢ્યા, ત્યારે આજની નિર્જળા એકાદશી તેઓની સાથે રહેવાનું મળવાથી *'અતિ આનંદ થયો છે મારા અંગમાં રે...'* ગાતી ગાતી વિદાય થઈ.

વૈરાગ્યે નિશ્ચલ મન

તા. ૧૦/૯ની બપોરે સાડા ત્રણ વાગ્યે ટૉરોન્ટોના ડાઉનટાઉનમાં આવેલા ક્વિન્સ પાર્ક મુકામે સ્વામીશ્રી પધારતાં જ અહીંથી ન્યૂ સિટી હૉલના નેથન ફિલિપ્સ સ્ક્વેર સુધી તેઓની ભવ્ય નગરયાત્રા યોજાઈ રહી. તેને નીરખવા માટે રસ્તાઓ પરથી પસાર થતા દરેક વાહનની બ્રેક દબાઈ ગઈ. 'સ્વામિનારાયણ'ના ઉદ્ઘોષથી વાતાવરણ દિવ્ય બની ગયું. આ નગરયાત્રા ફૂલ-ફુવારાથી શોભતા ચોકમાં સભાના રૂપમાં ફેરવાઈ જતાં સ્વામીશ્રી મોબાઇલ મંચ પર સુશોભિત આસનમાં બિરાજ્યા. અહીં વિવિધ સમાજના અગ્રણીઓએ હારતોરા પહેરાવી તેઓને સત્કાર્યા.

આ સન્માન સ્વીકારી તા. ૧૧/૯ની પ્રાતઃકથામાં નિશ્ચયનો થાંભલો મજબૂત કરાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભડકો દેખાય કે ન દેખાય, ચમત્કાર દેખાય કે ન દેખાય પણ ભગવાન એ ભગવાન. નિષ્કામાદિક પંચવર્તમાને

યુક્ત, પરમાત્મામાં તલ્લીન રહીને જીવમાંથી આસુરી ભાવ કાઢી નાંખવો એ સંતનું લક્ષણ. આપણો નિશ્ચય-રંગ બીજાને લગાડીએ તો આપણે સત્સંગી સાચા, આપણો નિશ્ચય સાચો.'

આ કથા બાદ પધરામણીનાં પૈડાં પર સ્વામીશ્રીનું વિચરણ ડાઉન્સવ્યૂ વિસ્તારમાં સરકવા લાગ્યું. તે ક્રમમાં તેઓ બપોરે અરવિંદભાઈના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. અહીં ભોજન બાદ સ્વામીશ્રીએ એક સંત પાસે કાતર મંગાવી પોતાની માળાનું સરસ, મોટું ફૂમતું કાપીને સાવ નાનું કરી નાંખ્યું. તે જોઈ વિનુ ભગતે પૂછ્યું: 'આ ન કાપ્યું હોત તો શું વાંધો હતો?'

'નાનું કર્યું તો શું માળા ન ફરી શકે?' પ્રશ્ન સામે આમ પ્રતિપ્રશ્ન કરી સ્વામીશ્રીએ જવાબ આપી દીધો.

જાહોજલાલીમાં પણ તેઓનું ધ્યાન જરૂરિયાત પર જ રહેતું. તે જરૂરિયાતો પણ શક્ય એટલી સાદી પસંદ કરતા. ધોતિયાં, પાઘ, ટોપી, ચાદર, જોડાં વગેરે ફાટી જાય તો પણ બદલવાં ન દે. થોડા સમય પહેલાં જ જોડાં ફાટી ગયેલાં. તે એક હરિભક્તે જ્યારે બે-ત્રણ વાર ખૂબ આગ્રહ કર્યો ત્યારે લાંબા સમયે બદલાવ્યાં. આમ, આ દૂર દેશમાં તેઓને માનવા-પૂજવાવાળા મળે તોપણ અત્યંત દાસભાવે રહી, સાધુના ધર્મ-નિયમ સાચવી સ્વામીશ્રી વિચરતા.

ખૂબ સરસ (Very interesting)

તા. ૧૨/૯ના રોજ હરિભક્તોના અતિ આગ્રહથી તત્કાલીન દુનિયાના ઊંચામાં ઊંચા સી. એન. ટાવરને પાવન કરવા પધારેલા સ્વામીશ્રીએ, અહીંથી ટોરોન્ટો શહેર અને ઓન્ટારિયો સરોવર પર દૃષ્ટિ કરી કૈંક જીવોની અક્ષરવાટ વહેતી મૂકી દીધી. ત્યારબાદ આજે રાત્રે સેન્ટ ગેરાર્ડ મજેલા કેથલિક સ્કૂલમાં પારાયણ કરી, સ્વામીશ્રીએ આ દેશમાં એક નવું તીર્થસ્થાન ઉમેરી આપ્યું. આ જ રીતે તા. ૧૪/૯ના રોજ બ્રેમલીમાં પધરામણીઓ કરી બ્રેમલી રિક્રિએશન સેન્ટરમાં જ સભા ભરી.

કેનેડા દેશ ભારત કરતાં ચાર ગણો મોટો અને તત્કાલીન વસ્તી હતી માત્ર સવા બે કરોડની. તેથી વસવાટ ઘણો છૂટો-છવાયો હોય. છતાં સ્વામીશ્રી જ્યાં-જ્યાં સત્સંગી પથરાયા હોય ત્યાં પહોંચતા. દેશમાં રહેતાં સગાં-સંબંધીની ઓળખાણ કાઢી સૌને સત્સંગમાં જોડતા.

સાથે સાથે સ્થાનિક આગેવાનો સુધી પણ સ્વામીશ્રી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનો સંદેશો પહોંચાડતા. તે ક્રમમાં તા. ૧૫/૯ની સવારે તેઓ નોર્થ યોર્ક બરોના મેયર શ્રી મેલ લાસ્ટમેનને મળ્યા. ત્રણ વર્ષ પહેલાં Man of the year – વર્ષની શ્રેષ્ઠ વ્યક્તિનું બહુમાન પામેલા આ રાજદ્વારીએ, પોતાની સિટી કાઉન્સિલની કચેરીમાં સ્વામીશ્રીને પધરાવી 'મેયર્સ મૅડલ' – મેયરનો ચંદ્રક એનાયત કર્યો. આ મિલનસાર મેયરને સ્વામીશ્રીનું નિષ્કામી-નિર્લોભી જીવન તથા સાત્ત્વિક આહારશૈલી એટલી પ્રભાવિત કરી ગઈ કે તેઓ વારંવાર 'Very interesting... Very interesting...' 'ખૂબ સરસ... ખૂબ સરસ...' બોલ્યે જ જતા અને સ્વામીશ્રીને સાંભળતાં તો તેઓનો આનંદ સમાતો નહોતો. આ પરભાષી, પરધર્મી અને પરદેશી મનુષ્યનો સ્વામીશ્રી વિષેનો ગાઢ અનુરાગ જોઈ સહપ્રવાસી સંતો-ભક્તો પણ બોલી રહ્યા: 'Very interesting... Very interesting...'

જો કે, આ અનુભૂતિ સ્વામીશ્રીના યોગમાં આવનારા સૌની રહેતી.

સત્સંગના ભીડામાં સ્વભાવ ઘસાય

તા. ૧૫/૯થી લંડન અને કિચનરમાં લાભ આપવા પધારેલા સ્વામીશ્રીએ ત્યાંથી પુનઃ ટોરોન્ટો આવી, તા. ૧૮/૯ની સવારે કથાવાર્તાની સાંકળ જડી દેતાં કહ્યું: 'સત્સંગના ભીડામાં સ્વભાવ ઘસાય. મહારાજની ઇચ્છા હોય એમ રહેવું. આપણા ઠરાવ મૂકવા. મનમુખી નહીં, ગુરુમુખી થવું. અવગુણ-અભાવનું મુખ્ય કારણ દેહભાવ. સત્પુરુષ જે વિચાર આપે એ બ્રહ્મસ્વરૂપ વિચાર. શાસ્ત્રીજી મહારાજ શિર સાટે ફર્યા. મંથન કરીને અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત આપ્યો.'

તા. ૧૯/૯ની સવારે પણ વચનામૃત(ગ.મ.૧૮)નું પાન કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સ્વામી-સેવકભાવ ટળી જાય એ મોટો કુસંગ. કર્મે કરીને ઉદ્ધાર થાય એવો નથી. જાણે-અજાણે અસંખ્ય પાપ થઈ જાય છે. તે કર્મથી દૂર થાય એમ નથી. ભગવાનને શરણે જઈએ તો ભગવાન કર્મ નાશ કરી દે. સ્વામીએ વાતોમાં કહ્યું – પાપીનો વાયરો. વાયરો શું? નાસ્તિકનો ગુણ આવે. 'સારા છે' એમ થાય તો પડ્યા સમજો! તેમાં ગુણ હોય જ નહીં.'

આ રીતે નાસ્તિકમત ખંડનની ઘણી વાતો કરી સૌની મતિ ચોખ્ખી કરતાં સ્વામીશ્રીને આજની પધરામણીઓમાં કેટલાક યુવાનોએ 'સ્ત્રી-પુરુષ

મર્યાદા' અને 'હિંદુ ધર્મમાં અહિંસા-બ્રહ્મચર્યને આટલું પ્રધાનપણું અપાયું છે છતાં વસ્તી કેમ વધે છે?' વગેરે પ્રશ્નો પૂછ્યા. સ્વામીશ્રીએ એના સચોટ ઉત્તરો આપી શંકાનું સમાધાન કર્યું.

ભારતીય સંસ્કૃતિ અને ધર્મસંબંધી વાતો કરતાં તેઓ ખૂબ ભાવમાં આવી જતા. કોઈ પણ પ્રકારે એનું ખંડન ખમી શકતા નહીં. પશ્ચિમની ભૌતિક સિદ્ધિઓથી અંજાઈ જઈ ક્યારેક વિદ્વાનો, સંન્યાસીઓ પણ ભારતનું ખમીર ખંખેરી નાંખે છે. પરંતુ આવા પ્રસંગોએ હિન્દુ સંસ્કૃતિની અસ્મિતા કંઈક અલૌકિક છટા સાથે સ્વામીશ્રીની પ્રતિભામાં ઉપસી આવતી.

આવી પધરામણીઓ બાદ સ્વામીશ્રી આજે બપોરે સાડા ત્રણ વાગ્યે યુનાઇટેડ ચર્ચ ઑફ કેનેડાના વિશાળ કાર્યાલયમાં પધાર્યા. કેનેડામાં આવેલા બધાં જ ચર્ચોની એક સર્વસામાન્ય આ સંસ્થા ખ્રિસ્તી ધર્મ અને બીજા ધર્મોની સંવાદિતા જાળવવાનો પ્રયત્ન કરનારી. તેના મુખ્ય અધિકારીઓના નિમંત્રણથી સ્વામીશ્રીનાં પગલાં અહીં થયાં. અત્રે તેઓની ઉદારતા, નિખાલસતા અને સૈદ્ધાંતિક સ્પષ્ટતાઓની સૌ પર ઘેરી અસર પડી.

આ બેઠક બાદ એક કેનેડિયન પરિવારમાં પધરામણી કરી સ્વામીશ્રી ઉતારે આવી પહોંચ્યા.

વડા જેવું આપણે ક્યાં છે?

તા. ૧૯/૯ની રાત્રે સંતો-ભક્તો સાથે ગોષ્ઠિ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ આજે 'યુનાઇટેડ ચર્ચ ઑફ કેનેડા'ના ધર્મગુરુઓ સાથે તેઓએ કરેલી મીટિંગની વાત નીકળી. આ બેઠકમાં એક પ્રશ્ન એવો પુછાયેલો કે 'સંસ્થાના વડા તરીકે, આધ્યાત્મિક વારસ તરીકે સ્વામીશ્રીની નિમણૂક કેવી રીતે કરવામાં આવી?'

આ પ્રશ્નનો ઉત્તર દુભાષિયાની સેવા બજાવતા હરિભક્તે આપ્યો હતો, પરંતુ અહીં એક સંતે પૂછ્યું કે 'સ્વામી! આ પ્રશ્નનો ઉત્તર સી. ટી. કાકાએ આપ્યો, પણ કદાચ આપને ઉત્તર આપવાનું કહ્યું હોય તો આપ શું ઉત્તર આપત?'

'શું આપત શું? કહેત કે અમને અમારા ગુરુની આજ્ઞા છે કે બધાનું ધ્યાન રાખવું ને કામ કરવાનું. તે કરીએ છીએ. બાકી વડા જેવું આપણે ક્યાં છે? જગતની દૃષ્ટિએ છે. બાકી આપણે તો સેવા કરવાની છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ જીવનપર્યંત પદધારી રહ્યા છતાં સેવાધારી મટ્યા નહોતા.

ધર્મમહીં પૂરા

તા. ૨૦/૯ની સવારે સ્વામીશ્રી ટોરોન્ટોની બીજી બાજુ વસેલા ઈટોબિકોક, બર્લિંગ્ટન, હેમિલ્ટનને પાવન કરતાં ડંડાસ પધાર્યા. અહીં બે દિવસનો ધર્મલાભ આપી તેઓ તા. ૨૨/૯ના રોજ કેનેડાથી વિદાય લઈ રહેલા. તેથી ભગવાનજીભાઈએ પ્રાર્થના કરી કે 'બાપા! કેનેડા મંડળને આપની સ્મૃતિ-પ્રસાદી આપો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન અને સંત હૃદયમાં રાખવા એ મોટી પ્રસાદી છે. બીજી પ્રસાદી તો પડી રહેશે.' એમ કહી આશીર્વાદ આપ્યા.

તે પછી શ્રીનરસિંહભાઈના ઘેર પારણાં કરવાં પધારેલા સ્વામીશ્રીને તે ભક્તે વિનંતી કરી કે 'બાપા! સંતો સ્ટીલની થાળીમાં જમે અને અમારાં વાસણો પ્રસાદીનાં કરે એવી આજ્ઞા આપો.'

આ વિનંતીમાં ભાવ હતો, પણ ભાન નહોતું. જે ત્રિકાળમાંય ન સંભવે એવી આ વાત પર તરત જ ચોકડી મૂકતાં સ્વામીશ્રી બોલ્યા: 'સંતોને પત્તરમાં જમવા દો અને તમને આટલો લાભ આપ્યો તે બસ છે.'

હેતના દાવે પણ ધર્મ-નિયમના પાલનમાં કોઈ ગોબો-ગાબડું પડવા ન દેનારા *'ધર્મમહીં પૂરા'* ગુરુને સૌએ ભારે હૈયે વિદાય આપી.

તેણે વર્તે છે અતિ આનંદ

ટોરોન્ટોથી નીકળેલા સ્વામીશ્રી પેન્સિલ્વેનિયાના ઍરી નજીક આવતાં અહીં ડૉ. વિનોદભાઈ તેઓની નવી જ પોન્ટીઆક ગાડી લઈને સત્કારવા તૈયાર ઊભેલા. કેનેડાથી મૂકવા આવેલી ગાડીઓ પાછી ફરવાની હોવાથી સ્વામીશ્રી તેમાંથી ઊતર્યા પણ નવી ગાડીમાં બેસતાં પહેલાં ઠાકોરજીને પ્રથમ પધરાવવાની સૂચના આપી. જ્યારે તેઓ વિનોદભાઈના ઘેર પધાર્યા ત્યારે ત્યાં ઠાકોરજી માટે ૩૯ વાનગીઓનો અન્નકૂટ તૈયાર કરવામાં આવેલો. તે જોઈ સ્વામીશ્રી સ્વયં થાળ ધરાવવા બેસી ગયા.

આશરે ૩૧૫ કિ.મી. ઉપરાંતનું અંતર કાપીને આવ્યા હોવા છતાં તેઓ ભોંય પર પલાંઠી વાળીને ટટ્ટાર મુદ્રામાં એકતાર થઈ થાળ ગાવા લાગ્યા. સંતો એક થાળ બોલ્યા બાદ સ્વામીશ્રીએ *'ગ્વાલ બાલ લાલ...'* એ મોટો થાળ શરૂ

કરાવ્યો. તે વખતે તેઓ બોલ્યા: 'યોગીબાપા થાળમાં મોડું થાય તો વધારે થાળ બોલે અને હરિકૃષ્ણ મહારાજને વધુ વાર જમાડે. માટે આપણે પણ જમાડવા પડે.'

આમ, વાતવાતમાં યોગીજી મહારાજની સ્મૃતિ કરાવતા રહેતા સ્વામીશ્રીએ તા. ૨૩/૯ના રોજ તો પોતાના વર્તનથી પણ યોગીજી મહારાજની સ્મૃતિ તાજી કરાવી દીધી.

આજનો દિવસ જળઝીલણી એકાદશીનો હોવાથી યોગીજી મહારાજની જેમ સ્વામીશ્રી પણ ખાસ કરીને બાળકો-યુવકોને નિર્જળા ઉપવાસનો ધબ્બો આપવા માંડ્યા. સાતેક વર્ષના નાના બાળકો પણ આ કૃપાલાભમાંથી બાકાત ન રહ્યા. લંડનના એક યુવકને તો બારેય મહિનાની બધી એકાદશીઓ નિર્જળા કરવાની મહેર વરસાવી દીધી. ક્લીવલેન્ડથી લાભ લેવા આવેલા હરિભક્તો સહિત નાના-મોટા સૌને આજે સ્વામીશ્રીએ નિર્જળા ઉપવાસનો ઉપહાર આપી દીધો.

ઉપવાસીઓની એક હરોળ ખડી કરીને એકાદશીના વચનામૃતનું નિરૂપણ શરૂ કરનારા તેઓ, આજે ઉપવાસનો કોઈ અવર્ણનીય આનંદ માણતા હોય તેમ કથામાં પણ ખૂબ ખીલ્યા. સૂત્રોમાં સાર સમજાવતાં તેઓ બોલ્યા: 'ભગવાનમાં વૃત્તિ એ જ અંતર્વૃત્તિ. ભગવાનમાં વૃત્તિ રહે એવું કાર્ય થાય એ જ્ઞાનયજ્ઞ. યોગીજી મહારાજ મળ્યા એ મોટામાં મોટું પદ – પરમપદ. અપૂર્ણપણું માનવું નહીં. આપણને ભગવાન સાક્ષાત્ મળ્યા. મહારાજના અખંડ ધારક સંત મળ્યા. પૂર્ણપુરુષ મળ્યા તો પૂર્ણ થવાશે...'

આ કથાપ્રસંગ દરમ્યાન જ ABC ટી.વી. સંસ્થાના ખબરપત્રીઓ 'શહેરમાં આવેલી વિશિષ્ટ વ્યક્તિ'ના નાતે સ્વામીશ્રીની મુલાકાત લેવા આવી ચડ્યા. તેઓ સ્વામીશ્રીની પ્રસન્નતાપૂર્વકની ઉપદેશમુદ્રાઓને કેમેરામાં ઝડપ્યા વિના ન રહી શક્યા. બ્રહ્મકિલ્લોલ કરતી આ નાનકડી સભા તેઓને આકર્ષી ગઈ. તેથી કથા બાદ યોજાયેલી મુલાકાતમાં તેઓએ પ્રથમ પ્રશ્ન જ આ પૂછ્યો કે 'કથાપ્રસંગના આ આનંદદાયક વાતાવરણનું શું કારણ છે?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાનના અખંડ ધારક શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે. એમના સમાગમે અને દર્શને કરીને આનંદ આવે છે.' નિર્જળા ઉપવાસમાં પણ સ્વામીશ્રીને ગુરુભક્તિનો ઓડકાર આવી ગયો.

જળમાં ઝીલે બલવીર

'આજે જળઝીલણી એકાદશી. ઠાકોરજીને જળ ઝીલાવવાં નદી-સરોવરમાં લઈ જ જવા જોઈએ.' સ્વામીશ્રીની આ ઇચ્છા અનુસાર ઍરી સરોવરમાં ઉત્સવનો કાર્યક્રમ ગોઠવાયેલો. તે મુજબ આશરે પંદર હજાર ચોરસ માઇલનો વિસ્તાર ધરાવતા આ સરોવરના દસમા ક્રમાંકિત બડની બીચ પર સ્વામીશ્રી સંતો-ભક્તોના સમૂહ સાથે આવી પહોંચ્યા. પરંતુ સુસવાટાબંધ પવનને કારણે જળવિહાર શક્ય બને એમ ન હોવાથી કિનારે જ ઠાકોરજીને પધરાવ્યા. અહીં સૌને પૂજનનો સંકલ્પ કરાવી સ્વામીશ્રી સ્વયં બે હાથે શ્રીજી-મહારાજની મૂર્તિ લઈ સરોવરમાં આગળ વધ્યા. તે સમયે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની સેવાનો આ લાભ લેવા, ઍરી સરોવરના ધીર-ગંભીર તરંગો મોજાંના રૂપમાં ઊછળતા આવ્યા અને સ્વામીશ્રીનાં ગુલાબ સમાં કોમળ કરકમળમાં બિરાજમાન હરિકૃષ્ણ મહારાજને વીંટળાઈ વળ્યા.

ધોતિયાનો છેડો ચઢાવીને જળમાં ઊભા રહેલા સ્વામીશ્રીને ભેટવા એક તરફ આમ જળપ્રવાહ ફરી વળ્યો, તો બીજી બાજુ આલિંગન આપતો પવન પણ આમ-તેમ આવી ચડેલો. આ બંને ભક્તોની ભીંસ વચ્ચે સ્વામીશ્રીએ ગાતરિયું સાચવતાં ઠાકોરજીને પ્રથમ સરોવરનાં જળથી સ્નાન કરાવી પુનઃ ગરમ પાણીથી સ્નાન કરાવ્યું. પૂજન કર્યું. પવન પુષ્કળ હોવાથી પુષ્પ વડે ચાર આરતી કરી. છેલ્લી આરતી વખતે સંતોએ પધરામણીના થેલામાંથી કાગળ કાઢીને તેનું ફીંડલું બનાવી દીવાસળી વડે જલાવ્યું. તે અગ્નિશિખાથી સ્વામીશ્રીએ આરતી ઉતારી. આ પ્રમાણે પાંચ વાર જળ ઝિલાવી ગણેશ વિસર્જન પણ કર્યું. સ્વયં પ્રાસાદિક જળ શિરે ચઢાવી સૌનાં મસ્તકે છાંટ્યું. દેશના સંતો-ભક્તોનું સ્મરણ કર્યું. દ્વિશતાબ્દી મહોત્સવ, દેશ-વિદેશનાં તમામ મંદિરોનાં કાર્યો, સત્સંગનાં કાર્યો જલદી સિદ્ધ થાય એ માટે ધૂન કરી.

આમ, બડની બીચને બઢતી આપી - તીર્થત્વ આપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે સૌ હજીયે ઉત્સવ-સ્મૃતિનાં જળમાં હિલોળા લઈ રહેલા.

ધર્મ-નિયમવાળા વિશેક[૫૬]

ઍરીમાં ઠાકોરજીને થાળ ધરાવી તા. ૨૩/૯ની સવારે ૧૧:૩૦ વાગ્યે

---

૫૬. વિશેષ.

વિદાય થયેલા સ્વામીશ્રીના માર્ગે લગભગ ૧૬૦ કિ.મી.ની મુસાફરી થઈ ત્યાં ફ્રેન્કલીન આવ્યું. અહીં બે પધરામણી કરી પુનઃ ૧૬૦ કિ.મી.નું અંતર કાપી સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યે ક્લીવલેન્ડ પધાર્યા.

અત્રે તા. ૨૪/૯ના રોજ જળઝીલણીનો પ્રતીક સમૈયો ગોઠવાયો હતો. વળી, આ દિવસે સપ્તાહનું ચક્ર પૂરું થતું હોવાથી અમેરિકાનાં દૂર દૂરનાં કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટી પડેલા. જો કે, લગભગ દરેક વીક-ઍન્ડ(શનિ-રવિના દિવસો)માં ૮૦૦-૯૦૦ કિ.મી.ની મુસાફરી કરી હરિભક્તો લાભ લેવા દોડી આવતા. અહીંના ઉત્સાહી યુવાનોનો સત્સંગ પ્રત્યે લગાવ અલૌકિક હતો.

આવા ભક્તસમુદાય સાથે સ્વામીશ્રી સવારની કથા બાદ ઍરી સરોવરના હેડલેન્ડ બીચ પર આવી પહોંચતાં જ્યાં નિત્ય પ્રત્યે રંગીલા જીવોનો લૌકિક આનંદ ઊછળતો હતો ત્યાં આજે ભક્તિના તરંગો હિલોળા લઈ રહ્યા. સ્વામીશ્રીએ કિનારા નજીક ઠાકોરજી તથા ગણેશજીને પધરાવી મહાપૂજા શરૂ કરાવી. તેમાં સ્વયં જ સૌને સંકલ્પનું જળ આપવા લાગ્યા. પણ અધવચ્ચે જ અચાનક પૂછ્યું : 'આ પાણી ગાળેલું છે ?'

આ પ્રશ્નથી સૌ ચૂપ રહી ગયા, કારણ કે તે જળ અણગળ હતું. સરોવરમાંથી સીધું જ ભરીને પંચપાત્રમાં મૂકી દીધેલું. તેથી સ્વામીશ્રીએ તે ઢોળાવી નવું ગાળેલું જળ સૌના હાથમાં આપી સંકલ્પ કરાવ્યો. શ્રીજીસ્થાપિત ધર્મમર્યાદાનું આટલું સૂક્ષ્મ અનુસંધાન ગુણાતીત સંત સિવાય કોણ રાખી શકે ?

આજે સવારથી જ માથે ઝળૂંબી રહેલો વરસાદ કેવળ સ્વામીશ્રીની કૃપાથી જ નીચે આવી શક્યો નહોતો; પરંતુ પવને માઝા મૂકેલી. તેથી સરોવરમાં પ્રચંડ મોજાં ઊછળતાં હતાં. તેની વચ્ચે સ્વામીશ્રીએ મહંત સ્વામી સાથે મોટરબોટમાં બેસી ઠાકોરજીને પાંચ પ્રદક્ષિણા કરાવી. પોતે પણ સરોવરના અતિ ઠંડા જળમાં ન્હાયા. બરફ જેવું ઠંડું પાણી અને સુસવાટાભેર વહેતા પવન વચ્ચે સ્નાન કરતા સ્વામીશ્રી સાચે જ દેહાતીત જણાઈ રહ્યા.

આ સ્નાનવિધિ બાદ 'પિકનિક સ્પોટ' પર ઊભેલા પીપળા જેવા એક વૃક્ષ નીચે સભા ભરી આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા : 'સમૈયાનો લાભ લેવા બધા દૂર-દૂરથી આવ્યા એ ભક્તિ. મહારાજના સમયમાં સૌ ગાડે બેસીને આવતા, આજે ગાડીઓમાં. શ્રીજીમહારાજે આ બધા સમૈયા બાંધ્યા છે. બીજા બધા મેળા ને આપણો સમૈયો. દર્શન-કથાવાર્તાના લાભ માટે સમૈયો. કથાથી

જ્ઞાન પ્રાપ્ત થાય અને દર્શનથી મહિમા સમજાય.'

'સ્વામિનારાયણ'નો અર્થ

ક્લીવલેન્ડના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ શહેરના સાર્વજનિક ગ્રંથાલય, યુક્લિડ સેન્ટ્રલ જુનિયર સ્કૂલ, બેપ્ટિસ્ટ ચર્ચ વગેરે સ્થાનોમાં સભાઓ કરીને જાહેર જનતાને સારો લાભ આપ્યો. આ ક્રમમાં તેઓ તા. ૨૭/૯ના રોજ ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના સ્ટીલવેલ હૉલમાં જઈ પહોંચ્યા. અહીં ધાર્મિક શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓનું નવું સત્ર શરૂ થવાનું હતું. આ છાત્રોએ ઉચ્ચ અભ્યાસના આશીર્વાદ મેળવ્યા બાદ સ્વામીશ્રી સાથે યોજેલી પ્રશ્નોત્તરીમાં પૂછ્યું કે –

- મુક્તિનો ઉત્તમ માર્ગ કયો?
  'ભગવાન ને સંત જરૂર પૃથ્વી પર વિચરતા હોય, તેનો સમાગમ.'
- પશ્ચિમના ધર્મગુરુઓ વિષે આપનો અભિપ્રાય?
  'જે ધર્મને, સદાચારને માર્ગે ચાલ્યા છે તે બધાને માટે આદર છે.'
- સ્ત્રીઓ પવિત્ર-ધર્મમય બની શકે કે કેમ?
  'બની શકે.'
- આપનો મંત્ર?
  'સ્વામિનારાયણ.'
- તેનો અર્થ?
  'આદર્શ ગુણાતીત ભક્ત અને ભગવાનનું સ્મરણ. ઉપાસના.'

એક પ્રવીણ પ્રાધ્યાપકની જેમ સ્વામીશ્રી સૌને ધર્મનું આટલું શિક્ષણ આપી વિદાય થયા. તે વખતે સહજભાવે બોલ્યા : 'યોગીબાપાનો સંકલ્પ હતો કે કૉલેજમાં ભાષણો આપવાં ને તે રંગવી. તે આજે હવે બધું બને છે. હવે શરૂ થયું તે ચાલશે.'

સ્વામીશ્રીને આનંદ હતો – ગુરુના સંકલ્પની પરિપૂર્તિનો.

એ અમારે મન મોટી વાત

ક્લીવલેન્ડથી એક્રોન થઈને મેન્સફિલ્ડ પધારેલા સ્વામીશ્રીએ અત્રે ઘનશ્યામભાઈ પટેલના ઘેર તા. ૨૭/૯ની રાત્રે યોજાયેલી સભામાં સતત બે કલાક પત્રલેખન કર્યું. અહીં ટપાલો બહુ મોડી મળે અને આવે ત્યારે એકસાથે

ઢગલો આવે. તેથી સ્વામીશ્રી જરા પણ સમય મળે કે તરત જ પત્રલેખન કે વાંચન શરૂ કરી દે. મોટેભાગે મુસાફરીમાં વાંચન કરવાનું રાખે અને સભાઓમાં પત્રો લખે. તે વખતે જે પત્રો વાંચ્યા હોય તેની નાનામાં નાની વિગતનો ઉત્તર આપવાનું ચૂકે નહીં. જ્યારે સમય થાય ત્યારે પત્રલેખન મૂકીને કથા કરવામાં પણ અતિ સાહજિકતાથી સરી પડે. એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં પરોવાઈ જવામાં તેઓને પળનોય વિલંબ ન થાય. એવી જ સાહજિકતા એક સ્થળેથી કે એક વાતાવરણમાંથી બીજા સ્થળે કે બીજા વાતાવરણમાં ગોઠવાઈ જવામાં. તે વખતે જે તે કાર્યમાં નિપુણ સ્વામીશ્રી તે તે કાર્યથી એટલા જ નિર્લેપ પણ અનુભવાય.

આજે એ જ નિર્લેપતાથી પત્રલેખન મૂકી કથામૃત પીરસતાં કહ્યું: ‘સત્સંગ જીવનો કરવો. ભજન-સ્મરણ અખંડ થાય એવો ઉપાય કરવો. યોગીજી મહારાજે આપણને ભજનાનંદી બનાવ્યા. તમે આવું ભજન કરો છો એ અમારે મન મોટી વાત છે.’

સ્વામીશ્રી સ્વયં *‘રામ અમલ રંગ રાતે સાધુ’* હતા. તેથી તેઓને સૌ ભજન કરે એ ગમતું.

જગત ઠરી જાય તેવી વાતો

તા. ૨૮/૯ની સવારે સ્વામીશ્રી ઉકાળા-પાણી કરવા બિરાજતા હતા ત્યાં જ કેનેડાથી પુરુષોત્તમભાઈ ચોટલિયાનો ફોન આવ્યો. વાતચીતમાં તેઓએ ઘણાં વર્ષે ઘરમાં પુત્રનું પારણું બંધાયાના સમાચાર આપ્યા. ગોંડલમાં એક આંબો કપાયો ત્યારે સ્વામીશ્રીએ સંકલ્પ કરેલો કે ‘તે વૃક્ષનો જીવ અહીં પુત્રરૂપે આવે.’ તે વાત આજે સત્ય થયેલી. તેની ખુશાલીમાં સ્વામીશ્રીએ સૌને ગળ્યું મોઢું કરાવ્યું. ભક્તનું સુખ એ તેઓને મન પોતાનું જ સુખ હતું.

આ પ્રસંગના આધારે બોચાસણ મંદિર માટે નગાસરમાં કપાયેલાં વૃક્ષોને શાસ્ત્રીજી મહારાજે સત્સંગીઓના ઘેર પુત્રરૂપે મોકલેલા તે પ્રસંગની વાતો નીકળી. તેમાંથી શાસ્ત્રીજી મહારાજ સાથે સ્વામીશ્રીએ નગાસરમાં જે લાભ લીધેલો તે પ્રસંગોની સ્મૃતિ તેઓએ કરાવી. જૂના પ્રસંગો દ્વારા શાસ્ત્રીજી મહારાજનો મહિમા રેલાવવામાં સ્વામીશ્રી એવા ગુલતાન થઈ ગયા કે એક કલાક એક ક્ષણની જેમ પસાર થઈ ગયો! તે વખતે કો’ક બોલ્યું: ‘વાતો કરવામાં આ ઉકાળો ઠરી ગયો.’

'ઉકાળો શું, આ વાતો તો જગત પણ ઠરી જાય તેવી છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના મનમાં છલકાતો ગુરુનાં ચરિત્રોનો અપરંપાર મહિમા આ ઉદ્‌ગારો દ્વારા ઊછળી આવ્યો.

પરાણે નહીં, પણ પ્રેમથી

મેન્સફિલ્ડથી ૨૫૦ કિ.મી.નું અંતર કાપી ડેટન આવી પહોંચેલા સ્વામીશ્રી અહીં તા. ૨૯/૯ની સવારે કિશોરભાઈ મહેતાના ઘેર મીટિંગ રૂમમાં પ્રાતઃપૂજા કરી કથા કરવા બિરાજ્યા, તે જ વખતે દૂર નાની ટેકરીઓની હારમાળા પાછળથી સૂર્યે માથું ઊંચું કર્યું. તેનાં સુકુમાર કિરણો કાચનાં બારણાંઓમાંથી આરપાર નીકળી સીધાં સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર રેલાયાં. તે વખતે ડાબા પગ ઉપર જમણા પગની પલાંઠી વાળી, ડાબા ચરણની નીચે ઢળતી ગુલાબનાં ફૂલ જેવી કોમળ પાની જમણા હાથથી દબાવતાં-રમાડતાં સ્વામીશ્રીએ 'વચનામૃત'(ગ.મ. ૧૩)નું રસપાન કરાવ્યું.

આ કથા બાદ ઝિનિયા અને જેમ્સટાઉનને પધરામણીઓથી પાવન કરી તેઓ પુનઃ ડેટન આવી ગયા ત્યારે અત્રે તા. ૩૦/૯ની સવારે NBC ટી.વી. સંસ્થાના સંવાદદાતાઓ દોડી આવ્યા. પ્રશ્નોત્તરીનો આશય સેવી આવેલા તેઓએ એક પ્રશ્ન એવો પૂછ્યો કે 'તમે આ ધર્મમાં લોકોને ખેંચો છો તે ઉપદેશથી કે વટાળ પ્રવૃત્તિથી ?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'લોકોને ધર્મની વાતો કરીને, ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય એ રીતે સમજાવીએ છીએ. પરાણે નહીં, પણ પ્રેમથી સાચી વાત દૃઢ કરાવીએ છીએ.'

બીજો સવાલ પુછાયો કે 'આ દેશમાં આપના ધર્મનો કેવો વિકાસ ઇચ્છો છો ?'

'ભગવાનની ઇચ્છાથી વિકાસ થઈ રહ્યો છે અને થશે.' સ્વામીશ્રીએ કહ્યું.

ભગવાનની ઇચ્છાને ચક્રવર્તીઓની પણ ચક્રવર્તી માનનારા તેઓ હંમેશા કર્તાપણાના ભાવથી મુક્ત જ રહેતા.

આ રીતે સાંજે એનેક્સ ઍરફોર્સ મ્યુઝિયમ તથા કેરીલોન પાર્કને પાવન કરી સ્વામીશ્રી મોન્ટગોમેરી કાઉન્ટી ઑડિટોરિયમમાં સભાપ્રસંગે પધાર્યા. અહીં મેયરશ્રી વતી તેઓના પ્રતિનિધિએ શહેરની ચાવી અર્પણ કરી

તેઓને વધાવ્યા.

અમેરિકાનું સુખ

તા. ૧/૧૦ના રોજ ડેટનથી સિનસિનાટી પધારેલા સ્વામીશ્રી અહીં મૅડિકલ કૉલેજના ક્રેસગી હૉલમાં સભા કરી તા. ૨/૧૦ની સવારે લાઈમાને પાવન કરતાં સાંજે સાત વાગ્યે એન આર્બર પધાર્યા. અહીં રાત્રિરોકાણ કરી તેઓએ તા. ૩/૧૦ની સવારે ૩૬૦ કિ.મી. દૂર આવેલા શિકાગોની સડક પકડી.

આ માર્ગે મિશિગન, ઇન્ડિયાના રાજ્યોને પાર કરી સ્વામીશ્રીની મોટર ઇલિનોઈ રાજ્યમાં પ્રવેશી. આજે સૂર્ય ઠીક પ્રમાણમાં તપતો હતો. રસ્તામાં વિશાળ ખેતરો અને વચ્ચે લાલ-પીળી વનરાજીનાં ઝૂમખાં નજરે પડતાં હતાં. પરંતુ સ્વામીશ્રી તો તે તરફ નજર સુધ્ધાં ન કરતાં શુકસુધાનું રસપાન કરવામાં મશગૂલ બનેલા. છેલ્લા કેટલાક દિવસોથી તેઓ મુસાફરી દરમ્યાન ભાગવતનો પાઠ કરતા હતા. આજેય મોકો મળતાં તેઓ તેમાં ડૂબી ગયેલા. અપાર પ્રવૃત્તિ અને સતત વિચરણમાં પણ તેઓની સદ્‌વાંચનની સુટેવ કદી કટાઈ નહોતી.

ઇલિનોઈ રાજ્યમાં પધારતા સ્વામીશ્રીનું સ્વાગત કરી ભક્તો તેઓને નોરવુડમાં આવેલા વિનોદભાઈના ઘેર ઉતારા માટે લઈ આવ્યા. અહીં સૌનો ઉત્સાહ સમાતો નહોતો. એ ઊછળતા ઉમંગે સ્વામીશ્રીને પણ ઊંચકી લીધા.

આ ઉમંગના તરંગો પર શિકાગોમાં રોજ રાત્રે રિવર પાર્ક હૉલમાં જાહેર-સભા થતી. પ્રાતઃપૂજા ઉતારાના મકાનને અડીને જ આવેલા ઘનશ્યામભાઈના ઘરમાં તૈયાર કરેલા હરિમંદિરમાં રહેતી. બેય સમયે ભક્તો-ભાવિકોની ભીડ ઘણી થતી. સવારે પૂજા બાદ કથારસનો પ્રવાહ પણ અનુપમ વહેતો. તેમાં તા. ૬/૧૦ના રોજ 'વચનામૃત'(ગ.મ. ૪૭)ના આધારે સાંખ્ય-નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'એકાંતિક ભક્ત બનવું છે એવો ઠરાવ કરવો. ભૌતિક સુખ - અમેરિકાનું સુખ 'ઝાડે ફરવા ગયા ને માથા સુધી ખાડામાં પડી ગયા' એવું છે. એમાં આસક્તિ ન રાખવી. ખાડામાં પડ્યા રહેવું નહીં. ભક્તિ કરીને જીવન પૂરું કરવું. એકબીજાનો મહિમા સમજવો, જેથી એકાત્મભાવ રહે. અક્ષરધામમાં સૌને ભેગા રહેવું છે.'

*'ચૌદ લોક કે સુખ સબે, કાકવિષ્ટા સમજાહિ'*ની સ્થિતિ ધરાવતા સ્વામીશ્રીને દુનિયાના એક ટુકડા સમા અમેરિકાનું સુખ શી ગણતીમાં આવે ?!

...તેથી અમને અમેરિકામાં ગમે છે

તા. ૮/૧૦ના રોજ ઉતારામાં બિરાજેલા સ્વામીશ્રી પાસે ભગીરથ નામનો બાળક આવી પહોંચ્યો. જાણે સૂર્યના આંગણે દીવો રમવા દોડી ગયો! એ બાળકે આવતાંવેંત પૂછ્યું: 'બાપા! આપને અમેરિકામાં ગમે છે?'

'હા, અમને ગમે છે ને!' શિશુસહજ શબ્દોમાં સ્વામીશ્રી પણ બોલ્યા.

તેઓનો પ્રતિભાવ મળતાં બાળક વધુ ખૂલ્યો. તેણે કહ્યું: 'અહીં તો બેઝબોલ, બાસ્કેટબોલ બધી ગેમ (રમતો) હોય. ટી.વી.માં પણ બતાવે.'

'એ બધી ગેમ તો ઠીક, પણ તને માળા ફેરવવાની ગેમ આવડે છે?' સ્વામીશ્રીએ સામે પૂછ્યું.

તે વખતે 'હા' કહેતાં બાળકે માળા ફેરવી બતાવી. આ જોઈ રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'તને માળા ફેરવવાની ગેમ આવડે છે, તેથી જ અમને અમેરિકામાં ગમે છે.'

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જેને હું ભગવાનનો ભક્ત ન જાણું તે ઠેકાણે તો મને રાખ્યાના કોટિ ઉપાય કરે તોય ન જ રહેવાય અને ગમે તેવી અમારી શુશ્રૂષા કરે તોય અભક્ત સંગાથે અમારે બને જ નહીં...'[૫૭]

સ્વામીશ્રીની પણ આ જ પ્રકૃતિ હતી. તેઓને આકર્ષણ ભક્ત અને ભજનનું રહેતું, ભીડ કે ભભકાનું નહીં.

કર્યું કોટિ કોટિનું કલ્યાણ

તા. ૯/૧૦ના રોજ શિકાગોમાં આવેલા બહાઈ ટેમ્પલ તથા ઈસ્કોન સંસ્થાનાં મંદિરોની મુલાકાત લઈ, સ્વામીશ્રી તા. ૧૦/૧૦ની બપોરે અહીંથી ૩૨૦ કિ.મી. દૂર આવેલા ડેવનપોર્ટ જવા નીકળ્યા. આ રીતે સ્વામીશ્રીએ શિકાગો છોડ્યું પણ શિકાગોવાસી સ્વામીશ્રીને છોડી ન શકયા. તેથી દસ મોટરોના કાફલા સાથે સત્સંગીઓ ડેવનપોર્ટ સુધી સ્વામીશ્રીને વળાવવા ભેગા આવ્યા.

અહીં વહેતી દુનિયાની મોટી નદીઓ પૈકીની એક મીસીસીપીમાં યોગીજી મહારાજનાં અસ્થિનું વિસર્જન કરવામાં આવેલું. ત્યારથી તીર્થરૂપ બનેલા આ સ્થાનમાં દર વર્ષે શિકાગોના ભક્તો સમૈયો કરતા. આજે ત્યાં

૫૭. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૩.

સ્વામીશ્રીની પધરામણી થતાં સૌ આનંદમાં હતા. પરંતુ સાંજે સાડા છ વાગ્યે સ્વામીશ્રી પ્રાસાદિક સ્થળે પહોંચ્યા ત્યારે વરસાદ સાથે પવનનું જોર જબરજસ્ત હતું.

છતાં તેઓ નદી-કિનારે ગયા અને અક્ષરદેરીનાં પુષ્પો આ મહાનદનાં ઘૂઘવતાં જળમાં પધરાવ્યાં. ત્યારબાદ નજીકમાં આવેલા એક 'શેડ' નીચે લાકડાંના ડાઇનિંગ ટેબલ પર આસન પાથરી સ્વામીશ્રીને બિરાજમાન કર્યા. પવનના પ્રહારને નાથવા સ્લીપિંગ બેગની આડશ કરીને હરિભક્તો ઊભા રહી ગયા. ઠંડીના સુસવાટા સહેતાં નાનાં-નાનાં બાળકો તથા બાઈ-ભાઈ શ્રદ્ધાપૂર્વક સ્વામીશ્રીનાં દર્શન કરી રહેલાં. અહીં એક ભજન ગવરાવ્યા બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'દુનિયાની આ મોટી નદીમાં યોગીબાપાનાં અસ્થિ પધરાવ્યાં. હજારો માઇલ સુધી જ્યાં જ્યાં નદી જશે ત્યાં બધાને સંસ્કાર પડશે. દર્શન કરશે, ના'શે-ધોશે, ફરશે – એમ જેને જેને સંબંધ થશે એ બધાંને પાવન કરશે.'

સામે વહેતી ભરપૂર નદીની જેમ જ સ્વામીશ્રીની કલ્યાણભાવના પણ વહી રહી.

આ ભાવના સાથે વિચરતા તેઓએ તા. ૧૦/૧૦થી કઠિન વિચરણનો એક વધુ અધ્યાય ખોલી દીધો. સ્વામીશ્રીને હજુ ડેવનપોર્ટથી ૬૫૦ કિ.મી.નું અંતર કાપી મિસૂરી રાજ્યના કેન્સાસ સીટી પહોંચવાનું હતું. તે માટે રાત્રે આઠ વાગ્યે પ્રયાણ કરી ચૂકેલા તેઓની ગાડી સતત ચાર કલાકની મુસાફરી બાદ રાત્રે બાર વાગ્યે એક સર્વિસ સ્ટેશન પાસે ઊભી રાખવામાં આવી. અહીં મોટરમાં જ સ્વામીશ્રીને આરામ મળી રહે તે હેતુસર આસન બનાવવામાં આવ્યું અને વળી પ્રવાસ શરૂ થયો. ગાડીની લાઇટોના શેરડા પડવાથી કાળી સડકો વધુ ચમકતી હતી. જેમ જેમ પ્રકાશ પડતો જાય તેમ તેમ ઝબકી ઊઠતા રેડિયમના દીવા આખે રસ્તે સ્વામીશ્રીને વધાવતા રહ્યા. આસપાસ ફેલાયેલા રાત્રિના સન્નાટાસભર વાતાવરણમાં ભક્તોને રાજી કરવા માટે સ્વામીશ્રીની મજલ ચાલતી રહી. રાત્રિના ત્રણ વાગ્યે કેન્સાસ સીટી આવ્યું.

અત્રે રાત્રિરોકાણ કરી સ્વામીશ્રી પુનઃ ૩૨૦ કિ.મી.નું અંતર વળોટી તા. ૧૧/૧૦ના રોજ વિચિટા આવી પહોંચ્યા. અહીં બપોરે બે વાગ્યે ભોજન કરી, લેકસાઇડ ઍપાર્ટમેન્ટના હૉલમાં સભા ભરી. તેમાં આવેલા નઝરુદીન નામના મુસ્લિમબંધુ 'હિંદુઓની આ સભામાં મારે જુદા બેસવું પડશે' માની

દૂર ઊભા રહેલા, પણ તેઓને સામેથી નજીક બોલાવી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. આ વાર્તાલાપથી એ બિરાદરના રોમ-રોમમાં ઝણઝણાટી વ્યાપી ગઈ અને સભાના અંતે એકદમ ઊભા થઈને બોલવા લાગ્યા: 'સ્વામીશ્રીએ મારી સાથે વાત કરીને મને દિવ્ય અનુભવ કરાવ્યો છે. શું વાત થઈ એ મારે નથી કહેવું, પણ ભગવાન આવા સંત દ્વારા આપણને દુઆ આપે છે.'

'હરિ કે સદા હજૂર' સંતનો અનુભવ આ બંદાને કરાવી, સ્વામીશ્રી રાત્રે દસ વાગ્યે વિચિટાથી ૭૨૦ કિ.મી. દૂર આવેલા પેબ્લો જવા નીકળ્યા. ગઈકાલની જેમ તેઓની આજની રાત પણ સડક પર સરકવા લાગી.

દેખી છબી દિલ ભયી હૂં દીવાની

તા. ૧૧/૧૦ના રાત્રિપ્રવાસમાં બે કલાક બાદ રસ્તામાં આવતા એક ગેસ સ્ટેશન પર ગાડીમાં બળતણ ભરવામાં આવ્યું. પુનઃ મોટર રાત્રિનો અંધકાર ચીરતી સડસડાટ દોડવા માંડી. આખી રાતની મુસાફરી બાદ સ્વામીશ્રી તા. ૧૨/૧૦ની સવારે છ વાગ્યે કોલોરાડો રાજ્યના પેબ્લો ગામે પહોંચ્યા. પણ યજમાન ઇન્દુભાઈ પટેલનું ઘર હાથ લાગ્યું નહીં. સવારના સૂનકારમાં મદદ કરનાર પણ કોઈ મળે નહીં. તેથી વધુ અડધો કલાક શોધખોળમાં વીત્યો. અંતે એક પોલીસકર્મીની મદદથી સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા.

આ ઘરમાં બધા જ પ્રવાસીઓની વ્યવસ્થા થઈ શકે એમ ન હોવાથી સ્વામીશ્રી સાથે થોડા સંતો અહીં રોકાયા અને બાકીના યાત્રીઓએ વધુ ૧૬૦ કિ.મી. દૂર ડેનવરના લીટલટોને વાસો કર્યો. સ્વામીશ્રી પણ પેબ્લોમાં નિત્યકર્મથી પરવારી સવારે સાડા દસ વાગ્યે લીટલટોન આવી પહોંચ્યા.

અહીં તેઓ ભૂપેન્દ્રભાઈ ઝવેરીના ઘેર રોકાયેલા તે દરમ્યાન જ યજમાનના ટેલિફોનની ઘંટડી રણકી. ફોન ઉપાડતાં ખબર પડી કે સામે છેડે શિકાગોથી અમેરિકન મહિલા ફ્લોરિના ડિનેક્સ વાત કરી રહ્યાં છે. તેઓ સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કરવા આતુર હતાં. શિકાગોથી સ્વામીશ્રીએ વિદાય લીધી તે પછી આ અમેરિકન મહિલાને ભગવાં વસ્ત્રોમાં શોભતા અને ભાલમાં મોટો લાલ ચાંદલો ધરાવતા સ્વામીશ્રીનાં દિવ્ય દર્શન થયેલાં. આ દર્શનમાત્રથી તેઓના અંતરમાં સ્વામીશ્રીને મળવાની તાલાવેલી જાગી ગયેલી, પણ સ્વામીશ્રીની શિકાગોથી વિદાયની વાત સાંભળી તેઓ નિરાશ થઈ ગયેલાં. છેવટે શિકાગોના કાર્યકર્તા પાસેથી લીટલટોનનો ફોન નંબર લઈ આજે તેઓ

સ્વામીશ્રીનો સંપર્ક સાધવા તત્પર બનેલાં. પરંતુ તેઓને સંપ્રદાયની મર્યાદા સંબંધી વાત સમજાવવામાં આવી. છતાં તેઓનો આગ્રહ મંદ પડ્યો નહીં. તેઓની સ્થિતિ *'લોભાણાં રે લોચનિયાં...'* જેવી થઈ ગયેલી.

છેવટે તેઓને ન્યૂયોર્કમાં દર્શને આવવાનું જણાવાયું ત્યારે તે મહિલા કંઈક ઠરીઠામ થયાં. ચમકપાણની જેમ ઠેર ઠેરથી મુમુક્ષુઓને ખેંચનારી સ્વામીશ્રીની સાધુતાની પ્રતીતિ સૌને આ પ્રસંગે થઈ.

આવો કોઈ નથી કરનાર

શિકાગો છોડ્યા પછી માર્ગમાં આવી રહેલાં બધાં જ કેન્દ્રો નવાં હતાં, જ્યાં સ્વામીશ્રી પ્રથમ વાર જ પધારતા હતા. અમેરિકાનો પશ્ચિમ વિભાગ આ વખતે પહેલી વાર ખેડાઈ રહેલો. આ ખેડમાં લીટલટોનથી હવે ૧,૩૦૦ કિ.મી. દૂર લાસવેગસ પહોંચવાનું હતું. તે માટેનો પ્રવાસ તા. ૧૨/૧૦ની રાત્રે આઠ વાગ્યે શરૂ થયો. કોલોરાડો રાજ્યના ઊંચા ઊંચા પહાડોની વચ્ચેથી પસાર થતાં રાત્રે અગિયાર વાગ્યે સ્વામીશ્રી સવા ત્રણ કિ.મી. લાંબી આઇઝન હોવર ટનલ પાસે આવી પહોંચ્યા. આશરે અગિયાર હજાર ફૂટ ઊંચું આ સ્થળ સર્વત્ર બરફથી છવાઈ ગયું હતું. અહીં ગાડીચાલકે રસ્તા પરનો બરફ લઈ સ્વામીશ્રીને બતાવ્યો. વળી, પ્રવાસ આગળ વધ્યો. આખી રાત મોટર દોડતી રહી ત્યારે સવારે પાંચ વાગ્યે યુટાહ રાજ્યનું સલિના શહેર આવ્યું. સ્વામીશ્રીની સળંગ ત્રીજી રાત્રિ મોટર-મુસાફરીમાં વીતી !

તા. ૧૩/૧૦ની સવારે સલિનાની શાહિન્સ મોટેલમાં ત્રણ ઓરડા ભાડે રાખી સૌ નિત્યવિધિથી પરવાર્યા. અહીં પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ વચનામૃત (ગ.મ.૬૬) વંચાવ્યું. ત્યારપછી થોડી વાર પત્રલેખન કરી કોરો નાસ્તો અંગીકાર કર્યો. અત્રે સંતો મોટેલના રસોડામાંથી પવિત્રતાપૂર્વક ચોખ્ખો ઉકાળો બનાવી લાવ્યા, પણ સ્વામીશ્રીએ તે ન લીધો. એટલું જ નહીં, જ્યાં-ત્યાં આવું ઉપાર્જન ન કરતાં જ્યાં જે હોય તેનાથી ચલાવી લેવાની શીખ આપી.

આ સલાહ ગાંઠે બાંધી સવારે આઠ વાગ્યે પ્રયાણ આગળ વધ્યું. પશ્ચિમ અમેરિકાના આ પહાડી વિસ્તારમાં લાલ, પીળી, લીલી, ભૂખરી, શ્યામ આભા ધરાવતા રંગબેરંગી અને ઊંચા સીધા સપાટ થરવાળા પહાડોમાંથી કંડારેલા રસ્તા પર યુટાહ અને એરિઝોના રાજ્યોને વટાવતાં સ્વામીશ્રી નવેડાની હદમાં પ્રવેશ્યા. અહીં બપોરના એક વાગ્યે લાસવેગસની ઓલ્ડ વેસ્ટ મોટેલમાં

પહોંચ્યા. અત્રે ચાર વાગ્યે ઠાકોરજી જમાડી, ત્રણ પધરામણીઓ કરી સાંજે સાડા સાત વાગ્યે પ્રવાસ પુનઃ શરૂ થયો અને ૧,૧૨૦ કિ.મી.નું અંતર કાપી સ્વામીશ્રી તા. ૧૪/૧૦ની સવારે સવા પાંચ વાગ્યે સાનફ્રાન્સિસ્કોના ડબલીન નગરમાં પધાર્યા. તેઓની સળંગ ચોથી રાત મુસાફરીમાં પસાર થઈ!

આમ, છેલ્લા ચાર દિવસમાં મોટરમાર્ગે લગભગ ૪,૮૦૦ કિ.મી.ની મુસાફરી કરી સ્વામીશ્રી શિકાગોથી સાનફ્રાન્સિસ્કો આવી પહોંચ્યા. દિવસે તેઓ નવાં નવાં કેન્દ્રોની મુલાકાત લેતા અને રાત્રે મુસાફરી કરતા. કદાચ બપોરે થોડી-ઘણી મુસાફરી હોય તો તેમાં ભાગવત વાંચતા! બીજા પ્રવાસીઓ તો પ્રવાસમાં કલાકેક વીતે ત્યાં જ સૂઈ જાય. પણ સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યા પહેલાં કદી ન સૂતા. રાત્રે ગાડીઓ બળતણ ભરવા ઊભી રહે ત્યાં પણ સ્વયં નીચે ઊતરે. તે વખતે મોટર હંકારનારા યુવાન ચાલકોને આનંદ કરાવી સાવધાન કરે. આ રીતે સત્સંગ-વિકાસ માટે ઘૂમી વળેલા સ્વામીશ્રીનો પરિશ્રમસભર પ્રવાસ જોઈ સૌ ગાઈ ઊઠ્યા: *'મૃત્યુલોક સમસ્ત મોઝાર, આવો કોઈ નથી કરનાર...'*

એક રે'ણી કે'ણી, ટેક એક ઉર રે

તા. ૧૪/૧૦ની સવારે ડબલીન પધારેલા સ્વામીશ્રીના નિત્યક્રમમાં છેલ્લા ચાર દિવસ-રાતના સખત ભીડાની લેશ અસર નહોતી જણાતી. સવારે સવા પાંચ વાગ્યે તેઓએ રમેશભાઈ પટેલના ઘેર પ્રાતઃવિધિ કર્યો. ત્યારબાદ પ્રાતઃપૂજા કરી રાબેતા મુજબની પ્રાતઃકથાનો લાભ આપ્યો. કથા પછી અલ્પાહાર કરીને તેઓ પત્રોનો થોક લઈને બેઠા તે બપોરનો એક વગાડી દીધો!

એક વાગ્યે ઠાકોરજી જમાડી સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે ૯૬ કલાક પછી નિરાંતે સૂવાનો ગાળો મળેલો. તેથી સૌને નિદ્રાનું ઘારણ વળી ગયું પણ સ્વામીશ્રી તો સવા-દોઢ કલાકનો આરામ કરી જાગ્રત થઈ ગયા. સૂતેલા સેવકોને જગાડ્યા વિના શૌચ-સ્નાન વગેરે બધી જ ક્રિયા આટોપી લીધી. ધીરે ધીરે સૌ જાગ્યા ત્યારે તો સ્વામીશ્રી પધરામણીએ નીકળવા માટે તૈયાર થઈ ગયેલા.

આ કાર્યક્રમમાં તેઓએ સાંજે પોણા ચાર વાગ્યે ડબલીનથી ૬૪ કિ.મી. દૂર સાનફ્રાન્સિસ્કોમાં પધરામણીઓ કરી. અહીં જ રાત્રે ભોજન બાદ સ્વામીશ્રી અગિયાર વાગ્યે ઉતારે આવી પહોંચ્યા અને ચેષ્ટાગાન બાદ સૌને

બ્રહ્માનંદ પમાડતાં બાર વાગ્યે નિદ્રાધીન થયા. ચાર દિવસ-રાતના સતત પ્રવાસ, થાક કે ઉજાગરા તેઓની પાંચમા દિવસની દિનચર્યાને લેશ ખોરવી શક્યા નહીં. કેવી *'એક રે'ણી કે'ણી, ટેક એક ઉર રે...!'*

ભારતનો આત્મા

તા. ૧૫/૧૦ની સવારે પ્રાતઃકાળનું કથામૃત પીરસતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'વડવાનળ પુરુષ એટલે ગુણાતીત પુરુષ. સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ. એમાં ને ભગવાનમાં ફેર નહીં. લાખો માને તો અભિમાન નહીં. માન-અપમાનમાં એકતા. વરતાલમાં ગુણાતીતાનંદ સ્વામીનું અપમાન થયું પણ સ્વામી કાંઈ બોલ્યા નહીં. ત્યારે શુક સ્વામીએ કહ્યું કે 'ગુણાતીત તે ગુણાતીત.' ભગવાનના દાસ થઈને ભગવાનમાં જોડાયેલા છે ને બીજાને જોડે છે.'

આ કથા બાદ ૬૪ કિ.મી. દૂર જઈ, તળ સાનફ્રાન્સિસ્કો શહેરમાં સ્વામીશ્રીએ પધરામણીઓ કરી. ત્યાંથી વળી ૬૪ કિ.મી.નું અંતર કાપી ઉતારે આવ્યા અને ભોજન કર્યું. આજે બપોરે બે વાગ્યે સાનફ્રાન્સિસ્કોના ઑડ ફેલો ઍસોસિયેશન હૉલમાં સભા હતી. તેથી આરામનો મેળ ખાય એમ ન હોવાથી, જમીને તેઓ પુનઃ ૬૪ કિ.મી.નું અંતર વટાવી સભાસ્થળે આવી પહોંચ્યા.

આજની આ સભાના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ભારતના કાઉન્સિલ જનરલ શ્રી મલ્હોત્રાએ ભાવવાહી સૂરમાં જણાવ્યું કે 'આપણી જન્મભૂમિથી આપણે હજારો માઇલ દૂર છીએ. દેશને જોવાની આપણને ઇચ્છા થાય. વારંવાર આટલે દૂર જઈ શકાય નહીં. ભારતની વિશેષતા એનો આત્મા. પ્રમુખસ્વામી જેવા સંત ભારતનો આત્મા છે. એમનાં દર્શનથી આપણને ભારતનાં દર્શન થાય છે. એમના સૂક્ષ્મ રૂપમાં ભારતના વિશ્વરૂપનાં દર્શન.'

ભારતની ભવ્ય સંસ્કૃતિની ઝાંખી સ્વામીશ્રીમાં કરી આ રાજદ્વારી તેઓનાં ચરણે રીતસર લળી પડ્યા.

નથી કહેવાતી હેત-પ્રીતની રીત

સ્વામીશ્રી અમેરિકા પધાર્યા ત્યારથી તેઓની બે આંખો સાનફ્રાન્સિસ્કોમાં રહેતા એક યુવાનને શોધી રહેલી. તેઓની આ મમતા અને મથામણે રંગ લાવતાં આજે તે યુવાનની ભાળ મળી ગયેલી! તેથી સ્વામીશ્રી સભાસ્થળેથી ચાલતાં જ તે યુવકના પ્રિન્ટિંગ પ્રેસમાં પધાર્યા. *'આપે આવી ગયા અણધાર'*ની

જેમ અચાનક આંગણે આવીને ઊભેલા સ્વામીશ્રીને જોઈ તે યુવાન તો આંખો જ ચોળી રહ્યો કે 'આ તે સ્વપ્ન કે સત્ય ?!' તે હજી સ્વાગતના બે બોલ બોલે તે પહેલાં તો સ્વામીશ્રીએ જ તેને પૂછ્યું : 'રમેશ ! તું પાસે જ હતો તો પણ કેમ મળવા ન આવ્યો ?'

આ હેતાળ શબ્દોથી તે યુવક રણઝણી ઊઠ્યો. ખોવાયેલા દીકરાને શોધવા મા આકાશ-પાતાળ એક કરે તેમ સ્વામીશ્રીએ તેને શોધી કાઢેલો. તેથી તેઓ બોલ્યા પણ ખરા કે 'તને શોધવા માટે આખું અમેરિકા ખૂંદી વળ્યા. તારે આવવું જોઈએ ને ! તારા બાપુજી ઈશ્વરભાઈ કોઠારી આપણા ખાસ સત્સંગી. એમણે કહ્યું હતું કે દીકરો અમેરિકામાં છે તે ખાસ જજો.'

સ્વામીશ્રીના શબ્દે શબ્દે ખેવના ટપકી રહી. એટલે જ તેઓએ એક સાથે 'ખાવા-પીવાનું કેમ છે ?, રસોઈ જાતે કરે છે ?, આવડે છે ?, વેપાર કેમ ચાલે છે ?...' વગેરે પૂછપરછ કરી લીધી. ત્યારબાદ 'તારો ભાઈ પૂર્વમાં ગયો[૫૮] ને તું પશ્ચિમમાં આવ્યો...' કહી, 'લાવ, તને કંઠી પહેરાવીએ' બોલતાં કંઠી ધારણ કરાવી.

સ્વામીશ્રીની આ લાગણી જોઈ સૌની કાયાનો કણ-કણ ગાઈ રહ્યો :
'નથી કહેવાતી હેત-પ્રીતની રીત, જેહ એણે કરી છે એટલી...'

માંગ્યું દઈ દેતા

કેલિફોર્નિયામાં મોટા ભાગના ભક્તો મોટેલ-માલિક હોવાથી એક-એક પધરામણી માટે અંતર ઘણું કાપવાનું થતું. ૭૦-૮૦ કિ.મી.નો આંટો તો સર્વસામાન્યપણે રહેતો અને ઘણી વાર તો ૧૬૦ કિ.મી. દૂર સુધી એક સત્સંગી માટે સ્વામીશ્રી જતા. દરેકને પ્રેમથી મળતા અને તેનો સત્સંગ તાજો કરાવતા.

આ રીતે તા. ૧૬/૧૦ના રોજ તેઓએ સેન બ્રુનો, મિલ બ્રે, રેડવૂડ સીટી વગેરેને પાવન કર્યાં. આજે હરિભક્તો સ્વામીશ્રીને 'ગોલ્ડન ગેટ બ્રીજ' જોવા પણ લઈ ગયેલા, પરંતુ તેમાં તેઓએ ખાસ રસ દાખવ્યો નહીં. તેઓનું મન રાચતું હતું – પધરામણીઓમાં. તેથી આજે સ્વામીશ્રીએ ૩૨૦ કિ.મી. ઉપરાંત પ્રવાસ ખેડી દૂર દૂરના ભક્તોને લાભ આપ્યો.

તા. ૧૭/૧૦નો દિવસ પણ આવા ભરચક વિચરણનો જ હોવાથી, સૌ નિત્યકર્મથી પરવારવામાં ઉતાવળા હતા. તેમાં કોઈક સહપ્રવાસી જાગ્યા

---

૫૮. સાધુ થયો.

બાદ, ગેલેરીમાંથી પોતાની સ્લીપીંગ બેગ ઓરડામાં લાવવાનું વીસરી ગયેલા. સ્વામીશ્રીને તે જોઈ થયું: 'આજે આખો દિવસ આપણે બહાર છીએ. તે દરમ્યાન જો વરસાદ પડશે તો આ પાથરણું પલળશે.'

તેથી તેઓ સ્વયં ગેલેરીમાં ગયા, નીચા નમીને તે પાગરણ વાળ્યું અને ઊંચકીને અંદર લાવી યથાસ્થાને ગોઠવી દીધું! મૂર્તિમાન નમ્રતા અને સરળતા ચૂપચાપ કામ કરીને ચાલી ગઈ, કોઈને ખબર પણ ન પડી.

જો કે, આખી જિંદગી સ્વામીશ્રીએ આ જ કરેલું – જે અયોગ્ય ઠેકાણે હોય તેને યોગ્ય સ્થાને લાવવાનું કામ, જે અસ્તવ્યસ્ત હોય તેને સુવ્યવસ્થિત કરવાનું કામ, સૌ જે ભૂલી જાય તે યાદ રાખીને કોઈ ન જાણે તેમ કરી લેવાનું.

સહપ્રવાસીઓ તૈયાર થઈ ગયા એટલે સ્વામીશ્રી નીકળ્યા પધરામણીએ. પ્રથમ ૫૬ કિ.મી. કાપી તેઓએ સાનહોઝેને પાવન કર્યું. ત્યાંથી સલિનાઝ થઈને ૧૬૦ કિ.મી. દૂર ઑકલેન્ડ જવા નીકળ્યા. આ પંથે લગભગ અડધે સુધી પહોંચી ગયા હશે ત્યાં સંદેશો મળ્યો કે 'સાન્ટાક્રુઝમાં ભક્તો પધરામણીની રાહ જોઈ રહ્યા છે.' તે જાણી સ્વામીશ્રીએ ત્યાં જવાની ઇચ્છા દર્શાવી, પણ સૌએ અનિચ્છા પ્રગટ કરી, જે વાજબી હતી, કારણ કે સ્વામીશ્રી જ્યાં ઊભા હતા ત્યાંથી સાન્ટાક્રુઝ ૧૨૮ કિ.મી. દૂર હતું. વળી, તે માટે એક પર્વતીય ઢોળાવ ઓળંગીને પાર ઊતરવાનું હોવાથી આ મુસાફરી સમય ઘણો ખાઈ જાય તેમ હતી. એટલે ફોન પર આશીર્વાદ આપી દેવાનો વચલો માર્ગ સૌએ વિચાર્યો, પરંતુ ફોનમાં તે ભક્તોએ પધરામણીનો આગ્રહ જારી જ રાખ્યો.

આ જોઈ સ્વામીશ્રી અડધે રસ્તે પહોંચેલા પાછા વળ્યા અને ડુંગરો ડહોળી સાન્ટાક્રુઝ પધાર્યા, પરંતુ સરનામું પાકું ન હોવાથી અનાયોજિત નગરયાત્રા આખા ગામમાં ફરી. ઘણી શોધખોળના અંતે પણ ઘરનો પત્તો ન લાગ્યો, તેથી સૌ અકળાતા હતા. છતાં સ્વામીશ્રી સ્વસ્થ ચિત્તે પ્રયત્નશીલ રહ્યા. છેવટે તેઓની ધીરજથી કામ ઊકલ્યું અને સ્વામીશ્રીએ અહીં બે સત્સંગીઓને રાજી કર્યા. '*કોઈ રીતે દુ:ખી થાય દાસ, એવું ન કરું કહે અવિનાશ...*'ની શ્રીજી-મહારાજની રીત સ્વામીશ્રીએ પણ અદલ જાળવી રાખેલી.

દશેરાના દા'ડાનો દાખડો

તા. ૧૮/૧૦ની સવારે ડબલીનથી નીકળેલા સ્વામીશ્રી ઑકલેન્ડ, ટ્રેસી, મન્ટિકા, લોડાઈ, સ્ટોકટન, મેલિસવિલને પાવન કરતાં ચીકો પધાર્યા ત્યારે

તેઓનો આજનો આખો દિવસ મોટર-મુસાફરીમાં જ વીતી ગયો. તેઓએ લગભગ ૬૦૮ કિ.મી.નો પ્રવાસ ખેડી નાંખ્યો.

ચીકોમાં તા. ૧૯/૧૦ની સવારે મેયરશ્રી સહિત અન્ય મહાનુભાવોને દર્શનદાન દઈ, સ્વામીશ્રી ૪૦૦ કિ.મી.નું અંતર કાપી ફ્રેસનો પધાર્યા. અત્રે કેટલીક પધરામણીઓ કરી રાત્રે આઠ વાગ્યે તુલારી પહોંચ્યા. અહીં શશિકાંતભાઈની 'સ્કાય રેન્ચ' મોટેલમાં સભા બાદ સ્વામીશ્રીએ નિવાસ પણ અહીં જ ઠરાવ્યો.

તુલારી અમેરિકાની ખેતીમાં રાજધાનીનું શહેર ગણાય. તેથી યજમાનની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રીની દૃષ્ટિ અહીંની ખેતી પર કરાવવી.' એટલે તેઓએ તા. ૨૦/૧૦ની સવારે છ વ્યક્તિઓ બેસી શકે તેવા વાઈપર વિમાનમાં લગભગ પોણો કલાક સુધી સ્વામીશ્રીને નીલ ગગનમાં ફેરવ્યા. ત્યારબાદ આસપાસના ૪૦ કિ.મી.માં પધરામણીઓ કરી સ્વામીશ્રી બપોરે ત્રણ વાગ્યે વેન્ચુરા જવા તૈયાર થયા. તે વખતે પણ સ્થાનિક યજમાન સ્વામીશ્રીને વાઈપર પ્લેનમાં જ બેસાડીને ૨૮૮ કિ.મી. દૂર વળાવવા સાથે આવ્યા. વેન્ચુરામાં બપોરે સાડા ત્રણ વાગ્યે ભોજનનો મેળ પડ્યો. ભોજન બાદ ઓક્સનાર્ડ, ચેસ્ટવર્થ, બટલેન્ડ વગેરેમાં પધરામણીઓ કરતાં સ્વામીશ્રી રાત્રે દસ વાગ્યે લૉસ એન્જલસથી ૯૬ કિ.મી. દૂર આવેલા કોરોના મુકામે આવી પહોંચ્યા. અહીં મોટેલ 'સેવન'માં રાત્રે સવા અગિયાર વાગ્યે તેઓએ હરિભક્તોએ ગોઠવેલી વ્યવસ્થા મુજબ ભોજન અંગીકાર કર્યું.

લૉસ એન્જલસમાં વસતા ભાવિકોની સંખ્યાને લક્ષમાં રાખીને કાર્યકરો દ્વારા ફક્ત બે જ દિવસનો કાર્યક્રમ નક્કી થયેલો. પરંતુ સમાચાર માધ્યમો દ્વારા સ્વામીશ્રીના આગમનની જાણ થતાં, ૬૦ થી ૭૦ પધરામણીઓ માટે વિનંતી આવી ગઈ. તે માંગને પહોંચી વળવા સ્વામીશ્રી તા. ૨૧/૧૦ની સવારે નવ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી ઑન્ટારિયો, પોમાના, અઝૂઆ, સાન ગેબ્રિઅલ, હોલીવૂડ, ઈંગલવૂડ, સાઉથ ગેટ, બેલ વગેરે વિસ્તારોમાં ઘૂમી વળ્યા. સવા ચાર વાગ્યે સીટી મોટેલમાં ભોજન બાદ તરત જ પધરામણીનો છેડો ઝાલી લીધો અને પ્લેસેન્ટિયા, સાયપ્રસ, વેસ્ટ મિન્સ્ટર વગેરે સ્થળોમાં વિચરતાં સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે YMCAમાં આયોજિત સભામાં આવી પહોંચ્યા.

આજે દશેરાના દા'ડે પધરામણીનો ઘોડો બરાબર દોડાવનાર તેઓએ

આ સભા બાદ 'વૉકર્સ કેરેવાન' મોટેલમાં રાત્રે પોણા બાર વાગ્યે ભોજન ગ્રહણ કર્યું. તે પછી સૌને મળી મધરાતે દોઢ વાગ્યે આરામમાં પધાર્યા.

દુઃખી રહ્યું નહીં કોય

તા. ૨૨/૧૦ના રોજ એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવા છતાં સ્વામીશ્રી સવારે પૂજા બાદ ૧૧૨ કિ.મી. દૂર એનહાઇમ, કોરોના, રિવર સાઇડમાં પધરામણીઓ કરી ત્યાંથી વળી ૮૦ કિ.મી.ના અંતરે આવેલા સાન બર્નાર્ડિનો આવી પહોંચ્યા. આમ, બે દિવસ દરમ્યાન પધરામણીઓ દ્વારા સૌને સંતોષ આપવા સ્વામીશ્રીએ ખૂબે ભીડો વેઠ્યો. છતાં સમયના અભાવે બધે જઈ શકાયું નહીં. તેથી કેટલાક ભક્તો તો YMCAના હૉલની સભામાં જ પૂજનની સામગ્રી અને પ્રસાદ લઈને આવી ગયા. તેઓએ ત્યાં જ સ્વામીશ્રીનું પૂજન કરી લાભ લીધો. તેથી બપોરે ત્રણ વાગ્યે આ સભા પૂરી થઈ.

હવે સ્વામીશ્રી અમેરિકાના પશ્ચિમ છેડેથી દક્ષિણ તરફ જવાના હતા. તેઓની આ વિદાયના અવસરે સૌએ ગળગળા થઈ પ્રાર્થના કરી કે 'આપ આ પશ્ચિમ કિનારે સુંદર મંદિર બનાવો.' સૌની આ વિનંતીનો હાસ્ય દ્વારા યોગ્ય પ્રતિસાદ આપી સ્વામીશ્રી નીકળ્યા.

લૉસ એન્જલસથી હ્યુસ્ટનનું ૩,૨૦૦ કિ.મી.નું અંતર કાપવા સ્વામીશ્રી સૌની આગ્રહભરી અરજીથી પ્લેનમાં બિરાજ્યા. તેથી તા. ૨૨/૧૦ની સાંજે જ પાંચ વાગ્યે તેઓ હ્યુસ્ટન આવી પહોંચ્યા.

અહીં તા. ૨૩/૧૦ની સવારે વાસુદેવભાઈ પટેલના ઘેર પૂજાવિધિ બાદ માત્ર એક વાટકી ફળનો રસ પીને સ્વામીશ્રીએ પારણાં કર્યાં અને 'વચનામૃત'ની કથા કરવા તત્પર થઈ ગયા. ઉપવાસના દિવસે ગમે તેવો ભીડો પડ્યો હોય છતાં તેઓમાં પારણાંની કોઈ તડપન જણાતી નહીં. પારણાંમાં એક વાટકી કે પ્યાલાથી વધુ ફળનો રસ તેઓ પીતા નહીં. તે પણ ઉતાવળે ઉતાવળે, ઘણું ખરું એક શ્વાસે પી લેતા. નિરાંતે સારી રીતે પારણાં કરવાં એવો લેશ દેહભાવ તેઓમાં જણાતો નહીં. પારણાં કરીને તરત જ કથા શરૂ કરી દેતા. તેમાં પૂરેપૂરી નિરાંત રાખી વરસતા.

આવી કથા બાદ સ્વામીશ્રીએ આજે પધરામણીઓ આરંભી. અહીંના પહેલી જ વારના તેઓના આ કાર્યક્રમમાં સ્ટેફર્ડ, મીસુરી, હન્ટિંગ્ટન, એલિફ વગેરે ગામો પાવન થયાં. બપોરે અઢી વાગ્યે ઠાકોરજી જમાડી અલ્પ આરામ

બાદ સ્વામીશ્રીએ એલિફ હેસ્ટિંગ્સ હાઈસ્કૂલના હૉલમાં શરદ પૂર્ણિમાની સભા કરી. આ ઉત્સવ આમ તો બે દિવસ પછી આવી રહેલો પણ સ્વામીશ્રી પધારતાં જ સૌનો ભાગ્યચંદ્ર પૂર્ણકળાએ ખીલી ઊઠેલો. તેથી આજે રવિવારે સૌએ આ ઉત્સવની તક ઝડપી લીધી. આ સભા બાદ સ્પ્રિન્ગ બ્રાન્ચ અને નોર્થ વેસ્ટમાં પધરામણીઓ કરીને ઉતારે પધારેલા સ્વામીશ્રી રાત્રે સાડા અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડી પત્રલેખન માટે બિરાજ્યા. આ પત્રકચેરી મોડી રાત્રે લગભગ સાડા બાર વાગ્યા સુધી ચાલી.

તા. ૨૪/૧૦ની સવારે પણ પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ કથા માટે 'વચનામૃત' હાથમાં લીધું. ચાતુર્માસ નિમિત્તે તેઓ રોજ સવારે વચનામૃતની સળંગ પારાયણનો લાભ આપતા હતા. તેમાં ક્રમાનુસાર એક પછી એક વચનામૃત નિરૂપતા જતા. તે મુજબ આજે તેવો જેવો વચનામૃતનો ગ્રંથ ઉઘાડવા ગયા ત્યાં જ હરિભક્તોએ 'ભક્તચિંતામણિ'ના ૬૪મા પ્રકરણનું નિરૂપણ સંભળાવવા વિનંતી કરી. તેથી સ્વામીશ્રીએ ભક્તોની મરજી અનુસાર ફગવાનું પ્રકરણ મીઠી હલકે ગાઈ સૌને આનંદ કરાવ્યો. નાની-નાની બાબતોમાં જોવા મળતી તેઓની આવી સરળતા તેઓ પ્રત્યે અપાર આદર ઉપજાવતી રહેતી.

કથા બાદ ગલ્ફગેટ અને વીલોક્રીકમાં પધરામણીઓ કરી સ્વામીશ્રી ગુણાનુરાગી ડૉ. કુમારકૃષ્ણન્‌ના આગ્રહથી અમેરિકાની ખ્યાતનામ અવકાશી સંસ્થા NASAમાં પધાર્યા. અહીં આ ગુણભાવી સજ્જને અવકાશમાં અને ચંદ્ર પર ગયેલા સ્પેસ મોડ્યુલ, સ્પેસ સૂટ, સ્પેસ ક્રાફ્ટ, સ્પેસ લૅબ વગેરેના અસલ નમૂનાઓ બતાવ્યા. ચંદ્ર પરના પથ્થરના નમૂનાઓ, દસ્તાવેજી ફિલ્મો-ફોટા વગેરેની પણ સમજૂતી આપી. તે વખતે ચંદ્ર પરના લગભગ ૧,૦૦૦ રતલ જેટલા નમૂના સાચવવા માટે, ૧૫ મિલિયન ડોલરના ખર્ચે તૈયાર થઈ રહેલાં મકાન તથા દર વર્ષે આ સંસ્થાને સરકાર દ્વારા થતી ૪ બિલિયન ડોલરની ફાળવણીની વાતો પણ થઈ. અબજોનાં આંધણની આ વિગત સાંભળી સ્વામીશ્રીએ માર્મિક પ્રશ્ન પૂછ્યો કે 'આ બધાંનો લાભ શું?'

તેઓ કદાચ સમજાવવા માંગતા હશે કે ચંદ્ર પરના નમૂનાઓ સાચવવા માટે આટલી જહેમત ઉઠાવવાની સાથે એટલી જ દરકાર પૃથ્વી પરના માનવીઓને સાચવવામાં પણ દાખવાય તો !!

હ્યુસ્ટનથી પધરામણીઓ કરતાં-કરતાં સ્વામીશ્રી બપોરે પોણા ત્રણ

વાગ્યે ઠાકોરજી જમાડી સાંજે પાંચ વાગ્યે ઓસ્ટીન જવા નીકળ્યા. ટેક્સાસ રાજ્યનું આ પાટનગર ૧૬૦ કિ.મી.ના અંતરે હતું. ત્યાં તો સ્વામીશ્રી સમયસર પહોંચી ગયા પણ રાવજીભાઈનું ઘર શોધતાં એક કલાક સુધી ચક્કર લગાવવા પડ્યા! આ એક હરિભક્ત માટે જ તેઓ અહીં આવેલા. ઘણી મથામણના અંતે યજમાનને ઘેર જઈ સ્વામીશ્રીએ અલ્પાહાર અંગીકાર કર્યો અને પ્રાસંગિક કથાનો લાભ આપ્યો.

ત્યારબાદ અહીંથી દસ વાગ્યે ડલાસ જવા નીકળ્યા. એ રાત્રે ધુમ્મસ ધરતી પર ઊતરી આવેલું. તેથી ગાડીચાલકને આ અંતર કાપતાં ખાસ્સો વિલંબ થયો અને સ્વામીશ્રી રાત્રે અઢી વાગ્યે ડલાસ આવી પહોંચ્યા.

જેમ ભુવનભાસ્કર સૂર્ય પૃથ્વી પરના એક-એક ફળ-ફૂલની ખબર લેવા ખૂણે ખૂણે પહોંચી જાય છે, તેમ આ વખતના વિચરણમાં સ્વામીશ્રી *'સહુ જનને સુખ આપિયાં રે, દુઃખી રહ્યું નહીં કોય...'*ની રીતે ઘૂમતા હતા.

કર્યું ચાલતું મોક્ષનું કામ

તા. ૨૫/૧૦ના રોજ પ્લેનો, રિચાર્ડસન, ગ્રીનવીલ, ગારલેન્ડ વગેરેને લાભ આપતાં સ્વામીશ્રી સાંજે ડલાસના ઈસ્કોન મંદિરે સભા કરી ઉતારા તરફ જઈ રહેલા ત્યારે માર્ગમાં એક નિશ્ચિત્ત જગ્યા બતાવતાં હરિભક્તોએ કહ્યું: 'બાપા! આ સ્થાને અમેરિકાના લોકપ્રિય પ્રમુખ કેનેડીનું ખૂન થયું હતું.'

આ વિગત સાંભળતાં જ સ્વામીશ્રીએ તેઓની સદ્‌ગતિ થાય અને સત્સંગમાં જન્મ લઈ શ્રીજીમહારાજનો સિદ્ધાંત સમજે તથા સૌને સમજાવે તેવી શુભેચ્છા સાથે ધૂન-પ્રાર્થના કર્યા. *'જણ જણ પ્રત્યે જૂજવું, કર્યું ચાલતું મોક્ષનું કામ...'*ની રીતે સ્વામીશ્રી વિચરતા. જાણે-અજાણે, ભાવે-કુભાવે, પ્રત્યક્ષ-પરોક્ષ – કોઈ પણ રીતે જે જીવ પોતાના સંબંધને પામે તેને ઉગારવાનો દૃઢ નિર્ધાર તેઓનાં વર્તન-વિચરણમાં જણાઈ આવતો.

તેઓનું આવું સાંનિધ્ય તા. ૨૬/૧૦ના રોજ ઈરવિંગના નાનુભાઈ માટે પારસમણિતુલ્ય સાબિત થયું. છેલ્લાં ૪૪ વર્ષથી સિગારેટનાં બેહિસાબ ખોખાં ખાલી કરતાં રહેલા આ યજમાનને સ્વામીશ્રી તેઓના ઘેર પધાર્યા ત્યારે સ્વયંભૂ જ પ્રેરણા થઈ કે 'મારે સિગારેટનું વ્યસન છોડવું છે.'

તેઓએ કહ્યું: 'બાપા! ૪૪ વર્ષનું આ વ્યસન હતું. ઘણા લોકોએ તે છોડાવવા માટે પ્રયત્નો કર્યા. ભલભલા કહી ગયા પણ મેં કોઈનું માન્યું નથી.

સાચું કહું તો બાપા! બૈરી છોડું પણ બીડી ન છોડું, કારણ કે તે બૈરાં કરતાં પહેલાં આવેલી. પણ આજે તમારા વચને આ વ્યસન છોડું છું.' એમ કહેતાં તેઓ હાથમાં જળ લઈ પ્રતિજ્ઞાબદ્ધ થયા.

સ્વામીશ્રીના આવા ઊર્જાસભર સાંનિધ્યનો અનુભવ આજે ફોર્ટવર્થમાં આવેલા 'સાઉથ વેસ્ટર્ન પેટ્રોલિયમ' કંપનીના અમેરિકન અધિકારીઓને પણ થઈ રહ્યો. તેઓએ સ્વામીશ્રીને આગ્રહપૂર્વક પોતાના આંગણે તેડાવેલા. કૉન્ફરન્સ રૂમમાં મુખ્ય અધિકારી થોમસે ભાવભીનો સત્કાર કરતાં વાતવાતમાં સ્વામીશ્રીને પૂછ્યું : 'અમેરિકામાં આ ટેક્સાસ રાજ્ય કેવું લાગ્યું ?'

'ખેતી, ખનીજ, ઉદ્યોગોથી સમૃદ્ધ આ રાજ્ય છે. એમાં ધર્મની પ્રવૃત્તિ વધે તો સોનામાં સુગંધ ભળે.' સ્વામીશ્રીએ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો.

આ માટે તે અમેરિકનોએ અહીં સુંદર મંદિર કરવા વિનંતી કરી ત્યારે સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'એટલા માટે જ અમારું વિચરણ છે. જ્યાં ભક્તોનો સમુદાય હોય ત્યાં અમે સુંદર મંદિર કરીએ છીએ.'

વિચરણનો આ હેતુ જણાવી સ્વામીશ્રીએ તેઓને અંગ્રેજીમાં હસ્તાક્ષર કરી સાંપ્રદાયિક સાહિત્ય ભેટ આપ્યું ત્યારે એ અધિકારીઓએ પણ મડાગાસ્કર ટાપુ પર ઊગતો વિરલ છોડ, ટેક્સાસની સ્મૃતિરૂપ બટન અને પધરામણી ભેટ સ્વામીશ્રીને ધરી. જેઓની થોડી મિનિટો પણ ઘણી મોંઘી પુરવાર થાય તેવા ૧૫-૨૦ અધિકારીઓ આ પ્રસંગે પોણો કલાક સુધી સ્વામીશ્રીની આસપાસ ઘૂમતા રહ્યા. આ બાબત કંપનીના કર્મચારીઓ માટે કુતૂહલનો વિષય બની રહી.

સેવાની સૃષ્ટિ

તા. ૨૭/૧૦ની સવારે ડલાસથી શરૂ થયેલી સ્વામીશ્રીની મુસાફરી ૧,૧૨૦ કિ.મી.ની હતી! તેથી સંતોએ સ્વામીશ્રી મોટરમાં આરામ કરી શકે તે રીતે તેઓનું આસન પાથરી રાખેલું, પણ મોટર પાસે આવતાં સ્વામીશ્રીએ જ એ આસન કઢાવી નાંખ્યું અને પોતે આગળની બેઠક પર જ બિરાજ્યા. જેવું ગાડીનું પૈડું ફર્યું કે તેઓની કલમ પણ કાગળ પર ફરવા લાગી. પત્રલેખનનું કાર્ય પૂરું થયું એટલે તેઓની આંખો ભાગવતના પુસ્તક પર ફરવા લાગી. આમ, સતત સાડા ચાર કલાક સુધી તેઓ સેવા-સદ્વાંચનમાં જ પરોવાયેલા રહ્યા. મોટરની બંને બાજુથી પસાર થતા ભૂખંડો પ્રાકૃતિક રમણિયતાથી ફાટફાટ થતા હતા. વાદળોની હડિયાદોટીથી ભૂરું આકાશ પળે-પળે નિતનવી

છટાઓ ધારણ કરી રહેલું, પણ સ્વામીશ્રીનાં ધરતી, આકાશ અને દુનિયા કંઈક જુદાં જ રહ્યાં.

બપોરે બે વાગ્યે વિશ્રામ માટે કાફલો થોભ્યો. સિમેન્ટની સુંદર છત્રીઓ નીચે બનાવેલી બેઠકો પર બેસી સ્વામીશ્રીએ સાથે લીધેલું ભાથું અંગીકાર કર્યું. તે પછી બપોરની કથા કરી પુનઃ પ્રવાસ શરૂ થયો. લુસિઆના, મીસીસીપી રાજ્યો વટાવતાં સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે અલાબામા રાજ્યના બર્મિંગહામ શહેરમાં આવી પહોંચ્યા. અહીં 'શેમરોક' મોટેલમાં ઉતારો કરી રાત્રે સ્થાનિક ભક્તો સાથે બેઠા. આખા દિવસનો પ્રવાસ કર્યો હોવા છતાં નિરાંતે સૌનો પરિચય કેળવી સાડા બાર વાગ્યે આરામમાં પધાર્યા.

તા. ૨૮/૧૦ની સવારે બર્મિંગહામથી નીકળી સ્વામીશ્રી એથેન્સ આવી પહોંચ્યા. અહીં એક દિવસના રોકાણ દરમ્યાન હન્ટ્સવીલ અને ફ્લોરેન્સમાં પધરામણીઓ કરતાં તેઓને આજે કોઈ વિશેષ વિચરણ વિના પણ ૪૦૦ કિ.મી.ની મુસાફરી થઈ રહી.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૨૯/૧૦ના રોજ એથેન્સથી ડબલીન જવા નીકળ્યા. જ્યોર્જિયા રાજ્યનું આ ગામ ૪૮૦ કિ.મી.ના અંતરે હતું. ત્યાં પહોંચવાનો આખો રસ્તો જંગલમાંથી પસાર થતો હતો. પાનખર ઋતુને કારણે હરિયાળીનું સોનેરી, ગુલાબી, જાંબલી રંગોમાં રૂપાંતર થઈ ગયેલું. તેથી રંગબેરંગી વૃક્ષો, પહાડોના ઢોળાવ અને ખીણોની મનોહારી સૃષ્ટિ વિલસી રહેલી, પરંતુ આજેય સ્વામીશ્રી પત્રલેખનમાં જ મશગૂલ રહ્યા. દિવાળી અને નવા વર્ષના દિવસો નજીક આવી રહેલા હોવાથી, ટપાલોમાં નૂતન વર્ષના આશીર્વાદ વિશેષ લખવાના થતાં તેઓ સેવાની સૃષ્ટિમાં જ વિહરતા રહ્યા.

આ રીતે રાત્રે આઠ વાગ્યે જ્યોર્જિયામાં ચંદુભાઈ પટેલની મોટેલ પર પહોંચેલા તેઓ અહીં પણ નિત્યકર્મથી પરવારી મોડી રાત સુધી પત્રલેખનમાં રત રહ્યા. ત્યારબાદ સંતો-યુવકો સાથે ગોષ્ઠીમાં બેઠા. સમગ્ર દિવસ દરમ્યાન ભરચક કાર્યક્રમ અને ભરપૂર પ્રવાસ રહ્યા હોય, છતાં સ્વામીશ્રી સૂતાં પહેલાં પા-અડધો કલાક સંતો-યુવકોને અચૂક બ્રહ્માનંદ કરાવતા. કાર્યભારની નીચે તેઓ કુટુંબને કચડાવા દેતા નહીં.

હરિભક્તિ કરે ભરપૂર

તા. ૩૦/૧૦ની સવારે સ્વામીશ્રી ઠાકોરજી જમાડી આગળ વધવાના

હોવાથી, સૌ સહપ્રવાસીઓ સંકેલણીના કાર્યમાં પરોવાયેલા. તેને લીધે મહંત સ્વામીની સેવા કરતા એક સંત જરા મોડા પડ્યા. તે જોઈ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'ક્યાં આઘા-પાછા થઈ ગયા'તા ? મહંત સ્વામીએ જાતે પત્તર ધોયું. તે જમતા હોય ત્યારે હાજર રહેવું, પણ આમ-તેમ બાલાં મારવાં નહીં. બધું કામ પડતું મૂકીને સેવામાં રહેવું.'

આમ, સહવાસીઓને ખબરદારી શીખવતાં સ્વામીશ્રી, ડબલીનથી આશરે ૩૨૦ કિ.મી.ની મુસાફરી પણ પત્રલેખનમાં જ વિતાવતાં સાંજે ચાર વાગ્યે સાઉથ કેરોલીના રાજ્યના સ્પાર્ટનબર્ગ મુકામે આવી ગયા.

આ શહેરમાં પ્રથમ વાર જ તેઓનાં પગલાં થઈ રહેલાં. તેથી તેઓનો સવિશેષ લાભ અપાવવાના હેતુથી યજમાન હરિભક્ત વ્રજકુમારે 'જેસી બોબો' સ્કૂલમાં જાહેર-સભા ગોઠવેલી. તેમાં સાંજે પાંચ વાગ્યે સમયસર પધારી ગયેલા સ્વામીશ્રી માટે તકિયા-ગોઠણિયાં સહિતનું આસન સજાવવામાં આવેલું. તેની બાજુમાં ગાલીચો પાથરીને તૈયાર કરેલી ખુરશી પર એક સંતે પટની મૂર્તિ મૂકી. તે જોઈ સ્વામીશ્રીએ તરત જ પોતા માટે રાખેલ એક ગોઠણિયું લઈ સ્વહસ્તે જ મૂર્તિ નીચે મૂક્યું અને તેની પર પટની મૂર્તિ પધરાવી.

*'હરિભક્તિ કરે ભરપૂર'*ની આવી રીત રાખી વિચરતા તેઓ તા. ૩૧/૧૦ની સાંજે ચાર વાગ્યે સ્પાર્ટનબર્ગથી વિદાય લઈ મોર્ગટન અને સ્ટેટ્સવીલને પાવન કરતાં નોર્થ કેરોલિનાના હાઈપોઈન્ટ મુકામે પધાર્યા.

અહીં સ્વામીશ્રી તા. ૧/૧૧ની સવારે યજમાનશ્રી બાબુભાઈ પટેલના બેઠકખંડમાં પ્રાત:પૂજા માટે પધારી રહેલા ત્યારે સામેના ઓરડામાં નિત્યપૂજા કરતા સંતો તેઓને દેખાયા. એ સંતસમૂહને જોતાં જ સ્વામીશ્રીએ હાથ જોડી શીશ નમાવ્યું અને નમસ્કાર કરી આગળ વધ્યા.

નમનનો આ આનંદ લૂંટતા સ્વામીશ્રીએ પ્રાત:પૂજા બાદ કથા-અલ્પાહાર કરીને આ ગામ, આ રાજ્યને અલવિદા આપી. વાદળોથી ઘેરાયેલા આહ્‌લાદક વાતાવરણ અને ઠંડી આબોહવાને વીંધતી તેઓની ગાડી ગતિ કરવા માંડી. રસ્તાની બંને બાજુ પુરબહારમાં ખીલેલી પાનખરના પ્રભાવથી પૃથ્વીપટ વિશાળ રંગભૂમિ જેવો દીસતો હતો. ભગવાનનું કાર્ય ખીલે કે ખરે, બંનેમાં મનોહર જ રહે છે !

જો કે, માનવીની એક વાર મંડાયેલી આંખ ઊખડે નહીં એ રીતે પ્રકૃતિએ જમાવેલી આ રંગલીલા જોવા સ્વામીશ્રી તો પત્રોમાંથી આંખ જ

ઊંચી નહોતા કરતા. ક્યારેક સંતો કહે ત્યારે ભૂમિને પાવન કરવા પૂરતી તેઓ ઊડતી નજર ઠેરવતા અને પુનઃ સેવામાં પરોવાઈ જતા.

આ રીતે છ કલાકની મુસાફરી બાદ સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે વર્જિનિયા રાજ્યની જગપ્રસિદ્ધ લુરે ગુફાઓ પાસે આવી પહોંચ્યા.

બધા ભગવાન ભજે

લુરે ગુફાઓ એટલે પ્રકૃતિને ઓજાર બનાવીને પૃથ્વીના પેટાળમાં પ્રભુએ સર્જેલાં અદ્‌ભુત રંગીન મહાલયો. જળ-સ્થળનું પરસ્પર રૂપાંતર થતાં જમીનમાં ઊતરેલા લાવારસને કારણે જળ-અવશેષ ખડકોનું અનેરું કુદરતી શિલ્પ અહીં કંડારાયું છે. ધરતીના ઉદરમાં છતમાંથી ઊતરી આવેલાં અને જમીનમાંથી પણ સમુદ્રફીણ તથા અસ્થિ આકારે ફૂટી નીકળેલાં તોરણો, પથ્થરો, મિનારાઓ, સ્તંભ પંક્તિઓ, ઝુમ્મરોના વિવિધ આકારો ધારણ કરનાર આ સર્જન અનેકનાં આશ્ચર્ય અને આકર્ષણનો વિષય રહ્યું છે. દસેક કરોડ વર્ષ પૂર્વે સર્જાયેલી વિધાતાની આ અજબ સૃષ્ટિ સન ૧૮૭૭ની આસપાસના સમયમાં બે અમેરિકનોની કુતૂહલભરી નજરોએ શોધી કાઢેલી. લગભગ બે કિ.મી.ના આ ભૂગર્ભ ચકરાવાને રોશની વગેરેથી સજાવવામાં અને સાચવવામાં આવ્યો છે.

આ ગુફામાં વચ્ચે આવતાં એક Wishing well – ઈપ્સિત કૂવા પાસે સૌ મુલાકાતીઓ પોતાની મનોકામના વ્યક્ત કરી 'સેન્ટ' નાંખે. એ જગ્યાએ સૌએ સ્વામીશ્રીને પણ તેઓની ઇચ્છા વ્યક્ત કરવા કહ્યું, ત્યારે તેઓ બોલ્યા : 'બધા ભગવાન ભજે.' આ સંકલ્પની સિદ્ધિ માટે તેઓએ અહીં ધૂન કરાવી.

સૌને ભગવાન ભજાવવાના આ તાન સાથે સ્વામીશ્રી અહીંથી ફ્રેડરિક્સબર્ગ થઈને રાત્રે અગિયાર વાગ્યે મેરીલેન્ડ રાજ્યના ઑલ્ની મુકામે પધાર્યા. અત્રે તા. ૨/૧૧ની સવારે પ્રાતઃવિધિથી પરવારી તેઓ વૉશિંગ્ટન જવા નીકળ્યા.

અમેરિકાની આ રાજધાનીમાં વ્હાઇટ હાઉસ, કેનેડીની સમાધિ, વૉશિંગ્ટન મેમોરિયલ, લિંકન મેમોરિયલ વગેરે સ્થળોએ હરિભક્તો સ્વામીશ્રીને લઈ ગયા. પાર્લામેન્ટ હાઉસમાં સેનેટગૃહ અને કોંગ્રેસગૃહ બંને ચાલુ હતાં. સ્વામીશ્રીએ ત્યાં પણ પગલાં કર્યાં.

આ રીતે બધે ફરીને બહાર આવ્યા ત્યારે ખબર પડી કે 'ગાડીઓ

પાર્કિંગમાં અટવાઈ છે.' તે જાણી સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો, સત્સંગની પાર્લામેન્ટ ભરીએ.' એમ કહેતાં મહાસત્તારૂપે વર્તતા આ દેશની સંસદ સામે આત્મસત્તારૂપે વર્તતા સ્વામીશ્રીએ સત્સંગની સંસદ માંડીને મોટરો આવી ત્યાં સુધી સૌને જ્ઞાનવાર્તા સંભળાવી.

વૉશિંગ્ટનના કાર્યક્રમ દરમ્યાન સ્વામીશ્રીની મુલાકાત અમેરિકાના તત્કાલીન પ્રમુખ શ્રી જીમી કાર્ટર સાથે ગોઠવવામાં આવેલી, પરંતુ અચાનક યોજાયેલા રાષ્ટ્રપ્રમુખના વિદેશપ્રવાસથી તે મિલન શક્ય ન બન્યું. છતાં સ્વામીશ્રીએ તેઓને શુભેચ્છા-સંદેશ પાઠવતાં લખી જણાવ્યું: 'આપ ધાર્મિક વૃત્તિના છો તેથી ઘણો આનંદ થાય છે. અમેરિકા દેશની પ્રગતિ વિશેષ થતી રહે. આપ હિન્દુસ્તાન જવાના છો તે જાણી આનંદ થાય છે. હિંદુસ્તાન ધાર્મિક દેશ છે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે બંને દેશોના સંબંધો સારા રહે...'

સ્વામીશ્રીનો આ સંદેશ રાષ્ટ્રપ્રમુખના મુખ્ય સચિવને પહોંચાડાયો. તે તેઓએ જીમી કાર્ટરને વાંચી સંભળાવેલો.

ગુણાતીત મંડળમાં એક જ સિદ્ધાંત

તા. ૩/૧૧ના રોજ બાલ્ટીમોર, એસેક્સ, બેર વગેરેમાં પધરામણીઓ કરતાં ફિલાડેલ્ફિયા પધારેલા સ્વામીશ્રીને અહીં સાંજે પોણા પાંચ વાગ્યે બપોરના ભોજનનો મેળ પડ્યો! પરંતુ આવા સખત ભીડા તેઓની સમાધિને ભેદી શકતા નહીં. તેથી અત્રે તા. ૪/૧૧ની સવારે ભક્તચિંતામણિના ૭૮મા પ્રકરણ પર અદ્‌ભુત આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"ગુણાતીત મંડળમાં એક જ સિદ્ધાંત. મહારાજ એક જ. એક જ ગુણાતીત સ્વરૂપ દ્વારા પ્રગટપણું. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત સમજ્યા હોઈએ તો બે સ્વરૂપ, ચાર સ્વરૂપની વાત જ નથી. એક જ સ્વરૂપ. ૫૦૦ પરમહંસો હતા, પણ એક ગુણાતીતની મહત્તાનો ખ્યાલ આપણને આપ્યો. બધાની મહત્તા સમજતા હતા પણ ગુણાતીત તો એક જ. શાસ્ત્રીજી મહારાજે ઘણાને સેવ્યા પણ ગુરુ તરીકે ભગતજી એક જ. એમની વાતો કરતાં ગલગલ થઈ જતા. પતિવ્રતાની ભક્તિ.

અમે પણ શાસ્ત્રીજી મહારાજ ભેગા રહ્યા છીએ અને એમનો સિદ્ધાંત સમજ્યા છીએ. શાસ્ત્રીજી મહારાજના ઘણા શિષ્યો હતા, પણ યોગીજી

મહારાજ એક જ. તો કેવું કાર્ય થયું! શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમ સાથે ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ પધરાવી. સારંગપુરમાં ધર્મકુળ અને મુકુંદ બ્રહ્મચારી પધરાવ્યા. મહારાજે પણ અનેક મૂર્તિઓ પધરાવી. પણ ધ્યેય સમજવો. એમાં સંપ્રદાયની પુષ્ટિ થાય. બીજાનો મહિમા સમજવો, સેવા કરવી; પણ સ્વરૂપ એક જ. યોગીજી મહારાજે ઘણા ગુરુઓ કર્યા પણ ધ્યેય એક જ શાસ્ત્રીજી મહારાજ. શાસ્ત્રીજી મહારાજ થકી સુખ-આનંદ સમજ્યા તો દુનિયામાં ડંકો વાગ્યો. એક ધ્યેય, નિષ્ઠા હોય તો જ સંપ-સુહૃદભાવ રહે.'

આમ, અલ્પાહાર પૂર્વે સતત એક કલાક સુધી સ્વરૂપનિષ્ઠાની સર્વોપરી વાતો કરી સ્વામીશ્રીએ સૌનાં હૈયાં ઠારી દીધાં. એક કલાકમાં બે-ત્રણ વાર તેઓ 'અમે પણ શાસ્ત્રીજી મહારાજ ભેગા રહ્યા છીએ ને એમનો સિદ્ધાંત સમજ્યા છીએ' એમ બોલી ગયા. તે વખતે શાસ્ત્રીજી મહારાજના જેવી જ વિરાટ પ્રતિભાનું દર્શન તેઓમાં સૌને થઈ રહ્યું.

કથા બાદ તળ ફિલાડેલ્ફિયામાં તથા લોવેલ, ચેસ્ટર વગેરેમાં પગલાં પાડતાં સ્વામીશ્રીનો આજનો આખો દિવસ પધરામણીઓ ગળી ગઈ.

અમેરિકા અંગે અભિપ્રાય

સ્વામીશ્રીનો અમેરિકાનો પ્રવાસ હવે પૂર્ણતાના આરે હતો. અનેક મુશ્કેલીઓનાં મોજાંને પાર કરતાં તેઓ આ વખતે અમેરિકાના કૈંક નવા કિનારાઓને સ્પર્શ્યા હતા. આ વિચરણમાં સૌને વિશેષ ચિંતા હવામાનની હતી, કારણ કે ગયા વર્ષે આ સમયગાળામાં તાપમાન -૮ ડિગ્રી સેન્ટિગ્રેડે પહોંચી ગયેલું. પરંતુ સ્વામીશ્રીએ આ વર્ષે પ્રકૃતિને બરાબર વશમાં રાખી હોય તેમ ૧૫ ડિગ્રી સેન્ટિગ્રેડની આસપાસ તાપમાન રહેલું! સ્વામીશ્રી જે તે કેન્દ્રમાં જાય ત્યાં આગળ-પાછળના સમયમાં ઠંડી માઝા મૂકતી, પણ તેઓ પધારે ત્યારે તાપમાનનો પારો ઊંચો ચઢી આવતો. અનેકની ઠંડી ઉડાડવા આવેલા સ્વામીશ્રી પાસે ઠંડી કેવી રીતે ફરકી શકે!

આ રીતે બે મહિનામાં અમેરિકાને પગ તળે કરી સ્વામીશ્રી તા. ૫/૧૧ના રોજ પુનઃ ન્યૂયોર્ક પધારવાના હતા. તેથી ઘણા સહજભાવે તેઓને પૂછતા કે 'બાપા! અમેરિકા કેવું લાગ્યું? યાત્રા કેવી થઈ?'

ત્યારે તેઓના ઉદ્‌ગારો એક જ રહેતા: 'બધા સત્સંગીઓ મળ્યા, સભાઓ થઈ, સત્સંગ સારો થયો.'

આ જ હતો તેઓનો સૃષ્ટિના સ્વર્ગ સમા અમેરિકા અંગેનો અભિપ્રાય. તેમાં સત્સંગ સિવાય કોઈ વાત જ નહોતી.

ગાદીએ કરીને મોટાઈ નથી

તા. ૫/૧૧ના રોજ પ્રાતઃપૂજા પછી સ્વામીશ્રીએ વચનામૃત(ગ.અં. ૧૬)ના આધારે એકનિષ્ઠાની અનુપમ વાતો કરતાં જણાવ્યું :

"ઇષ્ટદેવને વિષે જેને નિષ્ઠા છે, ભાવ છે, મહિમા છે, એ સંબંધે બીજાની સેવા કરે. આપણા ઇષ્ટદેવને વિષે ભાવ ન હોય ને ગમે એવો મોટો હોય તો પણ એને વિષે ભાવ ન આવે. બીજાનો ગુણ ન આવે. શું? 'કલ્યાણના દાતા છે' એવો ગુણ ન આવે. નિશાન એક રાખવું. ગડમથલ થયા કરે તો જિંદગી જતી રહે. શાસ્ત્રીજી મહારાજ નિર્ગુણ સ્વામીનો કેવો મહિમા કહેતા! છતાં તેઓ બધાને શાસ્ત્રીજી મહારાજમાં જ જોડતા. તેમ હતું તો 'યુનિટી' (એકતા) રહી. આફ્રિકાવાળાઓએ પણ સંકલ્પ કર્યો નથી કે 'નિર્ગુણ સ્વામીની જયંતી ઊજવીએ, ફોટા છપાવીએ.' શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપમાં દૃઢતા હોય તો યોગીજી મહારાજમાં નિષ્ઠા થાય જ. ન થાય તો મૂળ પાયો જ કાચો છે. યોગીજી મહારાજે સંત સ્વામી વગેરે સંતોનો મહિમા કહ્યો છે. પણ સ્વરૂપ બે-ચાર ન હોય; એક જ હોય. શાસ્ત્રીજી મહારાજે એક જ સ્વરૂપનો સિદ્ધાંત સમજાવ્યો છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની સંસ્થાનો પક્ષ રાખવો એ જ સાચો પક્ષ..."

સ્વામીશ્રી આમ અતિ પરભાવમાં વાતો કરી રહેલા. જાણે શાસ્ત્રીજી મહારાજનું જ ભવ્ય, દિવ્ય સ્વરૂપ! એ જ છટા. એ જ ખુમારી. એ જ સત્તાધીશ સૂર. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને રાજી કરવા શું કરી નાંખીએ, એનું રોમરોમમાં દર્શન કરાવતાં સ્વામીશ્રી વધુમાં બોલ્યા :

'આ દિવસ-રાત ખાવા-પીવાનાં ઠેકાણાં વગર ફરીએ છીએ તે મનાવા-પૂજાવા? દેશ જોવો હોત તો એક વાર આવી ગયેલ. બીજી વાર શા માટે આવત? આ તો યોગીબાપાનું કામ છે તે કરવું પડે. આ તો અમારા જેવા વીસ જણા ફરે તો પણ ઓછું પડે. વ્યાસજીનું પ્રમાણ એ પ્રમાણ; તેમ શાસ્ત્રીજી મહારાજનું પ્રમાણ એ પ્રમાણ. નીચે બેઠા કે ઉપર બેઠા તેનું શું? એ તો ગુરુપરંપરા અમારે સાચવવી રહી. ગાદીએ કરીને મોટાઈ નથી, ગુણે કરીને છે. બીજું ન સમજાય તો કાંઈ નહીં, પણ શાસ્ત્રીજી મહારાજે સમજાવ્યું

છે તે તો સત્ય છે તેમ માને તો બાધ ન આવે...'

આજે પણ અલ્પાહાર પૂર્વે એક કલાક સુધી પક્ષ અને પતિવ્રતાપણા પર ધનુષના ટંકાર સમી વાણી રેલાવી સ્વામીશ્રીએ સૌને છક કરી દીધા.

ઉકાળા-પાણી બાદ સ્વામીશ્રી સાઉથ ન્યૂજર્સી તથા બ્રિજટોનમાં પધરામણીઓ કરતાં બપોરે સાડા ત્રણ વાગ્યે ભોજન લેવા બિરાજ્યા. ત્યારબાદ પુનઃ પધરામણીનો દોર ચાલતાં પરામસમાં રાત્રે પોણા બાર વાગ્યે વાળુનો વારો આવ્યો. આજની પ્રાતઃકથામાં તેઓ બોલેલા કે 'આ દિવસ-રાત ખાવા-પીવાનાં ઠેકાણાં વગર ફરીએ છીએ...' તે આજે પણ સાકાર થઈ રહ્યું !

પત્ર-મિત્રના પ્રેમ, પુરુષાર્થ અને પરિણામ

તા. ૬/૧૧ના રોજ પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી વિદ્યાનગરના સ્થપતિશ્રી ભાઈકાકાના ભાણા મિતેષભાઈના ઘેર જઈ પહોંચ્યા. આ યુવાનનો સત્સંગ દોઢેક વર્ષનો જ. પરંતુ સ્વામીશ્રી પાસે તો નવા-જૂના સૌને *'ભવ ભવનો ભેરુ મારો જોગીડો લાગતો'* જેવો જ અનુભવ થાય. આ યુવાન પણ તેથી બાકાત ન રહ્યા. તેઓનું પૂજન પ્રેમથી સ્વીકારી સ્વામીશ્રીએ સત્સંગની દૃઢતા સીંચ્યા બાદ કહ્યું : 'તારે દર મહિને મને એક પત્ર લખવો. જો તું નહીં લખે તો હું તો તને લખીશ જ !'

સ્વામીશ્રીનો પ્રેમ હંમેશા બિનશરતી રહેતો. તેમાં મિત્રભાવની બોલબાલા; માલિકીભાવની નહીં. તેથી જ તેઓ સામેથી આજે આ યુવાન તરફ પત્રરૂપી હાથ લંબાવી તેના પત્ર-મિત્ર બની ગયા.

...અને આ ઘડીથી શરૂ થયેલી એક મહાત્માની મૈત્રી પેલા યુવાનના જીવનમાં અનેરા રંગ પૂરવા માંડી. નોકરી કરતા આ યુવાન તો તેઓને જેમ આવડે એમ પત્ર લખે. વખતે લખવાનું ચૂકી પણ જાય, પરંતુ *'સખી શબ્દનો સાચો છે શ્યામળો'*ની જેમ મહિને-દા'ડે સ્વામીશ્રીનો પત્ર તો આ યુવક પર અચૂક આવે જ.

તેમાંથી ક્યારેક *'ગમે તે ભોગે સત્સંગ ને નિયમ સાચવવા તો આપડે(આપણે) સાથે જ છીએ ને રહેશું...'* જેવા શબ્દો દ્વારા પ્રેમનો પરિમલ પ્રસરે; તો ક્યારેક *'આપણે કોણ છીએ ? આત્મા, અક્ષર, બ્રહ્મ, દાસ, સેવક, ભક્ત છીએ તે નિરંતર જાણપણું રાખવું...'* જેવા જ્ઞાનનો ગુલાલ પણ ઊડે. ભારતમાં રહ્યા થકા સ્વામીશ્રી જાણે આ યુવાનના મનને જોતા હોય તેમ ઘણી

વાર પત્રમાં અંતર્યામીપણાના ચમકારાય વેરાય.

એક વાર તાપમાનનો પારો (માઈનસ) – ૨૦ ડિગ્રીએ ઊતરી ગયેલો. બહાર બરફ વરસતો હતો. તેમાં આ યુવાનનું તપ પણ ઠીંગરાઈ જતાં તેઓએ નિર્જળાને બદલે ફરાળી એકાદશી કરવાનું નક્કી કર્યું. આ રીતે હજી એકાદ ઉપવાસ પસાર થયો ત્યાં તો 'કેમ છે દોસ્ત!' કહી પીઠ પર થાપ દેતા મિત્રની જેમ સ્વામીશ્રીનો પત્ર આવી ગયો: *'નિર્જળા એકાદશી કરતો હોઈશ. કોઈ વખત વસમું લાગે તો લિક્વીડ(પ્રવાહી) લેવું, પણ ફરાળ ન કરવું.'*

આ પત્ર વાંચી મિતેષ તો અચંબો પામી ગયા. તેઓને ધીરે ધીરે સ્વામીશ્રીનું ઘેલું લાગવા માંડ્યું. મહિનો પૂરો થવામાં ચાર-પાંચ દા'ડા બાકી હોય ત્યારથી તે પત્રની પ્રતીક્ષામાં ડૂબી જાય અને જ્યારે સ્વામીશ્રીનો પત્ર આવે ત્યારે તો –

'જે રીતે જન લોભીને જર તણો ભંડાર ભારે જડે,
કે ચિંતામણિ ચિત્તમાં ચિંતવતાં પાસે જ આવી પડે;
કે ઈન્દ્રાસન એહને જ મળતાં ઉત્સાહ જેવો થશે,
વા'લાનો શુભ પત્ર વાંચી જનને ઉત્સાહ એવો દિસે...'

– જેવી દશા આ યુવાનની થઈ જાય.

પત્રના પહેલા પાને જમણી બાજુ ઉપર સ્વામીશ્રી જ્યાંથી પત્ર લખ્યો હોય તે સ્થળનો ઉલ્લેખ કરે. તેમાં ક્યારેક નૈરોબી તો ક્યારેક વડનગર વાંચવા મળે. ક્યારેક કાવીઠા તો ક્યારેક ડર્બન, ક્યારેક મહેળાવ તો ક્યારેક જામનગર... પત્રમાં પણ સ્વામીશ્રી સાંપ્રત પ્રવાહો વણતાં-વર્ણવતાં લખે:

'અત્યારે નારાયણ ભગત ભાગવત વાંચી રહ્યા છે... અમે સોરઠમાં પ્રવાસે આવેલ છે(છીએ)... મારે શરીરે સારું છે. હવે હરવા-ફરવામાં શક્તિ આવેલ છે. ખોરાક લેવાય છે...'

આવાં વર્ણનો સ્વામીશ્રીના પુરુષાર્થના પરિચાયક બની રહેતાં. ગમે તે સ્થિતિ હોય કે ગમે તે સ્થળ, પણ જેમ મા-મિત્ર પોતાનાં સંતાન-સ્નેહીને વિસરે નહીં, તેમ સ્વામીશ્રી આ યુવાનને ભૂલ્યા નહીં. લાગલગાટ ચાર વર્ષ સુધી અખંડિત રહેલી તેઓની આ સ્નેહધારાએ એ યુવાનને સ્વામીશ્રીના પ્રેમમાં ડુબાડી દીધા અને તેઓ સન ૧૯૮૧માં સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ ગયા.[૫૯]

---

૫૯. તેઓનું નામાભિધાન સાધુ યજ્ઞવલ્લભદાસ કરવામાં આવ્યું.

'મા'ની મમતા, સલાટની શ્રદ્ધા અને કલાકારની કાળજીથી એક-એક સંત-સત્સંગીનું જીવનશિલ્પ ઘડ્યું હતું સ્વામીશ્રીએ !

સો ટચની સાધુતા

દૂર-સુદૂરથી સ્વામીશ્રીનો લાભ લેવા ન્યૂયોર્કમાં ઊમટી પડેલા ભક્ત-સમૂહમાં ઉપસ્થિત એક અમેરિકન મહિલાએ 'પણ'(પ્રતિજ્ઞા) લીધેલું કે 'સ્વામીશ્રીનાં દર્શન ન થાય ત્યાં સુધી ભોજન ન લેવું.'

શિકાગોથી ઊડીને આવેલા આ ફ્લોરિના ડિનેક્સ એટલે સ્વામીશ્રીના સ્વરૂપમાં મુગ્ધ બનેલ અમેરિકન ગોપી ! ભગવાં વસ્ત્રો અને મોટા ચાંદલા સહિતના સ્વામીશ્રીનાં દિવ્ય-દર્શનથી પ્રભાવિત આ મહિલા, સ્વામીશ્રી અહીં પધારતાંની સાથે જ, તેઓની પાછળ પાછળ *'ચાલી હું પ્રમુખસ્વામી સંગે'* મુજબ આવી ગયેલાં.

તેઓ અત્રે તા. ૬/૧૧ના રોજ આવ્યાં ત્યારે જ ખબર પડી કે 'આ મહિલા આમ જનતાની જેમ નથી. આ અમેરિકન સ્પિરિચ્યૂઆલિસ્ટ(અધ્યાત્મવાદિની)ના ઘણા શિષ્યો છે.' આવાં પ્રતિષ્ઠિત તેઓનો સ્વામીશ્રી પ્રત્યેનો પૂજ્યભાવ સૌને સ્વામીશ્રીનો મહિમા વિશેષ સમજાવી ગયો.

સ્વામીશ્રીનાં દર્શન થયાં પછી જ તેઓએ ભોજન લીધું. પોતાના શિષ્યો વતી તેઓએ તૈયાર કરેલી પ્રાર્થના સ્વામીશ્રીને પહોંચાડી. તેઓને સ્વામીશ્રીનું આકર્ષણ એવું અનુભવાયું કે લાભ લેવા એક દિવસ વધુ રોકાયા. છેવટે સજળ નયને વિદાય લેતી વખતે તેઓ સ્વામીશ્રીની મૂર્તિ પોતાની સાથે શિકાગો લઈ ગયા અને પોતાના ઘેર પહોંચતાં જ એ મૂર્તિ હાથમાં રાખી નાચવા માંડ્યાં. તે વખતે તેઓનું રોમરોમ જાણે ગાઈ રહ્યું: *'મુને લાગ્યો રે, મુને લાગ્યો રે, રસિયા તારો રંગ; ના વરું હું બીજા કોઈને રે...'*

સીધા સંપર્ક વિના પણ સ્વામીશ્રીની સો ટચની સાધુતા કૈંકને રંગી નાંખતી.

સતેજ સ્મૃતિ, પ્રગાઢ પ્રેમ

અમેરિકા મુકામે હવે છેલ્લા 'સાત દિવસ સુખના' વીતી રહેલા. તેમાં તા. ૭/૧૧ના રોજ એકાદશી આવી. છતાં આ નિર્જળા ઉપવાસમાં સ્વામીશ્રીએ ભક્તચિંતામણિના ૧૦૪, ૧૦૫મા પ્રકરણના આધારે સતત અઢી કલાક સુધી

સર્વોપરીપણાનો મેઘ વરસાવ્યો.

અહીં આજની રાત્રે કથા બાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે પલંગ પર બિરાજમાન તેઓ સમક્ષ ઈશ્વરચરણદાસ સ્વામીએ અમેરિકાનો નકશો બિછાવ્યો. તેમાં સાંપ્રત વિચરણ દરમ્યાન સ્વામીશ્રીએ પાવન કરેલાં ગામો-નગરોનો નિર્દેશ હતો. સંતો એક પછી એક તેની સમજૂતી આપવા લાગ્યા. સાથે સાથે જે તે કેન્દ્રોની ખાટી-મીઠી સ્મૃતિઓ પણ સૌ વાગોળવા માંડ્યા. આ રીતે વિચરણનું સઘળું વિવરણ પૂરું થયું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આમાં સ્ટોકટન ન આવ્યું ?!'

આ સાંભળી સૌ દિગ્મૂઢ બની ગયા! છેલ્લા ત્રણ મહિના દરમ્યાન સ્વામીશ્રી અમેરિકામાં ૨૯ રાજ્યોનાં ૧૫૦થી વધુ સ્થળોએ જેટની ગતિથી ઘૂમી વળેલા. છતાં જ્યાં માત્ર દોઢ-બે કલાકનું જ રોકાણ કરેલું એવું આ નાનકડું કેન્દ્ર પણ તેઓની યાદદાસ્તમાં અકબંધ હતું! કોઈ આ ઘટનામાં સ્વામીશ્રીની સતેજ સ્મૃતિનો પરચો જોઈ શકે છે, પણ આ હતું તેઓના પ્રગાઢ પ્રેમભર્યા સંપર્કનું પરિણામ. તેઓ જ્યાં જતા, જેને મળતા તે પૂરા પ્રેમથી. તેમાં સ્વાર્થ-શિષ્ટાચાર વગેરે કોઈ લૌકિક ભાવો નહોતા રહેતા.

પૂર્વમાં પ્રગટ્યા ને પશ્ચિમ પ્રકાશ્યા

તા. ૧૧/૧૧ના રોજ અંગ્રેજી ભાષામાં અનુવાદિત થયેલ ભગવાન સ્વામિનારાયણની પરાવાણીરૂપ 'વચનામૃત'ને ઉદ્‌ઘાટિત કરી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'યોગીજી મહારાજનો સંકલ્પ હતો તે કાર્ય પૂરું થયું. મહારાજની પરાવાણી ઝીલવી કઠણ. પરમહંસોએ આ શબ્દો જીવનમાં ઉતાર્યા અને લોકોને આપ્યા એ મોટી કૃપા. હર્ષદભાઈ પર યોગીબાપાની કૃપા, તો તેઓ દ્વારા આ ભાષાંતરનું કાર્ય થયું. આ અદ્‌ભુત વાણીનો દુનિયાને હવે લાભ મળશે. આ પુસ્તક મિત્રોને ભેટ આપવું. યુનેસ્કો મારફત પણ એનું પ્રકાશન થાય એવી મહારાજને પ્રાર્થના કરવી. મહારાજની વાણી દરેકને આપણે પહોંચાડીએ. તે દરેક ભાષામાં પ્રગટ થાય. લઈ મંડે તો થાય. રવિવારનો દિવસ પ્રચાર માટે જ રાખવો. મહારાજ પૂર્વમાં પ્રગટ્યા ને પશ્ચિમમાં પ્રકાશ્યા...'

સ્વામીશ્રીના છેલ્લા ઉદ્‌ગારોને ભક્તોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. 'શ્રીજીમહારાજનો પ્રકાશ આજે સ્વામીશ્રી દ્વારા પશ્ચિમમાં રેલાઈ રહ્યો છે' એ ગૂઢાર્થ સૌ સમજી ગયા.

આશીર્વાદ બાદ યોજાયેલી ઔપચારિક ઉદ્‌ઘાટન-સભામાં હાર્વર્ડ યુનિવર્સિટીના 'પાર્કમેન પ્રોફેસર ઑફ ડિવિનિટી' શ્રી જહોન કાર્મેનના હસ્તે 'વચનામૃત'ની અંગ્રેજી પ્રતનું વિધિવત્ ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે 'હાર્વર્ડ ડિવિનિટી સ્કૂલ'ના આ તત્કાલીન અધ્યક્ષશ્રી વચનામૃતની વિશેષતા વર્ણવતાં બોલ્યા:

'એક વાત મને ખાસ સ્પર્શી હોય તો એ છે કે દરેક વચનામૃતમાં ચોક્કસ તારીખ આપવામાં આવી છે. ભારતના ધાર્મિક ઇતિહાસના વિદ્યાર્થીઓને આ ભારતીય ઇતિહાસમાં ચોક્કસ તારીખનો અભાવ સતત સતાવે છે. પરંતુ વચનામૃતમાં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોંધવામાં આવેલી છે. ઇતિહાસના જ્ઞાનની બાબતે ધાર્મિક ઇતિહાસમાં આ પ્રકરણ મધ્યાહ્‌ને તપતા સૂર્ય સમાન છે, કે જેમાં ઇતિહાસના જ્ઞાન વિશે કોઈ પ્રકારનો અંધકાર નથી એટલે કે કશું જ અજાણ્યું નથી. ભારત વિશે પશ્ચિમના લોકોમાં એવી એક ગેરસમજણ છે કે ભારતમાં કોઈને ઇતિહાસની સૂઝ જ નથી. પણ તમારી ગુરુપરંપરામાં ઇતિહાસની એક વિશિષ્ટ પ્રકારની સૂઝ છે કે જે ભારતના આસ્તિક-ધાર્મિક લોકો માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.'

આ ઉદ્‌ઘાટન-સભાને અનુસરતાં જ સર્વધર્મ-પરિષદનો પ્રારંભ થયો.

તો આપણા બેઉનો દાખડો સુફળ

તા. ૧૨/૧૧નો સૂર્યોદય થયો ત્યારે *'ફૂલ-કાંટા બેઉની, રાખે છે રંગત જિંદગી'*નો અનુભવ અમેરિકાના સત્સંગીઓ કરી રહ્યા. તેઓને આજથી શરૂ થતું નવું વર્ષ[૬૦] સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવવા મળેલું, પરંતુ આજે જ થનારી સ્વામીશ્રીની વિદાય મનમાં વિષાદ પણ ભરી રહેલી. આ મિશ્રભાવો સાથે સૌએ અન્નકૂટોત્સવ ઊજવ્યો.

ફૂલનાં સુખ-સુગંધ અનુભવ્યાં બાદ હવે શૂળની વેદના સહન કરવાની ઘડી આવી ગઈ! બે કલાક પહેલાં મંદિરમાં વેરાતો બ્રહ્માનંદ ધીરે ધીરે ગમગીનીમાં ફેરવાઈ રહ્યો. ચમકતા સૂર્યને અચાનક કાળાં ડિબાંગ વાદળાં ઢાંકી દે, તેમ ત્રણ-ત્રણ મહિનાના સુખ-સૂર્યને ગ્રસી જવા સૌનાં હૃદયાકાશમાં વિયોગનાં વાદળાં ઊમટી આવ્યાં. સાંજે પાંચ વાગ્યે મંદિરમાં શરૂ થયેલી વિદાય-સભામાં વાતાવરણ ભારેખમ બની ગયું. એ ભાર ધીરે ધીરે અશ્રુબિંદુઓ

---

૬૦. વિ.સં. ૨૦૩૪નો પ્રારંભ થયો.

દ્વારા ટપકવા લાગ્યો. તેથી ઊમટેલાં ભાવપૂરમાં સ્વામીશ્રી પણ તણાયા. તેઓની આંખોમાંય મોંઘા મોતી ચમકવા લાગ્યા.

આ જ સ્થિતિમાં વાત્સલ્યવર્ષા કરતાં તેઓએ જણાવ્યું: 'આપણે ભગવાનના બાળક છીએ. ભગવાનને પ્રાર્થના કરવાની કે એકબીજાનો મહિમા સમજીએ. આત્મભાવથી રહીએ તો જ આપણને સુખ પ્રાપ્ત થાય. ભગવાનના ધામમાં પહોંચવું છે એ જ હેતુ છે. સૌએ ખૂબ ભીડો વેઠ્યો છે. આપને કાંઈ કષ્ટ પડ્યું હોય તો માફ કરજો. કથાવાર્તા જીવનમાં ઉતારશો તો આપણા બેઉનો દાખડો સુફળ થશે. તમે કે અમે, ભગવાનને રાજી કરવા કર્યું છે. અમે ઉપકાર કર્યો નથી. તે માટે જ દેહ છે. ભીડો ખૂબ આપ્યો છે તો સર્વે માફ કરજો અને કથા-વાર્તા કરજો...'

આ પ્રેમપ્રચુર વાણી સાંભળી સૌ ગદ્‌ગદિત થઈ ગયા. સૌના ફૂલહાર સ્વીકારી સ્વામીશ્રીનાં ચરણ મંદિરની હદ બહાર પડ્યાં તે સાથે જ સૌનું દુઃખ પણ સીમા ઓળંગી ગયું. કેટલાય પોકેપોકે રડવા લાગ્યા!

ભક્તોની આ સ્થિતિ વચ્ચે મંદિરેથી વિદાય થયેલા સ્વામીશ્રી રાત્રે સવા આઠ વાગ્યે કેનેડી ઍરપોર્ટ પર ઊભેલા 'એમ્પરર અશોક' વિમાનમાં બિરાજતાં જ દરવાજા ભીડાયા, હવાઈયાન ગમનપથ પર ગોઠવાયું અને સડસડાટ દોટ મૂકી તે આકાશમાં તરવા લાગ્યું. તે સાથે જ ભક્તોનાં મન પણ સ્મૃતિપ્રદેશમાં વિહરવાં માંડ્યાં.

વિમાનના ટચૂકડા સ્ક્રીન પર ઊંચાઈ, અંતર, હવાના દબાણ વગેરે દર્શાવતા આંકડા ઝબકતા હતા, તો ભક્તોનાં મનમાં સ્વામીશ્રીના વિચરણના આંકડા આમ ચમકી રહ્યા...

૯૨ દિવસ, ૨૯ રાજ્યો, ૧૫૦ કેન્દ્રો, ૫૬૬ પધરામણીઓ, ૨૬,૧૨૮ કિ.મી.નો મોટર-પ્રવાસ, ૨૪૦૦ કિ.મી.ની હવાઈ મુસાફરી...

વિમાનના ઝબકતા આંકડા તો વળતી કો'ક ખેપમાં પુનરાવર્તિત થવાના હતા, પણ સ્વામીશ્રીએ સર્જેલા આ આંકડા પર હવે બીજી કોઈ છાપ પડવાની નહોતી. તે શાશ્વત કાળ સુધી આમ જ સ્થિર રહેવાના હતા![૬૧]

---

૬૧. સ્વામીશ્રીએ ખેડેલી અમેરિકાની આ ધર્મયાત્રાની કેટલીક ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

મારા કામમાં કોઈ ફેર નહીં પડે

તા. ૧૩/૧૧ની સવારે સાડા આઠ વાગ્યે લંડનના હીથ્રો ઍરપોર્ટ પર ઊતરેલા સ્વામીશ્રીએ બપોરે ત્રણ વાગ્યે પૂર્વ લંડનમાં અન્નકૂટોત્સવ ઊજવ્યો. અત્રે વિશાળ ગોડાઉનમાં ૨૦૦ જેટલી વાનગીઓનો ૧૨ ફૂટ ઊંચો ભવ્ય અન્નકૂટ કલાત્મક રીતે સજાવવામાં આવેલો. ૪,૦૦૦ ભક્તોની સાથે સ્વામીશ્રીએ તેની આરતી ઉતારી તે સાથે જ બાળ-યુવા મંડળના અધિવેશનનું પણ ઉદ્‌ઘાટન કર્યું. સ્વામીશ્રી દ્વારા આમ લીલી ઝંડી મળી જતાં સાડા છ વાગ્યા સુધી અધિવેશનની ગાડી પુરપાટ દોડતી રહી.

આ અરસામાં નવેમ્બર મહિનો તેના મધ્ય ભાગમાં પહોંચી જતાં ઠંડીનો ચમકારો તીવ્રતાથી અનુભવાતો હતો. છતાં તા. ૧૪/૧૧ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ પધરામણીએ નીકળ્યા. તેનો દોર એવો લંબાયો કે બપોરે અઢી વાગ્યે તેઓ ભોજન ભેગા થયા. ત્યારે પણ ઝડપથી જમી લઈ બપોરની કથા કરી સ્વામીશ્રીએ ત્રણ વાગ્યે આરામમાં જતી વખતે જ્ઞાનપ્રિય-દાસ સ્વામીને તાકીદ કરી કે 'મને સાડા ત્રણ વાગ્યે જગાડી દેજો.'

આ સાંભળી તે સંતને નવાઈ લાગી: 'આ તે કેવું? ફક્ત અડધો કલાકનો જ આરામ!' આમ વિચારતાં તેઓએ ઓરડામાંથી બહાર નીકળતાં પહેલાં સ્વામીશ્રી જાણી ન જાય તે રીતે સ્વામીશ્રીની ઘડિયાળ અડધો કલાક પાછી મૂકી દીધી.

પણ આ ચેષ્ટા કરી તેઓ ઓરડો છોડે તે પહેલાં તો સ્વામીશ્રી બોલ્યા: 'તમે આઘા થાઓ કે પાછા થાઓ, ગમે તે કરો, પણ પધરામણી તો એટલી જ થવાની છે ને સમય એટલો જ જવાનો છે. બપોરે મોડું થશે તો રાત્રે પણ મોડું થશે. મારા કામમાં કોઈ ફેર નહીં પડે.'

આ ઉદ્‌ગાર સાથે પોઢેલા સ્વામીશ્રી આરામમાંથી નિશ્ચિત્ત સમયે જાગ્રત થયા બાદ પધરામણીઓ કરી સાંજે છ વાગ્યે 'રિલિજિયસ સોસાયટી ઑફ ફ્રેન્ડ્સ'ના હૉલમાં અધિવેશનની સ્પર્ધાઓ નિહાળવા પધાર્યા. અહીં સૌનો દેખાવ અને દાખડો જોઈ તેઓએ પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપ્યા કે 'યુવકોએ તૈયારી કરી છે એનું મહાફળ મળશે. મહાફળ શું? તેઓ અનેકને સત્સંગ કરાવશે. યોગીબાપાએ યુવકોને સંસ્કાર આપ્યા. સંતો બનાવ્યા. આમાંથી પણ એવા પાકશે. આવા યુવકો-સંતો તૈયાર થાય એ સંસ્થાનો પાયો

મજબૂત થતો જાય છે.'

દેખાય છે પણ મનાતું નથી

અધિવેશન બાદ તા. ૧૫/૧૧ની સવારે વૅમ્બલી કૉન્ફરન્સ હૉલમાં પત્રકાર પરિષદ યોજાયેલી. તેમાં સ્વામીશ્રી પધારતાં જ કેમેરાની ચાંપો ફટાફટ દબાતી ચાલી. વિશાળ ભાલ, તેજસ્વી મુખારવિંદ, પારદર્શક આંખો, છટાદાર ચાલ, સાદો પહેરવેશ છતાં જાજરમાન વ્યક્તિત્વ ધરાવતા સ્વામીશ્રીની તસવીરો ખેંચતા ગોરા ખબરપત્રીઓ ધરાયા જ નહીં. તેની વચ્ચે વર્તમાનપત્ર 'વૅમ્બલી ઓબ્ઝર્વર'ના પત્રકાર શ્રી ડેવિડ બેસ્ટરે સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી શરૂ કરી.

- સાધુઓ માટે ભગવાં વસ્ત્રો કેમ છે?
  'ત્યાગની ભાવના આ રંગમાં છે. ભગવો રંગ ભગવાનનું અનુસંધાન આપે છે.'
- દુનિયાનું ભવિષ્ય કેવું છે?
  'ભગવાનને આધારે છે. ભગવાનમાં જેવી શ્રદ્ધા રાખશે એવું ભવિષ્ય થશે. ઊલટા-સૂલટી થયા કરે છે ને થશે. પણ મનુષ્યો ઉપર ભગવાન દયા કરે છે અને કરશે.'
- આપને ભગવાનનો સંબંધ છે?
  'ભગવાનની આજ્ઞા-ઉપાસના છે એટલે સંબંધ છે જ. ચાલુ જ છે.'
- બાઇબલ વિષે આપ શું જાણો છો?
  'બાઇબલ વાંચ્યું નથી પણ એનો સાર જાણીએ છીએ.'
- દુનિયામાં શું પ્રાપ્ત કરવાનું છે? આપ શું પ્રાપ્ત કરવા માંગો છો?
  'પ્રાપ્ત કરવા જેવા એક ભગવાન છે. દુનિયામાં દરેકનું કલ્યાણ થાય એ ભાવના છે.'
- ભગવાન છુપાયેલા કેમ રહે છે? દેખાતા કેમ નથી?
  'દેખાય છે પણ મનાતું નથી. સ્વચ્છ થઈશું તો ભગવાન તરત દેખાશે. કાચ સ્વચ્છ છે તો પ્રતિબિંબ દેખાય છે.'
- આપના જીવનમાં ભગવાનનો અનુભવ ક્યારથી થયો?
  'જ્યારથી અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ મળ્યા, તેમાં આત્મબુદ્ધિ થઈ ત્યારથી અનુભવ થયો.'

આ છેલ્લા ઉત્તરમાં સ્વામીશ્રીએ પોતાની અનાદિસિદ્ધ સ્થિતિને ગુરુના

પડછાયામાં છુપાવી ગુરુભક્તિ અદા કરી દીધી. તેઓના સંક્ષિપ્ત અને સચોટ ઉત્તરોથી સંવાદદાતાઓ ઘણા પ્રસન્ન થયા, કારણ કે આ ખુલાસાઓમાં દ્વિધા, દંભ કે દુઃખ નહોતાં. અનુભવ અને આત્મીયતામાંથી જે કંઈ નીતર્યું તે હતું નિર્મળ, નિખાલસ અને ઉત્સાહવર્ધક.

આ પત્રકાર પરિષદના સમાપન બાદ આજની સાંજે સ્વામીશ્રી વેમ્બલી કૉન્ફરન્સ હૉલમાં જ બાળ-યુવા અધિવેશનના આખરી કાર્યક્રમમાં હાજરી આપવા પધાર્યા. આ પૂર્ણાહુતિ-પર્વમાં લંડન, લેસ્ટર, આસ્ટન, બર્મિંગહામ, પ્રેસ્ટન, વેલિંગબરો વગેરેના બાળકો-યુવકોએ અદ્‌ભુત પ્રસ્તુતિ કરી સૌને દંગ કરી દીધા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે મહંત સ્વામી તથા ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ સ્વાનુભવો વર્ણવ્યા. ત્યારબાદ સ્વામીશ્રીના વરદહસ્તે ઇનામો વહેંચાયાં.

અંતે પોતાના આ માનસપુત્રોને અમીવર્ષાથી નવરાવતાં સ્વામીશ્રી બોલ્યા કે 'આ જ રીતે ઠેઠ અક્ષરધામ સુધી પહોંચવાનું છે, ઇનામો મેળવવાનાં છે, હજી આગળ વધવાનું છે એમ સમજી હંમેશા આ ચાલુ રાખવું. આ લૌકિક ઇનામ નથી, અક્ષરધામનું ઇનામ છે. બધા રાજી થયા ને આશીર્વાદ મળ્યા એ મોટું ઇનામ. દૂર-દૂરથી જે જોવા આવ્યા છે એ પણ ઇનામ લઈ જાય છે...'

સ્વામીશ્રીએ નામી-અનામી સૌને ઇનામી બનાવી દીધા. મોજનું મૂલ હોય નહીં ને !

આપણું કલ્યાણ થવાનું જ છે

તા. ૧૬/૧૧ની બપોરે અઢી વાગ્યે ગિરધરભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા પધારેલા સ્વામીશ્રીને ઈસ્કોનના પ્રણેતા પૂજ્ય ભક્તિવેદાંત સ્વામીનો ગોલોકવાસ થયાના સમાચાર મળ્યા. આ સાંભળી દુઃખ વ્યક્ત કરતાં તેઓ બોલી ઊઠ્યા : 'હજુ પાંચ વર્ષ રહ્યા હોત તો સારું હતું.'

સ્વામીશ્રી પ્રત્યેક ધર્મગુરુને પોતાના સહાયક સમજતા, સ્પર્ધક નહીં. તેથી તેઓનો સહવાસ સ્વામીશ્રીને હંમેશા ગમતો.

તેઓની આવી ઉદાર શૈલીથી આકર્ષાઈને જ તા. ૧૭/૧૧ના રોજ સાંસદ માઈકલ ઓહાલોરન સ્વામીશ્રીને પાર્લામેન્ટ હાઉસમાં લઈ ગયા. આ પધરામણી વડે 'હાઉસ ઑફ કોમન્સ' અને 'હાઉસ ઑફ લોર્ડ્ઝ'ની ભવ્યતામાં દિવ્યતા ભળી. ભોંયરામાં આવેલા ૬૦૦ વર્ષ પુરાણા ચર્ચમાં પણ સ્વામીશ્રીનાં

પગલાં કરાવવામાં આવ્યાં. ત્યાંથી કોમનવેલ્થની કચેરીમાં વિદેશમંત્રી શ્રી ઈવાન લોર્ડ સાથે મુલાકાત થઈ. તેઓ સ્વામીશ્રીના બ્રહ્મચર્યવ્રતધારી જીવનથી ખૂબ પ્રભાવિત થયા.

પાર્લામેન્ટ હાઉસની આ મુલાકાત બાદ બપોરે બાર વાગ્યે સ્વામીશ્રીએ શરૂ કરેલી પધરામણીઓનો છેડો સાંજે ચાર વાગ્યે આવ્યો. આ સમયે બપોરનું ભોજન ગ્રહણ કરી તેઓ નિસડન વિસ્તારમાં મંદિર માટે નવી જગ્યા જોવા પધાર્યા. વિશાળતા અને આસપાસના વિસ્તારો જોતાં તેઓને આ જગ્યા ઘણી ગમી ગઈ. તે સંબંધી વિશેષ તપાસ કરવાની રુચિ પ્રગટ કરી સ્વામીશ્રી 'ફ્રેન્ડ્ઝ હૉલ'માં આવી પહોંચ્યા.

આજે આ હૉલ તેઓની જન્મજયંતી ઊજવવા થનગની રહેલો. અહીં વિવિધ મંડળોના હારતોરા બાદ મહંત સ્વામીએ સ્વામીશ્રીનો મહિમા રેલાવતાં જણાવ્યું: 'આપણે જેમ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કર્યા તેમ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવાના છે. આજે સ્વામીશ્રીમાં અદ્ભુત ઐશ્વર્ય, સામર્થી, પ્રતાપ જણાય છે. પોતે દરેકનું હિત થાય એમ વર્તે છે. અનેક પ્રસંગોએ એમની અલૌકિક સાધુતાનાં દર્શન થાય છે. ગમે એવા કઠણ સંજોગોમાં, મહારાજનું કર્તાપણું રાખીને મહારાજનું કાર્ય કરે છે.'

આવી કૈંક પ્રશસ્તિની પદાવલીઓ ગૂંથાતી ચાલી. પણ તેથી તદ્દન અલિપ્ત સ્વામીશ્રીએ કૃપાશિષ વરસાવતાં જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના આશીર્વાદ ને દૃષ્ટિ ને તમારી નિષ્ઠા ને સંતોના ઉત્સાહથી કાર્ય થાય છે. મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સમયમાં સંતોના દાખડા જોઈએ તો એનાં પગરખાંમાં આપણું પગરખું ન આવે. આજે બધું સાનુકૂળ છે. જે ધારીએ એ થઈ શકે. આપણું કલ્યાણ થવાનું જ છે. ભગવાન અને સંત મૂકે એવા નથી. એવા પુરુષ સાથે આંકડો લગાવી દેવો તો નિશ્ચય કલ્યાણ.'

આ આશીર્વાદ બાદ વ્યક્તિગત પૂજનનો લાભ આપી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. ત્યાં અલ્પાહાર લઈ રાત્રિના દોઢ વાગ્યા સુધી કાર્યકર મીટિંગમાં બિરાજ્યા. તે પૂર્ણ કરી આર્લિંગ્ટનમાં જયંતીભાઈ પટેલના ઘેર ઉતારે આવ્યા તો અહીં આટલી મોડી રાતે પણ ઘણા મુલાકાતીઓ પ્રતીક્ષા કરતાં બેઠા હતા. તે સૌને મળી સ્વામીશ્રી રાત્રે અઢી વાગ્યે પોઢ્યા! ગઈકાલે રાત્રે દોઢ વાગ્યે સૂવાનો દાખલો આજે નવેસરથી ગણાઈ ગયો!

...તો પછી મોડું થઈ જાય

તા. ૧૮/૧૧ની સવારે અગિયાર વાગ્યે સ્વામીશ્રી યુસ્ટનના 'ફ્રેન્ડ્ઝ હૉલ'ની સભામાં પધાર્યા ત્યારે અહીંનો માહોલ ગઈકાલ કરતાં તદ્દન જુદો જ હતો. ગઈકાલે સ્વામીશ્રીની જયંતીથી થનગનતો આ સભાગૃહ આજે ખીચોખીચ તો હતો, છતાંય સૂમસામ ભાસતો હતો. ગઈકાલની જેમ આજે પણ સ્વામીશ્રીને હારતોરા થયા, પણ ઊછળતાં હૈયે નહીં, ભારે હૈયે; કારણ કે આજે તેઓ વિદાય લઈ રહેલા. તેથી ચારેકોર *'રોકી કેમ કરી રાખું રે, નેણુંનાં પાણીને'*ની સ્થિતિ પ્રવર્તી ગયેલી. તેમાં પણ સ્વામીશ્રી વિદાયવચનો સંભળાવતાં બોલ્યા: 'સૌએ ખૂબ ભીડો વેઠી લાભ લીધો એ બદલ તમારો આભાર. અમારા સંતો કે અમારાથી ભૂલ થઈ હોય તો માફ કરશો...'

આ સાંભળતાં તો સૌની આંખોનાં પાણી પાંપણની પાળ ઓળંગીને વહેવાં લાગ્યાં. સ્વામીશ્રીની નમ્રતાએ એકેએક હૈયાને ઘાયલ કરી મૂક્યું. દરેકને અઢળક સ્મૃતિઓ આપી તેઓ હૉલમાંથી વિદાય લેવા ઊભા થયા ત્યારે ભાવવિવશ યુવકોએ તેઓને ઊંચકી લીધા.

આમ, લંડનમાં *'લાડ લડાવિયાં લાખ પ્રકારે'*નો અનુભવ કરાવતા સ્વામીશ્રી સાંજે સાત વાગ્યે હીથ્રો ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે શૂન્યથી નીચે તાપમાન હતું. અહીંથી સૌની છેલ્લી વિદાય લઈ તેઓ બ્રિટિશ ઍરવેઝના હવાઈ જહાજમાં બિરાજ્યા. રાત્રિના પોણા નવ વાગ્યે એ વિમાન હવામાં પાંખો વીંઝવા લાગ્યું તે પહેલાં સ્વામીશ્રીએ પત્રલેખન માટે ટપાલો માંગી, ત્યારે છેલ્લા દિવસોમાં તેઓએ કરેલા સખત પરિશ્રમને જોનારા સંતોએ આરામમાં જવા પ્રાર્થના કરી. પણ સ્વામીશ્રી બોલ્યા: 'ચાર-પાંચ દિવસથી ટપાલમાં સહી જ ક્યાં કરી છે? અત્યારે લખાઈ જાય તો નૈરોબીથી પોસ્ટ થઈ જાય અને હરિભક્તોને પત્રો વહેલા મળે. સાઉથ આફ્રિકાથી પોસ્ટ થાય તો પછી મોડું થઈ જાય.'[૬૨]

આટલા ખુલાસા બાદ, વિમાન ઊપડે તે પહેલાં તો સ્વામીશ્રીની કલમ ઊપડી ગઈ. સાધારણ રીતે વિમાન ઉડ્ડયનનો આરંભ કરે ત્યારે અને અધ્ધર આકાશમાં સ્થિર ન થાય ત્યાં સુધી થોડા આંચકા આવતા રહે. તેમાં લખવાનું

૬૨. સાઉથ આફ્રિકા જતું આ વિમાન નૈરોબી ખાતે અલ્પ રોકાણ કરવાનું હતું તે સંદર્ભમાં સ્વામીશ્રી બોલ્યા.

ન ફાવે. પણ સ્વામીશ્રીની કલમના વેગને આ અડચણો નાથી ન શકી. તેઓ ટપાલોમાંથી મુખ ઊંચું કર્યા સિવાય એકધારું સાડા ત્રણ કલાક સુધી પત્રલેખન કરતા રહ્યા. રાત્રિના સવા બાર વાગ્યે સ્વામીશ્રીની કલમ થંભી ત્યારે આ દૃશ્ય જોનારા સૌના શ્વાસ પણ થંભી ગયા! ભક્તો ચેનથી સૂઈ શકે તે માટે સ્વામીશ્રીએ પોતાની ઊંઘ હરામ કરી દીધેલી.

આ બ્રહ્માંડમાં તીર કોનું ચાલે છે?

તા. ૧૯/૧૧ની સવારે નવ વાગ્યે સ્વામીશ્રીને લઈ આવેલું પ્લેન નૈરોબીના ઍરપોર્ટ પર ઊતર્યું. અહીં એકત્રિત થયેલા ૪૦૦-૫૦૦ ભક્તોના સમુદાયને દર્શન દેવાં સ્વામીશ્રી ઍરપોર્ટ વાનમાં બેસી લાઉન્જમાં પધાર્યા. તે વખતે દરેકને વ્યક્તિગત મળવા આવી જવાની વાત તેઓએ જ કરી, ત્યારે વડીલોએ કહ્યું: 'બાપા! વીસેક મિનિટના રોકાણમાં આનો મેળ નહીં પડે. માટે રહેવા દો.'

'થઈ જશે. ચાલુ કરો.' કાળને કરકમળમાં રમાડતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા. તેથી સૌ એક પછી એક દર્શને આવવા લાગ્યા. તે જ વખતે ઍરપોર્ટ ઑથોરિટી તરફથી જાહેરાત થઈ: 'સાઉથ આફ્રિકા જતું વિમાન વીસ મિનિટ વિલંબથી ઊપડશે.'

આ 'બૉનસ' મળતાં ભક્તોમાં ખુશીની લહર ફરી વળી. સૌએ ઠાકોરજીને મેવાનો થાળ ધરાવી આરતીનો લાભ પણ લઈ લીધો.

સૌને સંતોષ આપી સ્વામીશ્રી વિમાન ભણી જવા ઊભા થયા ત્યારે વડીલોએ કહ્યું: 'બાપા! આપનું પ્લેન આવ્યું ત્યારે એટલો બધો વરસાદ હતો કે આપને પ્લેનમાંથી લાઉન્જમાં કેવી રીતે લાવશું તે પ્રશ્ન હતો. અમને દર્શનની આશા જ નહોતી.'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ બ્રહ્માંડમાં તીર કોનું ચાલે છે?'

તેઓના આ શબ્દોમાં સ્વશ્લાઘા નહીં, પણ સ્વપરિચય હતો. ભગવાન સ્વામિનારાયણ કહે છે: 'જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે; તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.'[૬૩]

આવા સમર્થ સ્વામીશ્રી પ્લેનમાં બેસતાં જ દૂર-દૂર વસતા ભક્તોને

૬૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨.

મળવા દોડી ગયા, પત્રના પંથે. નૈરોબીથી જોહેનીસબર્ગ(જો'બર્ગ) આવતાં સુધી તેઓનો એ પત્રપ્રવાસ પૂરપાટ ચાલતો રહ્યો.

સેવાનું ફળ શાંતિ-મુક્તિ

તા. ૧૯/૧૧ની બપોરે બાર વાગ્યે જો'બર્ગના ઍરપોર્ટ પર સ્વામીશ્રી પધાર્યા ત્યારે ગગનભેદી જયનાદો સાથે તેઓનું સ્વાગત થયું. તેઓના આ આગમનને દેશની ટી.વી. સંસ્થા SABC એ ફિલ્મમાં ઝડપી આજે રાત્રે આઠ વાગ્યે અને અગિયાર વાગ્યે ઘરોઘર પહોંચાડ્યું. હવાઈ મથક પર આ વધામણી ઝીલી આજે રાત્રે રામકૃષ્ણ હૉલમાં પધારેલા સ્વામીશ્રીને રામકૃષ્ણ વેદાંત સેન્ટર, ટ્રાન્સવાલ હિંદુ સેવા સમાજ, ગુજરાત મહાપરિષદ, ટ્રાન્સવાલ યુનાઈટેડ પાટીદાર સોસાયટી વગેરે અનેક સંસ્થાઓના પ્રતિનિધિઓએ સન્માન્યા.

આ લહાવો તા. ૨૧/૧૧ની સવારે જો'બર્ગના મેયર શ્રી એમ. પૉવેલે પણ લૂંટ્યો. શહેરના આ પ્રથમ નાગરિકે સીટી કાઉન્સિલની કચેરીમાં સ્વામીશ્રીને ઉમળકાભેર આવકાર્યા. ઔપચારિક સ્વાગત-પરિચય બાદ તેઓએ સ્વામીશ્રી માટે લીંબુનું શરબત મંગાવ્યું, પણ આજે દેવપ્રબોધિની એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવાથી સ્વામીશ્રીએ તે જળ ઠાકોરજીને ધરાવી મેયરને જ પિવરાવ્યું. સ્વામીશ્રીની આ તપસ્વી અને માયાળુ પ્રતિભાથી નગરપતિ ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. સ્વામીશ્રીએ તેઓને શહેર-વિકાસના આશીર્વાદ અને સાંપ્રદાયિક સાહિત્ય ભેટ આપી વિદાય લીધી ત્યારે તેઓ ઠેઠ સુધી વિદાયમાન આપવા આવી પહોંચ્યા.

મેયરને મળી લેનેસિયામાં પોતાના ઉતારે આવેલા સ્વામીશ્રીએ સાંજે શાકની હાટડીનો ઉત્સવ કર્યો. અત્રે ઠાકોરજી સમક્ષ મહંત સ્વામી તથા સંતોએ ગોઠવેલા સુંદર શાકોત્સવની આરતી ઉતારી તેઓએ સભામાં લાભ આપ્યો.

અહીં નિવાસસ્થાને જ તા. ૨૨/૧૧ના રોજ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. થાનુ 'શિક્ષાપત્રી'નો ફ્રેંચ ભાષામાં અનુવાદ કરીને લાવ્યા. તેઓએ આ પ્રત સ્વામીશ્રીને અર્પણ કરી ત્યારે સંતોએ પૂછ્યું : 'બાપા ! આ પ્રોફેસરે આવી સેવા કરી એનું શું ફળ મળશે ?'

'મહારાજ એને ધામનું ફળ આપશે. મહિમા સહિત ભાવથી કર્યું છે એટલે આ દેહે પણ એને શાંતિ મળશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સત્સંગમાં થતી કોઈ પણ સેવાનું ફળ તેઓએ આ નિમિત્તે ચીંધી આપ્યું.

અક્ષર-પુરુષોત્તમનું ભજન

તા. ૨૨/૧૧ના દિવસે સ્વામીશ્રી લૉલી મુકામે ગાંધીજીએ શરૂ કરેલા ટૉલ્સ્ટોય ફાર્મને પાવન કરી સાંજે પુનઃ લેનેસિયા પધાર્યા. અહીં તેઓને મળવા આતુર 'રેપોર્ટ સન્ડે' વર્તમાનપત્રના ખબરપત્રીએ કહ્યું: 'મને લાગે છે કે આ ધર્મ સખત-કડક છે.'

'નિયમો તો સંતો-ભક્તોએ પાળવા જ જોઈએ. નિયમો પાળે એમ બળ મળે. આગળ વધતો જાય.' સ્વામીશ્રીએ ધર્મપાલનની સખ્તાઈનું સમર્થન કરતાં જણાવ્યું. સંપ્રદાયને વિસ્તારવા ધર્મનાં બંધનોને શિથિલ કરવામાં તેઓ માનતા નહીં.

તેથી પત્રકારે ફરી પૂછ્યું: 'તો પછી મોજ-શોખના આ જમાનામાં યુવાનો આ ધર્મથી દૂર નહીં જતા રહે?'

'ના. ભગવાન અને મોટાપુરુષના આશરે કરીને - પ્રેમે કરીને યુવાનો આકર્ષાય છે. એમનાં બળથી નિયમો પાળી શકે છે.'

આ સાંભળી પત્રકારે આગળ પૂછ્યું: 'તમે કોનું ભજન કરો છો?'

'અક્ષર-પુરુષોત્તમનું.' સ્વામીશ્રી તરત જ બોલ્યા. તેઓને મન 'સ્વામિનારાયણ' અને 'અક્ષર-પુરુષોત્તમ' એક જ હતું.

અમે કઈ ધાડ મારીને આવીએ છીએ?

સ્વામીશ્રીનું આ વખતનું વિદેશ-વિચરણ અનેક નવાં કીર્તિમાનો સ્થાપિત કરતું ચાલી રહેલું. કથા-પારાયણો, મંદિર-સર્જન, પધરામણીઓ, પ્રેસ-ટી.વી. મુલાકાતો, રાજદ્વારી મુલાકાતો વગેરે દ્વારા સ્વામીશ્રીએ આંતર-બાહ્ય સર્વ રીતે સત્સંગને અનેરી પુષ્ટિ આપી દીધેલી. સ્વયં પણ અપાર પરિશ્રમ વેઠ્યો હતો. તેથી દેશમાં તેઓનું પુનરાગમન થાય ત્યારે શાનદાર સ્વાગત કરવાનો ઈરાદો દેશના સૌ સંતો-સત્સંગીઓ સેવી રહેલા.

સ્વામીશ્રી પ્રથમ મુંબઈમાં ઊતરવાના હોવાથી અહીં દબદબાભર્યો સ્વાગત સમારંભ યોજવાની વિચારણાનો નિષ્કર્ષ જણાવતાં તા. ૨૩/૧૧ના રોજ કોઠારી સ્વામીએ ફોનમાં વાત કરી કે 'બાપા! આપના સ્વાગત માટે ષણ્મુખાનંદ હૉલમાં સભા રાખવાનું વિચાર્યું છે...'

'અમે કઈ ધાડ મારીને આવીએ છીએ? જે હૉલ મળે તેનાથી ચલાવી

લેવું. ખોટા ખર્ચા ન કરવા...' સ્વામીશ્રી બોલ્યા. આમ કહી તેઓએ પોતાના સન્માનની ગતિવિધિ પર રોક લગાવી દીધી. સમારંભોના શોખીન સમાજમાં, સ્વામીશ્રી કાંટા વચ્ચે ખીલેલા ગુલાબની જેમ નોખા જ તરી આવતા.

તારો દેહ પડે તો જવાબદારી મારી

જો'બર્ગના વિવિધ કાર્યક્રમોમાં સંતોની મોટર હંકારવાની સેવા કરતા અને સભામાં માઇક સિસ્ટમ પણ સંભાળતા બાવીસ વર્ષીય ગુણભાવી યુવાન જયંતીને સિગારેટનું વ્યસન વળગેલું. છેલ્લાં છ-એક વર્ષથી રોજની ૪૦-૫૦ સિગારેટ ફૂંકી મારતા આ યુવકની લતનો ખ્યાલ આવતાં સંતોએ તેને નિર્વ્યસની થવાની પ્રેરણા આપી. પણ આ ચુંગાલમાંથી છૂટવું એ યુવાન માટે અશક્ય હતું. તેથી કેસ પહોંચ્યો – સુપ્રીમ કોર્ટમાં.

સૌએ સ્વામીશ્રીને આ વાત કહી ત્યારે વ્યસનો છોડાવવાના વ્યસની તેઓએ વિવિધ દાખલા-દલીલોથી એ યુવાનને સમજાવતાં કહ્યું: 'ઝાઝા તાંતણા ભેગા થાય તો કાચું સૂતર પણ તૂટે નહીં. તેમ બધા સંતો મંડ્યા છે તો તારું વ્યસન છૂટી જશે. તારા પૈસા બચે, શરીર સારું રહે અને સંતોના આશીર્વાદ મળે.'

સ્વામીશ્રી આમ હિંમતની વાત કહ્યા કરે, પણ એ યુવક વારંવાર એક જ ગાણું ગાતો રહ્યો : 'વ્યસન વિના મારાથી નહીં રહી શકાય.'

તે સાંભળી સ્વામીશ્રી એકદમ પરભાવમાં આવી બોલ્યા: 'તારો દેહ પડી જાય તો જવાબદારી મારી.' એમ કહી ફરી વાર બળ આપી વ્યસન મુકાવ્યે પાર કર્યું.

પરંતુ જયંતીને સિગારેટ ન પીવાને કારણે બીજે દિવસે ઘણી બેચેની વર્તાવા લાગી. આખો દિવસ ઝીંક ઝીલ્યા બાદ તે રાત્રે ભાંગી પડ્યો. સીધો સ્વામીશ્રી પાસે દોડી આવ્યો અને સિગારેટ પીધા વિના પસાર કરેલા દિવસનું વર્ણન કરી વ્યસનની છૂટ આપવા કહ્યું. ત્યારે સ્વામીશ્રીએ એ બુઝાતા દીપકમાં દિવેલ પૂરતાં કહ્યું: 'એવું તે હોય ! સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્મરણ કરતાં સૂઈ જવું. ઊંઘ આવી જશે ને સવાર પડી જશે.'

...અને ખરેખર, સ્વામીશ્રીના આવા સતત પ્રયત્નથી એ વ્યસની યુવાનના જીવનમાં સવાર પડી ગઈ. તે વ્યસનની અંધારી દુનિયામાંથી બહાર આવી ગયો.

વ્યસનમુક્તિની ઝુંબેશ એ સ્વામીશ્રીનું આગવું કાર્ય હતું. એક-એક વ્યક્તિની જવાબદારી પોતાના ખભે ઉપાડીને, તેના જીવનમાં ઊંડા ઊતરીને અને સામૂહિક ધોરણે પણ વિરાટ વ્યસનમુક્તિ અભિયાનો ચલાવીને તેઓએ કરેલી આ સમાજસેવા અનન્ય છે. તે માટે હજારો પરિવારો તેઓને ઋણ-સ્વીકાર સાથે યાદ કરતા રહેશે.

...તો ખરડો કરવો જ ન પડે

તા. ૨૫/૧૧ના રોજ આખા દિવસની ભરચક પ્રવૃત્તિ બાદ સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે આરામમાં જઈ રહેલા. પણ તે વખતેય તેઓના મુખેથી શાસ્ત્રીજી મહારાજના પ્રસંગોની વણઝાર નીકળવા માંડી :

"એક વાર મોટા અક્ષર સ્વામી રઢુ ગયેલા. તેઓને કોઈ થોડી સેવા કરે તોય 'અહો... અહો...' થઈ જાય. આ વખતે અક્ષર સ્વામીએ પહેલેથી જ મોતીભાઈ ભગવાનદાસને કહ્યું કે 'તમારી પાસેથી સારો ધર્માદો લેવાનો જ છે.' મોતી ભગવાનદા' ગમ્મતી હતા. તેથી તેમણે કહ્યું : 'સ્વામી ! આ વખતે મારે પણ મોટો ધર્માદો કરવો જ છે.'

સામેનું લોઢું પણ તાતું છે તે જાણી, અક્ષર સ્વામી રાજી થઈ ગયા અને પૂછ્યું : 'કેટલી સેવા લખાવશો ?'

'પચીસ રૂપિયા.' મોતીભાઈએ કહ્યું.

'અરે ! પચીસ તે કાંઈ હોતા હશે ?' એમ કહી અક્ષર સ્વામીએ સેવાનો આંકડો વધારતાં કહ્યું : 'એકાવન લખાવો.'

મોતીભાઈ તે બાબતે પ્રેમથી સંમત થયા. અક્ષર સ્વામી રાજી થઈ ગયા.

એટલામાં શાસ્ત્રીજી મહારાજ બહારગામથી આવ્યા ત્યારે તેઓએ હરખાતાં હરખાતાં સમાચાર આપ્યા કે 'સ્વામી ! આજે મોતીભાઈએ સારો ધર્માદો લખાયો.'

'કેટલા લખાવ્યા ?'

'એકાવન !'

તે સાંભળી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'આ પાંચસો રૂપિયાનું ઘરાક ને એકાવન ક્યાં લખાવરાવ્યા ?'

આમ, અક્ષર સ્વામીનો સ્વભાવ એવો કે થોડામાં અહો... અહો... થઈ જાય."

આટલું ગુરુચરિત્ર સંભળાવી સ્વામીશ્રી બોલ્યા: 'આપણે પણ બધા જ હરિભક્તો ચોખ્ખો ધર્માદો કાઢતા હોય તો ખરડો કરવો જ ન પડે, પણ કાઢે નહીં. પાંચ હજારની સેવા કરે એટલે આપણને અહો... અહો... થઈ જાય, પણ ધર્માદાના પચીસ હજાર બાકી નીકળતા હોય. દરેક મોટી મોટી પાર્ટીઓ કે દરેક શેઠિયાઓ ધર્માદો કાઢતા હોય તો ખરડો કરવો જ ન પડે.'

વાસ્તવિકતા દર્શાવતાં સ્વામીશ્રીએ ખૂબ માર્મિક વાત કરી દીધી.

આલસ્ય દિસે નહીં લેશ અંગ

તા. ૨૭/૧૧ની સાંજે રામેશ્વર મંદિરમાં આયોજિત કીર્તન-ભક્તિના કાર્યક્રમમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે અત્રે મંચ પર તેઓના આસનની આગળ તથા આસપાસ ગાયક સંતો-યુવકોની સવાદ્ય ગોઠવણી કરવામાં આવેલી. પણ મંચ નાનો હોવાથી સંકડાશ સારા પ્રમાણમાં અનુભવાતી હતી. આ મુશ્કેલી કળી ગયેલા સ્વામીશ્રીએ તરત પોતાનું આસન બેઠાં-બેઠાં જ ખસેડીને પાછળ લઈ લીધું. તેથી જગ્યાની મોકળાશ થતાં તેઓ બોલ્યા: 'અહીં તમારાં વાજિંત્રો ગોઠવી દો.'

તેઓની આ સમયસરની સૂઝ અને સરળતા સૌને કાયમ માટે યાદ રહી ગઈ.

આવા સદ્‌ગુણો સાથે સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ સેવક પાસે પત્રલેખન માટે કલમ-કાગળ માંગ્યાં, પણ પત્ર-પરિચારક વિનુ ભગત મંદિરની બાજુમાં આવેલા એક હરિભક્તના ઘેર શૌચ-સ્નાન માટે ગયેલા. તે વાત જાણતાં સ્વામીશ્રીએ બે સત્સંગીઓને તે ઘેર મોકલતાં કહ્યું: 'તમે જાઓ ને ભગતને કહો કે પરવારે એટલે જલદી આવી જાય.'

આમ કહી તેઓએ પેલા પાર્ષદ આવ્યા ત્યાં સુધી માળા ફેરવી અને તેઓ આવતાં જ તુરત પત્રલેખન કરવા લાગ્યા. પણ તે શરૂ કરતાં પહેલાં ટકોર જરૂર કરી કે 'તમે આઘા-પાછા થાઓ તો મને ચશ્માં, કાગળ ને પેન આપતાં જવું.'

ક્યારેક ભવ્ય સભા, મહાનુભાવોની હાજરી, રસપ્રદ કાર્યક્રમ વગેરેને ધ્યાનમાં રાખી પત્ર-પરિચારક પત્રો ન આપે તો સ્વામીશ્રી અવશ્ય કહેતા: 'ટપાલો મારે વાંચવાની છે, તમારે નહીં. માટે તે મને આપી જ દેવી.'

'આલસ્ય દિસે નહીં લેશ અંગ' એ સ્વામીશ્રીની ઓળખ હતી.

રાખ્યા તપપરાયણ પ્રાણ

તા. ૨૮/૧૧ની સવારે સ્વામીશ્રી જો'બર્ગથી વિદાય લઈને ડર્બન જવા નીકળવાના હતા. આ મુસાફરી આશરે ૬૪૦ કિ.મી.ની હતી. વળી, રસ્તો પણ રળિયામણો હતો. વાતાવરણ આહ્‌લાદક હતું. તેથી હરિભક્તોએ વચ્ચે કો'ક પર્યટન-સ્થળ પર રોકાઈને ઉજાણીનો કાર્યક્રમ ગોઠવેલો. તે અનુસાર ખાણી-પીણીની તજવીજ થવા માંડેલી. પરંતુ ત્યાં જ સ્વામીશ્રીએ નિર્ણય જાહેર કર્યો : 'પ્રવાસમાં ઉપવાસ કરી દઈએ.'

આ સાંભળી ભક્તો સૌ હેબતાઈ ગયા. આ દિવસે ઉપવાસની કોઈ તિથિ નહોતી. તેથી સૌએ કારણ પૂછ્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આગળનો એક ઉપવાસ કરવાનો બાકી છે.'

સ્વામીશ્રી લંડનથી ન્યૂયોર્ક જતા હતા ત્યારે ઉપવાસ કરવાનો હતો, પણ હરિભક્તોના આગ્રહને વશ થઈ તે મુલત્વી રાખવો પડેલો. આ વાત ચાર મહિના સુધી સ્વામીશ્રીએ મનમાં જાળવી રાખેલી અને એ બાકી ઉપવાસ તેઓ આજે કરવા માંગતા હતા.

પરંતુ ભક્તોએ પછીથી ઉપવાસ કરવા સ્વામીશ્રીને વીનવ્યા. ત્યારે તેઓએ કહ્યું : 'મુસાફરીમાં ઉપવાસ થઈ જાય. પછી હરિભક્તો કરવા ન દે.' એમ કહી ઉપવાસને સાથે-માથે લઈ સ્વામીશ્રી નીકળી પડ્યા ડર્બન જવા. તેઓની જીવનશૈલી *'રાજ સાજને પરહરી, રાખ્યા તપપરાયણ પ્રાણ...'* અનુસાર રહેલી !

આ રીતે ૬૪૦ કિ.મી.નું અંતર કાપવામાં આખો દિવસ વીત્યો. વચ્ચે આવતાં પીટરમારીટ્ઝબર્ગમાં એક ફેક્ટરીનું ખાતમુહૂર્ત કરી સ્વામીશ્રી સાંજે સાત વાગ્યે ડર્બન પધાર્યા. અહીંના ભારત હૉલમાં શરણાઈઓના સૂરો અને વેદમંત્રોના ગુંજારવથી વિવિધ હિંદુ સંગઠનોએ તેઓને વધાવ્યા.

આ સ્વાગત-સભા બાદ મગનભાઈ ગોંસાઈના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રીને પોઢવાનો પલંગ જોઈ એક સંત બોલ્યા : 'પલંગ બહુ નાનો છે.'

'આવો જ જોઈએ. અમથા મોટા પલંગ રાખે છે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓને નરસું-નબળું મળે તો આનંદ થતો અને સારું મળે તો ઉચાટ. *'મુનિવરકું સમ સદા, કનક કીચ પાષાન'*થીયે ઘણી ઊંચી કક્ષા હતી સ્વામીશ્રીની !

ગમ્મતમાં ગુણદર્શન

તા. ૨૯/૧૧ના રોજ સ્વામીશ્રીની મુલાકાત ડર્બનના મેયર શ્રી હોલિસ સાથે યોજાયેલી. તે માટે તેઓ સવારે દસ વાગ્યે સીટી કાઉન્સિલની કચેરીમાં પહોંચ્યા ત્યારે મેયરશ્રીએ ભાવપૂર્વક અભિવાદન કર્યું. લગભગ અડધો કલાકના આ ઉષ્માસભર મિલનમાં નગરપતિએ ઘણી જિજ્ઞાસાઓ પ્રગટ કરી. તેને સંતોષતા સ્વામીશ્રી અહીંથી મોન્ત્સ્યુ રોડ પર આવેલા સર્વદેવ-મંદિરમાં દર્શન કરી તા. ૩૦/૧૧ની સવારે ડર્બન વેસ્ટવીલ યુનિવર્સિટીની મુલાકાતે પધાર્યા. ફક્ત હિંદુઓ માટેના જ આ વિશ્વવિદ્યાલયમાં પગલાં પાડી તેઓએ સાંજે ભારત હૉલમાં ધર્મલાભ આપ્યો.

ત્યારબાદ વિનોદભાઈના ઘેર વાળુ-ચળુંથી પરવારી તેઓ બેઠેલા તે વખતે ચરણસેવા કરતાં ભટ્ટબંધુઓ નરેન્દ્રભાઈ અને પરેશભાઈ બોલ્યા: 'બાપા! આપને અમે બધે પધરામણીઓ કરાવીને ઘણી ઊઠ-બેસ કરાવીએ છીએ.'

'હા, એ તો કરવી પડે. શાળામાં કદી ઊઠ-બેસ કરેલી નહીં તે હવે અત્યારે કરવી પડે છે.'

સ્વામીશ્રીની આ ગમ્મતથી સૌ હસી પડ્યા, પણ તે વિચારતાં ખ્યાલ આવ્યો કે બાલ્યકાળથી જ તેઓ કદી કોઈ વાંકમાં આવ્યા નથી. પ્રથમથી જ શુદ્ધ-સ્વચ્છ પ્રતિભા!

મોટામાં મોટી પ્રસાદી

તા. ૧/૧૨ના રોજ પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીએ ડર્બનની સુલતાન ટેક્નિકલ કૉલેજને પાવન કરી અહીંના દરિયાકાંઠે ભક્તોના મસ્તકે જળ ચડાવી સૌને સ્મૃતિભીના કરી મૂક્યા. ત્યારબાદ તેઓએ ભારત હૉલમાં સભા કરી રતિભાઈ ભૂલાના ઘેર ઠાકોરજી જમાડ્યા.

આ ભોજન બાદ ઉતારે જવા માટે સૌ ગાડીમાં ગોઠવાઈ ગયા. મર્સીડિઝમાં આગળની બેઠક પર બે સંતો અને પાછળની બેઠક પર સ્વામીશ્રી તથા મહંત સ્વામી બિરાજ્યા. નીકળવા માટે જેવી ગાડી ચાલુ થઈ તે વખતે જ સ્વામીશ્રીની નજર સી. ટી. પટેલ અને જશભાઈ પર પડી. અન્ય ગાડીઓ ઊપડી ગયેલી અને સ્વામીશ્રીની ગાડી ભરાઈ ગયેલી. તેથી આ બંને ભક્તો

અન્ય વાહન માટે આમતેમ નજર દોડાવી રહેલા.

તે જોઈ સ્વામીશ્રીએ તેઓને સાદ પાડી બોલાવ્યા અને પોતા તરફનું ગાડીનું બારણું જાતે જ ખોલી સી. ટી. કાકાને પોતાની પાસે બેસાડી દીધા. આગલી બેઠક પર ગોઠવાયેલા એક સંતને પણ પાછળની બેઠક પર બોલાવી અન્ય હરિભક્તને આગળ બેસાડી દીધા. આ વ્યવસ્થાથી પાછલી બેઠક પર સંકડાશ ઘણી થઈ ગઈ. તેથી સ્થાનિક સત્સંગીઓએ તાબડતોબ બીજી ગાડી તૈયાર કરી દીધી. પણ સ્વામીશ્રીએ કહ્યું: 'અમથો બે જણા માટે ૩૦-૪૦ કિ.મી.નો ધક્કો ક્યાં ખવરાવવો?' એમ કહી ગિરદીમાં જ ગાડી હંકારી મુકાવી.

પોતે તકલીફ ઉઠાવીને પણ અન્યને રાહત આપવાની તેઓની સુટેવ. વળી, 'મારી ગાડીમાં મારા સિવાય બીજું કોઈ નહીં' એવા મિથ્યા મોભા-મરતબાથી પણ તેઓ સાવ દૂર. દુનિયાનાં સ્રોત-સંપત્તિનો પણ દુર્વ્યય ન થાય તેની ઝીણી કાળજી લેનારા. તેઓની એક-એક ક્રિયા વિચારપૂર્ણ રહેતી; સૌને વિચારતાં કરી મૂકે એવી રહેતી.

આ રીતે ઉતારે પહોંચેલા સ્વામીશ્રી ચેષ્ટાગાનના આહ્‌નિક બાદ પ્રાસાદિક વસ્તુઓ અંગે વાત નીકળતાં બોલ્યા: 'સાચો મહિમા હોય તો હરિભક્તને મોટાપુરુષમાં એવું હેત કરાવો કે એનો જીવ કોઈ દિવસ પાછો ન પડે, એનો અભાવ આવે નહીં. એ મોટામાં મોટી પ્રસાદી છે. માટે હરિભક્ત સાથે બેસીને, કથા-વાર્તા કરીને એના હૃદયમાં સત્સંગ દૃઢ કરાવો. પ્રસાદીની વસ્તુ આપવાથી શું મહિમા વધી જવાનો છે? ચરણારવિંદની પ્રસાદી મહારાજની જ હોય. માટે બીજાની(પોતાની) પ્રસાદીની વસ્તુ સંઘરવાની - આપવાની ઇચ્છા રાખવી જ નહીં.'

શ્રીજીમહારાજ વિષેનો સ્વામીશ્રીનો દાસભાવ અનન્ય હતો.

શાંત હોત વિષવ્યાલ

ડર્બનમાં રહેતા જાણીતા સામાજિક કાર્યકર તથા દક્ષિણ આફ્રિકાની 'ઇન્ડિયન કાઉન્સિલ'ના સભ્ય એટર્ની શ્રી જે. બી. પટેલને વર્ષો પૂર્વે યોગીજી મહારાજનો સંસર્ગ થયેલો. પરંતુ પ્રારબ્ધના કોઈ અવળા થરે પડખું ફેરવતાં, આ અગ્રણીને સંપ્રદાય વિષે બંધાઈ ગયેલી પૂર્વગ્રહની ગાંઠ ધીરે ધીરે સખત થવા લાગેલી. તેથી આ મુરબ્બીએ પોતે તો સત્સંગનું ખાતું માંડી જ વાળેલું પણ તેઓનાં ધર્મપત્ની અને બે પુત્રોને પણ સત્સંગમાં સામેલ થવાની બંધી

ફરમાવી દીધેલી. સન ૧૯૭૪માં સ્વામીશ્રી અહીં પધારેલા ત્યારે તેઓએ આ હતભાગી આત્માને સત્સંગમાં બોલાવવા ઘણો શ્રમ લીધેલો, પરંતુ આ પાટીદારના પૂર્વગ્રહની પડધી ખડી નહોતી. તેઓ ધરાર નહોતા આવ્યા.

છતાં સ્વામીશ્રી તો ધીરજના ધણી. તેથી આ વખતે પુનઃ તેઓને સત્સંગમાં બોલાવવા ચક્રો ગતિમાન કરતાં, તેઓની શુભ ભાવનાના તરંગોએ રંગ જમાવ્યો. સત્સંગ પ્રત્યે અત્યંત અણગમો ધરાવનારા આ મુરબ્બી માત્ર દસ મિનિટ જ રોકાવાની શરતે, તા. ૩/૧૨ના રોજ ભારત હૉલમાં આયોજિત કીર્તન આરાધનામાં આવવા કબૂલ થયા.

નિયત સમયે આ કીર્તનભક્તિ શરૂ થઈ. થોડી વારમાં વિરોધના વાવાઝોડા જેવા પેલા પ્રતિષ્ઠિતે સભામાં પોતાનું સ્થાન લીધું. તે વખતે સ્વામીશ્રી મંચ પર જ બિરાજમાન હોવા છતાં તેઓને બે હાથ જોડી વંદન કરવાનો વિવેક એ આગંતુકે દાખવ્યો નહીં. પણ સ્વામીશ્રીની નજરમાં તેઓ આવી જતાં તેઓના જોગનો જાદુ એવો ચાલ્યો કે આ મહાશય જાણે બેઠક સાથે ચોંટી જ ગયા! કાર્યક્રમના અંત સુધી તેઓ ચસકી ન શક્યા.

સભાના અંતે કાર્યકરો તેઓને સ્વામીશ્રી પાસે લઈ ગયા ત્યારે સ્વામીશ્રીએ મીઠો આવકાર આપતાં હાર પહેરાવ્યો. તેઓની સમાજસેવાને બિરદાવી વિશેષ પ્રગતિના આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીની વાણી અને વર્તનમાંથી નર્યાં સ્નેહ-સૌજન્ય જ નીતરતાં રહ્યાં. તે કારણે વર્ષોથી ગંઠાઈને સજ્જડ થઈ ગયેલા બરફ પર ઘણનો ઘા વાગી ગયો. તે તૂટતાં જ ભીતરમાંથી ભક્તિનું ઝરણું ફૂટી નીકળ્યું. એ મહાશયે સ્વામીશ્રીને કહ્યું: 'સ્વામીજી! અહીંથી વીસ માઇલ દૂર ઇન્ડિયન બીચ છે. ત્યાં લા-મર્સી ગામ વસેલું છે. તેમાં મારું 'સમર હાઉસ' છે. કાલે આપ ત્યાં પધારો.'

જે. બી. પટેલની શાખ-ધાક અને તેઓની તડ-ફડને જાણનારા સૌ આ સાંભળતાં જ ચિત્રવત્ થઈ ગયા! સ્વામીશ્રીની ક્ષણભરની મુલાકાતનાં કામણને કોઈ ન કળી શક્યું.

તા. ૪/૧૨નો દિવસ ડર્બનના રોકાણનો છેલ્લો દિવસ હોવાથી સ્વામીશ્રી સમક્ષ પ્રવૃત્તિનો પથારો ઘણો લાંબો પથરાયેલો. છતાં તેઓ ઢળતી સંધ્યાએ પરોઢ ખીલવવા પેલા મુરબ્બીના ઘેર પધાર્યા.

અહીં આ મહારથીએ પોતાના બાગમાંથી જાતે ફૂલો ચૂંટીને બનાવેલો ગુલદસ્તો સ્વામીશ્રીને અર્પણ કર્યો અને બંગલાની ઓસરીમાં બેઠેલા તેઓને

વિનંતી કરી: 'સ્વામી ! ઘરમાં મંદિર છે. ત્યાં આવીને આપ આરતી કરો.'

આરતી બાદ ઘરના બગીચામાં જ ઊગેલાં ફળ-ફળાદિની તાસક ધરી યજમાન બોલ્યા: 'બાપા ! આપ પ્રસાદ ધરાવો.'

સૌને થયું: 'એક માનવીને નવો અવતાર મળી ગયો છે !'

આટલી વિધિ બાદ જે. બી. પટેલે સ્વામીશ્રીને પોતાના બગીચામાં બધે ફેરવ્યા. ખેતીવાડી બતાવી. તે પછી સ્વામીશ્રી દરિયાકિનારે પધાર્યા.

અહીં ચારેકોર અંધારું પથરાઈ રહેલું, પણ એક હૃદયમાં અજવાળું ફેલાઈ રહેલું. એ પ્રગટેલા દીવાને સુસ્થિર કરવા સ્વામીશ્રીએ કછોટો વાળ્યો. બે હાથમાં ઠાકોરજી લીધા. સ્વામીશ્રીની તૈયારી જોઈ દરિયાલાલને પણ તાલાવેલી જાગી ગઈ. તેઓ સ્વામીશ્રીને મળવા ધસી આવ્યા. પ્રેમપૂર્વક ઠાકોરજીને સ્નાન કરાવતાં સ્વામીશ્રી બોલ્યા: '૧૯૭૪માં અહીં આવી ઉત્સવ કરવો હતો, પણ એ અધૂરો રહી ગયેલો. તે આજે પૂરો થયો.'

હા, આજે ખરેખર ઉત્સવ થઈ ગયેલો – યજમાનનાં પત્ની અને બાળકો માટે પણ. પતિ-પિતાનું પરિવર્તન કરી આપનારા સ્વામીશ્રીનો આભાર માનવા માટે તેઓ પાસે શબ્દો જ નહોતા. તેઓનાં અંતર ઊર્મિઓ વહાવી રહ્યાં: *'હો સ્વામી તુમ સાચે સુખદાતા, તુમ બિન ઓર નહીં કોઉ ત્રાતા...'*

આમ, સૌને આશ્ચર્ય અને અહોભાવમાં ગરક કરતાં સ્વામીશ્રી વિદાય-સભામાં જવા નીકળ્યા ત્યારે આ યજમાન તે સમારંભમાં પણ સામે ચાલીને આવ્યા. હવે તેઓને સ્વામીશ્રીનો નેડો લાગી ગયેલો.

'માનવીના મનમાં ગંઠાયેલા પૂર્વગ્રહોને પિગાળવા તે પરમાણુને તોડવા કરતાં અઘરું કામ છે' – એવું ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનું વિધાન છે. પરમાણુભંજક વૈજ્ઞાનિકોની નોંધ લેતાં દુનિયા શીખી છે, પરંતુ પરમાણુથી કઠિન પૂર્વગ્રહોને ભાંગવાનું કામ કરનારા સાધુ-સંતની નોંધ લેતાં જગત શીખશે, ત્યારે તે યાદીમાં સ્વામીશ્રી મોખરે હશે તે નિ:શંક વાત છે. અનેક વિષવેલીને શાંત કરી અમૃતવેલ ખીલવતાં તેઓએ તા. ૫/૧૨ની સવારે ડર્બનથી વિદાય લીધી.

તાકું ગિનત મેરુ સમ ભારી

ડર્બનથી નીકળેલા સ્વામીશ્રીએ જો'બર્ગ જતાં રસ્તામાં ન્યૂ કાસલને પાવન કર્યું. અહીંનું મંડળ કીર્તન-ભક્તિમાં ખૂબ ઉત્સાહી. તેથી બે-ચાર

પધરામણીઓમાં સ્વામીશ્રીએ તેઓ પાસે કીર્તનો ગવરાવ્યાં. તેમાં અશોક અને હેમંત નામના બે બાળકોને વાજાં-તબલાં સાથે મીઠી હલકે સુંદર રીતે કીર્તનો લલકારતાં જોઈ સ્વામીશ્રી ખૂબ રાજી થઈ ગયા અને સંતોને આજ્ઞા કરી કે 'આ છોકરાંઓ બીજા ભજનો પણ ગાઈ શકે તે માટે દેશમાંથી કીર્તન આરાધના અને અન્ય સારાં ભજનો રેકોર્ડિંગ કરીને મોકલવાં.'

ગુણાતીત બાગની એક-એક કળીની ખેવના સ્વામીશ્રી રાખતા. જ્યાં લીલું જુએ ત્યાં પ્રોત્સાહનનું પાણી પિવરાવી તેઓ તેને મહોરાવી દેતા.

આ રીતે તા. ૬/૧૨ની રાત્રિસભામાં સાઉથ આફ્રિકાના રોકાણની ચોથી કીર્તન આરાધના સંપન્ન કરી સ્વામીશ્રી અનેક વૈભવી ગાડીઓ તૈયાર હોવા છતાં રજનીભાઈ પટેલની મોટી વાનમાં બેસી ઉતારે પધાર્યા. તેઓની આ ક્રિયામાં અદના ભક્તની મૂક સેવાની કદર હતી. સમૃદ્ધિની છોળ્યો વચ્ચે ઊછરેલા આ હરિભક્ત સત્સંગ થયા પૂર્વે વ્યસનમાં ગળાડૂબ હતા; પણ સત્સંગના રંગે એવા તે રંગાઈ ગયા કે દર રવિવારે પોતાની વાનમાં જો'બર્ગના સત્સંગીઓને લેનેસિયાની સભામાં લઈ આવે અને સભા બાદ ઘેર ઘેર પહોંચાડી દે. તેઓ જો સાજા-માંદા હોય તો તેઓની પત્ની આ સેવાધર્મ બજાવે. વળી, નાના-મોટા તમામ સમૈયામાં સક્રિય છતાં મૂક. તેઓની આ સેવાનું ફળ આપતાં હોય તેમ આજે સ્વામીશ્રી તેઓની વાનમાં બેસીને નિવાસસ્થાને પહોંચ્યા.

દરેકને તેની નાની-મોટી સેવાની સાર્થકતાનો અનુભવ કરાવતા સ્વામીશ્રીની રીત *'જન ગુન રતિતુલ જો હોવે, તાકું ગિનત મેરુ સમ ભારી...'*ની રહેલી.

સાગર ગાગરમાં સમાય એવી વાત

તા. ૭/૧૨ના રોજ એકાદશીનું પવિત્ર પર્વ જાણીને ભક્તોએ લેનેસિયાથી ૬૪ કિ.મી. દૂર જળવિહારનો કાર્યક્રમ ઘડી દીધેલો. તે માટે દક્ષિણ આફ્રિકાની સૌથી મોટી નદી વાલ રિવરને કાંઠે આવેલા એક અંગ્રેજના ફાર્મમાં સૌ પહોંચ્યા.

અહીં ઝાડપાનથી લચી રહેલા સુંદર-સમૃદ્ધ કિનારે બેસી સ્વામીશ્રીએ ઠાકોરજીને નદીના શીતળ જળથી સ્નાન કરાવ્યું. મીઠો તડકો વરસી રહેલો. તેથી ઠાકોરજીને નીરખી નીરખીને જોતાં, તેઓના પ્રત્યેક અંગને ચોળી ચોળીને

વારંવાર ડૂબકી ખવરાવી સ્નાન કરાવતા સ્વામીશ્રીનું, ઠાકોરજી સાથેનું આ રમણ અલૌકિક હતું. ઠાકોરજીનું અભિષિક્ત જળ પોતે માથે ચઢાવ્યું અને સૌનાં મસ્તકે રેડ્યું. ત્યારબાદ જળવિહાર કર્યો. ઉષ્ણતામાન માફકસરનું હોવાથી વિવિધ જળક્રીડા કરીને પણ સૌને આનંદ પમાડ્યો. એક બાળકને તો હાથ પકડાવીને તરતાંયે શિખવાડ્યું.

આમ, સૌને દિવ્ય સુખમાં ઝબકોળી સ્વામીશ્રીએ કિનારે બાંધેલા આરા પર વસ્ત્રપરિધાન કરી સભા ભરી.

તેને અનુસરતાં આજે તા. ૭/૧૨ના રોજ સ્થાનિક મંડળે અંગ્રેજી તારીખ અનુસાર સ્વામીશ્રીના જન્મદિનનું ભક્તિભર્યું આયોજન કરેલું. તેમાં મહંત સ્વામીએ સ્વામીશ્રીનો મહિમા રેલાવતાં કહ્યું : ''સાગર ગાગરમાં સમાય એવી આ વાત છે. આવા પુરુષ કાળ, કર્મ, માયાથી પર, અનંત ઐશ્વર્યયુક્ત, ગાગર જેવા દેહમાં આપણા માટે સમાઈ ગયા. બ્રહ્માંડ જેની નજરમાં ન આવે તે આપણાં સુખ માટે, અગોચર એવા આ પુરુષ આપણા કલ્યાણ માટે, આપણને ભવસાગરમાંથી ઉગારવા ગોચર થયા, પ્રગટ થયા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : *'સુર નર મુનિ તણી ચાંચ ખૂંચે નહીં...'* 'બ્રહ્મ શું છે ?' એની ઋષિમુનિઓને કલ્પના નથી આવી તે આપણને પ્રગટ મળ્યા છે. એમનામાં લક્ષ્ય રાખવું એ સેવ્યા કહેવાય.''

અભૂતપૂર્વ અનુભવ

તા. ૮/૧૨ના રોજ સ્વામીશ્રીની મુલાકાત પ્રિટોરિયાના મેયર શ્રી જે. ગ્રેવિન્સ્ટન સાથે થઈ, ત્યારે મેયરની સાથે ચર્ચના પાદરીનો હોદ્દો પણ ધરાવતા આ મહાનુભાવે સીટી કાઉન્સિલની કચેરી બહાર આવી સ્વામીશ્રીને આવકાર્યા. ઔપચારિક વાર્તાલાપ બાદ સ્મૃતિરૂપે શહેરનું પ્રતીક અર્પણ કરતાં આ નગરપતિએ સ્વામીશ્રીને દક્ષિણ આફ્રિકા વિષે અભિપ્રાય પૂછ્યો ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'અહીં બધા ભગવાનના, ધર્મના માર્ગે ચાલે છે એ સારું છે. એમાં પણ રવિવારના દિવસે સિનેમા, ટી.વી. વગેરે બંધ રાખી, જે ચર્ચમાં જવા માટે અને ધાર્મિક વૃત્તિઓ જાળવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે એનાથી અમે બહુ પ્રભાવિત થયા છીએ.'

સોનાની ખાણો અને સૃષ્ટિ-સૌંદર્યથી ભરપૂર આ દેશમાં સ્વામીશ્રીને ગમ્યું તો ભજન અને ધર્મપાલન જ.

આવી આગવી પસંદગી ધરાવતા તેઓમાં પણ આ દેશને ઘણું આકર્ષણ થયું. મેયરો સાથેનો સ્વામીશ્રીના મિલનોનો ઘેરો પ્રભાવ દક્ષિણ આફ્રિકામાં પડ્યો. ખાસ તો સ્વામીશ્રીના બ્રહ્મચર્ય, પવિત્રતા, ધર્મ-નિયમ વગેરે વાત આ દેશમાં ખૂબ નવીન લાગી. આ અજાયબીની સાથે સાથે સંસ્થામાં ધર્મગુરુની નિમણૂક ચૂંટણીથી નહીં, પણ ગુરુવચનોનાં પ્રમાણથી અને ગુણોના આધારે થાય છે, તે વાત પણ સૌ માટે અદ્‌ભુત બની રહી. તેથી દક્ષિણ આફ્રિકાની સરકાર તરફથી પ્રગટ થતા સાપ્તાહિક 'સાઉથ આફ્રિકા ડાયજેસ્ટ'માં સ્વામીશ્રીની આ દેશની પધરામણીને ઐતિહાસિક અને દસ્તાવેજી સ્થાન અપાયું.

આ આકર્ષણના પ્રતાપે જ તા. ૧૦/૧૨ની વિદાય-સભામાં રામકૃષ્ણ હૉલ ઊભરાઈ રહેલો. તેમાં વિવિધ સ્થાનિક સંગઠનોના અગ્રણીઓએ સ્વામીશ્રીનો ગદ્‌ગદકંઠે આભાર માન્યો ત્યારે સ્વામીશ્રી માત્ર આટલું જ બોલ્યા: 'આભાર એક પરમાત્માનો માનવાનો. એમની કૃપાથી આવો સુયોગ થાય છે. પુરુષપ્રયત્ન કરવો, પણ 'ફળ આપનારા ભગવાન છે' તેમ મનાય તો અભિમાન ન આવે. સમાગમમાંથી એ જ શીખવાનું છે.'

સ્વામીશ્રીની આ શૈલી એક મુત્સદી સદ્‌ગૃહસ્થને એટલી બધી સ્પર્શી ગઈ કે સભા બાદ તેઓ એકાએક બોલી ઊઠ્યા: 'ખરેખર, સ્વામીશ્રી અને સંતોએ ત્યાગની એક વિશિષ્ટ છાપ અહીંના સમાજ ઉપર ઊભી કરી છે. અહીં ઉપદેશ કરવા ઘણા લોકો આવે છે, પણ આવો અનુભવ ક્યારેય થયો નથી. સંતોના વિશુદ્ધ ત્યાગની પાછળ એમનો પરિશ્રમ છે, ભોગ છે.'

આવો જ એક અભૂતપૂર્વ અનુભવ આજે શિકાગોથી આવેલા ફોનમાં પણ સંભળાયો કે 'સ્વામીશ્રીનાં દિવ્ય તેજોમય સ્વરૂપનાં દર્શનથી પ્રભાવિત થઈને તેઓનો લાભ લેવા ન્યૂયોર્કમાં દોડી આવેલાં અમેરિકન મહિલા શ્રીમતી ફ્લોરિનાને તેઓના ઘરમાં ઈસુની મૂર્તિના સ્થાને સ્વામીશ્રીનાં દર્શન થતાં તેઓ ખૂબ ભાવવિભોર બની ગયાં છે, તેઓના આનંદની કોઈ સીમા નથી રહી અને તેઓ શિકાગોમાં મંદિર તૈયાર કરી સ્વામીશ્રીને જલદી તેડાવવા તલસે છે.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોજેરોજ ખડકાતી આવા અનુભવોની હારમાળા જોનારા સૌ *'દેશ દેશમાં ડંકો દઈ, વળી બેહદ ચલાવી વાત...'*ની રીતે કાર્ય કરતા સ્વામીશ્રીને નમી પડતા!

‘સેવા કરવી જ’ એ લક્ષ્ય

તા. ૧૧/૧૨ની સાંજે ચારેક વાગ્યે લેનેસિયામાં સ્વામીશ્રીના નિવાસ-સ્થાને સભા ભરાઈને બેઠી હતી. તેનું કદ નાનું હતું, પણ ભાવ અમર્યાદ જણાતો હતો. તેમાં સ્વામીશ્રીને વિદાયનો હાર પહેરાવવા આવી રહેલા એકેએક હરિભક્તોનાં હૈયાં ભારે હતાં. તેને હળવાં કરવાં સ્વામીશ્રીએ અમૃતવચનો ઉચ્ચાર્યાં કે ‘બધાએ ભીડો વેઠ્યો તો મહારાજ સુખિયા કરશે. અહીં આવી ગયા તે અમને પણ આનંદ થયો. મુખ્ય ધ્યેય ભગવાનને અખંડ ધારવા. અમારાથી કંઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરશો.’

આ સાંભળી સૌ ભાવવિવશ થઈ બોલી ઊઠ્યા : ‘બાપા ! અમારી કંઈ ભૂલ હોય તો માફ કરશો.’ આ સમયે મંડળના મોવડી માફી માંગવા ઊભા થયા પણ સ્વામીશ્રીના અત્યંત નમ્રતાપૂર્વકના પ્રેમોદ્‌ગારો અને વિરહના દુ:ખની કલ્પનામાત્રથી હૈયું ભરાઈ આવતાં તેઓ સ્વામીશ્રીનાં ચરણોમાં રડી પડ્યા. આ કરુણ દૃશ્યે સૌનાં હૃદય વલોવી નાંખ્યાં અને પ્રેમી, નિષ્ઠાવાન આ મંડળના સૌ ડૂસકાં લેવાં લાગ્યાં.

સ્વામીશ્રીની પ્રત્યેક વિદાય આવી હૃદયદ્રાવક બની રહેતી. ભક્તજનોના હિતાર્થે જીવાતું તેઓનું જીવન અને અંગોઅંગમાં ધારી રહેલા શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપનું પ્રતિબિંબ પાડતો એમનો પ્રેમ સૌને ખેંચી રાખતો.

અહીંના ૨૩ દિવસના રોકાણમાં આશરે ૩,૨૦૦ કિ.મી.નો મોટર-પ્રવાસ અને ૨૦૦ પધરામણીઓ દ્વારા તેઓ દરેકને અંગત રીતે સ્પર્શેલા. તેથી છેક ઍરપોર્ટ સુધી જાણે માનવમેળો તેઓને અનુસરી રહ્યો. આખરે લક્ષ્મણરેખા આવી જતાં સૌને રોકાઈ જવું પડ્યું અને સ્વામીશ્રી ઍરપોર્ટમાં પ્રવેશી ગયા.[૬૪]

અહીં દેશ-વિદાયની ઔપચારિક વિધિ બાદ વિમાનમાં બિરાજેલા સ્વામીશ્રી સવા સાત વાગ્યે ગગનગામી થયા. આ પ્રવાસમાં આરતી-અષ્ટકના આહ્‌નિક બાદ તેઓએ થોડી વાર પત્રલેખન કરી સહપ્રવાસી સંતો-ભક્તો

---

૬૪. દક્ષિણ આફ્રિકાની આ વિદેશયાત્રામાં બનેલા નોંધનીય પ્રસંગોને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

સાથે ગોઠડી માંડી. તે 'આકાશ'વાણીમાં તેઓએ જણાવ્યું :

''શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજના સમયમાં કોઈ સાધન-સગવડ નહોતાં, છતાં સંતોએ કેવી સેવા કરી ! એ વખતે કોઈ દિવસ દુઃખ કે અગવડ અંગે ફરિયાદ કરી નથી. ટાઢી પૂરી કે બીજું જે કંઈ મળે તે શાંતિથી જમી લેતા, પણ 'સેવા કરવી જ' એ લક્ષ્ય હતું.

અત્યારે તો છાંયામાં સેવા કરવાની છે. સાધનો છે, ખાવા-પીવાની સગવડ છે, એટલે ઉત્સાહથી, મહિમાથી, પ્રેમથી સેવા કરવી જ જોઈએ. સેવા ન કરે અને કથામાં પણ ન આવે પછી સંકલ્પ-વિકલ્પ થાય, મૂંઝવણ થાય. કદાચ સેવા ન કરે પણ કથાવાર્તા ને ભજન કરે તો પણ સેવા જ છે. સ્વામીએ કહ્યું છે કે 'સૂતો સૂતો ખાય પણ ભગવાન ને ભગવાનના ભક્તનું સારું બોલે તો તેની ચાકરી હું કરાવું એવો મારો સ્વભાવ છે.' ખટપટ, ખૂણે બેસીને આની વાત આને કરવી એ વસ્તુ જોઈએ જ નહીં. જાજરૂ-બાથરૂમ સાફ કરવાની, રસોઈની સેવા કરવી. તેમાં બધા સંતોની સેવા થઈ જાય. દરેકનો રાજીપો મેળવવો. સેવામાં આળસ ન હોવી જોઈએ. જો સેવામાં આળસ-પ્રમાદ હોય તો મહિમા જ સમજાયો નથી.''

વિમાનની ગતિ સાથે તાલ મિલાવતો સેવાધર્મનો મર્મ સ્વામીશ્રીના મુખેથી અસ્ખલિતપણે વહી રહ્યો.

આ તો અક્ષરરૂપ કરી દે એવા મળ્યા છે

તા. ૧૧/૧૨ની રાત્રે પોણા બાર વાગ્યે સ્વામીશ્રી નૈરોબી પધાર્યા ત્યારે ઍરપોર્ટ ભક્તોની ભીડથી છલકાઈ ગયું અને ગગન જયનાદોથી. સૌ હર્ષભેર સ્વામીશ્રીને મંદિરે લઈ આવ્યા ત્યારે રાત્રિનો એક વાગી ચૂકેલો. ઠાકોરજી પોઢી ગયેલા. છતાં સ્વામીશ્રી દંડવત કરીને સભામાં પધાર્યા. અહીં પણ મધરાતે માનવ-મહેરામણ હિલોળતો હતો. ગુરુહરિનાં દર્શનમાં જ આરામ માનનારા ભક્તોની આંખો મધરાતે પણ મીંચાઈ નહોતી.

એ આંખોમાં આશીર્વાદનું અમૃત આંજતાં સ્વામીશ્રીએ કહ્યું : 'નૈરોબી મંડળનો ભાવ હતો તો અહીં થઈને જવાનું થયું. સાઉથ(આફ્રિકા)ના હરિભક્તો ખૂબ પ્રેમી. સ્વામીનું તીર વાગી ગયું. દિવસો ઓછા પડ્યા. પણ ખેંચ પડે એ સારું. એમાં ભાવ રહે, આનંદ રહે. લંડન, અમેરિકા બધે સમય ઓછો પડ્યો. અમેરિકા દેશ બહુ મોટો. પાર જ આવે નહીં. આખી રાત મોટર ચાલે ત્યારે

માંડ સવારે પહોંચીએ. નવો પ્રદેશ પણ બધે વ્યવસ્થા થઈ ગઈ. એલ.એ.માં તો એકાદ-બે જણા; પણ ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે આ તો અઠવાડિયા જેટલું રહેવું જોઈએ. તેમાં બે દિવસ જ રોકાયા. હવે અહીંનો ઉત્સવ સારો ઊજવાઈ જાય...'

આમ, સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી રાત્રે બે વાગ્યે પોઢેલા સ્વામીશ્રી તા. ૧૨/૧૨ના રોજ જાગ્યા ત્યારે કેન્યા દેશની સ્વતંત્રતાને બાર વર્ષ પૂરાં થતાં હતાં. તે દિવસે યોજાયેલી સ્વાગત-સભામાં વચનામૃત (ગ.પ્ર. ૬૮) રેલાવતાં તેઓએ કહ્યું કે "ભગવાન જેવું સંત કામ કરે છે. ભગવાનના જેવું જ સામર્થ્ય. 'આવા સંતમાં ભગવાન પ્રગટ રહ્યા છે' એમ સમજી ભગવાનના જેવી સેવા કરવી. આ તો અક્ષરરૂપ-બ્રહ્મરૂપ કરી દે એવા મળ્યા છે. આજ્ઞા, નિયમ, નિષ્ઠા છે એ મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ બન્યા છે. એમ દિવ્યભાવ હોય તો દિવ્ય સુખ આવે. મનુષ્યભાવ હોય તો પછી એવું જ. 'આપણા જેવા ભાગ્યશાળી બીજા કોઈ નથી' એમ સમજીને કરવું, તો ડંકો વાગશે. એને વિષે નાસ્તિકભાવ આવે તો ચકલી નાહી નાંખી. આપણે કોટિ કલ્યાણ લઈને બેઠા છીએ. બીજાને એકના ફાંફાં. માયા ઉપર પગ મૂકી અક્ષરધામમાં પહોંચી જવાના, એ ડંકો વાગી ગયો. આપણને મહારાજ સાક્ષાત્ મળ્યા એમ પહોંચ્યાનાં પરમાણાં આવી ગયાં છે..."

કેફભરી આ વાતો કરી સ્વામીશ્રીએ *'અંગોઅંગે આનંદ ઊલટ્યો'*નો અનુભવ સૌને કરાવી દીધો.

મનનું ધાર્યું મૂકવું એ મોટો ભીડો

તા. ૧૩/૧૨ના રોજ નૈરોબીથી લુસાકા પહોંચેલા સ્વામીશ્રીનું રોકાણ અહીં માત્ર એક જ દિવસનું હોવા છતાં આ અલ્પ લાભ લૂંટવા કીટ્વે, એન્ડોલા અને ૧,૦૦૦ કિ.મી. દૂર વસેલા મોંગુથી પણ હરિભક્તો ઊમટ્યા હતા. સ્વામીશ્રી સાથે હવે દેશથી આવેલા સાત સંતો-પાર્ષદો ભળતાં સંતમંડળી સત્તરની સંખ્યામાં થઈ ગયેલી. આ સંતોનું મહિમાગાન કરતાં તા. ૧૪/૧૨ની પ્રાતઃકથામાં સ્વામીશ્રીએ કહ્યું : 'યોગીબાપાએ આવા ભણેલા ને મોટા ઘરના યુવકોને વશ કર્યા. આ સંતો આપણી જેવા અભણ ને ઢોરાં ચારતાં હોય ને સાધુ થઈ ગયા એમ નથી...'

પોતાના વિષે આવા તુચ્છ ભાવના શબ્દો વાપરતાં સ્વામીશ્રી લેશ

સંકોચાતા નહીં.

*'અતિ નિર્માની સોઈ'*ની રીત અનુસાર વર્તતા તેઓ લુસાકાથી વિદાય લઈ, તા. ૧૪/૧૨ની બપોરે દારેસલામ આવી પહોંચ્યા. અહીં રાત્રે લોહાણા મહાજનના હૉલમાં યોજાયેલી સ્વાગત-સભા બાદ તા. ૧૫/૧૨ની સવારે વચનામૃત(ગ.પ્ર.૭૬)ના આધારે ગાંઠે બાંધી રાખવા જેવી વાતો કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાન ને સંત મનના ઠરાવ મુકાવે. તેમાં સારું થવાનું હોય, લાભ થવાનો હોય. એમાંથી શું થવાનું હોય એ એને ખબર હોય. આપણે બીજામાં ફસાઈ જવાના હોઈએ. પરમહંસોએ એક જ ઠરાવ રાખ્યો કે 'મહારાજની મરજી પ્રમાણે ચાલવું.' મહારાજે સંતોને નિચોવી દીધા, પણ દેહપર્યંત મૂંઝાયા નહીં. મનનું ધાર્યું મૂકવું એ મોટો ભીડો. આપણો ઠરાવ રાખવો જ નહીં. એમના ઠરાવે ઠરાવ...'

ઉપકૃત સમાજ, તિરસ્કૃત સુવિધા

તા. ૧૫/૧૨ના રોજ દારેસલામના રાધાકૃષ્ણ મંદિરમાં સ્વામીશ્રીના વરદહસ્તે ઠાકોરજી પધરાવી વિધિસર પૂજાનો કાર્યક્રમ યોજાયેલો. તે માટે સ્વામીશ્રી પધાર્યા ત્યારે મંદિરના મુખ્ય કાર્યવાહકોએ પૂજન કરી ભાવસભર આભાર વ્યક્ત કર્યો કે 'સન ૧૯૬૦માં યોગીજી મહારાજે આશીર્વાદ આપેલા તે લક્ષ્મીનારાયણ મંદિર થયું અને ૧૯૭૪માં આપે આશીર્વાદ આપ્યા તે આ રાધાકૃષ્ણ મંદિર થયું.'

સમાજનો દરેક વર્ગ કોઈક ને કોઈક રીતે સ્વામીશ્રીથી ઉપકૃત થતો રહેતો, પણ તેઓના હાથે જો કોઈ તિરસ્કૃત થતું તો તે હતું પોતાનું શરીર, તે સંબંધી સુવિધાઓ અને સન્માન. તેનું દર્શન મંદિરમાં પૂજાવિધિ બાદ પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીના જીવનમાં થયું.

આ સમયે છેલ્લા ત્રણેક દિવસથી વિચરણમાં જોડાયેલા નારાયણ-મુનિદાસ સ્વામીની નજર સ્વામીશ્રીનાં પગરખાં પર વારે વારે અટકતી હતી. આ જોડાં સ્વામીશ્રીની તેજ રફતારથી ટિપાઈ ટિપાઈને ઠેર ઠેરથી ફાટ્યાં-તૂટ્યાં હતાં, છતાં સ્વામીશ્રી તેને બદલવાનું નામ લેતા નહોતા. પરંતુ સ્વામીશ્રીનાં પૂજનીય ચરણ જોડે જોડાંની આ દયનીય હાલત કોઈ રીતે બંધબેસતી ન લાગતાં પેલા સંતે સ્વામીશ્રીને કહ્યું: 'પરમ દિવસે આપની જન્મજયંતી આવી રહી છે. તે દિવસથી નવાં જોડાં પહેરવાનાં.'

'સવારથી જયંતી ઊજવાય જ છે ને!' તદ્દન ઉપેક્ષા સાથે સ્વામીશ્રી બોલ્યા.

તેઓને જોડાંથી જયંતી સુધી કશામાં રસ નહોતો.

અતિ નિર્મલ મન ભયરહિત

તા. ૧૫/૧૨ની સાંજે સ્વામીશ્રી જૂના સ્વામિનારાયણ મંદિરે આયોજિત સભામાં પધાર્યા ત્યારે આ આગમનથી રાજી થયેલા મંદિરના સ્થાનિક વહીવટકર્તાઓએ શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓ સ્વામીશ્રીને ભેટ ધરી. આ અવસરે સભામાં કચ્છી હરિભક્તોની વિશેષ ઉપસ્થિતિને લક્ષમાં રાખી, સ્વામીશ્રી સાથે આવેલા સંગીતજ્ઞ સંતોએ કચ્છી ભજન *'મુંજા મેરમ સહજાનંદજી...'* લલકાર્યું. લય, ધ્વનિ અને તાલની ત્રિવેણીમાં સૂરની મિલાવટથી આ કીર્તન સાંભળવું સૌને ગમ્યું, પણ તે ગાવવું પૂરું થયું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આ તો જે કચ્છી હતા તે સમજ્યા. અમને સમજણ ન પડી, તે સમજાવો.'

તેઓની આ નિખાલસતાથી આખી સભા હસી પડી. પછી સંતોએ કીર્તનનો અર્થસ્ફોટ કરી આપ્યો ત્યારે સ્વામીશ્રી 'હં... હવે બરાબર' કહી રાજી થયા.

આવા નમ્ર-નિર્દંભ તેઓ તા. ૧૬/૧૨ની સવારે દારેસલામનાં દ્વારે પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞનો આરંભ કરાવી પધરામણીએ નીકળી પડ્યા. અહીં ઘરોઘર ઘૂમવામાં વિશેષ પરિશ્રમ માળ ચડવાનો રહેતો, છતાં ત્રણ, ચાર કે પાંચ માળ સુધીનાં મકાનોમાં સ્વામીશ્રી ત્વરિત ગતિએ દાદરા ચઢ-ઊતર કરતા.

આવી પધરામણીઓ બાદ તેઓ સાંજે ભવ્ય શોભાયાત્રામાં પણ બિરાજ્યા. આ નગરયાત્રાની પૂર્ણાહુતિએ લક્ષ્મીનારાયણ મંદિરમાં યોજાયેલી જાહેર-સભામાં હિંદુમંડળના પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું કે "૧૯૭૪માં સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે અમે કેટલાક એમને અંગત રીતે મળેલા અને અહીંની ડામાડોળ રાજકીય પરિસ્થિતિની જાણ કરીને પૂછેલું કે 'આ સંજોગોમાં અમારે શું કરવું?' તે વખતે વાતાવરણ ઘણું વણસેલું હતું. પણ સ્વામીશ્રીએ અમને ખૂબ હિંમત આપેલી કે 'કર્તા-હર્તા એક ભગવાન છે. માટે કોઈનો ડર ન રાખવો. ધાર્મિક પ્રવૃત્તિમાં લેશ પાછા ન પડવું.' એમના આ બળપૂર્વકનાં

શબ્દો-પ્રેરણાથી જ અમે આ સંજોગોમાં રાધા-કૃષ્ણ મંદિર કરી શક્યા.''

સ્વામીશ્રીની આ પ્રશસ્તિ તત્કાલીન સંજોગો જોતાં ઘણી જ વિચારણીય છે. તે સમયે અહીંનું અસ્થિર-અસલામત ભવિષ્ય જોતાં કોઈ વિકાસની સલાહ ન આપે. પરંતુ કેવળ ભગવાનનું જ કર્તાપણું સમજનારા ગુણાતીત સંત જ ભગવાનનો આશરો રાખી ધર્મ-કાર્ય ચાલુ રાખવાનું કહી શકે.

કેટલાક ફૂટકળ વિદ્વાનોએ એવું અધકચરું તારણ કાઢ્યું છે કે 'ધર્મ માનવીને નિર્માલ્ય-નિર્વીર્ય બનાવે છે.' આમ બોલતાં-લખતાં પૂર્વે તેઓ ભલે ગમે તેટલાં થોથાં ઉથલાવ્યાનાં દાવા કરતા હોય, તોય તેઓ સ્વામીશ્રીના જીવનનો અભ્યાસ કરવાનું ચોક્કસ ચૂકી ગયા હોવા જોઈએ. આજે વિદેશમાં વિસ્તરેલી હિંદુ ધર્મની વિવિધ શાખાઓમાં સ્વામીશ્રીની નીડર સોનેરી સલાહોનો બહુમૂલ્ય ફાળો છે.

જેના અંતરમાં નથી અભિમાન

તા. ૧૭/૧૨ની સવાર બે ઉત્સવધારાઓના સંગમે ખીલેલી. તેથી સૌના ચહેરા પર ઉત્સાહ પણ બેવડાયેલો. સજાવટનો ભભકો પણ દ્વિગુણિત હતો. તૈયારીઓમાં જોર પણ બમણું હતું. સ્વામીશ્રી પધારતાં જ આ બધું અનેકગણું થઈ ગયું. તેઓ આજે પ્રાતઃપૂજામાં બિરાજ્યા ત્યારે તેઓના ૫૭મા જન્મદિન નિમિત્તે દૂર-દૂરથી આવેલા શુભેચ્છાપત્રોમાંથી ફોરતી ભાવનાઓ વાતાવરણને મઘમઘાવી રહી.

આ શુભેચ્છાપત્રોમાં અમદાવાદથી રૉકેટ આકારનું કાર્ડ આવેલું. તેમાંથી વ્યક્ત થઈ રહેલો મનોરથ આમ હતો કે 'સ્વામીશ્રીનું વિચરણ આ સમયે પ્લેનમાં પૃથ્વી પર થયું. પણ હવે પછીનું વિચરણ રૉકેટ દ્વારા વિવિધ ગ્રહો પર થશે.'

આ વિગત જાણી હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'ક્યાં આપણે વિચરણ કરવાના છીએ? આપણા ગ્રહો જ ઊડી જાય. આ તો યોગીબાપાના પ્રતાપે થાય છે.'

અન્ય એક કાર્ડમાં, દુનિયાના નકશાના એક છેડે હાથ ઊંચા કરીને ઊભેલા યોગીજી મહારાજની લાક્ષણિક છબી હતી અને સાથે આફ્રિકા ખંડ પર સ્વામીશ્રી હાથમાં અક્ષર-પુરુષોત્તમનો ધ્વજ લઈને ઊભા છે તેવી મૂર્તિ હતી.

આ જોઈ એક સંતે કહ્યું: ''બાપા! આપને જોઈ યોગીબાપા આનંદમાં

આવી કહી રહ્યા છે કે 'પ્રમુખસ્વામી કેવું વિચરણ કરે છે !''

'એ તો યોગીબાપાની દૃષ્ટિ પડી ને એમની દયાથી વિચરણ થાય છે. નહીં તો આપણને કોણ પૂછે છે ? ક્યાંય ઢોરાં ચારતાં હોત !' સ્વામીશ્રીએ ગુરુભક્તિ ઘૂંટતાં કહ્યું.

આજે જન્મજયંતી દિને હજારો હોઠ-હૈયાં સ્વામીશ્રીનાં ગુણગાન ગાઈ રહેલાં, પણ *'જેના અંતરમાં નથી અભિમાન'* એવા સ્વામીશ્રી તો ગુરુગુણ ગાવામાં જ વ્યસ્ત-મસ્ત હતા. તેઓને મન આ જ હતો જન્મજયંતીનો આનંદ !

આવા શુભ દિવસે સ્વામીશ્રીના વરદહસ્તે દારસેલામના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. વિશાળ ચોક પછી ઊભણી ઉપર સુંદર પ્રવેશદ્વાર સાથે શોભતું ત્રણ શિખરનું આ હરિમંદિર નગરની શોભારૂપ બની રહ્યું. તે પછી સાંજે પાંચ વાગ્યે લોહાણા મહાજન વાડીમાં સ્વામીશ્રીની ૫૭મી જયંતીની સભા પણ દબદબાથી સંપન્ન થઈ. ચાર કલાક સુધી ચાલેલા આ ઉત્સવમાં ૫૦ જેટલી સામાજિક-ધાર્મિક સંસ્થાઓ ઉમંગભેર જોડાઈ. ૫,૦૦૦થી વધુ ભાવિકોની ભીડથી મંદિર-વિસ્તારની ગલીઓ ઊભરાઈ રહી. પરંતુ હજારોના જયજયકાર વચ્ચે સ્વામીશ્રીના આશીર્વાદનો મુખ્ય સૂર તો આ જ રહ્યો કે 'ભગવાન સ્વામિનારાયણની કૃપાથી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું આ કાર્ય એમનાં બળથી થાય છે ને થતું રહે એવા સૌ આશીર્વાદ આપો.'

આ સભા-સમાપ્તિ બાદ દસ વાગ્યે ઉતારે પધારેલા સ્વામીશ્રી ઠેઠ બાર વાગ્યા સુધી પત્રલેખનમાં પરોવાયેલા રહ્યા, જાણે જન્મજયંતી ઊજવાઈ જ નથી એવી નિર્લેપતાથી !

દસ ગણી વૃદ્ધિ

દારેસલામમાં સ્વામીશ્રીના નિવાસની સાનુકૂળતા સાચવવા યજમાન શ્રી ચંદ્રકાંતભાઈએ પોતાના મકાનનો પ્રથમ માળ સંતઆશ્રમમાં ફેરવી નાંખેલો. આ મજલા પર સ્વામીશ્રી માટે શૌચાલય-સ્નાનગૃહ ધરાવતો એક ઓરડો અલાયદો રાખવામાં આવેલો અને અન્ય ખંડોમાં સંતોનો સમાવેશ કરેલો. પરંતુ આ વ્યવસ્થામાં બાકીના સંતો માટે એક જ સંડાસ-બાથરૂમ બચતા હોવાથી સવારે સમયસર તૈયાર થવામાં સૌને થોડી અડચણ પડતી.

આ વિગત સ્વામીશ્રીની જાણમાં આવતાં જ તેઓએ આરામદાયક

ઓરડામાંથી પોતાનો નિવાસ અન્ય એક સાદા ઓરડામાં ફેરવાવી દીધો, જેથી પોતાના ઓરડામાં રહેલાં સંડાસ-બાથરૂમ સૌ વાપરી શકે. બીજાની સગવડ સાચવવા પોતાની સુવિધાને ત્યાગની વેદી પર ચડાવી દેવામાં તેઓને ક્ષણનોય વિલંબ ન થયો.

પળ પળ પરને કાજની આવી જીવનશૈલીથી વિચરતા સ્વામીશ્રી સાથે, તા. ૧૮/૧૨ના રોજ 'સિલ્વર સેન્ડ' દરિયાકિનારે સમુદ્રસ્નાન તથા તા. ૧૯/૧૨ની સાંજે શિશુકુંજ હૉલમાં કીર્તન આરાધનાનો લાભ પામી દારેસલામના સત્સંગીઓ ધન્ય થયા. આ દિવસે ભારતીય રાજદૂતાવાસમાં હાઈકમિશનર શ્રી શર્માજીને પણ ધર્મલાભ આપી સ્વામીશ્રી તા. ૨૦/૧૨ની સાંજે ચાર વાગ્યે મ્વાન્ઝા આવી પહોંચ્યા.

એક બાજુ મહાસાગર સમું વિક્ટોરિયા સરોવર અને બીજી બાજુ કોઈ કુશળ સ્થપતિએ સમજપૂર્વક ગોઠવી રાખી હોય એવી નાની-નાની પર્વત-માળાઓની વચ્ચે વસેલું મ્વાન્ઝા ખૂબ ભાવિક. તેથી સ્વામીશ્રીનાં દર્શન માટે પ્રથમ દિવસથી જ ચિક્કાર મેદની ઊમટવા માંડી. લોહાણા મહાજન વાડી, હિંદુ મંદિર વગેરે સ્થળે પણ સભા-સમારંભો યોજાયા. તે ક્રમમાં તા. ૨૩/૧૨ના રોજ ઊજવાઈ રહેલી સ્વામીશ્રીની ૫૭મી જયંતીના પ્રતીક ઉત્સવમાં મહંત સ્વામીએ અંજલિ આપતાં કહ્યું કે 'સ્વામીશ્રી દ્વારા દસ ગણો સત્સંગ વધી રહ્યો છે.'

રાજા રંક સમાન

તા. ૨૪/૧૨ના બ્રાહ્મમુહૂર્તમાં મ્વાન્ઝાનો માહોલ વેદધ્વનિના મંગલ ઘોષથી ગુંજવા માંડેલો. આફ્રિકામાં પ્રથમ વાર પ્રતિષ્ઠિત થઈ રહેલી આરસના ઉપાડની અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિનું યજ્ઞશાળામાં પૂજન કરવા માટે વિક્ટોરિયા સરોવરના મધ્ય પ્રવાહમાંથી જળ લાવવામાં આવેલું. સ્વામીશ્રીએ સમયસર પધારીને યજ્ઞનો વિધિવત્ પ્રારંભ કરાવ્યો.

યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સાંજે યોજાયેલી શોભાયાત્રામાં પણ આખું ગામ હિલોળે ચડ્યું. ભાગ્યે જ કોઈ ભાવિક કુટુંબ નગરયાત્રામાં સામેલ થયા વિનાનું રહ્યું. આ ઉત્સાહ વચ્ચે તા. ૨૫/૧૨ના રોજ ઉત્સવના ત્રીજા ચરણરૂપ પ્રતિષ્ઠાની ઘડીઓ ગણાઈ રહેલી. વિદ્વાન શાસ્ત્રીઓ અને યજમાનો પૂજા-સામગ્રી તૈયાર કરીને સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલા. આ અવસરે આફ્રિકાનાં

તમામ સત્સંગ-કેન્દ્રોમાંથી અગ્રણી સત્સંગીઓ આવી પહોંચેલા. સ્થાનિક મહાનુભાવોની હાજરી પણ નોંધનીય હતી. આ સૌ આગેવાનો પ્રવેશદ્વાર પાસે સ્વામીશ્રીની રાહ જોતાં ઊભેલા.

થોડી વારમાં જ સ્વામીશ્રી પધારતાં બૅન્ડ ગાજી ઊઠ્યું, જયનાદો ગૂંજી રહ્યા, પુષ્પો વરસી પડ્યાં. સ્વામીશ્રીની મોટર ઊભી રહી. તેમાંથી તેઓ ઊતર્યા ત્યારે સામે આગેવાનોની લાંબી હરોળ ઊભેલી. પણ પ્રતિષ્ઠાના આ ઐતિહાસિક પર્વે સ્વામીશ્રી સાથે હસ્તધૂનન માટે પ્રથમ સદ્ભાગી બન્યો મંદિરનો આફ્રિકન ચોકીદાર મનયાન્ડા! દરવાજે ઊભા રહી પોતાની ફરજ બજાવી રહેલા તેની પાસે સ્વામીશ્રી પહોંચી ગયા અને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. તેઓની આ અકારણ અને અનહદ કૃપાથી તે સંત્રી ગદ્ગદ થઈ ગયો. તેનાથી ભલે ભાષા બોલાઈ નહીં, પણ ભાવ વહી ચૂક્યો.

દેખાવે સામાન્ય, કપડાંથી સામાન્ય, પૈસે-ટકે સામાન્ય, પદ-પ્રતિષ્ઠાની રીતે સામાન્ય આ દરવાની એક જ ક્ષણમાં અસામાન્ય બની ગયો. તેણે ખુદ પોતાની જાતને હાંસિયામાં મૂકી દીધેલી, પણ સ્વામીશ્રી તેને પ્રથમ પાનાના સમાચારમાં લઈ આવ્યા. પરમાત્માની પ્રતિષ્ઠા કરવા જઈ રહેલા તેઓએ આ પામર માનવીમાં જે રસ લીધો તે જોઈને મહાનુભાવો તો ચિત્રવત્ જ થઈ ગયા. દરવાની બાદ દાનવીરોને હળતાં-મળતાં સ્વામીશ્રી મંદિરમાં જઈ પહોંચ્યા ત્યારે તેઓની સમતાનો સ્વાદ ચાખી સૌ પુલકિત થઈ ઊઠ્યા.

સોઈ એકાંતિક સંત

સ્વામીશ્રીના મંદિરમાં પધારતાંની સાથે જ પ્રતિષ્ઠાવિધિ શરૂ થયો. સ્વામીશ્રી સહિત સૌ યજમાનો તેને અનુસરવા લાગ્યા. આ વિધિના મધ્યમાં સ્વામીશ્રીએ ખૂબ પ્રેમથી ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવ્યું. ત્યારબાદ તેઓએ પોતાની પાસે બેઠેલા એક સહાયક સંત પાસે કોરા વસ્ત્રથી શરીર લુછાવ્યું. હવે યજ્ઞોપવીત ધારણ કરાવવાની આવી. તે માટે સ્વામીશ્રીએ પેલા સંતને જ સૂચના આપી. તેથી એ સંતે જનોઈ અર્પણ કરી પણ તે ઠાકોરજીના કાને ચડી ગઈ તેનો ખ્યાલ તેઓને ન રહ્યો. પરંતુ સ્વામીશ્રીએ તરત ટકોર કરી તે વ્યવસ્થિત પહેરાવડાવી.

ત્યારબાદ ઠાકોરજીને ચાંદલા-ચોખા ચોડતી વખતે પણ ઠાકોરજીના નાના ભાલમાં પેલા સંતથી ચાંદલો મોટો થઈ જતાં સ્વામીશ્રીએ હેતપૂર્વક તેને

પણ માપસર કર્યો. ખૂબ મહાવરો અને વિશેષ તો અપાર ભક્તિને કારણે સ્વામીશ્રીને પ્રથમ પ્રયાસમાં જ બધું વ્યવસ્થિત થઈ જતું.

હવે જનમંગલ નામાવલિના પાઠનો પ્રારંભ થયો. તેમાં ઠાકોરજીને અક્ષતથી પોંખવાના હતા. સ્વામીશ્રીએ પેલા મદદનીશ સંતને પણ હાથમાં ચોખા આપ્યા. ભોજન અને ભજનમાં સૌને સામેલ કરવાનું તેઓને ગમતું. પરંતુ પેલા સહાયક સંત ઠાકોરજી પાસે ચોખા પહોંચે તે હેતુસર ચોખાને ઊંચા હાથે પધરાવવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'એમ કરવાથી ઠાકોરજીને વાગશે. માટે હાથને નીચે રાખી પધરાવો.'

વિધિની પળે પળે સ્વામીશ્રી જે સૂક્ષ્મતાથી ઠાકોરજીનું ધ્યાન રાખતા ગયા તે જોઈ પેલા સંતના હૈયે કબૂલાત થઈ ગઈ કે *'પ્રબલ પ્રેમ જેહિ પ્રભુ વિષે, સોઈ એકાંતિક સંત...'*

મહાપૂજાવિધિ બાદ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા મુખ્ય પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો અને મહંત સ્વામીના હસ્તે સ્વામીશ્રીની જીવંત કદની ઊભી રંગીન ચિત્રપ્રતિમાનું અનાવરણ થયું.[૬૫]

એ માનો વચનની મૂરતિ

તા. ૨૬/૧૨ના રોજ મ્વાન્ઝાથી મુસોમા થઈને બુટિયામા પધારેલા સ્વામીશ્રીની મુલાકાત ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ શ્રી જુલિયસ ન્યરેરેની સાથે સ્ટેટ હાઉસમાં યોજાયેલી. જેવા સ્વામીશ્રી ત્યાં પધાર્યા કે પ્રમુખશ્રી ઊભા થઈ ગયા અને સ્વામીશ્રીને સત્કાર્યા. સ્વામીશ્રીએ પણ તેઓને પુષ્પહાર પહેરાવ્યો. ત્યારબાદ શરૂ થયેલો વાર્તાલાપ જેમ જેમ આગળ ચાલતો ગયો તેમ તેમ શ્રી ન્યરેરે સ્વામીશ્રીથી પ્રભાવિત થતા ચાલ્યા. આ સમયે તેઓના મનમાં દીર્ઘ માંદગીથી રિબાતી પોતાની વૃદ્ધ માતાનો વિચાર ઝબકી ઊઠ્યો. એ માતાને જો આ પવિત્ર સંતના આશીર્વાદ મળી જાય તો તે સુખી થઈ જાય – એ ઇરાદાથી તેઓએ સ્વામીશ્રીને વિનંતી કરી અને તેઓને માતા પાસે લઈ જવા તૈયાર થયા.

---

૬૫. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા આ પ્રતિષ્ઠા-ઉત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

તે વખતે સૌ વિમાસણમાં પડ્યા કે 'રાષ્ટ્રના વડાને આ શક્ય નથી તે કેવી રીતે સમજાવવું?' 'કદાચ વાત કરી અને તેઓને અવળું પડ્યું તો?' આવી દહેશત પણ કેટલાકનાં મનમાં ખરી. પરંતુ સ્વામીશ્રીએ વડીલ હરિભક્તોને કહ્યું: 'સાહેબને જણાવી દો કે આપણી મર્યાદા છે. એમનાં માતુશ્રીની તબિયત સુધરી જાય એ માટે આપણે અહીં રહી પ્રાર્થના કરીશું.'

આ સૂચના અનુસાર રાષ્ટ્રપ્રમુખને કહેવામાં આવ્યું. તેઓએ સ્વામીશ્રીના ધર્મપાલનનો સહર્ષ સ્વીકાર કર્યો અને માતાની સુખાકારીના આશીર્વાદ મેળવ્યા, પરંતુ સ્વામીશ્રીનાં આ શીલ-સૌજન્યથી રાષ્ટ્રપ્રમુખ તો એટલા અભિભૂત થઈ ગયા કે છૂટા પડતાં પહેલાં વારંવાર સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રી સાથે લીધેલી પોતાની તસવીરોની માંગણી પણ છબીકારો પાસે કરી.

દેશ-દુનિયાના સર્વોચ્ચ વડાઓને સ્વામીશ્રી મળતા, સર્વોચ્ચ સ્થાનોમાં તેઓ જતા, પણ ધર્મની આંગળી પકડીને જ. તેથી તેઓને નીરખનારા સૌ ગાઈ ઊઠતા:

'એમ પાળે હરિની આગન્યા, એ માનો વચનની મૂરતિ;
નિષ્કુળાનંદ એને નીરખતાં, રહે નહીં પાપ એક રતિ.'[૬૬]

આ જ તેઓની મહાનતા!

બુટિયામાથી સ્વામીશ્રી મગુમા, ન્યાગુગેને પાવન કરતાં રાત્રે પુનઃ મ્વાન્ઝા પરત ફર્યા. કાચા અને ઊબડ-ખાબડ રસ્તે આજે ૪૮૦ કિ.મી.ની મુસાફરીને કારણે તેઓને સખત પરિશ્રમ પડેલો. છતાં બીજે દિવસે આવવા-જવાની ૩૨૦ કિ.મી.ની ખેપ ખેડીને તેઓએ શિન્યાન્ગાને પાવન કર્યું. અત્રે હીરાની ખાણોમાં પધરામણી અને બપોરે ગોઠવેલી સભામાં લાભ આપી, સ્વામીશ્રી ઈલુલા, મિસુન્વી થઈને રાત્રે દસ વાગ્યે મ્વાન્ઝા પધાર્યા.

આજે પણ ધૂળિયા રસ્તાને લીધે પ્રવાસ ઘણો કષ્ટદાયક બનેલો. છતાં રાત્રે બાર વાગ્યા સુધી સભા ભરી તેઓએ સૌને રાજી કર્યા. શરીરની તમામ સંવેદનાઓને હણી-ખણી નાંખી હોય તેમ સ્વામીશ્રી શરીર પાસેથી કામ લેતા.

---

૬૬. રાજસત્તાને મળેલા ધર્મસત્તાના આશીર્વાદની આ ઐતિહાસિક ઘટના નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

છતાં વિશેષતા એ કે અન્યની સંવેદનાઓ તેઓ સહજમાં સમજતા. તેથી જ તા. ૨૮/૧૨ની સવારે સ્વામીશ્રી એક હરિભક્તની ફેક્ટરીમાં નવા બોઈલરનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા! સૌ દિવસે દિવસે સ્વામીશ્રીની મોટપ અધિક ને અધિક સમજતા જતા હતા. છતાં એટલાં જ નાનાં કામ પણ સ્વામીશ્રીના વરદહસ્તે થતાં રહેતાં. આ જ હતી તેઓની મહાનતા!

આપણે સેવક છીએ, સદ્‌ગુરુ નહીં

મ્વાન્ઝાથી દારેસલામ પધારેલા સ્વામીશ્રી તા. ૨૯/૧૨ની સવારે ઉતારાની અગાશીમાં બેસી હરિભક્તોને મુલાકાત આપી રહેલા. આ કાર્યક્રમ પૂરો થતાં નારાયણમુનિદાસ સ્વામી જલપાન કરાવવા આવ્યા. તે વખતે સ્વામીશ્રીએ એ સંતને દૂર પડેલાં બે ગાદલાં બતાવી કહ્યું: 'આ કોનાં છે?'

તેઓને કોઈ પણ વસ્તુ અસ્તવ્યસ્ત પડી રહે તે બિલકુલ ગમે નહીં. વળી, આ ગાદલાંની બાજુમાં પારણાં માટે બનાવેલું શરબત પણ જરા ઢોળાઢોળ થયેલું. તે બતાવી સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ કોણે ઢોળ્યું છે?'

ત્યારબાદ ખુલાસાની અપેક્ષા વિના આ ભૂલો બાબતે સર્વસામાન્ય ટકોર કરતાં તેઓએ કહ્યું: 'બધા સદ્‌ગુરુના બેટા થઈ ગયા છે. અહીં જેવી ટેવ પાડશો એવી મંદિરમાં પડશે અને મંદિરમાં પાડશો એવું અહીં રહેશે.'

આમ કહી પોતાના હાથમાં રહેલા રૂમાલ વડે વસ્તુ મૂકવાનું નિદર્શન કરતાં જણાવ્યું: 'આ તો ન્હાઈને ગાતરિયું આમ મૂકી દે ને પછી કામમાં જાય ને યાદ જ ન આવે. આખો દિવસ પડ્યું રહે. ન્હાઈને ગાતરિયું, ધોતિયું સૂકવી જ દેવાં. ત્યાં ને ત્યાં ભીનાં પડ્યાં રહે! પછી બીજો આવે. 'આપણે શું?' એની પર ધૂળ પાડતો જાય, પાણીમાં પલળે એટલે સડે ને ફાટી જાય.'

સ્વામીશ્રીના મુખેથી આમ સુઘડતાની શીખ સરી રહી. તે પછી તેઓએ જેના વડે શરબત ઢોળાવાની ગફલત થઈ ગયેલી તેઓને સાદ કરી નજીક બોલાવતાં કહ્યું: 'આપણે કંઈ સદ્‌ગુરુ નથી થઈ ગયા. સેવક છીએ. આ તો હું લઈ લેત. મને વાંધો નહોતો, પણ તમને ખબર પડે ને!'

તે જ વખતે ગાદલાં સંબંધી ભૂલ જેણે કરેલી તે પણ અનાયાસે ત્યાં આવી પહોંચતાં સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'આ તો સંગીત શીખ્યા એટલે બધું થઈ ગયું, એમ? સ્વયંસેવક થવું પડશે.'

કળા અને ગુણથી મોટા થવા છતાં પણ સેવક બની રહેવાનો આટલો

સિદ્ધાંત જણાવી સ્વામીશ્રી પધરામણીએ નીકળી પડ્યા.

ભેદભાવ નહીં, પણ સંગઠનભાવ

રાષ્ટ્રપ્રમુખશ્રી ન્યરેરે સાથે થયેલી સ્વામીશ્રીની મુલાકાતથી ટાન્ઝાનિયામાં વસતી ગુજરાતી અને એશિયન પ્રજામાં ખુશીની લહર ફરી વળેલી. તત્કાલીન નાજુક રાજકીય ગતિવિધિઓમાં આ મિલને સૌમાં રાહતનું એક મોજું પ્રસરાવી દેતાં, તા. ૩૦/૧૨ના રોજ ૫૦ થી ૬૦ જેટલી આધ્યાત્મિક-સામાજિક સંસ્થાઓએ મળીને લક્ષ્મીનારાયણ મંદિરમાં એક સભા ગોઠવેલી. તેમાં સનાતન ધર્મસભાએ સ્વામીશ્રીને સન્માનપત્ર આપી બિરદાવ્યા. અન્ય સૌએ પણ ફૂલહાર અર્પણ કરી સ્વામીશ્રીને હિંદુ ધર્મના પ્રવક્તા અને પ્રતિનિધિરૂપે સ્વીકારી લીધા. ત્યારબાદ અહીં ઉપસ્થિત વિવિધ સંસ્થાઓના કાર્યકરોએ સ્વામીશ્રીને આધ્યાત્મિક ભાથું બંધાવવાની વિનંતી કરી ત્યારે વિકાસના નકશાની અદ્‌ભુત રેખાઓ આંકતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'પરદેશમાં ધર્મ અને ભાષા રાખીશું તો સુખ-શાંતિ રહેશે. જેટલો ધર્મનો વિકાસ થશે એટલો આપણો વિકાસ થશે. ધર્મની દૃષ્ટિએ આપણે એક જ છીએ. એક જ ઝાડનાં બધાં ડાળખાં છે. જગત પરિવર્તનશીલ છે. અનાદિ કાળથી હજારો સત્તાઓ આવી ને ગઈ, પણ ધર્મની સત્તા રહેવાની છે ને રહેશે. છતાં પરિવર્તનને લીધે સહન કરવું પડે, પણ એનો વિચાર કરવાની જરૂર નથી.

'ભગવાન કર્તા-હર્તા છે. એ સર્વનું સારું જ કરવાના છે' – એમ વિશ્વાસ રાખી, ધર્મની વાત મૂકવી નહીં. પરિણામ, ફળને માટે ભગવાન ઉપર શ્રદ્ધા રાખી ધર્મભાવનાનો વિકાસ કર્યા જ કરવો. મંદિરો, સત્સંગ, પુસ્તકો દ્વારા એ કાર્ય કરતાં જ રહેવું. બીજી મમતા મૂકીને કેવળ ભગવાનની મમતા રાખીશું અને કર્તવ્ય કરતાં રહીશું તો સુખ-શાંતિ રહેશે. સંગઠનભાવ રાખવો. 'મારું-તારું' એવો ભેદભાવ રાખવો નહીં. એકબીજાથી નોખાં પડીને આપણી શક્તિ છિન્ન-ભિન્ન ન કરવી. ધર્મથી શક્તિ એકત્ર થશે. વિશાળ દૃષ્ટિ, સારી ભાવના રાખી સત્સંગનાં કાર્યો બધાએ સાથે મળી કરવાં, તો વિકાસ થશે.'

અતિ ચમત્કારી છે એહ

તા. ૩૧/૧૨ની સાંજે એર ઝાંબિયા દ્વારા મલાવી, બ્લાન્ટાયર થઈને

લુસાકા આવી પહોંચેલા સ્વામીશ્રીના આશીર્વાદ લેવા, અહીં ઍરપોર્ટ પર કેટલાક પોલીસ અધિકારીઓ દોડી આવ્યા. તેમાંના એક અમલદારે જણાવ્યું કે 'સ્વામીશ્રી બહુ ચમત્કારી છે. ગયે વખતે એક ભાઈને તેઓએ કંઠી આપેલી. એ કંઠી એનો ભાઈ લઈ ગયો. એને રોજ ભયંકર સ્વપ્નાં આવતાં, પણ કંઠીને કારણે તે બંધ થઈ ગયાં! હવે તે કંઠી પાછી આપતો નથી. કેટલાકને કંઠીના પ્રતાપે વ્યસનો છૂટી ગયાં! દારૂ સામે પડ્યો હોય પણ પીવાનું મન ન થાય. ધૂમ્રપાન પણ છૂટી ગયાં.' આમ કહેતાં તેઓ વારંવાર સ્વામીશ્રીના આશિષ માંગવા લાગ્યા.

ભાવાવેશમાં બોલી રહેલા એ અધિકારીના શબ્દે શબ્દે 'સ્વામીશ્રીની કંઠી ધર્મ-પરિવર્તન નહીં, પણ જીવન-પરિવર્તનનું સાધન છે' – તે સત્ય વિશેષ પ્રકાશિત થતું રહ્યું.

આ અનુભવમાંથી આ એક આફ્રિકન અમલદાર જ નહીં, પણ સમગ્ર આલમ આ વર્ષે પસાર થયેલી. તેથી જ આજે લુસાકાથી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે કીટ્વે જઈ પોઢ્યા, ત્યારે તેઓની આ અતિ ભીડાભરી વિદેશયાત્રાની સાક્ષી બની વિદાય લેતી સન ૧૯૭૭ પણ સ્વામીશ્રીને સંબોધતાં ગાઈ રહી:
'અતિ ચમત્કારી છે એહ, થાય સુખી સેવે જન જેહ...'



આવા સંત લાગે મુને પ્યારા રે...

સન ૧૯૭૮

અનાથ હુંને સનાથ કીધો

સ્વામીશ્રીના સંગે અમર થવા વહેલી સવારમાં આવી પહોંચેલી સન ૧૯૭૮નું મુખ પ્રાતઃપૂજામાં બિરાજેલા સ્વામીશ્રીની દિવ્યતાનો સ્પર્શ પામી રતૂમડું થઈ ગયું. આ પ્રથમ દર્શને જ તે પોતાના ૩૬૫ દિવસ સુધરી ગયાનો અહેસાસ અનુભવી રહી. આ જ અનુભૂતિ પૂજાનો લાભ લઈ રહેલા હરિભક્તોની પણ હતી. આફ્રિકાના એક નાનકડા ગામથી સ્વામીશ્રીએ વર્ષનો પ્રારંભ કર્યો એ બીનાથી સ્થાનિક સત્સંગીઓનો આનંદ સભાખંડની દીવાલોને ભીંસી રહેલો. આ આનંદને અખંડ રાખવાનો સદ્બોધ વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ખપ અને મહિમા હોય તો ભગવાનનો રંગ ચઢતો રહે. એકલા તો એકલા, પાંચ તો પાંચ, પણ મહિમા હોય તો ભક્તિ થયા જ કરે, આનંદ આવ્યા જ કરે! નહીં તો મોળા પડી જવાય. ભજનનો વેપાર લઈને બેઠા છીએ તો પ્રમાદ રાખીએ તે ન ચાલે.'

નવા વર્ષે આ અમૃતધારા વહેતી કરી સ્વામીશ્રી સેવાની સરવાણી વહાવવા ઝાંબિયા સેન્ટ્રલ હૉસ્પિટલે આવી પહોંચ્યા. આ સ્થાનના ઉત્કર્ષ માટે તેઓના શુભાશિષ પૂરતા હતા. છતાં તેઓએ હૉસ્પિટલના લાભાર્થે સંસ્થા

વતી મોટી રકમની સેવા અર્પણ કરાવી.

તનના રોગીઓનું કામ કાઢી સ્વામીશ્રીએ મનની માવજતના હેતુથી છીતાભાઈના ઘેર સ્થાનિક મંડળનાં મંદિર-સિંહાસનને પ્રતિષ્ઠિત કર્યાં. ત્યારબાદ સાંજે તેઓ કેન્ફિન્સા મિશન સેન્ટરમાં અનાથ બાળકોને આશીર્વાદ આપવા પહોંચ્યા. માવતરનાં મૂળથી કપાયેલાં આ સૌ બાળકુસુમોને તેઓએ *'અનાથ હુંને સનાથ કીધો...'*નો અનુભવ કરાવ્યો. અહીં પણ સ્વામીશ્રીએ ખાસ્સી રકમનું યોગદાન અપાવ્યું.

અનાથના નાથની આ કૃપા જોઈ નવું વર્ષ ગદ્ગદિત થઈ ગયું અને સ્વામીશ્રી એન્ડોલા આવી પહોંચ્યા.

સ્વયંસેવક થવું પડે ને !

ઍન્ડોલામાં તા. ૨/૧ની સવારથી જ વરસાદ વરસવો શરૂ થઈ ગયેલો. છતાં સ્વામીશ્રીએ વરસાદને તાબે ન થતાં બે કલાક સુધી પધરામણીઓ ચલાવી. ત્યારબાદ બપોરે બાર વાગ્યે અહીંથી વિદાય લઈ ૪૦૦ કિ.મી. દૂર વસેલા લુસાકા આવી પહોંચ્યા.

અહીં ડૉ. ચંદ્રકાંતભાઈના ઘેર એકત્રિત ભક્તસમુદાયને મળી તેઓ શૌચવિધિ માટે તૈયાર થયા. તે જોઈ એક હરિભક્તે શૌચાલયમાં દેહક્રિયા કરવા ગયેલા સંતને ઉદ્દેશી બૂમ મારી કે 'જલદી કરો. સ્વામીને આવવું છે.'

અત્રે શૌચાલય એક જ હોવાથી આ કટોકટી સર્જાઈ ગયેલી, પણ તેને હળવી કરતાં સ્વામીશ્રીએ જ શૌચાલયમાં બેઠેલા સંતને સાદ કર્યો કે 'તમે ઉતાવળ કરશો નહીં. મારે ઉતાવળ નથી.'

બીજાના સુખ માટે અગવડ વેઠવાનું તેઓને કોઠે પડી ગયેલું. તેથી જ્યાં સુધી પેલા સંત શૌચવિધિ આટોપી બહાર ન નીકળ્યા ત્યાં સુધી સ્વામીશ્રી દેહક્રિયા દાબીને નિરાંતે બેસી રહ્યા. તેઓની આ સરળતાએ સૌને વીંધી નાંખ્યા. પરંતુ સૌ ઢળી તો ત્યારે પડ્યા કે જ્યારે સ્વામીશ્રીએ શૌચવિધિ બાદ વસ્ત્રગાળ ધૂળથી હસ્તપ્રક્ષાલન કરીને વૉશ બેસીન પણ સ્વચ્છ કરી નાંખ્યું ! આ જોઈ સંતોએ કહ્યું : 'આ કામ આપે નહોતું કરવું. અમે સાફ કરી નાંખત.'

'સ્વયંસેવક થવું પડે ને !'

'આપે તો આખી જિંદગી સેવા જ કરી છે ને !'

'તોય સ્વયંસેવકપણું ભૂલી તો નથી ગયા તે જોવું પડે !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ કદી ગુરુભાવ પકડ્યો નહોતો અને સેવકભાવ છોડ્યો નહોતો.

આ રીતે શૌચ-સ્નાનથી પરવારી સ્વામીશ્રી લુસાકા ઍરપોર્ટ પર આવી ગયા. પરંતુ અહીંથી ઊપડતું કેન્યા ઍરવેઝનું પ્લેન વિલંબમાં હોવાથી સમયનો સદુપયોગ કરતાં તેઓએ ૨૫-૩૦ આફ્રિકન અધિકારીઓને વર્તમાન ધરાવ્યાં ! છેવટે પોણા સાત વાગ્યે નૈરોબીની દિશા સાંધી.

આ પ્રવાસમાં તેઓને મળવા દિલ્હીના બે કિશોરો દોડી આવ્યા. તેઓએ પોતાના ભવિષ્ય અંગે પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભવિષ્યની ચિંતા ન કરવી. ભગવાને સંભારવા તો ભગવાન બધું સારું કરશે. ભગવાનના આપેલા નિયમો પાળવા. અભક્ષ્ય ખાવું-પીવું નહીં.'

ભગવાનને વળગેલા સ્વામીશ્રીને કદી ભવિષ્યનો ભય રહ્યો નહોતો.

બધું શીખીને આવ્યા છીએ

તા. ૩/૧ની સવારે પારાયણની પૂર્ણાહુતિ બાદ રસોડામાં દૃષ્ટિ કરવા પધારેલા સ્વામીશ્રીએ અહીં ગોટા પાડવાની તૈયારી કરી. તે જોઈ બાજુમાં ઊભેલા એક સંતે પૂછ્યું: 'સ્વામી ! ગોટા પાડતાં આવડે છે ?'

'એમ કંઈ થોડા છીએ ? બધું શીખીને આવ્યા છીએ.' સ્વામીશ્રી રમૂજમાં બોલ્યા, પણ વાસ્તવિકતા બોલ્યા. પછી ઉમેર્યું: 'આ તો પ્રેક્ટિસ નહીં એટલે ! નહીં તો ઝમ... ઝમ... ગોટા મૂકીએ.' એમ કહી ગોટાનો એક ઘાણ કાઢી બતાવ્યો. તે વખતની તેઓની ત્વરા જોઈ સૌ ગોટો વળી ગયા.

આમ, ગમ્મત-ગોટા ઉડાડતાં સ્વામીશ્રી સ્નાનવિધિ માટે પધાર્યા. તે પછી તેઓ ધોતિયું ધારણ કરવા જઈ રહેલા ત્યાં જ સામેથી ઉતાવળે આવી રહેલા એક સંત તેઓને ભટકાયા. તે જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'ભેટમભેટા.'

અકળામણના નિમિત્તને આનંદમાં પલટી તેઓ પોતાનાં સેવાકાર્યોમાં પરોવાયા. તેથી પરવાર્યા ત્યારે સાંજે સમાચાર આવ્યા કે 'દેશના માહિતી ખાતાને સ્વામીશ્રીની મુલાકાત ટી.વી. ઉપર તાત્કાલિક લેવી છે, તેમ જ સંતોના ભજન-કીર્તનનો કાર્યક્રમ ગોઠવવો છે.' તેથી સ્વામીશ્રી ટી.વી. સ્ટેશને પધાર્યા. અહીં તેઓએ પોતાની બાજુમાં જ ઠાકોરજીની મૂર્તિ રખાવી સમગ્ર કેન્યાને પોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવી દીધાં. ત્યારબાદ ટી.વી. ઇન્ટરવ્યૂ દરમ્યાન સ્વામીશ્રીએ પત્રકારોની જિજ્ઞાસા સંતોષી. સમગ્ર દેશમાં સંતસંદેશ ફરી વળ્યો.

આપણાં મૂળિયાં ઊંડા છે

સ્વામીશ્રીના નૈરોબીનિવાસ દરમ્યાન દેશમાંથી આવેલા પાર્ષદ ગૌતમ ભગત જરા વધુ વિચારમગ્ન સ્થિતિમાં સરી પડેલા. બીજાને તો એમ જ લાગે કે તેઓ ઉદાસીમાં ફરી રહ્યા છે, પરંતુ તા. ૩/૧ની રાત્રિસભામાં તેઓએ છંદ-કીર્તનની રમઝટ બોલાવી. તેથી સ્વામીશ્રી પણ પ્રસન્ન થતાં બોલ્યા: 'આપણે હંમેશા મૂડ(પ્રસન્નતા)માં રહેવું.' વળી, શ્લેષસભર પૂર્તિ કરતાં કહ્યું: 'આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા! તેથી આપણે 'ન મૂળિયાં' નથી. આપણાં મૂળિયાં ઊંડાં છે.'

વાતવાતમાં પ્રાપ્તિનો આ મહિમા ઘૂંટાવી સ્વામીશ્રી વધુમાં બોલ્યા : 'જગતને રીઝવવાનું તાન હશે ત્યાં સુધી મૂડ આવશે ને જશે, પણ ભગવાનને રીઝવવાનું તાન હશે તો કાયમ મૂડ રહેશે.'

શાશ્વત સૂત્ર સમું આ વિધાન ઉચ્ચારી સ્વામીશ્રી તા. ૪/૧ની સાંજે ચાર્ટર્ડ પ્લેનમાં નૈરોબીથી કિસુમુ પધાર્યા.

પ્રેમભક્તિ જેહિ ઉર વસી

કિસુમુ નાનું પણ રળિયામણું શહેર. સરોવરના કાંઠે વસેલું હોવાથી આબોહવા ખુશનુમા. સત્સંગનું વાતાવરણ પણ એવું જ લિજ્જતદાર. તેથી ભગવી ટોપીઓ પહેરી સૌ સ્વામીશ્રીના સ્વાગતમાં ૧૭ મર્સીડીઝ ગાડીઓ લઈને ઍરપોર્ટ પર આવેલા. ત્યાંથી શોભાયાત્રાના રૂપમાં સ્વામીશ્રીને મંદિરમાં આયોજિત સ્વાગત-સભા સુધી દોરી લાવ્યા.

અહીં તા. ૫/૧ના રોજ એકાદશી નિમિત્તે સ્વામીશ્રીએ સૌને વિક્ટોરિયા સરોવરમાં નૌકાવિહારનો લાભ આપ્યો. ત્યારબાદ બપોરે એક વાગ્યે મગનભાઈના ઘેર આવી તેઓએ પત્રલેખન શરૂ કર્યું. આ પત્રધારા આજે સતત સાડા ત્રણ કલાક સુધી વહેતી રહી. પધરામણીઓ માટે હરિભક્તો લેવા આવ્યા ત્યારે જ તે વિરમી. પધરામણીઓ બાદ પણ વિશ્વકર્મા મંડળમાં સભા કરી સ્વામીશ્રીએ રાત્રે બાર વગાડ્યા.

બારસનાં પારણાં કરી વળી તેઓએ શહેરમાં કેટલીક પધરામણીઓ કર્યા બાદ કીબોઝને લાભ આપી મિવાની સુગર મિલને પાવન કરી. અહીં પણ ટ્રેક્ટર, મશીન વગેરેનાં ઉદ્‌ઘાટન અને ફૅક્ટરીના વિવિધ વિભાગોમાં પુષ્પો

વેરી સ્વામીશ્રી વિશાળ હૉલમાં આવી બિરાજ્યા.

પધરામણીની તડામારીમાં છેલ્લા અઢી-ત્રણ કલાકથી સ્વામીશ્રીએ મોંમાં પાણીનું ટીપું પણ મૂક્યું ન હોવાથી અહીં એક સંતે તેઓને પાણી ધર્યું. પરંતુ જલપાન પૂર્વે પૂજન-પધરામણીમાં કંકુવાળી થયેલી આંગળીઓ ધોવાની ઇચ્છા સ્વામીશ્રીએ વ્યક્ત કરી. તેથી નીચે એક વાટકો ધરી પેલા સંત જલપાન માટે લાવેલાં જળ વડે જ હાથ ધોવરાવવા ગયા. પણ સ્વામીશ્રીએ પોતાના હાથ પાછા ખેંચી લીધા. આ ચેષ્ટાને ગમ્મત સમજી પેલા સંત બમણા ઉત્સાહથી હાથ ધોવરાવવા ગયા.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમારા ગ્લાસમાં ઠાકોરજીનું પ્રસાદીનું પાણી છે. તેનાથી હાથ ન ધોવાય. બીજું પાણી લઈ આવો.'

ભક્તિનો આ સૂક્ષ્મ વિવેક જોઈ સૌ તાજ્જુબ થઈ ગયા.

આવે ચુંબક પાસ જેમ ઉછળી ખીલા જ ખેંચાઈને...

મિવાનીથી એમલિલ, મુહરોની અને કેરિચો થઈને રાત્રે જ પુનઃ કીસુમુ આવી ગયેલા સ્વામીશ્રીને મળવા, અહીં તા. ૭/૧ના રોજ કેન્યાના વાણિજ્ય અને ઉદ્યોગમંત્રીશ્રી દોડી આવ્યા.

એ જ રીતે આજે સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં યોજાયેલી રાત્રિસભામાં આફ્રિકન આદમી મસ્કીની એઝેકિયા પણ સ્વામીશ્રી પાસે ખેંચાઈ આવ્યા. બે દિવસ પહેલાં કિસુમુના ઍરપોર્ટ પર તેઓને સ્વામીશ્રીનાં દર્શન થયેલાં. પણ એ દર્શને તેઓને ઘેલા કરી મૂકેલા. તેથી તેઓને સ્વામીશ્રી પાસે જઈને આશીર્વાદ મેળવવાની ઝંખના જાગેલી. આજે તો સ્વામીશ્રીની મુલાકાત ન થાય ત્યાં સુધી તેઓએ મોંમાં એક કણ પણ ન મૂકવાની ટેક ધારી આખો દિવસ ઉપવાસ ખેંચી કાઢેલો.

આવા પ્રેમઘેલા તેઓએ આજની સભામાં સ્વામીશ્રીને હારતોરાથી સત્કારી સ્વાહિલી ભાષામાં પોતાની કેફિયત વર્ણવી કે 'સ્વામીજી જ્યારે અહીં પધાર્યા ત્યારે ઍરપોર્ટ પર હું દર્શન કરવાં ગયેલો, ત્યારે મને અંતરમાં ઘણો જ આનંદ થયેલો. રાત્રે સ્વપ્નમાં પણ સ્વામીશ્રીએ મને દર્શન આપ્યાં અને ત્રણ વાર 'જય સ્વામિનારાયણ' કહ્યું. તેથી મને ઘણી જ શાંતિ થઈ છે. હું તો ગરીબ છું. એટલે બીજા શેઠિયાઓની જેમ મારી પાસે સ્વામીશ્રીને ફેરવવા મોટર નથી. પણ મારું દિલ ઉદાર છે. ભવિષ્યમાં સ્વામીજી આવશે ત્યારે હું

મારી મોટરમાં તેમને મારે ઘેર લઈ જઈશ.'

ભિન્ન ભાષા, ઈતર ધર્મ, અલગ પ્રાંત, જુદી સંસ્કૃતિ વગેરે હોવા છતાં સૌ સ્વામીશ્રીમાં જે રીતે આકર્ષાતા તે વિગત તેઓની અખંડ ભગવન્મય પ્રતિભાનું દર્શન કરાવતી. સ્વામીશ્રીના રોમરોમમાં પ્રગટેલી ભગવાનની દિવ્યતા જ *'આવે ચુંબક પાસ જેમ ઊછળી ખીલા જ ખેંચાઈને'*ની જેમ નેતાથી નાગરિક સુધીના સૌને તેઓનાં ચરણોમાં લઈ આવતી.

અમારા જાણ્યા છે એટલે કહીએ છીએ

તા. ૭/૧ની રાત્રિસભા બાદ સ્વામીશ્રી સવા બાર વાગ્યે પલંગ પર પોઢ્યા ત્યારે સામે ઊભેલા દર્શનાર્થી સંતો સાથે હળવી વાતો ચાલી રહેલી. તે વખતે સ્વામીશ્રી સહસા બોલ્યા : 'નારાયણમુનિ ! આવા ને આવા રહેજો. સેવક રહેજો. અમે મોટા થયા તે આ બધી ઉપાધિ. સેવક રહીએ એટલે સદા સુખિયા.'

આ મર્મવચન સાંભળી સંતોએ કહ્યું : 'બાપા ! આપ તો સ્વયંસેવક જ છો ને !'

આ ઉદ્‌ગારોમાં પ્રયોજાયેલા 'સ્વયંસેવક' શબ્દ પરથી, દારેસલામમાં ગાદલાં-શરબત અસ્તવ્યસ્ત પડેલાં જોઈ સ્વામીશ્રીએ વ્યક્ત કરેલા પુણ્ય-પ્રકોપની વાત નીકળી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રી પણ ખૂબ જ હસ્યા અને બોલ્યા :

'નારાયણમુનિને થયું કે આ પ્રકાશ... પ્રકાશ... ક્યાંથી થયો ? પણ અમારા જાણ્યા છે એટલે કહીએ છીએ. જોડાણ ને મહિમા એટલે ખોટું નથી લાગતું, તેથી કહીએ છીએ. ખોટું લાગે તો ન કહીએ. મારો પહેલેથી સ્વભાવ એવો, એટલે બધું બરાબર જોઈએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના વખતમાં વ્યવસ્થા કરેલી એટલે પતરાવળાં, પ્યાલા, વાટકી લાવી મૂકવું, પાથરી રાખવું વગેરે વ્યવસ્થિત જોઈએ. કહીએ નહીં તો 'ઢ' જેવા રહે, એટલે કહેવું પડે.

આરતી-અષ્ટકમાં ૧૫ મિનિટ થાય. બહુ બહુ તો વીસ મિનિટ. એથી વધારે તો નહીં. છતાં આરતી થઈ નથી ને ઊતર્યા નથી. પછી ઓટલા ઉપર, પગથિયે બેસે ને વાતો કરે. બધા માણસો દૂરથી દર્શન કરવાં આવે ને આપણે નીચે બેસી રહીએ તે કેવું લાગે ? ટાઈમે-ટાઈમે બધું કરી લેવું. કથા વખતે કથા, સેવા વખતે સેવા. આ તો કથા વખતે સેવા કાઢે. પ્રવૃત્તિ શા માટે કરી કે

આપણું મન એમાં રહે; એટલે બીજા ખોટા જગતના વિચાર ન આવે. દેહાભિમાન હોય એટલે બધાં દુઃખ આવે. 'આનું રાખ્યું ને આનું ન રાખ્યું' એમ થાય. પણ આપણે તો એવા કોઈ ભેદભાવ ન હોય, બધા ભેગા મળી આનંદ કરીએ. ધોળામાં ધૂળ નાંખી પછી શું માન? આ સંસારમાં અનેક દુઃખો છે. અમે બધે ફરી આવ્યા. માણસ એક સ્વાર્થ માટે કેટલાં દુઃખો વેઠે છે! તેમ ભગવાન ને સંતનો એટલો સ્વાર્થ મનાય તો કોઈ વાંધો ન આવે. એકબીજા સાથે હેત હોય તો વઢે-ટોકે પણ ખોટું લાગે છે? નથી લાગતું. જુઓ, સી. ટી. (પટેલ). મહિમાની મૂર્તિ. નાના-મોટા બધાનો એવો મહિમા. એમ મહિમા હોય તો સત્સંગમાં સારધાર પાર પડી જવાય. અમહિમાની વાત જ ન કરવી...'

મધરાતે ભીતર ઝળાંહળાં કરતો હિતોપદેશ આપી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે સૌ 'જાગી' ગયેલા.

આજ ભક્તની કરવા સાર

તા. ૮/૧નો દિવસ કિસુમુના રોકાણનો છેલ્લો દિવસ હોવાથી પૂજા-દર્શનનો લાભ લેવા મોટી મેદની ઊમટી હતી. તેમાંના એક જશભાઈ પટેલને સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ પાસે બોલાવી પૂછ્યું: 'તમારી સ્કૂલના પ્રૉજેક્ટનું શું થયું?'

આ પૂછપરછથી જ એ હરિભક્ત ઝણઝણાટી અનુભવી રહ્યા, કારણ કે આ ભક્તે ગત વર્ષે સ્વામીશ્રીને લખેલું કે 'કેન્યામાં કાયમી વસવાટની સગવડ થાય પછી અહીં છાત્રાવાસ સાથે શાળા કરવાની ઇચ્છા છે. તો આશીર્વાદ આપશો કે બધી કાર્યવાહી સરળતાથી પૂરી થાય.' આ પત્રના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ શુભાશિષ સાથે ઉમેરેલું કે 'અમે કીસુમુ આવીશું ત્યારે તમારી શાળાનું વાસ્તુ કરી દઈશું.'

ગયા વર્ષે લખેલી આ વાતના સંદર્ભમાં સ્વામીશ્રી આજે પૂછપરછ કરી રહેલા. તે જોઈ આ ભક્તના આશ્ચર્યની સીમા ન રહી. તેઓએ કહ્યું: 'બાપા! આપના આશીર્વાદથી પ્રૉજેક્ટ પૂરો થઈ ગયો છે.' આટલું કહી જણાવ્યું: 'આપનાં પગલાં પાડવાં અહીં વાત કરેલી. પણ કાર્યક્રમની વ્યસ્તતાને કારણે તે શક્ય બન્યું નથી.'

આ સાંભળી સ્વામીશ્રીએ એક વ્યવસ્થાપકને યાલા ગામમાં આવેલી આ ભક્તની શાળાએ જવાની ગોઠવણ કરવા કહ્યું. પણ તે સાંભળી આયોજક

બોલ્યા: 'બાપા ! ઍલ્ડોરેટ જતાં આ ગામ રસ્તામાં પડતું નથી અને જો ત્યાં જઈશું તો ઍલ્ડોરેટ સમયસર નહીં પહોંચાય.'

આ વાત સો ટકાની હતી, પરંતુ સ્વામીશ્રીની ભક્તવત્સલતા સવા સો ટકાની હતી. તેથી તેઓએ કહ્યું: 'આપણે બપોરનો આરામ ઓછો કરી ચાલા થઈને ઍલ્ડોરેટ જઈશું.' આમ નિર્ણય જણાવી સ્વામીશ્રીએ પેલા ભક્તને પણ કહ્યું: 'તમે અત્યારે જ નીકળી જાઓ. કોઈ ઝાઝી તૈયારી કરશો નહીં. ફક્ત ઠાકોરજી માટે શરબત તૈયાર રાખજો.'

સ્વામીશ્રીએ ગોઠવી આપેલી આ વ્યવસ્થાથી તે ભક્ત તો ગદ્ગદ થઈ ગયા. તેઓ પગમાં પવન-પાવડી પહેરી ઊપડ્યા.

સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યાના સુમારે ઍલ્ડોરેટ જવા નીકળ્યા. તેઓની સાથે મોટરમાં એક સંત હાથમાં ઠાકોરજી લઈને બેઠેલા. પણ હડદોલા ન આવે તે હેતુસર તેઓએ ઠાકોરજીની થાળી હાથમાં ઊંચકી રાખેલી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ખોળામાં રાખો.' પછી પૂછ્યું: 'ફાવશે ને ? નહીં તો લાવો, હું લઈ લઉં.'

સ્વામીશ્રીની આ ખેવનામાં તેઓની ભક્તિ નીતરી રહી. ઠાકોરજીને મુસાફરીના આંચકા ન આવે તે માટે તેઓને ખોળામાં લઈ ચાર કલાક સુધી બેસવાની તેઓની તૈયારી હતી !

તેઓના આ પ્રેમપંથે જ મુસાફરી શરૂ થઈ, પણ થોડી વારમાં જ મોટરના કાચની આરપાર તડકો આવવા લાગ્યો. તેથી સ્વામીશ્રીએ પેલા સંતને કહ્યું: 'ઠાકોરજીનું મુખ તમારી સામે આવે એમ રાખો. જેથી ઠાકોરજીને તાપ ન લાગે.' સ્વામીશ્રીની સૂચના મુજબ પેલા સંતે ઠાકોરજી ફેરવી લીધા. પણ થોડા સમય બાદ રસ્તાની દિશા બદલાતાં તડકો બીજી બાજુથી આવ્યો. ત્યારે પણ સ્વામીશ્રીએ ઠાકોરજીને તાપ ન લાગે તેમ ફેરવી દેવા ભલામણ કરી. ગાડીની ગતિ સાથે તડકો આમતેમ ફરી રહેલો, પણ સ્વામીશ્રીની ભક્તિ અફર હતી. તેથી ઠાકોરજીને લેશ તાપ લાગ્યો નહીં. તેઓ સ્વામીશ્રીની ભક્તિના છાંયે છાંયે ચાલા આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રીએ ઠાકોરજીની વિધિવત્ પૂજા કરાવી જશભાઈની શાળાનું ઉદ્ઘાટન કર્યું. સમગ્ર સંકુલમાં ઓરડે-ઓરડે ફર્યા. તે વખતે તેઓના હાથમાંથી વેરાતી પુષ્પપાંખડીના રૂપે જાણે નર્યો પ્રેમ જ વરસતો સૌ અનુભવી રહ્યા. તેઓના પગલે-પગલે *'આજ ભક્તની કરવા સાર, અમે લીધો છે આ*

અવતાર...' પંક્તિઓ સાર્થક થતી ચાલી.

બ્રહ્માંડના રોગ ટાળવા છે

યાલાથી સ્વામીશ્રી વિબુયેની પાન આફ્રિકન પેપર મિલમાં પગલાં કરી રાત્રે આઠ વાગ્યે ઍલ્ડોરેટ આવી પહોંચ્યા. અહીં રાત્રિરોકાણ કરીને તા. ૯/૧ની બપોરે દોઢ વાગ્યે નકુરુ પધાર્યા.

અત્રેના ઉત્સાહી ભક્તોએ ગોઠવેલા કાર્યક્રમ મુજબ તા. ૧૧/૧ના રોજ સ્વામીશ્રી લેક બોગારીઆને પાવન કરવા પહોંચ્યા. અહીં કુદરતી રીતે જ જમીનમાંથી ઉછાળા મારતું ગંધકયુક્ત ગરમ પાણી નીકળે છે. ઘણી જગ્યાએ આ પાણીનું દબાણ ઊંચુ હોવાથી ૧૦-૧૦ ફૂટ સુધી છોળ્યો ઊડે. તેની વરાળના ગોટેગોટાનો બાફ લેવા સૌ દૂર-દૂરથી આવે. સ્વામીશ્રીને પણ ત્યાં ભક્તોએ આગ્રહથી બેસાર્યા. પરંતુ બેસતાંવેંત ઊછળી આવેલી સ્વામીશ્રીની કલ્યાણ-ભાવના જળફુવારા કરતાંય વધુ ઊંચે જઈ પહોંચી. તેઓએ સત્સંગમાં જે જે સંતો-ભક્તો માંદા હોય એમના રોગ નીકળી જાય તે માટે બાફ લેતાં-લેતાં અડધો કલાક સુધી ધૂન કરાવી! તેથી કો'ક રમૂજમાં બોલ્યું: 'ધૂન બહુ ચાલી.'

'બ્રહ્માંડના રોગ ટાળવા છે. બહુ દેશ ફર્યા તેના રોગ ટાળવા છે.' સ્વામીશ્રીએ જણાવ્યું. તેઓના ઉદાર અને ઉમદા આશય આ શબ્દોમાં પડઘાયા.

આ વખતે એક સંતે કહ્યું: 'બાપા! સારંગપુરમાં મચ્છર બધાં મરી જાય એવી ધૂન કરો.'

આ સાંભળી હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા: 'એવો વિચાર ન કરાય. મચ્છર બીજે જાય. સૌને સુખ થાય.'

તેઓની પ્રકૃતિ *'પોતાને સુખ જો પામવા, બીજાનું ન બગાડે...'*ની. તે અનુસાર સ્વામીશ્રી સૌનાં સ્વાસ્થ્યની સુખાકારી માટે ધૂન ગજાવતા રહ્યા. અંતે કહ્યું: 'બફા સો નફા. વા એટલા ઘા. આ ઍરકન્ડિશન ને બધું કરે એ શરીર માટે સારું નહીં. આમાં અંદરનો કચરો નીકળી જાય.' એમ ગમ્મત કરાવતાં ધૂન પૂરી કરી.

ધૂન બાદ સ્વામીશ્રીએ કીર્તન ગાવાની આજ્ઞા કરતાં સંતોએ *'પોતે પરબ્રહ્મ રે, સ્વામી સહજાનંદ...'* પદ ઉપાડ્યું. પછી સૌની વિનંતીથી બાફમાં

રાહત પમાડે તેવી અમીવર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ બાફ લીધો એટલે શરીરના રોગ નીકળી જાય. આપણે ભજન કર્યું એટલે અંતરનો રોગ પણ નીકળી જશે. પ્રબળ પ્રતાપ શું? પોતે તપ કર્યું ને સુખ આપણને આપ્યું. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે કેટલો દાખડો કર્યો! અત્યારે દુઃખ નથી. મનમાં દુઃખ છે. તે સત્સંગમાં ટળશે. બીજે નહીં ટળે. 'ભગવાનને રાજી કરવા છે' એવું બળ રાખીશું તો ટળશે. એવા પુરુષ સાક્ષાત્ મળ્યા ને જોગમાં પડ્યા છીએ તો શરીરના-મનના રોગ નીકળી જશે. પણ પડ્યા રહેવું પડે.

અહીં એવો શુભ સંકલ્પ કરીએ કે અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન સર્વત્ર પ્રસરે. દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઊજવાઈ જાય. દુનિયામાં સ્વામિ-નારાયણનું નામ ગાજતું થઈ જાય. બધાના જીવમાં મહારાજ બેસી જાય. સંતો નાના છે પણ મોટા છે. નવા છે પણ જૂના છે. જ્ઞાન-સમર્પણે કરીને વૃદ્ધ છે. યુવકો પણ દેશ-પરદેશમાં બળિયા છે...'

આમ, એક કલાક સુધી બ્રહ્મકુંડના કાંઠે વાત-તાપનું સુખ લઈ સૌ ઊઠ્યા.[૬૭]

કારણમાં બંધાવું, કાર્યમાં નહીં

વરાળસ્નાન બાદ દૂર ઝાડના છાંયામાં બાંધેલા તંબૂ પાસે સૌ આવી પહોંચ્યા. અહીં ઠાકોરજી અને સ્વામીશ્રીને સુંદર આસન પર બિરાજમાન કર્યા. પણ જેવો ઠાકોરજી સમક્ષ થાળ મુકાયો કે સ્વામીશ્રી સોફા પરથી ઊઠી નીચે બેસી ગયા અને થાળ ગાવા લાગ્યા. પછી એ જ સ્થળે પંગત કરી સૌએ અલ્પાહાર લીધો.

નાસ્તા બાદ સ્વામીશ્રી સોફાને અઢેલીને નીચે જ બેસી રહ્યા અને સાંપ્રદાયિક ઇતિહાસની જૂની જૂની વાતો સંભળાવવા લાગ્યા. સ્વામીશ્રીની સ્મૃતિ સતેજ, બુદ્ધિ સૂક્ષ્મ અને નિરીક્ષણ ચોકસાઈવાળું. વળી, નીર-ક્ષીરનો વિવેક હંસની કક્ષાનો. માનવીય પ્રકૃતિ અને પ્રવૃત્તિના પણ પોતે ઊંડા

---

૬૭. સંતો-ભક્તો સાથે સ્વામીશ્રીએ કરેલી આ ઉષ્ણોદક સ્નાન-લીલાની શીતળતા પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

અભ્યાસી. તેથી જ્યારે તેઓ તવારીખોનાં પાનાં ઉઘાડતાં ત્યારે અતીતમાં ડોકિયું કરવાનું સૌને અનહદ સુખ આવતું. એ સુખમાં આજે દોઢ કલાક જેટલો સમય ક્ષણની જેમ પસાર થઈ ગયો. લગભગ સવા ત્રણ વાગ્યે આ ઈતિહાસકથા પૂરી કરી સ્વામીશ્રી બોલ્યાઃ 'ચાલો, કથા કરીએ.' પર્યટનમાં પણ આહ્‌નિકનો પિરિયડ તેઓ ચૂક્યા નહીં.

તેથી લોયા પ્રકરણના ૧૩મા વચનામૃતનું વાંચન થયું. તેના આધારે ભવનું ભાથું બંધાવતાં સ્વામીશ્રી બોલ્યાઃ 'સત્પુરુષ કારણ છે. એમાં બંધાવું. કાર્યમાં બંધાવું નહીં. બાવાના ચાંદેચાંદ, બીજી ભાંજગડ ન કરવી. બીજું મમત ન રાખવું. તો કોઈ દા'ડો વાંધો ન આવે. ગમે તે મંદિરમાં મૂકે, ગમે તે સેવા સોંપે પણ મમત ન થાય. મનધાર્યું મૂકી દેવું. આપણે આપણું કરી લેવું. પોતાનું કાઢવું. બીજાનું જોવું નહીં. સત્પુરુષને પ્રધાન રાખવા. કારણમાં બંધાયા પછી બીજો વિચાર ન કરવો. ક્રિયાને લીધે અહં-મમત્વ થઈ જાય છે...'

આટલી વાત કરીને સ્વામીશ્રીએ ગઢડા અંત્ય પ્રકરણનું ૧૧મું વચનામૃત વંચાવ્યું. પછી તેના આધારે અમૃતધારા વહાવી કે –

'ભગવાન ને સંત બધું જાણે છે. એ કંઈ ગગા નથી. બધું સમજે. પણ એ કહે એટલે મમત મૂકી દેવું. સીતાજીને શું હતું? 'ભલે ધોબીના કહેવાથી કહે છે પણ કહેનાર રામચંદ્ર ભગવાન છે. મારે એને રાજી કરવા છે.' આ સમજણ. આ તો કહે, 'ફલાણાએ કહ્યું એટલે મારે નથી કરવું.' આશ્રમમાં જઈને પણ સીતાજીએ શું કહ્યું? 'ભગવાન મારે દુઃખે દુઃખી ન થાય. હું એમનું જ ભજન કરીશ.' આ તો થાય કે 'આપણું સાંભળતા નથી. સ્વામી પણ બીજાની હારે લોલેલોલ કરે છે.' પોતે તો પાછો પડે ને બીજાને પણ પાડે.

આપણે જાણી રાખવું. કોઈની ઊંધી મતિ થાય તો આપણે ઊભા થઈ જવું. એની મહોબ્બત નહીં. તો આપણી ભક્તિ-સમજણ છે. એવાનો (મોળી વાતો કરનારાનો) જરા હા લઈએ તો મોળા શબ્દો પેસી જાય ને થઈ જાય કે 'મને પણ એમ થયું'તું.' માટે ઊતરતાની વાત સાંભળવી નહીં. મૂંઝાયેલો મૂંઝવે. ડૂબતો ડુબાડે. ભગવાન ને સંતને આધારે સત્સંગ ચાલે છે. તે જે કરતા હશે તે સારું કરતા હશે! એમની ઇચ્છા હોય તો સત્સંગ થાય, નહીં તો મટી જાય. આપણે માથાકૂટ કરવી નહીં. આ તો આપણું ધાર્યું કરાવવું છે. સમજણમાં મોળો પાડે એવો હોય તો ગમે એવો ચમરબંધ હોય તેનો સંગ ન કરવો. અંતર ઝાંખું થઈ જાય. અંધારું ઘબ થઈ જાય. સીતાજીની સમજણ દૃઢ

કરી હોય તો અભાવ-અવગુણ, ખટપટનાં ચૂંથણાં ચૂંથવાનું ન રહે...'

સ્વામીશ્રીના કરુણાસભર હૈયામાંથી ઉલેચાઈ-ઉલેચાઈને આજે નક્કર નવનીત નીતરી રહ્યું. તેઓના મુખારવિંદ પર તડકો પડી રહેલો, પણ સ્વામીશ્રી વાત કરવામાં એવા લયલીન બનેલા કે તે તાપની કોઈ વ્યથા તેઓના મુખ પર નહોતી જણાતી. પરંતુ બપોરનાં સૂર્યકિરણો તીવ્ર અને તીખાં હોવાથી એક સંત છાંયો કરવા ઊભા થયા. આ વિક્ષેપ સ્વામીશ્રીને ન ગમ્યો. એટલે કહ્યું : 'તડકો ભલે પડે પણ વાતો સાંભળો. તમે સુખિયા હો તો અમને સુખ થાય અને તમારા જીવમાં દુઃખ હોય તો અમને પણ દુઃખ થાય. ભગવાન ને સંતમાં હેત હશે તો બધું ટકશે. ખીલે નહીં બંધાઈએ તો હરાયા ઢોરની જેમ ફરવું પડશે. સત્સંગમાં આનંદ ને સુખનું કારણ મહિમાની વાતો ને આ સમજણ.'

આમ, સ્વામીશ્રીએ તડકાને ન ગણકારતાં કથાપ્રવાહ વહેતો જ રાખ્યો, પણ તાપ અસહ્ય હોવાથી સૌએ તેઓને સોફા પર બેસવા વિનંતી કરી. ત્યારે સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા : 'વધારે ઊંચે ચઢીએ તો પડાય. ગુણાતીતાનંદ સ્વામી નાનું ઘોડું રાખતા ને કહેતા, 'નાનું ઘોડું હોય તો પડાય નહીં.' માટે નાના રહીને કામ કરવું.'

ઊભા થતાં-થતાં પણ સ્વામીશ્રીએ સિદ્ધાંતસૂત્ર સંભળાવી દીધું. વરાળ-સ્નાનની સાથે સૌને અવર્ણનીય જ્ઞાનસ્નાનનું સુખ આપી તેઓ રાત્રે નકુરુ આવી પહોંચ્યા.

ભગવાનનું ધામ એ સાચું ઘર

તા. ૧૨/૧ની સાંજે નકુરુથી નૈરોબી આવેલા સ્વામીશ્રી સાથે બાળકોએ નિખાલસ ગોષ્ઠિ માંડી. તેમાં પૂછ્યું કે –

- બાપા ! તમે દિવસે-દિવસે બધે ફરો તો તમારું સાચું ઘર કયું ?
  'ભગવાનનું ધામ છે એ સાચું ઘર. ત્યાં અખંડ રહેવું છે, અખંડ બેસવું છે. એ આપણું ઘર.'
- અક્ષરધામ કેવું હોય ?
  'કથાવાર્તા થાય ને અંતરમાં અખંડ શાંતિ થાય એ અક્ષરધામનું સુખ.'
- નિષ્કપટ શા માટે થવું ? નિષ્કપટ થયા પછી જો દોષ રહે તો શું કરવું ?
  'મોટાપુરુષ પાસે નિષ્કપટ થઈએ તો જ મહિમા સમજ્યા છીએ.

ભાવ હોય તો કપટ રહે નહીં. તો જેવું છે તેવું સુખ મળે. નિષ્કપટ થયા પછી દોષ રહે એ વર્તવામાં ખામી છે.'

- તમારામાં, યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજમાં ફેર ખરો ?

આ પ્રશ્નનો ઉત્તર સ્વામીશ્રીએ નિર્દોષ હાસ્ય દ્વારા આપ્યો. પણ એ નિઃશબ્દ ઉપદેશમાં સૌ જે સમજવાનું હતું તે સમજી ગયા.

બાળકોની જેમ તા. ૧૩/૧ની સાંજે નૈરોબીનાં ખ્યાતનામ અખબારો 'ડેઈલી નેશન' અને 'ધ સ્ટાન્ડર્ડ'ના ખબરપત્રીઓ સાથે પણ સ્વામીશ્રીની પ્રેરક પ્રશ્નોત્તરી થઈ. જેમ કે –

- આપને ત્યાં ગુરુપરંપરા કેવી રીતે ચાલે છે ?

  'મોટાપુરુષ તો દિવ્ય શક્તિથી જાણી શકે કે 'કોણ કોના પછી આવશે ?''
- આપનું ઐશ્વર્ય બીજાને કેવી રીતે આપશો ?

  'ભગવાનનું કાર્ય છે. ભગવાન પ્રેરણા આપી ચલાવે છે. તેથી ભગવાનની ઇચ્છા પ્રમાણે થશે. આગળ જેમ થયું તેમ થશે.'
- આપને સાધુ થવાનું મન કેમ થયું ?

  'ભગવાનની પ્રેરણાથી.'
- દુનિયામાં મોટામાં મોટો પ્રશ્ન કયો છે ?

  'લોકો ધર્મના માર્ગે ચાલતા નથી, ભક્તિ કરતા નથી તે.'
- ભગવાનની નજીક જવા માટે પંચવર્તમાન સિવાય કોઈ ઉપાય ખરો ?

  'પંચવર્તમાન વગર કેમ ચાલે ? સદાચાર વગર ભગવાનની નજીક ન જઈ શકાય.'

સ્વામીશ્રીના પ્રતીતિકર જવાબો સાંભળી સંવાદદાતાઓ સંપૂર્ણ સંતોષ સાથે વિદાય થયા.

અતિ દયાળુ દિલના

તા. ૧૪/૧ની સવારે ઉત્તરાયણના પર્વ નિમિત્તે સ્વામીશ્રીએ પોતાના મધુર સ્વરે 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'ની આહ્‌લેકથી નૈરોબીના આકાશને ભરી દીધું. તેનો યોગ્ય પ્રતિસાદ આપતાં ભક્તોએ પણ સ્વામીશ્રીની ઝોળી છલકાવી દીધી. તે પછી આજની સાંજે ઉત્તર નૈરોબીમાં આવેલા ડિગોરેટી ચિલ્ડ્રન્સ હૉમમાં બંધાનારા નૂતન સંકુલનો ખાતવિધિ સ્વામીશ્રીના

વરદહસ્તે સંપન્ન થયો. આ વિધિને નોંધનીય ઘટના ગણીને આજે સાંજે જ તેનું ટી.વી. પર રાષ્ટ્રીય પ્રસારણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સ્વામીશ્રીએ આશ્રમમાં વસતા અપંગ આફ્રિકન બાળકોના વિકાસ માટે માતબર રકમનું યોગદાન અપાવ્યું. *'અતિ દયાળુ દિલના, પર પીડે પીડાય...'* સમા સ્વામીશ્રી કોઈનુંય દુઃખ જોઈ શકતા નહીં. તેથી તેઓનાં દાન-દયાનો પ્રવાહ વર્ણ-વર્ગ, દેશ-પ્રદેશ, રંગ-ઢંગ જોયા વિના અવિરત વહેતો રહેતો.

અહીંથી સ્વામીશ્રી કેન્યાટા કૉન્ફરન્સ સેન્ટરમાં પધાર્યા. અત્રે દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે યોજાયેલી સત્સંગ-સભા અને કીર્તન આરાધનામાં દેશના ઉપપ્રમુખશ્રી મોઈની ઉપસ્થિતિ સૌ એશિયનો માટે આશ્ચર્યકારી અને આનંદ-વર્ધક હતી, કારણ કે આ દેશના પ્રથમ પંગતના નેતા એશિયનોની ધર્મસભામાં હાજર હોય તેવું આ પહેલી જ વાર બની રહેલું. તા. ૧૫/૧ની રાત્રે ફરી એક વાર આ સ્થળે સભા યોજાઈ. તેમાં કીર્તન આરાધનાએ એવો રંગ જમાવ્યો કે સ્વામીશ્રીને રાત્રે સૂતાં દોઢ વાગી ગયો.

વિદેશીઓના વાલેશરી

સ્વામીશ્રીની આ ધર્મયાત્રામાં વિદેશીઓને તેઓનું ઘણું ઘેલું લાગેલું. તે ક્રમમાં તા. ૧૬/૧ના રોજ કેન્યાના એટર્ની જનરલ શ્રી સી. જોન્જોએ પોતાની વિશાળ કાયદા-કચેરીમાં સ્વામીશ્રીને પધરાવી લાભ લૂંટ્યો. આ જ રીતે તા. ૧૭/૧ની સવારે સ્વામીશ્રી પાર્લામેન્ટ હાઉસમાં પધાર્યા. અહીં સંસદીય પ્રવક્તા શ્રી માટીએ તેઓનું અભિવાદન કર્યું. તેઓએ જણાવેલી દેશની ઉદાર ધાર્મિક નીતિઓની વાત સાંભળી સ્વામીશ્રી પ્રસન્ન થતાં બોલ્યા: 'દેશના આ પ્રકારના બંધારણથી આબાદી વધશે. ધર્મમાં દખલ થાય તો દેશની આબાદી જોખમાય.'

સ્વામીશ્રીની આ રાજદ્વારી મુલાકાતો રોજેરોજ અખબારો અને ટી.વી. પર પ્રસારિત થતાં, ચોતરફ પ્રસરેલા સ્વામિનારાયણીય હવામાનથી આકર્ષાયેલા ભારતીય એલચીશ્રી હક્સરે પણ તા. ૧૮/૧ની સવારે સ્વામીશ્રીને રાજદૂતાવાસમાં પધરાવી ધન્યતા અનુભવી.

તા. ૧૯/૧ના રોજ મંદિરના પ્રાંગણમાં યોજાયેલા વૃક્ષારોપણ સમારોહમાં દેશના પ્રાકૃતિક સંપદા વિભાગના મંત્રીશ્રી ઓલે ટીપટીપ ઉપસ્થિત રહ્યા. અહીં આમ્રવૃક્ષનાં વાવેતર પહેલાં સ્વામીશ્રીએ ગોઠવાવેલો

વૈદિક વિધિ જોઈ આ પ્રધાન ખુશ થઈ ગયા. આ અવસરે સ્વામીશ્રીએ દેશના વિકાસ માટે મોટી રકમનું અનુદાન આ સરકારી પ્રતિનિધિને અર્પણ કર્યું; જે તેઓએ અહીંની શૂરવીર છતાં પછાત રહી ગયેલી મસાઈ પ્રજાના ઉત્કર્ષ માટે વાપરવાની જાહેરાત કરી. આમ, વૃક્ષથી લઈને વ્યક્તિ સુધી સ્વામીશ્રીની સેવા-સરિતા આ દેશમાં વહી રહી.

તેઓનું આ કાર્ય જોઈ નૈરોબીની ૫૦ ઉપરાંત ધાર્મિક-સામાજિક સંસ્થાઓ અને કેન્યાની ૯૮ જેટલી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી કેન્યા હિંદુ કાઉન્સિલે સ્વામીશ્રીનો સન્માન સમારંભ યોજ્યો. તા. ૧૯/૧ની સાંજે આયોજિત આ સભામાં હિંદુ ધર્મનું ગૌરવ વધારનારા સ્વામીશ્રીને સૌએ સત્કાર્યા. 'આ દેશમાં ભારતીય સંસ્કૃતિને સ્વામીશ્રીએ અપાવેલી પ્રતિષ્ઠા હજી સુધી કોઈ સંત-સત્તાધારીએ અપાવી નથી' તે સૌએ એક અવાજે કબૂલ કર્યું.

આમ, ચારેકોર ગાજતા થયેલા સ્વામીશ્રીનાં નામ-કામ સંદર્ભની વિગતો હરિભક્તોએ આજે સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી ત્યારે તેઓ એટલું જ બોલ્યા: 'આ બધો પ્રતાપ યોગીબાપા અહીં ત્રણ વાર પધાર્યા એનો છે.'

સમુદ્રતટે આનંદની લહેરો

તા. ૨૦/૧ની સવારે નૈરોબીના આંગણે સ્વામીશ્રીની સમાજસેવાનું વધુ એક પૃષ્ઠ ઊઘડ્યું. દેશના નાયબ આરોગ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે યોજાયેલા રક્તદાન યજ્ઞમાં સંતો-ભક્તો મળીને સોથી વધુ રક્તદાતાઓએ સેવાનો સંતોષ મેળવ્યો. સ્વામીશ્રીએ પણ દેશના વિકાસ માટે વધુ એક મોટું આર્થિક યોગદાન અર્પણ કર્યું. આમ, નૈરોબીના નિવાસ દરમ્યાન તેઓની સેવાનો સૂરજ રોજ-રોજ નવાં હીર-નૂર સાથે ચમકતો રહ્યો.

એ પ્રકાશમાં કિકુયુને પાવન કરી સ્વામીશ્રી તા. ૨૧/૧ની બપોરે એમ્બોસલી પધાર્યા. અહીં નેશનલ પાર્કમાં દૃષ્ટિ કરી સાંજે મોમ્બાસા આવી પહોંચ્યા. અત્રે ૪૦ ફૂટ લાંબા રથમાં નીકળેલી તેઓની ભવ્ય નગરયાત્રા હિંદુ મંદિરમાં સ્વાગત-સભારૂપે ફેરવાઈ ગઈ. તેમાં સૌનો સત્કાર ઝીલી સ્વામીશ્રી રાત્રે બમ્બુરી બીચ પર પધાર્યા.

સમુદ્રના આ સુરમ્ય તટે તા. ૨૩/૧ના રોજ ગુણાતીત દીક્ષાદિનની ઉજવણી પૂર્વે, તેઓ સરકાર નિયુક્ત કાઉન્સિલરની કચેરીએ પધાર્યા. અહીં પણ સ્વામીશ્રીએ દેશના ઉત્કર્ષ માટે સારી રકમની સખાવત ભેટ ધરી. ત્યારબાદ

સમુદ્રકિનારે હિંદુ યુનિયનની જગ્યામાં બંધાયેલા મંડપ નીચે આવી ઉત્સવની મહાપૂજા કરવા બિરાજ્યા. બપોરના અઢી વાગ્યા સુધી આ વિધિ ચાલ્યો.

તે પછી ભોજન કરી સૌ હરિભક્તો દરિયાસ્નાન માટે થનગની રહેલા. પરંતુ સ્વામીશ્રીએ આણ મૂકેલી કે 'સાંજે વિધિપૂર્વક સ્નાન કરવાનું છે. એટલે કોઈ વહેલું ન્હાશે એને ફળ નહીં મળે.' તેથી સૌ સ્વામીશ્રી પધારે તેની વાટ જોઈ રહેલા. તે આતુરતાનો અંત સાંજે પાંચ વાગ્યે આવ્યો.

આ સમયે સ્વામીશ્રીએ શાસ્ત્રીઓ પાસે વિધિ કરાવી દરિયામાં શ્રીફળ પધરાવ્યું. ત્યારબાદ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. દરેક સંત-ભક્ત દ્વારા પણ ઠાકોરજીને સ્નાન કરાવડાવ્યું.

અંતે સૌ સાથે સમુદ્રસ્નાન કરી અલૌકિક સ્મૃતિઓ આપી. સંધ્યા-ટાણે ઠાકોરજીની આરતી ઉતારી સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. આ કીર્તન-ગાનથી સ્વામીશ્રીના હૈયે પણ ભરતી ચડી હોય તેમ તેઓ આશીર્વાદ આપવા લાગ્યા કે –

"મોટાપુરુષ મળ્યા છે એટલે બ્રહ્મરૂપ કરશે. આપણે આજ્ઞામાં મંડવું. એમને સોંપ્યું છે તો એમને ચિંતા છે, પણ ધીરજ રાખવી પડે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'સર્વને એકાંતિક કરવા છે. બ્રહ્મરૂપ કરવા છે.' એ વેદવાક્ય! એમાં શંકા ન હોય. એના પડખામાં છીએ તો સેવશે. ઉતાવળા થઈએ તો કાચું કપાય. ઉત્કંઠા જાગે તો તત્કાળ કરે. આ તો 'થાય છે... રહે છે...' પછી કેમ થાય? વિશ્વાસ રાખી કાર્ય કરવું. મનધાર્યું મૂકી દેવું. ભગવાન ને સંતનાં વચન અધ્ધર ઝીલવાં. અધ્ધર શું? સંશય નહીં. વિશ્વાસ. સો ટકા સત્ય..."

આ અમૃતમેઘ વરસાવી સ્વામીશ્રીએ સૌને તૃપ્ત કરી દીધા. જ્ઞાન-સ્નાનના સંગમે બે દિવસ તો પલકારામાં પૂરા થઈ જતાં સ્વામીશ્રી તા. ૨૪/૧ની સવારે મોમ્બાસા આવી પહોંચ્યા.

જુદા શું કામ પાડો છો?

તા. ૨૬/૧ના રોજ લિકોનીને લાભ આપી મોમ્બાસા પરત ફરેલા સ્વામીશ્રીએ, અહીં તા. ૨૮/૧ની સવારે શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની ચાંદીની ફ્રેમમાં જડેલી મૂર્તિઓ મંદિરના સિંહાસનની બંને બાજુ પધરાવી. સ્વામીશ્રીની પણ જીવંત કદની પ્રતિમાનું પ્રતિષ્ઠાપન મહંત સ્વામીએ કર્યું. આવાં કૈંક સુખની સીમા માણતાં મોમ્બાસાવાસીઓ માટે જોતજોતાંમાં

તા. ૩૧/૧નો વિદાયદિન આવી પહોંચ્યો.[૬૮]

આ દિવસે નૈરોબી તરફની મુસાફરીમાં, વચ્ચે ૪૮૦ કિલોમીટરે મટીટુન્ડી મુકામે વિશ્રામની વ્યવસ્થા ગોઠવેલી. અહીં 'ત્સાવો ઇન' નામની જગ્યાએ સ્વામીશ્રીએ જાંબુના ઝાડ નીચે બિરાજી બપોરે બે વાગ્યે ઠાકોરજી જમાડ્યા. તે પછી થોડા આરામ બાદ યોજાયેલી ઔપચારિક સભામાં યોગીજી મહારાજે મહેળાવમાં કરેલી પ્રાર્થનાનું વાંચન સી. ટી. પટેલે શરૂ કર્યું. તેના પ્રારંભમાં શબ્દો આવે છે: 'હે શાસ્ત્રીજી મહારાજ!...' પણ આ હરિભક્ત સ્વામીશ્રીને સંબોધી પ્રાર્થના વાંચી રહ્યા હોવાથી બોલ્યા: 'હે પ્રમુખસ્વામી મહારાજ!..'

...અને તેઓની પ્રાર્થના સ્વામીશ્રી સુધી પહોંચી ગઈ! સ્વામીશ્રીએ તરત જ તેઓને અટકાવતાં કહ્યું: 'એમાં જેમ લખ્યું હોય એમ વાંચો. આમ કહો છો કે એક છે, તો જુદા શું કામ પાડો છો?' એમ ટકોર કરી શાસ્ત્રીજી મહારાજનું જ સંબોધન વંચાવ્યું.

મૂળ ગ્રંથોનાં લખાણને યથાવત્ સાચવવાનો ખટકો સ્વામીશ્રી ખૂબ રાખતા-રખાવતા. તેની સાથે સાથે તેઓની ગુરુભક્તિ અને શાસ્ત્રીજી મહારાજ સાથેની એકતા પણ આ પ્રસંગે નોખાં તરી આવ્યા.

આ રીતે મટીટુન્ડીથી નૈરોબી પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧/૨ની સવારે 'નારાયણ સભાગૃહ'નું ઉદ્ઘાટન થયું. ત્યારબાદ સ્વામીશ્રી યજ્ઞશાળામાં પધાર્યા. અહીં યોગીજી મહારાજની આરસ-પ્રતિમાનાં અભિષેક-પૂજન બાદ તેઓએ અમૃતધારા વહાવી કે 'શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પહેલી વાર અહીં બેઠી. યોગીજી મહારાજની પણ પહેલી વાર અહીં બેસશે. એમની અહીંના હરિભક્તો પર દૃષ્ટિ છે તે અખંડ સુખ-શાંતિ રહેશે. દેશકાળ સારાં રહેશે. અક્ષરધામનું સુખ મળશે. આપણને લાભ મળ્યો એવો બીજા કોઈને મળ્યો નથી. પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો સાક્ષાત્ સંબંધ કરાવે એવા પુરુષ મળ્યા છે. પછી અપૂર્ણપણું ન રાખવું.'

યજ્ઞવિધિના આ આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ તા. ૨/૨ના દિવસે

---

૬૮. કેન્યામાં સ્વામીશ્રીએ વહાવેલી આ કલ્યાણગંગામાં ડૂબકી મારી ધન્ય થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

મંદિરના સભાગૃહમાં જમણી બાજુના ગોખમાં યોગીજી મહારાજની પૂર્ણકદની શિલ્પપ્રતિમા પ્રતિષ્ઠિત કરતાં નૈરોબીવાસીઓ માટે પ્રસન્નતાનું પરોઢ ખીલી ગયું. બ્રહ્માંડમાં પહેલી વાર યોગીજી મહારાજની મૂર્તિ અહીં બિરાજી! સૌએ ગગનભેદી જયનાદો સાથે આ ઐતિહાસિક ક્ષણને વધાવી લીધી.

અદ્‌ભુત અને અભૂતપૂર્વ

તા. ૪/૬/'૭૭ થી ૩/૨/'૭૮ સુધીના ૨૪૪ દિવસ દરમ્યાન સ્વામીશ્રીને નીરખનારા વિશ્વવિધાતાના હોઠ પરથી જરૂર ઉદ્‌ગાર સરી પડ્યા હશે: 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ!' સૂર્ય, ચંદ્ર અને અબજો તારાઓની આંખથી વિશ્વની ઝીણામાં ઝીણી નોંધ લેનાર આ વિધાતાએ, સૃષ્ટિ સર્જી ત્યારથી અત્યાર સુધીના ઇતિહાસમાં એવી વિભૂતિ નહોતી જોઈ કે જેણે આટલી ટૂંકી સમયાવધિમાં લોકકલ્યાણ માટે ૯૬,૫૨૫ કિલોમીટરનો પ્રવાસ ખેડ્યો હોય!

૨૪૪ દિવસમાં ૨૨૨ નગરોને પાવન કરનાર, ૨,૨૬૧ ઘરોમાં ઘૂમનાર અને ૧૭,૫૦૦ પત્રો લખનાર કોઈ મહાપુરુષ હજી સુધી એ વિધાતાની આંખનો અતિથિ નહોતો બન્યો!

આટલા અલ્પ કાળમાં ૧૫,૦૦૦થી વધુને વર્તમાનદીક્ષા આપી, પ્રભુના પંથે પ્રયાણ કરાવનાર કોઈ મહાત્મા તેઓને શોધ્યા નહોતા જડ્યા!

આ જોઈ તેઓ સ્વામીશ્રીની આ ચતુર્થ ધર્મયાત્રા માટે 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ' કેમ ન પોકારી ઊઠે!

વિધાતાના આ શબ્દોનો પડઘો ઠેકઠેકાણે સંભળાતો ચાલ્યો.

આ યાત્રામાં સ્વામીશ્રી સાથેની મુલાકાતથી હરખાયેલા પ્રત્યેક વિદેશી ગાઈ રહેલા: 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ!'; તો આ પ્રવાસમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલાં ૬ મંદિરો અને તે નિમિત્તે નીકળેલી નગરયાત્રાઓ જોઈને પણ સૌના મુખેથી શબ્દો સરી રહેલા: 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ!'

આ યાત્રામાં સ્વામીશ્રીના યોગમાં વ્યસનાદિ કુટેવોથી મુક્ત થયેલા હજારો મુમુક્ષુઓનાં હૈયાં બોલી રહેલાં: 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ!'; તો આ પ્રવાસમાં સ્વામીશ્રીનાં જીવન-કાર્યથી ઊંચે ચઢેલો ધર્મ અને સંસ્કૃતિનો ધ્વજ જોઈ ગૌરવથી ભર્યોભર્યો પ્રત્યેક ભારતીય ગાઈ રહેલો: 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ!'

આ યાત્રામાં સ્વામીશ્રીનો પડછાયો બની તેઓની રજેરજ પ્રવૃત્તિને નોંધનારા ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ નોંધપોથીમાં લખ્યું: *'સ્વામીશ્રીને આ વખતે સખત ભીડો પડ્યો છે જે શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી.'*

આમ, અનેકવિધ રીતે સ્વામીશ્રીની આ ધર્મયાત્રા 'અદ્‌ભુત અને અભૂતપૂર્વ' પુરવાર થઈ રહી.

તેથી જ તા. ૩/૨ની બપોરે સવા ત્રણ વાગ્યે સ્વામીશ્રીને લઈ નૈરોબીથી ઊડેલું 'અન્નપૂર્ણા' વિમાન તા. ૩/૨ની રાત્રે ૧૨:૨૫ વાગ્યે મુંબઈની ધરતી પર ઊતર્યું ત્યારે તેઓને વધાવવા મધરાતે પણ હજારોની મેદની ઍરપોર્ટ પર ઊમટી પડી. આઠ મહિને સ્વામીશ્રીનાં દર્શન પામી તે સૌ ભાવવિભોર બની ગયા.

આપણું કાંઈ ગજું નથી

ઍરપોર્ટ પર સૌનો અનેરો સત્કાર ઝીલતાં-ઝીલતાં સ્વામીશ્રી રાત્રે ૧:૨૦ વાગ્યે દાદરમાં બંધાતા નવા મંદિરના સભામંડપમાં આવી બિરાજ્યા. અહીં વિરહાતુર ભક્તોની તૃષાને અમૃતવચનોથી છિપાવતાં તેઓ બોલ્યા:

'મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સાથે જ હોય તેવું થયું. મહારાજનું કાર્ય કરવા ગયેલા એટલે ટાઢ, તડકો, વરસાદ વગેરે કાંઈ મુશ્કેલી નડી નહીં. આપણું કાંઈ ગજું નથી. આપણામાં કાંઈ નથી. દરેક જગ્યાએ ખેંચ રહી. અમેરિકાનું ફાસ્ટ જીવન. અમારું પણ તેમના જેવું થઈ ગયું! પણ હરિભક્તોનો ઉત્સાહ જોઈ થાક, ભૂખ, ઉજાગરો મટી જતો. દેહનું તો ગમે તે થવાનું હોય તે થાય, પણ સેવા કરી લેવી. ભગવાન અને મોટાપુરુષની દયા તો આનંદ છે.'

વેણે-વેણે પોતાની ન્યૂનતા અને ગુરુની મહત્તા ગાતાં સ્વામીશ્રી રાત્રે ત્રણ વાગ્યે પોઢવા પધાર્યા.

તા. ૪/૨ની સવારે જાગ્યા બાદ પણ તેઓની જીવનવીણામાંથી ભક્તિ-નમ્રતાના જ સૂરો રેલાતા રહ્યા. આ દિવસે યોગીજી મહારાજની અંતર્ધાનતિથિ નિમિત્તે ભાટિયા હૉસ્પિટલે પધારેલા તેઓએ યોગીજી મહારાજની મૂર્તિનાં પૂજન-આરતી કર્યાં ત્યારે ડૉ. સામાણીએ કહ્યું: 'યોગીબાપાએ અહીં જે જે સંકલ્પો કરેલા તે તમે પૂરા કરો છો.'

'સંકલ્પો એમણે કર્યા છે અને પૂરા પણ એ જ કરે છે.' સ્વામીશ્રી બોલ્યા.

'ક્રેડિટ'ની કમાણી રળવાનું તો કોણ જાણે તેઓ શીખ્યા જ નહોતા!

હું આટલું ન કરું?

તા. ૪/૨ની સાંજે માટુંગાના 'વિશ્વસરૈયા સ્મારક ભવન'માં યુવક મંડળે સ્વામીશ્રીની સ્વાગત-સભા યોજેલી. આ સભાના ખર્ચને પહોંચી વળવા યુવકોએ 'સર્વમંગલમ્' સોવેનિયર તૈયાર કરેલું અને તેમાં અનુદાન કરનારા દાતાઓને આ સ્વાગત-સભાના ખાસ પ્રવેશપત્રો આપવામાં આવેલાં. પરંતુ આજે ઊભરાયેલી મેદનીને સમાવવામાં એક હજારની ક્ષમતાવાળો હૉલ નાનો પડતાં કેટલાય પાસધારકોને બહાર ઊભા રહેવું પડ્યું. ધીમે ધીમે પ્રવેશથી વંચિત આ સમુદાય આશરે ૪૦૦-૫૦૦ની સંખ્યાને આંબી ગયો. તેઓનો ધસારો અને શોરબકોર જોઈ હૉલનો મેનેજર ગભરાયો. તેણે કાર્યકરોને પોલીસ બોલાવવાની ધમકી ઉચ્ચારતાં યુવકો મૂંઝાયા. તેમાંથી ઊગરવાનો કોઈ આરો ન દેખાતાં સૌ પહોંચ્યા સ્વામીશ્રી પાસે.

તે સમયે હૉલમાં રજૂ થઈ રહેલા સંવાદને નિહાળવામાં તલ્લીન થયેલા સ્વામીશ્રીને યુવકોએ પરિસ્થિતિ જણાવી. તે સાંભળી સ્વામીશ્રી ઊભા થયા અને બહાર આવી ઉશ્કેરાયેલા ટોળાંને સમજાવવા લાગ્યા. આ વખતે તેઓનો સૂર માફીનો હતો. તે જોઈ સૌનો આક્રોશ તો શમી ગયો, પણ તેઓ વિચારી રહ્યા કે 'જેઓની સ્વાગત-સભા છે તે સંત જ માફી માંગે છે! તેય વિના વાંકે! કો'કના વતી!!'

આ સઘળું તે મહાનુભાવોને સમજણના વર્તુળની બહારની વાત લાગી. સ્વામીશ્રી અહીં સાત-આઠ વાર માફી માંગવા ઉપરાંત સભામાં પણ બોલ્યા: 'હૉલ નાનો છે. અહીં છે તેટલા બહાર ઊભા છે તો સર્વે માફ કરજો. તમારા માટે કાલે કે પરમ દિવસે ફરી વાર આ જ હૉલમાં કાર્યક્રમ કરીશું.'

તેઓના આ વિનીત વર્તનનો પડઘો જોરદાર ગાજ્યો. આજનો કાર્યક્રમ નિર્વિઘ્ને પૂરો થયો.

પરંતુ કાર્યકરોને કળ વળી નહીં. પોતાની ભૂલને કારણે સ્વામીશ્રીને કરગરવું પડ્યું – તેનો રંજ યુવકોનાં કાળજાં કોરી રહ્યો. તેથી સ્વામીશ્રી જ્યારે મંદિરે પધાર્યા ત્યારે સુનીલ પારેખ, અતુલ પરીખ વગેરે યુવકોએ તેઓની માફી માંગી. તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'તમે યુવકો બધા સત્સંગની આટલી સેવા કરો છો તો તમારા માટે હું આટલું ન કરું?!'

આ સાંભળનારા યુવાનો સ્વામીશ્રીમાં પ્રેમની પરાકાષ્ઠા જોઈ રહ્યા. સાથે સરળતાની સીમા અને અહંશૂન્યતાની અવધિ પણ!

મોટાપુરુષના બધાય ગુણ આવ્યા

તા. ૫/૨ના રોજ મુંબઈના સુવિખ્યાત ષણ્મુખાનંદ હૉલ ખાતે યોજાયેલી સ્વામીશ્રીની ભવ્ય સ્વાગત-સભામાં શહેરના કૈંક નામાંકિત મહાનુભાવોએ *'ડંકા દીધા જગે જીતના, દેશ ગામ ને ઘરોઘર...'*નો સૂર છેડી સ્વામીશ્રીને બિરદાવ્યા. પણ આ સૂરાવલી વિશેષ ગુંજે તે પહેલાં તો સ્વામીશ્રીએ જ્વરલીલા અંગીકાર કરી.

તા. ૬/૨ની સવારે તેઓ જાગ્યા ત્યારે જ ૧૦૧ ડિગ્રી તાવમાં તેઓનું શરીર તપી રહેલું. તબીબો દ્વારા સારવાર શરૂ થઈ ગઈ. દવાઓની સાથે પોતાં મૂકવાં, છીણીને દૂધી પગે ઘસવી વગેરે ઘરગથ્થુ ઉપચારો પણ ચાલતા રહ્યા. તોય તાવની વધ-ઘટ કાબૂમાં આવતી નહોતી. ૫૬ વર્ષમાં પહેલી વાર બીમારીએ સ્વામીશ્રીના શરીરને એવો ભરડો લીધો કે એક વાર તો તેઓ પણ બોલી ગયા: 'આવો તાવ કોઈ દા'ડો આવ્યો નથી.'

છતાં સ્વામીશ્રી નિત્યપૂજા કરવામાં તો ખબરદાર જ રહ્યા. સ્નાનવિધિ માંદગીમાં વધારો કરે તેમ હોવાથી ડૉક્ટરોએ 'સ્પન્જ બાથ'ની સલાહ આપેલી. તેથી શુદ્ધિના આગ્રહી સ્વામીશ્રી પોતાની પૂજા પથરાવતા, પણ તે પૂજાથી થોડે દૂર બેસી પૂજાની માળા સિવાયની અન્ય માળા વડે જપ કરતા. તિલક-ચાંદલા માટે પણ પૂજા સિવાયનું તિલકિયું-ચાંદલિયું વાપરતાં. આવી પરિસ્થિતિમાં કોઈ તેઓને સ્વસ્થ થવા પ્રાર્થના કરતું ત્યારે તેઓ કહેતા: 'મેં તો બધું મહારાજ પર છોડી દીધું છે. તે કરે તે ખરું.'

આ રીતે *'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો...'*ની રીત રાખી સ્વામીશ્રી ગંભીર માંદગીમાં પણ નિશ્ચિંત રહેતા. એટલું જ નહીં, સૌને આનંદ કરાવતા.

તેઓને સ્વસ્થતા પમાડવા થઈ રહેલા વિવિધ ઉપચારોમાં એક વાર મસ્તકે અને પગનાં તળિયે ઘી ઘસવામાં આવ્યું. તે વખતે હાસ્ય વેરતાં સ્વામીશ્રી એકદમ બોલ્યા: 'મોટાપુરુષના બધાય ગુણ આવ્યા.' યોગીજી મહારાજને આ રીતે ઘી ઘસવામાં આવતું તે સંદર્ભમાં બોલી રહેલા તેઓના મુખેથી અનાયાસે તેઓની ઓળખ સરી પડી!

કસરમાં પોતાનો કસૂર

ચાર-પાંચ દિવસ સુધી તીવ્રતાપૂર્વક ચાલેલી સ્વામીશ્રીની આ માંદગીમાં તા. ૭/૨ની રાત્રિ વધુ કપરી બની રહી. આ રાત્રે દોઢ વાગ્યે સ્વામીશ્રીના શરીરમાં વ્યાપેલો ૧૦૧ ડિગ્રી તાવ પરોઢિયે સાડા ચાર વાગ્યે તો ૧૦૪ ડિગ્રી સુધી પહોંચી ગયો. આ વધતા તાપમાનની સાથે ઊલટીનો ઉપદ્રવ પણ ચાલુ થયો. રાત્રે તેઓ શૌચવિધિ કરવા ઊભા થયા, પરંતુ ચક્કર આવવાથી સંતુલન ગયું અને ધરણી પર ઢળી પડ્યા. આવી પરિસ્થિતિમાં પણ તેઓ બોલતા રહ્યા: 'મહારાજ... મહારાજ... શાસ્ત્રીજી મહારાજ... યોગીજી મહારાજ...' તેઓની જીભ પર કષ્ટની કથની નહીં, પણ ઇષ્ટદેવ-ગુરુદેવનું રટણ જ રમી રહ્યું!

વળી, જ્યારે તેઓને પલંગ પર પોઢાડવામાં આવ્યા ત્યારેય પ્રાર્થનાના સૂરમાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'મહારાજ પધાર્યા... હે મહારાજ! તમે જેમ રાજી થાઓ તેમ જ કરવું છે. દુઃખ આપવું હોય તો દુઃખ આપજો. બીજો સંકલ્પ નથી...'

માંદગીમાં પણ ભગવાન વિષેનો તેઓનો ભક્તિભાવ અણનમ જ હતો. તેથીયે વિશેષ, શરીરમાં વ્યાપેલી આ કસરમાં પોતાનો જ કસૂર જોતાં હોય તેમ તેઓ બોલ્યા: 'હરિકૃષ્ણ મહારાજને આપણે પરદેશમાં ઘણું કષ્ટ આપ્યું છે. બે વાગ્યે જમાડ્યા છે. મોડા પોઢાડ્યા છે. મહારાજ માફ કરજો...' આટલું કહી ઉમેર્યું: 'અપરાધ થયો તેથી શિક્ષા થવી જ જોઈએ...' આમ તેઓ ત્રણ વાર બોલ્યા.

ઠાકોરજીનાં સમય-સુવિધા ન સચવાયાં તેનો રોષ-દોષ સંજોગો કે સેવકો પર ન ઢોળતાં સ્વામીશ્રીએ પોતાના શિરે લઈ લીધો! અને તે અપરાધ બક્ષવાની પ્રાર્થના નહીં પણ તેની શિક્ષા ભોગવવાની તૈયારી બતાવી!

ખરેખર, *'ભાગ્ય હોય તો આવા ભક્તની, ભેટ્ય થાય ભવમાંઈ...'*

પ્રીત પાવકે પંડ પ્રજળ્યું

તા. ૯/૨ના રોજ પણ સ્વામીશ્રીના શરીરની ગરમીનો પારો ૧૦૨ ડિગ્રી સુધી પહોંચી ગયો. આ દિવસે તંદ્રાવસ્થા ગ્રહણ કરીને પોઢેલા તેઓને સ્વપ્ન આવ્યું હશે! તેની વાત બપોરે સાડા ત્રણ વાગ્યે કરતાં તેઓએ કહ્યું:

"મોટી સભા ભરાઈ છે ને હજારો હરિભક્તો છે તેવું દેખાયું.

સભામંડપ મોટો બાંધેલો. અટલાદરા મંદિર હશે, તેવું લાગ્યું. ડૉક્ટર સ્વામી, મહંત સ્વામી, ઈશ્વર સ્વામી વગેરે સંતો હતા. ત્યાં મારા પૂર્વાશ્રમનો મિત્ર આવ્યો. હાલ તો તે નથી. તેનું નામ આશાભાઈ. તે મારા પગમાં પડી રડી પડ્યો. તે જુગારી હતો. આંકડા રમતો. તેથી દુઃખી હતો. મેં તેને કહ્યું: 'તેં આજ્ઞા લોપી તેથી આ દુઃખ આવ્યું છે. મહારાજની આજ્ઞાનો લોપ ન કરવો. મહારાજ સારું કરશે...'

આમ વાત કરતો હતો ત્યાં ઈશ્વર સ્વામી આવ્યા ને કહે: 'તમે માંદા છો, માટે બહુ વાત ન કરવી. હવે અહીં સભામાં બેસવું નહીં. ચાલો, આરામમાં...'

પછી તો અજવાળું થયું. મેં પૂછ્યું: 'આ શું થયું?'

તો ઈશ્વર સ્વામીએ કહ્યું: 'પરદેશની આપની ફિલ્મ બતાવે છે. સારું, આપણે આ ઊઠવાનું નિમિત્ત મળ્યું...!' એટલે ઊઠ્યો. બીજા સંતોને પ્રવચનો કરવા કહ્યું.

પછી તો અટલાદરાથી સારંગપુર ગયા હોઈએ તેવું લાગ્યું. ત્યાં જોયું કે હાલ ગૌશાળા છે તેની આગળના મેદાનમાં મોટો સભામંડપ બાંધેલો. તેમાં દેવા ભગત અને હરિપ્રકાશે નવી કરામત કરેલી. ઉપરથી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને નીચે લાવ્યા હતા. તે જોઈ મેં કહ્યું: 'આ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ અહીં લવાય નહીં. તેને ખસેડાય નહીં.'

તેઓ કહે: 'અમને પ્રેમ આવ્યો.'

મેં કહ્યું: 'આમાં પ્રેમ ન ચાલે...'

પછી સમૈયામાં ચીમનલાલ, મહાશંકર, મંછારામ, વિમલશંકર વગેરે શાસ્ત્રીઓ આવેલા. તે મેં કહ્યું: 'વિધિસર પાછી મૂર્તિની પ્રતિષ્ઠા કરીએ. સામવેદના મંત્રો બોલો. ચાર વેદના મંત્રો બોલો.'

ત્યાં લીમડીવાળા રામજીભાઈ આવ્યા હતા, તેમની સાથે મોજીદડના કસળચંદ કોઠારી હતા. રામજીભાઈએ કહ્યું: 'કસળચંદને મોટું દુઃખ આવ્યું છે.' પછી તેમને મહારાજની મૂર્તિ પાસે લાવ્યા. અહીં હરિપ્રકાશે એવું બનાવેલું કે મહારાજની આગળ કડાઈ મૂકેલી. તેમાં ઊકળતું તેલ હતું. તેમાં મશીનથી એની મેળે ભજિયાં પડે ને તળાય એવું ગોઠવેલું. મહારાજ ગરમ ગરમ ભજિયાં બધાને પીરસે તેમ ગોઠવેલું. કસળચંદ વૃદ્ધ, તેથી બરાબર સૂઝે નહીં. તે મહારાજની મૂર્તિ આગળ ચાલ્યા ને જ્યાં મહારાજને અડવા ગયા ત્યાં મૂર્તિ હલી ને મહારાજનો એક પગ તેલમાં પડ્યો...''

આમ કહેતાં તો સ્વામીશ્રીનો કંઠ રૂંધાઈ ગયો. આંખમાં આંસુ આવી ગયાં. બે મિનિટ સુધી તેઓ કંઈ જ બોલી ન શક્યા. ભગવાનને સ્વપ્નમાં થયેલી પીડા તેઓ જાગ્રતમાં અનુભવી રહ્યા! સૌ તેઓમાં *'પ્રીત પાવકે પંડ્ય પ્રજળ્યું'*ની કક્ષાનો પ્રભુપ્રેમ અનુભવી રહ્યા!

થોડી વારે સ્વસ્થતા પ્રાપ્ત કરતાં સ્વામીશ્રી આગળ બોલ્યા:

''મહારાજનો પગ અંદર(કડાઈમાં) પડ્યો તેથી તેલ બધું શોષાઈ ગયું. પછી મહારાજે બીજો પગ કડાઈમાં નાંખ્યો તે બધું તેલ પાછું આવી ગયું...''

એટલું કહેતાં વળી આંખમાં અશ્રુ ઊભરાઈ આવ્યાં. એ જ ભાવમાં સ્વામીશ્રી કહેવા લાગ્યા:

''મને અને બધા હરિભક્તોને આ જોઈ ખૂબ દુઃખ થયું. મેં એ સંતને કહ્યું: 'આવું તે ગોઠવાતું હશે?' પછી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ઊભી હતી તેને આડી સુવાડી દીધી અને મનમાં ખૂબ જ બળતરા થઈ. હું મહારાજની પાસે બેઠો ને રડવા લાગ્યો. મહારાજ મને કહે: 'જો મારા પગે. મને કંઈ જ થયું નથી. અહીં હાથ ફેરવ.'

પછી મેં મહારાજના પગે હાથ ફેરવ્યો તો કંઈ જ હતું નહીં. સુંવાળો પગ હતો. ચામડી પણ હતી તેવી જ હતી. પછી મને કહે: 'આ બીજે પગે હાથ ફેરવ.' પછી ત્યાં પણ સુંવાળું. પછી આખે શરીરે હાથ ફેરવાવ્યો. મહારાજે કહ્યું: ' મને કંઈ જ થયું નથી. દુઃખ ન કરવું.' મને શાંતિ થઈ. આમ, મહારાજે રક્ષા કરી. પછી મૂર્તિને ઉપર શિખરમાં પ્રતિષ્ઠા કરવા લઈ ગયા. વેદના મંત્રો બોલીને મૂર્તિને બેસાડી દીધી. પછી ગોંડલ મંદિરે દર્શને જવા વિચાર કર્યો. ત્યાં આંખ ઊઘડી ગઈ. અઢી વાગ્યા હતા...''

આમ કહી સ્વામીશ્રીએ સ્વપ્નદર્શનની વાત પૂરી કરી. પણ હજીયે સ્વપ્નમાં શ્રીજીમહારાજને પડેલા કષ્ટની વેદના તેઓના મુખ પર થીજી ગયેલી દેખાતી હતી. ગુણાતીત સંત તો 'यत्र त्रिसर्गो मृषा...' મુજબ ત્રિગુણમયી માયાના સર્ગથી રહિત હોય છે. તેથી તેમાં સ્વપ્નાવસ્થા સંભવે નહીં. છતાં મુમુક્ષુઓની શીખ માટે આવું ચરિત્ર કરી સ્વામીશ્રી ભક્તિની રીતિ-નીતિ શિખવાડી રહ્યા.

મારો અડધો મંદવાડ જતો રહ્યો

સ્વામીશ્રીની માંદગીના સમાચારે સત્સંગમાં ચિંતાનું મોજું પ્રસરાવી

દેતાં પરદેશથી કેટલાક ધનાઢ્ય ભાવિકો ખબર-અંતર પૂછવા અત્રે દેશમાં આવવા લાગ્યા. આ ચિંતાતુરોમાં નૈરોબીથી આવેલા કેટલાક યુવકો પણ હતા. તેઓને જોતાં જ સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. બીમારીમાંય તેઓનાં ઉતારા-ભોજન વગેરેની વ્યવસ્થા કરવા મંડી પડ્યા. આ લાગણી ભક્તોને ગદ્‌ગદ કરી ગઈ. પરંતુ આ યુવકોનું હૃદય વિશેષ આર્દ્ર તો ત્યારે બન્યું કે માંદગીની આ ગંભીર પરિસ્થિતિમાં જ્યારે સ્વામીશ્રી ધોતિયું ધારણ કરવા માટે પણ માંડ માંડ ઊભા રહી શકતા હતા અને ત્રુટક-ત્રુટક બોલવામાં પણ હાંફી જતા હતા, તે વખતે તેઓ આ યુવાનોને વ્યસન છોડવાં વાતો કરવા લાગ્યા.

ભીંતને અઢેલીને, લાકડાંના કબાટ પર બાવડું ટેકવીને સ્વામીશ્રીએ આ યુવાનોને શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર સદાચાર દૃઢ કરવા અનુરોધ કર્યો. વેદના વચ્ચે પણ વહાલ વરસાવતાં સ્વામીશ્રીને જોઈ તે યુવાનોનાં હૈયાં દ્રવી ઊઠ્યાં. તેમાં વ્યસનોનો મેલ તણાઈ ગયો. તે સૌએ સ્વામીશ્રીને નિર્વ્યસની જીવન જીવવા માટે વચન આપ્યું.

આ સાંભળી ખૂબ રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે આ કર્યું તેથી મારી તબિયત અડધી સારી થઈ ગઈ! તમે વ્યસન છોડ્યું તો મારો અડધો મંદવાડ જતો રહ્યો!'

આશ્રિતોનું શિથિલ વર્તન સ્વામીશ્રીને માંદગી કરતાંય વિશેષ કનડતું.

બીમારીના બળભર્યા બોલ

સાંપ્રત સમયની આ માંદગી દરમ્યાન જ તા. ૧૬/૨ના રોજ દાતણ કરતી વખતે સ્વામીશ્રીનો એક દાંત પડી ગયો. જ્વરલીલા શરૂ થયાના આ દસમા દિવસે તેઓનું સ્વાસ્થ્ય ધીરે ધીરે સ્થિરતા પકડી રહેલું. તેથી તા. ૧૮/૨ના રોજ તેઓ ભોજન બાદ ઓરડામાં થોડું ચાલ્યા. રોજની સરેરાશ ૨૫-૫૦ પધરામણીઓ ઉતાવળી ચાલે કરતા સ્વામીશ્રીને, હાલ તો માંડ માંડ ડગ ભરી શકાય તેટલી અશક્તિ આવી ગયેલી. તેથી પોતે જ બોલ્યા: 'સિંહને પાંજરામાં પૂર્યો હોય તેવું થયું છે.' જો કે, માંદગીમાં પણ તેઓની 'ટટ્ટુ દૂબલા હૈ, અસવાર તાજા હૈ'ની સ્થિતિનું દર્શન કરાવી ગઈ આજની બપોર.

આ સમયે એક પાર્ષદે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૫મા વચનામૃતનો મુખપાઠ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. તે સાંભળીને ધીમા સાદે સ્વામીશ્રી બોલવા લાગ્યા:

"ભગવાનની મૂર્તિ ધારતાં કાયર ન થવું. કાયર થાય તેનું કામ ન ચાલે. નહીં બની શકે તેવું ન માનવું. ભગવાનનું બળ છે માટે પાછા ન પડવું. શૂરવીરપણું રાખવું. 'બહુ કથા-કીર્તન-ભજન કર્યું પણ કાંઈ થતું નથી' એમ ન માનવું. 'થશે જ' એવી શ્રદ્ધા રાખવી. આજ્ઞા પ્રમાણે વર્તવામાં તમન્ના રાખવી તે મૂર્તિ ધારી કહેવાય. ભગવાન અને સંતને રાજી કરવા પ્રયત્ન કરવો તે મૂર્તિ ધારી કહેવાય. ચોવીસ કલાક ભગવાનની મૂર્તિ સામું જોઈ ક્યાં બેસી રહેવાય? પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું તે મૂર્તિ ધાર્યા બરાબર છે. 'શું થશે? કેમ થશે? ક્યારે પૂરું થશે? ક્યારે અંત આવશે?' એમ ન ધારવું. નિત્ય નવીન શ્રદ્ધા રાખવી. મહારાજ મળ્યા છે. તેમને સોંપી દીધું છે તો તે ચોખ્ખા કરશે. કથાવાર્તા અને ભજનની ઝપટમાં, ધૂળ ચડી હશે તો ક્યાંય ઊડી જશે.

'આપણામાં તો કંઈ છે નહીં તે આપણે શું વાત કરવી?' એમ ન માનવું. જેના ગુણ ગાવા છે તે મહારાજ અને સ્વામી તો નિર્દોષ છે. માટે તેના ગુણ ગાવા જ. તેમાં મોળા ન પડવું. તેમના ગુણ ગાઈએ તો આપણામાં બળ આવી જાય. આપણે ગમે તેવા છીએ પણ બીજાને સમજાવવું. ભગવાન આપણું દેહ રાખે ત્યાં સુધી તેમનું ભજન-કીર્તન કરી લેવું. તે શુદ્ધ કરશે. નહીં કરે તો તેમને ઠીક લાગે તેમ કરશે. જેમ સુતારને એક વાર લાકડું ઘડવા આપી દીધું ત્યારે વારંવાર તેને 'આમ કર, તેમ કર' તેમ ન કહેવું. તેને મોજ આવશે ત્યારે ઘાટ ઘડશે. તેમ આપણે તો આજ્ઞા પ્રમાણે કથા-કીર્તન કર્યા કરવું."

મંદ સ્વરે પણ મંદતા ખંખેરી નાંખે તેવા બળભર્યાં બોલ કહી સ્વામીશ્રીએ સૌને તરવરતા કરી દીધા.

તેઓની કથાવાર્તાના આ દોરે એક વાર ચાલ્યા પછી અટકવાનું નામ ન લીધું. તેથી એક વચનામૃતનું પાન કર્યા બાદ તેઓએ બીજું વચનામૃત બોલવાનું કહેતાં એક પાર્ષદે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૭મા વચનામૃતનો મુખપાઠ રજૂ કર્યો. આ વચનામૃતના આધારે સ્વામીશ્રીએ વાત ઉપાડી કે –

"આ તો ઠીક છે. મહારાજ લખી ગયા છે તે બધું કંઈ સાચું હોતું હશે?' આવી મોળી વાતો કરનારા હોય છે. પણ મહારાજનાં વચન ખોટાં કહેવાય? આટલાં વરસથી રહ્યા છીએ છતાં કોરા છીએ તેમ માનવું તે હિંમત વગરની વાત કહેવાય. જે પાછો પડ્યો હોય તે બીજાનેય પાછા પાડે. જેને ભગવાનનો અને સંતનો અભાવ-અવગુણ આવ્યો હોય તેની વાત સાંભળવી જ નહીં. તેને નેવે જ મૂકી દેવો. ત્યાગ-વૈરાગ્ય રાખે, કથા-વાર્તા પણ કરે પણ

જો મોળી વાત કરે કે 'આમાં કંઈ મેળ આવશે નહીં.' તો તે ગમે તેવો મોટો હોય કે નાનો હોય છતાં તેમની પાસેથી ઊભા જ થઈ જવું. તેથી આપણને બળ ન મળે. સેનાપતિ હોય તે લશ્કરને મોળી વાત કહે કે 'હવે આપણે હારી ગયા. જિતાશે નહીં.' તો લાખો સૈનિકો હોય તે ઢીલા પડી જાય. પણ જો બળભરી વાત કરે કે 'ભલે આપણો એક માણસ પણ જીવતો હોય તો પણ આપણી જીત છે. આપણે બે હશું તોય ઘણાં છીએ.' એમ બળની વાત કરે તો તેનું લશ્કર લડે.

મોટેરાઓ હિંમત વગરની વાત ન કરે એટલા માટે મહારાજે વાત શરૂ કરતાં મોટેરા મોટેરા ગોપાળાનંદ સ્વામી વગેરેને બોલાવ્યા. મોટેરાને વિષે સૌને હેત-પ્રીત હોય. માટે તે કંઈક વાત કરે તેનું પ્રમાણ થાય. માટે તેણે તો હિંમત સહિત જ વાત કરવી. કથા-વાર્તાની ઝપટ બોલાવવી. કોઈનું મન પાછું પડી ગયું હોય તો મુક્તાનંદ સ્વામી તેને હિંમતની વાત કરે. બીજો તો પાછો પાડી દે. નિષ્ઠાની વાતોમાંય મોળી વાત કરી દે. ધર્મ-નિયમની વાતોમાં પણ મોળી વાત કરી દે. 'એવું વચન કોણ પાળે છે? કોઈ પાળતું નથી.' એમ જાણે બધાનો અંતર્યામી હોય તેમ વાત કરે. મોટેરો આવી વાત કરે તે આશ્ચર્ય કહેવાય.

આ તો મહારાજની દયા થઈ છે તે અહીં બેઠા છીએ. માટે ધર્મ-નિયમ પાળવા પ્રયત્ન કરવો જ. જમવામાં કોઈ મોળી વાત કરે છે? આપણી જેમાં રુચિ હોય છે ત્યાં ભગવાનની દયાની વાત કરતા નથી. આપણી મેળે જ તે ખાવા-પીવા-ભોગવવા ઉત્સાહથી પહોંચી જઈએ છીએ. મહારાજને સૌને આગળ વધારવાની કેટલી ચાડ છે! પણ આપણે બીજાને ઢીલા પાડીએ તે કેવું કહેવાય! 'હું મોળો પડ્યો તે બીજાને પાડું' એમ ન કરવું. આપણાથી ન થાય તો કંઈ નહીં...'

જાણે જ્વર લાગુ પડ્યો જ નથી, એમ સ્વામીશ્રીએ એકધારી આટલી વાતો કરી. તેથી તેઓની નાડીના ધબકારા ૧૨૦ સુધી પહોંચી જતાં ડૉક્ટરોએ કથા ન કરવા વિનંતી કરી. માંદગીમાં પણ સ્વામીશ્રીનો જોમ-જુસ્સો સૌને જોવા મળી ગયો.

માંદગીનું ધ્યેય

સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થતાં તા. ૨૨/૨થી તેઓની

પ્રાતઃપૂજાના દર્શનનો લાભ સૌને મળવા લાગ્યો. વાદળ પાછળ છુપાયેલા ચંદ્ર-સૂર્ય દર્શાતાં સૃષ્ટિ મલકી ઊઠે, તેમ આજનાં દર્શનથી ભક્તો સૌ ઝૂમી ઊઠ્યા.

આ ક્રમમાં તા. ૨૮/૨ના રોજ સ્વામીશ્રી ધોતિયું પહેરી રહેલા ત્યારે એક ભક્તે પૂછ્યું : 'બાપા ! આપની માંદગીનું ધ્યેય(હેતુ) શું ?

'ભગવાન ભજવાનું જ ધ્યેય છે. બીજું શું ધ્યેય હોય !' સ્વામીશ્રી તરત જ બોલ્યા. 'સ્મરણ શ્વાસોશ્વાસ' કરતાં તેઓને દરેક સ્થિતિમાં ભગવાનના ભજનનું જ અનુસંધાન રહેતું.

વસ્ત્રપરિધાન બાદ નાડીના ધબકારા માપવામાં આવ્યા. તે હજુ સહેજ તેજ ચાલી રહેલા. આ નિદાન જાણી સ્વામીશ્રી ગમ્મત કરતાં બોલ્યા : 'નાડીને પણ પરદેશના વિચરણનો વેગ લાગી ગયો છે. તેથી ઝડપથી ચાલે છે.'

ચિંતાજનક સમાચારને પણ તેઓ સહજ રમૂજમાં લઈ લેતા. તનથી અસ્વસ્થ હોય તોય તેઓ મનથી તો સંપૂર્ણ સ્વસ્થ જ રહેતા. તેનું કારણ એ જ ઘડીએ જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'બધું મહારાજના હાથમાં છે. આપણે તો ઉપાયો કરવા.'

માંગે તે આપવાની તમારી તાસીર છે

તા. ૩/૨ના રોજ સ્વામીશ્રી નૈરોબીથી મુંબઈ આવી રહેલા ત્યારે સહપ્રવાસી ભાનુભાઈ પટેલે વિનંતી કરેલી કે 'બાપા ! આપ મુંબઈ પધારો જ છો તો પાર્લાના મારા ઘેર પગલાં કરજો.' પરંતુ ભારત આવ્યા બાદ સ્વામીશ્રીએ ગ્રહણ કરેલી માંદગી જોતાં આ માંગણી ફળીભૂત થાય તેવી આશા એ હરિભક્તને રહી નહીં. તેથી તેઓ પોતાના ધંધાકીય કાર્ય અંગે તા. ૨૭/૨ના રોજ અમદાવાદ જવા નીકળી ગયા. પણ તે જ દિવસે સ્વામીશ્રીએ ભાનુભાઈના સંબંધીને સંદેશો મોકલાવ્યો : 'અમે આવતીકાલે ઘેર આવીશું.'

આ ખબર મળતાં જ કોઠારી સ્વામીએ વિનંતી કરી કે 'બાપા ! આવી તબિયતમાં પધરામણીએ જવું યોગ્ય નથી.'

'ના, મારે જવું જ છે.'

'પણ ભાનુભાઈ તો અમદાવાદ ગયા છે.'

'તે ભલે ને ગયા ! એ કંઈ ઘર લઈને તો નથી ગયા ને !' આમ કહી સ્વામીશ્રીએ સૌને મૂંગા કરી દીધા.

તેઓના આ અફર આયોજનની જાણ ભાનુભાઈને કરવામાં આવી.

તેથી તાબડતોબ મુંબઈ આવી ગયેલા તેઓ તા. ૨૮/૨ની સાંજે સ્વામીશ્રી પધાર્યા ત્યારે સ્વાગતમાં હાજર હતા.

તેઓને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'તમે શું કામ આવી ગયા? તમારું કામ છોડીને આવવાની જરૂર નહોતી. અમે પધરામણી કરી લેત.'

ભક્તો માટે ઉત્તર-દક્ષિણની દોડાદોડ કરતા સ્વામીશ્રીને કોઈ પોતા સારુ તકલીફ વેઠે તે બિલકુલ પસંદ નહીં. તેઓ નિરપેક્ષભાવે ઘસાઈ છૂટનારા હતા.

જનના અવગુણને નાથ ગણતા નથી

પાર્લા પહોંચેલા સ્વામીશ્રીએ ભાનુભાઈના ઘેર આરતી-અષ્ટકના આહ્‌નિક બાદ ઠાકોરજી જમાડી હરિલીલામૃતની કથા શરૂ કરી. માંદગી સાવ જ ફગાવી દીધી હોય તેમ આજે તેઓ ખૂબ ખીલ્યા કે 'ભક્ત બનવું તો સાચા બનવું, બનાવટી નહીં. ભગવાન અને સંતનું કાર્ય પરોપકાર માટે છે. દેખાય આપણા જેવું પણ બહુ ફેર છે. આવું સમજાય તો કામ થઈ જાય...' એમ સ્વામીશ્રીએ સતત ૬૫ મિનિટ સુધી કથાવાર્તા કરી.

આ જોઈ સંતો બોલ્યા: 'બહુ વાતો કરી. ડૉક્ટરે થોડું બોલવાનું કહ્યું છે.'

'મારે એમ કે પંદર મિનિટ જ બોલ્યો છું.' આ ખુલાસામાં સ્વામીશ્રીની કથાવાર્તા પ્રત્યેની પરમ આસક્તિનું દર્શન હતું. તેઓને કથા વિના વીતતો અલ્પ સમય પણ કલ્પ જેવો લાગતો અને કથા કરતી વખતે કલ્પ પણ અલ્પ!

કથા બાદ તેઓ આરામમાં જવા પોઢ્યા તે વખતે એક વ્યવસ્થાપકે કહ્યું: 'બાપા! માંદગી દરમ્યાન આપને કુરાજી કર્યા હોય, કોઈને અંદર ન આવવા દીધા હોય, આપની ઇચ્છા હોય છતાં કોઈને બહાર કાઢ્યા હોય, તે બદલ ક્ષમા માંગું છું અને પ્રાયશ્ચિત્ત માંગું છું.'

'એવા અવગુણ ભગવાન જોતા નથી અને જો જુએ તો આપણું ઠેકાણું ન રહે.' સ્વામીશ્રી બોલ્યા.

*'જનના અવગુણને નાથ ગણતા નથી...'*ની રીત રાખી વિચરતા તેઓ તા. ૨/૩ના નમતા પહોરે પાર્લાના દરિયાકિનારાને પાવન કરી, 'વડોદરા એક્સપ્રેસ' દ્વારા અટલાદરા જવા નીકળ્યા.

મમતાનો મેળ, સમતાનો સુમેળ

અટલાદરામાં તા. ૩/૩ની સાંજે વડોદરા નાગરિક સંઘના ઉપક્રમે

યોજાયેલો સ્વામીશ્રીનો જાહેર સન્માન સમારંભ શહેરના મેયર, સ્થાયી સમિતિના ચૅરમેન સહિત અનેક મહાનુભાવોથી ખીચોખીચ હતો. અન્ય શહેરવાસીઓ અને સત્સંગીઓ પણ બેસુમાર હતા. તે સૌ દ્વારા જેમ જેમ સ્વામીશ્રીને પુષ્પહારો અને સન્માનપત્ર અર્પણ થતાં ગયાં તેમ તેમ વાતાવરણ વધુ ને વધુ રોનકદાર બનતું ચાલ્યું. આગેવાન સંતો-શ્રેષ્ઠીઓનાં વક્તવ્યોમાં ગુંજતી સ્વામીશ્રીની બિરદાવલીઓથી સૌ ઝૂમી ઊઠ્યા. તાળીઓના ગડગડાટ વિના સળંગ ચાર મિનિટ વીતતી નહોતી.

આવા આનંદ-ઉલ્લાસની ચરમસીમાએ સ્વામીશ્રીના આશીર્વાદ શરૂ થયા કે 'કન્ટ્રોલના જીવનમાં પહેલાં આપણે જીવેલા. હાલ અમે ડૉક્ટરના કન્ટ્રોલમાં છીએ. બધી બંધી થઈ છે. બહુ બોલવું-ચાલવું નહીં...'

સ્વામીશ્રીની આ હળવાશભરી શરૂઆતથી સૌ રાજી થઈ ગયા.

તેઓએ આગળ કહ્યું: 'અહીં આવતાં ઠાકોરજીનાં અને આપ સર્વેનાં દર્શન કરતાં ખૂબ આનંદ થયો. વસંત પંચમીએ અહીં આવવાની ઘણી ઇચ્છા હતી પણ અવાયું નહીં તો માફ કરશો...'

સ્વામીશ્રીની આ હેતભરી વાણીથી સૌ ગળગળા થઈ ગયા.

તેઓએ વધુમાં જણાવ્યું: 'જે કાંઈ થાય છે તે ભગવાનની ઇચ્છાથી થાય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના આશીર્વાદથી કાર્ય થઈ રહ્યું છે. અમારી કોઈ મહત્તા નથી. તે પુરુષોની દૃષ્ટિથી કાર્ય થયું છે અને થવાનું છે...'

સ્વામીશ્રીનાં આ વિનીત વચનોથી સૌ આફરીન પોકારી ગયા.

સ્વામીશ્રીએ વાત આગળ ઉપાડી ત્યાં જ મેલાં-ઘેલાં કપડાં પહેરેલાં એક તદ્દન સામાન્ય હરિભક્ત મહીજી, સૌની નજર ચૂકવતાં પણ હવે સૌનું ધ્યાન ખેંચતાં સ્વામીશ્રી સમક્ષ આવીને ઊભા રહી ગયા! મંદિરમાં વાસણ ઊટકવાની સેવા કરનારા એ સેવકના વેશ, કેશ અને પ્રવેશથી પ્રત્યેક સભાસદ અણગમો અનુભવી રહ્યા, કારણ કે સ્વામીશ્રી સાથે લાગેલા સૌના એકતારને તેઓએ તોડી નાંખેલો. એક મોભાદાર અને શાનદાર સભામાં તેઓએ ઊભા કરેલા વિક્ષેપથી, ગમે તેવા સંતુલિત વક્તાના મગજનું સંતુલન પણ છટકી જવું સ્વાભાવિક હતું.

પરંતુ સ્વામીશ્રી લેશ વિક્ષોભ પામ્યા નહીં. તેઓના મોં પર કંટાળાની એક લકીર ફરકી નહીં. તેઓ વાતનો દોર થંભાવી પ્રેમથી બોલ્યા: 'કેમ

મહીજી! આવ્યો?!

પોતાના સંતાનને બોલાવતી વખતે માતાના મુખમાંથી જે મધુરતા ટપકે તે સ્વામીશ્રીના શબ્દોમાં હતી. દબદબાભરી સન્માન-સભામાં તેઓની આ સમતા-મમતા જોઈ તેઓનાં ચરણે ઢળી પડ્યા વિનાનું કોઈ બચ્યું નહીં.

અક્ષરબ્રહ્મ એક જ હોય

તા. ૫/૩ની બપોરે ઠાકોરજી જમાડીને સ્વામીશ્રી જેવા પોતાના ઓરડામાં પ્રવેશ્યા કે સેવકોએ સ્વામીશ્રીની પાછળ-પાછળ આવી ગયેલા યુવકોને કહ્યું: 'ચાલો, હવે બહાર. બાપાને આરામ કરવાનો સમય થઈ ગયો છે.'

પરંતુ કથામાં જ આરામ-વિરામ માનનારા સ્વામીશ્રી બોલ્યા: 'રહેવા દો. આ બધા યુવકોને વાતો કરીએ.' એમ કહી તેઓ પલંગ પર પોઢ્યા. યુવાનો ચરણસેવા કરવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે બધા સત્સંગ પરીક્ષા આપો છો?'

આટલું પૂછ્યા બાદ ઉત્તરની અપેક્ષા વિના જ તેઓ બોલ્યા: 'પરીક્ષાઓ બધાએ આપવી. આપણી પુષ્ટિ સાંપ્રદાયિક જ્ઞાનથી થાય. એલફેલ વાંચે તેમાં બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય.'

આટલો વાંચન-વિવેક શીખવાડી સ્વામીશ્રી જ્ઞાનનો વિવેક સમજાવતાં પણ બોલ્યા: 'આપણે તો એક જ ગુરુ અને એક જ પરંપરા. ગુણાતીતાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી, ભગતજી ને જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ એવી કોઈ જોડ છે જ નહીં. અક્ષરબ્રહ્મ એક જ હોય. તેનાથી જ માયાનું કપટ ટળે...'

અંતર અજવાળતો આ જ્ઞાનદીપક પ્રજ્વલિત કરીને સ્વામીશ્રી પોઢ્યા ત્યારે સૌને ઉપાસના-માર્ગ સ્પષ્ટ થઈ ગયો.

આરોગ્ય-મંદિરની આરાધના

અટલાદરાથી વિદ્યાનગર, આણંદને લાભ આપતાં તા. ૬/૩ના રોજ કરમસદ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં ગામની ભાગોળમાં ૭૫૦ પથારીની વિશાળ હૉસ્પિટલનું ખાતમુહૂર્ત થયું. આ પ્રસંગે સ્વામીશ્રીએ સંસ્થા વતી ઘણી મોટી સખાવત હૉસ્પિટલના નિર્માણકાર્ય માટે અર્પણ કરી. ખાતવિધિ દ્વારા તેઓ ઇમારતોના પાયાને ઊંડા ઉતારતા તો દાનનો પ્રવાહ

વહેવડાવી એ ઇમારતોને ઊંચી પણ ઉઠાવતા. સ્વામીશ્રીએ જે લેલાં વડે ખાત કર્યું તેની ઉછવણી થતાં તેમાંથી પણ માતબર રકમ હૉસ્પિટલના નિર્માતાઓને પ્રાપ્ત થઈ. સ્વામીશ્રીનો આ પ્રભાવ જોઈ હૉસ્પિટલના આયોજકો તો દંગ રહી ગયા. તેઓ વિશેષ અભિભૂત તો એટલે હતા કે સ્વામીશ્રી પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ સમાજસેવાના આ કાર્યને સધિયારો આપવા છેક મુંબઈથી દોડી આવેલા !

પોતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અને સધ્ધર આર્થિક અનુદાનથી આ વિરાટ પ્રકલ્પના શીઘ્ર નિર્માણનો વિશ્વાસ સૌનાં હૈયે જગાવી દેનારા સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું કે 'પહેલાં બાકરોલમાં આ હૉસ્પિટલ થવાની હતી, પણ અમુક ટેક્‌નિકલ કારણોને લઈને જગ્યા બદલવી પડી છે. આમાં અમારી સંમતિ અપાઈ છે તો બાકરોલના ભાઈઓની માફી માંગીએ છીએ.'

કોઈનુંય દિલ કચરાય એવી કાર્યપદ્ધતિ સ્વામીશ્રીની નહીં. તેથી પોતાની ભૂલ ન હોય તો પણ અન્યનાં હૃદયોની સંવેદના સમજી તેઓ માફી માંગતાં ખચકાતા નહીં. એમના જેવું પોચું-પવિત્ર હૃદય દુનિયા ક્યાંથી અને ક્યારે મેળવશે ?!

ક્ષમાયાચના બાદ સૌને સમાજ-ઉત્કર્ષના આ કાર્યમાં ટેકો આપવાની હાકલ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'બધાએ આમાં સહકાર આપવો. (એચ. એમ.) પટેલ સાહેબને પણ આશીર્વાદ છે કે અહીં હૉસ્પિટલ સરસ અને જલદી બની જશે. પૈસા પણ મળી જશે. તેમાં જરાયે શંકાને કારણ નથી. ખેડા જિલ્લાના એક-એક ગામમાંથી એક-એક ખાટલો લઈ લેવો.[૬૯] ભગવાન ખૂટવા નહીં દે. હૉસ્પિટલ સાથે મૅડિકલ કૉલેજ પણ જલદી થઈ જશે.'

સ્વામીશ્રીના આ આશીર્વાદે સૌમાં પ્રગટાવેલી ચેતનાથી હૉસ્પિટલના આયોજકોની સઘળી ચિંતા દૂર થઈ ગઈ. સમાજને હરિયાળો કરતી સેવાની સરિતા વહાવી સ્વામીશ્રી નાપા થઈને બોચાસણ આવી પહોંચ્યા.

અમે પણ છોડવાના નથી

વધતા સત્સંગને અનુલક્ષી બોચાસણના વિદ્યમાન સભામંડપમાં કેટલાક ફેરફાર કરવાના હતા. તે અંગે તા. ૯/૩ના રોજ સ્વામીશ્રીએ નકશા જોઈ યોગ્ય સૂચનો કર્યાં. ત્યારબાદ ઓરડામાં પધારી ઢોલિયા પર આડે પડખે થતાં

---

૬૯. એક-એક ખાટલાનું આર્થિક અનુદાન આપી દેવું.

સામે ઊભેલા એક સંતને કહ્યું: 'તમે (સભામંડપના) પ્લાન જોયા?'

આટલું પૂછી તે સંત કંઈક બોલે તે પહેલાં સ્વામીશ્રી સ્વયં બોલવા લાગ્યા: 'આપણને તો કાંઈ ખબર ન પડે. મંકોડા-કીડી દોડતાં હોય એવું લાગે. પણ અક્ષર-પુરુષોત્તમ, યોગીજી મહારાજને જાણ્યા તો બધું જાણ્યું છે. આવું તો કરનારા ઘણાય છે.'

જ્ઞાનનું આ મૂળ બતાવી સ્વામીશ્રી તા. ૧૦/૩ની સાંજે મહેળાવ, પીપલગ, નડિયાદને પાવન કરતાં ડભાણ પધાર્યા. અહીં એક પ્રેમી ભક્તે તેઓને લીંબુનો હાર પહેરાવી પોતાનો ભાવ પ્રદર્શિત કર્યો.

તે સ્વીકારી ખેડા પધારેલા સ્વામીશ્રીનાં દર્શન માટે દોડી આવેલા સમાજસેવક શ્રી અયાન બુગ્ગારમ્ 'ગુજરાત રાજ્ય ચરિત્ર-નિર્માણ સમિતિ'ના નેજા હેઠળ નશાબંધી, ચારિત્ર્ય-નિર્માણ વગેરે પ્રવૃત્તિઓ ચલાવી રહેલા. તેઓએ વાત કરી કે 'સ્વામી! મેં મોટા-મોટા પીઢ સમાજસેવકો સાથે પચીસ-પચીસ વર્ષ કામ કર્યું છે. તે બધા કંટાળીને, સમાજમાં કંઈ સુધારો ન જોતાં, નાસીપાસ થઈને આ કાર્ય છોડી ગયા છે; પણ મેં આ કાર્ય ચાલુ રાખ્યું છે.'

આ સાંભળી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે છોડતા નહીં. અમે બસો વર્ષથી(શ્રીજીમહારાજના સમયથી) પકડી રાખ્યું છે અને અમે પણ છોડવાના નથી. આપણે આ જ કરવાનું છે.'

સંસ્કાર-દાનની સમાજસેવા ભલભલા સમાજસેવકો માટે લોઢાના ચણા જેવી પુરવાર થઈ છે. આ રણમેદાનમાં કેટલાય યોદ્ધાઓ પલાયન થઈને અરણ્ય-રુદન કરવા લાગ્યા છે, કેટલાકે તો પોતાના પ્રયત્નોની વિફળતાથી હતાશ થઈને જિંદગીઓ ટૂંકાવી દીધી છે, તો પોતાની હાર પચાવી ન શકનારા કેટલાક 'સમાજ સુધરે એમ નથી' કહી સમાજને ભાંડવા લાગ્યા છે.

આવા હતાશ-હતભાગીઓની હરોળથી સ્વામીશ્રી તદ્દન જુદા હતા. તેઓને સંસ્કારદાનના કાર્યમાં ઘણી વાર સફળતા હાથ લાગી નહોતી, છતાં તેઓ 'ન ઝૂકે, ન રૂકે'ની જેમ મોરચે મંડ્યા જ રહેલા. તેઓએ ન તો સમાજને ગાળો દીધેલી કે ન તો નિરાશા ઓકેલી, કારણ કે તેઓની ધીરજની ધરી હતા ભગવાન! જે જે હતાશ થયા છે તેઓના જીવનમાં તમને 'સેવા દ્વારા ભગવાનને રાજી કરવાના ભાવ'નો અભાવ જણાશે. તેઓ સમાજને બદલી નાંખવાના સૂક્ષ્મ-સાત્ત્વિક અહંથી દોરાનારા દેખાશે. સમાજસેવાને શુદ્ધ સ્વરૂપમાં જાણવા-કરવા માટે સ્વામીશ્રીનું જીવન દીવાદાંડી સમું છે.

આપનું શુદ્ધ સ્વરૂપ છે

ખેડાથી અસલાલી થઈને અમદાવાદ પધારેલા સ્વામીશ્રી તા. ૧૧/૩ની સવારે પ્રાતઃપૂજા કરી રહેલા ત્યારે તેઓના સ્વાસ્થ્યને સાચવવા મંચની આસપાસ કાથી વડે વળીઓ બાંધીને કઠેડો તૈયાર કરવામાં આવેલો, જેથી કોઈ બારોબાર સ્વામીશ્રી સુધી ધસી ન જાય. આ કારણે દર્શન માટે આવેલા એક વયસ્ક અને 'ગુરુ મહારાજ' તરીકે ઓળખાતા પૂંજા ભગત કઠેડાની બહારથી સ્વામીશ્રીને દંડવત કરવા લાગ્યા. પરંતુ તે જોતાં જ પોતાના આસન પરથી ઊભા થઈ ગયેલા સ્વામીશ્રીએ યુવાનની જેમ કઠેડો ઓળંગી જતાં સીધું નીચે પડતું જ મૂક્યું. જો કે, વ્યવસ્થામાં ઊભેલા સ્વયંસેવકોએ સમયસૂચકતા વાપરી તેઓને ઝીલી લીધા. આ રીતે પેલા વડીલ પાસે પહોંચેલા સ્વામીશ્રીએ તેઓને દંડવત કરતાં અટકાવ્યા! આ અરસામાં અશક્તિને કારણે સ્વામીશ્રી ચાલે ત્યારે કો'કના હાથનો ટેકો લેતા, પણ અહીં કોઈ આધાર વિના દોડી ગયેલા તેઓ આમ કઠેડો પણ ઓળંગી ગયા!

તેઓની મહિમાસભર નમ્રતાનું આ દર્શન સૌનાં હૈયે ચોંટી ગયું.

આવા ગુણિયલ ગુરુને તેઓની વિદેશયાત્રા બાદ સત્કારવા માટે તા. ૧૩/૩ના રોજ અમદાવાદની પચાસ જેટલી ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા 'ગીતા મંદિર'માં સત્કાર સમારંભ યોજાયેલો. આ સમારોહમાં જગન્નાથ મંદિરના મહંત પૂજ્ય રામહર્ષદાસજીએ સ્વામીશ્રીના ગુણાનુગાન ગાતાં કહ્યું કે 'અમારા પ્રમુખસ્વામી પરદેશયાત્રા કરીને આવ્યા. તે આપણાથી પર છે. તે આખા જગતના સ્વામી છે. અમે આપનાં દર્શનથી પાવન થયા છીએ. આપનું આયુષ્ય જો ક્ષીણ થયું હોય તો અમે અમારું આયુષ્ય દઈએ એવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ. આપનું શુદ્ધ સ્વરૂપ છે. અમને શુદ્ધ કરવા આપે જન્મ લીધો છે. હું તો નાળા જેવો છું અને આપ જેવા સમુદ્રમાં ભળ્યો છું. હું તમને બિરદાવવા શબ્દો શોધું છું. આપ બનો દોરો ને હું બનું ફૂલ...'

સ્વામીશ્રીએ કરેલી સંસ્કૃતિસેવાથી સૌ તેઓ પર ઓળઘોળ હતા.

આ જ ક્રમમાં તા. ૧૫/૩ની સાંજે ગાંધીનગરમાં કાશીભાઈ પટેલના વિશાળ બંગલે સત્કાર સમારોહ યોજાયો. તેમાં પણ રાજ્યના પંચાયતમંત્રી, સંસદીય સચિવ તથા અનેક ધારાસભ્યોએ ઉપસ્થિત રહી સ્વામીશ્રીનાં યશોગાન ગાયાં.

વહાલો પ્રેમે તેને સંગે રમે

સ્વામીશ્રીના અમદાવાદમાં નિવાસ દરમ્યાન મંદિર-સંકુલના વિકાસ માટે સૌ આર્થિક સેવાનો ખરડો નોંધાવી રહેલા. તે વખતે આવા સેવાભાવી ભક્તોને વધાવતું પ્રવચન કરતાં વડીલ હરિભક્ત અંબાલાલભાઈ સ્વામીશ્રીને ઉદ્દેશીને બોલ્યા કે 'આ પુરુષને ભગવાન વશ છે, કેમ બાપા ?!'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ સહજ સ્વભાવે મસ્તક હલાવ્યું. તેઓના આ હકારાત્મક હાવભાવમાંથી ઊઠેલો *'હાં રે વ્હાલો પ્રેમે તેને સંગે રમે...'*નો સૂર સૌને ડોલાવી ગયો.

પરંતુ આવા સ્વામીશ્રીની મોટપ મહાન હોવા છતાં જનસામાન્ય સાથે ઓતપ્રોત થઈ જવામાં હતી. તેથી જ તેઓ તા. ૧૬/૩ની બપોરે આણંદના અમુક હરિભક્તોનો વ્યાવહારિક ક્લેશ નિવારવા, બપોરે સાડા બાર વાગ્યાથી દોઢ વાગ્યા સુધી મીટિંગ કરીને બેઠા. આ હરિભક્તોની સુખાકારી માટે સ્વામીશ્રીએ પોતાના ભોજનને પણ પાછું હડસેલી દીધું. છતાં કઠણાઈ એ રહી કે તેઓની આ પ્રેમવર્ષાથીયે પેલા ભક્તોનો પૂર્વગ્રહ પીગળ્યો નહીં. છેવટે સંતોનો આગ્રહ થતાં સ્વામીશ્રી મીટિંગ અધૂરી છોડીને જમવા બિરાજ્યા. પણ ભોજન બાદ પુનઃ પેલી ગૂંચ ઉકેલવા બેસી ગયા. હરિભક્ત માટે ભોજનને ઠેલનારા સ્વામીશ્રીએ હવે આરામને પણ ઠોકરે ચડાવ્યો. તોય પરિણામ તો પથ્થર પર પાણી જ આવ્યું. છતાં સ્વામીશ્રીએ ભક્તોને પ્રસાદ-આશીર્વાદ આપી વિદાય બક્ષી.

'પાર નિભાવની કઠિન હૈ પિયા, અવગુનવંત કી પ્રીત...' એમ ભલે લખાયું હોય, પરંતુ સ્વામીશ્રી તેવા લોકો સાથે પણ પ્રીતનો અંકોડો ભિડાવેલો રાખી શકતા. આવા સંત સૌની સાથે પ્રભુના પણ પ્રીતિપાત્ર બને તેમાં શું નવાઈ ?

બ્રહ્મર્ષિનો પ્રભુપ્રેમ

તા. ૧૬/૩ની સાંજે અમદાવાદથી સારંગપુર જવા નીકળેલા સ્વામીશ્રી વચ્ચે એક ઘેર પધરામણી અર્થે પહોંચ્યા. અહીં પીજના ગોરધનભાઈને જોતાં તેઓએ પુરાણી વાત કાઢતાં કહ્યું : 'આ મારી સાથે ભણતા. તે વખતે અમારી દેખરેખ રાખનારા હરિવલ્લભ સ્વામી બહુ કડક. તેમણે અમારું ભવિષ્ય

ભાખેલું કે 'આ(ગોરધનભાઈ) રાજર્ષિ થશે ને આ(સ્વામીશ્રી) બ્રહ્મર્ષિ થશે.'

સ્વામીશ્રીની સારપ્ય પ્રથમથી જ સૌને પ્રભાવિત કરતી રહેલી, કારણ કે તે સાધનાસિદ્ધ નહીં, પણ સહજસિદ્ધ ખરી ને!

આ પધરામણી બાદ સ્વામીશ્રી બાવળાની રામનગર વસાહતમાં તથા નિર્માણાધીન મંદિરની જમીન પર પગલાં કરીને રાત્રે સવા આઠ વાગ્યે સારંગપુર પધાર્યા.

અહીં નાજુક સ્વાસ્થ્યને કારણે તેઓ ફક્ત મધ્યખંડમાં જ દંડવત કરે તેવી વિનંતી સંતોએ કરી. તે મુજબ સ્વામીશ્રીએ ત્યાં તો સાષ્ટાંગ પ્રણિપાત કર્યા, પરંતુ ધર્મકુળના ખંડમાં પણ દંડવત કરવા લાગ્યા.

તે જોઈ સંતોએ પૂછ્યું: 'બાપા! કેમ આમ કર્યું?'

'મૂર્તિઓ જોઈને લવ(પ્રેમ) આવી ગયો.' સ્વામીશ્રી મરકતાં મરકતાં બોલ્યા.

દાંત કંઈ ઉપદેશ કરવાનો નથી

સારંગપુરમાં પધારેલા સ્વામીશ્રી માંદગીની અસરમાંથી સંપૂર્ણ મુક્ત તો નહોતા. છતાં સંતો-ભક્તોને સમયે-સમયે તેઓ સુખની સીમા બતાવતા રહેતા. આ સમયમાં તા. ૧૯/૩ના રોજ બાથરૂમમાં કોગળા કરવા પધારેલા તેઓએ પોતાનો એક હલતો દાંત બારી બહાર થૂંકી નાંખ્યો. આ જોઈ દેવનંદનદાસ સ્વામી તે લેવા દોડી ગયા, પણ આ દંતપ્રસાદી દેવતાઓએ જાણે અધ્ધરથી જ ઝીલી લીધી હોય તેમ તેઓના હાથમાં ન આવી. તેઓએ દાંત માટે મચાવેલી આ દોડધામ જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'રહેવા દે આ દોડાદોડી. દાંત કંઈ ઉપદેશ કરવાનો નથી. સંતમાં આત્મબુદ્ધિ અને પ્રીતિ કરી હશે તે કામ આવશે.'

પોતાની પ્રાસાદિક વસ્તુઓ એકત્રિત કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ વિષે સ્વામીશ્રીને સખત અણગમો હતો. પ્રગટ સ્વરૂપની નિષ્ઠા ધરાવતા ભક્તોને આવી ઇચ્છા રહે તે સ્વાભાવિક છે. છતાં સ્વામીશ્રી નિશાન ચૂકી ન જવાય તેનું જાણપણું આપતા રહેતા.

ફેર પડે તો ફડકી મરે

મુંબઈની માંદગીમાં સહેજ સ્વસ્થતા પ્રાપ્ત થતાં જ વિચરણમાં નીકળી

પડેલા સ્વામીશ્રી છેલ્લા ૧૭ દિવસમાં ૧૬ ગામો ઘૂમી વળેલા. પરંતુ બીમારીમાંથી માંડ બેઠું થયેલું તેઓનું શરીર આ વિચરણનો ભાર-માર સહન ન કરી શકતાં તા. ૨૦/૩ની રાત્રે પુનઃ ફસડાઈ પડ્યું. આ સમયે સ્વામીશ્રી રાત્રિસભા બાદ સભામંડપમાંથી નિવાસસ્થાન તરફ જતા હતા ત્યારે વચ્ચે આવતાં હિંડોળા પાસે જ તેઓને અચાનક ટાઢ-તાવ ચડ્યાં.

આ જ્વરલીલા ઘણા દિવસો સુધી ચાલી, પરંતુ તેમાં સ્વામીશ્રીનાં કથા-કીર્તન, સેવા-ભજન, તપ-વ્રત વગેરેમાં લેશમાત્ર ફેર પડ્યો નહીં.

આ માંદગીમાં તા. ૨૪/૩ના રોજ આવેલા ચંદ્રગ્રહણમાં પણ તેઓએ સવારે નવ વાગ્યાથી શરૂ થતો વેધ પાળી બતાવ્યો. નવ વાગ્યા પહેલાં તેઓ અલ્પ ખીચડી જમ્યા તે જમ્યા. પછી દિવસ દરમ્યાન અન્ય કોઈ આહાર-ઔષધ લીધાં નહીં. રાત્રે આઠ વાગ્યાથી પોણા બાર વાગ્યા સુધીના ગ્રહણ-કાળમાં પોતાના ઓરડામાં કથા-કીર્તન કરાવ્યાં. ગ્રહણમુક્તિ બાદ સ્નાન-પૂજા કરીને પાણી પણ પીધા વિના પોઢ્યા. બીજે દિવસે સવારે ચોવીસ કલાકે તેઓ અન્ન જમ્યા!

સ્વસ્થ શરીરથી જે કરવું કઠિન પડે તે સ્વામીશ્રી અસ્વસ્થ શરીરે પણ સહજતાથી કરતા. શ્રીજીમહારાજની આજ્ઞા પાળવામાં તેઓ *'ફેર પડે તો ફડકી મરે'*ની રીતે જ રહેલા.

એ કડવું પિવાય છે, આ નહીં

તા. ૨૫/૩ના રોજ ફૂલદોલની ઉત્સવધારામાં ભળવા વિવિધ મંદિરોમાંથી સંતોના સમૂહ આવી રહેલા. તેમાં અમદાવાદથી આવેલા ઈશ્વરચરણદાસ સ્વામીને જોઈ સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'તમે યોગીબાપાની બહુ સેવા કરી છે. તેથી તમારા હાથ પ્રસાદીના છે. તો મારું માથું તે હાથે દબાવો.' આટલું બોલતાં તો તેઓની આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

ગુરુ-શિષ્ય બંને પ્રત્યે સ્વામીશ્રીના મહિમાની આ અવધિ જોઈ સૌ ભાવાર્દ્ર બની ગયા; પરંતુ સૌની લાગણીનાં બંધ તો ત્યારે છૂટી ગયાં કે આવી ભાંગતી તબિયતે પણ સ્વામીશ્રી ફૂલદોલોત્સવની સભામાં પધારી બોલ્યા: 'આપ સર્વે દાખડો કરીને આવ્યા છો તો મુશ્કેલી પડી હોય, મળાયું - ન મળાયું હોય તો રાજી રહેશો.'

પોતાના સ્વાસ્થ્ય કરતાંય વિશેષ ચિંતા સ્વામીશ્રીને સત્સંગીઓની હતી.

તેઓની આ કરુણાવર્ષાએ વગર રંગે પણ સૌને ભીંજવી દીધા. આશીર્વાદ આપતાં આપતાં સ્વામીશ્રી છેલ્લે તો સાવ થાકી ગયા, તોય સમૈયો સાચવીને જ ઉતારે પધાર્યા.

માંદગીને કારણે તેઓની નિદ્રાનો લય સાવ ખોરવાઈ ગયેલો. તાવની આકસ્મિક વધ-ઘટને કારણે આહારમાં પણ કોઈ બરકત આવતી નહીં. તેને કારણે શરીરમાં અશક્તિ ઘણી રહેતી. તેથી સ્વામીશ્રી પણ એક વાર બોલી ગયા કે 'આ તાવમાં ઢીલાશ ઘણી આવી છે.'

છતાં નિયમિત તપાસણી કરી, નિદાન અનુસાર ઔષધનાં પ્રકાર-પ્રમાણ ફેરવતા રહેતા તબીબોની સારવાર-પ્રક્રિયા દરમ્યાન સ્વામીશ્રી નિશ્ચિંત જણાતા. સામાન્યપણે દર્દીઓમાં જોવા મળતી પોતાને લાગુ પડેલા રોગ વિષે જાણવાની ઇંતેજારી તેઓમાં લેશ દેખાતી નહીં. તેઓ દવા અંગે પણ કદી પૂછપરછ કરતા નહીં. ડૉક્ટર જે મેળ-માત્રામાં ઔષધ આપે તે લઈ લેતા. સારવારમાં કોઈ સૂચન સ્વામીશ્રી તરફથી આવતું નહીં. રોગાદિકની પીડા સંબંધી એક હરફ સુધ્ધાં ઉચ્ચારતા નહીં. ડૉક્ટર નિરાંતનો દમ લઈ શકે એવો સહકાર તેઓ તરફથી મળી રહેતો.

માંદગીમાં અન્ય કોઈ કાર્ય કરવાની તબીબોએ છૂટ ન આપી હોવાથી સ્વામીશ્રી સમય મળ્યે ત્યારે કથા વંચાવતા રહે. સંતો સાથે હળવી વાતો ચાલતી રહે. આવી એક ગોષ્ઠી દરમ્યાન સંતવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને એક દવા પીવા અંગે વાત કરી; પણ તે સાંભળતાં જ તેઓ બોલ્યા: 'કડવું તો મને ભાવતું જ નથી.'

ત્યારે સૌએ કહ્યું: 'સ્વામી! તમે ઘણું 'કડવું' પી જાઓ છો.[૭૦] તો દવા કેમ પિવાતી નથી?'

'એ કડવું પિવાય છે, પણ આ નહીં.' સ્વામીશ્રી મંદ મંદ હસતાં બોલ્યા. તેઓના આ ઉત્તરમાં *'આપે સમર્થ ને સર્વે સહે'*ની તેઓની સ્થિતિનું દર્શન હતું.

સ્વામીશ્રીને બીજી જો કોઈ અણભાવતી વાત રહી હોય તો તે હતી – સુવિધાઓ. પોતાની સગવડ માટે કંઈ પણ વિશેષ તજવીજ થાય તે તેઓને કડવી ઝેર લાગતી. આ અરસામાં ઉનાળાનો અસહ્ય તાપ શરૂ થવાથી સ્વામીશ્રીને સુવાણ થાય તે માટે તેઓના ઓરડામાં ઍરકન્ડિશન્ડ મશીન ગોઠવવાની કાર્યવાહી સંતો દ્વારા શરૂ થઈ. પણ તે જોઈ અતિશય અરુચિ

૭૦. અસહ્ય અપમાન સહન કરી લો છો.

પ્રગટ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ બંધ કરી દો. જરૂર નથી.'

જેમ લડાઈ શૂરવીરનો પરિચય આપનારી બની રહે, તેમ માંદગી સ્વામીશ્રીનો મહિમા સમજાવનારી બની રહેતી.

દર્શન જ દવા

તા. ૩/૪ના રોજ એકાદશી હોવાથી સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શને જવાનો આગ્રહ સેવી રહેલા. પરંતુ પવન ખૂબ નીકળેલો. તેથી ડૉક્ટરોએ 'ન જવું હિતાવહ છે' તેમ જણાવતાં, છેવટે શિખરનાં દર્શન કરીને તેઓએ સંતોષ મેળવ્યો. છતાં *'દર્શન વિના પળ જુગ સમ જાય છે'*ની તડપન અનુભવતાં સ્વામીશ્રી સાંજે તો સ્મૃતિમંદિરે પધાર્યા જ અને મંદિરમાં પણ સંધ્યા આરતીનાં દર્શન કર્યાં.

તા. ૫/૪થી તો સવાર-સાંજ અડધો-અડધો કલાક સભામાં આવવાનું પણ શરૂ કરી દીધું.

માંદગીને કારણે સ્વામીશ્રીરૂપી સંતસરિતા વહેતી અટકીને અમૃતહ્રદ બની ગયેલી. તેથી દૂર-સમીપનાં સત્સંગકેન્દ્રોમાંથી હરિભક્તો સારંગપુરમાં સ્વામીશ્રીનો લાભ લેવા આવતા રહેતા.

એક વાર આ ભીડમાં આવેલા જાણીતા લેખક શ્રી મણિલાલ પારેખના દીકરી કષ્ટદાયક રોગથી પીડાતાં હતાં. ઔષધ-ઉપચારની કોઈ કારી ફાવતી નહોતી, પરંતુ અહીં આવતાં જ તેઓ એક સુખદ ચમત્કાર અનુભવી રહ્યાં. સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કરતાં જ તેઓ રોગમુક્ત થઈ ગયાં હોય તેવો અહેસાસ કરવાં લાગ્યાં. પણ 'આ ભ્રાંતિ છે કે હકીકત' તે ચકાસવા તેઓ દર્શન બાદ તબીબી તપાસ માટે ગયાં તો ત્યાં પણ રોગ-નાબૂદીનું જ નિદાન આવતાં આ મહિલાની ખુશીનો પાર ન રહ્યો. સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી હઠીલો વ્યાધિ ગાયબ થઈ જતાં તેઓએ અનેરી રાહતનો શ્વાસ લીધો.

તેથી પુનઃ પણ તા. ૯/૪ના રોજ તેઓ દર્શને દોડી આવ્યાં. આ વખતે તો તેઓએ સ્વામીશ્રીની મૂર્તિ અને માળા, બંને લીધા. સાથે સાથે સ્વામીશ્રીને કહેવડાવ્યું પણ ખરું કે 'લાલજીની મૂર્તિ બનાવી પ્રસાદીની કરી આપજો. હું પૂજીશ.'

સ્વામીશ્રીનાં માત્ર દર્શન પણ દવા-દુઆનાં કામ કરતાં. *'દર્શનથી દુઃખ દૂર જ થાશે...'* એ પંક્તિઓ તેઓ માટે સાર્થક હતી.

બેસી રહેવાથી કામ ન થાય

જેનાં દર્શનમાત્રથી રોગો દૂર થાય તે સ્વામીશ્રી પોતે શા સારુ માંદા પડતા હશે? જે બીજાને કરોડપતિ બનાવે તે પોતે દરિદ્રી રહે ખરો? આવા વિચાર સ્વામીશ્રીની માંદગીના સમયે માનવીય મનમાં ઊઠે તે સ્વાભાવિક છે. તેથી એક વાર સ્વામીશ્રીને ભક્તોએ પૂછ્યું કે 'બાપા! આપને માંદગી ગ્રહણ કરવાનું શું કારણ?'

ત્યારે તેઓએ જણાવ્યું: 'મહારાજનો આપેલો દેહ છે અને મહારાજ રાખે તેમ રહેવું. મોટાપુરુષને આમ થાય તો બીજાને બળ મળે.'

આમ, શિષ્યશિક્ષા માટે સર્વકુશલ સત્પુરુષ જ્વરલીલા અંગીકાર કરે છે. પ્રસંગ પડે ત્યારે તે રહસ્ય પરખાય. તા. ૧૧/૪ના રોજ તે જાણવા મળ્યું.

આ દિવસે સ્વામીશ્રી 'યજ્ઞપુરુષ સ્મૃતિમંદિર'ના બાંધકામ અંગેની મીટિંગમાં બિરાજેલા. તેમાં પથ્થરના ભાવથી સ્થાપત્યની નકશી સુધીના વિષયો પર ઘણું ઝીણું કંતાઈ રહ્યું, પણ આ મીટિંગ બાદ સ્વામીશ્રીની નાડી માપવામાં આવી તો તે ઓછી માલૂમ પડી! તેથી તબીબોને આશ્ચર્ય થયું. સ્વામીશ્રીને આરામમાં નાડી વધી ગઈ હોય અને શ્રમસભર પ્રવૃત્તિમાં ઘટી જાય! તબીબી વિજ્ઞાનની પરિપાટી સાથે તાળો ન મળે એવી આ વિગતો જોઈ સૌને થતું કે સ્વામીશ્રીને માંદગી વળગી નથી, પણ તેઓએ તેને ગ્રહણ કરી છે. આવા દિવ્યભાવ સહિત તેઓનાં દર્શન કરનારને *'નીરખી નીરખી સુખ પાવે...'*નો અનુભવ થતો રહેતો.

તેમાં તા. ૧૭/૪ના રોજ શ્રી સ્વામિનારાયણ જયંતીનું સુખ ઉમેરાયું. આ પર્વે શિથિલ સ્વરે પણ શ્રીજીમહારાજનો મહિમા રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'શ્રીજીમહારાજનાં ગુણગાન ગાવાનો આ અવસર પ્રાપ્ત થયો છે. ભારતમાં નહીં, પણ દુનિયાના બધા દેશોમાં આ વાત બધા સમજે તે માટે પ્રયત્નો કરવા. બેસી રહેવાથી કામ ન થાય. ઈશક લાગવો જોઈએ. છોકરાં-છોકરી પરણાવવાનો કેવો ઈશક છે! શ્રીજીમહારાજને બસો વર્ષ થયા તે ઊજવવાનો અવસર આવ્યો છે. આપણે કંઈ બીજા સો વરસ રહેવાના નથી. માટે મંડી પડવું. કૂથલીઓ, આઘું-પાછું એ બધું મૂકી, શ્રીજીમહારાજ જેવા છે તેવા ઓળખાય તે કરવાનું છે. પછી તો *'અવસર ચૂક્યા મેહુલા.'* જે પ્રાપ્તિ, લાભ તે વખતે હતાં તેવી જ પ્રાપ્તિ ને શાંતિ અત્યારે છે.'

સ્વામીશ્રીના છેલ્લા વાક્યે શ્રીજીમહારાજના પ્રગટપણાની ચોટ સૌનાં અંતરમાં લગાડી દીધી.

અંગ્રેજી સામયિકનો શુભારંભ

ભારતમાં જ નહીં, પણ દુનિયાના બધા દેશોમાં શ્રીજીમહારાજનો સંદેશ ફેલાવવા કટિબદ્ધ થવાની હાકલ મારનારા સ્વામીશ્રીએ તા. ૨/૫ના રોજ તે અનુસાર કાર્ય કરી પણ બતાવ્યું. આ દિવસે તેઓએ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ અંગ્રેજી સામયિક 'Swaminarayan Bliss'નો શુભારંભ કરી દીધો.

શ્રીજીમહારાજની દ્વિશતાબ્દીના ઉપક્રમે એક પછી એક નૂતન આવિષ્કારો ભેટ ધરતા જતા સ્વામીશ્રીએ અહીં પ્રસંગોપાત્ત તેઓની કાર્ય-શૈલીનો ધટસ્ફોટ કરતાં કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજે એવું કાર્ય કર્યું છે કે સહેજે સહેજે આ મંદિરનાં દર્શન થઈ જાય. આ પુલ કરતી વખતે ગામના કેટલાકે સખત વિરોધ કર્યો હતો. પણ એક વખત જળઝીલણી એકાદશીનો સમૈયો. વરસાદ પુષ્કળ. તેથી નદીમાં પાણી ખૂબ. આનંદપ્રસાદજી મહારાજને ગઢડા જવું. પણ કેવી રીતે જવું? પછી આપણા મંદિરનો દરવાજો ખોલાવ્યો અને એમાં થઈને ગયા. આમ, દર્શન થઈ ગયાં. પથ્થર પણ ઉપદેશ આપશે. જોગીએ કર્યું એવું તો કોઈએ નથી કર્યું. આ બધા યુવકોને સાધુ કર્યા. નિંદા કરનાર તરફ ધ્યાન રાખે તો આ કામ ક્યારે થાય?...'

વિરોધ-અવરોધની પરવા વગર સ્વામીશ્રી પોતાનાં કામ પર જ કેન્દ્રિત રહેતા.

નથી દૈહિક સુખ જોતું મારે

અમાસની તિથિએ રાત્રિ વધુ ભયાનક લાગે તેમ કાઠિયાવાડના ઉજ્જડ પ્રદેશમાં ઉનાળો વધુ આકરો જણાય. તે અનુસાર હવે અહીં વૈશાખી વાયરાનો ઉત્પાત અધિક વર્તાતો હતો. સવારનો સૂર્ય પણ મધ્યાહ્નની જેમ દઝાડતો હોવાથી સ્વામીશ્રીને રાહત રહે તે હેતુસર તેઓના ઓરડામાં ઍરકન્ડિશન્ડ મશીન લગાવવાની હલચલ પુનઃ શરૂ થઈ. 'માંદગીમાં આ વાત સુવિધા નહીં, પણ જરૂરિયાત છે' તેવું સૌને જણાઈ રહેલું. તેથી આ વખતે સૌ આ બાબતે મક્કમ હતા. એ દૃઢ નિર્ધાર સાથે સ્વામીશ્રીને આ મશીન લગાડવા અંગે વાત

કરવામાં આવી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'પહેલાં ઠાકોરજીને, પછી આપણે.'

'નથી દૈહિક સુખ જોતું મારે' અનુસાર જીવતા તેઓએ વધુ એક વાર સુખ-સવલતોને 'બાયપાસ' કરી દીધી.

પરંતુ ઉત્તમ ભક્ત અને ભગવાનની સરખી સેવાનો મર્મ જાણનારા સંતોએ ઠાકોરજી સાથે સ્વામીશ્રીના ઓરડામાં પણ એ.સી. મૂક્યું. જો કે, તે બે-એક દિવસમાં જ ખોટકાયું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'સત્પુરુષની મરજી વિરુદ્ધ કરે તો બગડી જ જાય.' દેહની સુવિધા ટળતાં તેઓ અત્યંત પ્રસન્ન થયા.

ભાવિ વારસની ઓળખ

માંદગીના આ દિવસો દરમ્યાન તા. ૧૫/૫ની સાંજે ૭:૩૫ વાગ્યે સ્વામીશ્રીએ અચાનક કહ્યું: 'નારાયણ ભગતને બોલાવો.'

આ આદેશ મુજબ તરત જ નારાયણ ભગત આવી ગયા. તેઓને સ્વામીશ્રી કંઈક રહસ્યમય વાત કરવા માંગતા હતા. તેથી તેઓ આવતાં જ સ્વામીશ્રીએ અન્ય સંતોને ઓરડાની બહાર જવા સૂચના આપી. તે પછી ઓરડાના એકાંતમાં માંદગીને લીધે ધીરા પણ સ્પષ્ટ અવાજે સ્વામીશ્રીએ જણાવ્યું કે 'મને પ્રકાશ... પ્રકાશ... દેખાય છે. મને લાગે છે કે હવે મારો દેહ નહીં રહે...'

આ સાંભળી નારાયણ ભગત આંચકો ખાઈ ગયા. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'મારા પછી ગુરુપદે મહંત સ્વામીને મૂકવા.'

તેઓના મુખેથી અખંડિત ગુણાતીત પરંપરાના અનુગામીની ઓળખ અચાનક સરી પડી. તેથી ભવિષ્યનો સત્સંગ સમાજ નિશ્ચિંત બની ગયો.[૭૧]

અક્ષરધામથી આવેલું સિંહાસન

સારંગપુરમાં બે મહિના અને બાર દિવસનું સુદીર્ઘ રોકાણ કરીને ગઢપુર પધારેલા સ્વામીશ્રીનો ભવ્ય સત્કાર સમારંભ અહીં તા. ૩૧/૫ની સાંજે શહેરની વિવિધ સંસ્થાઓ વતી યોજાયો. તેને ધન્ય કરી, સ્વામીશ્રી તા. ૧/૬ની

---

૭૧. સારંગપુર મુકામે સ્વામીશ્રીના નિવાસની કેટલીક મોક્ષપ્રદ ઝાંખી પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

સાંજે બાબરા, વાંસાવડને પાવન કરતાં ગોંડલ આવી પહોંચ્યા.

અહીં તેઓ મંદિરે દર્શન કરવાં પધાર્યા ત્યારે ઘનશ્યામ મહારાજ રત્નજડિત ભવ્ય સુવર્ણ સિંહાસનમાં બિરાજી ગયેલા. તે જોઈ આનંદવિભોર બનેલા સ્વામીશ્રીના મુખારવિંદ પર યોગીજી મહારાજનો વધુ એક સંકલ્પ પૂર્ણ કર્યાનો પરિતોષ છવાઈ ગયો.

દર્શન બાદ સભામાં પધારીને આશીર્વાદ વરસાવતાં તેઓ બોલ્યા: 'રત્નજડિત સિંહાસનમાં મહારાજ બિરાજે છે – તેવું વર્ણન ગ્રંથોમાં વાંચતા, તે આજે સાક્ષાત્ દર્શન મંદિરમાં ઘનશ્યામ મહારાજનું સિંહાસન જોઈ થયાં. અક્ષરધામથી આવ્યું હોય તેવું સિંહાસન છે. યોગીબાપા ખૂબ ખૂબ રાજી થયા. તેઓ કાર્ય કરી ગયા છે. આપણે તો પુષ્ટિ કરવાની છે. અનંતગણો સત્સંગ વધશે.'

તા. ૨/૬ના રોજ પણ મંદિરની પાછળના પ્રાંગણમાં યોજાયેલી યોગી જયંતીની સભામાં સ્વામીશ્રી બોલ્યા: 'હૃદયમાં પ્રાણ છે ત્યાં સુધી સત્સંગનું કાર્ય કરવું. અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન દરેકને સમજાવવું છે, હજારગણું વધારવું છે તે વધી જશે. શાસ્ત્રીજી મહારાજે તીક્ષ્ણ બુદ્ધિથી સિદ્ધાંત આપ્યો છે, તે સિદ્ધાંતનો ભંગ ન થવા દેવો.'

સ્વામીશ્રીનો આ હૃદગત અભિપ્રાય પ્રવર્તાવવા ગોંડલમાં ચતુર્થ બાળ-યુવક અધિવેશન તા. ૨/૬ થી ૪/૬ દરમ્યાન યોજાયું. તેમાં ૬૦૦ મંડળોના ૫,૦૦૦ બાળક-યુવકોએ ૧૭ સ્પર્ધામાં ઝંપલાવી સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી. આ અધિવેશનની પૂર્ણાહુતિ સભામાં સ્વામીશ્રીએ દ્વિશતાબ્દી ઉપક્રમે બચતકુંભનું ઉદ્‌ઘાટન કર્યું. અંતે વિજેતાઓને ઇનામ તથા સૌને આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: 'અહીં જે આવ્યા તે બધા જીતેલા જ છે. આજ્ઞાથી જેણે ભાગ લીધો તે તમામનું શ્રેય છે. સર્વનો વિજય જ છે. પ્રયત્ન કર્યો છતાં કોઈ હરીફાઈમાં ન જીત્યા પણ સત્સંગમાં તો નંબર છે જ.'

આ અધિવેશન બાદ તા. ૧૧/૬ના રોજ ગોંડલ શહેર પણ વિદેશ-યાત્રાએથી પધારેલા સ્વામીશ્રીનું સન્માન કરી ધન્યતા અનુભવી રહ્યું.

સન્માનોના આ સિલસિલા વચ્ચે તા. ૧૨/૬ની રાત્રે સ્વામીશ્રીએ યુવકોને પ્રેરક ઉદ્‌બોધન કરતાં કહ્યું: 'રસોઈ કરે તે દાઝે. દૂર રહે તેને ક્યાં દાઝવાનું છે? તેમ સેવા આપણે કરીએ તેમાં કોઈ બે શબ્દ બોલે પણ તે સહન કરવું. આપણને પીરસ્યું હોય ને કોઈ લઈ લે તો પણ પાછા પડવું ન જોઈએ.

ભગવાન અને મોટાપુરુષ આગળ આપણે અક્કલ વગરના જ છીએ. મહિમાથી સેવા કરવી. તેમાં સમય જોવો નહીં. 'મેં મહેનત કરી ને પ્રકાશ-પત્રિકામાં મારું નામ કેમ ન આવ્યું?' તેવું માનવું નહીં. માણસ ભૂલી જાય પણ ભગવાન ભૂલતા નથી. ખુરશીમાં બેસવાની સેવા કે ચોક વાળવાની સેવા એ એક જ છે. હોદ્દા વગર પણ સેવા કરવી.'

સન્માન અને સમાજની શોભારૂપ

ગોંડલથી તા. ૧૫/૬ના રોજ વિદાય લઈ સ્વામીશ્રી માલિયાસણને પાવન કરતાં રાજકોટ આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૬/૬ની સવારે વચનામૃતની કથા બાદ પ્રવક્તાએ જાહેરાત કરી કે 'રાજકોટ મંડળ બચતકુંભનું ફંડ સ્વામીશ્રીનાં ચરણારવિંદમાં અર્પણ...'

જાહેરાત હજી તો આટલે પહોંચી ત્યાં જ સ્વામીશ્રીએ આસન પર બેઠાં થકાં એ ઉદ્‌ઘોષકને અટકાવતાં કહ્યું: 'મહારાજનાં ચરણારવિંદમાં અર્પણ – એમ બોલો.'

'સબ હી સમરપત શ્યામ કું, કરત હૈ સંત અનુપ...' સમા સ્વામીશ્રી આત્મનિવેદી ભક્તિના આદર્શ હતા. તેથી જળ-ફળથી માંડીને ધન-સન્માન સઘળું મહારાજનાં ચરણોમાં જ મુકાવતાં.

આવા શીલવંત સ્વામીશ્રીનો સન્માન સમારંભ રાજકોટના શ્રેષ્ઠીઓ દ્વારા તા. ૧૬/૬ની સાંજે મંદિરના હૉલમાં યોજાયો. તેમાં રાજકોટના રાજવી, જિલ્લા પંચાયત પ્રમુખ, શહેરના મેયર, સાંસદ સહિત અનેક નામી ગુણીજનોએ સ્વામીશ્રીને પ્રેમપૂર્વક સત્કારી સન્માનપત્ર એનાયત કર્યાં. સંસદસભ્ય શ્રી ચીમનભાઈ શુક્લે તો કહ્યું: 'ઘણા લોકો ગાદી કે સન્માનથી શોભતા હોય છે. પણ કેટલાક વિરલા એવા હોય છે કે જેનાથી ગાદી અને સન્માન શોભતાં હોય છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તેવા પુરુષ છે. પ્રમુખસ્વામી જેવા ધર્માત્મા સમાજની શોભા છે.'

સુખકારી દુઃખહારી

સમાજની શોભારૂપ સ્વામીશ્રી શહેરવાસીઓનું સન્માન સ્વીકારી રાત્રે પોતાના ઉતારામાં બિરાજમાન હતા. અહીં પત્રલેખન કરી રહેલા તેઓ પાસે પહોંચી ગયેલા લાખિયાણી ગામના એક ભાઈ પગે લાગી કહેવા લાગ્યા:

'મારે વણકરનો ધંધો છે. ધોતિયાં, પછેડીઓ, ટુવાલ વગેરે બનાવું છું. પણ માલ ખપતો નથી. તેથી દુઃખી થઈ ગયો છું. એટલે આપના આશીર્વાદ લેવા આવ્યો છું. આપના આશીર્વાદથી મારું ભલું થશે.'

દુઃખિયારાના આ શબ્દોમાં વેદના અને વિશ્વાસ – બંને છલકાતાં હતાં.

તેઓની વાત સાંભળી સ્વામીશ્રી ક્ષણભર તેઓ સામું જોઈ રહ્યા. પછી સંતોને કહ્યું: 'લીંબડીમાં આપણા સત્સંગી રામજીભાઈ આવાં જ હાથવણાટ કાપડનો વેપાર કરે છે. તેના પર ભલામણપત્ર લખી આપીએ.'

એમ કહેતાં રાત્રે અગિયાર વાગ્યે એક અપરિચિત વ્યક્તિના જીવનમાં વ્યાપેલો અંધકાર દૂર કરવા સ્વામીશ્રીએ કલમ ચલાવી.

આ કરુણાથી તે વ્યક્તિનું હૈયું ભરાઈ આવ્યું. તેણે પોતાની પાસે રહેલું વણવેચાયેલું એક ધોતિયું સ્વામીશ્રીને આપ્યું. સ્વામીશ્રીએ ધોતિયું લીધું, પણ પહેરવા નહીં, આશીર્વાદ લખી આપવા. એ વણકરના વિધિના લેખ જાણે નવેસરથી લખતા હોય તેમ, સ્વામીશ્રીએ તે ધોતિયા પર હસ્તાક્ષર પાડી આપ્યા અને યોગીસ્વરૂપદાસ સ્વામીને ભલામણ કરી: 'આમને જમાડીને મોકલજો.'

જમવા બેઠેલી એ વ્યક્તિ કોળિયે કોળિયે સ્વામીશ્રીની મમતાને જ મમળાવતી રહી. તેણે ભીની આંખે સંતોને કહ્યું: 'આજે મારો હાથ ભગવાને ઝાલ્યો. હવે મારું કામ થઈ ગયું.'

આ વ્યક્તિ આવી ત્યારે વેદના અને વિશ્વાસ સાથે આવેલી. સ્વામીશ્રીને મળ્યા બાદ હવે વિશ્વાસ બચેલો; વેદના અલોપ થઈ ગયેલી. સ્વામીશ્રીનું આ જ કાર્ય હતું – લોકોની વેદનાને ભૂંસવાનું, લોકોના વિશ્વાસને ટકાવવાનું.

આ વ્યક્તિ સ્વામીશ્રીએ ચીંધી આપેલા સરનામે જઈ સત્સંગીને મળી. તે હરિભક્તે સ્વામીશ્રીની ચિઠ્ઠીના કારણે આ અજાણી વ્યક્તિનો માલ ખરીદ્યો. તે સાથે જ આ વ્યક્તિના નસીબ આડેનું પાંદડું હટી ગયું અને તેની આજીવિકા ચાલવા માંડી.

મહાનુભાવોના જાજરમાન સન્માન સ્વીકાર્યાં પછીની ગણતરીની મિનિટોમાં જ, એક આમ આદમીનાં દુઃખ ફેડવાં માટે સ્વામીશ્રીએ લીધેલી આ દરકાર જોઈ સૌનાં હૃદય તેઓનાં ચરણોમાં જઈ પડ્યાં.

ભક્તિ વિના ભાવે નહીં

તા. ૧૭/૬ના રોજ રાજકોટથી વિદાય લઈ સ્વામીશ્રી ડાંગરાને લાભ

આપતાં ભાદરા પધાર્યા. અહીં તેઓએ તા. ૨૦/૬ની સાંજે ઊંડ નદીના કાંઠે બનાવેલા નવા ઓરડામાં ચિત્રપ્રતિમાનું સ્થાપન કર્યું.[૭૨] ત્યારબાદ જોડિયા, ધ્રોળને પાવન કરતાં તા. ૨૧/૬ના રોજ હાપા પહોંચ્યા.

અત્રે રેલવે કોલોનીના હૉલમાં ધર્મલાભ આપી, જામનગર પધારેલા સ્વામીશ્રી તા. ૨૨/૬ના રોજ એક હરિભક્તના ખબર-અંતર પૂછવા તેઓના ઘેર પહોંચ્યા, પરંતુ ત્યાં જ જોરદાર વરસાદ શરૂ થઈ જતાં એ હરિભક્ત છત્રી લઈ આવ્યા. તે જોઈ તરત જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'છત્રી એક છે કે બે ?'

'એક.'

'તો ઠાકોરજીને ધરો.' એમ કહેતાં સ્વામીશ્રી પલળતાં-પલળતાં જ ઘરથી મોટર સુધી ગયા. તેઓ વરસાદમાં ભીંજાયા અને સૌ તેઓની ભક્તિમાં ! *'પ્રેમીકો મન રહત હૈ, સદા શ્યામ કે પાસ...'*ની જેમ, સ્વામીશ્રીને પોતાના દેહનો જેટલો વિચાર નહોતો રહેતો તેટલો પોતાના ઈષ્ટદેવનો રહેતો.

આ સમયમાં કો'ક કારણસર તેઓનો ડાબો હાથ ખભાથી કોણી સુધી ઝલાઈ ગયો. સખત દુ:ખાવો આપનારી આ તકલીફને તપાસી, સ્થાનિક ઑર્થોપેડિક ડૉક્ટરે 'સંપૂર્ણ સ્વસ્થ થવામાં એક મહિનો લાગી જશે' તેમ જણાવ્યું, પરંતુ તેથી લેશ થડકો અનુભવ્યા સિવાય સ્વામીશ્રીએ કાર્યક્રમ આગળ ધપાવ્યો. દવાખાનેથી તેઓએ ટાઉનહૉલમાં જઈ જામનગરના નાગરિકોનું સન્માન ઝીલ્યું. તા. ૨૩/૬ના રોજ અક્ષર ટેકરીએ તૈયાર થયેલા બાઈઓના મંદિરમાં મૂર્તિઓ પધરાવી અને ભાઈઓના મંદિરમાં હનુમાનજી-ગણપતિજીની પાષાણ-પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી.

આ પ્રતિષ્ઠા-ઉત્સવ બાદ સ્વામીશ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં સત્સંગ-લાભ આપી સાંજે પોરબંદર પહોંચ્યા.

અહીં સૌનું ઔપચારિક સ્વાગત સ્વીકારી તેઓ હેમેન્દ્રભાઈ ભગદેવના ઘેર જમવા બિરાજ્યા. તેમાં ચાલુ ભોજને કો'ક માખણ પીરસવા આવ્યું. તે જોઈ સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'ઠાકોરજીને ધરાવ્યું ?'

ઠાકોરજી પોઢી ગયા હોવાથી તે માખણ ધરાવેલું નહોતું. તે સાથે જ તે

---

૭૨. ભાદરામાં સ્વામીશ્રીએ કરેલી કલ્યાણકારી લાભની લહાણનો આસ્વાદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

વાનગીને સ્વામીશ્રીના મુખમાં પ્રવેશવાનો માર્ગ પણ બંધ થઈ ગયો.

'ભક્તિ વિના ભાવે નહીં, ખરી અરુચિ રહે ખાનપાનની...' રીતિ રહેલી સ્વામીશ્રીની!

ધન્ય ધન્ય ગામ નગરને

પોરબંદરથી રાણાવાવ, વડવાળા, કુતિયાણાને લાભ આપતાં તા. ૨૬/૬ની બપોરે જૂનાગઢ પધારેલા સ્વામીશ્રી અહીં સાંજે જિલ્લા પંચાયત પ્રમુખ, ભૂતનાથ મંદિરના મહંતશ્રી વગેરે મહાનુભાવો-મહંતોનો સત્કાર ઝીલી રાત્રે જ ધારી આવી પહોંચ્યા.

અત્રે પણ તા. ૨૭/૬ની સવારે જૈન મહાજન વાડીમાં સમસ્ત નગરજનો વતી તેઓનો સન્માન સમારંભ યોજાયો. તેમાં જૈન, લોહાણા, ખોજા, મુસ્લિમ, મોચી, સોની વગેરે દરેક સમાજના પ્રતિનિધિઓએ સ્વામીશ્રીને અંતરના ઉમંગથી સન્માન્યા. સ્વામીશ્રીએ પણ ભાવવાહી શૈલીમાં આશીર્વાદ આપ્યા કે 'અમારું આ ગુરુસ્થાન છે. યોગીજી મહારાજ જેવા મહાન સંત આ ભૂમિએ અમને આપ્યા છે. અમારા ઉપર આ ભૂમિનો મોટો ઉપકાર છે. અમે ગમે તેટલું કરીએ તોપણ આ ભૂમિનું ઋણ વાળી શકીએ તેમ નથી. આ અમારું જ તીર્થ છે. આપ સર્વ અહીં રહો છો તે તમારું મોટું ભાગ્ય છે. આપમાં રહેલા પરમાત્મા અને તેમણે આપેલા સંસ્કારોને લઈને આપે ગઈ વખતે પ્રતિષ્ઠા સમયે જે સહકાર આપ્યો છે તે ભુલાય તેમ નથી...'

સ્વામીશ્રીના વેણે-વેણે *'ધન્ય ધન્ય ગામ નગરને, જીયાં કર્યો વા'લે વાસ...'*નો ભાવ નીતરી રહ્યો.

તે સાથે ધારીથી વિદાય લઈ તેઓ નબાપુરા, પ્રેમપુરા, ચલાળા, સાવરકુંડલા, બાઢડા, આંબરડીને લાભ આપતાં તા. ૨૮/૬ની રાત્રે રાજુલા પધાર્યા; પરંતુ એક દિવસમાં આઠ ગામ ખેડવાનો આ પરિશ્રમ વધુ એક માંદગીને તાણી લાવ્યો. તેથી તા. ૩૦/૬ની સવારે જેસર જવાનો કાર્યક્રમ રદ કરવો પડ્યો અને સ્વામીશ્રીને પ્રાતઃપૂજા બાદ પોઢાડી દેવામાં આવ્યા.

પરંતુ થોડો આરામ કર્યા બાદ જાગ્રત થયેલા સ્વામીશ્રીએ સ્વપ્નની વાત માંડતાં કહ્યું:

"જામનગરના બારદાનવાલા શેઠ એક ફોટોગ્રાફરને લઈને સારો ફોટો પાડવા આવ્યા હતા. પાદર જેવું હતું ત્યાં અમે ઊભા. તે વખતે બારદાનવાલા

શેઠ દૂર જતા રહ્યા. ત્યાં મણિભાઈ બ્રહ્મભટ્ટ અને રસિકભાઈ સેક્રેટરી આવ્યા. રસિકભાઈ કહે: 'અહીં ઘાસમાં આવો. ફોટો સારો આવે.' ત્યાં વળી ડૉક્ટર સ્વામી ને બે સાધુ આવ્યા. તે બાજુમાં ઊભા. ફોટાવાળો ફોટો પાડવા જતો હતો ત્યાં બે-ચાર છોકરાં અમારી આગળ આવીને ઊભાં રહી ગયાં. ત્યાં તો સામે દરવાજો હતો તેમાંથી સરઘસ વચ્ચે આવ્યું ને ફોટો પાડવાનું રહી ગયું ને આંખ ઊઘડી ગઈ...''

સ્વામીશ્રીએ સ્વપ્નની આ વાત પૂરી કરી ત્યાં જ આજે જે ગામનો કાર્યક્રમ રદ થયેલો તે જેસરના હરિભક્તો દર્શન માટે આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રીનો ફોટો પાડવા પાલિતાણાથી ખાસ એક ફોટોગ્રાફર સાથે લેતાં આવેલા. સ્વામીશ્રીએ સૌ સાથે ફોટો પડાવી ચિરસ્મૃતિ આપી. સ્વપ્નની અધૂરી વાત જાગ્રતમાં પૂરી થયે રહી ! સ્વામીશ્રીનું કોઈ 'સ્વપ્ન' અધૂરું રહેતું નહીં.

શ્રીજીમહારાજનું બોલો

તા. ૧/૭ના રોજ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સહેજ સુધરેલું. તેથી પ્રાતઃપૂજા બાદ તેઓએ વચનામૃત(ગ.પ્ર.૮)ના આધારે કથા શરૂ કરી. પણ તેઓનું આસન ઊંચું હતું અને સામે થોડા પુરુષોની પાછળ મહિલા ભક્તો બેઠાં હોવાથી, સ્વામીશ્રી ડાબી બાજુ ફરી જઈ તે તરફ માઇક ગોઠવાવી કથામૃત પીરસવા લાગ્યા. ધર્મ-નિયમના પાલનમાં તેઓની સૂક્ષ્મતા ઘણી ઊંચી કક્ષાની રહેતી. બીજાને જે સૂઝે નહીં તે તેઓ વર્તીને બતાવતા.

આ રીતે કથા કર્યા બાદ રાજુલાથી વિદાય લઈને સ્વામીશ્રી પીપાવાવ, ભાદરાને ધન્ય કરતાં મહુવા પધાર્યા.

અહીં તેઓએ તા. ૨/૭ની સવારે સત્સંગ પરીક્ષાનું દીપપ્રાગટ્ય દ્વારા ઉદ્ઘાટન કરી, સાંજે કપોળ મહાજનની વાડીમાં શહેરવાસીઓનો સત્કાર સ્વીકાર્યો. તા. ૩/૭ના રોજ કૃષિ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રમાં પગલાં પાડી નાળિયેરીના બે રોપાઓનું વાવેતર કર્યું. ત્યારબાદ તળાજા, તણસા અને કોબડી થઈને રાત્રે અગિયાર વાગ્યે ભાવનગર પધાર્યા.

અહીં પંચદિવસીય પારાયણ દરમ્યાન તા. ૫/૭ની બપોરે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ બાળકો *'શોભો સાધુગુણે...'* સ્તુતિ ગાવા લાગ્યા. પોતાની આ પ્રશસ્તિ સાંભળી સ્વામીશ્રીએ તરત જ કહ્યું: 'શ્રીજી-મહારાજનું બોલો.'

તેઓને પોતાનું સ્તુતિગાન કાનમાં ગરમાગરમ સીસું રેડાતું હોય તેવું લાગતું. તેથી તેનું એક બુંદ પણ કાનમાં પેસી ન જાય તેની તેઓ તકેદારી રાખતા.

ગુરુની આજ્ઞા ભેગી મૂર્તિ

તા. ૭/૭ના રોજ ભાવનગરમાં રથયાત્રા ઊજવી સ્વામીશ્રી વલ્લભીપુર, પાણવી, લીંબડી થઈને તા. ૧૦/૭ના દિવસે ઊંટડી મંદિરનો પાટોત્સવ ઊજવવા પહોંચ્યા. અહીં સૌના મનોરથ પૂરી ભલગામડા, મોજીદડ, સારંગપુર, બોટાદ, પાળિયાદને લાભ આપતાં, તેઓએ તા. ૧૪/૭ના રોજ સુરેન્દ્રનગર જવા માટે સુદામડાનો રસ્તો લીધો. પણ તે માર્ગ જળબંબાકાર હતો. તેથી પાછા વળી રાણપુર, ધંધુકા થઈને લીંબડી જવા ગયા. પણ આ વાટમાં વચ્ચે રંગપુર આગળ પાણીનાં પૂર ફરી વળેલાં. એટલે ત્યાંથી પણ 'રિવર્સ' ગીઅર પાડવો પડ્યો. પુનઃ ધંધુકા આવી બગોદરા થઈને સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે સુરેન્દ્રનગર પહોંચ્યા. ત્યાંથી વઢવાણ, ધોળકા, રઢુ, ખેડા, વણસરમાં પગલાં પાડતાં તેઓ તા. ૧૭/૭ની સાંજે વસો પધાર્યા.

અહીં નિર્માણાધીન મંદિરના સભામંડપમાં બેસી કથામૃત રેલાવતાં તેઓએ કહ્યું: 'ગુરુ તો મગફળી ફોલાવીને પણ જ્ઞાન આપી દે. ગુણાતીત ગુરુની આજ્ઞા ભેગી મૂર્તિ આવે છે. માટે આજ્ઞા સામી સૂરત રાખીએ એટલું જગત વીસરાય. અનેક રીતે તેઓ જગત કાઢશે, પણ ગુરુની સામે બેસીને કહે કે 'ગુરુ જ્ઞાન આપો. ગીતા-ઉપનિષદના શ્લોકો બોલો. મને હાલ ને હાલ સમજાવી દો.' એમ જ્ઞાન ન થાય. આજ્ઞા પ્રમાણે જે કરો તેમાંથી બધું થશે. ચકમચકા મળે તે જ ગામમાં જાય તે શું કલ્યાણ કરે? મહેલમાં જાય અને ઝૂંપડાંમાં જાય, માન-અપમાન સહન કરે તે કલ્યાણ કરે. પાંચસો પરમહંસોએ તેવું કર્યું છે...'

આવા જ અમૃતમેઘથી તા. ૨૦/૭ના રોજ બોચાસણમાં ગુરુપૂજન માટે એકત્ર થયેલા હજારો હરિભક્તોને ભીંજવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ગુરુની કૃપા વગર કોઈ વાત બનતી નથી. જીવને ગુણાતીત બનાવી શ્રીજીમહારાજમાં જોડે તે ગુણાતીત ગુરુ છે. ગુરુ ભગવાન થઈ જાય તેવી વાત આપણે ત્યાં નથી. ગુરુનો મહિમા એટલે કે તેમની આજ્ઞા સારધાર પાળવી. બહુ મોટાં ભાગ્ય માની સેવા કરવી. વેઠ ન માનવી. શાસ્ત્રીજી મહારાજે દાંડિયાં(સાંધેલાં)

ધોતિયાં પહેરીને, પત્તરમાં જમીને સંપ્રદાય ફેલાવ્યો છે. મહારાજનો બસોમા વર્ષનો સમૈયો ગામોગામ, દેશોદેશ અદ્ભુત ઊજવાય તેવું કરવું...'

શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્ઘોષ કરવાની એક તક સ્વામીશ્રી છોડતા નહીં. આ પણ તેઓની ભક્તિનો જ એક પ્રકાર હતો.[૭૩]

તજી ન શકે ત્યાગને

બોચાસણમાં ગુરુપૂનમ ઊજવી તા. ૨૧/૭ના રોજ ધર્મજ પધારેલા સ્વામીશ્રીએ અહીં *'પ્રીતે પીરસે પ્રાણઆધાર'*ની ઝાંખી કરાવતાં સોથી વધુ હરિભક્તોને ફાડા લાપસીની પ્રસાદી આપી. ભક્તોને પીરસવું એ તેઓનું એક મનગમતું કામ હતું. તે સમયે તેઓની શ્રદ્ધા અને શીઘ્રતા, બંને દર્શનીય રહેતાં. પ્રવાહી પદાર્થ હોય તો હાથમાં કમંડળ કે જગ લઈને સ્વામીશ્રી પંગતમાં ફરતા. લાડુ, જલેબી જેવાં મિષ્ટાન્ન હોય તો ડાબા હાથમાં વાનગી ભરેલું પાત્ર લઈ જમણા હાથે પીરસતાં જાય. ક્યારેક પ્રસાદનું પાત્ર કોઈ સંત-ભક્ત ઉપાડીને ચાલતા હોય અને સ્વામીશ્રી પીરસતા રહે. દરેકની રુચિ અને ક્ષમતાના તેઓ સારા અભ્યાસી. તેથી તે મુજબ પીરસે એટલે સૌને તૃપ્તિના ઓડકાર જરૂર આવે.

આ રીતે ધર્મજથી દંતેલી પહોંચેલા સ્વામીશ્રીએ અહીં યોજાયેલી સભામાં વ્યસનમુક્તિની ધારદાર વાતો કરી. તેથી સભા બાદ એકસાથે ૪૦ મુમુક્ષુઓ વ્યસન છોડવાં તેઓ પાસે હાજર થઈ ગયા. દ્વિશતાબ્દી નિમિત્તે તેઓએ આપેલો 'વ્યસનમુક્તિ સદાચાર-વૃદ્ધિ'નો નારો તેઓ ન કેવળ મુખથી, પણ નક્કર કાર્ય દ્વારા ગજવતા ફરતા.

દંતેલીથી કરમસદ, ગાના, આણંદ, બોરિયા, આશી, બોરસદને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૨૪/૭ની સાંજે બોદાલ પધાર્યા. આ ગામમાં સ્વામીશ્રીની પ્રથમ પધરામણી ટાણે ભક્તોએ ભવ્ય સામૈયું કર્યું.

અહીંથી અડાસ થઈને તા. ૨૫/૭ના રોજ સામરખા પહોંચ્યા. આ ગામની રજ પણ સ્વામીશ્રીનાં પગલાંથી પહેલી જ વાર પાવન થઈ રહેલી.

---

૭૩. બોચાસણમાં બિરાજીને બ્રહ્મસુખની વર્ષા કરતા સ્વામીશ્રીને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

અત્રે રાત્રિરોકાણ કરી તેઓએ વલાસણ, પીપળાવ, નડિયાદ, સુણાવ, પોરડા, બાંધણી, વલેટવા, કરોલી, સંજાયાને લાભ આપતાં સોજિત્રામાં મુકામ કર્યો.

આ વર્ષમાં વારંવાર આવેલા માંદગીના ઉપદ્રવને કારણે સ્વામીશ્રીને નિર્જળા એકાદશી કરવા પર તબીબોએ રોક લગાવી દીધેલી. છતાં વ્રત-તપને નિરંતર ઝંખતો તેઓનો અંતરાત્મા નિર્જળા ઉપવાસનું કંઈક નિમિત્ત શોધી રહેલો, અને તે હાથ આવી ગયેલું – તા. ૧૭/૭ના રોજ.

આ દિવસની દેવપોઢી એકાદશીએ ચાતુર્માસની તમામ એકાદશીઓ નિર્જળા કરવાનો નિયમ સ્વામીશ્રીએ લીધેલો. પોતાની પ્રવૃત્તિ, માંદગી કે મોટપને વ્રત-તપમાં ફાંકું પાડવાનાં સાધન તરીકે કદી ન વાપરનારા તેઓએ, સૌની વિનંતીઓની ધરાર અવગણના કરીને નિર્જળા એકાદશીઓનો પોતાનો આ નિર્ધાર પર્વતપ્રાય રાખેલો. તે મુજબ અહીં સોજિત્રામાં તા. ૩૦/૭ના રોજ આવેલી એકાદશીથી સ્વામીશ્રીએ પોતાના શરીરને પુનઃ નિર્જળા ઉપવાસના પાટે ચડાવી દીધું.

*'તજી ન શકે ત્યાગને, ગ્રહી ટેક નિશ્ચે નિરવાણ...'*ની તેઓની આ શૈલીએ સૌને ગદ્ગદ કરી મૂક્યા.

આ ઉપવાસમાં સ્વામીશ્રી સોજિત્રાથી ગાડા પધાર્યા. અહીં એક ઘેર પગલાં કરીને બોચાસણ પહોંચવાનું હતું, પરંતુ ગાડામાં ગાડાંમોઢે જ પધરામણીઓ ઊતરી પડી. એકને બદલે પચીસ પધરામણીઓ કરીને સ્વામીશ્રી વિદાય થયા.

વચન લોપે નહીં લેશ

બોચાસણમાં જુદાં જુદાં ગામોના હરિભક્તો દ્વારા છ દિવસ સુધી પારાયણ-પર્વ હોવાથી સ્વામીશ્રીનો મુકામ બોચાસણમાં જ રહ્યો. પરંતુ દિવસ દરમ્યાન તેઓ આસપાસનાં ગામો પાવન કરી આવતા.

તે અનુસાર તા. ૩/૮ની સાંજે પેટલાદ પધારેલા સ્વામીશ્રી મંદિરમાં આરતી, કથાનો લાભ આપી ચંદ્રકાંતભાઈના ઘેર આવ્યા. અહીં તેઓને જમવાનું હતું, પણ તેઓનું ભોજનપાત્ર બોચાસણમાં ભુલાઈ ગયેલું ! પત્તર વિના તો સ્વામીશ્રીને કોળિયો ગળા નીચે ઊતરે જ કેવી રીતે ?

તેથી તેઓ ફ્રૂટ સલાડમાં જ ચમચી ફેરવ્યે જતાં હરિભક્તો સાથે વાતો કરતા ગયા. એ વાતોમાં તેઓએ હરિભક્તોને એવા પરોવી દીધા કે પોતે

જમ્યા કે નહીં તેનું અનુસંધાન પણ ભક્તોને રહેવા ન પામ્યું. પોતાનો નિયમ અને સૌનાં મનને કુશળતાપૂર્વક સાચવતાં સ્વામીશ્રી સામે જ પડેલી એકેય વાનગીને અડ્યા વિના વિદાય થયા.

'સાધુને તો પત્તરમાં જ જમાય' એમ તેઓ ભારપૂર્વક બોલતા, પણ તેથીયે વધુ ભારપૂર્વક વર્તતા.

કહી કહી કહીએ ક્યાં લગી

બોચાસણથી બોરસદ, વિદ્યાનગર, બાકરોલ, વડોદરા, સમલાયા થઈને સ્વામીશ્રી તા. ૬/૮ના રોજ આણંદ પધાર્યા. પરંતુ અહીં આવતાં જ તેઓને બોચાસણના સરપંચ તરફથી નિમંત્રણ મળ્યું કે 'આપના હાથે ગામમાં પાણીની નવી ટાંકીનું ખાતમુહૂર્ત કરાવવું છે, તો કાલે પધારો.'

હજી તો બોચાસણથી વિદાય થયે માંડ એક જ દિવસ થયેલો. છતાં સ્વામીશ્રી પુનઃ ત્યાં ગયા અને ગામવાસીઓના કોડ પૂરા કર્યા.

ત્યાંથી પાછા આણંદ આવી ગયેલા સ્વામીશ્રીની પ્રતિભા સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. રણછોડભાઈ પટેલને ઘણી આકર્ષી ગયેલી.

આ શિક્ષણવિદ્ છેલ્લે જ્યારે સ્વામીશ્રીને મળ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને ગુલાબનો હાર પહેરાવેલો. પણ આટલી અમથી ક્રિયામાંય આ કેળવણીકારને સ્વામીશ્રીનો પ્રેમ એવો અનુભવાયેલો કે તેઓ રડી પડતાં બોલેલા: 'યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી મારામાં જેવું પરિવર્તન થયું છે તેવું બધામાં થાય.'

આ કૃતજ્ઞતા સાથે આ ઉપકુલપતિ આજે તો સ્વામીશ્રીને સ્વહસ્તે મોજડી પહેરાવવાનો મનોરથ સેવી રહેલા. પણ દરેકની મર્યાદા જાળવનારા સ્વામીશ્રીને આ કેવી રીતે પસંદ પડે? તેઓએ આ બાબતે સંમતિ ન આપી. છતાં આ ઉચ્ચ પદાધિકારીએ પ્રેમાગ્રહથી સ્વામીશ્રીનાં ચરણોમાં બેસી જઈ તેઓને મોજડી પહેરાવી.

અભણથી અતિ શિક્ષિત સુધીના સૌનો સ્વામીશ્રીએ મેળવેલો આદર અનન્ય હતો.

તે સ્વીકારી હવે સ્વામીશ્રીને આણંદથી ભાદરણ જ પહોંચવાનું હતું, પરંતુ તે માટે તા. ૮/૮ની સવારે આણંદથી નીકળેલા તેઓ તા. ૯/૮ની રાત્રે બાર વાગ્યે ભાદરણ પહોંચ્યા!, કારણ કે ત્રીસેક કિલોમીટરનું આ અંતર

કાપતાં પૂર્વે તેઓ તારાપુર, લીંબડી, રાજકોટ, ગોંડલ, સારંગપુર અને બોચાસણને એક દિવસમાં ઘૂમી વળ્યા! તારાપુરમાં એક બીમાર ભક્તના ખબર-અંતર પૂછવાના હતા. રાજકોટમાં કૃષ્ણજી અદાની જયંતીમાં હાજરી આપવાની હતી. બોચાસણમાં એક ઘંટીનું ઉદ્‌ઘાટન કરવાનું હતું! તા. ૯/૮ની રાત્રે સાડા અગિયાર વાગ્યે આ ઘંટીના ચક્રને ચાલતું કરી, સ્વામીશ્રી બારના ટકોરે ભાદરણ પધાર્યા.

અપાર મોટપ હોવા છતાં ભક્તોના નાના-નાના સંકલ્પો પૂરા કરવા સ્વામીશ્રીએ કરેલી અહીંથી તહીંની દોડધામ *'કહી કહી કહીએ ક્યાં લગી...'* જેવી અનંત છે; ઘરોઘર તેઓને ઝંખતા મનુષ્યોની જેમ જ.

આ તો સહેજે ટાળ્યું!

ભાદરણમાં પારાયણ પ્રસંગે લાભ આપીને સ્વામીશ્રી ઉમલાવ, સીસવા, આણંદ, બોરિયાવી, નડિયાદ, પીપલગને પાવન કરતાં તા. ૧૩/૮ની સાંજે સંધાણા પધાર્યા. અહીં તેઓના આગમને આ ગામને ગજબનું ઘેલું લગાડ્યું હોય તેમ અભૂતપૂર્વ મહેરામણ પાદરે હિલોળા લઈ રહેલો. આસપાસનાં ગામોમાંથી પણ હજારો હરિભક્તો ઊમટ્યા હતા. સૌએ સુશોભિત ટ્રેક્ટરમાં શાનદાર શોભાયાત્રા કાઢી. ચોકમાં ભરાયેલી રાત્રિસભા પણ ચિક્કાર રહી. સૌના મુખેથી એક જ અનુભવ નીકળી રહ્યો કે 'ધર્મના નેજા હેઠળ આવડી મોટી સભા ગામમાં આ પહેલી જ થઈ.' સ્વામીશ્રીની પધરામણી ગામમાં ઘણા નવા પ્રારંભ કરાવનારી બની રહેતી.

સંધાણામાં રાત્રિમુકામ કરીને અસલાલી થઈ અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ, અત્રે તા. ૧૫/૮ની સવારે મંદિરના ચોકમાં ત્રિરંગો લહેરાવીને ભારતના ભલા માટે શુભાશિષ પાઠવ્યા. તેને અનુસરતાં વિવિધ ભક્તિસભર કાર્યક્રમોની હારમાળા અમદાવાદમાં ચાલતી રહી. શરીરમાં અશક્તિ હોવા છતાં સ્વામીશ્રી તે દરેક આયોજનમાં હાજર રહેતા. તે જોઈ એક વાર શ્રીહરિદાસ સ્વામીએ સહજભાવે કહ્યું: 'સ્વામી! આપની બીમારી અમને આપી ન દેવાય? આપ બીમારી ટ્રાન્સફર કરી દો.'

'એ ટ્રાન્સફર થાય તેવી નથી.' સસ્મિત સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું: 'મહારાજની ઇચ્છાથી જે થયું તે સારું થયું. નહીં તો (વિદેશથી આગમન થયું તે નિમિત્તે) ગામોગામ નગરયાત્રા થાત ને બૅન્ડ-વાજાં લાવત, ને આપણે

(હરિભક્તો કચવાય તેથી) 'ના' ન કહી શકત. આ તો સહેજે ટાળ્યું!'

સ્વામીશ્રીના આ મંતવ્યમાં ગામોગામ સન્માન સમારંભો અને સ્વાગત-યાત્રાઓ ટળ્યાંની 'હાશ' વર્તાઈ રહી! સૌને થયું કે 'પોતાને મળનારાં માન-ચાંદ નિવારવાં જ સ્વામીશ્રીએ સ્વેચ્છાથી બીમારી ગ્રહણ કરેલી કે શું?!'

જેવા દેખાય છે એવા આ નથી

આ અરસામાં સ્વામીશ્રીનાં દર્શન માટે આવી ચડેલા એક અલગારી યુવાનના ઘરમાં સત્સંગ ખરો, પણ તેથી આ યુવક લગભગ કોરો જ રહેલો. લંડન જતાં તો તે સત્સંગથી વિખૂટો પડી ગયો હોય તેવું બન્યું. ત્યાંથી જ્યારે તે હિમાલયની કંદરાઓ ઘૂમવા નીકળ્યો ત્યારે કોઈ સાચા મહાત્મા મળી જાય તેવી ઝંખના જાગેલી. પરંતુ અંતર કબૂલાત કરે તેવી સિદ્ધદશા તેને ક્યાંય હાથ લાગી નહીં. તેથી સવા વરસ સુધી એક ગુફામાં રહીને સ્વતંત્રપણે જ સાધના ધપાવવાનો પ્રયત્ન કર્યો. પણ *'કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે...'* જેવા આ જંગમાં એકલપંડે કેવી રીતે ઝઝૂમી શકાય? તેથી ગુફામાંથી પલાંઠી છોડીને તે બહાર નીકળી આવ્યો અને ફરતો-ફરતો અમદાવાદ આવી ચડ્યો.

અહીં તેને સ્વામીશ્રી બિરાજે છે તેવા સમાચાર મળતાં તે મંદિરે પહોંચ્યો. જ્યારે તે સ્વામીશ્રીના ખંડમાં પ્રવેશ્યો ત્યારે સ્વામીશ્રી પલંગને અઢેલીને બેઠા હતા. પણ તેમાં આ યુવાનને કશું અસાધારણ જણાયું નહીં. ન દાઢી-જટા કે ન વાઘાંબર-મૃગાંબર; ન મોટી માળા કે ન ધૂપના ધુમાડા; ન મોટાં ટીલાં-ટપકાં કે ન અન્ય કોઈ ભભકો. સિદ્ધ-સાધુની આવી દુનિયા જ જોવા ટેવાયેલા અને તેનાથી પ્રભાવિત ન થયેલા આ યુવાનને ઊડીને આંખે વળગે તેવી કોઈ વિશેષતા સ્વામીશ્રીમાં જણાઈ નહીં. તેઓનો ખંડ પણ સાદો, જેવા એ. તેમાં કોઈ દમામ-દેખાવ નહીં. તેથી પેલો યુવક મનમાં વિચારી રહ્યો કે 'આ પણ બીજા મહાત્માની જેવા જ છે. આમાં કંઈ લાગતું નથી.'

પણ જેવો આ વિચાર યુવાનના મનમાં ઝબક્યો ત્યાં જ સ્વામીશ્રીએ તેની આંખમાં આંખ પરોવતાં કહ્યું: 'જેવા દેખાય છે એવા આ નથી. તું જેવો જુએ છે એવો હું નથી.'

આ સાંભળતાં જ એ ઈન્દ્રવદન ચોંકી ઊઠ્યો. મનના સંકલ્પોને પકડનારા આ સિદ્ધયોગી તેને તે જ ક્ષણથી નોખા-અનોખા દેખાવા લાગ્યા.

એ જ ઘડીએ તેનું હૈયું પોકારી ઊઠ્યું: *'સોઈ વિજ્ઞાની સંત હૈ, તાકે સમ અન્ય નાહિ...'* જે હિમાલયની કંદરામાં ન મળ્યા તે શહેરના કમરામાં મળી જતાં એ યુવાનના આનંદનો પાર ન રહ્યો. તેણે સ્વામીશ્રીનાં ચરણે જ 'અઠે દ્વારકા' કરીને આશરે ત્રણેક દાયકા સુધી સ્વામીશ્રીની ગાડી હંકારવાની સેવા કરી.

આપણું ઢોલકું વગાડ્યા જ કરવું

અમદાવાદથી સોખડા, છાણી થઈને સ્વામીશ્રી અટલાદરા પધાર્યા ત્યારે અહીં તા. ૨૮/૮ના રોજ જન્માષ્ટમીના ઉત્સવ નિમિત્તે મંદિરના ઘુમ્મટમાં મહંત સ્વામી તથા સંતો-યુવકોએ ખૂબ જહેમત લઈને કૃષ્ણ જન્મોત્સવનું આબેહૂબ દૃશ્ય ખડું કર્યું હતું.

આ ઉત્સવ બાદ તા. ૨૯/૮ની રાત્રે યોજાયેલી વડોદરા વિભાગના યુવક કાર્યકરોની સભામાં આ નવલોહિયા યુવાનોનાં હૈયે સત્સંગનો રસ ભરતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"કોઈ પણ કાર્ય કરવામાં ત્યાગ-ભાવના જોઈએ. પથ્થર તોડવા સોળ હથોડા મારીએ. તેમાં પંદર હથોડાના ઘા સુધી તો પથ્થરમાં કશો ફેરફાર ન દેખાય. પછી સોળમા ઘાએ તૂટે. તો પંદર નકામા ગયા? ના. પહેલા હથોડાથી જ તેના તૂટવાની અસર થયેલી જ હતી. ભલે તે અસર આંખથી દેખાય નહીં, પણ અસર તો થાય છે જ. માટે આપણે સત્સંગની વાત કરવી જ. ગમે ત્યારે પણ પરિણામ આવશે. અસર થાય છે જ. શ્રદ્ધા ડગવી ન જોઈએ. યોગીજી મહારાજે કહ્યું છે કે 'યુવક મંડળ વધશે.' મોટાપુરુષ બોલ્યા છે તે વચન સત્ય, સનાતન છે અને તે થવાનું જ છે.

સત્સંગ કરાવવા કોઈ ગામમાં જાવ અને 'ત્યાં કોઈ નહોતું એટલે હું પાછો આવ્યો' એમ પાછા ન આવવું. ચોરે બેસીને એકલાં-એકલાં ધૂન બોલીને આવવું. ૯૯ને વાત ન સમજાય પણ એકને સમજાય તોય દાખડો સફળ થયો છે એમ સમજવું. વ્યારામાં અને સુરતમાં ત્રણ જ સત્સંગી હતા પણ ત્યાં મંદિર થઈ ગયાં. આજીવન વ્યસનમુક્તિ અને સત્સંગની વાત કરવી. કોઈ સુધરે કે ન સુધરે તેનો વિચાર ન કરવો. મોળી વાત ન કરવી. 'શું કામ કૂટો છો? કોઈ વ્યસન છોડવાનું નથી.' એવી મોળી વાત સાંભળી ઢીલા ન પડવું. આપણું ઢોલકું વગાડ્યા જ કરવું."

ખરેખર, શ્રદ્ધાનો સમંદર હતા સ્વામીશ્રી!

આજ્ઞાથી આપી દે તે નિર્વાસનિક

અટલાદરાથી ભીલુપુરને લાભ આપતાં ભરૂચ પધારેલા સ્વામીશ્રીનો સન્માન સમારંભ, અહીં તા. ૨/૯ના રોજ દશા લાડની વાડીમાં યોજી ભરૂચ ધન્ય થયું. ત્યાંથી સુરત પહોંચેલા સ્વામીશ્રીનો સત્કાર સમારોહ તા. ૬/૯ની રાત્રે સનાતન ધર્મ સેવા સંઘના હૉલમાં સંપન્ન થયો. શહેરના મેયર, યુનિવર્સિટીના ઉપકુલપતિ વગેરે શ્રેષ્ઠીઓની હાજરીમાં સ્વામીશ્રીને સન્માન-પત્ર એનાયત થયું ત્યારે ન કેવળ સનાતન ધર્મનો હૉલ, સ્વયં સનાતન ધર્મ પણ રાજી થઈ ગયો. આજના દિવસે સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું કે –

''વાસનારૂપી વજ્ર કમાડ ખોલવાં એ અઘરી વાત છે. પોતાના સગાં મરી ગયા હોય ત્યારે તેને બાળવા સ્મશાને જાય ત્યાં સુધી એમ લાગે કે 'આ ગયા ને આપણેય જવાનું છે.' પણ જ્યાં પાછો આવી લશ્કરી ચા પીએ ને તેનો કેફ ચડી જાય ને પછી પેલાની મિલકત પડાવવા કોર્ટ-કચેરી કરે. ગૃહસ્થને મહેનત કરી કમાવાનું ને ત્યાગીને માંગ્યું મળે. માટે તેણે વિશેષ ખ્યાલ રાખવાનો. ગૃહસ્થ ને ત્યાગી સર્વેએ નિર્વાસનિક થવાનું છે. પાંચ મિનિટ પછી શું થશે તે ખબર નથી. માટે કાલે કરવું તે આજ ને આજ કરવું તે અત્યારે જ.

જૂનાગઢના નાગરો મંદિરે મોડા મોડા આવે ત્યારે ગુણાતીત સ્વામી કહેતા: 'નોકરો પડ્યો રહેશે ને ચાલ્યું જવાશે.' ઠાકોરજીને દશમો-વીશમો ભાગ આપો એટલે નિર્વાસનિક. બંગલા હોય ને ભગવાન અને સંતના કામમાં આવે તે નિર્વાસનિકપણું. દીકરો પરણાવવો હોય તો ગમે ત્યાંથી પૈસા ભેગા કરે છે. પણ ભગવાનને અર્થે વિચાર કરે તે વાસના. સમયે આજ્ઞા થાય ને આપી દેવાય તે નિર્વાસનિકપણું. પછી ભલે મોટર, બંગલા ફેરવીએ.''

જેની ચર્ચા પુસ્તકોનાં કદ રોકે તેવા ગહન શાસ્ત્ર-શબ્દોને સ્વામીશ્રી એકાદ વાક્યમાં સરળતાથી સમજાવી દેતા. તેઓની આવી વ્યવહારુ અને પ્રાસાદિક કથાશૈલી ખૂબ જ રમણીય-મનનીય હતી.

આપણે યુવકો બધા સંતો જ છીએ

તા. ૭/૯ની રાત્રે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી દક્ષિણ ગુજરાતના યુવક કાર્યકરોની મીટિંગ આશરે ૩૦૦ જેટલા સમર્પિત સેવકોથી ખીચોખીચ હતી. સંપ્રદાયની આ ધોરી નસોમાં અસ્મિતાનું રુધિર વહેતું કરતાં

સ્વામીશ્રીએ જણાવ્યું :

"કર્તા શ્રીજીમહારાજ છે – તેમ વિશ્વાસ રાખી કાર્ય કરવું. કોઈ જગ્યાએ મંડળ બંધ થઈ જાય, વળી, સગવડો ન હોય, છતાં શ્રદ્ધા રાખી કાર્યકરે જવું જ, તો અનુકૂળતા થઈ જાય. બદલપુરના કોતરમાં જે એક વાર જાય તે ફરી ત્યાં જાય નહીં. પણ ત્યાં શાસ્ત્રીજી મહારાજના સંતોએ કાર્ય કર્યું છે. સમજાવનાર માણસની જરૂર છે. પૂર્વે સંતોએ માર ખાઈને પણ સત્સંગ કરાવ્યો છે. સહન કરવું. સ્વસ્થતા રાખવી. 'આપણે યુવકો બધા સંતો જ છીએ' તેમ માની કરતા રહેવું. બાર મહિનામાં એક મહિનો આ પ્રવૃત્તિમાં આપવો. તેટલો સમય ઘર, કુટુંબ બધું મૂકી જ દેવું. તે સમયે આપણે સાધુ જ છીએ તેમ સમજવું. દર વર્ષે મહિનો ફરો તો કેટલી અસર થાય! 'જેને સોંપ્યું તે કાર્યકર્તાની જ જવાબદારી છે' તેવું નહીં, પણ જે ભગવાનને આશરે આવ્યા છે તે દરેકની આ જવાબદારી છે.

વ્યવસ્થા હોય તો જ કાર્ય થાય એવું નહીં. ગમે તે વાહન હોય અથવા ન હોય તોય ચલાવી લેવું. શાસ્ત્રીજી મહારાજ પાંચ સંતો લઈને નીકળેલા અને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવ્યું. તો તેમાં અનેક ત્યાગી અને ગૃહસ્થો મળી આવ્યા. 'આખા ગુજરાતમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવું છે' તેવી મક્કમતા રાખીશું તો થઈ જશે. યોગીજી મહારાજે યુવાનોને પસંદ કર્યા. તેમાં શક્તિ છે, તેથી ભગવાનનું બળ મળે. નિરાશા કે ગ્લાનિ લાવ્યા સિવાય આ કાર્ય કરવું. 'આપણે સંત જ છીએ' તેમ સમજી કાર્ય કરવું. આપણે કોઈને વ્યસન મુકાવવા સાત વખત પાણી લેવરાવવું પડે તોય પાછા ન પડવું. આપણું મગજ ગુમાવવું નહીં. કોઈ ન આવે તો એકલા બેસી ભજન કરવું. મંડળ ભાંગી જાય તો ફરીથી કરવું. પાંચસોને વાત કરીએ ને તેમાં પાંચને પણ સમજાય તો ઘણું સારું છે – એમ બળ રાખવું..."

યુવાનો વિષેના ભરપૂર ભાવ-ભરોસો સ્વામીશ્રીના આ શબ્દોમાં છલકાઈ રહ્યા છે. યુવાનોને સંતની દૃષ્ટિએ જોવાનો અભિગમ દુનિયાના કોઈ મહાપુરુષે સેવ્યો-શીખવ્યો નથી. તેથી જ કદાચ સ્વામીશ્રી સર્જી ગયા તેવી યુવાક્રાંતિ કોઈ મહાપુરુષે સર્જી નથી. જ્યારે દુનિયા યુવા ઘડતરની પદ્ધતિ સ્વામીશ્રી પાસેથી શીખશે ત્યારે યુવાનોની સમસ્યા ઉકેલવામાં તેને વિલંબ નહીં થાય.

યુવા-કૌશલ્યને આરતીનું અર્ઘ્ય

સ્વામીશ્રીએ સર્જેલી યુવા-ઘડતરની ક્રાંતિનું એક આગવું પાસું ઉજાગર થયું જ્યારે સ્વામીશ્રી સુરતથી ડુંગરી થઈને તા. ૮/૯ની રાત્રે સાડા બાર વાગ્યે મુંબઈ પધાર્યા.

અહીં છેલ્લા સવા મહિનાથી ચાલતા ભાગવત પારાયણની પૂર્ણાહુતિ કરતાં તેઓ તા. ૯/૯ના રોજ બોલ્યા: 'ભાગવતમાં જે જ્ઞાન છે તે અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન શાસ્ત્રીજી મહારાજે મૂર્તિમાન આપણને આપ્યું છે.'

ભાગવતના બાર સ્કંધનો સાર આ બાર શબ્દોમાં સંભળાવી સ્વામીશ્રી તા. ૧૨/૯ના રોજ અંધેરી જવા નીકળ્યા. મુંબઈ આવેલા તેઓને જાણ થયેલી કે 'અંધેરીમાં રહેતા મહેતા પરિવારના જયંતભાઈ, અનિલભાઈ વગેરે યુવાનોએ થર્મોકોલમાંથી સારંગપુરના મંદિરની પ્રતિકૃતિ બનાવી છે.' યુવકોના આ કૌશલ્યને બિરદાવવાં જ સ્વામીશ્રી પોતાના કામ પડતાં મૂકી દાદરથી અંધેરી પહોંચ્યા. ત્યાં યુવકો દ્વારા નિર્મિત પેલા મંદિરના એવાં ભાવપૂર્વક દર્શન કર્યાં કે જાણે સારંગપુરના અસલ શિખરબદ્ધ મંદિરને ન નીરખતાં હોય! વિશેષ તો તેઓએ કહ્યું: 'દીવો કરો. મંદિરની આરતી ઉતારીએ.'

સ્વામીશ્રીની આવી કદરદાનીથી યુવાનોનાં હૈયાં અકથ્ય આનંદની અનુભૂતિથી ઊછળી ઊઠ્યાં. પોતાની અલ્પ કળાને પણ આરતીનાં અર્ઘ્ય આપી વધાવનારા સ્વામીશ્રીની આરતી યુવાનો ઉતારે એમાં શું આશ્ચર્ય!

સનાતન ધર્મના સ્તંભ

મુંબઈના રોકાણ દરમ્યાન પ્રાતઃકથામાં થતાં સ્વામીશ્રીના વચનામૃત નિરૂપણોએ અનેરા રસ-રંગ જમાવેલા. 'તમારા અધર વિષે છે અમૃત'નો અનુભવ કરાવતી આ શૃંખલામાં તા. ૧૪/૯ના રોજ વચનામૃત (ગ.મ. ૨૮) સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે કોને રાજી કરવા છે તે જોવું. જેના થકી કલ્યાણ માન્યું છે તેના થકી જે વાત આવી તે માનવું. ઘણું કહેશો તો થાપો મારી દેશે પણ રાજીપો જુદી વાત છે. અનાદિની મહોર શ્રીજીમહારાજના વખતથી વાગી છે તે જોઈ જોડાઈ જવું. મેળે માવજીભાઈ થયા હોય તેનું ન માનવું...'

આ જ રીતે તા. ૧૬/૯ની સવારે વચનામૃત(ગ.મ. ૪૫)ના આધારે

અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'લૌકિક કામમાં સાવધાની રાખીએ છીએ તેમ ભગવાન ભજવામાં સાવધાની રાખવી. મનુષ્યભાવ આવી જાય અને આજ્ઞા લોપાય તે સાવધાની ગઈ.'

તા. ૧૭/૯ના રોજ યુવકોને સંબોધતાં તેઓએ મર્મસભર વાત કરી કે 'યુવકોએ પૂછવા ન આવવું કે 'શું આજ્ઞા છે?' દ્વિશતાબ્દીનું કાર્ય ઊપડ્યું છે તેમાં ઝંપલાવી જ દેવું. 'વગેરે'માં અદ્‌ભુતાનંદ સ્વામીએ ઝંપલાવી દીધું. માટે નામની રાહ ન જોવી. વરસમાં વીસ દિવસ આ કાર્યમાં આપવા. 'બેઠા ત્યાંથી ઊભા અને ઊભા ત્યાંથી હાલ્યા' એમ તૈયારી રાખવી.'

તત્પરતાનું આ નવું સૂત્ર સંભળાવી સ્વામીશ્રીએ સૌને સાબદા કરી દીધા. ટૂંકી, મુદ્દાસર અને આચરણમાંથી ફૂટી નીકળતી તેઓની આવી વાતોના સ્વાદ તો જે માણે તે જાણે.

મંદિરની સાથે મુંબઈનાં વિવિધ પરાંઓમાં પણ સમી સાંજથી અમૃતકુંભ લઈને નીકળી પડતા સ્વામીશ્રી સૌને અમૃતપાન કરાવતા રહેતા.

આ નિવાસ દરમ્યાન તેઓએ પાલવા બંદરે જળઝીલણીનો સમૈયો તથા તા. ૧૬/૯ના રોજ મંદિરમાં ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવ્યો.[૭૪] તદુપરાંત ઘાટકોપરના દેવદર્શન હૉલ, મુલુંડની સારસ્વત વાડી, જુહુ સ્થિત ઈસ્કોન મંદિર, ગોરેગાંવનો જવાહર નગર હૉલ તથા કાંદિવલીના હિતવર્ધક હૉલ વગેરે સ્થળે પધારીને લાભ આપ્યો.

તેમાં ઉપસ્થિત રહેલા સુપ્રસિદ્ધ સાહિત્યકારો, ખ્યાતનામ ગાયકો, પૂજનીય સંતો, મુંબઈના મેયરશ્રી સહિત અનેક મહાનુભાવો પૈકીના એક મહામંડલેશ્વર પૂજ્ય બ્રહ્માનંદજીએ અનુભૂતિ વ્યક્ત કરી કે 'પ્રમુખસ્વામીજીમાં મહાપુરુષનાં લક્ષણો છે. અમે ગોંડલમાં તેમને પ્રથમ મળ્યા ત્યારે તેમની સરળતા અને ઉદારતાથી પ્રભાવિત થયા. તેઓ સનાતન ધર્મના સ્તંભ છે.'

હૃદયે હૃદયે દીવા

મુંબઈમાં પંદર દિવસનો લાભ આપી, તા. ૨૨/૯ની બપોરે ત્રણ વાગ્યે

---

૭૪. મુંબઈમાં સ્વામીશ્રીએ ઉજવેલા આ જળઝીલણી ઉત્સવથી તરબતર થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

વિદાય થયેલા સ્વામીશ્રી માર્ગમાં ચારોટી અને ચણોદને પાવન કરતાં સાંજે સાત વાગ્યે સેલવાસ પધાર્યા.

તેઓના આશીર્વાદ અને સંતો-કાર્યકરોના પુરુષાર્થથી આ આદિવાસી વિસ્તારની રોનક બદલાવા લાગેલી. તેના પુરાવારૂપે આજની રાત્રે ટાઉન હૉલમાં સ્થાનિક સાંસદ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં શરૂ થયેલી સભાનું સંચાલન એક આદિવાસી હરિભક્ત કરી રહેલા. આ સભામાં વાઘછીપાના એક આદિવાસી સત્સંગીએ પોતાની કેફિયત વર્ણવતાં કહ્યું કે 'પહેલાં અમે દારૂ પીતા અને તેનો કેફ રહેતો પણ પછી ઊતરી જતો. હવે પૂજ્ય સ્વામીબાપાએ ધર્મનો કેફ ચડાવ્યો છે તે ઊતરે તેમ નથી. પહેલાં અમે લોઢાને પારસમણિ સમજતા. હવે સાચો પારસમણિ હાથ આવ્યો છે. અમને ઘણા કહે કે, 'તમે સ્વામિનારાયણમાં શું ભળ્યા?' અમે તેમને કહીએ છીએ કે અમે સમજીને ભળ્યા છીએ.'

આ એક અનુભવમાં સામે બેઠેલા બે હજાર આદિવાસીઓનો પડઘો હતો. તેથી તે ખૂબ ગાજ્યો.

તેના નાદથી ડોલી ઊઠેલા આજની સભાના અતિથિવિશેષ શ્રી જયંત દેસાઈએ ઊભા થઈ ભાવોર્મિ વ્યક્ત કરી કે 'હું પહેલાં ભણતો ત્યારે જાગવા માટે તપકીરની ટેવ પડી ગયેલી. ઘણાં વર્ષો થયાં પણ તે વ્યસન છોડી શક્યો નથી.[૭૫] પણ આજે પૂજ્ય સ્વામીશ્રી પાસે મારે તે વ્યસન છોડવું છે.' એમ કહી તેઓએ તે જ ઘડીએ તપકીરની ડબ્બી સ્વામીશ્રીનાં ચરણોમાં મૂકીને કહ્યું: 'હૃદયે હૃદયે દીવા પ્રગટાવનાર પૂજ્ય પ્રમુખસ્વામી ખૂબ લાંબું જીવો.'

સૌનાં હૈયે અજવાળું ફેલાવતા સ્વામીશ્રી સેલવાસથી વાપી, અતુલ, વલસાડને પાવન કરતાં તા. ૨૪/૯ની સવારે દોણજા પધાર્યા ત્યારે અહીંના ઉત્સાહી મંડળે આસપાસનાં ૪૦ ગામોના સત્સંગીઓને એકત્રિત કરેલા.

'શિક્ષકો આદિવાસી વિસ્તારમાં સદાચાર ફેલાવવા શું કરી શકે?' એ વિષયવસ્તુના આધારે 'અક્ષર-પુરુષોત્તમ અધ્યાપક મંડળ' દ્વારા એક પરિસંવાદ પણ યોજાયેલો. તેમાં બિલિમોરા, ચીખલી વગેરે નગરોની કૉલેજના આચાર્યો, પ્રાધ્યાપકો સહિત આદિવાસી વિસ્તારના અન્ય સો જેટલા શિક્ષકો ઉપસ્થિત હતા. તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'દરેકના ભલામાં આપણું ભલું છે. નમાલા વિચારથી કાર્ય ન થાય. 'મારું ગામ, મારી જ્ઞાતિ કે

---

૭૫. આ બોલતી વખતે તેઓની ઉંમર આશરે સાઠ વર્ષની હતી.

મારો દેશ' એમ નહીં, પણ વિશ્વના દરેક માટે આપણે આ કાર્ય કરવાનું છે.'

સ્વામીશ્રીની વિશાળતામાં ક્યાંય ખૂણો નહોતો આવતો. તેથી સૌ ખૂબ પ્રભાવિત થયા. ઘણા શિક્ષકો-મુમુક્ષુઓએ વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો.

આમ, શિક્ષકોને પણ શિક્ષણ આપી સ્વામીશ્રી આદિવાસી વિસ્તારની પ્રતાપનગર માધ્યમિક ગ્રામશાળાને પાવન કરતાં અમલસાડ, નવસારી, કણબાડ, કરચેલિયા, વાંસકૂઈ, ઉકાઈ થઈને તા. ૨૭/૯ની સવારે અગિયાર વાગ્યે કિલ્લે સોનગઢ પધાર્યા.

અહીં શહેરના શ્રેષ્ઠીઓએ તેઓને સન્માનપત્ર અર્પણ કરીને સન્માન્યા. આ સ્વાગત-સભામાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા એક પછી એક સ્વામીશ્રીની બિરદાવલિઓ ગવાઈ રહી ત્યારે સભાપ્રમુખ તરીકે હાજર રહેલા શ્રી નાથુભાઈ દેસાઈ તો સ્વામીશ્રીના મુખારવિંદ તરફ જ તાકી રહેલા. છેવટે તેઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'અત્યારે પ્રવચન કરનારા ભાઈઓ પૂજ્ય સ્વામીશ્રી ઉપર પ્રશંસાનાં પુષ્પ વેરે છે, છતાં જેઓના મુખ ઉપર નિર્માનીપણું છે અને જે લોકેષણાથી પર છે તે પ્રમુખસ્વામીનાં ચરણોમાં વંદના.'

અલ્પ સહવાસમાં આવનારા પણ સ્વામીશ્રીની અહંશૂન્ય પ્રતિભાથી ઘાયલ થઈ જતા. પોતાના વક્તવ્ય કરતાંય વિશેષ તો પોતાના વર્તનથી સૌનાં હૃદયમાં સ્થાન જમાવતાં સ્વામીશ્રી વીરપુર, વ્યારા થઈને કપૂરા પધાર્યા.

પ્રીત રીત અતિ આચર્યા

કપૂરામાં તા. ૨૮/૯ની સવારે સવા અગિયાર વાગ્યાના સમયે સુમનભાઈ ભક્તાના ઘેર સભાપ્રસંગ ચાલી રહેલો. તે વખતે રસાળ શૈલીમાં સરકતા નારાયણ ભગતના પ્રવચનને માળા ફેરવતાં સ્વામીશ્રી એટલી સ્વસ્થતાથી સાંભળી રહેલા કે તેઓના શરીરમાં વેગ પકડી રહેલા તાવને કોઈ કળી શક્યું નહીં. હદ બહારની સહનશીલતાને કારણે સ્વામીશ્રી દર્દ-દુઃખને જણાવા દેતા નહીં. તેથી રોગને તેઓના શરીરને કોતરવાનો મોકો મળી જતો. ધરતીના ઉદરમાં ઊછળતો લાવા વિસ્ફોટ થાય ત્યારે જ દેખાય તેમ સ્વામીશ્રીના શરીરમાં વકરી રહેલી બીમારી પણ વાત વણસે ત્યારે જ જણાતી. આજેય કંઈક આવું જ બની રહેલું.

છતાં સ્વામીશ્રીએ આશીર્વાદ ઉચ્ચાર્યા: 'જીવન શુદ્ધ જીવવું. પરોપકારી જીવન જીવવું. ગામની ઉન્નતિનું કારણ ધર્મ છે, ભગવાનમાં શ્રદ્ધા છે...'

પરંતુ આજના આશીર્વાદમાં તેઓનો સ્વર શિથિલ હતો. પ્રવચન કરતી વખતે જોવા મળતાં હાથનાં લટકાં મંદ હતાં. તેણે સ્વામીશ્રીની શારીરિક સ્થિતિની ચાડી ખાઈ દીધી. તરત જ સભા-સમાપ્તિ ઘોષિત કરી દેવાઈ અને સઘળો સંઘ સડસડાટ વ્યારાના ઉતારે આવી પહોંચ્યો.

અહીં તપાસ કરતાં ખબર પડી કે સ્વામીશ્રીએ ૧૦૧.૫ ડિગ્રી તાવમાં ધગધગતા શરીરે અને નાડીના ધબકારા ૧૨૧ ચાલી રહેલા તે સ્થિતિમાં આશીર્વાદ આપ્યા હતા. સૌ તેઓનાં દયા, સ્નેહ અને આત્મનિષ્ઠાને નમી પડ્યા.

પણ આ સમય અહોભાવ વ્યક્ત કરવાનો નહોતો, ઉપચાર કરવાનો હતો. તેથી સ્વામીશ્રીના શરીરે પોતાં મુકાવા મંડ્યાં, યોગ્ય-શક્ય ઔષધ અપાવા લાગ્યું, સંતો શરીર દાબવા લાગ્યા. આ પરિસ્થિતિમાં સ્વામીશ્રી કંઈક બોલવા માંડ્યા. મુખની નજીક કાન રાખતાં સંતોને જે શબ્દો સંભળાયા તે આ હતા: 'આપણે અચાનક નીકળી જવાનું થયું તે સુમનના બાપુજીને ખોટું તો નહીં લાગ્યું હોય ને!' વળી સંભળાયું: 'મઢીવાળા મહેન્દ્રભાઈએ આપણને તેડાવવા ઘણી તૈયારી કરેલી. પણ આપણાથી જવાયું નહીં...'

સ્વતંત્રપણે પડખું ન ફરી શકાય એવા શરીરે સ્વામીશ્રી ભક્તોની ચિંતા કરી રહેલા. તેઓના શરીરમાં ચડેલો તાવ થર્મોમીટરથી માપી શકાય તેવો હતો, પણ તેઓના હૃદયમાં ઊછળી રહેલો આ પ્રેમભાવ માપવાનું ગજું કોઈ યંત્ર-તંત્ર પાસે નહોતું. ત્યાં જ સૌનું હૃદય ધબકારો ચૂકી જાય તેવા સ્વામીશ્રીના શબ્દો સંભળાયા: 'હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવ્યો ?'

શરીરની સૂધ ગુમાવી બેઠેલા સ્વામીશ્રી આ અવસ્થામાં પણ ઠાકોરજીને ભૂલ્યા નહોતા! શરીરમાં ગમે તેટલો તાવ વધે તોય માનવી પોતાના આત્માને ક્યાં ભૂલે છે? જ્યારે સ્વામીશ્રી તો *'પ્રીત રીત અતિ આચર્યા, હરિ આત્માથી અધિક કર્યા'* જેવા હતા. તેઓ ભગવાનને કેવી રીતે ભૂલે? તેના સંબંધવાળા ભક્તોને કેવી રીતે વીસરે?

હૈયાનાં હેત ના ભુલાય

ઔષધ અને ઉપચારને કારણે સ્વામીશ્રીનો તાવ ધીરે ધીરે 'નોર્મલ' થતો ચાલેલો, પણ સૌ માટે સ્વામીશ્રી ધીરે ધીરે અસામાન્ય થતા ગયેલા. જે સંજોગોમાં મનુષ્યને પોતાના શરીર સિવાયનું કાંઈ સૂઝે નહીં, તે સમયે સ્વામીશ્રીને શરીર જ સાંભરતું નહોતું. તેઓ ભક્ત અને ભગવાનને જ

સંભારી રહેલા.

તા. ૨૯/૯ના રોજ તેઓ વ્યારાથી સાંકરી પધાર્યા ત્યારે પણ આ જ દર્શન સૌને થઈ રહ્યું. અહીં બારડોલીના ડૉક્ટરે સ્વામીશ્રીના શરીરમાં કમળો લાગુ પડ્યાનું નિદાન કરતાં, 'સારવાર માટે આજે જ અમદાવાદ જવું' તેવો મત સંતોએ પ્રગટ કર્યો. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'કાલે જઈએ.'

'બાપા! પરિસ્થિતિ ગંભીર છે. માટે આજે પહોંચી જઈએ તો સારું.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'પ્રભુને[૭૬] થાય કે આવ્યા ને ગયા. માટે રહેવું. વિહાણવાળાને પણ પૂજા કરવાની છે. કાલે રવિવાર છે, તો સુરતથી પણ હરિભક્તો આવશે.'

સંતો સ્વામીશ્રીના સ્વાસ્થ્યની ગણતરી રાખીને ચાલી રહેલા, જ્યારે સ્વામીશ્રી ભક્તોની ગણતરી રાખીને. તેથી નિર્ણય આજે નહીં, પણ બીજે દિવસે નીકળવાનો જ થયો. તેઓનાં આવાં હેત કયું હૈયું વીસરી શકે!

આત્મારૂપ જાણ્યું આપનું

અમદાવાદ જવા અંગેનો નિર્ણય લેવાયા બાદ આરામમાં પધારી રહેલા સ્વામીશ્રીએ પુરાણો પ્રસંગ સંભારતાં કહ્યું કે '૩૫ વર્ષ પહેલાં મને કમળો થયેલો. અટલાદરા શરૂઆત થયેલી. ત્યારે શાસ્ત્રીજી મહારાજે મને ભાદરણ વૈદ્યની દવા કરાવવા મોકલેલો. ત્યાં મહિના સુધી કમળો ચાલેલો. આંખ પીળી, થૂંક પીળું આવે. લીંટ પીળું. પેશાબ, ઝાડો પણ તેવો જ. એવું ભયંકર હતું. છતાં કશું થયું નહીં.'

આ બીમારીની સાથે છેલ્લા અઠવાડિયાથી સ્વામીશ્રીને દાંત-દાઢ પણ દુઃખતાં હતાં. તેની ચિકિત્સા માટે તા. ૧/૧૦ના રોજ દંતવૈદ્ય શ્રી લાભશંકરભાઈ આવી પહોંચ્યા ત્યારે તેઓનો પરિચય કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મારે લાભુભાઈ સાથે ત્રીસ વર્ષથી ઓળખાણ. હું સારંગપુરમાં કોઠારી હતો ત્યારે તેઓ આનંદપ્રસાદ મહારાજના દાંત પાડવા આવેલા. ત્યારે હકાભાઈએ ઓળખાણ કરાવેલી.'

આ ઓળખાણથી અહોભાવ અનુભવતા વૈદ્યે સ્વામીશ્રીની જમણી બાજુની દાઢ અને બે દાંતમાં સડો હોવાથી તે કાઢી નાંખ્યાં. અંદર થયેલું પરું અને ખરાબ લોહી પણ દબાવી-દબાવીને દૂર કર્યાં. તે વખતે આ વૈદ્ય બોલી

---

૭૬. સાંકરી મંદિરના તત્કાલીન કોઠારી સાધુ પ્રભુસ્વરૂપદાસ.

ગયા: 'આટલી પીડા તો એક સ્વામીશ્રી જ વેઠી શકે!'

'આત્મારૂપ જાણ્યું આપનું' માની વર્તતા સ્વામીશ્રીની સારવાર માટે આવેલા કોઈ પણ વૈદ્ય-તબીબ તેઓની દેહાતીત સ્થિતિથી પ્રભાવિત થયા વિના રહ્યા નહોતા.

વચન ન લોપત લેશ

સાંકરીમાં દંતચિકિત્સા બાદ બપોરનો આરામ રદ કરી સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા. અહીં તા. ૩/૧૦ના રોજ તેઓની વિશેષ સારવાર માટે આવેલા ડૉક્ટરોએ સ્વાસ્થ્યને ચિંતામુક્ત ગણાવતાં સૌએ રાહત અનુભવી. પણ દંતચિકિત્સાને કારણે દાંતમાં થતો દુ:ખાવો કાબૂમાં લેવા તબીબોએ મોંમાં સ્પિરિટનું નાનું પોતું રાખવા સૂચન કર્યું.

તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'તેમાં શું આવે?'

'આલ્કોહોલ.'

'તો તે ન મુકાય.' સ્વામીશ્રીએ નિદાનનું નિરાકરણ કરી નાંખ્યું.

આજ્ઞા બહારનું ઔષધ તેઓ માટે વિષતુલ્ય હતું. તેઓના શરીરમાં ઘણી માંદગીઓ આવેલી, છતાં શ્રીજીમહારાજની આજ્ઞાને નેવે મૂકીને તેઓએ કદી કોઈ ઉપચાર કર્યો નહોતો.

વાહ રે વાહ મુનિ વાક્ય જે તમ તણાં

તા. ૪/૧૦થી શરૂ થતા દ્વિતીય સંત-સંમેલન માટે સ્વામીશ્રી અમદાવાદથી સારંગપુર પધાર્યા. અહીં તેઓના સાંનિધ્યમાં રોજેરોજ બ્રહ્મ-જ્ઞાનની છોળ્યો ઊછળતી રહી. અંતે તા. ૯/૧૦ના રોજ આ સંમેલનનું સમાપન કરતાં સ્વામીશ્રીએ ઉપયોગી સદ્‌બોધ આપતાં કહ્યું:

'શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત શાસ્ત્ર પ્રમાણે, અનુભવ પ્રમાણેનો છે. ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તે ધ્યેય. શાસ્ત્રીજી મહારાજની સંસ્થા ફૂલે-ફાલે તે ધ્યેય. બીજો કોઈ ધ્યેય આપણો નથી. અહં-મમત્વ નડે છે. પણ 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો હું ને તે મારા છે' તેટલો જ અહં-મમત્વ. આપણું કશું નથી. બધું મહારાજનું છે. મહત્તા લેવા કે અધિકારો ભોગવવાં આવ્યા નથી. કોઈના સામું ન જોવું. પોતપોતાના અધિકારમાં રહીને કાર્ય કરવું. અકીકના પથ્થર માટલામાં હલાવે તેમ સમૂહમાં સ્વભાવ ઘસાય. કોઈ

ટોકે નહીં તો શું વધાય? મોટાપુરુષ કે નાના પુરુષ, પણ દરેકમાંથી ગુણ લેવા. બધું એક અંગ છે. યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજના છીએ. કોઈ અંગને સારું-નરસું ન કહેવાય. જેટલું કર્યું છે તે સફળતા જ છે. (સારું કરવાનો) વિચાર કર્યો તે પણ સફળતા છે. આપ સર્વેને ધન્યવાદ છે. આપની આગળ મસ્તક નમે છે. એક હાથે તાળી ન પડે. હું એકલો કંઈ કરવા સમર્થ નથી. ભગવાન સાથે છે...'

સ્વામીશ્રીની આજની અમૃતધારા પીનારા સૌ ગાઈ ઊઠ્યા : *'વાહ રે વાહ મુનિ વાક્ય જે તમ તણાં, છે અતિશે જ આનંદકારી...'*

મને ઉપવાસ કરવા દો

ચાતુર્માસની તમામ એકાદશીઓ નિર્જળા કરવાનો નિયમ રાખનારા સ્વામીશ્રીના સ્વાસ્થ્યની ગાડી હજી માંડ પાટે ચડેલી. તેથી સૌ સંતોએ તા. ૧૨/૧૦ના રોજ આવેલી એકાદશીએ તેઓને ફરાળ અંગીકાર કરવા પ્રાર્થના કરી, પરંતુ સ્વામીશ્રી ન માનતાં સૌએ વડીલ સદ્‌ગુરુ સંતવલ્લભદાસ સ્વામીને સહાયમાં લીધા. એકાદશીની સવારે જ્યારે સ્વામીશ્રી પોતાના ઉતારા તરફના દરવાજેથી શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં પધાર્યા તે જ વખતે સભામંડપના દરવાજેથી સંત સ્વામી પણ આ કક્ષમાં પ્રવેશ્યા. તેઓને જોતાં જ તેઓના મનમાં રહેલો આશય કળી ગયેલા સ્વામીશ્રી તરત જ એ વડીલ સંતને નમી પડતાં બોલ્યા : 'મને રાજી કરો. મને ઉપવાસ કરવા દો. મારી તબિયત સારી છે. કંઈ વાંધો નહીં આવે.'

સ્વામીશ્રીની દીનતા અને દૃઢતા જોઈ સંત સ્વામી મૂક બની ગયા. ઉપવાસ કરતાં સ્વામીશ્રીને હવે કોઈ રોકી શકે એમ રહ્યું નહીં.

પરંતુ ત્યાં જ સવારે અગિયાર વાગ્યે મુંબઈથી ડૉ. સામાણી આવી પહોંચ્યા. તેઓને જોતાં જ સૌને થયું: 'ભગવાને જ આમને મોકલ્યા.' આ નિષ્ણાત ડૉક્ટરના કહેવાથી સ્વામીશ્રી કંઈક આહાર ગ્રહણ કરશે – એવો પૂર્ણ વિશ્વાસ સૌને હતો. સંતોએ આ બાબતે ડૉક્ટરને પણ વાકેફ કરી દીધા. તેથી તેઓએ તબીબની રૂએ સ્વાસ્થ્યના અહેવાલ જોઈ છેલ્લે સ્વામીશ્રીને ભલામણ કરી કે 'આજે ઉપવાસમાં આપ ફળ કે ઉકાળો જેવું કંઈક લો.'

પરંતુ આ શસ્ત્રનેય નાકામિયાબ પુરવાર કરતાં સ્વામીશ્રીનો ઉપવાસ અણનમ રહ્યો.

આજની બપોર સંસ્થાકીય પ્રકાશનો વાંચવામાં વિતાવતા સ્વામીશ્રીએ ઉપવાસના દિવસે આરામ ન કરવાની શ્રીજી-આજ્ઞા પણ ખબડદાર થઈને પાળી. તે જોઈ તેઓને રાહત પમાડવા સંતોએ રાત્રિકથા વહેલી પૂરી કરી. છતાં સ્વામીશ્રી સૂતા તો રાત્રે બાર વાગ્યે જ. ત્યાં સુધી તેઓ વિવિધ સત્સંગલક્ષી સેવાકાર્યોમાં પરોવાયેલા રહ્યા.

આપણો એ સિદ્ધાંત નથી

સારંગપુરથી વિદાય લઈ જસદણને પાવન કરતાં સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અત્રે તા. ૧૫/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવ ધામધૂમથી ઊજવી તેઓ રાજકોટ થઈને જામનગર પહોંચ્યા.

અહીં તા. ૨૧/૧૦ની પ્રાતઃપૂજામાં સ્વલિખિત લેખનું પઠન કરી રહેલા એક સોની હરિભક્તે, લખાણમાં જ્યાં જ્યાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનો ઉલ્લેખ કરેલો ત્યાં ત્યાં નામ આગળ 'પરમાત્મા' વિશેષણ લગાડેલું.

તે સાંભળતાં જ સ્વામીશ્રીએ સુધારો સૂચવતાં કહ્યું: 'આ ન લખવું. આપણો એ સિદ્ધાંત નથી.'

સિદ્ધાંતલક્ષી આવી સતર્કતા સાથે સ્વામીશ્રી જામનગરથી ભાદરા, ગોંડલ, ધોરાજી, ઉપલેટા, જૂનાગઢ, કેશોદ, ચોરવાડ, ગીર, ખોરાસા થઈને તા. ૨૩/૧૦ના રોજ વેરાવળ પધાર્યા. અહીં યોજાયેલી જાહેર-સભામાં સત્સંગ પરીક્ષાનાં પ્રમાણપત્રોની જાહેરાત થઈ. તેમાં 'પ્રવેશ' પરીક્ષા અંતર્ગત સમગ્ર કેન્દ્રમાં પ્રથમ નંબર મેળવનાર એક મુસ્લિમ બાળાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો.

મારી ન્યૂનતા ના નડી તને

વેરાવળથી સ્વામીશ્રી પ્રભાસપાટણ, કોડીનાર, ડોળાસા થઈને તા. ૨૪/૧૦ની સાંજે ઊના પધારવાના હતા. અહીં તેઓના આગમન પૂર્વે સ્વામીશ્રી સાથે લાભ લેવા ફરતા યુવાનોએ રસોડા અંગેની પૂર્વતૈયારી રાબેતા મુજબ કરી દીધેલી. પરંતુ 'સ્વામીશ્રીને આવવામાં હજી થોડી વાર લાગશે' તેમ ધારી, આ યુવકો નજીકમાં આવેલા મૂળ દ્વારકા તીર્થમાં દર્શન માટે ઊપડી ગયા.

તેઓ નીકળ્યાના થોડા સમયમાં જ સ્વામીશ્રી પધાર્યા. ઊનાવાસીઓએ સુશોભિત ટ્રેક્ટરમાં નગરયાત્રા યોજી તેઓનું ભવ્ય સ્વાગત કર્યું.

સૌનો સત્કાર ઝીલી સ્વામીશ્રી પ્રેમજીભાઈના બંગલે પહોંચ્યા. રાત્રે નવ વાગ્યાથી જાહેર-સભા શરૂ થવાની હોવાથી ઉતારે પહોંચતાં જ ભોજનની તૈયારીઓ થવા લાગી. પણ પૂર્વતૈયારીઓના છેડે ખાડો આવ્યો. સૌને ખબર પડી કે 'સ્વામીશ્રીનું ભોજનપાત્ર જે ગાડીમાં મૂકેલું તે જ ગાડીમાં બેસીને યુવકો મૂળ દ્વારકા ગયા છે !'

આ આકસ્મિક આપત્તિથી પરિસ્થિતિ મૂંઝવણભરી બની રહી. પત્તર વિના ભોજન લેવાનું કહેવાની હિંમત તો સ્વામીશ્રી પાસે કોઈથી થઈ શકે એમ જ નહોતી. તેથી યુવકો આવે તેની પ્રતીક્ષા કરવાની રહી. પણ યાત્રાની મજામાં મશગૂલ યુવાની ઝટ પાછી વળે એમ ક્યાં હતી? ઊનામાં ઊભી થયેલી કટોકટીથી તદ્દન અભાન આ યુવાનો તો નિરાંતે ટહેલતા રહ્યા. તેઓના આનંદની એક-એક ક્ષણ સ્વામીશ્રીને ભૂખનું દુઃખ વધારતી જતી હતી, તેનો તો ખ્યાલ પણ આ ઊછળતી પેઢીને નહોતો.

છતાં ભોજનમાં થઈ રહેલા વિલંબથી લેશ પણ વ્યાકુળ થયા વિના સ્વામીશ્રી સંતો-ભક્તો સાથે ગોષ્ઠીએ વળગ્યા. સંપ્રદાયના જૂના જૂના પ્રસંગો સંભારી સૌને કિલ્લોલ કરાવી રહ્યા.

કેટલીક વાર પછી પેલી યુવાટોળી આવી. સ્વામીશ્રી દ્વારા પ્રસરી રહેલા બ્રહ્માનંદને જોતાં એ યુવકોને ખ્યાલ પણ ન આવ્યો કે 'સ્વામીશ્રી જમ્યા નથી.' તેઓએ પણ એ વિસ્તરતાં વલયોમાં ઝંપલાવ્યું અને પોતે કરેલી યાત્રાનું વર્ણન ઉત્સાહથી કરવા લાગ્યા. તેને રસપૂર્વક સાંભળતા સ્વામીશ્રી વચ્ચે વચ્ચે 'વાહ... સરસ...' જેવા ઉદ્‌ગારોથી યુવાનોનાં વૃત્તાંતને વખાણતાં રહ્યા.

વાત પૂરી થઈ એટલે 'અહોહો ! તમે તો તીરથ કરીને આવ્યા. તમ સ્નાનમ્, અમ સ્નાનમ્. આવો, તમને પગે લાગીએ...' કહેતાં સ્વામીશ્રીએ સૌને નીચા નમી વંદન પણ કર્યાં ! તે જોઈ યુવકો સંકોચાઈ ગયા.

પણ ત્યાં જ સેવકોએ સ્વામીશ્રી સમક્ષ પત્તર મૂક્યું ત્યારે તેઓને ખ્યાલ આવ્યો કે 'સ્વામીશ્રીને તો હજી ભોજન લેવાનું બાકી છે !' તે જાણી યુવકો છોભીલા પડી ગયા કે 'આપણી વાતોને કારણે સ્વામીશ્રીને જમવામાં વિલંબ થયો.' પરંતુ તેઓને જ્યારે ખબર પડી કે 'સ્વામીશ્રીના ભોજનમાં વિલંબ તો તેઓ એમના પત્તરવાળી મોટર લઈને યાત્રા કરવા ઊપડી ગયા તે કારણે થયો છે !' આ જાણતાં તો તે યુવકો સ્તબ્ધ જ થઈ ગયા. તેઓ વિચારી રહ્યા કે 'આપણા વાંક બદલ સ્વામીશ્રીએ ઠપકાનો એક શબ્દ ન કહ્યો અને

આપણને પગે લાગ્યા!'

આ સમયે *'મારી ન્યૂનતા ના નડી તને, તારી પૂર્ણતા ગૈ અડી મને...'* મુજબ સ્વામીશ્રીની પૂર્ણતાનો પારસમણિ એ યુવકોને અડી ગયો. અતિ ઉદાર સ્વામીશ્રી સમક્ષ તેઓ ઝૂકી પડ્યા!

ત્યાગ વા'લો સ્વામીને મન રે

ઊનાથી ગુપ્તપ્રયાગ, ટીંબી, ખાંભા, રાજકોટને લાભ આપતા સ્વામીશ્રી ગોંડલ પધાર્યા.

અહીં તા. ૩૧/૧૦ના રોજ દિવાળીના દિવસે રાજસ્થાનથી આવેલાં બિલાડા રાજ્યનાં કુંવરી સ્વામીશ્રી સારુ વિરંચીની માળા લાવેલાં. ભારતમાં કો'ક કો'ક સ્થળે જ જોવા મળતું આ વૃક્ષ તેઓના દરબારમાં હતું. તેનાં બી સવારમાં ખરે. તે અજવાળું થતાં પહેલાં પરોવી લેવાં પડે. પછી કઠણ થઈ જતાં પરોવી ન શકાય. પરોવવા જાઓ તો સોય તૂટી જાય! પણ આ કુંવરીએ પરિશ્રમ લઈ તેની માળા તૈયાર કરેલી. તે માળા જેવી સ્વામીશ્રી પાસે આવી કે તેઓએ તરત તેને ઠાકોરજી માટે મોકલી આપી.

એક તરફ રાજવી પરિવારો જ્યારે ઉમળકાભેર આવી ભક્તિ અદા કરતા, ત્યારે સ્વામીશ્રીના જીવનની બીજી બાજુ પણ આજે જોવા જેવી રહી.

આ દિવસે તેઓ સ્નાનવિધિથી પરવાર્યા ત્યારે સેવકોએ રોજના ક્રમ મુજબ તેઓને પહેરવા માટે ધોતિયું આપ્યું, પણ તે હાથમાં પકડતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ નવાં ધોતિયાં છે?'

'હા.'

'જૂનાં ક્યાં ગયાં?'

'દિવાળી-નવા વર્ષના બે દિવસ દરમ્યાન નવાં ધોતિયાં પહેરો. પછી જૂનાં જ આપીશું.'

પણ *'..મગન હરિભજન મેં, સો નિરાશ જગમાંહિ'*ની રીતે જીવનારા સ્વામીશ્રીનું મન આ ગોઠવણમાં માન્યું નહીં. તેઓએ જૂનાં ધોતિયાં પહેરવાનો જ આગ્રહ જારી રાખ્યો, પરંતુ ઝાંખા રંગનાં થઈ ગયેલાં જૂનાં ધોતિયાં આવા સારા દિવસે ન આપવાં સેવકો મક્કમ રહ્યા. અંતે શુભ દિવસોમાં સેવકોને દૂભવવા તે સ્વામીશ્રીને યોગ્ય ન લાગતાં, તેઓ નવાં વસ્ત્ર ધારણ કરવાં લાગ્યા, પણ તે પહેરતાં પહેરતાં તેઓની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

નવું ધોતિયું પૂરું પહેરાયું તે પહેલાં તેનો ઉપયોગ એ આંસુ લૂછવામાં થયો !

દિવાળીના દીવામાં સ્વામીશ્રીના ત્યાગનું તેલ પુરાતાં તે વધુ ઝળહળી ઊઠ્યા.

કરુણાનિધિ કરુણા બહુ કીધી

તા. ૧/૧૧ના રોજ નવા વિક્રમ સંવતનું પરોઢ ઊગ્યું[૭૭] – સ્વામીશ્રીની પ્રાતઃપૂજા, મહાપૂજા અને આશીર્વાદના ત્રિવેણી સંગમે. તેમાં ઝબકોળી સૌને ધન્ય કરનારા સ્વામીશ્રીના વિચરણનું ચક્ર આ વર્ષે પણ પુરજોશમાં ફરતું થઈ ગયું. વર્ષના પહેલા સાત દિવસમાં જ તેઓ બાર ગામો ખૂંદતાં તા. ૭/૧૧ના રોજ નાની બોરુ આવી પહોંચ્યા.

અત્રે ત્રણ દિવસના પારાયણ નિમિત્તે તેઓનો મુકામ હતો. તે દરમ્યાન ધોળકામાં રહેતા અતિ સાધારણ સ્થિતિના અરવિંદભાઈએ આવી સ્વામીશ્રીને કહ્યું: 'બાપા ! મારે ઘેર પધારી હરિકૃષ્ણ મહારાજની નાની પંચધાતુની મૂર્તિ પધરાવી આપો.'

નાના-મોટા સૌની ભાવનાઓને ઝીલતાં સ્વામીશ્રીના હૃદય-એન્ટેનાએ આ વાત પકડી લીધી. તેઓ આ મનોરથ પૂરો કરવા તા. ૧૦/૧૧ની સાંજે નાની બોરુથી વિદાય લઈ મોટી બોરુને પાવન કરતાં ધોળકા જઈ પહોંચ્યા. પણ ત્યાં તો *'શેરીમાં ભીડ થઈ ભારી રે...'* જેવો ઘાટ થઈ રહ્યો. પતરાંવાળા ભાડૂતી મકાનમાં રહેનારા આ ભક્તનું ખોરડું સાંકડું સાબિત થઈ રહ્યું. જો કે, સ્વામીશ્રીનું હૃદય વિશાળ હોવાથી વાંધો ન આવ્યો. તેઓએ કોઈ શિખરબદ્ધ મંદિરમાં પ્રતિષ્ઠા કરતા હોય એ ભાવ અને અદાથી એક શ્રમજીવીના ઓરડામાં વેદોક્તવિધિપૂર્વક ઠાકોરજી પ્રતિષ્ઠિત કર્યા.

પણ આ વિધિ બાદ સ્વામીશ્રીને શૌચ-સ્નાન માટે જવાનું થયું ત્યારે આ યજમાનની ઓભામણનો પાર ન રહ્યો, કારણ કે આ ઘરમાં ન મળે શૌચાલય કે ન મળે બાથરૂમ. તેથી બાજુના ઘરમાં વ્યવસ્થા થઈ ત્યાં સુધી સ્વામીશ્રીને દેહક્રિયા દાબી થોભવું પડ્યું. છતાં પોતાને પડેલી આ અગવડ બદલ એક શબ્દ બોલ્યા વિના તેઓ યજમાનને આશીર્વાદ આપી વિદાય થયા, ત્યારે આજની કાર્તિક સુદ દશમીના દિવસે ૧૭૬ વર્ષ પહેલાં મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની પ્રથમ વાર આરતી ઉતારતાં જે ગાયેલું તે આ

૭૭. વિ.સં. ૨૦૩૫નો પ્રારંભ થયો.

હરિભક્ત પણ ગાઈ રહ્યા: *'આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી...'*

રંક અરુ રાયો સમાન

ધોળકાથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૧૧/૧૧ના રોજ દેવ-પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરી બોચાસણ પહોંચ્યા.

અત્રે તા. ૧૪/૧૧ના દિવસે તેઓ પાસેથી દેવદિવાળીના આશીર્વાદ પામી સૌ કૃતાર્થ થયા. આ સમૈયાની સભા બાદ મોડી બપોર સુધી પૂજન ચાલ્યું. આ વર્ષે ઉપરાછાપરી આવેલી બીમારીઓના હુમલાથી હવે સ્વામીશ્રીને પગથિયાં ચડવામાં અને સભામાં લાંબા સમય સુધી બેસવામાં ઘણું કષ્ટ અનુભવાતું હતું. પણ ઉત્સવના આનંદમાં ઘેલા બનેલા ભક્તોને તે નજરમાં જ ન આવતું. તેઓને તો માથે બાપાનો હાથ પડ્યો કે બરડે ધબ્બો વાગ્યો, બાપાને હાર પહેરાવી આવ્યા કે બાપાને તેઓના ઓરડે જઈ મળી આવ્યા, બાપાની પ્રસાદી મળી કે પુષ્પ મળ્યાનો જ કેફ વર્ત્યા કરતો. સ્વામીશ્રી પણ ભક્તોના આ આનંદમાં પોતાનો આનંદ પામી રાજી રહેતા.

તે અનુસાર આજે પણ ખૂબ ભીડો વેઠ્યા છતાં ભક્તોને રાજી કર્યાના સંતોષ સાથે તેઓ બપોરે આરામમાં જઈ રહેલા. તેઓના ઓરડાનું બારણું બંધ થવાની તૈયારીમાં જ હતું ત્યાં સંદેસરના દેવીપૂજક ભક્તો હાર લઈને આવી ચડ્યા. તેઓનું ગામ આમ તો બોચાસણથી ખાસ દૂર નહીં, છતાં કો'ક કારણસર તેઓ આટલા મોડા આવેલા. તેથી સેવકોએ કહ્યું: 'સ્વામીબાપા હવે પોઢી ગયા છે. સાંજે ચાર વાગ્યે આવજો.'

પણ ત્યાં તો સ્વામીશ્રી જ બોલ્યા: 'તેઓને આવવા દો.'

તેઓનાં દ્વાર સૌ માટે સદા ખુલ્લાં જ રહેતાં. સ્વામીશ્રીના આવકાર સાથે જ ઓરડાની બુઝેલી બત્તીઓ ઝગી. સ્વામીશ્રીએ પ્રેમથી હાર ગ્રહણ કર્યો. તે વખતે એકેએકના માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: 'તમારે હારનો ખર્ચ ન કરવો. નિયમ-ધર્મ પાળો છો તેમાં ભગવાન રાજી જ છે.'

આ કૃપાલાભથી તે ભક્તો ગદ્‌ગદકંઠ થઈ ગયા. આજની દેવદિવાળીએ દેવોને આનંદ નહીં હોય એટલો તેઓ અનુભવી રહ્યા.

તેઓને વિદાય દઈ સ્વામીશ્રી પોઢ્યા ત્યારે આજના સમૈયે આવેલા હજારો હરિભક્તોમાંથી કોઈ તેઓના લાભથી વંચિત રહ્યું નહીં.

અંધારપટમાં આત્મીયતાનું દર્શન

બોચાસણથી સ્વામીશ્રી ધર્મજ, વડદલા, કરમસદ, આણંદ, વડોદરા થઈને તા. ૧૬/૧૧ની સાંજે ગાના પધાર્યા.

અહીં શ્રીજીમહારાજના સમયથી ચાલી આવતી પરંપરા મુજબ ઘીની મશાલો પ્રગટાવીને ભક્તોએ સ્વાગત-સામૈયું કર્યું. રાત્રે નવ વાગ્યે શાળાના મેદાનમાં સભા શરૂ થઈ. પણ તે વખતે જ સમાચાર આવ્યા કે 'પાવર હાઉસમાં કંઈક ગરબડ થવાથી બત્તીના દરેક થાંભલે વીજપ્રવાહ ઊતરે છે.'

આ જાણતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'લાઈટો બંધ કરાવો. કોઈને કરંટ લાગી જાય.'

'પણ તેમ કરવાથી સભામાં અંધારું થઈ જશે.' કાર્યકરોએ કહ્યું.

'ભલે થાય, પણ કોઈને નુકસાન થવું ન જોઈએ. લાઈટો બંધ કરો. અમે એમ ને એમ બોલીશું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

...અને તેઓના આદેશ મુજબ બત્તીઓ ઠારવામાં આવી. તેથી ચારેકોર અંધારું છાઈ રહ્યું. પણ તેમાંય *'સર્વેને સુખ થાવા ઈચ્છવું, એહ કૃત્ય છે સંત સુખદાયીનું...'* સંતલક્ષણ સ્વામીશ્રીમાં ઝગારા મારતું જોવા મળ્યું. તેના જ અજવાળે સભા સંપન્ન થઈ! સ્વામીશ્રીનાં સ્વર અને સ્વરૂપનું આકર્ષણ એવું રહ્યું કે લાઈટ અને માઈક વગર પણ તેઓને નીરખવા-સાંભળવા સેંકડોની મેદની સંપૂર્ણ શિસ્ત-શાંતિ જાળવી છેવટ સુધી બેસી રહી!

સભા બાદ સ્વામીશ્રી રાત્રિમુકામ માટે ભાનુભાઈ પટેલના ઘર તરફ જવા નીકળ્યા. ગામની બત્તીઓ બંધ હોવાથી બેટરીના અજવાળે તેઓ ડગલાં માંડી રહેલાં. સાથે પાંચ-પચીસ ભક્તોનો સમુદાય પણ હતો. તે વખતે સાથે ચાલતાં એક યુવક રાજુએ પચીસ-ત્રીસ ફૂટ દૂર કોઈ ડોશીમાને જતાં જોયા. તે સાથે જ સહેજ ઊંચે અવાજે તેઓને સૂચના આપતાં આ યુવક બોલ્યો: 'અરે, માજી! જરા બાજુમાં ખસજો.'

યુવકનો આ ઘાંટો સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'અમથો શું બૂમો પાડે છે? આપણે ક્યાં ત્યાં જવું છે? આપણે તો હવે આ જમણી બાજુની શેરીમાં વળી જઈશું એટલે આપણો ઉતારો આવી જશે.'

આ વાત સાંભળનારા સૌ ચોંકી ઊઠ્યા. ચારે બાજુ છવાયેલા અંધાર-પટમાં પણ ભક્તોનાં ઘર ગામની કઈ ગલીઓમાં છે તેની ખબર સ્વામીશ્રીને

રહેતી. અંધારે અટવાતાં સૌ હવે તેઓની આ આત્મીયતામાં અટવાઈ ગયા!

હજાર હારનું સન્માન

ગાનાથી નાવલી, આણંદને લાભ આપતાં અજરપુરા પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૮/૧૧ની સવારે ૭૫ પધરામણીઓ કરી. ગામ નવું હતું અને સૌનો ઉત્સાહ અનેરો હતો. તેથી અંતેવાસીઓની આનાકાનીને ગણકાર્યા વગર સ્વામીશ્રી ગામમાં ઘૂમી વળ્યા.

અહીંથી સોલાપુરા, ઓડ, તારાપુર, નાર થઈને કાવીઠા પધાર્યા. અત્રે તા. ૨૧/૧૧ની સવારે આણંદના ડૉ. શ્રોફે સ્વામીશ્રીની બે દાઢ પાડી. આટલી શસ્ત્રક્રિયા બાદ તેઓ સંતોકપુરા, વહેરા, બોરસદ, વાસણા, અગાસને લાભ આપતાં બોરિયા આવી પહોંચ્યા. અહીં તા. ૨૪/૧૧ની સવારે ડૉ. શ્રોફે આઠ દાંત પાડ્યા. સ્વામીશ્રીએ અંગીકાર કરેલી પાયોરિયાની બીમારીને કારણે એક પછી એક દંતમોતી તેઓના મુખકમળમાંથી ખરી રહેલાં!

બોરિયાથી સ્વામીશ્રી તા. ૨૫/૧૧ની સાંજે વઘાસી પધાર્યા. આ ગામમાં તેઓની પ્રથમ વારની જ પધરામણી હોવાથી ભક્તોએ ભવ્ય નગરયાત્રા કાઢી તેઓને ગામમાં પધરાવ્યા. અહીં તા. ૨૬/૧૧ના રોજ નિર્જળા એકાદશી હોવા છતાં સ્વામીશ્રીએ સવારના સત્રમાં જ ૪૦ પધરામણીઓ કરી દીધી! ત્યારબાદ આખી બપોર પત્રલેખનમાં ગાળી, સાંજે ગામડી, આણંદને પાવન કરતાં છ વાગ્યે રાવપુરા આવી પહોંચ્યા.

અહીંથી સુશોભિત અને દીવાથી ઝગમગતી બગીમાં સ્વામીશ્રીને પધરાવી બદલપુરના હરિભક્તોએ ભવ્ય નગરયાત્રા શરૂ કરી. આખા માર્ગમાં વસ્ત્રો, વાસણો, પુષ્પો, પાંદડાંઓ વગેરેની ૫૮ કમાનો ઊભી કરવામાં આવેલી. સતત ફૂટતાં ફટાકડા અને ફૂલઝરીઓથી દિવાળી જેવું વાતાવરણ ખડું થઈ ગયું. શિસ્તબદ્ધ આ યાત્રા બદલપુરના મંદિરે સભાના રૂપમાં પરિણમી. શાસ્ત્રીજી મહારાજનું આ ગોકુળિયું ગામ. તેથી સ્વામીશ્રીએ આશીર્વાદમાં તેઓને યાદ કરતાં કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ અહીંના બધાને ઓળખે. તેઓની ઓળખાણ થઈ તેથી લખચોરાશી ને ગર્ભવાસ જતાં રહ્યાં.'

આ આશીર્વાદ બાદ પૂજન શરૂ થયું. નાના-મોટા સૌ હજારીના હાર લઈને હાજર હતા. લગભગ એક હજાર જેટલા હાર સ્વામીશ્રીએ અંગીકાર કર્યા! પણ અંતે તેઓ બોલ્યા: 'આપણે હારમાં પૈસા ન બગાડવા. પાંચ હાર

જ લાવવા.'

પોતાના સન્માન પાછળ થતો દ્રવ્યનો વ્યય સ્વામીશ્રીને બિલકુલ પસંદ નહીં. તેઓને પોતાના સન્માન કરતાં હરિભક્તોની સુખાકારી વધુ અગત્યની હતી.

આ ભાવના સાથે સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે આજે નિર્જળા ઉપવાસમાં ખેડેલાં પાંચ ગામ અને પચાસેક પધરામણીઓથી તેઓ ઘણા શ્રમિત થયેલા. તેથી સૌએ રાત્રે સાડા નવ વાગ્યે તેઓને ફળનો રસ પીવા કહ્યું. પણ તે માટે સ્વામીશ્રીએ ચોખ્ખી 'ના' પાડી. સંતોએ દલીલ કરી કે 'આપે ચાતુર્માસની એકાદશીઓ જ નિર્જળા કરવાનો નિયમ રાખેલો. ચાતુર્માસ હવે પૂરો થઈ ગયો છે. માટે સ્વાસ્થ્ય સાચવવા આપે આજે ફળનો રસ પીવો જ જોઈએ.'

આ વાજબી વાત સાથે સંતો-ભક્તોનો અતિશય આગ્રહ થતાં સ્વામીશ્રી નમતું જોખી એ મોડી રાત્રે ફક્ત અડધો જ પ્યાલો શરબત અંગીકાર કરી પોઢી ગયા. સખત વિચરણ અને ઉગ્ર તપ તેઓના જીવનમાં વર્ષો સુધી એકમેકને સમાંતર ચાલતાં રહેલાં.

માટીમાંથી માણસ ઘડ્યા

બદલપુરના રોકાણ દરમ્યાન અહીંના એક સંનિષ્ઠ ભક્તના ભાઈ કાનજીભાઈ દારૂની લતે ચડી ગયાની ખબર સ્વામીશ્રીને મળેલી. તે સાંભળી એ યુવાનને બોલાવી તેઓએ કહ્યું: 'તારી વાત સાંભળી મારો તો જીવ બળી ગયો.'

આ લાગણીસભર શબ્દોથી તે યુવાનની આંખો સજળ થઈ ગઈ. તેમાં વ્યસન તો ક્યાંય તણાઈ ગયું. જે કામ ભાષણોથી ન થતું, તે સ્વામીશ્રીના ભાવભર્યા બે શબ્દથી થતું.

આ ભાવ સાથે સ્વામીશ્રી તા. ૨૭/૧૧ના રોજ નરસિંહપુરા થઈને જૂના બદલપુર ગામે પહોંચ્યા. અહીં એક ગામવાસી દારૂ વેચવાનો ધંધો કરતા. અલબત્ત, કૉલેજના બીજા વર્ષ સુધીનો અભ્યાસ કરનારા તેઓ દારૂ પીતા નહોતા, પરંતુ પૈસાનાં વખાં પડતાં તેઓએ આ વ્યવસાયમાં ઝંપલાવેલું. અહીંથી છેક અમદાવાદ સુધી તેઓ પુરવઠો પૂરો પાડે. પોલીસને પણ હાથતાળી દેતાં ફરે.

સ્વામીશ્રીએ આ વિગત જાણી તેઓને બોલાવ્યા અને એકધારી પંદર

મિનિટ સુધી વ્યસનની બરબાદી અંગે વાતો કરી. તેમાં વહેતો સ્વામીશ્રીનો શુદ્ધ ભાવ પારસમણિ પુરવાર થયો. તેથી એ અઠંગ વેપારીનો હૃદયપલટો થતાં તેણે કહ્યું: 'જેને એક મિનિટનો સમય નથી તે સ્વામીશ્રીએ મારા માટે પંદર મિનિટ કાઢી!' એ ઘડીથી તેઓએ 'બાટલીઓ' ફોડી, 'કોથળીઓ' છોડી અને સ્વામીશ્રીના આશીર્વાદથી નવા ધંધામાં ગોઠવાયા.

આમ, જે રીતે સ્વામીશ્રી માટીમાંથી માણસ ઘડી રહેલા તે જોઈ તેઓની સાથે આવેલા નડિયાદ અને મહોળેલના બે મુમુક્ષુઓને પણ ચિનગારી લાગી ગઈ. તેમાં તેઓની બીડી ખાખ થઈ ગઈ.

આ રીતે *'મહેંદી તે વાવી માંડવે ને તેનો રંગ ગયો ગુજરાત'* મુજબ એકનો રંગ બીજાને લાગતો ને તે ત્રીજાને. એમ સ્વામીશ્રીનું કાર્ય રંગ જમાવતું રહેતું.

તે અનુસાર તેઓ જૂના બદલપુરથી યોગીપરા પધાર્યા. કોતરોના ટેકરા પરનું આ ગામ. ત્યાં સભા ભરી સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે ટેકરે ચડ્યા છીએ તે ખાડામાં ન પડવું. યોગીબાપાએ સત્સંગરૂપી ટેકરે ચડાવ્યા છે, સુખિયા કર્યા છે. માટે ત્યાંથી પડવું નહીં.'

સ્વામીશ્રીના આવા પ્રાસંગિક શબ્દો સૌમાં અદકેરી ખુમારી ચઢાવી સૌને ખુવારીથી બચાવી લેતા.

તહાં શક્તિ દેખાડે છે તેવી

તા. ૨૮/૧૧ના એક જ દિવસમાં સ્વામીશ્રી કાળુ, આંબેખડા, ધુવારણ, ખડોધી, કઠાણા, કણભા, રાસ, સૈજપુર એમ આઠ ગામો ઘૂમતાં રાત્રે દસ વાગ્યે બોચાસણ પધાર્યા. અહીં ડૉ. શ્રોફે તેઓની એક દાઢ અને બે દાંત કાઢ્યાં. ત્યારબાદ સ્વામીશ્રી સોજિત્રા, ડભોઉ, વડતાલ થઈને તા. ૧/૧૨ની સવારે આણંદમાં ડૉ. શ્રોફના દવાખાને જઈ પહોંચ્યા. ત્યાં દાંતનાં ચોકઠાંનું માપ લીધું. ત્યાંથી કરમસદને લાભ આપતાં પુનઃ ડભોઉ ગયા. અહીં ૪૦ પધરામણીઓ કરી સાંજે સાડા છ વાગ્યે વલાસણ પધાર્યા.

અત્રે સ્વાગતમાં યોજાયેલી ભવ્ય નગરયાત્રામાં સ્વામીશ્રી બિરાજેલા. હજારોનો સમુદાય જયનાદો ગજવતો તેઓને વધાવી રહેલો. તે વખતે આશરે પોણા સાત વાગ્યાના સુમારે સ્વામીશ્રીએ બાજુમાં બેઠેલા નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીને પૂછ્યું: 'આપણી સાથે નટુભાઈ બે દિવસથી મોટર લઈને સેવામાં છે.

તેઓ ક્યાં રહે છે? મહેળાવ કે વિદ્યાનગર? આપણે તેમને ઘેર ગયા નથી.'

સ્વામીશ્રીની આ પૂછપરછ વખતે નટુભાઈ નગરયાત્રામાં સાથે જ હતા.

શોભાયાત્રા બાદ તેઓ વિદ્યાનગર મુકામે પોતાના ઘેર પહોંચ્યા ત્યારે ઘરમાં પ્રવેશતાં જ તેઓનાં પત્નીએ પૂછ્યું: 'તમે ક્યાં ગયા હતા?' આટલું પૂછ્યા બાદ ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના જ તેઓ બોલવાં લાગ્યાં કે "બાપા હમણાં પોણા સાત વાગ્યે અહીં પધરામણી કરી ગયા. હું આરતી કરી રોજના નિયમ મુજબ વચનામૃત વાંચવાં બેઠી હતી ત્યાં બાપા પધાર્યા. સાથે નારાયણ ભગત, આચાર્ય સ્વામી પણ હતા. હું બીજા રૂમમાં જતી રહી. તેઓ સોફા પર બેઠા ને વાતો કરવા લાગ્યા કે 'નટુભાઈ આપણને કેમ બોલાવતા નથી? આજે આપણી મેળે આવી ગયા. હવે જઈએ.' એમ થોડી વાર બેસીને ગયા."

પત્નીની આ વાત સાંભળી નટુભાઈ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા, કારણ કે જે સમયે સ્વામીશ્રીએ પોતાના ઘેર પધરામણી કરી તે સમયે તો તેઓને પોતે વલાસણની નગરયાત્રામાં બિરાજેલા જોઈ રહેલા.

તેઓ બીજે જ દિવસે સ્વામીશ્રી પાસે દોડી ગયા અને આ ઘટના કહી સંભળાવી. તે સાંભળીને સ્વામીશ્રીની તો મુખરેખા બદલાઈ નહીં, પણ અન્ય સૌનાં મોં મલકી ઊઠ્યાં.

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ભગવાન એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઇચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે.'[૭૮] પરબ્રહ્મનું આ ઐશ્વર્ય અક્ષરબ્રહ્મમાં પણ હોય જ. તેથી સ્વામીશ્રી પણ *'ઘટે શક્તિ દેખાડવી જેવી, તહાં શક્તિ દેખાડે છે તેવી...'* મુજબ અત્ર, તત્ર, સર્વત્ર એકસાથે દર્શન આપી શકતા.

શ્રીજીની ખોટ પુરાય છે

વલાસણથી વિદાય લઈ સ્વામીશ્રી રામોલ, મલાતજ, પેટલી, ચાંગા, ડેમોલ થઈને કરમસદ પધાર્યા.

અહીં મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે તા. ૬/૧૨ના રોજ યજ્ઞ, નગરયાત્રા અને કીર્તન આરાધનાની ત્રિવેણીમાં ગામ ગરક થઈ ગયું. તે પછી આવેલો તા. ૭/૧૨નો દિવસ તિથિ તથા તારીખ અનુસાર સ્વામીશ્રીના ૫૮મા જન્મોત્સવ અને મંદિરના પ્રતિષ્ઠા-ઉત્સવના સંગમે ઊગ્યો. સુશોભિત

---

૭૮. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૩.

હરિમંદિરમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમની આરસના ઉપાડની મૂર્તિઓ પધરાવી ત્યારે શાસ્ત્રીજી મહારાજને ઉચિત અંજલિ અપાઈ રહી. અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે વરતાલથી મહાપ્રસ્થાન કરનારા શાસ્ત્રીજી મહારાજે પહેલો મુકામ કરમસદમાં કરેલો. તેઓની આ પ્રથમ બેઠક પર 'અક્ષર' પીઠ સ્થપાઈ ગઈ.

પ્રતિષ્ઠાવિધિ બાદ સ્વામીશ્રી સભામાં આવી 'અક્ષર દેરી' આકારના સિંહાસનમાં બિરાજ્યા ત્યારે અનેક સત્સંગી-મહાનુભાવોની ભાવોર્મિઓ વહી રહી. તે ક્રમમાં ઍડવોકેટ શ્રી નટવરલાલ ભાલજાએ કહ્યું :

'બોચાસણવાસી સંસ્થામાં જે કાર્ય થાય છે તે સ્વામિનારાયણ ભગવાનનું જ કાર્ય છે. ભગવાન સ્વામિનારાયણના વખતમાં સત્સંગ ઘણો ફૂલ્યો-ફાલ્યો. પછી તેમાં ઊણપ આવી. તે ઊણપને રાગે પાડવા, ખોટ પૂરી પાડવા પ્રમુખસ્વામી મહારાજ જે કાર્ય કરી રહ્યા છે તે સત્સંગની વૃદ્ધિ અને શુદ્ધિનું કાર્ય છે. અહીં ગ્રેજ્યુએટ થયેલા સાધુઓ વૈરાગ્યથી આવે છે. આવા શાસ્ત્રી હોય ત્યાં સંપ્રદાયનો જય થાય.'

નામાંકિત ઍડવોકેટના આ 'જજમેન્ટ'ને ઉપસ્થિત મેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. વિરોધીઓ પણ મનમાં ઘા રમી જાય એવાં કાર્યો હતાં સ્વામીશ્રીનાં !

લાંબુ નહીં, પણ સારું

આજના જન્મજયંતી પર્વે ડૉક્ટર સ્વામીએ પોતાની જોશીલી શૈલીમાં – 'દ્વિશતાબ્દી પ્રસંગે ૭૦૦ સત્સંગકેન્દ્રોમાંથી ૧,૧૦૦ મંડળો થાય, ૫,૦૦૦ હરિભક્તો ઘરમંદિર કરે અને પ્રકાશ-પત્રિકાના ૨,૦૦૦ આજીવન સભ્યો થાય' તેવા શુભ સંકલ્પો સ્વામીશ્રી સમક્ષ કર્યા. તે પછી રાજ્ય પરિવહન મંત્રીશ્રી શંકરભાઈ વાઘેલાએ પોતાની સ્થિતિ વર્ણવી કે 'રાધા જેમ કૃષ્ણ પાછળ ગાંડી થઈ હતી તેમ હું સ્વામીશ્રી પાછળ ગાંડો થયો છું. મેં આદિવાસી અને હળપતિ સત્સંગીઓને સાંભળ્યા પછી લાગ્યું કે જે રાજ્ય નથી કરતું તે સ્વામિનારાયણ સંપ્રદાય કરે છે.'

*'શંકર' પાગલ પ્રેમમાં તારા...*ની આ અનુભૂતિ બાદ શંકર કવિએ એક કીર્તન રજૂ કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! તમને અઠ્ઠાવન થયાં. હવે સો વરસ જીવવાના. બરાબર ને !'

'આટલાં બસ છે. શું કામ લાંબું કરવું?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને લાંબા જીવન કરતાં સારા જીવનમાં વિશેષ રસ. વળી, સારા દેખાવા કરતાં સારા થવાનું અધિક તાન. તેથી આજે તેઓની જન્મજયંતીના દિવસે પણ બોખા મુખે બેસવામાં તેઓને કોઈ ક્ષોભ નહોતો.[૭૯] આ અરસામાં મોંમાં પડેલી ચાંદીને કારણે તેઓએ આજે ચોકઠું પણ પહેર્યું નહોતું. આવા મુખે જ તેઓએ આશીર્વાદ ઉચ્ચાર્યા કે 'સ્વામિનારાયણ સંપ્રદાય વિશાળ સંપ્રદાય છે. વિશ્વધર્મ બને તેવો સંપ્રદાય છે. હોલા ઉપાડ કરીએ.'[૮૦]

દંતબત્રીસીની પૂર્ણ વિદાય

કરમસદથી આણંદ, વિદ્યાનગર, બાકરોલ, અટલાદરા, સુણાવ, સંજાયા, જીટોડિયા થઈને ભૂમેલ પધારેલા સ્વામીશ્રીએ અહીં ભક્તોના ઉત્સાહથી તૈયાર થયેલા મંદિરમાં તા. ૧૧/૧૨ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. અત્રે પ્રતિષ્ઠા નિમિત્તે નીકળેલી નગરયાત્રામાં બિરાજેલા તેઓનાં દર્શન કરી બૅન્ડ-વાજાંવાળાના અંતરમાં પરિવર્તનનાં વાજાં વાગી ગયાં. તે સૌએ સ્વામીશ્રી પાસે આવી દારૂનું વ્યસન છોડ્યું.

પરિવર્તનની આ પ્રક્રિયા કાયમી રહે તે માટે મંદિરોનું નિર્માણ કરતાં સ્વામીશ્રી મહેળાવના મંદિરનો પાટોત્સવ ઊજવી કરમસદ, ડોકરડાપરા, રાવપુરા, ઝારોળા, વાલવોડ, ભાદરણને પાવન કરતાં પોરડા પધાર્યા.

અહીં પણ તા. ૧૪/૧૨ના રોજ ઉમંગભેર પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. સ્વામીશ્રીના વરદહસ્તે વધુ એક મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા, વધુ એક સંસ્કારની પરબ ખૂલી, વધુ એક ગામની આવરદા વધી.

ગ્રામોદ્ધારનું આ કાર્ય કરી સ્વામીશ્રી પલાણાને પાવન કરતાં પીપલગ પધાર્યા. અહીં ડૉ. શ્રોફે તા. ૧૫/૧૨ અને તા. ૧૭/૧૨ના રોજ બબ્બે દાઢો પાડી. આવી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રીએ પીપલગમાં ૮૦ પધરામણીઓની સાથે ગુતાલ, નરસંડા, ડુમરાલ, વડતાલ, નડિયાદ, સલૂણમાં વિચરણ કર્યું.

---

૭૯. મુખમાં ફક્ત પાંચ જ દાઢ બચેલી.

૮૦. સ્વામીશ્રીના આ ૫૮મા જન્મજયંતી મહોત્સવ તથા પ્રતિષ્ઠા-ઉત્સવનાં દર્શન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

ત્યારબાદ તા. ૧૯/૧૨ના રોજ તેઓની છેલ્લી દાઢ પણ પાડવામાં આવતાં હવે સ્વામીશ્રીનું મુખ તદ્દન દંતવિહીન થઈ ગયું. ૫૭ વર્ષ સુધી સેવા લઈ તેઓએ દંતબત્રીસીને ધન્ય કરી.

સ્પરશે રજ કરે દુઃખ દૂર રે

પીપલગથી સ્વામીશ્રી હળદરી, ખડોલ, અરેરા, અંઘજ, વરસોલા, અલીન્દ્રા, મહોળેલ, પણસોરા, હેરંજ, ચૂણેલ, મેઘવા થઈને બોરસદ પધાર્યા. અહીં તા. ૨૫/૧૨ના રોજ નિર્માણાધીન સૂર્યમંદિરના લાભાર્થે યોજાયેલી સભામાં આશીર્વાદ આપી બોરિયા પહોંચ્યા. અત્રે રસ્તા પર આવેલી નિશાળમાં ગામના મંડળ દ્વારા સત્સંગ પરીક્ષાના વર્ગો શરૂ થવાના હતા. દીપ-પ્રાગટ્ય દ્વારા તેનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ કરી આપ્યું !

સત્સંગના નાનામાં નાના આયોજનમાં પણ ઊંડો રસ લેતા સ્વામીશ્રી અહીંથી ભાટિયેલ, ફાગણી, રઢુ થઈને પુરુષોત્તમપુરા પધાર્યા. શાસ્ત્રીજી મહારાજે તીર્થભૂમિ કરેલા આ સ્થાનમાં આવતાં જ તેઓ હરખાઈ ઊઠ્યા.

અહીંના ત્રણ દિવસના રોકાણ દરમ્યાન એક વાર સ્વામીશ્રી તુલસીભાઈના ઘેરથી ડાહ્યાભાઈના ઘેર ઠાકોરજી જમાડવા ચાલતાં જ નીકળ્યા. તે વખતે હરિભક્તો દર્શનના લોભે આગળ-આગળ ચાલવા માંડ્યા. તેથી ઊડતી ધૂળ પાછળ આવતાં સ્વામીશ્રી પર જ પડવા લાગી. તેથી સંતોએ કહ્યું : 'હરિભક્તો બધા પાછળ ચાલો. ધૂળ સ્વામીશ્રી પર ઊડે છે.'

'ભલે ઊડતી.' સ્વામીશ્રી તરત જ બોલ્યા અને ઉમેર્યું : 'અહીંની રજનો તો ઘણો મહિમા છે. માટે હરિભક્તોને આગળ ચાલવા દો.'

ગુરુચરણ-સરોજરજ માટે તો સ્વામીશ્રીને *'સ્પરશે રજ કરે દુઃખ દૂર રે...'*નો ભાવ રહેતો. તેઓને મન આ ધૂળ ધન કરતાંય વધુ મૂલ્યવાન હતી.

આથી સંત બીજા કોણ સારા રે...

પુરુષોત્તમપુરાથી ઈશ્વરપુરા, નાયકા, મહાદેવપુરા, નવાગામ, ચલીન્દ્રા લોટ, જેતલપુર થઈને સ્વામીશ્રી તા. ૩૦/૧૨ના રોજ અમદાવાદ પધાર્યા.

સન ૧૯૭૯નું વર્ષ 'યુનો' દ્વારા આંતરરાષ્ટ્રીય બાલવર્ષ તરીકે ઊજવાનાર હોવાથી સંસ્થા સંચાલિત ૪૦૦ બાળમંડળોના ઉપક્રમે અને તેના લાભાર્થે ૧૦૦મી કીર્તન આરાધનાનો કાર્યક્રમ તા. ૩૦/૧૨ની રાત્રે તથા

તા. ૩૧/૧૨ની સવારે પ્રેમાભાઈ હૉલમાં યોજાયેલો. આ બંને પ્રસંગે હાજર રહી સ્વામીશ્રીએ સૌને પ્રોત્સાહિત કર્યા. દ્વિશતાબ્દી નિમિત્તે પ્રકાશિત થનારી સાહિત્યશ્રેણીનાં પ્રથમ આઠ પુસ્તકોનું વિમોચન પણ તેઓએ તા. ૩૧/૧૨ની સવારે કર્યું.

આમ, ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતું વધુ એક ફલક ખુલ્લું મૂકતાં સ્વામીશ્રી કીર્તન આરાધનાના કાર્યક્રમમાંથી પરવારી મંદિરે પધાર્યા. અહીં તેઓના સાંનિધ્યમાં સાંજે ચાર વાગ્યે આંતરરાષ્ટ્રીય બાલવર્ષ તથા સંસ્થાની બાલપ્રવૃત્તિના રજત જયંતી વર્ષના પ્રારંભ નિમિત્તે સભા યોજાઈ. તેમાં બાલવર્ષના પ્રતીકનો અનાવરણવિધિ કરી તેઓ અમદાવાદથી અટલાદરા આવી પહોંચ્યા ત્યારે તેઓનું સાંનિધ્ય પામી વધુ એક વર્ષ સરી ગયું.

જેઓને માથું દુઃખવું શું કહેવાય? તેનો ખ્યાલ નહોતો તેવા સ્વામીશ્રી પર આ વર્ષે અવારનવાર માંદગીનાં આક્રમણ થયાં. તેથી તેઓના લગભગ ત્રણ-ચાર મહિના તો સારવારમાં જ વીત્યા. છતાં સ્વામીશ્રી રોજનું એક ગામ કહી શકાય તે સરેરાશથી, આ એક વર્ષમાં ૩૬૮ ગામો તો ઘૂમી જ વળ્યા! સારું-સમું શરીર જે ન કરી શકે તે તેઓએ અસ્વસ્થ તબિયતમાં પણ કરી બતાવ્યું! પૂર્ણપણે ખીલેલા ચંદ્ર અને તારાનાં અજવાળાં પણ, વાદળો પાછળ ઢંકાયેલા સૂર્યના પ્રકાશની બરાબરી ક્યાં કરી શકે છે?! તેથી જ આજે વિદાય લેતી સન ૧૯૭૮ સ્વામીશ્રીને વધાવતાં સૂર રેલાવતી ગઈ કે –

'આથી સંત બીજા કોણ સારા રે, આવા સંત લાગે મુને પ્યારા રે...'






...ગતજી મહારાજ　　શાસ્ત્રીજી મહારાજ　　યોગીજી મહારાજ　　પ્રમુખસ્વામી મહારાજ　　મહંત સ્વામી મહારાજ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
...રબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના
દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો...



નવખંડ ધરતીમાં સ્વામિનારાયણીય ધજાપતાકા લહેરાવીને ભારત પધારેલા સ્વામીશ્રીનું
મુંબઈમાં ષણ્મુખાનંદ સભાગૃહમાં ભવ્ય સન્માન... (૬-૧-૧૯૭૫)



અમદાવાદના ટાઉન હોલમાં અનેક પ્રસિદ્ધ સંતો-મહાનુભાવોએ સ્વામીશ્રીનું પ્રશસ્તિગાન કરીને
વહાવેલી અભિનંદનની વર્ષા... (૨-૩-૧૯૭૫)




દુષ્કાળના વર્ષમાં કરુણામૂર્તિ સ્વામીશ્રીની કરુણાવર્ષા...
ગોંડળ અન્નક્ષેત્રમાં જાતે પીરસીને દુષ્કાળ-પીડિતોની ભૂખ ભાંગતા સ્વામીશ્રી... (૨૧-૩-૧૯૭૫)



દુષ્કાળ-પીડિતોને
અન્નદાન સાથે અભયદાનની
લહાણ કરતા સ્વામીશ્રી...
(ગોંડલ, ૧૯૭૫)



સારંગપુરમાં દુષ્કાળ નિમિત્તે સમાજસેવાની સરિતા વહાવતા સ્વામીશ્રી... (૧૫-૪-૧૯૭૫)




ઇષ્ટદેવ
ભગવાન સ્વામિનારાયણના
પ્રાગટ્યતીર્થ છપૈયામાં
દર્શનલીન સ્વામીશ્રી...
(૧૩-૭-૧૯૭૫)




યોગીજી મહારાજના દેહોત્સર્ગ સ્થળે
રચાયેલા 'યોગી સ્મૃતિમંદિર'માં
યોગીજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠાવિધિ
બાદ પ્રાર્થના કરતા
ગુરુભક્તિમય સ્વામીશ્રી...
(ગોંડલ, ૧૯-૧૦-૧૯૭૫)




યોગીજી મહારાજના સ્મૃતિમંદિરમાં યોગીજી મહારાજના દેહોત્સર્ગ સ્થળે
શ્રીહરિનાં ચરણારવિંદનું સ્થાપન... (ગોંડલ, ૧૯-૧૦-૧૯૭૫)



યોગીજી મહારાજના સ્મૃતિમંદિરમાં યોગીજી મહારાજની પ્રાસાદિક વસ્તુઓનું પ્રદર્શન નિહાળતા
સ્વામીશ્રી અને મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ...



યોગીજી મહારાજની ચિરંતન સ્મૃતિઓને સંગ્રહીને બેઠેલું,
સ્વામીશ્રીની ગુરુભક્તિના પ્રતીકસમું તત્કાલીન યોગી સ્મૃતિમંદિર...



ગજે બેઠા ગિરધારી રે...

વલાસણમાં હાથી પર સ્વામીશ્રીનું ભવ્ય સન્માન... (૪-૧૨-૧૯૭૫)



મૂર્તિપ્રતિષ્ઠા દરમ્યાન મુખદર્શન-વિધિ કરતા સ્વામીશ્રી... (વલાસણ, ૪-૧૨-૧૯૭૫)



પ્રાણપ્રતિષ્ઠા વિધિ દરમ્યાન ભગવાનની દૃષ્ટિનાં દિવ્ય તેજથી ફૂટેલો કાચનો અરીસો... (વલાસણ



સુરતમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યજ્ઞનારાયણને આહુતિ અર્પતા સ્વામીશ્રી સાથે
મહંત સ્વામી અને સંતવૃંદ... (૧૦-૧૨-૧૯૭૫)



સુરતના રાજમાર્ગો પર નીકળેલી વિરાટ શોભાયાત્રામાં
સુશોભિત રથમાં બિરાજમાન સ્વામીશ્રી...



મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં શ્રીહરિનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી... (સુરત, ૧૧-૧૨-૧૯૭૫)



'પ્રમુખસ્વામી શિક્ષાપત્રીનું જીવંત સ્વરૂપ છે...' સ્વામીશ્રીના ૫૫મા જન્મજયંતી મહોત્સવ પર્વે તેઓ
પ્રશસ્તિગાન કરતા મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ... (સુરત, ૧૧-૧૨-૧૯૭૫)




મહાનગરી મુંબઈમાં શિખરબદ્ધ મંદિરના શ્રીગણેશ... (૨-૫-૧૯૭૬)



ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે પંચવર્ષીય યોગયજ્ઞ અંતર્ગત
મુંબઈમાં યોજાયેલી પ્રભાતફેરીમાં સ્વામીશ્રી તથા સંતો... (૮-૫-૧૯૭૬)



તૃતીય આંતરરાષ્ટ્રીય બાળ-યુવા અધિવેશન અંતર્ગત ગત અધિવેશનના સ્થળ ગોંડલથી આવેલી
'અક્ષરજ્યોત'નું સ્વાગત કરતા સ્વામીશ્રી... (વલ્લભવિદ્યાનગર, ૧૮-૫-૧૯૭૬)




અધિવેશન અંતર્ગત રક્તદાન યજ્ઞનું આયોજન. સ્વયં રક્તદાનની પહેલ કરતા સ્વામીશ્રી...
(વલ્લભવિદ્યાનગર, ૨૧-૫-૧૯૭૬)



બાળ-યુવા અધિવેશનમાં વિજેતાઓને અણમૂલી ઇનામી સ્મૃતિ...
(વલ્લભવિદ્યાનગર, ૨૩-૫-૧૯૭૬)



ર્તિપ્રતિષ્ઠા પર્વે યજ્ઞવિધિમાં લીન સ્વામીશ્રી...
(વ્યારા, ૨૭-૧૧-૧૯૭૬)



શોભાયાત્રામાં ઠાકોરજી સાથે બિરાજમાન
'અમૃતસેતુ' સ્વામીશ્રી... (વ્યારા)



ઠાકોરજીનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ...
(વ્યારા, ૨૮-૧૧-૧૯૭૬)



શતં જીવ શરદઃ
૫૬મી જન્મજયંતીએ હારતોરાથી અભિવાદન...
(વ્યારા, ૨૮-૧૧-૧૯૭૬)



લલિત ત્રિભંગી સુંદર શોભે...
ઊટીથી કોઈમ્બતુર જતાં રસ્તામાં
અનોખું દર્શનદાન... (૧૦-૨-૧૯૭૭)



ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના પગલે પગલે તીર્થયાત્રાના અનુરાગી સ્વામીશ્રી...
(આદિકેશવ, તિરુવત્તર, ૧૯-૨-૧૯૭૭)



દક્ષિણ ભારતીય ભક્તિ-પરંપરાનું અનુસરણ કરતાં તોતાદ્રિનાં દર્શનાર્થે પધારેલા સ્વામીશ્રી...
(૨૦-૨-૧૯૭૭)



ભોંયપથારીનો બ્રહ્માનંદ. તૂતકુડીથી રામેશ્વર જતાં... (૨૦-૨-૧૯૭૭)



'સમત્વં યોગ ઉચ્યતે'...

ભગવદ્ ગીતાના સમત્વના મંત્રને પળેપળ જીવતા સ્વામીશ્રી... (રામેશ્વર, ૨૧-૨-૧૯૭૭)



જીમંતનાથ સમરાથ સંત હાથ સુંદરે...
ઠાકોરજીને પ્રેમભક્તિપૂર્વક થાળ ધરાવતા સ્વામીશ્રી... (દક્ષિણ ભારત, ૧૯૭૭)



સંઘ ભેળા શોભે ભગવંત...
દ્વિતીય વિદેશ-ધર્મયાત્રામાં સહયાત્રી સંતો સાથે સ્વામીશ્રી... (નાયગ્રા ધોધ, કેનેડા, ૯-૯-૧૯૭૭)



આસ્ટનમાં મૂર્તિપ્રતિષ્ઠા પર્વે શોભાયાત્રામાં બગીમાં બિરાજમાન સ્વામીશ્રી... (યુ.કે., ૧૬-૭-૧૯૭૭



મૂર્તિપ્રતિષ્ઠાવિધિમાં ઠાકોરજીનું પૂજન કરતા સ્વામીશ્રી... (આસ્ટન, યુ.કે., ૧૬-૭-૧૯૭૭)



એ તો શોભે જોડાજોડ...

ન્યૂયોર્કમાં શોભાયાત્રામાં બિરાજમાન સ્વામીશ્રી સાથે મહંત સ્વામી... (૨૭-૮-૧૯૭૭)



ન્યૂયોર્કના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા... (૨૮-૮-૧૯૭૭)



હૃદય સમા સ્વયંસેવકો તથા યુવકોને ભોજન સાથે પ્રેમ પીરસતા વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રી...
(ન્યૂયોર્ક, સન ૧૯૭૭)



જળ, જોગી અને જગદીશની ત્રિવેણી...
(નાયગ્રા ધોધ, કેનેડા, ૯-૯-૧૯૭૭)



પ્રગટ મૂર્તિ સુખની સીમા...
પરદેશી પણ દર્શનથી મંત્રમુગ્ધ... (નાયગ્રા ધોધ, ૯-૯-૧૯૭૭)



ગુરુ ગોવિંદ દોનું બૈઠે...
બ્રહ્મમસ્તીમાં લીન સ્વામીશ્રી... (નાયગ્રા ધોધ, ૯-૯-૧૯૭૭)



ટોરોન્ટો(કેનેડા)માં કલ્યાણયાત્રા.
શોભાયાત્રામાં બગીમાં શોભતા સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી... (૧૦-૯-૧૯૭૭)



નિમિલિત નયને બગીમાં બિરાજમાન સ્વામીશ્રી અને મહંત સ્વામી...
(ટોરોન્ટો, ૧૦-૯-૧૯૭૭)




તીર્થીકુર્વન્તિ તીર્થાનિ...
મિશિગન મહાસરોવરમાં
ઠાકોરજીને સ્નાન કરાવતા
સ્વામીશ્રી... (૧૯૭૭)



ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીમાં ધર્મના અભ્યાસીઓને ધર્મપુરુષની ધર્મવાણીનો લાભ...
(ક્લીવલેન્ડ, ૨૭-૯-૧૯૭૭)



જગપ્રસિદ્ધ અંતરિક્ષ સંશોધન સંસ્થા 'નાસા'માં સ્વામીશ્રીનું પદાર્પણ...
(૨૪-૧૦-૧૯૭૭)



અબ્રાહમ લિંકન મેમોરિયલને પ્રસાદીભૂત કરી અબ્રાહમ લિંકનને અંજલિ અર્પતા સ્વામીશ્રી...
(વોશિંગ્ટન ડીસી, ૨-૧૧-૧૯૭૭)



સત્સંગની પાર્લામેન્ટ...

પિટલ હિલના પ્રાંગણમાં સત્સંગની હેલી વરસાવતા સ્વામીશ્રી... (વોશિંગ્ટન ડીસી, ૨-૧૧-૧૯૭૭)




કેપિટલ હિલના પ્રાંગણમાં કથાવાર્તામાં રસલીન સ્વામીશ્રી...

(વોશિંગ્ટન ડીસી, ૨-૧૧-૧૯૭૭)




ન જડે આ બેની જોડ...


(વ્હાઇટ હાઉસના પ્રાંગણમાં, વોશિંગ્ટન ડીસી, યુ.એસ.એ., સન ૧૯૭૭)




અંગ્રેજી ભાષામાં અનુવાદિત શ્રીહરિની પરાવાણી 'વચનામૃત' ગ્રંથની પ્રથમ નકલને ઠાકોરજી સમક્ષ ભક્તિભાવથી અર્પણ કરતા સ્વામીશ્રી... (ન્યૂયોર્ક, ૧૧-૧૧-૧૯૭૭)



હાર્વર્ડ યુનિવર્સિટીના 'પાર્કમેન પ્રોફેસર ઓફ ડિવિનિટી' શ્રી જહોન કાર્મેનના હસ્તે 'વચનામૃત' ગ્રંથની અંગ્રેજી આવૃત્તિનું ઉદ્ઘાટન... (૧૧-૧૧-૧૯૭૭)



દારેસલામ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ. સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટિત મંદિર...
(૧૭-૧૨-૧૯૭૭)




સ્વામીશ્રીના હસ્તે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા...
(દારેસલામ, ૧૭-૧૨-૧૯૭૭)



પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ઉદ્‌ઘાટિત થતું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, મ્વાન્ઝા...
(ટાન્ઝાનિયા, ૨૫-૧૨-૧૯૭૭)




સ્વામીશ્રીના આશીર્વાદથી કૃતાર્થ થયા ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખ શ્રી જુલિયસ ન્યરેરે...
(દારેસલામ, ૨૬-૧૨-૧૯૭૭)




નૈરોબીમાં કેન્યાટા કોન્ફરન્સ સેન્ટરમાં ભવ્ય સ્વાગત.
સંદેશાવાંચન કરતા કેન્યાના ઉપરાષ્ટ્રપ્રમુખ મોઈ... (૧૪-૧-૧૯૭૮)



સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ અંગ્રેજી સામયિક
'સ્વામિનારાયણ બ્લીસ'નો શુભારંભ... (૨-૫-૧૯૭૮)



હો 'નારાયણ' સેતુ કલિ મેં...
મુંબઈ-દાદરમાં અક્ષરભુવનની
નિર્માણપ્રક્રિયાનું નિરીક્ષણ...
(મુંબઈ, ૧૯૭૮)




'ગેટ વે ઓફ ઈન્ડિયા'ના સાગરતટે જળઝીલણી ઉત્સવ...
(મુંબઈ, ૧૩-૯-૧૯૭૮)





ન જોયા દિવસ અને રાત...


ધૂળિયા માર્ગે ગાડામાં શોભાયાત્રામાં બિરાજેલા સ્વામીશ્રી... (નાની બોરુ, ૧૦-૧૧-૧૯૭૮)



દ્વિશતાબ્દી નિમિત્તે ભગવાન સ્વામિનારાયણનો દિવ્ય સંદેશ પહોંચાડવા
ગામડાંમાં ધૂળિયા રસ્તે ઘેર-ઘેર ઘૂમી વળતા સ્વામીશ્રી... (૧૯૭૮)

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક
વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે. જીવનનો સાચો
મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ
ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત
વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ
શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની
સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ
સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત
સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર
માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦થી વધુ સુશિક્ષિત સંતો તથા
હજારો યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક
લોકસેવાની પ્રવૃત્તિઓનું વહન કરે છે.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
વિશ્વના અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને
આ સંસ્થાએ સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય
સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી
સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
સતત ૭ દાયકાઓ સુધી આ સંસ્થાના પ્રમુખ તરીકે રહીને
તેના વિકાસમાં અનન્ય યોગદાન આપનાર
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાને
એક વૈશ્વિક ઓળખ આપી છે. તેઓની આર્ષદૃષ્ટિ અને
તેમના પ્રચંડ પુરુષાર્થથી વિશ્વવ્યાપી થયેલી
સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોપતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત
કર્યું છે. વર્તમાન સમયે પ્રમુખસ્વામી મહારાજના
આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજના નેતૃત્વમાં આ સંસ્થા
અહોરાત્ર સેવામય બની ધબકી રહી છે.



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

PSM Jivan Charitra Part - 3
USD 5.00
1 5 7 0 9
B G 1 9 2 3